1954 - ૧૯૫૪

છુટક નકલ : ત્રણ આના    શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૭

મુંબઈ : ૧ જાન્યુઆરી ૧૯૫૪ ગુરૂવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## સમ્યગ્ દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ

(ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૅા. ઈન્દ્રચંદ્ર જૈને આપેલા વ્યાખ્યાનની નોંધ.)

આત્માનું અસ્તિત્વ અને મોક્ષને પરમ પુરૂષાર્થ માનનારા સર્વે ધર્મોએ આધ્યાત્મિક વિકાસ માટે એક માર્ગ બતાવ્યો છે. અને તે માર્ગ ઉપર ચાલનારા અધિકારીની યોગ્યતાનું પણ નિરૂપણ કર્યું છે. ભારતનાં પ્રાચીન સાહિત્યમાં અધિકારીની યોગ્યતાને મહત્વનું સ્થાન અપાયું છે. કોઇપણ ગ્રંથનો પ્રારંભ કરતાં, તે ગ્રંથ લખવાનું પ્રયોજન શું છે, અને તેના વાંચનનો અધિકારી કોણ છે તેનો પ્રથમ નિર્ણય કરવામાં આવે છે. ઉપનિષદોમાં ઋષિઓએ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાના અધિકારી થવા માટે શિષ્યોની જે પરીક્ષાઓ લીધી છે તે રોચક અને સાથે સાથે શિક્ષાપ્રદ પણ છે. સત્યકામ જાબાલને તેણે લોકાપવાદની ચિંતા ન કરતાં માત્ર સરલ હૃદયે પોતાની સાચેસાચી હકીકત તેણે કહી દીધી તે ઉપરથી જ બ્રહ્મવિદ્યાના અધિકારી માનવામાં આવ્યા. કઠોપનિષદમાં નાચિકેતાને અગ્નિવિદ્યાનો ઉપદેશ તો અનાયાસ પ્રાપ્ત થઇ જાય છે, પણ જ્યારે તે અધ્યાત્મવિદ્યા જાણવાની ઇચ્છા દર્શાવે છે ત્યારે ઇંદ્ર જગતનાં સર્વ પ્રલોભનો તેની પાસે રજૂ કરે છે અને કહે છે કે આ સર્વમાંથી જે ચાહે તે તું પસંદ કરી લે, અને સુખેથી રહે, પણ આત્મવિદ્યાની ઝંઝટમાં ન પડ. પરંતુ નચિકેતા પોતાના નિશ્ચયમાં દૃઢ છે અને કહે છે કે "**नान्यं वरं नचिकेता वृणीते.**" એક વખતે દેવતા મનુષ્ય અને રાક્ષસ, બધા સાથે મળીને જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રજાપતિ પાસે ગયા. પ્રજાપતિએ જોયું કે જ્ઞાન પ્રાપ્ત કરવાની લાયકાત આમાંથી કોઇમાં નથી. એટલે બોલ્યા "જાઓ! હજાર વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરો." હજાર વર્ષનાં બ્રહ્મચર્યવાસ પછી ફરીને જ્યારે બધા પ્રજાપતિ પાસે ઉપસ્થિત થયા ત્યારે પણ તેમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ ન આપ્યો. ઉપદેશના રૂપમાં માત્ર એક જ અક્ષર બોલ્યા "દ." પરંતુ ચિત્તશુધ્ધિના કારણે સૌ ઉપદેશ રૂપે તેનો અર્થ સમજી ગયા અને પોતપોતાના દોષો શોધી લીધા. દેવતાઓ વિલાસી હતા. તેઓ સમજ્યા કે અમને ઇંદ્રિયદમનનો ઉપદેશ આપ્યો છે. મનુષ્યો લોભી હતા તેઓ સમજ્યા કે અમને દયા રાખવાનો ઉપદેશ આપ્યો છે. રાક્ષસો ક્રુર હતા. તેઓ સમજ્યા કે અમને દયા રાખવાનો ઉપદેશ આપ્યો છે. કહેવાય છે કે આજે પણ વાદળાઓ ગર્જે છે ત્યારે જે "દ, દ, દ" એવો અવાજ થાય છે તે પ્રજાપતિના શબ્દો ઘુમ્યા કરે છે તેથી. પ્રજાપતિનો આ ઉપદેશ વિભિન્ન પ્રકારની મનોવૃત્તિવાળા મનુષ્યો માટે આજે પણ એટલો જ મહત્વનો છે, પણ ચિત્તશુધ્ધિ હોય તો જ તે જીવનમાં ઉતરી શકે. તેને માટે તપસ્યા આવશ્યક છે. પર્યુષણ પર્વ આ વિચારધારાનું જીવનપ્રતીક છે. બ્રહ્મસૂત્ર–શાંકરભાષ્યના પ્રારંભમાં બ્રહ્મજિજ્ઞાસાના અધિકારીના વિષયમાં વિસ્તૃત ચર્ચા છે. તેમાં સાધન ચતુષ્ટયયુક્તને જ બ્રહ્મજિજ્ઞાસાનો અધિકારી કહ્યો છે. નિત્યાનિત્ય–વસ્તુ–વિવેક, ઐહિક તથા પારલૌકિક ભોગોથી વિરક્તિ, શમાદિ સાધનસંપન્નતા અને મોક્ષની પ્રબલ અભિલાષા,–આ ચાર સાધનચતુષ્ટય છે. જે વ્યક્તિને આત્મા અનાત્માનું ભેદજ્ઞાન નથી, જેનું મન ઐહિક અથવા પારલૌકિક ભોગોમાં ફસાએલું છે, જે શાન્ત, દાન્ત, સહનશીલ અને એકાગ્રચિત્ત નથી, જેણે મોક્ષને જ એક માત્ર લક્ષ્ય તરીકે સ્વીકાર્યું નથી તે આ માર્ગનો અધિકારી નથી. શંકરાચાર્યે અભ્યાસ, ઉમ્મર, જાતિ કે શરીરસંપત્તિ, આમાંથી કોઇને યોગ્યતાના કારણ નથી માન્યા. શાસ્ત્રજ્ઞ હો કે અજ્ઞાન, પરંતુ જે વ્યક્તિમાં અમુક પ્રકારનો વિવેક અને ચિત્તશુધ્ધિ વિકસિત થયાં હોય તેવા કોઇને પણ તેણે અધિકારી માન્યા છે. આના સિવાય બીજી અનેક યોગ્યતાઓ હોવા છતાં પણ તેને અનધિકારી ગણ્યો છે.

બૌધ્ધદર્શનમાં આ અધિકારને સોતાપત્તિ કહેવામાં આવે છે. આને માટે ચાર આર્યસત્યોનું જ્ઞાન અને બુધ્ધધર્મ તથા સંઘમાં વિશ્વાસ હોવા આવશ્યક માન્યા છે.

યોગસૂત્રમાં ચિત્તવૃત્તિના બે પ્રકાર બતાવ્યા છે. સંસાર પ્રાગ્ભાર અને કૈવલ્ય પ્રાગ્ભાર. જ્યારે કોઇ પણ વ્યક્તિ ચિત્તની ક્ષિપ્ત, મૂઢ, અને અક્ષિપ્ત રૂપ ત્રણ ભૂમિકાને પાર કરીને ચોથી એકાગ્ર ભૂમિકાએ પહોંચે છે ત્યારે તે યોગની અધિકારી ગણાય છે. આને માટે યમ નિયમ આસન આદિ યોગના આઠ અંગો બતાવવવામાં આવ્યા છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પ્રત્યેક વિદ્યા કે અનુષ્ઠાનને માટે વ્યક્તિમાં વિશેષ પ્રકારની યોગ્યતા હોવી આવશ્યક છે. આ યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના જો કોઇ તેમાં પ્રવૃત્ત થાય તો સફળતા નથી મળતી, તેનો પ્રયત્ન વ્યર્થ જાય છે અને ચિત્તમાં ગ્લાનિ અને નિરાશા આવી જાય છે. આવી અસફળતા અંતમાં અશ્રધ્ધાનું નિમિત્ત થઇ જાય છે.

જૈન દર્શનમાં આવા અધિકારીને "સમ્યગ્ દૃષ્ટિ" કહ્યો છે. આ દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે આત્મામાં કેટલી જાગૃતિ, કેટલી ચિત્તશુધ્ધિ અને કેટલી સરળતા હોવી જોઇએ તેની વિસ્તૃત ચર્ચા જૈન આગમિક સાહિત્ય અને વિશેષતયા કર્મગ્રંથ આદિમાં કરેલી છે. તેમાં કરવામાં આવેલા સૂક્ષ્મ વિવેચન ઉપર ન જતાં માત્ર સ્થુલ

૩૫ ઉપર ધ્યાન આપવામાં આવે તો યે મહત્વપૂર્ણ સૂત્ર મળી જાય તેમ છે.

જીવ અનાદિ કાળથી સંસારચક્રમાં ભ્રમણ કરી રહ્યો છે. પાછલાં કર્મો ભોગવે છે અને નવાં બાંધે છે. આમ ભ્રમણ કરતાં કરતાં ઘણી વખત એવો અવસર આવી જાય છે કે જ્યારે પૂર્વસંચિત કર્મો મોટે ભાગે ભોગવાઇ ગયાં હોય અને નવાં કર્મો પ્રમાણમાં બહુ ઓછા બાંધ્યા હોય. આ સમયે આત્મા એક પ્રકારનું હલકાપણું અનુભવે છે. ચિત્તમાં શુભ અધ્યવસાયો આવ્યા કરે છે. આ પ્રકારના શુભ અધ્યવસાયો યથાર્થ ચિત્તશુધ્ધિનું સૂચન કરે છે, પણ તે સ્થયી નથી હોતા. ચિત્તવૃત્તિ ફરીને બહિર્મુખી થઇ થઇ જાય છે અને જીવ સાંસારિક વિષયોમાં ફસી પડે છે. આ પ્રકારના અસ્થિર અધ્યવસાયને શાસ્ત્રીય પરિભાષામાં 'યથાપ્રવૃત્તિકરણ' કહ્યું છે.

પરંતુ કોઈ કોઇ એવા પણ જીવ નીકળે છે, જે આ આકસ્મિક ચિત્તશુધ્ધિમાં આગળ વધે છે, અને અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ કરી ગ્રંથિભેદ કરે છે. આ ગ્રંથિભેદ થયા પછી જ જીવ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. તે અપરિત્તસંસારીમાંથી પરિત્તસંસારી બની જાય છે. અર્થાત્ તેનું સંસારભ્રમણ અમુક મર્યાદાની અંદર આવી જાય છે. ગ્રન્થિભેદનો અર્થ છે સંસારભ્રમણની ગાંઠ ખોલી નાંખવી. આ ગાંઠના નિયામક તત્વ બે છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીયના કારણે જીવની દૃષ્ટિ વિપરીત રહે છે. તેને આત્મા અને શરીરનો વિવેક નથી હોતો. કર્તવ્યાકર્તવ્યનું ભાન નથી રહેતું. આ દર્શનમોહનીય દૂર થતાં જ જીવ સરળ દૃષ્ટિયુકત થાય છે. તેને અંતરથી નિશ્ચય થઇ જાય છે કે આત્મા શરીરથી ભિન્ન છે, અને મોક્ષ પ્રાપ્તિ કરવી એ પરમ પુરૂષાર્થ છે. આવા પ્રકારની શુધ્ધ દૃષ્ટિની સાથે ચારિત્રશુધ્ધિ અમુક માત્રામાં આવશ્યક છે. જૈન દર્શનાનુસાર ચારિત્રમાં પતનનું કારણ એક માત્ર કષાય છે. વ્યકિતમાં ક્રોધ, માન, માયા, અને લોભની માત્રા જેટલી અધિક, તેટલું તેનું પતન વધારે. જેમ જેમ આ કષાયો ઘટતા જાય તેમ તેમ જીવ આગળ વધતો જાય. જૈન શાસ્ત્રાનુસાર આધ્યાત્મિક ઉત્થાનક્રમનો પરિચય આપનારા ચૌદ ગુણસ્થાનક મુખ્યતયા કષાયોની તરતમતા ઉપર નિર્ભર છે. કર્મસિધ્ધાન્તમાં કષાયોની તરતમતા ચાર શ્રેણીમાં વિભકત છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન,-તરતમતાના આધાર પર આપણે તેને તીવ્રતમ, તીવ્રતર, તીવ્ર અને મન્દ કહી શકીએ. તીવ્રતમ કષાયનો ઉદય હોય તો જીવ સમ્યગ્દૃષ્ટિ ન કહી શકાય, તીવ્રતરનો ઉદય હોય તો શ્રાવક ન કહી શકાય, તીવ્રના ઉદય પર સાધુ ન હોઈ શકે અને મન્દનો ઉદય હોય તો કૈવલ્ય પ્રાપ્તિ ન થાય. આ પ્રમાણે ચારિત્રની ચાર શ્રેણી છે અને તે પ્રાપ્ત કરવા ઉકત ચાર કષાયો ઉપર ઉત્તરોત્તર વિજય પ્રાપ્ત કરવો આવશ્યક છે. ગ્રન્થિભેદ કરવા માટે પ્રથમ કષાય અનંતાનુબન્ધી પર વિજય પ્રાપ્ત કરવો જોઇએ. આની મોટી પરખ એ છે કે વ્યકિતનો કાષાયિક ભાવ જો એક વર્ષથી અધિક સમય સુધી ચાલુ રહે તો તેને અનંતાનુબંધી કષાય છે એમ જાણવું. સમ્યગ્દૃષ્ટિ જીવ લડાઈ ઝગડાને એક વર્ષથી અધિક ખેંચે જ નહિ. જૈન પરમ્પરામાં પર્યુષણપર્વના અંતિમ દિવસે જે સંવત્સરિ પ્રતિક્રમણ કરવામાં આવે છે તેનું આ કારણથી જ અત્યન્ત મહત્વ છે. તે દિવસે દરેક જૈન પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે પોતાનું મનોમાલિન્ય ધોઈનાખીને પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત દ્વારા શુધ્ધ થાય, અને ફરીને કષાયોનો ઉદ્રેક ઓછામાં ઓછો થાય એવી ભાવનાથી નવા વર્ષમાં પ્રવેશ કરે.

કહેવાની જરૂર નથી કે પર્યુષણ પર્વના આ મહત્વને દ્રષ્ટિ સમક્ષ રાખીને ચાલવામાં આવે તો પ્રતિવર્ષ જીવનમાં વિકાસ સ્પષ્ટ દેખાઇ આવે. જેમ કક્ષાક્રમ પ્રમાણે પરિશ્રમપૂર્વક અભ્યાસ કરનાર વિદ્યાર્થીને પોતાની યોગ્યતામાં થયેલો વિકાસ સ્પષ્ટ દેખાઇ આવે છે, તે પ્રમાણે આધ્યાત્મિક વિદ્યાર્થી પણ અન્તમાં ઝળકી ઉઠે છે.

**શાસ્ત્રોમાં સમ્યગ્દૃષ્ટિના પાંચ ગુણ બતાવ્યા છે—**

૧ શમ—તેની ચિત્તવૃતિ શાંત હોય છે. તે સહેજે ક્રોધ, માન, આદિ આવેગોથી અભિભૂત નથી થતો.

૨ સંવેગ-તે કર્તવ્યાકર્તવ્યના વિવેકને ભૂલતો નથી

૩ નિર્વેદ-તે સાંસારિક વિષયોથી વિરકત રહે છે.

૪ અનુકંપા-તેનું હૃદય જગતના સર્વ જીવો તરફ કરૂણાપૂર્ણ હોય છે.

૫ આસ્તિક-તેનું હૃદય શ્રધ્ધાથી ભરેલું રહે છે. આધ્યાત્મિક ઉત્થાન પ્રતિ તેને દૃઢ વિશ્વાસ હોય છે.

અહિં સુધી આપણે શાસ્ત્રીય દૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિનું વિવેચન કર્યું. તેમાંથી કેટલીક વાતો સ્પષ્ટ રીતે તરી આવે છે.

૧ આધ્યાત્મિક ઉત્થાનના અધિકારીના વિષયમાં સર્વદર્શનો એકમત છે.

૨ માત્ર મોક્ષ પ્રાપ્તિને માટે નહિં, પરંતુ વર્તમાન જીવન પણ સુખપૂર્વક જીવવા માટે સમ્યગ્દૃષ્ટિપણું આવશ્યક છે. કષાય એક પ્રકારનો માનસિક રોગ છે. તેનાથી ઘેરાએલો ગમે તેટલો સાધનસંપન્ન હોવા છતાં સુખ પામી શકતો નથી.

આધ્યાત્મિક ઉત્થાનની આ દ્રષ્ટિને સન્મુખ રાખી ભગવાન મહાવીરે કઠોર તપસ્યા કરી અને તેના ફલસ્વરૂપ અહિંસાનો ઉપદેશ તેમણે આપ્યો. જે વ્યકિત કષાયોને જીતી નથી શકતી તે કદાપિ અહિંસક રહી શકતી નથી. તમે કોઇને મારો કે ન મારો, નુકસાન પહોંચાડો કે ન પહોંચાડો, પણ જો તમારા હૃદયમાં તેના પ્રત્યે રોષ છે, અથવા બલપૂર્વક, ઠગીને કે કપટથી અથવા કોઈની સરળતા કે સંયોગોનો લાભ ઉઠાવી કે પ્રલોભન આપી કોઇની વસ્તુ અપહરણ કરવા ઇચ્છો છો તો તે હિંસા જ છે. અને હિંસાને માર્ગે જનાર વ્યકિત સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ. વ્યકિત કે સમાજના લાભની દ્રષ્ટિએ આધ્યાત્મિક વિકાસનો આ માર્ગ કેટલો ઉપયોગી છે તે કહેવાની જરૂર છે ખરી? જગતમાં આ માર્ગ ઉપર ચાલનારાઓની સંખ્યા જેમ વધારે, તેમ સુખ સંપત્તિ અને આનંદની વૃદ્ધિ વધારે થવાની. આમાં કોઇનોયે બેમત હોઇ શકે નહિ.

અપૂર્ણ

ઇન્દ્રચંદ્ર

## "સત્યં શિવં સુંદરમ્"

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ છેલ્લા ત્રીશ વર્ષ દરમિયાન અનેક વિષયો ઉપર લખેલા લેખોમાંથી પસંદ કરીને આશરે ૨૭૫ પાનાનો એક લેખસંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર છે. તે લેખસંગ્રહનું નામ 'સત્યં શિવં સુંદરમ્' રાખવામાં આવ્યું છે અને તેની કીંમત રૂા. ૩) નકકી કરવામાં આવી છે. આમ છતાં પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકનો આ પુસ્તક પોસ્ટેજ સિવાય રૂા. ૨)માં આપવાનું ઠરાવવામાં આવ્યું છે. પોસ્ટથી મંગાવનારને ૬ આના વધારે પડશે. જે કોઇ સભ્ય અથવા ગ્રાહક સંઘના કાર્યાલયમાં આગામી મે માસની પહેલી તારીખ પહેલાં નકલ દીઠ રૂા. ૨) ભરીને પોતાનાં નામ નોંધાવી જશે તેને આ લાભ મળી શકશે. તો સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને આ પુસ્તકના આગળથી ગ્રાહક થવા વિનંતિ છે.

૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

# જાતક કથા

[ ગામડામાં કહેલી ]

તમારા ને મારા બાપે રાયજગ માંડયો હતો. રાયજગ એટલે મોટા ચક્રવરતી રાજાયેં કરેલો જગ, એટલે જગન,—યજ્ઞ. રાજ એટલે રામરાજ છાપતું સ્વરાજ. આપણા બાપુ ચક્રવરતી કરતાંય મોટા હતા.

બાપુ તુલસીદાસજીના ભગત. સાંજે ભજનટાણે રોજ દોહાચોપાઇ ગવાય. રામાયણનું જ દંનરાત રટણ ને રામરાજની.જ ઝંખના. ઘરે આણતાં જઇફ થ્યા.

રાજ આવ્યું. પણ બ્રમ્મરાક્ષસ આડો પડયો, ને બાપુ ગામતરું કરી ગયા. રામજીને ઘેર રેવા ગ્યા. જગન અધૂરો રયો. રાજ ગામડે-ફળિયે ને ઝૂંપડે-ઘોલકે ન પોંચ્યું. બાપુનાં લાખલાખ લંગોટિયાં છોરૂ-વાછરૂ ઉઘાડાં રયાં.

રામજીના ઘરમાં બાપુને ચેન ન મળે.

"મારે પાછું જાવું છે."

"દીકરા! તેં બઉ દાખડો કર્યો છે. હવે આંય જંપ્ય."

"મને જંપ વળે ઇમ નથી. મારાં છોરૂને ઘરે આવ્યું ઇ રાજ તારું નથી. મારે આવું ન'તું જો'તું. મને જાવા દે. મારાં ચણતર અધૂરાં રયાં છે."

"દીકરા! હાલઘડી તો આંય મારીકને તને દેવા સારુ માટી-પાણી, ઇંટરોડાં, રેતીચૂનો કશુંય નથી. હથિયારઓજાર, બધું બ્રમ્મા લઇ ગ્યો છે, ઘડવા."

"અરે મારા રામરાજા! તું તરણાનો મેરૂ કરનારો, ઢેફું ઉપાડીને ઇમાંથી તાજમહેલ ઉભો કરવાવાળો. તારે વળી બ્રમ્માની ને ઇનાં હથિયારઓજારની શી ઓશિયાળ? તું ફિકર મ કર મને આંયથી છોડ એકવાર. ધરતી ઉપર ઢેફાંતરણાંના શા ટોટા પડયા છે? ને પાણી પણ નાની મોટી નદીયુંનાં મારા રાજેશરીયુંયેં હવે ઠેર ઠેર બાંધવા માંડયાં છે. મારે જોઇતું સંધુય ભેળું દરીને કાલવી લઇશ. સાંભળ, ઓલ્યાં તારાં છોરૂવાછરૂ બચારાં ભાંભરડા દઈ રયાં છો! ધરતીનાં ઢેફાં ભાંગનારાં મારાં દખિયાં લંગોટિયાંનાં દખ હજી ટળ્યાં નથી. એમની વચમાં જઇને પડવા મારો જીવ તલખે છે. ભલો થઇને જાવા દે મને.

"પણ—"

"પણ ને બણ. ચૌદ લોકના ધણી! તેં તો દીનદખિયાં સંત-ભગત સંધાયને જુગજુગના કોલ દઇ મેલ્યા છે કે ભીડવેળાયેં ઘોડયો આવીશ. જુગનાં ચોવીસ હજાર વરસ બ્રામણુંયેં કર્યાં. દખિયાંને તો અકેક પળ એટલે જુગ. તું કયાં નથી જાણતો? મારા રામધણી! ઓલ્યા ઇશુભગતને તો તેં ત્રીજે દિ' ઉઠાડીને મેલ્યા'તા પાછા પર્થમી ઉપર, એનાં વાછરૂનાં રખવાળાં કરવા. ને મને જ શા સારૂ આમ ઝાલી રાખ્યો છે બાપલા? છોડ, મને છેટું પડે છે."

પણ આપણા બાપુ રામજીને બઉ વા'લા. એના સમાગમનાં રામજીને કોડ. બઉ કરે પણ છોડે નઈ: હુજ્જતમાં ને હુજ્જતમાં દંનને પાખું આવી ને તત્રણ વરસનાં વા'ણાં વાયાં. તારે છોડયા એકવારકા રામજીયેં.

× × ×

મેલી દોટ, ને આવ્યા પાછા પર્થમીઉપર. ત્રણ દંનને ઠેકાણે તત્રણ વરસ વીત્યા કેડે આવ્યા. એટલે માથે ભારો એક વાળ ને મોઢે પૂળોએક દાઢીમૂછ ઉગી ગ્યાં છે.

હાલ્યા જુના સાથીસંગાતીને ગોતવા. પણ ઓલ્યાવ, કાં કયાંય ભળાય નઈ?

રસ્તે પૂછે: "ભઈ, આણીકોર રે'તા'તા ને ઓલ્યાવ બારતાવાળા?"

કો'કે કીધું: "બાપજી, શે'રમાં જાવ શે'રમાં. શૅરમાં જ આજકાલ બધી રોનક છે. વાટની રજને આભ ઢીંગણાં થયાં છે."

જઇને જુવે છે. ઇંદરનગરીના તાલ. ઘરેઘરે ને દુકાનુંમાં લાંબી ધોળી નળીયુંના દીવા ઝગારા મારે. રસ્તે નકરી મોટરૂંની સમણાસમણ. સભાયુંમાં ને મેળામેદનીયુંમાં રૂગો ગાંધીબાપુના નામનો ગોકીરો.

પણ મોઢું જેતું જોવા કરે ઇ ફેરવી લે.

"આ તો માળું કૌતક. રામજીને ઘરે તો નરા ખોકાસા સંભળા'તા 'તા. અને આંવા આમનાં મોઢાં કાં કળાય નઈ?"

વળી કોકે કયું: "બાપા! તમારાં ચસમાં ખોવઇ ગ્યાં લાગે છે."

સાચી વાત. મૂવાવેળાયેં ભીડભેળાડ થ્યાં'તાં તીમાં ગુમઇ ગ્યાં'તાં. ભલા ભૂપ રાજેશરીયુંનેય ઇ જડયાં નઇ.

× × ×

જડયાં એક પોનારના બાવા લંગોટિયાને. ભેરૂ નદીકાંઠે ઉભો રામ ભજે છે. રામનો પો'ર છે. મોંસૂઝણાને હજી વાર છે. અંધારે ઉભોઉભો અભંગ ઉપનિષદ્ કુરાન ગીતાઇ ગાય છે. કુદતો જાય છે, નાચતો જાય છે ને બેવ હાથે કુવાના રેંટનું પાંખડું ઝાલી જોર કરીકરીને ફેરવતો જાય છે. પાંચસાત ભેરૂ ભેળા તાણે છે. ભજનની ધૂન મચી છે:

ના યહ તેરા, ના યહ મેરા, ઈશ્વરકા યહ રાજ હૈ
ઇશ્વર કા જંગલ ઇશ્વર કા થલ, ઈશ્વર કા હી અનાજ હૈ
ફોગટ આવે, ચોર કહાવે, ગીતા કી યહ વાજ હૈ.

"ઓળખ્યો, ઓળખ્યો. મારા બાપને ઓળખ્યો. મારા બાપલાને ઓળખ્યો. ભેરૂભગતને ઓળખ્યો. મારે આ જ જો'તું 'તું. મારા બાપ! મારે આંઈંજ આવવું' તું."

કે'તાં કે'તાં ભેરૂને બથમાં લીધો. હૈયે હેતના જુવાળ ચડયા. બથમાં ને બથમાં ઓગળી ગ્યા. બાપુ ભેરૂભગતમાં સમાઇ ગ્યા.

× × ×

ભગતના હાથમાં રેંટનું પાંખડું થંભી ગ્યું. "અલ્યાવ, કુણે મને ઝાલ્યો? આ રામ પો'રના અંધારામાં કુણ આંય આવ્યું?"

બધા: "ભાઇ સંચળ તો થ્યોં. કો'ક આવ્યું ખરૂં. પણ અલોપ થઇ ગ્યું. અંધારામાં ઓગળી ગ્યું. કળાણું નઈં"

ભગત: "કળાણું, કળાણું મને. આ મારા માંયલો આત-મરામ અમથો કોળઇ ઉઠયો છે? ઈ તો મારો રામજી. મારો બાપલો આવીને મારામાં ઊતરી ગ્યો. મારૂં રોમરોમ ચાડી ખાઇ રયું છે. પારખી ગ્યું ઇને.

"અલ્યાવ ભેરૂબંધો! હાલીજ નીકળવાનું છે હવે. આંય પોનારને કાંઠે ખૂતી રે'વું નથી. મા ધરતી સહુને સાદ કરી રહી છે. તીનાં છોરૂવાછરૂ ટળવળી રયાં છે. ઇને પાવાંટોવાં છે, સંધાંયને. હાલો ઝટ સાબદા થાવ બધા. ધરતીના ધણી થઇને બેઠેલા બધાવને ધૂણાવવા છે. ચારખંડ ધરતીમાં હવે ટેલ નાખવી છે.

સબૈ ભોમ ગોપાલ કી."

ઇશુજન્મ-સાંજ.
૨૪-૧૨-૫૩.

સ્વામી આનંદ

## પશુનિર્દયતાનિવારણવિધાન વિષે એક દૃષ્ટિ

ભારતની રાજ્યસભામાં શ્રીમતી રૂક્મિણીદેવી એરૂન્ડેલે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવાના શુભાશયથી એક બિલ રજૂ કર્યું છે, અને તેને વિષે શ્રી પરમાનંદભાઇએ તા. ૧લી ઓગસ્ટના પ્રબુધ્ધ જીવનમાં એક નોંધ લખી છે. આ બિલમાં પશુઓ પ્રત્યે અમુક પ્રકારની ક્રૂરતા આચરવાનો નિષેધ કરવામાં આવ્યો છે અને એવી ક્રૂરતા આચરનારને સજા કરવાની પણ એમાં જોગવાઇ કરવામાં આવી છે. આવું બિલ જૈનોના અનર્થદંડ વિરમણવ્રતને અનુરૂપ છે. અને સાધારણ રીતે જૈનો અહિંસાના વિષય ઉપર સૂક્ષ્મતાથી વિચારવા ટેવાયા છે એટલે આ બિલનાં પ્રયોજકને જૈન સમાજે ધન્યવાદ આપ્યા છે અને આ બિલની તરફેણમાં લોકમત દૃઢ કરવાનો પણ તેમણે પ્રયત્ન કર્યો છે.

આ બિલ જાહેર રીતે થતી પશુઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવી શકશે એટલી એની ઉપયોગિતા જરૂર છે; પણ એથી વિશેષ કશું પણ આ જાતનો કાયદો સિધ્ધ કરી શકે નહિ અને સામાન્ય રીતે આવું બિલ રજૂ કરનાર એવી કોઇ વિશેષ અપેક્ષા રાખે પણ નહિ.

પણ આ બિલની પાછળ એક વિશિષ્ટ વિચારસરણી રહેલી છે. ઉપર્યુકત નોંધમાં શ્રી પરમાનંદભાઇ લખે છે: "આપણે એ સમજી લેવાની જરૂર છે કે જ્યાં સુધી આપણા દિલમાં રહેલી દયાની, અનુકંપાની લાગણી સજીવ સૃષ્ટિના ક્ષિતિજને નહિ સ્પર્શે ત્યાં સુધી સાચી માનવતા આપણામાં કદી પણ પ્રગટી નહિ શકે." આ મંતવ્ય શ્રી પરમાનંદભાઇનું અંગત મંતવ્ય નહિ પણ શ્રી રૂક્મિણીદેવીનું મંતવ્ય છે અને બિલ પાછળની વચારભૂમકા સ્પષ્ટ કરવા પરમાનંદભાઇએ એ લખ્યું એમ હું માનું છું. ઘણા થીઓસોફિસ્ટ બંધુઓ આ મંતવ્ય ધરાવે છે એમ મારા એક અભ્યાસી થીઓસોફિસ્ટ મિત્રે મને કહ્યું છે. એટલે ઉપર જણાવેલું મંતવ્ય આ બિલ પાછળની સૈધ્ધાન્તિક ભૂમિકા છે એમ માનવામાં હરકત નથી.

પ્રસ્તુત મંતવ્ય વિષે મારા મનમાં થોડીક શંકા છે. પ્રથમ તો મને લાગે છે કે પ્રેમનો ને દયાનો સ્વાભાવિક ક્રમ નાના વર્તુળમાંથી મોટા વર્તુળ તરફ જવાનો છે. તમામ સંપ્રદાયોએ પણ આ સત્યને લક્ષમાં રાખીને જ પોતાના નિયમો ઘડયા છે. જૈનોએ પણ પહેલાં સ્થૂલ હિંસાનો ત્યાગ અને પછીની ઉચ્ચતર ભૂમિકાએ વધુ સૂક્ષ્મ હિંસાનો ત્યાગ પ્રબોધ્યો છે. બાળકને માતા પ્રત્યે જે લાગણી હશે તે અન્ય પ્રત્યે નહિ હોય. ધીમે ધીમે એ જ લાગણીનો ક્રમિક વિકાસ થઇ તે કુટુંબપ્રેમ, દેશપ્રેમ, વિશ્વપ્રેમ અને અંતે જીવમાત્ર પ્રત્યેના પ્રેમમાં પરિણમે છે. આ ક્રમને ઉલટો કલ્પવો એ પ્રતીતિજનક નથી લાગતું. આ દૃષ્ટિએ માનવી પ્રથમ તમામ માનવીઓ પ્રત્યે પ્રેમ ધરાવતો થાય તે પછી પ્રાણીસૃષ્ટિ પ્રત્યે પ્રેમ વિકસે એ સ્વાભાવિક ક્રમ ગણાય. માનવી પ્રત્યે ક્રૂરતા આચરતો મનુષ્ય પશુ પ્રત્યે દયાની વાત કરે તે કાં તો દંભ હોય અને નહિ તો મૂઢતા હોય.

વળી ઉપરના મંતવ્યની એક બીજી કસોટી કરીએ. જૈન સમાજના વ્યવહારમાં જીવમાત્રની હિંસાનો ત્યાગ વણાઇ ગયો છે. એટલે એમની દૃષ્ટિએ આ બિલમાં કાંઇ નવું નથી. હવે લગભગ અઢી હજાર વર્ષથી જે સમાજના વ્યવહારમાં જીવદયાને પ્રધાન્ય આપવામાં આવ્યું છે તે જૈન સમાજ માનવદયામાં અન્ય સંપ્રદાયો કરતાં આગળ વધ્યો છે એમ કહી શકાશે? અન્ય મનુષ્યોની અપેક્ષાએ જૈનો માનવીનું ઓછું શોષણ કરે છે? જેમાં અનેક માનવીઓના ખિસ્સામાંથી નીકળીને પૈસા એક માનવીના ખિસ્સામાં જાય છે એવો સટ્ટો જૈનો બીજાઓ કરતાં ઓછો કરે છે? જેનાથી કરોડો લોકોને ખાવાપીવાનાં પણ સાંસા પડે એવી સંઘરાખોરી અને એવાં જ કાળાબજારો જૈનોએ ઓછાં કર્યાં છે? જે યુધ્ધમાં કરોડો માનવીઓનો સંહાર થાય છે એવા યુધ્ધ વખતે, એ યુધ્ધ ખેલતી સરકારોને માલ પૂરો પાડવામાં જૈનોએ આનાકાની કરી છે? હું ધારું છું કે આમાંથી એકે પ્રશ્નનો જવાબ 'હા'માં આપી શકાય તેમ નથી. જૈન વેપારી કે ઉદ્યોગપતિ પણ બીજા સંપ્રદાયના વેપારી જેવો જ છે. યુદ્ધને કારણે વધેલા ભાવો નીચે ન પડે એ કારણે યુદ્ધ ચાલ્યા કરે એવું હૃદયથી ઇચ્છનાર ને કોરિયાના યુધ્ધ જેવું એકાદ યુદ્ધ શરૂ થાય તો ખુશ થનાર જૈન વેપારીઓ પણ હશે જ. આનો અર્થ એ થયો કે જીવદયાનો સૌથી વિશેષ આગ્રહ રાખનાર સંપ્રદાયના અનુયાયીઓ ૨૫૦૦ વર્ષની જીવદયા પછી પણ અન્ય સંપ્રદાયના અનુયાયીઓ કરતાં વધુ માનવતા પ્રદર્શિત કરી શકયા નથી. આ અનુભવની સામે "પ્રાણીઓ પ્રત્યે પ્રેમ વધે તો માનવતા વધે" એવું મંતવ્ય ગળે ઉતરવું મુશ્કેલ છે. ખરી રીતે તો માનવતાના વિકાસ તરફ વિશેષ લક્ષ આપવાની જરૂર છે, અને એ માનવતા જ વિકસીને જીવદયામાં પરિણમશે.

ઉપર કહ્યું તેમ આ બિલની અમુક ઉપયોગિતા જરૂર છે, પણ તે સાથે એનું એક ભયસ્થાન પણ છે. જીવદયા ઉપર વિશેષ ભાર મુકવાથી ઘણી વાર ભાર મુકનારનો શુભાશય ન સમજીને મનુષ્યો જીવદયાને નામે માનવો પ્રત્યે નિર્દયતા આચરતા થઇ જાય છે. આ ભય સાવ કલ્પિત નથી. જૈન સમાજના જ વ્યવહારમાંથી આવી વિવેકશૂન્યતાનાં દૃષ્ટાંતો પણ મળે તેમ છે.

જૈનોના દ્વેષીઓ ઘણી વાર વનરાજે શિલગુણસૂરિના વ્યાખ્યાન વખતે બગાસું ખાતા એક વૃધ્ધના મુખમાં દેડકું મૂકી દીધું અને પછી દેડકાને બચાવવા વૃધ્ધનું પેટ ચીરવા સુધી વાત પહોંચી એવું દૃષ્ટાંત આપે છે. હું માનું છું કે આ વાત વાહિયાત છે, અશકય છે અને કોઇક જૈનદ્વેષીએ ઉપજાવી કાઢેલી છે. પણ જૈનોની જીવદયા કેટલી વિવેકશૂન્ય પણ બની શકે છે એની એ ઘોતક છે. જીવદયા પરના વિશેષ ભારથી માનવ કરતાં અન્ય જીવ વધારે મહત્વનો એવો વિપરિત ખ્યાલ પણ ઘણીવાર ઉભો થાય છે. આ ભયસ્થાન મોટું છે.

આ તો ભૂતકાળની અને કલ્પિત વાત થઇ. પણ જૈનોનાં વર્તમાન જીવનમાંથી પણ આવી વિવેકશૂન્યતાનાં અનેક દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે. પાલીતાણા યાત્રા કરવા જનાર ઘણા સજ્જનોને ગાડીવાળાને ઘોડાને ચાબુક નહિ મારવાનું કહેતા મેં સાંભળ્યા છે. ઘોડા પ્રત્યેની આ દયા વાજબી અને પ્રશસ્ય છે. પણ એ જ સજ્જનોને ખૂબ ભાવ કસીકસીને ડોળી ઠરાવીને માનવીને ખભે ઊંચકાઇને ડુંગર ઉપર ચઢી યાત્રા કરતાં જરાયે સંકોચ નથી થતો એ પણ મેં જોયું છે. આ બનાવ કાંઇ અપવાદરૂપ નથી એ સૌ જૈનો જાણે છે. પાલીતાણામાં આ રોજિન્દો બનાવ છે. જીવદયા ઉપર ખૂબ ભાર મૂકનાર જૈન સમાજને આમાં માનવદયાનો પ્રશ્ન સમાયેલો છે એમ કદી લાગ્યું નથી.

જીવદયાના બહાના નીચે માણસ માનવદયા ભૂલી જાય છે એ હું કહેવા ઇચ્છું છું. એક જૈન લત્તામાંથી ઘોડાગાડી પસાર થતી હતી. ઘોડાના પગ સાથે એક વાછડી ભટકાઇ ગઇ. તરત જ આજુબાજુથી સાતઆઠ જૈન બંધુઓ દોડી આવ્યા. ગાડીવાળાને પકડયો. વાછડી પ્રત્યે આચરેલી ક્રૂરતા બદલ એક રૂપિયો ધર્માદામાં નખાવ્યો. દરમિયાન વાછડી તો કયાંયે ચાલી ગઇ હતી. પણ ગાડીવાળાના કુટુંબને તે દિવસે પૂરું ખાવાનું મળ્યું હશે કે નહિ તેની શંકા છે. (રૂપિયાની કીમ્મત ઉંચી હતી ત્યારની આ વાત છે.)

પ્રાણીદયા પરના વધુ પડતા ભારનું આ પરિણામ છે. અને આ વાત પણ સાવ કલ્પિત નથી. કઇક શહેરોના ગાડીવાળાઓ એની સાક્ષી પૂરશે.

કેટલાંક ગામોમાં મહાજનો પર્યુષણના તહેવારોમાં સુખડિયાની ભઠ્ઠીઓ બંધ રખાવતા, કારણકે ભઠ્ઠીમાં અગ્નિકાયના જીવોની હિંસા થાય. પણ એ જ શેઠિયાઓના વેપાર કે સટ્ટો ચલુ રાખવામાં પાપ ન લાગે, કારણ કે એમાં જીવહિંસા નહિ. પેલા સુખડિયાનાં બાળબચ્ચાંનું શું થાય તે જોવાની કાંઈ મહાજનની ફરજ નહિ.

માણસને ભલે કંઇ ન અપાય, પણ કૂતરાને તો રોટલો નાખવો જ જોઇએ અને તે માટે એવી દલીલ રજૂ કરવામાં આવે કે માણસ તો બોલી શકે છે, માગી ખાશે; કૂતરાને કંઇ વાચા છે?

આવાં તો અનેક દૃષ્ટાંતો આપી શકાય. પણ બધાંનો અર્થ એ જ છે કે જીવદયા પર વધુ પડતો ભાર મૂકવાથી માણસ જીવદયાને નામે માનવદયા ઓછી કરતો થયો છે; એટલું જ નહિ, ક્યારેક માનવી પ્રત્યે નિર્દય પણ બન્યો છે.

આ અનુભવ પ્રસ્તુત ભયનું એક ભયસ્થાન સૂચવે છે. એ બિલનું પણ એવું પરિણામ આવે એવો સંભવ કાઢી નાંખવા જેવો નથી, એ બિલને આધારે જ કેટલાક મનુષ્યોને આપણે વધારે હેરાન કરીએ અને તેમની પ્રત્યે નિર્દય બનીએ એમ બનવું પણ સાવ અશક્ય નથી.

મને લાગે છે કે આપણું વલણ નિષેધાત્મક હોવાને બદલે વિધાનાત્મક હોવું જોઇએ. કાયદો કે પ્રચાર બન્નેની રીત વિધાનાત્મક હોય તો વધુ અસરકારક બને. ક્રૂરતા ન આચરો, પ્રાણીઓને મારો નહિ એમ કહેવાને બદલે વધુ પશુપાલન થાય, કૂતરાં બિલાડાં કે અન્ય પ્રાણીઓને પણ પાળવામાં આવે, તેમનાં વ્યવસ્થિત ઉછેર માટે સરકાર સલાહ તથા સહાય પુરી પાડે, એ જાતનો પ્રચાર અને એ જાતનો કાયદો વધુ કારગત નિવડે એમ મને લાગે છે. ટૂંકમાં નિર્દયતાનિવારણને બદલે પશુપાલન અને એ રીતે પશુપ્રેમ વિકસે તે તરફ લક્ષ આપવાથી નિષેધાત્મક આહિંસાથી ઉત્પન્ન થતી વિવેકશૂન્યતામાંથી બચી શકાય.

**યશવંત દોશી**

## માનવતા અને સજીવ સૃષ્ટિ પર્યન્તની અનુકંપા

તા. ૧-૮-૫૩ ના પ્રબુદ્ધ જીવનમાં 'પશુ નિર્દયતાનિવારણ વિધાન' એ મથાળાની મારી નોંધમાં "આપણે સમજી લેવાની જરૂર છે કે જ્યાં સુધી આપણા દિલમાં રહેલી દયાની, અનુકંપાની ભાવના સજીવસૃષ્ટિના ક્ષિતિજને નહિ સ્પર્શે ત્યાં સુધી આપણામાં સાચી માનવતા કદિ પણ પ્રગટી નહિ શકે" એ પ્રકારના મન્તવ્યનો શ્રી યશવન્ત દોશી આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલા લેખમાં ઉલ્લેખ કરે છે અને તેમાં કલ્પાયલો ક્રમ તેમને ઉલટો અને અસ્વીકાર્ય લાગે છે ઉપલક દૃષ્ટિએ વિચારતાં આમ કોઇને પણ લાગે એ સ્વાભાવિક છે. જાગૃત અને વિકાસશીલ માનવીની બુદ્ધિ અને હૃદય જેમ જેમ વિકસતાં જાય છે તેમ તેમ તેની અનુકંપાનું ક્ષેત્ર ઉત્તરોત્તર વિસ્તરતું જાય છે. બાલ્યાવસ્થામાં માત્ર પોતાનાં કુટુંબીજનોમાં જ આખી દુનિયાને પર્યાપ્ત લેખતો માનવી ધીમે ધીમે પોતાની નાત, જાત, દેશ અને આખી દુનિયાના માનવી પ્રત્યે પ્રેમભાવ અનુભવતો થાય છે. પણ આ રીતે માનવી-દુનિયાની સીમા સુધી અને એથી આગળ નહિ એમ જો માણસ પોતાના પ્રેમભાવને-અનુકંપા વૃત્તિને-મર્યાદિત કરે-સ્થગિત કરે તો માનવીનું મન એવું વિચિત્ર અને સંકીર્ણતાશીલ છે કે તે દૂરના અને નજીકના, કાળા અને ગોરા, આર્ય અને અનાર્ય, હિંદુ અને મુસલમાન, સુધરેલી અને જંગલી-એવા ભેદ કરવા તુરતજ પ્રેરાય છે, અને સૌ કોઇ પ્રત્યે સરખી રીતે જોવાની ના પાડે છે, અને સાચી અને વ્યાપક માનવતાની વૃત્તિથી વંચિત બને છે.

પણ સદ્ભાગ્યે માનવીના દિલમાં અનુકંપાવૃત્તિનો ઉદય એક બીજી દિશાના દૃષ્ટિકોણથી પણ શરૂ થાય છે આ દૃષ્ટિકોણ આત્મવત્ સર્વભૂતેષુ-સર્વભૂત માત્ર વિષે આત્મભાવે વર્તવું.—આ ભાવનામાંથી પેદા થાય છે. મને મારો જીવ જેટલો વહાલો છે તેટલો જ અન્ય કોઇ સજીવ પ્રાણીને પોતાનો જીવ વહાલો છે મને ન ગમે તે અન્યને પણ ન જ ગમે. મારા સ્વાર્થ ખાતર અન્ય કોઇ જીવને મારવાનો તો શું દુભવવાનો પણ મને અધિકાર નથી. બધાજીવોને જીવવાનો સરખો અધિકાર છે. બધા જીવો સરખા છે. આમ આત્મૌપમ્યભાવ જ્યારે દિલમાં પ્રગટે છે ત્યારે પછી પોતાની અનુકંપાવૃત્તિના ક્ષેત્રને ધીમે ધીમે વિસ્તૃત કરવાનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી, સહજપણે સમગ્ર સજીવ સૃષ્ટિને તેની અનુકંપા સ્પર્શે છે, અને સક્રિય બને છે.

આમ નવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થવા બાદ માનવીમનમાં એક નવી દ્વિધા ઉભી થાય છે. એક બાજુએ એક પણ જીવની તે વિરાધના-હિંસા-કરવા ઇચ્છતો નથી. બીજી બાજુએ અનેક જીવોની વિરાધના સિવાય જીવન-ટકાવ શક્ય નથી લાગતો. એક બાજુએ ઉંડા દિલની અહિંસાપરાયણ ભાવના અને બીજી બાજુએ હિંસા-નિર્ભર નરી વાસ્તવિકતા-આ દ્વિધામાંથી સાચા અહિંસાધર્મની વિચારણા શરૂ થય છે ઓછામાં ઓછી હિંસા વડે પોતાનો અને પોતાના સમાજનો કેમ જીવનનિર્વાહ કરવો-આ પ્રકારનો હિંસા-અહિંસા વિવેક પેદા થાય છે માનવીજગત અને માનવેતર જીવ જગત--પરસ્પરનો સંબંધ અને પરસ્પરાવલંબન, માનવીજગતના જીવનધોરણ માટે માનવેતર જીવજગત્‌ની કેટલી હિંસા અનિવાર્ય અને કેટલી હિંસા નિવાર્ય, માનવેતર જીવ જગત પ્રત્યેનો પણ આપણો ધર્મ-આવા અનેક પ્રશ્નો આપણી સામે ઉભા થાય છે અને તેનો સાચો ઉકેલ શોધવો અને સમગ્ર આચાર નિર્માણ કરવો-એ આપણને કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે. પરિણામે જગત્‌વ્યાપી અનુકંપા અને તેમાંથી પરિણમતી અહિંસા એટલે કે બને તેટલી વ્યાપક હિંસાનિવૃત્તિ. એ ઉભય આપણી અનુભૂતિ અને આચારનો વિષય બને છે સજીવ સૃષ્ટિમાં માનવીજગતના સાચા સ્થાનનું આપણને ભાન થાય છે, આખું માનવીજગત્ અગ્રસ્થાને સુપ્રતિષ્ઠિત થાય છે, માનવી-માનવી વચ્ચે ભેદ કરવાની વૃત્તિને પછી કોઇ અવકાશ જ રહેતો નથી. સાચા પ્રમાણવાળી-perspective વાળી-માનવતાની દૃષ્ટિ આપણને લાધે છે.

જેવી રીતે જૈન યા અન્ય કોઇ એક દર્શનની સાચી સમજણ માટે સર્વ દર્શનો જાણવાની જરૂર છે, જેવી રીતે ભૌગોલિક હિંદને યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે સમસ્ત પૃથ્વીની ભૂગોળથી સુપરિચિત બનવાની જરૂર છે તેવી રીતે સાચી માનવતાનો સાક્ષાત્કાર કરવા માટે સજીવ સૃષ્ટિ પર્યન્તની અનુકંપાની અનુભૂતિ આવશ્યક છે.

જૈનોના જીવનમાં તેમને જે અસંગતિ લાગે છે તેનું કારણ એ છે કે અહિંસક આચારને લગતા જૈનોના વિચારો કેવળ સાંપ્રદાયિક અને ગતાનુગતિક હોય છે અને તે આચારની પાછળ કોઇ વિશદ અને સાંગોપાંગ તર્કશુદ્ધ વિચારણાનો પ્રકાશ તેમ જ વિવેક હોતો નથી.

**પરમાનંદ**

### વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સમ્યગ્ દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ | ઇન્દ્રચંદ્ર | ૧૫૩ |
| જાતક કથા | સ્વામી આનંદ | ૧૫૫ |
| પશુનિર્દયતાનિવારણવિધાન વિષે એક દૃષ્ટિ | યશવંત દોશી | ૧૫૬ |
| માનવતા અને સજીવ સૃષ્ટિ પર્યન્તની અનુકંપા | પરમાનંદ | ૧૫૭ |
| પ્રશ્નોત્તર વિભાગ | તંત્રી | ૧૫૮ |
| લગ્નમંગળ આશીર્વચન | | ૧૫૮ |
| શ્રીમદ્ રાજચંદ્રની આત્મોપનિષદ્ | પંડિત સુખલાલજી | ૧૫૯ |

## પ્રશ્નોત્તર વિભાગ

આજે આપણા ચાલુ જીવનને લગતી અનેક એવી બાબતો છે કે જેને લગતી ગડમથલ આપણા મનમાં ચાલી રહેલી હોય છે અને જેનો સ્પષ્ટ ઉકેલ આપણને સહજ પ્રાપ્ત થતો નથી. અન્યની વિચારણા સાથે અમારી વિચારણા મેળવવી અને ધાર્મિક, નૈતિક કે સામાજિક કોઇ પણ પ્રશ્ન યા સમસ્યા હોય તેમાં ઉકેલ શોધવામાં ઉપયોગી થવું અને શકયતા મુજબ કાંઇક માર્ગદર્શક બનવું એ હેતુથી પ્રબુદ્ધ જીવનમાં હવે પછીથી પ્રશ્નોત્તર વિભાગ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમને અમારા જ્ઞાન અને સમજણની મર્યાદાનું પુરે-પુરૂં ભાન છે. અન્યને માર્ગદર્શક બનવાનો દાવો આગળ ધરવો એ પણ એક પ્રકારની ધૃષ્ટતા જેવું લાગે છે. આમ છતાં પ્રબુદ્ધ જીવનની કોટિના સામયિકોના સંચાલન પાછળ પોતપોતાના મર્યાદિત સંયોગોમાં અન્યને કાંઇ ને કાંઈ માર્ગદર્શન આપવાની વૃત્તિ જ કામ કરતી હોય છે. આ માર્ગદર્શન મોટા ભાગે અન્યના મનમાં ઘોળાતી બાબતને સ્પષ્ટ રૂપ આપવાનું અને વાચકોને કોઇ ચોકકસ નિર્ણય પર લઇ જવા પુરતું જ હોય છે. પ્રબુદ્ધ જીવનમાં 'પ્રકીર્ણ નોંધો' આ ઉદ્દેશથી જ લખાય છે. હવે શરૂ કરવા ધારેલ પ્રશ્નોત્તર વિભાગ પણ આ ઉદ્દેશને પહોંચી વળવામાં વધારે પૂરક બનશે એમ સમજીને જ શરૂ કરવા ધારેલ છે.

અહિં એ પણ જાહેર કરવું જોઇએ કે પ્રશ્નોત્તર વિભાગની જવાબદારીને પહોંચી વળવામાં પ્રબુદ્ધ જીવનના વિકાસમાં રસ ધરાવતા કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી, શ્રી રામનારાયણ વિ. પાઠક, ભાઇ ઉમાશંકર જોશી, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારી, ભાઇ વાડીલાલ ડગલી વગેરે કેટલાએક મિત્રોએ પોતાથી બનતો સહકાર આપવા કબુલ્યું છે. જે પ્રશ્નનો તંત્રી તરફથી જવાબ આપવામાં આવશે તે જવાબ નીચે તંત્રીની સહી હશે અને અન્ય તરફથી મેળવાયલા જવાબો ઉપર તે તે વ્યકિતની સહી હશે. આવેલા પ્રશ્નોમાં જ્યાં જ્યાં સ્પષ્ટતા નહિં હોય ત્યાં ત્યાં તે પ્રશ્નને ભાષા યા લખાણની દૃષ્ટિએ સરખા કરવામાં આવશે.

જે કોઇ પ્રશ્ન અમને બેહુદા જેવો કે સાવ અસંગત લાગશે તે વિષે ચર્ચા કરવામાં નહિ આવે. વળી અમને આ નવી પ્રવૃત્તિમાં જે ચિન્તનશીલ વિદ્વાનોએ સહકાર આપવાનું કબુલ્યું છે તેમાંની કોઈ એક ખાસ વ્યકિતને ઉદ્દેશીને કોઇ પ્રશ્નકાર પોતાનો પ્રશ્ન મોકલશે તે પ્રશ્ન તે વ્યકિત ઉપર મોકલી આપવામાં આવશે. સામાજિક તેમ જ ધાર્મિક બાબતો સંબંધે કાયદાની ગુંચો ઉકેલી આપવાનો પણ પ્રયત્ન કરવામાં આવશે.

જે પ્રશ્નનો જવાબ આપવાનું કામ અમારી તાકાત બહારનું લાગશે તે વિષે મૌન ધારણ કરવામાં આવશે. સામાન્ય રીતે પ્રશ્નકારના નામનો ઉલ્લેખ કરવામાં નહિ આવે. બનાવટી પ્રશ્નો ઉભા કરવામાં આવે અને તેના તંત્રી તરફથી જવાબ આપવામાં આવે એવી પ્રથા કોઈ કોઇ સ્થળે જોવામાં આવે છે. પ્રસ્તુત પ્રશ્નોત્તર વિભાગ ચલાવવામાં આવી પ્રથાનું કદિ પણ અવલંબન લેવામાં નહિ આવે. પ્રબુધ્ધ જીવનના વાંચકો સાથે વધારે જીવન્ત સંપર્ક સાધવો અને આજની અનેક ઘુંચો ઉકેલવામાં એકમેકને ઉપકારક બનવું એ આ પ્રશ્નોત્તર વિભાગ શરૂ કરવાનો મુખ્ય આશય છે.

તંત્રી, પ્રબુધ્ધ જીવન

## લગ્નમંગળ : આશીર્વચન

(તા. ૯–૧૨–૫૩ બુધવારના રોજ ઉજવાયલા બહેન ગીતાના લગ્નપ્રસંગે કવિમિત્રો તરફથી પ્રાપ્ત થયેલાં કેટલાંક મંગળકાવ્યો)

વસી જયહાં સૌ ઉરની અભીપ્સા–
સિધ્ધિ, જયહાં સૌ રસની વસી મુદા,
ડગે ડગે જીવન માંડતા જતાં,
હે આત્મ, તારી ગતિ ત્યાં સદા હજો!

ત્યાં તું જજે જ્યાં તુજને મળી રહે
તૃષા છિપાવંત છલંત આસવો
ત્યાં તું જજે જ્યાં તુજને રહે
હૈયું ભરી હેત મહા રસ–દ્રવો.

તને ત્યહિં સૌ તિમિરો વિદારતી
જ્યોતિ તણાં દર્શન રમ્ય લાધજો,
ને જીવનો સર્જતી ભવ્ય શકિતનો
પ્રસાદ તારો ઘટ પૂર્ણ પૂરજો.

નાનું અહો આ ઝરણું કલોલતુ
એના મહા સાગરમાં પુગી જજો!

સુન્દરમ્

સંસારને જટિલ પંથ હજો નિયંતા
ભર્ગ વરેણ્ય સવિતા, શ્રુતિ સાર ગીતા.

સાયુજ્ય તો પુરુષ પ્રકૃતિકેરું પૂર્ણ;
જેનાથી સૃષ્ટિ, સ્થિતિ ને લયની લલામ
લીલા રહે વિલસતી બહુ વર્ણ : એમ
આનંદને પ્રભવજો તવ યજ્ઞ–કર્મ.

થાતું સમર્પણ નિજત્વનું અન્યમાંહિ,
ભૂમાની શક્તિ પ્રગટે ત્યહિં શૂન્ય દેશે.
જ્યાં નેત્ર વત્સલ બને ત્યહિં વિશ્વ લાગે
નાના કિશોર સમ :– હો તવ એવી ભકિત.

વાણીની મુકિત લહી છંદથી યુકત મંત્રે,
ને સૌ વિવર્તનની હૃદ્ગત દૃષ્ટિ મુકત.
ને સર્વના મિલનમાંહિ નિસંગ શાન્ત;
હોજો વિરાગમય જ્ઞાનથી આયુ પ્રાજ્ઞ.

બે નેત્રમાં દર્શન એક સોહતું;
બે કર્ણ ઝીલે પણ શબ્દ એક જ.
તમેય બે ભિન્ન પરંતુ માણજો
આનંદથી એક સમસ્ત જીવન.

રાજેન્દ્ર શાહ

જેવું કોઇ મહાન સર્જકતણા ચિત્રે ન પ્રીછાય કે
રેખા સુન્દર છે સ્વયં? વિકસતી વા રંગથી? કે રહ્યો
રેખા એ થકી શોભી રંગ? ત્યમ આ અન્યોન્યનાં ભૂષણ
જેવાં થૈ નિત શોભજો વરવધૂ દાંપત્ય સાચું લહો!

સ્નેહરશ્મિ

ન્હાની શી કીકીઓ બ્હેની! ઝીલે જેમ અનન્તને,
એવો અનન્ત સંસાર, નેણાં માંહિં ઝિલો તમે!

હિ.ગ.અંજારિયા.

# શ્રીમદ્ રાજચંદ્રની આત્મોપનિષદ્

(થોડા સમયમાં પ્રસિદ્ધ થનાર શ્રીમદ્ રાજચંદ્રકૃત 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની પ્રસ્તાવના રૂપે પંડિત સુખલાલજીએ લખેલા વિદ્વત્તાપૂર્ણ લેખનો પહેલો હફતો નીચે આપવામાં આવે છે. બીજો હફતો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. **તંત્રી**)

ભારતની અધ્યાત્મસાધના બહુ જ પુરાણી અને જાણીતી છે. હજારો વર્ષ પહેલાં એ શરૂ થયેલી. કોણે પ્રથમ શરૂ કરી એ જ્ઞાત નથી. પણ એ સાધનાના પુરસ્કર્તા અનેક મહાન પુરૂષો જાણીતા છે. બુદ્ધ–મહાવીર પહેલાંની એ ઋષિ-પરંપરા છે. તેમના પછી પણ અત્યાર લગી એ સાધનાને વરેલા પુરૂષો દેશના જુદા જુદા ભાગોમાં, જુદી જુદી પરંપરાઓમાં અને જુદી જુદી નાત-જાતમાં થતા આવ્યા છે. એ બધાનો સંક્ષિપ્ત ઇતિહાસ પણ નાનોસૂનો નથી. એ છે પણ મનોરંજક અને પ્રેરણાદાયી, પરંતુ અહીં એનું સ્થાન નથી. અહીં તો એ જ અધ્યાત્મ-પરંપરામાં થયેલા શ્રીમદ્ રાજચંદ્ર, જે ગુજરાતના છેલ્લા સુપુત્રો પૈકી એક અસાધારણ સુપુત્ર થઇ ગયા. તેમની અનેક કૃતિઓ પૈકી બહુ જાણીતી અને આદર પામેલી એક કૃતિ વિષે કાંઇક કહેવું પ્રાપ્ત છે.

શ્રીમદ્ રાજચંદ્રની એ પ્રસ્તુત કૃતિ 'આત્મસિદ્ધિ' ને નામે જાણીતી છે. મેં મથાળે એને આત્મોપનિષદ્ કહી છે. 'આત્મસિદ્ધિ' વાંચતાં અને તેનો અર્થ પુનઃ પુનઃ વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે શ્રી રાજચંદ્રે આ એક નાનકડી કૃતિમાં આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. માતૃભાષામાં અને તે પણ નાના નાના દોહા છંદોમાં, તેમાં પણ જરાય તાણી કે ખેંચી અર્થ ન કાઢવો પડે એવી સરલ પ્રસન્ન શૈલીમાં આત્માને સ્પર્શતા અનેક મુદ્દાઓનું ક્રમબધ્ધ તેમ જ સંગત નિરૂપણ જોતાં અને તેની પૂર્વવર્તી જૈન-જૈનેતર આત્મવિષયક મહત્વપૂર્ણ ગ્રંથો સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાઈ જાય છે કે પ્રસ્તુત 'આત્મ-સિધ્ધિ' એ સાચે જ આત્મોપનિષદ્ છે.

સંસ્કૃત ભાષામાં પ્રાચીન ઉપનિષદો જાણીતાં છે. તેઓમાં માત્ર આત્મતત્ત્વની જ ચર્ચા છે. બીજી જે ચર્ચા આવે છે તે આત્મતત્ત્વનો પૂરો ખ્યાલ આપવા પૂરતી અને તેને ઉઠાવ આપવા પૂરતી છે. તેઓમાં પુરૂષ, બ્રહ્મ, ચેતન જેવા અનેક શબ્દો વપરાયા છે, પણ તે આત્મતત્ત્વના જ બોધક છે. એમની શૈલી ભલે પ્રાચીન સાંખ્ય-યોગ જેવી પરંપરાને અનુસરતી હોય તેમ જ એમની ભાષા ભલે સંસ્કૃત હોય, પણ એમાં નિરૂપણ આત્મલક્ષી જ છે. તેથી જ એ ઉપનિષદોમાં પુનઃ પુનઃ કહેવાયું છે કે, **'एकेन ज्ञातेन सर्वं ज्ञातं भवति।'** એક આત્મા જાણ્યે બધું જ જણાઇ જાય છે, કેમકે આત્મજ્ઞાનનું પ્રાધાન્ય છે અને એ આત્મવિદ્યાને જ પરા વિદ્યા કહેવામાં આવી છે.

મહાવીરના વિચારમંથનના પરિણામરૂપ જે પ્રાચીન ઉદ્‌ગારો 'આચારાંગ', 'સૂત્રકૃતાંગ' જેવા આગમોમાં મળે છે તેમાં પણ આત્મસ્વરૂપના જ્ઞાન અને તેની સાધનાને લક્ષીને જ મુખ્ય વક્તવ્ય છે.

આગમનું એ નિરૂપણ સંસ્કૃત ભાષામાં નથી તેમ જ ઉપનિષદોની શૈલીથી જુદી શૈલી એ ધરાવે છે. તેમ છતાં એ છે તો આત્મતત્ત્વ સંબંધે જ. એ જ રીતે બુદ્ધના ઉદ્‌ગારોના સંગ્રહરૂપ ગણાતાં પ્રાચીન પિટકોમાં પણ આત્મસ્વરૂપ અને તેની સાધનાની જ એક રીતે કથા છે, ભલે તે આત્માને નામે કે સંસ્કૃત ભાષામાં ન હોય; ભલે એની શૈલી ઉપનિષદો અને જૈન આગમો કરતાં કાંઇક જુદી પડતી હોય, પણ તે નિરૂપણ અધ્યાત્મલક્ષી જ છે. ભાષાભેદ, શૈલીભેદ કે ઉપરથી દેખાતો આંશિક દૃષ્ટિભેદ એ સ્થૂળ વસ્તુ છે. મુખ્ય અને ખરી વસ્તુ એ બધામાં સામાન્ય છે તે તો આધ્યાત્મિક દૃષ્ટિએ કરાયેલી સાધનાનાં પરિણામોનું નિરૂપણ છે. વૈદિક, બૌધ અને જૈન વગેરે બધા સંતોનો અનુભવ ટૂંકમાં એ જ છે કે પોતા વિષેનું અજ્ઞાન (અવિદ્યા) નિવારવું અને સમ્યગ્જ્ઞાન મેળવવું.

સમ્યગ્જ્ઞાન મેળવવાના અનેક માર્ગો શોધાયા અને યોજાયા. કોઇએ એક તો કોઇએ બીજા ઉપર સહેજ વધારે ભાર આપ્યો. એને લીધે કેટલીક વાર પંથભેદો જન્મ્યા અને એ પંથભેદો ટૂંકી દૃષ્ટિથી પોષાતાં સાંકડા વાડા પણ બની ગયા. એટલું જ નહિ, પણ તેઓ ઘણીવાર શાબ્દિક અર્થની ખેંચતાણમાં પડી એકબીજાના ખંડનમાં ઉતરી ગયા અને દૃષ્ટિની વિશાળતા તેમજ આત્મશુધ્ધિ સાધવાનો મુખ્ય ઉદ્દેશ જ વીસરી ગયા. એને લીધે આધ્યાત્મિક સાધના ઉપર ઊભી થયેલી પરંપરાઓ મોટે ભાગે એકદેશીય અને દુરાગ્રહી પણ બની ગયેલી આપણે ઇતિહાસમાં જોઇએ છીએ. વિશેષ તો શું, પણ એક જ પરંપરામાં પણ એવા ફાંટા પડયા અને તે પરસ્પર એવી રીતે વર્તવા અને જોવા લાગ્યા કે તેમાં પણ અભિનિવેશ અને દુરાગ્રહે જ મુખ્ય સ્થાન લીધું.

કોઇ પણ સમાજમાં ઉછરેલો જ્યારે ખરા અર્થમાં આત્મ-જિજ્ઞાસુ બને છે, ત્યારે તેને પણ શરૂઆતમાં એ વાડા અને ફાંટાનાં સંકુચિત બંધનો અને કુસંસ્કારો ભારે વિઘ્નરૂપ થઇ પડે છે. પણ ખરો અધ્યાત્મજિજ્ઞાસુ એ બધાં વિઘ્નોથી પર જાય છે અને પોતાનો માર્ગ પોતાના જ પુરૂષાર્થથી નિષ્કંટક બનાવે છે. આવા અધ્યાત્મવીરો વિરલ પાકે છે. શ્રીમદ્ એ વિરલમાંના એક આધુનિક મહાન વિરલ પુરૂષ છે. તેમણે જૈન પરંપરાના સંસ્કાર વિશેષ પ્રમાણમાં ઝીલ્યા. તેમણે મૂળ લખાણો ગુજરાતીમાં જ અને તે પણ મોટે ભાગે જૈન પરિભાષાને અવલંબીને જ લખ્યાં છે. તેથી એમની ઓળખ ગુજરાત બહાર અથવા જૈનેતર ક્ષેત્રમાં બહુ વિશેષે નથી. પણ તેથી એમનું આધ્યાત્મિક પોત અને સૂક્ષ્મ સત્યદ્રષ્ટિ સાધારણ છે એમ જો કોઇ ધારે, તો તે મહતી ભ્રાન્તિ જ સિદ્ધ થશે. એક વાર કોઇ સમજદાર એમનાં લખાણો વાંચે તો તેના મન ઉપર એમની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસ-તાની અચૂક છાપ પડયા વિના કદી જ નહિ રહે.

મેં પ્રથમ પણ અનેકવાર 'આત્મસિદ્ધિ' વાંચેલી અને વિચારેલી. પરંતુ છેલ્લે છેલ્લે આ લખું છું ત્યારે વિશેષ સ્થિરતા અને વિશેષ તટસ્થતાથી એ વાંચી, એના અર્થો વિચાર્યા, એના વક્તવ્યનું યથાશક્તિ મનન અને પૃથક્કરણ કર્યું. ત્યારે મને લાગ્યું કે આ 'આત્મસિધ્ધિ' એ એક જ ગ્રંથ એવો છે કે તેમાં શ્રીમદ્ રાજચંદ્રની વિચારણા અને સાધનાનું ઊંડામાં ઊંડું સર્વ રહસ્ય આવી જાય છે.

જે ઉમરે અને જેટલા ટૂંક વખતમાં શ્રી રાજચંદ્રે 'આત્મસિધ્ધિ'માં પોતે પચાવેલ જ્ઞાન ગૂંથ્યું છે તેનો વિચાર કરૂં છું. ત્યારે મારૂં મસ્તક ભક્તિભાવે નમી પડે છે. એટલું જ નહિ, પણ મને લાગે છે કે તેમણે આધ્યાત્મિક મુમુક્ષુને

આપેલી ભેટ એ તો સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યિક ગ્રન્થરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે. પોતપોતાના પક્ષની અને મંતવ્યની સિધ્ધિ અર્થે અનેક સિધ્ધિ-ગ્રન્થો સેંકડો વર્ષ થયાં લખાતા રહ્યા છે. 'સર્વાર્થસિદ્ધિ' માત્ર જૈન આચાર્યે જ નહિ પણ જૈનેતર આચાર્યોએ પણ પોતપોતાના સંપ્રદાય પરત્વે લખી છે. 'બ્રહ્મસિદ્ધિ', 'અદ્વૈતસિદ્ધિ' આદિ વેદાંત વિષયક ગ્રંથો સુવિદિત છે. 'નૈષ્કર્મ્યસિદ્ધિ', 'ઇશ્વરસિદ્ધિ' એ પણ જાણીતાં છે. 'સર્વજ્ઞસિધ્ધિ' જૈન, બૌધ્ધ વગેરે અનેક પરંપરાઓમાં લખાયેલી છે, અકલંકના 'સિધ્ધિવિનિશ્ચય' ઉપરાંત આચાર્ય શિવસ્વામી રચિત 'સિધ્ધિવિનિશ્ચય'ના અસ્તિત્વનું પ્રમાણ હમણાં મળ્યું છે. આવા વિનિશ્ચય ગ્રંથોમાં પોતપોતાને અભિપ્રેત હોય એવા અનેક વિષયોની સિધ્ધિ કહેવામાં આવી છે. પણ એ બધી સિધ્ધિઓ સાથે જ્યારે શ્રી રાજચંદ્રની 'આત્મસિધ્ધિ'ને સરખાવું છું, ત્યારે સિધ્ધિ શબ્દરૂપે સમાનતા હોવા છતાં એના પ્રેરક દૃષ્ટિબિન્દુમાં મહદ્ અંતર જણાય છે. તે તે દર્શનની ઉપર સુચવેલી અને બીજી સિધ્ધિઓ અમુક વિષયની માત્ર દલીલ દ્વારા ઉપપત્તિ કરે છે અને વિરોધી મંતવ્યનું તર્ક કે યુકિતથી નિરાકરણ કરે છે. વસ્તુતઃ એવી દાર્શનિક સિધ્ધિઓ મુખ્યપણે તર્ક અને યુકિતને બળે રચાયેલી છે, પણ એની પાછળ આત્મસાધના કે આધ્યાત્મિક પરિણતિનું સમર્થ બળ ભાગ્યે જ દેખાય છે, જ્યારે પ્રસ્તુત 'આત્મસિદ્ધિ'ની ભાત જ જુદી છે. એમાં શ્રી રાજચંદ્રે જે નિરૂપ્યું છે તે તેમના જીવનના ઊંડાણમાંથી અનુભવપૂર્વક આવેલું હોઇ એ માત્ર તાર્કિક ઉપપત્તિ નથી; પણ આત્માનુભવની થયેલી સિધ્ધિ—પ્રતીતિ છે એમ મને સ્પષ્ટ લાગે છે. તેથી જ તો તેમના નિરૂપણમાં એક પણ વેણ કડવું, આવેશપૂર્ણ, પક્ષપાતી કે વિવેકવિનાનું નથી. જીવસિધ્ધિ તો શ્રીમદ્ અગાઉ કેંટલાય આચાર્યોએ કરેલી અને લખેલી છે, પણ તેમાં પ્રસ્તુત 'આત્મસિધ્ધિ'માં છે તેવું બળ ભાગ્યે જ પ્રતીત થાય છે. અલબત્ત, એમાં યુકિત અને દલીલો ઢગલાબંધ છે.

શ્રી રાજચંદ્રે 'આત્મસિધ્ધિ'માં મુખ્યપણે આત્માને લગતા છ મુદ્દા ચર્ચ્યા છે: (૧) આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ (૨) તેનું નિત્યત્વ—પુનર્જન્મ (૩) કર્મકતૃત્વ અને (૪) કર્મફળ ભોકતૃત્વ (૫) મોક્ષ અને (૬) તેનો ઉપાય. આ છ મુદ્દાની ચર્ચા કરતા તેના પ્રતિપક્ષી છ મુદ્દા ઉપર પણ ચર્ચા કરવી જ પડી છે. એ રીતે એમાં બાર મુદ્દાઓ ચર્ચાયા છે. એ ચર્ચાની ભૂમિકા એમણે એટલી બધી સબળ રીતે અને સંગત રીતે બાંધી છે, તેમ જ એનો ઉપસંહાર એટલો સહજપણે અને નમ્રપણે છતાં નિશ્ચિત વાણીથી કર્યો છે. કે તે એક સુસંગત શાસ્ત્ર બની રહે છે. એની શૈલી સંવાદની છે શિષ્યની શંકા કે પ્રશ્નો અને ગુરુએ કરેલ સમાધાન. આ સંવાદશૈલીને લીધે એ ગ્રંથ ભારેખમ અને જટિલ ન બનતાં વિષય ગહન હોવા છતાં સુબોધ અને રુચિપોષક બની ગયો છે.

આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન અને પ્રવચનસાર. સમયસાર જેવા પ્રાકૃત ગ્રંથોમાં જે વિચાર જુદી જુદી રીતે વિખરાયેલો દેખાય છે, ગણધરવાદમાં જે વિચાર તર્કશૈલીથી સ્થપાયો છે અને આચાર્ય હરિભદ્ર કે યશોવિજયજી જેવાએ પોતપોતાના અધ્યાત્મ વિષયક ગ્રંથોમાં જે વિચાર વધારે પુષ્ટ કર્યો છે, તે સમગ્ર વિચાર પ્રસ્તુત 'આત્મસિધ્ધિ'માં એવી રીતે સહજભાવે ગૂંથાઇ ગયો છે કે તે વાંચનારને પૂર્વાચાર્યોના ગ્રંથોનું પરિશીલન કરવામાં એક ચાવી મળી રહે છે. શંકરાચાર્યે કે તે પૂર્વના વાત્સ્યાયન, પ્રશસ્તપાદ, વ્યાસ આદિ ભાષ્યકારોએ આત્માના અસ્તિત્વની બાબતમાં જે મુખ્ય દલીલો આપી છે, તે પ્રસ્તુત 'આત્મસિધ્ધિ'માં આવે છે. પણ વિચારતાં મને એમ લાગે છે કે શ્રી રાજચંદ્રે પ્રસ્તુત રચના માત્ર શાસ્ત્રો વાંચી નથી કરી, પણ એમણે સાચા અને ઉત્કટ મુમુક્ષુ તરીકે આત્મસ્વરૂપની સ્પષ્ટ અને ઊંડી પ્રતીતિ માટે જે મંથન કર્યું, જે સાધના કરી અને જે તપ આચર્યું તેને પરિણામે લાધેલી અનુભવપ્રતીતિ જ આમાં મુખ્યપણે નિરૂપાઇ છે. એક મુદ્દામાંથી બીજો, બીજામાંથી ત્રીજો એમ ઉત્તરોત્તર એવી સુસંગત સંકલના થઇ છે કે તેમાં કાંઇ નકામું નથી આવતું, કામનું રહી નથી જતું અને કયાંય પણ આડું ફંટાતું નથી. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રની 'આત્મસિધ્ધિ' એ એક સિધ્ધાંતશાસ્ત્ર બની રહે છે.

ભારતીય તત્ત્વજ્ઞ અને સંતોની આત્માના સ્વરૂપ વિષેની દૃષ્ટિ મુખ્યપણે ત્રણ વિભાગમાં વહેંચાઇ જાય છે: (૧) દેહભેદે આત્મભેદ અને તે વાસ્તવિક જ; (૨) તાત્ત્વિક રીતે આત્મતત્ત્વ એક જ અને તે અખંડ છતાં દેખીતો જીવભેદ એ માત્ર અજ્ઞાનમૂલક; (૩) જીવભેદ વાસ્તવિક પણ તે એક જ પરમાત્માના અંશો. આ રીતે દૃષ્ટિઓ ત્રણ પ્રકારની હોવા છતાં બધી દૃષ્ટિનો પારમાર્થિક આચાર એક જ છે. વાસ્તવિક જીવભેદ માનનાર દરેક દર્શન જીવનું તાત્ત્વિક સ્વરૂપ તો સમાન જ માને છે ને તે આધારે તેઓ બીજાં નાનાં મોટાં તમામ પ્રાણી પ્રત્યે આત્મૌપમ્યમૂલક આચાર યોજે છે અને પોતા પ્રત્યે બીજા તરફથી જે વર્તનની અપેક્ષા રખાય તેવું જ વર્તન બીજા પ્રત્યે રાખવા ઉપર ભાર આપી સમગ્ર આચાર-વ્યવહાર યોજે છે. જેઓ આત્માના વાસ્તવિક અભેદ કે બ્રહ્મૈક માને છે તેઓ પણ બીજા જીવોમાં પોતાનું જ અસલી પોત માની અભેદમુલક આચાર-વ્યવહાર યોજી કહે છે કે, અન્ય જીવ પ્રત્યે વિચારમાં કે વર્તનમાં ભેદ રાખવો તે આત્મદ્રોહ છે, અને એમ કહી સમાન આચાર-વ્યવહારની જ હિમાયત કરે છે. ત્રીજી દૃષ્ટિવાળા પણ ઉપરની રીતે જ તાત્ત્વિક આચાર વ્યવહારની હિમાયત કરે છે આ રીતે જોઇએ તો આત્મવાદી ગમે તે દર્શન હોય તો પણ તેની પારમાર્થિક કે મૂલગામી આચાર-વ્યવહારની હિમાયત એક જ પ્રકારની છે. તેથી જ જૈન, બૌધ્ધ, વેદાન્ત કે વૈષ્ણવ આદિ બધાં જ દર્શનોમાં સત્ય, અહિંસા, અપરિગ્રહ આદિ તાત્ત્વિક આચારમાં કશો જ ભેદ દેખાતો નથી. અલબત્ત બાહ્ય અને સામાજિક આચાર-વ્યવહાર, જે મુખ્યપણે રૂઢિઓ અને દેશકાળને અનુસરી ઘડાય કે બદલાય છે તેમાં, પરંપરાભેદ છે જ અને તે માનવ સ્વભાવ પ્રમાણે અનિવાર્ય છે. પણ જે આત્મસ્પર્શી મુલગામી વર્તનના સિધ્ધાંતો છે, તેમાં કોઇનો મતભેદ નથી. દરેક દર્શન પોતાની માન્યતા પ્રમાણેના આત્મજ્ઞાન ઉપર ભાર આપી તે વિષેનું અજ્ઞાન કે અવિદ્યા નિવારવા કહે છે અને આત્મજ્ઞાન ઠીક ઠીક પ્રકટયા વિના કે પચ્યા વિના વિષમતામૂલક વર્તન બંધ પડવાનું નથી અને એવું વર્તન બંધ પડયા વિના પુનર્જન્મનું ચક્ર પણ બંધ પડવાનું નથી-એમ કહે છે. તેથી જ આપણે ગમે તે પરંપરાના સાચા સંત અને સાધકની વિચારણા કે વાણી તપાસીશું અગર તેમનો જીવન-વ્યવહાર તપાસીશું તો બાહ્ય રીતિ-નીતિમાં ભેદ હોવા છતાં તેની પ્રેરક આન્તર ભાવનામાં કશો જ ભેદભાવ જોઇ નહિ શકીએ

અપૂર્ણ **પંડિત સુખલાલજી**

## શ્રી શિવલાલ ગુપ્તાનું અવસાન

તા. ૨૮-૧૨-૫૩ સોમવારના રોજ શ્રી શિવાલલ ગુપ્તાનું ૬૬ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. સ્વર્ગસ્થ મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય હતા. કુળપરંપરાએ જૈન હોવા છતાં મુંબઇની આર્ય સમાજ સાથે તેમનો ઘનિષ્ટ સંબંધ હતો. તેઓ એક સજ્જન અને સેવાભાવી શીલસંપન્ન ગૃહસ્થ હતા. સંઘ તેમના કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ દાખવે છે અને તેમના આત્માને પરમ શાન્તિ પ્રાર્થે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ. ૩.
મુદ્રણસ્થાન: જવાહર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

છુટક નકલ : ત્રણ આના    શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૮

મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૫૪ શુક્રવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ

( ગતાંકથી ચાલુ )

હવે આપણે દાર્શનિક દષ્ટિએ સમ્યગ્દર્શનના સ્વરૂપની પર્યાલોચના કરીએ. મોક્ષમાર્ગના પ્રાપક રત્નત્રયમાં તેનું સ્થાન પ્રથમ છે. તેના વિના જ્ઞાન અને ચારિત્રની કોઇ કિંમત નથી. જે પ્રમાણે એકડા ઉપર ચઢાવેલા મીંડાની કિંમત દસગણી વધી જાય છે, અને એકડાને ભૂંસી નાંખવાથી મીંડાની કોઈ કિંમત નથી રહેતી, તે પ્રમાણે સમ્યગ્દર્શનયુકત જ્ઞાન–ચારિત્ર્યનું મૂલ્ય અનેકગણું વધી જાય છે પણ સમ્યગ્દર્શનરહિત જ્ઞાન–ચારિત્ર્યની કોઈ કિંમત રહેતી નથી. સમ્યગ્દષ્ટિ પણ ઘટને ઘટ રૂપે જાણે છે અને મિથ્યાદષ્ટિ પણ ઘટને ઘટ રૂપે જાણે છે. આમં બન્નેની પ્રતીતિમાં સમાનતા હોવા છતાં સમ્યદગૃષ્ટિનુ જ્ઞાન સમ્યગ્ અને મિથ્યાદ્રષ્ટિનું મિથ્યા કહેવાય છે. ત્યારે સ્વાભવિક પ્રશ્ન ઉઠે કે સમ્યગ્દષ્ટિ કોને કહેવો ?

ઉપરોકત પ્રશ્નના ઉત્તરમાં સમ્યગ્દ્રષ્ટિની વ્યાખ્યા ત્રણ પ્રકારે વર્ણવાય છે. તત્વરૂપી અર્થાત્ સત્યને જાણવું અને જાણીને સ્વીકારવાની તત્પરતા એ પહેલી વ્યાખ્યા છે. જો કે વ્યકિત પ્રત્યેક નિર્ણય કરતી વખતે પોતે સંપૂર્ણ સત્યને માર્ગે છે એમ માને છે, પણ જો તે જરા ઉંડો વિચાર કરે તો તે નિર્ણયની પાછળ પુરાણા સંસ્કારો, વૈયકિતક કે સામુહિક સ્વાર્થ વગેરે અનેક તત્વો કામ કરી રહ્યા છે તે તેને તુર્ત દેખાઈ આવે. ગત યુધ્ધની પહેલાં જર્મનીના નાઝીઓ જગતની સર્વ પ્રજાઓ કરતાં પોતે શ્રેષ્ઠ છે એમ માનતા, અને સમસ્ત વિશ્વ ઉપર શાસન કરવાનો પોતાનો ન્યાયપૂર્ણ અધિકાર સમજતા, પરંતુ યુધ્ધમાં જ્યારે તે પ્રજા બુરી રીતે કચડાઈ ગઈ ત્યારે જ તેનું અભિમાન નષ્ટ થયું. પોતાનો દેશ, જાતિ, ધર્મ, વગેરેને બીજાથી ઉત્કૃષ્ટ માનવામાં આ જાતનો અભિનિવેશ રહેલો હોય છે. સ્પર્શ્યાસ્પર્શ્યને માનનારો એક સનાતની હિંદુ એવી કલ્પના પણ નથી કરી શકતો કે એક અંગ્રેજ કે મુસલમાનનું જીવન પોતાના જીવન કરતાં વધારે પવિત્ર હોઇ શકે. જૈનો વિષે પણ આ જ હકીકત છે. જૈન સાધુ પોતાના સંપ્રદાયથી ભિન્ન અન્ય વ્યકિતને સાધુ નથી માની શકતા. જૈન આગમોમાં પંદર ભેદો સિધ્ધ કહ્યા છે તેમાં " અન્યલિંગ સિધ્ધ " એવો પણ એક ભેદ છે. અર્થાત્ સાધુનો બાહ્ય વેશ ન હોવા છતાંએ વ્યકિત આત્મગુણોનો વિકાસ સાધી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આવું સ્પષ્ટ વિધાન હોવા છતાં અન્ય વેશ ધારણ કરનારને માત્ર વેશના કારણે મિથ્યાત્વી માનવા અને તેનું કોઇ પ્રકારે સન્માન ન કરવું તેના જેવો દુરભિનિવેશ બીજો કયો હોઇ શકે ? મહાત્મા ગાંધીજીએ અહિંસાની જે સાધના કરી તે સર્વવિદિત છે. તે જ્યારે એક જૈન સાધુને મળવા ગયા, ત્યારે તે સાધુએ તેમને મિથ્યાત્વી ગણીને સન્માન ન કર્યું. જનાબ મહમદઅલીએ એક વખત એમ કહ્યું હતું કે "એક મુસલમાન શરાબ પીનારો, વ્યભિચારી અને પતિત હોય તો પણ તેને હું મહાત્મા ગાંધી કરતાં વધારે ઉંચો માનું છું." બીજી બાજુથી એવા હિંદુઓની પણ ખામી નથી કે જેઓ પતિતમાં પતિત હિંદુને સરહદના ગાંધી કરતાંયે સારો માનતા હોય. આ દુરભિનિવેશોનાં કુપરિણામો ભારતવર્ષ શતાબ્દિઓ તો શું પણ સહસ્ત્રાબ્દિઓથી ભોગવતું આવ્યું છે. હમણા જ છ વર્ષ પહેલાં દેશના ભાગલા પડયા ત્યારે પ્રજાને જે નૃશંસતા અને પશુતાનો અનુભવ થયો તેની સ્મૃતિ તાજી જ છે. આ બધા એકાંગી મિથ્યાદ્રષ્ટિનાં ફળ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ આવા અભિનિવેશ કે આવેશોથી ભ્રમિત ન થાય. તેની દ્રષ્ટિ તો સત્ય તરફ જ મીટ માંડી રહે અને ભાવાવેશમાં ખેંચાઇ જતા સમસ્ત વિશ્વને દિવાદાંડીની જેમ ભયસ્થાનોની ચેતવણી આપતો રહે. હરેક વ્યકિતમાં એટલું સામર્થ્ય હોવું જોઇએ કે તે પુર્વસંસ્કારો કે સ્વાર્થથી ન ખેંચાતા પ્રત્યેક વસ્તુનું યથાર્થ રૂપે દર્શન કરે. ઓછામાં ઓછું, હૃદયમાં એવી ભાવનાપૂર્વક પ્રયત્ન કરતા અવશ્ય રહેવું જોઇએ. તેમાં જ પોતાનું તથા સમાજનું કલ્યાણ સમાયેલું છે.

સમ્યગ્દષ્ટિનો બીજો અર્થ છે "વૈજ્ઞાનિક પધ્ધતિ." પ્રથમ અર્થમાં એ બતાવ્યું છે કે વ્યકિતની ભાવના નિરંતર સત્ય ગ્રહણ કરવા તરફ રહેવી જોઇએ. પરંતુ વૈજ્ઞાનિક અને નિર્દોષ સાધન વિના સત્યની પિછાન થતી નથી. સાધનમાં દોષ બે પ્રકારે હોઇ શકે. (૧) વ્યકિત પૂર્વગ્રહથી પ્રભાવિત હોય, જે વિષેની ચર્ચા આગળ કરી લીધી છે. (૨) તેની જોવાની રીત જ વિપરીત હોય. પહેલા દોષનું કારણ વ્યકિતગત સ્વાર્થ કે કષાય છે. બીજાનું કારણ અજ્ઞાન છે. જ્યાં સુધી જીવ પદાર્થને યથાર્થ રૂપે જોતાં નથી શીખતો ત્યાં સુધી તેનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. તેથી જ શાસ્ત્રકારોએ ગુરૂની આવશ્યકતા સ્વીકારી છે. જેમ એક બાળકને પ્રશ્ન પૂછીએ કે "બે ને બે કેટલા થાય" તો તે ત્રણ કહેશે, પાંચ કહેશે અને ચાર પણ બોલી જશે. પણ આ તેનો સાચો ઉત્તર નહિ કહેવાય. સાચો ઉત્તર તો ત્યારે જ કહેવાય કે જ્યારે તે રીતસરની ગણતરી કરીને ચોક્કસ ચારનો આંક બોલે. આ પ્રમાણે પ્રત્યેક કાર્યને જોવાની કોઇને કોઇ વૈજ્ઞાનિક પધ્ધતિ હોય છે. તે સમજીને તદનુસાર ચાલવું તેનું નામ સમ્યગ્દ્રષ્ટિ.

સમ્યગ્દ્રષ્ટિનો ત્રીજો અર્થ ધ્યેયની અપેક્ષા છે. જ્યાં સુધી આત્માની પ્રવૃતિઓનું લક્ષ્ય બાહ્યમુખી સાંસારિક સુખ તરફ હોય, ત્યાં સુધી તેની પ્રત્યેક ક્રિયા, પ્રવૃતિ, કે જ્ઞાન મિથ્યા છે. ધ્યેય બદલાયું કે બધું સમ્યક્ થઇ જાય છે. જે પ્રમાણે ધન કે શારીરિક બળ એક પ્રકારની વિશેષ શકિત છે, તેનું સારાપણું કે ખરાબપણું તેના ઉપયોગ ઉપર આધાર રાખે છે, સ્વતંત્ર રીતે તે સારા કે ખરાબ નથી. જો તેનો ઉપયોગ સ્વપરના કલ્યાણ માટે કરવામાં આવે તો તે શુભ છે. જો તેનો ઉપયોગ બીજાને કષ્ટ પહોંચાડવામાં કરવામાં આવે તો તે અશુભ છે, તે પ્રમાણે જ્ઞાન પણ એક શકિત છે. તેનું સમ્યક્પણું કે મિથ્યાપણું તેનો કઇ રીતે ઉપયોગ થાય છે તેના ઉપર આધાર રાખે છે. સમ્યગ્દૃષ્ટિ તેનો ઉપયોગ આત્મવિકાસ માટે–મોક્ષરૂપ પરમ પુરૂષાર્થ માટે–કરે છે. તેથી તેનું જ્ઞાન સમ્યક્ છે. મિથ્યાદૃષ્ટિ જ્ઞાનનો ઉપયોગ સાંસારિક ભોગોની વૃધ્ધિ કરવામાં કરે છે તેથી તેનું જ્ઞાન મિથ્યા

છે. પાશ્ચાત્ય પરિભાષામાં આ દૃષ્ટિકોણને આપણે "Pragmatism" કહી શકીએ, જ્યાં પ્રત્યેક વસ્તુનું મુલ્યાંકન તેની ઉપયોગીતાના આધાર ઉપર થાય છે.

આ રીતે આપણી સામે સમ્યગ્દૃષ્ટિનાં ચાર રૂપ થયાં.

૧ આત્મશુધ્ધિ-કષાયોની મન્દતાના કારણે આત્માની અન્તર્મુખીવૃતિ.

૨ દૃષ્ટિ શુદ્ધિ–સત્યની પરીક્ષા માટે દ્વેષ અને પક્ષપાત રહિત તટસ્થપણે વસ્તુને જોવાની ક્ષમતા.

૩ ઉપાય શુધ્ધિ–વસ્તુસ્વરૂપ જાણવાનો ઉપાય નિર્દોષ અને વૈજ્ઞાનિક હોવો

૪ ધ્યેય શુધ્ધિ–દૃષ્ટિ સન્મુખ કોઇ મહાન ધ્યેયનું હોવું. આમાં પાછલી ત્રણે શુધ્ધિઓ ત્યારે જ આવી શકે જો પ્રથમ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી હોય.

## વર્તમાન દૃષ્ટિકોણ

સમ્યગ્દૃષ્ટિની ઉપરોકત વ્યાખ્યા કપોલકલ્પિત નથી તેમાં શાસ્ત્રીય દૃષ્ટિ રહેલી છે. તે મનુષ્યને નથી કોઇ નિર્જીવ ક્રિયાકાંડ કરવામાં બાંધી દેતી કે નથી તેને બુધ્ધિપૂર્વક વિચાર કર્યા વિના કોઇ વાત સ્વીકારવાનું કહેતી. આત્મશુધ્ધિ થવામાં અનુકૂળ તેવી કોઇ પણ ક્રિયા ઉપાદેય છે. વસ્તુનું યથાર્થ રૂપ સમજવા માટે નિરભિનિવેશ દૃષ્ટિ અને તર્કસંગત પધ્ધતિ સ્વીકારીને સ્વતંત્રપણે પરીક્ષણ કરવાનો વ્યકિતને સંપૂર્ણ અધિકાર છે. આ પ્રકારની દૃષ્ટિ તો જ સંભવી શકે જો ધ્યેય શુધ્ધ હોય. સંકુચિત ધ્યેયવાળી વ્યકિત અભિનિવેશોથી પર નથી થઇ શકતી.

પ્રત્યેક ધર્મ ઉદ્‌ગમકાળે આત્મસ્પર્શી હોય છે. તેમાં ક્રિયાકાંડ, બાહ્યાચાર કે વેશપરિધાનને આત્મસાધનામાં સહાયક થવા પુરતું જ સ્થાન હોય છે. સાધકને પોતાની સવલતા પ્રમાણે ઉચિત પરિવર્તન કરવાનો પૂર્ણ અધિકાર રહે છે. એવો પણ સાધક હોઇ શકે કે જે રૂચિ અનુસાર એક વાત મહાવીરની તો બીજી બુધ્ધની અને ત્રીજી ઉપનિષદ્‌ની સ્વીકારે અને છતાં ધ્યેયશુધ્ધિના કારણે તે સમ્યગ્દૃષ્ટિ હોય. અહિંસા ધર્મનો સંબંધ વ્યકિત સાથે છે. આત્મકલ્યાણ માટે કોઇ એક જ પરંપરાનો સંપૂર્ણ સ્વીકાર કરવો આવશ્યક નથી. સાધકને ભકતોનું ટોળું જમા કરવાની ચિન્તા નથી હોતી જે જિજ્ઞાસુવૃત્તિથી તેની પાસે આવે, તેને સીધા સાદા શબ્દોમાં પોતાનો અનુભવ કહે છે. માન, પૂજા, પ્રતિષ્ઠા, જયઘોષ આદિ વિક્ષેપોથી તે દૂર ભાગે છે. નથી તેને કોઇ મતનું ખંડન કરવાનું હોતું, નથી શાસ્ત્રાર્થ કરવાનો હોતો. આ પ્રણાલી ન્યુનાધિક માત્રામાં સંતપરંપરામાં સામાન્યતઃ દેખાય છે.

પરંતુ ધીરે ધીરે સાધકમાં લોકૈષણા જાગે છે. તે પોતાના અનુયાયીઓને એકઠા કરી ધર્મને એક સંગઠ્ઠનનું રૂપ આપે છે. તેનો અંતરાત્મા વિરોધ કરીને પોકારે "તું આ જંજાળમાં કયાં પડે છે?" પણ બુધ્ધિ તેને દબાવી દે છે. તે કહે છે "મારે સંસારનો ઉધ્ધાર કરવો જોઇએ." લોકૈષણા પરોપકારનો સ્વાંગ સજીને નટનો ભાગ ભજવે છે. બુધ્ધિ એષણાઓની દાસી બને છે. મનમાં જે તૃષ્ણા જાગે, બુધ્ધિ તેનું સમર્થન કરતી જાય છે. આત્માની આંતરિક વૃત્તિઓના આધાર પર આ સંગઠ્ઠન શકય હોતું નથી. એટલે બાહ્યાચારને મહત્ત્વ મળતું જાય છે. આન્તરિક વૃત્તિની ઉપેક્ષા શરૂ થાય છે. ધીરે ધીરે એવા સિધ્ધાન્તો સ્થાપવામાં આવે છે જેનો સૈધ્ધાન્તિક આધાર તો આત્મશુધ્ધિ હોય, પણ વ્યવહારિક રૂપ માત્ર બાહ્યાચાર હોય. બૌદ્ધ ધર્મમાં બુદ્ધ, ધર્મ, અને સંઘના રૂપમાં ત્રણ તત્વો સ્થપાયાં તે ઉપરોકત કારણે. એ ત્રણ તત્વોમાં અવિચલ શ્રદ્ધા તેનું જ નામ સમ્યગ્દૃષ્ટિ એવો અર્થ થઇ ગયો. સિધ્ધાન્ત રૂપે એમ કહ્યું કે જેણે વસ્તુ-તત્ત્વ જાણી લીધું તે પ્રત્યેક વ્યકિત બુધ્ધ છે. પણ વ્યવહારમાં ભિન્ન મત કે સંપ્રદાયના કોઇ મહાપુરૂષને બુધ્ધ માન્યા નહિ.

જ્યારે હું ભિવાની કોલેજમાં અધ્યાપક હતો ત્યારે જ્ઞાનચર્ચા માટે કયારેક કયારેક આર્યસમાજ મંદિરમાં ચાલી જતો. એક દિવસે સમાજના મંત્રીએ મને કહ્યું "આર્યસમાજી થઈ જાઓને! સત્યની ગવેષક કોઇપણ વ્યકિત આર્યસમાજી થઈ શકે છે." મેં કહ્યું "તત્વનો ગવેષક કોઇપણ આર્યસમાજી થઇ શકતો હોય તો હું આર્યસમાજી છું જ." તત્કાળ મંત્રીએ આર્યસમાજના દશ નિયમોવાળું છાપેલું ફોર્મ લાવીને મારી આગળ મૂકયું. પહેલો નિયમ હતો "પ્રત્યેક સત્યવિદ્યાનો સ્વીકાર કરવા તૈયાર રહેવું જોઇએ." મને આ પ્રતિજ્ઞા ખૂબ સરસ લાગી. બીજો નિયમ હતો "વેદ સર્વ સત્ય વિદ્યાઓનું મૂળ છે." મેં કહ્યું "પહેલો નિયમ સારો છે, પણ બીજો નિયમ તેનું ખંડન કરી નાખે છે. સત્યને અંગીકાર કરવા હૃદય હંમેશા ખુલ્લું રાખવું જોઇએ. તેને કોઇ એક વ્યકિતવિશેષ કે પુસ્તકવિશેષની અંદર સીમિત શા માટે કરી દેવું?"

બુદ્ધનો અર્થ "જ્ઞાનવાન્" એવો સ્વીકારી પછી તેને કોઇ એક વ્યકિતમાં મર્યાદિત કરી દેવો તે પણ એવું જ છે.

ધર્મ અને સંઘ વિષે પણ આ જ વાત છે. બૌધધર્મમાં આચારને શીલ કહેવામાં આવે છે. તેના મૂળભૂત સિદ્ધાન્તો અન્ય ધર્મમાં પણ મળે છે. પરંતુ બૌધ્ધ ભિક્ષુઓ સિવાય અન્ય કોઈમાં આ શીલનો સ્વીકાર કરવામાં નથી આવતો. સંઘની કલ્પના પણ બાહ્યવેશ અને આચારના આધાર પર નિર્ભર છે

જૈન ધર્મમાં દેવ, ગુરૂ અને ધર્મના રૂપે આ જ વાત કહેવાઇ છે. નિરંતર આપણે સાધુવર્ગને મુખેથી અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવલી ભાષિત ધર્મને મંગલ, શરણ, કે લોકોત્તમ સ્વરૂપે સાંભળીએ છીએ. આમાં પ્રથમના બે દેવતત્વમાં આવે છે, અને સાધુ ગુરૂતત્વમાં. જેમણે રાગદ્વેષ આદિ આત્મ-શત્રુઓને જીતી કૈવલ્ય પ્રાપ્ત કરી લીધું છે તેમને દેવતત્વમાં ગણ્યા છે. સિધ્ધાંત તરીકે આ તત્વમાં કોઇ પ્રકારની સામ્પ્રદાયિકતા કે સંકુચિત વૃત્તિ નથી. દેવતત્વની કલ્પના આદર્શ રૂપે છે. યોગ-સૂત્રમાં એવા આદર્શ પુરૂષવિશેષની કલ્પના કરી છે કે જે દોષોથી નિત્ય મુકત હોય, અને સાંસારિક ઇચ્છાઓ જેને કદી સ્પર્શી ન હોય. જૈન દર્શન કોઇને નિત્યમુકત નથી માનતું. જૈન દર્શનાનુસાર પ્રત્યેક આત્મા ઉત્ક્રાંતિ કરતો ક્રમે કરી પરમાત્મા થાય છે. એટલે જે આત્માએ પોતાનો પૂર્ણ વિકાસ સાધ્યો છે, રાગ દ્વેષને જીતી કૈવલ્ય પ્રાપ્ત કર્યું છે તે દરેકને દેવ માન્યા છે. આવા દેવ પાસે તો પ્રત્યેક આત્મકલ્યાણના અભિલાષીનું–પછી તે જૈન હોય, બૌધ્ધ હોય કે અન્ય સંપ્રદાયી હોય–પણ મસ્તક નમી પડશે.

આમ સૈધ્ધાન્તિક ઉદારતા હોવા છતાં વ્યવહારમાં આપણે સંકુચિત થઇ ગયા છીએ. જૈન પરમ્પરા સાથે સંબંધ ન રાખનારા કોઈપણ મહાપુરૂષને દેવ માનવા આપણે તૈયાર નથી. જો કોઇ વ્યકિત બુધ્ધ કે મહાત્મા ગાંધી જેવા મહાપુરૂષ ઉપર દેવ જેવી શ્રધ્ધા રાખશે તો આપણે ઝટ તેને મિથ્યાદૃષ્ટિ કહી દેશું. સિધ્ધાંત અને વ્યવહારમાં આ પ્રકારનું અંતર આપણને બાહ્ય ડોળ કરતાં શીખવાડે છે. જ્યારે હૃદયમાં સત્યની જિજ્ઞાસા જાગે ત્યારે અથવા કોઇ આપણા ઉપર સંકુચિત હોવાનો આક્ષેપ કરે ત્યારે સિધ્ધાન્તનો આશ્રય લઇએ છીએ અને વ્યવહારમાં ઉતારતી વખતે તેને ભૂલી જઇએ છીએ. આ પ્રમાણે આપણે પરમાર્થના ભકત બની રહીને પોતાના અહંભાવ અને કષાયોનું પોષણ કરી લઇએ છીએ. આવી દંભવૃત્તિ સત્યશોધનની વૃત્તિને કુંઠિત કરી નાંખે છે. આત્માર્થને મુખ્ય ધ્યેય રાખીને જીવન-નિર્વાહ પુરતો વ્યાપાર કરી શકાય, પણ તે વ્યાપાર આત્માર્થનો બાધક થતો હોય તો તેને છોડી દેવો જોઇએ. પરંતુ વર્તમાન પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. આપણે બાહ્યની રક્ષા માટે અધ્યાત્મનો આશ્રય લઇએ છીએ. આને સમ્યગ્દૃષ્ટિ ન કહી શકાય.

અપૂર્ણ

ઇંદ્રચંદ્ર જૈન

# ભગતુંને ભાતાં બંધાવ્યાં

[ અમથા ભગતેં દેખ્યું ઇ લખ્યું ]

પછેં બારેય ભેરૂને ભેળા કરીને ભગતેં ભાતાં બંધાવ્યાં. બારેય બેઠા સાંભળે છે. બારેયની આતમજોત્યું પ્રગટી ઊઠી છે. એકાબીજાના આતમતાર એક થઇ ગ્યા છે.

બાપલા! નીકળો હવેં રામધણીનાં ગાડર સાચવવા. ભૂલ્યાં-ભટક્યાંને મારગેં ચડાવવા.

જાવ. રોગિયાંદોગિયાંને સાજાં કરો; રગતપતિયાંવને બેઠાં કરો; દીનદખિયાંને પાપિયાંતાપિયાંને દલાસો ઘો. ઇમને સંધાંયને મારા રામજીનાં. રાજના રૂડા સમાચાર પોંચાડો.

રામધણી હજાર હાથે તમ ઉપર વરસ્યો છે. ઇનું દીધેલું ઇનાં છોરૂને આલવામાં પાછું વાળીને જોજો માં

ભેરૂબંધો! ગાંઠયેં ખરચી બાંધજો માં; ખંભે ખડિયો લેજો માં; પગમાં પગરખું પેરજો માં; હાથમાં લાકડી રાખજો માં; સાંજની ચંત્યા કરજો માં; રામનો પ્રાણિયો ઇના ચણચારાનો હકદાર છે.

ભગતો! ગામેગામ જાજો ને ફળિયે ફળિયે જઇને મારા રામની ટેલ નાખજો. ભગતભાવિક મળે તીને ઘરે રાતવાસો રે'જો ને સઉને લળીલળીને નમજો.

વળી કો'ક અવળુંઅટોણું મળે તો તીનો નિયા રામધણીને ભળાવજો ને ઇ ગામને ઝાંપે પગની ધૂળ ખંખેરી નાખીને હાલી નીકળજો.

ભગતો! વરૂનાં ટોળાં વચાળે ગાડર થઇને તમારે હાલવાનું છે. હોલાં જેવા ગભરૂ થઇને રે'જો.

પણ માણસ માણસને ઓળખજો. તમને આંતરનારાય મળશે ને મોટા રાવરાણા હાકમ આગળ તમારા જવાબ પૂછાશે

પણ તાણેંય તમે મૂંઝાજો માં. હૈયે હરમત રાખજો. મારો રામ તી વેળાંયેં તમારી જીભેં આવીને બેસશે ને બોલ્યાવને જવાબું દેશે.

ભેરૂબંધો! છાનુંછપનું તો મેં કાંયે તમને શીખવાડયું નથી, જિ છતરાયું કરીને કે'વામાં તમારે આંચકો ખાવો પડે. આ રામપો'રને અંધારે કઉં છું ઇ ધોળેદા'ડે છાપરે ચડી ચડીને પોકારજો.

ભગતો! કાચી માટીને કનડનારાવનો ભો રાખજો માં. પણ જે માંયલા રામને હેઠો પાડે ને નરકેં નાખે તીનો જ ભો ધરજો. મારવા ઉગારવાવાળો તો મારો રામ એકલો જ છે.

ઝાડનાં ચકલાં દમડીનાં બે વેચાય છે. પણ ઇ ચકલાંનું પીંછુંય રામધણીના હકમ વન્યા ખરતું નથી. અરે આપડા આ માથાના અકેક મોવાળાનોય રામજીને ઘરે હશાબ રે' છે.

જિણયે મારા રામના એક નાનકડા ગભરૂડાને પાવળું ટાઢું પાણીય પાયું હશે તીને તીનો હશાબ મળ્યા વન્યા રે'શે નઇં.

જાવ સંતો! હવેં ચાર ખંડ ધરતીમાં હાલી મળો; ને રામજીના રાજનો ડંકો વગાડો.

નગુરા થાજો માં. હવેં રામધણીનાં આ કામ મેલીને જે માતપત્યાંને વા'લાં કરશે ઈ નગુરો ઠરશે; ને રામજીનાં છોરૂવાછરૂને મેલીને પોતાનાં બાળબચ્ચાંને વા'લાં કરશે ઇ નગુરો ઠરશે; ને જે પોતાની સૂળી પોતાની પીઠેં ઉપાડીને મારી વાંસે હાલતાં આંચકો ખાશે ઈ નગુરો ઠરશે.

સંતો! મારા રામજીના આ કામમાં જે પોતાનાં જતન કરવા જાશે ઇ ખોટયું ખાશે; ને જે જીવતર સોધાં કરશે ઇ ભવની ભાવઠય ભાંગીને અનંત જીવનને પામશે.*

નાતાળ, ૧૯૫૩ **સ્વામી આનંદ**

*મથા પીર રચિત ઇશુ ભાગવતને આધારે.

# "સંયુક્ત રાષ્ટ્રસંસ્થા."

સંયુકત રાષ્ટ્રસંસ્થાની છેલ્લી બેઠકમાં મોકલવામાં આવેલ હિંદી પ્રતિનિધિ મંડળના એક સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું તા ૨-૧-૫૪ શનીવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે મુંબઇ ખાતે હીરાબાગમાં એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. મુંબઈ યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. શ્રી ચીમનલાલ શાહે પહેલા અને બીજા વિશ્વયુધ્ધના વચગાળે અસ્તિત્વ આવેલ રાષ્ટ્રસંઘ-'લીગ ઓફ નેશન્સ'-ના સ્વરૂપ અને કાર્યવહીવટથી માંડીને આજની સંયુકત રાષ્ટ્રસંસ્થા-United Nations-કેવી રીતે અસ્તિત્વમાં આવી, તેનું બંધારણ કયા પ્રકારનું છે, તે કેવી રીતે કાર્ય કરે છે, તે કેટલા અંશમાં સફળ યા નિષ્ફળ નીવડી છે, આજે તેની શું ઉપયોગિતા છે, આજની દુનિયાની આન્તરરાષ્ટ્રિય પરિસ્થિતિ શું છે, અમેરિકા એટલે કે યુનાઇટેડ સ્ટેટ્સ અને રશીઆ પરસ્પર એકમેક વિષે શું ધારે છે અને વિચારે છે, હિંદની આન્તરરાષ્ટ્રિય રાજનીતિ જે તટસ્થતાની રાજનીતિ તરીકે ઓળખાય છે તેનું સ્વરૂપ શું છે અને દુનિયામાં સુસ્નેહ શાંતિ જાળવવામાં અથવા તો તેને બીજા વિશ્વયુધ્ધ તરફ ધસી જતી અટકાવવામાં આજ સુધી તે કેવો મહત્વનો ભાગ ભજવી રહી છે, આન્તરરાષ્ટ્રિય ક્ષેત્રે હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂનું કેવું પ્રભુત્વપૂર્ણ સ્થાન છે ઇત્યાદિ અનેક બાબતોનું પોતાના અત્યંત માહીતીપૂર્ણ અને માર્ગદર્શક વ્યાખ્યાનમાં વિવેચન કર્યું હતું. તેઓ લગભગ દોઢ કલાક બોલ્યા હતા અને તેમનું વ્યાખ્યાન સૌ કોઈ માટે આન્તરરાષ્ટ્રિય રાજકારણના શિક્ષણપ્રદાન સમાન બન્યું હતું. પ્રમુખશ્રીએ તેમનો અન્તઃકરણથી સૌ શ્રોતાજનોવતી આભાર માન્યો હતો અને તેમનું ફુલહારથી સન્માન કર્યું હતું. સંઘના મંત્રીશ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ પ્રસ્તુત વ્યાખ્યાન સાંભળતાં પોતે અનુભવેલી પ્રસન્નતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે "અમેરિકા ગયા પહેલાના ચીમનભાઇ અને ત્યાંથી પાછા ફરેલા ચીમનભાઇ એ બે ચીમનભાઇમાં આપણે ઘણો મોટો તફાવત જોઇએ છીએ અમેરિકા જઇને રાષ્ટ્રસંસ્થાના એક સભ્ય તરીકે તેમણે જે જોયું, જાણ્યું અને અનુભવ્યું તેથી તેમની જ્ઞાન અને અનુભવસંપત્તિમાં પુષ્કળ વધારો થયો છે અને જાણે કે આન્તરાષ્ટ્રિય રાજકારણના તેઓ એક આચાર્ય હોય એવી રીતે તેમણે પોતાના અદ્દભુત વ્યાખ્યાનવડે આપણા સર્વને મુગ્ધ કર્યા છે. આ ઉપરથી મારી તેમને એક વિનંતિ છે કે દર ત્રણ માસે તેમણે આપણને આન્તરરાષ્ટ્રિય રાજકારણ ઉપર વ્યાખ્યાન આપવું અને દેશ દેશાવરની રાજકરણી ઘટનાઓના રહસ્યથી આપણને સુપરિચિત રાખવા." આ વિનંતિને સભાજનોએ સહર્ષ વધાવી લીધી હતી અને શ્રી ચીમનભાઇએ સપ્રેમ સ્વીકારી હતી. આ મુજબ આગામી એપ્રીલ માસના પ્રારંભમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી 'આન્તરાષ્ટ્રિય રાજકારણનું ત્રિમાસિક વિહંગાવલોકન' એ વિષય ઉપર પહેલું વ્યાખ્યાન રાખવામાં આવશે

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## સંયુકત રાષ્ટ્રસંસ્થા : કેટલાંક સ્મરણો

પ્રોગ્રેસીવ ગ્રુપના આશ્રય નીચે તા. ૧૮-૧-૫૪ સોમવાર સાંજના ૬-૩૦ વાગ્યે એપોલો બંદરની બાજુએ આવેલ ગ્રીન્સ હોટેલમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ My Impressions of the United Nations Organisation એ વિષય ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપશે. પ્રોગ્રેસીવ ગ્રુપના મંત્રી શ્રી ધીરુભાઇ કાપડિયા મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને તેમના મિત્રોને આ વ્યાખ્યાનનો લાભ લેવા નિમંત્રણ આપે છે.

# પ્રકીર્ણ નોંધ

## માનવતા અને સજીવ સૃષ્ટિ પર્યન્તની અનુકંપા

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં શ્રી યશવન્ત દોશીનો 'પશુનિર્દયતાં નિવારણવિધાન વિષે એક દૃષ્ટિ' એ મથાળાનો એક લેખ પ્રગટ થયો હતો. તેના અનુસંધાનમાં "આપણે સમજી લેવાની જરૂર છે કે જ્યાં સુધી આપણા દિલમાં રહેલી દયાની, અનુકંપાની ભાવના સજીવ સૃષ્ટિના ક્ષિતિજને નહિ સ્પર્શે ત્યાં સુધી આપણામાં સાચી માનવતા કદિ પ્રગટી નહિ શકે" એવા કેટલાએક સમય પહેલા મેં કરેલા વિધાનની ગતાંકમાં ઉપરના મથાળા નીચે થોડા વિસ્તારથી ચર્ચા કરી હતી. તે જ મુદ્દાને અનુલક્ષીને સ્ફુરેલી થોડી વિશેષ વિચારણા અહિં નીચે રજુ કરવામાં આવે છે.

માનવતા એટલે માનવી સમાજ પર્યન્તની સદ્ભાવની-સૌહાર્દની-વૃત્તિ એવો અર્થ સ્વીકારીને ગયા અંકમાં ઉપર જણાવેલા વિષયની થોડીક ચર્ચા કરી હતી. પણ વસ્તુતઃ માનવતાનો અર્થ એટલો સીમિત કે મર્યાદિત છે જ નહિ. પશુ અને માનવીમાં મુખ્ય તફાવત એ છે કે પશુમાં વિકસિત હૃદયનો અભાવ હોય છે. તેનામાં પોતાનાં બચ્ચાં સિવાય અન્યને ચાહવાની કોઇ લાગણીનું કે સભાનતાનું કદિ દર્શન થતું નથી. માનવીને વિકસિત હૃદય પ્રાપ્ત થયું છે. તેના દિલની પ્રેમભાવના તેના આત્મિક વિકાસ મુજબ ઉત્તરોત્તર વધારે ને વધારે વિસ્તૃત ક્ષેત્રને સ્પર્શતી જાય છે. 'मित्ति मे सव्व भूएसु', 'आत्मवत् सर्वभूतेषु',-આ આદર્શ તરફ તેનું હૃદય સતત ગતિ કરતું હોય છે. માનવતા એટલે અનુકંપા-કરૂણાર્દ્રતા-અન્યના સુખદુઃખ સાથે આત્મીયતાની સંવેદનશીલતા. માનવતાની સાધના એટલે માત્ર માનવી જ નહિ, માત્ર પશુ વર્ગ જ નહિ, સમગ્ર સજીવ સૃષ્ટિ તરફ કોમળતાથી પ્રેમભાવથી જોતા થવું અને તે મુજબ પોતાનું દિનપરદિનનું વર્તન આચરણ ઘડવું. કોઇ માણસ અન્ય કોઇ જાનવર તરફ ઘાતકીપણું દાખવતો હોય તે જોઇને આપણી આંતરડી કકળી ઉઠે છે અને પોકારી ઉઠે છે કે "આ તે માણસ છે કે હેવાન ?". આ ઉદ્ગાર એજ તથ્ય રજુ કરે છે કે માનવતાની વૃત્તિ માત્ર માનવી સમાજ પૂરતી મર્યાદિત હોઈ ન જ શકે. આ પ્રકારની સાચી માનવતાનો ત્યારે જ ઉદય થયો ગણાય કે જ્યારે આપણી દયાની, અનુકંપાની લાગણી સજીવ સૃષ્ટિના ક્ષિતિજને સ્પર્શી હોય.

શ્રી યશવન્ત દોશીના ગતાંકમાં પ્રગટ થયેલ લેખમાં એક એવો ભય દર્શાવવામાં આવ્યો છે કે "જીવદયા પર વધુ પડતો ભાર મૂકવાથી માણસ જીવદયાને નામે માનવદયા ઓછી કરતો થયો છે" અને એ અનુમાનના સમર્થનમાં જૈનો કે જેઓ જીવદયા ઉપર બીજા કરતાં વિશેષ ભાર મુકે છે તેમના જીવનમાં માનવી દયાની થતી રહેલી ઉપેક્ષા-અવગણના-તરફ અનેક દ્રષ્ટાન્તો વડે તેઓ વાંચકોનું ધ્યાન ખેંચે છે.

જૈનોમાં આવી ઉપેક્ષા અવારનવાર જરૂર જોવામાં આવે છે, પણ તેવી જ રીતે માનવતાનો દાવો કરનાર વર્ગો પશુઓ પ્રત્યે પારવિનાનું ઘાતકીપણું દાખવતા પણ અનેકવાર નજરે પડે છે. આમાં દોષ ભૂતદયાનો કે માનવદયાનો નથી, પણ સાચા વિવેકના અભાવનો છે. માનવી જીવનનો વિચાર કરીએ તો માલુમ પડે છે કે તેનું દિલ હંમેશા અહિંસા તરફ-સર્વસ્પર્શી દયા તરફ-ઝૂકતું હોય છે, પણ સાથે સાથે તેનું વાસ્તવિક જીવન એક યા બીજા પ્રકારની હિંસા ઉપર નિર્ભર હોય છે. બીજું પ્રાણહાનિ એ સ્થુળ હિંસા છે. કોઇને દુઃખ આપવું, કોઇના દિલને આઘાત પહોંચાડવો એ સુક્ષ્મ હિંસા છે. આ બન્ને હિંસા એક સરખી ત્યાજય હોવા છતાં અહિંસાનો પ્રથમ પાઠ ભણનાર સ્થુળ હિંસાને લક્ષમાં રાખીને ચાલે છે સુક્ષ્મ હિંસાનું સ્વરૂપ તેના ધ્યાનમાં તરત આવતું નથી. ત્રીજું સંપૂર્ણતયા અહિંસક જીવન જીવન્ત માનવી માટે કદિ શક્ય જ નથી. તેથી બને તેટલી હિંસાથી નિવૃત્તિ સેવીને અહિંસા ધર્મનું અનુપાલન કર્યાનો આપણે સંતોષ લેવાનો રહે છે. ચોથું અહિંસા ધર્મ સમસ્ત સજીવ સૃષ્ટિને અભયદાન આપવાને ફરમાવે છે. એમ છતાં જીવવા માટે જ્યારે અમુક હિંસા અનિવાર્ય છે ત્યારે અહિંસાના વિચાર તેમ જ આચારમાં કયા સંજોગોમાં કોની રક્ષાને મુખ્ય સ્થાન (Priority) આપવું અને કોની રક્ષાને પ્રમાણમાં ગૌણ સ્થાન આપવું એ વિવેક અતિ મહત્વનો બને છે. પાંચમું આ વિવેક ચિન્તવનામાં જીવ સૃષ્ટિમાં જે સૌથી અગ્રસ્થાને છે તે માનવસમાજ સાધારણતઃ મુખ્ય સ્થાનનો-Priorityનો-અધિકારી બને છે અને એ તદ્દન ઉચિત છે. આમ અહિંસાનો આચાર નક્કી કરતાં પગલે પગલે આ પ્રકારની વિવેકબુધ્ધિના ઉપયોગની જરૂર પડે છે, અને કોઇ પણ પ્રકારની એકાંગી દયાના ખ્યાલ ઉપર વધારે પડતો ભાર મુકાઇ ન જતાં પ્રત્યેક પ્રસંગે સમુચિત આચરણ કરવામાં આવે-આવી અહિંસાપ્રજ્ઞાની પ્રાપ્તિ અહિંસાના ઉપાસક માટે આવશ્યક બને છે. આ પ્રજ્ઞાની પ્રાપ્તિ એટલી સહેલી નથી અને તેથી જ આપણું આચરણ સદાશયપ્રેરિત હોવા છતાં ઘણી વખત દૂષિત-સમ્યક્ અહિંસાવિચારથી વંચિત-બનવાનો સંભવ રહે છે. ગતાનુગતિક અહિંસા ઉંડી સમજણથી પ્રેરિત નથી હોતી અને તેથી તે સમ્યક્ નથી હોતી. શ્રી યશવન્ત દોશીને જૈનોના જીવનમાં જે ત્રુટિ લાગે છે તેની તાત્વિક ભૂમિકા આ છે.

શ્રી રૂકિમણી દેવીનું પશુનિર્દયતા નિવારણ વિધાન માનવી પ્રત્યેની નિર્દયતામાં રખેને ન પરિણમે એવી શ્રી યશવન્ત દોશીની ભીતિ તદ્દન અસ્થાને છે, કારણ કે તે વિધાન અથવા તો બીલનો પ્રદેશ અત્યન્ત મર્યાદિત છે અને રમતગમત અને વિજ્ઞાનને નામે આજે જે વિપુલ હિંસા ચાલી રહેલી છે તે અટકાવવાનો તેમ જ જ્યાં કતલ અનિવાર્ય લેખાતી હોય ત્યાં પણ પશુઓ ઉપર બીનજરૂરી ઘાતકીપણું ન દાખવવાનો તે બીલ અનુરોધ કરે છે. પશુઓ પ્રત્યે આટલો ધર્મ તો નિઃશંકપણે આપણ સર્વનો છે જ, અને તેથી તે આચરતાં માનવી પ્રત્યેની કોમળતાને કોઇ અંશમાં આઘાત લાગવા સંભવિત છે જ નહિ.

## "અભિશાપ"

શ્રી રત્નચિન્તામણિ સ્થાનકવાસી જૈન હાઇસ્કુલ તરફથી તા. ૬-૧૨-૫૩ ના રોજ મુંબઇ રાજ્યના નાયબ કેળવણી પ્રધાન શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલના પ્રમુખપણા નીચે ભારતીય વિદ્યાભવનની વ્યાખ્યાનશાળામાં વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવમાં એ સંસ્થામાં ભણતી વિદ્યાર્થીનીઓ તરફથી એક સુન્દર રસપ્રદ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. ગીતો, નૃત્ય, શૂટીંગ, શરસંધાન ઉપરાંત "ધરતીની ઓઢણી" અને "અભિશાપ" એ નામની બે નાટિકાઓ ભજવી બતાવવામાં આવી હતી. "ધરતીની ઓઢણી"ના લેખક શ્રી ગણપતલાલ વ્યાસ હતા અને "અભિશાપ"ના લેખક શ્રી ખીમચંદ મગનલાલ વોરા હતા. શ્રી ખીમચંદ મગનલાલ વોરા મુંબઈના સ્થાનકવાસી વિભાગના એક જાણીતા આગેવાન છે. તેમણે થોડા સમયથી જૈન પૌરાણિક કથાઓને નાટિકામાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કર્યો છે અને આ દિશાએ આજ સુધીમાં તેમણે નેમ રાજુલ, ચંદનબાળા વગેરે નાટિકાઓ રચી છે અને તેમાંથી કેટલીક રંગભૂમિ ઉપર ઉતારવામાં આવી છે. "અભિશાપ" પણ આવો જ એક પ્રયત્ન છે. જૈન ગ્રંથ સાહિત્યમાં જેમને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે તે સોળ સતીઓમાં એક સતી સુભદ્રા છે. સતી સુભદ્રાને ત્યાં એક જૈન મુનિ ગોચરી માટે આવે છે અને તે મુનિને આંખમાં કણું

પડવાના કારણે ખૂબ પીડાતા જોઇને સુભદ્રા પોતાની જીભ વડે મુનિની આંખમાંથી કણું કાઢે છે પણ એમ કરતાં સુભદ્રાના કપાળ ઉપરના ચાંદલાનું કંકુ મુનિના કપાળે ચોંટી જાય છે અને એ ઉપરથી મુનિ સાથે વિપરીત સંબંધ હોવાનું સુભદ્રા ઉપર આળ ચડે છે. સુભદ્રા અત્યંત ધર્મશ્રદ્ધાળુ અને પતિવ્રતા સ્ત્રી છે. તેની આ દશા જોઇને શાસનદેવતા તેની વહારે ધાય છે. ચંપાનગરી જ્યાં સુભદ્રા રહેતી હતી તેના રાત્રે બંધ કરેલા દરવાજા સવારના પહોરમાં ઉઘડતા નથી અને "કોઇ સતી સ્ત્રી કાચે તાંતણે ચાળણી બાંધીને કુવામાંથી પાણી કાઢશે અને તે પાણી દરવાજા ઉપર છાંટશે તો અને ત્યારે જ આ દરવાજા ઉઘડશે" એવી આકાશવાણી થાય છે. જ્યાં અનેક સ્ત્રીઓ નિષ્ફળ થાય છે ત્યાં પોતાના સતીત્વના પ્રભાવથી સુભદ્રા આ ચમત્કાર કરે છે અને ચંપાનગરીના દરવાજા ઉઘડી જાય છે

"અભિશાપ" એટલે વિશિષ્ટ શાપ એવો અર્થ થાય છે તેમજ તે શબ્દનો ખોટું આળ એવો પણ અર્થ થાય છે. આ ઉપરથી આ નાટિકાનું નામ 'અભિશાપ" રાખવામાં આવ્યું છે.

સુભદ્રાનો ઘરસંસાર પ્રારંભથી જ એક પ્રકારના વિસંવાદથી શરૂ થયો હતો. તે પોતે પિતૃગૃહમાં જૈન પરંપરાની હતી; શ્વશુરપક્ષ બૌધ્ધ ધર્મને અનુયાયી હતો. વળી સાસુ અને મોટી નણંદ બન્ને સુભદ્રા ઉપર સારી પેઠે ત્રાસ વર્તાવતા હતા ઉપર જણાવેલ જૈન મુનિના પ્રસંગ બાદ તેનો પતિ પણ એકદમ પ્રતિકુળ બન્યો હતો. આ ત્રણે તરફથી વર્તાવવામાં આવતા ત્રાસ પ્રસંગે નાની નણંદ અને નાનો દેર સુભદ્રાની વહારે દોડી આવે છે અને બચાવે છે એમ મૂળ નાટિકામાં રજુ કરવામાં આવ્યું છે તે એકદમ અસ્વાભાવિક લાગે છે.

બીજું સુભદ્રા માથે ચઢેલા કલંકનું નિવારણ દૈવી ચમત્કારથી કરવામાં આવે છે. આવા ચમત્કારો કેવળ કલ્પનામય હોઇને આજે તેવા ચમત્કારોમાં કોઇને શ્રધ્ધા બેસે તેમ નથી. સતીનું સતીત્વ કે કોઇ મહાત્માનું સત પુરવાર કરવા માટે કુદરત કદિ પણ પોતાના કાનુનમાં ફેરફાર કરતી નથી. જેમ કુદરતની કૃપા—સૂર્યનો તાપ અને પ્રકાશ, ચંદ્રની શીતળતા અને ધવળતા, પવનની ઠંડી યા ગરમ લહરિઓ, વર્ષા ઋતુનો વરસાદ-આ સર્વ સૌ કોઇ ઉપર સરખાં જ વરસે છે તેવી રીતે સાધુ કે સેતાન, સતી કે શંખણી—સૌ કોઈ ને અગ્નિ એક સરખી રીતે બાળે છે અને પાણી એક સરખી રીતે ઠારે કે ડુબાડે છે. કુદરતની આવી તટસ્થતા સમજવા તેમજ સ્વીકાર્યા બાદ સતી સુભદ્રાનું દૈવી ચમત્કાર વડે જે આળ-નિવારણ કરવામાં આવ્યું છે તે જોઇને મનોરંજન જરૂર થાય છે, પણ તેથી શીલશ્રધ્ધાને કોઇ વિશેષ બળ મળતું નથી. પ્રસ્તુત કથા ઉપરથી આપણે તો એટલો જ સાર લેવાનો રહે છે કે આપણા સમાજ વ્યવહારમાં સતી સુભદ્રા ઉપર જેમ ખોટું આળ ચઢાવવામાં આવ્યું હતું તેની ઘટના અનેકવાર બને છે. લોકોમાં અમુક અફવા જોસભેર ચાલે છે તેથી એ એમ જ હશે એમ માની લેવાની કદિ ઉતાવળ ન કરીએ. અનેક સ્ત્રીઓને તેમજ સાધુસન્તોને આવી તિતીક્ષામાંથી પસાર થવું પડયું છે અને આગળ જતાં તેમનામાં રહેલું શુધ્ધ કુન્દનત્વ સમાજને સ્વીકારવું પડયું છે. માણસ માણસ સાથેના વ્યવહારમાં આ આપણો વર્ષો જુનો અનુભવ કદિ ન ભૂલીએ અને પરસ્પર સદ્ભાવ અને વિશ્વાસપૂર્વક અને પ્રચલિત પૂર્વગ્રહોથી મુકત રહીને વિચરીએ.

'અભિશાપ' ના પ્રયોગમાં જૈન સમાજની દૃષ્ટિએ એક પ્રણાલિભંગ કરવામાં આવ્યો હતો તે નોંધપાત્ર છે. રંગભૂમિ ઉપર કોઇ પણ સાધુ કે તીર્થંકરને ઉતારી ન શકાય એવી પરિસ્થિતિ જૈન સમાજની જડતા અને સ્થિતિચુસ્તતાના કારણે આજ સુધી પ્રવર્તતી હતી. પરિણામે સાધુ કે તીર્થંકરને એક યા બીજી રીતે અલોપ કરવામાં આવતા હતા અથવા તો સાધુના ઠેકાણે કોઈ સંન્યાસીને રજુ કરવામાં આવતો હતો. આ નાટિકામાં જૈન મુનિને સાંપ્રદાયિક વેશમાં જ રીતસર વહોરવા આવતા રજુ કરવામાં આવ્યા હતા. અને તેથી એ આખો પ્રસંગ આકર્ષક રીતે રજુ થઇ શકયો હતો આ એક પહેલ થઇ છે તો આપણે આશા રાખીએ કે હવે પછી જૈન સન્ત મહન્ત અને તીર્થંકરોનાં ચરિત્રો આસાનીથી રંગભૂમિ ઉપર રજુ કરી શકશે અને સામાન્ય જનતાને એ ચરિત્રોમાં રહેલી ઉદાત્ત જીવનરહસ્યોથી સુપરિચિત બનાવી શકાશે. જૈન કથાઓને આ રીતે રંગભૂમિ ઉપર લાવવા માટે શ્રી ખીમચંદ વહોરાને ધન્યવાદ ઘટે છે. તેમની લેખિનીમાંથી ઉત્તરોત્તર વિશેષ સફળ નાટયકૃતિઓ અવતરતી રહે એવી તેમના પ્રત્યે શુભેચ્છા છે.

### " ભગતુંને ભાતાં બંધાવ્યાં. "

ખ્રીસ્તી ધર્મનો સુપ્રસિધ્ધ ભાગવત ગ્રંથ જે બાઇબલના નામે ઓળખાય છે તે 'જુનો કરાર' અને 'નવો કરાર'–Old Testament અને New Testament એમ બે વિભાગમાં વહેંચાયલો છે. ઇશુના બાર ગણધરમાંથી ચાર ગણધરોએ ઇશુ વિષેનાં પોતાનાં સ્મરણો શબ્દાંકિત કર્યાં છે. નવા કરારમાં આ ચાર ઇશુભાગવતનો સમાવેશ છે જેમાંથી મેથ્યુ અથવા તો મથા પારે રચેલા ભાગવનના ૧૦મા અધ્યાયમાં ઇશુના પ્રચારકાર્યનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે તે શ્રી વિનોબા ભાવેના આજના પ્રચારકાર્યને બહુ મળતું આવે છે. આ અંકમાં અન્યત્ર તે અધ્યાયનો અનુવાદ આપવામાં આવ્યો છે. મૂળમાં Father in Heaven છે તેની જગ્યાએ રામજી કે રામધણી શબ્દ મૂકેલ છે, અમુક શ્લોકો–Verses–છોડી દીધેલ છે અને તેમાંનો પ્રસ્તુત એટલો જ ભાગ અવતરિત કર્યો છે. આ સિવાય મૂળનો અનુવાદ કરતાં બીજો કોઇ ફેરફાર કર્યો નથી.

અનુવાદની ભાષા સામે કેટલાક વાચકો વાંધો લેશે. એવા વાંચકોને અનુલક્ષીને સ્વામી આનંદ જણાવે છે કે "એવો વાંધો લેનારાઓને હું લકીરના ફકીર કહું છું. તેઓ બાઇબલની ભાષાને–આધુનિક–Modern–ગણતા હોય તો તેઓનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન અતિ ટુંકું અને કઢંગું લેખાય. આપણા ભણેલા અને વિદ્વાન વર્ગોએ જૂના ગામડિયા પ્રાકૃત લોકોની ભાષાને પ્રતિષ્ટા ન આપવાની જે ભૂલ કરી તે ભૂલ યુરોપના લોકોએ ન કરી બલ્કે પોતાની ભાષાઓનું જ બાઇબલની ધાટી ઉપર ચણતર કરીને બાઇબલની ભાષાને ભાષા સાહિત્યમાં કમાલ પ્રતિષ્ટા આપી. આપણે એમ ન કર્યું એટલે આપણને આજે ગામડાંના પ્રાકૃત લોકોની ભાષા રોંચી લાગે છે." આશા રાખવામાં આવે છે કે આ નોંધ સ્વામી આનંદના લખાણની વસ્તુ અને ભાષાસ્વાંગને યથાસ્વરૂપે સમજવામાં મદદરૂપ થશે.

### " મુંબઇ વિનાનું ખંડિત મહારાષ્ટ્ર અમને નહિ ખપે."

હિંદ આજે જે પ્રદેશોમાં વહેંચાયલું છે તે પ્રદેશોની સીમાઓમાં ભાષાવાર ધોરણે તેમ જ આર્થિક, ભૌગોલિક તથા રાજકારણી બાબતો લક્ષ્યમાં રાખીને જરૂરી ફેરફારો સૂચવવા માટે ભારત સરકારે એક મહત્વપૂર્ણ કમીશન નીમ્યું છે. આ કમીશનને આખા દેશે આવકાર્યું છે. પ્રાદેશિક સીમાઓ વિષે કશાં પણ વિવાદાસ્પદ નિવેદનો નહિ કરવા કોંગ્રેસની કારોબારીએ દરેક કોંગ્રેસી આગેવાનને ખાસ અનુરોધ કર્યો છે. એમ છતાં પણ મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનો અને તેના મુખી શ્રી. એન. વી. ગાડગીલ કશા પણ સંયમ વિના ફાવે તેવાં નિવેદનો કરી રહેલ છે અને ખાસ કરીને મુંબઇના પ્રશ્નને કેન્દ્રમાં રાખીને મહારાષ્ટ્રીઓ અને ગુજરાતીઓ વચ્ચે વેરઝેરની લાગણીઓ ફેલાય એવા ઉદ્ગારોનો સતત વરસાદ વરસાવી રહ્યા છે. આ અત્યન્ત દુઃખદ છે અને રાષ્ટ્રીય એકતા આવા ઝેરી પ્રચાર વડે અત્યન્ત જોખમાઈ રહી છે.

થોડા જ દિવસ પહેલાં મુંબઇના એક જાહેર સમારંભમાં શ્રી. ગાડગીલ બોલ્યા છે કે "અમારે રાજધાની તરીકે મુંબઇ

સાથેનું મહારાષ્ટ્ર જોઇએ છીએ. આ મુદ્દા ઉપર કશી બાંધછોડને અવકાશ નથી. આ હેતુ સિધ્ધ કરવા માટે સંખ્યાના ધોરણે તેમ જ નૈતિક રીતે અમે પુરેપુરી તાકાત ધરાવીએ છીએ". આગળ વધતાં તેઓ મરાઠીભાષાભાષી ત્રણ કરોડ મહારાષ્ટ્રીઓને અલગ સંયુકત અખંડિત મહારાષ્ટ્ર હસ્તગત કરવાના નિશ્ચયમાં સંગઠિત થવાનો અનુરોધ કરે છે અને જાહેર કરે છે કે "આપણી મુકિતનો દિવસ હવે બહુ દૂર નથી."

આ ભાષા અને આ ઉદ્દગારો વાંચતા હિંદને ખંડિત કરનાર કાયદે-આઝમ ઝીણાનું સ્મરણ થાય છે અને મહારાષ્ટ્રમાં આજે તેના આગેવાનોએ કલ્પેલું બૃહદ્ મહારાષ્ટ્ર હાંસલ કરવા જે ઝેરી આન્દોલન ચલાવવામાં આવે છે તે જોતાં મોસ્લેમ લીગ અને તેના સરનશીન ઝીણાએ મહારાષ્ટ્ર અને તેના અગ્રતમ નેતા ગાડગીલમાં પુર્નજન્મ લીધો હોય એમ લાગે છે.

એક અભિપ્રાય તરીકે કોઇ પણ મહારાષ્ટ્રી મુંબઇને મહારાષ્ટ્રની સીમાબંધીમાં અન્તર્ગત કરવાનું સૂચવી શકે છે અને તે સામે કોઇને વાંધો ઉઠાવવાનું કારણ ન હોય. પણ આ બાબતને એક આખા પ્રદેશના લોકો માટે જીવનમરણનો પ્રશ્ન બનાવવો, તેને એક જેહાદનું સ્વરૂપ આપવું, ત્રણ કરોડ મહારાષ્ટ્રીઓને તે જેહાદમાં સામેલ થવા હાકલ કરવી અને આ હેતુ સિદ્ધ કરવામાં જ મહારાષ્ટ્રીઓનો સાચો મોક્ષ-ખરી આઝાદી-રહેલી છે એવી કલ્પનાને સતત ઉત્તેજવી-એ ન સમજી શકાય તેવું પાગલપણું છે. આવી વાતો કરીને આજે એક પછી એક કટોકટીમાંથી પસાર થઇ રહેલા દેશમાં આન્તરવિગ્રહને તેઓ નોતરી રહ્યા છે અને રાષ્ટ્રીય એકતા અને સંગઠ્ઠનનો અક્ષમ્ય એવો દ્રોહ કરી રહ્યા છે. કોંગ્રેસ પોતાના અનુયાયીઓને ભાષાવાર પ્રાન્તરચનાની ચર્ચામાં કશો પણ ભાગ નહિ લેવા વારંવાર અનુરોધ કરી રહી છે, શિસ્તપાલન ઉપર ખૂબ ભાર મૂકી રહી છે, એમ છતાં શ્રી એન. વી. ગાડગીલ, શ્રી પંજાબરાવ દેશમુખ અને એ કોટિના અન્ય કોંગ્રેસી આગેવાનો જેઓ વાણીની ગુંડાગીરી વાપરવામાં એકમેક સાથે હરીફાઇ કરી રહ્યા છે તેમના મોઢે ચોકડું બાંધવાને કોંગ્રેસ અસમર્થ છે, તેમના સામે શિસ્તનાં પગલાં ભરવાને હીંમત ધરી શકતી નથી. આ સ્થિતિ કોંગ્રેસની પ્રતિષ્ટા અને ગૌરવને ભારે હીણપત પહોંચાડનારી છે. ગુજરાતી અને મહારાષ્ટ્રી-એ પ્રજાગણું વચ્ચે સુલેહ, શાન્તિ અને સદ્દભાવ જળવાય, કોઇ પણ પ્રજાગણુ હિંસાના માર્ગે ધસી ન પડે એ માટે શ્રી એન. વી. ગાડગીલની વાણી ઉપર સખ્ત અંકુશ મૂકવા અથવા તો કોંગ્રેસમાંથી તેમનો સત્વર બહિષ્કાર કરવા રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરૂને સાદર વિનંતિ છે.

**મુંબઈનું ભાવી અને ગુજરાતીઓ.**

થોડા દિવસ પહેલાં ગુજરાતના આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ અમદાવાદ ખાતે મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઇને મળવા ગયું હતું. મહાગુજરાતના સીમાનિર્માણ સંબંધમાં સીમાપંચ સમક્ષ અતિશયતા ભરી માગણીઓ નહિ કરવા અને ખરેખર ગુજરાતનું જે હોય તેટલાની જ માંગણી કરવાની શ્રી મોરારજીભાઇએ સલાહ આપ્યાનું જણાવવામાં આવે છે. આ સલાહ વ્યાજબી છે. ગુજરાત એ મહારાષ્ટ્ર નથી અને ગુજરાતીઓ એ મહારાષ્ટ્રીઓ નથી. ગુજરાતીઓ જે કાંઇ માગણી કરશે તે ઔચિત્યપૂર્વકની જ હશે એટલું જ નહિ પણ સમગ્ર ભારતના હિત અને કલ્યાણને લક્ષ્યમાં રાખીને જ કરશે. અને એમ છતાં પોતાની માગણીથી કાંઇ ઓછું મળ્યું તો તે મેળવવા માટે ગુજરાતીઓ કદિ જેહાદની પરિભાષામાં વિચાર નહિ કરે કે વિવેક યા પ્રમાણ કદિ નહિ ગુમાવે.

પણ આગળ વધતાં મુંબઇના પ્રશ્ન સબંધમાં શ્રી મોરારજીભાઇએ એવી સલાહ આપ્યાનું કહેવામાં આવે છે કે મુંબઇમાં વસતા ગુજરાતીઓએ મુંબઈના અન્ય સમુહો સાથે મળીને મુંબઇ વિષેનો પોતાનો અભિપ્રાય રજુ કરવો, પણ ગુજરાતના આગેવાનોએ આ બાબતમાં પડવું નહિ. આ સમાચાર બરોબર હોય તો આ સલાહ સ્વીકારી શકાય તેવી નથી, કારણ કે મુંબઇ સાથે માત્ર મુંબઇમાં જ વસતા ગુજરાતીઓનું હિત જોડાયલું છે એમ નથી. મુંબઇ વસતા ગુજરાતીઓ, સૌરાષ્ટ્રવાસીઓ અને કચ્છીઓનું હિત અત્યન્ત ગાઢપણે સંકળાયલું છે. મુંબઇ ભૌગોલિક રીતે મહારાષ્ટ્રની સીમાની અંદર આવેલું છે. એમ છતાં વસ્તી, વ્યાપાર, ઉદ્યોગ તેમ જ સાંસ્કારિક પ્રવૃત્તિઓના ધોરણે વિચારતાં મુંબઇ મહારાષ્ટ્રી અને ગુજરાતીભાષાભાષી વિપુલ જનસમુદાયની સંગમભૂમિ જેવું છે. આ કારણે મુંબઇનાં ભાવી વિષે જેવી રીતે મહારાષ્ટ્રીઓ તેવી જ રીતે સમસ્ત ગુજરાતી પ્રજા પોતાનો સામુદાયિક અભિપ્રાય વ્યકત કરવાને અધિકારી છે એટલું જ નહિ, પણ જ્યારે મહારાષ્ટ્રીઓ આ બાબતમાં જોરશોરથી એક પ્રકારની કાતિલ ઝુંબેશ ચલાવી રહ્યા છે ત્યારે મુંબઇ શહેરને અલગ પ્રદેશ બનાવવાના પોતાના મન્તવ્યને સચોટપણે અને સ્પષ્ટ રીતે રજુ કરવાનો વિશિષ્ટ ધર્મ તેમને પ્રાપ્ત થાય છે.

**'પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિહાથ છે.'**

અત્યાર સુધી નકાર ભણતા પાકીસ્તાનના મુખ્ય પ્રધાન મહમદઅલીએ આખરે એકરાર કર્યો છે કે "કટોકટીના સમયમાં અમારા પ્રદેશમાં રક્ષણ માટે યુનાઇટેડ સ્ટેટ્સ સહિત કોઇપણ મિત્રરાજ્યને પાકીસ્તાનના લશ્કરી મથકોનો ઉપયોગ કરવાનું આમંત્રણ આપતાં અમને કોઇ અટકાવી શકશે નહિ" એજ અનુસંધાનમાં તેમણે જણાવ્યું છે કે "યુ એસ.ની મદદ વડે પાકીસ્તાન પાસે દુનિયામાં એક સર્વોત્તમ કોટિનું સૈન્ય હશે." આ મદદ મેળવીને પાકીસ્તાન એશીઆની નાની નાની રાજ્યસત્તાઓની આગેવાની મેળવવાનો મનસુબો સેવે છે અને સાથે સાથે તેઓ એમ પણ જણાવે છે કે "આજને તબક્કે અમે કાસ્મીરના ઝગડાની પતાવટ કરી શકતા નથી, કારણ કે હિંદ અમારા કરતાં વધારે લશ્કરી તાકાત ધરાવે છે અને નહેરૂને વ્યાજબી પતાવટ કરવામાં કોઇ રસ નથી. જ્યારે અમારી લશ્કરી તાકાત વધશે અને તેની સમાન કક્ષાની બનશે ત્યારે મને ખાત્રી છે કે પતાવટનો સંભવ વધશે."

એ તો દેખીતું જ હતું કે આ આખી ચાલ કાસ્મીરના પ્રશ્ન સંબંધે હિંદને દબડાવવાના હેતુથી રચાઇ રહી છે. આજે હવે આ વાત પાકીસ્તાન નફટપણે ઉચ્ચારી રહેલ છે. રશીઆ વિષેના યુ. એસ. ના ભયને કોઇ સીમા નથી અને પોતાના રક્ષણ માટે રશીઆ અને ચીન આસપાસના બધા દેશોને પોતાની લશ્કરી હકુમત વડે સાંકળી લેવા યુ. એસ. તનતોડ મહેનત અને પાર વિનાના કાવાદાવા ખેલી રહેલ છે. તેની પાસે આર્થિક સમૃદ્ધિનું કોઇ સુમાર વિનાનું જોર છે અને લશ્કરી ઉત્પાદન પણ અઢળક થઇ રહ્યું છે. એશીઆના દેશો આર્થિક મુંઝવણથી અકળાયલા છે અને સુધરેલા એટલે કે ઉદ્યોગસમૃદ્ધ રાષ્ટ્રોની હરોળમાં આવવાને મથી રહેલ છે. ડોલરોની કોથળીઓ વડે યુ. એસ. આ દેશોની ભુખ ભાંગી શકે તેમ છે. આ રીતે યુરોપ તેમજ એશિયાના અમુક દેશો તેની એડી નીચે આવી રહ્યા છે. એશિયામાં હિંદ પોતાની સક્રિય તટસ્થતાની નીતિને અડગપણે વળગી રહીને ઉભું છે, કારણ કે દુનિયામાં ત્રીજો યુધ્ધ દાવાનળ સળગતો અટકાવવાનો આ જ માત્ર ઉપાય છે એમ હિંદ સચોટપણે માને છે. પાર વિનાનાં પ્રલોભનો સામે ધર્યાં છતાં તેમજ ધમકીઓ આપવા છતાં હિંદ અણનમ રહ્યું છે; કારણ કે હિંદ જાણે છે કે આવાં પ્રલોભનોને કે ધમકીને કોઇ પણ અંશમાં વશ થવું એ દેશે પ્રાપ્ત કરેલી આઝાદીને ખતમ કરવા બરોબર છે. હિંદ સામે ચોકકસ આદર્શ છે, ધ્યેય છે, મળેલી આઝાદીનું તેને મન મોટું મૂલ્ય છે. સમગ્ર વિશ્વની સુલેહ શાન્તિની રક્ષાને કેન્દ્રમાં રાખીને તેમજ એશીઆના અનેક દેશોને મળેલી આઝાદીને સુરક્ષિત રાખવાના હેતુપૂર્વક પોતાની આન્તર રાષ્ટ્રીય રાજનીતિ તે ઘડી રહેલ છે. હિંદે સ્વીકારેલો આ ધર્મમાર્ગ છે.

પાકીસ્તાન હિંદુ મુસલમાનના વિખવાદમાંથી ઉભું થયું છે. તેની પાસે કોઇ આદર્શ નથી કે કોઇ નીતિ નથી. તત્કાલ જે કાંઇ પોતાના સ્વાર્થમાં દેખાય તે સાધવું અને તે સાધતાં ગમે તેવાં સાધનો અખત્યાર કરવા–આ તેની નીતિ અને આ તેની રીતિ છે. કોઇ પણ વચન તેને બાંધતું નથી. હિંદવિરોધી ચાલુ પ્રચાર એ તેનો સતત જીવન વ્યવસાય બન્યો છે. કાસ્મીર કોઇ પણ રીતે પોતાની હકુમત નીચે લાવવું એ તેની મુરાદ છે. યુનાઇટેડ સ્ટેટ્સને પણ પાકીસ્તાન તેમજ કાસ્મીરમાં રશીઆ સામે લશ્કરી મથકો જોઇએ છીએ. શેખ અબદુલ્લા દ્વારા ઉભી કરવામાં આવેલી તરકીબ નિષ્ફળ જવા બાદ યુનાઇટેડ સ્ટેટ્સ અને પાકીસ્તાન વચ્ચે લશ્કરી સમજુતીની વાતો શરૂ થઇ છે. યુનાઇટેડ સ્ટેટ્સના જોરે પાકીસ્તાન કાસ્મીર તાબે કરવા ધારે છે. રશીઆ સામે હિંદે યુ. એસ.ને અનુકુળતા આપવાની ના કહેવાના પરિણામે પાકીસ્તાનને પોતાની જાળમાં સપડાવવાની ચાલબાજી અમેરિકા તરફથી શરૂ થઇ છે અને કાસ્મીરભુખ્યું પાકીસ્તાન આ જાળમાં સપડાયું છે. આનું પરિણામ પોતાની આઝાદી ઉપર કેટલું આવે, આખા એશીઆની સુલેહ શાન્તિ કેટલી જોખમાય, અમેરિકા અને રશીઆ વચ્ચે ચાલી રહેલ ભારેલા અગ્નિ મફક યુધ્ધ ભારેલું ઘરઆંગણે નોતરવાથી પોતાને ત્યાં તેમજ આસપાસ કેવી વિષમ પરિસ્થિતિ ઉભી થાય એ ધ્યાનમાં લેવા જેવી લાંબદોર દૃષ્ટિ પાકિસ્તાનના આગેવાનો પાસે છે જ નહિ. બે ને બે ચાર માફક યુ. એસ. ની લશ્કરી મદદ અને કાસ્મીર ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાના ખોળામાં–ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે ત્યારે જોયું જાશે–આવી ટુંકી ગણતરી ઉપર પાકીસ્તાન આજે દોડી રહ્યું છે. યુ. એસ. પણ આ માર્ગે જવામાં એક પ્રકારની યુધ્ધઘેલછા અથવા તો ભયત્રસ્તતા દાખવી રહેલ છે. પોતાની સમૃદ્ધિ અને લશ્કરી તાકાત વડે આખા વિશ્વને આક્રાન્ત કરવાની તે વિરાટ ચેષ્ટા આચરી રહેલ છે.

હિન્દ માટે એક નવી ચિન્તાજનક પરિસ્થિતિ આ નવા લશ્કરી કોલ કરારને અંગે જરૂર ઉભી થઇ છે. આ પરિસ્થિતિ સવિશેષ આન્તરિક સંગઠન અને સજાગપણાની અપેક્ષા રાખે છે. આથી આપણે વધારે સચેત બનવાની અવશ્ય જરૂર છે, પણ ગભરાવાની ભયવિહ્વલ બનવાની જરા પણ જરૂર છે જ નહિ. વિશ્વની ઘટનાઓ અંકગણિતની ગણતરી મુજબ નિર્માણ થતી નથી. એશીઆમાં ચીનની પ્રતિકુળતા તો અમેરિકા સામે ઉભી જ છે. હિંદ આખાને પણ આ રીતે પ્રતિકુળ બનાવવામાં પાકીસ્તાન તેમજ અમેરિકા જેનું માપ ન થઇ શકે એવું જોખમ ખેડી રહેલ છે. એશીઆ આજ સુધી સ્વસ્થ અને શાન્ત હતું. કોરીઆનું યુધ્ધ મર્યાદિત ક્ષેત્રને વરેલું હતું. આજે જેમ યુરોપમાં છે તેમજ એશીઆમાં એક નવી સ્ફોટક પરિસ્થિતિ પેદા થઇ રહી છે. આની જવાબદારી પાકીસ્તાન અને યુ. એસ. ની છે. આના પરિણામે અનેક સ્થિર તત્વો અસ્થિર બનશે; કાશ્મીરના ઝગડાની પતાવટ લગભગ અશક્ય જેવી બની જશે; રશીઆને આક્રમક નીતિ ધારણ કરવાની ફરજ પડશે; પાકીસ્તાન અને યુ. એસ. ઉભયની આ સંયુકત ગુંડાગીરીના આખી દુનિયા ઉપર પ્રબળ પ્રત્યાઘાતો પડશે; ત્રીજા વિશ્વયુધ્ધની કટોકટી વધારે તીવ્ર અને સમીપગામી બનશે. ગમે તેવા વિપરીત સંયોગોમાં પણ આ કટોકટી વારવા ભારત શકય તેટલા પ્રયત્ન કરશે. ભારતનો માર્ગ સચ્ચાઇનો છે, સુલેહ શાન્તિનો છે, દબાયલાને ઉંચે લાવવાનો, અને બળતાને ઠારવાનો છે. માણસ ગમે તેટલા પ્રપંચો કરે, દાવપેચ ખેલે, પાશવી તાકાતના જોરે શેખચલ્લીના કીલ્લાઓ બાંધે અને સફળતાની કલ્પનાપૂર્વક મનમાં રાચે, પણ વિધાતાની ગતિ ગહન છે; ઇશ્વરી નિર્માણના ભેદને કોઇ પામી શકતું નથી. 'यतो धर्मस्ततो जय' એ સિધ્ધાન્ત ઉપર આપણે ચાલીએ; सत्यमेव जयते એ સૂત્રમાં આપણી શ્રધ્ધાને સુદૃઢ કરીએ; હિંદની દૃષ્ટિ, વૃત્તિ અને નિષ્ઠા સાચી છે તો વિજય હિંદનો જ છે એવી આપણી પ્રતીતિ હો!

## અંગ્રેજી શિક્ષણમાધ્યમ ધરાવતી નિશાળોને મુંબઈ સરકારનો હુકમ

જે નિશાળોમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે તે નિશાળોમાં હવે પછી એંગ્લો-ઇન્ડિયન બાળકો તેમ જ બીન-એશીયન પ્રજાના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઈ વિદ્યાર્થીઓને દાખલ ન કરવા એ પ્રકારનો મુંબઇ સરકારે તેવી હાઇસ્કુલોને હુકમ કર્યો છે. આ હુકમે ખાસ કરીને મુંબઇ બાજુ વસતા અમુક વર્ગોમાં ભારે ક્ષોભ પેદા કર્યો છે અને આ હુકમ રાજ્યબંધારણ વિરૂધ્ધ છે એવો પણ કેટલાક લોકોએ પોકાર ઉઠાવ્યો છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સંબંધમાં મુંબઇની હાલની કોંગ્રેસ સરકાર ૧૯૪૮ માં સત્તા ઉપર આવી ત્યારથી તેણે જે નીતિ અખત્યાર કરી છે તેના અનુસંધાનમાં આ હુકમ ઉચિત અને સમયસરનો છે. ૧૯૪૮ માં અંગ્રેજી શિક્ષણ માધ્યમ વાળી નિશાળોને જણાવવામાં આવ્યું હતું કે જેની માતૃભાષા પ્રાદેશિક ન હોય અથવા તો જેની માતૃભાષા અંગ્રેજી હોય તેવા જ વિદ્યાર્થીઓને આ પ્રકારની નિશાળમાં સાધારણ રીતે દાખલ કરવા. ૧૯૫૨માં આ બાબતમાં વધારે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જે વિદ્યાર્થીઓના માબાપ અથવા વાલીઓની માતૃભાષા અંગ્રેજી હોય એવું પ્રમાણપત્ર રજુ કરવામાં આવે, જે વિદ્યાર્થીઓ આ પહેલા અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા હોય, જેમને પોતાના નિવાસસ્થાનના એક માઇલના પરિઘમાં પોતાની માતૃભાષા દ્વારા શિક્ષણ પામવાની સગવડ ન હોય અને જેમનાં માબાપો કે વાલીઓ માટે નોકરીના કારણે એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં બદલી થવાનો ચાલુ સંભવ હોય–માત્ર આ કક્ષાનાં બાળકો યા વિદ્યાર્થીઓને અંગ્રેજી દ્વારા ભણાવતી નિશાળોમાં દાખલ કરવા.

આ બાદ સેકન્ડરી એજ્યુકેશન કમીશનનો રીપોર્ટ બહાર પડયો. તેણે ભલામણ કરી કે માધ્યમિક શિક્ષણના સર્વ ધોરણોમાં માતૃભાષા અથવા તો પ્રાદેશિક ભાષા જ શિક્ષણનું માધ્યમ હોવું જોઇએ. વિશેષમાં ઉપર જણાવેલ છુટોનો ખૂબ દુરુપયોગ થઇ રહ્યો છે અને અનેક માબાપો અને વાલીઓ પોતાના છોકરાઓને આવી નિશાળોમાં ભણાવવા ખાતર માતૃભાષા પોતાની અંગ્રેજી નહિ હોવા છતાં અંગ્રેજી હોવાનાં ખોટાં પ્રમાણપત્રો રજુ કરે છે એમ મુંબઈ સરકારને માલુમ પડયું. પરિણામે આ બાબતમાં મક્કમ વલણ લેવાની જરૂર લાગતા મુંબઇ સરકારે ઉપર મુજબનો હુકમ અંગ્રેજી માધ્યમ વાળી નિશાળોના પ્રીન્સીપાલો તથા વ્યવસ્થાપકો ઉપર મોકલ્યો છે. આવી નિશાળોમાં આજે ભણતા એંગ્લો–ઇન્ડિયન કે બીન–એશીયન માબાપનાં સન્તાન ન હોય એવા વિદ્યાર્થીઓને ચાલુ રાખવાની પ્રસ્તુત હુકમમાં છુટ આપવામાં આવી છે. વળી આવી નિશાળોને સરકાર તરફથી મળતી મદદોમાં કશો પણ ઘટાડો નહિ કરવાની સરકારે ખાત્રી આપી છે. આ બાબતમાં બીજા પણ જરૂરી અપવાદો સરકારે પોતાના હુકમમાં અન્તર્ગત કર્યા છે. હિંદના નવા બંધારણ મુજબ અન્ય કોમી સંસ્થાઓ માફક એંગ્લો ઇન્ડિયન સ્કુલો માટે પણ ૪૦ ટકા એંગ્લો-ઇન્ડિયન ન હોય એવા વિદ્યાર્થીઓને દાખલ કરવાનું હવે ફરજિયાત બન્યું છે. આવા વિદ્યાર્થીઓને હિંદી યા કોઇ પણ પ્રાદેશિક ભાષા દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા ઉભી કરવા આ એંગ્લો ઇન્ડિયન સ્કુલોને મુંબઇના કેળવણી પ્રધાને અનુરોધ કર્યો છે અને તે માટે વધતા ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવાની મુંબઇ સરકારે [illegible]ારી બતાવી છે.

અંગ્રેજી હકુમતથી મુકત થવા બાદ સૌથી વધારે મહત્વનો કોઇ પણ પ્રશ્ન ઉભો થયો હોય તો તે દેશમાં અપાતા સમગ્ર

શિક્ષણની પુનરરચનાનો છે. આ સંબંધમાં દરેક પ્રદેશને પોતાને અનુકુળ લાગે તેવા ફેરફારો કરવાની છુટ છે, કારણ કે શિક્ષણ એ પ્રાદેશિક અખત્યારનો વિષય છે. આ બાબતમાં દરેક પ્રદેશે અખત્યાર કરેલી નીતિ અને કરવામાં આવેલા ફેરફારો એક સરખા નથી, પણ એક બાબતમાં સર્વત્ર એક સરખો સિદ્ધાન્ત સ્વીકારાયો છે અને તે એ કે હિંદના દરેક બાળકને અપાતું શિક્ષણ હિંદીમાં અથવા તો તેની માતૃભાષામાં અથવા તો પ્રાદેશિક ભાષામાં હોવું જોઇએ. ખાસ કરીને પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણમાં હવે અંગ્રેજીને બીલકુલ સ્થાન હોવું ન જ જોઇએ. મુંબઇ સરકારનું પગલું આ દૃષ્ટિએ વિચારતાં તદન અનુરૂપ અને ઉચિત છે. મુંબઇ રાજ્યમાં આજે કુલ ૧૪૦૩ માધ્યમિક શાળાઓ છે. તેમાં માત્ર ૧૧૮ શાળાઓ એવી છે કે જ્યાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે. આ શાળાઓ મોટા ભાગે એંગ્લો ઇન્ડિયન અથવા તો મીશન સ્કુલો છે. દેશમાં ફરતા જતા સંયોગો અને બદલાતા જતા ખ્યાલોને આ શાળાઓએ અનુકુળ થવું જ રહ્યું. કમનસીબે આજે મુંબઇ જેવા મોટા શહેરોમાં વસતાં કેટલાક માબાપો પોતાનાં બાળકો અંગ્રેજીમાં જ શિક્ષણ પામે એવો આગ્રહ ધરાવે છે. જાણે કે તેમનું દરેક બાળક ઉચ્ચશિક્ષણ માટે ઇંગ્લાંડ કે અમેરિકા જવાનું હોય તેમ ભણવા માટે પરદેશ જતા કાચા અંગ્રેજીવાળા પોતાના બાળકનું શું થશે એવી ચિન્તાવ્યાકુળતા તેઓ સેવે છે. આની સામેનો જવાબ એ છે કે ચીન યા જાપાનના વિદ્યાર્થીઓનું પરદેશમાં શું થતું હશે? એ વિદ્યાર્થીઓ પણ પરદેશમાં ભણે છે અને ઉંચી ઉંચી પરીક્ષાઓ પસાર કરે છે. કારણ કે આવા વિદ્યાર્થીઓ પાસેથી આપણે કલ્પીએ છીએ તેવા શુધ્ધ અંગ્રેજીની અપેક્ષા જ રાખવામાં આવતી નથી.

એક બીજો સવાલ એ છે કે અહિંની કોલેજોમાં હજુ અંગ્રેજી માધ્યમ વપરાય છે. સર્વોચ્ચ વહીવટી પરીક્ષાઓમાં પણ હજુ અંગ્રેજી માધ્યમનું જ પ્રભુત્વ છે. કોલેજ અને ત્યાર પછીના અભ્યાસ માટે હજુ હિંદી યા દેશી ભાષામાં પાઠયપુસ્તકો તૈયાર નથી. આવી કેટલીક મુશ્કેલીઓનો ઇનકાર કરી નહિ શકાય. પણ આ કારણે જે પ્રકારની શિક્ષણક્રાન્તિની આપણે કલ્પના કરી રહ્યા છીએ. અને શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને પદચ્યુત કરવાનો આપણે નિરધાર કર્યો છે તેમાંથી પાછા ફરવાપણું હવે હોઇ ન જ શકે. આ ફેરફારની માફક કોલેજ અને કોલેજપશ્ચાત્‌ના અભ્યાસ માટે પાઠયપુસ્તકો હિંદીમાં અથવા તો પ્રાદેશિક કોઇ પણ ભાષામાં જેમ બને તેમ જલ્દિથી આપણે તૈયાર કરવા જ રહ્યા. સર્વોચ્ચ વહીવટી પરીક્ષાઓમાં પણ હવે હિંદીને સ્થાન આપવું જ જોઇશે.

આજ સુધીની શિક્ષણનીતિને સંગત એમ છતાં પણ અન્ય પ્રાદેશિક રાજ્યો આ બાબતમાં જ્યારે ધીમી ગતિએ ચાલે છે ત્યારે મુંબઇ સરકારે આ એક ભારે હીંમતભર્યું પગલું ભર્યું છે અને આપણું શિક્ષણ કઇ દિશાએ તે બાબતમાં આ પગલું એક નવા સીમાચિન્હરૂપ છે. આ માટે મુંબઇ સરકારને અને શિક્ષણપ્રધાન શ્રી દિનકરરાવ દેસાઇને ધન્યવાદ ઘટે છે.

## ખુમારીપૂર્વકની પીછેહઠ

આજથી લગભગ સાત મહીના પહેલાં શ્રી જટુભાઇ મહેતાએ મુંબઇ ખાતે 'નવવિધાન' નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું. તેના ૩૧ મા અંકે નવવિધાનના તંત્રીસ્થાન ઉપરથી શ્રી જટુભાઇ મહેતા નિવૃત્ત થાય છે અને શ્રી વિજય હ. મહેતા એ સ્થાન ઉપર આવે છે. આ હકીકતની જાહેરાત કરતાં 'સ્વરૂપ બદલાય છે' એ મથાળા નીચે શ્રી જટુભાઇ મહેતા નીચે મુજબ નિવેદન કરે છે.

"નવવિધાન'નું સ્વરૂપ આ અંકથી બદલાય છે. કદ પણ બદલાય છે. 'નવવિધાન' હાલની પરિસ્થિતિ અને લોકરૂચિને અનુકૂળ બનવા માગે છે, અને હવે સામાજિક સામયિક બની રહે છે.

'નવવિધાન' એક ચોક્કસ ધ્યેયને પાર પાડવા માટે શરૂ થયું હતું. એ માટે જ મારા ચાલુ ધંધાને જોખમાવીને પણ મેં કલમ પકડી હતી. પરંતુ લોકરૂચિ અને પરિસ્થિતિ જુદે માર્ગે જઇ રહી હતી. તાત્કાલિક એને અનુસર્યા વિના 'નવવિધાન' માટે બીજો માર્ગ નહોતો. એટલે હાલ 'નવવિધાન' જોખમી માર્ગ છોડીને સરળ માર્ગે વહેવા માગે છે. ફરી બળ પ્રાપ્ત થશે તો આજે નીચે મૂકેલી કલમને ફરી પકડવા હું આતુર હોઇશ.

'નવવિધાન'નું સંપાદન કાર્ય આજથી ભાઇશ્રી વિજય હ. મહેતા સંભાળે છે. એમની પણ આકાંક્ષાઓ વેગવંતી છે, પણ હાલ તો એમણે પણ લગામ ખેંચવી જ રહી.

લોકરૂચિ કે પરિસ્થિતિને વશ થવા મારૂં માનસ ટેવાએલું નથી; એટલે સમય જતાં તો લોકરૂચિ અને પરિસ્થિતિને પોતાના જુના ધ્યેયને માર્ગે વાળવાનો પ્રયાસ 'નવવિધાન' કરશે જ. ત્યાં સુધી રાહ જોવી રહી."

આ રીતે બદલાયલા સ્વરૂપવાળું નવવિધાન આઠ પાનાનું બન્યું છે, જેમાંનો ઘણો મોટો ભાગ શબ્દવ્યૂહ અને ફલજ્યોતિષ રોકી રહેલ છે. આમ જેમાં નવવિધાન જેવું કશું જ ન રહે એવા 'નવવિધાન'નું આયુષ્ય આવી રીતે લંબાવવાને બદલે જ્યાં સુધી લોકરૂચિ અને પરિસ્થિતિ શ્રી જટુભાઇની લેખિનીને અનુકુળ ન થાય ત્યાં સુધી નવવિધાનનું પ્રકાશન તેમણે મોકુફ રાખ્યું હોત તો તે વધારે શોભત, પણ જિજીવિષાને કોણ માનવી જીતી શક્યું છે?

**પરમાનંદ**

## ભુલ સુધાર

સ્વામી આનંદના 'જાતક કથા' એ મથાળા નીચે ગતાંકમાં પ્રગટ થયેલ લેખમાં–પાનું ૧૫૫ બીજી કોલમના મધ્ય ભાગમાં– "ફોગટ આવે ચોર કહ વે, ગીતાકી યહ વાજ હૈ." આમ છપાયું છે તે સુધારીને આ મુજબ વાંચવા વિનંતિ છે. "ફોગટ ખાવે ચોર કહાવે, ગીતાકી યહ વાજ હે". મુદ્રણદોષ માટે લેખક પ્રત્યે ક્ષમાયાચના.

**તંત્રી**

## સત્યં, શિવં, સુન્દરમ્

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં પ્રગટ થનારો લેખસંગ્રહ કિં. રૂ. ૩.**

**મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને તા. ૧-૫-૫૪ સુધીમાં રૂ. ૨ માં મળશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦ લખો: મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

**૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.**

**વિષય સૂચિ**

| | | |
|---|---|---|
| | | પૃષ્ટ |
| સમ્યગ્ દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ | ઇન્દ્રચંદ્ર જૈન | ૧૬૧ |
| ભગતુંને ભાતાં બંધાવ્યાં | સ્વામી આનંદ | ૧૬૩ |
| 'સંયુક્ત રાષ્ટ્રસંસ્થા' | | |
| **પ્રકીર્ણ નોંધ**: ૧ માનવતા અને સજીવ સૃષ્ટિ પર્યન્તની અનુકંપા ૨ 'અભિશાપ' ૩ 'ભગતુંને ભાતાં બંધાવ્યાં,' ૪ 'મુંબઇ વિનાનું ખંડિત મહારાષ્ટ્ર અમને નહિ ખપે' ૬ મુંબઇનું ભાવી અને ગુજરાતીઓ. ૭ 'પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિહાથ છે.' ૮ અંગ્રેજી શિક્ષણ માધ્યમ ધરાવતી નિશાળોને મુંબઇ સરકારનો હુકમ | પરમાનંદ | ૧૬૪ |
| શ્રીમદ્ રાજચંદ્રની આત્મોપનિષદ્ | પં. સુખલાલજી | ૧૬૭ |

# શ્રીમદ્ રાજચંદ્રની આત્મોપનિષદ્

( ગતાંકથી ચાલુ )

હવે આપણે ટુંકમાં 'આત્મસિદ્ધિ'ના વિષયોનો પરિચય કરીએ:

પ્રથમ દોહામાં શ્રી રાજચંદ્રે સૂચવ્યું છે કે આત્મતત્ત્વનું અજ્ઞાન એજ સાંસારિક દુઃખનું કારણ છે અને એનું જ્ઞાન એ દુઃખનિવૃત્તિનો ઉપાય છે. તેમનું આ વિધાન જૈન પરંપરાને તો અનુસરે છે જ, પણ એ બીજી બધી જ આત્મવાદી પરંપરાઓને- પણ માન્ય છે. ઉપનિષદોની પેઠે સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક અને બૌધ્ધ દૃષ્ટિ પણ દેહ, ઇન્દ્રિય, પ્રાણ આદિથી આત્મતત્ત્વને પોતપોતાની રીતે જુદું સ્થાપી તેના જ્ઞાનને કહો કે ભેદજ્ઞાનને યા વિવેકખ્યાતિને સમ્યક્ જ્ઞાન માને છે અને તેને જ આધારે પુનર્જન્મના ચક્રને મિટાવવા ભિન્ન ભિન્ન પ્રણાલિઓ યોજે છે.

શ્રીમદ્ રાજચંદ્રે બીજા દોહામાં મોક્ષનો માર્ગ આત્માર્થી મુમુક્ષુ માટે સ્પષ્ટ નિરૂપવાની પ્રતિજ્ઞા કરી છે.

માણસ સ્થૂલ વસ્તુ પકડી બેસે છે ને ઉંડો ઉતરતો નથી. એટલું જ નહિ, પણ ઉંડાણમાં રહેલ સૂક્ષ્મ અને ખરા તત્ત્વને સ્થૂલમાં જ માની બેસે છે. આ દોષ બધા જ પંથોમાં સામાન્ય રીતે દેખાય છે. તેથી જ લૌકિક અને અલૌકિક અગર સંવૃતિ-માયિક અને પરમાર્થ એવી બે માનસિક ભૂમિકાઓ સર્વત્ર નિરૂપાઇ છે. આમાંથી લૌકિક કે અપારમાર્થિક ભૂમિકાવાળા કેટલાક એવા હોય છે કે તેઓ ક્રિયાજડ બની બેસે છે અને કેટલાક શુષ્કજ્ઞાની થઇ જાય છે. એ બંને પોતાને મોક્ષનો ઉપાય લાધ્યો હોય તેવી રીતે વર્તે અને બોલે છે. શ્રીમદ્ એ બંને વર્ગના લોકોને ઉદ્દેશી મોક્ષમાર્ગનું સાચું સ્વરૂપ દર્શાવતાં ક્રિયાજડ અને શુષ્કજ્ઞાનીનું લક્ષણ નિરૂપે છે અને સાથે જ ત્યાગ-વૈરાગ્ય તેમ જ આત્મજ્ઞાન બંનેનો પરસ્પર પોષ્યપોષકભાવ દર્શાવી આત્માર્થીની વ્યાખ્યા સ્પષ્ટ કરે છે. તેમણે આત્માર્થીની જે વ્યાખ્યા કરી છે તે એક રીતે એવી સરલ અને બીજી રીતે એવી ગંભીર છે કે તે વ્યાવહારિક દુન્યવી જીવન અને પારમાર્થિક સત્યધાર્મિક જીવન બંનેમાં એકસરખી લાગુ પડે છે.

ત્યારબાદ તેમણે સદ્‌ગુરૂનાં લક્ષણો કહ્યાં છે. એ લક્ષણો એવી દૃષ્ટિથી નિરૂપાયાં છે કે તેમાં આત્મવિકાસની ગુણસ્થાનક્રમ પ્રમાણે ભૂમિકાઓ આવી જાય, અને જે ભૂમિકાઓ યોગ, બૌધ્ધ તેમ જ વેદાન્ત દર્શનની પરિભાષામાં પણ દર્શાવી શકાય. શ્રી રાજચંદ્રે ગુરૂપદ ન વાપરતાં સદ્‌ગુરૂપદ યોજ્યું છે, જે આધ્યાત્મિક જાગૃતિનું સૂચક છે. શ્રી અરવિંદે પણ સદ્‌ગુરૂ-શરણાગતિ ઉપર ખાસ ભાર આપ્યો છે.—જુઓ 'The Synthesis of Yoga.' શ્રી. કિશોરલાલભાઇએ મુમુક્ષુની વિવેકદૃષ્ટિ અને પરીક્ષક બુદ્ધિ ઉપર ભાર આપ્યા છતાં યથાયોગ્ય સદ્‌ગુરૂથી થતા લાભની પૂરી કદર કરી જ છે. છેવટે તો મુમુક્ષુની જાગૃતિ એ જ મુખ્ય વસ્તુ છે. એ વિના સદ્‌ગુરૂની ઓળખ મુશ્કેલ છે, અને ઓળખ થાય તો ટકવી પણ અઘરી છે. જૈન પરંપરા પ્રમાણે છઠ્ઠા અને તેરમા ગુણસ્થાનકે ઉપદેશકપણું સંભવે છે. સાતમાથી બારમા સુધીનાં ગુણસ્થાનોની ભૂમિકા એ તો ઉત્કટ સાધક દશાની એવી ભૂમિકા છે કે તે દરિયામાં ડૂબકી મારી મોતી આણવા જેવી સ્થિતિ છે. આ વિષે શ્રીમદ્ રાજચંદ્રે પોતે જ સ્પષ્ટ વિવેચન કર્યું હોઇ તે મનનયોગ્ય છે.

જ્યાં સદ્‌ગુરૂનો યોગ ન હોય ત્યાં પણ આત્માનું અસ્તિત્વ દર્શાવનારાં શાસ્ત્રો મુમુક્ષુને ઉપકારક બને છે. શાસ્ત્રો વિના પણ સદ્‌ગુરૂએ આપેલ ઉપદેશ સુધ્ધાં મુમુક્ષુને ટેકો આપે છે. પણ શ્રીમદ્ સદ્‌ગુરૂના યોગ ઉપર ભાર આપે છે તે સહેતુક છે. માણસમાં પોષાયેલ કુલધર્માભિનિવેશ, આપડહાપણે ફાવે તેમ વર્તવાની ટેવ, ચિરકાલીન મોહ અને અવિવેકી સંસ્કાર — એ બધું સ્વચ્છન્દ છે. સ્વચ્છન્દ રોકાયા સિવાય આત્માજ્ઞાનની દિશા ન પ્રકટે અને સદ્‌ગુરૂની અનુભવી દોરવણી આપનારના યોગ વિના સ્વચ્છન્દ રોકવાનું કામ અતિ અઘરૂં છે, સીધી ઉંચી કરાડ ઉપર ચડવા જેવું છે.

સાચો સાધક ગમે તેટલો વિકાસ થયા છતાં સદ્‌ગુરૂ પ્રત્યે પોતાનો સહજ વિનય ગૌણ કરી ન શકે. અને સદ્‌ગુરૂ હોય તે એવા વિનયનો દુરૂપયોગ પણ ન જ કરે. જે શિષ્યની ભક્તિ અને વિનયનો દુરૂપયોગ કરે છે કે ગેરલાભ લે છે, તે સદ્‌ગુરૂ જ નથી. આવા જ અસદ્‌ગુરૂ કે કુગુરૂને લક્ષમાં રાખી શ્રી કિશોરલાલભાઇની ટીકા છે.*

મુમુક્ષુ અને મતાર્થી વચ્ચેનો ભેદ શ્રી રાજચંદ્રે દર્શાવ્યો છે. તેનો સાર એ છે કે સવળી મતિ તે મુમુક્ષુ અને અવળી મતિ તે મતાર્થી. આવા મતાર્થીનાં અનેક લક્ષણો તેમણે સ્ફુટ, જરા વિસ્તારથી દર્શાવ્યાં છે જે તદ્દન અનુભવસિદ્ધ છે અને ગમે તે પંથમાં મળી આવે છે. તેમની એક બે વિશેષતા તરફ ધ્યાન આ સ્થળે ખેંચવું ઇષ્ટ છે. પ્રસિદ્ધ આચાર્ય સમન્તભદ્રે 'આપ્તમીમાંસા'ની દેવાગમ-નભોયાન આદિ કારિકાઓમાં બાહ્ય વિભૂતિઓમાં વીતરાગપદ જોવાની સાવ ના પાડી છે. શ્રીમદ્ પણ એ જ વસ્તુ સૂચવે છે. યોગશાસ્ત્રના વિભૂતિપાદમાં, બૌદ્ધ ગ્રંથોમાં અને જૈન પરંપરામાંય વિભૂતિ, અભિજ્ઞા—ચમત્કાર કે સિધ્ધિ અને લબ્ધિમાં ન ફસાવાની વાત કહી છે તે સહજપણે જ શ્રી રાજચંદ્રના ધ્યાનમાં છે. તેમણે એ જોયેલું કે જીવની ગતિ-આગતિ, સુગતિ-કુગતિના પ્રકારો, કર્મભેદના ભાંગાઓ વગેરે શાસ્ત્રમાં વર્ણિત વિષયોમાં જ શાસ્ત્રરસિયાઓ રચ્યાપચ્યા રહે છે અને પોપટપાઠથી આગળ વધતા નથી. તેમને ઉદ્દેશી એમણે સૂચવ્યું છે કે શાસ્ત્રનાં એ વર્ણનો એનું અંતિમ તાત્પર્ય નથી અને અંતિમ તાત્પર્ય પામ્યા વિના એવાં શાસ્ત્રોનો પાઠ કેવળ મતાર્થિતા પોષે છે. શ્રીમદ્ રાજચંદ્રનું આ કથન જેટલું અનુભવમૂલક છે તેટલુંજ બધી પરંપરાઓને એક સરખું લાગુ પડે છે.

મતાર્થીના સ્વરૂપકથન બાદ આત્માર્થીનું ટૂંકું છતાં માર્મિક સ્વરૂપ આલેખાયેલું છે. મતિ સવળી થતાં થતાં જ આત્માર્થ દશા પ્રારંભાય છે અને સુવિચારણા જન્મે છે. એને જ લીધે નિશ્ચય અને વ્યવહારનું અન્તર તેમ જ તેનો સંબંધ યથાર્થપણે સમજાય છે. તેમ જ કયો સદ્‌વ્યવહાર અને કયો નહિ તે પણ સમજાય છે. આવી સુવિચારણાના ફળરૂપે કે તેની પુષ્ટિ અર્થે શ્રી રાજચંદ્રે આત્માને લગતાં છ પદો વિષે અનુભવસિધ્ધ વાણીમાં શાસ્ત્રીય વર્ણન કર્યું છે જે સિધ્ધસેને 'સન્મતિતર્ક' માં અને હરિભદ્રે 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' આદિમાં પણ કર્યું છે.

૧ આત્માનું અસ્તિત્વ દર્શાવતાં શ્રી રાજચંદ્રે જે દેહાત્મવાદીની પ્રચલિત અને બાલસુલભ દલીલોનું નિરસન કર્યું છે તે એક બાજુ ચાર્વાક માન્યતાનો નકશો રજુ કરે છે ને બીજી બાજુ આત્મવાદની ભૂમિકા રજુ કરે છે. એમ તો અનેક આત્મસ્થાપક ગ્રંથોમાં ચાર્વાક મતનું નિરસન આવે છે. પણ શ્રી રાજચંદ્રની વિશેષતા મને એ લાગે છે કે તેમનું કથન શાસ્ત્રીય અભ્યાસમૂલક માત્ર ઉપરચોટિયા દલીલોમાંથી ન જનમતાં સીધું અનુભવમાંથી આવેલું છે. તેથી જ તેમની કેટલીક દલીલો હૈયાસોંસરી ઊતરી જાય તેવી છે.

૨ આત્મા અર્થાત્ ચૈતન્ય દેહ સાથે જ ઉત્પન્ન નથી થતું અને દેહના વિલય સાથે વિલય નથી પામતું એ વસ્તુ સમજાય તેવી વાણી અને યુક્તિઓથી દર્શાવી આત્માનું નિત્યપણું—પુનર્જન્મ સ્થાપેલ છે. દૃષ્ટિભેદે આત્મા ભિન્ન ભિન્ન અવસ્થાઓ ધારણ કરવા છતાં કેવી રીતે સ્થિર છે અને પૂર્વજન્મના સંસ્કારો કઇ રીતે કામ કરે છે એ દર્શાવતાં એમણે સિધ્ધસેનના 'સન્મતિતર્ક'ની દલીલ પણ વાપરી છે કે બાલ્ય, યૌવન આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છતાં માણસ તેમાં પોતાને સળંગ સૂત્રરૂપે જુએ છે. માત્ર ક્ષણિકતા નથી એ દર્શાવવા તેમણે કહ્યું છે કે જ્ઞાન તો ભિન્ન ભિન્ન અને ક્ષણિક છે. પરંતુ એ બધાં જ જ્ઞાનોની ક્ષણિકતાનું જે ભાન કરે છે તે પોતે ક્ષણિક હોય તો બધાં જ જ્ઞાનોમાં પોતાનું ઓતપ્રોતપણું કેમ જાણી શકે? તેમની આ દલીલ ગંભીર છે.

૩ નિરીશ્વર કે સેશ્વર સાંખ્ય જેવી પરંપરાઓ ચેતનમાં વાસ્તવિક બંધ નથી માનતી. તેઓ ચેતનને વાસ્તવિક રીતે અસંગ

' સમૂળી ક્રાંતિ '–પાંચમું પ્રતિપાદન.

માની તેમાં કર્મકર્તૃપણું કાં તો પ્રકૃતિપ્રેરિત કે ઇશ્વરપ્રેરિત આરોપથી માને છે. એ માન્યતા સાચી હોય તો મોક્ષનો ઉપાય પણ નકામો ઠરે. તેથી શ્રીમદ્ આત્માનું કર્મકર્તૃપણું અપેક્ષાભેદે વાસ્તવિક છે એમ દર્શાવે છે. રાગદ્વેષાદિ પરિણતિ વખતે આત્મા કર્મનો કર્તા છે અને શુધ્ધ સ્વરૂપમાં વર્તે ત્યારે કર્મનો કર્તા નથી, ઉલટું એને સ્વરૂપનો કર્તા કહી શકાય,—એ જૈન માન્યતા સ્થાપે છે.

૪ કર્મનું કર્તૃપણું હોય તોય જીવ તેનો ભોકતા ન બની શકે–એ મુદ્દો ઉઠાવી શ્રી રાજચંદ્રે ભાવકર્મ–પરિણામરૂપ કર્મ અને દ્રવ્યકર્મ–પૌદ્ગલિક કર્મ બન્નેનો કાર્યકારણભાવ દર્શાવી કર્મ ઇશ્વરની પ્રેરણા સિવાય પણ કેવી રીતે ફળ આપે છે એ જણાવવા એક સુપરિચિત દાખલો આપ્યો છે કે ઝેર અને અમૃત યથાર્થ સમજ્યા વિના પણ ખાવામાં આવ્યાં હોય તો તેમનું જેમ જુદું જુદું ફળ વખત પાકયે મળે છે તેમ બધ્ધ કર્મ પણ યોગ્ય કાળે સ્વયમેવ વિપાક આપે છે. કર્મ-શાસ્ત્રની ગહનતા શ્રીમદ્ રાજચંદ્રના ધ્યાનમાં પૂરેપૂરી છે. તેથી જ તેઓ ભાખે છે કે આ વાત ટુંકમાં કહી છે.

૫ મોક્ષનું અસ્તિત્વ સિધ્ધ કરવા તેઓ ટૂંકીટચ પણ સમર્થ એક દલીલ એ આપે છે કે જો શુભાશુભ પ્રવૃન્તિનું ફળ કર્મ હોય તો એવી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ એ શું નિષ્ફળ? નિવૃન્તિ તો પ્રયત્નથી સધાય છે. એટલે તેનું ફળ પ્રવૃન્તિના ફળથી સાવ જુદું જ સંભવે. તે ફળ એ જ મોક્ષ.

૬ મોક્ષના ઉપાય વિષેની શંકા ઉઠાવી તેનું સમાધાન કરતાં ઉપાય-નિરૂપણ કર્યું છે. અને એમાં સમગ્ર ગુણસ્થાન ક્રમની–આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમની–મુખ્ય મુખ્ય ચાવીઓ અનુભવ દ્વારા જ રજુ કરી હોય તેવો સ્પષ્ટ ભાસ થાય છે. એમણે કેવળજ્ઞાનની નિર્વિવાદ અને સહજ એવી વ્યાખ્યા કરી છે કે તે સાંપ્રદાયિક લોકોએ ખાસ લક્ષ આપવા જેવી છે. એમના આ નિરૂપણમાં ઉપનિષદોના 'तत्त्वमसि' વાકયનું તાત્પર્ય આવી જાય છે અને સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન પણ થઇ જાય છે. શ્રીમદ્ અનુભવપૂર્વક ઉચ્ચારે છે કે બધા જ જ્ઞાનીઓનો નિશ્ચય એક છે. એમાં પંથ, જાતિ, મત, વેશ આદિને કશો જ અવકાશ નથી. આ રીતે છ કે બાર મુદ્દાના નિરૂપણનો ઉપસંહાર એમણે જે ઉલ્લાસ અને જે તટસ્થતાથી કર્યો છે તે આપણા ઉપર તેમના અનુભવની છાપ મૂકે છે.

પછી શ્રી રાજચંદ્રે શિષ્યને થયેલ બોધબીજ પ્રાપ્તિનું વર્ણન કર્યું છે. એમાં શિષ્યને મોઢે અહોભાવના ઉદ્ગારો ટાંકી જે સમર્પણ-ભાવ વર્ણવ્યો છે તે જેમ કવિત્વની કળા સૂચવે છે તેમ તાત્ત્વિક સિધ્ધિનો પરમ આનંદ પણ સૂચવે છે, જે વાંચતાં મન કુણું થઇ જાય છે અને એ અહોભાવનો અનુભવ કરવાની ઉર્મિ પણ રોકી રોકાતી નથી. છેવટે આખો ઉપસંહાર પણ મનનીય છે.

જિજ્ઞાસુ 'આત્મસિદ્ધિ' આપમેળે જ વાંચે અને તેનો રસ માણે એ દૃષ્ટિથી અહીં તેનો પરિચય તદ્દન સ્થૂલ રીતે મેં કરાવ્યો છે એમાંની દલીલોની પુનરૂકિત કરવી નકામી છે.

શ્રી રાજચંદ્રે 'આત્મસિધ્ધિ'માં જૈન પરિભાષાને આશ્રીને જે વસ્તુ નિરૂપી છે, તે જૈનેતર દર્શનોમાં પણ કેવી કેવી રીતે નિરૂપાઇ છે એનો વાચકને થોડો ખ્યાલ આપવો જરૂરી છે, જે ઉપરથી તત્ત્વજિજ્ઞાસુ એટલું સહેલાઇથી સમજી શકશે કે આત્મવાદી બધાં દર્શનો ભિન્ન ભિન્ન પરિભાષા દ્વારા પણ કેવી રીતે એક જ ગીત ગાઇ રહ્યાં છે. જૈનદર્શન જીવ કે આત્માને નામે જડથી ભિન્ન જે તત્ત્વ નિરૂપે છે, તેને ન્યાય-વૈશેષિક દર્શનો જીવાત્મા કે આત્મા કહે છે અને સાંખ્ય–યોગ તેને પ્રકૃતિથી ભિન્ન પુરુષ કહે છે, જ્યારે વેદાન્તી એને માયાભિન્ન બ્રહ્મ પણ કહે છે. 'ધમ્મપદ' જેવા બૌદ્ધ ગ્રંથોમાં આત્મા–અત્તા અને પુગ્ગલ પદ છે. પણ આગળ જતાં એનું નિરૂપણ રૂપભિન્ન ચિત્ત કે નામ-પદથી પણ થયેલું છે.

જૈનદર્શન મિથ્યાદર્શન-અજ્ઞાન અને કષાય–રાગ–દ્વેષના નામે આસ્રવરૂપે જે બંધ અર્થાત્ સંસારના કારણનું નિરૂપણ કરે છે અને તેના વિપાકરૂપે જે બંધ–સંસાર કે સુખ-દુ:ખની ઘટમાળ અને પુનર્જન્મના ચક્રનું નિરૂપણ કરે છે, તે વસ્તુને ન્યાયવૈશેષિક સમ્મત પરિભાષામાં ન્યાયાચાર્ય અક્ષપાદે પણ સ્પષ્ટ રીતે આલેખી છે. તે પોતાના સૂત્રમાં સંક્ષેપથી કહે છે કે મિથ્યાદર્શન—અજ્ઞાનથી દોષ—રાગદ્વેષ જન્મે છે અને રાગદ્વેષથી માનસિક-વાચિક-કાયિક વ્યાપાર (જૈન પરિભાષા પ્રમાણે 'યોગ') ચાલે છે જેને લીધે પુનર્જન્મ ને સુખ–દુ:ખનું ચક્ર પ્રવર્તે છે જે જૈન પરિભાષા પ્રમાણે 'બંધ' કોટિમાં પડે છે. સાંખ્ય–યોગ દર્શન એ જ વસ્તુ પોતાની પરિભાષામાં મુકતાં કહે છે કે અવિવેકથી—અજ્ઞાન યા મિથ્યાદર્શનથી રાગદ્વેષાદિ કલેશ દ્વારા દુ:ખ અને પુનર્જન્મની પરંપરા પ્રવર્તે છે. વેદાંતદર્શન પણ એ જ વસ્તુ અવિદ્યા અને માયાથી કે અધ્યાસથી વર્ણવે છે. બૌધ્ધ દર્શનમાં જે અવિદ્યા, સંસ્કાર આદિ બાર કડીઓની શૃંખલા છે, જે પ્રતીત્યસમુત્પાદને નામે જાણીતી છે, તે જૈનદર્શન સમ્મત આસ્રવ, બંધ અને ન્યાય–વૈશેષિક સમ્મત મિથ્યાદર્શન, દોષ, આદિ પાંચ કડીઓની શૃંખલા અને સાંખ્ય–યોગ સમ્મત અવિવેક અને સંસાર એનો જ વિશેષ વિસ્તાર છે.

જૈનદર્શન પ્રમાણે જે સંવર મોક્ષના ઉપાય તરીકે વર્ણવેલ છે અને તેના ફળરૂપે જે મોક્ષ તત્ત્વનું નિરૂપણ છે તેને જ ન્યાય-વૈશેષિક અનુક્રમે સમ્યગ્જ્ઞાન–તત્ત્વજ્ઞાન અને અપવર્ગને નામે વર્ણવે છે, સાંખ્યયોગ વિવેક ભેદજ્ઞાન અને મોક્ષને નામે વર્ણવે છે, જ્યારે બૌદ્ધ દર્શન નિર્વાણગામિની પ્રતિપદા–માર્ગને નામે અને નિર્વાણને નામે વર્ણવે છે. બૌદ્ધ દર્શનમાં અન્ય દર્શનોની પેઠે આત્મા ચેતન, બ્રહ્મ, કે પુરૂષ નામથી આત્મસ્વરૂપનું જોઇએ તેટલું નથી વર્ણન એટલે ઘણા લોકો એને અનાત્મવાદી માની બેસે છે; પણ એ ભૂલ છે. અનાત્મવાદી હોય તે પુનર્જન્મ કે પરલોક ન માને જ્યારે બુધ્ધે પુનર્જન્મ અને તેનાં કારણ તેમ જ કર્મની નિવૃત્તિ અને નિર્વાણ ઉપર ખાસ ભાર આપી ચાર આર્યસત્યોને પોતાની આગવી શોધ બતાવી છે: (૧) દુ:ખ. (૨) એનું કારણ તૃષ્ણા; (૩) નિર્વાણ; અને (૪) એનો ઉપાય અષ્ટાંગિક માર્ગ–એ જ ચાર આર્યસત્ય જૈન પરિભાષામાં આસ્રવ, બંધ, સંવર અને મોક્ષ છે, જ્યારે ન્યાય-વૈશેષિક પરિભાષામાં અજ્ઞાન, સંસાર, તત્ત્વજ્ઞાન અને અપવર્ગ છે, તેમ જ સાંખ્ય–યોગ પરિભાષામાં અવિવેક, સંસાર, વિવેક અને મોક્ષ છે આ રીતે તુલના કરતાં બધાં જ બ્રાહ્મણ–શ્રમણ–દર્શનો મુખ્ય વસ્તુમાં એક મત થઇ જતાં હોવાથી શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે —

> નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
> ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય- ૧૧૮

દરેક ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ 'આત્મસિધ્ધિ'ને ઉદાર દ્રષ્ટિથી તેમ જ તુલના દ્રષ્ટિથી સમજશે તો એમને એમાં ધર્મનો મર્મ અવશ્ય જડી આવશે. ખરી રીતે પ્રસ્તુત ગ્રંથ ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમમાં સ્થાન પામે તેવો છે. ફકત એને સમજાવનારનો યોગ આવશ્યક છે

શ્રી મુકુલભાઇ એમ. એ. ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક છે પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવાની એમની ઇચ્છા જાણી ત્યારે મેં એને વધાવી લીધી. એમણે આખો ગ્રંથ વિવેચન સહિત મને સંભળાવ્યો એ સાંભળતાં જ મારો પ્રથમનો આદર અનેક ગણો વધી ગયો અને પરિણામે કાંઇક લખવાની સ્ફુરણા પણ થઇ. હું કોઇ અધ્યાત્માનુભવી નથી, તેમ છતાં મારો શાસ્ત્રરસ તો છે જ. માત્ર એ રસથી અને બને ત્યાં લગી તટસ્થતાથી પ્રેરાઇ મેં કાંઇક ટૂંકું છતાં ધાર્યા કરતાં વિસ્તૃત લખ્યું છે. જો એ ઉપયોગી નહિ નીવડે તોય આ શ્રમ મારી દ્રષ્ટિએ વ્યર્થ નથી.

**સમાપ્ત** **પંડિત સુખલાલજી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

છુટક નકલ : ત્રણ આના          શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર          રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૯

મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૫૪ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## વીસમી સદીનો શહીદ

(ગાંધીજીની મૂર્તિનો નીચે આપેલ બ્લોક વાપરવા માટે મોકલવા બદલ અમે નવજીવન પ્રકાશન મંદિરનો આભાર માનીએ છીએ તંત્રી)

કળાકાર ચિત્ર કે મૂર્તિ દ્વારા જે વ્યકત કરવાનો પ્રયત્ન કરે છે તે શબ્દોમાં રજૂ કરવાનું તેને માટે અતિશય કપરૂં હોય છે. કળાકૃતિઓનાં શાબ્દિક વર્ણનો કાં તો તેમના હાર્દને છુપાવી દે છે અથવા તેમને બૌધિક સ્વરૂપ આપે છે, જે તેમના સૌંદર્યમૂલક મૂલ્યની દૃષ્ટિએ જોતાં વાજબી નથી હોતું, એ આપણે સૌ બરાબર જાણીએ છીએ.


મારી 'વિસમી સદીનો શહીદ' કૃતિ કેવી રીતે ઉદ્‌ભવી તેને વિષે તથા તેના સ્વરૂપ વિષે સમજૂતી આપવાનો મેં કદી પ્રયાસ કર્યો ન હોત. પરંતુ ૨૦મી સદીની કળાના ઝોક વિષે કશીયે માહિતી ન ધરાવનારા હજારો લોકો હવે એ કૃતિ જોશે, એટલા માટે જ મેં આ પ્રયત્ન આદર્યો છે. આવા લોકો, નૈસર્ગિકતાથી સહેજ પણ ચલિત થયા હોઈએ તેથી અથવા જેનો તેમને પરિચય ન હોય એવા સ્વરૂપની અભિવ્યકિતથી ગૂંચવાડામાં પડી જાય છે, એટલું જ નહીં પણ તેમનામાં વિરોધાભાસ પણ પેદા થાય છે. આ ઉપરાંત, જીવનની ભૌતિક જરૂરિયાતો તેમને સૌંદર્યના પ્રતિકનું રહસ્ય પામવા જેટલી નવરાશ આપતી નથી.

એટલા માટે, મારા સ્ટુડીઓમાં જે મૂર્તિ નિર્માણ થઈ છે તેની સમજૂતી એવા લોકોને આપવાનો મારો આ પ્રયત્ન છે. એ કૃતિ કોઇ બૌધિક પ્રેરણાથી નહીં, પણ અંતઃસ્ફૂર્તિને લઇને નિર્માણ થઈ છે.

જ્યાં આગળ ધર્માંધતા, અન્યાય અને ભૌતિક લાભ, જેને આપણે સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ, તેનાં પ્રેરક બળ છે એવી અસ્તવ્યસ્ત દુનિયામાં મહાત્મા ગાંધી બાકી રહેવા પામેલાં જૂજ હિતકારી બળો પૈકીના એક હતા

તેમના ત્રાસજનક અવસાને મારા મન પર અતિ ઉંડી અસર કરી. આ કૃત્ય જાણે જીવનની પરિસ્થિતિ સુધારવાનો, આજે લગભગ પશુકોટિએ પહોંચેલી માનવતાને ઉન્નત કરવાનો પ્રયત્ન મિથ્યા છે એમ બતાવતું હોય એમ લાગે છે.

અને તેમ છતાં, (એ ખબર સાંભળીને આખી રાતના ઉજાગરા બાદ) ઇતિહાસકાળ દરમ્યાન થઇ ગયેલા



શહીદોની પંકિતમાં એક ઉમેરો કરનાર શહીદને મૂર્ત સ્વરૂપ આપવાનો મેં આરંભ કર્યો ત્યારે એ મિથ્યાત્વની લાગણી મારામાંથી જતી રહી એની જગ્યાએ, એ મહાપુરૂષના જીવનરહસ્યને મૂર્તિમંત કરવાના પ્રયત્નના એકાગ્રતાભર્યા હેતુએ સ્થાન લીધું.

એક સુકલકડી જરા લંબાયો દેહ અવકાશમાં લટકે છે. એ અવકાશ અનંતતાનો સૂચક છે. એક હાથ આકાશ તરફ ઊંચો થયેલો છે અને એક મજબુત પગ તેને ધરતી સાથે જોડી રાખે છે. આ બે પરસ્પર વિરોધી બળોની વચ્ચે દેહ લટકી રહ્યો છે. તેના પર આ સંઘર્ષની કશી જ અસર થવા પામતી નથી. તે તો સંપૂર્ણપણે શાન્ત અને સ્વસ્થ છે. એ આખું દૃશ્ય પૂરેપૂરી પ્રત્યક્ષતાથી આલેખવામાં આવ્યું છે અને સાદાઇની છાપ પાડવા માટે હરેક પ્રકારની વિગતને તિલાંજલિ આપવામાં આવી છે. ગાંધી પોતાની જીવનપદ્ધતિમાં એ સાદાઇને એક મહત્ત્વના અંગ તરીકે લેખતા હતા. અને એ શાન્તિ તેમના એ નાજુક દેહને, તેમની દોરવણી નીચે ન્યાયને અર્થે ઝૂઝનારાઓને માટે મજબૂત કિલ્લા સમાન બનાવતી હતી.

જોકે એ નિરૂપણમાં માત્ર એક જ ભુજા અને એક જ પગ છે, પણ એ આકૃતિ જેની સામે લટકે છે તે ભીંત પર એ બંને અવયવોના પડછાયા પાડે છે. અને એ પડછાયા વાસ્તવિકતા ધારણ કરે છે તથા ગેરહાજર અવયવોનું સ્થાન લે છે. એટલે, અવયવો તથા તેમના પડછાયાની પરસ્પરની પ્રતિક્રિયામાં પ્રકાશ અને અંધકારની, સત્ય અને અસત્યની, નક્કર અને તત્ત્વરૂપની, તથા ભૌતિક અને આધ્યાત્મિકની પરસ્પરની રૂપકાત્મક પ્રતિક્રિયા રહેલી છે. અને એ બળોના સંઘર્ષની સમતુલા શહીદ ગાંધીની અમર શાન્તિથી સૂચિત સુલેહશાન્તિના આદર્શ દ્વારા જળવાઇ રહી છે.

છેલ્લે, ઉંચો કરાયેલો હાથ આશીર્વાદ આપતો જણાય તો એ આશીર્વાદ છે. એ જો વિરોધ દર્શાવવા ઉંચો કરાયેલો લાગે તો અન્યાય સામેના નિત્ય વિરોધ તરીકે એ ભલે રહ્યો.

૨૩-૩-'૫૩          **વિલિયમ દ સેન્ડર્સ હેન્ડ્રિક્સ**

હરિજનબંધુમાંથી સાભાર ઉદ્ધૃત

# આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની જરૂર છે કે નહિ?

( થોડા સમય પહેલાં પં. જવાહરલાલ નહેરૂએ આજના બાવા સંન્યાસીઓ સંબંધમાં કરેલ એક નિવેદન ઉપરથી ઉપસ્થિત થતા ઉપરના પ્રશ્ન ઉપર પોતપોતાના અભિપ્રાયો દર્શાવવાની વિનંતિ કરતો એક પરિપત્ર આપણા સમાજના અનેક વિદ્વાન ચિન્તકો ઉપર મોકલી આપવામાં આવ્યો હતો. તે પરિપત્રના ઉત્તરો અમારી ઉપર આવી રહ્યા છે. તેમાંનો એક ઉત્તર બનારસ હિંદુ યુનિવર્સીટીના જૈન દર્શનના અધ્યાપક શ્રી. દલસુખભાઇ માલવણિયા તરફથી મળ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી )

ઇતિહાસની પુનરાવૃત્તિ એ સામાન્ય નિયમ તો નથી, છતાંય કેટલીક ઘટનાઓ એક જેવી જુદે જુદે સમયે બની આવે છે, જેથી ઇતિહાસની પુનરાવૃત્તિ થયાનો આભાસ ઉત્પન્ન કરે છે. વૈદિક આર્યોએ જ્યારે સૌથી પહેલા ભારતમાં યતિઓને જોયા ત્યારે તેમના પ્રત્યે તેમને આદર થવાને બદલે શત્રુભાવ પેદા થયો હતો અને આર્યોએ યતિઓની હત્યા કરી હતી. પણ ધીરે ધીરે એ યતિસંસ્થાનો એટલો બધો વિકાસ થયો કે એ સંસ્થા અનાર્યોની છે એ આજે આપણે કોઇને કહીએ તો તે કોઇ માને પણ નહિ. યતિ-સંસ્થા આપણા જીવનમાં યુગયુગથી એવી ગુંથાઇ ગઇ છે કે તેના વિનાના જીવનની ઘણાને કલ્પના જ આવી શકતી નથી. છતાંય ઇતિહાસની પુનરાવૃત્તિ થવાનો સમય નજીક આવતો જણાય છે. આજે એ પ્રશ્ન છડેચોક ચર્ચાય છે કે સાધુસંસ્થાની આવશ્યકતા છે કે નહિ? અને નહેરૂજી જેવા દેશનેતાઓ તેની અનાવશ્યકતા ઉપર ભાર આપવા લાગ્યા છે. આર્યોએ યતિઓની હત્યાં કરી, પણ એવું તો આ યુગમાં ન જ બને. પણ આજની રીત પ્રમાણે પ્રચારના સાધનો દ્વારા એ સંસ્થાનો લોપ કરવાના પ્રયત્ન થવાના જ એમાં કશી શંકા જ નથી. એટલે એ સંસ્થા વિષે અહિં થોડું વિચારીએ તે અસ્થાને તો નથી જ.

જ્યારે આપણે સાધુસંસ્થાનો વિચાર કરીએ છીએ ત્યારે ભીખારી બાવાઓની જમાત અને જેમના પ્રત્યે આપણે આદર ધરાવીએ છીએ, જેમને આપણું મસ્તક પૂજ્યબુધ્ધિથી નમાવીએ છીએ તેમની જમાત વચ્ચેનો જે ભેદ છે તે ભૂલવો ન જોઇએ. બાવાઓની જમાત વિષે તો એમ કહી શકાય કે એ જમાતનો તો અંત જેમ બને તેમ જલદી આવે તે જ સારૂં છે.-એમાં કદાચ બહુ ઓછા લોકોને વાંધો લેવા જેવું હશે. એટલે એ પ્રશ્ન વિવાદાસ્પદ ન ગણાય. પણ એ જ વસ્તુ શું આપણા આદરણીય ગુરૂજન જેવા સાધુઓની જમાતને પણ લાગુ પાડી શકાય? આમાં મને લાગે છે કે જરા ઉંડા ઉતરીને વિચારવાની આવશ્યકતા છે. પ્રવાહમાં તણાઇને આ કે તે કહી દેવું તે ઉચિત નથી.

સાધુસંસ્થા વિષે જ્યારે વિચારવાનું પ્રાપ્ત છે ત્યારે આપણી સામે માત્ર જૈન કે બૌધ્ધ સાધુ કે બ્રાહ્મણ સંન્યાસીઓ જ નથી આવતા પણ રામકૃષ્ણ મઠના સંન્યાસીઓની સંસ્થા પણ આવે છે. એટલે એ બાબતમાં એ બધાને સામે રાખીને વિચારવું પ્રાપ્ત થાય છે.

કોઇ પણ સંસ્થામાં અમુક અનધિકારીનો પ્રવેશ થયો તેથી એ સંસ્થામાં દૂષણો આવ્યા હોય તો સમગ્રભાવે એ સંસ્થાને નકામી કહેવા કરતાં એ અનધિકારીઓને જ તે સંસ્થામાંથી બાતલ કરવાનો માર્ગ લેવો તે વધારે ડહાપણભરેલું છે. એટલે જો સાધુસંસ્થામાં બુરાઇ દાખલ થઇ હોય તો તે બુરાઇને દૂર કરવા વિચારવું જોઇએ, નહિં કે સમગ્રભાવે એ સંસ્થાને જ નષ્ટ કરવાની પ્રવૃત્તિ આદરવી.

સામાન્ય રીતે બ્રાહ્મણસંન્યાસીની સંસ્થા વિષે એમ કહી શકાય કે તેમાં પ્રવિષ્ટ થયેલ વ્યકિત સમાજને તદ્દન અનુપયોગી જ બની જાય છે એમ નથી. તે જો શકિતસંપન્ન હોય તો અને જો પોતાની શકિતનો ઉપયોગ લોકોપયોગી કાર્યોમાં કરે તો હિન્દુસમાજ તેના એ કાર્યની કદર કરે છે અને તેને આદરપાત્ર ગણે છે. લોકહિતના કાર્ય કોઇ સંન્યાસી કરે તેમાં હિન્દુ સમાજને કશું જ અજુગતું જણાતું નથી. વૃધ્ધાવસ્થામાં કોઇએ સંન્યાસ લીધો હોય અને ઇશ્વરભજન સિવાય તેનાથી કશું જ બને તેમ ન હોય અને જો તે તે જ કાર્યમાં રત રહેતો હોય તો પણ તે આદર પાત્ર બને છે. અને આમાં કાંઇ અજુગતું છે એમ માનવાની આવશ્યકતા નથી. ઇશ્વરભજન એ કાંઇ હલકું કાર્ય નથી. તેમ બધાથી સહજભાવે બને એવું સરલ પણ નથી. તે જ રીતે રામકૃષ્ણ મઠના સંન્યાસીઓ પણ લોકહિતના કાર્યોમાં સદા યોગ્યતાપૂર્વક લાગ્યા રહે છે; એટલે તેમના વિષે પણ કહી શકાય કે તેમની સમાજને ઉપયોગિતા અને આવશ્યકતા છે જ. એટલે બ્રાહ્મણસંન્યાસી વર્ગ વિષે સામાન્ય વિધાન કરી શકાય કે તેનો નાશ જરૂરી નથી, તેમાં જે દૂષણો હોય તેને દૂર કરવા જોઇએ.

હવે શ્રમણ પરંપરાના સંન્યાસીઓ વિષે એટલે કે જૈન સાધુ અને બૌદ્ધ સાધુઓ વિષે વિચારીએ. બૌદ્ધસાધુઓ અત્યારે આપણી સામે છે જ નહિ એટલે તેમની સમસ્યા આપણા દેશમાં છે જ નહિ એમ કહીએ તો ચાલે બાકી રહે છે જૈન સાધુઓની સંસ્થા એમાં તો શક નથી કે આ સંસ્થા સંસ્થા તરીકે સાચા ત્યાગીઓની જ છે. તેમાં ભૂતકાળમાં કે આજે જે કાંઇ દોષો છે તે તે સંસ્થા કરતાં તેમાં પ્રવિષ્ટ અનધિકારીઓના છે. એટલે કરવું એમ જોઇએ કે એ સંસ્થામાં જે અનધિકારીઓ હોય તેમને દૂર કરવાનો અથવા તો તેમને સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. નવાને પ્રવેશ પૂરી પરીક્ષા થયા પછી જ મળે તો એ સંસ્થામાં દાખલ થયેલા મોટા ભાગના દોષોનું નિવારણ શકય છે. આજ કશું જ ન કરતાં એ સંસ્થાને જ ભાંડવી એમાં ભારતવર્ષમાં સંસ્કારની અત્યાર સુધીમાં જે આધ્યાત્મિક પ્રગતિ થઇ છે તેનો લોપ કરી વળી પાછા આધ્યાત્મિક સંસ્કારહીન દશાને પ્રાપ્ત કરવા જેવું થશે.

અત્યારે જે સૌથી મોટી આક્ષેપ આ સાધુસંસ્થા સામે કરવામાં આવે છે તે એ છે કે તેઓ કશું જ કરતા નથી અને સમાજના રોટલા મફતના ઢીચી ખાય છે. આ આક્ષેપ વિષે વિચાર કરવો જરૂરી છે અને તેમાં કાંઇ તથ્ય છે કે નહી તે પણ વિચારવું આવશ્યક છે.

આપણા ઘરમાં કોઇ નિવૃત્ત વડો વૃધ્ધ હોય તે પણ કાંઇ કરે છે એમ નથી, છતાં પણ આપણે સંસ્કારે એ શીખ્યા છીએ કે તેમને ખાવા-પીવાની કે પહેરવા ઓઢવાની કશી જ તકલીફ ન પડે. આનુ કારણ એ છે કે તે વૃધ્ધ આપણા કુટુંબનું એક અંગ છે. તે જ પ્રમાણે સંસારી કુટુંબભાવના કરતાં પણ ઉચ્ચ ભાવનાને બળે આપણે એક ધાર્મિક કુટુંબ ઉભું કર્યું છે. એ કુટુંબમાં વડેરા જેવા સાધુઓ છે તો તેમને આપણે કાંઇક આપીએ તેમાં કશું જ અયોગ્ય છે એમ માની શકાય નહીં. તેમનું કર્તવ્ય બીજું કાંઇ ન હોય તો પણ સમાજમાં જે ત્યાગભાવનાવાળાને જાગરિત રાખવાનું કામ તેમનું છે, તેની કીંમત નજીવી નથી- એક વ્યકિત જ્યારે ઘરમાં હોય છે ત્યારે તેનું કુટુંબ સંકુચિત હોય છે. જ્યારે તે અગારમાંથી અણગાર બને છે ત્યારે ખરી રીતે તે વિશ્વનો નાગરિક બને છે અને આપણને સતત ભાન કરાવે છે કે તમે એક ઘર-ખૂણામાં રહી માત્ર ગણ્યાગાંઠ્યાને ભરોસે રહો છો તેના કરતાં એ છોડવામાં જે મજા છે તે બીજી જ છે. વિશાળ જનસમાજ એ કુટુંબ બની જાય છે અને તેની સારસંભાળની જવાબદારી માત્ર કુટુંબની નહિ પણ એ વિશાળ જનસમાજની બની જાય છે. આ

બધું આપણે યુગયુગના સંસ્કારોના બળે શીખ્યા છીએ તેને ભૂંસી નાંખવામાં શો લાભ છે? મનુષ્ય માત્ર પોતાનું ભલું કરનારને જ કાંઇક આપે અને બીજાને નહીં એવી સ્વાર્થી વૃત્તિ ભારતના સમાજે કયારનીય છોડી છે. તેને ફરી પાછી જાગરિત કરવામાં શો લાભ દેખાય છે?

આપણા પાર્લામેન્ટના સભ્યો કાયદાના દંડે ટેકસના નામે ઉઘરાવે અને પછી પ્રતિદિનના ૨૫ કે ૪૫ રૂપિયા પોતે લે તે સામે આપણને વાંધો હોય તો પણ કશું જ કરી શકતા નથી અને તેમના વાણીવિલાસને માત્ર પોષણ આપવા સિવાય અને તેમના ભાષણો છાપાઓમાં વાંચવા સિવાય આપણે શું કરીએ છીએ? ત્યારે બીજી બાજુ સાધુસમુદાયને લોકો ભક્તિભાવે આપે છે તેમનો કોઇ કાયદાનો દંડ નથી, પણ ભારતની ઉચ્ચ આધ્યાત્મિક ભાવનાનું એ ફળ છે. આવી ભક્તિભાવનાનો નાશ કરીને આપણે કયો લાભ વાંછીએ છીએ એ સમજાય તેવું નથી.

હવે રહી કામની વાત કે સાધુઓ કશુ જ કરતાં નથી. કાંઇક કરવું એટલે શુ? શું ખેતરમાં કામ કરવું કે મીલમાં કાપડ વણવુ એ જ ખરૂં કામ છે? જો તેમ બને તો તો સમાજ એક માત્ર મજુરી કરનારાઓનો બની જાય. જે કાર્ય રવીન્દ્રનાથ ટાગોર જેવા એક કે અનેક પુસ્તકો લખી કરે છે, સમાજમાં જે જાગરણ પ્રવર્તાવે છે કે યોગી અરવિંદ જેવા વિચારની શુધ્ધિ માટે જે પ્રયત્ન કરે છે અને આપણા ત્યાગભાવનાના ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતારી જે કાર્ય સાધુ કરે છે તેની કીંમત જ્યારે અલ્પ આંકવામાં આવશે ત્યારે સમજવું કે હવે સમાજમાં ઉચ્ચ આદર્શો કે વિચારોનું, ઉચ્ચ સંસ્કારોનું મૂલ્ય ઘટી ગયું છે અને જ્યારે એમ બનશે ત્યારે સામાજિક જીવન તુચ્છ બની જશે એમાં સંદેહ નથી. એ જીવન નહી હોય, યંત્ર હશે.

જીવનમાં શું ઉત્પાદક શ્રમ કરવો એ જ અંતિમ લક્ષ્ય છે? તેથી પણ વધારે કીંમતી અને આવશ્યક છે જીવનની સાધના તેનું શુદ્ધીકરણ. એ જો નહીં હોય તો સમાજ પ્રગતિશીલ નહી પણ અધોગામી બનશે સમાજને યંત્રની જેમ મૃત નહી પણ સજીવ રાખવો હોય તો ત્યાગીસંસ્થા આવશ્યક માનવી પડશે. અને મીલમાં જેમ મેનેજર આવશ્યક છે જે માત્ર બુધ્ધિજીવી જ છે તેમ સમાજમાં પણ માત્ર બુધ્ધિજીવી વર્ગની આવશ્યકતા છે. એવા વર્ગના શિરોમણિ એ સાધુઓ છે તેમના વિષે હલકો અભિપ્રાય ધરાવવો એ આપણી અસંસ્કારિતાનું જ સૂચક બને.

સાધુસંસ્થા વિષે અહિં જે કાંઇ લખ્યું છે તે લેભાગુ સાધુઓ વિષે નથી સમજવાનું, પણ ખરા અર્થમાં જેઓ ત્યાગી શ્રમણ છે તે વિષેજ છે. સાધુઓમાં જેઓ ઢોંગી હોય તેમને તો બાવાઓની જમાતમાં જ ગણવા જોઇએ. તેમની તો આપણે દયા ખાવી રહી અને તેમના માટે પણ કોઇ રસ્તો કાઢવો જોઇએ જેથી તેઓ સરલ અને સાદું ગૃહસ્થ જીવન વિતાવી શકે.

**દલસુખ માલવણિયા**

# આર્થિક અવલોકન

(તા. ૨૨-૧-૫૪ ના રોજ શ્રી કાન્તિલાલ બરોડિયાએ મુંબઇ ખાતેના ઓલ ઇન્ડિયા રેડીઓ મથકે આર્થિક અવલોકન રજુ કર્યું હતું તે ઓલ ઇન્ડિયા રેડીઓની અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

## (૧) સીડની ,પરિષદ્‌માં વિચારણા.

ચાલુ માસની શરૂઆતમાં, ઓસ્ટ્રેલીઆમાં, સીડની ખાતે, રાષ્ટ્રસમુહના નાણા પ્રધાનોની પરિષદ મળી હતી; જેમાં, સ્ટર્લિંગ વિસ્તારોના નાણાંકિય, આર્થિક અને વ્યાપારવિષયક પ્રશ્નો ચર્ચાયા હતા. પરિષદ પછી બહાર પડેલા નિવેદનમાં, વિશ્વ વ્યાપાર અંગે, ચિંતા વ્યકત કરવામાં આવી છે નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વના વેપારમાં વિશ્વાસની લાગણી જન્માવે તેવાં પગલાંઓ અને નીતિનો અમલ કરવો એ પ્રથમ ફરજ થઇ રહે છે. વિશ્વવ્યાપી વ્યાપારમાં ફુગાવા કે મંદીને પહોંચી વળવાના પગલા, અને સ્ટર્લિંગ વિસ્તારો પર પડનારા તેના સંભવિત પ્રત્યાઘાતો પણ પરિષદમાં વિચારાયા હતા. રાષ્ટ્રસમૂહના દેશોએ કોઇ પણ બજાર પરત્વે દુર્લક્ષ ન કરતાં નિકાસો વધારવા અથાગ પ્રયાસો આદરવા જોઇએ એવી વિચારણા પણ કરવામાં આવી હતી. સ્ટર્લિંગની હેરફેર મુકત કરવા, અને વેપારનું ક્ષેત્ર વિશાળ બનાવવાના, ધ્યેયનું પરિષદે પુનરૂચ્ચારણ કર્યું છે. પરિષદમાં એવો પણ અભિપ્રાય દર્શાવાયો હતો કે આંતરિક બચત વધારવાની અને વધારાની નિકાસની વૃધ્ધિ કરવા સારૂં ભારે પ્રયાસોની જરૂર છે. પરિષદનો હેતુ સ્ટર્લિંગ વિસ્તારને મજબુત બનાવવાનો હતો.

## (૨) અર્થકારણનું આશાવાદી ચિત્ર.

આ પરિષદમાં જતાં પહેલાં કેન્દ્ર સરકારનાં **અર્થસચિવ** શ્રી. ચિન્તામણ દેશમુખે ભારતના અર્થકારણ વિષે આશાવાદી ચિત્ર દોર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષ દરમ્યાન આશરે રૂા. ચાલીસ કરોડની ખાધવાળી નાણાંકીય નીતિ અપનાવવામાં આવી હોવા છતાં ગત વર્ષ દરમ્યાન ભાવોની સપાટીમાં કોઈ પણ ખાસ નોંધપાત્ર વધારો થવા પામ્યો નથી. તેમણે એવી પણ આશા પ્રગટ કરી હતી કે યોજનાના બાકીના ગાળા દરમ્યાન પણ આવા સંતોષકારક પરિણામો ચાલુ રહેવા પામશે.

## (૩) શ્રી નહેરૂ અને આજના આર્થિક પ્રશ્નો.

કલકત્તા ખાતે તાજેતરમાં દેશની આર્થિક પરિસ્થિતિનું વિહંગાવલોકન કરતાં શ્રી. જવાહરલાલ નહેરૂએ દર્શાવ્યું હતું કે રાષ્ટ્ર વિકાસની પંચવર્ષીય યોજના સંપૂર્ણ તો નથી જ; પણ, તે દૂરગામી પરિણામોને અનુલક્ષીને ઘડવામાં આવી છે. ભૂલ અને પ્રયાસથી જ આપણે શીખતાં હોઇએ છીએ અને તેથી પ્રથમ પંચવર્ષીય યોજનાની ક્ષતિઓ દ્વિતીય યોજનામાં જરૂર સુધારવામાં આવશે ચાલુ યોજનાની પુનર્વિચારણાનું કાર્ય આયોજન પંચ તરફથી હાથ ધરવામાં આવ્યું છે. રોજગારી પૂરી પાડવા આશરે એક અબજ ને પંચોતેર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે રોજગારીની તકો વધતી જાય ને હાલનો મુંઝવતો બેકારીનો પ્રશ્ન ઉગ્ર સ્વરૂપ ધારણ ન કરે તે માટે ગ્રામોદ્યોગો, હાથશાળો, વાહનવ્યવહાર, અછત વિસ્તારોમાં કાયમી સુધારણા, શહેરી વિસ્તારોમાં થર્મલ પ્લાન્ટસ, ખાનગી સાહસ દ્વારા વધુ ઉત્પાદન એમ અનેક પ્રશ્નોની ફેરતપાસણી હાથ ધરવામાં આવી છે. ભારતની આજની આર્થિક મુશીબતો ને મુંઝવણો અંગે, પોતાનું દૃષ્ટિબિન્દુ સમજાવતાં શ્રી નહેરૂએ જણાવ્યું હતું કે "અદ્યતન વિજ્ઞાન અને ટેકનીકનો હું પ્રખર હિમાયતી હોવા છતાં, તેનો ઉપયોગ આપણા દેશના સંજોગોને કેટલે અંશે અનુકુળ છે, તે પણ આપણે તપાસવું જોઇએ. દેશના વર્તમાન આર્થિક માળખામાં અદ્યતન વિજ્ઞાન અને ટેકનીક કેમ સારામાં સારી રીતે બંધબેસતી રીતે કરી શકાય તે આજની આકરી સમસ્યા છે."

## (૪) અનાજના અંકુશો-મુકત વેપારની ખુલતી દિશાઓ.

ચાલુ સાલ મોસમ સાનુકુળ હોવાથી અનાજ-રૂ-તેલીબીંઆ વિ. કાચી ચીજોનું ઉત્પાદન ઉત્સાહજનક રહ્યું છે. કેટલીક બાબતોમાં ગયા વર્ષનો સુધારો જળવાઇ રહ્યો છે, જ્યારે બીજી કેટલીક બાબતોમાં વધારો નોંધાયો છે. તારીખ પહેલી જાન્યુઆરીથી ભારત સરકારે બાજરી, જુવાર, મકાઇ, જવ, અને બીજા જાડાં ધાન્ય પરના અંકુશો સંપૂર્ણતઃ રદ કર્યા છે. તેવી જ રીતે ચણાની-હેરફેર ઉપરના બધા અંકુશો પણ નાબુદ કરવામાં આવ્યા છે, આ

સાલ દર વર્ષની જેમ ચોખાની આયાત કરવાની જરૂર રહેતી નથી. જાપાની પધ્ધતિએ ડાંગરનું વાવેતર કરવાની બાબતમાં પણ ઠીક ઠીક પ્રગતિ થઈ છે. અનાજની બાબતમાં જેમ જેમ આપણે સ્વાવલંબનના લક્ષ્ય તરફ આગળ ધપતા જઈએ છીએ, તેમ તેમ આપણા કિંમતી હુંડિયામણનો બચાવ થાય છે, જેનો ઉપયોગ, રાષ્ટ્રોપયોગી બીજા કાર્યમાં થઇ શકે અનાજ અંગેની પરિસ્થિતિમાં આમ ઉત્તરોત્તર પ્રગતિ થતી જશે, તો થોડાક જ વખતમાં ચોખા સહિત, અનાજ પરના બીજા બધા અંકુશો ખેંચી લેવામાં આવશે એમ ધારણા રખાય છે મુંબઇ સરકારે પણ જાડા ધાન્ય અને તેની બનાવટો પરથી ગઇ કાલથી અંકુશો ઉઠાવી લેવાનું સ્તુત્ય પગલું ભર્યું છે. તા. ૧ લી ફેબ્રુઆરીથી પરદેશથી આયાત કરાયેલા ઘઉં ઉપરથી પણ અંકુશો દૂર કરવામાં આવશે, મુંબઇના પુરવઠા પ્રધાન શ્રી. વાય. બી. ચૌહાણે ગઇ કાલે ભાતબજારમાં અંકુશમુકત વેચાણ ખુલ્લું મુકયું હતું. વેપારીઓએ અને જનતાએ સરકારના આ પગલાને હૃદયપૂર્વક આવકાર આપ્યો છે. માપબંધી હેઠળના અગિયાર શહેરોમાં વેપારીઓને બહારના રાજ્યમાંથી આ ધાન્યની આયાત કરવા માટે પરવાનાઓ મેળવવાના હોય છે. જાણકારોનો મત છે કે આ પગલું યોગ્ય સમયે ભરવામાં આવ્યું છે, અને જેમ જેમ વધુ વેગનો મળતા જશે તેમ તેમ માલ ભરાતો જશે અને ભાવો નીચી સપાટીએ સ્થિર થતાં જશે. આમ યુધ્ધ સમયના રીઢા થએલા અંકુશો ક્રમશઃ હઠતા જાય છે અને મુકત વેપારની નવી દિશાઓ ખુલતી જાય છે.

### (૫) મુંબઇ રાજયની કોયના યોજના અને નાણાંકીય કોર્પોરેશન.

મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઇને હસ્તે મહારાષ્ટ્રની કોયના યોજનાના પ્રથમ તબકકાનો પ્રારંભ થયો છે. આ યોજનાથી ભારતની વિશાળ નદી–યોજનાઓમાં એક નૂતન બાંધકામનો ને રાષ્ટ્રવિધાયક પ્રવૃત્તિનો ઉમેરો થાય છે. આ યોજનાથી ખેતીવાડી ને નાના તેમજ મોટા પાયા પરના ઔદ્યોગિક ઉત્પાદનને ખચિત ફાયદો થશે. કોયના યોજનાનું બાંધકામ ત્રણ તબકકાઓમાં વહેંચાએલું રહેશે. પ્રથમ તબકકાનો ખર્ચ રૂ. ૩૩ કરોડનો અંદાજવામાં આવ્યો છે. આ યોજનાથી ભૂગર્ભમાં રાખવામાં આવેલા વિદ્યુત્ મથકોમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવશે; જેમાંથી બે લાખ ત્રીસ હજાર કીલોવોલ્ટ મુંબઇ-પૂના વિસ્તારને અને દસ હજાર કીલોવોલ્ટ કરાડ–સાંગલી વિસ્તારને પ્રાપ્ત થશે.

બેકારીના પ્રશ્નને અનુલક્ષીને અને નાના નાના ઉદ્યોગોને પગભર કરવા અને લોકોની બચત આ કાર્યમાં વાળવા ભારત સરકારે, સૌરાષ્ટ્ર સરકારે અને બીજી કેટલીક પ્રાદેશિક સરકારોએ નાણાંકીય કોર્પોરેશનની સ્થાપના કરી છે. મુંબઈ રાજ્ય માટે પણ આવું એક કોર્પોરેશન હાલમાં સ્થાપવામાં આવ્યું છે. આ કોર્પોરેશનની થાપણ રૂપિયા એક કરોડની છે.

આમાંની ૩૧ ટકા મુંબઇ સરકારે, ૨૦ ટકા રીઝર્વ બેંકે પોતાને હસ્તક રાખતાં, બાકીની ૪૯ ટકા પૂરતી રકમો જાહેર–જનતા ને નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવવાનું મુકરર કરવામાં આવ્યું હતું. કોર્પોરેશન માટે આટલાં જોઇતાં નાણાં એક જ દિવસમાં ભરાઇ ચૂકયા હતા. આ કોર્પોરેશનના શેરો ઉપર ઓછામાં ઓછા ૩ ૧/૨ ટકા આવકવેરામુકત ડીવીડંડની સરકારે ખાત્રી આપી છે. રાજ્યના બધા ભૌગોલિક વિસ્તારોમાંથી શેરો માટેની અરજીઓ આવી હતી તે એક આનંદની બીના છે. મુંબઇ રાજ્યના ઔદ્યોગિક વિકાસને આ કોર્પોરેશન વેગ આપશે.

### (૬) દેશની ઔદ્યોગિક અને વ્યાપારવિષયક પ્રગતિ

૧૯૫૦ થી સરેરાશ ઔદ્યોગિક ઉત્પાદનનો આંકડો વર્ષ પ્રતિવર્ષ ઉંચોને ઉંચો વધતો રહ્યો છે. ૧૯૫૨માં આ આંક ૧૨૯નો હતો, ૧૯૫૩ માં આ આંક ૧૩૪ નો નોંધાયો હતો. માલીક–મજૂરોના સંબધો એકંદરે સારા રહેવાને પરિણામે કારખાનાના કામના કલાકોનો વ્યય ઓછો થયો છે. ગયા વર્ષને મુકાબલે આ સુધારો લગભગ ૫૦ ટકા ઉપરનો ગણી શકાય. મીલ–ઉદ્યોગે ખાસ કરીને સારૂં ઉત્પાદન બતાવ્યું છે. આયોજન પંચ તરફથી નકકી કરવામાં આવેલું ઉત્પાદનનું આખરી લક્ષ્યબિન્દુ આ ઉદ્યોગે અત્યારથી જ વટાવ્યું છે. આપણા દેશમાં પહેલી મીલ ૧૮૫૩ માં શરૂ થઇ હતી અને તેથી આ સાલ મીલ ઉદ્યોગ તેની શતાબ્દિ ઉજવશે. ભારતના મીલ ઉદ્યોગે સો વર્ષમાં જે પ્રગતિ સાધી છે તે આપણા માટે એક અભિમાનનો વિષય છે.

કેન્દ્રના વ્યાપાર પ્રધાન, શ્રી. ડી. વી. કરમારકરે જણાવેલા આંકડાઓ મુજબ છેલ્લા ત્રણ ચાર માસમાં વિદેશના વેપારનું પાસું રૂપિયા વીસ કરોડથી વધુ આપણી તરફેણમાં રહ્યું છે. છેલ્લા બે વર્ષને મુકાબલે આપણી નિકાસોની કુલ કિંમતમાં ઘટાડો થયો છે, કારણ કે વિવિધ નિકાસોના (ચીજોના) ભાવ નીચા રહ્યા છે; પણ નિકાસના કુલ જથ્થામાં વધારો નોંધાયો છે. આપણો નિકાસ વેપાર સરકાર અને વેપાર–ઉદ્યોગનું વધુ ધ્યાન માંગી લે છે, કારણ કે જ્યારે ૧૯૫૧ માં આપણે રૂ. ૭૬૭ કરોડના માલની નિકાસ કરી હતી, અને ૧૯૫૨ માં રૂા. ૭૧૬ કરોડના માલની નિકાસ કરી હતી, ત્યારે ૧૯૫૩ માં આપણી નિકાસ અંદાજે લગભગ રૂ. ૫૫૦ કરોડની રહી હતી. કાપડની નિકાસ જોઇએ તો જાડા અને મધ્યમ કાપડની નિકાસમાં સારો એવો વધારો થયો છે, પણ સારા અને ઉત્તમ પ્રકારના કાપડની નિકાસ ઘટી છે, કારણ કે આંતરરાષ્ટ્રીય વ્યાપારના ક્ષેત્રે સખ્ત હરિફાઇનો સામનો કરવો પડયો છે.

### (૭) ચાલુ છ માસની આયાતનીતિ

આવી રીતે સરખામણીમાં આપણી હુંડિયામણની પરિસ્થિતિ સંતોષજનક રહેવાથી ભારત સરકારે જાન્યુઆરી–જુન ૧૯૫૪ ના છ માસની આયાતનીતિની જે જાહેરાત કરી છે તેને વેપાર ઉદ્યોગના વર્તુળોએ સંતોષકારક લેખી છે. ચાલુ સાલના પ્રથમ છ માસમાં રૂ ૨૫૫ કરોડની આયાતો થઇ શકશે એવો અંદાજ છે. ગયા છ માસ દરમ્યાન જે આયાત નીતિ હતી તેમાં છૂટછાટો મૂકવામાં આવી છે. કારખાનાદારો પોતાની જરૂરિયાતો પરદેશથી સીધી મંગાવી શકે તે સવળતા ચાલુ રાખવામાં આવી છે; અને સ્થાપિત આયાતકારો ઉપરાંત નવા આયાતકારોને વધુ સગવડ મળે તેવો પ્રબંધ કરવામાં આવ્યો છે. નવી આયાતનીતિમાં જૂની પધ્ધતિમાંની અમુક કિલષ્ટતાઓ ટાળવાનો પણ પ્રયાસ થયો છે. નવી નીતિમાં ઔદ્યોગિક ઉત્પાદનને જરૂરી એવા કાચા માલને, રોજના વપરાશની ચીજ વસ્તુઓને અને ઉત્પાદનને આવશ્યક સાધન–સામગ્રીને મહત્વ આપવામાં આવ્યું છે. એન્જીનીઅરીંગ ઉદ્યોગને લગતી આયાતો મર્યાદિત કરવામાં આવી છે કે જેથી દેશના કારખાનાઓની ફાજલ ઉત્પાદન શકિત ઉપયોગમાં લઇ શકાય.

### (૮) નવા વેપારી કરારો ને પ્રદર્શનો

ઐતિહાસિક કારણોને લઇને વર્ષોથી આપણે વિદેશનો વ્યાપાર ઇંગ્લાંડ અને યુરોપના કેટલાક દેશો સાથે જ મુખ્યત્વે કરીને રહ્યો છે. આઝાદી મળ્યા પછી આ પરિસ્થિતિમાં અનુકુળતા મુજબ વૈવિધ્ય લાવવા સભાન અને સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આપણા વિદેશના વ્યાપારની ભૌગોલિક સમતુલા જાળવવા આ જરૂરનું છે. હાલમાં જ ભારત અને સોવીએટ રશિયા વચ્ચે વ્યાપારી કરારો થયા છે તેની નોંધ લેવી ઘટે. આ કરારની મુદત પાંચ વર્ષની રાખવામાં આવી છે. મીસર સાથેના કરારની જેમ આ કરાર હેઠળ પણ આયાત નિકાસ કરાતા માલનું મૂલ્ય રૂપિયાના ચલણમાં કરવાની અને તે અનુસાર સ્ટર્લિંગ અંગેની વ્યવસ્થા કરવાની જોગવાઇ છે. આમ

આ કરાર મુજબ સુલભ ચલણમાં વ્યાપાર થશે, અને ડૉલરની જરૂર નહીં રહે. આ કરાર આપણા પરદેશ સાથેના વ્યાપારના ઇતિહાસમાં એક નવું પાનું ઉઘાડે છે. આ કરારની વિપરીત અસર રાજકીય ક્ષેત્રે ન પડે તે અંગે તકેદારી રાખવામાં આવી છે.

ભારત અને પશ્ચિમ જર્મની વચ્ચેની, વ્યાપારી મંત્રણાઓ શરૂ થઇ ચૂકી છે. તા૦ ૩૧ મી જાન્યુઆરીને રોજ ચાલુ કરારોનો અંત આવે છે. જાણકાર મંડળો ધારે છે કે ચાલુ કરાર પ્રમાણે માલની આપલે સંતોષકારક રહેવા પામી હોવાથી નવા વ્યાપારી કરારોમાં ખાસ કાંઇ ફેરફાર થવાનો સંભવ નથી. રૂ. ૭૧ કરોડને ખર્ચે એક જંગી પોલાદનું કારખાનું સરકાર હસ્તક ઉભું કરવા અંગે તાજેતરમાં ભારત સરકારે જર્મન કંપનીઓ સાથે કરારો કર્યા છે. આ કારખાનાનું સ્થળ નક્કી થયા પછી ચાર વર્ષે આ કારખાનામાંથી ઉત્પાદન બહાર પડશે.

વ્યાપારી કરારો ઉપરાંત નિકાશો વધારવામાં ઔદ્યોગિક અને વ્યાપાર વિષયક પ્રદર્શનો પણ અગત્યનો ભાગ ભજવે છે. યુરોપમાં ભરાયેલાં કેટલાક પ્રદર્શનોમાં ભારતે પોતાનો માલ દેખાડયો હતો. નિકાસ થતાં માલને વ્યાપક જાહેરાત મળે તે હેતુથી ભારતમાં મોટા પાયા પર ઉજવાતા પ્રજાસત્તાક દિને સીંગાપુરમાં અને એપ્રીલ માસમાં કેરો ખાતે પ્રદર્શનો ભરવાનું ભારત સરકારે નક્કી કર્યું છે.

ભારતીય નિકાસ માલની રજુઆત માટે બ્રસેલ્સ, મનીલા અને કોલંબો ખાતે પણ 'શો રૂમ્સ' રાખવાની ભારત સરકારે જાહેરાત કરી છે. આ પ્રયાસો ઉપરાંત નિકાસો વધારવાના કાર્યની સાંકળમાં 'બિન–સત્તાવાર' પ્રતિનિધિમંડળો પણ એક અગત્યની કડીનું કામ કરે છે. વ્યાપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ ધરાવતા આવા બિનસત્તાવાર પ્રતિનિધિમંડળો તાજેતરમાં ઇજીપ્ત અને જાપાન તથા દૂર પૂર્વના દેશોમાં મુલાકાતે ગયા હતા. "ઉત્પાદન વધારો ને વધુ નિકાસ કરો" તે દિશામાં આ બધાં જરૂરી પગલાંઓ છે.

**કાન્તિલાલ બરોડિયા**

# પંડિતજીનું પ્રતિભાપૂર્ણ પ્રવચન

(કલ્યાણી ખાતે તા૦ ૨૩ તથા ૨૪ મી જાન્યુઆરીના રોજ મળેલા રાષ્ટ્રીય મહાસભાની ૫૯ મા અધિવેશનના અધ્યક્ષ સ્થાનેથી મહાઅમાત્ય પં. જવાહરલાલ નહેરૂએ આપેલા અંગ્રેજી પ્રવચનના મહત્વના ભાગોનો શ્રી. હંસાબહેન શેઠે કરેલો અનુવાદ નીચે ક્રમશ: પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આજે આપણે કટોકટીના સમયમાં એકઠા થયા છીએ. આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ કે કોઈ એક પ્રકારની કટોકટી ચાલુ ને ચાલુ જ હોય છે અને દુનિયા આશા અને ભય વચ્ચે ઝોલાં ખાતી રહે છે. આ સંજોગોમાં પણ એટલું તો આપણે સ્વીકારવું જ રહ્યું કે આજે વર્તમાનમાં અને તત્કાળ ભવિષ્યમાં દુનિયા અનેક વિશિષ્ટ મુશ્કેલીઓનો અને ભયસ્થાનોનો સામનો કરી રહી છે.

આ હું લખી કે બોલી રહ્યો છું તે વખતે પણ નજદિકના ભવિષ્યમાં શું થશે તે હું જાણતો નથી. મહાસભાની બેઠકમાં આપણે સૌ ભેગા થયા છીએ તે આજનો દિવસ પણ કટોકટી ભરેલો છે. કારણ કે કોરિયાની કરુણ કથામાં આજના દિવસે એક મહત્વપૂર્ણ કાંડ ભજવાઈ રહ્યું છે.

એ દિવસ પછી ચાર મહારાજ્યોના આગેવાન પ્રતિનિધિઓ બર્લીનમાં મળવાના છે. તે સભાનું શું પરિણામ આવે છે તે ઉપરથી કદાચ કયું પલ્લું નમતું જોખાશે તે કહી શકાશે. પછીના દિવસે ૨૬ મી જાન્યુઆરીએ આપણા પ્રજાસત્તાક રાજ્યની ચોથી વર્ષગાંઠ આપણે ઉજવવાના છીએ. ૨૪ વર્ષથી જે દિવસે આપણી પ્રજા ફરી ફરીને મહાન ધ્યેયની સેવા કરવાની પ્રતિજ્ઞા લેતી આવી છે તેવો આ ઐતિહાસિક અને ધન્ય દિવસ છે.

તેના પછી તરત જ બીજી એક પુણ્યતિથિ આવે છે. આપણા રાષ્ટ્રપિતાના બલિદાનના દિવસે આપણે આપણા હૃદયમાં ઉંડી દૃષ્ટિ કરીએ અને તેમના સિધ્ધાંતોને આપણે કેટલા વફાદાર રહ્યા છીએ તે શોધવા પ્રયત્ન કરીએ.

અવનવી ઘટનાઓનું અને મહત્વના બનાવોનું આવું વિચિત્ર મીશ્રણ તે આજની દુનિયાના પ્રતિકસમું છે. આપણે કાબૂમાં નથી રાખી શકતા તેવાં બળોથી આપણે ચોતરફ ખેંચાયા કરીએ છીએ. પૂ. ગાંધીજીએ જે સિધ્ધાંતોમાં શ્રધ્ધા રાખતાં આપણને શીખવ્યું હતું તે સિધ્ધાંતો દૃઢ આધારસમા આપણી સમક્ષ ખડા છે. પોષક અને બળદાયક આશા અને શ્રધ્ધા પણ આપણી પાસે છે. અને વળી આપણને પાયામાંથી સમૂળા ઉખેડી નાંખવાનો પ્રયત્ન કરતા ચોતરફથી ધસતા ભય ધિક્કાર અને હિંસાથી પણ આપણે ઘેરાયેલા છીએ.

વળી ભારેલા યુધ્ધના જે ઓળા પડે છે તે આ યુધ્ધની કાળઘેરી રાત્રીમાં પરિણમશે કે માનવતાને માટે નૂતન આશાના પ્રભાત અને સૂર્યપ્રકાશના આવાહક બનશે એ વિષે આપણે કશું પણ વિશ્વાસપૂર્વક કહેવાની સ્થિતિમાં નથી.

આમથી તેમ ઉથલાવવાને મથતા પરસ્પર વિરોધી બળોની વચ્ચે વર્તમાન કાળમાં તલવારની ધાર ઉપર સમતોલપણું સાચવવું તે અત્યંત દુષ્કર કાર્ય છે. આપણુ પરમ સૌભાગ્યે પૂ. ગાંધીજીએ આપણને જે પ્રેરણા આપી હતી તે હજી આપણે જીવતી રાખી છે, કદી કદી તેમનો ઉપદેશ આપણે વિસરી જઇએ છીએ. એમ છતાં પણ તે પ્રેરણાનો પ્રકાશ આપણા મન અને દિલને હજુ અજવાળી રહ્યો છે.

કોરિયામાં ન્યુટ્રલ નેશન્સ રીપેટ્રીએશન કમીશનનું પ્રમુખસ્થાન લેવાની અને આપણું લશ્કર મોકલવાની ભારે જવાબદારી આપણે સ્વીકારી હતી. સંકટગ્રસ્ત અને યુધ્ધપીડિત એ દેશમાં શાંતિ સ્થાપવામાં અને કોરિયાના યુધ્ધનો અંત લાવવામાં આપણે ફાળો આપવાના હેતુથી એ કાર્ય સ્વીકારેલું. આજે અથવા નજદિકના ભવિષ્યમાં ગમે તે બને, એમ છતાં પણ અત્યંત નમ્રતાપૂર્વક આપણે દાવો કરી શકીશું કે આ યુધ્ધ પ્રવૃત્તિઓનો અંત લાવવા માટે આપણે આપણાથી બનતું કર્યું છે. શાંતિની ભાવનાથી આ રીતે આપણે અમુક ઉપાસના કરી છે અને સંયુક્ત રાષ્ટ્રની સમક્ષ આપણે જે યુધ્ધકેદીઓ અંગેના ઠરાવો રજૂ કર્યા છે તેનું સાચું મૂલ્યાંકન પણ આ દૃષ્ટિબિંદુથી કરવું જોઇએ.

આ કાંઈ સહેલું અને સરળ કામ ન હોતું. બન્ને તરફથી સેવાયલા વિરોધ, વહેમ અને કડવાશની વચ્ચે આપણે કામ કરવું પડયું છે. અને બન્ને પક્ષ તરફથી આપણી ઉપર ભાતભાતના આક્ષેપો થયા છે. આપણી નિષ્પક્ષતા અને તટસ્થતા ઉપર પણ ચિત્રવિચિત્ર કટાક્ષો મૂકાયા છે. અને દક્ષિણ કોરિયાના પ્રમુખશ્રીએ ધાકધમકી અને અપમાનથી આપણને નવાજ્યા છે. આ બધું છતાં પણ આપણે આપણી જવાબદારીઓ સતત અદા કરતા રહ્યા છીએ. શાંત અને ન્યાયી ઉકેલને વેગ આપવાના આપણા પરમ ધ્યેયમાંથી જરા પણ ચલિત થયા વિના અને કોઈ પણ પ્રકારના દબાણને વશ થયા વિના આપણે કામ કર્યે ગયા છીએ. બીનપક્ષી અને સ્વતંત્ર રહેવાની આપણી મૂળભૂત નીતિને અને અહિંસક દૃષ્ટિબિંદુને વળગી રહેવાનો આપણે પ્રયત્ન કર્યો છે.

આ કોરિયાનો પ્રશ્ન આપણી વિદેશનીતિને માટે એક કસોટી સમાન બન્યો છે. આશા રાખીએ કે આપણને તેમજ બીજા સૌને તે એક નાનકડા પદાર્થપાઠ અને દૃષ્ટાંતસમો બનશે. આપણે મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડશે અને કદાચ ઘણાને પસંદ ન પડે તેવા નિર્ણયો લેવા પડશે. પણ આપણા પ્રયત્નમાં અને આપણી ફરજ બજાવવામાં આપણે મક્કમ રહીશું. આપણા ઉજ્જવળ વારસાને

શોભે તેવો તે એક જ રસ્તો છે અને હું માનું છું કે આપણા પ્રજાને તે માન્ય છે.

જે હેતુસર રીપેટ્રીએશન કમીશનની નિમણુંક થઇ હતી તે હેતુ સંપૂર્ણપણે સિધ્ધ થયો નથી. ઘણા યુધ્ધકેદીઓને ખુલાસો સાંભળવાની તક મળી નથી. અને ઘણા પ્રશ્નોનો નિકાલ લાવવા માટે જે રાજકીય પરિષદ મળવાની હતી તે પણ હજુ મળી નથી. સામાન્ય રીતે તો બીજું પગલું લેવાય તે પહેલાં આ બધી ક્રિયાઓ પૂરી થઇ જવી જોઇતી હતી, પણ સમયની મર્યાદાથી આપણે બંધાઇ ગયા હતા અને બન્ને પક્ષની સંમતિ વિના આપણે તેનાથી આગળ જઇ શકીએ તેમ નહોતું. બન્ને પક્ષની સંમતિ શક્ય ન બની અને આપણે માટે ખુલ્લો એવો એક જ માર્ગ આપણે લેવો પડયો. એ સિવાયના બીજા કોઇ પણ રસ્તાનું પરિણામ હિંસા અને અરાજકતામાં આવત.

યુધ્ધકેદીઓને પાછા મોકલવાનું કામ પૂરૂં નહેતું થયું, તેથી એ સંજોગોમાં આપણે કેદીઓને છોડી પણ શકતા નહોતા અને તેમને સ્વતંત્ર નાગરિક તરીકે પણ જાહેર કરી શકતા નહોતા. આપણે તેમને આપણા કબજામાં રાખી શકતા નહોતા, કારણ કે અમુક તારીખ પછી તેમને તેમ રાખવાની આપણી પાસે કોઇ સત્તા નહોતી. ઘણા વિચારોને અંતે આપણને લાગ્યું હતું કે એક પક્ષના આગ્રહથી નહીં પરંતુ બન્ને પક્ષની સંમતિથી જ આપણે આગળ પગલું ભરી શકીએ.

આપણે સતત યાદ રાખવું જોઇએ કે કોરિયામાં શાંતિની પુનઃસ્થાપના અને પરસ્પર સમજૂતી એ આપણો મુખ્ય હેતુ છે. યુધ્ધવિરામના કરારમાં રાજકીય પરિષદનો મુદ્દો આ હેતુને માટે જ મૂકેલો હતો. હું આશા રાખું છું કે આ પરિષદ વહેલી મળશે અને મુદ્દાઓ અને પ્રશ્નો વિચારશે અને નિર્ણય લેશે.

રીપેટ્રીએશન કમીશનમાં કામ કરતા આપણા પ્રતિનિધિઓ અને કોરિયાના આપણા સેનાદળને ઘણા મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડયો છે. પોતાનું કાર્ય તેઓએ વિલક્ષણ કુશળતાથી પાર પાડયું છે. આપણે તેમને શુભેચ્છા પાઠવીએ. તમારા વતી તેમને હું કહેવા માંગું છું કે આપણે તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવીએ છીએ અને કોરિયામાં કરેલા તેમના કામને માટે આપણે મગરૂર છીએ તેમ સમજીને તેઓ પોતાની કામગીરી ચાલુ રાખે.

સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણું તાકીદનું કાર્ય લોકોની આર્થિક સ્થિતિ સુધારવાનું, તેમનું જીવનધોરણ ઉંચે લાવવાનું, ગરીબીનો શાપ દૂર કરવાનું અને સમાનતા તથા સામાજિક ન્યાયની સ્થાપના કરવાનું છે. આ મહાન કાર્યમાં આપણે જેટલે અંશે સફળ કે નિષ્ફળ નીવડીશું તેટલે અંશે આપણી સિદ્ધિઓની કિંમત અંકાશે. તેથી આ કાર્યો પાર પાડવાની આપણી પ્રથમ ફરજ રહે છે અને રહેશે.

પરંતુ દુનિયા બધી બાજુથી આપણી નજીક આવી રહી છે, જાણે કે આપણને ઘેરી રહી છે. તેથી બીજા દેશોમાં અને ખાસ કરીને એશિયામાં જે બનાવો બને છે તેથી આપણે અલિપ્ત રહી શકીએ નહીં. અણુયુગના ઉંબરે આજે આપણે ઉભા છીએ જે આખી દુનિયાને એક એકમમાં ગૂંથી રહેલ છે—પછી તે ભલાને માટે હો કે બુરા માટે હો. દક્ષિણ એશિયામાં હિંદ પોતાના ભૌગોલિક સ્થાનને લીધે વર્ષોથી એશિયાના બીજા દેશો સાથે નિકટના સંબંધો વડે સંકળાયલું રહ્યું છે. ભૂગોળને આપણે બદલી કે અવગણી ન જ શકીએ.

આથી આપણે દુનિયા પ્રત્યે સમગ્ર દૃષ્ટિ ખીલવવી પડશે, કારણ કે આપણે એકાકી રહી શકીએ તેમ નથી. આનો અર્થ એવો નથી કે આપણે બીજાના પ્રદેશમાં દખલગીરી કરવી કે આપણા દેશમાં બીજાની દખલગીરીને સહન કરી લેવી. પરંતુ દુનિયાના દેશો અને પ્રજાઓ વચ્ચે વધુ સુમેળની જરૂર તો છે જ. કારણ કે તે સિવાયનો એક માત્ર માર્ગ પ્રચંડ ઘર્ષણ અને ભયંકર વિનાશનો જ છે.

આ સહકારની વૃત્તિને બદલે તેથી ઉલટું જ કાંઇક આજે નજરે પડે છે. મહાન અને શકિતશાળી દેશો સામસામા યુધ્ધ માટે ગોઠવાઈ ગયા છે અને એક બીજા ઉપર આક્રમક યોજનાઓના આક્ષેપ મૂકે છે. આ ઘર્ષણ અને તેણે ફેલાવેલા ભયના વાતાવરણથી દુનિયા થાકી અને કંટાળી ગઇ છે. કોઇને યુધ્ધ જોઇતું નથી અને તેમ છતાં કોઇક વિચિત્ર નિર્માણના જોરે આપણા જીવનમાં યુધ્ધના વિચારો જ પ્રધાનપદ ભોગવે છે.

શું યુધ્ધ આવે તો તે આપણને મૂંઝવતા કોઈ પણ પ્રશ્નનો ઉકેલ લાવી શકશે ખરૂં ? ના, ઉકેલ કદિ લાવી નહીં શકે એ સ્પષ્ટ છે. તે માત્ર લાવશે અનહદ વિનાશ અને આધુનિક સંસ્કૃતિ અને સંસ્કારિતાના પાયાને જ કદાચ તોડી પાડશે. આખીયે માનવજાત પાયમાલ થશે અને આજે આપણને મૂંઝવી રહ્યા છે તેથીય ઘણા મોટા પ્રશ્નો આપણી સામે ઉભા થશે. તેથી યુધ્ધ તો નિવારવું જ જોઇએ, કારણકે આજના સંજોગોમાં એથી વધારે અનિષ્ટ બીજું કોઈ નથી. યુધ્ધને માર્ગે લઇ જનારા બીજા બધા પ્રયાસો નિવારવાના રહેશે અને આપણા પ્રશ્નોનો ઉકેલ આપણે બીજી રીતે શોધવાનો રહેશે. તેથી આજે જે તંગદીલીભરી પરિસ્થિતિ જ્યાં જ્યાં વિદ્યમાન છે ત્યાં ત્યાંની તંગદીલી ઓછી કરવી તે સૌથી પ્રથમ પગલું છે

અગ્રસ્થાન ભોગવતા રાષ્ટ્રોના બે શક્તિશાળી જૂથ એકબીજાની સામે થયા છે. એક છે સામ્યવાદી જૂથ અને બીજું લોકસત્તાવાદી અથવા સામ્યવાદનું વિરોધી જૂથ. જેઓ આ બેમાંથી એકકે જૂથમાં જોડાવા નથી માંગતા તેઓ પોતાની જાત સંભાળીને ઉભા છે એ બન્ને જૂથવાળા તેમની ટીકા કરે છે; કેમ જાણે બે છેડા સિવાય ત્રીજો કોઈ વિકલ્પ જ ન હોય?

આપણી નીતિ તટસ્થતાની અને બધા દેશોની સાથે મૈત્રીભાવ જાળવવાની છે. આપણે એ નીતિ સ્વીકારી છે, કારણકે આપણે અંતર્ગત રીતે શાન્તિને વરેલા છીએ, એટલું જ નહીં પણ આપણા દેશની પાયાની વિચાર-ભૂમિકા અને આપણા સિદ્ધાંતોને આપણે બિનવફાદાર થઇ શકતા નથી. આપણને ખાત્રી થઇ છે કે આજના પ્રશ્નોનો શાન્તિપૂર્વક ઉકેલ નીકળી શકે તેમ છે અને દરેક દેશ પોતાની ઇચ્છા બીજા ઉપર લાદયા સિવાય પોતાનું જીવન બરોબર ચલાવી શકે તેમ છે.

આપણું રાષ્ટ્ર પ્રજાસત્તાક છે અને આપણા હેતુઓ આપણે ઘડેલા બંધારણમાં નોંધાયલા છે આપણા રાષ્ટ્રપિતાના કથન મુજબ ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે ગમે તેવા સાધનોનો ઉપયોગ વ્યાજબી ઠરતો નથી. આ આપણે કદિ ભૂલી શકતા નથી. આજે દુનિયાની ઘણીખરી મુશ્કેલીઓ, લોકો આ મૂળભૂત સિદ્ધાંતને ભૂલી ગયા છે અને પોતાના સાધ્યને પાર પાડવા ગમે તે સાધનનો ઉપયોગ કરવા તૈયાર થયા છે તેને જ આભારી છે. પરિણામે લોકશાહીના રક્ષણ અર્થે અને સ્વતંત્રતાને નામે એવું વાતાવરણ ઉભું થાય છે કે જે લોકશાહીને ગૂંગળાવી નાંખે છે અને સ્વતંત્રતાને રૂંધે છે અને અંતમાં બન્નેનો કદાચ નાશ કરે છે.

આપણે કોઈ જગ્યાએ કોઇ પણ પ્રકારની નેતાગીરી પ્રાપ્ત કરવાનો મોહ ધરાવતા નથી કે તેવો કોઇ દાવો કરતા નથી. કોઇ પણ દેશના રાજ્યવહીવટમાં આપણે વચ્ચે આવવા માંગતા નથી અને આપણા રાજ્યવહીવટમાં બહારની કોઇ દખલગીરીને ચલાવી લેવા આપણે તૈયાર નથી. અનેક રીતે ભિન્ન હોવા છતાં દુનિયાના

દેશો વચ્ચે મૈત્રી અને સહકારની ભાવના જરૂરી છે એમ આપણે માનીએ છીએ. આપણી નીતિ અથવા આપણા કોઇ પણ પગલાથી દુનિયાના મહાન પ્રશ્નોમાં ભારે અગત્યનો ફેરફાર થશે તેમ માનવાની આપણે કોઇ ભ્રમણા સેવતા નથી, પરંતુ કોઇક વખત આપણે કદાચ શાંતિનું પલ્લું નમાવવામાં મદદરૂપ થઇ શકીએ, અને એ શક્ય હોય તો તે દિશામાં કરવામાં આવતો દરેક પ્રયત્ન સાર્થક છે.

શાંતિનો અર્થ માત્ર યુધ્ધનો અભાવ એવો નથી થતો. એ તો એક માનસિક સ્થિતિ છે. તે માનસિક સ્થિતિ આજના ભારેલા યુધ્ધની દુનિયામાંથી લગભગ સંપૂર્ણપણે અદૃશ્ય થઇ ગઇ છે. યુધ્ધની અને ભયની આ હવાને આધીન ન થવાનો અને આપણા તેમ જ વિશ્વના પ્રશ્નોનો શક્ય તેટલો નિઃસ્વાર્થભાવે વિચાર કરવાનો આપણે પ્રયત્ન કર્યો છે. આપણે માનીએ છીએ કે દુનિયા કોઇ ભયંકર દુઃખદ પરિસ્થિતિમાં સંડોવાઇ જાય તો પણ દુનિયાના અમુક ભાગને શક્ય તેટલો તેનાથી અલગ રાખવો એ ઇચ્છનીય છે. તેથી જ આપણે જાહેર કર્યું છે કે હિંદ યુધ્ધમાં ભાગ લેશે નહીં. આપણે આશા રાખીએ છીએ કે એશિયાના બીજા દેશો પણ તેવી જ રીતે દૂર રહેશે અને એક શાંતિક્ષેત્ર ઉભું કરશે, જેમ જેમ આ ક્ષેત્ર મોટું થતું જશે તેમ તેમ યુધ્ધનો ભય દૂર થતો જશે આખી દુનિયા જો એ મોટા પ્રતિસ્પર્ધી બળોમાં વહેંચાઇ જાય તો દુનિયાને માટે કોઇ આશા રહેતી નથી અને યુદ્ધ અનિવાર્ય થઇ પડે છે

આપણે ભયના વાતાવરણમાં કે ભયપૂર્વક રહેવા માંગતા નથી. કમનસીબે જો આક્રમણ આવી પડે તો તેનો સામનો સર્વ પ્રકારે આપણે કરીશું.

આના અનુસંબંધમાં આપણે યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી પાકીસ્તાનને મળનારી લશ્કરી સહાયની દરખાસ્તનો વિચાર કર્યો છે. એમાં માત્ર એક સમૃદ્ધ અને શક્તિશાળી દેશે બીજા અણુવિકસિત દેશને મદદ કરવાનો પ્રશ્ન નથી. પરંતુ તેમાં એવાં તત્વો છે કે જે શાન્તિની સમસ્યાના તેમ જ એશિયાના બીજા દેશોની સ્વતંત્રતાના મૂળમાં ઘા કરે છે.

ભારત સહિત આ દેશોએ તાજેતરમાં જ સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે. તેઓ તેને લાયક હશે અને તેનું રક્ષણ કરવા શક્તિમાન હશે ત્યાં સુધી જ તેને જાળવી શકશે. જે ક્ષણે તેમણે પોતાના રક્ષણ માટે બીજાની ઉપર આધાર રાખવો શરૂ કર્યો તે ક્ષણથી સ્વતંત્રતાનો એટલો અંશ તો તેમણે ગુમાવી જ દીધો અને બાકીનો અંશ પણ ભવિષ્યમાં હાથમાંથી સરકી જવાનો. એશિયાના જે દેશોએ લાંબા વખત સુધી પરદેશી હકૂમત નીચે ભયંકર યાતનાઓ સહન કરી છે તેમને માટે આ કાંઇ નાનીસૂની વાત નથી. ઇતિહાસની દીર્ઘદૃષ્ટિએ જોતાં આનો અર્થ, જે સ્વતંત્રતા માટે આપણે બધા સૈકાઓ સુધી લડયા અને છેવટે ઇષ્ટ પરિણામ આવ્યું તેને જ ઉથલાવી નાંખવાનો થાય છે.

આમાં કોઇ પ્રકારના હેતુનો સવાલ નથી, પરંતુ અમુક પગલાં જે અનિવાર્યપણે બીજાં કેટલાંક પગલાં તરફ લઇ જાય છે તેનો પ્રશ્ન છે. આપણે સ્વતંત્રતા માટે ઝઝુમ્યા છીએ અને મૂલ્યવાન વારસાની જેમ તેનું રક્ષણ કરીએ છીએ. શું હવે આપણે ભય અથવા અસહાયતાની લાગણીથી તેને જ જોખમમાં મૂકીશું? એશિયાના દરેક દેશે આ પ્રશ્ન પોતાની જાતને પૂછવાનો છે અને જવાબ આપવાનો છે.

**અમેરિકાની** આ લશ્કરી સહાયની દરખાસ્તની બાબતમાં પાકીસ્તાન તરફથી એટલાં બધાં પરસ્પરવિરોધી નિવેદનો થયાં છે કે તેમાંથી સત્ય હકીકત તારવવી મુશ્કેલ છે. પરંતુ જે કાંઇ કહેવામાં આવ્યું છે તે પરથી એટલું તો જરૂર નક્કી થાય છે કે આ કાંઇ હવાઇ વાતો નથી. તેની પાછળ ઘણું તથ્ય રહેલું છે અને આ દરખાસ્ત પાછળ દૂરગામી પરિણામો રહેલાં છે એમ સૂચવતું પણ ઘણું કહેવામાં આવ્યું છે. પાકીસ્તાન જો આ મદદનો સ્વીકાર કરે તો તે એકબીજા સામે મંડાયેલા મહાન રાષ્ટ્રસમૂહોનો એક ભાગ બને છે. તેથી તે ગર્ભિત રીતે યુદ્ધવિસ્તાર બની રહે છે અને તેની પરદેશનીતિ ક્રમશ; બીજાઓના હાથમાં જાય છે આ વાતનો ઇનકાર કરવાનો ભાગ્યે જ કાંઇ અર્થ છે. પરિણામે એશિયામાં સ્વતંત્રતાની પીછેહઠ થાય છે અને ઐતિહાસિક પ્રવાહોની દિશા પણ બદલાઇ જાય છે.

ભારત માટે અનેક દૃષ્ટિએ આ મહત્વનો પ્રશ્ન છે. આપણી સરહદ ઉપર યુધ્ધ આવી રહ્યું છે એ હકીકત જ આપણે માટે પૂરતી ગંભીર છે. વળી આ લશ્કરી સહાયનો ઉપયોગ કદાચ ભારતની સામે જ થાય એ શક્યતાની પણ અવગણના કરી શકાય નહીં. હું અંતઃકરણથી શ્રધ્ધા રાખું છું કે આ તબક્કે પણ વિચારાઇ રહેલી આ કમનસીબ યોજના મૂર્તસ્વરૂપ નહિ પામે. આ શબ્દો હું કોઇ વૈરભાવથી નહીં પરંતુ પાકીસ્તાની પ્રજા સાથેના મૈત્રીભાવથી કહું છું.

દેશના ભાગલા પડયા અને પાકીસ્તાનની સ્વતંત્ર રાજ્ય તરીકે સ્થાપના થઇ ત્યારથી હું માનતો આવ્યો છું કે ભારત અને પાકીસ્તાને મિત્રતા અને સહકારપૂર્વક રહેવું જોઇએ. મારા આ મતને માત્ર કોંગ્રેસનો જ નહીં પરંતુ પ્રજાના મોટા ભાગના લોકોનો ટેકો છે. પાકીસ્તાનની સ્વતંત્રતાને આપણે સ્વીકારી છે અને કોઈ રીતે તેને પડકારવાનો પ્રશ્ન કદિ છે જ નહિ. બીજો કોઇ પણ માર્ગ લેવો તે મૂર્ખતાની પરાકાષ્ટા જ લેખાય. તેથી આપણે પાકિસ્તાન પ્રત્યે હંમેશા શુભેચ્છા દાખવતા આવ્યા છીએ અને પાકિસ્તાની પ્રજાને પ્રગતિ અને આબાદી ઇચ્છતા રહ્યા છીએ.

પાકીસ્તાન સાથે આપણને અનેક બાબતો વિષે ઝગડા હતા અને તેમાંના કેટલાક આજે પણ વણઉકલ્યા ઉભા છે એ વાત સાચી, પરંતુ તેથી મૂળ પરિસ્થિતિ બદલાતી નથી કે ભારત અને પાકિસ્તાને મૈત્રીભાવથી રહેવું જોઇએ. નહીં તો બન્નેને ઘણું સહન કરવું પડશે અને સ્વતંત્રતા જોખમાશે.

આપણા ઝઘડાઓ આપણે પોતે જ સાથે મળીને પતાવવાના છે અને નહિ કે તેમાં બીજા કોઇને માથું મારવાનો અધિકાર છે. બહારના દેશોની દખલગીરી ન હોત તો હું માનું છું કે અત્યાર સુધીમાં આમાંના કેટલાય ઝગડાઓનો ઉકેલ આવી ગયો હોત.

બેત્રણ વર્ષ પહેલાં પાકીસ્તાનને મ્હેં "આપણે પરસ્પર યુધ્ધ કદિ નહિ કરીએ" એ મુજબની જાહેરાત કરવાની દરખાસ્ત કરી હતી. આનો અર્થ સ્પષ્ટ હતો કે કોઇ પણ સંજોગોમાં આપણે બે દેશો સામસામા લડીશું નહીં. એ દરખાસ્તનો અસ્વીકાર થયો. આપણા પક્ષે એ દરખાસ્ત આજે પણ ઉભી જ છે, કારણ કે આપણને યુધ્ધ કદિ ખપતું જ નથી. આપણી નીતિના સ્વાભાવિક પરિણામ તરીકે આપણે પડોશના કોઇ પણ દેશ સાથે આ પ્રકારની સમજૂતિ કરવા તૈયાર છીએ, જેથી બન્ને પક્ષે આક્રમણ નહીં થાય તેની બાંહેધરી મળી શકે.

પાકીસ્તાનને મળનારી લશ્કરી સહાયને પરિણામે ઉભી થએલી પરિસ્થિતિ વિષમ છે. આપણે તે તરફ બેધ્યાન રહી શકીએ નહીં. પરંતુ તેથી ગભરાવાની પણ જરૂર નથી. અલબત્ત આ પરિસ્થિતિ આપણા પક્ષે નવી જવાબદારીઓ ઉભી કરે છે અને એક બાબતની આવશ્યકતા સૌથી વધારે મહત્વની બને છે અને તે છે રાષ્ટ્રીય સંગઠ્ન. ઇતિહાસના લાંબા ગાળામાં અનેકવાર બહારથી આપણને ધમકી અપાઈ છે અને આપણા ઉપર આક્રમણો થયાં છે. જ્યારે જ્યારે આવા આક્રમણની સામે આપણે હારી ગયા છીએ અને આપણો દેશ છિન્નભિન્ન કે પરાજિત થઈ ગયો છે ત્યારે ત્યારે તેના મૂળમાં શસ્ત્રો કે શકિતનો અભાવ નહીં પરંતુ આન્તરિક નબળાઇ જ હતી.

અનુવાદક : **હંસા શેઠ**

અપૂર્ણ

# તાણેં અમારે ચ્યમ કરવું ?

[ અમથા ભગતેં દેખ્યું ઇ લખ્યું ]

પછેં લોક પૂછવા લાગ્યું : "ભગત ! તાણેં અમારે ચ્યમ કરવું ?"

"સાજનો ! જીની પાસેં બે જોડય લૂગડાંની છે, ઇ વસ્તર વન્યાનાને તીમાંથી એક આલી દે. જીની કોઠીયેં જાર્ય છે, ઇ ભૂખ્યાને હેત કરીને જમાડે.

"સંતો ! સખિયાં ને દખિયાં આપણ સંધાંય એક પરભુપત્યાનો વસ્તાર છયેં; એક ધરતીનાં છોરૂ છયેં. ભાયું ભાયનો ભાગ કાઢી આલે.

"મોટા નાનેરાને ઝઝૂ કરીને આલે. જી સમરથ છે ઈ ખોડા-દૂબળાને માગ્યું આલે. ગાંડુંગોબાળું, દખિયુંદુહાગણું ને વખાનું માર્યું ઈ કળોયાની હાર્યનું કેંવાય. ઈનો પેલો હક.

"ભાયું મારા ! તમે માનતાનાં થાળનૈવેદ લઇને દેવતાને થાનક જાવા નીસર્યા, ને વાટમાં તમને સાંભર્યું કે તમારો ભાયપાડોશી ભૂખ્યો છે ને તમથી રીસ.ણો છે, તો તમારાં નૈવેદ ન્યાં જ મેલીને પાછા વળજો. પરથમ ઇને ધરવજો. ઇનું લેણુંમાગણું ને હકદવા પૈ યે પૈ દૂવેં ધોઇને ચૂકવજો. તી પછેં આવીને તમારાં થાળનૈવેદ ઝારજો.

"નક્કી માનજો, કે પરથમ પેલો ઇને મનવ્યા વન્યા થાનકના દેવતા માનશે નઇં; તમારાં થાળનૈવેદ જમશે નઇં.

"સંતો ! આ લોકની માયા જોડજો માં. ઈ માયાને કાટ ચડશે, લૂણો ખાશે ને ચોર ખાતર પાડીને કાઢી જાશે. પણ તમે મારા રામની માયા જોડી હશે તો તીને કાટલૂણો ખાશે નઇં; તીને ચોર કાઢી જાશે નઇં.

વળી સાંભળો; સમઝાવું :

### રામનો ખેડૂ

રામનો ખેડૂ હતો. ઘરે વાડી. કામ ઝાઝાં. દા'ડિયા રાખીને પૂરાં કરાવે. દા'ડી પાલી જાર્યની.

ખેડૂયેં સવારને પો'ર ચાર રાખ્યા. પો'ર ચડયો ને બીજા આવ્યા. ઇમનેય રાખ્યા. બપોર થયા સૂધી કામ નો'તું મળ્યું એવા હજીય ગામના ચોકમાં ઉભા ભાળ્યા:

"હાલો બાપા ! કામ આલું."

"આતા ! આટલો દન ગ્યો; હવેં દા'ડી ચ્યમ આલશો ?"

"ધરમ માથે રાખીને આલેશ; માથે મારા રામને સમઝીને આલેશ; હાલો તમતમારે કામ જો'તું હોય તો."

ઓલ્યાવ આવ્યા ને કામે વળગ્યા.

તીજે પો'ર વળી બીજા આવ્યા. તીમનેંય રાખ્યા. એક બચાડો દંનબધો કામની આશાયેં ઉભો રયો ને સાવ પાછલે પો'ર આવ્યો.

ઇનેય રામજીયેં રાખ્યો.

સાંઝ પડી ને સઉને ઘરે જાવા વેળા થઇ.

સાથી કે આતા ! આમને ચ્યમ જાર્ય ભરી આલું ?"

"ભેરૂ ! સંધાયને આવ્યા'તા ઈમ હાર્યમાં ઉભા રાખ્ય, ને છેલ્લાને પેલો ગણીને માંડય આલવા ઇમની દા'ડી;–પાલી જાર્ય, એકોએક્ને."

ઓલ્યાવ મંડયા ગણુગણવા.

"આતા ! દંનબધો અમે ટૂટી મૂવા. આવડા આ પૉ'ર દંન ચડયે આવ્યા'તા; ને આ બીજાવ બપોરે ને બપોર પછેં. આવો આ તો હજી હમણેં તીજે પૉ'ર દંન નમ્યે આવ્યો, ઇનેય પાલી?"

"બાપલાવ ! ઇમાં તમને અનિયા શેં થ્યો ? તમારી દા'ડી પાલી જાર્યની છે ને ? અધવાલી આલું છું તમને ?

"તાણેં લ્યો તમતમારે તમારી પાલી. લ્યો હલાવીઠાંસીને, લ્યો શગોશગ ને ખળખળતી; ને થાવ ઘરભેળા.

"આ બચાડાવને કામ નૉ મળ્યું ને મોડા વળગ્યા, તીનેંય તમ જેવાં જ પેટ છે; ઇમને ઘરેય તમ જેવાં જ છોરૂવાછરૂ છે.

"અટલેં હું હૈયે રામ રાખીને આલેશ. સંધયને સરખું આલેશ. આવો આ છેલ્લો આવ્યો તીનેંય પાલી જાર્યજ આલેશ. હાંસીહલાવીને, શગોશગ ને ખળખળતી."

ઇમ સાજનો ! તમેય મારા રામજીના ખેડૂતો નિયા વરતો.

[ મથાપીર રચિત ઇશુભાગવતને આધારે ]

**સ્વામી આનંદ**

## પ્રશ્નોત્તર

**૧ પ્રશ્ન**

**ગૃહસ્થધર્મીને નિર્વાણ સંભવી શકે ખરૂં ?**

અધ્યાત્મસાધનાદ્વારા નિર્વાણના અન્તિમ ધ્યેયને પહોંચવા માટે સંન્યાસી દશા આવશ્યક મનાઇ છે. બીજી બાજુ ગૃહસ્થાશ્રમ પાળવા છતાં પણ એ દશા પ્રાપ્ત થઇ શકે છે એવું પણ સ્વીકારાયું છે. ત્યાગપૂર્ણ ગૃહસ્થાશ્રમ હું સમજી શકું છું. પણ અંતકાળ સુધી પણ જેઓ સ્ત્રીસંગરૂપ ગૃહસ્થ ધર્મ આચરતા હોય છે–દાખલા તરીકે સન્ત તુકારામ–તેવા સન્તો શું નિર્વાણ દશાને પહોંચી શકે ખરા ? જેઓ પોતાની સંતતિદ્વારા નવસર્જનની વૃત્તિમાંથી છુટયા નથી તેઓ પોતાના સર્જન તંતુરૂપ પુનર્જન્મોમાંથી કેવી રીતે છુટી શકે ?

**ઉત્તર :**

પ્રશ્ન આન્તરિક અને બાહ્ય ધર્મો તેમજ તેવા આશ્રમોની કઢંગી સમજણમાંથી ઉભો થયો છે. ખરી રીતે અધ્યાત્મસાધના, નિર્વાણ, સંન્યસ્ત-આશ્રમ, ત્યાગ અને ગૃહસ્થાશ્રમ જેવા શબ્દોના દેખીતા વ્યાવહારિક અર્થ વચ્ચેનું અંતર વિવેકથી તપાસીએ તો તુકારામના દાખલામાં અસંગત જણાવાને કોઇ કારણ જ નથી. પ્રશ્નકારે એમ માની લીધું છે કે તુકારામ મોટા સંત હતા તો તે ગૃહસ્થાશ્રમમાં પૂરા સંન્યસ્ત પણ હોવા જોઇએ અને તેઓ તેવા સંન્યસ્ત હોય તો સન્તતિયોગ્ય વાસના કેવી રીતે સંભવે ? પરંતુ તુકારામ ગમે તેટલા વિચારક, વિશ્લેષણકાર, ભક્ત અને ત્યાગી હોય તો પણ તેઓ સંન્યાસની પૂર્ણ દશાએ પહોંચ્યા હોય એમ કેમ કહી શકાય ? અને જ્યારે તેમનામાં સન્તતિજનન યોગ્ય વાસનાનો સદ્ભાવ માનવામાં આવ્યો હોય ત્યારે તેઓ સંન્યાસની કે ત્યાગની આન્તરિક પૂર્ણ દશાએ પહોંચ્યા હોય એ માન્યતાને તો અવકાશ જ રહેતો નથી.

ગૃહસ્થાશ્રમમાં ત્યાગ અને સંન્યાસ ખરા અર્થમાં સંભવે છે અવશ્ય, પણ જેટલા પ્રમાણમાં ભોગ વાસના શમી કે ક્ષીણ થઇ હોય તેટલાં જ પ્રમાણમાં ત્યાગ અને સંન્યાસનો વાસ્તવિક વિકાસ થાય છે. જો ગૃહસ્થાશ્રમમાં કોઇ પોતાની વાસનાઓને તદ્દન નિર્મૂળ કરે તો જ એનામાં પૂર્ણ ત્યાગ કે પૂર્ણ સંન્યાસ હોઇ શકે. એજ રીતે બાહ્ય દ્રષ્ટિએ ત્યાગી, સંન્યાસી કે સાધુ આશ્રમ સ્વીકાર્યા છતાં તેનામાં વાસનાનું પ્રમાણ ઓછું કે વધતું હોય તો તેવો દેખીતો ત્યાગી, સંન્યાસી કે સાધુ પણ બાહ્ય ગૃહસ્થાશ્રમમાં વસતી એવી પણ તાત્ત્વિક રીતે વાસનાઓના શમન કે દમનમાં આગળ વધેલ વ્યક્તિ કરતાં ઉતરતો જ છે એવું આધ્યાત્મિક સાધનાનું દ્રષ્ટિબિંદુ કહે છે.

**પંડિત સુખલાલજી**

# સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ

( ગતાંકથી ચાલુ )

હવે ગુરતત્ત્વ લઇએ. આ તત્વ આપણી સમક્ષ સાધનાનો આદર્શ રજુ કરે છે. કેમકે સાધુ મોક્ષમાર્ગના સાધક છે. તેને જોઇને આપણે આપણી સાધનાનું રૂપ નિશ્ચિત કરીએ છીએ. તેમણે પાંચ વ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિનું પાલન કર્યું છે. આવા સાધુને કોણ વંદના નહિં કરે ? પણ આ એક સૈદ્ધાન્તિક સ્વરૂપ છે. વ્યવહારમાં તો સર્વથા જુદું જ જોવામાં આવે છે. ઉપરોક્ત બધા આચાર પાળનાર કોઇ વ્યકિત જો જૈન સાધુના વેશમાં નહિં હોય તો આપણે તેને સાધુ માનવા તૈયાર નથી થતા. એક સ્થાનકવાસી જૈન સાધુત્વને માટે મુખવસ્ત્રિકાને પ્રથમ જુએ છે, ગુણોને પછી મુર્તિપૂજક દંડને, અને દિગંબર નગ્નતાને એટલું જ મહત્વ આપે છે. આ રીતે ગુણોને બદલે બાહ્ય વેશે મહત્વ પ્રાપ્ત કરી લીધું છે. અને છતાં જો કોઇ વ્યકિત આ વસ્તુસ્થિતિના વિરોધ રૂપે કંઇ બોલે તો સિધ્ધાન્તની ઢાલ આડી ધરીને બચાવ કરાય છે. સિધ્ધાન્તરૂપી શિખંડી આગળ ધરીને આપણો વ્યવહાર જેની પાછળ અહંકાર, સંકુચિન મનોવૃત્તિ તથા આપણા અન્ય સ્વાર્થો છુપાઇને રહ્યા હોય છે તે બીજા ઉપર પ્રહાર કરે છે.

હવે ધર્મની બાબત લઇએ. અહિંસા, સંયમ, તપ, વગેરે શાસ્ત્રોકિતઓ નિર્વિવાદ ધર્મ છે. તેમાં કોઇને વિરોધ ન હોઇ શકે. પરંતુ અહિં ધર્મની વ્યાખ્યા જુદા રૂપે કરવામાં આવે છે. ધર્મને કેવલી-પ્રરૂપિત કહે છે જેના મૂળમાં જ આગમ પ્રામાણ્ય અને સંપ્રદાયવાદનાં બીજ રહ્યાં છે.

ભારતીય દર્શનોમાં આગમ પ્રામાણ્યને ભારે મહત્વનું સ્થાન છે. તેના જોર પર ધર્મસંસ્થાએ માનવબુધ્ધિને હતપ્રાણ કરી નાંખી છે, સ્વતંત્ર વિચાર કરતાં અટકાવી દીધી છે. આગમ પ્રામાણ્યનો પ્રારંભ મીમાંસા દર્શનથી થાય છે. લોકો વૈદિક ક્રિયાકાંડ મુંગે મોઢે કર્યા કરે, વિધિવિધાનોમાં શંકા ન ઉઠાવે તેમાં પુરોહિત વર્ગનું હિત જળવાય તેમ હતું. એટલે તેમણે વેદને સર્વ શ્રેષ્ઠ પ્રમાણ માન્યા. જો મુકિત અને વેદવાકય વચ્ચે વિરોધ દેખાય તો વેદવાકયને જ પ્રમાણ માનવાનું વિધાન કર્યું. જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો કે 'વેદને શા માટે પ્રમાણ માનવા ?' ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે "વાણીમાં દોષ ત્યારે જ આવી જાય, જો વકતા અલ્પજ્ઞ કે દોષયુકત હોય: પરંતુ વેદ વાકય તો અનાદિ છે. તેનો વકતા કોઇ નથી. જે છે તે બધા માત્ર સાંભળનારા, માનનારા અને સ્મરણ કરનારા જ છે. એટલે વેદની આજ્ઞા તે ધર્મ છે. તેની આજ્ઞા તે પ્રભુઆજ્ઞા માનો." જેમ સેવક સ્વામીની આજ્ઞાનું યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના પાલન કરે, જો શંકા ઉઠાવે તો દંડનો ભાગી થાય. તેમ મનુષ્યે વેદની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. તેના ઔચિત્ય અનૌચિત્યનો વિચાર કરવાનો તેને અધિકાર નથી. જે પાલન ન કરે તો દંડનો ભાગી થાય. અને જે આ મર્યાદા નથી સ્વીકારતા તેઓ નાસ્તિક, અનાર્ય, શુદ્ર આદિ શબ્દો દ્વારા વગોવાય છે. સ્પષ્ટ છે કે આ પ્રકારની મર્યાદાઓથી આત્મોન્નતિનું કોઇ ધ્યેય સિધ્ધ નથી થતું. તેનું ધ્યેય માત્ર સંગઠન અને તેના ઉપર જીવનારાઓની ઉદરપૂર્તિ પુરતું મર્યાદિત થઇ જાય છે.

જે દર્શનોએ વેદને નિત્ય ન માન્યા તેઓએ તેનું પ્રામાણ્ય સ્થાપિત કરવા તેને ઇશ્વરકૃત માન્યા. જૈન દર્શન ઇશ્વરને નથી માનતું. એટલે શાસ્ત્રીય પ્રામાણ્ય માટે જે ગુણો ઇશ્વરમાં જરૂરી હતા તે ગુણોનું અસ્તિત્વ તેણે વિકસિત આત્મામાં માન્યું. વાણીના પ્રામાણ્ય માટે વકતામાં બે ગુણોની આવશ્યકતા છે. સંપૂર્ણ જ્ઞાન અને રાગદ્વેષ કે સ્વાર્થ બુદ્ધિનો અભાવ. અરિહંત સર્વજ્ઞ છે અને વીતરાગ પણ છે. અને આગમ એમની વાણી છે તેથી તે અક્ષરશઃ પ્રમાણ છે, તેમાં શંકા કરવી તે મિથ્યાત્વ છે. આગમજીવી વર્ગ બુદ્ધિજીવી વર્ગ પાસે આ પ્રકારનો તર્ક ઉપસ્થિત કરે છે. બુધ્ધિજીવી વર્ગ દ્વારા ઉપસ્થિત કરાએલા પ્રશ્નનું તર્કસંગત સમાધાન નથી કરી શકાતું ત્યારે તો ખાસ. પરિણામે બુધ્ધિજીવી વર્ગના મનને સંતોષ નથી થતો તે કંટાળીને આવી અંધશ્રધ્ધાળુ ચર્ચાઓથી દૂર રહે છે. બીજી બાજુ આગમજીવી વર્ગ તેમને મિથ્યાત્વી, ધર્મહીન, સુધારક, નાસ્તિક આદિ શબ્દોથી નવાજે છે, સમાજમાં તેની વિરૂધ્ધ ફાવે તેમ પ્રચાર કરે છે. અને તેની વાત કોઇ ન માને તેવા બધા પ્રયાસો કરી છુટે છે. જ્યારે તેને વિશ્વાસ બેસે છે કે તેવા પ્રકારના નાસ્તિકોની વાત હવે કોઇ નહિં માને ત્યારે જ તેને શાન્તિ થાય છે. ફરીને પૂર્વની રીતે પગલે પગલે ભગવાનની આજ્ઞાનું નામ લઇને શ્રોતાઓની બુધ્ધિને બુઠ્ઠી કરવાના પ્રયત્નો ચાલુ થાય છે. ભકિત અને પુણ્ય પાપનું એવું વાતાવરણ ખડું કરી દે છે કે ભોળા ભાવિકોને આડું અવળું વિચારવામાં પણ ભય લાગે છે. જેમની સાથે પોતાના વિચારો મેળ ન ખાય, અથવા જેમના દ્વારા પોતાની સ્વાર્થપૂર્તિમાં વિઘ્નો ઉપસ્થિત થશે એવું દેખાય, તેઓને નાસ્તિક, મિથ્યાત્વી આદિ સંબોધી નિંદવા, સર્વસાધારણ લોકસમુદાયમાં તેમના પ્રત્યે તિરસ્કાર ઉપજાવવો એ ધર્મજીવી વર્ગનું પુરાણું શસ્ત્ર છે. આવી વ્યકિતઓ જ્યારે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરે છે ત્યારે તેમાં પણ પ્રકટ કે અપ્રકટ રીતે સ્વાર્થ જ મુખ્યપણે ભાગ ભજવતો હોય છે.

વાણીના અપ્રામાણ્ય માટે ઉપર જે બે કારણ કહ્યા તે બરાબર છે. વકતાને જો વિષયનું અધુરૂં જ્ઞાન હોય તો સંભવ છે કે તેની વાણીમાં ગલતી રહી જાય. જો તે કોઇ સ્વાર્થથી પ્રેરાઇને બોલતો હોય તો તેની વાણી વિશ્વસનીય ન ગણાય. એટલે જે પુરૂષ વીતરાગ અને સર્વજ્ઞ છે તેની વાણીમાં અવિશ્વાસ રાખવાનું કોઇ કારણ નથી. પરંતુ જ્યારે એમ પૂછવામાં આવે કે આ જ આધાર ઉપર વેદ અને કુરાનને પણ પ્રમાણ કેમ ન માનવા ? તો તુર્ત ઉત્તરમ ળે છે કે તેના કર્તા સર્વજ્ઞ નથી. જો તેના કર્તા સર્વજ્ઞ નથી તો આપણા ગ્રન્થોના કર્તા સર્વજ્ઞ છે તેની શી ખાત્રી ? આ પ્રશ્નનો ઉત્તર ક્રોધ અને યદ્વાતદ્વા બકવાટથી મળે છે. ખરૂં જોતાં સમ્યગ્દૃષ્ટિ અર્થાત તર્કસંગત દૃષ્ટિ તો આપણને સ્પષ્ટ કહે છે કે જે તર્કનો ઉપયોગ આપણે બીજા માટે કરીએ તે તર્ક આપણને ય લાગુ પાડવો જોઇએ.

પ્રાય : એવું જોવામાં આવે છે કે જે વિશ્વાસ તર્કસંગત–બુધ્ધિપૂર્વક–બંધાયો હોય, તેની વિરૂધ્ધમાં કોઇ બોલે તો તેથી ક્રોધ નથી આવતો, પરંતુ જે વિશ્વાસ તર્કસંગત સિધ્ધ નથી હોતો તેની વિરૂધ્ધ કોઇ કંઇ કહે તો તુર્ત ક્રોધ આવી જાય છે. એક કરોડપતિને જો કોઇ ગરીબ કહે તો તે તેને હસવામાં ઉડાવી દેશે. પરંતુ લક્ષ્મી ન હોવા છતાં શ્રીમંત હોવાનો દેખાવ કરનારાને જો કોઇ ગરીબ કહે તો તે તુર્ત ગુસ્સે થઇ જશે. આપણો જે વિશ્વાસ પોકળ છે તેને હઠપૂર્વક વળગી રહીએ છીએ, તેની વિરૂદ્ધમાં જો કોઇ કંઇ બોલે તો તે સાંભળવા નથી માંગતા કેમકે મનમાં ભય હોય છે કે કયાંક તે વિશ્વાસ તુટી તો નહિં જાય ! આથી વિપરીત, જે વિશ્વાસ સત્યના આધાર પર બંધાયો હોય, તેની વિરૂધ્ધ વાતો પણ સાંભળીએ છીએ. તેના ઉપર ઉહાપોહ કરીએ છીએ, અને તેને વિશેષ શુધ્ધ કરી દૃઢતા પ્રાપ્ત કરીએ છીએ. વ્યકિતનો વિશ્વાસ જેટલો અધિક અભિનિવેશયુકત હશે તેટલું તેનું પોકળપણું વધારે દેખાઇ આવશે. સત્યને આશ્રિત વિશ્વાસમાં આડંબર કે આગ્રહ નહિં હોય. તે વિરૂધ્ધપક્ષની વાત સાંભળવા અને તેના ઉપર

સહાનુભૂતિપૂર્ણ વિચાર કરવા હંમેશા તત્પર રહેશે.

આ પ્રમાણે આપણે જોયું કે દેવ, ગુરૂ. અને ધર્મ ઉપરની શ્રદ્ધાના રૂપમાં સમ્યગ્દૃષ્ટિની જે વ્યાખ્યા કરવામાં આવે છે તે સિધ્ધાન્ત રૂપે ગમે તેટલી સુંદર હો, પણ તેનો ઉપયોગ પંથ અને સંપ્રદાયવાદની વૃદ્ધિ કરવામાં થયો છે. તે દ્વારા આત્મગુણોને સ્થાને મિથ્યાત્વને પોષણ મળ્યા કર્યું છે, અન્તર્દષ્ટિને બદલે બહિર્દષ્ટિને પ્રાધાન્ય મળ્યું છે. આત્મશુધ્ધિ કે તત્વરૂચિના આધાર પર આગમોમાં સમ્યગ્દૃષ્ટિની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે ભૂલાવી દેવામાં આવી છે.

પર્યુષણ પર્વના અવસર પર આપણે તો સમ્યગ્દૃષ્ટિની એ અસલી વ્યાખ્યા શીખવી છે. તે માટે નીચેની વાત સદા લક્ષ્યમાં રાખવાની જરૂર છેઃ–

ક્રોધ, માન, માયા, અને લોભને ઓછામાં ઓછું સ્થાન અપાય. ઘરનાં નોકર, બાળકો, પત્ની, અન્ય આશ્રિતો કે સાથીઓ પર ક્રોધ આવી જાય તેવું ખુબ મહત્વનું કારણ બન્યું હોય તો પણ તે હૃદયમાં તેમના ઉપર ક્રોધ ન લાવે, બીજાની ભૂલ થતી હોય તો તેને પ્રેમપૂર્વક સમજાવે, જો કોઇને સજા કરવાની આવસ્યકતા હોય તો પણ મનને સંપૂર્ણ શાન્ત અને દ્વેષ રહિત રાખીને સજા કરે. તેની પાછળની ભાવના બીજાને સુધારવાની હોય, નહિં કે પોતાનો ક્રોધ શાંત પાડવાની. પ્રત્યેક વાકયમાં પ્રેમ અને વાત્સલ્ય ઝરતું હોય. કોઇને દુઃખ લગાડવાની ભાવના ન હોય, તો સમજવું કે ક્રોધને સ્થાને સમ્યક્પણું પ્રાપ્ત કર્યું છે. તેવી રીતે કોઇને પોતાનાથી નીચા ન માને, સર્વ જીવ પ્રત્યે આદરભાવ રાખે ધન, શરીર, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંન્યાસ, કે તપસ્યા કોઇ પણ બાહ્ય કે અભ્યન્તર વસ્તુનો દિલમાં મદ ન હોય, તો સમજવું કે માન કષાયને બદલે સમ્યક્દ્રષ્ટિ પ્રાપ્ત થઇ છે. માયાના વિષયમાં તો બહુજ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. આપણે બીજાઓ પ્રત્યે તો કપટપૂર્ણ વ્યવહાર કરીએ જ છીએ, પરંતુ સૌથી વધારે માયા-કપટ પોતાના આત્મા સાથે કરીએ છીએ. ધર્મની સાચી ઉપાસના ન કરતાં છતાંયે પોતાને ધર્માત્મા માનીએ છીએ. અને તે રીતે હૃદયમાં આત્મવિકાસને માટે જે સાચી પ્રેરણા ઉઠતી હોય તેને દબાવી દઇએ છીએ. અન્યાયયુક્ત વ્યવહારને પણ ન્યાયનો વાઘો પહેરાવી દઇએ છીએ. આપણો અહંભાવ દોષોને સ્વીકારતાં અટકાવે છે, કેમકે બુદ્ધિ તે અહંભાવનું સમર્થન કરતી હોય છે. આપણે જૂઠો આત્મસંતોષ મેળવીએ છીએ, અને સત્યથી વેગળા થતા જઇએ છીએ આ પ્રમાણે લોભ પણ આપણને સત્યથી દૂર ખેંચી જાય છે જ્યારે વેપારી ધનના લોભમાં પડે છે ત્યારે ગ્રાહકોને છેતરવાનું શરૂ કરે છે. જો કોઇ રાષ્ટ્ર, સમાજ, ધર્મ, કે નેતા કીર્તિના લોભમાં પડી જાય તો તે માર્ગભ્રષ્ટ થઇ જાય છે લોભનો પ્રવેશ થતાં જ માનસિક સમતુલા લુપ્ત થઇ જાય છે. પછી સત્ય ગવેષણા નથી થઇ શકતી. સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત કરવા આ સર્વ વૃતિઓ ઉપર વિજય મેળવવો આવશ્યક છે. જો મનુષ્યમાં ઉપરોક્ત પ્રકારની આત્મશુદ્ધિ આવી જાય તો વસ્તુનિર્ણય માટેની વૈજ્ઞાનિક દ્રષ્ટિ સહજભાવે ઉદ્‌ભવે જ. તે દ્વારા તે અભિનિવેશોથી પર થઇ સત્ય નિર્ણય કરી શકવાનો, એટલે નિર્દોષ અને તર્કસંગત વ્યવહાર કરવાનો. સાથે સાથે આત્મશુધ્ધિનું મહાન્ ધ્યેય તે કદી ચૂકશે નહિં. સમ્યગ્દ્રષ્ટિનું આ સાચું સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછીજ દેવ, ગુરૂ, અને ધર્મની આરાધના યથાર્થ પ્રકારે થઇ શકશે.

સમ્યગ્દૃષ્ટિના પ્રચાર માટે મુંબઇ જૈન યુવક સંઘ જે કંઇ કરી રહેલ છે તે અભિનંદનીય છે. અને મને આશા છે કે અનેક વિઘ્નો અને કઠીનાઇઓનો સામનો કરતાં છતાં દ્દઢતાથી આ કલ્યાણ-કરી માર્ગ અંગેનું પ્રયાણ ચાલુ રાખશે.

સમાપ્ત ઇન્દ્રચંદ્ર

## સ્વ. મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થી-ગૃહમાં વપરાવાનું છે

૧૮૧૫૦ અગાઉ સ્વીકારેલા
૧૫ શ્રી, વસંતલાલ મણિલાલ શાહ
૧૦૧ ,, માણેકલાલ ચુનિલાલ
૧૦૧ ,, ખુશાલભાઇ ખેંગાર
૫૧ એક સદ્‌ગૃહસ્થ હા. શ્રી. માણેકલાલ મોદી
૫૧ એક શુભેચ્છક હા. શ્રી કાંતિલાલ કોરા
૧૦૧ શ્રી. રસિકલાલ માણેકલાલ શાહ
૧૦૧ ,, શાંતિલાલ પોપટલાલ શાહ
૫૦૦ ,, વસુબહેન શાહ
૧૦૧ ,, સારાભાઇ ડાહ્યાભાઇ
૫૦ ,, બાલચંદ ભોગીલાલ ઝવેરી
૫૦૧ ,, શાહ ચેરીટીઝ (હા. શ્રી સી. જે. શાહ)
૧૦૧ ,, કકલભાઇ કેશવલાલ
૧૦૧ ,, પોપટલાલ પાનાચંદ કોઠારી
૪૦૧ ,, અમૃતલાલ જે. શાહ
૫૧ ,, રતીલાલ મોતીચંદ દોશી
૫૧ ,, રતીલાલ મોહનલાલ શેઠ
૨૫૧ ,, રસિકલાલ એમ. દલાલ
૧૫૧ ડૉ. ચીમનલાલ એન. શ્રોફ
૧૦૧ શ્રી. સાંકળચંદ જી. શાહ
૧૦૧ ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ
૧૦૧ ,, હીરાલાલ અમૃતલાલ શાહ
૧૧ ,, શાંતિલાલ ઠાકરસી શેઠ
૧૦૧ ,, સુભદ્રાબહેન નવીનચંદ્ર શાહ
૫૧ ,, દીનકરલાલ લક્ષ્મીચંદ કોઠારી
૧૦૧ ,, અમૃતલાલ નેમચંદ
૧૦૧ ,, અમૃતલાલ કાળીદાસ શેઠ

૨૧૫૯૮ } ૧૭૫૧૯ વસુલ, ૪૦૭૯ બાકી

## સત્યં શિવં સુન્દરમ્

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં પ્રગટ થનારો લેખસંગ્રહ કિં. રૂ. ૩.**

**મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને તા. ૧-૫-૫૪ સુધીમાં રૂ. ૨ માં મળશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦ લખોઃ મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.**

વિષયસૂચિ.


| | | પૃષ્ઠ |
|---|---|---|
| વીસમી સદીનો શહીદ | વિલિયમ દ સેન્ડર્સ હેન્ડ્રિકસ | ૧૬૯ |
| આજના સમાજને ભિક્ષા-નિર્ભર સાધુ સંસ્થાની જરૂર છે કે નહિ? | દલસુખભાઇ માલવણિયા | ૧૭૦ |
| આર્થિક અવલોકન | કાન્તિલાલ બરોડિયા | ૧૭૧ |
| પંડિતજીનું પ્રતિભાપૂર્ણ પ્રવચન | અનુવાદકઃ હંસા શેઠ | ૧૭૩ |
| તાણે અમારે શ્યમ કરવું ? | સ્વામી આનંદ | ૧૭૬ |
| પ્રશ્નોત્તર | | ૧૭૬ |
| સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ | ઇન્દ્રચંદ્ર | ૧૭૭ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાનઃ જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

છુટક નકલ : ત્રણ આના

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧: ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૪ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## શિક્ષણ–માધ્યમ અને મુંબઇ સરકારનો હુકમ

(તા. ૧૫–૨–૫૪ ના ટાઈમ્સ ઓફ ઈન્ડીઆમાં શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને યા હિંદીને સુપ્રતિષ્ઠિત કરવાની આવશ્યકતાને સચોટપણે સમજાવતો શ્રી અદિબનો લેખ પ્રગટ થયો હતો. તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

હિંદી શાળાઓમાં શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાના ભાવિ વિશે તાજેતરમાં જે વિવાદ ચાલ્યો છે તે કદાચ રમુજ ઉપજાવે એવો બન્યો હશે જાહેર વ્યાખ્યાનોમાં ભિન્ન ભિન્ન નેતાઓએ જે 'સામુદાયિક કતલ', "ખૂનનું કાવતરૂં" "અપ્રમાણિકતા" 'લોહીતરસી આંખો' વગેરે શબ્દો વાપર્યા છે તે ઉપરથી તો કોઇને એમ પણ લાગે કે મુંબઇ સરકારને શાળાઓના વિદ્યાર્થીઓના વિકાસને રૂંધી નાખવાની ઘેલછા લાગી છે કે શું?

આ ઉગ્ર વિવાદમાંથી અતિશયોક્તિ ભરેલા મિથ્યા પ્રલાપોને બાદ કરીએ તો સ્પષ્ટ જણાશે કે શાળાના વિદ્યાર્થીઓને તેમની માતૃભાષાદ્વારા કેળવણી આપવાની અગત્ય શા માટે છે તેજ કેટલાક માણસોની સમજમાં આવતું નથી. માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ વધારે ખીલી ઉઠે છે. પરંતુ માતૃભાષાદ્વારા બધા જ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની વાત એ તો શ્રી દિનકરરાવ અને તેમના સાથીઓએ ઉપજાવી કાઢેલો નવો કઢંગો તુક્કો છે એમ માનવું એના જેવી હાસ્યાસ્પદ બીજું કશું ન હોઇ શકે કોઈ પણ કલ્પના આથી વધારે ઉપરછલી હોઇ ન જ શકે. વિદેશી ભાષાનું માધ્યમ લાદીને જે દેશના લોકોની વિચાર કરવાની શક્તિ કુંઠિત કરવામાં આવી નથી ત્યાં શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનું મહત્ત્વ સમજાવવાપણું હોતું જ નથી. તેનો સ્વીકાર કરીને જ બીજી બધી બાબતોનો વિચાર કરવામાં આવે છે

પરંતુ આ વિચારણા માટે હિંદમાં જો કોઇને દોષ દઇ શકાય એમ હોય તો તે ગાંધીજી જ છે, કારણ કે હિંદી વિદ્યાર્થીઓ માટે શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને વખોડી નાખનાર સૌથી પહેલા ગાંધીજી જ હતા, નહિં કે મુંબઇના પ્રધાનો. પૂ. ગાંધીજીએ એક સ્થળે લખ્યું હતું કે, "અંગ્રેજી ભાષાદ્વારા કેળવણી લેવામાં આપણે જે કિંમતી વર્ષો વેડફી નાખ્યાં છે તેણે આપણા મગજને જડ બનાવી દીધાં છે, અને આપણી યાદશક્તિ અને કલ્પનાને કુંઠિત બનાવી દીધી છે." બીજે એક સ્થળે એમણે કહ્યું હતું કે "આપણી પોતાની માતૃભાષાને બદલે અંગ્રેજી પ્રત્યે જે પ્રેમ આપણે કેળવ્યો, તેથી તો આપણા સુશિક્ષિત વર્ગ અને સામાન્ય જનતા વચ્ચે એક મોટી દીવાલ ઉભી થઇ છે. એનું પરિણામ ખતરનાક આવ્યું છે. એથી આપણી સામાન્ય જનતા આધુનિક વિચારણાથી તદ્દન વિખૂટી પડી ગઇ છે."

બીજે એક સ્થળે એમણે ઉર્મિવશ બનીને કહ્યું છે કે "મારી ભાષામાં ગમે તેટલી ખામીઓ અને મર્યાદાઓ હોય તો પણ મારી માતાના સ્તનની માફક મારે મારી માતૃભાષાને જ વળગી રહેવું જોઇએ. ફક્ત એજ મને સાચું જીવનદાન આપી શકે." બીજે એક સ્થળે તો એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે કે પોતાને જાહેર સભામાં અંગ્રેજીમાં સંબોધનાર લોકોને પ્રજા પીંખી કેમ નથી નાંખતી?

શ્રી ડાહ્યાભાઇ પટેલ અને શ્રીમતી બેહરોજ ખરશેદજી જેવા અંગ્રેજી ભાષાના પ્રખર હિમાયતીને જડબાતોડ જવાબ આપવા માટે ગાંધીજીના વચનોનો હું ઉલ્લેખ કરતો નથી, હું તો ફક્ત અંગ્રેજી ભાષાના ઉત્સાહીઓને, મહાત્મા ગાંધીજીનો ઉલ્લેખ કરી, બતાવવા માગું છું કે શાળાના વિદ્યાર્થીઓ પર વિદેશી માધ્યમની અનિષ્ટ અસરની શોધ ગાંધીજીએ કરી હતી, નહિ કે મુંબઇના પ્રધાનોએ. હિંદી બાળકની ઉર્મિજન્ય આવશ્યકતાઓ અને હિંદી ઉછેર પ્રત્યે સભાન એવા દરેક કેળવણીકારના અનુભવને આ સત્ય જરૂર સમજાયું હશે.

ટીકાકારોને ગાંધીજીના શબ્દોની અવગણના કરવાનો અને હિંદી ભાષામાં પ્રગટ થયેલાં પાઠ્ય પુસ્તકો મારા માથામાં મારવાનો પૂરો અધિકાર છે. તેઓ પૂછી શકે છે કે, અંગ્રેજી ભાષામાં મળતાં પાઠ્યપુસ્તકો સાથે એને સરખાવી જુઓ! અંગ્રેજી ભાષાના માધ્યમવડે વિશ્વસાહિત્ય અને વિશ્વ–વિજ્ઞાનનો માર્ગ ખુલ્લો નથી થતો? તમે આન્દ્રે ગાઇડ, પ્રાઉસ્ટ, કાફ્કા અને ડોસ્ટોયવસ્કી હિંદી કે મરાઠીમાં વાંચી શકવાના છો? માત્ર જો હિંદની જ ભાષાઓ પર આધાર રાખો તો તમે ફ્રોઇડ કે આઇનસ્ટાઇન કે માર્ક્સનો પૂરો પરિચય મેળવી શકશો?

પરંતુ અંગ્રેજી મારફત પોતાનાં ગીતો શીખનાર હિંદી બાળકોમાંથી કેટલાં ગંભીર સાહિત્યનો અભ્યાસ કરે છે અને કેટલાં માત્ર મઝાને ખાતર 'કોમિક' ચલચિત્રોની દુનિયામાં જતાં હોય છે એ જાણવુ ખરેખર ઉપયોગી થઈ પડશે. અને ધારો કે બધાં જ બાળકો ગંભીર સાહિત્યનો અભ્યાસ કરતાં હોય તો પ્રશ્ન એ છે કે અંગ્રેજીમાંથી જે તેઓ મેળવે છે તે ઘરે જે ભાષામાં બોલે છે તે ભાષામાં રજુ કેમ કરતા નથી? અર્થાત્ પોતાના અંગ્રેજી ભાષાના જ્ઞાનનો ઉપયોગ કેમ કંઇ કરતા નથી?

જો શેક્સપિયર અને ગોર્કી, ફ્રોઇડ અને માર્ક્સ જાપાનીસ ભાષામાં વાંચવા મળી શકે તો પછી આપણે ગુજરાતી કે તેલુગુમાં તે કેમ ન મેળવી શકીએ? એ પુસ્તકોનો અનુવાદ કરવામાં ખર્ચાતી શક્તિ, જે હજારો વિદ્યાર્થીઓ પોતાનાં દસ બાર વર્ષ અંગ્રેજી ભાષા શીખવામાં વેડફી નાખે છે તેની આગળ તો નહિવત્ જ છે, અને પંદર પંદર વર્ષ અંગ્રેજી શીખ્યા પછી પણ એ વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષાનું અજ્ઞાન કેટલું બધું હોય છે.?

વિદેશી ભાષા સાહિત્યના અભ્યાસને અને વિદેશી ભાષાના શિક્ષણના માધ્યમ તરીકેના ઉપયોગને ગૂંચવી નાખવાં એના જેવી

માનસિક નિર્બળતા બીજી એકે નથી. અંગ્રેજી ભાષાનું ખૂન થઈ રહ્યું છે એવો પોકાર કરવો એ મૂર્ખતા છે. ફ્રેંચ કે જર્મન બાળકો પોતાનાં ઇતિહાસ-ભૂગોળ અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા નથી શીખતા માટે શું આપણે એમ કહીશું કે ફ્રાન્સ અને જર્મનીમાં અંગ્રેજી ભાષાનું ખૂન થાય છે? એક વિદેશી ભાષા તરીકે હજારો વિદ્યાર્થીઓ ત્યાં અંગ્રેજી ભાષા શીખે છે ને ભાષાંતરોદ્વારા પોતાના દેશના બાંધવોને પણ આપતા જાય છે. એજ પ્રથા આપણે અહીં કેમ ન અપનાવી શકીએ? બાળકોને પોતાની માતૃભાષાદ્વારા શિક્ષણ આપવું જોઇએ એવો આગ્રહ રાખવામાં દરેકને ખાત્રી હોય છે કે માતૃભાષાદ્વારા શિક્ષણ ઝડપથી મળી શકે છે. તે પોતાની શકિત બચાવશે, એટલુંજ નહિ માતૃભાષાદ્વારા તે પોતાની જાતને વધારે સારી રીતે વ્યકત કરી શકશે. એક સૈકા સુધી અંગ્રેજીદ્વારા શિક્ષણ મેળવ્યા પછી પણ અંગ્રેજી ભાષામાં આપણે એક ડઝન જેટલા પણ સર્જનાત્મક લેખકો પેદા નથી કર્યા એ નવાઇ જેવી વાત નથી?

કદાચ એવી દલીલ કરવામાં આવશે કે હિંદની ભાષાઓ માધ્યમ બનવા માટે અંગ્રેજી ભાષા જેટલી સમૃદ્ધ નથી. પરંતુ એનો જવાબ એ છે કે હિંદની ભાષાઓ સમૃદ્ધ નથી એનો અર્થ એ નથી કે એ ભાષાઓને ઉપયોગમાં લીધા વિના કાટ ખાવા દેવી. ઊલટાનું એ ભાષાઓને ઉપયોગમાં લઇ એને વિકસાવવી જોઇએ, સમૃધ્ધ થવા દેવી જોઇએ. એમ તો અંગ્રેજી ભાષાની દશા સેંકડો વર્ષ પહેલાં, ચોસર અને શેકસપિયર ત્યારે અંગ્રેજીમાં લખતા હતા ત્યારે કેવી હતી? શું એ ભાષા તે વખતે સમૃદ્ધ હતી?

બર્નાર્ડ શોએ એક સ્થળે કહ્યું છે તેમ, "અંશિક્ષિત માણસો શ્રીમંત લોકોની ભાષાનું અનુકરણ કરે તેના કરતાં પ્રમાણિક પ્રાકૃત બોલી બોલે એ વધારે સારું છે." પોતાની ભાષા ગમે તેટલી અવિકસિત હોય તે છતાં તેનું જ્ઞાન અભિવ્યકિતમાં વધારે સારી રીતે સહાયકારક થઈ શકે છે, જ્યારે અત્યંત વિકસિત એવી પરદેશી ભાષાનો અર્ધદગ્ધ પરિચય મદદરૂપ નીવડતો નથી.

બધાંજ હિન્દીભાષી બાળકો હિન્દીમાં પોતાના બાળગીતો શીખે અને હિન્દીમાં ગણિત શીખે તો ભારે ભયંકર આપત્તિ આવી પડશે એમ જે લોકો માને છે તેઓ અંગ્રેજનો એક વિદેશી ભાષા તરીકેનો અભ્યાસ અને અંગ્રેજીનો શિક્ષણના માધ્યમ તરીકેનો ઉપયોગ એ બે વસ્તુસ્થિતિ વચ્ચેનો ભેદ જ સ્વીકારવાની ના પાડે છે એમ કહી શકાય. એટલું જ નહિ એથી આગળ વધીને તેઓ અંગ્રેજી ભાષા અને અંગ્રેજી ભાષા મારફત ગ્રહણ કરાતા વિચારો એ બંને વચ્ચેનો ભેદ સ્વીકારવાની પણ ના પાડે છે. કુમારી બહેરોજ ખરશેદજીએ એમ કહ્યું હોવાનું કહેવાય છે કે અંગ્રેજી ભાષાએ હિન્દને સ્વરાજ આણી આપ્યું. પરંતુ એમને એ સૂજયું નહિ કે કેનીઆને અને બ્રિટીશ ગિયાનાને કે જયાં દરેક અંગ્રેજી બોલે છે ત્યાં અંગ્રેજી ભાષાએ સ્વરાજ કેમ ન આણી આપ્યું? એમને એ પણ ન સૂઝયું કે અંગ્રેજી ભાષાએ તો લાખો અને કરોડોં માણસોને ગુલામ બનાવ્યા છે એમ પણ એમની દલીલ અનુસાર જરૂર કહી શકાય તેમ છે.

ભાષાના ગર્ભમાંથી વિચારોનો જન્મ થતો નથી. એટલે કે અંગ્રેજી ભાષાએ રૂપાળા વિચારોને જન્મ આપ્યો અને ભારતીય ભાષાઓએ કાળા અને કદરૂપા વિચારોને જન્મ આપ્યો એમ ન કહી શકાય. વિચારો તો સામાજિક ક્રાન્તિના જવાબરૂપે જન્મતા હોય છે. રશિયનોએ પોતાની કેળવણી જર્મન ભાષાના માધ્યમ દ્વારા નહોતી લીધી અને છતાં માકર્સવાદનાં મૂળ બીજાં દેશો કરતાં એ દેશમાં વધારે ઊંડાં ફેલાયાં છે, અને એ જ વાતનું પુનરાવર્તન ચીનમાં પણ થયું છે કે જ્યાં માકર્સવાદે કોનફ્યુસીઅસના વિચારોને પણ ભૂલાવી દીધો છે. યુરોપમાં ભાગ્યેજ થોડાઓએ પોતાની કેળવણી હૈબ્રુ ભાષા મારફત લીધી હશે અને તે છતાં પેલેસ્ટાઇન કરતાં ત્યાં ખ્રિસ્તી ધર્મનાં મૂળ વધારે ઊંડા ગયેલાં છે એટલે આપણે જોઇ શકીએ છીએ કે ભાષા એ કોઇ મૃત વસ્તુ નથી પરંતુ જીવંત પ્રવાહ છે સંજોગોમાં થતા ફેરફારો એ સમર્થ રીતે ઝીલે છે. દરેક ભાષાને પોતાના લાક્ષણિક રૂઢિપ્રયોગો હોય છે અને દરેક સર્જનાત્મક લેખક એમાં નવી નવી અર્થછાયાઓની શકયતા ઉમેરતો જાય છે. અને એ રીતે ભાષાને પહેલા કરતાં વધારે સમૃધ્ધ બનાવે છે. વિચારોમાં આવતી દરેક ક્રાન્તિ ભાષાને પણ એ નવા વિચારોને વ્યકત કરવાની શકિત આપતી જાય છે. જો હિન્દની ભાષાઓએ સમકાલીન ક્રાન્તિને બરાબર ન ઝીલી હોય કે ઓછી ઝીલી હોય તો તેનું કારણ એ છે કે એ ભાષાઓને દુનિયાના વિચાર પ્રવાહોથી ફરજિયાત અલગ રાખવામાં આવી છે. એ ભાષાનો ઉપયોગ થશે તો તે પોતાની આન્તરિક સંમૃધ્ધિ વડે એના ધિકકારનારાઓને આશ્ચર્ય પમાડશે.

લોકોએ પહેલી જ વાર લખતાં ને વાચતાં શીખવાની સાથે જ જે પ્રશ્નનો નિકાલ કરી આપ્યો છે તે પ્રશ્ન સંબંધે આવી નિરર્થક ચર્ચામાં સમય વેડફી નાખવો ન જોઇએ. હવે તો મુખ્ય સવાલ એ છે કે બહારની દુનિયાના સંપર્કો વધારીને ભારતીય ભાષાઓના વિકાસને કેવી રીતે સારી મદદ કરી શકાય. બાળકો માટેનાં પુસ્તકો, સાહિત્યનાં પુસ્તકો, વિજ્ઞાનનાં પુસ્તકો—આમ આપણા દેશમાં ભાષાન્તર અને તેના પ્રકાશનનું ગંજાવર કામ રાહ જોઇ રહ્યું છે. જે લોકો પોતાના બાળકોને વિદેશી ભાષાનાં માધ્યમ દ્વારા અપાતું શિક્ષણ છોડાવવા માંગે છે તેઓને માટે આ એક ચેલેંજ છે, પડકાર છે; અને તે વધારે અગત્યનો છે, કારણ કે અંગ્રેજી ભાષા વિશે પ્રવર્તતા વિવાદે બતાવ્યું છે તેમ હજુ ઘણા એવા લોકો છે કે જે માને છે કે અંગ્રેજી ભાષા વિના દુનિયામાં રહેવું અઘરૂં થઈ પડશે.

કદાચ એમ પણ બને કે જેઓ પોતાનાં બાળકોને અંગ્રેજીના માધ્યમદ્વારા શિક્ષણ આપવાની પ્રથાને વળગી રહ્યા છે તેઓને જો એમ સમજાશે કે ઉંચા હોદ્દાઓ પ્રાપ્ત કરવાના સાધન તરીકે અંગ્રેજીને હવે સ્થાન રહ્યું નથી તો તેઓ અંગ્રેજી ભાષા માટેનો પોતાનો દુરાગ્રહ છોડી દેશે. જ્યાં દલીલ નિષ્ફળ નીવડે ત્યાં આર્થિક દબાણ સફળ નીવડવા સંભવ છે. આવું દબાણ હો કે ન હો, શિક્ષણના માધ્યમ તરીકે વિદેશી ભાષા અને ભારતીય ભાષા વચ્ચેની અસમતુલા દૂર કરવાની આવશ્યકતા કોઇ પણ રીતે ઓછી થતી નથી. અંગ્રેજી ભાષા માટેના ઉત્સાહી હિમાયતી ગમે તે કહે અથવા કરે પરંતુ દેશને અત્યારે વધારે સારાં પાઠયપુસ્તકોની અને વધારે સારાં ભાષાન્તરોની ઘણી જ જરૂર છે. યુનિવર્સિટીઓએ પાઠય પુસ્તકોનાં પ્રકાશનનું બધું જ કામ પોતાને હસ્તક લઇ લેવું જોઇએ. અને એમાંથી જે નફો થાય તે નવાં ભાષાન્તરોનાં ઉપયોગમાં લેવો જોઇએ. પ્રકાશનના ધંધામાં અત્યારે જે અંધેર પ્રવર્તી રહ્યું છે એના જેવી ખેદકારક અને દુઃખદાયક બીજી એક પરીસ્થિતિ નથી. મામુલી લેખકો ગમે તેવાં કચરા જેવાં પાઠય પુસ્તકો લખીને અત્યારે પુષ્કળ પૈસો કમાઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ સાચા પ્રામાણિક લેખકો ભૂખે મરી રહ્યા છે.

સરકારી મોવડીઓની આકાંક્ષાઓ અને સરકારી નીતિ વખોડનારા મિથ્યા પ્રલાપો—એ કશું જ એ પડકારને ઝીલવામાં મદદરૂપ થવાનું નથી. અત્યારે તો ફકત બાળકોના શિક્ષણ અને અભ્યાસની સૂક્ષ્મ સમજણ પર મંડાયેલા મકકમ કાર્યની જ જરૂર છે

મુળ અંગ્રેજી: **શ્રી અદિબ**

અનુવાદક: **શ્રી તારાબહેન તથા રમણલાલ શાહ**

# પંડિતજીનું પ્રતિભાપૂર્ણ પ્રવચન

[ ગતાંકથી ચાલુ ]

આપણા જીવનને અને સંસ્કૃતિને સમૃધ્ધ બનાવતી અનેક પ્રકારની વિવિધતા આપણા દેશમાં છે અને ભાતભાતના લોકો જોવામાં આવે છે. પરંતુ તે સાથે તેનાથી આપણી આંતરિક મૂળભૂત ઐતિહાસિક એકતા આ જ નબળાઇને કારણે અનેકવાર તૂટી પડી છે. આપણા પોતાનાં જ શસ્ત્રો આપણી સામે વપરાયાં છે અને આપણાં પોતાના જ લોકોએ આપણને દગો દીધો છે. ઇતિહાસના પદાર્થ-પાઠ ઉપરથી આપણે ધડો લેવો જોઇએ. પ્રજાનો કોઇ એક ભાગ જાતિ, પ્રદેશ, ધર્મ, ન્યાત કે ભાષાને કારણે રાષ્ટ્રીય સંગઠ્ઠનને ખંડિત કરે તો તે સહન કરી લેવાનો આ સમય નથી. જો આપણે એક બનીને રહીશું તો આપણુ ઐકય જ આપણા સ્વાતંત્ર્યને કે શાંતિપૂર્વક રહેવાના આપણા જગજાહેર સંકલ્પને ધોકો પહોંચાડ-નારાઓનો સામનો કરશે અને તેમને દબાવી શકશે.

આપણા દેશના સામર્થ્યનો વિકાસ તે પણ રાષ્ટ્રીય સંગઠ્ઠનનું મહત્વનું અંગ છે તેનો આધાર કેવળ આપણી ઉપર જ રહે છે, આપણે બીજાઓ ઉપર આધાર રાખ્યા વગર આપણા જોરે જ આપણી શકિત ખીલવવી જોઇએ, એક ક્ષેત્રમાં પરાવલંબન રાષ્ટ્રને બીજા ક્ષેત્રામાં પણ પરાવલંબી બનાવે છે. રાષ્ટ્ર જાતે જ પોતાનું ઘડતર કરે છે એમ કહેવાય છે. સ્વાવલંબનથી આપણે બીજાઓનો આદર પ્રાપ્ત કરી શકીશું અને આપણો દેશ વધુને વધુ આપણા દરેકનો પોતાનો બનાવી શકીશું.

રાષ્ટ્રીય સંગઠ્ઠન આપણી પાસેથી માત્ર શારીરિક, આર્થિક કે નાણાંકીય જ નહિ, પરંતુ આધ્યાત્મિક પ્રયાસ પણ માંગી લે છે. આ પ્રકારના પ્રયાસથી જ આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે અને સ્વાતંત્ર્યની શરૂઆતની આપત્તિઓ ઉપર વિજય મેળવ્યો છે. આપણી પ્રજાની એ જ મૂળભુત ભાવના છે અને આપણને અપાએલા પડકારનો એ જ પ્રત્યુત્તર છે. આપણે સતત જાગ્રત રહીશું અને આપણી સલામતી તેમજ આપણા રાષ્ટ્રીય વારસાનુ પૂરી સાવધતા-પૂર્વક સંરક્ષણ કરીશું. દુનિયામાં શાંતિ સ્થાપવાના આપણા પ્રયત્નને આપણે વળગી રહીશું. પરંતુ હંમેશા આપણે આપણી જાત ઉપર જ આધાર રાખીશું.

આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાનાં અઢી વર્ષ પુરાં થયાં તે દરમ્યાન દેશભરમાં મોટી યોજનાઓ તૈયાર થવા માંડી છે. આમાંની ઘણી યોજનાઓ વિચારમાં તેમ જ અમલમાં ભવ્ય છે આવી યોજનાઓ આપણે ઉપાડી છે અને તેને પાર પાડવા ખંતપુર્વક પ્રયાસ કરી રહ્યા છીએ તે હકીકત માત્ર આપણા ભાવિમાં આપણી શ્રધ્ધા અને હિંમત બતાવે છે.

રાષ્ટ્રીય એકીકરણની પ્રવૃત્તિ ભારતમાં ચાલુ રહી છે. અને વળી આપણે નૂતન ભારતના આપણા સ્વપ્નના પાયા નાખ્યા છે. હું માનું છું કે આટલા જ ગાળામાં મેળવેલી સિધ્ધિઓ માટે બીજા કોઇપણ દેશની સાથે ભારત સારી રીતે સરખામણીમાં ઉભું રહી શકે અને તે સિદ્ધિઓ માટે આપણે જરુર ગૌરવ લઇ શકીએ.

તેમ છતાં આપણામાં ઘણી ખામીઓ છે અને તેમાંની સૌથી મોટી ખામી આપણી થોડું કરીને બહુ લેખવાની અને એ રીતે મલકાવાની વૃત્તિ છે. આપણું વહીવટી તંત્ર બીજી અનેક રીતે સારૂં હોવા છતાં આજ સુધી દેશના બદલાયેલા સંજોગોને અનુકુળ થઇને ત્વરિત કાર્ય કરી શકે એવી તાકાતવાળું થયું નથી. દરેક પગલું ભરવામાં લાંબો સમય જાય છે અને જુદી જુદી વિકાસ યોજનાઓ માટે નક્કી થએલી રકમ પણ વપરાઇ શકતી નથી.

આપણે સતત એકધારૂં કામ કરી શકતા નથી અને ધૂન પ્રમાણે કામ કરવાની વૃત્તિ ધરાવીએ છીએ સરકારી તંત્ર ઉપર બધી વાતમાં આધાર રાખવાની અને સાથે સાથે મનમાં આવે તેમ તેને વખોડવાની આપણા લોકોને ટેવ પડી ગઇ છે. ચોતરફથી સતત દબાણ રહે તો જ ઝડપી વિકાસ સાધી શકાય. લોકો, ધારાસભાઓના તેમના પ્રતિનિધિઓ અને સરકાર આ ત્રણેની વચ્ચે સહકાર રહેવો જોઇએ.

આ દેશમાં અને ખાસ કરીને ભૂતકાળથી આજ સુધી ઉપક્ષિત રહેલા એવા ગ્રામવિસ્તારોમાં સમુહયોજનાઓ અને રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ શાન્ત ક્રાન્તિ લાવવાની આપણને અનોખી તક આપે છે. કોઇ પણ પક્ષ કે મત ધરાવનારને તેમાં પૂરતું સ્થાન છે. આજના ટકી રહેવાની તીવ્ર હરીફાઇના કાળમાં આપણી દ્રષ્ટિને અને વિચારોને સંકુચિત બનાવે તેવી વૃત્તિઓ અને વલણોથી આપણે ઉન્મુકત બનવું જોઇએ મુખ્યત: આપણે કોમવાદ, પ્રાન્તવાદ અને ન્યાતજાતના ભેદભાવને જડમૂળથી ઉખેડી નાંખવાના છે અને જ્યાં આવા ભેદભાવને કશું જ મહત્ત્વ ન હોય અને સૌને વધારે સમૃધ્ધ જીવન મળે અને આત્મોન્નતિ સાધવાની વધારે ને વધારે તકો મળે એવી નવભારતની આપણે રચના કરવાની છે

આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાને પાર પાડવાના કાર્યો કરતાં કરતાં જ આપણે બીજા પાંચ વર્ષની યોજનાનો વિચાર કરવો રહ્યો. આપણે જણાવ્યું છે તે મુજબ આ બીજી યોજના લોકોના સંપૂર્ણ સહકારપૂર્વક અને તેમની વિશિષ્ટ જરૂરિયાતોને લક્ષમાં રાખીને ઘડવાની છે.

ગ્રામ પંચાયતોએ અને લોકોએ તે વિષે વિચાર કરીને તેમની દરખાસ્તો રજુ કરવી જોઇએ. માત્ર ઉપરના મજલેથી આપણે વહીવટ કરી શકીશું નહીં. કારણકે આપણે આપણા લાખ્ખો લોકોને તેમના સહકારપૂર્વક વ્યવસ્થિત કરવાના છે અને આ મોટી જવાબદારીઓના તેમને સાથી અને ભાગીદાર બનાવવાના છે.

આમ કરવા માટે આપણે તેમના લોકગીત, નૃત્ય, સંગીત અને સુખદુ:ખ દ્વારા પ્રજાના હાર્દને પહોંચવું જોઇશે આ રીતે કામ અને આનંદ એકમેકમાં સંકળાઇ જશે અને આપણાં કાર્યો અને વિકાસયોજનાઓ લોકોની નજરમાં ખૂબ ચેતન પ્રેરક બનશે. ભયંકર કંગાલીયતમાં પણ આપણાં ગામડાના લોકો હસવા-નાચવાનું અને એક બીજાની પ્રત્યે ઉદારતા દાખવવાનું હજી સુધી ભૂલ્યા નથી.

આપણા બળનો આધાર માત્ર શહેરો ઉપર જ નહીં પણ પ્રધાનપણે આપણા હજારો અને લાખ્ખો લોકો રહે છે તે ગામડાંઓ ઉપર છે. એ ગ્રામવિસ્તારોના પુનરુધ્ધાર માટે જ સમુહયોજનાઓ અને રાષ્ટ્રીય વિકાસયોજનાઓ ઘડાઇ છે. ત્યાં કામ કરવાની અને એ રીતે આપણી સાથે એકરસ થઇને વધુ ઉચ્ચ જવાબદારીઓ માટે લાયકાત મેળવવાની આપણા યુવાનો અને યુવતીઓ માટે આ એક અનુપમ તક છે. આ માટે આપણી યુનીવર્સીટીઓ—આપણા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ—કાર્યની ભાવના ફેલાવનારાં જીવંત કેન્દ્રો બની શકે તેમ છે.

બેકારી એ આપણી એક મુખ્ય સમસ્યા છે અને ઘણા યુવા-નોના જીવન પર બેકારીની કરુણ છાપ પડી રહી છે. આપણે તેને જાદુ કરીને દૂર કરી શકીએ નહીં. પરંતુ યોગ્ય નિયોજન અને સખત મહેનત કરીને આપણે તેનો ધીમે ધીમે અંત લાવી શકીએ. દરેક જણ સરકારી નોકરીઓ ઉપર નજર રાખે તેનો કાંઇ અર્થ નથી. પરંતુ ભારે પરિશ્રમ ઉઠાવવા તૈયાર હોય અને શારીરિક કામ પ્રત્યે જેને ઘૃણા ન હોય તેવી કોઇપણ વ્યકિતને રોજગાર અને કામની આપણે બાંહેધરી આપવી જોઇએ.

આપણે જો આગળ વધવાનો નિશ્ચય કર્યો હશે અને તે માટેની કિંમત આપવા તૈયાર હોઇશું તો મને ખાત્રી છે કે આપણને પૈસાની ખોટ પડવાની નથી બીજી પંચવર્ષીય યોજના તાજેતરમાં જ મૂર્ત સ્વરૂપ પામવી જોઇએ અને આપણા જમીનના પ્રશ્નને હલ કરવા અને આજીવિકા આપે તેવું કામ પૂરૂ પાડવા ઘણે અંશે સમર્થ નીવડવી જોઇએ.

સ્વતંત્રતા એક અમુલ્ય જીવન તત્ત્વ છે અને તે સાથે તેના વિશિષ્ટ હક્કો તેમ જ જવાબદારીઓ અને ફરજો જોડાયલી છે, આપણે સતત આપણી ફરજો બજાવવામાં સભાન રહીશું તો જ આપણી સ્વતંત્રતા જાળવી શકીશું. આપણામાંના જેઓને ધારાસભાઓમાં સેવા કરવાનું સદ્ભાગ્ય મળ્યું છે તેમણે આ ખાસ ફરજ બજાવવાની છે. તેમનું કામ માત્ર ધારાસભામાં જ પરિમિત થઇ જતું નથી. ધારાસભાઓમાં પસાર થએલા કાયદાઓ કે ધારાસભાની બેઠકના દિવસો ઉપરથી લોકશાહીની સિદ્ધિનું માપ અંકાતું નથી. તેનું મૂલ્યાંકન તો તેણે કરેલા કાર્યના ધોરણ પરથી અને ધારાસભ્યો અને તેમને ચૂંટનારા લોકો વચ્ચે કયા પ્રકારનો સંબંધ બંધાયો છે. તે પરથી થાય છે તેનો આધાર વહીવટી તંત્ર અને ધારાસભા વચ્ચે બંધાએલા યોગ્ય સંબંધ ઉપર પણ રહે છે.

પોતાના મતદાર વિભાગમાં ધારાસભ્ય લોકશાહીના પ્રતીકસમો છે. તેથી તેના વિભાગમાં તેનું કાર્ય માત્ર ચૂંટણીના સમય પૂરતું મર્યાદિત હોવું ન જ જોઇએ. લોકોનું હિત અને લોકોના અવાજના તેણે સાચા રખેવાળ બનવું જોઇએ.

કોંગ્રેસે ચૂંટણીમાં ભાગ લેનાર સંસ્થા તરીકે કામ કરવાનું છે. પરંતુ તેણે માત્ર પક્ષીય સંસ્થા કરતાં કાંઇક વધુ કરી બતાવવાનું છે. ધીરજપૂર્વક અને નિઃસ્વાર્થભાવે સેવા કરીને પ્રજાનો વિશ્વાસ અને આદર પ્રાપ્ત કરીને તેણે લોકોના હૃદયમાં વસી જવાનું છે.

ટીકા અને વિરોધ લોકશાહીનું એક અગત્યનું અંગ છે. તેથી આપણે તેને આવકારીએ છીએ, પરંતુ કમનસીબે મોટા ભાગની ટીકા અવાસ્તવિક હોય છે અને આજના સળગતા પ્રશ્નો સાથે તેને ભાગ્યે જ સંબંધ હોય છે. તેની સંગતતા કે વ્યવહારૂપણાને લક્ષમાં રાખ્યા વગર એકને એક જ વાત ફરી ફરીને કહેવામાં આવે છે.

બધા જ મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાનું અમારા ઉપર દબાણ કરવામાં આવે છે. કેમ જાણે તેથી કોઇ તત્કાળ ઉકેલ મળી જવાનો ન હોય! બ્રીટીશ રાષ્ટ્રસમુહને છોડી દેવાનો અમને સતત આગ્રહ કરવામાં આવે છે, પરંતુ તેથી આપણને શો ફાયદો થશે તે બતાવવામાં આવતું નથી, મને તો ખાત્રી થઇ ચૂકી છે કે આપણી દૃષ્ટિએ અને દુનિયાના મહત્વના પ્રશ્નોની દૃષ્ટિએ રાષ્ટ્રસમુહમાં ચાલુ રહેવાનો આપણે નિર્ણય કર્યો તે યોગ્ય જ પગલું હતું.

કોઇ પણ પ્રકારની દખલગીરી ન હોય અને ઓછામાં ઓછું બંધન હોય એ પ્રકારનો આ રાષ્ટ્રસમુહ છે જેની જોડ મળવી મુશ્કેલ છે. વળી સાથે સાથે બીજા કોઇ પણ દેશો સાથે આવા અથવા બીજા પ્રકારનું જોડાણ બાંધતી સંસ્થાને આપણે આવકારવા સદા તૈયાર છીએ. કોઇ પણ જાતની સરતબંધણી વગર આપણે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા–યુનાઇટેડ નેશન્સ–માંના એશિયન–આફ્રિકન મંડળમાં જોડાયા છીએ અને તે સંબંધ આપણને પરસ્પર લાભદાયી નીવડ્યો છે. આપણા કેટલાક પડોશી રાજ્યો સાથે પણ આપણે ગાઢ સંબંધ ધરાવીએ છીએ.

રાષ્ટ્રીયકરણના સંબંધમાં, જો કે આપણે બધી વાતો શબ્દશઃ સ્વીકારતા ન હોઈએ તો પણ આપણામાંના લગભગ બધા જ સમાજવાદના વિશાળ સિદ્ધાંતોને સ્વીકારીએ છીએ. જ્યાં જ્યાં રાષ્ટ્રીયકરણ દેખીતી રીતે લાભદાયી હોય ત્યાં ત્યાં તેમ કરવામાં આપણે અચકાવું ન જોઇએ. રાજ્યની માલિકીની અનેક ભવ્ય યોજનાઓ આપણે ઉપાડેલી છે અને તેની સંખ્યા વધતી જાય છે. પરંતુ જ્યારે આપણે નવા ઉદ્યોગો ઉભા કરવા માંગીએ છીએ ત્યારે જૂના ઉદ્યોગો કબજે કરવામાં આપણી થોડીવત્તી સાધન-સામગ્રી શા માટે વાપરી નાંખીએ? દરેક પ્રશ્નને તેના ગુણાવગુણની દૃષ્ટિએ તપાસવો જોઇએ.

આપણે યાદ રાખવું જોઇએ કે કોઇ એક દેશના પ્રશ્નો બીજા દેશનું આંધળું અનુકરણ કરવાથી ઉકેલી શકાય નહીં અમેરિકા ભારે ઉદ્યોગપ્રધાન દેશ છે. આપણા અલ્પવિકસિત દેશમાં શું આપણે તેમની પધ્ધતિ દાખલ કરીશું? અથવા અહીં બંધબેસતું હોય કે ન હોય તો પણ રશિયાનું અનુકરણ કરીશું? ભારે વસ્તીવાળા અને અલ્પવિકસિત દેશના પ્રશ્નોનો આપણે શાંતિપૂર્વક અને લોકશાહીને માર્ગે ઉકેલ શોધવાનો છે. કોઇપણ સંજોગોમાં આપણે હિંસક પધ્ધતિ કે ખોટી માનતા હોઇએ તેવી કોઇ પધ્ધતિ સ્વીકારવા તૈયાર નથી. એ આપણો માત્ર સિધ્ધાંત જ નથી. પણ તેમાં વ્યવહારૂ રાજકીય ડહાપણ પણ રહેલું છે. કારણકે હિંસક પધ્ધતિઓ અનિવાર્યપણે ઘર્ષણ અને વિનાશ ઉત્પન્ન કરે છે અને બધા જ પ્રકારની પ્રગતિનો અંત લાવે છે.

બીજા દેશોના રાજ્યવહીવટમાં દખલગીરી કરવાની આપણી જરાય ઇચ્છા નથી. પરંતુ ભૂતકાળની આપણી આખીય ભૂમિકા અને આજની દુનિયાની આપણી સમજના પરિણામે અનિવાર્યપણે આપણે સંસ્થાનવાદના વિરોધી બન્યા છીએ. આપણા પોતાના અનુભવ ઉપરથી આપણે સમજ્યાં છીએ કે જેઓ રાજ્ય કરે છે તેમના માટે તથા જેઓની ઉપર પરદેશી રાજ્ય હકૂમત ચલાવે છે તે બન્ને માટે આ એક મોટું અનિષ્ટ છે. આજની દુનિયાના સંબંધમાં સંસ્થાનવાદ વિશ્વશાંતિને સતત ભયમાં મુકે છે અને વર્ણસંઘર્ષની વૃત્તિને પોષે છે

એશિયાના ભિન્નભિન્ન પ્રદેશોમાંથી સંસ્થાનવાદને ક્રમશઃ નિર્મૂળ કરવાની પ્રવૃત્તિને આપણે આવકારી હતી અને આશા રાખી હતી કે આ ક્રિયા દુનિયામાંથી સંસ્થાનવાદનો અંત લાવવા સુધી ચાલુ રહેશે, પરંતુ તાજેતરમાં આફ્રિકામાં અને બીજા દેશોમાં પણ આ પ્રવૃત્તિને ઉથલાવી પાડવાની વૃત્તિ દેખાય છે.

દુઃખ ઉત્પન્ન કરે તેવી અનેક ઘટનાઓ આપણી સમક્ષ મોજુદ છે અને તેની આપણા લોકો અથવા પ્રજા ઉપર ભારે અસર થઇ છે. મને આશા છે કે દુનિયાને વધુ વિનાશને માર્ગે ઘસડી જાય તે પહેલાં આ પ્રત્યાઘાતી પગલાંઓ પાછા ખેંચી લેવામાં આવશે. મને કહેતાં આનંદ થાય છે કે તાજેતરમાં બે ભારે આશાસ્પદ ઘટનાઓ બની રહી છે. તેમાંની એક છે પશ્ચિમ આફ્રિકામાં સ્વરાજ્યનો વિકાસ અને બીજી આફ્રિકાના મધ્ય ભાગમાં એક સ્વતંત્ર રાજ્ય તરીકે સુદાનનો ઉગમ દુનિયાના બનાવોમાં આફ્રિકા જરૂર મહત્વનો ભાગ ભજવશે, અને જો તેના સ્વાભાવિક વિકાસને બળપૂર્વક રુંધવાનો પ્રયત્ન કરવામાં આવશે તો તે વિનાશકારક નીવડશે.

ભાગ્યવિધાતાએ તેમજ અધતન સંજોગોએ ભારત ઉપર ભારે જવાબદારીઓ નાંખી છે. ગમે તે પક્ષમાં આપણે જોડાયલા હોઇએ તો પણ આપણે સૌએ આ જવાબદારીઓ ઉપાડવાની છે. ખાસ કરીને જેઓને કોંગ્રેસમાં રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેમણે કોઈ જાતના અભિમાનથી નહીં પરંતુ સંપૂર્ણ નમ્રતાપૂર્વક વધારે ભાર ઉપાડવો પડશે જ. અને તેમણે યાદ રાખવું જોઇશે કે જે મહાન સંસ્થાના તેઓ અંગ છે તે આજે પણ ભાવિ ઇતિહાસના ઘડવૈયા તરીકે જીવન્ત છે. તેમણે કોંગ્રેસની આજની પરંપરા અને પ્રતિષ્ઠા જાળવી રાખવી જોઇએ અને તદનુસાર જીવન જીવી બતાવવું જોઇએ એટલું જ માત્ર નહીં, પરંતુ હંમેશા બને તેટલો બીજાઓનો સહકાર સાધતા રહેવું જોઇએ કે જેથી આપણી જીંદગીનો જે ટૂંક સમય બાકી રહ્યો છે તે દરમિયાન ભારતના લાંબા ઇતિહાસમાં આપણે એક શાનદાર પ્રકરણ ઉમેરી શકીએ.

સમાપ્ત

અનુવાદક : **શ્રી હંસા શેઠ.**

# પ્રકીર્ણ નોંધ

### "ખુન, ખુન, અંગ્રેજીનું ખુન"!

ઓલ ઇન્ડીઆ એંગ્લો-ઇન્ડીઅન એસોસીએશનની મુંબઇ શાખાના આશ્રય નીચે અંગ્રેજી શિક્ષણમાધ્યમ ધરાવતી હાઇસ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓના માતપિતાઓ અને શિક્ષકોનું એક સંમેલન તા. ૧૩-૧-૫૪ બુધવારના રોજ મુંબઈ ખાતે સુન્દરબાઇ હોલમાં મુંબઇ સરકાર તરફથી થોડા સમય પહેલાં નીકળેલું ફરમાન જેનો પ્રબુદ્ધ જીવનના આગળના અંકમાં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સામે વિરોધ રજુ કરવા માટે મળ્યું હતું. ઓલ ઇન્ડીઆ એંગ્લો-ઇન્ડીઅન એસોસીએશનના પ્રમુખ શ્રી. ફ્રેંક એન્થનીએ આ સંમેલનના પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં મુંબઇ સરકારના પ્રસ્તુત ફરમાનને અનુલક્ષીને પ્રમાણ, વિવેક અને સંયમની સર્વ મર્યાદાઓ બાજુએ મુકીને મુંબઇ સરકારની, શિક્ષણસચિવ શ્રી. દિનકરરાવ દેસાઇની અને સમગ્ર શિક્ષણ નીતિની અર્થ વિનાની અવહેલના કરી હતી. આખા ભાષણનો સાર એ હતો કે અંગ્રેજી ભાષાને દેશમાંથી ઉખેડી નાંખવાનું, અંગ્રેજીનું ખુન કરવાનું, કોઇ પણ ભાષામાં શિક્ષણ લેવાનો દરેક નાગરિકના હક્કનું ઉન્મૂલન કરવાનું આ એક કાવતરૂં રચાઇ રહ્યું છે. આ સામે વખતસર માથું ઉંચકવામાં નહિ આવે તો અંગ્રેજી ભાષાનો દેશમાંથી લોપ થશે અને બધી સભ્યતા અને સંસ્કારિતાનો ઉચ્છેદ થશે.

મુંબઇ સરકારના પ્રસ્તુત હુકમ સંબંધે આવા ઉદ્‌ગારો વાંચીને ભારે આશ્ચર્ય થાય છે. આ સંબંધમાં આજે જે પોકાર, ઉઠાવવામાં આવ્યો છે તે પોકાર વસ્તુતઃ ૧૯૫૨ માં મુંબઇ સરકારે માત્ર જેની માતૃભાષા અંગ્રેજી હોય તેવાં બાળકોને અંગ્રેજી શિક્ષણ માધ્યમવાળી શાળાઓમાં દાખલ કરવા એવો હુકમ બહાર પાડયો હતો ત્યારે ઉઠાવવો જોઇતો હતો. પણ એ વખતથી આજ સુધી અંગ્રેજી માધ્યમ—નો મોહ ધરાવતા મુંબઇમાં વસતાં માબાપો અને આવી શાળાઓ બન્ને મળીને એક છળપ્રપંચની રમત ચલાવી રહ્યાં હતાં. માબાપો ખોટી રીતે પોતાની માતૃભાષા અંગ્રેજી હોવાનું જણાવતા હતા અને કોઇ કાળે પણ જેની માતૃભાષા અંગ્રેજી ન હોઇ શકે એવા વિદ્યાર્થીઓને એંગ્લો-ઇન્ડિયન અને એ ઢબની અન્ય શાળાઓના સંચાલકો જાણી સમજીને પોતપોતાની શાળામાં દાખલ કર્યે જતા હતા. મુંબઇ સરકારનો આ હુકમ અંગ્રેજી ભાષાનું આજના નૂતન શિક્ષણમાં જે સ્થાન નવા રાજ્યતંત્ર નીચે સ્વીકારાયું છે તેમાં લેશ માત્ર ઘટાડો કે વધારો કરતો નથી. માત્ર મુંબઇ જેવા શહેરમાં મોટા પાયા ઉપર ચાલી રહેલા ઉપર જણાવેલ પ્રપંચ ઉપર આ હુકમ સખ્ત પ્રતિબંધ મુકે છે. એટલે ફ્રાંક એન્થની અને એની સમ વિચારશ્રેણી ધરાવતા મહાશયોની "દુખે છે પેટ અને કૂટે છે માથું" એવી કંઇક સ્થિતિ થઇ છે. તેમના માટે ડહાપણ ભરેલો માર્ગ એ છે કે આ રીતે મુંબઈ સરકાર સામે ધુંવાંફુવા થઇને બખાળા કાઢવાને બદલે મુંબઇ સરકારે જાહેર કરેલી પ્રવેશમર્યાદાને અન્ય વ્યવહારૂ અપવાદો સૂચવીને શકય તેટલી વિસ્તૃત કરવા માંગણી કરવી. અને આ સંબંધમાં જે કાંઇ વ્યવહારૂ સૂચનાઓ કરવામાં આવશે તે ઉપર મુંબઈ સરકાર દુર્લક્ષ્ય સેવશે એમ માનવાને કશું જ કારણ નથી.

પણ ફ્રાન્ક એન્થની અને તેની વિચારણાવાળા અન્ય આગેવાનોએ એ સ્પષ્ટપણે સમજી તેમજ સ્વીકારી લેવાની જરૂર છે કે હવેના કોઇ પણ શિક્ષણક્રમમાં અંગ્રેજીનું સ્થાન નિશ્ચિતપણે સદાને માટે ગૌણ રહેવાનું જ છે. અને સામાન્ય પ્રજાજનોનાં બાળકો માટે શિક્ષણનું માધ્યમ કાં તો પ્રાદેશિક ભાષા અથવા તો માતૃભાષા અથવા તો હિંદી સ્વીકારાવાનું છે તેમજ કોલેજ અને પછીના શિક્ષણ પ્રદાનમાં હિંદીનો વધારે ને વધારે વ્યાપક ઉપયોગ થવાનો છે.

આમ છતાં પણ મુંબઇ સરકારના હુકમ સામે એંગ્લો ઇન્ડિયન સ્કુલો અને તેના મુરબ્બીસમા શ્રી એન્થની જેવા ગૃહસ્થો ઉકળી ઉઠે એ સમજી શકાય તેવું છે; પણ મુંબઇ પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખ શ્રી. એસ. કે. પાટીલ અને તેમના અનુયાયી શ્રી ડાહ્યાભાઇ વલ્લભભાઈ પટેલ પણ આ હુકમ સામે જે ઝુંબેશ ચલાવી રહ્યા છે તે તો બીલકુલ ન સમજાય તેવી બીના છે. શ્રી એસ. કે. પાટીલે થોડા દિવસ પહેલાં અમદાવાદ ખાતે એક અખબારી પરિષદમાં મુંબઇ સરકારના આ હુકમને આ વર્તમાન કાળના સૌથી વધારે મુર્ખાઈ ભરેલાં પગલા તરીકે વર્ણવેલ છે અને મુંબઇ સરકારના આ પરિપત્રને જડમૂળથી ઉખેડી નાંખવા પોતાથી બનતા સર્વ પ્રયત્નો કરવા વચન આપ્યું છે. આ ઉપરાંત તેમણે આગળ વધીને આગાહી કરી છે કે મુંબઇ સરકારની આ નીતિના પરિણામે કોંગ્રેસ આગામી ચૂંટણીમાં એક લાખ મત ગુમાવવાની છે.

મુંબઇ સરકારનું આ પગલું મુર્ખાઇભર્યું છે કે ડહાપણભર્યું એ તો ભાવી નક્કી કરશે, પણ જે પક્ષની નીમેલી સરકાર આજે મુંબઇ પ્રદેશ ઉપર રાજ્ય કરે છે તેજ પક્ષની એક પ્રાદેશિક સમિતિના શ્રી પાટીલ પ્રમુખ છે. આવી જવાબદાર વ્યક્તિના આ પ્રકારના ઉદ્‌ગારો ડહાપણભર્યા કે ઔચિત્યયુક્ત છે એમ દુનિયાનો એક પણ સમજુ માણસ કદિ નહિ જ કહે. આગામી ચૂંટણી ઉપર મુંબઇ સરકારના આ પગલાંની અસર પડે કે ન પણ પડે, પણ શ્રી પાટીલ જેવાના આવા બેલગામ ઉદ્‌ગારો તો જરૂર કોંગ્રેસ માટે ઘાતક નીવડવાના જ છે.

આજકાલ જ્યારે એક બાજુએ સમગ્ર શિક્ષણક્રમની પુનરરચના વિચારાઈ રહી છે, શિક્ષણ માધ્યમનો પ્રશ્ન ઉગ્રપણે ચર્ચાઇ રહ્યો છે, અને કેળવણી પદ્ધતિમાં પાયાના ફેરફારો ચોતરફ વિચારાઈ રહ્યા છે તથા અંગ્રેજી ભાષાનું ભાવી તોળાઇ રહ્યું છે ત્યારે શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી અને શ્રી એસ. કે. પાટીલ જેવા આપણા કેટલાક નેતાઓ અને ઉગતી પ્રજાના વિચારસૂત્રધારો અંગ્રેજી ભાષાના બે મોઢે વખાણ કરી રહ્યા છે અને શિક્ષણના ક્ષેત્રમાં ગમે તેમ ફેરફારો કરો, પણ અંગ્રેજી ભાષાના પ્રભુત્વને જરા પણ આંચ આવવા ન દેતા એમ આપણને ચેતાવી રહ્યા છે. કેટલાક તો એટલે સુધી કહે છે કે અંગ્રેજી ભાષા હતી તો જ આપણને આઝાદી મળી—જાણે કે કુકડી બોલે તોજ વહાણું ઉગતું ન હોય!

અંગ્રેજી ભાષાના મહત્વનો કોઇ ઇન્કાર કરતું નથી. તેના સાહિત્યની વિપુલતા અને અદ્‌ભુતતા વિષે પણ બે મત છે જ નહિ. પણ આજનો પ્રશ્ન અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સાહિત્યને આપણા દેશમાંથી નાબુદ કરવાનો છે જ નહિ પણ પ્રાદેશિક ભાષાઓના ભોગે જે અંગ્રેજી ભાષાને આજ સુધીના શિક્ષણક્રમમાં વધારે પડતું મહત્વ મળતું રહ્યું છે તેને નવી પરિસ્થિતિને અનુરૂપ સ્થાન આપવું અને અંગ્રેજી ભાષા વિના કોઇ પણ વિષયનું ઉચ્ચ શિક્ષણ આપી ન જ શકાય એવી જે પંગુતા આપણને પ્રાપ્ત થઇ છે તે પંગુતા નાબુદ કરવી—એ આજનો પ્રશ્ન છે. જો ઉચ્ચ શિક્ષણને લોકવ્યાપી બનાવવું હશે તો તે પ્રાદેશિક ભાષા દ્વારા જ થઈ શકશે. આ સહજમાં સમજાય એવું સત્ય અંગ્રેજી-તરફદારોના ધ્યાનમાં કેમ આવતું નથી? જે ઉચ્ચ કોટિના અંગ્રેજી સાહિત્ય તરફ આ લોકો મુગ્ધ ભાવે જોઇ રહ્યા છે તેવું સાહિત્ય આપણી ભાષામાં નિર્માણ કરીને સામાન્ય જનતાને તેવા સાહિત્યની ભોકતા બનાવવી છે એ આપણું લક્ષ્ય છે અને આ તો જ બની શકે કે જો આપણું ધ્યાન અંગ્રેજી ઉપરથી આપણી ભાષા ઉપર ઢળે. આપણામાં રાષ્ટ્રીય ભાવના ખીલવવામાં, આઝાદીની તમન્ના કેળવવામાં અંગ્રેજી સાહિત્યે જે

કાંઇ ફાળો આપ્યો હોય તેની આપણે જરૂર કદર કરીએ; પણ જે નીસરણીની મદદ વડે આપણે ઉંચે ચડયા આગળ વધ્યા તે નીસરણીને પછી પણ ગળે વળગાડીને ફેરવ્યા જ કરવી ? વળી એ પણ સમજી લેવાની જરૂર છે કે પ્રજાકીય શિક્ષણમાં અંગ્રેજીનું સ્થાન ગમે તેટલું ગૌણ બને તો પણ અંગ્રેજી ભાષાસાહિત્ય સાથેનો આજ સુધીનો આપણો આટલો બધો ગાઢ સહવાસ અને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે તેનું જામેલું અસાધારણ પ્રભુત્વ–આ બેકારણોને લીધે આપણા અમુક તેજસ્વી યુવાનો અંગ્રેજી ભાષાના અભ્યાસ તરફ વળવાના જ છે. અને મુનશી અને પાટીલ, વિવેકાનંદ અને અરવિંદ, ગાંધી અને નેહરૂ, શ્રીનિવાસ શાસ્ત્રી, અને રાધાકૃષ્ણન જેવા અંગ્રેજી ભાષાકોવિદો આપણે ત્યાં પેદા થતાં રહેવાના જ છે. માત્ર આજની બદલાયલી પરિસ્થિતિ એટલી જ અપેક્ષા રાખે છે કે સામાન્ય પ્રજાજનોની દૃષ્ટિએ વિચારતાં અંગ્રેજી જેવી સર્વ અંશમાં પરદેશી લેખાય એવી એક ભાષા હિંદમાં ભણતા કોઇ પણ બાળકને ગળે શિક્ષણના પ્રારંભથી જ વળગાડવામાં ન આવે, વળી તેનો ઉછેર અને તેનું પ્રારંભિક ઘડતર તેની માતૃભાષા દ્વારા થાય એ હવે બંધ થવું જોઇએ. અંગ્રેજી ભણેલા અને નહિ ભણેલા વચ્ચે આજે જે એક અકાટય દિવાલ ઉભી થઇ છે તે પણ આ રીતે જ જમીનદોસ્ત કરી શકાશે.

આ બધી ચર્ચા તો અંગ્રેજી ભાષાના શિક્ષણ અંગે મુંબઇ સરકારે જે નીતિ છેલ્લાં ચાર પાંચ વર્ષથી ગ્રહણ કરી છે તેના અંગે કરી. બાકી મુંબઇ સરકારના જે પરિપત્રમાંથી આ બધી ચર્ચા ઉભી થઇ છે તે પરિપત્રનો કાર્યપ્રદેશ તો ઉપર જણાવ્યું તેમ અંગ્રેજી ભાષાનો મોહ ધરાવતા માબાપો અને અંગ્રેજી શિક્ષણમાધ્યમવાળી નિશાળો ઉભય મળીને જે જૂઠાણું ચલાવી રહ્યા છે તે નાબુદ કરવા પુરતો જ રહેલો છે. આ ચર્ચામાં રસ ધરાવતા ભાઇબહેનોએ આ હકીકત સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે.

આ પરિપત્રમાં રહેલું ફરમાન હિંદના બંધારણ સાથે સંગત છે કે નહિ તે પ્રશ્નની ચર્ચા–હવે જ્યારે આ ઝગડો મુંબઇની હાઇકોર્ટ સુધી પહોંચ્યો છે ત્યારે–હાલ જરૂરી નથી.

**કુંભમેળાનો કરૂણાપૂર્ણ અન્ત**

છેલ્લાં દશ વર્ષમાં આપણા સામુદાયિક જીવનમાં જે પલટો આવી રહ્યો છે અને ધાર્મિક માન્યતાઓ અને વહેમો તરફ, ક્રિયાકાંડ અને સમારંભો તરફ લોકમાનસ જોસભેર ધસી રહ્યું છે તેનું અલ્હાબાદના કુંભમેળામાં જામેલી લાખોની માનવમેદિનીમાં બહુ મોટા પાયા ઉપર આપણને એક સૂચક દર્શન થયું. દર બાર વર્ષે ચોક્કસ ગ્રહયોગ નિર્માણ થાય છે અને ત્યારે અલ્હાબાદ પ્રયાગ ખાતે ત્રિવેણીસંગમમાં સ્નાન કરવા માટે લોકોનો મોટો મેળો ભરાય છે. પણ આ વર્ષે એકઠી થયેલી માનવીમેદિની આગલા મેળાઓ કરતાં ઘણી જ મોટી હતી. આ દિવસોમાં ગંગાસ્નાનથી પવિત્ર થવાય છે, પાપમુક્ત થવાય છે એ માન્યતાએ તે સ્થળ ઉપર લાખો માણસોને આકર્ષ્યા હતા. પાપમુકિત એટલે અસદ્‌વૃત્તિનું ઉપશમન, ઉચ્છેદ, પુણ્યપ્રાપ્તિ એટલે સદ્‌વૃત્તિનો ઉદય અને સ્થિર આરોહણ. આ લક્ષણ બરોબર હોય તો બુધ્ધિદ્વારા આપણને સહજભાવે સુઝે કે આવા તીર્થસ્થાનોને વસ્તુતઃ પાપ કે પુણ્ય સાથે કશો જ સંબંધ હોઇ ન શકે. તેનો સંબંધ તો અન્ત; સંશોધન અને શુદ્ધિ સાથે જ હોઇ શકે અને તે જેટલાં ગંગાતીરે સંભવે તેટલાં જ ઘરના ખુણે પણ સંભવે. આમ છતાં માણસને વસ્તુતઃ આવું અન્તઃસંશોધન કે આન્તરશુધ્ધિ ખપતી નથી. તેને તો બહારના કોઇ પણ સાધન વડે, ક્રિયાકાંડ વડે, કે પ્રક્રિયા વડે ઉંચે ચડવું છે અને આગળ વધવું છે. આ જડ બુધ્ધિ અને ધાર્મિક ઘેલછા સિવાય કુંભમેળાનું બીજું કોઈ ખાસ મહત્વ દેખાતું નથી, આમ છતાં જે જુની છતાં જીવતી પરંપરા હોય છે અને જેની જડ જનસમુદાય ઉપર બહુ ઉંડી હોય છે તેથી સામાન્ય માનવીઓનું મન મુકત થઇ શકતું નથી અને તેથી આવા પ્રસંગે મારૂં કાંઇક શ્રેય થશે, આ ભવ તેમ જ પરભવનું કલ્યાણ થશે. મહાત્માઓનાં દર્શન થશે, પતીતપાવની ગંગાથી મારાં ભવોભવનાં પાપ છૂટશે. આવી આશા, શ્રધ્ધા, અપેક્ષાથી પ્રેરાયલા સંખ્યાબંધ માણસો એકઠા થાય એ સમજી શકાય તેવું છે. નથી સમજી શકાતું બુધ્ધિશાળી માણસો, સારાસારનો વિવેક જેને પ્રાપ્ત થયો છે એવા સુશિક્ષિત અને તત્ત્વલક્ષી વ્યકિતઓ પણ આ પુરમાં તણાતા જોવામાં આવે છે તે. આવી વિશિષ્ટ વ્યકિતઓ આવા સમારંભમાં જોડાઇને સાંપ્રદાયિકતાને, ધાર્મિક વહેમને, જે પરંપરાનો કાંઇ અર્થ નથી તે પરંપરાને લાંબી જીવાદોરી આપે છે. આ બધું જોઇને બુધ્ધ અને મહાવીર જન્મે અને કાળના ગર્ભમાં લીન થાય, કબીર અને નાનક આવે અને જાય, દયાનંદ અને ગાંધી ઉદય અને અસ્ત પામે–આપણે તો હતા ત્યાં ને ત્યાં જ અને હતા તેવા ને તેવા જ રહેવાના–એવું આપણા ભાવી વિષે ઉંડી નિરાશાનો અનુભવ કરાવતું સંવેદન ચિત્તને સ્પર્શી જાય છે અને કલાન્ત બનાવે છે.

આ સ્થળ ઉપર પોષવદ અમાસના સૌથી વધારે મહત્વના દિવસની સવારે માણસોની અણકલ્પી ભીંસાભીંસે જે ઘોર હત્યાકાંડ નિર્માણ કર્યો, સંખ્યાબંધ બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો, આંધળા બહેરા અપંગ અને સાજા સારા ભિક્ષુઓ અને ગરીબ માણસો ભીંસાયા. છુંદાયાં, કચરાયાં, ડુબ્યાં અને ગુમ થયાં–આ ઘટનાએ આખા દેશમાં અરેરાટીની લાગણી પેદા કરી છે, ખુણેખુણેથી ચિત્કાર ઉઠયો છે, એ ગમગીનીની છાયાથી હજુ પણ આપણું દિલ મુકત થતું નથી, આ દુર્ઘટનામાં કોનો દોષ કાઢવો તે સૂઝતું નથી, ત્યાં જઇ આવેલાં ભાઇ–બહેનો દ્વારા જાણવા મળે છે કે ત્યાં સરકારે જરૂરી સર્વ વ્યવસ્થા ઉભી કરવામાં કોઇ કમીના રાખી નહોતી, પણ કમનસીબે ત્યાં કોઇ પણ વ્યવસ્થા પહોંચી ન શકે એટલી મોટી મેદની એકઠી થઈ હતી. આ દિવસે ચોક્કસ સ્થળે ચોક્કસ સમયે નહાવાથી વિશેષ પુણ્ય થાય એવી માન્યતાના કારણે અમુક સ્થળ ઉપર માણસોનો અણધાર્યો ખુબ ધસારો થયો હતો. હાથી ઉપર બેઠેલા નાગા બાવાઓનો વરઘોડો નીકળવાનો હતો. એ દિશેના કુતુહલે પણ સાંકડા અવકાશમાં ઢગલાબંધ માણસોની જમાવટ કરી હતી. એક યા બીજા કારણે લોકોમાં ભડક પેદા થઇ, નાસભાગ શરૂ થઇ અને માણસોએ માણસોને સ્વજનોએ સ્વજનોને કચડી નાંખ્યાં છુંદી નાંખ્યા, એકમેકને ભીંસતા, ખુંદતા, છુંદતાં આમતેમ દોડવા લાગ્યા અને પાર વિનાની જીવહાનિ થઇ બેઠી. આ ઘટના એક કુદરતી કોપ જેવી જ લેખાવી જોઇએ કે જ્યારે માણસ અવશ બનીને માણસનું ખુન કરે છે. જ્યાં જ્યાં માણસો ઘણી મોટી સંખ્યામાં એકઠાં થાય છે અને કોઇ બળવાન ઉત્તેજના કે અણધારી ભડક તેમને વિવશ બનાવે છે ત્યાં આવી દુર્ઘટના નાના કે મોટા પ્રમાણમાં બને જ છે.

જે દિવસે આ હત્યાકાંડ નિર્માણ થયો તે જ દિવસે સાંજે ઉત્તર પ્રદેશના ગવર્નર તરફથી એક મોટી પાર્ટી ઉજવવામાં આવી હતી. આવી ભયંકર હોનારત બાદ આ પાર્ટી મુલતવી રાખવામાં આવી હોત તો ઉચિત લેખાત, પણ કમનસીબે છુંદાનારો અને કચરાનારો વર્ગ જુદો હતો અને પાર્ટીયોજક અને પાર્ટીમાં ભાગ લેનારો વર્ગ જુદો હતો. આ યોજકોમાંથી કોઇને આ વિવેક ન સુઝયો અને અલ્હાબાદના એક ખુણે પાર વિનાની હૃદયદાટ રોકકળ ચાલી અને બીજે ખુણે મેવા મીઠાઇની ઉજાણી અને નૃત્ય સંગીતનો જલસો ઉજવાયો,

દુઃખની વાત તો એ છે કે જાણેકે આવા અક્ષય ઔચિત્યભંગને હળવો દેખાડવા માટે ન હોય એમ ઉત્તર પ્રદેશની સરકાર

એવી યાદી બહાર પાડે છે કે ઉત્તર પ્રદેશના રાજપાલ તથા મુખ્ય પ્રધાનને આ દુર્ઘટનાની સાંજના ચાર વાગ્યા સુધી ખબર પડી નહોતી, જ્યારે આ બાબતની ખબર બપોરે ૧૧ા વાગ્યે સર્વત્ર ફેલાઇ હતી અને દીલ્હીને પણ બપોરના ત્રણ વાગ્યે ખબર પડી ગઇ હતી ત્યારે આ સત્તાધીશોને સાંજના ચાર વાગ્યા સુધી ખબર ન પડે તે માની શકાય તેમ નથી. અને ધારો કે મોડી ખબર પડી હોય તો પણ માનવીના દિલને હચમચાવી નાંખે એવી આ કારમી ઘટના આ મહાશયોના દિલને વખતસર સ્પર્શી શકી હોત તો જેવી ખબર પડી કે તરત જ સાંજની પાર્ટી જરૂર મુલતવી રાખી શકાઈ હોત. પણ સત્તાની વિકૃતિ ઘણી વખત આંખની આડું એક પડળ ઉભું કરે છે અને કોઇના દુ:ખની કીકીયારી કાન સુધી પહોંચવા દેતી નથી, સહજમાં ન કલ્પી શકાય તેવો આ ઔચિત્યભંગ બહારની દુનિયા જાણશે ત્યારે આપણી સભ્યતા વિષે તે કેવો ખ્યાલ બાંધશે?

## પ્રણાલિકાભંજક મુનશી પ્રણાલિકાના પૂજારી બને છે.

તા. ૫-૨-૫૪ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલા એક ચિત્રમાં તા. ૩-૨-૫૪ ના રોજ અલ્હાબાદ ખાતેના કુંભ મેળાને દિવસે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ માન્યવર કનૈયાલાલ મા. મુનશી ભાગીરથી તટે ટુંકુ ધોતીયું પહેરીને ઉભેલા અને ત્રિવેણી સ્નાનની તૈયારી કરતા દેખાય છે. બાજુએ હિંદના પ્રમુખ રાજ્યપાલ બાબુ રાજેન્દ્રપ્રસાદ એ જ સ્થિતિમાં પ્રવાહમાં ઉભેલા નજરે પડે છે. શ્રી મુનશીને ઉપરની સ્થિતિમાં જોઇને આજથી ૩૦/૪૦ વર્ષ પહેલાંના મુનશી અને આજના મુનશી એક જ છે એમ પ્રશ્ન થાય છે.

વર્ષો પહેલાં મુંબઇમાં તેમણે સ્થાપેલી સાહિત્ય સંસદનો ગોકુળ-અષ્ટમી આસપાસ દર વર્ષે ઉત્સવ ઉજવાતો અને તેમાં મુનશી પ્રમુખસ્થાનેથી એક વિશિષ્ટ વ્યાખ્યાન આપતા. આ વ્યાખ્યાનને તેઓ 'આદિ વચન' તરીકે ઓળખાવતા અને તે કાં તો પ્રણાલિકા-ભંગ ઉપર હોય, મુલ્યપરિવર્તન વિષે હોય, અથવા તો નૈતિક વહેમો ઉપર હોય. જુની રૂઢ વિચારગ્રંથિઓને નિર્મૂળ કરવી અને જીવનને નવાં નવાં દૃષ્ટિકોણોથી નિહાળતાં શિખવવું એ આ વ્યાખ્યાનોનો ખાસ હેતુ રહેતો. એ વખતના મુનશી સામાજિક ક્ષેત્રે એક ક્રાન્તિકારી વિચારક અને પ્રખર સુધારક લેખાતા. ઉગતી પ્રજા તેમના તરફ મીટ માંડીને જોયા કરતી. અને નવવિચારની તેમ જ ક્રાન્તિકારી આચારના તેમનામાંથી પ્રેરણા મેળવતી. નિડરતા, મૌલિક વિચારણા અને પ્રણાલિકાપ્રાપ્ત પૂર્વગ્રહોનો સાર્વત્રિક ઉચ્છેદ- પછી તે ધાર્મિક ક્ષેત્રે હો, સામાજિક ક્ષેત્રે હો કે સાહિત્યના ક્ષેત્રે હો- આ તેમની પ્રભુત્વભરી વાણીના પ્રધાન સુરો રહેતા.

એ જ પ્રણાલિકાભંજક મુનશી છેલ્લા દાયકામાં આપણી સામે જુદા જ સ્વરૂપે રજુ થાય છે અને આપણા ચિત્તમાં આશ્ચર્ય પેદા કરે છે. અહિંસા હિંસા વચ્ચે આજ સુધીમાં તેમણે બે ત્રણવાર ગમનાગમન કર્યું છે અને ગાંધીજીને ગુરૂ તરીકે સ્થાપ્યા છે અને ઉથાપ્યા છે. હિંદુ ધર્મની રક્ષા, ગીતાની પ્રતિષ્ઠા અને અધ્યાત્મવાદીઓની ઉપાસના આ તેમની આજકાલ મુખ્ય પ્રવૃત્તિઓ બની છે. સોમનાથના નવ નિર્માણમાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો છે, સંસ્કૃત ભાષાના તેઓ એક મહાન પુરસ્કર્તા બન્યા છે.

તાજેતરમાં લોકમાનસમાં સ્થિરપ્રતિષ્ટ સ્થિતિચુસ્તતા, અને કેવળ વહેમથી ભરેલી ધાર્મિક માન્યતાનું અલ્હાબાદના કુંભમેળામાં આપણને વિરાટ દર્શન થયું. દર બાર વર્ષે અમુક ગ્રહયોગ થાય છે. તે વખતે ત્રિવેણીમાં સ્નાન કરવાથી પાપની મુકિત અને પુણ્યની પ્રાપ્તિ થાય છે-આવી પાયાવિનાની કેવળ અંધશ્રધ્ધા-પ્રેરિત માન્યતા ત્યાં લાખો માણસોને ખેંચી ગઈ. અહિં આપણા માન્યવર મુનશી પણ પધારે છે અને કોઇ પણ અદના માણસ માફક ત્રિવેણી સ્નાનથી પોતાને અહોભાગ્ય થયેલા માને છે. આ જોતાં એક સનાતની હિંદુ અને મુનશીમાં આપણને કશો ફરક દેખાતો નથી. આવા સામુદાયિક સ્નાનથી પવિત્ર થવાય છે એમ શું ખરેખર મુનશી માનતા હશે? શું આજના મુનશી એ હવે આગળના બુધ્ધિપ્રધાન મુનશી નથી રહ્યા? તર્કશુધ્ધ જીવનદર્શનનો સંદેશ આપનાર મુનશી શું આજે શ્રધ્ધાપ્રધાન જુનવાણી જીવનદર્શન તરફ દોડી રહ્યા છે અથવા તો આપણને ખેંચી રહ્યા છે?

આપણા સમાજમાં આગેવાન લેખાતી કેટલીએક વ્યકિતઓના જીવનનો પ્રારંભકાળ અને પ્રૌઢ ઉંમરનો સ્થિર કાળ જોઇએ તો એકની એક વ્યકિતમાં અલૌકિક પરિવર્તન ઘણી વખતે આપણી નજરે પડે છે. પ્રારંભમાં તે એક બેશીકર, બેપરવા, જીવનનાં રૂઢ મૂલ્યોને ફગાવી દેતા, પોતાના વિચારવેગ વડે ધસમસતા અને સમાજમાં તરેહ તરેહના ક્ષોભ પેદા કરતા યુવાન રૂપે નજરે પડે છે. તે વખતે કમાવું કેમ અને ટકવું કેમ તેની પણ તેને મુંઝવણ હોય છે, આમ છતાં કોઇની પણ તે પળશી કે ખુશામત કરવાની ના પાડે છે. ક્રાન્તિનું જાણે કે મુર્તિમન્ત સ્વરૂપ ન હોય તેમ તે ચમકે છે અને ગાજે છે. વિધિની અનુકુળતાથી તેના માટે દ્રવ્યોપાર્જનનો માર્ગ સરળ થતો જાય છે, તેનો કુટુંબપરિવાર વધતો જાય છે, સમાજમાં તેની પ્રતિષ્ટા જામતી જાય છે, રાજદરબારે પણ તે પૂછયા ઠેકાણું બને છે. જેમ તેનું સામાજિક પ્રભુત્વ વધતું જાય છે તેમ તેની મહત્વાકાંક્ષાઓ પણ વિકસતી જાય છે. સમાજ તેને નવા નવા અધિકારોથી નવાજે છે. ધીમે ધીમે સમાજનો તે એક અજોડ આગેવાન બને છે. જનતા ઉપર તેનો કાબુ વધતો જાય છે. તે કાબુ હવે કેમ ટકાવી રાખવો તે તેની ચિન્તાનો વિષય બને છે. જનતાના મતની તેને હાલતાં ચાલતાં ગરજ પડે છે. જનતાની અનુકુળતા પ્રતિકુળતાની તે હવે કીંમત સમજતો જાય છે. જનતાને રૂચે એવું અને પચે એવું કહેવું તેનું મૂલ્ય તે સ્વીકારવા લાગે છે. જેને નકામું ગણીને ફેંકી દેતો હતો તે હવે તેને મૂલ્યવાન લાગે છે. પહેલા તે બુધ્ધિ બુધ્ધિ બુધ્ધિ કરતો હતો હવે બુધ્ધિ માનવીની એક અત્યન્ત મામુલી શકિત છે એવું તેને ભાન થવા લાગે છે અને ધીમે ધીમે શ્રધ્ધાનો પૂજારી બનતો જાય છે. કોઇ સન્ત મહાત્માનું તે શરણું શોધે છે અને તેના કૃપાપ્રસાદથી સત્યનો સાક્ષાત્કાર અને ઐહિક જીવનમાં ઐશ્વર્યપ્રાપ્તિ થવાની તે આશા સેવતો થાય છે. ઐહિકદષ્ટિવાળો મટીને આધ્યાત્મિક દૃષ્ટિવાળો દેખાય છે; સંપ્રદાય-ઉચ્છેદક મટીને ધર્મોધ્ધારક બને છે; સત્યના સ્થાને શાણપણ, આદર્શના સ્થાને દક્ષતા, પ્રગતિના સ્થાને સ્થિરતા અને સ્થિતિચુસ્તતા, નિશ્ચયના સ્થાને વ્યવહાર-આમ તેનો દ્રષ્ટિકોણ અને જીવનનો વળાંક બદલાય છે. જનતા વિષેની બેપરવાઇ છોડીને જનતાનો લોકપ્રિયતાનો તે આરાધક બને છે. વાકપટુતા અને કલમની કુશળતા વડે જુનવાણીને-સનાતન ધર્મને-તે નવા વાઘા પહેરાવે છે અને સારૂં એ જ સાચું એ સૂત્ર છોડીને જુનું એ જ સોનું એ સૂત્રનો તે ધીમે ધીમે પ્રચારક બને છે. શ્રી મુનશીની જીવનયાત્રા આવું જ કોઈ ચિત્રપટ રજુ કરે છે એમ નથી લાગતું?

## શ્રી. ઢેબરભાઇનો વિષાદયોગ

સૌરાષ્ટ્ર ૧૯૪૮ પહેલાં અનેક નાનાં મોટાં રજવાડાઓમાં વિભકત હતું. ૧૯૪૮ માં સૌરાષ્ટ્રનું એકમ થયું ત્યારથી આજ સુધી સૌરાષ્ટ્રના વહીવટી તંત્રના અધિનાયકનું સ્થાન શ્રી ઢેબરભાઈ સંભાળી રહ્યા છે. એકમ થયા બાદ એક ચૂંટણી આવી, બીજી ચૂંટણી આવી, પણ સૌરાષ્ટ્રના પ્રધાનમંડળમાં પણ કોઇ મોટા ફેરફારો કે ઉથલપાથલ થઈ નથી. અંદર અંદર કદિ મતભેદો ઉભા જ

નથી થયા એમ ન કહેવાય, પણ શ્રી ઢેબરભાઇના અગ્રતમ સ્થાનને કદિ આંચ આવે એવી કોઈ ઘટના બની નથી. આમ છતાં પણ સૌરાષ્ટ્રની આબોહવામાં કે શ્રી ઢેબરભાઈની પ્રકૃતિમાં એવું કાંઈક તત્ત્વ છે કે જેને લીધે શ્રી ઢેબરભાઈએ રાજવહીવટની ધુરા છોડવાની અને કોંગ્રેસનું સંગઠ્ઠન અને રચનાત્મક કાર્યમાં પડવાની ઉત્સુકતા આજ સુધીમાં ત્રણ વખત જાહેર કરી છે અને પાછા અન્ત:પ્રેરણાથી કે ચોતરફના દબાણને વશ થઇને પોતે હતા ત્યાં ને ત્યાં તેઓ ચાલુ રહ્યા છે. આગળના આ પ્રકારના બે પ્રસંગોને એક યા બીજી નાની મોટી ઘટના અથવા તો અન્તર્ગત મતભેદ સાથે અમુક અંશે સાંકળી શકાતા હતા. પણ સત્તાનિવૃત્તિના આ વખતના તેમના નિર્ણય અને તત્પરતા સબંધમાં આવી પણ કોઈ ભૂમિકા શોધી જડતી નથી.

આજે સૌરાષ્ટ્રનું રાજ્યતંત્ર સ્થિરપણે કામ કરી રહ્યું હતું. પ્રધાનમંડળની અંદર પણ કોઇ તીવ્ર ઘર્ષણનું કારણ ઉભું થયું નહોતું; સાથી પ્રધાનોમાંના કોઇ સાથે તેમને તંગદીલી હોવાનું સાંભળવામાં આવ્યું નહોતું. સૌરાષ્ટ્રના વાતાવરણને ક્ષુબ્ધ કરે એવું પ્રજામાં કોઇ ઉગ્ર આંદોલન કે હીલચાલ નહોતી. આમ સર્વત્ર શાન્તિ અને સ્વસ્થતા હોવા છતાં થોડાએક દિવસો પહેલાં છાપામાં એવા સમાચાર આવ્યા કે સૌરાષ્ટ્રમાં શિથિલ બનતી જતી કોંગ્રેસને મજબુત બનાવવાના હેતુથી શ્રી ઢેબરભાઇ પંતપ્રધાનના સત્તાસ્થાન ઉપરથી મુકત થવા ઇચ્છે છે. આ સમાચારે તેમના મિત્રો અને શુભચિન્તકોમાં વિસ્મય પેદા કીધું, વળી પાછા સમાચાર આવ્યા કે આવા કોઈ ફેરફારનો સભવ નથી અને મિત્રોનાં મન હળવા થયાં. પણ પછી વળી એવા ખબર આવ્યા કે શ્રી ઢેબરભાઇએ પોતાને મુકત કરવા માટે કોંગ્રેસના પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરૂને પત્રદ્વારા લખી નાંખ્યું છે અને કલ્યાણી કોંગ્રેસ વખતે તેમને મળીને આ બાબતનો નિર્ણય લેવાનાર છે. આ રીતે તેઓ જવાહરલાલજીને કલ્યાણી ખાતે મળ્યા છે અને પરિણામે જો તેમના સાથીઓ અને સૌરાષ્ટ્રનો ધારાસભાપક્ષ સંમતિ આપે તો પોતા તરફથી જવાહરલાલજીએ ઢેબરભાઇને છુટા થવાની અનુમતિ આપી છે એવા સમાચાર છાપામાં પ્રગટ થયા, અને શ્રી ઢેબરભાઇ જાય છે એવા સમાચાર ચોતરફ ફેલાતાં મિત્રોએ, સાથીઓએ, કોંગ્રેસીઓએ તેમંજ સૌરાષ્ટ્રમાં જુદા જુદા હિત ધરાવનાર વર્ગોએ પ્રધાનપદ ઉપર ચાલુ રહેવા શ્રી ઢેબરભાઇને જોરદાર વિનંતિઓ કરવા માંડી. વિરોધ પક્ષના આગેવાનોએ પણ શ્રી ઢેબરભાઇએ ચાલુ રહેવું જોઇએ એવી ઇચ્છા વ્યકત કરી. તાર ઉપર તારનો વરસાદ વરસવા માંડયો. ઢેબરભાઇ વિના ચાલે જ નહિ એવા સુર ચારે બાજુએથી નીકળવા માંડયા. કોંગ્રેસના ધારાસભા પક્ષમાં સૌરાષ્ટ્રના ગૃહસચિવ શ્રી રસિકલાલ પરીખે શ્રી ઢેબરભાઇને અગ્રસચિવના સ્થાન ઉપર ચાલુ રહેવાની અત્યન્ત આગ્રહભરી વિનંતિ કરતો ઠરાવ રજુ કર્યો અને તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો. ચોતરફના આવા મકકમ આગ્રહને વશ થઇને શ્રી ઢેબરભાઇએ પોતાના સ્થાન ઉપર ચાલુ રહેવાનું સ્વીકાર્યું.

આ રીતે આખા પ્રકરણનો અન્ત શ્રી ઢેબરભાઇના ચાલુ રહેવામાં આવ્યો એ આજના સંયોગો જોતાં જરૂર આવકારદાયક છે. આમ છતાં પણ આ આખી ઘટના શ્રી ઢેબરભાઇ પરત્વે, ત્યાંના પ્રધાનમંડળ પરત્વે અને સૌરાષ્ટ્રના સમગ્ર રાજકારણ પરત્વે ભારે કમનશીબ લાગે છે. આમ ત્રણ ત્રણ વાર શ્રી ઢેબરભાઇ જાહેર કરે કે હવે હું જાઉં છું અને ત્રણ ત્રણ વાર તેઓ પાછા ફરે કે તેમને પાછા ફરવુ પડે–આ એક વિલક્ષણ પ્રકારનું માનસ રજુ કરે છે અને તેમના વિષે અન્યના દિલમાં અનેક તર્કવિતર્કો પેદા કરે છે.

આ આખા પ્રકરણનું તટસ્થભાવે પૃથક્કરણ કરતાં અને ઢેબરભાઇ સત્તાલોલુપતા અને છળપ્રપંચથી પર એવી એક ભાવનાશીલ વ્યકિત છે એવો સામાન્ય અભિપ્રાય ધ્યાનમાં લેતાં આ તેમની અસ્થિરતાનો એક જ રીતે ખુલાસો થઇ શકે છે કે જેમ કોઇ યોગભ્રષ્ટ આત્મા કર્મ અને સંન્યાસ વચ્ચે ઝોલાં ખાય અને ઘડિ એક બાજુ અને ઘડિ બીજી બાજુએ ખેંચાય તેમ ઢેબરભાઇના દિલમાં રાજ્યકારભારની જંજાળ સામે અવારનવાર એક પ્રકારનો વૈરાગ્ય આવે છે અને એકાએક રાજ્યસત્તાનો અંચળો ફેંકી દેવાને તેઓ તૈયાર થાય છે અને તરત જ તેના પ્રત્યાઘાત રૂપે રાષ્ટ્રની વિશેષ સેવા સત્તાસ્થાન ઉપર રહીને શક્ય છે કે એ સ્થાન છોડવાથી શકય છે એ બાબતની તેમના દિલમાં દ્વિધા પેદા થાય છે અને ચોતરફનું જોરદાર દબાણ તેમને ક્ષુબ્ધ બનાવી મૂકે છે અને પરિણામ તેઓ જયાં છે ત્યાં જ ચાલુ રહેવામાં આવે છે. જે જવાબદારીભરેલું સ્થાન તેઓ ધરાવે છે તેનો ખ્યાલ કરતાં પોતે સત્તાસ્થાન છોડવાની વાત ઉચ્ચારશે તો તેના કેવા પ્રત્યાઘાતો થશે તે બાબતનો તેમને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇતો હતો અને તે પ્રત્યાઘાતોને વટાવીને આગળ ચાલવાની પોતામાં તાકાત છે એવી તેમને સ્પષ્ટ પ્રતીતિ હોવી જોઇતી હતી. આવી પ્રતીતિ નહોતી તો તેમણે રાજીનામાની વાત ઉચ્ચારવી જોઇતી નહોતી. આવી પ્રતીતિ હતી તો તેમણે પાછા ફરવું જોઇતું નહોતું અને ચાલુ રહેવાનો આગ્રહ કરનારાઓને મકકમપણે જણાવવું જોઇતુ હતું કે 'આ મારા અન્તરાત્માનો આદેશ છે અને તેને સુદૃઢપણે અનુસરવામાં જ મારૂં, તમારૂં અને દેશનું કલ્યાણ છે." કેવળ વૈરાગ્ય, વાસ્તવિકતાનું અસ્પષ્ટ દર્શન તથા આવશ્યક મકકમતાનો અભાવ–આ બધું ભગવદ્ ગીતાના અર્જુનના વિષાદ જેવું લાગે છે. આવો વિષાદ કોઇ પણ રીતે કલ્યાણકારી નીવડતો નથી અને આવી અસ્થિરતા કોઇ કટોકટીના વખતે ભારે ખતરનાક નીવડવા સંભવ રહે છે. આથી શ્રી ઢેબરભાઇ વિષે અનેકના દિલમાં રહેલા ઉંડા આદરભાવને આઘાત પહોંચ્યો છે. વળી તેમણે આડકતરી રીતે ગૃહસચિવ શ્રી રસિકલાલ પરીખની પ્રતિષ્ટાને ભારે નુકશાન કર્યું છે અને આખા પ્રધાનમંડળના મોભાને હાની પહોંચાડી છે. તદુપરાન્ત પરસ્પર થોડી ઘણી બેદીલી પેદા થઈ હશે તે વધારામાં. વળી ઢેબરભાઇ વિના અમને ન જ ચાલે એવી સૌરાષ્ટ્રની પ્રજાની વીરપૂજા સૂચવે છે કે સૌરાષ્ટ્રમાં લોકશાહી સ્થપાણી છે પણ હજુ તેનું માનસ રાજાશાહીનું રહ્યું છે. રાજાને સ્થાને ઢેબરભાઇની લોકો પૂજા કરે પણ વૃત્તિ તો એની એ જ રહી લોકશાહીની સફળતા તો ત્યારે જ કહેવાય કે જેને જવું હોય તે જાય, જેને રહેવું હોય તે રહે–જે કોઇ મુખ્ય સ્થાને હશે તેણે લોકશાહીની રીતે વહીવટ કરવો પડશે અને તેને અમારો સંપૂર્ણ ટેકો હશે–આવી સ્થિરતા લોકોએ પ્રાપ્ત કરી હશે.

આ આખી ચર્ચાના સાર રૂપે આપણે શ્રી ઢેબરભાઇ વિષે આશા રાખીએ કે આ બધી મથામણ અને કડવા અનુભવના પરિણામે શ્રી ઢેબરભાઇ હવે વધારે સ્થિર મનથી કામ કરતા થશે, પ્રજાને લોકશાહીના માર્ગે આગળ લઇ જશે અને કોઇ અસાધારણ સંયોગ તેમને ફરજ ન પાડે ત્યાં સુધી પોતાના સ્થાનને નિષ્ઠાપૂર્વક વળગી રહેશે.

પરમાનંદ

## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં પ્રગટ થનારો લેખસંગ્રહ કિં. રૂ. ૩.

મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને તા. ૧-૫-૫૪ સુધીમાં રૂ. ૨ માં મળશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦ લખો: મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

# પ્રશ્નોત્તર

(તા. ૨-૧-૫૪ના હરિજનબંધુમાં પ્રગટ થયેલા શ્રી હેરલ્ડ એલ્વીન અને શ્રી વિનોબા ભાવે વચ્ચે થયેલા નીચેના પ્રશ્નોત્તરો અમે સાભાર ઉધ્ધૃત્ત કરીએ છીએ. **તંત્રી**)

## ઇશ્વર શું છે!

**પ્રશ્ન:** ઇશ્વર એટલે શું? કૃપા કરીને એ બાબતમાં આપના વિચારો જણાવશો?

**ઉત્તર:** આપણા આ પંચભૂતોના બનેલા દેહને લઇ લેવામાં આવે તો યે કંઇક શેષ રહે છે. એ ચેતનાશક્તિ છે. તે જ આપણું પરમ સ્વરૂપ છે એ જે કંઇક છે તે દરેકની અંદર વિદ્યમાન છે આપણો દેહ જગત છે. તે જ રીતે સાથે સાથે આપણે સૌ એક વધારે વિશાળ જગતના એક ભાગ છીએ અને આપણી સઘળી ચેતનાઓ એક સર્વોપરિ સમગ્ર ચેતનાનો એક ભાગ છે, તે ઇશ્વર છે.

**પ્રશ્ન:** તો પછી એની પ્રાર્થના શા માટે કરો છો?

**ઉત્તર:** કારણ કે, આપણે ઉન્નત ભાવનો અનુભવ કરીએ છીએ તો આપણને મદદ મળે છે એવો આપણને અનુભવ થાય છે. આપણે તેના અંશરૂપ છીએ અને તે આપણાથી મોટો છે અને તેથી તેનો પ્રવાહ આપણી તરફ ખેંચી શકીએ એટલા માટે આપણે તેની પ્રાર્થના કરીએ છીએ.

**પ્રશ્ન :** એનો અર્થ એ થયો કે ઇશ્વર તત્ત્વ છે.

**ઉત્તર :** હા ઇશ્વર તત્ત્વ છે.

## મરણોત્તર સ્થિતિ

**પ્રશ્ન :** આપે (આગળના એક ઉત્તરના અનુસંધાનમાં) કહ્યું કે મૃત્યુની આપણે આનંદપૂર્વક પ્રતીક્ષા કરતાં રહેવું જોઇએ. આપ એ વિષે કાંઈ વધુ કહેશો? મને લાગે છે કે મરણોત્તર સ્થિતિ અતિ સુન્દર હોય તોયે મરણથી સારા મિત્રોનો વિયોગ થાય છે અને આ રમણીય જગતની એ છેલ્લી ઝાંખી બની રહે છે. વળી શ્રધ્ધા ચાહે એટલી અટલ હોય તોયે, મરણોત્તર સ્થિતિ હંમેશાં પ્રશ્નાર્થ જ રહેવાની.

**ઉત્તર :** આપણને નિર્ભેળ મીઠાશ અથવા મધુરતા ન મળી શકે. મીઠાશની સાથે ખટાશ પણ જગતમાં ભળેલી હોય છે. મરણ વખતે ગમગીની હોય છે. પરંતુ નકામા બની ગયેલા દેહના બંધનમાંથી આપણે મુક્ત થઇએ છીએ. તે નકામો બની ગયેલો હોય છે અને આપણા માટે ભારરૂપ હોય છે. આપણે પોતે તો આગળ જઇએ છીએ. અને જે કાંઇ સારરૂપ હોય છે તે સઘળું આપણે સાથે લઈ જઇએ છીએ.

વર્તમાન શું છે? ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ કાળ હોય છે. ભૂતકાળ અનન્ત છે, ભવિષ્યકાળ અનન્ત છે, વર્તમાનકાળ તો નિમેષમાત્ર અથવા તેથીયે ઓછો હોય છે એ જીવન છે. આપણી અગાઉ અનંતતા હતી, આપણી પછી અનંતતા છે. આ ૬૦ કે એટલાં વરસ કાળના સાગરમાં એક પળ કરતાંયે ઓછાં છે.

હા, મરણોત્તર સ્થિતિ પ્રશ્નાર્થસમી રહે છે ખરી. પણ વિજ્ઞાને આપણને બતાવ્યું છે કે કશી વસ્તુનો નાશ કરી શકાતો નથી, જે કાંઇ છે તે સઘળું સદા રહેવાનું છે. હા, એટલું ખરું કે કોઇ કોઈ વાર તે વિભક્ત થાય છે અને ભિન્ન ભિન્ન સ્વરૂપો ધારણ કરે છે. આપણાં દેહ ભાંગી પડે છે. આપણે પોતે બાકી રહીએ છીએ. આપણી અગાઉ અનન્તકાળ હતો એ આપણે જાણીએ છીએ. આપણે જાણી શકીએ છીએ કે આપણી પછીથી અનન્ત કાળ રહેવાનો છે.

મિત્રો અને સંબંધીઓની બાબતમાં આપણા માટે જે કાંઇ મૂલ્યવાન છે તે આપણે સાથે લેતા જઇશું. કોઇને પણ પૂછી જુઓ કે, તેના પહેલાં ચાર વરસના જીવન દરમિયાન શું બન્યું હતું તો તે કહેશે કે મને એની કશી જ ખબર નથી અને બીજા કોઈ પણ ચાર વરસની બાબતમાં તેને કેટલુંક યાદ આવશે, પણ બધું યાદ નહિ આવે. પણ તેને માટે જે કાંઇ મૂલ્યવાન હોય તે તે પોતાની સાથે લેતો આવે છે. અને એ રીતે મરણ બાદ જે કંઇ તત્વતઃ મૂલ્યવાન હશે તે આપણે સાથે લેતા જઇશું

**પ્રશ્ન ;** એટલે કે, આપ અત્યારે જે કંઇ છે તેમાંનું કેટલુંક આપ બીજા કોઇક વખતે આપની સાથે લેતા આવ્યા છો એમ માનો છો?

**ઉત્તર ;** હા, ચોકકસ. આપણને આ માટીના દેહની મદદની જરૂર ન રહે ત્યાં સુધી આપણે આપણામાં ઉમેરો કરતા રહીએ છીએ, અને દેહની જરૂર ન રહે એ જ મુક્ત દશા અને આપણે જે કાંઇ મેળવવાનું છે તે આ છે. આ હિંદુ ફિલસુફી છે.

વિનોબા ભાવે

## જૈન મૂર્તિ ઉપર શોભા શણગાર

**પ્રશ્ન:** "શ્વેતાંબર જૈન મંદિરોમાં વીતરાગની પ્રતિમાને જે અંગરચના કરવામાં આવે છે ત્યારે તેના અંગ ઉપર જે વેશભૂષાની સજાવટ કરવામાં આવે છે તે કંચન કામિનીના ત્યાગીને નહિ પણ તેના રાગીને શોભે તેવી હોય છે. મારા મત મુજબ વીતરાગની મૂર્તિ બધોય વખત વીતરાગતાનું ભાન કરાવે તેવી જ રહેવા દેવી જોઇએ. દિગંબર મંદિરોમાં રાખવામાં આવતી મૂર્તિઓનું સ્વરૂપ વીતરાગતાને વિશેષ સુસંગત લાગે છે. આપનું શું મંતવ્ય છે? જે મૂર્તિ જેની હોય તે તેના છેલ્લામાં છેલ્લા વેશ, ગુણ અને કર્મની દ્યોતક હોવી ન જોઇએ?

**ઉત્તર:** જૈન મૂર્તિનો આકાર જ સૂચવે છે કે તે મૂર્તિ એક સંપૂર્ણપણે ત્યાગી પુરૂષની છે, તેનું પદ્માસન સૂચવે છે કે તે મૂર્તિ એક ધ્યાનસ્થ યોગીની છે. આનો અર્થ એ થયો જૈન મૂર્તિના આ પ્રકારના મૂળ સ્વરૂપનું વિરોધી હોય એવી કોઈ પણ શોભા કે શણગાર આ મૂર્તિ ઉપર થઇ નજ શકે. દિગંબર મૂર્તિમાં આ મૂળ સ્વરૂપ યથાર્થ રીતે જળવાયલું જોવા મળે છે. શ્વેતાંબર અને દિગંબર મૂર્તિ વચ્ચે પાયાનો ભેદ એક જ છે કે શ્વેતાંબર મૂર્તિ કચ્છ-પરિધાન વાળી હોય છે; દિગંબર મૂર્તિ જ તદ્દન નગ્ન હોય છે આ હકીકત બેઠેલી મૂર્તિમાં એટલી ગોચર થતી નથી જેટલી ઉભી મૂર્તિઓમાં આપણે તારવી શકીએ છીએ. આ શ્વેતાંબર મૂર્તિના મોઢા ઉપર કોરેલાં ચક્ષુઓ ઉપર સ્ફટિકનાં ચક્ષુઓ ચોડીને મૂર્તિને વિકૃત બનાવવાની સૌથી પ્રથમ શરૂઆત થઇ. કારણ કે મૂર્તિની મુદ્રા ધ્યાનસ્થ વીતરાગની છે જ્યારે ચક્ષુઓ ચોડવાથી એ ધ્યાનમુદ્રાનો લોપ થાય છે અને જાણે કે આપણી સામે તે મૂર્તિ ટગર ટગર જોતી હોય એવી તે અસ્વભાવિક લાગે છે. પછી આવ્યાં ટીલાં ટપકાં, આભૂષણ, બાજુબંધ, મુગટ, અને પછી આવી તરેહ તરેહની આંગી. આ સર્વ જિન મૂર્તિ ઉપર એક પ્રકારનો અક્ષમ્ય અનર્થ થઇ રહ્યો છે. આ સર્વ અસંગતિ વૈષ્ણવો સાથેના સંપર્કમાંથી પેદા થઇ લાગે છે. જે સાદી સમજ ખ્રીસ્તીઓ ઇશુ ખ્રીસ્તની મૂર્તિ સાથેના આચાર તેમ જ વ્યવહારમાં દાખવે છે તેટલી સાદી સમજથી પણ શ્વેતાંબર મુર્તિપૂજક સંપ્રદાય વંચિત હોય એમ જણાય છે. તેમને ખબર નથી કે મૂર્તિને વિવિધ રીતે શણગારીને તેઓ મુર્તિના મુળ સ્વરૂપનું જ ખુન કરી રહ્યા છે. **પરમાનંદ**

## વીસમી શદીનો શહીદ

ગયા અંકમાં આ મથાળા નીચે ગાંધીજીની શિલ્પમુર્તિનું ચિત્ર આપવામાં આવ્યું છે. તે ચિત્ર ઉભું છપાયલું છે તેને આડું રાખીને જોવાથી તેમ જ તે ચિત્ર ઉપરની નોંધ વાંચવાથી શિલ્પમૂર્તિનું હાર્દ અને શિલ્પકારની ભવ્ય કલ્પના બરોબર સમજવામાં આવશે. **તંત્રી.**

## આજની સાધુ સંસ્થા વિષે.

આજની સાધુ સંસ્થાની–બાવાઓની જમાત વિષે પં. જવાહરલાલ નહેરૂએ કરેલા પ્રતિકુળ વિધાન સંબંધમાં મહા ગુજરાત સાધુ સંઘની કાર્યકારિણી સમિતિએ તા૦ ૩૦–૯–૫૩ ના રોજ એક પત્ર લખ્યો હતો અને ત્યારબાદ તા૦ ૩૦–૯–૫૩ ના રોજ નીચે મુજબ ઠરાવ કરીને પંડિતજી ઉપર મોકલ્યો હતોઃ–

"મહાગુજરાત સાધુસંઘની કાર્યકારિણી સમિતિ પ્રતીતિ તથા દઢતાપૂર્વક જણાવે છે કે ગયા સપ્ટેમ્બર માસની ૨૧ મી તારીખે ભારતના પંત પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ પીલાનીમાં પોતાના પ્રવચન દરમ્યાન હિંદના સાધુઓ સંબંધમાં જે અભિપ્રાય દર્શાવ્યો હતો અને સાધુઓની જે સંખ્યા હોવાનું જણાવ્યું છે તે સત્યથી વેગળું છે અને દસ્તાવેજી સાબિતીના આધારથી રહિત છે. તેથી આ સભા તેનો વિરોધ અને ઇનકાર કરે છે.

આ સભા એમ જાહેર કરે છે કે આર્ય સંપ્રદાયોના કુલ સાધુઓની સંખ્યા પચાસ હજાર છે. આ સંખ્યા શ્રી જવાહરલલજીએ દર્શાવેલી અને સામાન્ય રીતે જનતામાં મનાઈ રહેલી ૫૦–૫૨–૫૬ લાખની સંખ્યાનો સોમો ભાગ છે હિંદના કોઈ પણ સંપ્રદાયને માન્ય એવો આજનો સાધુ નથી પરરત્નજીવી જન્તુ, નથી તે સમાજ ઉપર ભારરૂપ, અને નથી તે મફતનું ખાવાવાળો અને ચોરની પંક્તિમાં ગણાવા યોગ્ય. ખરેખર તે ભિખારી નથી. એમ છતાં પણ દુનિયાના અન્ય વિભાગોના સાધુઓથી તેની વિચાર-પ્રણાલિ, જીવન પધ્ધતિ, તથા અધ્યાત્મદૃષ્ટિ નિરાળી હોવાથી પોતે પોતાને ભિક્ષુ માને છે અને એ રીતે પોતાની જાતને રજુ કરે છે. આ વસ્તુ તેની આધ્યાત્મિકતાના તેમજ નમ્રતાના ઉંચા સ્વરૂપનું આદરણીય લક્ષણ છે. આ ઉચ્ચ ધ્યેયના ફલસ્વરૂપ આર્ય પરંપરામાં અનેકાનેક જગવિખ્યાત મહાન વ્યક્તિઓ પેદા થઈ છે. આધુનિક યુગમાં સ્વામી દયાનંદ, સરસ્વતી, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, શ્રી રમણ મહર્ષિ અને એવા બીજા અનેક તે વિચારધારાના પરિણામ સ્વરૂપ મહાપુરૂષો હતા અને એ જ રીતે જીવન વ્યતીત કરનારાળા ભિક્ષુઓ હતા, જગતના ઉધ્ધારક એવા તે મહાપુરૂષો જગતની શોભારૂપ હતા. નહિ કે જગતને કલંકરૂપ. સન્માનનીય ભિક્ષુઓને ભિખારીઓની પંક્તિમાં મૂકીને ભિખારી જેવો અપશબ્દ ભિક્ષુઓ સંબંધમાં વાપરવો તે બિલકુલ ઉચિત નથી એમ આ સાધુસંઘ માને છે."

આ ઠરાવના અનુસંધાનમાં પંડિત જવાહરલાલના રહસ્યમંત્રી શ્રી બી. એન. કૌલે તા. ૨૩–૧૦–૫૩ ના રોજ નીચે મુજબ ઉત્તર આપ્યો હતોઃ–

"આપે ૩૦ સપ્ટેંબર ૧૯૫૩ ના રોજ એક પત્ર મુખ્ય પ્રધાનના નામ ઉપર મોકલ્યો હતો. તેના જવાબમાં મને એમ જણાવવાની આજ્ઞા થઈ છે કે પીલાનીમાં મુખ્ય પ્રધાને જે કહ્યું હતું તે આ પ્રકારનું હતું. જે લોકો પોતાને સાધુ તરીકે ઓળખાવે છે તેમાં કેટલાક સારા અને પવિત્ર પુરૂષો હોય છે અને કેટલાક લોક સાધુ નામ નીચે તેથી સૂચિત ગુણો આત્મસાત્ કર્યા વિના દેશમાં ભટકે છે અને પ્રજાના માથા ઉપર ભારરૂપ બનીને બેઠા છે. આપને માલુમ પડશે કે આમાં દરેક સાધુ અને સંન્યાસીની ટીકા કરવાનો કોઇ આશય નથી. મુખ્ય પ્રધાન તો આ રીતે દેશને ઉપયોગી અને બિનઉપયોગી લોકો વચ્ચેનો તફાવત દર્શાવી રહ્યા હતા."

### સંઘના સભ્યોને વિનંતિ.

ચાલુ વર્ષનું લવાજમ આપમાંના ઘણાખરાનું વસુલ થવું બાકી છે તો આપનું લવાજમ જો હજુ સુધી ભરાયું ન હોય તો સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા અને એ રીતે સંઘના ચાલુ ખર્ચને પહોંચી વળવાની અમારી જવાબદારી બને તેટલી હળવી કરવા આપને વિનંતિ છે. આપની પાસે સંઘનો માણસ લવાજમ માટે આવે તો તેને બીજો આંટો ખાવાનું ન કહેતા તુરત જ આપનું લવાજમ આપી દેવા કૃપા કરશો.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

## આપનાં સરનામાં સુધરાવો!

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનાં તેમજ પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોનાં સરનામાં તરતમાં ફરીથી છપાવવાનાં છે તો સંઘના સભ્યોને તથા પ્ર. જી.ના ગ્રાહકોને પ્રબુધ્ધ જીવન ઉપર કરવામાં આવતાં પોતપોતાનાં સરનામાં જોઇ જવા અને જે કાંઈ સુધારો કે ફેરફાર જરૂરી હોય તેને લગતી સૂચના પોતપોતાના નંબર સાથે વિના વિલંબે નીચેના સરનામે લખી મોકલવા વિનંતિ છે.

વ્યવસ્થાપક, **પ્રબુધ્ધ જીવન**
૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

### પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને

આપનું વર્ષિક લવાજમ પુરૂં થવાનું હોય છે તેના પંદર દિવસ પહેલાં આપને તે સંબંધે ખબર આપવામાં આવે છે. આ ખબર મળતાં આપનું લવાજમ સંઘના કાર્યાલયમાં મનીઓર્ડરથી અથવા આપને અનુકુળ હોય એ રીતે વિના વિલંબે પહોંચાડવા વિનંતી છે. ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો તે મુજબ પણ આપ તરત ખબર આપશો કે જેથી અમે વી. પી. ના ખોટા ખર્ચમાંથી બચીએ. પ્રબુધ્ધ જીવનના વહીવટમાં આપની તરફથી આટલા સહકારની પ્રાર્થના છે.

## વાર્ષિક સામાન્ય સભા

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦–૨–૫૪ શનીવારના રોજ સાંજના ૫–૩૦ વાગ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.**

(૧) ગત વર્ષનો વૃત્તાન્ત અને ઓડીટ થયેલો હીસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૨) આવતા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૩) નવા વર્ષ માટે નીચેના અધિકારીઓની ચૂંટણી કરવામાં આવશે. (૧) પ્રમુખ, (૨) ઉપ-પ્રમુખ, (૩) બે મંત્રીઓ, (૪) કોષાધ્યક્ષ, (૫) કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યો.

(૪) ઓડીટરની નિમણુંક કરવામાં આવશે.

આ સભામાં વખતસર હાજર રહેવા સર્વે સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ટી. જી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

### વિષયસૂચિ.


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| શિક્ષણ–માધ્યમ અને મુંબઇ સરકારનો હુકમ : | અ. તારાબહેન તથા રમણલાલ શાહ | ૧૭૯ |
| પંડિતજીનું પ્રતિભાપૂર્ણ પ્રવચન : | અનુવાદક–હંસા શેઠ | ૧૮૧ |
| પ્રકીર્ણ નોંધ, ખુન, ખુન, : કુંભમેળાનો કરૂણાપૂર્ણ અન્ત, પ્રણાલિકા–ભંજક મુનશી પ્રણાલિકાના પૂજારી બને છે, : શ્રી ઢેબરભાઇનો વિષાદયોગ : | પરમાનંદ | ૧૮૩ |
| પ્રશ્નોત્તર : | | ૧૮૭ |
| આજની સાધુસંસ્થા વિષે : | | ૧૮૮ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાનઃ જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ, ૯.

છુટક નકલ : ત્રણ આના    શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૨૧    મુંબઈ: ૧ માર્ચ ૧૯૫૪ સોમવાર    વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત

### વિ. સં. ૨૦૦૯

વિ. સં. ૨૦૦૯ ની પૂર્ણાહુતી સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૨૫ વર્ષ પુરાં કરી ૨૬મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ પચ્ચીશ વર્ષ દરમિયાનની સંઘની કાર્યવાહી અનેક વૈવિધ્યથી ભરેલી બની છે જેનો ટુંક વૃત્તાંત આપની સમક્ષ અમો રજુ કરીએ છીએ.

### લોણાવલા પર્યટણ

આ વર્ષ દરમિયાન પહેલી જ વાર સંઘ તરફથી જુદાં જુદાં સ્થળના પર્યટણો યોજવામાં આવ્યાં હતાં. પહેલું પર્યટણ તા. ૧-૩-૫૩ ના રોજ લોણાવલા જવાનું ગોઠવવામાં આવ્યું હતું. સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી લખમસી ધેલાભાઇએ લોણાવલા ખાતે ભોજનસામગ્રીનો પ્રબંધ કર્યો હતો. આ પર્યટણમાં લગભગ સવાસો ભાઇબહેનો જોડાયાં હતાં. સવારના સાત વાગ્યે મુંબઇથી પ્રયાણ શરૂ થયું હતું. બપોરના ભાગમાં કેટલાંક ભાઇબહેનો કાર્લાની ગુફાઓ જોવા ગયાં હતાં. સાંજના શિખંડ પુરીનું જમણ હતું. રાત્રે સાડાદશ અગિયાર વાગ્યે મુંબઇ ખાતે સૌ પાછા આવી પહોંચ્યા હતા.

### વિહાર સરોવર પર્યટણ

તા. ૨૦-૯-૫૩ ના રોજ મુંબઇ નજીક આવેલ વિહાર સરોવર ઉપર બીજું પર્યટણ યોજવામાં આવ્યું હતું. વર્ષાઋતુના અન્તિમ દિવસો હતા; ચોતરફ બધું લીલુંછમ હતું; સરોવર પાણીથી ભરેલું હતું. આ પર્યટણનો દોઢસો ભાઇબહેનોએ લાભ લીધો હતો. આ વખતે પણ શિખંડ પુરીનું ભોજન રાખવામાં આવ્યું હતું. બપોરના વખતે મુંબઇના જાણીતા સંગીતકાર શ્રી શાન્તિલાલ શાહે પોતાના મધુર સંગીત તથા સુવાચ્ય પદો વડે આખી મંડળીનું ખૂબ મનોરંજન કર્યું હતું. સાયંકાળે સૂર્યાસ્ત સમયે ત્યાંથી બધાં પાછાં ફર્યાં હતાં.

### નૌકા વિહાર

તા૦ ૨૨-૧૦-૫૩ ના રોજ શરદપૂર્ણિમાની રાત્રે ૮ થી ૧૧ સુધીનો એક નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો હતો. આ માટે 'બગદાદી' નામની એક સ્ટીમલોંચ ભાડે કરવામાં આવી હતી. આ નૌકાવિહારમાં લગભગ ૧૪૦ ભાઇ-બહેનોએ લાભ લીધો હતો. વચગાળે બધાંને દૂધપૌંઆ પીરસવામાં આવ્યાં હતાં. કેટલાક માટે આ શરદપૂર્ણિમાનો નૌકાવિહાર જીંદગીનો પહેલવહેલો જ અનુભવ હતો. આ ત્રણ કલાક બધાએ અદ્દભૂત આનંદમાં પસાર કર્યાં હતાં.

આ પ્રકારના પર્યટણો સૌ સભ્યોને અત્યંત પ્રિય બન્યા છે. આને લીધે સભ્યોનાં કુટુંબો એકમેકને ઓળખતાં થાય છે અને પરસ્પર સ્નેહભાવની વૃધ્ધિ થાય છે; અને ભાઇચારાની લાગણી પેદા થાય છે મુંબઇના એક સરખી તાણવાળા જીવનમાં આવા પર્યટણો જીવનને હળવું બનાવે છે અને શરીર તથા મનને નવી તાજગી આપે છે. આવાં પર્યટણની પરંપરા હવે પછી પણ ચાલુ રાખવામાં આવે એવી આપણે આશા રાખીયે.

### બાળદીક્ષા વિરોધ

આ વર્ષ દરમિયાન સંઘ તરફથી જુદા જુદા પ્રસંગે જાહેર સભાઓ, સન્માનસમારંભો તથા વિશિષ્ટ વ્યક્તિઓના વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં. તા. ૧૭-૧-૫૩ ના રોજ એ સમયે થાણામાં બીરાજતા શ્રીમદ્ વિજયવલ્લભસૂરિના હાથે તરતમાં જ અપાનાર બે બાળદીક્ષાઓ સામે સખ્ત વિરોધ કરવા માટે શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે સંઘના કાર્લાલયમાં જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી અને આવી અઘટિત દીક્ષા નહિ આપવા આચાર્યશ્રીને અનુરોધ કરવામાં આવ્યો હતો.

### કૈલાસ દર્શન

તા. ૩૧-૧-૫૩ ના રોજ મુંબઇમાં વાર્ડન રોડ ઉપર આવેલા ભુલાભાઇ ઇન્સ્ટીટ્યુટમાં સાંજના વખતે સંઘના સભ્યોને તેમ જ અન્ય કેટલાક આમંત્રિત મહેમાનોને શ્રી નવનીતલાલ પરીખે પોતે લીધેલાં યમુનોત્તરી, ગંગોત્રી, કૈલાસ તથા માનસસરોવરનાં રંગીન ચિત્રપટો દેખાડવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સ્વામી આનંદે ભાઇ નવનીતલાલ પરીખનાં સાહસભર્યાં પુરૂષાર્થનો તેમ જ હિમાલયના પ્રદેશોનો કેટલોક ખ્યાલ આપ્યો હતો. નવનીતભાઇએ પોતે ચાલતા ચિત્રપટે ભિન્ન ભિન્ન પ્રદેશોનો પરિચય આપ્યો હતો. આ ભવ્ય પ્રદેશોનું જાણે કે સાક્ષાત દર્શન થયું ન હોય એવા રોમાંચક અનુભવના કારણે સૌ કોઇના દીલમાં જે કૃતકૃત્યતાની લાગણી રમી રહી હતી તેને આ પ્રસંગે ઉપસ્થિત થયેલા કાકાસાહેબ કાલેલકરે ભાવભરી વાણીમાં વ્યકત કરી હતી.

### શત્રુંજય તથા રાણકપુર

આવી જ રીતે એ જ સ્થળે તા. ૯-૪-૫૩ ના રોજ સંઘના સભ્યોને શત્રુંજય તથા રાણકપુરનાં ચિત્રપટો અને સાથે સાથે કાશ્મિરની કેટલીક છબીઓ શ્રી સોલી બાટલીવાળાએ દેખાડી હતી અને સૌના દીલનું રંજન કર્યું હતું.

### "આફ્રિકા" વિષે કાકાસાહેબનું વ્યાખ્યાન

તા૦ ૬-૨-૫૩ ના રોજ ઇન્ડીયન મરચન્ટ્સ ચેમ્બરની વ્યાખ્યાનશાળામાં શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે કાકાસાહેબ કાલેલકરનું 'આફ્રિકા' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું અને આ વ્યાખ્યાન દરમિયાન કાળા-ગોરાની ભેદનીતિ આખા આફ્રિકામાં કેવી વિષમ સ્થિતિ પેદા કરી રહી છે અને તેને લીધે વિશ્વશાંતિ કેટલી બધી જોખમાઇ રહી છે તેનો ભારે સચોટ ખ્યાલ આપ્યો હતો.

## ડૉ૦ ઇન્દ્રચન્દ્રને વિદાયમાન

સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય ડૉ૦ ઇન્દ્રચંદ્ર શાસ્ત્રી લાંબા વખત માટે મુંબઈ છોડીને કાશી તરફ જતા હોવાથી તેમને શુભવિદાય ઇચ્છતું કાર્યવાહક સમિતિના સભ્યોનું એક સંમેલન તા. ૨૦-૨-૫૩ ના રોજ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ૦ ઇન્દ્રચન્દ્રે એક ભારે વિચારપ્રેરક પ્રવચન આપ્યું હતું. જે તા૦ ૧૫-૩-૫૩ ના પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ કરવામાં આવ્યુ હતું.

## "નૂતન ચીન" વિષે ઉમાશંકર જોશી

તા૦ ૧૮-૩-૫૩ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘ અને ઇન્ડો-ચાઇનીજ એસોસીએશનના સંયુકત આશ્રય નીચે ભારતીય વિદ્યાભવનમાં નૂતન ચીન ઉપર ગુજરાતના જાણીતા કવિ, સાહિત્યકાર અને ચિંતક શ્રી ઉમાશંકર જોશીએ એક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું અને ચાંગ-કાઇ-શેકના પતન પછી સામ્યવાદી હકુમત નીચે આવેલું ચીન પ્રજાજીવનની સર્વ બાજુએ કેવી અને કેટલી પ્રગતી સાધી રહ્યું છે તેનો પોતાના જાતઅનુભવની માહીતીવડે વિગતવાર ખ્યાલ આપ્યો હતો. આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શોભાવ્યું હતું.

## પ્રભુદાસ પટવારીનું બહુમાન

તા૦ ૨૫-૩-૫૩ ના રોજ મુંબઈની ધારાસભાના સભ્ય અને અમદાવાદના જાણીતા ધારાશાસ્ત્રી તથા કોંગ્રેસના કાર્યકર શ્રીયુત પ્રભુદાસ પટવારીનું તેઓ તાજેતરમાં-પ્રિયંવદાના નામની ૧૩ વર્ષની છોકરીને દીક્ષા આપવાનો મનાઇહુકમ અમદાવાદની સીવીલ કોર્ટ પાસેથી મેળવી શકયા એ બદલ સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિયંવદાના કેસની વિગતો તેમજ તેને લગતા કોર્ટના ચુકાદાનું મહત્વ શ્રી પટવારીએ સમજાવ્યું હતું. સરકારી કોર્ટ તરફથી આવી બાળદીક્ષા અટકાવતો રીતસરનો મનાઇહુકમ પહેલી જ વાર મળ્યો હતો. ભવિષ્યમાં કોઈ પણ સ્થળે થતી બાળદીક્ષા અટકાવવામાં આ ચુકાદો ઘણો ઉપયોગી નીવડવા સંભવ છે. એ હકીકત તરફ તેમણે ધ્યાન ખેંચ્યું હતું અને મુંબઇ પ્રદેશમાં બાળદીક્ષાની અટકાયત કરતા ધારાનો મુસદ્દો પોતે તૈયાર કરી રહ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

## જે. પી. સભ્યોનું સન્માન

ગત વર્ષ દરમિયાન પ્રગટ થયેલી નવા જે. પી. ઓની યાદીમાં સંઘના ત્રણ સભ્યો-શ્રી જયન્તીલાલ લલ્લુભાઇ પરીખ, શ્રી મોહનલાલ કાળીદાસ શાહ તથા શ્રી ભાઇલાલભાઇ (મોહનલાલ એસ્ મીઠાઇવાળા)નાં નામ પ્રગટ થયાં હતાં. એ ત્રણે ભાઇઓનું તા. ૩૦-૩-૫૩ ના રોજ સંઘના કાર્યાલયમાં બહુમાન કરવામાં આવ્યું હતું.

## શ્રી છેડાને ધન્યવાદ

શ્રીમદ્ વિજયવલ્લભસૂરિએ જૈન શ્વે. કોન્ફરન્સે શરૂ કરેલ શ્રાવકશ્રાવિકા ઉત્કર્ષ ફંડને પાંચ લાખ સુધી પહોંચાડવાની પ્રતિજ્ઞા લીધી હતી તેને નિયત સીમાચિહ્ન સમીપ પહોંચાડવામાં જેમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો અને થોડા વખત પહેલાં થાણા ખાતે યોજાયલા ઉપધાનસમારંભની સાધારણ રીતે દેવદ્રવ્યમાં જતી આશરે રૂા. ૬૦૦૦૦ ની આવકને સામાજિક ઉપયોગ તરફ વાળવામાં જેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેવા સંઘના સભ્ય ભાઈશ્રી ખીમજી હેમરાજ છેડાનું સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં બહુમાન કરવામાં આવ્યું હતું અને એ વખતે પ્રમુખશ્રી ખીમજીભાઇ ભુજપુરીઆએ ભાઇ છેડાનાં આજ સુધીનાં અનેક સેવાકાર્યોથી સંઘના સભ્યોને વાકેફ કર્યા હતા અને છેડા હજુ પણ અનેક ઉપયોગી કાર્યો કરશે અને જૈન સમાજમાં નવો વેગ પેદા કરશે એવી આશા વ્યકત કરી હતી.

## શ્રી સોહનલાલ દુગડનું સન્માન

તેરાપંથી સમાજના એક આગેવાન જયપુરનિવાસી શ્રી સોહનલાલજી દુગડ જેમણે પોતાની સખાવતોથી મુંબઇના જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું હતું અને જેમણે જૈનોની એકતાના આંદોલનને વેગ આપવામાં ખૂબ સાથ પુરાવ્યો હતો, તેમને સંઘના કાર્યાલયમાં તા. ૨-૫-૫૩ ના રોજ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમના પ્રગતિશીલ વિચારો અને ભાવનાનું અભિનન્દન કરવામાં આવ્યું હતું. તેમણે સંઘની પ્રવૃત્તિઓ પ્રત્યે ઉંડી સહાનુભૂતિ દાખવી હતી. સંઘના તેઓ સભ્ય થયા હતા અને રૂા. ૫૦૦) મણિભાઇ સ્મૃતિફંડમાં, રૂા. ૫૦૦) મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયમાં અને રૂા. ૨૫૦ પ્રબુધ્ધ જૈન માટે એમ કુલ રૂા. ૧૨૫૦ ની રકમ સંઘને ભેટ આપી હતી.

## જૈનોની એકતા

તા. ૩-૫-૫૩ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે મહાવીર જૈન વિદ્યાલયમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના પ્રમુખપણા નીચે જૈનોની એકતાના આન્દોલનને વિશેષ વેગ આપવાના હેતુથી જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ, શ્રી સોહનલાલ દુગડે, શ્રી રતીલાલ કોઠારીએ, મુનીશ્રી પૂર્ણાનંદ વિજયજીએ તથા મુનીશ્રી જનકવિજયજીએ પ્રસંગોચિત વિચારો રજુ કર્યા હતા અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ એક મહત્ત્વપૂર્ણ પ્રવચનદ્વારા જૈનોની એકતાનું સમર્થન કર્યું હતું. અને જુના અને નવા વિચારના સ્થાનકવાસી, દિગંબર, તેરાપંથી કે શ્વેતાંબર-આ બધા ભેદો ભૂલી જઇને આપણે બધા ભગવાન મહાવીરના અનુયાયીઓ છીએ-તેમણે પ્રરૂપેલા ધર્મના વારસદાર છીએ-એવી ભાવના ચોતરફ ફેલાવવાની હાકલ કરી હતી. શ્રી. ટી. જી. શાહે આચાર્યશ્રીનો આભાર માન્યો હતો.

## ભાઇ ધનશ્યામનું સ્વાગત

તા. ૩-૭-૫૩ ના રોજ પંજાબના સુપ્રસિધ્ધ ગાયક ભાઇશ્રી ધનશ્યામ જેઓ મુંબઇમાં ઉજવાયેલ સમ્યક્ ચારિત્ર મહોત્સવ પ્રસંગે પોતાની સ્વજન મંડળી સહીત આવ્યા હતા, અને પંજાબમાં આવેલ મલેરકોટલાની આત્માનંદ જૈન હાઇસ્કુલના લાભાર્થે "દાનનો મહિમા" એ નામનું સ્વરચિત નાટક મુંબઇની રંગભૂમિ ઉપર જેમણે ભજવી બતાવ્યું હતું. તેમને સંઘના કાર્યાલયમાં નિમંત્રવામાં આવ્યા હતા અને તેમના પરિચયથી સંઘના સભ્યોને ખૂબ આનંદ થયો હતો. ભાઇ ધનશ્યામે પણ અનેક સાહસો અને પુરૂષાર્થથી ભરેલી પોતાની જીવનકથા અને આજથી ત્રણ વર્ષ પહેલાં પાલીતાણા ખાતે સર્પદંશના ઘાતક પરિણામથી તેઓ કેવી રીતે બચ્યા હતા તેની વિગતો સંભળાવીને અને ત્યાર બાદ પોતાના બુલંદ અવાજ વડે કેટલાંક ગીતો ગાઇને સૌના મનનું રંજન કર્યું હતું.

## મણિભાઇ સ્મૃતિસભા

તા. ૧૨-૮-૫૩ ના રોજ મુંબઇના અગ્રગણ્ય નાગરિક શ્રી ગણપતિશંકર દેસાઇના પ્રમુખપણા નીચે સંઘના સંસ્થાપક અને સૂત્રધાર સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહની મૃત્યુ-સંવત્સરિના દિવસે સંઘના કાર્યાલયમાં એક સ્મૃતિસભા યોજવામાં આવી હતી, આ પ્રસંગે સ્વ. મણિભાઈના અનેક સહકાર્યકર્તાઓએ સ્વ. મણિભાઇને ભાવભરી અંજલિઓ આપી હતી અને પ્રમુખસાહેબે સ્વ. મણિભાઇના જીવનની જુદી જુદી બાજુઓને સ્પર્શીને તેનું હાર્દ બહુ સુન્દર રીતે રજુ કર્યું હતું. બહેન ગીતાએ પ્રારંભમાં અને સભાના અન્તમાં ભજન સંભળાવ્યા હતા.

## સ્નેહસંમેલનો

તા. ૨૩-૩-૫૩ ના રોજ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાએ કાર્યવાહક સમિતિને પોતાને ત્યાં

નિમંત્રી હતી અને વિપુલ ઉપાહાર વડે સભ્યોનું આતિથ્ય કર્યું હતું. આ જ સભામાં પ્રબુધ્ધ જૈનનું નામ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો

આવી જ રીતે તા ૩-૮-૫૩ ના રોજ સંઘના સભ્ય શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડિયાએ પોતાના નિવાસસ્થાન ઉપર સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો અને અન્ય કેટલાએક મિત્રોનું એક સ્નેહસંમેલન યોજ્યું હતું અને આ સંમેલનનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનાં પત્ની શ્રી અજવાળી બહેને શોભાવ્યું હતું. આ નિમિત્તે બધાંએ દોઢ બે કલાક બહુ આનંદમાં પસાર કર્યાં હતા

## ચીમનલાલ ચકુભાઈ શાહને વિદાયમાન

તા. ૧૯-૯-૫૩ નાં રોજ તે અરસામાં ભરાનાર સંયુકત રાષ્ટ્રસંસ્થાના અધિવેશનમાં ભાગ લેવા માટે ભારત સરકાર તરફથી નિમાયેલ હિંદી ડેલીગેશનના એક સભ્ય તરીકે તરતમાં જ વિદાય થતા સંઘના સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું સન્માન કરવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ઉભયની કાર્યવાહક સમિતિનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું અને શ્રી ચીમનભાઇને પોતાની શકિત દાખવવાની આવી સુન્દર તક મળવા બદલ સૌ કોઇએ અન્તરનો આનંદ પ્રગટ કર્યો હતો અને જે મહાન કાર્ય માટે તેઓ જઇ રહ્યા છે તે માટે તેમને સફળતા ઇચ્છી હતી.

## સંયુકત રાષ્ટ્રસંસ્થા

તા. ૨-૧-૫૪ ના રોજ થોડા સમય પહેલાં અમેરિકાથી પાછા ફરેલા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું સંયુકત રાષ્ટ્ર સંસ્થા એ વિષય ઉપર મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે હીરાબાગમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચીમનભાઇએ સંયુકત રાષ્ટ્રસંસ્થાની રચના, કાર્યવાહી, આન્તરરાષ્ટ્રીય પ્રવાહો, અમેરિકા અને રશીઆ વચ્ચે ચાલતો ગજગ્રાહ, હિંદની તટસ્થ નીતિ વગેરે અનેક મુદ્દાઓની ચર્ચા કરી હતી અને આ રીતે દર ત્રણ મહીને શ્રી ચીમનભાઇ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના કરતું વ્યાખ્યાન આપતા રહે એવી સભાજનો વતી શ્રી. પરમાનંદભાઇએ રજુ કરેલી વિનંતિને શ્રી. ચીમનભાઇએ સ્વીકારી હતી.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘ તરફથી દર વર્ષ માફક આ વર્ષે પણ તા. ૫-૯-૫૩ શનીવારથી તા. ૧૩-૯-૫૩ રવિવાર સુધી-એમ કુલ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી અને જૈન તેમ જ જૈનેતર જનતાએ આ વ્યાખ્યાનમાળાનો સારો લાભ લીધો હતો. શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાનસભાઓ બ્લેવેટ્સ્કી લોજમાં અને છેલ્લા બે દિવસની વ્યાખ્યાનસભાઓ રોકસી થીએટરમાં યોજવામાં આવી હતી. આ વખતે નાદુરસ્ત તબિયતના કારણે પંડિત સુખલાલજી અને ડીપ્રેસ્ડ કલાસીઝ કમીશનના ઘેરા રોકાણને અંગે કાકાસાહેબ કાલેલકર આવી શકયા નહોતા અને તે ઉભયની ગેરહાજરી ખુબ સાલતી હતી. આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાનવિષયોનું વૈવિધ્ય બહુ સારી રીતે જળવાયું હતું અને ભજન સંગીતની પણ સુન્દર પુરવણી હંમેશા થતી રહી હતી.

આ વ્યાખ્યાનમાળાની પરંપરાનું આ વર્ષે દાદર તથા માટુંગા ખાતે પણ અનુસરણ કરવામાં આવ્યું હતું અને તેનો લોકોએ સારો લાભ લીધો હતો. સંઘ તરફથી યોજાયલી વ્યાખ્યાનમાળાનો કુલ ખર્ચ રૂા. ૮૫૦ જાણીતા ઇન્કમટેકસ એકસપર્ટ શ્રી. અમૃતલાલ જેઠાલાલ શાહે આપ્યો હતો, જેની અહિં ખાસ નોંધ લેવી ઘટે છે.

## બંધારણમાં સુધારા

ગત વર્ષની સંઘની જાહેર પ્રવૃત્તિનો આ ટુંક સાર છે. આ ઉપરાંત સંઘને લગતી બીજી ત્રણ ઘટનાઓની ખાસ નોંધ લેવી ઘટે છે. તા. ૨૪-૪-૫૩ ના રોજ મળેલી સંઘની સામાન્ય સભાએ સંઘના બંધારણમાં કેટલાક ફેરફારો કર્યા હતા. આમાંના અમુક ફેરફારો કેવળ શાબ્દિક છે. જ્યારે બીજા ફેરફારો મહત્વના છે. આગળના બંધારણમાં નિયમ ૩ (ચ) રાષ્ટ્રીય મહાસભાના કાર્યક્રમને બને તેટલો ટેકો આપવાને લગતો હતો તે નિયમ રદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શિસ્ત નિયમ ૪ (૪) કોઇ પણ જ્ઞાતિનું અધિકારપદ આ સંઘનો સભ્ય સ્વીકારશે નહિ, તથા નિયમ ૪ (૭) આ સંઘનો સભ્ય એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરી શકશે નહિ–આ બે શિસ્તનિયમો મુંબઇ સરકારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કરેલા નવા સામાજિક કાનુનોને અનુલક્ષીને હવે બીનજરૂરી લગતાં રદ કરવામાં આવ્યાં હતા.

## 'પ્રબુધ્ધ જૈન'ના સ્થાને 'પ્રબુધ્ધ જીવન'

ઉપર જણાવ્યું તે મુજબ તા. ૨૩-૩-૫૩ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સંઘ તરફથી છેલ્લાં ચૌદ વર્ષથી ચાલતા પાક્ષિક પત્રનું 'પ્રબુધ્ધ જૈન' નામ બદલીને તા. ૧-૫-૫૩થી 'પ્રબુધ્ધ જીવન' એ પ્રકારનું નામ રાખવાનું ઠરાવ્યું હતું અને એ મુજબ તા. ૧-૫-૫૩ થી 'પ્રબુદ્ધ જીવન'ની શરૂઆત થઇ છે. આ નામપરિવર્તનને અનેક વિદ્વાન કાર્યકર્તાઓએ અને વિચારકોએ ભારે આનંદપૂર્વક આવકાર્યું છે.

## ૧૧ સભ્યોનાં રાજીનામાં

સંઘના અમુક ૧૧ સભ્યોએ સંઘની ચાલુ કાર્યવાહી પ્રત્યે તીવ્ર અસંતોષ વ્યકત કરતું રાજીનામું તા. ૧૪-૫-૫૩ ના રોજ સંઘના મંત્રી ઉપર મોકલ્યું હતું. આ રાજીનામાં પાછાં ખેંચી લેવા તેમને વિનંતિ કરવામાં આવી હતી અને તેમને સમજાવવાને શકય તેટલા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. અને આ રાજીનામાનો નિર્ણય લેવાનું કાર્યવાહક સમિતિની ત્રણ ત્રણ સભાઓ સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. છેવટે બધી સમજાવટ નિષ્ફળ નીવડવાના પરિણામે તા. ૮-૮-૫૩ ના રોજ એ રાજીનામાંઓ દિલગીરી સાથે મંજુર કરવામાં આવ્યાં હતાં. સંઘ માટે આ એક કમનશીબ બીના બની છે અને છુટા થયેલા ૧૧ સભ્યોમાંથી અમુક વર્ષોજુના સહકાર્યકર્તાઓ ગુમાવવાના પરિણામે પાછળ રહેલા કાર્યવાહકોની જવાબદારી વધી છે.

## 'સત્યં શિવં સુન્દરમ્'

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો તૈયાર કરવામાં આવેલ લેખસંગ્રહ ભારત જૈન મહામંડળ દ્વારા પ્રગટ કરવાનું કેટલાએક સમય પહેલાં ઠરાવવામાં આવેલ, એ નિર્ણય રદ કરીને સંઘે પોતે જ આ લેખસંગ્રહ પ્રગટ કરવાનું તા. ૭-૨-૫૩ ની કાર્યવાહક સમિતિની સભામાં ઠરાવવામાં આવ્યું હતું અને તે મુજબ તે લેખસંગ્રહ છપાઈ રહ્યો છે, અને 'સત્યં શિવં સુન્દરમ' એ નામથી થોડા સમયમાં બહાર પડનાર છે.

## મણિભાઈ સ્મૃતિફંડ

સંઘ પ્રયોજિત મણિભાઇ સ્મૃતિફંડ સમિતિ રૂા. ૨૫૦૦૦ ના ધ્યેયને પહોંચીવળવા યથાશકિત પ્રયાસ કરી રહી છે, અને આજ સુધીમાં રૂા. ૨૩૨૦૬ ના વચનો મેળવવા ભાગ્યશાળી થઈ છે, જેમાં રૂા. ૧૯૩૩૦ વસુલ થયા છે. આ રીતે એકઠી થતી રકમ સ્વ. મણિભાઇ જેના આત્મા હતા તે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને અપાઇ રહી છે. આ ફાળો એકઠો કરવા માટે તે સમિતિના મંત્રીઓ શ્રી, તારાચંદ કોઠારીને તથા શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહને ખાસ ધન્યવાદ ઘટે છે.

## મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘની અન્ય પ્રવૃત્તિઓ પૂર્વવત્ એકસરખી ચાલી રહી છે. આપણું સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય આસપાસ વસતા લોકો માટે એક જ્ઞાનની પરબની ગરજ સારે છે. વાચનાલયમાં ૬ દૈનિક, ૧૫ સાપ્તાહિક, ૫ પાક્ષિક, ૩૩ માસિક, ૧ ત્રિમાસિક એમ કુલે ૬૦ સામયિકો આવે છે અને તેનો હંમેશા ૧૨૫ થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે. પુસ્તકાલયમાં આજે આશરે ૫૧૦૦ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. ગત વર્ષ દરમિયાન રૂા. ૫૦૦ ના ગુજરાતી પુસ્તકો તથા રૂા. ૨૫૦ ના હિંદી પુસ્તકો ઉમેરવામાં આવ્યાં હતાં. આ પુસ્તકાલયના આજે ૨૦૦ સભ્યો છે અને પુસ્તકોનો ઉપાડ બહુ સારો રહે છે. આ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સદા ચિન્તાજનક રહી છે. ગત વર્ષમાં આવક રૂા. ૨૧૩૫-૧૪-૦ ની થઇ છે, જ્યારે ખર્ચ રૂા. ૩૨૫૩-૮-૩ નો થયો છે. પરિણામે નવા વર્ષમાં રૂા. ૧૧૧૭-૧૦-૩ ની ખોટ ખેંચવી પડી છે.

## 'પ્રબુદ્ધ જીવન'

ઉપર જણાવ્યું તેમ ગયા મે માસની પહેલી તારીખથી આપણા પાક્ષિક પત્રે 'પ્રબુધ્ધ જીવન' નામ ધારણ કર્યું છે, ત્યાર બાદ ગ્રાહકોની સંખ્યા થોડી ઘણી વધી છે, પણ તે સંતોષકારક નથી. સંઘના એક મંત્રી શ્રી. ટી. જી. શાહ પાંચેક માસથી પૂર્વ આફ્રિકા ગયા છે. ત્યાંથી તેમણે આપણને નવા વર્ષ માટે લગભગ ૧૦૦ ગ્રાહકો મેળવી આપ્યા છે અને હજુ વધારે ગ્રાહકો મળવાની આશા છે. પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો વધારવા માટે બધા સભ્યો તરફથી વિશેષ બળવાન પ્રયત્ન થવાની જરૂર છે. ગયા વર્ષમાં આવકજાવકનો હિસાબ કરતાં રૂા. ૧૭૧૬-૧૦-૩ ની ખોટ આવી છે. જો પ્રબુદ્ધ જીવનના બે હજાર ગ્રાહકો આપણે કરી શકીએ તો પછી આવક ખર્ચના બે છેડા સરખા કરવાની મુશ્કેલી ન રહે.

## સંઘની આર્થિક પરિસ્થિતિ

સંઘને ગત વર્ષ દરમિયાન રૂા. ૩૮૫૦ ૫-૯ ની આવક થઇ છે અને રૂા ૨૪૧૭-૦-૬ નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૧૪૩૩-૫-૩ નો વધારો દેખાય છે. પણ આની સામે વાચનાલય અને પુસ્તકાલયની તેમજ 'પ્રબુધ્ધ જીવન'ની ખોટનો વિચાર કરતાં સરવાળે રૂા, ૧૪૦૦) ની પુરવણી કરવાની રહે છે.

## વૈદ્યકીય રાહત

સંઘ તરફથી વૈદ્યકીય રાહતની તથા માવજતનાં સાધનો પુરાં પાડવાની પ્રવૃત્તિ ચાલે છે, હાથ ઉપર બહુ નાની રકમ હોવાના કારણે વૈદ્યકીય રાહત જૈન સમાજની બહાર આપી શકાતી નથી અને જૈન સમાજમાં પણ તે રાહતનો લાભ બહુ મર્યાદિત પ્રમાણમાં આપી શકાય છે. આ ફંડ જો મોટું થાય તો રાહતનું પ્રમાણ તેમજ ક્ષેત્ર બન્ને વિસ્તૃત કરી શકાય.

## આર્થિક વિચારણા

આગામી વર્ષનો વિચાર કરતાં સંઘના માથે વાચનાલય અને પુસ્તકાલયની આશરે રૂા. ૩૦૦૦) ની જવાબદારી છે. અને બીજી જવાબદારી 'પ્રબુધ્ધ જીવન'ના સંચાલનમાં દર વર્ષે આશરે રૂા. ૨૦૦૦)ની ખોટને પહોંચીવળવાની છે. આ માટે પર્યુષણ દરમિયાન વ્યાખ્યાનમાળામાં આવતા ભાઇબહેનો પાસેથી ફાળો ઉઘરાવવામાં આવે છે, પણ એ ફાળામાં રૂા. ૩૦૦૦) થી વધારે મેળવી શકાતું નથી. વખત જેમ બારીક આવતો જાય છે તેમ આ આવક વધવાને બદલે ઘટવાનો સંભવ રહે છે. પુસ્તકાલયને વધારે પુસ્તકો વડે સમૃધ્ધ કરતા રહેવું જોઇએ; પ્રબુદ્ધ જીવનમાં અગત્યના પ્રશ્નોની છણાવટ કરવા જતાં આઠ પાનાં ઘણી વખત ઓછાં પડે છે. વાંચકો વધારે ભરચક લેખસામગ્રી માંગે છે. આપણે લેખકોને પુરસ્કાર આપી શકતા નથી એ બાબતનો પણ મનમાં વસવસો રહે છે. સંઘ હસ્તકની પ્રવૃત્તિમાં દ્રવ્યની છુટ હોય તો જાહેર વ્યાખ્યાનો વધારે બહોળા પ્રમાણમાં યોજી શકાય. આ બધી તત્કાલીન જરૂરિયાતો અને ભાવી મનોરથોને પહોંચી વળવા માટે અને ખાસ કરીને વાચનાલય અને પુસ્તકાલયને લગતી ચિન્તા બે ચાર વર્ષ પુરતી ન રહે એ હેતુથી સંઘને સારી આવક થાય એવા કોઇ મનોરંજક સમારંભો યોજવાની ખાસ જરૂર છે. સંઘના સભ્યોને આ બાબત ગંભીરપણે ધ્યાનમાં લેવા વિનંતિ છે.

## સભ્ય સંખ્યા

સંઘના સભ્યોની સંખ્યામાં ભરતી ઓટ થયા કરે છે. વર્ષના પ્રારંભમાં સંઘમાં ૨૩૩ સભ્યો હતા. આજ સુધીમાં ૫૪ સભ્યો વધ્યા અને ૨૫ સભ્યો છુટા થયા. પરિણામે આજે જ્યારે આ વાર્ષિક સભા મળે છે ત્યારે કુલ ૨૬૨ સભ્યો છે.

## શ્રી ભુજપુરીઆને અભિનંદન

સંઘ માટે ગયું વર્ષ એક રીતે કટોકટીનું હતું. આન્તરિક સંઘર્ષના કારણે સંઘની સ્થિતિ અમુક અંશે ડામાડોળ બની હતી. શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ સંઘના સભ્ય તો ઘણા વર્ષથી હતા પણ સંઘની કાર્યવાહી સાથે તો ગયા વર્ષથી જ તેઓ પહેલી વાર જોડાયા તેમણે પોતાની કુનેહ અને કાર્યકુશળતા વડે સંઘને કટોકટીમાંથી સફળતાપૂર્વક પાર ઉતારેલ છે અને આજે સંઘની કાર્યવાહીમાં પુનઃ સંવાદિતા સ્થાપિત થઇ છે. આ માટે સંઘ તેમનો ઋણી બને છે. અને આ રીતે સંઘને તેઓ વધારે કાર્યક્ષમ બનાવશે એવી આપણે આશા રાખીએ.

## શાનદાર રજત-મહોત્સવ ઉજવો

તા. ૧૩-૨-૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આગામી આશ્વિનમાસ આસપાસ સંઘનો રજત-મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે. તેને લગતો કાર્યક્રમ હવે પછી નક્કી કરવામાં આવશે. જે સંસ્થા સમાજમાં નિરન્તર સંઘર્ષ નોતરતી રહી છે, અનર્થકારી ધાર્મિક અને સામાજિક રૂઢિઓ સામે લડતી રહી છે અને પોતાના આદર્શ અને ક્રાન્તિકારી વિચારસરણિ ઉપર એકસરખી અણનમ રહીને કાર્ય કરતી રહી છે તે સંસ્થા પચ્ચીસ વર્ષ પુરાં કરે અને ૧૫ વર્ષ પહેલાં શરૂ કરેલી પાક્ષિક પ્રવૃત્તિ-આગળનું પ્રબુધ્ધ જૈન અને આજનું 'પ્રબુધ્ધ જીવન' એકસરખા ધોરણ ઉપર નિડરતા અને દૃઢતાપૂર્વક આજ સુધી ચલાવતી રહે-આ સુયોગ સંસ્થાના સર્વ જુના અને નવા કાર્યકર્તાઓ તેમ જ સભ્યો માટે અતિ આનંદ અને ગૌરવનો વિષય હોવો જોઇએ આ શુભ અવસરને સંઘની પ્રતિમાને શોભે તે મુજબ આપણે ઉજવવો જોઇએ અને સંઘમાં નવી તાકાત-નવી ચેતના-નવી કર્તુત્વશકિત-પેદા થાય એવા શાનદાર પ્રસંગો એ રજત-મહોત્સવના અંગમાં યોજાવા જોઇએ. અન્તમાં આપ સર્વ સભ્યોને આ બાબત તરફ આપનું ચિત્ત કેન્દ્રિત કરવા અને સંઘનો સર્વતોમુખી ઉત્કર્ષ સાધતા રહેવા અમારી નમ્ર પ્રાર્થના છે.

ગત વર્ષની સંઘની કાર્યવાહીનો આ ટુંક વૃત્તાંત આપની સમક્ષ રજુ કરતાં અમો સંતોષ તથા આનંદ અનુભવીએ છીએ ગત વર્ષ દરમિયાન ચૂંટાયલી કાર્યવાહક સમિતિની એકરૂપતનું આ સુન્દર પરિણામ છે. આ જ રીતે આપણે બધા એકરૂપ બનીને સંઘના કાર્યને સતત વેગ આપતા રહીએ અને વિશાળ સમાજની શકય તેટલી સેવા કરતા રહીએ એ જ શુભેચ્છા!

પરમાનંદ કુંવરજી કાપડિયા
ટી. જી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

# વાર્ષિક સભા અને ચૂંટણી

તા૦ ૨૦-૨-૫૩ શનીવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ બીરાજયા હતા શરૂઆતમાં તા૦ ૨૪-૭-૫૩ ના રોજ મળેલી બંધારણના સુધારાને લગતી સામાન્ય સભાનો અહેવાલ વંચાયા અને મંજુર રહ્યા બાદ સંઘના મંત્રી શ્રી૦ પરમાનંદ કુંવરજી કાપડિયાએ વૃત્તાંત વાંચી સંભળાવ્યો હતો તથા સંઘનો અને શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયનો આવક જાવકનો હીસાબ તથા સરવૈયાં (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યાં છે) રજુ કરવામાં આવ્યાં હતાં. તે સર્વને સામાન્ય સભા તરફથી મંજુરી મળ્યા બાદ સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ જુજપુરીઆએ નીચે મુજબ નીવેદન કર્યું હતું:-

### પ્રમુખશ્રી ભુજપુરીઆનું નિવેદન

"મિત્રો, સંઘની ગત વર્ષની કાર્યવાહીનો અહેવાલ શ્રી પરમાનંદભાઈ વાંચી ગયા. આપે જાણ્યું હશે જ કે સંઘે વર્ષ દરમ્યાન વિધવિધ દિશામાં સારા પ્રમાણમાં કાર્ય કર્યું છે અને આ બધાનો યશ શ્રી પરમાનંદભાઇના ફાળે જાય છે. હું તો માનું છું અને આશા રાખું છું કે આપ સૌ પણ માનતા હશો સંઘ એટલે શ્રી પરમાનંદભાઇ અને શ્રી પરમાનંદભાઇ એટલે સંઘ. તેઓશ્રી એકસઠ વર્ષની ઉંમરે પણ સંઘની કાર્યવાહી સાથે ઓતપ્રોત રહ્યા છે. ખુબી તો એ છે કે, કામનો સઘળો ઢસરડો પોતે કરે છે અને તેનો યશ, આપ સૌ જાણી શકયા હશો કે, આપણને આપે છે, એ એમની ઉદારતા છે.

આપણા સંઘમાંથી કેટલાક કાર્યકર્તા સભ્યો આ વર્ષે છુટા થયા છે. એ છુટા થયા ન હોત તો સારૂં થાત. મેં એમને ખુબ સમજાવ્યા કે સંઘમાંથી છુટા થવાની તમારે કશી જરૂર નથી, શ્રી પરમાનંદભાઇની કાર્યવાહી કે સ્વભાવ સાથે તમને મેળ ન હોય તો આ તો બંધારણીય સંસ્થા છે. તમો એમને બંધારણીય રીતે ખસેડી શકો છો. પરંતુ છુટા થાઓ એ તમારા માટે સારૂં નથી. આવી પચીસ વર્ષની સ્થાપેલી જુની ક્રાંતિકારી સંસ્થા જેવું પ્લેટફોર્મ તમો ગુમાવો છો. કાર્યકર્તાઓને કાર્ય કરવા માટે મારૂં માનવું છે કે, સાધન તરીકે પોતાને અનુકુળ એવી કોઇ પણ સંસ્થા સાથે સંબંધ હોવો જોઇએ. એ ભાઇઓને બીજી સંસ્થા સાથે સંબંધ હશે, પરંતુ આ સંઘ જેવું પ્લેટફોર્મ ગુમાવવામાં એમણે ભારે ભુલ કરી છે એમ હું ખચિત માનું છું. મેં એમને ખુબ સમજાવ્યા, પરંતુ કહેતાં દિલગીર છું કે એમણે મારૂં કહ્યું ન માન્યું. ખેર!

આપ જાણી શકયા છો કે સંઘે પોતાના પચીશ વર્ષ પુરાં કર્યાં છે. ગઇ કાલની કાર્યવાહક સમિતિની સભામાં અને તેની આગલી સભામાં આપણા સંઘનો રજતમહોત્સવ ઉજવવા સંબંધે ખૂબ વિચારણા થઇ હતી અને પરિણામે રજતમહોસત્વ ઉજવવો એ નિર્ણય પણ લેવાયો છે. આમ કરીએ અને તે સારી રીતે કરીએ તો આપણે પચીસેક હજારની આવક કરી શકીએ. પરંતુ એ બધું આપણે સૌ પૂરો સહકાર આપીએ તો જ થઇ શકે. આપણે કામની વહેંચણી કરી લેવી જોઇશે. એકલા પરમાનંદભાઇ કેટલું કરી શકશે? સંઘની કાર્યવાહક સમિતિની આગળની સભામાં મારા મિત્ર શ્રી કાંતિલાલ બરોડિયાએ નાટક વિગેરે મનોરંજન કાર્યક્રમના વિભાગની આખી જવાબદારી પોતા માથે લેવા તૈયારી દાખવી હતી. તેમ આપણે સૌ કામ વહેંચી લઇએ તો શ્રી. પરમાનંદભાઇ પરનો બોજો કાંઇક અંશે હળવો થાય. એ તો મારા સુરબ્બી જેવા છે, એમનું પણ શરીર પહેલાં જેવું ચાલતું નથી, જો કે તેઓ તો પણ ઢસરડો કરતા રહેવાના જ છે. એ એમનો સ્વભાવ છે. તે બદલ આપણે સંતોષ અનુભવીએ છીએ. રજતમહોત્સવ ઉજવવાનો અનુકુળ સમય તો ઉનાળામાં એપ્રીલનો અથવા ચોમાસા બાદ આસો મહિનાનો ગણાય. એપ્રીલ તો બહુ નજીક હોવાથી આપણે પહોંચી ન વળીએ. એટલે આસો મહિનામાં જ ઉજવવો એમ નક્કી થયું છે. આપ સૌનો સાથ-સહકાર હશે તો આપણા સંઘને અને આપને સૌને ઓપ આપે એવો એ મહોત્સવ આપણે ઉજવી શકીશું.

આપ મિત્રોએ મારામાં વિશ્વાસ બતાવી મને ગત વર્ષે પ્રમુખ તરીકે ચૂંટયો, પરંતુ હું દિલગિર છું કે સંસ્થાની કેટલીક કાર્યવાહીમાં હું ભાગ લઈ શકયો નથી, કમનસીબે હું અવારનવાર બીછાના પર હતો અને કેટલોક વખત બહાર ગામ હતો. મેં તો શ્રી પરમાનંદભાઇને મને આ જવાબદારીમાંથી મુકત કરવા વિનંતી કરી છે. હું સંઘની ક્રાંતિકારી કાર્યવાહીને હંમેશાં ચાહતો આવ્યો છું. વર્ષોથી એનો સભ્ય છું, પરંતુ સક્રિય ભાગ લઈ શકયો નથી.

આપ મિત્રોએ મારામાં જે વિશ્વાસ દાખવ્યો અને મારા સહઅધિકારીઓ શ્રીમતી લીલાવતી બ્હેન અને શ્રી પરમાનંદભાઈ તથા શ્રી ટી. જી. શાહે મને જે સહકાર આપ્યો છે તે બદલ આપનો અને એ અધિકારી મિત્રોનો આ તકે આભાર માનું છું."

ત્યાર બાદ શ્રી. પરમાનંદભાઇએ નીચે મુજબ પોતાના વિચારો રજુ કર્યા હતાઃ-

### મંત્રીશ્રી પરમાનંદભાઇનું નિવેદન

"ગત વર્ષે સંઘની વાર્ષિક સભા મળી અને નવી કાર્યવાહીની ચૂંટણી કરવામાં આવી ત્યારથી આજ સુધીની કાર્યવાહીનો વૃતાન્ત આપની સમક્ષ રજુ કરવામાં આવ્યો છે એ વાર્ષિક સભામાં આપણે અસ્વસ્થ અને વિસંવાદી વાતાવરણ વચ્ચે મળ્યા હતા. આજે અમુક સભ્યોના છૂટા થવાના પરિણામે આપણી સંસ્થા જરૂર કૃશકાય બની છે. પણ આજે આપણે વર્ષભરની ભરચક કાર્યવાહી સાથે આનંદ, સ્વસ્થતા અને સંવાદી વાતાવરણમાં મળી શકયા છીએ એ પણ કદાચ એતું જ પરિણામ હોય. વળી જેમ અનિષ્ટમાંથી કદિ કદિ કાંઇક ઇષ્ટ નિર્માણ થાય છે તેમ ગત વર્ષના ઘર્ષણે આપણને એક નવા શકિતશાળી કાર્યકર્તાનો સુયોગ પ્રાપ્ત કરાવ્યો છે અને તે છે આપણા પ્રમુખશ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ. તેમની સાથે ઓળખાણ તો વર્ષોજુની હતી અને સંઘના પણ તેઓ વર્ષોથી સભ્ય હતા, પણ તેમનો ખરો પરિચય અને ઓળખ તો તેઓ ગયા વર્ષે અમુક ચિત્રવિચિત્ર સંયોગો વચ્ચે આપણા પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારે અને તેમની સાથે કામ કરવાનું બન્યું ત્યારથી જ થઇ છે. સંસ્થાના સૂત્રધાર તરીકે તેઓ ખરેખર એક સુયોગ્ય એટલું જ નહિ પણ કુશળ પુરૂષ છે. તેમને પ્રાપ્ત કરવામાં હું મુંબઈ જૈન યુવક સંઘનું પરમ સદ્‌ભાગ્ય સમજું છું. તેમની ચૂંટણી થયા બાદ આપણા એક જુના સાથી કાર્યકર્તા જેઓ આપણા કમનસીબે આજે આપણાથી છુટા પડયા છે તેમણે આગાહી કરેલી કે મારી કાર્ય કરવાની આપખુદ પધ્ધતિ અમો બંને વચ્ચે બહુ ટુંકા સમયમાં અથડામણી પેદા કર્યા વિના નહિ જ રહે અને એક અથવા અન્યને જલ્દિથી છુટા પડવાનો વખત આવશે અમારા અને સંઘના સદ્‌ભાગ્યે આ આગાહી સાચી પડી નથી એમ અમો બંને આજે પ્રમાણીકપણે કહેવાની સ્થિતિમાં છીએ. અમે દિનપ્રતિદિન વધારે ને વધારે નજીક આવતા જઇએ છીએ. સંસ્થાના પ્રશ્નો વિષે અને વહીવટી બાબતો વિષે અમારી વિચારણા સમાન્તર જ ચાલતી હોય છે એમ અમને માલુમ પડયું છે. સંસ્થાને લગતું કોઇ પણ લખાણ તેમને જોવા મોકલું અને તેઓ તેમાં સુધારો કરે તો મને એમ જ લાગે કે તેવું લખાણ તેમણે મારી ઉપર મોકલ્યું હોત તો મેં પણ તે એ જ રીતે સુધાર્યું હોત.

આવી રીતે અમે ઉભય વચ્ચે મહોબત અને પરસ્પર સમજુતી વધતી જ રહી છે. આ રીતે પોતાની આગાહી ખોટી પડવા બદલ આપણા તે સન્મિત્રે પણ આનંદ માનવો ઘટે છે. સંઘની કાર્યવાહક સમિતિએ આગામી ભાદરવા–આસો માસ દરમિયાન રજતમહોત્સવ ઉજવવાનું નકકી કર્યું છે તો એ રજતમહોત્સવના મોખરે શ્રી ભુજપુરીઆ જ હોય એમ હું ઇચ્છું છું.

આગામી રજતમહોત્સવ અંગે મારે એ કહેવાનું છે કે રજત-જયંતિ ઉજવવી કે નહિ એ પ્રશ્ન ઉપર વિચાર કરવા માટે અમે કાર્યવાહક સમિતિના સભ્યો બબ્બે વાર મળ્યા છીએ અને લાંબી ચર્ચાના પરિણામે તે ઉજવવાનો નિર્ણય લીધો છે. હવે એ નિર્ણય લેવાયો છે તો તેને સફળતાપૂર્વક પાર પાડવો એ આ પણ સર્વની એક અનિવાર્ય ફરજ થઇ પડે છે. આ કાર્ય કોઇ એક, બે કે ત્રણ વ્યકિતનું નથી; પણ સવ સભ્યોના હાર્દિક સહકાર દ્વારા જ સફળ થઇ શકે તેવું છે. તો આપ સભ્યોને આ બાબતમાં કટિબધ્ધ થવા મારો આપને અનુરોધ છે.

મારે કબુલ કરવું જોઇએ કે આપણા સ્વર્ગસ્થ મુરબ્બી શ્રી મણિભાઇ જેવી આ સંસ્થા વિષે મેં નિષ્ટા અનુભવી નથી. તેમને મન યુવક સંઘ રાતદિવસની ચિન્તાનો વિષય હતો. તેમના જીવનનું તે એક અપરિહાર્ય અંગ હતું. મારા માટે એમ હતું એમ હું કહી શકું નહિ સંયોગોએ ઝવેરીબજાર મારૂં વ્યવસાયક્ષેત્ર બનાવ્યું અને એ ક્ષેત્ર સાથે મારા જીવનનો અગત્યનો ભાગ સંકળાઇ રહ્યો. મુંબઇ જૈન યુવક સંઘમાં હું પ્રારંભથી જોડાયલો અને મારા વ્યવસાયક્ષેત્રની નજીકમાં જ તે સંસ્થાનું કાર્યાલય હોઇને તેની સાથેનું મારૂં જોડાણ પણ કાયમી બન્યું અને મારા જાહેર જીવનનું તે એક મુખ્ય કાર્યક્ષેત્ર બનતું રહ્યું. આજે તો તે જ મારૂં અનન્ય કાર્યક્ષેત્ર જાણે ન હોય એવી સ્થિતિ નિર્માણ થઇ છે.

આ સંઘ સ્થિતિચુસ્ત સમાજ સાથેના સ્વતંત્ર વિચારના જૈન યુવકોના સંઘર્ષમાંથી પેદા થયો છે. આ સંઘમાં સમયાન્તરે કંઇ કંઇ ફેરફારો થયા હશે પણ એ પાયાની સંઘર્ષવૃત્તિ તેણે કદી છોડી નથી. સંઘની કાર્યશકિત મર્યાદિત હશે, વળી કાર્ય પરિણામ પણ વિપુલ છે એમ આપણે કહી નહિ શકીએ, પણ પોતાની મૂળ નીતિને તે અખંડપણે વળગી રહેલ છે. તેનું મુખપત્ર–પ્રબુધ્ધ જૈન યા જીવન–અને વર્ષોથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા–આ તેની મુખ્ય પ્રવૃત્તિઓ સમાજમાં વિચારપરિવર્તન સાધવાના ધ્યેયને વફાદાર રહીને એકસરખી વિકસતી રહી છે. તેણે કદિ કોઇ સાથે વિચાર કે વર્તનની અણઘટતી બાંધછોડ કરી નથી, અને કોઇની ધાકધમકીને તે કદિ વશ થયેલ નથી. એક સંપ્રદાયની છતાં સંપ્રદાયવૃત્તિથી સદા અસ્પૃષ્ટ એવી આ સંસ્થા સાથે સરખાવી શકાય એવી ભાગ્યે જ બીજી કોઇ કોમી સંસ્થા આપના જોવામાં આવશે. નાનો પણ રાયનો દાણો એવી આ સંસ્થાની પ્રતિષ્ટા અને નામના છે. આપણા સંઘનું આ ગૌરવ ધ્યાનમાં લઇને તેનો રજતમહોત્સવ તેની ચાલુ પરંપરાને શોભે એ રીતે ઉજવવાને આપ સર્વ યુકત થાઓ એવી મારી પ્રાર્થના છે.

આપ જાણો છો કે માનવી કરતાં સંસ્થાનું આયુષ્ય સાધારણ રીતે ઘણું નાનું હોય છે. આ રીતે માનવીની ૭૫ વરસની ઉમ્મર અને સંસ્થાની ૨૫ વરસની સરખાં ગણાવા જોઇએ. આમ છતાં માનવી ૭૫ વર્ષની ઉમ્મરે વૃધ્ધ ગણાય છે જ્યારે સક્રિયતાને વરેલી સંસ્થાને ઉમ્મરનું વાર્ધકય કદિ લાગતું નથી. કાર્યવાહીની સતત થતી રહેતી ચૂંટણીઓ દ્વારા તેમાં કાળક્રમે નવા નવા માણસોની ભરતી થતી રહે છે. સમયાન્તરે મન્દ અને શિથિલ દેખાતી સંસ્થા નવી કાર્યશકિતના આગમન સાથે–શિશિરમાં લગભગ પર્ણશૂન્ય દેખાતી વનશ્રી વસન્તના આગમન સાથે જેમ નવી શોભા અને ચેતના ધારણ કરે છે તેમ–પુનઃ નવયૌવન–નવી કાર્યશકિત–પ્રગટ કરે છે. આ સંસ્થાના આત્મારૂપ મણિભાઈ ગયા. મારી જેવા પોતાને યુવક લેખાવે તો પણ ઉમ્મરની અસરથી મુકત રહી શકતા નથી. એ પણ કબુલ કરવું જ રહ્યું. એક બાજુએ આમ છે તો બીજી બાજુએ આપણને નવા કાર્યકર્તા તરીકે એક ભુજપુરીઆ મળ્યા છે. જો આપણે આપણા સંઘને ચેતનવન્તો રાખવો હોય તો આવા જ બીજા બે ત્રણ નવા શકિતશાળી અને સંસ્કારસંપન્ન કાર્યકર્તાઓની પુરવણી થવાની ખાસ આવશ્યકતા છે. આપણે આશા રાખીએ કે આપણા સંઘનો થોડા સમય બાદ ઉજવવામાં આવનાર રજત-મહોત્સવ આપણા માટે અનેક નવા સમાગમોના સુયોગ પેદા કરશે અને તેમાંથી મુંબઇ જૈન યુવક સંઘની વિચારપરંપરાને ઝીલે અને સંવર્ધિત કરે એવી સુયોગ્ય વ્યકિતઓ પણ આપણને જરૂર હાથ લાગશે.”

ત્યારબાદ નવા વર્ષ માટેનાં સંઘ તેમ જ વાચનાલય–પુસ્તકા-લયને લગતા અંદાજપત્રો મંત્રી તરફથી રજુ કરવામાં આવ્યાં હતાં અને સામાન્ય સભા તરફથી તેને બાહલી આપવામા આવી હતી.

## કાર્યવાહક સમિતિની ચૂંટણી

ત્યારબાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું:—

શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા–પ્રમુખ
,, લીલાવતીબહેન દેવીદાસ–ઉપપ્રમુખ
,, ચીમનલાલ પી. શાહ–કોષાધ્યક્ષ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા } મંત્રીઓ
,, ટી. જી. શાહ } મંત્રીઓ
,, રમણિકલાલ મણિલાલ શાહ–સભ્ય
,, જસુમતીબહેન મનુભાઈ કાપડિયા ,,
,, ચીમનલાલ ચકુભાઈ શાહ ,,
,, રતીલાલ ચીમનલાલ કોઠારી ,,
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ ,,
,, કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા ,,
,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ ,,
,, વેણીબહેન વિનયચંદ કાપડિયા ,,
,, નાનચંદભાઇ શામજી ,,
,, ખીમજી હેમરાજ છેડા ,,
,, ચંદુલાલ સાંકળચંદ વકીલ ,,
,, ચંચળબહેન ટી. જી. શાહ ,,
,, બચુભાઈ પી. દોશી ,,
,, જીવરાજ ભાણજી શાહ ,,
,, શાંતિલાલ દેવજી નંદુ ,,

ત્યારબાદ સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના હીસાબનીશ તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ ચોકસીની નીમણુંક કરવામાં આવી હતી અને અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

---

## સત્યં શિવં સુન્દરમ્

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં પ્રગટ થનારો લેખસંગ્રહ કિં. રૂ. ૩.**

**મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને તા. ૧-૫-૫૪ સુધીમાં રૂ. ૨ માં મળશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦ લખો: મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.**

# હરિજનપત્રો અને વિનોબા ભાવે

તા. ૨૦-૨-૫૪ ના હરિજનબંધુ ઉપરથી માલુમ પડે છે કે ઇ. સ. ૧૯૫૩ ના વર્ષાન્તે નવજીવન ટ્રસ્ટને હરિજન પત્રો ચલાવવા પાછળ લગભગ રૂા. ૨૫૦૦૦ ની ખોટ આવી છે. આજથી ત્રણ વર્ષ પહેલાં ૧૯૫૧માં આ પત્રોની ઘરાકી ૯૦૦૦ જેટલી ઘટી ગઇ હતી અને તેના પરિણામે નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓએ આ પત્રો બંધ કરવાનો નિર્ણય કર્યો હતો, પણ તે વખતના હરિજન પત્રોના તંત્રી સ્વ. કિશોરલાલભાઇએ અપીલ કરી હતી અને કેટલાએક મિત્રોએ ઘરાકો મેળવવા કમર કસીને એ સંખ્યા ૧૮,૦૦૦ સુધી પહોંચાડી હતી, ત્યાર બાદ થોડા સમયમાં શ્રી કિશોરલાલભાઇનું અવસાન થયું અને ગ્રાહક સંખ્યાનો વધારો પાછો ઓસરવા લાગ્યો, અને ૧૯૫૪ ની શરૂઆતમાં તો કુલ ઘરાકી પાછી ૧૧૨૦૬ સુધી ઊતરી ગઇ છે એમ નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓ જણાવે છે.

સ્વ. કિશોરલાલભાઇના સમયમાં રૂ. ૨૫,૦૦૦ અથવા એથી ઓછી ખોટે પણ નવજીવનના ટ્રસ્ટીઓએ હરિજન-પત્રો બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આજે પાછી એ જ સ્થિતિ ઉપર આવવા છતાં નવજીવનના ટ્રસ્ટીઓએ હરિજનપત્રો ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે, આ કાંઇક સૂચક હોવા છતાં એની મીમાંસામાં આપણે ન ઉતરીએ. ગાંધીજીનાં આ પત્રો કોઇ પણ રીતે ચાલુ રહેવાં જ જોઇએ એવો સૌ કોઇના દિલમાં આગ્રહ છે અને એ આગ્રહને ખ્યાલમાં રાખીને નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓએ પત્રો ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે એ જરૂર આવકારદાયક છે. પણ હકીકત એમ છે કે હરિજનપત્રોની ઘટતી જતી ગ્રાહક સંખ્યાનું કારણ તેની ઘટતી જતી પ્રતિભા છે. આ પ્રતિભા પુનઃ પ્રસ્થાપિત કરી શકાય તો જ ગ્રાહકસંખ્યા વધે; અને ગ્રાહકસંખ્યા ૧૮,૦૦૦ સુધી પહોંચે તો પછી પત્રો ચલાવતાં ખોટ આવવાનું કોઇ કારણ ન રહે.

સ્વ. કિશોરલાલભાઇના અવસાન બાદ શ્રી. મગનભાઇ દેસાઇ એ પત્રોના તંત્રીપદે આવ્યા છે અને તેઓ પૂરી જહેમત ઉઠાવીને એ પત્રોનું સંપાદન કરી રહ્યા છે એમાં કોઇ શક નથી. શ્રી મગનભાઇ એક જૂના રાષ્ટ્રસેવક છે, ગાંધીજીના અન્તેવાસી છે અને સારા વિચારક તેમ જ લેખક છે. પણ હરિજનપત્રોને પોતાનું પૂર્વસ્થાન પ્રાપ્ત કરાવવા માટે આટલું પૂરતું નથી. કિશોરલાલભાઇ જેવી વ્યકિત-મગનભાઇ કરતાં વધારે શકિતશાળી અને મૌલિક વિચાર-શકિત ધરાવતી વ્યકિત-ના તંત્રીપણા નીચે પણ હરિજનપત્રોની ગ્રાહકસંખ્યા ઉત્તરોત્તર ઘટતી રહી હતી એ આપણે જાણીએ છીએ. જાહેર ખબર ન લેવાની ટેક સાથે દેશના પ્રશ્નો ઉપર ગંભીર વિચારણા રજૂ કરતું આવું પત્ર આજના યુગમાં સ્વાશ્રયી બનાવવું લગભગ અશકય છે. કાં તો તેને બહારની મદદથી ટકાવવું જોઇએ; અથવા તો એ પત્રોના તંત્રીપદ ઉપર ગાંધીજીની સમાન કક્ષાની કોઇ વ્યકિતને સ્થાપિત કરવી જોઇએ. જ્યાં ખોટનું પ્રમાણ આટલું મોટું હોય ત્યાં બહારની મદદ ઉપર આવાં પત્રો લાંબો સમય ટકાવી નહિ શકાય. તો પછી બીજો વિકલ્પ પૂરો પાડવો આજે શકય છે કે નહિ તેનો વિચાર કરવો ઘટે છે.

આ વિચાર આપણી દૃષ્ટિને વિનોબા ભાવે તરફ લઇ જાય છે: ગાંધીજીનો આજે કોઇ સાચો વારસદાર હોય તો તે શ્રી વિનોબા-ભાવે છે. આઝાદીની પ્રાપ્તિ બાદ હિંદની ગરીબાઇ ટાળવાનો, જર અને જમીનની સમાનતાના કોઇ ધોરણ ઉપર વહેંચણી કરવાનો પ્રશ્ન આપણી સામે ઊભેલો જ હતો. આ પ્રશ્નનો ભૂમિદાન દ્વારા તેમ જ સંપત્તિદાન દ્વારા કોઇ શકય તેમ જ વ્યવહારૂ ઉકેલ શોધવા વિનોબાજી મથી રહ્યા છે. આજના તે એક અપ્રતિમ યુગપુરૂષ છે. દેશની કાયાપલટ કરવાનો તેમને મનોરથ છે. સરકાર તેમ જ પ્રજા ઉભયના તે સુમાન્ય અને આદરપાત્ર મહાપુરૂષ છે. તેમનાં લખાણો તેમ જ સંભાષણો આજે પ્રજાશરીરમાં એક સંજીવિનીનું કાર્ય કરી રહેલ છે. તેઓ પોતાના વિચારોના પ્રચાર અર્થે માસિકો તેમ જ સાપ્તાહિકો ચલાવે છે. આજના તે એક દૃષ્ટા છે. તેમની વાણી યુગને ઘડી રહી છે. આવા લોકોત્તર પુરૂષને નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ હરિજનપત્રોનું સંપાદન કરવા વિનંતિ કરવી ઘટે છે. તેઓ જો આ જવાબદારી સ્વીકારે-અને ગાંધીવિચારસરણીના એક મહાન પુરસ્કર્તા તરીકે તેમણે આ જવાબદારી ઉપાડવી જ જોઇએ-તો હરિજનપત્રોને ઉંચે લાવવામાં, તેની ગ્રાહકસંખ્યા વધારવામાં કશી મુશ્કેલી નહિ આવે, એટલું જ નહિ પણ પૂર્વકાળના નવજીવન અને યંગ ઇન્ડીઆમાંથી જેમ નવજીવન સંસ્થા જન્મી તેવી રીતે ૨૧ લાખના દેવામાં ડુબેલી આ સંસ્થાને પણ ધીમે ધીમે જરૂર દેવામુકત કરી શકાશે એવી આશાને કોઇ વધારે પડતી નહિ લેખે.

આ હરિજનપત્રોના મોખરે વિનોબાજી જેવી વ્યકિત હોવી જોઇએ તેનું એક બીજું પણ કારણ છે. એક વખત કોંગ્રેસ દેશમાં પ્રસ્થાપિત સરકાર સામે લડનારી સંસ્થા હતી. પછી કોંગ્રેસના હાથમાં સમસ્ત હિંદનું સરકારી સૂત્ર આવ્યું. એ સમય દરમિયાન ગાંધીજી હસ્તક ચાલતાં હરિજનપત્રોની એ વિશેષતા હતી કે કોંગ્રેસ અથવા તો તેનું વહિવટીતંત્ર કોઇ પણ ગંભીર ભૂલ કરે તો આ પત્રો તરત જ જવાબદાર વ્યકિતઓનું સચોટપણે ધ્યાન ખેંચતાં હતાં અને કદિ કદિ જરૂર જણાયે ઘણી સખત ટીકા પણ કરતાં હતાં ગાંધીજી તેમ જ તેમના હાથે સંચાલિત પત્રો કોંગ્રેસનાં મિત્ર હતાં અને એમ છતાં એ મિત્રભાવ જરૂર પડયે સ્પષ્ટ અને નીડર કથનની આડે આવતો નહોતો, કારણકે તેમને મન કોંગ્રેસ કરતાં પણ દેશ મોટો હતો. આ જ પરંપરા કિશોરલાલભાઇએ જાળવી રાખી હતી અને તેથી જ તેમણે ઘણી વખત ગઇ કાલના સાથી અને આજના સત્તાધીશ મિત્રોની લાગણી દુભવી હતી. સત્યનિષ્ઠ વ્યકિત માટે આ અનિવાર્ય હતું.

કિશોરલાલભાઇના જવા પછી આ પરંપરા એ સ્વરૂપે જળવાઇ નથી, હરિજનપત્રો, કોંગ્રેસ અને કોંગ્રેસ સરકાર લગભગ એક જ વિચારશ્રેણી ઉપર ચાલતાં લાગે છે. પરિણામે ગાંધીજીના સમયમાં હરિજનપત્રો આ કે તે બાબતમાં શું કહેશે એ જાણવાની લોકોના દિલમાં ભારે ઇંતેજારી રહેતી હતી અને હરિજનનો દરેક અંક પ્રજાજીવનના એક યા બીજા અંગ માટે ચોકકસ ઘડતરનું કામ કરતો હતો, અને એ ઇંતેજારી અને ઘડતર કિશોરલાલભાઇના સમયમાં પણ કેટલાક અંશે જળવાઇ રહ્યાં હતાં. આજે ખાસ કરીને આ ઇંતેજારી જોવામાં આવતી નથી, પરિણામે હરિજનપત્રો લોકો હોંશથી ખરીદતા નથી.

હરિજનપત્રોના મોખરે એવો જ પુરૂષ જોઇએ કે જેનું વ્યકિતત્વ અસાધારણ પ્રભુત્વ ધરાવતું હોય, જે યુગનો પ્રજાપતિ હોય, જે સાચું લાગે તે કોંગ્રેસને પણ સંભળાવે, અન્ય પક્ષોને પણ કહે અને પ્રજાનો પણ કાન ખેંચતો રહે. આ દૃષ્ટિએ હરિજનપત્રોના સંપાદન માટે વિનોબાજી અત્યન્ત સુયોગ્ય અને અજોડ વ્યકિત છે. આ સંબંધમાં બેમત હોવા સંભવ નથી.

આ સુચના ઉપર જવાબદાર વ્યકિતઓ લક્ષ્ય આપશે કે કેમ તે એક પ્રશ્ન છે. સંભવ છે કે વિનોબાજીને આ રીતે સ્વીકારવામાં તેમને કંઇ કંઇ પ્રકારની મુશ્કેલીઓ હોય. પણ હરિજનપત્રો એ માત્ર નવજીવન ટ્રસ્ટની જ ચિંતાનો વિષય નથી. એ પત્રોએ પૂર્વ ઇતિહાસના બળે પ્રજાના દિલમાં એક એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે કે એ પત્રના મોખરે કોણ હોય અને કોણ ન હોય એ વિચાર-વાનો તથા કહેવાનો અને એ મુજબનું જવાબદાર વ્યકિતઓ ઉપર દબાણ લાવવાનો દરેક પ્રજાજનને અધિકાર છે. આવા એક પ્રજાજન તરીકે આ મારો વિચાર રજુ કરૂં છું અને નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓને આ બાબત ગંભીરપણે વિચારવા વિનંતિ કરૂં છું. બીજી રીતે હરિજનપત્રોને લાંબો વખત ટકાવવા કે ચલાવવાના પ્રયત્નો મિથ્યા છે.

પરમાનંદ

## નામદાર આગાખાન પ્લેટીનમથી તોળાયા.

નામદાર આગાખાન કેટલાંક વર્ષો પહેલાં રૂપાથી તોળાયા હતા; પછી સોનાથી તોળાયા; થોડા સમય પહેલાં મુંબઇ ખાતે હીરાથી તોળાયા હતા; તાજેતરમાં તા. ૩-૫-૫૪ના રોજ કરાંચી ખાતે તેઓ નામદાર પ્લેટીનમથી તોળાયા છે. આંતરરાષ્ટ્રીય હુંડિયામણની ગુંચોના કારણે તેમના વજન બરોબર પ્લેટીનમ એકઠું કરવામાં આવ્યું નહોતું પણ ૧૪ રતલે એક તોલો એ હિસાબે ગણતાં તેમના લગભગ ૨૧૬ રતલ વજન સામે અંકાયલું ૧૫કું પ્લેટીનમ એક ભકતે નામદાર આગાખાનને અર્પણ કર્યું હતું.

નામદાર આગાખાનની આજે ૭૬ વર્ષની ઉમ્મર થઇ છે. એ ૭૬ વર્ષની ઉજવણી નિમિત્તે એક 'પ્લેટીનમ જ્યુબીલી ફિનેન્સ કોરપોરેશન' ઉભું કરવામાં આવ્યું છે. અને તેમાં છવ્વીશ લાખ રૂપીઆ આજ સુધીમાં એકઠા થયા છે. હજુ આ જ પ્રકારે તેમની તુલાવિધિ પૂર્વ આફ્રિકામાં થવાની છે અને એ સમય સુધીમાં આ ફંડ એક કરોડ સુધી પહોંચવું જોઇએ અને ૧૯૬૦ સુધીમાં કોઈ પણ ઇસ્માઇલી એટલે કે તેમની કોમનો માણસ ધંધાવિનાનો ન રહે એવો આ ફંડનો ઉપયોગ થવો જોઇએ એ પ્રકારનો નામદાર આગાખાનનો આદેશ છે.

ભૂતકાળમાં આવી તુલાવિધિ શિવાજી મહારાજની થયાનું સાંભળ્યું છે. તેઓ પોતાના ખજાનામાંથી સોનું કાઢીને તોળાયા હતા અને તે સોનું લોકોના ભલા પાછળ વપરાયું હતું. પણ આ તો નામદાર આગાખાન રૂપે તોળાયા, સોને તોળાયા, હીરે તોળાયા અને હવે પ્લેટીનમથી તોળાયા. અને તે બધું ભરપાઇ કર્યું ભકતોએ અને અનુયાયીઓએ. અંધશ્રધ્ધાના ઇતિહાસમાં આ એક અલૌકિક ઘટના છે. આ ઉપરથી આપણને સહજ પ્રશ્ન થાય કે આગાખાન તે કોણ છે કે જેની પાછળ તેમના અનુયાયીઓ આટલા બધા ઘેલા છે? તે નથી સન્ત, નથી સાધુ, નથી કોઈ મહાત્મા. ત્યારે તેઓ છે કોણ?

એમાં કોઇ શક નથી કે આજની દુનિયામાં નામદાર આગાખાન એક અજોડ વ્યકિતવિશેષ છે. તેઓ દુનિયામાં વસતી ખોજા અથવા તો ઇસ્માઇલી કોમના એક ધર્મગુરૂ તરીકે લેખાય છે. અને આમ છતાં આધ્યાત્મિકતા તેમના જીવનના કોઈ અંશમાં દેખાતી નથી. તેઓ અમુક રીતે વૈષ્ણવોના ગોસાંઇ જેવા છે. ગોસાંઈઓ માફક તેઓ ગૃહસ્થાશ્રમી છે અને તેમનું જીવન ભોગોપભોગથી ભરપુર છે. આમ છતાં પણ જયારે ગોસાંઇઓ પોતાની જીવનલીલામાં અને આસપાસની ભકતમંડળીમાં ડુબેલા હોય છે અને જાણે કે ભૂતકાળના અવશેષો ન હોય તેમ દુનિયાના આજે ચાલી રહેલા પ્રવાહોથી તેઓ લગભગ અજાણ્યા અસ્પૃષ્ટ જેવા લાગે છે, ત્યારે નામદાર આગાખાનને એવા કોઇ અબુઝ જુનવાણી માનવી ન જ કહેવાય. આજની દુનિયામાં 'અપ-ટુ-ડેટ' રીતે રહેતા અને આજની દુનિયાના જીવનપ્રવાહોથી રંગાયલા નામદાર આગાખાન આજની અવનવી રાજકીય ઘટનાઓથી પૂરા વાકેફગાર હોય છે.

તેમનો અનુયાયી વર્ગ મોટા ભાગે અભણ, ખૂબ ધનવાન, વ્યાપાર ઉદ્યોગમાં ભારે કુશળ અને દેશપરદેશ ખેડનારો છે. તેમના ઉપર આગાખાનનું મક્કમ શાસન પ્રવર્તે છે અને તેમની આંધળી ભકિત આગાખાનના ખજાનાને સદા ધનથી ઉભરાતો રાખે છે. બીજી બાજુએ આ અનુયાયી વર્ગના સુખકલ્યાણ અને ઉત્કર્ષ વિષે આગાખાન લેશમાત્ર ઉદાસીન નથી. તેમના માટે નિશાળો, કોલેજો, દવાખાનાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ સ્થળે સ્થળે ખોલવામાં આવે છે, બેકારોને ધંધે લગાડવામાં આવે છે, ભૂખ્યાને રોટલો આપવામાં આવે છે. તેમની કોમના લોકો વ્યાપાર, ધંધો ઉદ્યોગ વગેરેમાં કેમ આગળ વધે, આજની હરીફાઇમાં કેમ ટકી રહે તે સંબંધે લાંબદોર નજરે જોનારી ચાલુ દોરવણી તેમના તરફથી મળતી રહે છે. સોનું, હીરા કે પ્લેટીનમના નામે જે કાંઇ આવક થાય છે તેના ટ્રસ્ટો કરવામાં આવે છે અને તે ટ્રસ્ટોની આવક તેમની કોમના હિત પાછળ ખર્ચાય છે

જે સંયમ, સાદાઇ, પવિત્રતાના આપણા ખ્યાલો છે તે સંયમ, સાદાઇ કે પવિત્રતાના અંશો આગાખાનના જીવનમાં આપણને નજરે પડતા નથી. તેમના અનુયાયીઓ તેમને ઇશ્વરના અવતારસમાં લેખે છે. અંગ્રેજીમાં કહેવત છે કે **A king does no wrong**—રાજા કદિ ખોટું કરે જ નહિ—એમ આગાખાન અવતારી દેવાંશી પુરૂષ હોઇને તેમને કોઇ પણ દોષ લાગે જ નહિ એમ તેમના અનુયાયીઓ માને છે.

તેમની સમૃધ્ધિ આજે અઢળક લેખાય છે; ભોગવૈભવમાં આગાખાનને કોઇ ભાગ્યે જ પહોંચે. નીસ—મોન્ટીકાર્લોમાં તેમને કોઇ ન ઓળખતું હોય એ ભાગ્યે જ સંભવે. આજના તેમનાં પત્ની એક ફ્રેંચ જુવાન બાઇ છે જે ઘણુંખરૂં ત્રીજીવારનાં છે. રેસ—ઘોડદોડની સરતો—ના તેઓ રાજા છે. તેમની માલેકીના ઘોડાઓ દુનિયાના અનેક રેસકોર્સ ઉપર દોડતા હોય છે. આ પણ તેમની આવકનું એક મોટું સાધન છે.

૧૯૦૦ થી ૧૯૨૫ સુધીના વર્ષો દરમિયાન હિંદી રાજકારણમાં તેમણે મહત્વનો ભાગ ભજવ્યો હતો. મુસલમાન કોમના અમુક વર્ષો સુધી તેઓ અગ્રતમ નેતા હતા. બ્રીટીશ સત્તાધીશોએ પ્રેરેલા ભિન્ન કોમી મતદાર મંડળોની રચનાને તેમનો પ્રથમથી ટેકો હતો; અંગ્રેજોની **Divide & Rule**—ભેદબુધ્ધિ પેદા કરો અને લોકો ઉપર રાજ્ય કરો—એ નીતિમાં તેમનો સદા સાથ રહ્યો હતો. અંગ્રેજી હકુમતના તેઓ એક વફાદાર મિત્ર હતા. કાયદે આઝમ ઝીણાનું કોમી રાજકારણમાં પ્રભુત્વ સ્થપાયા બાદ તેમનું સ્થાન ગૌણ બન્યું હતું આજે તેમનું હિંદના રાજકારણમાં કશું વિશિષ્ટ સ્થાન રહ્યું નથી, એમ છતાં પણ દુનિયામાં ચોતરફ પથરાયલી કોમના એક વડા તરીકે તેઓ આજે પણ ઘણી મોટી રાજકીય લાગવગ ધરાવે છે. તેઓ આમ તો હિંદ સાથે ઘનિષ્ટ રીતે જોડાયલા છે; મુંબઇ તેમના સંપ્રદાયનું કદાચ સૌથી મોટું મથક છે. આમ છતાં પણ આજકાલ તેમની નજર પાકીસ્તાન તરફ ઢળી છે.

તેઓ ઉમ્મરે વૃધ્ધ હોવા છતાં તેમનો વૈભવ કે ઠાઠમાઠ જરા પણ ઓછો થયો નથી. તેમની રાજકારણી લાગવગની આજે પણ ઉપેક્ષા થઇ શકે તેમ નથી. નવા જમાનાને તેઓ બધી રીતે ઓળખે છે, છતાં તેમની રીતભાતમાં જુનવાણી સાંપ્રદાયિકતા અને અદ્યતન પશ્ચિમી ઢબનું ચિત્રવિચિત્ર મીશ્રણ છે. તેમના અનુયાયીઓ સારા પ્રમાણમાં સંગઠિત છે અને એ અનુયાયીદળ ઉપરની તેમની એકહથ્થુ હકુમત સામે અને તેમના વિષે લાખો લોકોની અંધશ્રધ્ધા સામે માથું ઉંચકવાની કોઇ ઇસ્માઇલીની હીંમત ચાલતી નથી. તેઓ ખરેખર આજની દુનિયાના એક મહાન જાદુગર છે.

આ પ્રકારની તેમની પ્લેટીનમ-તુલાવિધિએ આજના જમાનામાં હેરત પમાડે તેવી જુનવાણી યુગ સાથે બંધબેસતી ભકિત અને અંધશ્રધ્ધાની દ્યોતક છે. એ આવકને અલગ રાખવી, તેનું ટ્રસ્ટ બનાવવું, અને પોતાની કોમના શ્રેય અર્થે તેનો ઉપયોગ કરવાનો પ્રબંધ કરવો—આ તેમની સમયદર્શિતાનું સુચક છે. આથી અનુયાયીઓ તેમના તરફ વધારે ને વધારે આકર્ષાતા રહે છે અને આગાખાનનો મહિમા દિન પ્રતિ દિન હજુ વધતો રહે છે. આ દુનિયાની રંગભૂમિ ઉપર આગાખાન એક અજબ સૂત્રધાર છે, એક કુશળ નટ છે, અથવા તો એક નાના સરખા શહેનશાહ છે. પૂર્વ આફ્રિકામાં હિંદુ મુસલમાન વચ્ચે આજે જોઇએ એટલા મીઠા સંબંધો સંભળાતા નથી. પાકીસ્તાન સાથેનો આપણો સંબંધ પણ અમુક પ્રકારની તંગદીલીથી ભરેલો છે. આવી પરિસ્થિતિ વચ્ચે નજીકના ભવિષ્યમાં નામદાર આગાખાન શું ભાગ ભજવશે તે આજે કહેવું કે કલ્પવું મુશ્કેલ છે.

**પરમાનંદ**

## આજની સાધુસંસ્થા જરૂરી છે કે બીનજરૂરી ?

'પ્રબુધ્ધ જીવન' દ્વારા ઉપસ્થિત કરાયલા ઉપરના પ્રશ્નનો શ્રી અંબાલાલ પુરાણી નીચે મુજબ ઉત્તર આપે છેઃ-

"તમે જે પ્રશ્ન રજુ કર્યો છે તે મને લાગે છે કે 'ચર્ચાનો વિષય' જ રહેશે, કારણ કે આવી સંસ્થાની જરૂર જેમને લાગે છે કે લાગશે તેઓ એને કોઇ ને કોઇ રૂપમાં નભાવશે એમ મને લાગે છે. હું પોતે પ્રાચીન પરંપરાથી ચાલતી આવેલી સાધુ સન્યાસીઓની સંસ્થાનો પક્ષપાતી નથી એનું કારણ એ નથી કે તેઓ કશું ઉત્પાદન, આર્થિક દૃષ્ટિએ, કરતા નથી. મારી માન્યતા એવી થઇ છે કે એમની પાસે વર્તમાન જમાનાને જીવનમાં કામ લાગે એવું આપવાનું બહુ થોડું છે.

અર્થકેન્દ્રિત જીવન-વ્યક્તિગત કે સામાજિક-ઉંચામાં ઉંચું છે કે કેમ એ જ પ્રશ્ન છે. બધી જ વસ્તુઓને આજે આપણે સ્થૂળ ઉત્પાદનની દૃષ્ટિએ જોવાને ટેવાતા જઇએ છીએ. સાચી સંસ્કારિતામાં મજુરી અને ઉત્પાદનનો તિરસ્કાર કે ગેરહાજરી નહિ હોય તો એમાં મજૂરી, ઉત્પાદન કે અર્થમાપણીનો ગજ પણ નહિ હોય એમ હું માનું છું-નિદાન, ન હોવો જોઇએ. તમે જ જણાવો છો તેમ 'આત્મસાધના' અને 'ઉપદેશ' પ્રવૃત્તિઓ છે અને તેનાં પરિણામો પણ સ્થુળમાં નિપજી શકે છે.

'દાનવૃત્તિ'નો અર્થ પણ એક્સચેન્જ-વિનિમય, આપલે જ થાય કે બીજો?-સિવાય કે આપણે કર્ણના જેવી ઉદારતાનો ખ્યાલ એમાં આરોપણ કરતા હોઇએ. સામાન્ય રીતે જેને દાન કહેવામાં આવે છે તે એક પ્રકારની 'આપલે'જ હોતી નથી?

વળી "શરીર નિર્વાહ માટે જાતે શ્રમ કરીને કમાવાની જરૂર નહિ સ્વીકારતા સાધુવર્ગને" માટે તમે પ્રશ્ન રજુ કરો છો તે પણ એક કૃત્રિમતા ઉભી નથી કરતો? 'શ્રમ' પ્રત્યેક પ્રકારનો શું શારીરિક જ હોવો જોઇએ? શા માટે? ટાગોર કયા પ્રકારનો એવો શારીરિક શ્રમ કરતા હતા? અથવા તો આપણા સંગીત સમ્રાટ ઓમકારનાથ કયા પ્રકારનો એવો શ્રમ' કરે છે? અલબત સાધુઓની એવી સંસ્થાઓ છે જેમાં શારીરિક શ્રમ-ખેતી, રાંધવાનું, 'દળવાનું', પાંણી ભરવાનું વગેરે-ને સ્થાન મળેલું હોય છે, પરંતુ આપણે એ વસ્તુને નિયમનું સ્વરૂપ આપી શકતા નથી એમ મારૂં માનવું છું. કવિ ટાગોર 'કવિતા' આપે છે, ઓમકારનાથ "સંગીત' આપે છે એના બદલામાં એમને પોતાના શરીર નિર્વાહ માટે પૂરતું મળે એમાં મન કશું અયોગ્ય લાગતું નથી. તેવી જ રીતે કોઇ સાચો સાધુ પુરૂષ પોતાની (કહેવાતી) ઉન્નતિ સાધે અને જનસમાજને ઉપદેશ આપે તો એણે શરીર નિર્વાહ માટે 'શ્રમ' કરવો જ એવો નિયમ, મને લાગે છે કે, બરાબર નથી.

અલબત્ત, અત્યારના જમાનામાં સમષ્ટિચેતના વધારે આગ્રહપૂર્વક આગળ આવવા પ્રયત્ન કરે છે ત્યારે આપણને લાગે કે પ્રત્યેક માનવે અમુક જ પ્રકારનો 'શ્રમ' શામાટે ન કરવો જોઇએ? પરંતુ આખરે તો 'વ્યક્તિ'ની અગત્ય પણ સમષ્ટિને સ્વીકારવાની રહે છે. ભલે અત્યારે એ વસ્તુ નજરમાં ન આવે,

સાધુઓની સંસ્થા વધારે સક્રિય બને એ વધારે ઇચ્છવા લાયક ગણાય છે. મને પોતાને એ મુદ્દો સાચો લાગ્યો નથી. સાધુઓની પરંપરાની ઉપયોગિતા એક સમયે હતી. પરંતુ આજના જમાનાની આન્તરિક જરૂર અને માંગણીને તે પહોંચી વળે એમ મને લાગતું નથી. કારણ કે અત્યારે જરૂર છે કે તે કોઇ 'પરંપરાગત સત્યની નહિ, પરંતુ કોઈ 'નવીન'-વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ સત્યને પ્રાપ્ત કરવાની અને લોકોને તે આપવાની છે. પ્રાચીન પ્રણાલિના સાધુઓમાં એવી પ્રગતિશીલ મનોદશા ભાગ્યે જ હોય છે જે સત્યના નવીન સ્વરૂપનો સ્વીકાર કરી શકે."

**અંબાલાલ પુરાણી**

## પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને

આપનું વાર્ષિક લવાજમ પુરૂં થવાનું હોય છે તેના પંદર દિવસ પહેલાં આપને તે સંબંધે ખબર આપવામાં આવે છે. આ ખબર મળતાં આપનું લવાજમ સંઘના કાર્યાલયમાં મનીઓર્ડરથી અથવા આપને અનુકુળ હોય એ રીતે વિના વિલંબે પહોંચાડવા વિનંતિ છે. ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો તે મુજબ પણ આપ તરત ખબર આપશો કે જેથી અમે વી. પી. ના ખોટા ખર્ચમાંથી બચીએ. પ્રબુધ્ધ જીવનના વહીવટમાં આપની તરફથી આટલા સહકારની પ્રાર્થના છે.

## વૈદ્યકીય રાહત ફાળો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જૈન સમાજના કુટુંબોને વૈદ્યકીય રાહત આપવાની પ્રવૃત્તિ કેટલાય સમયથી ચલાવવામાં આવે છે અને ડાકટરની ચીઠ્ઠી મુજબ જરૂરી દવાઓ તથા ઇન્જેકશનો મંત્રીઓ તરફથી અપાવવામાં આવે છે. આ પ્રવૃત્તિને લગતું ફંડ લગભગ ખલાસ થવા આવ્યું છે તો પ્રબુધ્ધ જૈનના વાંચકોને આ ફાળામાં પોતાથી બનતી રકમો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. આજે પાંચપંદર રૂપિયાની દવાઓ લાવવાનું ઘણાં કુટુંબો માટે શકય હોતું નથી, અને તેથી આવી નાની સરખી મદદ ઘણી વખત ભારે આશીર્વાદરૂપ નીવડે છે. આ શુદ્ધ દયા અને માનવતાનું કાર્ય છે. આ ફંડમાં જે કાંઈ એકઠું થશે તેનો પુરો સદ્ઉપયોગ થવાની ખાત્રી આપવામાં આવે છે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ.**

## સંઘના શુભેચ્છકોને અભ્યર્થના

આ અંકમાં પ્રગટ થયેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃતાન્ત તથા વાર્ષિક સામાન્ય સભાના અહેવાલથી આપને માલુમ પડયું હશે કે મુંબઇ જૈન યુવક સંઘે ૨૫ વર્ષ પુરાં કરેલ હોવાથી આગામી ભાદરવા આસો મહીના આસપાસ સંઘની પ્રતિભાને અનુરૂપ એવો રજત મહોત્સવ ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે. સંઘના ૨૬૪ સભ્યો ઉપરાંત સંઘના અનેક મિત્રો, પ્રશંસકો અને શુભેચ્છકો છે. સમાજની કેટલીએક અગ્રગણ્ય વ્યકિતઓ વિચારકો તેમજ પ્રજાસેવકો પ્રબુધ્ધ જીવનદ્વારા સંઘ સાથે એક યા બીજી રીતે સંકળાયેલ છે. સંઘનો રજત મહોત્સવ શી રીતે ઉજવવો તે સંબંધમાં અમને માર્ગદર્શક બને તેવાં વ્યવહારૂ સૂચનો લખી મોકલવા આ વિશાળ મિત્રવૃન્દને અમારી નમ્ર ભાવે પ્રાર્થના છે.

આપના

**પરમાનંદ કુંવરજી કાપડિયા**

**ટી. જી. શાહ**

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

### વિષય સૂચિ


| વિષય | લેખક | પૃષ્ટ |
|---|---|---|
| શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ : | | |
| વાર્ષિક વૃત્તાંત | | ૧૮૯ |
| વાર્ષિક સભા અને ચૂંટણી : | | ૧૯૩ |
| હરિજન પત્રો અને વિનોબા ભાવે : | પરમાનંદ | ૧૯૫ |
| નામદાર આગાખાન પ્લેટીનમથી તોળાયા : | પરમાનંદ | ૧૯૬ |
| આજની સાધુ સંસ્થા જરૂરી છે કે બીન જરૂરી? | અંબાલાલ પુરાણી | ૧૯૭ |
| શ્રી મું જૈન યુવક સંઘ તથા વા. પુ. ના આવકજાવકના હિસાબો તથા સરવૈયાં | | ૧૯૮ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૦૯ નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

## "પ્રબુદ્ધ જીવન"

**જ**

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **લવાજમના** | | |
| રોકડા આવ્યા ... ... | ૧૩૦૯-૮-૦ | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત કોપી મોકલાય છે તેના એડજેસ્ટ કર્યા ... .... | ૩૫૮-૦-૦ | |
| | | ૧૬૬૭-૮-૦ |
| ભેટના ... ... ... | | ૬૫૫-૦-૦ |
| | | ૨૩૨૨-૮-૦ |
| વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચના વધારાના શ્રી જનરલ ફંડમાં લઇ ગયા... ... | | ૧૭૧૬-૧૧-૬ |
| | | ૪૦૩૯-૩-૬ |

**ઉ**

| | રૂ. આ. પા. |
|---|---|
| પગારના ... ... ... | ૧૧૨૫-૦-૦ |
| પેપર ખર્ચ ... ... | ૫૪૧-૧-૬ |
| છપામણી ખર્ચ ... ... ... | ૧૯૨૦-૮-૦ |
| પોસ્ટેજ ખર્ચ ... ... ... | ૩૭૭-૧૨-૦ |
| પરચુરણ ખર્ચ ... ... | ૭૪-૧૪-૦ |
| કુલ રૂ. | ૪૦૩૯-૩-૬ |

## શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ

**જ**

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| ભેટના ... ... ... ... | | ૨૯૧૩-૯-૯ |
| લવાજમના | | |
| સંવત ૨૦૦૮ ના ... | ૧૫-૬-૦ | |
| સંવત ૨૦૦૯ ના ... | ૭૫૭-૦-૦ | |
| | | ૭૭૨-૬-૦ |
| વ્યાજના—નેટ ... | | ૧૬૨-૪-૦ |
| પરચુરણ આવક ... | | ૨-૨-૦ |
| કુલ રૂ. | | ૩૮૫૦-૫-૯ |

**ઉ**

| | રૂ. આ. પા. |
|---|---|
| પગારના ... ... ... .... | ૧૧૨૫-૦-૦ |
| મકાનભાડું તથા વીજળી ખર્ચ ... ... | ૧૩૯-૧૩-૯ |
| પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ... ... | ૧૭૨-૧૩-૦ |
| પોસ્ટેજ ખર્ચ ... ... ... | ૪૦-૪-૦ |
| સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન" મફત મોકલાવતા એડજેસ્ટ કર્યા ... ... | ૩૫૮-૦-૦ |
| ઓડીટરોને સંવત ૨૦૦૭ અને ૨૦૦૮ ના ફીના | ૧૦૦-૦-૦ |
| પરચુરણ ખર્ચ ... ... ... | ૪૮૧-૧-૯ |
| | ૨૪૧૭-૦-૬ |
| વર્ષ દરમિયન ખર્ચ કરતાં આવકનો વધારો... શ્રી જનરલ ફંડમાં લઈ ગયા | ૧૪૩૩-૫-૩ |
| | ૩૮૫૦-૫-૯ |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

### સંવત ૨૦૦૯ ની સાલનું સરવૈયું

**જ**

**ફંડો અને દેવું**

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| શ્રી રીઝર્વ ફંડ ખાતું ... ... ... | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... .... | | ૧૧૦૦-૦-૦ |
| **સંઘ હસ્તકના ફંડો:** | | |
| **શ્રી પુસ્તક પ્રકાશન ખાતું** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૦૩૩-૧૦-૬ | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૯૩-૧૨-૬ | |
| ઉમેરો: વર્ષ દરમીઆન ભેટના ... | ૬૧-૦-૦ | |
| | ૪૫૪-૧૨-૬ | |
| બાદ: વર્ષ દરમિયાન ખર્ચના ... | ૨૨૫-૧-૬ | |
| | | ૨૨૯-૧૧-૦ |

**ઉ**

**મીલ્કત અને લેણું**

| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| **સ્ટોક:** | | |
| પેપર "પ્રબુદ્ધ જીવન"ના ... ... | | ૬૮-૦-૦ |
| **લેણું:** શ્રી મ. મો. શાહ સા. વા. | | |
| પુ. પાસે ... ... | ૪૩૬-૧૪-૩ | |
| નોકર પાસે ... ... | ૨૫-૨-૬ | |
| | | ૪૬૨-૦-૯ |
| **ઇન્વેસ્ટમેન્ટસ: (ચોપડા પ્રમાણે)** | | |
| ૫½ ટકાના ધી ઇન્ડીયન હ્યુમ પાઈપ કું. લી ના રૂા. ૪૦૦૦)ની ફેઈસ વેલ્યુના ડીબેન્ચરો ... ... | | ૪૨૩૬-૬-૨ |
| ઇન્વેસ્ટમેન્ટ પર લેણું થએલ વ્યાજ ... | | ૮૧-૨-૦ |
| **રોકડ તથા બેંક બાકી:** | | |
| ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. બુલીયન એક્ષેંજ શાખાના ચાલુ ખાતે ... | ૩૪૩૫-૨-૮ | |

| જ | | | | ઉ | |
|---|---|---|---|---|---|
| **શ્રી માવજત ખાતું** | | | | રોકડ પુરાંત ... ... | ૧૦૪-૧૨-૬ |
| ગયા સરવૈયા મુજબ | | | | | ૩૫૩૯-૧૫-૨ |
| બાકી .... | ૩૨૯-૧૫-૩ | | | | |
| ઉમેરો: વર્ષ દરમિયાન | | | | | |
| ભેટના | ૪૩- ૦-૦ | | | | |
| ઘસારાના આવ્યા | ૯-૧૧-૬ | ૫૨-૧૧-૬ | | | |
| | | ૩૮૨-૧૦-૯ | | | |
| વર્ષ દરમિયાન ખર્ચના | | ૭- ૦-૦ | | | |
| | | | ૩૭૫-૧૦-૯ | | |
| **શ્રી વ્યાખ્યાનમાળા ખાતું** | | | | | |
| વર્ષ દરમિયાન ભેટના | ૯૧૧- ૦-૦ | | | | |
| બાદ: વર્ષ દરમિયાન ખર્ચના... | ૮૬૪-૧૩-૬ | | | | |
| | | | ૪૬- ૨-૬ | | |
| | | | ૩૬૮૫- ૨-૯ | | |
| **દેવું : ખર્ચ અંગે :** | | | | | |
| મેસર્સ ચંદ્રપ્રીન્ટીંગ પ્રેસ ... | | ૧૬૦- ૦-૦ | | | |
| અગાઉથી આવેલ લવાજમો... | | ૨૮૦- ૦-૦ | | | |
| માવજતના સાધનો અંગે ડીપોઝીટના | | ૧૦-૦-૦ | | | |
| **પરચુરણ દેવું** | | | | | |
| શ્રી ઉપલક ખાતું... | ૪૨-૮-૦ | | | | |
| શ્રી સોહનલાલજી દુગડ | ૯૫-૦-૦ | | | | |
| શ્રી અલ્પાહાર ખાતું | ૨૧૫-૬-૦ | | | | |
| | | ૩૫૨-૧૪-૦ | | | |
| | | | ૮૦૨-૧૪-૦ | | |
| **ધી જનરલ ફંડ ખાતું** | | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી... | | ૩૦૮૨-૧૩- ૭ | | | |
| ઉમેરો: શ્રી યુવક સંઘનો ખર્ચ કરતા આવકનો વધારો... | | ૧૪૩૩- ૫- ૩ | | | |
| | | ૪૫૧૬- ૨-૧૦ | | | |
| બાદ: શ્રી પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા ... | | ૧૭૧૬-૧૧- ૬ | | | |
| | | | ૨૭૯૯- ૭-૪ | | |
| કુલ રૂા. | | | ૮૩૮૭- ૮-૧ | | ૮૩૮૭- ૮-૧ |

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સંવત ૨૦૦૯ના આસો વદી ૦))ના દીવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ,
મુંબઇ, તા૦ ૧૯-૨-૧૯૫૪

## શ્રી મ. મો. શાહ સા. વા. પુસ્તકાલયનો સંવત ૨૦૦૯ ની સાલનો આવક જાવકનો હિસાબ.

| જ | રૂા. આ. પા. | રૂા. આ. પા. | ઉ | રૂા. આ. પા | |
|---|---|---|---|---|---|
| **વ્યાજના** | | | **લાયબ્રેરી અંગે ખર્ચ** | | |
| સીક્યુરીટીઓના | ૨૨૫-૦-૦ | | પેપરોના લવાજમના ... | ૪૪૨-૧૦-૬ | |
| પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેન્ચરોના ... | ૮૫૦-૦-૦ | | ગ્રંથપાળને પગારના ... | ૧૦૫૦- ૦-૦ | |
| વર્ષ દરમિયાન ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લી૦ના ડીબેન્ચરો ભરપાઇ થતા ચઢેલા વ્યાજના... | ૯૨-૮-૦ | | ઘાટીને પગારના | ૯૧૧-૧૦-૦ | |
| | | | બુકબાઇન્ડીંગ ખર્ચ ... | ૨૫- ૮-૦ | |
| | | | મકાન ભાડું તથા વીજળી ખર્ચના | ૪૯૬-૧૪-૩ | |
| | | | | | ૨૯૨૬-૧૦-૯ |
| | | ૧૧૬૭-૮-૦ | **એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ** | | |
| ભેટના .... ... | | ૪૦-૦-૦ | સ્ટેશનરી અને પ્રીન્ટીંગ ... | ૧૩૪- ૭-૦ | |
| પુસ્તકોના લવાજમના ... | | ૭૫૧-૦-૦ | પોસ્ટેજ તથા રેવન્યુ સ્ટેમ્પ્સ | ૧-૧૦-૦ | |
| | | | વીમાના પ્રીમીયમના | ૪૩-૧૨-૦ | |

| જ | | | ઉ | | |
|---|---|---|---|---|---|
| **પરચુરણ આવક** | | | એંક કમીશન ... | ૪- ૯-૦ | |
| પસ્તીના વેચાણના | ૯૦- ૮-૬ | | પરચુરણ ખર્ચ ... | ૬૧-૧૫-૬ | |
| પાસબુક વેચાણનાં ... | ૩૭-૧૨-૦ | | | | ૨૧૧- ૫-૬ |
| પુસ્તકો અંગે દંડના ... | ૪૯- ૧-૬ | | ઓડીટરોને સંવત ૨૦૦૭ અને ૨૦૦૮ ની ફીના ... | | ૧૦૦- ૦-૦ |
| | | ૧૭૭-૬-૦ | પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડને ફાળાના ... | | ૭- ૮-૦ |
| | | ૨૧૩૫-૧૪-૦ | જુના માણસ પાસે લેણું વસુલ થઈ શકે એમ ન હોવાથી માંડી વાળ્યું | | ૨- ૦-૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો... | | ૧૧૧૭-૧૦-૩ | સરવૈયા ફેરના માંડી વાળ્યા ... | | ૧- ૦-૦ |
| | | ૩૨૫૩- ૮-૩ | | | ૩૨૫૩- ૮-૩ |

## શ્રી મ. મો. શાહ સા. વાચનાલય પુસ્તકાલયનું સંવત ૨૦૦૯ ની સાલનું સરવૈયું.

| જ | | | |
|---|---|---|---|
| **ફંડો અને દેવું** | | | |
| શ્રી સ્થાયી ફંડ ખાતું : ... ... | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... ... | | | ૨૪૫૦૧-૦-૦ |
| શ્રી પુસ્તક ફંડ ખાતું : | | | |
| વર્ષ દરમિયાન ભેટના ... ... | | | ૫૦૦-૦-૦ |
| **દેવું :** | | | |
| પુસ્તક ખરીદ અંગે: | | | |
| શ્રી. હિન્દી ગ્રન્થ રત્ન કાર્યાલય... | ૨૫૮- ૦-૦ | | |
| મેસર્સ દેસાઇ એન્ડ કું. ... | ૪૩૫- ૦-૦ | | |
| | | ૬૯૩- ૦-૦ | |
| **ડીપોઝીટો :** | | | |
| પુસ્તકો અંગે | ૨૫૧૯- ૮-૦ | | |
| પુસ્તકો અંગે વધારાની ડીપોઝીટો | ૧૦૦- ૦-૦ | | |
| | | ૨૬૧૯- ૮-૦ | |
| **પરચુરણ દેવું** | | | |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ... | ૪૩૬-૧૪-૩ | | |
| મે. આર. એમ. શાહની કું. | ૨૦૦- ૦-૦ | | |
| | | ૬૩૬-૧૪-૩ | |
| | | | ૩૯૪૯-૬-૩ |
| | | | ૨૯,૦૧૦-૬-૩ |

| ઉ | | | |
|---|---|---|---|
| **મીલ્કત અને લેણું.** | | | |
| ઇન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) | | ફેઇસવેલ્યુ | |
| **સીક્યુરીટીઓ :** | | | |
| ૫ ટકાની સને ૧૯૨૬ ની ઓમ્બે-મ્યુ-લોન... | ૩૦૦૦-૦-૦ | ૩૬૧૫-૦-૦ | |
| **પબ્લીક લી૦ કું. ના ડીબેન્ચરો ...** | | | |
| ૪ ટકાના રાવલગામ સુગર ફાર્મ કું. લી. ના ડીબેન્ચરો... | ૧૦૦૦૦-૦-૦ | ૧૦૦૦૦ ૦-૦ | |
| | ૧૩૦૦૦-૦-૦ | | ૧૩૬૧૫-૦-૦ |
| **પુસ્તકો : (ખરીદ કીંમતે)** | | | |
| વર્ષ દરમ્યાન ખરીદેલા ... ... | | | ૭૦૧-૮-૦ |
| **એડવાન્સ :** | | | |
| નોકરને... ... ... | | | ૪૨-૮-૩ |
| **રોકડ તથા બેંક બાકી :** | | | |
| ધી બેંક ઓફ ઇન્ડીઆ લી૦ ના ચાલુ ખાતે | ૧૩૫૦૭-૧૫-૦ | | |
| રોકડ સીલીક ...... | ૩૧- ૬-૬ | | |
| | | | ૧૩,૫૩૯-૫-૬ |
| **શ્રી આવક ખર્ચ ખાતું :** | | | |
| વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો ... | ૧૧૧૭-૧૦-૩ | | |
| બાદ : ગયા સરવૈયા મુજબ જમા બાકી | ૫- ૯-૯ | | |
| | | | ૧૧૧૨-૦-૬ |
| | | | ૨૯,૦૧૦-૬-૩ |

અમોએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઇનું સંવત ૨૦૦૯ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલમ પડયું છે.

મુંબઇ, તા. ૧૯-૧-૧૯૫૪ **શાહ મહેતા એન્ડ ચોકસી**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

**આપનાં સરનામાં સુધરાવો !:** મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોનાં તેમજ પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોનાં સરનામાં તરતમાં ફરીથી છપાવવાનાં છે તો સંઘના સભ્યોને તથા પ્ર. જી. ના ગ્રાહકોને પ્રબુદ્ધ જીવન ઉપર કરવામાં આવતાં પોતપોતાનાં સરનામાં જોઇ જવા અને કાંઇ સુધારો કે ફેરફાર જરૂરી હોય તેને લગતી સૂચના પોતપોતાના નંબર સાથે વિના વિલંબે નીચેના સરનામે લખી મોકલવા વિનંતિ છે.

વ્યવસ્થાપક, **પ્રબુધ્ધ જીવન,** ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

છુટક નકલ : ત્રણ આના    શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૨૨

મુંબઇ, ૧૫ માર્ચ ૧૯૫૪ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## યુનાઇટેડ નેશન્સ

( તા. ૨–૧–૫૪ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે અપાયલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર. )

United Nations ( સંયુકત રાષ્ટ્ર સંસ્થા ) આજે જે કાંઇ કરી રહી છે, તેનું મૂળ પ્રથમ વિશ્વયુધ્ધના અન્તે ઉભી કરવામાં આવેલ League of Nations માં (રાષ્ટ્રસંઘમાં) રહેલ છે. એના પ્રણેતા યુનાઇટેડ સ્ટેટ્સના એ વખતના પ્રમુખ વુડરો વીલસન હતા. માનવજાતને ભવિષ્યના યુધ્ધમાંથી બચાવવી એ તેનો હેતુ હતો. એ રાષ્ટ્રસંઘ ભિન્ન ભિન્ન રાષ્ટ્રોના શંભુમેળા જેવો રહ્યો. એ રાષ્ટ્રસંઘના અસ્તિત્વ દરમિયાન ઇટાલીએ એબીસીનીયા ઉપર ચડાઇ કરી અને જાપાને ચીન ઉપર આક્રમણ કર્યું. ૧૯૩૯ માં બીજું વિશ્વયુધ્ધ આવ્યું અને એ League of Nations અંતે વિસર્જિત થઇ. બીજું વિશ્વયુધ્ધ ૧૯૪૬ માં ખતમ થયું. જર્મની બીજીવાર પરાસ્ત થયું અને યુધ્ધમાં સામેલ થયેલ પાંચ મહારાજ્યો યુનાઇટેડ સ્ટેટસ, રશીઆ, ઇંગ્લાંડ, ફ્રાન્સ અને ચીન–આ રાજ્યના આગેવાનોએ જર્મનીનો લશ્કરવાદ હવે ફરીથી કોઇ કાળે માથું ઉંચકી ન શકે અને વિશ્વયુધ્ધની સંભાવના હંમેશાને માટે નષ્ટ થાય એ હેતુથી ૧૯૪૬ માં સંયુકત રાષ્ટ્રસંસ્થાની સ્થાપના કરી.

આ યુનાઇટેડ નેશન્સના ચાર્ટરમાં તેના હેતુને વ્યકત કરતી પહેલી કલમ નીચે મુજબ છે. **We, the peoples of the world in order to save the suceeding generatians of mankind from the scourage of war etc.** યુધ્ધના શ્રાપમાંથી માનવ જાતીની હવે પછીની પેઢીઓને મુકત કરવા માટે દુનિયાના અમો પ્રજાસમુહો વગેરે.

આ સંસ્થામાં અત્યારે દુનિયાના ૬૦ રાજ્યો સભ્યો છે. હિંદી પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે મારે જેમાં ભાગ લેવાનુ બન્યું તે સંયુકત રાષ્ટ્રસંસ્થાની આઠમી જનરલ એસેંબલી–વાર્ષિક અધિવેશન–હતું.

આજે ચોતરફથી એ પ્રશ્ન થઇ રહ્યો છે કે આઠ વર્ષથી અસ્તિત્વમાં આવેલી આ સંસ્થાએ સફળતા પ્રાપ્ત કરી છે કે નહિ? દુનિયામાં શાન્તિની પાકે પાયે સ્થાપના થઇ છે ખરી? અને વિશ્વયુધ્ધના ભયથી આજની દુનિયા સદાને માટે મુકત બની છે ખરી? અત્યારે એમ લાગે છે કે આ સંસ્થા ધારેલી સફળતા પ્રાપ્ત કરી શકી નથી. અને લોકોની તે ઉપરની શ્રધ્ધા દિવસાનુદિવસ ઓછી થતી જાય છે. આમ બનવામાં નીચેનાં કારણોએ મુખ્ય ભાગ ભજવ્યો છે.

(૧) આ રાષ્ટ્રસંસ્થાની સફળતા માટે દુનિયામાં પ્રભુત્વ ધરાવતા સર્વે રાજ્યો તેમાં જોડાયેલાં હોવાં જોઇએ. આમ છતાં હકીકતમાં આજે અનેક રાજ્યો હજુ જોડાયાં નથી અથવા તો તેમને જોડવામાં આવ્યા નથી. દા. ત. સીલોન, આયર્લેન્ડ, ઇટાલી, જાપાન, જર્મની, સ્પેન. આ સંસ્થામાં પાંચ મહારાજ્યો સ્થાયી રાજ્યો છે. અને તે દરેક રાજ્ય 'વીટો'ની સત્તા ધરાવે છે. વીટો એટલે કે કોઇ પણ અગત્યની દરખાસ્ત યુનાઇટેડ નેશન્સ આગળ આવે પણ જો આ પાંચમાંથી કોઇ પણ રાજ્ય તે દરખાસ્તનો વિરોધ કરે તો તે દરખાસ્તના પક્ષમાં યુનાઇટેડ નેશન્સની બહુમતી હોય તો પણ તે દરખાસ્ત અસ્વીકાર્ય ગણાય. આ 'વીટો'ની સત્તાના કારણે અનેક દેશો યુનાઇટેડ નેશન્સમાં જોડાઇ શકતા નથી.

(૨) યુનાઇટેડ નેશન્સમાં ચીન સંબંધે એક મોટી અવાસ્તવિકતા પ્રવર્તે છે. યુનાઇટેડ નેશન્સનો ઉદ્દભવ થયો ત્યારે ચીન ચાંગ–કાઇ–શેકના પ્રભુત્વ નીચે હતું. પછી ત્યાં સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવ્યો. આમ છતાં યુનાઇટેડ નેશન્સમાં હજુ સુધી ચાંગ–કાઇ–શેકના પ્રતિનિધિઓ બેસે છે અને આજના ચીનને યુ નેશન્સમાં ભાગ લેવાનો કશો અધિકાર નથી. જો આજનું ચીન યુનાઇટેડ નેશન્સમાં ભાગ લેતું હોત તો સંભવ છે કે કોરીઆનું યુધ્ધ થવા પામ્યું ન હોત. ચીન જેવું મહારાજ્ય જેમાં ન હોય તે સંસ્થાને દુનિયાના સમગ્ર રાજ્યોની સંસ્થા શી રીતે કહેવાય?

(૩) યુનાઇટેડ નેશન્સના પાંચ સ્થાયી સભ્યો એટલે કે પાંચ મહારાજ્યો વચ્ચે સહકારનો અભાવ વર્તે છે. યુનાઇટેડ નેશન્સના જંન્મ સાથે જ વિસંવાદ શરૂ થયો હતો. યુધ્ધપરાસ્ત જર્મનીના બે ભાગલા થયા. એક ભાગ ઉપર યુનાઇટેડ સ્ટેટ્સ, ઇંગ્લાંડ અને ફ્રાન્સનું તંત્ર સ્થપાયું અને બીજા ભાગ ઉપર રશીઆનું. સાથીરાજ્યના વિજયમાંથી આ એક કરૂણાજનક પરિણામ આવ્યું, અને ત્યારથી એક બાજુ યુનાઇટેડ સ્ટેટ્સ અને બીજી બાજુએ રશીઆ બન્ને વચ્ચે જેને cold war ઠંડુ યુધ્ધ કહે છે તે શરૂ થયું છે, અને દિન પ્રતિદિન આ અનામી યુધ્ધ વધારે ને વધારે ભયજનક બની રહ્યું છે.

(૫) યુનાઇટેડ નેશન્સના ચાર્ટરમાં જણાવવામાં આવ્યું છે કે દરેક સભ્ય રાજ્ય પોતપોતના આન્તર વહીવટમાં સાર્વભૌમ સત્તા ધરાવે છે. અને તેથી તેના આન્તર વહીવટને લગતી કોઇ પણ બાબતમાં યુનાઇટેડ નેશન્સ માથું મારી શકશે નહિ અથવા તો દખલગીરી કરી શકશે નહિ. હવે આજે એક મોટો પ્રશ્ન દક્ષિણ આફ્રિકા અને એવા બીજા રાજ્યોને અંગે તે તે રાજ્યોમાં અમલી બનેલી વર્ગભેદની નીતિ સંબંધે ઉભો થયો છે. યુનાઇટેડ નેશન્સના પાયામાં રહેલો એક સિધ્ધાન્ત એ છે કે કોઇ પણ રાજયમાં માણસ–માણસ વચ્ચે નાત, જાત, ધર્મ કે વર્ગનો ભેદ કરવામાં નહિ આવે, અને દરેકને સરખી રીતે રહેવા, જીવવા અને કામ કરવાનો અધિકાર મળશે. આ સિદ્ધાન્તને અનુસરીને યુનાઇટેડ નેશન્સ દક્ષિણ આફ્રિકાને વર્ણભેદની નીતિનો ત્યાગ કરવાનું દબાણ કરે છે અને તે સામે 'આ અમારા આન્તર વહીવટની બાબત છે અને એમાં યુનાઇટેડ નેશન્સને માથું મારવાનો કોઇ અધિકાર નથી' એમ દક્ષિણ આફ્રિકા

જવાબ આપે છે અને આ પ્રશ્ન ઉપર કશી પણ મચક આપતું નથી. આવાં કારણોને લીધે યુનાઇટેડ નેશન્સ આજની દુનિયાની મોટી મોટી ગુંચો ઉકેલવામાં સફળ થતી નથી. અને દુનિયા જાણે કે ત્રીજા વિશ્વયુધ્ધ તરફ ધસી રહી હોય તેવી કટોકટી પેદા થઇ રહી છે.

આમ છતાં પણ સંયુકત રાષ્ટ્રસંસ્થાએ કશું કર્યું નથી અને નકામી છે અને વિસર્જિત કરવાયોગ્ય છે એમ કહી શકાય તેમ નથી. આનાં કારણો નીચે મુજબ છેઃ-

(૧) આવી નબળી યુનાઇટેડ નેશન્સે પણ આ દુનિયાને યુધ્ધ તરફ ધકેલાતી અથવા તો યુધ્ધને વ્યાપક સ્વરૂપ ગ્રહણ કરતા ત્રણ ચાર વખત અટકાવી છે. અને હજુ પણ આગામી કટોકટીને વારવામાં તેની અનેક ઉપયોગીતા છે. પેલેસ્ટાઇનના પ્રશ્નના ઉકેલમાં તથા બર્લીનમાં મહાસત્તાઓ વચ્ચે ઉગ્ર વાતાવરણ થયું અને બર્લીન બ્લોકેડ થયો ત્યારે તેમજ એવા બીજા અનેક પ્રસંગોએ યુનાઇટેડ નેશન્સના પ્રયત્નોથી વિશ્વયુધ્ધ થતું અટકયું છે. કોરીઆનું યુધ્ધ વસ્તુત: ચીન તથા રશિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે હતું. એમ છતાં કોરીઆ પુરતું જ એ સીમિત રહી શકયું એ યુનાઇટેડ નેશન્સને આભારી છે રાજકારણની દૃષ્ટિએ યુનાઇટેડ નેશન્સનો આ નાનાસુનો ફાળો નથી.

(૨) યુનાઇટેડ નેશન્સની રાજકીય પ્રવૃત્તિઓ ઉપરાંત તેની આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓ ઘણી લાભદાયી છે. પછાત દેશોને મદદ કરવામાં યુનાઇટેડ નેશન્સન કરોડો-અબજો ડોલરનો વ્યય કરે છે. દુનિયાના પછાત દેશોનું જીવનધોરણ ઉચું લાવવામાં નહિ આવે ત્યાં સુધી યુદ્ધનો ભય કાયમ માટે ટળશે નહિ એ માન્યતા દૃઢ થાય છે. અને પછાત દેશોને મદદ કરવાની સમૃધ્ધ દેશોની ફરજ છે એ ભાવના સ્વરૂપ લે છે. દુનિયા ખરેખર એક છે. અને માનવજાતના કલ્યાણ માટે સાથે મળીને બધા દેશોએ કામ કરવું જોઇએ એ વૃત્તિ અને આદર્શ કેળવાય છે. તેનો અમલ જોઇએ તેટલો સંતોષકારક નથી પણ તે ભાવના જાગ્રત થાય તેજ એક મોટો લાભ છે.

(૩) યુનાઇટેડ-નેશન્સની અવાન્તર પ્રવૃત્તિઓ દુનિયાને અનેક રીતે લાભકારક નીવડી છે. દા. ત. Unesco-યુનેસ્કોદ્વારા નીમાયેલી અનેક પેટા સમિતિ અને પેટા પ્રવૃત્તિઓ દુનિયાની અનેક સમસ્યાઓની તપાસ કરે છે, ઉકેલ શોધે છે અને સ્ત્રીઓના, બાળકોના, મજુરોના હકકો નકકી કરે છે.

(૪) આજની યુનાઇટેડ નેશન્સમાં ઘણી વખત મહારાજ્યોના આગેવાન પ્રતિનિધિઓ એકમેક સામે ધુરકાધુરકી કરે છે, શબ્દોની આગ વરસાવે છે અને કોઇ કોઇ વખત અરસપરસ તંગદીલી પણ વધારે છે. આમ છતાં પણ આ આગેવાનો એકત્ર થઇને મળે છે, ચર્ચા કરે છે અને અનેક નાની મોટી બાબતોનો ઉકેલ શોધે છે. આ હકીકતનું પણ ઘણું મોટું મહત્વ છે.

યુનાઇટેડ નેશન્સ જરૂર નબળી છે, તો પણ તેનું ચોકકસ પ્રકારનું આન્તરરાષ્ટ્રીય મહત્વ છે. તેને તોડી પાડવાને બદલે તેને બળવાન બનાવવી, તેનો આદેશ સર્વમાન્ય બને એવી સ્થિતિ ઉભી કરવી એ આપણું કર્તવ્ય છ, આપણે એટલે કે આપણી સરકાર અને તેના સૂત્રધાર પંડિત જવાહરલાલ નહેરૂ આ યુનાઇટેડ નેશન્સને બને તેટલો ટેકો આપી રહેલ છે. આનું ખાસ કારણ એ છે કે આપણું ધ્યેય વિશ્વશાન્તિનું છે, દુનિયામાં આજે જે ખેંચતાણ અને તંગદીલી વ્યાપી રહેલ છે તે હળવી કરવાનું છે, અને એક રાષ્ટ્રનો અન્ય રાષ્ટ્ર સાથેનો ઝઘડો યુધ્ધનું અવલંબન લીધા સિવાય શાન્તિમય રીતે પતે એ પરિસ્થિતિ ઉભી કરવાનું છે અને તે અત્યારે તો યુનાઇટેડ નેશન્સને વધારે સક્રિય-વધારે તાકાતવાળી બનાવવાથી જ થઇ શકે તેમ છે.

આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં હિંદે સ્વીકારેલી નીતિને કેટલાક Neutrality-તટસ્થતા-ની નીતિ તરીકે ઓળખાવે છે. આજે દુનિયાના લગભગ બધા દેશો બે ભાગમાં વહેંચાઇ ગયા છે: એક સામ્યવાદી દેશોનો બ્લોક જેનું આગેવાન રશિયા છે. બીજો સામ્યવાદ-વિરોધી દેશોનો બ્લોક જેનું આગેવાન યુનાઇટેડ સ્ટેટ્સ છે. ભારતવર્ષ આ બેમાંથી એક પણ બ્લોક સાથે સંકળાયેલ નથી. એટલું જ નહિ પણ યુનાઇટેડ નેશન્સમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો ઉપર તે તે પ્રશ્નના ગુણદોષ વિષે સ્વતંત્ર રીતે વિચાર કરીને આપણે અભિપ્રાય આપીએ છીએ. આજના આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આ પ્રકારની નીતિનું ઘણું મહત્વ છે. જો આખી દુનિયા ઉપર જણાવેલ બે બ્લોકમાં જ વહેંચાઇ જાય તો વહેલું યા મોડું યુધ્ધ અનિવાર્ય બની જાય. જે બન્ને બ્લોકને યુધ્ધ તરફ ધસી જતા અટકાવી શકે, બન્નેનું સમાધાન થાય તેવો માર્ગ સૂચવી શકે એવો એક પક્ષ આજે અત્યંત આવસ્યક છે આ કાર્ય તેજ દેશ અથવા દેશો કરી શકે જેણે એક યા બીજા પક્ષનાં પલ્લામાં પોતાને સંકલિત કરેલ ન હોય. આ નિતિ ધારણ કરવાના પરિણામે કોરિયામાં ચાલી રહેલા યુધ્ધનો અન્ત આણવાના પ્રયત્નમાં આપણે કેટલેક અંશે સફળ થયા છીએ. આ નીતિ કેવળ સુઇ રહેવાની કે દુનિયામાં ગમે તે થાય, માત્ર પોતાનો સ્વાર્થ સંભાળવાની નથી. આમ હોત તો કોરીઆના યુધ્ધકેદીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવાની જવાબદારી આપણે લીધી ન હોત. આજે આપણે લશ્કરી તાકાતમાં અગ્રગણ્ય દેશોના હિસાબે ઘણા પછાત છીએ. રાષ્ટ્રની આર્થિક સ્થિતિ પણ એવી કોઇ સમૃધ્ધ કે બીજા દેશોની હરોળમાં ઉભી રહે તેવી નથી. આમ છતાં પણ આજની દુનિયામાં આપણી શાન્તિનિષ્ઠા અને નિષ્પક્ષ રાજનીતિના કારણે છ કે સાત વર્ષના ગાળામાં હિંદે અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. કોઈ પણ પ્રશ્ન ઉપર આપણા મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂ શું કહે છે તે જાણવાને સૌ કોઇ આતુર હોય છે અને તે બોલે છે તેનું ચોતરફ ભારે વજન પડે છે. યુનાઇટેડ નેશન્સમાં પણ આપણું સ્થાન વિશિષ્ઠ છે. આપણી નીડરતા, સ્પષ્ટતા અને કોઇ પણ સ્વાર્થ કે પક્ષપાત વિના જે કાંઇ સૌના હિતમાં હોય તે રજુ કરવાની આપણી નીતિ અને પધ્ધતિએ સૌ કોઇના મન ઉપર જુદી છાપ પાડી છે. રંગભેદ સામે તેમ જ પરદેશી હકુમતવાળા સંસ્થાનો ચાલુ રહે એ સામે આપણે વિરોધ જાહેર કર્યો છે અને દુનિયાની સુલેહશાન્તિ જાળવી રાખવા માટે આપણે કોઇ પણ ભોગ આપવા તૈયાર છીએ. આપણે બે વિશ્વયુધ્ધ જોયાં છે, પણ આજે જે અનર્ગળ માનવીસંહાર કરી શકે એવા અણુબોંબ, હાઇડ્રોજન બોંબ વગેરે પેદા થયા છે તે જોતાં ત્રીજું વિશ્વયુધ્ધ કેવું હોય તેની આપણને કોઇ કલ્પના આવે તેમ નથી. આજે વસ્તુતઃ કોઈ પણ દેશને-દેશની પ્રજાને-યુધ્ધ બીલકુલ ખપતું નથી. પણ એકમેક વિષે ભારી અવિશ્વાસ અને ભય પ્રવર્તે છે. અમેરિકા અને રશિયાના વાતાવરણમાં આ અવિશ્વાસ અને ભય ઘટ્ટપણે વ્યાપેલો અનુભવાય છે. અણુબોંબ પેદા કરનાર અણુબોંબના ભયથી ગ્રસ્ત છે અને તેથી પોતાની સહીસલામતીના સીમાડા અમેરિકા અને રશિયા ચોતરફ વિસ્તારી રહ્યા છે. આ પરસ્પર ભયના દૂષિત ચક્રમાં આજની દુનિયા સપડાઇ છે. આમાંથી દુનિયાને કેમ ઉગારવી, પરસ્પર ભિન્ન વિચારસરણી ધરાવતા મહારાષ્ટ્રોને સમાધાનથી એક સાથે રહેતા કેમ કરવા એ આજનો કોયડો છે. આ કોયડાનો ઉકેલ અત્યારે તો બળવત્તર યુનાઇટેડ નેશન્સ દ્વારા જ શકય લાગે છે. આ શકયતા ઉભી કરવી એ ભારતવર્ષની વિદેશનીતિ છે.

**ચીમનલાલ ચકુભાઇ શાહ**

# નિર્વૈરતા અને અન્યાય-પ્રતિકારનો સમન્વય

(શ્રી વિનોબા ભાવેના એક વ્યાખ્યાનમાંથી સંકલિત)

આ આંદોલનની પાછળ રહેલા વિચાર અંગે આજે તમને હું કહીશ. ખાસ કરીને શહેરીઓને હું આવી વાતો કહું છું, કારણ કે જીવનની પાયાની વાતો સમજીને તે મુજબ દેશને સાચો માર્ગ બતાવવાની જવાબદારી તેમના પર છે. આજે દેશની બુદ્ધિશક્તિ શહેરોમાં છે અને હૃદયશક્તિ ગામોમાં છે. હું બન્નેનો સમન્વય કરવા માંગું છું. હું ઇચ્છું છું કે ગ્રામજનોને બુદ્ધિશક્તિ મળે. હું શિક્ષણ મારફતે એ કરવા માંગું છું અને ઇચ્છું છું કે શહેરના લોકોને આત્મશુદ્ધિ કરવાની તક મળે. તેઓને 'નિષ્કામ કર્મયોગ'ની વાત સમજાવીને હું આ કામ કરવા માંગું છું. એટલે આજે હું તત્ત્વવિચાર અંગે બોલીશ.

## ભગવાન બુદ્ધનાં ચરણચિહ્નો પર

બિહારમાં આવતાં જ મેં જણાવેલું કે મારો પ્રયત્ન ભગવાન બુદ્ધના પગલે ચાલવાનો છે. એમણે જે ધર્મવિચારનો પ્રચાર કરેલો તેને આ યુગ પ્રમાણે વિકસાવવાનો મારો પ્રયત્ન છે. જેમ હિંદુઓના દરેક ધર્મકાર્યમાં "वैवस्वते मन्वन्तरे बुद्धावतारे" આવે છે તેવી જ રીતે ભગવાન બુદ્ધના કાર્ય સાથે મારા કાર્યનો સંબંધ છે. ભગવાન બુદ્ધે શરીર છોડયાંને અઢી હજાર વર્ષ થઈ ગયાં, તો પણ તેમનો વિચારરૂપી અવતાર આજે આપણી વચ્ચે છે. એનો અર્થ એ છે કે તે વિચારોની અસર આપણી વચ્ચે છે, અને આ યુગમાં તે વિચારોથી જ કલ્યાણ થવાનું છે.

ભગવાન બુદ્ધે આપણને શો બોધ આપેલો? એમણે નીતિની વિધવિધ બાજુ પર પ્રકાશ નાંખેલો, અને તેમાં સૌથી વધુ મહત્ત્વનો વિચાર એ છે કેઃ–

नहिं वेरेन वैरानि समन्तिध कुदाचनं ।
अवेरेन च समन्ति एस धम्मो सनंतनो ॥

એટલે કે વેરથી વેર કદી શમતું નથી, પણ પ્રેમથી શમે છે. તેમની પહેલાં પણ ઋષિમુનિઓએ આ જાતનું શિક્ષણ આપેલું, પણ ભગવાન બુદ્ધની વાણીએ એને આ દેશમાં નવું સ્વરૂપ આપ્યું. એટલે મારે માટે એ વિચારના પ્રેરક ભગવાન બુદ્ધ છે. વેરથી વેર વધે છે, અને પ્રેમથી જ તે શમે છે એ વિચાર છેલ્લાં અઢી હજાર વર્ષથી આપણને પ્રેરણા આપી રહ્યો છે.

## બે મુખ્ય વિચાર

પરતુ હિંદુસ્તાનમાં સ્મૃતિકારોએ બીજી વિચારધારા પણ પ્રચલિત કરી છે, કે જે કોઇ અન્યાય થતો હોય તેનો પ્રતિકાર કરવો જ જોઇએ. હિંદુસ્તાનના ઇતિહાસમાં તેનો પણ એક પ્રવાહ ચાલતો આવેલો છે. આ રીતે અહીંઆ બે વિચારપ્રવાહ ચાલતા આવ્યા છેઃ (૧) વેરથી વેર વધે છે, એટલે નિર્વૈર રહેવું અને (૨) સમાજમાં જ્યાં અન્યાય થતો હોય તેનો પ્રતિકાર કરવો, અન્યાય કદી સહન ન કરવો. આ બંને વિચાર સાથે સાથે વહેતા આવ્યા છે, અને દેશના મહાપુરુષો અને સેવકો ઉપર આ બન્ને વિચારોનો પ્રભાવ રહ્યો છે.

અન્યાયનો પ્રતિકાર કરવો જોઇએ એ સિદ્ધાંતે એવી વિચાર-પ્રણાલિને જન્મ આપ્યો કે, શત્રુ જો હથિયાર ઉઠાવે તો તે સામે હથિયારથી પ્રતિકાર કરવામાં અચકાવું ન જોઇએ, પરંતુ પોતે હથિયારથી આક્રમણની શરૂઆત ન કરવી જોઇએ. જુલ્મગારના ત્રાસનો સામનો કરવા, સત્યની રક્ષા કરવા શસ્ત્ર જરૂર વાપરી શકો છો અને વાપરવું જોઇએ, અને તે વાપરતાં અચકાવું ન જોઇએ એવો વિચાર પ્રચલિત થયો. આ રીતે અન્યાયનો વિરોધ કરનારાઓમાં વિક્રમાદિત્ય, રાણા પ્રતાપ, શિવાજી જેવા અનેક મહાપુરુષોનો સમાવેશ થાય છે. આવી રીતે માનવ છતાં તેઓએ પોતે કદી આક્રમણ કર્યું નથી. હિંદુસ્તાનના ઇતિહાસમાં એક ઘણી મહત્ત્વની વાત એ છે કે તેના ચડતીના કાળમાં પણ તેણે બીજા દેશ પર ચઢાઇ કરી નથી. અહિં મોટા મોટા રાજાઓ થઇ ગયા, તેમણે પણ પોતાની તાકાતનો આ રીતે દુરુપયોગ કર્યો નથી. ક્ષત્રિયધર્મની અહિં મર્યાદા અંકાઇ છે. અન્યાયપ્રતિકારનો અર્થ એ હતો કે અન્યાયનો સામનો કરવો, નહિ કે બીજા પર આક્રમણ કરવું. આ ધર્મવિચાર્ પર ક્ષત્રિય ધર્મ વિકસ્યો.

બીજો વિચાર છે વેરથી વેર મટતું નથી. આજે તો સામો પક્ષ જોરદાર શસ્ત્રથી આક્રમણ કરે તો એનો સામનો કરવા એથી વધુ મજબૂત હથિયારો વપરાય છે. આમ ઉત્તરોત્તર શસ્ત્રોની હરીફાઇ રાષ્ટ્રવ્યાપી અને તેમાંથી સર્વવ્યાપી યુદ્ધ તરફ લઇ ગઇ છે. આ વિચારે જ વેરથી વેર શમતું નથી, એવું માનનારાઓની એક પરંપરા હિંદુસ્તાનમાં ચાલી આવી છે. આમાં કબીર–તુલસીદાસ જેવા નિર્વૈરવૃત્તિવાળા સંતો આવે છે. આમ નિર્વૈરવૃત્તિની પરંપરા સંતોની છે જ્યારે અન્યાય-પ્રતિકારની પરંપરા વીરોની છે. નિર્વૈરવૃત્તિ અને અન્યાય-પ્રતિકાર બન્ને ધર્મો છે. શિવાજી અને તુકારામ એક જ જમાનામાં થઈ ગયા. બન્નેને એકબીજા માટે આદરભાવ હતો. તુકારામનાં ભજન સાંભળવા શિવાજી ભક્તિભાવથી જતા હતા, પરંતુ શિવાજીના અન્યાય-પ્રતિકારના કામમાં તુકારામ ભાગ નહોતા લેતા. તેમ શિવાજી પણ રાજસત્તા છોડીને તુકારામની ભજનમંડળીમાં ભળ્યા નહોતા, કારણ કે બન્નેનાં ધર્મક્ષેત્ર અલગ હતાં. આ રીતે સમાજમાં બે પરંપરા ચાલી આવી.

## ગાંધીજીનો મહાન ઉપકાર

એવામાં હિંદુસ્તાનમાં એક અપૂર્વ બનાવ બન્યો. અંગ્રેજો આવ્યા ને લોકો પાસેથી બધાં હથિયાર છીનવી લીધાં. ત્યારે સવાલ ઊભો થયો કે કાં તો અન્યાય સહી લેવો અથવા અન્યાય-પ્રતિકારની નવી રીત શોધવી. ઇશ્વરકૃપાથી ગાંધીજી આવ્યા અને સંતપ્રણાલી સાથે અન્યાય-પ્રતિકારનો સમન્વય કર્યો. એમણે નિર્વૈરપ્રતિકારનો મંત્ર આપ્યો. આ એક મહાન વિચાર દુનિયાને મળ્યો. હવે સમાજ સમક્ષ નવો માર્ગ ખૂલ્યો. નહિતર સમાજમાં બુદ્ધિભેદને લીધે ભાગલા થતા હતા. કેટલાક લોકો આ તરફ ઝૂકેલા હતા તો કેટલાક બીજી તરફ ઝૂકેલા હતા. પણ ગાંધીજીની યુક્તિને કારણે દૂધ અને સાકર એક-બીજામાં ભળતાં સુંદર પીણું તૈયાર થયું, જેથી નિર્વૈરતા અને પ્રતિકારે અન્યોન્યને નવું જોમ આપ્યું. ગાંધીજીનો આ એક મહાન ઉપકાર છે. પરંતુ એથી વધારે તો અંગ્રેજોનો છે; કારણ કે તેમણે જો દેશને નિઃશસ્ત્ર બનાવ્યો ન હોત તો ગાંધીજીની વાત લાખો લોકો માનત નહિ. એમને ફક્ત અમારા જેવા બેત્રણ ચેલા મળી જાત. પરંતુ આખા દેશ ઉપર આની અસર થઇ. લોકોએ એનો ભાંગ્યોતૂટયો અમલ પણ કર્યો. સંપૂર્ણ રીતે નિર્વૈર થવું અશક્ય છે, એટલે એનો થોડોઘણો અમલ પણ થયો. અને આ નવો માર્ગ ખૂલી ગયો.

## વિજ્ઞાનયુગમાં અન્યાયપ્રતિકાર

હવે વિજ્ઞાનનો યુગ શરૂ થયો છે. તેને લીધે યુદ્ધ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રાચીન કાળમાં લડાઇથી નુકશાન કરતાં લાભ વધુ થતો હતો, પણ આ યુગમાં વિજ્ઞાનને કારણે લાભ કરતાં હાનિ વધુ થાય છે. એથી નિર્વૈરપ્રતિકાર કરવાથી સમાજની સમસ્યાઓ ઉકેલાય છે, અને યુદ્ધથી થતાં નુકશાનોથી સમાજ બચે છે. આવી રીતે અંગ્રેજોએ કરેલું પ્રજાનું નિઃશસ્ત્રીકરણ મહાત્મા ગાંધીજીની

નવી વિચારશ્રેણી, તથા વિજ્ઞાન-યુગની અસરને લીધે ભગવાન બુધ્ધના ઉપદેશનો અમલ કરવાની આપણને તક મળી છે. જો આપણે તે પ્રમાણે વર્તીશું તો તે વિચાર જગતમાં ફેલાવાનો છે. ગાંધીજીએ રાજનૈતિક આઝાદી લાવવામાં એ શસ્ત્રનો ઉપયોગ કર્યો. પરંતુ એટલાથી જ એ શસ્ત્રની તાકાત માલૂમ ન થઇ શકી, કારણ કે આપણને જે આઝાદી મળી તેમાં મહાયુદ્ધ પછી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ પણ કારણભૂત હતી; અને દુનિયાને એ પ્રમાણે કહેવા મળ્યું. એટલે માત્ર અહિંસાથી જ આઝાદી મળી છે એમ નહીં કહી શકાય. હું પણ એમ માનું છું કે દુનિયાની બીજી શકિતઓ અહિંસા સાથે કારણભૂત છે. વિજ્ઞાનના આ યુગમાં એક દેશ બીજા દેશને વધુ વખત ગુલામ નહિ રાખી શકે. પ્રાચીન કાળમાં રોમન સામ્રાજ્ય ૧૨૦૦ વર્ષ સુધી ચાલ્યું. પરંતુ ત્યાર પછીનાં સામ્રાજ્યો એટલાં લાંબાં ન ટક્યાં, કારણકે લોકો જાગ્રત થતા ગયા, એ ઉપરાંત કેળવણી પણ વધુ વ્યાપક બનતી ગઈ. અંગ્રેજો વિજ્ઞાનના જાણકાર હતા તોપણ તેમનું સામ્રાજ્ય મુશ્કેલીથી ૧૫૦ વર્ષ સુધી ચાલ્યું. જોકે તેઓ પાસે રોમનો કરતાં અનેકગણી વધુ તાકાત હતી. એટલે રેડિયો-વાયરલેસના આ જમાનામાં વિજ્ઞાને દુનિયાને ઘણી નજીક લાવી દીધી છે. કાળની ગતિ એવી થઇ ગઇ છે કે પહેલાંનાં દશ વર્ષ બરાબર અત્યારનું એક વર્ષ થાય છે. આમ હોવાથી જ એક દેશની બીજા દેશ પર લાંબા વખત સુધી સત્તા શકય નહોતી, અને તેથી જ આપણા માટે આઝાદી મેળવવી સરળ થઇ. હવે જો આપણે આર્થિક સમાનતા લાવવાનું કાર્ય અહિંસાથી લાવી શકીએ તો તે એક મહાન કામ થશે. એનાથી નિર્વૈર અહિંસક પ્રતિકારની શકિત ઘણી જ વધી જાય છે.

### અહિંસક શકિતનું ભાન

વિજ્ઞાનના આ યુગમાં રાજનૈતિક આઝાદી મેળવવી સહેલી છે, કારણકે જગતની શકિતઓ તેને અનુકૂળ છે. તેથી અહિંસક શકિતનું પૂરું ભાન જગતને નથી થયું. જો તે શકિતનો પૂરો ખ્યાલ આવ્યો હોત તો ગાંધીજીની હયાતીમાં જ હિંદુસ્તાનના ભાગલા ન થાત, તેમજ લાખો લોકોના હાલહવાલ હિંદુ-મુસ્લિમ ઝગડામાં ન થાત. એટલે હું કહું છું કે અહિંસક શકિતનું પૂરેપૂરું ભાન ત્યારે નહોતું થયું. આપણી તે અહિંસા લાચારીમાંથી જન્મેલી અહિંસા હતી. પરંતુ આજે આપણા હાથમાં સત્તા આવી છે ત્યારે ઇચ્છીએ તે પ્રમાણે હિંસા કે અહિંસાનો ઉપયોગ કરી શકીએ છીએ. આ પરિસ્થિતિમાં દેશની આર્થિક સમસ્યા જો અહિંસાથી ઉકેલીએ તો દુનિયામાં નિશસ્ત્ર-પ્રતિકારની રીત સમર્થ પુરવાર થશે અને દુનિયાને નવો માર્ગ દેખાશે. એથી આપ સૌએ પૂરેપૂરો વિચાર કરવો જોઇએ.

મૂળ હિંદી : વિનોબા ભાવે.

અનુવાદક : સૂર્યકાન્ત પરીખ
ગીતા પરીખ

## સામાજિક દાન ઉપર આશ્રિત સાધુસંસ્થા વિષે

(શ્રી પદ્મનાભ જૈનીના મૂળ હિંદી લેખનો આ અનુવાદ કરી આપવા માટે શ્રી નિર્મળાબહેન દોશી સાહિત્યવિશારદના અમે ઋણી છીએ. **તંત્રી**)

આજના યુગમાં પણ સમાજનાં દાન ઉપર આજીવિકા ચલાવનાર સાધુસંસ્થા યોગ્ય છે કે નહીં આ વિષય ઉપર ઘણા લોકોના મત પ્રદર્શિત થઈ ચૂક્યા છે. એ તો જાણીતું છે કે જૈન સાધુસંસ્થાને લક્ષમાં રાખીને જ આ વિચાર ચાલે છે તેથી એક જૈન હોવાના કારણે આ વિચાર કરવો ઉચિત છે.

જૈન સમાજના મહત્ત્વના ત્રણ સંપ્રદાયોમાં-૧ દિગંબર, ૨ શ્વેતાંબર મૂર્તિપૂજક ૩ સ્થાનકવાસી આ ત્રણેમાં-મળીને લગભગ ૨૦૦૦ થી ૨૫૦૦ સાધુ અને સાધ્વીઓ છે, જે પોતાના જીવન-નિર્વાહને માટે જૈન સમાજ ઉપર આશ્રિત છે. આટલો મોટો જન-સમુદાય સમાજનાં અન્નનો સ્વીકાર કરતો રહે અને બદલામાં વિશેષ કાંઇ પણ દર્શનીય ફળ આપે નહીં તે વાત વિચારણીય તો છે જ અને તેથી સમાજની દરેક વ્યકિતએ તે તરફ ધ્યાન દેવું જરૂરી છે.

આ આખાયે પ્રશ્નમાં થોડીક બાબતો મૌલિક છે:—

૧ એક વ્યકિત અથવા તો મોટો સમુદાય પોતાના પોષણ માટે સમાજ ઉપર અવલંબિત રહે તે કયાં સુધી યોગ્ય છે?

૨ શું સમાજની આ જવાબદારી છે કે તે કોઇ પણ વ્યકિત કે વર્ગનું પોષણ કોઇપણ જાતની આશા રાખ્યા વગર કરે?

૩ શું ધર્મ તેમજ શાસ્ત્રના નિયમાનુસાર ત્યાગી વર્ગ પોતાની જીવિકા આજના યુગમાં પણ ચલાવ્યા કરે? અગર તો તે નિયમો તોડીને ત્યાગી વર્ગને બાધ્ય કરી શકાય કે જેથી તેઓ પણ સમાજની બીજી વ્યકિતઓની જેમ કમાણી કરીને પોતાનો નિર્વાહ કરે?

૪ અગર સમાજ આ ત્યાગી વર્ગની જીવિકા ચલાવવાની ના કહે તો તેમાં સમાજને કેટલો લાભ છે? કેટલું નુકશાન છે?

૫ સમાજમાંથી ત્યાગી વર્ગનો જ નાશ થાય તો શું તે વાત ઇચ્છિનીય છે?

આ પ્રશ્નો ઉપર સવિસ્તર વિચાર કરવાથી જ આ જટિલ કોયડાનો ઉકેલ આવશે.

સમાજમાં જે બાળક યા વૃદ્ધ કે રોગી અગર અપંગ હોય છે તેઓ કોઈ પણ ઉત્પાદન ન કરે તો પણ વગર તકરારે સમાજે તેનો નિર્વાહ કરવો તે કર્તવ્ય છે. આ ભાવના સમાજમાં છે. આવા લોકો સમાજમાં દયા યા કરુણાપાત્ર મનાય છે ને તેથી તેમની આજીવિકા ચલાવવી તે સમાજનો જ ધર્મ મનાય છે જે ઉચિત છે.

પરંતુ તેવી એક વ્યકિત અગર વર્ગ જે દયાપાત્ર નથી કે અપંગ પણ નથી તો પણ પ્રવૃત્તિમય જીવનનો ત્યાગ કરીને સમાજ-માંથી જીવિકા ચલાવવા માગે તો શું તેઓનું પોષણ કરવું તે પણ સમાજનો ધર્મ છે? શું તે વ્યકિત અગર વર્ગને માટે આ પરાયણ-વૃત્તિ ધર્મ્ય છે?

લૌકિક આજીવિકાનો ત્યાગ કરવાથી જ જે આત્મોન્નતિનો પ્રારંભ અને પર્યવસાન સંભવિત છે તેવા જીવનને જીવવા વાળી વ્યકિત આપણા દેશમાં તેમજ અન્ય દેશોમાં પ્રાચીન સમયથી વિદ્યમાન છે. તેવી વ્યકિતઓના મોટા મોટા સમુદાય સમાજમાં આદરપાત્ર પણ હતા. બ્રાહ્મણ સંપ્રદાયમાં ગૃહસ્થાશ્રમ જ મુખ્ય હતો, જો કે સંન્યાસ્તાશ્રમ પણ માન્ય ગણ્યો હતો. એટલે જ્યાં સુધી બ્રાહ્મણ યા વૈદિક ધર્મનો સંબંધ છે ત્યાં સુધી સંન્યસ્ત લોકોનો બોજો તેમને ઓછો ઉપાડવો પડતો હતો.

શ્રમણ ધર્મમાં-એટલે કે બૌદ્ધ, જૈન અને અન્ય પરિ-વ્રાજકોમાં સંન્યસ્તાશ્રમ જ મુખ્ય હતો અને તરુણવયમાં જ સંન્યસ્ત-જીવન વ્યતીત કરવાનો મહિમા હતો. આ શ્રમણ ધર્મમાં ત્યાગી સંસ્થા પ્રબળ હતી. આજે પણ કદાચ બૌદ્ધ તેમજ જૈનોના સમા-જમાં આ પ્રશ્ન વધારે વિકટ બન્યો છે.

ભગવાન બુદ્ધના જીવનમાં પણ આ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. 'સુત્તનિપાત' નામના પ્રાચીન બૌદ્ધ ગ્રંથમાં 'કસિભારદ્વાજ' નામનું સૂત્ર છે, એક વખત ભગવાન બુદ્ધ મગધના એકનાલા નામના ગામમાં વિહાર કરતા હતા. તે વખતે કૃષિ-ભારદ્વાજ પાંચસો હળ લઈને ખેડ કામમાં લાગ્યા હતા. એક વખત ભગવાન મધ્યાહન સમયે તે બ્રાહ્મણને ઘેર ભિક્ષા લેવા જઇ પહોંચ્યા. કૃષિ ભારદ્વાજ બ્રાહ્મણે ભિક્ષા માટે ઉપસ્થિત થયેલા ભગવાનને જોઇને

કહ્યું કે "શ્રમણ ! હું તો ખેતી કરીને ખાઉં છું. આપ પણ ખેડો અને ખાઓ. ખેતી-વાવણી કરીને ખાઓ."

કસિભારદ્વાજનો ૨૫૦૦ વર્ષ પૂર્વનો આ પ્રશ્ન આજે પણ આપણે આપણા શ્રમણોને કહી રહ્યા છીએ કે આપણાં શ્રમણો પણ કંઇ કામ કરીને નિર્વાહ કરે. ભગવાને ભારદ્વાજને જે ઉત્તર આપ્યો તે પણ વિચારણીય છે. ભગવાને કહ્યું કે "બ્રાહ્મણ ! હું પણ ખેતી કરું છું ને ખેતી કરીને ખાઉં છું." ત્યારે બ્રાહ્મણે કહ્યું "શ્રમણ ! આપ આપને ખેડૂત તરીકે ઓળખાવો છો, પરંતુ મેં આપની ખેતી નથી જોઇ, તો કૃપા કરીને બતાવો કે આપ કઇ જાતની ખેતી કરો છો." ભગવાને કહ્યું, "બ્રાહ્મણ ! શ્રદ્ધા મારુ બીજ છે, તપ વૃષ્ટિ છે, પ્રજ્ઞા મારુ હળ (hlough) છે લજ્જા હળનો દાંડો છે. સ્મૃતિ મારી કોશ (હળમાં જે કોશ જેવો લોઢાનો ભાગ હોય તે) છે. હું શરીર, વચન અને આહારના વિષયોમાં સંમત છું અને નિર્વાણ મારું ફળ છે, નિર્વાણ તરફ લઇ જનાર વીર્ય મારા બળદ છે. આ મારી ખેતી છે જે અમૃતની તરફ લઇ જનારી છે."

ત્યારે બ્રાહ્મણે એક થાળીમાં ખીર લાવીને ભગવાનને પ્રાર્થના કરી કે "આપ ગૌતમ ખીરને વ્હોરો, અમૃતફળ દેવાવાળી ખેતી કરવાવાળા આપ ગૌત્તમ કૃષક છો." પરંતુ આ આહાર ઉપદેશ આપવાના પરિણામે મળેલો હોવાથી અગ્રાહ્ય હોઇને તેનો સ્વીકાર કર્યા વગર ગૌતમ ચાલી નીકળ્યા અને ભારદ્વાજ કૃષક પણ આગળ ઉપર તેમનો શિષ્ય ભિક્ષુ બન્યો.

આ કથાને કાલ્પનિક માનવાનું કોઇ કારણ નથી. ભગવાને પોતાને શ્રદ્ધા, તપ, પ્રજ્ઞા (બુદ્ધિ), લજ્જા, સ્મૃતિ, સંયમ અને પુરુષાર્થના પરમ ઉપાસક તરીકે ઓળખાવ્યા છે. હવે પ્રશ્ન એ છે કે શું આવા પરમોચ્ચ ધ્યેયને પ્રાપ્ત કરવાનો પુણ્યમય પુરુષાર્થ જેમણે કર્યો છે તેમને નકામાં અને સમાજનાં ત્યાજ્ય અંગ માની શકાય ? આ ગુણોનું ઉપાર્જન કરવા માટે કોઇ વ્યકિત યા વર્ગ પોતાનું જીવન અર્પણ કરે અને લૌકિક આજીવિકા કરનાર પાસેથી તેઓની ઇચ્છાનુસાર (દાતાની ઇચ્છાનુસાર) અન્ન ગ્રહણ કરે તો શું ખરેખર તે ગર્હ્ય-નિંન્દનીય-છે ? એક બાજુ મુઠ્ઠીભર ધાન્ય ને બીજી બાજુ આ માનવતાના પૂજારીઓનું નિવૃત્ત જીવન, બંનેમાંથી કોને પસંદ કરવું ? દરેક વ્યકિત કમાઇને જ ખાય ને **કમાવાનું પણ આપણા જેવું જ હોય** તેવો આગ્રહ રાખવો એ વ્યકિતસ્વાતંત્ર્યની વિરૂદ્ધ નથી ? અને સાચું પૂછો તો પ્રતિષ્ઠિત દેખાય છે તે સમાજમાં જે પોતાને "દાતા" સમજે છે તેમાં પણ શું ઓછા લોકો છે જે કાંઇપણ "પેદા" નથી કરતા, પરંતુ યથાર્થતઃ જોઇ એ તો લૂંટે છે? પોતાની આવશ્યકતાથી વધારે ધન સંચય કરવાવાળાને આજના સમાજશાસ્ત્રમાં લૂટારૂ જ કહેવા જોઇએ.

હા, એ પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય છે કે શું આજનાં ત્યાગી વર્ગોમાં પ્રજ્ઞા, તપ, સંયમ અને પુરુષાર્થ છે? તેવા ગુણોથી યુકત કેટલા સાધુ છે? પરંતુ આ પ્રશ્ન મૌલિક નથી. સમાજમાં આવા ગુણોથી સંપન્ન ત્યાગીઓનો જીવનનિર્વાહ ચલાવવાનું સમાજનું કર્તવ્ય છે તેમ માનવાનો મુખ્ય સિદ્ધાંત નક્કી થયો. તે ત્યાગીઓને યોગ્ય બનાવવા, તેમના ગુણોનો ઉત્કર્ષ કરવો તે પ્રશ્ન જુદો છે, અને તેનાં સાધન પણ જુદાં છે. પરંતુ જે મૂળ પ્રશ્ન છે તે તો નિશ્ચિત નક્કી થયો કે જેને આપણે સંકુચિત અર્થમાં "કમાણી" કહીએ છીએ તે જ કેવળ કમાણી નથી. જેમણે જિંદગીમાં એકવાર પણ સાચો વૈરાગ્ય પ્રાપ્ત કર્યો છે તેવાં સત્પુરુષોના જીવનનો આદર કરવો તે સમાજના હિતમાં છે, ભલે તે સાધુ વર્ગના હિતમાં તે વાત હોય કે ના હોય "સાગાર ધર્મા મ્હત" નામના ગ્રંથમાં પં. આશાધરજીએ શ્રાવકનાં મુખ્ય કર્તવ્યનો ઉપદેશ આ પ્રમાણે બતાવ્યો છે:

"जिनधर्मं जगद्बन्धुं, अनुबध्धुमपत्यवत् ।
यतीन् जनयितुं यस्यैत, ततोत्कर्षयितुं गुणै : ॥

(જગદ્બંધુનો જે જૈન ધર્મ, તેની પરંપરા ચાલુ રાખવા માટે પુત્રની માફક ઉચ્ચ યતિ ગણ (સાધુવર્ગ) નિર્માણ થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ અને જે યતિગણ છે તેમના ગુણોનો ઉત્કર્ષ કરવો જોઇએ.)

સમાજમાં સાચો પતિ કેવી રીતે પેદા થાય ? શું આ પ્રશ્નનો આપણે કોઇ વાર વિચાર પણ કર્યો છે ? વૈરાગ્ય અને સાધના આપણાં જીવનમાં પ્રખર રૂપમાં જોવા કેમ નથી મળતાં ? અને શું આજે જે ત્યાગી છે તેમાંથી અધિકાંશ એવા છે કે જે માત્ર પેટ ભરવા માટે સંઘમાં આવ્યા છે ? શું આ આખા ય પ્રશ્નની છણાવટ કરવાની જરૂર છે ખરી ?

આ વાદની પાર્શ્વભૂમિમાં આ વસ્તુ રહેલી જ છે કે "ત્યાગીનો નિર્વાહ કરવાનું આપણને પસંદ છે, પણ સાચા ત્યાગી હોય તો ને ?"

આ આખા ય પ્રશ્નનો ઉત્તર એક જ છે કે કોઇ પણ સમાજમાં બધી વ્યકિત સારી નથી મળતી. આપણા સમાજમાં થોડાઘણા ઉત્તમ પ્રકૃતિના સાધુ પણ છે, જેમણે પોતાનાં ત્યાગમય જીવનથી સેંકડો જીવોનું કલ્યાણ કર્યું છે, જેમણે સત્પંથનું દર્શન કરાવ્યું છે, સાહિત્ય શિક્ષણ અને સંયમનું સંવર્ધન કર્યું છે. કહેવાય છે કે કોલસાની ખાણમાં હીરા થાય છે હીરા તો એક બે જ નીકળે, કોલસા હજારો ટન. પરંતુ બે હીરા નીકળવાથી આપણે ઓછા સંતુષ્ટ થવું ન જોઇએ.

ત્યાગી વર્ગ પ્રત્યે ઉદાર દૃષ્ટિ રાખવી તેજ તેમનું નિર્માણ કરવાનો મૂળ ઉપાય છે. પરંતુ આજના યુગમાં જ્યારે અપરિગ્રહ તે દરિદ્રિતા મનાય છે અને બ્રહ્મચર્યની તો મશ્કરી થાય છે ત્યારે ભાગ્યે જ આપણે સારા સાધુઓને પેદા કરી શકીએ. "આખરે બ્રહ્મચારી પણ ગૃહસ્થના ઘરમાં જ જન્મે છે" એ શ્રી મશરૂવાળાનું કહેવું યથાર્થ હતું. બધી વાતનો સાર એ કે આપણા સમાજમાં યોગ્ય સાધુઓ પેદા નથી થતા તેનું કારણ પણ આપણો સમાજ જ છે. કેવળ સમાજમાંથી નીકળીને સાધુ થવા માત્રથી તો કોઇ બગડી નથી જતું ને ?

વાત એમ છે કે જૈન સમાજનો મોટો ભાગ ગામડાંઓમાં વસે છે. તે શિક્ષણથી વંચિત છે. તેથી તેમનામાં અમુક અંશે ધર્મવાત્સલ્ય હોવા છતાં પણ તેમને ધર્મનું યથાર્થ જ્ઞાન નથી હોતું. અને શહેરોમાં અહીંતહીં જે જૈનો રહે છે તેમાંનો મોટો ભાગ જૈન ધર્મનું જ્ઞાન ન હોવાને લીધે તેમજ ભૌતિક વાતાવરણને લીધે ધર્મસંસ્થા પ્રત્યે ઉદાસીન છે એટલું જ નહિ પણ તેમાં તો કેટલોક ભાગ વિરોધી પણ છે. આમ આ બંને વર્ગોમાં ધર્મસંસ્થાઓનું સમાચીન ( યોગ્ય ) જ્ઞાન હોવું તેમજ વાત્સલ્ય હોવું જરૂરી છે.

સમાજનાં દાન ઉપર આશ્રિત ત્યાગી વર્ગની જવાબદારીનો વિચાર પણ કરવો જોઇએ. ત્યાગી ગણોમાં અનેક એવા છે કે જેઓ અશિક્ષિત છે, તેમજ યોગ્ય કાર્યક્ષેત્રના અભાવથી તેઓ આળસુ પણ થઇ ગયા છે. તેથી અમુક કક્ષા સુધીની શૈક્ષણિક યોગ્યતા જેમણે મેળવી હોય તેમને જ સંઘમાં દીક્ષા દેવી આવશ્યક છે. અને જેઓ કર્મશીલ છે તેઓએ તો પોતાની રૂચિને અનુકૂળ પોતાનું કાર્યક્ષેત્ર પણ પસંદ કર્યું છે.

ઉદાહરણાર્થ દિગંબર મુનિ શ્રી સમન્તભદ્રજીએ પોતાનાં સાધુ જીવનમાં કેટલીયે શિક્ષણ સંસ્થાઓ ખોલીને શિક્ષાપ્રચાર કરેલ છે. મુનિશ્રી પુણ્યવિજયજી અને જંબુવિજયજીએ સાહિત્યના ઉદ્ધારને પોતાનું ધ્યેય બનાવ્યું છે. અને આજકાલ મુનિ સન્તબાલજીની ગ્રામસેવાને પણ આપણે જોઇએ છીએ. કેટલા ય એવા સાધુચરિત

ત્યાગી હોય છે કે જેનો આપણને ખ્યાલ પણ નથી. માત્ર નિયમ બનાવવાથી કાર્ય નથી થતું; એવા કર્મશીલ સાધુઓની પરંપરા ઊભી થવાથી જ ત્યાગીગણોમાં યોગ્યતાસંપન્ન ત્યાગી પેદા થશે.

સમાજમાં ઉપદેશ દ્વારા ધર્મપ્રચાર કરવો તે પણ ઓછું મહત્ત્વનું નથી.

આજના અધિકાંશ ત્યાગીમાં લોકસેવાની વૃતિ સ્વયં સ્ફુરિત હોવી જોઇએ. "હું રાષ્ટ્રનું દેવું કરૂં છું માટે તેના ઋણમાંથી મુકત થવું જ જોઇએ"–આ ભાવના ભગવાન બુધ્ધે સદૈવ રાખી હતી. તેમનાં બધાં ભિક્ષુ-ભિક્ષુણીઓને તેઓ શિક્ષા આપતા હતા અને કહેતા કે શ્રદ્ધાથી જે દાન તમને મળે છે તેને અનુકૂળ તમારો આચાર રાખો. જે દેવામાં આવે છે તે વિના ચાલે તેમ નથી એ પ્રકારની શારીરિક અવશતાનું ચિન્તન રાખો. અગર ભિક્ષુઓ! તમે અસંયમ બનીને પ્રમાદી થઇને શ્રદ્ધાથી દીધેલા અન્નનો સ્વીકાર કરશો તો તે જ તમારા વધનું કારણ બનશે. क्रुसी तो ही परिव्बांजो भिघ्यो आकिरते रज्जं" જેની પ્રવ્રજ્યા પ્રમત છે તે અધિક દોષોનો સંગ્રહ કરે છે. શિક્ષાસમુચ્ચય નામના ગ્રંથમાં કહેલ છે કેઃ–એક વખત ભગવાને ભિક્ષુઓને ઉપદેશ આપેલ હતો. તે પરિષદમાં ૨૦૦ ભિક્ષુઓ બેઠેલા હતા ને ભગવાનનો ઉપદેશ સાંભળીને તે પશ્ચાત્તાપથી રડી ઊઠયા અને તેમણે ભગવાનને વચન આપ્યું કેઃ– "ભગવાન! અમો જે ખોરાક ખાઇએ છીએ તેને યોગ્ય બનીશુ, શ્રદ્ધાથી જે અમને અપાય છે તે પિંડ પાતને અમો ત્યાંસુધી નહિ અડીએ જયાંસુધી અમે અપ્રમત્ત નહિ, બનીએ". ભગવાને તેમને અભિનંદન આપતાં કહ્યું કે "ભિક્ષુઓ! હું બે જાતના ભિક્ષુઓને શ્રધ્ધા વડે દેવાતા પિંડના અધિકારી માનું છું: એક તો યુકત અર્થાત યોગી અને બીજા જે મુકત છે."

ભગવાન બુદ્ધનાં આ વચનો યાદ કરવાથી જ આ વાદ મટી શકશે. 'થેરી ગાથા' નામક બૌદ્ધ ભિક્ષુણીઓના ગાથાસંગ્રહમાં ભદ્રા કુંડલકેશા નામક એક જૈન સાધ્વીનું વર્ણન આવે છે. તેમણે જૈન સાધ્વી બનીને દેશ-વિદેશમાં ધર્મ પ્રચાર કર્યો. તેમણે કઇ રીતે સમાધાન અનુભવ્યું તે તેમની જ ગાથા દ્વારા જાણવા યોગ્ય છે.

"चिण्णा अंग च मगधा वज्जी काशी च कोसला ।

अनणा पण्णासर्वस्सानि, रट्ठं पिंडं अमुञ्जिअहं ॥

(પચાસ વર્ષ સુધી મે અંગ, મગધ, વજ્જી, કાશી અને કોશલમાં ધર્મવિહાર કર્યો અને અનૃણ રહીને (ઋણરહિત થઇને) મેં રાષ્ટ્રપિણ્ડનો ઉપભોગ કર્યો.)

ભદ્રા કુણ્ડલકેશાના આ શબ્દો આજે પણ આપણાં ત્યાગી ગણોને માટે ધ્યેયવાકય (આદર્શ વાકય) બની જાય તો (અને સમાજ આવા હજારો યતિઓના ધર્મજીવનને નિભાવે છે) તો તેનાં જેવું બીજું કયું અહોભાગ્ય હોઇ શકે? **પદ્મનાભ જૈની**

## શ્રી લક્ષ્મીચંદજી જૈન અને સમાજની ખેલદિલી

આજથી ચાર વર્ષ પહેલાં મધ્ય ભારતના એક રચનાત્મક કાર્યકર્તા બંધુશ્રી લક્ષ્મીચંદજી જૈને એ પ્રદેશના એવા જ એક કાર્યકર્તા મુસ્લિમ ગૃહસ્થની પુત્રી બહેન કાંતિમા સાથે લગ્ન કરેલું. એ લગ્નને બન્ને પક્ષના પંડિતજનોની હાર્દિક સંમતિ હતી અને વિનોબાજીએ તે લગ્નને પોતાના આશીર્વાદથી આવકાર્યાં હતાં. આમ છતાં જે જૈન સમાજ વચ્ચે તેમને રહેવાનું હતું તે જૈન સમાજ માત્ર શ્રી લક્ષ્મીચંદજી જૈનને જ નહિ પણ તેમના કુટુંબ પ્રત્યે પણ અલગપણાના ભાવથી જોતો તેમજ વર્તતો હતો.

તાજેતરમાં સેંધવ (મધ્યભારત)થી તેઓ જણાવે છે કે "શ્રીમતી કાંતિમા સાથે મારાં લગ્ન થયા બાદ અમારૂં કુટુંબ સાધારણ રીતે સામાજિક ઉત્સવો અને પર્વો અવસર ઉપર બાકાત કે ઉપેક્ષિતજ રહેતું. અલબત્ત કેટલીક નજીકની વ્યકિતઓ આત્મીય ભાવે કંઇક સંબંધ રાખતી. કોઇક વળી સંકોચથી સંબંધિત રહેતી તો ઘણી વ્યકિતઓ તિરસ્કારભાવે જ જોતી. પણ મુનિશ્રી સૌભાગ્યમલજી મહારાજ અહિં ૧૨, ૧૩ દિવસ રહ્યા તે દરમિયાન તેમના પ્રભાવે અને પ્રેરણાએ અહિંનાં સમસ્ત જૈન સ્ત્રી-પુરૂષોની એક સભા થઇ અને તે સભામાં દિલપૂર્વકની ખુલ્લી ચર્ચાઓ પછી હવે અમારા કુટુંબ સાથે આ નિમિત્તે કોઈપણ જાતનો ભેદભાવ ન રાખવાનો અને પૂર્વવત્ સર્વ સંબંધો સ્થાપિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો અને આના પ્રતીકરૂપે સામુહિક ભોજનનું નક્કી થયું. હૃદયપરિવર્તનની અથવા વિચારક્રન્તિની દૃષ્ટિએ આ ઘટના ખાસ મહત્વ ધરાવે છે. ચાર વર્ષની સાધના-સહિષ્ણુતાની આ ફુલશ્રુતિ હું માનું છું. સામાજિક બુનિયાદી તબદિલીના રાજમાર્ગમાં ચાર વર્ષની શી વિસાત છે? પરંતુ આપ બધાઓનાં સહયોગ, સહાનુભૂતિ અને સ્નેહ દૂરનું સાધ્ય પ્રાપ્ત કરવામાં સહાયક થશે જ એવી શ્રદ્ધા મારા મનમાં રહેલી છે."

આ પત્ર લખનાર ભાઇશ્રી લક્ષ્મીચંદજી થોડા દિવસ પહેલાં મુંબઇ ખાતે મળ્યા હતા. તેમનાથી જાણ્યું કે તેમના નાના ભાઇનો વિવાહસંબંધ પણ ઉપર જણાવેલી ઘટનાની થોડા સમય પૂર્વે એક જૈન કુટુંબ સાથે થઈ શકયો છે. આવી રીતે એક મુસ્લિમ કન્યા સાથે લગ્ન કરનાર ભાઇશ્રી લક્ષ્મીચંદજીના નાના ભાઇનો જૈન કુટુંબ સાથે લગ્નસંબંધ યોજાય અને ભાઈ લક્ષ્મીચંદજી અને તેમનાં પત્નીને સામુહિક ભોજન દ્વારા જૈન સમાજ સમયાન્તરે અપનાવી લે, એ બન્ને સમાચાર જૈન સમાજની દૃષ્ટિએ ભારે આવકારપાત્ર છે, અને જૈન સમાજના દિલમાં રહેલી સ્વાભાવિક ઉદારતા-ખેલદિલીના ઘોતક છે. અનુભવથી માલૂમ પડે છે કે જૂનવાણી માનસનું જૈન સમાજ ઉપર અન્ય સમાજોની અપેક્ષાએ બહુ જ ઓછું પ્રભુત્વ છે. સ્થિતિસયોગ અનુસાર પોતાનાં વલણો તે બહુ વિલંબ વિના બદલી શકે છે અને યોગ્ય દોરવણી નીચે કાળના વહેણને અનુરૂપ પગલાં ભરવાની તાકાત ધરાવે છે.

**પરમાનંદ.**

## માથેરાન-પર્યટન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો માટે આગામી એપ્રિલ માસની તારીખ ૨, ૩, ૪, (શુક્ર, શનિ, રવિ) એમ ત્રણ દિવસનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં સંઘના સભ્યો પોતાના કુટુંબ સાથે જોડાઇ શકે છે. વ્યકિત દીઠ મુંબઈથી માથેરાન જવા આવવાની ટીકીટના રૂ. ૭ તથા રીગલ હોટેલમાં આ પર્યટન માટે ખાસ ઘટાડેલા દર મુજબ વ્યકિત દીઠ ત્રણ દિવસના રૂ. ૧૫) આ રીતે કુલ રૂ. ૨૨) પર્યટનમાં જોડાનાર ભાઈ યા બહેને તા. ૨૨-૩-૫૪ સોમવાર સાંજ સુધીમાં સંઘના કાર્યાલયમાં ભરી જવા પડશે. ૩ વર્ષ ઉપરની અને ૧૦ વર્ષની નીચેની ઉમરના બાળક માટે વ્યકિત દીઠ રૂ. ૧૧) ભરવા પડશે. પર્યટનમાં જોડાનાર મંડળીની સંખ્યા નકકી થયે રેલ્વે કન્સેશન મેળવવા પ્રયત્ન કરવામાં આવશે અને એ રીતે જો કન્સેશન મળશે તો તેટલું કન્સેશન પાછું આપવામાં આવશે. સંઘના સર્વ સભ્યોને આ પર્યટનનો લાભ લેવા આગ્રહપૂર્વક વિનંતી છે.

**તા. ક:** જે સભ્યની ઇચ્છા શની અને રવિવાર–બે દિવસ પર્યટનમાં જોડાવાની હોય તેણે વ્યકિત દીઠ રૂ. ૧૦ ભરી જવા અને રેલ્વે ટીકીટ તેણે પોતાની લઇ લેવાની.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**
મુંબઈ ૩ તા. ૧૧-૩-૫૪

# આપણો ક્રાન્તિનો વારસો

(પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઉપર જણાવેલા વિષય ઉપર આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)

આ વાત સૌને અનુભવસિધ્ધ છે કે માનવની વૃત્તિઓના વધારે ટકા પ્રવાહો અનુસ્રોતગામી એટલે ચીલે ચીલે ચાલનારા હોય છે, ત્યારે કેટલાક પ્રવાહો પ્રતિસ્રોતગામી એટલે સામે પૂરે ચાલનારા હોય છે. બરાબર ધ્યાનપૂર્વક જોઇશું તો સ્પષ્ટ જણાશે કે જે પ્રવાહો અનુસ્રોતગામી દેખાય છે, તે પણ એક કાળે પ્રતિસ્રોતગામી જ હતા. અનુકૂળતાને જ સુખ સમજી જીવન વ્યપન કરનારા માનવની વૃત્તિનો પ્રતિસ્રોતગામી પ્રવાહ પણ અનુસ્રોતગામી બની જાય છે. સાધારણથી સામે પૂરે તરાય પણ કેટલુંક ? હજુ ગઇ કાલની જ વાત છે કે આપણી રાષ્ટ્રીય મહાસભાએ પૂજ્ય ગાંધીજીની સરદારી નીચે એક વખત પોતાનો ચાલુ ચીલો છોડી દઇ સામે પૂરે ઝંપલાવ્યું હતું. તે જ સંસ્થા આજે અનુસ્રોતગામી બની ગઇ છે.

તમામ પ્રાણીઓમાં માનવપ્રાણી શ્રેષ્ઠ છે એ ખરૂં, પણ જ્યારે તે પોતાની એકાંગી અનુકૂળતાને જ શોધવા પાછળ પડે છે. ત્યારે તે શ્રેષ્ઠ પ્રાણી એવું કનિષ્ઠ બની જાય છે કે તેનો બીજો જોટો મળવો કઠણ પડે છે. આપણું સમગ્ર જીવન જ ક્રાંતિમય છે. બાળક ચાલવાનું શીખે છે ત્યારથી જ શું તે ક્રાંતિને નથી અનુસરતું ? ગતિ કહો, ક્રાંતિ કહો, ઉત્થાન કહો, કે પ્રતિસ્રોતગામી વૃત્તિ કહો, એ બધુંય એકજ છે.

વર્તમાનમાં આપણે મોટે ભાગે અનુસ્રોતગામી છીએ, પરંતુ આપણા મૂળ પુરૂષ તીર્થંકર ગુરૂઓએ તો પોતાના જીવનદ્વારા આપણુંને ક્રાંતિનો જ વારસો આપેલ છે. એ વારસાને આ દિવસોમાં આપણે નિયમિત સાંભળીએ તો છીએ, પણ કેમ જાણે તે આપણુંને તદ્દન સદી ગયું હોય એમ ક્રાંતિનુ પારાયણ સાંભળવા છતાં આપણું રૂંવાડુંયે ફરકતું નથી. ધર્મની પ્રવૃત્તિ જ એક ક્રાંતિરૂપ છે. ધર્મ શબ્દના બીજા ગમે તે અર્થ થતા હોય, પણ અહિં તે શબ્દને સામાજિક કર્તવ્યનિષ્ઠાના અર્થમાં યોજેલ છે.

ઇતિહાસ જ્યાં સુધી હજુ પહોંચી શકયો નથી એ મહામાનવ ભગવાન ઋષભદેવજીના સમયની લોકસ્થિતિને યાદ કરીએ તો ઉત્કૃષ્ટ ત્યાગના પ્રથમ પુરસ્કર્તા એ આદિનાથની વાણીમાં અને પ્રવૃત્તિમાં અસાધારણ ક્રાંતિ હતી.

વર્તમાનમાં એ આદિનાથના ચુસ્ત અનુયાયી મનાતા આપણા સમાજમાં એવો એક પણ પુરૂષ છે, જે એમ સ્પષ્ટ કહેવાની હિંમત કરતો હોય કે 'ખેતી કરો, રસોઇ આમ બનાવી શકાય, કંદમૂળને આમ પકાવી શકાય, નિભાડામાં માટીનાં વાસણને આમ પકવી શકાય, આમ કાંતી શકાય, અને આમ કપડું વણી શકાય !' આવી પ્રવૃત્તિઓનો ઉપદેશ એમણે આપ્યો એ ક્રાંતિ જ હતીને ? ગાંધીજી જે પ્રવૃત્તિ કરી ગયા, અને વિનોબાજી જે પ્રવૃત્તિનો ભાર આવે ભાંગેલે શરીરે વહી રહ્યા છે તે એ જ ભગવાને વહેતી મૂકેલી પ્રવૃત્તિ છે. દેશકાળભેદે અને પર્યાય દૃષ્ટિએ તેમાં અંતર દેખાતું હશે, પણ દ્રવ્યાર્થિક દ્રષ્ટિએ કશું જ અંતર નથી. અથવા શ્રી. આદિનાથના સમયે ભૂમિ સૌ કોઇની હતી, પણ લોકોને ખેડતાં, પકવતાં, કે બીજી જીવનધોરણની પ્રવૃત્તિઓ કરતાં આવડતું નહોતું. અત્યારે વર્તમાનમાં ભૂમિ છિનવાઈ ગઈ છે એથી કરોડો બંધુઓ ભૂમિહીન બની ગયા છે. તેમને થોડી થોડી જમીન આપી શકાય, અને તે દ્વારા તેઓ જીવન ધારણ કરવા જેટલા સશકત બને એ જ ફરક છે. વસ્તુસ્થિતિ આમ છે છતાંય એ આદિનાથને પૂજનારા, અને એમના નામના જયનાદો પોકારનારા આપણે એ મહામાનવે ચિંધેલો માર્ગ તદન ભૂલી ગયા છીએ. ખરૂ જોતાં તો વિનોબાજીની પ્રવૃત્તિનો ભાર આપણે શ્રી આદિનાથના અનુયાયીઓએ વહેવો જોઇએ, અને એમની માગણી પૂરી કરી દેવા તનતોડ પ્રયત્ન કરી આપણી આદિનાથ પ્રત્યેની ભકિત સાબીત કરી આપવી જોઇએ જૈન ધર્મના સાચા પ્રભાવની અને અહિંસાધર્મના ખરા પ્રચારની આ તક છે. ગાંધીજીના સમયે પણ આવી તક આપણુને મળી હતી. પણ આપણા સમગ્ર જૈન સંઘે તે તરફ દુર્લક્ષ કર્યું, અને જૈનધર્મની પ્રભાવનાને બદલે અવહેલના થાય તેવું કર્યું એ જગજાહેર છે. તેમ છતાં એ અવહેલના ધોઇ નાખવાનો આ અવસર આપોઆપ પ્રાપ્ત થયો છે. શું હજુ પણ આપણે નહીં જાગીએ ?

આ તો વચમાં બીજી વાત થઇ, પણ આપણે એટલું તો સમજી શકીએ કે ભગવાન ઋષભદેવનું લક્ષ્ય વ્યકિતગત અનુકૂળતાનું હોત તો તેઓ પોતાનું જીવન જરૂર સુખચેનપૂર્વક વીતાવી શકત. પણ એમના ચિત્તમાં તો સક્રિય અહિંસાનો પ્રવાહ ઉછળતો હતો. સામાજિક કર્તવ્યનિષ્ઠા એમને રોમે રોમે ભરેલી હતી. એમણે જોયું કે પોતાના સમયનો સમાજ ખેતી કર્યા વિના કે રસોઇ પકવ્યા વિના જીવી શકવાનો નથી. માટે જ એમને " मित्ति मे सव्व भूएसु " (તમામ ભૂતોમાં મારી મૈત્રી છે) ની દ્રષ્ટિએ પ્રતિસ્રોતગામી બનવું પડયું. તેઓ આ બરાબર જાણતા હતા કે માણસને આજીવિકાની પૂરતી સામગ્રી વિના, ધર્મની કે સદાચરણની વાત કહેવી એ નાંખી દીધા જેવું છે. સંયમી જીવન ગાળનારને પણ ખાવાની પહેરવાની અને ગમે તે જાતના પણ ઘરનો આશરો લેવાની જરૂર રહે જ છે. માટે જ એમણે ખાવા પીવા પહેરવા વગેરેની પ્રવૃત્તિઓને ધર્માચરણની અંગભૂત ગણાવી. પણ સાથે સાથે વારંવાર જનતાનું ધ્યાન પણ ખેંચ્યું કે જો જો ! એ તમામ પ્રવૃત્તિઓ જરૂર પૂરતી જ હોવી જોઇએ. અતિરેક થયો કે બીજાની આજીવિકા છિનવાઇ જવાની. સમાજજીવનનો નાશ થવાનો. એમણે સાફ સાફ કહેલું છે કે " जयं चरे, जयं चिट्ठे, जयं आसे, जयं सए, जयं भुजंतो भासंतो पावं कम्मं न बंधई " સંયમપૂર્વક ચાલો, સંયમપૂર્વક રહો, સંયમપૂર્વક બેસો, સંયમપૂર્વક સૂઓ, સંયમપૂર્વક જમતો અને બોલતો માણસ પાપકર્મનું બંધન નથી કરતો." (દશવૈકાલિકસૂત્ર, અધ્યયન ૪) એમણે કરેલી આ વાત માનવ માત્રને લાગુ પડે છે. માનવજીવનના ધારણ પોષણનાં સાધનો સુલભ હોવા જ જોઇએ. નહિં તો સમાજજીવનનો નાશ થવાનો. અને સમાજજીવનનો નાશ અને ધર્મના પાયાનો નાશ એમાં કશું જ અંતર નથી.

ઉપર કહેલી વાત બહુજ પ્રાચીન કાળની થઇ. તે પછી આપણે ભગવાન નેમિનાથની પ્રવૃત્તિ જોઇએ. તેઓ યાદવવંશના રાજપુત્ર હતા. તેમના સમયમાં ક્ષત્રિયો વગેરે ઉત્તમવર્ગના લોકો પ્રાણીવધને વર્જ્ય નહીં માનતા. ખાસ ઉત્સવના સમયે કે વિવાહ સમારંભમાં ચાહીને પ્રાણીવધ કરતા, મદ્ય પીતા અને બીજા પણ અનેક અનિષ્ટ ચાળાઓ કરતા. ભગવાનને એ અનિષ્ટ ભારે સાલતું. જ્યારે પોતે પરણવા સારૂ નીકળ્યા ત્યારે માર્ગમાં ઘણાં પશુ પક્ષીઓને પાંજરામાં પૂરાએલાં જોઇને પૃચ્છા કરી તો માલમ પડયું કે પોતાના જ વિવાહ સમારંભમાં એ પશુપક્ષીઓની કતલ થવાની છે. આ સાંભળતાં તેમનું હૃદય દ્રવી ઉઠયું. તેમનો વિરોધ પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેમણે વિવાહસમારંભને લાત મારી, ત્યાંથી જ પાછા ફરી ગયા. અને જે પ્રવૃત્તિ ભડવીર કૃષ્ણ જેવા પણ ન અટકાવી શકયા તે પ્રવૃત્તિને પોતે વિલાસી જીવનનો ત્યાગ કરી અટકાવી. આ શું નાનીસુની ક્રાંતિ કહેવાય ?

હવે ભગવાન પાર્શ્વનાથનું જીવન જોઇએ. તેઓ કાશીરાજ અશ્વસેનના પુત્ર હતા. આ સમયમાં આખાય મગધ અને બિહારમાં જડ ક્રિયાકાંડોની ધૂમ મચેલી હતી. ધર્મને નામે હિંસા, અસત્ય, અને અસદાચાર વ્યાપેલા હતા. ધર્મને નામે શરીરકષ્ટ ભોગવનારા-

એનો મહિમા વધી ગયો હતો. ભાલા જેવા લોઢાના સળીઆ ઉપર બેસી કે સુઇ રહેવું, એક જ પગે ઉભા રહેવું, હાથને ઉંચા જ ધરી રાખવા, મોઢું લાકડાની પટ્ટીથી બાંધી રાખવું, ચારે બાજુ અગ્નિ સળગાવી વચ્ચે બેસી રહેવું. શંખ ફુંકયા કરવો, દિશાઓમાં અભિષેક જ કર્યા કરવો, વગેરે વિવિધ જડક્રિયાકાંડો અને કાયકષ્ટો ધર્મને નામે બ્રાહ્મણ અને ક્ષત્રિયોમાં ફેલાયેલા હતા. સાધારણ લોકો એવા અસહ્ય કષ્ટો જોઇને એમને નમી પડતા અને થોકબંધ તેમના અનુયાયી બની જતા. બ્રાહ્મણ પરિવ્રાજકો અને ક્ષત્રિય પરિવ્રાજકોનું મોટા મોટા શાહુકારો અને મહારાજાઓ સુદ્ધામાં વિશેષ સ્થાન હતું. કમઠ તાપસની કથા આ વાતને પૂરો ટેકો આપે છે. જ્યારે પાર્શ્વકુમાર કમઠને નર્યા કાયકષ્ટની વિફળતા સમજાવે છે, ત્યારે તે ચોકખું સંભળાવી દે છે કે રાજાઓનો ધર્મના ક્ષેત્રમાં કશો અધિકાર નથી. તેઓ તો શિકાર ખેલી જાણે. પરંપરાપ્રાપ્ત આ થોડો સંવાદ પણ એમ બતાવે છે કે તાપસોનું કેટલું પ્રબલપણું હતું. કોઈની હિંમત નહોતી કે તાપસોની ચર્યા વિષે ચર્ચા કરી શકે. તેવે સમયે પાર્શ્વકુમારે વાસ્તવિક ધર્મનું સ્વરૂપ સમજાવવા પ્રયત્ન કર્યો. ખુદ પોતે એવું નિર્મળ તપસ્વી જીવન જીવી બતાવી નવો આદર્શ ઉભો કર્યો. એ ક્રાંતિ નહીં તો બીજું શું?

આ પછી આપણે શ્રમણ ભગવાન મહાવીરનું જીવન જોઇએ. એમને વારસામાં પાર્શ્વનાથની પરંપરા મળેલી. એ પ્રતિસ્રોતગામી પરંપરા મહાવીરના સમયમાં અનુસ્રોતગામી બની ગયેલી. આગમોમાં શ્રી પાર્શ્વનાથની પરંપરા અને મહાવીરની પરંપરા વિષે જે છૂટી છવાઇ હકીકત મળે છે તે ઉપરથી આમ કહી શકાય. પાર્શ્વનાથની પરંપરાના સાધકોમાં ખુબ શૈથિલ્ય પેસી ગયેલું. શરીરને ઢાંકવા પુરતા જુના કપડામાંથી બનાવેલા સાદા કપડાં પહેરવાને બદલે ઘણા ખરા સાધકો કેમ જાણે વસ્ત્રો પહેરવાનો શોખ લાગ્યો હોય તેમ સુંદર નવાં રંગેલાં વસ્ત્રો વાપરવા લાગ્યા એ એક વાત. નિર્દોષ આહાર તથા રહેઠાણ વગેરે મેળવવા માટે બેદરકાર બનવા લાગ્યા, સ્વાદેન્દ્રિયને વશ બની સંયમની સાધનાને દૂષિત કરવા લાગ્યા એ બીજી શિથિલતા. સાધકો સંયમના નિભાવ માટે જ ભોજન લઈ શકે, તેમાંયે રાજપિંડ (રાજાના ઘરનું ભોજન વસ્ત્ર પાત્ર વગેરે). તો લઇ જ ન શકે. આ પરંપરાનિયમને અવગણીને રાજપિંડ લેવા લાગ્યા એ ત્રીજી વાત. ચોથી વાત સાધકોમાં આન્તર્નિરીક્ષણવૃત્તિ હોવીજ જોઇએ, એટલે સવાર સાંજ બે વખત દોષોનું અવલોકન કરતાં રહેવું જોઇએ. આ સર્વસાધારણ રીત તરફ તેઓ ઢીલા બની ગયા અને જ્યારે દોષ જેવું જણાય ત્યારે જ અંતર્નિરીક્ષણની વાત કરવા લાગ્યા. પાંચમી વાત—સશકત સાધકો એક જ સ્થળે સ્થિરવાસ કરીને વધારેમાં વધારે એક માસ રહી શકે. બાકી તો ગામેગામ ફરીને પોતાની સાધનાના વિકાસ સાથે જનતાને પણ શુદ્ધ માર્ગનું દર્શન કરાવવું. ચોમાસાના ચાર મહિના એક સ્થળે સ્થિર રહી શકે. આ મૂળ નિયમને તેમણે ઢીલો કરી નાંખ્યો. વરસોના વરસો સુધી તેઓ એક જ સ્થળે રહેવા લાગ્યા. આ વસ્તુ નિશ્ચયપૂર્વક સંયમમાર્ગ ઉપરથી ચ્યુત કરાવનારી છે. છઠ્ઠી વાત પાર્શ્વનાથની પરંપરામાં અહિંસા, સત્ય, અચૌર્ય અને બહિર્દ્ધાદાન એમ ચાર વ્રતો હતા. આ ચોથા વ્રતમાં સ્ત્રીનો પણ ત્યાગ આવી જાય છે એમ મનાતું. બ્રહ્મચર્યનો ખાસ જુદો નિયમ ગણવાની જરૂર નહોતી જણાઇ. પણ તેમાંના કેટલાક વિપરીત અર્થ ઘટાવવા લાગ્યા. અસદાચારને રસ્તે ચઢી જવા છતાં પોતાને અપરીગ્રહી મનાવવા લાગ્યા. સૂત્રકૃતાંગ નામના બીજા અંગના ત્રીજા અધ્યયનના ચોથા ઉદ્દેશકમાં આ બાબત ખાસ નોંધવામાં આવી છે. તેમાં કહેલું છે કે 'સ્ત્રીને વશ પડેલા, અજ્ઞાની અને જૈન શાસનથી પરાઙમુખ થયેલા કેટલાક અનાર્યો પાસત્થાઓ એ પ્રમાણે જણાવે છે કે, જેમ કોઇ મોઢું ગુમડું કે ફોડકો થયો હોય તેને દબાવીને પરૂ કાઢી નાંખવાથી જેમ તે ગુમડાવાળો થોડો સુખી થાય છે તેમ વિનંતી કરનારી સ્ત્રીઓ સાથે સંબંધ રાખવામાં શો દોષ છે? જેમ કોઇ ઘેટું તળાવના પાણીને ડોળ્યા વિના ધીમે ધીમે પીએ છે તથા જેમ પિંગ નામનું પંખી આકાશમાં ઉડતાં ઉડતાં જ પાણી પી લે છે તેમાં પેલું ઘેટું કે પંખી કોઇને લેશ પણ અડચણ કરતા નથી તેવી રીતે સહવાસ માટે વિનંતી કરતી સ્ત્રી સાથે સહવાસ કરવામાં શો દોષ છે? જેમ પૂતના ડાકણ બાળકોમાં લુબ્ધ હોય છે તેમ કામભોગોમાં લુબ્ધ એવા કેટલાક અનાર્યો પાસત્થાઓ એ પ્રમાણે કહે છે"

આ ગાથાઓમાં "પાસત્થાઓ" શબ્દનું સંસ્કૃત રૂપાંતર ટીકાકારો "पार्श्वस्था" આપેલું છે. આનો ઐતિહાસિક અર્થ પાર્શ્વનાથની પરંપરામાં રહેનારા એવો થાય છે. જો કે ટીકાકારે આવો સ્પષ્ટ અર્થ નથી આપ્યો, પણ पार्श्वे तिष्ठन्ति इति पार्श्वस्थाः स्वयूथ्या वा पार्श्वस्थ – अवसन्न – कुशीलादयः स्त्री परिषहपराजिताः આપેલો છે स्वयूथ्याः એટલે પોતાના જૂથના એટલે પાર્શ્વનાથની પરંપરાના આવો અર્થ લઇએ તો કશો વિસંવાદ ઉભો થતો નથી, કેમકે ટીકાકારે સ્વયૂથ્યા એટલે "પોતાના જુથના" એવો અર્થ આપેલો જ છે. આમ પાસત્થાઓ—અવસન્ન—કુશીલ આદિ સાધકો એમ માનવા લાગેલા કે જે સ્ત્રીઓ સહવાસ માટે વિનંતિ કરતી હોય તેમનો સહવાસ રાખવામાં શો દોષ છે? આમાં અપરિગ્રહવ્રતનો ભંગ થતો નથી, કેમકે એમ કરવામાં કશો પરિગ્રહ રાખવો પડતો નથી, તેમ નથી કોઇ બીજી ઉપાધિ રહેતી. સામાને સુખ થાય છે, આપણને શાંતિ મળે છે તો પછી આવા નિર્દોષ વિહારમાં કેમ દોષ હોઈ શકે? આ પ્રમાણે બ્રહ્મચર્ય બાબતની આ શિથિલતા વધારે ભયંકર અને સમાજના વ્યવસ્થિત આચારનો નાશ કરનારી હતી. આમ તો સંસારમાં અનાચાર ચાલ્યા જ કરે છે, પણ જ્યારે કોઇ પ્રતિષ્ઠા પામેલી સંસ્થા તરફથી એ અનાચારને નિર્દોષ ઠરાવવામાં આવે ત્યારે કોઇ પણ સદાચારી વિચારક તેનો વિરોધ કર્યા વિના રહી ન શકે.

ભગવાન મહાવીરની સામે પાર્શ્વનાથની પરંપરામાં પેસી ગયેલી આ બધી શિથિલતાઓનો માત્ર એકજ કોયડો નહોતો. તેમની સામે જડ ક્રિયાકાંડો, ગુલામી પ્રથા, ક્ષત્રિયોની સ્વચ્છંદતા, ઉંચ—નીચના વગેરે આખા માનવકુલને સ્પર્શતા અનેક પ્રશ્નો હતા. આ પ્રશ્નો વિષે પણ થોડું વિચારી લઈએ.

આપણા આર્ય દેશમાં વેદો એ પ્રાચીનમાં પ્રાચીન પુસ્તક છે. જૈન આગમોમાં પણ ઘણે સ્થળે તેનો ઉલ્લેખ આવે છે. વેદનું બીજું નામ શ્રુતિ છે. જે વિદ્યા કર્ણપરંપરાથી ચાલી આવતી હોય તેને શ્રુતિ નામ બરાબર બંધ બેસે છે. આપણે પણ આપણા પ્રાચીન શાસ્ત્રો માટે 'શ્રુત' શબ્દ જ વાપરતા આવ્યા છીએ. વેદોમાં કોઇ પરોક્ષ શકિતને કલ્પીને તેને પ્રસન્ન કરવા વિવિધ પ્રકારના યજ્ઞોનું વર્ણન આવે છે. એ યજ્ઞોમાં વેદમંત્રોના ઉચ્ચારણ સાથે ગાય, ઘોડા, પુરૂષ, અને બીજી બધી વસ્તુઓનો યજ્ઞની વેદીમાં હોમ કરવામાં આવતો અને એ હોમ ધર્મ્ય છે—કલ્યાણકર છે—એમ માનવામાં આવતું. આ જાતની ધર્મ્ય હિંસા સમસ્ત મગધ, બિહાર અને બંગાળમાં ફેલાએલી હતી. એ હિંસાનું નામ આલંભ કે આલંભન છે. ભગવાન મહાવીરે હિંસા માટે 'આરંભ' શબ્દનો ઉપયોગ કર્યો છે. મને લાગે છે કે વેદોકત આલંભ અને આ આરંભ બન્ને એકસરખા શબ્દો છે. ભગવાને પોતાના પ્રવચનમાં આરંભ ન કરવાનું વારંવાર જણાવેલું છે. આચારાંગસૂત્રની શરૂઆતમાં જ પૃથ્વીનો આલંભ, પાણીનો આલંભ, અગ્નિનો આલંભ અને બીજા જીવતા પ્રાણીઓનો આલંભ ન કરવાનું વારંવાર જણાવેલું છે.

તે તે સૂત્રોની વ્યાખ્યામાં વ્યાખ્યાકારોએ પૃથ્વીના આલંભ વગેરેને લગતા વેદમંત્રો બતાવવા સાથે તેમનો પ્રતિવાદ કર્યો છે એથી પણ સ્પષ્ટ થાય છે કે એ સૂત્રોનો વિશેષ ઝોક વૈદિક આલંભ સામે છે. સૂત્રકૃતાંગ સૂત્રના આઠમા વીર્ય અધ્યયનની ચોથી ગાથામાં તો સાફ શબ્દોમાં કહ્યું છે કે "કેટલાક લોકો પ્રાણીઓના નાશ માટે શસ્ત્રને લગતાં શાસ્ત્રનો એટલે ધનુર્વેદનો અભ્યાસ કરે છે. અને કેટલાક લોકો પ્રાણોનો–ભૂતોનો–નાશ કરનારા મંત્રો ભણે છે." આ મંત્રો તેજ વેદની રચાઓ. વેદોનો ગંભીર અભ્યાસ કરનારા વર્તમાન વિદ્વાનો તે કાળે પ્રવર્તતી ધર્મ્ય હિંસાનો સ્પષ્ટ સ્વીકાર પણ કરે છે. આર્યસમાજના મુખ્ય સ્થાપક સ્વામી દયાનંદે પોતાની વેદ-ભાષામાં એ મંત્રનો અર્થ બદલવા પ્રયાસ કરેલ છે તેજ વાત આ ધર્મ્ય હિંસાના વૈદિક સમર્થન પૂરતી છે. ગીતાજીમાં બીજા અધ્યાયનાં શ્લોક ૪૨ થી ૪૫ માં શ્રી કૃષ્ણ ભગવાને પોતે વેદો તરફ ઉપેક્ષા કરવાનું અર્જુનને ખાસ સૂચવેલું છે. તેઓ કહે છે કે "હે અર્જુન! માત્ર વેદોના વાદમાં આનંદ લેનારા, બીજું કશું છે જ નહીં તેમ કહેનારા, કામનાવાળા, અને સ્વર્ગને જ અંતિમ લક્ષ્ય માનનારા મૂર્ખ લોકો જન્મ અને કર્મના ફળને આપનારા, ઘણા પ્રકારની ક્રિયાઓવાળા, ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિને ઉદ્દેશીને ઉપરથી મીઠાં લાગતાં જે વચનો કહે છે, તેનાથી જેઓના ચિત્ત ડહોઇ ગયા છે એવા વિષયાસક્ત લોકોને હૃદયમાં સમાધિપ્રાપક નિશ્ચયાત્મક બુદ્ધિ ઉપજતી નથી. હે અર્જુન! વેદોમાં સત્વ, રજ, અને તમ, એ ત્રણ ગુણોનું વર્ણન છે. તું એ ત્રણે ગુણોથી પર, સુખદુ:ખના દ્વન્દ્વ વિનાનો, નિરંતર ચિત્તશુદ્ધિને પામેલો અને આત્મનિષ્ઠ થા."

આ વાત પણ વેદોમાં વિધાન કરેલી હિંસાપ્રધાન કામ્ય પ્રવૃત્તિઓને સ્પષ્ટપણે સૂચવે છે. ભગવાન મહાવીરે આ ધર્મ્ય મનાતો આલંભ-હિંસાનો વિરોધ કરવાનું કામ આરંભ્યું. ગણધરવાદ નામના કહેવાતા વાદમાં શ્રી મહાવીરે તે કાળના અગ્રણી પુરોહિતોને વેદોના અર્થને પોતાની રીતે સમજાવવાની પ્રવૃત્તિ કરેલી એ વાત પ્રસિધ્ધ જ છે. જે કાળમાં લોકો વેદને ભગવાન માનતા તે કાળે જ વેદનું પ્રામાણ્ય ન સ્વીકારી તેમાં બતાવેલા હિંસામય વિધાનોનો વિરોધ કરવો એ શું સાધારણ ક્રાંતિ છે? આ ઉપરાંત એમણે જડ ક્રિયાકાંડોનો પણ સબળ વિરોધ કરેલો. ભગવાન પાર્શ્વનાથના સમયમાં હતું તેમ અજ્ઞાન કાયકષ્ટ, પુરોહિતોની અસાધારણ સત્તા, અજ્ઞાન પ્રજાની એમના ઉપર અસીમ ભક્તિ, ગમે તેટલા તેમના દુરાચારોને ચલાવી લેવા જેવી લોકોની શ્રધ્ધા–આ બધું ખુબ જ વ્યાપક બન્યું હતું. અને યજ્ઞમાં બતાવેલી હિંસાનાં વિધાનો તો વાંચ્યા જાય તેવા નથી. આમ એક તરફ હિંસાનો, મદ્યનો અને અસત્ય ભાષણનો ધર્મ્ય રીતે ધમધોકાર પ્રચાર, બીજી તરફ પુરોહિતોની અસાધારણ સત્તા, બ્રાહ્મણોની જ ઉત્તમતા, શુદ્રોની અસ્પૃશ્યતા ગુલામો ખરીદવાની પ્રથા, શાસ્ત્રોમાં લોકભાષાનો અપ્રયોગ, શાસ્ત્રભાષા જ ઉત્તમોત્તમ છે અને લોકભાષા અધમ છે એવી પુરોહિતોની માન્યતા, અને ત્રીજી તરફ 'ક્ષતાત્' ત્રાયતે નો પોતાનો ધર્મ મૂકી ગયેલા સ્વચ્છંદી અને વિલાસી ક્ષત્રિયો–આ બધી પરિસ્થિતિની સામે ભગવાન મહાવીરે પોતાની સાધનાદ્વારા ક્રાંતિ કરવાની પ્રવૃત્તિ આરંભી. પોતાના ત્યાગ, અસાધારણ સંયમ અને કઠોર જીવન દ્વારા અમર્યાદ ભોગવિલાસવાળા લોકોના જીવનમાં પલટો આણવાનો નિરધાર કર્યો. અને એ જ પ્રક્રિયાદ્વારા પોતાની ધાર્મિક પરંપરામાં પણ શુધ્ધીકરણની પ્રવૃત્તિ ઉપાડી. ઉત્તરાધ્યયન સૂત્રમાં એમણે વાસ્તવિક સ્નાન કોને કહેવાય, સાચો યજ્ઞ કેવો હોવો જોઇએ, ખરો બ્રાહ્મણ કોને કહેવો, વગેરે વિવિધ બાબતો વિષે સર્વધર્મસંમત એવી ખરી વ્યાખ્યાઓ બાંધી અને તેનો લોકોમાં પ્રચાર કરવાનું કામ આરંભ્યું. જુના વખતમાં જે ચાર વ્રતોની વ્યવસ્થા હતી તેમાં બ્રહ્મચર્ય ઉમેરી પાંચ યમોને આચરવાની ઘોષણા કરી. સંયમની સાધના માટે વસ્ત્રો વગેરે ઉપકરણો જરૂર પ્રમાણે ભલે રાખે, પણ તે રંગબેરંગી કે મોંઘાં ન જ હોવાં જોઇએ, સાદાં વસ્ત્રો જ વાપરવા એવી ઘોષણા કરી. સાથે એમ પણ જણાવ્યું કે જેમને પોતાની સાધના માટે કોઇ ઉપકરણની જરૂર નથી તેઓ મન વચન અને શરીરની પવિત્રતાની શરતે ભલે એક પણ ઉપકરણ ન રાખે. પોતે તો તદ્દન ઉપકરણ વિના જ રહેવાનું સ્વીકાર્યું. ઉગ્ર મનઃશુદ્ધિ, તપશ્ચર્યા અને ભાષાસમિતિ ઉપર જ સવિશેષ લક્ષ આપવાનું નક્કી કર્યું. ઉપર રહેલો કોઈ ઇશ્વર કે દેવ આપણને સુખી કરવા કે ઉદ્ધાર કરવા આવતો નથી. આપણાં સુખદુઃખ આપણી પોતાની પ્રવૃત્તિઓ અને આપણા સંસ્કારો ઉપર નિર્ભર છે. માટે સુખ મેળવવા માટે કે અભ્યુદય સાધવા માટે માણસે પોતાની પ્રવૃત્તિઓ અને સંસ્કારોનું શુધ્ધીકરણ કરવું જરૂરી છે. આમ તેમણે દૈવવાદ કે ઇશ્વરવાદની સામે પુરૂષાર્થવાદ સ્વીકાર્યો. અને એને જ લક્ષ્યમાં રાખીને પરાપૂર્વથી ચાલ્યા આવતા કર્મના કાયદાનું વિવેચન કરવાનું આરંભ્યું. "ક્રિયતે તત્ કર્મ" એ જ કર્મની પ્રસિધ્ધ વ્યુત્પત્તિ છે, જો પ્રજાની કે વ્યકિતની રોજીંદી પ્રવૃત્તિઓમાં શુધ્ધિ ન આવે, તો બીજાં કોઈ જ એવાં અનુષ્ઠાનો નથી, જે દ્વારા શાંતિ પમાય કે અભ્યુદય થાય–આ બાબત ઉપર એમણે અસાધારણ ભાર મૂકયો અને પોતાના જીવનમાં આચરી બતાવ્યો. પોતાના સંઘમાં ચાંડાલ, ગુલામ, કે બીજા હલકા મનાતા વર્ણના કોઈ પણ મનુષ્યને બેધડક દાખલ કરવા લાગ્યા અને સાધનાનો કોઇપણ ઉમેદવાર તપ ત્યાગનો અધિકારી છે એમ નિરૂપણ કર્યું. આ રીતે સમાજમાં જન્મજાતિવાદ દ્વારા ઉંચનીચ ભાવની જે કલ્પના બંધાઇ હતી, તેના ઉપર સખત ફટકો માર્યો, અહિંસાની સાધનાનો બોધ આપ્યો, યજ્ઞોની ઘોર હિંસાનો વિરોધ કર્યો. અને આ સિધ્ધાંતોનો તેમણે અસાધારણ કષ્ટો વેઠીને પણ મગધ બિહાર વગેરે દેશોમાં પ્રચાર કર્યો. તમામ સત્વો–પ્રાણીઓ–સરખા છે, તમામને જીવવાની પ્રબળ ઇચ્છા છે, માટે સુખની લાલસાથી પ્રત્યક્ષ કે પરોક્ષ એક પણ પ્રાણનો ભોગ લેવો એ ઘોર પાપ છે એમ તેમણે જગજાહેર કર્યું. અહિંસા, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્ય–આ બધાનો આધાર આંતર અને બાહ્ય અપરિગ્રહ વૃત્તિ ઉપર જ છે એમ તેમણે જણાવ્યું. લોકો દિશાઓનું પૂજન કરતા. તેમને તેમણે સમજાવ્યું કે દિશા એ કોઈ દેવસત્વ નથી, ખાલી અવકાશનો ભાગ છે. તેની પૂજા કરવાથી કંઇ નહિં વળે. તમારા આત્માને ઓળખો. તમારા રોજીંદા જીવનમાં શુધ્ધિ આણો. તેમાં જ તમારો અભ્યુદય છે. ભગવાન મહાવીરને વ્યકિત કરતાં સમાજનું મૂલ્ય વધારે હતું. માટે જ તેમણે સંઘની સ્થાપના કરી. સંઘ જીવનની શુદ્ધિ ઉપર વ્યકિતગત જીવનની શુધ્ધિનો આધાર છે, તેથી તેમણે સંઘનું સવિશેષ મુલ્ય આંકી બતાવ્યું. સંઘની વ્યવસ્થાના નિયમો ઉપનિયમો ઘડયા. જો નિર્વાણને જ તેઓ મહત્વ આપતા હોત તો આ ભાંજગડમાં તેઓ ન પડત. તે સમયના સમાજમાં જે દુઃખો, યાતનાઓ વ્યાપેલી હતી તેની સામે ઝુંબેશ ઉપાડવા પોતે જાતે અનેક શારીરિક દુઃખો હોંશે હોંશે સ્વીકાર્યાં. પોતાની સામે દુઃખથી ટળવળતી પ્રજાને જોઇને કયો ક્રાંતિકારી પુરૂષ પોતાની જાતની સગવડોનો વિચાર કરે? ભગવાન મહાવીર હો કે વર્તમાન કાળના ગાંધીજી કે સ્ટેલીન હો, પણ દુનિઆમાં જેણે જેણે ક્રાંતિનો કાંટાળો માર્ગ સ્વીકાર્યો છે તેઓ તમામનાં જીવન સગવડોથી દૂર રહ્યા છે, એટલું જ નહીં પણ ઘણી અગવડો જાતે ઉભી કરીને સહન કરવાનું તેમણે નિરધાર્યું છે, જેથી પોતાની શુધ્ધિ થાય અને પ્રજા પણ સમજે, શીખે. આ પ્રકારે ભગવાન મહાવીરનું સમગ્ર જીવન તેમના સમયની સામાજિક, ધાર્મિક અને રાજ્યપ્રકરણી ક્રાંતિને પેદા કરનારૂં હતું. આ તેમનું જીવન જોઇને કેટલાય રાજપુત્રો, શેઠશાહુકારો, રાજરાણીઓ વગેરે વિલાસપ્રધાન જીવન જીવનારા લોકો ત્યાગપરાયણ, તપપરાયણ, સાદામાં સાદું જીવન જીવનારા થયા. ક્ષત્રિય સંન્યાસ ન લઈ શકે, ભિક્ષુક ન બની શકે એ જડમાન્યતાને બાજુએ મૂકી હજારો ક્ષત્રિયો ભિક્ષુક બન્યા. એ શું ઓછી ક્રાંતિ છે? તિરસ્કારપાત્ર મનાતા જેલગમનને ગાંધીજીએ ક્ષણમાત્રમાં પ્રતિષ્ઠાપાત્ર બનાવીને અસાધારણ ક્રાંતિ સરજી. ભગવાન મહાવીરે કરેલી ક્રાંતિ અને ગાંધીજીની ક્રાંતિ સરખાવવા જેવી છે. ભગવાન મહાવીરે કરેલી ક્રાંતિની અસર આજ સુધી ટકી રહી છે. તેની અસરથી જ મહાત્મા ગાંધી, શ્રી. રાયચંદ ભાઇ, સ્વામી દયાનંદ વગેરે ક્રાંતિકારક પુરૂષો આપણે ત્યાં પાકયા છે.

અપૂર્ણ

**બેચરદાસ જીવરાજ દોશી**

## સત્યં શિવં સુન્દરમ્

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી યશવન્ત દોશી સંપાદિત શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના થોડા સમયમાં પ્રગટ થનાર એ લેખ-સંગ્રહમાં નીચેના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે:


૧ ધૂતપ્રતિષ્ઠા
૨ વર્ણસંકર
૩ યદ્યપિ શુધ્ધં લોકવિરુધ્ધં
૪ સામાજિક એકતા અને વ્યકિતસ્વાતંત્ર્યની મર્યાદાઓ
૫ જૈન ધર્મમાં સ્ત્રીઓને સ્થાન
૬ દીક્ષાનો કૂટ પ્રશ્ન
૭ બાળદીક્ષા
૮ હજુ પણ અયોગ્ય દીક્ષા
૯ જૈન મંદિર અને હરિજનો
૧૦ જૈન સંપ્રદાય અને દુનિયાના અન્ય સંપ્રદાયો
૧૧ જૈનો અને હિંદુઓ
૧૨ અલગતાવાદનો ઉન્માદ
૧૩ અલગતાવાદનું માઠું પરિણામ
૧૪ જૈન ધર્મમાં હરિજનો
૧૫ દેવદ્રવ્યનો ઉપયોગ
૧૬ મહત્ત્વાકાંક્ષા
૧૭ અહિંસાની અધૂરી સમજણ
૧૮ ચરણસ્પર્શ
૧૯ નૈતિક અપકર્ષ અને ભૌતિક દુર્ઘટનાનો સંબંધ
૨૦ આશ્વિન માસ
૨૧ ઋતુરાજ શિશિર
૨૨ ઉનાળાની મધુરતા
૨૩ રૂમઝુમ કરતી વર્ષા આવી
૨૪ ગોપનાથ
૨૫ વ્યોમ વિહાર
૨૬ નાસિક અને તેનો ઉપાન્ત ભાગ
૨૭ ઉંચો ગઢ ગિરનાર
૨૮ પ્રભાસપાટણ
૨૯ મિનાક્ષીમંદિર
૩૦ ત્રિસ્તની મીનાક્ષી
૩૧ એક અજાણ્યાનું અવસાન
૩૨ સદ્‌ગત સન્મિત્ર મુનિ કપૂરવિજયજી
૩૩ મારા પિતા
૩૪ કરૂણામૂર્તિ ભાઇ વ્રજલાલ મેઘાણીનો દેહોત્સર્ગ
૩૫ સોનબાઇનું સમાધિમરણ
૩૬ ચીંચવડ અને ત્યાંનો રાજકેદી
૩૭ તુળજારામ ટોકર
૩૮ પણ આ અવસાનની નોંધ કોણ લેશે ?


આવી લેખસામગ્રીથી ભરપૂર એ ગ્રંથની કિંમત રૂ. ૩. તા. ૧-૫-૫૪ પહેલાં મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને રૂ. ૨ માં મળી શકશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦.

લખોઃ **વ્યવસ્થાપક, મુંબઇ જૈન યુવક સંઘ,**
૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

## સંઘસમાચાર

તા. ૧-૩-૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચેનાં સભ્યોની કાર્યવાહક સમિતિમાં પૂરવણી કરી છે.

**(૧) શ્રી વલ્લભદાસ ફૂલચંદ મહેતા**
**(૨) „ અંબાલાલ ચતુરભાઇ શાહ**
**(૩) „ નાગરદાસ ટી. શાહ**
**(૪) „ ચીમનલાલ જે. શાહ**

**શ્રી મ. મો. શાહ વાચનાલય-પુસ્તકાલય સમિતિ**

એ જ સભાએ નીચે મુજબની શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિની નિમણુંક કરી છે.

**૧ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ**
**૨ „ પરમાનંદ કુંવરજી કાપડિયા**
**૩ „ રતિલાલ ચીમનલાલ કોઠારી**
**૪ „ રમણિકલાલ મણિલાલ શાહ**
**૫ „ પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ**
(ટ્રસ્ટીઓ અધિકારની રૂઇએ)
**૬ „ ખીમજી માડણ ભુજપુરીઆ**
**૭ „ દીપચંદ ત્રીભોવનદાસ શાહ**
**૮ „ બચુભાઈ પી. દોશી**
**૯ „ શાંતિલાલ દેવજી નંદુ (મંત્રી)**

## સંઘના શુભેચ્છકોને અભ્યર્થના

ગયા અંકમાં પ્રગટ થયેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના વાર્ષિક વૃત્તાન્ત તથા વાર્ષિક સામાન્ય સભાના અહેવાલથી આપને માલૂમ પડયું હશે કે મુંબઇ જૈન યુવક સંઘે ૨૫ વર્ષ પૂરાં કરેલ હોવાથી આગામી ભાદરવા-આસો મહીના આસપાસ સંઘની પ્રતિભાને અનુરૂપ એવો રજત મહોત્સવ ઊજવવાનું નકકી કરવામાં આવ્યું છે. સંઘના ૨૬૪ સભ્યો ઉપરાંત સંઘના અનેક મિત્રો, પ્રશંસકો અને શુભેચ્છકો છે. સમાજની કેટલીએક અગ્રગણ્ય વ્યકિતઓ, વિચારકો તેમજ પ્રજાસેવકો 'પ્રબુધ્ધ જીવન' દ્વારા સંઘ સાથે એક યા બીજી રીતે સંકળાયેલ છે. સંઘનો રજત મહોત્સવ શી રીતે ઊજવવો તે સંબંધમાં અમને માર્ગદર્શક બને તેવાં વ્યવહારૂ સૂચનો લખી મોકલવા આ વિશાળ મિત્રવૃન્દને અમારી નમ્ર ભાવે પ્રાર્થના છે.

## હિમશિખર એવરેસ્ટનાં દર્શન

ગયા વર્ષે શ્રી નવનીતલાલ પરીખ અને અન્ય મિત્રો નેપાલ બાજુએ માઉન્ટ એવરેસ્ટની સમીપમાં આવેલ માઉંટ પ્યુમોરીની તળેટી સુધી ગયેલા. તે ગિરિપ્રવાસનું તેમણે ઉતારેલું રંગીન ચિત્રપટ તા. ૨૨-૩-૫૪ સોમવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનના ગીતામંદિરમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યોને દેખાડવામાં આવશે. સભ્યોને સહકુટુંબ આ ચિત્રપટ નિહાળવાનો લાભ લેવા વિનંતી છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

**દેખું ન કાં પૂર્ણવિરામ રાહે ?**
**ભવે ભવે અલ્પવિરામ મૂકી**
**આત્મા વધે આગળ વાકય માંહે,**
**આશ્ચર્ય-પ્રશ્નાર્થનું ચિહ્ન મૂકી**
**રહે કયાંક માત્ર;**
**દેખું ન કાં પૂર્ણવિરામ રાહે ?**

'દક્ષિણા'માંથી ઉધ્ધૃત **ગીતા**

**વિષયસૂચિ** **પૃષ્ઠ**


| | | |
|---|---|---|
| યુનાઇટેડ નેશન્સ : | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૨૦૧ |
| નિર્વૈરતા અને અન્યાય-પ્રતિકારનો સમન્વય : | વિનોબા ભાવે | ૨૦૩ |
| સામાજિક દાન ઉપર આશ્રિત સાધુસંસ્થા વિષે : | પદ્મનાભ જૈની | ૨૦૪ |
| શ્રીલક્ષ્મીચંદજી જૈન અને સમાજની ખેલદિલી : | પરમાનંદ | ૨૦૬ |
| આપણો ક્રાન્તિનો વારસો : | બેચરદાસ જીવરાજ દોશી | ૨૦૭ |
| દેખું ન કાં પૂર્ણવિરામ રાહે ? | ગીતા | ૨૧૦ |


મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

છુટક નકલ : ત્રણ આના | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર | રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૨૩

મુંબઈ : ૧ એપ્રિલ ૧૯૫૪ ગુરૂવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## આપણો ક્રાન્તિનો વારસો

(ગતાંકથી ચાલુ)

ક્રાંતિને ઝીલનારી પ્રજા સજાગ ન હોય તો તે ક્રાંતિ સ્થાયી બની શકતી નથી. ક્રાંતિ સર્જનાર પુરૂષનું નિર્વાણ થતાંજ એમણે કરેલી ક્રાંતિની ચળવળનો મોરો ફીક્કો પડે છે, અને જડ ઘાલી બેઠેલાં સ્થાપિત હિતો માથું ઉંચકીને ક્રાંતિની અસરને ભૂંસી નાંખવાને કમર કસતાં દેખાય છે.

ભગવાન મહાવીરના સમયમાં તેમના પોતાના સ્થાપેલ ભિક્ષુ-સંઘમાં હજારોની સંખ્યામાં ભિક્ષુઓ હતા. પાર્શ્વનાથની પરંપરાના કેટલાક ભિક્ષુઓ તો એ સંઘમાં ભળી ગયા હતા. મહાવીરના શ્રમણોમાં અચેલકત્વનો આચાર હતો ત્યારે પાર્શ્વનાથની પરંપરામાંના ઘણાં ખરા સચેલક હતા. મહાવીરની પરંપરામાં ન ભળતાં જે ભિક્ષુઓ સ્વતંત્રપણે વિચરતા અને પોતાની પાર્શ્વીય પરંપરાના આચારને સાચવતા તેઓ અને મહાવીરની આજ્ઞામાં રહેલા ભિક્ષુઓ એ બન્ને વચ્ચે સચેલક અચેલક અંગે કોઈ જાતનો વિખવાદ ન હતો. પણ મહાવીરનું નિર્વાણ થયા પછી એ બંને પરંપરા વચ્ચે સચેલકત્વ–અચેલકત્વ અને ચાર વ્રત કે પાંચ વ્રતનો વિખવાદ જાગેલો હોવો જોઇએ. માટે જ તેના નિરાકરણ માટે મહાવીરની પરંપરાના ગૌતમ અને પાર્શ્વનાથની પરંપરાના કેશી સ્વામી સાવથ્થી નગરીમાં ભેગા થયા અને બન્ને વચ્ચેના ભેદના નિરાકરણ માટે તેમણે એક સંમેલન ગોઠવ્યું. પોતપોતાના સાધુ સમુદાય સાથે તેઓ તિંદુકવનમાં એકત્ર થયા. કેશીમુનિની પૂર્વની પરંપરાના હોવાથી ગૌતમ તેમને વડીલ સમજતા. તેથી ગૌતમ સામા કેશીમુનિના ઉતારે ગયા. કેશીમુનિએ પણ ભારે સદ્‌ભાવથી આસન વગેરે આપી એમનું સ્વાગત કર્યું. પછી બંને પરંપરામાં ચાલતાં ભેદને અંગે પરસ્પર ચર્ચા ચાલી. આ સમયે બંને પરંપરાના સાધુઓ ઉપરાંત અન્ય ધર્મ પરંપરાના અનુયાયીઓ અને બીજા પણ ઘણા ગૃહસ્થો કૌતુકને વશ થઈને તે સંમેલનમાં આવ્યા હતા. આ સંમેલનનો સંપૂર્ણ સંવાદ ઉત્તરાધ્યયનના ત્રેવીશમાં કેશી–ગૌતમીય અધ્યયનમાં સચવાયો છે. કેશીમુનિએ પૂછ્યું કે "શ્રી પાર્શ્વનાથ અને વર્ધમાન બન્ને તીર્થંકરોનો ઉદ્દેશ તો એકજ હતો, છતાં એકે ચાર યામ અને સચેલકત્વનો અને બીજાએ પાંચ યામ અને અચેલકત્વનો માર્ગ કેમ કહ્યો! હે ગૌતમ, આ વિશેષતાનું શું કારણ છે?" ગૌતમે સદ્‌ભાવ સાથે તેનું સમાધાન કર્યું કે "પ્રાજ્ઞ લોકો ધર્મતત્વના પ્રધાન અંગનો જ વિચાર કરે છે. તેઓ બીજી નાની મોટી બહારની જુદાઇ તરફ ધ્યાન આપતા નથી. ચાર વ્રતોમાં પાંચે વ્રતો સમાઇ જાય છે જ એ હકીકત આપ લોકો વધારે ચતુર છો એટલે સમજી જ જાઓ છો અને ચાર વ્રત છતાં પાંચે વ્રતો બરાબર પાળો છો. અમે બધા આપના જેવા ચતુર નથી થોડા જડ કુટિલ છીએ, એટલે સ્પષ્ટ સમજણ પાડવા માટે ભગવાને પાંચમું બ્રહ્મચર્ય વ્રત ઉમેર્યું છે અને તેના પાલન ઉપર વધારે ભાર આપ્યો છે. બન્ને તીર્થંકરોનું આત્મશુદ્ધિનું લક્ષ્ય જ પ્રધાન હતું. માત્ર શિષ્યોની સમજશક્તિને ધ્યાનમાં રાખીને વિશેષતા કરી છે. સચેલકત્વ અચેલકત્વમાં પણ ખાસ કોઇ મહત્ત્વ નથી. જ્યારે સંઘની સ્થાપના કરવામાં આવી ત્યારે જેઓ નિર્વસ્ત્ર ન રહી શકતા હોય તેમના પોશાક વિષે પણ યોજના કરવી પડી. જૈન શ્રમણોની પરંપરાને ઓળખી શકાય અને સંયમના નિર્વાહમાં સાધક હોય એવો પોશાક નક્કી કરવામાં આવ્યો. આ સિવાય પોશાકભેદનું બીજું કોઇ ખાસ કારણ નથી." આ સાંભળીને કેશી મુનિ પ્રસન્ન થયા, અને હવે તેમને લાગ્યું કે આ બુદ્ધિભેદ કરનારો મતભેદ વધારે પોષાય એ ઠીક નથી. એટલે કેશી મુનિ પોતાના સમગ્ર શિષ્યસમુદાય સાથે ગૌતમના સમુદાય સાથે ભળી ગયા અને શ્રી વર્ધમાનની આજ્ઞાને શિરોધાર્ય કરી. જે, બે પક્ષો એક બીજાની સામસામા હતા–એક કહેતો કે આ તો નવીન મત છે, તો બીજો કહેતો કે આ પ્રાચીન પરંપરા તો શિથિલ છે–તે બન્ને પક્ષો જો દુરાગ્રહને વશ થઇ જુદા જ રહ્યા હોત તો સંઘમાં મોટી ફાટફુટ પડત જેનું પરિણામ ભયંકર આવત. પણ શ્રી કેશીમુનિએ પોતાના જુના સંસ્કારોને કોરે મૂકી સાંઘિક શુદ્ધિના લક્ષ્યને પ્રાધાન્ય આપી નવા સંસ્કારમાં પોતાની જાતને ગોઠવી દેવાની પ્રવૃત્તિ કરી તે કંઇ નાનીસુની ક્રાંતિ નહોતી. પરંતુ ભવિષ્યની પ્રજાએ એટલી ઉદારદૃષ્ટિ ન કેળવી. તેના પરિણામે પાછળથી જે બનાવો બન્યા, જૈન સંઘમાં આ જ મુદ્દા ઉપર જે ચીરાડો પડી તે હજી સુધી સંધાઇ નથી.

આપણે સ્યાદ્વાદનું નામ લેવા છતાં મૂળ ધર્મને કોરે મૂકી સાધનોના ઝગડામાં ધર્મની રક્ષા માની રહ્યા છીએ. જેમના હાથમાં ધર્મનું સુકાન છે તેઓ જો સ્યાદ્વાદને બરાબર સમજ્યા હોય તો તેમણે એમ કહેવાની હિંમત કરવી જોઇએ કે દિગંબર, શ્વેતાંબર કે સ્થાનકવાસી પરંપરાના બાહ્ય આચારો, ઉપકરણો અને પોશાક ભલે જુદા જુદા હોય, પણ તે ત્રણે પરંપરામાં ધર્મનું મૂળ સ્વરૂપ તો એક સરખું છે. જેમ કેશીએ ગૌતમની પરંપરામાં પોતાની જાતને સમાવી દીધી, તેમ આપણે પણ પોતપોતાની જાતને પરસ્પર સમાવી દેવી જોઇએ. પરંતુ દંભ, સ્વચ્છંદ, સત્તા અને મોભાનો જ્યાં ભારે વળગાડ હોય ત્યાં કેશીમુનિ જેવી સરળતા અને ગૌતમ જેવી ગંભીરતા ક્યાંથી આવે?

આ પછી હજી આગળ ક્રાંતિના મોજાં ખાળ્યા ખાળી શકાતાં નથી. આગમોના એક શબ્દ વિષે પણ કોઈ ચું કે ચાં ન કરી શકે, ભલે દેશ કાળ બદલાતો હોય, પણ તે અનુસાર કોઇ કશું પરિવર્તન કરવાનો વિચાર સરખો ન કરી શકે એવી બંધિયાર સ્થિતિ જૈન સંઘની થઇ પડેલી. આવે વખતે સિદ્ધસેન દિવાકરનો ઉદય થયો. એમણે દેશ કાળના પવનને ઓળખ્યો. "જુનું છે માટે બધું જ

સારૂં અને નવું એટલું બધું ખરાબ'' એમ નથી એવી એમણે ઘોષણા કરી. આગમવાણીને પણ તર્કની સરાણે ચઢાવી. કેવળજ્ઞાનના સ્વરૂપ વિષે તર્કની દૃષ્ટિએ નવો વિચાર કર્યો. મહાવીરના સમયમાં બ્રાહ્મણોએ સંસ્કૃતને પ્રધાન સ્થાન આપેલું અને લોકભાષાને અવગણેલી, ત્યારે મહાવીરે લોકભાષાને આગળ આણી હતી. તેજ લોકભાષા દિવાકરના સમયમાં લોકભાષા નહોતી રહી, છતાંય જૈન સંઘ શાસ્ત્રની દ્રષ્ટિએ તેને જ વળગી રહ્યો. સંસ્કૃતનો ફરીને ઠીક ઠીક પ્રચાર થયો હતો અને રાજભાષા તરીકે પણ તેને સારૂં સ્થાન મળેલું. પંડિતોમાં જૈન પ્રવચનનો પ્રચાર કરવો હોય અને તેને રાજસભા સુધી પહોંચાડવું હોય તો સમગ્ર જૈન પ્રવચનને સંસ્કૃતમાં ઉતારવું જ જોઇએ એવી પરિસ્થિતિ ઉભી થઇ. છતાં તે જમાનાના સ્થિતિચુસ્ત જૈન સંઘે એ વાત ન સ્વીકારી અને જૈન પ્રવચનના પ્રચારને થંભાવી દીધો. દિવાકરજીએ પ્રવચનને સંસ્કૃતમાં ઉતારવાનું બીડું ઝડપ્યું, પણ સંઘે તેમને સંઘ બહાર કર્યા, આકરી સજા કરી અને એમના પ્રયત્નને છિન્ન ભિન્ન કરી નાંખ્યો. પરિણામે એ તેજસ્વી પુરૂષની પ્રતિભા દબાઇ ગઇ. પણ પ્રવચનને સંસ્કૃતમાં ઉતારવાની પરિસ્થિતિ તો ચાલુ જ રહી હતી. જે કામ કરવાના માત્ર વિચાર માટે સિદ્ધસેનને સંઘે સજા કરી, તે જ કામ તેમના નાના ભાઇઓ શીલાંક અને અભયદેવે કર્યું. સંઘે તેમની પ્રવૃત્તિને વધાવી લીધી. એ કમનસીબી છે કે આગળથી આપણે ભવિષ્યનો ખ્યાલ કરી શકતા નથી અને હંમેશા આપણે પશ્ચાત્ બુદ્ધિવાળા રહ્યા છીએ. સિદ્ધસેનની પ્રતિભા તેમની કૃતિઓ—સન્મતિતર્ક તથા બત્રીશ બત્રીશીઓ વગેરે—માં ઝળકી રહી છે. પણ તે સમયમાં કોઇ નર એવો ન થયો કે જે બત્રીશીઓ ઉપર વિવેચન લખે. આ રીતે ક્રાંતિ દબાતી દબાતી પણ અટકી નથી.

ભગવાન ઋષભદેવથી શરૂ થયેલી ક્રાંતિ વચ્ચે વચ્ચે દબાતી દબાતી પણ સિદ્ધસેન સુધી તો આવી જ પહોંચી. સિદ્ધસેન વિક્રમ રાજાના સમસમયી હતા એમ કહેવાય છે. તે પછી લગભગ આઠ સૈકાઓ વીતી ગયા. તે ગાળામાં શ્રમણસંઘનું આખું સ્વરૂપ જ બદલાઇ ગયું. કહેવાતા નિર્ગ્રંથો આ વખતે ચૈત્યોમાં અને મઠોમાં રહેવા લાગ્યા. મૂર્તિની પૂજાને તેમણે ધંધાનું રૂપ આપ્યું. ચૈત્યોમાં આવતા ધન વડે મનમાની મોજો માણવા માંડી. જ્યોતિષશાસ્ત્રનું જોર વધવા લાગ્યું. ભક્તોને માથે વિભૂતિઓ નખાવા લાગી, સારાં ભોજન મેળવવા ખુશામતો કરાવા લાગી, અને તત્વને બતાવનારૂં લગભગ કોઇ જ ન રહ્યું. પગમાં પગરખાં પહેરાવા લાગ્યા. ધાતુપાત્ર અને વાહન વગેરેનો પણ ઉપયોગ થવા લાગ્યો. પોતે ભ્રષ્ટાચારી છતાં બીજાને પ્રાયશ્ચિત અપાવા લાગ્યા. શ્રાવકો સમક્ષ પૈસા લઇ અંગસૂત્રાદિ વંચાવા લાગ્યા. ધર્મને નામે સ્ત્રીઓ સાથેનો પ્રસંગ વધુ પડતો થવા લાગ્યો. હીનાચારી ગુરૂઓના સ્તૂપો અને ચૈત્યો સ્મારક રૂપે રચાવા લાગ્યાં. બરાબર આવા કપરા સમયે આચાર્ય હરિભદ્ર જેવા ધર્મવીર પુરૂષ ઝળકી ઉઠ્યા. તેમણે ફરી પાછી નિર્ગ્રંથોના આચારની સ્થાપના કરી અને લોકોને તેની સમજ આપી. એમણે નિર્ગ્રંથના નામને લજવનારા સાધુઓની ઝાટકણી કાઢી. દેવદ્રવ્યને જ્ઞાનની વૃદ્ધિ અને સમગ્ર સંઘના કલ્યાણ માટે યોજવાની ઘોષણા કરી. સંઘમાં ક્રાંતિનું વાતાવરણ ફેલાવી દીધું. સાથે સાથે સર્વધર્મ—સમભાવની ભાવના લોકોમાં જાગે એ જાતનો મહાન પ્રયાસ કર્યો. એમણે યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ વગેરે યોગના ગ્રંથો સ્વોપજ્ઞ વિવેચન સાથે લખી તેમાં જણાવ્યું કે "ધર્મતત્વ બધાંજ દર્શનોમાં એક સરખું છે, માત્ર કહેવાની શૈલીનો ફેર છે. મુમુક્ષુ શ્રોતાઓ જે શૈલીથી ધર્મતત્વ સમજે એ શૈલીનો ધર્મતીર્થંકરોએ ઉપયોગ કર્યો છે. મૂઢ લોકોને શૈલીભેદે તત્વભેદ ભાસે છે. મહાવીર હોય, બુદ્ધ હોય, કે કપિલ હોય, તે બધાજ મહાપુરૂષો હતા, સર્વજ્ઞ હતા. બધાએ ભિન્ન ભિન્ન સાધનો દ્વારા નિર્વાણ માર્ગને જ દેખાડવા પ્રયાસ કર્યો છે. એ પ્રાચીન મહાપુરૂષોનો કેવળ તર્કો દ્વારા અપવાદ કરવો એ મહા પાપકર છે." એમણે એટલે સુધી કહી નાંખ્યું કે "તે તે મહાપુરૂષોના વચનોનું ખંડન કરવા કરતાં પોતાની જીભનો જ ઉચ્છેદ કરવો બહેતર છે." આપણાં અજ્ઞાન, મોહ, જડતા રૂપી રોગ એક જ છે, તેને દૂર કરવા તે તે મહાપુરૂષોએ અનેક પ્રકારના ઔષધ બતાવેલા છે. જે તરફ આપણી અભિરૂચી થાય, તેનો ઉપયોગ કરવો, પણ કયું ઔષધ ખરૂં અને કયું ખોટું તેની માથાફોડ કે વાદવિવાદમાં પડવું તે આત્મઘાતી છે. જે ધર્મ જન્મથી પ્રાપ્ત છે તેને બરાબર શુદ્ધ પ્રયોગદ્વારા અજમાયેશમાં મૂકવો એ જ એક ચિત્તશુદ્ધિનો રામબાણ ઇલાજ છે. ધારો કે તમને જન્મથી બુદ્ધ ધર્મના સંસ્કાર છે તો તમારા આત્મવિકાસ માટે તે સંસ્કારને નિર્મળ કરો અને તે ધર્મપ્રક્રિયાને બરાબર અક્ષરશઃ અમલમાં મૂકો તો જરૂર તમે નિર્વાણના સાધક બનવાના જ. એ જ રીતે જો કપિલ મહર્ષિના કે મહાવીરના જન્મથી સંસ્કાર હોય તો તો તેમની ધર્મપ્રક્રિયા અને વિધિઓને અક્ષરશઃ અમલમાં મૂકવા લાગો તો તેમાંથી પણ તમને શાંતિનો માર્ગ જ મળશે. પરંતુ આપણે આપણી ધર્મવિધિઓને પૂરી રીતે સમજતા નથી. શુદ્ધ પ્રવૃતિ વિના ગાડરીઆ પ્રવાહે અનુસરવાથી કોઇ દહાડો આપણે ઉંચે આવવાના નથી. ઘાંચીના બળદની પેઠે હજારો ગાઉ ચાલ્યા છતાં જ્યાંના ત્યાં રહીએ છીએ. હરિભદ્રે કહ્યું છે કે "ધર્માભિમુખ વ્યક્તિમાં સૌથી પ્રથમ ભૂમિકા ન્યાયવૃત્તિની હોવી જ ઘટે. એ વગરની તમામ ધર્મવિધિઓ મુડદાને શણગારવા જેવી છે." જ્યાં તટસ્થવૃત્તિ નથી, કદાગ્રહનો ત્યાગ નથી, ગુણીજનો ઉપર સદ્‌ભાવ નથી અને માત્ર વેશ, બાહ્યાડંબર, અને ટીલાંટપકાંને જ પ્રાધાન્ય છે તે સ્થિતિમાં ધર્મવિધિઓ કાતિલ ઝેરનું કામ કરે છે. તલવારને પકડતાં ન આવડે તો પોતાનો જ કોઇ દિવસ ઘાત થાય તેમ ધર્મવિધિઓનું રહસ્ય બરાબર પકડતાં ન આવડે તો શુદ્ધ જીવનનો નાશ થાય, એટલું જ નહિ પણ ભ્રષ્ટજીવન પણ શુદ્ધજીવન માનવા લાગી જવાય. આ બધી હકીકતની ભારપૂર્વક ઉદ્‌ઘોષણા કરવી તે હરિભદ્રના સમયના કદાગ્રહી લોકો માટે ભારે ક્રાંતિકર પગલું હતું. "લોકો જેને મિથ્યાદર્શન કહે છે તે તમામના સમૂહરૂપ જિનવચન છે" આ તેમનું વચન સન્મતિતર્કના પ્રાંતભાગે સૌ કોઇ વાંચી અને વિચારી શકે છે. ક્રાંતિનો અર્થ કોઇ બનાવટી આચરણ કે બનાવટી પ્રક્રિયા નથી. જે જે આચાર વિચારોની શુદ્ધિ કરવા જેવું લાગે તેને સંશોધિત કરી જીવનમાં અનુભવી નિર્ભીકપણે આમજનતા પાસે રજુ કરવા તેનું જ નામ ક્રાંતિ છે.

ભગવાન મહાવીર પછીના ક્રાંતિકારોએ પોતાની મર્યાદા જૈન સંઘ પૂરતી રાખી તે જ દિશામાં ક્રાંતિના પગલાં ભર્યાં. તેમાં આચાર્ય હરિભદ્રનું સ્થાન મોખરે છે. એમના પછી સંતપ્રવર આનંદઘનજી આવે છે. તેઓ પણ સિદ્ધસેન દિવાકર અને આચાર્ય હરિભદ્રના જેવા અસાધારણ ક્રાંતિકાર થયેલા છે. તેમના વચનોમાં મધ્યસ્થવૃત્તિ, સ્યાદ્વાદનું મર્મગ્રાહી ચિંતન અને જડ ક્રિયાઓની ઝાટકણી આપણને વાંચવા મળે છે.

એમના જીવનનો પૂરેપૂરો ઇતિહાસ હજી સુધી જડયો નથી. છતાં જે કંઇ હકીકત એમના વિષે સંભળાય છે તેમાં તેમની પ્રતિસ્રોતગામી વૃત્તિનો પડઘો બરાબર પડે છે. એમ કહેવાય છે કે એક ગામમાં એવી પ્રથા હતી કે નગરશેઠ આવી ગયા પછી જ વ્યાખ્યાન વાંચવાની શરૂઆત થઇ શકે. એક વખતે શેઠને આવતા બહુ વાર થઇ. આ સંત પુરૂષે જોયું હતું કે શેઠમાં નથી વ્યાખ્યાનશ્રવણની જિજ્ઞાસાવૃત્તિ કે નથી મુમુક્ષુ ભાવના, માત્ર પોતાની મોટાઇ અને સત્તાનું ઘમંડ બતાવવા તેઓ ઉપાશ્રયે આવે છે. એમની રાહ જોવી તે શેઠના અહંભાવને પોષવા સમાન અને અન્ય જિજ્ઞાસુઓનો અનાદર

કરવા બરાબર છે. તેથી એમણે વ્યાખ્યાન શરૂ કરી દીધું. મોડેથી શેઠ આવ્યા, અને વ્યાખ્યાન શરૂ થઇ ગયેલું જોઇ ધુંઆકુંઆ થઇને બોલ્યા, "કેમ મહારાજ! રાહ તો જોવી હતી! નગરશેઠ આવ્યા પછીજ વ્યાખ્યાન શરૂ થાય એ અહિંનો શિરસ્તો છે. એ શિરસ્તાનું પાલન થાય તોજ અહિંનો સંઘ સાધુના આગમનનું સામૈયું, ખાનપાન તથા ઉત્સવ વગેરેની વ્યવસ્થા કરે છેએ ખબર છે ને!" આ નિસ્પૃહ પુરૂષને એવા માનપત્રની પરવા ન હતી. એમણે શાંતિપૂર્વક પોતાનો વેશ શેઠને સોંપી દીધો અને અવધૂતની જેમ વનનો માર્ગ લીધો. કોઈની શેહમાં ન દબાવાની અને સંયમ ધર્મની કિંમત આંકવાની આ એમની અસાધારણ દૃષ્ટિ હતી. એમના હરએક સ્તવન કે પદમાં તે સમયમાં જે સામાજિક શિથિલતા ફેલાઈ હતી, અંધાનુકરણ વૃત્તિનું જે પ્રાબલ્ય હતું અને ધર્મ કે ગચ્છને નામે જે ક્રિયાજડતા વ્યાપેલી હતી તેનું સ્પષ્ટ વર્ણન મળી આવે છે. અને સાથે સાથે એ બધું છોડીને શુદ્ધ આત્મતત્વનું નિરીક્ષણ કરવાની દાંડી વગાડીને ઘોષણા કરી છે. દાખલા તરીકે ધર્મનાથના સ્તવનમાં એમણે કહ્યું છે કે:—

"ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મ. ન જાણે હો મર્મ–જીનેશ્વર.

અનંતનાથના સ્તવનમાં કહ્યું છે કે—

"ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણા નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયો કલિકાલ રાજે"

નમિનાથના સ્તવનમાં ગાયું છે કે—

"શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલેરે,
કિરીયા કરી નવી સાધી શકીએ, એ વિખવાદ ચિત્ત સઘળે રે."

આવા તો અનેક ઉતારાઓ આપી શકાય તેમ છે. ટુંકામાં આ બધું બતાવી આપે છે કે શ્રી આનંદઘનજીનું માનસ કેટલું ક્રાંતિકારી હતું. તેઓ શ્રી હરિભદ્રને બરાબર અનુસર્યાં છે.

આમ ભગવાન રૂષભદેવથી લઇને આનંદઘન સુધી ક્રાંતિનો વારસો અખંડ ચાલ્યો આવે છે. મહોપાધ્યાય યશોવિજયજી, નવાંગી ટીકાકાર અભયદેવસૂરી વગેરે મહાપુરૂષો ક્રાંતિને જ માર્ગે ચાલેલા છે. જે આત્માર્થી હોય તેને ક્રાંતિનો માર્ગ અપનાવ્યા સિવાય ચાલે જ નહિ. આ વારસાને હવે આપણે ટકાવવો રહ્યો. વર્તમાનમાં આપણી સામે અનેક કોયડાઓ ઉભા છે, તેનો ઉકેલ ક્રાંતિ વિના આવવાનો નથી. ક્રાંતિ એ કોઇ ધર્મવિરોધી પ્રવૃતિ નથી. એ તો ધર્મશોધક પ્રવૃતિ છે. (૧) આપણી સાંપ્રદાયિક કટ્ટરતા, (૨) આપણો દેવ-દ્રવ્યનો પ્રશ્ન, (૩) આપણો સમાજ દિન પ્રતિદિન ક્ષીણ પડતો જાય છે તેને થીગડા દેવા જેવી યોજનાઓ કરવા કરતાં કોઇ મૌલિક સક્રિય યોજના ઘડવી (૪) જડક્રિયાઓ કે જે શરીરને, મનને, અને ધનને ભારે હાનિ કરે છે તે વિષે પણ હવે મુંગા બેસાય તેમ નથી. (૫) શાસ્ત્રના અર્થવાદના વાકયો અને કવિવાણી જેવા વચનોને પરમાર્થના વચનો માની ભોળી જનતા ગાડરીઆ પ્રવાહને અનુસરી રહી છે તેને ચેતાવવાની આપણી ફરજ થઇ પડે છે. આ બધા કોયડાઓનો ઉકેલ ક્રાંતિ કર્યા વિના એટલે કે લોકવિરોધનું જોખમ ખેડ્યા વિના થવાનો નથી. આ વ્યાખ્યાનોનો ઉદ્દેશ ક્રાંતિને જન્મ આપવાનો છે. વ્યાખ્યાનોનો ઉદ્‌ભવ એજ રીતે થયેલો છે. જો આપણે પણ પ્રતિસ્ત્રોતગામી મટી કેવળ અનુસ્ત્રોતગામી બનીએ તો કોઇ ઉપરથી આવીને આપણું શ્રેય કરી જવાનું નથી.

સમાપ્ત **બેચરદાસ જીવરાજ દોશી**

---

## સત્યં શિવં સુન્દરમ્

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં પ્રગટ થનારો લેખસંગ્રહ કિં. રૂ. ૩.**

**મુંબઈ જૈન યુવક સંઘ અને પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને તા. ૧-૫-૫૪ સુધીમાં રૂ. ૨ માં મળશે. પોસ્ટેજ રૂ. ૦-૬-૦ લખો: મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.**

# પ્રકીર્ણ નોંધ

**મુંબઇનો નવો વેચાણવેરો**

આ એપ્રીલ માસની પહેલી તારીખથી મુંબઇ પ્રાંતને નવો સુધારેલો વેચાણવેરો લાગુ પડે છે. શરૂઆતનો વેચાણવેરો એક મુખી હતો; વચ્ચેનો બહુમુખી હતો; હવેનો દ્વિમુખી છે. આ નવા વેચાણવેરાના ધારાએ વેપારી આલમમાં ભારે મુંઝવણ પેદા કરી છે. એ ધારાની કેટલીએક કલમો ભારે અટપટી હોઇને તેમાંથી શું અર્થ ફલિત થાય છે તે કોઇ નિશ્ચયપૂર્વક કહી શકતું નથી. વેપારી–મંડળોની કાર્યવાહીઓ આ બાબત કલાકના કલાક સુધી ચર્ચે છે; પોતાના સલાહકાર ધારાશાસ્ત્રીઓ આગળ આમથી તેમ દોડે છે; સેલ્સ ટેકસના અધિકારીઓ પાસે શંકાસમાધાન માટે ધક્કા ખાય છે. પણ કોઇ તેમના મનનું સમાધાન કરી શકતું નથી કે સાચો ઉકેલ બતાવી શકતું નથી. કેટલાક અધિકારીઓ કબુલ કરે છે કે અમને પોતાને પણ આ કાયદાની આંટીઘુંટીઓ સમજાતી નથી. કોઇ એવા પણ નીકળે છે કે જેઓ એમ કહે છે કે અમે ખુલાસો આપવાને બંધાયેલા નથી. "તો અમારે ફોર્મ કેમ ભરવા?" એમ વેપારીઓ પૂછે છે. જવાબ મળે છે કે "તમને સુઝે તેમ તમે ફોર્મ ભરીને લાવજો, અમને સુઝશે એ મુજબ કર આકારીશું અને તેથી તમને સંતોષ ન થાય તો તમે અપીલ કરી શકો છો." પણ અપીલ કર્યા પહેલાં વેપારીએ આકારાયલો કર ભરી દેવો પડે છે તે શું તે અધિકારીઓ નથી જાણતા?

નિકાસ માટે લાઇસેન્સ અને પુનર્વેચાણ માટે ઓથોરીઝેશનનું સર્ટીફીકેટ મેળવવા માટે જે જુનો અને મોટો વેપારી ન હોય તેવા નાના અને નવા વેપારીઓને રૂા. ૨૦૦૦૦ અથવા તો તેટલી રકમની સીકયોરીટીઓ સરકારમાં ડીપોઝીટ કરવી પડે છે. આ પ્રબંધે નાના અને નવા વેપારીઓ માટે આજના નાણાંભીડના જમાનામાં એક મોટી આફત ઉભી કરી છે.

નવો ધારો તરેહતરેહના ફોર્મ અને યાદીઓ રાખવાની ફરજ પાડે છે અને સાધારણ વેપારીઓને આવી જટિલ રચનાને પહોંચી વળવામાં કેટલી બધી મુશ્કેલીઓ પડે તેનો કોઇ ખ્યાલ રાખવામાં આવ્યો નથી. નવો ધારો જટિલતાનો એક અદ્ભુત નમુનો છે. કર લ્યો, કાયદો કરો, પણ કાયદાનું શબ્દનિર્માણ અને વહીવટી રચના એવાં હોવાં જોઇએ કે પોતાને શું કરવાનું અને શું નહિ કરવાનું તેની તેને તરત સુઝ પડે. આ નવા ધારામાં હજુ ઘણા બુધ્ધિશાળી માણસોને પણ પુરી સુઝ પડતી નથી. આ વ્યાપારીઓ માટે એક મોટી કમનસીબી છે.

વળી પ્રદેશે પ્રદેશે જુદી જુદી જાતના વેચાણવેરા–આ પરિસ્થિતિ વેપારીઓ માટે ભારે મુંઝવતી બની છે. કમનસીબે વેચાણવેરો એ દરેક પ્રદેશની એકાન્ત હકુમતનો વિષય છે. પ્રદેશોને મળેલી આ સત્તા તેઓ કેન્દ્રસ્થ સરકારને સોંપવાને તયાર નથી કારણ કે આ સત્તા પ્રાદેશિક રાજ્ય માટે એક પ્રકારની કામધેનુ છે. ધાર્યા મુજબ નવી નવી ચીજો ઉપર વેચાણ વેરો નાંખીને તેમજ ચાલુ દરમાં પૈસા, બે પૈસાનો ફાવે તેમ વધારો કરીને પ્રાદેશિક સરકાર ધારે તેટલાં નાણાં આ કર દ્વારા વસુલ કરી શકે છે. આને લીધે પ્રાદેશિક સરકારો આ વિષયને લગતી પોતાને મળેલી સત્તા છોડવા માંગતી નથી. પણ બીજી બાજુએ આને લીધે આન્તર-પ્રાદેશિક વ્યાપાર પરત્વે વ્યાપારીઓની પાર વિનાની હાલાકી થાય છે. એ તરફ મધ્યસ્થ સરકારે ગંભીરપણે જોવાની જરૂર છે.

આવી વિચિત્ર પરિસ્થિતિનું એક પરિણામ એ આવ્યું છે કે આ કરથી કેમ છટકવું તે વિચાર તરફ વ્યાપારી ધકેલાય છે. સેલ્સ ટેકસના વહીવટીદારો અને વ્યાપારીઓ વચ્ચે એક પ્રકારનું દદ યુધ્ધ ચાલે છે. વેચાણ વેરાના વહીવટદાર મદદરૂપ બનવાને બદલે વ્યાપારીએ કયાં ભુલ કરી છે તે શોધીને તેની કનડગત શરૂ કરે છે.

વ્યાપારી જ્યાં ત્યાંથી છટકવા માંગે છે. પરિણામે આ ખાતામાં લાંચ રૂશ્વતની જડ બહુ ઊંડી બેઠી છે. વ્યાપારીઓને સાધારણ રીતે અળખામણો લાગતો ઇન્કમટેક્સ આવા સેલ્સટેક્સના ત્રાસ કરતાં આજે ઘણો સારો સાદો અને સરળ લાગે છે.

મુંબઈ સરકારે આ કાયદામાં રહેલી ગુંચોનો સ્પષ્ટ ઉકેલ આપવો જોઇએ. અને તે દૃષ્ટિએ કાયદો સત્વર સુધારવો જોઇએ, સરળ બનાવવો જોઇએ. વસ્તુતઃ આ વેચાણવેરો આખા દેશ ઉપર એકસરખો લાગુ પડે અને તેમાંથી થતી આવક પ્રદેશ પ્રદેશની આવક મુજબ તે તે પ્રદેશોને વહેંચી દેવાય એવી વ્યવસ્થા ઉભી થવી જોઇએ. આ સિવાય વેચાણવેરાને લગતી વ્યાપારીઓની હાડમારીઓનો કદિ અન્ત આવશે નહિ.

**પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એક્ટ અને સુપ્રીમ કોર્ટનો ચુકાદો**

મુંબઇનો પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) કાયદેસર છે કે નહિ તે સંબંધમાં તે કાયદેસર છે એવા મુંબઇ હાઇકોર્ટના ચુકાદા સામે દીલ્લીની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. તેનો તા. ૧૮-૩-૫૪ના રોજ ચુકાદો આવ્યો છે. આ ચુકાદાની નકલ હજુ હાથ ઉપર આવી નથી, પણ છાપાઓમાં એ ચુકાદા સંબંધે જે હકીકતો બહાર આવી છે તે જોતાં મૂળ કાયદામાં રહેલી બે બાબતોને સુપ્રીમ કોર્ટે ગેરકાયદેસર ઠરાવી છે.

(૧) કોઇપણ ગેરવ્યવસ્થાના કારણસર ધાર્મિક સખાવતોના ટ્રસ્ટોમાં ચેરીટી કમીશનર કોર્ટ દ્વારા પોતાને ટ્રસ્ટી નીમવાનો હુકમ મેળવી શકતો હતો અને એ રીતે ધાર્મિક ખાતાઓ ઉપર તે સીધો કાબુ મેળવી શકતો હતો. ઉપરના ચુકાદાથી ચેરીટી કમીશનર પોતાની જાતને ટ્રસ્ટી નીમાવી નહિ શકે.

(૨) કોઇ પણ ધાર્મિક સખાવત ઉપર ચેરીટી કમીશનર કોર્ટના હુકમદ્વારા Cypres-સીપ્રે-નો સિદ્ધાન્ત લાગુ પાડીને તે સખાવતનાં નાણાં જનહિતના અન્ય કોઇ કાર્યમાં ખરચવાની ફરજ પાડી શકતો હતો. સીપ્રેના સિધ્ધાન્તનો અર્થ એ છે કે જ્યારે કોઇ પણ સખાવતનો હેતુ અમલી બની શકે તેમ ન હોય અથવા તો તે હેતુનો અમલ કરવા છતાં નાણાંનો વધારો પડતો હોય ત્યારે તે નાણાં એવા જ અન્ય કોઇ સખાવતી કામમાં વાપરી શકાય અને એ રીતે એ નાણાંનો સદુપયોગ થઇ શકે. સુપ્રીમ કોર્ટના ચુકાદાના પરિણામે ધાર્મિક સખાવતો ઉપર આ સીપ્રેનો સિદ્ધાન્ત હવે લાગુ પાડી નહિ શકાય.

ઉપર જણાવેલા બન્ને પ્રતિબંધો માત્ર ધાર્મિક ટ્રસ્ટ યા સખાવતોને લાગુ પડતા હોય અને બીજી જાહેર હિતની સખાવતો યા ટ્રસ્ટોને લાગુ પડતા નથી એમ આ ચુકાદાની ટુંકી ખબરો જોતાં માલુમ પડે છે.

આ ચુકાદાનું એક પરિણામ એ આવે છે કે મંદિરની જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં એકઠા થયેલા દેવદ્રવ્યનો અન્ય સામાજિક હિતના કાર્યોમાં વપરાવાની મૂળ ધારામાં જે જોગવાઇ હતી તે આ ચુકાદાથી પાછી ખેંચી લેવામાં આવી છે. આ રીતે દેવદ્રવ્યને સામાજિક કાર્યોમાં વહેતું થયેલું જોવા ઇચ્છતા સુધારકોને કાયદાની આ પીછેહઠ જરા ખુંચે તેવી છે. આમ છતાં આ બાબતમાં જરા પણ નિરાશ થવાની જરૂર નથી. સુધારક માટે કાયદાની મદદ વડે કોઇ સુધારણાનો હેતુ સિદ્ધ કરવો એ ખરી પ્રગતિ નથી. ખરી પ્રગતિ સમાજના વિચારમાં ધરમૂળથી ફેરફાર કરીને તેને દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ તરફ સ્વેચ્છાએ વાળવામાં રહેલી છે. આ કાર્ય પ્રચાર અને સમજાવટથી જ થઇ શકે છે. સદ્‌ભાગ્યે સ્થિતિચુસ્ત લોકો પણ સીધી રીતે નહિ પણ સીદીભાઇના કાનની માફક આડકતરી રીતે દેવદ્રવ્યનો શ્રાવકશ્રાવિકાના કાર્યમાં ઉપયોગ કરવા તરફ વળી રહ્યા છે, અને પોતપોતાના હસ્તકના વહીવટમાં આવો પ્રબંધ એક યા બીજી યુક્તિપૂર્વક કરી રહ્યા છે. આપણે આશા રાખીએ કે જે આજે યુક્તિપ્રયુક્તિથી થઇ રહ્યું છે તે સીધી રીતે કરવાની હીંમત હવેની પેઢી જરૂર દાખવશે અને દેવમંદિરોમાંથી થતી અઢળક આવકનો જરૂરી સામાજિક કાર્યોમાં ઉપયોગ કરતા અચકાશે નહિ.

**ભાઈ કૃપાળ કોઠારીને અભિનન્દન**

ભારત જૈન મહામંડળના પ્રમુખ અને અમારા જુના સહકાર્યકર્તા શ્રી તારાચંદ કોઠારીના જ્યેષ્ટ પુત્ર ચિ. ભાઇ કૃપાળ કોઠારી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં તાજેતરમાં પાસ થયા છે. આ પરીક્ષામાં સાધારણ રીતે સાતથી આઠ ટકા પરિણામ આવે છે અને તેમાં પસાર થવાનું કોઇ પણ વિદ્યાર્થી માટે અતિ મુશ્કેલ હોય છે આ ઉપરાંત ભાઇ કૃપાળને અભિનન્દન આપવાનું એક વિશેષ કારણ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની છેલ્લી પરીક્ષાની બહાર પડેલા ફત્તેહમંદ વિદ્યાર્થીઓની નામાવલિમાં તેનું નામ નહોતું. પોતે નપાસ હોઈ શકે જ નહિ એવી ભાઇ કૃપાળને પ્રતીતિ હતી. તે પરીક્ષા લેતી સંસ્થાનો એક નિયમ એવો છે કે કોઇ વિદ્યાર્થી રૂા. ૨૫૦) ભરે તો જે વિષયમાં નાપાસ થયો હોય તેને લગતા પ્રશ્નપત્રોનું અન્ય પરીક્ષકો પાસે પુનરાવર્તન કરાવવામાં આવે, અને આ પુનરાવર્તનના પરિણામે તેને જો પાસ કરવામાં આવે તો રૂા. ૨૫૦) પણ પાછા આપવામાં આવે. ભાઇ કૃપાળે પણ રૂા. ૨૫૦) ભર્યા, અને તેના પ્રશ્નપત્રો ફરીથી તપાસાયા, તેને પાસ થયેલો જાહેર કરવામાં આવ્યો અને રૂા. ૨૫૦) પણ પાછા મળ્યા. આમ નપાસમાંથી પાસ થનાર ભાઈ કૃપાળ સવિશેષ અભિનન્દનનો અધિકારી બને છે. તેની ભાવી કારકીર્દી સદા ઉજ્વળ બનતી રહે અને સુખ, ઐશ્વર્ય અને સ્વાસ્થ્ય તેને પ્રાપ્ત થતાં રહે એવી શુભેચ્છા

**પરમાનંદ.**

## ફરતું પુસ્તકાલય

લાલબાગ અને માધવબાગ વચ્ચે આવેલી મુનિશ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી અને સંસ્કૃત પાઠશાળા તરફથી ૧૯૪૩-૪૪ માં ફરતાં પુસ્તકાલયની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી અને આશરે રૂા. ૩૦૦૦ નાં પુસ્તકોની ૧૫૦ પેટીઓ તૈયાર કરવામાં આવી હતી. આ પેટીઓમાંથી ૧૦૧ થી ૧૫૦ પેટીઓ ખાલી કરીને તેમાં ૧૯૫૨-૫૩ માં પ્રગટ થયેલા લગભગ રૂા. ૧૦૦૦ ના નવાં પુસ્તકો તાજેતરમાં ખરીદીને મૂકવામાં આવ્યાં છે અને આ નવી પેટીઓ ૧-૩-૫૪ થી આપવાની શરૂ કરી છે. દરેક પેટીમાં આશરે રૂા. ૧૫ ની કીંમતના ચારથી પાંચ પુસ્તકો રાખવામાં આવ્યાં છે.

આ પેટીઓ મેળવવા માટે નીચેના નિયમો કરવામાં આવ્યા છે.

(૧) પેટી મેળવવાની ઈચ્છા ધરાવનારે વાર્ષિક રૂા. ૩ લવાજમના ભરવા પડશે.

(૨) પેટી દીઠ પેટી લઇ જનારે રૂા. ૨૦) ડીપોઝીટના ભરવા પડશે અને તે પેટી એક માસની અંદર પાછી પહોંચાડવી પડશે. પેટી વધારે વખત રાખવી હોય તો ફરી વખત ઇસ્યુ કરાવી શકાશે. આ નવી પેટીઓનો લાભ લેવા વાંચનાભિલાષી ભાઇ બહેનોને વિનંતિ છે.

**ભોગીલાલ અમૃતલાલ ઝવેરી**
આસીસ્ટન્ટ સેક્રેટરી.

## પછાત વર્ગોનું ઉધ્ધારકાર્ય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ) તા૦ ૩-૪-૫૪ ના સાંજના ૬-૩૦ કલાકે એક જાહેર સભા મળશે એ પ્રસંગે ચંદનવાડી મ્યુનીસીપલ ચાલોમાં વસતાં નીચલા થરના લોકોમાં કાર્ય કરતાં શ્રી સરલાબેન ઝવેરી આજ સુધીના પોતાના કાર્યનો અનુભવ રજુ કરશે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

## આફ્રિકાવાસી જૈન બંધુઓને અપીલ

જે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની જૈન સમાજના પ્રખર વિચારક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ અને જૈન સમાજનાં પ્રચંડ સુધારક સ્વ. મણિલાલ મોકમચંદ શાહે આજથી ત્રીશ વર્ષ પહેલાં સ્થાપના કરી હતી તે સંસ્થાના મંત્રી શ્રી. ટી. જી. શાહ તથા તેમની પત્ની શ્રી ચંચળબહેન આપના પ્રદેશમાં મુસાફરી અર્થે આવ્યા છે. આ સંસ્થા મુંબઇ શિવ બાજુએ આજે પોતાની માલેકીનું મકાન નિર્માણ કરી રહી છે. તે મકાન પુરૂં કરવા માટે અને જરૂરી સાધન સામગ્રી પ્રાપ્ત કરવા માટે રૂા ૭૫૦૦૦ ની તત્કાળ આવશ્યકતા છે. આ સંસ્થા કશા પણ ફિરકાભેદ સિવાય ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છતાં વિદ્યાર્થીઓને રહેવા વગેરેને સગવડ આપે છે. જૈનોમાં પરસ્પર એકતા સાધવાના હેતુપૂર્વક અને જૈન વિદ્યાર્થીઓને આગળ ભણવામાં પડતી અગવડો બને તેટલી દૂર કરવાના હેતુથી આ સંસ્થાની સ્થપાના કરવામાં આવી છે. શ્રી. ટી. જી. શાહ અમારા પ્રતિનિધિ તરીકે ત્યાં આવ્યા છે. તો તેમને આપનાથી બનતો ફાળો આપીને અમારી આ સંસ્થાની ભીડ દૂર કરવા પ્રાર્થના છે.

લી૦ આપનો

**ચીમનલાલ ચકુભાઇ શાહ**

પ્રમુખ, સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ.

## પ્રબુદ્ધ જીવન અને આફ્રિકાવાસી બંધુઓ

છેલ્લાં પચ્ચીશ વર્ષથી જૈન સમાજમાં વિચારક્રાન્તિનું કાર્ય કરી રહેલ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં પંદર વર્ષથી એક પાક્ષિક મુખપત્ર ચલાવવામાં આવે છે જેનું નામ પ્રબુદ્ધ જીવન છે. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહ તથા તેમનાં પત્ની શ્રી. ચંચળબહેન ત્યાં કેટલાએક સમયથી પ્રવાસાર્થે આવ્યા છે, તેમની દ્વારા પ્રબુધ્ધ જીવનનો ત્યાં ફેલાવો થઇ રહયો છે. આ પત્રમાં રાષ્ટ્રને સ્પર્શતા અનેક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે. ધર્મ, તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર તેમજ અર્થકારણને લગતા વિષયોની આલોચના કરવામાં આવે છે, અને દેશમાં બનતી ઘટનાઓનું હાર્દ નિડરપણે રજુ કરવામાં આવે છે, ગાંધીજીએ જે નિયમ નવજીવન અને હરિજનબંધુ માટે સ્વીકાર્યો હતો તેને અનુસરીને અમારા આ પત્રમાં જાહેર ખબર લેવામાં આવતી નથી અને સમાજને ઉપયોગી પ્રશ્નો વિષે સ્પષ્ટ માર્ગદર્શન આપવાના હેતુથી આ પત્રનું સંચાલન કરવામાં આવે છે. મુંબઇ, સૌરાષ્ટ્ર તેમજ કચ્છ ગુજરાતમાં પ્રબુધ્ધ જીવને એક વિશિષ્ટ કોટિના સામયિક તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. જાણીતા વિદ્વાન વિચારક શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તેના તંત્રી છે. તેનું વાર્ષિક લવાજમ આફ્રિકા માટે આઠ શીલીંગ છે. આપને આ પત્રના ગ્રાહક થવા પ્રાર્થના છે.

લી૦ આપનો

**ખીમજી માંડણ ભુજપુરીયા**

પ્રમુખ, મુંબઇ જૈન યુવક સંઘ

## મુદ્રણ દોષ

મુદ્રણઅશુધ્ધિ ગદ્ય લખાણમાં નીભાવી શકાય છે, કારણ કે આસપાસના સંદર્ભથી વાંચનાર ઘણું ખરૂં અર્થને તારવી શકે છે. પણ પદ્યમાં મુદ્રણદોષ પદ્યાર્થને ઘણીવાર મારી નાંખે છે, એટલે કે કવિ શું કહેવા માંગે છે તે વાંચનાર સમજી જ શકતો નથી. આવો મુદ્રણ દોષ ગયા અંકમાં પ્રગટ થયેલા 'દેખું ન કાં પૂર્ણવિરામ રાહે?' એ મથાળામાં એક નાનાસરખાં કાવ્યમાં રહી ગયેલો માલુમ પડે છે. કવિને થયેલા અન્યાયના પ્રાયશ્ચિત્તરૂપે એ કાવ્ય નીચે ફરીથી પ્રગટ કરવું યોગ્ય ભાસ્યું છે. તંત્રી

ભવે ભવે અલ્પવિરામ મૂકી
આત્મા વધે આગળ વાકય માંહે,
આશ્ચર્ય-પ્રશ્નાર્થનું ચિહ્ન ઝુકી
રહે કયાંક માર્ગ;
દેખું ન કાં પૂર્ણવિરામ રાહે?

ગીતા

## માથેરાન પર્યટન

### એપ્રીલની બીજી તારીખને બદલે નવમી તારીખે

કેટલાએક સભ્યોને છોકરાંઓની પરીક્ષાઓના કારણે બીજી તારીખના પર્યટનમાં જોડાવાની પ્રતિકુળતા માલુમ પડવાથી એક અઠવાડીયું મોડું એટલે કે ચાલુ માસની તા. ૯, ૧૦, ૧૧ (શુક્ર, શનિ, રવિ) એમ નક્કી કર્યું છે. પર્યટનમાં જોડાવા ઇચ્છનાર સભ્યે તા. ૫ સોમવાર સાંજ પહેલાં ગયા અંકની જાહેરાત મુજબ પર્યટન માટે નિશ્ચિત કરેલી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવી. તા. ૯ શુક્રવાર સવારે ૭। વાગ્યે બોરીબંદરથી ઉપડતી લોકલમાં નીકળવાનું છે. તા. ૧૨ સોમવાર વહેલી સવારે ઉપડતી ટ્રેનમાં માથેરાનથી મુંબઇ પાછા આવવાનું છે. સાધારણ ઓઢવાનું તથા જરૂરી કપડાં સિવાય વિશેષ સામાન સાથે લેવાની જરૂર નથી. સંઘના સભ્યોને સારી સંખ્યામાં જોડાવા વિનંતિ છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

## પુસ્તક પરિચય

**હિલોળા :** લેખક : શ્રી વીરજી ગંગાજર માહેશ્વર, પ્રકાશન એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨. કિંમત રૂા. ૧-૮-૦.

આ નાનું સરખું પુસ્તક લેખકની આજ સુધીની આત્મકથા જેવું છે. શ્રી વીરજીભાઇની આજે ૭૯ વર્ષની ઉમ્મર છે. સામાન્ય પરિસ્થિતિ વચ્ચે તેમના જીવનની શી રીતે શરૂઆત થઇ, ટુંકી કેળવણી, તાર લખનાર તરીકે જીવનનો પ્રારંભ, એક ધંધામાંથી બીજા ધંધામાં પ્રવેશ અને સંધાતી રહેલી આર્થિક ઉન્નતિ, સૌ. રતનબાઇ જેવી એક તેજસ્વી સન્નારી સાથેનું ૨૫ વર્ષનું ગૃહસ્થ આ જીવન, ૧૯૩૦-૩૨ ની રાષ્ટ્રીય ચળવળમાં તેમણે બન્નેએ લીધેલો સક્રિય ભાગ, રતનબાઇના અવસાનનો તેમના ચિત્ત ઉપર પડેલો સખ્ત આઘાત, વાનપ્રસ્થ જીવનનો સ્વીકાર, દેશના એક ખુણેથી બીજે ખુણે તેમણે કરેલો વિપુલ પ્રવાસ, આજે એકાન્ત નિવૃત્તિ ભરેલું સુખ અને સંતોષમય કાળનિર્ગમન-આમ ઢાળ ઢોળાવથી ભરેલી જીંદગીની આ એક સાદી સરળ જીવનકથા છે. લેખકનો પોતા વિષે કોઈ મોટો દાવો નથી. એમ છતાં આ લાંબા ચિત્રપટમાં ઉંડી જીવનનિષ્ઠા, સેવાવૃત્તિ અને શીલપરાયણતા, તેમ જ સતત ઉદ્યોગશીલતા તરી આવે છે. લેખકનું લખેલું 'હિન્દ પર્યટન' નામનું એક પુસ્તક પાંચેક વર્ષ પહેલાં પ્રગટ થયું છે જે આપણા દેશને લગતી અનેક માહીતીઓથી ભરેલું છે.

**બારમી સદીના સર્વશ્રેષ્ઠ જ્યોતિર્ધર.** સંપાદક : પંડિત અમૃતલાલ તારાચંદ દોશી, વ્યાકરણ તીર્થ, દામજી નેણશીની વાડી, સ્ટેશન રોડ, ભાંડુપ મુંબઇ પાસે કિંમત રૂા. ૦-૧૨-૦.

આ નાની સરખી પુસ્તિકા મૂળ કોઇ એક બ્રાહ્મણ પંડિતના લખેલા શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના ચરિત્રનો આધાર લઇને લેખકે તૈયાર કરી છે. હેમચંદ્રાચાર્યના જીવનને લગતી અનેક ઐતિહાસિક અનૈતિહાસિક માહીતીઓ આ પુસ્તકમાંથી જાણવા મળે છે. મૂળમાં જૈન પરંપરાને અનુકુળ કેટલાક સુધારા તેમ જ વધારા સંપાદકે કર્યા હોય એમ લાગે છે. સંશોધનની દૃષ્ટિએ આ પુસ્તિકામાં કોઇ મૌલિકતા જોવામાં આવતી નથી.

# શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆનું પ્રમુખસ્થાનેથી પ્રવચન

(મુંબઈ ખાતે તા. ૨૩-૩-૫૪ના રોજ ધી ઇન્ડીયન ગ્રેન ડીલર્સ ફેડરેશનની ૧૧ મી વાર્ષિક સભાનું મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઈએ ઉદ્દઘાટન કર્યું હતું. તે પ્રસંગે ફેડરેશનના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ કરેલા ભાષણમાંથી અગત્યના ભાગો નીચે ઉતારવામાં આવ્યા છે. **તંત્રી)**

વિશ્વભરમાં આજે જ્યારે ભારતનું સ્થાન અનોખું છે, ત્યારે સમગ્ર વિશ્વને શાંતિ અને પ્રેમનો સંદેશો પહોંચાડવાની નૈતિક જવાબદારી ભારત પર સ્વયં આવી પડી છે અને એ નજરે જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે એ ઉમદા હેતુ પ્રત્યે આપણું લક્ષ કેન્દ્રિત કરવામાં છેલ્લા ચાર દાયકાઓ દરમ્યાન **પૂ. મહાત્માજીએ** જે કંઇ કર્યું છે તે તેના કારણરૂપે હોવાનું સિદ્ધ થાય છે. વિશ્વની એ મહાન વિભૂતિ સદેહે આજે આપણી વચ્ચે નથી, છતાં એમની આશિષ અને કાર્યોની અનોખી સુવાસ આપણી વચ્ચે સદાય પથરાયેલી પડી છે. પરિણામે ભારતનો એકકે એક માનવી આજે ભારતની અને વિશ્વની શાન્તિ અને ઉન્નતિની દિશામાં વિચારતો થયો છે અને વિકાસના વિધવિધ ક્ષેત્રે સહકાર આપી રહ્યો છે. સદ્દભાગ્યે રાષ્ટ્રપિતાએ જેમને પોતાના રાજકીય ક્ષેત્રે વારસ તરીકે–પસંદ કર્યા છે, તે આપણા મહાઅમાત્ય **શ્રી. જવાહરલાલ નહેરૂ** આપણા લાડીલા નેતા–પૂ. **ગાંધીજીની** વિચારસરણીને અનુરૂપ એવા રાજ્યની રચના કરવા અથાગ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે અને દુનિયાના પટ પર જે પણ પછાત કે ગુલામ દેશ હોય તે આઝાદ બને અને આગળ ધપે તે માટે રાત અને દિવસ સતત કાર્ય કરી રહયા છે. વિશ્વભરમાં અજોડ એવા આપણા પ્રજાસત્તાક રાજયના વડા તરીકેજ નહિ. પરંતુ સમસ્ત વિશ્વની એક અગ્રગણ્ય માનનીય વ્યકિત તરીકે આજે એ ભારે બોજ ઉઠાવી રહયા છે. આવી એક સર્વ શ્રેષ્ઠ વિભૂતિને આપણા પ્રજાસત્તાક રાજયના વડા પ્રધાનપદે મેળવવા માટે આપણે પોતાને જેટલા ભાગ્યશાળી માનીએ છીએ તેટલાજ આપણા મુંબઇ રાજ્યના અગ્રપદે **શ્રી મોરારજીભાઈ દેસાઇને** મેળવવા માટે આપણે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ.

### સ્ટેટ ટ્રાન્સપોર્ટ.

જેનાં મીઠાં ફળ આપણા મુંબઇ રાજ્યની બહોળી જનતા મેળવી રહી છે, તે ધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન સ્થપાયું તે પહેલાં મોં માગ્યા ભાડાના પૈસા આપવા છતાં વ્યવસ્થિત અને વખતસર મળી શકે એવાં વાહનવ્યવહારનો ગામડાઓને સાંકળતો પ્રશ્ન સદાય અણઉકેલ રહયો હતો સદ્દભાગ્યે શ્રીમાન મુંબઇ સરકાર તરફથી સારાયે મુંબઇ પ્રાન્તને વ્યવસ્થિત અને સગવડભર્યા બસવ્યવહારથી સાંકળી લેવા માટે દીર્ઘદ્રષ્ટિભર્યો નિર્ણય લેવાયો અને આજે આપણે જોઇ શકીએ છીએ કે વિશાળ પ્રદેશ ધરાવતા આપણા મુંબઇ રાજ્યના મોટા ભાગના ગામડાંઓને વ્યવસ્થિત અને સગવડભર્યા બસવ્યવહારથી સાંકળી લેવામાં આવ્યાં છે અને તે વ્યવહ:રને વિસ્તૃત કરવામાં આવી રહયો છે.

### દુધ યોજના.

થોડાંક વર્ષો પહેલાં ભારે કિંમત ચુકવ્યા છતાં ચોકખું દુધ મેળવવાની ખાત્રી મુંબઈની જનતાને નહોતી મળતી. એ માટે દાયકાઓ સુધી સુધરાઈ અને ભુતપુર્વ સરકારે વિચારણાઓ કર્યા છતાં કોઇ યોગ્ય માર્ગ નહોતો શોધી શકાયો અને વર્ષો સુધી આમ વણઉકેલ રહેલા આ પ્રશ્નને ઉકેલવામાં મુંબઇ સરકારને મળેલ સફળતા બાદ તેમાં સધાતી જતી પ્રગતિ અને વિકાસથી ભારતના અન્ય રાજ્યો તો શું પણ દરિયાપારના બીજા દેશો પણ તે તરફ આકર્ષાયા છે. 'સ્ટેટ ટ્રાન્સપોર્ટ' અને 'દૂધ યોજના' કેટલા વિરોધ છતાં કેટલી દીર્ઘદ્રષ્ટિ અને નિડરતાથી હાથ ધરાયાં તે આપ સૌ જાણો છો

### મકાનોની તંગી અને દારૂબંધી

શહેરોની વધતી જતી વસ્તીને અને નિર્વાસિતોની રહેઠાણો પૂરાં પાડવાની જવાબદારી નામદાર મુંબઇ સરકાર હાઉસીંગ બોર્ડ જેવી સમિતિ રચીને જે રીતે ઉપાડી રહી છે, તે ખરેખર પ્રશંસનીય છે. મુંબઇ જેવા ઔધોગિક શહેરમાં ગીચ વિસ્તારોને નાબૂદ કરવાના માર્ગે ના૦ મુંબઈ સરકારે તાજેતરમાં જે કાયદો કર્યો છે, તેવો કદાચ ભારતભરમાં આ પહેલો જ કાયદો હશે.

મકાન તંગી નિવારવા સરકારે પોતે લીધેલ પગલાં ઉપરાંત જો બેંકો, વીમા કું.ઓ, મોટી પેઢીઓ અને ઉધોગોને વધુ મકાનો બાંધવા માટે રાહતો અને નાણાંકિય મદદ આપી આકર્ષવામાં આવે તો મને લાગે છે કે મધ્યમ વર્ગની રહેઠાણ અંગેની જરૂરિયાતોને પહોંચી વળવામાં એક વધુ સક્રિય પ્રયાસ થયેલો ગણાશે.

મુંબઇ શહેરમાં મારા ફેડરેશન સાથે સબંધ ધરાવતા લગભગ ૫૦૦૦ જેટલા નાના દુકાનદારો ઉપરાંત બીજા પણ પંદરેક હજાર જેટલા નાના દુકાનદારો હશે. તો એ નાના દુકાનદારોમાં પ્રવર્તતી રહેઠાણોની તંગીને પહોંચી વળવા તેમજ મધ્યમ વર્ગના બીજા હજારો કુટુંબો કે જેઓ સીંગલ કે ડબલ રૂમનું જ ભાડું ભરવાને શકિતમાન હોય છે, તેમની જરૂરીયાતને પહોંચી વળવા મેં કહ્યું તેમ ખાનગી ક્ષેત્રોને પણ જો રહેઠાણો બાંધવા માટે આકર્ષવામાં આવશે, તો જ મકાનોની તંગીનો પ્રશ્ન જલદી હલ થઇ શકશે. માટે આપણા મુંબઈ રાજયના માનનીય મુખ્ય પ્રધાન **શ્રી મોરારજીભાઈ** એ બાબત પર ગંભીરપણે લક્ષ આપે એવી આગ્રહભરી વિનંતિ છે.

કામદારોના હિતો રક્ષવા તથા કેળવણી ક્ષેત્રે પ્રગતિ સાધવા ના. મુંબઇ સરકાર જે નિર્ણયો લેતી રહી છે તે તથા માનવને માનવમાંથી દાનવ બનાવી મુકે એવા દારૂના નશામાંથી મુકિત અપાવનાર દારૂબંધીને સફળ બનાવવા માટે જે પ્રયાસો મકકમપણે કરી રહી છે, તે આમજનતાના હિતાર્થે જે પણ થવું ઘટે તે થવું જ જોઇએ એવી **શ્રી મોરારજીભાઈની** સરકારની અડગતા, એકનિષ્ઠતા અને કુશળતાને જ આભારી છે.

### રાષ્ટ્રભાષા

શાળા કોલેજોમાં રાષ્ટ્રભાષા દાખલ કરવા વિષે શ્રીમાન મુંબઇ સરકારે લીધેલ નિર્ણય ખરેખર એક ઉમદા નિર્ણય છે. અંગ્રેજી ભાષાના અસ્તિત્વ પ્રત્યે દુર્લક્ષ કર્યા વગર રાષ્ટ્રભાષાના સમગ્ર વિકાસ માટેના આવા ઉમદા નિર્ણય માટે સમાજનો મોટો ભાગ સંતોષ અનુભવે છે. રાષ્ટ્રના આંતરિક વ્યવહારના ઉપયોગ માટે લાંબો વખત સુધી પરદેશી ભાષા પર આધાર રાખી ન શકાય. સમાજનો એક અદનો આદમી પણ સહેલાઇથી પોતાને કહેવાનું કહી શકે તે માટેના વાહન તરીકે રાષ્ટ્રભાષાને જ અગ્રપદે મૂકી શકાય અને તેમ કર્યે અંગ્રેજી ભાષા પ્રત્યેના વધુ પડતા મોહને પણ દુર કરી શકાય.

### ફેડરેશનની સ્થાપના

'સંગઠન વગર સિદ્ધિ નથી' એ સૂત્ર નજર સમક્ષ રાખી છેક સને ૧૯૧૩માં દાણાની દુકાનો ધરાવતા હજારેક જેટલા મુંબઇના દુકાનદારોએ 'ધી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસીએશન' નામનું એક મંડળ સ્થાપ્યું. વેપારમાં પ્રમાણિકતા, ભાતૃભાવ અને સંગઠન કેળવવાની દિશામાં એ એસોસીએશનની સતત જાગૃતિએ, ત્રણ દાયકાઓની અંદર એના દફતરે ત્રણ ગણા સભ્યો નોંધાયા અને પોતાના

વેપાર અંગેના હિતો રક્ષવાની ખાતર સરકાર સામે, સુધરાઇ સામે, સ્ટીમર કું. સામે અને એવી બીજી સંખ્યાબંધ સંસ્થાઓ સામે એ સફળ રીતે લડયું, અને સારાં પરિણામો મેળવી શકયું.

બીજા વિશ્વયુધ્ધની અસરો આપણે ત્યાં પણ આવી અને સને ૧૯૪૨ માં મુંબઇ શહેરમાં અનાજની સતત તંગી વર્તાવા લાગી. આ શહેરની વસ્તીનો કેટલોક ભાગ પોતાને વતન જતો રહયો હતો, છતાં બાકી રહેલાઓ માટે પણ અનાજની આંધીને પહોંચી વળવા માટે તે વખતની સરકારે કરેલા પ્રબંધો અને પ્રયાસો અપૂરતા અને અસંતોષકારક દેખાયા, પ્રજાનો ઉહાપોહ વધતો ગયો. મુંબઈની જનતાને અનાજ મેળવવામાં પડતી અગવડ અને દુકાનદાર ભાઈઓની મુશ્કેલીઓની નજરે કંઇક વ્યવસ્થિત યોજના અમલમાં લાવવા સરકારને સમજાવવા વિચાર્યું અને **સ્વ. શ્રી હરિદાસ માધવદાસ, સ્વ. શ્રી જીવણલાલ સેતલવડ** અને આપણા શહેરના આગેવાન શહેરી **શ્રી પુરૂષોતમદાસ ઠાકોરદાસ**ની સહાયતા મેળવીને આ શહેરમાં અનાજની માપબંધી દાખલ કરવા તે વખતની સરકારની પાસે 'હા' ભણાવી. સતત દબાણને અંતે સરકારે માપબંધીની યોજના દાખલ કરવાનું સ્વીકાર્યું, છતાં થોડીક જ સંખ્યાની દુકાનોને માપબંધીની યોજનામાં માન્ય રાખવા સરકારે તૈયારી બતાવી. આમ થોડીક સંખ્યાની દુકાનોની રોજી ચાલુ રહે અને મોટી સંખ્યાની દુકાનો રોજી-ધંધા વગરની રહી જવા પામે એ અઠીક લાગતાં બધી એસોસીએશનોનું એક મહામંડળ આજથી અગિયાર વર્ષ પહેલાં સ્થાપવામાં આવ્યું અને એ મહામંડળનું નામ **ધી ઇન્ડીઅન ગ્રેન ડીલર્સ ફેડરેશન** રાખવામાં આવ્યું. આ ફેડરેશન સાથે ઉત્તરે બોરીવલી અને મુલુંડની હદ સુધી બૃહદ મુંબઇમાં દાણાના દુકાનદારોનું અસ્તિત્વ ધરાવતી સાતે એસોસીએશનો જોડાયેલી છે. અને આ ફેડરેશનની આજની સભા એ અગિયારમી વાર્ષિક સભા છે, જેની ઉદ્ઘાટન વિધિ સદ્‌ભાગ્યે આપણા માનનીય નેતા, **શ્રી મોરારજીભાઇ**ના મંગળ પ્રવચનથી આજે અહીં થનાર છે.

શ્રી મુંબઇ સરકારે કેવળ ૭૦૦ જેટલી જ દુકાનો માપબધી નીચેના અનાજની વ્હેંચણી માટે માન્ય કરી હોવા છતાં મને જણાવતાં આનંદ થાય છે કે સાતે એસોસીએશનની મળીને ૪૨૦૦ જેટલી દુકાનોને સહકારી ભાવનાથી એક યા બીજી રીતે ધંધામાં સમાવી લેવામાં આવી છે અને એ સહકારી ભાવનાવાળું જોડાણ આજ દિવસ સુધી એટલે ૧૧ વર્ષના લાંબા સમય સુધી સારી રીતે નભવા પામ્યું છે. આવા એક સરસ અને દાખલા રૂપ એવા ૪૨૦૦ જેટલા ધંધાદારી ભાઈઓના વેપારી હિતના જોડાણને નભાવવા માટે એ દુકાનદારભાઇઓને અને સાથે સાથે તેમની એસોસીએશનોના અધિકારીઓને આ તકે હું ધન્યવાદ આપું છું.

ફેડરેશનનો જન્મ અગિઆર વર્ષ પહેલાં થયા પછી માપબંધીની યોજનામાં ઠીક ઠીક પ્રમાણમાં ફેરફારો થતા આવ્યા અને આજે આપણે એનો સુખદ અંત આવતો જોઇ સંતોષ અનુભવીએ છીએ. યુધ્ધને કારણે અનાજની આંધી આવી અને એની અછતની અસર યુદ્ધ પછીના વર્ષોમાં પણ ચાલુ રહેતાં, પ્રજાને અને અનાજના ધંધામાં જોડાયેલી જનતાને ઠીક પ્રમાણમાં અગવડો વેઠવી પડી. સદ્‌ભાગ્યે આપણી પંચવર્ષીય યોજના નીચેના નાના મોટા બંધોના કામોનાં આવેલાં ધારેલાં પરિણામો, સુધરેલાં ખાતર, ખેતી કરવાની સુધરેલી પદ્ધતિ, કેન્દ્ર સરકારની ખેતી વિકસાવવા પ્રત્યેની સતત જાગૃતિ અને કુદરતની અપાર કૃપાથી આપણે એ વિષમ કાળ વટાવી શકયા છીએ અને એ કાળ વટાવવાના યશભાગી તરીકે આ તકે કેન્દ્ર સરકારના અન્નપ્રધાન માનનીય **શ્રી. રફી અહેમદ કિડવાઈ** અને મુંબઇ સરકારના પુરવઠા પ્રધાન માનનીય **શ્રી યશવંતરાય ચવ્હાણ**ને મારી વતી અને મારા ફેડરેશનના સભ્યો વતી હાર્દિક અભિનંદન આપું છું.

### બંધનમુક્ત વેપાર

મારા ફેડરેશન સાથે જોડાયલી એસોસીએશનોના સભ્યોને સંબોધીને આ તકે થોડુંક કહું, તો હું માનું છું કે, તે યોગ્ય ગણાશે. મિત્રો, આપ સૌ જાણો છો તેમ હવે આપણો અનાજનો ધંધો બંધનમુકત બન્યો છે. ચોખા પર બંધન છે તે પણ કોઇપણ પળે બંધનમુકત થાય એવો પુરતો સંભવ છે. એટલે હવે આપણો ધંધો મુકતપણે આપણા હાથમાં પાછો આવે છે, ત્યારે તે પ્રમાણિકપણે ચલાવી, વેપારમાં "સત્ય કે નીતિને સ્થાન નથી" એ જુની કહેવતને આપણે ખોટી પાડી, સમાજની નીતિ અને સંસ્કૃતિના થતા સર્વત્ર ઉત્થાન માટેના પ્રયાસોમાં, આપણે પણ હંમેશ જેમ આપણો સાથ પૂરીએ.

યુધ્ધની આંધીએ સમાજનું નીતિનું ધોરણ ઠીક પ્રમાણમાં નીચું આણ્યું; સમાજમાં ઘણી જાતનાં અનિષ્ટ તત્વો દાખલ થયાં, ચીજ વસ્તુઓની અછત ઉભી થતાં સંખ્યાબંધ ચીજોમાં ભેળસેળ થવા લાગી. કમનસીબે ખાધખોરાકીની કેટલીક ચીજો પણ એમાંથી બચવા ન પામી. પરંતુ હવે પરિસ્થિતિ સુધરી છે. અછત ઓછી થવા પામી છે. તો દુકાનદાર ભાઈઓ નીતિના સિદ્ધાંતો નજર સમક્ષ રાખી પોતાની ફરજો બજાવે **અને તેમાં આયાતકારો, ઉત્પાદકો અને જથ્થાબંધ માલ વેચતા વેપારીઓ સહાયભૂત બને એવી આગ્રહભરી અરજ છે.**

સેંકડો વર્ષો સુધી ગુલામ રહેલો આપણો દેશ હવે આઝાદ બન્યો છે. એ આઝાદીનું સુખ અને સાધનો સૌને પ્રાપ્ત થાય તે માટે આપણા વડા પ્રધાન **શ્રી. જવાહરલાલ નેહરૂ** સતત કાર્યશીલ રહયા છે. દેશનો સર્વાંગી વિકાસ સાધવા માટેના તેમના વિધવિધ દિશાના અથાગ પ્રયાસોએ કોઇ અજબ હવા ઉત્પન્ન કરી છે. સારો યે ભારત જાગૃત થઇ ઉભો થઇ ગયો છે. આવા એક ઉત્થાનકાળને ઓળખી આપણે પણ આગે બઢતા આપણા ભારત દેશના કદમે કદમ મીલાવી આગે બઢીએ અને આવા ઉમદા દેખાતા ભાવીમાં પ્રજાજન તરીકે આપણે પણ સતત જાગૃતિ અને શ્રમ સાથે આપણો અદનો ફાળો આપીએ એ અપેક્ષા.

આપ સૌના તો એ અનુભવની વાત છે કે જ્યારે જ્યારે મુંબઇ સુધરાઇની, પ્રાન્તિક ધારાસભાની કે લોકસભાની ચૂંટણીઓ આવી છે ત્યારે ફેડરેશને પોતાના સભ્યોને કોંગ્રેસની પડખે ઉભા રહી, પ્રચારસભાઓ ગોઠવીને, કોંગ્રેસી ઉમેદવારોને મતો આપીને, દેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવવાનો આદેશ આપ્યો છે અને મને જણાવતાં સંતોષ થાય છે, કે ફેડરેશનના આદેશ અને વિનંતિને સભ્યોએ વખતો વખત સારું વજન આપ્યું છે.

### વેજીટેબલ ઘી

ત્રણેક દાયકાઓ પહેલાં વેજીટેબલ ઘીનો જન્મ થયો, ત્યારથી મુંબઇના દાણાવાળાઓનો મોટો ભાગ ઘીના વેપારમાં મુંઝવણ ભોગવતો રહ્યો છે. કેટલાક દુકાનદારોને નીતિની દ્રષ્ટિએ નીચે ઉતરવું પડયું છે. ઘણાંને શુદ્ધ ઘીનો વેપાર ખોવો પડયો છે અને જેઓ શુધ્ધ ઘીનો વેપાર ટેકપૂર્વક કરતા આવ્યા છે તેમને પણ અધૂરા અને મૂંઝવણભર્યા કાયદાના કારણે ઘણું સહન કરવું પડયું છે. ખાધ ખોરાકીની ચીજોમાં ભેળસેળ થતી અટકાવવા માટે સરકાર જાગૃત છે છતાં આ મારે દુઃખ સાથે કહેવું પડે છે.

ઘીમાં ભેળસેળ અટકાવવા માટેનો કાયદો અપૂર્ણ પુરવાર થયો છે અને ઘી તપાસવાના વૈજ્ઞાનિક સાધનો સદાય અટપટાં અને અધૂરાં હોવાનું જણાયું છે. પરિણામે કેટલાક નિર્દોષ દુકાનદારો પણ

સજાને પાત્ર ઠર્યા છે જેને માટે ફેડરેશનને દુઃખ થયું છે. સરકારે મંજુર રાખેલ એગમાર્કવાળું સૌરાષ્ટ્રનું ઘી સીલબંધ ટીનમાં જ સરકારી લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલીએ તો તે શુદ્ધ ઘીમાં હોવા જોઇતા આર. એમ. વેલ્યુ અને બી. આર. રીડીંગનું નથી નીકળતું એ ઘી શુદ્ધ હોવાની ખાત્રી હોય છે, છતાં ચોકખા ઘીની વ્યાખ્યા પ્રમાણે એ નથી હોતું. તેથી એ પૂરવાર થાય છે, કે હવામાન, દાણખાણના ફેરફાર, ઢોરોની જાતમાં ફેરફાર, ભૌગોલિક પ્રદેશની વિશિષ્ટતા અને એવા બીજાં કારણો ચોકખા ઘીનું Specification નક્કી કરવામાં અસર કરતા હોય છે. ઉપરાંત પૃથક્કરણની વૈજ્ઞાનિક રીત અને એમાં વપરાતાં સાધનો તથા શખ્સો જુદાં જુદાં હોવાથી. અને પરિણામની નિશ્ચિંતતા લાવવા માટે કેટલાક અનુમાનો પર આધાર રાખવો પડતો હોવાથી શુદ્ધ ઘી પણ ભેળ-સેળવાળું ઘી હોય તેવાં પરિણામો બતાવાયાં છે. અને આમ શુધ્ધ ઘી વેચનારાઓ પણ સજાપાત્ર ઠરાવાયા છે. દોષિત દંડાય તેની ચિંતા ઓછી હોય, પરંતુ કાયદાની કચાશને લીધે કે વૈજ્ઞાનિક શોધની અધુરાપણાને લીધે નિર્દોષ દંડાય એ જેટલું દુઃખદ છે તેટલું ચિંતા-જનક પણ છે. તો આ તકે મારે વિનંતિ કરવાની કે આ બાબતમાં ના. મુંબઇ સરકાર ભારત સરકાર સાથે વિચાર વિનિમય કરીને ભારતના પ્રાંતેપ્રાંતના કે ભૌગોલિક રીતે જુદા પડતા દરેક પ્રદેશના ઘીના પ્રકાર ને ગુણતત્વો નકકી કરી તેની શુધ્ધતા-અશુધ્ધતાની ખાત્રી કરવા પૃથકરણની ખામી રહીત કોઇ ચોકકસ રીત અખત્યાર થાય તેવો પ્રબંધ કરે.

## દ્વિમુખી વેરો

ગયા વર્ષ દરમ્યાન વેચાણવેરાના કાયદાએ વેપારી વર્ગનું ઠીક ઠીક ધ્યાન ખેંચી રાખેલું. હવે તો એક અઠવાડિયા પછી દ્વિમુખી વેચાણવેરો અમલમાં આવશે અને આપણે આશા રાખીએ કે હવે કોઇ વર્ગને એની અમલ બજાવણીથી ખાસ ફરિયાદ કરવાનું કારણ નહિ રહે. આખા મુંબઇ રાજ્યમાં નાના દુકાનદારોનું કોઇપણ મહામંડળ ન હોવાથી મારા ફેડરેશન દ્વારા તથા બીજા થોડાક મંડળો દ્વારા દુકાનદારોનું દ્રષ્ટિબિંદુ રજુ કરવા છુટાછવાયા પ્રયાસો થયા હતા. માનનીય નાણા પ્રધાન ડૉ. **જીવરાજભાઇ મહેતા**એ અમોને તેમજ સંખ્યાબંધ મંડળોને સાંભળવાની તક આપી હતી. પરંતુ મોટાઓના મોટા અવાજ સામે અમારા નાના અવાજ પ્રત્યે ઓછું લક્ષ અપાયું છે. એમ અમારી માન્યતા રહી છે. ચીજ વસ્તુઓ પર સેલ્સ ટેક્ષ નાંખી રાજ્યની આવકમાં વધારો કરાય એના સામે અમારો વાંધો નથી, પરંતુ એની વસુલાતના તબક્કા વિષે મારૂં ફેડરેશન કહેતું આવ્યું છે કે, છેલ્લાથી ઉપલા તબક્કાએ ( Penultimate stage ) સેલ્સ ટેક્ષ વસુલ કરવાથી એ ઉપલા સ્ટેજના વેપારીઓનો વર્ગ કે જે નાના દુકાન-દારો કરતાં વધુ વ્યવસ્થિત હોવાથી ટેક્ષની વસુલાત એ વર્ગ પાસે વધુ સારી રીતે થવા પામશે. ઉપરાંત એ ઉપલા વર્ગના વેપારીઓ દરેક શહેરમાં કે ગામડાઓમાં કેન્દ્રિત જગ્યાઓ પર પોતાના વેપારનાં સ્થાન ધરાવતા હોવાથી સત્તાવાળાઓ એમના પર દેખરેખ પણ ઠીક પ્રમાણમાં રાખી શકે અને આમ થાય તો સેલ્સ ટેક્ષ માટે રજીસ્ટર થવાની જવાબદારીમાંથી પોણોસો ટકા જેટલી સંખ્યાના નાના દુકાનદારોના વર્ગને મુકત રાખી શકાય અને તેમ છતાં સરકારને તો જોઇતી આવક તો મળી જ રહે.

જો અમારૂં દ્રષ્ટિબિંદુ સરકારે માન્ય રાખ્યું હોત તો નાના દુકાનદારો કે જેઓ પોતાને ત્યાં ટેક્ષ વસૂલ કરી તેનો હિસાબ રાખવા જેટલા બ્યવસ્થિત હોતા નથી, તેઓ માલ ખરીદતી વખતે જ સેલ્સ ટેક્ષ ભરવાને ખુશી હોઇ તેમ કરી શકયા હોત અને ગામડાની કેટલીયે દુકાનો કે જે કુટુંબના નાના મોટા સભ્યોથી ચલાવાતી હોવાથી તેઓ નમું કે ચોપડાઓ પણ રાખતા હોતા નથી તેમને પણ રાહત રહેત આમ સેલ્સ ટેક્ષની વસુલાત ઉપલા સ્ટેજે રખાઇ હોત તો સારૂં થાત. ખેર, આ પ્રશ્ન તો હવે ભૂતકાળનો બન્યો છે. અને તેથી દુકાનદારભાઇઓને મારે આ સ્થળેથી વિનંતી કરવાની કે અનાજનો વેપાર છુટો થયો હોવાથી હવે વેપારનું પ્રમાણ વધવા પામશે અને તે રજીસ્ટર્ડ ડીલર થવા માટેની રૂા. ૨૫૦૦૦) ના વાર્ષિક વેપારની મર્યાદા સુધી સ્વાભાવિક રીતે જવા પામશે તો જેમનો વેપાર એ મર્યાદાએ પહોંચે તેમણે દરેકે રજીસ્ટર્ડ ડીલર થવા અરજી કરી ન હોય તો હવે કરી દેવી. જો કે અનાજ પર ટેક્ષ નથી છતાં વાર્ષિક વેપારની મર્યાદામાં આપણે આવી જઇએ છીએ એટલે રજીસ્ટર થવું જરૂરી છે

## અન્ય બાબતો

બીજું વિશ્વયુદ્ધ, ભારતના આરે ઉભું ત્યારે મુંબઇમાં જગ્યાની તંગી દેખાતાં તે વખતની સરકારે અમારા દુકાનદાર ભાઇઓ પાસેથી પણ કેટલીક જગ્યાઓ લઇ લીધેલી. આ લઇ લીધેલી જગ્યાઓમાંથી કેટલીક જગ્યાઓ પાછી મળી છે જ્યારે બાકીની જગ્યાઓ કે જેમાં સરકારી અનાજની દુકાનો તેમજ કો-ઓપરેટીવ સોસાયટીઝની દુકાનો ચલાવાય છે તે હજી પાછી મળવાની બાકી છે. તો હવે શ્રીમાન મુંબઇ સરકાર વ્હેલી તકે તે મુકત કરે એવી આ સ્થળેથી હું ખાસ આગ્રહભરી અપીલ કરૂં છું.

જગ્યાઓ રેકવીઝીશન કરવાના કાયદાને જો કે હવે ઘણો હળવો કરવામાં આવ્યો છે, છતાં એને વધુ હળવો કરવાની અગ-ત્યતા ઉભી જ છે. સીંગલ કે ડબલ રૂમમાં રહેતા નીચલા મધ્યમ વર્ગનો શખ્સ જો બીજા કોઇના નામ હોય તેવી જગ્યામાં રહેતો હોય તો તેના પર ચિંતાનો બોજ ઉભો જ છે તો એવી રીતે રોકાયેલી આજ દિવસ સુધીની બધી જગ્યાઓને રેકવીઝીશન થવાના ભયથી મુકત કર્યાની જાહેરાત કરી દેવાયાનો નિર્ણય લેવાય એ જરૂરી છે. ઉપરાંત મકાન માલિકોની સંમતિથી થતી રહેઠાણોની ફેરબદલી વખતે તથા નવા બંધાતા મકાનોમાંની જગ્યાઓ ભાડે આપતી વખતે એકોમોડેશન ખાતાની રજા લેવાનો કે એ ખાતાને ખબર આપવાનો જે નિયમ છે તે પડતો મુકાવો હવે જરૂરી હોવાનું હું નમ્રપણે માનું છું.

દુકાનદાર વર્ગનો મોટો ભાગ ઉજળિયાત વર્ગનો હોવાથી તે મધ્યમ વર્ગનો કહેવાય છે, પરતુ તેમાંના ઘણાની આર્થિક સ્થિતિ નબળી હોય છે. શહેરમાં એ વર્ગના પુરૂષ સભ્યો જ કમાતા હોય છે. પરિણામે બાળકોના શિક્ષણ ક્ષેત્રે અને જીવનની બીજી જરૂરી-યાતો મેળવવા માટે આવક જાવકના પાસાં સરખાં કરતાં એ વર્ગ ઘણીજ તાણ ભોગવતો હોય છે. તો તાળામાં જોઇતાં પુસ્તકોની સંખ્યા નકકી કરી અભ્યાસક્રમમાં ફેરફારના કારણે વખતોવખત પુસ્તકોની થતી બદલી અટકાવીને અને શાળાની ફીમાં ઘટાડો જાહેર કરીને એ વર્ગની કેડ ભાંગતા અનિવાર્ય ખર્ચમાં રાહત આપવા માનનીય મુંબઇ સરકાર વ્હેલી તકે વિચારી નિર્ણય લે એ વિનંતી.

**વિષયસૂચિ** **પૃષ્ઠ**


આપણો ક્રાન્તિનો વારસો — બેચરદાસ દોષી — ૨૧૧

**પ્રકીર્ણ નોંધ:** મુંબઇનો નવો વેચાણવેરો, પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એકટ અને સુપ્રીમ કોર્ટનો ચુકાદો, ભાઇ કૃપાળ કોઠારીને અભિનંદન. — પરમાનંદ — ૨૧૩

શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆનું પ્રમુખસ્થાનેથી પ્રવચન — ૨૧૬


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

છુટક નકલ : ત્રણ આના    શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર    રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૨૪

મુંબઈ: ૧૫ એપ્રિલ ૧૯૫૪ બુધવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪
પરદેશ માટે : શીલિંગ ૮

## ટીંબાનો ઉપદેશ

[ અમથા ભગતે દેખ્યું ઇ લખ્યું ]

ઇશુ ભગત ટીંબે બેઠા બોધ આલે છે. લોક બેઠું સાંભળે છે વેણે વેણે ફુલડાં ઝરે છેઃ

" ગરીબગરબાંવની જે થાવ; દીનદખિયાંવની જે થાવ, કાં કે મારા રામજીનું રાજ ઇમનું છે.

સંતો ! રાંકના રાજ થાશે; ભૂખ્યાં ભરાશે; દયાળાંને દયા મળશે ને નિરમળાંને મારા રામજીનાં દરશણ થાશે.

સંતો ! મનકાયાથી નિરમળ રે'જો. આંખ્ય કાયાનો દીવો છે. ઇ એઠી થાય તે દિ' ઇ ને ફોડજો; કાંડું કનડે તો કલમ કરજો.

ભગતો ! તમારી ભાવભગતીના દેખાડા કરજો માં. પણ અંતરને ખૂણે માંયલા આતમરામને જગાડીને તીના આગળ તમારા હૈયાની આરત આમ ઠાલવજો:

હે મારા રામધણી ! હે ભગવાન ! હે પરભુપત્યા ! તારી જે થાવ. તારાં જ રાજ બધે થાવ. આ લોક પરલોક તારી જ આણ્ય સંધેય વરતો.

હે હજારું હાથવાળા ! કીડીને કણ ને હાથીને હારાના પૂરણ-હારા ! તું જ અમને રોજનો રોટલો પૂરજે.

હે અંતરજામી ! તું ઘટડે ઘટડે જાગતીજોત બેઠો છો. તું અમને માંયલા વેરીના માર્યા ગોથું ખાવા દેજે માં, અમને ભીની ભોં ઉપર લપટવા દેજે માં.

ને જ્યમ અમે અમારા ભાયુંભાંડરવના વાંકગના ખમી ખાયેં, ત્યમ તુંય અમારા વાંકગના ગળી જાજે.

કાં કે હે મેંમાવંતા ! તારી જ આણ્ય ને તારો જ મેંમા ત્રણેય લોકુંમાં વાપી રયાં છે. તારો જેજેકાર થાવ.

× × ×

સંતો ! બે ધણીની ચાકરી કોયથી એકહારેં નો થાય. ઇ એકને વા'લો ને બીજાને દવલો કરશે; એકનાં સાચવશે ને બીજાનાં રેઢાં મેલશે. મારા માં'વાની ને માયાની સગાઇ એકહારેં સંચવાશે નઇં.

ભાયું મારા ! ઠાકરનાં નૈવેદ કુતરાંવને નીરજો માં; ને ભૂંડના મોઢા આગળ મોતીની ચોક પૂરજો માં. એવાં ઇ તો તી પર હમચી ખૂંદશે ને સંધો ઊકરડો કરી મેલીને સામાં મારવા આવશે.

પણ એક મારા રામજીને જ દુવાર જાયજો. ન્યાંકણે તમને માગ્યું મળશે; ગોત્યાભેળું જડશે ને તમારી આંગળીને ટકોરે ઇની ડેલિયું ઊઘડશે.

કાં કે સંતો ! તમમાંથી કિયો બાપ એવો ભાળ્યો જી તીનો દૂધપુત્તર રોટલો માગે ને ઇ તીને ઠેકાણે પાણો આલે ?

તી માટે સંતો ! આંયતી ચંત્યા મેલો, કે શું ખાશું પીશું ને શું પેરશું ? ઇ વલોપાત સંધા માંયાના જીવના છે.

આ વનવગડાનાં પંખી જુવો. ઇ કયાં વાવવાલણવા ગ્યા'તાં ? પણ ઇની ચણ્યની ચંત્યા રામધણીને છે.

તળાવુંનાં પોયણાં જુવો. ઇ કયાં બાવડાં વીંઝવા ને કાંતવાવણવા ગ્યાં'તાં ? પણ એવા ઇમની શોભા આગળ મોટા માંધાતાવનાંય માથાં નમે છે.

માટે સંતો ! કાલિયો ધાન ને વેંત વસ્તરની ચીંદરડી સાટુ થઇને આ અમોલખ માનખ્યાને સોંઘો કરજો માં. બસ, એક મારા રામજીનું જ નામ અંકે કરજો, અટલે પછે નવેય નધ્ય તમ વાંહણ્યેં વાંહણ્યેં હાલી આવશે.

× × ×

સંતો ! કોયના કાજી બનજો માં. કાં કે તમે બીજાવનો નિયા તોળશો તીવો જ તમારોય નિયા તોળાશે, ને જી માંણે તમે ભરશો તી જ માંણે તમારાંય ધાન ભરાશે.

ભાય મારા ! તારી આંખ્યમાં આડસર પડયું છે ઇ જોવું મેલી સામાની આંખ્યનું કણું જોવા હાલજે માં; પરથમપેલું તારી આંખ્ય-માંયલું આડસર કાઢજે, અટલે પછે તારા પાડોશીની આંખ્યનું કણું કાઢવાનો કીમિયો તને જડી જાશે.

માટયેં કરીને ભાયું મારા ! તમે પોતાનું ચિંતવો એવું સામાનું ચિંતવજો ને તમ હારેં સૌ જી રીત્યેં હાલે ઇમ તમે માગો, તી રીત્યેં પરથમ તમે સૌ હારેં વરતજો. બસ, અટલામાં સંધાય સંત ને શાસ્તરનું શીખવ્યું આવી ગ્યું.

× × ×

સાજનો ! ધરતીનું લૂણ તમે છો. તમારી મીઠાશ છોડજો માં. કાં કે તમારી મીઠાશ જાશે તે દિ' પર્થમી પરલે થાશે.

તમે ડુંગરાના દીવા છો. પર્થમી આખીમાં અંજવાળાં પાથરજો; પોથીપંડ્યાવથી સરસા ઠરજો.

એવા ઇ તો જૂનાં શાસ્તર કાઢીને સંભળાવે છે 'જીવહંસા કરજો માં.' પણ હું તમને કઉં છું, જી ઇના ભાયું હારેં વઢવેડ કરશે, જી ઇના પાડોશીને વાંકો દવલો કે'શે, ઇ નરકે જાશે.

સંતો ! એક કાન કાપવાવાળાના બેવ કાપી લેવાનું ને બે દાંત પાડનારાનાં બત્રીશેય પાડવાનું તો મોંયલા કે'તા જ આવ્યા છે; પણ હું કઉં છું તમે ભૂંડા હારેં ભૂંડા થાજો માં;

ને કોય તમને જમણે ગાલે અડબોત મારે તો ડાબો ઈની આગળ ધરજો; તમારી બંડી લેવા કરે તીને ભેળું અંગરખુંય આલજો; ને તમને ખેતરવા હારેં હાલવા કે' તીના સાટુ થઇને ગાવ ભોં હાલજો.

સંતો ! એવા ઇ નીતિ ને શાસ્તરના જાણવાવાળા તો તમને વા'લાં–વેરી ને હેતુ-દુસ્મન કરવાનું શીખવાડશે;

પણ હું તમને કઉં છું, તમે વેરીને વા'લો કરજો, ગાળ દે તીને ખમ્મા કે'જો ને તમારી બેધે પડે તીના ભલા સાટુ થઈને રામધણીને વીનવજો.

સંતો ! ગણ્યુ કરનારાનો ગણ તો સઉ કરે છે. નમનારાને સઉ

નમે છે. પણ મારા રામજીનો સૂરજનારણ સારા ને નરસા બેવ ઉપર તપે છે ને વરસાદ કાંટાળી વાડયમાંય વરસે છે.

સાજનો ! તીના જેવા થાવ તાણેં તમે રામજીના વા'લા, ને તાણેં તમારૂં માત્યમ.

સંતો! પાપની વાટ પૉળી છે ને તી ઉપર હાલવાવાળા ઝાઝા છે. પણ મારા રામજીના ઘરની વાટ સાંકડી છે ને ઇ વાટેં હાલવાવાળા થોડા છે.

સંતો! બગલા ભગતુને ઓળખીને હાલજો. ઈ દેખાશે રાંક ગાડર જેવા, પણ માંય ગજની કાતી રાખીને હાલનારા ને ભૂખ્યા જરખની ઘોડયેં ફાડી ખાનારા;

બાર્યથી ધોળા ને માંય કાળોતરા. બાર્યે ચૂના દીધેલ ધોળી કબરૂં જેવા ને માંયલી કોર મૂઆં મડાં.

સંતો! થોરેં કેળાં પાકે નઇ ને બોરડાની ડાળ્યેં આંબામૉર આવે નઈં. ઇ તો આંબે કૅરી ને કૌવચને કૌવચ. માટયેં તમે ફળ દેખીને વેલો ઓળખજો.

ભાયું મારા! તમારાં દાનપુન્યના દેખાડા કરજો માં. પણ તમારો જમણો હાથ આલે તીની ડાબાને ખબર પડવા દેજો માં. દીધાં દાનના ઢોલ વગાડવા ઇ જગતિયા જીવના ધંધા છે.

સંતો! ઇમ તો એરણ્યની ચોરી કરીને સોયનું દાન કરવાવાળાય ધણીનેં દુવાર જઇને બકોર કરશે: 'અમેય તારે નામેં તીરથ નાયા છયેં; અમેય પાઠપૂજા દાનધરમ દેવદરશણું કર્યાં છે ને દીપમાળું પૂરીયું છે.'

પણ મારો રામજી ઇ વેળાયેં એવા ઈમને કે'શે, 'હાલતા થાવ અનિયાનાં આચરવાવાળાવ. હું તમને ઓળખતો નથી.'

સંતો! આટલી વાત નિશ્ચે કરીને માંનજો કે સોયના નાકાની માંયલીકોરથી સાંઢિયો હાલ્યો જાય ઇ ભલેં, પણ મારા રામધણીને દુવાર લખમીવંતાને ઉભવા મળવું દોયલું છે.

સંતો! નકરા મોઢેથી રામરામના થાળ ધર્યેં રામજી રાજી નઇં થાય;

પણ જિણ્યે આંયકણેં મારા રામજીનાં કાંમ કર્યાં હશે, જિણ્યે દીનદખિયાંવને, પાપિયાંપતિયાંવને હાર્યેં બેસીને દલાસા દીધા હશે, જિણ્યે નોંધારાંવને હાથ દેવા જીવતર સોંધાં કર્યાં હશે,—તીનેં જ પૉરસ કરીને બથમાં લેવા મારો રામ સામો ધૉડશે.

× × ×

સંતો! મોયલાં શાસ્તર વાંચવાવાળા કે'છે પારકી અસ્ત્રી હાર્યેં હાલજો માં, ને અસ્ત્રી ઇમ હાલે તો તીને છેડો ફાડી આલજો;

પણ હું કઉં છું, જિણ્યે અસ્ત્રી જાત ઉપર ઍંઠી નજર નાખી ઈણ્યે નરકનું ભાતું બાંધ્યું; ને જિણ્યે કોય કેવાય કારણેં ઘરની પરણેતરને ઘરબાર્ય કરી ઈ નો દિ' આથમ્યો.

વળી એવા ઇ શાસ્તરના વાંચવાવાળાવ કે' છે 'જૂઠા સોગન ખાજો માં;' પણ હું કઉં છું, તમે સોગન જ કોય વાતના કોય દિ' ખાજો માં; ન સરગના, ન પર્થમીના;

કાં કે સરગ ઈ રામરાજાનું સિંઘાસન ને પર્થમી ઇના ચરણુંની પગતળી કે'વાય.

માટયેં તમે હા કે'વી હોય ન્યાં હા, ને ના કે'વી હોય ન્યાં નકરી નાં જ કે'જો.

× × ×

સંતો! હું સંત શાસ્તર સંધાયને ઉથાપવા આવ્યો છું ઇમ માનજો માં. હું સંતુંને ને શાસ્તરને ઉથાપવા **નથી** આવ્યો; હું ઇમનાં વચનુંની વાટ્યું સંકોરવા આવ્યો છું.

હું દખિયાંને દલાસા દેવા ને ભારેંમૂવાંના ભાર ઉતારવા આવ્યો છું. જી વશવાસેં હાલશે તીનાં હાલરાં હળવાં થાશે.

સંતો! મારા રામજીના ઘરની વાટેં મોટમોટા ભણ્યાગણ્યા માનધાતાવ ગોથાં ખાશે ન્યાં મારા રામજીનાં ગભરૂડાં બાળ વાટું ચીંધશે. આ સંધું જીની નજરૂં પોંચે ઈ ભાળી લ્યે ને જિને કાંન હોય ઇ સાંભળી લ્યે.

હે દખિયાંવ! હે દનિયાંના ભાર વે'નારાંવ! આંયકણેં આવો. આંય તમને વિસામા મળશે. આંય તમારા હૈયાના ભાર હળવા થાશે.

કાં કે મારો રામ તરણાથી હેઠો છે. ઈનું ધોંસરૂં હળવું ફુલ છે.

સાજનો! મારા રામનાં આ વચન સાંભળીને જી હૈયે લેશે ઇ ટીંબાની શલ્યાયું ઉપર ઘર બાંધશે.

પછેં ઈ ઉપર બારે મેઘ ત્રાટકશે ને વિજળિયું વાવાઝોડાં ટૂટી પડશે તોય ઇની કાંકરી ખરશે નઈ;

પણ જી મારા રામજીનું કયું આ કાને સાંભળીને ઓલ્યે કાને કાઢશે, ઇ વેળુ ઉપર બંગલા બાંધશે ને ઇ બંગલા પૅલે માવઠે ભોં ભેળા થઇ જાશે.

[મથા પીર કથિત ઇશુભાગવતને આધારે] **સ્વામી આનંદ**

## એવરેસ્ટનું રોમાંચજનક દર્શન

તા. ૨૨-૩-૫૪ સોમવારના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે હિમશિખર એવરેસ્ટના પ્રદેશોનું એક રંગીન ચિત્રપટ ભારતીય વિદ્યા ભવનના ગીતામંદિરમાં સારી સંખ્યામાં ઉપસ્થિત થયેલા ભાઇબહેનોની મંડળીને દેખાડવામાં આવ્યું હતું. ગત વર્ષ દરમિયાન જેમણે પોતાના પ્રવાસના ફળરૂપ કૈલાસ તથા ગંગોત્રી-જન્મોત્રીનાં ચિત્રપટો સંઘના સભ્યોને દેખાડયાં હતાં તે જ ભાઇશ્રી નવનીતલાલ પરીખ ગયા ઓકટોબર માસમાં બીજા ચાર મિત્રો સાથે નેપાલની રાજધાની કાથમાંડુ ('કાષ્ટમંડપ' કારણ કે ત્યાંના ઘણાં ખરાં મકાનો લાકડાનાં બનાવેલાં હોય છે) થી હિમાલયની પૂર્વ બાજુએ નામચેબઝાર થઇને થ્યાંગબોચેના બૌદ્ધ મઠની બાજુએ પસાર થઇ ખુંબુ ગ્લેસીયરના કિનારે કિનારે માઉન્ટ એવરેસ્ટની સમીપ આવેલા માઉન્ટ પ્યુમોરી (૨૩૧૯૦ ફીટ) ના તળેટી વિભાગ સુધી પ્રવાસે ગયા હતા. તે પ્રવાસનું વિગતવાર રંગીન ચિત્રપટ તેમણે ઉતાર્યું હતું, જે ઉપર જણાવેલ સ્થળે તેમ જ સમયે તેમણે રજુ કરીને સૌ કોઇને આનંદમુગ્ધ કર્યાં હતાં.

પ્રારંભમાં સંઘના મંત્રી તરીકે મેં શ્રી નવનીતલાલ પરીખનો પરિચય કરાવ્યો હતો, ત્યાર બાદ ચિત્રપટ શરૂ થયું હતું અને સાથે સાથે શ્રી નવનીતભાઇ આંખ સામે સરી રહેલા ચિત્રપટની સમજ આપી રહ્યા હતા. પ્રારંભમાં તેમની મંડળી પર્વતપ્રવાસ માટે કેવાં કેવાં સાધનો વડે સજ્જ થઇ હતી તેનું અમે દર્શન કર્યું. પછી નેપાલની રાજધાની કાથમંડુ આંખો સામે આવીને ઉભું રહ્યું. કાથમંડુ પશુપતિનાથની યાત્રાનું એક મોટું ધામ છે. ત્યાં તેમ જ આસપાસના પ્રદેશોમાં હિંદુ તેમજ બૌદ્ધધર્મનાં પારવિનાનાં મંદિરો છે. આ મંદિરોનું શિલ્પ ભારતના મંદિરો કરતાં વિલક્ષણ પ્રકારનું અને આંખોને મોહાવે તેવું છે. આ પ્રકારનાં અનેક મંદિરોનાં અમે આન્તર બાહ્ય દર્શન કર્યાં અને આગળ ચાલ્યાં. રમણીય સૃષ્ટિસૌન્દર્યથી ભરેલા પ્રર્વતપ્રદેશોમાં અમે વિચરવા માંડયું. ઉત્તરદક્ષિણ વહેતી અનેક નદીઓ ઓળંગવા લાગ્યા. કેટલીક નદીઓના પુલ ઝુલતા વાયર અને નાના નાના પાટીઆના બનાવેલા હોય તો કેટલાક પુલ માત્ર કોઇ એક ઝાડના લાંબા થડના જ બનેલા હોય. એ પ્રદેશની રંગબેરંગી નેપાલી વસ્તી નિહાળીને આંખોએ ભારે કૌતુક અનુભવ્યું. ઠેકાણે ઠેકાણે ઉંચાણમાંથી વહી રહેલા જળપ્રપાતો આંખોને આકર્ષી રહ્યા. બહુ ઉંચાઇએથી પડતા કોઇ એક જળપ્રપાત નીચે આ પ્રવાસી મંડળીને સ્નાન કરતી નિહાળીને અમને તેમના સૌભાગ્યની

ઇચ્યાં આવી, ધીરેધીરે હિમશિખરો દૃષ્ટિ સમીપ આવીને ઉભા રહ્યાં. શેરપાઓનું જાણીતું ગામ નામચેબજારની ભાગોળે જઇ પહોંચ્યાં. એક સુરૂપ શેરપા સ્ત્રીને અમે નેપાલી શૈલિનાં આભૂષણો વડે સજ્જ થતી નિહાળી. શેરપાઓનું નૃત્ય જોયું. પૃષ્ટ ભૂમિકામાં ક્વાંગડે, ટાવેચે, આમા ડબ્લમ આદિ ગિરિશિખરોનાં દર્શન કર્યાં. એવરેસ્ટે પણ અવારનવાર હવે ડોકીયાં કરવા માંડયાં. નામચેબજારથી આગળ ચાલ્યાં. ઇમજા ખોલા નદી ઓળંગી. બૌદ્ધોનું યાત્રાસ્થક થ્યાંગબોચેના મઠની સમીપ આવી પહોંચ્યાં. ત્યાંના લામાઓને તેમના 'ઓફીશીયલ' પોશાકમાં જોયા. આ પ્રદેશ સૃષ્ટિસૌન્દર્યની દૃષ્ટિએ અત્યન્ત ચિત્તાકર્ષક છે. ત્યાંથી આગળ ચાલ્યા અને ઝાડપાન લીલોતરી વિરલ થવા લાગ્યાં. બરફથી ઢંકાયેલા પ્રદેશોમાં અમારી પ્રવાસી મંડળી સાથે અમે પણ વિચરવા માંડયું. ડાબી બાજુએ ત્રિશંકુ આકારનો પ્યુમોરી પર્વત અમારી નજરને ખેંચી રહ્યો. થંબુ ગ્લેશીયરમાં થઇને અમે આગળ વધી રહ્યા હતા. સમીપ રહેલા એવેરેસ્ટનું આવરણ કરતી નપ્સે પર્વતની ૨૫૦૦૦ ફીટ ઉંચી લાંબી દીવાલ ઉભી હતી; તેની પાછળ એવરેસ્ટનું ૨૯૦૦૨ ની ઉંચાઇવાળું શિખર અમારી આંખોને પાવન કરી રહ્યું હતું. જમણી બાજુએ ૨૮૦૦૦ ફીટની ઉંચાઇવાળો લોટ્સે પર્વત શોભી રહયો હતો. પ્યુમોરી તરફ જતાં જમણી બાજુએ જેને આઇસફોલ–હિમપ્રપાત–કહે છે, જ્યાં બારે માસ જાણે કે વહેતા ન હોય એવા હિમના ઢગના ઢગ પડેલા હોય છે તે એવરેસ્ટના પ્રવેશદ્વારને અમે નજરે નિહાળ્યું. તેની આગળ જેને વેસ્ટર્ન કવૂમ કહે છે જ્યાં એવરેસ્ટ, લોટ્સે, અને નપ્સે ત્રણે પર્વતનો બરફ એકઠો થાય છે તે કલ્પનાથી અમે જોઇ શકયા. લોટ્સે અને એવરેસ્ટને જોડનાર સાઉથ કોલ–એવરેસ્ટનો દક્ષિણ ખભો–જ્યાં થઇને ટેન્સીંગ અને હીલરી એવરેસ્ટના શીખર સુધી પહોંચ્યા હતા, એવરેસ્ટનું સાઉથ પીક-દક્ષિણ શિખર–જ્યાં એવરેસ્ટ પહોંચ્યા પહેલાંની રાત્રી આ બન્ને પર્વતવીરોએ ગાળી હતી.–આ બધું નજરોનજર નિહાળીને તેમ જ એવરેસ્ટને ટેલીફોટોની મદદ વડે જુદી જુદી બાજુએથી પૂરી સ્પષ્ટતાથી નિરખીને અમે અહોભાગ્યતા અનુભવી. પ્યુમોરી પર્વત ઉપર ૧૯૦૦૦ થી ૨૦૦૦૦ ફીટ શ્રી નવનીતભાઇની મંડળીને પહોંચેલી જોઇને તેમના અદ્ભૂત સાહસ વિષે અમારા દિલમાં ઉંડો આદર પેદા થયો. એના એ જ પ્રદેશ ઉપર પાછા ફરતાં બાવન દિવસનો એ ચિરસ્મરણીય પ્રવાસ પુરો કરીને એ ભાઇઓ મુંબઇ આવી પહોંચ્યા. અને અમારા રોમાંચક ઉડ્ડયનનો પણ આ ચિત્રપટ પુરું થવા સાથે અન્ત આવ્યો. એક મહાકાવ્ય જેવા આ ચિત્રપટે અમને બે ઘડિ મંત્રમુગ્ધ બનાવ્યા. અમારી રોજબરોજની દુનિયાને અમે તેટલા વખત પૂરતી ભુલી ગયા.

આ પ્રસંગે બીજા એક મિત્ર ગયા વર્ષે બદ્રીનાથ તથા કેદારનાથની યાત્રાએ ગયેલા તેનું તેમણે એક રંગીન ચિત્રપટ ઉતારેલું. આ ચિત્રપટ પણ આ પ્રસંગે તેઓ લઇ આવેલા અને તે નિહાળવાનો અમને અણધાર્યો લાભ મળ્યો. આ ચિત્રપટ દ્વારા બદ્રીનાથ અને કેદારનાથના ભવ્ય પ્રદેશોનો અમને જાણે કે સીધો પરિચય થયો અને અમારા આનંદમાં વિશેષ વૃધ્ધિ થઇ. એવરેસ્ટની યાત્રા સાથે આ બન્ને તીર્થોની પણ યાત્રા થઇ ગઇ.

અન્તમાં ભાઇ રામનારાયણ પાઠકે હાજર રહેલાં ભાઇબહેનો વતી ભાઇ નવનીતલાલ પરીખનો ઉંડી ઉર્મિવશતાપૂર્વક આભાર માન્યો, તેમની સાહસિકતા અને કુદરતને આવી ભકિતપૂર્વક માણવાના આવા શોખ માટે તેમને ધન્યવાદ આપ્યો અને યુવાન ભાઇ બહેનોને આ શોખ કેળવવા અને સાહસનાં નવાં નવાં શિખરો સર કરવા પ્રેરણા આપી.

પરમાનંદ

# ઉનાળાની મધુરતા

ઉનાળો અને મધુરતા ? આ બે આપણને કેટલા બધા વિરોધી લાગે છે ? છતાં ઉનાળામાં પણ મધુરતા છે અને એ મધુરતા કોઇ મહાબળેશ્વર, ઉટાકામંડ કે દાર્જિલિંગ જેવા હવા ખાવાના સ્થળે જવાથી પ્રાપ્ત થતી મધુરતા નથી. ત્યાંની શિતળતા અને સુન્દરતાનું આ લેખમાં વર્ણન પણ નથી. જેવા દુઃસહ તાપનો આપણને ઉનાળામાં અનુભવ થાય છે તેવા દુઃસહ તાપનો અન્ય ૠતુમાં આપણને ભાગ્યે જ અનુભવ થાય છે અને આ સર્વજનસાધારણ સંસ્કારને લીધે ઉનાળા વિષે આપણે હંમેશાં કંટાળો અણગમો કેળવતા આવ્યા છીએ, અને ઉનાળાની તો પ્રીતિકર એવી કોઇ સુભગ બાજુ જ નથી એમ માનીને આપણે ચાલીએ છીએ.

આવી એકાંગી માન્યતાની ચકાસણી કરવાની પ્રેરણા અને એ ચકાસણીમાંથી ઉનાળાની અનેક મધુર બાજુઓનું સચોટ ભાન કરવાની ઇચ્છા જો હોય તો ગરમી અને તાપ કોઇને માટે પણ સુસહ્ય બની શકે છે.

મુંબઇ જેવા કોઇ મોટા શહેરમાં વસતાં હોઇએ તો જ્યારે માર્ચ મહિનો સમીપ આવે છે ત્યારે સુસ્થિત લેખાતા મિત્રો એકમેકને પૂછવા માંડે છે કે 'ભાઇ, આ વખતે ઉનાળામાં મુંબઇ બહાર કયાંઇ જવાના છો? અને 'હા, જવાનો છું' એમ જવાબ આપે તો 'કયાં' ? એ પ્રશ્ન તે જવાબને સહજપણે અનુસરે છે. જેની જેવી સ્થિતિ અને અવકાશ એ મુજબ કોઇ માથેરાન, લોણાવલા કે મહાબળેશ્વર, તો કોઇ ઉત્તાકામંડ, મસુરી કે નૈનિતાલ જવાનો ઇરાદો જણાવે છે. કોઇ કોઇ તો વળી સ્વિટરઝલેન્ડ સુધી જઇને ઉનાળો ગાળવાનો મનસુબો કરતા હોય છે. આવો પ્રશ્ન કરનારને જ્યારે કોઇ એમ કહે છે કે 'આ વખતે તો ઉનાળો સૌરાષ્ટ્રમાં ગાળવો છે અને શાન્તિથી આરામ કરવો છે' ત્યારે 'બીજું કાંઇ નહિ ને સૌરાષ્ટ્ર ? એના કરતાં તો મુંબઇ શું ખોટું છે ?' આમ સામું પૂછનારનો કશો દોષ કાઢી શકાય નહિ. કારણકે સૌરાષ્ટ્ર કરતાં મુબઇમાં ગરમી ઓછી પડે છે એ વિષે બે મત છે જ નહિ. પરંતુ આ રીતે વિસ્મય અનુભવનારને ઉનાળા વિષેની અન્ય કલ્પના અને અનુભવનો કયાંથી ખ્યાલ હોય ?

સ્વાનુભવથી કહી શકુ છું કે આ વખતે મેં ધખધખતો ઉનાળો સૌરાષ્ટ્રમાં જ પસાર કર્યો, અને તે પણ એવી રીતે કે 'અહિં હું કયાં આવીને પડયો ?' એવા લેશ માત્ર કંટાળા વિના બલ્કે આનંદપૂર્વક, પ્રસન્નતા પૂર્વક, શરીરમાં થોડુંક વજન વધારીને અને મનને પણ વાંચન, ચિંતન તેમ જ સુખપૂર્ણ સંવેદનોથી સભર કરીને.

એમાં કોઇ પ્રશ્ન જ નથી કે માથેરાન કે મહાબળેશ્વર, સીમલા કે કાશ્મીર ભારે રમણીય સ્થળો છે, સૃષ્ટિસૌંદર્યનાં અપૂર્વ ધામ છે. ૠતુ પણ ત્યાં ઠંડી હોય છે. કેવળ આનંદઉપભોગાર્થે ત્યાં પ્રવાસીઓ જાય છે, તેથી ત્યાંના વાતાવરણમાં પણ આનંદ અને ઉલ્લાસ હોય છે. ઉનાળામાં ત્યાં જવાનું અને રહેવાનું કોઇને પણ ખૂબ ગમે તેવું હોય છે, પણ આવાં સ્થળોનો ઉપભોગ કેટલાં ઓછા માણસોના નસીબમાં હોય છે ? તો પછી જેમના માટે આવા હવા ખાવાના સ્થળે જવાનું એક યા બીજે કારણે શકય નથી, તેમણે શું પોતાને કમનસીબ સમજીને નિરાશ જ થવાનું ?

વળી ઉનાળા વિષેની એકાંત અણગમાની આપણી દૃષ્ટિ શું બરાબર છે ? શિયાળો, ઉનાળો અને ચોમાસું, હેમન્ત અને શિશિર, વસંત અને ગ્રીષ્મ, વર્ષા અને શરદ–આ ૠતુઓનો સનાતન ક્રમ કુદરતે માનવી જીવનના ધારણ, પોષણ અને સંવર્ધન અર્થે ગોઠવેલો છે.

ઋતુએ ઋતુએ સૌંદર્યની નવી નવી કળાઓનો ઉદય થાય છે અને તે દ્વારા માનવજીવનમાં ઉલ્લાસનો-પ્રાણમયતાનો સંચાર થયા જ કરે છે. તો શું ઉનાળો અથવા તો તેનો પશ્ચાર્ધ ગ્રીષ્મ જ એવી ઋતુ છે કે જેનું આગમન માનવી સમાજને કેવળ કષ્ટ અને કલેશ આપવાને નિર્માયલું છે અને જેની પાસે જીવનમાં આનંદ, સૌંદર્ય અને ઉલ્લાસ પ્રેરવા જેવું કશું જ નથી ?

આવી જો કોઇ માન્યતા ધરાવતું હોય તો તે ખોટી છે, પાયા વિનાની છે; ઋતુના અમૂક એક અંગ ઉપર વધારે પડતો ભાર આપવાથી ઉભી થયેલી છે, અને સ્વભાવાનુસાર વ્યક્તિએ કેળવેલી એક ભ્રમણા છે. જુઓ, ઉનાળાના આગમન સાથે ચોતરફથી સૃષ્ટિમાં અનેક ફેરફારો થાય છે. તેમાંના ત્રણ ફેરફારો આપણું એકદમ ધ્યાન ખેંચે છે. એક તો ઋતુ ગરમ થવા સાથે પક્ષીઓના કંઠ એકદમ ખુલે છે. વસંત ઋતુના પ્રારંભ સાથે પક્ષીઓનો કલરવ શરૂ થાય છે અને ગરમી વધવા સાથે તે કલરવનો નિનાદ વધતો જાય છે અને તેમાં નવા નવા પક્ષીઓના અવાજોની ઉત્તરોત્તર પુરવણી થતી જાય છે. મહિનાઓ સુધી લગભગ મૌન ધારણ કરી રહેલી કોયલ મૌનવ્રત છોડે છે અને તેનો મધુર ટહુકો વન, ઉપવન, શહેરના ઉપાન્ત ભાગને મુખરિત બનાવે છે. હંમેશાં સવારના પહોરમાં આપણને કોયલ જ ઉઠાડે છે. પૂર્વાકાશમાં ઉષાની લાલિમા પ્રગટયે કોયલનો ટહુકો શરૂ થાય છે. પછી તો સવાર હોય, બપોર હોય કે સાંજ હોય-એક યા બીજા ઝાડ ઉપરથી કોયલ સંભળાયા જ કરે છે. ઘણી વખત એક વૃક્ષની ડાળી ઉપર બેઠેલી કોયલ ટહુકો શરૂ કરે છે અને દૂરના બીજા કોઇ વૃક્ષની ડાળી ઉપર બેઠેલી કોયલ તેને ટહુકાથી જવાબ આપે છે. આ ટહુકા—પ્રતિટહુકાની પરંપરા કેટલીયે મિનિટ સુધી ચાલ્યા કરે છે. આવી કોઇ પરંપરા એક દિશાએથી બંધ થાય તો બીજી દિશાએથી વળી પાછી શરૂ થાય છે. કોયલ ટહુકો કરે અને આપણે તેની સામે ટહુકો કરીએ તો કોયલ ઘણી વખત આપણને પણ ટહુકાથી તરત જ જવાબ આપે છે. કોઈ કોઇ વાર ગાઢ જામેલી રાત્રી પણ કોયલના ટહુકાથી ગાજી ઉઠે છે. આ રીતે દિનપ્રતિદિન વધતા જતા પક્ષીઓના કલરવમાં મયૂરના કેકારવની જ્યારે પુરવણી થાય છે ત્યારે આખું વાતાવરણ સવિશેષ આનંદપુલકિત બનતું લાગે છે મયૂર માત્ર વસન્ત કે ગ્રીષ્મને વરેલો નથી હોતો. તેની ખરી ઋતુ તો વર્ષા છે. પણ ગ્રીષ્મના ચાલુ કલરવથી જુદો પડતો છતાં વિલક્ષણ સંવાદિતા ઉભો કરતો તેનો કેકારવ ગ્રીષ્મમાં વધારે મધુર અને રોમાંચક લાગે છે. કળા પૂરીને નૃત્ય કરતો મયૂર ગ્રીષ્મની વનશ્રીને વધારે રમણીય બનાવે છે. એક ઝાડ ઉપરથી ઉડીને બીજા ઝાડની ડાળી ઉપર બેસતા અને કેકારવ વડે આકાશ ગજવતા મયૂરો ગ્રીષ્મની મનોહરતા અને ગૌરવમાં કોઇ જુદો જ વધારો કરે છે.

ઉનાળામાં બીજું ધ્યાન ખેંચે તેવું આકર્ષણ નવાં તાજાં લીલાં પાનથી ઝુલી રહેલી, ડોલી રહેલી વૃક્ષ વનરાજીઓ છે. આપણે ત્યાં શિશિર ઋતુમાં ઘણાંખરા ઝાડનાં પાંદડા ખરી જાય છે અને કેટલાક વૃક્ષો તો તદ્દન પાંદડા વિનાનાં, થડ અને ડાળીઓના કેવળ માળખાં જેવાં બની જાય છે. વસન્તના વાયરા શરૂ થાય છે અને વૃક્ષે વૃક્ષે કૂંપળો ફુટવા માંડે છે અને જોતજોતામાં નવાં પલ્લવો વડે વૃક્ષો નૂતન યૌવનશ્રીને ધારણ કરતાં લાગે છે. નવા પાનને લીધે તેનાં લીલાછમ રંગમાં સોનેરી ચમક દેખાય છે. આ રીતે વૃક્ષરાજિઓ ઋતુસ્નાતા નવોઢાની માફક કોઇ જુદી જ કાન્તિમત્તા અને સૌન્દર્યનો પરિચય કરવે છે.

વાયુનો સ્વૈર વિહાર એ ઉનાળાની ત્રીજી વિશેષતા છે. વરસાદ માણવા માટે વર્ષાઋતુ છે; ઠંડી માણવા માટે શિશિર ઋતુ છે; તેવી રીતે પવન માણવા માટે ગ્રીષ્મ ઋતુ છે. વસંત આવે છે અને વાયુના બંધ હળવા થવા માંડે છે. ગ્રીષ્મમાં વાયુનો વેગ વધે છે અને એ વેગને લીધે ઝાડપાનનાં ડોલન અત્યન્ત રમણીય લાગે છે. પવન તો બારે માસ વાય છે. પણ વર્ષા અથવા તો શિશિર ઋતુમાં શિશિરની માત્રા વધતાં આપણા માટે તે ત્રાસરૂપ બની જાય છે અને એ પવનથી દૂર ભાગીને કોઇ પણ મકાનમાં ભરાઇ બેસવાનું આપણે મન કરીએ છીએ. ઉનાળામાં બીજું કાંઇ નહિ તો માત્ર પવનને માણવા માટે જ આપણે ઘરની બહાર નીકળીએ છીએ. પવન સુસવાટા કરતો વાવા લાગે છે; તે સુસવાટાને લીધે ધરતી ધ્રુજે છે અને આકાશ ગાજે છે. એમ છતાં પણ આવા સુસવાટાથી આપણે કદી કંટાળતાં નથી. સાંજે કે સવારે, મધ્ય રાત્રે કે પ્રાતઃકાળે પવન લહરિયો ફરફર કરતી, આપણને સ્પર્શતી આપણી ચોતરફ વીંટળાતી વહ્યા જ કરે છે; તેનો મધુર સ્પર્શ ગરમીને સુસહ્ય બનાવે છે, તનના અને મનના થાકને શમાવી દે છે.

આ ઉપરાંત ઉનાળો પુષ્પોની સુવાસને વધારે ઘન અને ઉગ્ર બનાવે છે. મોગરો ઉનાળાનું વિશિષ્ટ પુષ્પ છે. બોરસલ્લી પણ ઉનાળામાં ખુબ મહેકે છે. ગુલાબની સુવાસ ઉનાળામાં વધારે આલ્હાદક લાગે છે. એવી જ રીતે ફળોમાં ગળપણ પેદા કરનાર પણ ઉનાળો જ છે. સાધારણ રીતે ખાટાં ફળો ખટાશ છોડીને મીઠાશને ધારણ કરે છે. સંતરા ગળ્યા લાગે છે. રાયણ, પીલુ, જાંબુ, વિગેરે ઉનાળાના ફળો છે. આમાં પણ કેરી ઉનાળાનું વિશિષ્ટ ફળ છે.

આપણાં દેશમાં ઋતુએ ઋતુએ ભાતભાતનાં ફળો આવે છે. પણ અન્ન સાથે-અનાજ સાથે-સીધો મેળ હોય એવાં બે જ ફળો છે. એક કેળાં અને બીજું કેરી. કેળાં દેશના ઘણાખરાં ભાગોમાં બારે માસ મળે છે. કેરી માત્ર ઉનાળામાં સુલભ હોય છે. સાધારણ રીતે બીજાં ફળો લોકોને મોંઘા પડે છે, તેનો ઉપભોગ પણ લોકો બહુ ઓછો કરે છે. પણ કેળાં સોંઘાં હોય છે અને ઉનાળામાં કેરી પણ સાધારણ સ્થિતિના લોકો ખરીદી શકે એટલી સોંઘી થાય છે. વળી સુવાસ અને મધુરતામાં કેરી એક ઉત્તમ ફળ ગણાય છે. ઉનાળાની અસહ્ય ગરમીની સામેના પલ્લામાં માત્ર કેરીના ભોજનની આલ્હાદકતા મૂકવાની હોય તો પણ ત્રાજવાનાં બે પલ્લા લગભગ સરખાં થઇ જાય.

ઉનાળાની સૌથી વધારે આકર્ષક વિશેષતા તો એ છે કે ઉનાળાની રાત્રીઓ દરમિયાન આપણે ખુલ્લા આકાશ નીચે કશી અગવડ કે શારીરિક જોખમ સિવાય સુઇ શકીએ છીએ. આ નથી શકય હોતું શિયાળામાં કે નથી શકય હોતું ચોમાસામાં. મુંબઇ જેવા વકરેલા શહેરો બાદ કરતાં દેશના મોટા ભાગમાં લોકો-ગરીબ કે તવંગર-ઉનાળામાં ખુલ્લા આકાશ નીચે સૂઇ શકે છે. આ રીતે સૂવાનો આનંદ કેવો છે તે તો જે ખુલ્લામાં સૂવે તે જ જાણે. રાત્રીના ભોજનથી પરવારીને ખાટલામાં સૂતા હોઇએ અને માથે ભવ્ય આકાશ પથરાયલું પડયું હોય, મંદ મંદ પવનની લહરીઓ વાતી હોય અને દિવસની ગરમી અને પ્રકાશ બન્ને આથમી ગયાં હોય, અજવાળીયું હોય કે અંધારીયું હોય, જોતજોતામાં આપણી આંખો બિડાઈ જાય છે અને ગાઢ નિદ્રામાં મધુર સ્વપ્ન માફક આપણી રાત્રી સરી જાય છે.

અજવાળીયામાં પ્રતિરાત ચંદ્રની કળા વધવા લાગે છે. જેમ જેમ ચંદ્રકળા વધતી જાય તેમ તેમ ચંદ્રબિંબમાં શ્વેતતા સાથે શીતળતા પણ નીતરતી હોય એમ લાગે છે અને રાત્રીનું ખુશનુમાપણું વધતું જાય છે. વિકસતા જતા ચંદ્રબિંબને નિહાળ્યા કરતાં આંખો થાકતી નથી, મન ધરાતું નથી. મધ્યરાત્રી પસાર થાય અને દશમે અગિયારસનો ચંદ્ર આથમવા લાગે ત્યારે જાણે કે આપણું કોઇ પ્રિયજન વિદાય લઇ રહ્યું હોય એવી ગમગીની મન અનુભવે છે; પણ આ ગમગીની કેવળ ક્ષણજીવી હોય છે. કારણ કે ચંદ્રના અસ્ત થવા સાથે આકાશમાં ગ્રહનક્ષત્રો ચમકવા લાગે છે અને ચંદ્રના અભાવે ખાલી લાગતું આકાશ તારાઓ વડે છવાઈ જાય છે. જે

બરાબર મધ્ય આકાશમાં દ્રષ્ટિગોચર થતી હતી. આકાશનો આ વિભાગ તારાઓથી ખીચોખીચ ભરેલો હતો. એ તારાઓના તેજ વડે આકાશ ઝગારા મારતું હોય એમ લાગે છે. આકાશગંગા ઉત્તરથી માંડીને દક્ષિણ સુધી મધ્ય આકાશને વીંધીને પથરાયલી પડી હતી. આકાશગંગાના બન્ને કિનારે નિહારિકાના આછા આછા વાદળમાં છૂટા છવાયા તેજ પૂંજો નજરે પડતા હતા. વૃશ્ચિક રાશિનો પુચ્છવિભાગ, આકાશગંગાના દક્ષિણ તટની એક બાજુએ પૂર્વાષાઢા ઉત્તરાષાઢાનું નક્ષત્ર દળ, મધ્ય આકાશથી ઉત્તરાભિમુખ આકાશગંગાના પટ ઉપર અભિજિત, શ્રવણ, હંસ આદિ નક્ષત્રો શોભી રહ્યાં હતાં. ઉત્તર ધ્રુવની એક બાજુ સપ્તર્ષિ અસ્ત પામી રહ્યો હતો અને તેના પુચ્છ વિભાગના ત્રણ તારા ક્ષિતિજ તરફ ગતિ કરી રહેલા માલૂમ પડતા હતા તથા બીજી બાજુએ દેવયાનીનો ઉદય થઇ રહ્યો હતો. આવા આકાશને આવે સમયે જોવું એટલે વિશ્વના વિરાટ સ્વરૂપની કાંઇક ઝાંખી કરવા બરાબર લાગે.

દિવસના ભાગમાં સૂર્યપ્રકાશના કારણે પૃથ્વીતલ એટલું બધું સ્પષ્ટ ભાસે છે કે સાધારણ રીતે આપણી દૃષ્ટિ પાર્થિવ જગત સાથેજ સંલગ્ન રહે છે. રાત્રીના પ્રગટેલી ચંદ્રિકા આપણી દૃષ્ટિને પૃથ્વી અને આકાશ વચ્ચે ઘડી નીચે, ઘડી ઉપર એમ ડોલાવે છે. પૃથ્વીનું દર્શન ઝાંખું થાય છે અને આકાશદર્શન પણ એટલુંજ અસ્પષ્ટ હોય છે. કૃષ્ણ પક્ષની રાત્રીનો મહિમા સૌથી વધારે છે; કારણ કે તે રાત્રી દરમિયાન પૃથ્વીતલ લગભગ અગોચર બને છે. અને પાર વિનાના તારા, નક્ષત્ર અને નિહારિકાઓ દ્વારા આપણે વિરાટ વિશ્વના સીધા સંપર્કમાં આવીએ છીએ. આપણું અનન્તતા સાથે સીધું તાદાત્મ્ય સધાય છે. આવી કોઇ ગ્રીષ્મ ઋતુની કૃષ્ણ પક્ષની રાત્રીના ખાટલામાં સૂતાં સૂતાં અનન્ત આકાશમાં રહેલા અગણિત તારાઓને જોતાં વિશ્વની ગૂઢતાનું—ગહનતાનું—આપણને સચોટ ભાન થાય છે. આવા અસીમ વિશ્વ અને તેની અપાર સૃષ્ટિઓમાં ટપકા જેવી પૃથ્વી ઉપરના ખૂણે પડેલ ક્ષુદ્ર જંતુ જેવા આપણે કોણ? એ રીતે આપણો અહંભાવ માત્ર ગળી જાય છે અને વિનમ્રતાનો સહજ ભાવે સંચાર થાય છે. રાત્રીનો આ આનંદ, આ રોમાંચ, આત્મપ્રકૃતિનું આવું ઉર્ધ્વીકરણ ઉનાળા સિવાય અન્ય કોઇ ઋતુમાં અનુભવગોચર થવું શકય નથી. ઉનાળાનો આ કોઇ જેવો તેવો મહિમા નથી.

અને ગ્રીષ્મનો પ્રખર મધ્યાન્હ પણ ઉપેક્ષાયોગ્ય કે કેવળ અણગમો ચિન્તવવા યોગ્ય છે જ નહિ. એ પણ કુદરતના એક એવા સ્વરૂપનું ભાન કરાવે છે કે જેનો અનુભવ વિશ્વનું સમગ્ર સ્વરૂપ ગ્રહણ કરવા માટે આવશ્યક છે. આપણે સુખપ્રધાન વૃતિના હોઇને હંમેશાં કુદરતના સૌમ્ય અને સુંદર સ્વરૂપને આવકારીએ છીએ, પણ તેના ભવ્ય અને પ્રચંડ સ્વરૂપને સમજી શકતા નથી, નિહાળી શકતા નથી, માણી શકતા નથી. પણ જેને ઇશ્વરનું દર્શન કરવું છે, જેને વિશ્વના સમગ્ર સ્વરૂપને ચિત્તમાં સમાવવું છે તેણે કુદરતના પ્રચંડ અને ભવ્ય સ્વરૂપને ઝીલતાં શીખવુંજ જોઇએ. ઋતુઓને અનુલક્ષીને વિચાર કરીએ તો આવું દર્શન કોઇવાર વર્ષાઋતુમાં થાય છે. કાળાં વાદળાઓની ગાજવીજ ચાલી રહી હોય, પવન અત્યન્ત વેગપૂર્વક વહી રહ્યો હોય અને પૃથ્વીતલને ખેદાનમેદાન કરી રહ્યો હોય, અનવરત ધારાએ વરસાદ વરસી રહ્યો હોય-અનન્તની ગહનતાનું આવું કોઇ દૃષ્ય આપણે જોઇએ ત્યારે જ આપણને સાચું ભાન થાય છે. આવી જ રીતે ખરે બપોરે ધગધગતા તાપમાં આપણે કોઇવાર ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતા હોઇએ, ગરમ ગરમ પવન વહી રહ્યો હોય, ધૂળના વાવંટોળ જ્યાં ત્યાં ઉડતા હોય, ક્ષિતીજના સીમાન્ત ભાગ ઉપર મૃગજળનું દર્શન આંખને લોભાવી રહેલ હોય, ટ્રેન કે બસ પૂર્ણ વેગમાં પોતાનો માર્ગ કાપી રહેલ હોય—આવે વખતે આપણને કુદરત જાણે કે સ્તબ્ધ બની ગઇ હોય, ૨૧ અને નરમાશનો, શીતળતા અને સ્વસ્થતાનો જાણે કે અન્ત આવી ગયો હોય અને ગ્રીષ્મની અમાનુષી ખુમારી આપણને પડકારતી હોય એવું કુદરતનું પ્રચંડ સ્વરૂપ આપણી સામે આવીને ઉભું રહે છે. આ દૃષ્યમાં પણ કોઇ અદ્ભુત ભવ્યતા હોય છે. આ ભવ્યતાનું ભાન કરવું હોય તો તાપ અને તડકાની ભડકથી છુટવું ઘટે છે. ઉષ્ણ હવામાન આપણા દેશની પ્રાકૃતિક ખાસિયત છે. તેનાથી ભાગવું કંટાળવું તે દેશના એક વિશિષ્ટ સ્વરૂપથી અજ્ઞાત રહેવા બરાબર છે. આ રીતે ઉનાળાનો વિચાર કરીએ અને પચાવીએ તો વર્ષની ત્રણેય ઋતુઓ અને બારે માસ આપણા માટે વૈવિધ્યપૂર્ણ આનંદના પ્રદાતા બને અને કોઇ પણ ઋતુની કોઇ પણ મનસ્વિતા આપણામાં અસુખ કે ઉદ્વેગની લાગણી પેદા કરી ન શકે. *** પરમાનંદ.**

* થોડા સમયમાં પ્રસિધ્ધ થનાર સત્યં શિવં સુન્દરમ્‌માં સમાવિષ્ટ કરવામાં આવેલ આ લેખ નમુનારૂપે અહિં પ્રગટ કરવામાં આવ્યો છે. **તંત્રી**

# પ્રકીર્ણ નોંધ

## ભગવાન મહાવીરની જન્મજયંતી

આ પત્ર વાંચકોના હાથમાં આવ્યું હશે ત્યારે તા. ૧૬-૪-૫૪ ચૈત્ર શુદ તેરસના રોજ ભગવાન મહાવીરની જન્મ જયંતી દેશભરમાં સ્થળે સ્થળે ઉજવાઇ રહી હશે. આ પ્રસંગે આ મહાપુરૂષનું સ્મરણ કરીને તેમના વીરોચિત જીવનમાંથી આપણે નવી પ્રેરણા નવું બળ મેળવીએ અને આજના આપણા જર્જરિત નૈતિક કલેવરમાં નવી ચેતના, નવી ધૃતિ, નવી દ્રષ્ટિ પ્રગટાવીએ. અધર્મનું ઉથ્થાપન અને ધર્મનું સંસ્થાપન, હિંસાનો વિરોધ અને અહિંસાનું અનુમોદન, અસત્યનો સામનો અને સત્યની ઉપાસના, ઉચ્ચનીચના ભેદોની અવગણના અને સમાનતાની સ્થાપના, ક્રિયાકાંડની નિરર્થકતા અને સંયમ અને તપની સાર્થકતા—આમ એકના ઇનકાર અને અન્યના સ્વીકાર ઉપર ભગવાન મહાવીરનું તત્ત્વજ્ઞાન અને જીવનચરિત્ર રચાયલું છે. ૨૫૦૦ વર્ષ પહેલાં ઉદય પામેલ એ જયોતિર્ધરની જયોત આજે પણ આપણા જીવનને અજવાળી રહી છે, આપણા રૂઢિબધ્ધ જીવનમાંથી મુકત બનીને સત્ય અને શ્રેયના માર્ગે ચાલવાની તાકાત આપી રહેલ છે. તેમનું ધ્યાન અને ચિન્તન કરીને આપણામાં નવો પુરૂષાર્થ પ્રગટાવીએ અને તેમણે પોતાના યુગનું પરિવર્તન કર્યું તેમ આપણે પણ આપણા યુગનું આમૂલ પરિવર્તન કરીએ.

## 'ટીંબાનો ઉપદેશ'

આ અંકના પહેલા પાને સ્વામી આનંદનો 'ટીંબાનો ઉપદેશ' એ મથાળાનો લેખ જોવામાં આવશે. સ્વામી આનંદ મારા પુરાણા મિત્ર. તેમની સાથે ૧૯૧૧ માં મને પહેલવહેલી ઓળખાણ થયેલી ત્યારે તેઓ જીવનસાધનાના ખ્યાલથી મોટા ભાગે હિમાલયમાં રહેતા હતા. ઓળખાણમાંથી અમારો સંબંધ મૈત્રીમાં પરિણમ્યો અને અમારી વચ્ચે પત્રોની લેવડદેવડ ચાલવા લાગી. એ વખતના તેમના પત્રોમાં તેઓ હિમાલયના અનુભવો લખતા હતા અને તે પત્રોદ્વારા હિમાલયના અદ્ભુત સૃષ્ટિસૌન્દર્યનું મન ભરીને પાન કરવા મળતું હતું. તેમની લેખનશૈલિ ભારે રસાળ અને પ્રવાહબદ્ધ, હતી તેમનાં સંવેદનોમાં વિકસતા કમલદલનું લાલિત્ય અને સુવાસ હતી. તેમના હાથે સાહિત્યના ક્ષેત્રમાં અપૂર્વ સર્જનો થશે એવી આશા એ વખતે બંધાતી હતી.

પણ તેઓ સાહિત્યક્ષેત્ર તરફ નહિ આકર્ષાતાં કર્મક્ષેત્રમાં પડયા. ૧૯૧૮-૨૦ ની અસહકારની ચળવળ દરમિયાન નવજીવન અને યંગ ઇન્ડીઆના તેઓ સંપાદક થયા અને તેમની અપૂર્વ સંયોજક કાર્યશકિતનો માત્ર ગુજરાતને જ નહિ પણ સમસ્ત હિંદને એક ચિરસ્મરણીય પરિચય પ્રાપ્ત થયો. પછી તો રાજકારણ અને ગાંધીજીનું કાર્ય એ તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર બની રહ્યું અને લખવા તરફ તેઓ કદિ વળ્યા જ નહિ.

'કાંઈક લખો લખો, કાંઇ નહિ તો ગાંધીજી સાથેનાં પરિચય સ્મરણો લખો; અનેક વિશિષ્ટ વ્યક્તિઓ સાથેનાં સહવાસની વાતો લખો,'–આવી મારી તેમની સમક્ષ સતત માંગણી રહ્યા જ કરતી, પણ તે માંગણી સાંભળવાથી વિશેષ કોઇ કાર્યમાં કદિ પરિણમતી જ નહિ. હમણાં હમણાં તેમનું મન લખવા તરફ કાંઇક વળતું, કાંઈક ઢળતું હું જોઇ રહ્યો છું અને આનંદ અનુભવું છું. સૌરાષ્ટ્રના ગામડાંમાં વસતા લોકોની ભાષાના ચોગઠામાં લખાયલા ત્રણ લેખો (જાતક કથા, પ્ર જી. ૧-૧-૫૪; ભગતુને ભાતાં બંધાવ્યાં, પ્ર જી. ૧૫-૧-૫૪; તાણે અમારે એમ કરવું ? પ્ર. જી. ૧-૨-૫૪.) આજ સુધીમાં પ્રગટ થયેલા પ્રબુદ્ધ જીવનના વાચકોના જોવામાં આવ્યા હશે. આ લેખો જોઇને બાઇબલનાં 'Sermon of the Mount'–ગિરિપ્રવચન–નું આવું જ ગુજરાતી રૂપાન્તર કરી આપવા તેમને હું થોડા સમયથી કહી રહ્યો હતો. તેના પરિણામ રૂપ 'ટીંબાનો ઉપદેશ' આજે આપણને જોવા મળે છે. Sermon of the Mount ગિરિપ્રવચન ખ્રીસ્તી લોકો માટે એક નાનકડી ગીતા છે; આપણ સર્વને અનુસરવા યોગ્ય શિક્ષાપત્રી છે. જેણે બાઇબલના હાર્દને પકડયું હોય અને બાઇબલને પુરૂં પચાવ્યું હોય તેના હાથે જ આવું સમર્થ ગુજરાતી રૂપાન્તર શક્ય બને.

એ સુવિદિત છે કે બાઇબલની ભાષા ગામડિયા પ્રાકૃત લોકોની ભાષા છે. અને તેથી જ તેમાં કોઇ જુદા પ્રકારની સચોટતાનો અનુભવ થાય છે. આ ધાટીને અનુસરીને સ્વામી આનંદે પ્રસ્તુત ગિરિપ્રવચનનો અનુવાદ અથવા તો ગુજરાતી રૂપાન્તર એ જ પ્રકારની ગુજરાતી ભાષામાં કર્યું છે. અને તેથી તેના વાકયે વાકયે આપણને કોઇ જુદી જ વિલક્ષણતાનો–સચોટતાનો–વેધકતાનો અનુભવ થાય છે. આવો અનુભવ આજે લખાતી શિષ્ટ ગુજરાતી ભાષાના અનુવાદોમાં આપણને કદિ ન જ થાત.

આવી ઓજસ્વી જેની લેખિની છે, આવો વિપુલ અનુભવ જેના જીવનમાં ભરચક ભર્યો પડયો છે તેવા આ 'ટીંબાના ઉપદેશ'ના લેખક લગભગ અસૂર્યપશ્યા જેવી બનેલી પોતાની લેખિનીને મુકતપણે વિચરવા દે એવી મારી તેમને નમ્ર અભ્યર્થના છે. આજે ચાલી રહેલા ઈસ્ટરના તહેવારો દરમિયાન આ 'ટીંબાનો ઉપદેશ' પ્રગટ થાય છે તે સવિશેષ આનંદજનક છે.

**હાઇડ્રોજન બોંબ અને અમેરિકાનો હુંકાર**

હીરોશીમાનો સંહાર કરતા એટમ બોંબના ઉગમ સાથે આપણી દુનિયાએ કદિ ન કલ્પી શકાય એવી એક ભીષણ પરિસ્થિતિમાં પ્રવેશ કર્યો છે. એ સંહારકાર્યનું તત્કાળ પરિણામ જાપાનના પરાજયમાં અને બીજા વિશ્વયુધ્ધના અન્તમાં આવ્યું. આમ છતાં પણ આજે આપણે કશી શાન્તિ કે સહીસલામતી અનુભવતા નથી એ પણ એનું જ પરિણામ છે.

હાઇડ્રોજન બોંબની શોધથી પરિસ્થિતિની ભીષણતામાં કોઈ જુદો જ વધારો થયો છે. આ બોંબનો પહેલો પ્રયોગ ગયા માર્ચ માસની પહેલી તારીખે અમેરિકાએ પેસીફિક મહાસાગરમાં આવેલા બેકિની ટાપુઓ ઉપર કર્યો. આ બોંબની માઠી અસર અમેરિકાની કોઈ કલ્પનાં કે ગણતરી નહોતી એટલા વિસ્તીર્ણ પ્રદેશ ઉપર થઇ. સવાસો માઇલ દૂર ફરતી હોડી ઉપર રેડીઓ-એકટીવ રજની વર્ષા થઇ અને તેની ઝેરી તેમ જ દાહક અસર તે હોડીમાં બેઠેલા જાપાનીઝ માછીમારો ઉપર થઇ. જ્યાં પોતાની હકુમત નથી એ પ્રદેશમાં વસતા માણસો ઉપર આવી ઘાતક અસર થયેલી જોઇને દુનિયાના લોકો ખળભળી ઉઠયા અને અનેક રાષ્ટ્રોના આગેવાન સત્તાધીશોએ આવા પ્રયોગો નહિ કરવા અમેરિકાના પ્રમુખ આઇઝનહોવરને જાહેર રીતે વિનવણી કરી. પણ આજે અમેરિકાના આગેવાન સત્તાધીશો આવી વિરાટ સંહારક શકિત હસ્તગત થવાના કારણે ભારે મદાંધ બની બેઠા છે. હાઇડ્રોજન બોંબના પહેલા ધડાકાના ભોગ બનેલા નિર્દોષ જાપાનીઝ માછીમારો સંબંધમાં દિલગીરી દર્શાવવાની વાત તો બાજુએ રહી, પણ જાણે કે તેમને દુનિયામાં કોઇ પૂછનાર ન હોય એમ અમેરિકાએ એટલે કે યુનાઇટેડ સ્ટેટ્સે આ ધડાકા કરવાનો કાર્યક્રમ ચાલુ રાખ્યો છે અને ત્યારબાદ આજ સુધીમાં બીજા બે ધડાકા કર્યાં છે, અને હજુ પણ એ પ્રયોગપરંપરા ચાલુ રહેવાની છે.

આવાં શસ્ત્રોનું નિયંત્રણ કરવાની ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં દરખાસ્ત મુકતાં થોડા દિવસ પહેલાં શ્રી. સી. આર. એટલીએ એક મહત્વ પૂર્ણ નિવેદન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે "અમારા અભિપ્રાય પ્રમાણે દુનિયાના ઇતિહાસમાં આપણી સામે એક તદ્દન નવીન જ પરિસ્થિતિ આવીને ઉભી રહી છે. જુદી જુદી રાજ્ય સત્તાઓની દોરવણી નીચે કાર્ય કરતા વિજ્ઞાન શાસ્ત્રીઓએ દુનિયાનાં મોટામાં મોટાં શહેરોનો નાશ કરી શકે અને કદાચ નાશ નહિ તો તદ્દન વિકલ બનાવી મુકે એવા એક શસ્ત્રનું નિર્માણ કર્યું છે."

તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે "આ દરખાસ્ત હું કોઇ પક્ષવાદની બુદ્ધિથી પ્રેરાઇને નથી કરતો, પણ મને ઊંડેથી લાગ્યું છે કે આજની દુનિયાની ખરી સ્થિતિ શું છે તે શાન્તિપૂર્વક અને વાસ્તવિક સ્વરૂપમાં સમજી લેવાની આપણ સર્વ માટે અસાધારણ આવશ્યકતા ઉભી થઇ છે.

"યુનાઇટેડ સ્ટેટ્સ પાસે આ શસ્ત્ર છે એ આપણે જાણીએ છીએ. આપણે એ પણ માનીએ છીએ કે રશીઆએ આ સાધન હસ્તગત કર્યું છે અને થોડાંએક વર્ષોમાં બીજાં અનેક રાજ્યો પણ આ સાધન જરૂર હાથ કરી શકવાના છે.

"આપણે ઘણાં મોટાં ઔદ્યોગિક મથકો ધરાવીએ છીએ અને આજે એક ધડાકામાં તે બધાં ભાંગીને ભુકકો થઇ જાય એવી દશા પેદા થઈ છે. મને લાગે છે કે હાઇડ્રોજન બોંબના ઉપયોગપૂર્વકનું ભાવી યુધ્ધ આજની સભ્યતાને શીર્ણવિશીર્ણ કરી નાંખશે.

"આ હાઇડ્રોજન બોંબની શોધથી યુધ્ધ વધારે સંભવિત બન્યું છે કે ઓછું સંભવિત બન્યું છે આ પ્રશ્ન આપણ સર્વેએ બહુ ગંભીરપણે વિચારવો ઘટે છે. હાઇડ્રોજન બોંબથી ભાવી યુધ્ધની અટકાયત થશે એમ ભલે બીજા ધારતા હોય. મને એમ નથી લાગતું. કોઇ પણ લોકશાહીના તંત્રવાહકો આવું યુધ્ધ શરૂ કરે એમ હું કલ્પીજ શકતો નથી. પણ લોકશાહી અને સરમુખત્યારશાહી આ બે પ્રકારના રાજ્ય તંત્રો વચ્ચેનો તફાવત આપણે લક્ષ્યમાં લેવો ઘટે છે. સરમુખત્યારશાહી રાજ્યતંત્રની રચના જ એવી છે કે અણધાર્યો તત્કાળ હુમલો કરવાની સગવડ હંમેશાં એ રાજ્યતંત્રને વધારે સુલભ રહેવાની જ.

"એવો એક વિચાર આજે રજુ કરવામાં આવે છે કે આ હાઇડ્રોજન બોંબનાં પરિણામો એટલાં બધાં ભયંકર હોવાનાં કે કોઇ પણ રાજ્ય આ બોંબનો ઉપયોગ કરવાની કદિ હીંમત જ ધરશે નહિ અને તેથી ભાવી યુધ્ધની કોઇ સંભાવના જ નહિં રહે. હું પણ ઇચ્છું છું કે આ કલ્પના સાચી નીવડે. પણ હકીકત એમ છે કે એક વખત આ જમાનામાં લડાઇ શરૂ થઇ–અને તે એક યા બીજે છેડે લઇ જનારી હોવાની–અને એ લડાઇ દરમિયાન જો કોઇ પણ પ્રજાની હયાતી જોખમાતી માલુમ પડી તો તે પોતાનો બચાવ કરવા માટે ગમે તે શસ્ત્રનો ઉપયોગ કરવાની જ. હીટલરના છેલ્લા દિવસોની વિગતોની જાણ થવા બાદ એમ માનવાને કોઇ પણ કારણ નથી કે જો તેની પાસે એટમ બોંબ હોત તો તે તેનો ઉપયોગ કર્યા વિના રહ્યો ન હોત.

"ખરૂં જોખમ આજની એ વાસ્તવિકતામાં રહેલું છે કે જે પહેલો ઘા કરી શકે તે પક્ષ હંમેશા વધારે ફાવટમાં રહેવાનો. અને આજે એવી કોઇ પણ બાંહ્યધરી આપી શકે તેમ નથી કે ભવિષ્યમાં કોઈ પણ કાળે કોઇ પણ દેશમાં એક એવો ઝનુની માણસ સત્તા ઉપર નહિ જ આવે કે જે માનવ જાતને ધીક્કારતો હશે

અથવા તો જે સઘળી સભ્યતાનો નાશ થવો જોઇએ એમ માનતો હશે.

"ચાર મોટી હકુમતો માત્ર હાઇડ્રોજન બોંબ અને નિશસ્ત્રીકરણનોજ પ્રશ્ન ચર્ચવા માટે એકઠી થાય એમ નહિ પણ હાઇડ્રોજન બોંબના અસ્તિત્વથી દુનિયા સામે કેવી સમસ્યા ઉભી થઇ છે તેનો વિચાર કરવા માટે આ ચાર મોટી હકુમતો એકઠી મળે એવી મારી અને મારા પક્ષની માંગણી છે. આજ સુધીના આપણા અનુભવ ઉપરથી જરૂર કોઇ પ્રશ્ન કરે કે આવા મીલનનું કોઇ નિશ્ચિત પરિણામ આવવાની આશા રાખી શકાય ખરી ? મને લાગે છે કે આ હાઇડ્રોજન બોંબના ધડાકાથી આખી દુનિયાના લોકોનાં દિલ ખળભળી ઉઠયાં છે. મને ખાત્રી છે કે યુનાઇટેડ સ્ટેટસની આ મનોદશા છે. આપણા દેશની પણ આજ સ્થિતિ છે. અને મી૦ મોલોટોવની એક તાજેતરમાં પ્રગટ થયેલી યાદી ઉપરથી મને માલુમ પડે છે કે સોવીયટ રશીઆ પણ આ બાબતમાં એટલું જ ક્ષુબ્ધ છે. મને લાગે છે કે આજે આ ભય આખી દુનિયા ઉપર એકસરખો વ્યાપી રહ્યો છે. હું માનું છું કે એ ભય વધતો જશે અને હું ઇચ્છું છું કે એ ભય વધવો જોઇએ. દુનિયાની દરેક સ્ત્રી અને પુરૂષ સંસ્કૃતિ અને સભ્યતાનો વિધ્વંસ કરવાની શકયતા ધરાવતા આ જોખમ વિષે તીવ્રપણે સભાન બને એવી મારી અપેક્ષા છે.

"હું કબુલ કરૂં છું કે રશીઆ એક ચોક્કસ પ્રકારની સમાજરચના અને અર્થવ્યવસ્થા નિર્માણ કરી રહેલ છે જે આપણને ગમતી નથી અને જેનો આપણી જીવનપદ્ધતિ સાથે મેળ નથી. પણ તે બાબત તેમની ચિન્તાનો વિષય છે મને ખાત્રી છે કે મેલેકોવ અને રશીઆના અન્ય શાસકો તેમના આ પ્રયોગના હાઈડ્રોજન બોંબ વડે ચુરેચુરા થયેલા જોવા જરાપણ ઇચ્છતા નથી. મને ખાત્રી છે કે રશીઆના પ્રજાજનો અને ત્યાંના આગેવાનો પણ હવે શું થશે એ વિષે પુરા પ્રમાણમાં સચિન્તતા અનુભવી રહ્યા છે. લોકશાહી અને સરમુખત્યારશાહી એવી સર્વ હકુમતોના માથે આ જોખમ ઝઝુમી રહ્યું છે, અને આ પરિસ્થિતિમાં કાંઈ પણ ફેરફાર ન થાય તો આ ઘટનાનું જોખમ કોઇથી નકારી ન શકાય એટલું નકકર અને ભયાનક હોવાનું છે. વિનાશનાં સાધનો ખડકાયે જવાનાં છે. આ વસ્તુ તમે અટકાવી શકો તેમ છેજ નહિં. યુધ્ધ તરફ ધસડી જતા બનાવો બન્યેજ જાય છે અને બનતા જવાના છે. આમાંથી કાંઇને કાંઈ બાંધછોડ કરીને આપણે માર્ગ કાઢવો જ જોઇએ. પોતે જીવવું અને અન્યને જીવવા દેવું આ માટે કોઇપણ પ્રકારની સમજુતી ઉપર આવવાનો પાકા પાયે પ્રયત્ન થવો જ જોઈએ. સંયુકત રાષ્ટ્ર સંસ્થાને સાચા અર્થમાં સંયુકત રાષ્ટ્રસંસ્થા બનાવવાનો વખત હવે આવી પહોંચ્યો છે. હું નથી માનતો કે આજનો સમય આપણી સભ્યતાના ટકાવને અનુકુળ છે. ઉલટું હું એમ માનું છું કે પ્રત્યેક મહીને આ જોખમ વધતું જ જાય છે. અનેક ભવ્ય સંસ્કૃતિઓ અને સભ્યતાઓ આગળ ઉપર લુપ્ત થઈ ચુકી છે. બેશક એ કાળ દરમિયાન લોકો માનતા આવ્યા હતા કે 'ભયંકરમાં ભયંકર કલ્પના મુજબ કંઇ બનવાનું નથી. આપણે અને આપણી સભ્યતા આ કટોકટી સામે જરૂર ટકી શકશે.' પણ એમ છતાં આપણે જાણીએ છીએ કે અનેક સભ્યતાઓ આજે કાળના ગર્ભમાં સમાઇ ચૂકી છે. આવી જ કટોકટી આજે આપણી સામે આવીને ઉભી છે દુનિયાભરના સામાન્ય પ્રજાજનો આ જોખમ વિષે સભાન બન્યા છે. અમે માનીએ છીએ કે આ જોખમની સર્વનાશની સંભાવનાના ભયથી મુકત થવા ઝંખતાં લાખો નરનારીઓનો જેને ટેકો હોવાનો એવી આ ચાર મહાસત્તાનું મીલન દુનિયાના ઇતિહાસને નવી દિશાએ ગતિમાન કરી શકશે. આ બાબતમાં હું કહું છું કે હજુ બહુ મોડું નથી થયું."

આના જવાબમાં ઇંગ્લાંડના મુખ્ય પ્રધાને જે કાંઇ જવાબ આપ્યો હતો તેનો સાર એ હતો કે શ્રી. એટલી જે કહે છે તે બધું બરોબર છે, પણ હાઇડ્રોજન બોંબના ધડાકા તેના પ્રોગ્રામ પ્રમાણે થયાજ કરશે અને તે અટકાવવા અમે અમેરિકાને કશું કહેવા માગતા નથી.

આમ માંધાતા બની બેઠેલા અમેરિકાને તેના સાથીઓ રોકવા માંગતા નથી, રોકી શકે તેમ નથી. શ્રી. એટલી જેવા રાજનીતિજ્ઞની આવી શાણપણ અને દુરંદેશી ભરેલી સલાહ સાંભળવાને અમેરિકા બીલકુલ તૈયાર નથી. ત્યાંના વિદેશ ખાતાના મંત્રીએ પણ સામ્યવાદી દેશોને તાજેતરમાં આજ પ્રકારની ધમકી આપી છે કે સમજો અને અમે કહીએ તેમ વર્તો, નહિ તો સંયુકત પગલું united action ભરવાની અમને ફરજ પડશે. આ સંયુકત પગલાની ધમકી પાછળ એક જ વૃત્તિ દેખાય છે કે રશીઆ કે ચીન તૈયારી કરે તે પહેલાં કોઇપણ નિમિત્ત મળે તો હાઇડ્રોજન બોંબ વડે એ બન્ને દેશની પ્રજાને ભૂમિશાયી બનાવી દેવી.

આ મદોન્મત્ત વર્તન વડે જે દેશોએ લોકશાહીને અપનાવી છે અને જે દેશો સરમુખત્યારશાહીથી ખરેખર દૂર રહેવા ઇચ્છે છે એવા દેશોને પણ અમેરિકા પોતાનું વિરોધી બનાવી રહેલ છે અને આજ સુધી દુનિયાના પ્રમુખ દેશોની સામ્યવાદ-અનુકુળ અને સામ્યવાદ પ્રતિકુળ એમ વહેંચણી થતી હતી તેના સ્થાને હવે અમેરિકા-અનુકુળ અને અમેરિકા-પ્રતિકુળ એ રીતની વહેંચણી થવાની સંભાવના ઉભી થઇ રહી છે. આમ અમેરિકા અનેક દેશોની અપ્રીતિ વહોરી રહ્યું છે.

"હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ પણ આ હાઇડ્રોજન બોંબના ધડાકા સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે અને એમાંથી માનવતાનો પાયામાંથી ધ્વંસ કરતી એવી જે એક પ્રકારની હૃદયબધિરતા-નિષ્ઠુરતા- પેદા થઇ રહી છે તે તરફ દુનિયાનું સચોટપણે ધ્યાન ખેંચ્યું છે. કાં તો આપણો નાશ થશે અને નાશ નહિ થાય તો પણ માનવી માનવી નહિ રહે-જો હાઇડ્રોજન બોંબમાંથી પેદા થતી, કેળવાતી અને પોષાતી મનોદશાને મૂળમાંથી અટકાવવામાં છેદવામાં નહિ આવે તો-આ રીતે તેમણે દુનિયાને પોકાર કરીને ચેતાવેલ છે.

પણ આજે પેદા થયેલ દશ માથાળા અને વીશ હાથાળા રાવણને આ સાંભળવા કે વિચારવાની નવરાશ નથી. તેનું બધું ધ્યાન રશીઆ અને ચીન આસપાસ મજબુત કીલ્લેબંધી ઉભી કરવામાં કેન્દ્રિત થયેલું છે. એશીઆને સામ્યવાદથી ઉગારવાનો તેણે ઇજારો લીધો છે. ટર્કી અને પાકીસ્તાન તેની જાળમાં ફસાયું છે અને બીજા દેશોને એક યા બીજી રીતે પોતા સાથે જોડાવાની ફરજ પડે એવાં સંચારસૂત્રો તેણે વહેતાં કર્યાં છે.

આ બધનું શું પરિણામ આવશે તે કોઈ કહી કે કળી શકે તેમ નથી; પણ ભાવીનું આજે જે દર્શન થઇ રહ્યું છે તે ખરેખર ખૂબ ભયાવહ છે એ વિષે બે મત છેજ નહિ. આ આખલાને નાથવા આજે કોઇ સમર્થ દેખાતું નથી. પણ હિંદે આ સામે પોતાનો અવાજ ઉઠાવ્યો છે અને ગમે તેવી લોભલાલચ કે ધમકીઓ હોવા છતાં અણનમ ઉભા રહીને જે કહેવું જોઇએ તે કહેવાની હિંમત દાખવી છે. આજ નીતિને વળગી રહીને આગળ ચાલવા હિંદ કટિબધ્ધ છે. અને જો આ કટોકટીમાંથી દુનિયા ઉગરી શકશે તો તેનો પુણ્યાંશ હિંદના ભાગે નોંધાશે અને ફરી ફરીને કહેવા છતાં અમેરિકાએ અને રશીઆએ ઉભા કરેલા ભસ્માસુરો જો એકમેકનો અને આખી દુનિયાનો ગ્રાસ કરશે તો હિંદ અહિંસાનો, નિર્વૈરતાનો, સુલેહનો, શાન્તિનો ઝંડો ફરકાવતું ફરકાવતું ચોતરફ ફેલાતી જવાળાઓ વડે ગ્રસ્ત બન્યું હતું એ રીતે આજની દુનિયાના ઇતિહાસનું છેલ્લું પ્રકરણ લેખાશે.

**પરમાનંદ**

# સંઘ સમાચાર

## મુંબઈ જૈન યુવક સંઘનો આગામી રજતમહોત્સવ

તા. ૩-૪-૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આગામી ભાદ્રપદ માસ દરમિયાન ઉજવવા ધારેલ સંઘના રજતમહોત્સવના કાર્યક્રમ અંગે નીચે મુજબની રૂપરેખા નકકી કરી છે.

(૧) આ મહોત્સવ અંગે પ્રબુધ્ધ જીવનનો ૨૪ થી ૩૨ પાનાનો ખાસ અંક કાઢવો. આ અંકમાં સંઘનો ૨૫ વર્ષનો વૃત્તાન્ત, સંઘની આજસુધીની કાર્યવાહીને લગતાં સંસ્મરણો તેમ જ જૈન સમાજ તથા વિશાળ જૈનસમાજને સ્પર્શતી અનેક બાબતો સંબંધી વિચારપ્રેરક લેખોનો સમાવેશ કરવામાં આવશે.

(૨) કોઈ પણ એક ભાવનાપ્રધાન નાટકના જુદા જુદા દિવસે બે પ્રયોગો ભજવવા.

(૩) સંઘના રજત મહોત્સવ અંગે એક જાહેર સંમેલન ભરવું.

(૪) સંઘના પ્રેરક, શુભેચ્છક તથા નિડર મૌલિક વિચારક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું આ પ્રસંગે સંઘ તરફથી જાહેર સન્માન કરવું.

(૫) સંઘના સભ્યોનું સહભોજન અથવા તો સ્નેહસંમેલન યોજવું.

(૬) શરત્પૂર્ણિમાનો નૌકાવિહાર ગોઠવવો.

આ આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડે અને સંઘ તેમ જ સંઘમારફત સંચાલિત શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય બન્ને આર્થિક દૃષ્ટિએ સુસ્થિર પાયા ઉપર મૂકાય એ દૃષ્ટિએ પોતપોતાથી બનતો સહકાર આપવા સંઘના દરેક સભ્યને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

## સત્યં શિવં સુન્દરમ્

આગામી ભાદ્રપદ માસમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો રજત મહોત્સવ ઉજવવાના નિર્ણયને અનુલક્ષીને સંસ્થા તરફથી પ્રગટ થનારા 'સત્યં શિવં સુન્દરમ્' સંઘના સભ્યોને તેમ જ પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને તેની નક્કી કરેલી કીમત રૂ ૩) ના બદલે રૂ. ૨) માં આપવાનો પ્રબંધ સંઘના રજત મહોત્સવ સુધી ચાલુ રાખવાનું તા. ૩-૪-૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ્યું છે. આ પુસ્તક પંદરેક દિવસમાં હવે તૈયાર થવાનો સંભવ છે. આ પુસ્તક મેળવવા ઇચ્છતા સભ્યો તેમ જ ગ્રાહકોએ રૂ. ૨) તથા પોસ્ટેજના રૂ. ૦-૬-૦ મોકલી આપવા વિનંતિ છે.

## કાકાસાહેબ માટે યોજાયલું શુભવિદાય સંમેલન

તા. ૨૭-૩-૫૪ ના રોજ કાકા સાહેબ કાલેલકર જાપાનમાં તા. ૧-૪-૫૪ ના રોજ ભરાનાર શાન્તિપરિષદમાં ભાગ લેવા માટે જાપાન જનાર હતા. તેમને શુભ વિદાય ઇચ્છવા માટે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૬-૩-૫૪ ના રોજ સંઘના કાર્યાલયમાં એક નાનું સરખું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. કાકા સાહેબને આવકાર આપતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ સંઘ સાથે કાકા સાહેબના ઘનિષ્ટ સંબંધનો ખ્યાલ આપ્યો હતો અને પછાત વર્ગોની ઉધ્ધાર સમસ્યાનો ઉકેલ શોધવા માટે નિમાયેલા કમીશનના સરનશીન તરીકે તેઓ કેવો પરિશ્રમ ઉઠાવી રહયા છે અને દેશભરમાં એક છેડેથી બીજા છેડે તેઓ નાજુક તબિયતે કેવું પરિભ્રમણ કરી રહ્યા છે તેની માહીતી આપી હતી. કાકાસાહેબે આવું સંમેલન યોજવા બદલ સંઘની કાર્યવાહક સમિતિનો આભાર માનતાં એશિઆમાં જાપાનના ઉદય કાળથી માંડીને આજ સુધીના જાપાનને લગતા ઇતિહાસની કેટલીએક વિગતો રજુ કરી હતી અને નાનપણથી જાપાન તરફ તેઓ કેવી રીતે આકર્ષાયલા હતા, જાપાનને જોઇને હિંદના યુવનો એ સમયમાં અજેય લેખાતી યુરોપ-અમેરિકાની પ્રજા સામે માથું ઉંચકવાને કેવી રીતે પ્રેરાયા હતા તેનું વિવેચન કરતાં હિંદના વસ્તીવૃધ્ધિ અને ખોરાકની તંગીનો પ્રશ્ન, આજે જોખમાઇ રહેલી વિશ્વશાન્તિનો પ્રશ્ન, હિંસા અહિંસાની સમસ્યા આદિ અનેક બાબતો ચર્ચી હતી. આ વિવિધવિષયસ્પર્શી સુન્દર ચિન્તનપ્રેરક પ્રવચન આગળ ઉપર પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે. સંઘના પ્રમુખશ્રી ખીમજીભાઇ ભુજપુરીઆએ કાકાસાહેબનો આભાર માનતાં તેમના જાપાન જવા પાછળ રહેલા ઉદ્દેશમાં કાકા સાહેબને શુભ સફળતા ઇચ્છી હતી.

## ચંદનવાડી લોકકલ્યાણ કેન્દ્ર

મુંબઇ શહેરમાં સોનાપુર સ્મશાનની બાજુએ આવેલ ચંદનવાડી નામના સ્થળમાં પછાત વર્ગના આશરે ૩૮૦૦ ભાઈબહેનો વસે છે. આમાં મોટી વસ્તી ખારવાઓની છે. અને તે ઉપરાંત મહાર, મરાઠા અને ખ્રીસ્તી કુટુંબો પણ સારી સંખ્યામાં વસે છે. આમાંનો ઘણો મોટો ભાગ નિરક્ષર છે. ઘણા ખરાની આર્થિક સ્થિતિ બહુ દયાજનક છે. રહેણી કરણીમાં પારવિનાનો ગંદવાડ હોય છે. તેમના માટે મુંબઇ મ્યુનીસીપાલીટીએ બંધાવેલી ૭ ચાલોમાં તેઓ બહુ ધીચપણે રહે છે. રીત રીવાજની ગુલામી તેમને નીચોવી રહી છે. તેમને સભ્ય માનવી કેમ બનાવવા એ જ મોટો પ્રશ્ન છે. આ વિભાગમાં છેલ્લાં છ સાત વર્ષથી એક નાનું સરખું ભાઇબહેનોનું જુથ કામ કરે છે. આ લોકોનું જીવન કેમ હળવું બને, તેમની નાની મોટી અગવડો કેમ દૂર થાય, અક્ષરજ્ઞાનનો તેમનામાં કેમ ફેલાવો થાય, તેમનામાં ઘર કરી રહેલા ગંદવાડ અને અસ્વચ્છતા કેમ દૂર થાય, તેઓ ઘરગથ્થુ શીવણ વગેરે ઉદ્યોગો તરફ કેમ વળે–આ દિશાએ આ સેવાભાવી ભાઇબહેનોનો વર્ષોથી સતત પ્રયત્ન ચાલી રહયો છે. આ ચંદનવાડી લોકકલ્યાણ કેન્દ્રના એક મુખ્ય કાર્યકર્તા બહેન શ્રી. સરલાબહેન ઝવેરીને આ પછાત વર્ગમાં ચાલી રહેલ ઉદ્ધારકાર્યનો અનુભવ રજુ કરવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી નિમંત્રણ આપવામાં આપ્યું હતું. આ નિમંત્રણને માન આપીને સરલાબહેન તા ૩-૪-૫૪ શનીવારના રોજ સંઘના કાર્યાલયમાં આવ્યાં હતાં અને સંઘના સભ્યો તેમજ અન્ય ભાઈબહેનો સમક્ષ તેમણે પોતાના કાર્યની અને અનુભવની લગભગ એક કલાક સુધી સીધી સરળ તેમ જ સચોટ ભાષામાં હૃદયસ્પર્શી રજુઆત કરી હતી. તેમને સાંભળીને ઉપસ્થિત સર્વ ભાઇબહેનો ભારે આદરમુગ્ધ બન્યા હતા. જૈન શ્રીમન્ત કુટુંબમાં સુખચૈનપૂર્વક ઉછરેલ કૌમારવ્રતને શોભાવતી એક સુશિક્ષિત બહેન ઉંચનીચનો ભેદ ભુલીને, ગંદકી અને ગંદવાડની સુગથી મુકત બનીને જાણે કે પોતાનાં ભાઇ ભાંડુ ન હોય એવી રીતે નીચેના થરના લોકોની કેવી સેવા કરી રહેલ છે તેનો સીધો પરિચય તેમને સાંભળતાં સૌને થયો હતો અને સૌના દિલમાં તે વિષે ઊંડી છાપ પડી હતી. જે દેશમાં આવી કાર્ય કરતી બહેનો અને ભાઇઓ ચોતરફ સારી સંખ્યામાં પાકી રહ્યાં છે તે દેશનું ભાવી અત્યન્ત ઉજળું અને આશાસ્પદ હોવું જ જોઇએ એવી તેમને જોઇને સર્વના મનમાં પ્રતીતિ તેમ જ શ્રદ્ધા ઉપજતી હતી. આ જ પ્રસંગે તેમની સાથે કાર્ય કરતાં અન્ય જૈન બહેન શ્રી સુનંદા જગદીશચંદ્ર વહોરાએ પણ પોતાના કુટુંબ સાથે થોડાંએક વર્ષો પહેલાં પોતે મુંબઇ રહેવા આવ્યાં ત્યારબાદ બપોરની નવરાશમાં કંઇ કામની શોધ કરતાં તેઓ કેવી રીતે સરલા બહેનના પરિચયમાં આવ્યા અને ચંદનવાડીના સેવાકાર્ય તરફ ખેંચાયા, પાંચેક વર્ષ પહેલાં તેમને કમનસીબે વૈધવ્ય પ્રાપ્ત થયું અને આસપાસના વાતાવરણે એક મોટી અકળામણ પેદા કરી એમ છતાં પણ ધૈર્યપૂર્વક તેઓ પાછા આ જ કામ સાથે કેવી રીતે વળ્યા અને સંલગ્ન થયા અને આ કાર્યદ્વારા આજે તેઓ કેવો સંતોષ અને પ્રસન્નતા અનુભવી રહ્યાં છે અને આવા સેવાકાર્યમાં જ પોતાને વારસામાં મળેલ જૈન ધર્મની ચરિતાર્થતા નિહાળી રહ્યા છે તેનો મર્મસ્પર્શી સંવેદનજનક ચિતાર આપીને શ્રી. સરલાબહેનના સુભાષિતમાં તેમણે સુન્દર પુરવણી કરી હતી.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

**વિષયસૂચિ** — પૃષ્ઠ

| | | |
|---|---|---|
| ટીંબાનો ઉપદેશ | સ્વામી આનંદ | ૨૧૯ |
| એવરેસ્ટનું રોમાંચજનક દર્શન | પરમાનંદ | ૨૨૦ |
| ઉનાળાની મધુરતા | પરમાનંદ | ૨૨૧ |
| **પ્રકીર્ણ નોંધ:** ભગવાન મહાવીરની જન્મ-જયંતી, ટીંબાનો ઉપદેશ, હાઇડ્રોજન બોમ્બ અને અમેરિકાનો હુંકાર. | પરમાનંદ | ૨૨૩ |
| **સંઘ સમાચાર :** મુંબઇ જૈન યુવક સંઘનો આગામી રજત મહોત્સવ, 'સત્યં શિવં સુન્દરમ, કાકાસાહેબ માટે યોજાયલું શુભ-વિદાય સંમેલન, ચંદનવાડી લોકકલ્યાણ કેન્દ્ર. | | ૨૨૫ |
| ભગવાન મહાવીરનું જીવનદર્શન અને જૈનોના માન્યતા-ભેદોનો સમન્વય | સુરજચંદ્ર ડાંગી | ૨૨૭ |

# ભગવાન મહાવીરનું જીવનદર્શન અને જૈનોના માન્યતાભેદોનો સમન્વય

(ગત વર્ષ દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઈ ખાતે યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બારસી નિવાસી જૈન આશ્રમના સંચાલક શ્રી. સુરજચંદ્ર ડાંગીએ ઉપરના વિષય ઉપર આપેલા વ્યાખ્યાનનો શ્રી. મેનાબહેને કરી આપેલો સંક્ષિપ્ત સાર.)

સામાન્ય રીતે લોકોની એવી ધારણા છે કે, ભગવાન મહાવીરનું જીવન વ્યક્તિગત વિશુદ્ધિ, ઉત્કૃષ્ટ વૈરાગ્ય, પ્રચંડ તપ, અને સંપૂર્ણ નિષ્પરિગ્રહતાના આદર્શરૂપ છે. પણ હું એમના એક અનુપમ વિશેષણ તરફ ખાસ ધ્યાન ખેંચવા માંગુ છું. એ વિશેષણ છે **'તીર્થંકર'**

સંત, વીતરાગ, મહર્ષિ, જીવનમુકત, વગેરે વિશેષણો સામાન્ય કેવલીને પણ લાગુ થાય છે. પરંતુ જૈન સસ્કૃતિમાં સર્વથી મહાન પુણ્યપદ તીર્થંકરતું છે, જે પરમજ્ઞાની થઇ તીર્થની સ્થાપના કરે છે, સંઘનું શાસન કરે છે, અને સમાજમાં અહિંસક ક્રાંતિના નેતા તરીકે ઓળખાય છે. નવકારમંત્રમાં પોતાના અંતિમ ધ્યેયને સિદ્ધ કરી ચૂકેલા અનંત સિદ્ધોથી પણ એમને પ્રથમ નમન કરવામાં આવ્યું છે.

ભગવાન મહાવીરનું જીવન અર્હન્ત અને તીર્થંકરના સર્વગુણોનું અતિમ પ્રતીક છે. તીર્થંકરોનો ત્યાગ વૈરાગ્ય કે તપ સંયમ માત્ર પોતાની આત્મસાધના માટે જ નથી. પણ તેઓ પોતાની જીવનચર્યા દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલી અનેક દ્વન્દ્વાત્મક સમસ્યાઓનું યથાર્થ નિરાકરણ પ્રત્યક્ષ કરી બતાવે છે. તેઓ નિર્ગ્રંથ એટલા માટે કહેવાય છે કે જનતાને ગ્રંથોની ગુલામીથી મુકત કરી આત્મશ્રદ્ધાવાન અને વિવેકી બનવા પ્રેરણા આપે છે પ્રત્યેક ક્રાંતિકારી મહાપુરૂષને પ્રથમ શાસ્ત્રમૂઢતા અને રૂઢીચુસ્તતાની વિરૂદ્ધ પગલું ભરવું પડે છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને વેદગ્રંથોના વિવાદની ભાંજગડમાંથી મુકત થઇ આત્મશ્રદ્ધાવાન અને વિવેકી બનવા ઉપદેશ આપ્યો છે. હું એમ નથી કહેવા માંગતો કે કૃષ્ણ અને મહાવીર વૈદિક સંસ્કારોના વિરોધી હતા. પરંતુ તેઓ વેદશાસ્ત્રોથી ઉપર રહેલી નિર્વેદ અવસ્થાએ પહોંચી ચૂકયો હતા, અને લોકોને પણ તે જ સ્થિતિએ લઇ જવા ઇચ્છતા હતા. વિકારગ્રસ્ત પ્રાણીઓને સંસ્કારવાન બનાવવા વેદોમાં વિવાહની વિધિ છે. પણ નિર્વિકાર વીતરાગ સત્પુરૂષો માટે તે ફરજીયાત નથી. જેમ નિરોગી અને સંયમીજનો માટે દવાની આવશ્યકતા નથી તેમ નિર્વેદયુકત સત્પુરૂષો માટે વેદોની જરૂરિયાત નથી. નિર્ગ્રંથોને ગ્રંથોની ગુલામી શા માટે? લૌકિક વિદ્યાઓ અને ગ્રંથોથી સંપૂર્ણ અતીત થઇને નિર્ભયતાથી કેવલ આત્મપ્રજ્ઞાને આધારે પ્રભુએ ધર્મનું પ્રરૂપણ કર્યું. ગૌતમ સ્વામીએ પાર્શ્વનાથના શિષ્યો સાથે સંવાદ કરતાં સ્પષ્ટપણે કહેલું છે કે "ભગવાન મહાવીરે ધર્મતત્વનો નિશ્ચય પોતાની પ્રજ્ઞાથી જ કર્યો છે. અને પોતાની આત્મશકિતથી જ પરમપદ પ્રાપ્ત કર્યું છે." બાહ્ય અવલંબનને તેઓ બંધન માનતા.

ભગવાન મહાવીરનો ગૃહપરિત્યાગ ઉત્કૃષ્ટ કર્મયોગની ભૂમિકા રૂપ હતો. તેને આપણે વ્યકિતગત સ્વાર્થવાસનાના ત્યાગ રુપ સમજતા હોઇએ તો તે ભ્રમ છે. તેઓ સામુદાયિક હિત અને સામાજિક કલ્યાણથી અલગ ન હતા. એટલા માટે જ તેઓએ નવા સંઘની સ્થાપના કરી, અને પ્રચલિત સામાજિક વિષમતાની વિરૂદ્ધ ઝગડી તીર્થંકર નામના સર્વોત્કૃષ્ટ પદને ચરિતાર્થ કર્યું. વિદ્યાર્થીને ઘર છોડી નિશાળે મોકલીએ છીએ તે એટલા માટે નહિં કે તે નિશાળમાં જ રહે, પરન્તુ નિશાળની કેળવણી પૂર્ણ કરી ફરી તે ઘરમાં આવે અને ગૃહસ્થધર્મને સર્વપ્રકારે સુસંપન્ન કરે ત્યારે જ તેની કેળવણી સફળ થાય છે. તેવી જ રીતે મહાવીર સમાજને છોડી આત્મસાધના કરવા એકાન્તમાં ગયા, પણ તે એકાન્તમાં જ બેસી રહેવા માટે નહિ પણ, પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી તેઓ ફરી સમાજમાં આવ્યા, અને સમાજની વિકૃતિઓ નાબુદ કરવા માટે સુદૃઢ નવા સંઘનું નિર્માણ કર્યું.

પોતાને મોટા તત્વજ્ઞાની માનનારાઓમાં પણ એક ભયંકર ભૂલ ઘણીવાર જોવામાં આવે છે કે તેઓ સંન્યાસીની નિષ્કર્મતાને પુરૂષાર્થહીનતા સમજે છે. મહાવીરની નિષ્કર્મતા તેવી ન હતી. તેમના નિર્વાણને આજે અઢી હજાર વર્ષ થઇ ગયા છતાં આજે યે તેમની નિષ્કર્મતામાં જ કેટલાંય સત્કર્મોને પ્રેરણા આપવાની વિશાલ શકિત દેખાઇ રહી છે. આપણો શ્વાસ બહાર નીકળી બહાર જ રહે અને ફરી અંદર આવી પ્રાણદાન ન કરે તો મરણ જ થાય. તે જ પ્રમાણે સંન્યાસી કે સાધુ સામુદાયિક ક્ષેત્ર છોડી સંયમ સાધના માટે ભલે બહાર જાય, પણ સાધ્ય સિદ્ધ કરી ફરી સુવ્યવસ્થિત સમાજ સર્જન કરે ત્યારે જ તીર્થંકરપદને યોગ્ય બની શકે છે. ભગવાને પોતાના આદર્શ જીવનવ્યવહારથી એવું સિદ્ધ કરી બતાવ્યું છે કે ઓછામાં ઓછો પરિગ્રહ રાખીને વિષય રહિત પરમાનંદનો ઉપભોગ કરી શકાય છે.

સામાન્ય રીતે એવી સમજ પ્રવર્તે છે કે કેવલ મોક્ષસ્થિતિમાં શું આનંદ હશે? પરંતુ વિષયોથી મુકત થવામાં પણ આનંદનો અનુભવ થાય છે, માનો કે આપણે કોઇના લગ્નની જાનમાં જાનૈયા તરીકે ગયા છીએ. ત્યાં કન્યા પક્ષ આપણી તમામ સગવડો સાચવે છે, આપણી જે ઇચ્છા થાય તેનો અમલ કરવાને સતત બે ચાર માણસો હાજર રહેતા જ હોય છે. આમ છતાં પણ ત્યાં એક એવી પણ ક્ષણ આવે છે કે જ્યારે સર્વ આનંદોપભોગને છોડી આપણને એકાન્ત શોધવા ઇચ્છા થાય છે. લોકોને કહેવું પડે છે કે "હવે મને જરા નિવૃત્તિ લેવા દો." જો વિષયમાં જ આનંદ છે તો તેને છોડી એકાન્તમાં પડવાની ઇચ્છા શા માટે થાય છે? ખરી વાત એ છે કે ઇન્દ્રિયોમાં આનંદોપભોગની શકિત થોડો કાલ વિષયરહિત સુષુપ્ત અવસ્થામાં રહેવાથી જ પ્રાપ્ત થાય છે. આંખ પોતાનો વિષય સુંદર રૂપ નિરખવાનું છોડીને અને જીભ સરસ ભોજનનો આસ્વાદ છોડીને નિદ્રા દ્વારા સ્વસ્થતા મેળવ્યા પછી જ ખરૂં સુખ માણવાની શકિત પ્રાપ્ત કરે છે. આમ અજ્ઞાનથી પણ વિષયનિવૃત્તિમા આનંદ છે તો વિવેકપૂર્વક વિષયોનો ત્યાગ કરવામાં ભગવાનને કેટલો બધો આનંદ આવ્યો હશે?

ભગવાન મહાવીરને પ્રાણીમાત્ર સ્વજન સમાન હતા. સર્વ જીવોના આનંદમાં જ એમનો પરમાનંદ હતો. પોતાની સંપૂર્ણ મમતા ગળી જવાથી સમગ્ર વિશ્વ માટે તેઓ મંગળરૂપ બન્યા હતા. સર્વ જીવોના ખેદને તેઓ જાણતા હતા. સર્વ જીવોના સુખમાં જ એમને સુખ હતું. એમનું વારંવાર ઉચ્ચારાયેલું આ વાક્ય સુપ્રસિદ્ધ છે. "जहा सुहं देवाणुंप्पिया" તમે એવું આચરણ કરો કે સર્વ જીવોને સુખ થાય. મહાત્મા બુદ્ધ ગુપ્ત રીતે ઘર છોડીને નીકળી ગયા હતા, પરતુ ભગવાન મહાવીરે માતાપિતાને સંતોષ આપી તેમના અવસાન બાદ વડિલ બંધુની અનુમતિ મેળવ્યા પછી જ સાધુ ધર્મને સ્વીકારવાની પરંપરા નિર્માણ કરી. તાત્પર્ય એ છે કે બીજાના અધિકારો સાચવવા માટે આપણા કર્તવ્યને પાર પાડતાં આપણી વ્યાજબી ઇચ્છાઓને પણ દબાવવી પડે, ગમે તેટલાં કષ્ટ સહન કરવા પડે તો પણ પૂર્ણ સંયમ રાખવો જોઇએ.

જેના જીવનમાં કોઇ પણ પ્રકારનું સંકટ આવતું નથી તેને સદ્ભાગી સમજવું ઠીક નથી. ભાગ્યવાન તે જ છે કે જેઓ ભયંકરમાં ભયંકર કષ્ટોમાં પણ ધૈર્યને ટકાવી રાખે છે. કષ્ટમય જીવન એ દુર્ભાગ્ય નથી, પણ કષ્ટોથી ગભરાઇ જવાય એ દુર્ભાગ્ય છે. જો રેશમની તળાઇમાં જન્મે અને તેમાં જ મરે તે મનુષ્ય નહિ પણ

પામર કોટિનો જીવ છે. મનુષ્ય તો તેજ છે કે જે હસતાં હસતાં મરે.

એ ભારે શરમની વાત છે કે પ્રભુનો અનેકાન્ત સિદ્ધાંત સર્વ વાદોનો સમન્વય કરવા માટે સમર્થ હોવા છતાં જૈન સંઘના જુદા જુદા સંપ્રદાયોની માન્યતાઓનો સમન્વય સાધવામાં આપણે સફળ નીવડી શકયા નથી.

આજે મોટા મોટા સમાજશાસ્ત્રીઓ પ્રભુએ મકકમ પાયા ઉપર નિર્માણ કરેલી સંઘ વ્યવસ્થાને જોઇ આશ્ચર્યચકિત થઇ રહ્યા છે. અઢી હજાર વર્ષ વીતી ગયા અને સંઘના ચાર ભાગ પડી ગયા તોયે કોઇપણ સંપ્રદાયના સાધુની હિંમત નથી કે તે પોતાની સાથે કંચન કે કામિનીને રાખી શકે. જો જરા પણ સંગ્રહ રાખે તો શ્રાવક સંઘના પુણ્યપ્રકોપના પરિણામે તેને સાધુનો વેશ મૂકી દેવો પડે છે. આ છે મહાવીરના આદર્શ અનુશાસનની કઠોરતા. પરંતુ આજે સાધુ સાધ્વી તેમજ શ્રાવક શ્રાવિકામાંથી અનેકાન્ત વ્યવહાર ઉડી ગયો છે. નહીં તો ભિન્ન ભિન્ન માન્યતાઓનો ભિન્ન ભિન્ન દૃષ્ટિથી સમન્વય સાધવામાં શું મુશ્કેલી આવે? જો કોઇ પ્રશ્ન કરે કે પાઘડી સારી કે પગરખાં? ઉત્તરમાં કહેવાય કે માથાની અપેક્ષાએ પાઘડી સારી અને પગની અપેક્ષાએ પગરખાં સારાં. છતાં તેમાંયે અપવાદ હોઇ શકે. રામના પગરખાં ભરતે માથા ઉપર ચઢાવ્યાં, અને સંતોના ચરણોમાં આપણે પાઘડી મૂકીએ છીએ. આવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિવેક કરી નિશ્ચય અને વ્યવહાર રૂપી બે સીધા પાટા ઉપર તત્વવિવેચનના આધારે સ્વસ્થતાથી ચાલવાનું ભગવાને આપણને શીખવ્યું છે. એજ સમત્વદૃષ્ટિથી આપણે સંપ્રદાયના માન્યતાભેદોને દૂર મુકી પરસ્પર પ્રેમવૃદ્ધિ કરવાની છે.

દિગંબર શ્વેતાંબરના ભેદો તો આપણા સાધુ વર્ગમાં જ જોવામાં આવે છે. શ્રાવક શ્રાવિકાઓ તો સર્વ કોઇ વિચિત્રાંબર છે. તો પછી આપણે શ્રાવક શ્રાવિકાઓ એમ કેમ નક્કી કરી ન લઇએ કે અમે તો પોતને જૈન તરીકે જ સમજીશું? દિગંબર કે શ્વેતાંબર તરીકે નહિં. હા, આપણા જૈન મુનિઓ દિગંબર પણ છે જેને શાસ્ત્રોમાં "જિનકલ્પી" કહેવામાં આવ્યા છે, અને શ્વેતાંબર પણ છે જેઓ "સ્થવિર-કલ્પી" ના નામથી ઓળખાય છે. ભગવાન મહાવીર પોતે તો બંન્ને સંપ્રદાયને મતે દિગંબર જ છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ તે સંપ્રદાયના સાધુઓના આચારને ઉત્તરાધ્યયનસૂત્રમાં ક્ષુલ્લકાચાર તરીકે વર્ણવ્યો છે, "જિનકલ્પાચાર" નહીં. તો પછી આ નિરર્થક વાદવિવાદ શા માટે? શ્વેતાંબર સંપ્રદાય સ્ત્રીલિંગમાં મુકિત માને છે. દિગંબર સંપ્રદાય નથી માનતો. આ વિવાદ અત્યારે વ્યર્થ છે. કારણ કે બન્ને સંપ્રદાયમાં એ માન્યતા તો સરખી જ છે કે આ કાળમાં સ્ત્રી કે પુરૂષ કોઇમાં મુકિત મેળવવાનું સામર્થ્ય નથી. એટલે જ્યારે મુકિતમાં જવાનું શરૂ થશે ત્યારે આ વિવાદ સહેજે શાંત થઇ જશે. જો સ્ત્રી મોક્ષમાં જશે તો દિગંબર સંપ્રદાય તેને અટકાવી શકવાનો નથી, અને જો નહીં જાય તો શ્વેતાંબર પક્ષ સ્ત્રીને ફુટબોલની જેમ ઉછાળીને પરાણે મોક્ષમાં મોકલી શકવાનો નથી. એટલે આ દૃષ્ટિ ધ્યાનમાં રાખી એવો વાદવિવાદ બંધ રાખવામાં જ સાર છે. બીજો ભેદ વીતરાગ ભગવાનના કવલ આહાર વિષે પણ છે. દિગંબર પક્ષ કેવલીને કવલાહાર નથી માનતો જ્યારે શ્વેતાંબર પક્ષ કેવલીને કવલાહાર માને છે. આ ભેદ ઉપર પણ હમણાં ભાર મૂકવો નિરર્થક છે. કારણ બન્ને સંપ્રદાયોમાં આ કાળમાં આ ક્ષેત્રમાં કોઈ કેવલી થઇ શકવાનું નથી એવી સમાન માન્યતા પ્રવર્તે છે. ત્યારે જે કાળમાં કેવલી થવાનું શરૂ થશે તે કાળમાં સહેજે ઝઘડો પતી જશે. તે વખતે જે સત્ય હશે તે એની મેળે દેખાઇ જ આવશે. આ નકામો ઝઘડો હમણા શા માટે કરવો? ત્રીજો મતભેદ છે ભગવાનની મૂર્તિને સોનાચાંદીથી વિભૂષિત કરવા ન કરવા બાબતનો. શ્વેતાંબર પક્ષ મૂર્તિને આભૂષણોથી વિભૂષિત કરે છે જ્યારે દિગંબર પક્ષ આભૂષણને બદલે ખુદ મૂર્તિ જ સોના ચાંદીની બનાવી લે છે. મને પોતાને તો એમ લાગે છે કે આજની પૂજન પદ્ધતિમાં જ મૂળભૂત ક્રાંતિ કરવાની આવશ્યકતા છે. જ્યાંસુધી એ ક્રાંતિ કરનારા સમર્થ આચાર્યો ન પાકે ત્યાંસુધી બન્ને સંપ્રદાયોનું કર્તવ્ય છે કે વીતરાગ પ્રભુની શાંત મુદ્રા ઉપર લક્ષ આપી કોઇપણ મૂર્તિનું અવલંબન લેવામાં કોઇ વાંધો ન ઉઠાવે. અલંકારયુકત મૂર્તિ જોઇને એમ ભાવના ભાવી શકાય કે આ પ્રભુ ગમે તેટલા સોનાચાંદી અને ઝવેરાતથી શણગારાયેલા છતાં પોતે તો કેટલા નિર્લેપ છે? અને દિગંબર મૂર્તિ જોઇને પ્રભુની કૈવલ્યાવસ્થાની સહજ મુદ્રાનું ધ્યાન ધરી શકાય. મૂર્તિપૂજામાં ભાવની પ્રધાનતા છે, નહીં કે બાહ્ય દેખાવની. પછી તેમાં ઝઘડો શાને?

શ્વેતાંબર સંપ્રદાયમાં સ્થાનકવાસી નામે એક મોટો ભેદ પ્રસિધ્ધ છે જે મૂર્તિપૂજાનો વિરોધ કરે છે. આ મૂર્તિપૂજાનો વિષય અવિવેકથી ઝઘડારૂપ બની ગયો છે. જો આપણે તેનો વાસ્તવિક અર્થ સમજીને ચાલીએ તો આ ઝઘડો પણ ન રહે. ખરી રીતે કોઇ મૂર્તિની પૂજા નથી કરતું, પણ મૂર્તિનું અવલંબન લઇ પ્રભુની પૂજા કરે છે, પ્રભુના ગુણગાન ગાય છે. કંઇ સંગેમરમર કે ધાતુનું ગુણગાન નથી ગાતા. જેમ ચોપડી વાંચીને પણ જ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે અને ચોપડી વગર મુખપાઠથી પણ જ્ઞાન પામી શકાય છે, તેમ મૂર્તિનું અવલંબન લઇને પણ પ્રભુનું ધ્યાન થઇ શકે છે, અને મૂર્તિ વગર પણ પ્રભુનું ધ્યાન થઇ શકે છે. જેને જે અનુકુળ આવે તે રીતે કરે. તેમાં ઝઘડવું શાને? પણ આપણને એક બીજાને મિથ્યાત્વી કહ્યા વિના ચેન જ પડતું નથી.

સ્થાનકવાસી સંપ્રદાયમાં બાવીશપંથ અને તેરા પંથ નામના બે મોટા ભેદ છે. તેના ક્રિયાકાંડમાં વિશેષ અંતર નથી. પણ પ્રરૂપણામાં ભારે મતભેદ બતાવવામાં આવે છે. જેનો સમન્વય કરવો એ જરા સુક્ષ્મ દૃષ્ટિનું કામ છે. તેરાપંથીઓની માન્યતા વિષે એમ કહેવાય છે કે તે પ્રાણરક્ષા, માતપિતાની સેવા, અને અસંયતીને કરવામાં આવતા અન્નાદિ દાનને એકાન્ત પાપ માને છે. તેની વિરૂદ્ધ અન્ય બધા જૈનો આ કાર્યોમાં પુણ્ય માને છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ રૂપ ધર્મના ચાર પાયા છે. દિગંબર સંપ્રદાયમાં જ્ઞાન ઉપર વધારે ભાર આપેલો જણાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રભુની ભકિત રૂપ સમ્યક્દર્શન ઉપર વધારે ભાર આપ્યો છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં ચારિત્રનો મહિમા વધારે ગણાય છે. તેરાપંથી સંપ્રદાયમાં સંવર અને નિર્જરારૂપ તપની આરાધના ઉપર જ ધર્મની કસોટી થાય છે. તેથી જો દાન આદિ કાર્ય તપ અને નિર્જરામાં જ પૂર્ણ સહાયક થતાં હોય તો જ તેને ધર્મ માન્યો છે. વ્યવહારમાં ગણાતા પુણ્યને સંયમના વિરાધક ગણી લોકોત્તર પુણ્યકર્મની અપેક્ષાએ તેને એકાન્ત પાપ કહે છે. આમ એકંદરે તો આ ચારે પક્ષ ધર્મ રૂપી સિંહાસનના ચાર પાયા રૂપ જ છે. ચારે પાયાના સહકારથી જ ધર્મસિંહાસન સ્થિર રહી શકશે. અરસપરસ એક બીજાને મિથ્યાત્વી કહી આપણે આ સિંહાસનને જ નબળું પાડીએ છીએ.

પોતપોતાના માન્યતાભેદો વિષે ચર્ચા કરવામાં હરકત નથી. પણ તે ઐકય સાધવાની ભાવનાથી થવી જોઇએ. લડીએ પણ પ્રેમ ટકાવીને લડીએ. તેમાંથી વિષ ન ફેલાવાય. આજ આપણે ભારતવાસીઓની પ્રથમ જવાબદારી એ છે કે જંગતમાં ખરી શાંતિ સ્થાપવામાં અગ્રગણ્ય બનવું. શ્રીમદ્ રાજચંદ્રના સાધારણ સદુપદેશથી મહાત્મા ગાંધી અહિંસાનો આટલો બધો પ્રકાશ ફેલાવવા સમર્થ થયા. આપણે સેંકડો સાધુઓનો સદુપદેશ નિરંતર સાંભળીએ છીએ. તો સંપ્રદાયભેદોને ગૌણ કરી આપણ સર્વે સંગઠિત થઇ મહાવીર ભગવાનના જીવનપ્રકાશ રૂપ અપરિગ્રહ અને અનેકાન્તના આધારે શાંતિ સ્થાપવાનું પ્રભાવશાળી કાર્ય કેમ ન કરીએ? **સુરજચંદ્ર ડાંગી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજિસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર જૈન વર્ષ ૧૪–પ્ર.જીવન વર્ષ ૨
અંક ૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ · શનિવાર · ૧ મે ૧૯૫૪.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આફ્રિકા માટે શીલિંગ : ૮

છુટક નકલ : ત્રણ આના

## અહિંસક ક્રાંતિકાર વિનોબા ભાવે

सर्वोदयं तीर्थमिदं त्वदीयं

[ તા. ૨૧–૨–૫૪ રવિવારના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ થયેલા અંગ્રેજી લેખનો અનુવાદ ]



'જન્મભૂમિ'ના સૌજન્યથી

"કોંગ્રેસની શુધ્ધિ અને તાકાત માટે ગાંધીજી વખતોવખત ત્યાગનું અને આત્મભોગનું આંદોલન ઉપાડતા. સામ્યવાદીઓ પણ પોતાના પક્ષની મજબુતી માટે કૃતિમ ઉપાયોનું અવલંબન લેતા. આજે તે પ્રમાણે કોઇ માન્યતાઓ સાથે શિસ્તપ્રવર્તન નહિ હોવાના કારણે કોઈ પણ પક્ષમાં જોડાવાને માટે સેવા કે ત્યાગની જરૂરત નથી રહી. આને કારણે સ્વાર્થી અને તકસાધુ તત્વોનું આજના રાજકારણી પક્ષોમાં જોર જામ્યું છે. ભૂદાન એ સર્વપક્ષીય શુધ્ધિ કરનાર કાર્યક્રમ છે કે જેનાથી આપણું સામાજિક જીવન ઉંચે આવશે અને દેશની તાકાત વધશે." ભૂદાનકાર્યને સમાજાવતાં વિનોબાજી ઉપર પ્રમાણે કહે છે.

આજે જ્યારે ઉપદેશ આપનાર જ તેના અમલથી પર રહે છે ત્યારે ભૂદાનયજ્ઞ તેમાં પડનારની ભારે કસોટીરૂપ છે. જ્યાંસુધી જાતે કાંઇ ત્યાગ નથી કર્યો ત્યાંસુધી બીજા પાસેથી ત્યાગની અપેક્ષા રાખી શકાતી જ નથી. દબાયલાં અને કચડાયેલાંઓનો પક્ષ લેનારાઓ જ્યાંસુધી તેઓના દુઃખોમાં ભાગ નથી લેતાં કે તે નિવારવા પ્રયત્ન નથી કરતા, ત્યાંસુધી તેમના ઉપદેશની કોઇ અસર પડતી નથી. આ કારણે જ કેટલાક જાહેર જીવનમાં પડેલા આગેવાનો ભૂદાન આંદોલનનો ભલે સીધો વિરોધ કરતા ન હોય છતાં તે વિષે તદ્દન ઉદાસીન જેવા દેખાય છે.

વિનોબાના જનતા પર વધતા જતા પ્રભુત્વથી ભય પામીને પણ કેટલાક લોકો એમનો વિરોધ કરે છે. ભૂદાનયજ્ઞને કારણે જનતા સાથે વધુ નિકટતા સાધતી કાર્યકર્તાઓની હરોળ ઉભી થતી જાય છે. અને જ્યારે ઘણા વખતથી જામી ગયેલા રાજકીય નેતાગીરીના રક્ષકો પોતાની સત્તાનો ખોટો લાભ ઉઠાવવામાં રચ્યાપચ્યા રહે છે ત્યારે ભૂદાન–કાર્યકર્તાઓ ત્યાગ અને સમાનતાના વિચારો ફેલાવતા લોકોમાં ઘૂમી રહ્યા છે.

વિનોબા માને છે કે રાજકીય પક્ષો પરસ્પર વિરોધી દળો તરીકે કામ કરે તેમાં રાષ્ટ્રના હિતને તેમજ બુધ્ધિશકિતને ઘણું નુકશાન થાય છે. પક્ષોવાળું રાજકારણ વિરોધ ઉભો કરે છે. સામા પક્ષની પ્રવૃત્તિઓ અવરોધવામાં ઘણાખરા રાજ્યકર્તાઓની શકિતઓનો વ્યય થાય છે. માટે વિનોબા ઇચ્છે છે કે બધા પક્ષોએ પોતાની વચ્ચે સમાન ભૂમિકા શોધી લઇને તેમની શકિતઓને સાથે કામે લગાડવી જોઇએ. પણ જુના રાજકારણીઓ ભય રાખે છે કે રખેને ભૂદાન–કાર્યકરો લોકો પરનું તેઓનું પ્રભુત્વ ઘટાડશે. એટલે તેમની રીત 'ખાવું નહિ અને ઢોળી દેવું' એના જેવી માલુમ પડે છે. નથી તેઓ જનતાનું કામ કરતા કે નથી કોઇ કરે તે સહન કરતા.

ગયા જિલ્લામાં બાપૂના નિર્વાણ દિને વિનોબાએ 'કરેંગે યા મરેંગે'ના સૂત્ર સાથે પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના કાર્યકર્તાઓએ વિરોધીઓ વધુ ભૂદાન મેળવી ન જાય તે માટે શકિતનો ઉપયોગ કરવા માંડયો છે.

એવું શું છે કે જેણે તત્વજ્ઞાની, ચિન્તક અને પ્રખર બુદ્ધિશાળી વિનોબાને જનતાના માણસ બનાવી દીધા છે. ચોકકસ પ્રકારના સંયોગો ઉભા થયા ન હોત તો વિનોબા મહાત્માજીના સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં અધુરૂં રહેલું કામ પુરૂં કરવા ગણિત અને સંસ્કૃતના શિક્ષક બન્યા હોત. આજે પણ તેમનામાં આ પ્રકારના અભ્યાસ અને ચિંતન માટેનું લક્ષણ ટકી રહયું છે.

વિનોબા વાતો કરતી વખતે સાધારણ રીતે સામે નથી જોતા, તો પણ એ સતત જાગૃત અને સાંભળવામાં એકાગ્ર હોય છે. એમની દલીલો સ્ફટિક જેવી સ્પષ્ટ હોય છે. આંગળી ઉંચી કરીને અથવા જમણા હાથના ઇશારાથી તેઓ મુદ્દા પર ધ્યાન ખેંચે છે. તેમનું મન એટલું જલ્દી કામ કરે છે કે તમે કંઇ પણ શંકા ઉઠાવો તે પહેલાં તે શંકાને તેઓ કલ્પી લે છે અને તેનું તરત જ નિવારણ કરી નાંખે છે

જે સરળતાથી તેઓ તુલસી-રામાયણમાંથી અવતરણો ટાંકે છે તે જ સરળતાથી તેઓ ફ્રેન્ચ અવતરણો પણ ટાંકે છે. વેદ અને ઉપનિષદ ઉપરાન્ત ધાર્મિક અને સંતસાહિત્ય પણ એમની જીભને ટેરવે છે જો એમનામાં એક વિદ્વાન અને પોતાની શકિતથી આગળ આવેલા બુધ્ધિશાળી પુરુષ જેવું અભિમાન, આત્મશ્રધ્ધા અને સ્વચ્છંદ-પણું ન દેખાય તો ખરેખર નવાઇ લાગે. કોઇએ એક વખત તેમને કહેલું કે મંગળનો ગ્રહ તમારા જીવન પર ઘણી અસર કરે છે. ત્યારે એમણે જવાબ દીધેલો કે "મને તેમાં કંઇ રસ નથી. મને તો એ કહો કે હું મંગળ પર કેવી રીતે અસર કરું છું"

સામાન્ય જનતા જેની કદર પણ ન કરી શકે તેવા જ્ઞાન કે પાંડિત્ય સાથે વિનોબાને નિસ્બત નથી. એમનાં ભાષણોમાં પણ આ દેખાય જ છે. એમની હિન્દી સાદી સીધી અને સ્પષ્ટ છે. હવા પ્રકાશની માફક જમીન પણ ઇશ્વરની જ ભેટ છે. કોઇ એનું માલિક હોઇ ન શકે, અને રહી ન શકે આ જ એમનો સંદેશો છે. એ જમીનનો દાખલો એટલા માટે આપે છે કે બધાં આ દલીલ સમજી શકે છે. આર્થિક અસમાનતા અને સામાજિક અન્યાયોમાંથી જન્મતાં અનિષ્ટ તત્વો પર તે ઉપદેશ આપે છે. કમાણી કે મિલ્કતમાં જો કંઈ પણ ભેદભાવો હોય તો તે કુદરતી રીતે પુરવાર થવા જોઇએ.

તમે એમને છ છ દિવસ સુધી રોજ સાંભળો કે એક જ દિવસમાં ત્રણ ત્રણ વાર સાંભળો તો પણ એમના વ્યાખ્યાનોમાં તમને કોઇ કંટાળાજનક વાતો કે પૂનરાવર્તન નહીં દેખાય. માત્ર એમના ઉપદેશનું મુખ્ય તત્વ એનું એ રહે છે. બાકી બધું નવું અને તાજું જ હોય છે. પટણા જીલ્લામાં ફતેહપુરમાં એમને નિરાશાજનક આવકાર મળેલે. એમને સાંભળનારાઓ બહુ જ થોડા હતા. નાના છોકરાંઓની હાજરી તરત ધ્યાન ખેંચતી હતી.

પણ એમણે તો આ છોકરાંઓને મુઝફરપુર અને દરભંગાના છોકરાંઓની વાતો કહી. એમણે પૂછયું કે "તે દરેકને કેટલાં નાક અને કાન હશે? તમે કોઇએ બે નાક વાળા છોકરાને જોયો છે? શા માટે નથી જોયો? તેમ ઇશ્વરે જો દરેકને એક જ નાક દીધુ છે, તો એ એમ તો કેવી રીતે ઇચ્છે જ કે એક માણસને સો એકર જમીન મળે ને બીજાને જરા પણ નહી?" વિનોબા છટાદાર ભાષણ નહીં કરી શકતા હોય, પણ એમના શબ્દો લોકોના હૃદયમાં છેક ઉતરે છે અને તેમની પાસેથી જ લોકો રાજકારણ, અર્થકારણ, અને ધર્મના યાદગાર પાઠો શીખે છે. અંગ્રેજીભણ્યા માનસવાળા લોકો એમની ધાર્મિક પરિભાષા અને ધર્મના ઉલ્લેખો સરળતાથી સ્વીકારી નહીં લે; પણ એમના લોકો પર જામેલા પ્રભુત્વ વિષે તો શંકા નહીં જ ઉઠાવી શકે. ખરેખર તેઓ સમજી શકે તેવી પરિભાષા તો આ એક જ છે

કેટલાક કહે છે કે વિનોબા ખાનગી મિલ્કત વિરૂધ્ધ ઉપદેશ આપીને રાજ્યબંધારણ જ પલટી નાંખવા માંગે છે. એવુ સૂચવનારાઓને પણ વિનોબા જવાબ આપે છે કે બંધારણ જડ કે ફેરવી ન શકાય એવું ન હોવું જોઇએ. તે લોકોની ઇચ્છા પ્રમાણે વિકાસ પામવું જોઇએ અને ફેરવાવું જોઇએ.

પાક-અમેરીકન કરાર અંગે પણ જો વિનોબાએ કંઇ ન કહ્યું હોત તો આશ્ચય થાત તેમને તે અંગે ચિન્તા નથી. જેઓ પાક-અમેરીકન કરારને જ કારણે હિંદને માથે ભય જુએ છે તે માટે વિનોબાને આશ્ચર્ય થાય છે. તેમની ચિન્તા તો આંતરિક મતભેદને કારણે જ છે. ગરીબાઇ, જાતિભેદ, આર્થિક-સામાજિક અસમાનતા, અને રોજ વધતી જતી બેકારીના પ્રશ્નો તેમને વધુ ચિન્તા કરાવે છે. તે પૂછે છે કે આપણે સંયુકત રીતે કેવી રીતે ઉભા રહી શકનારા છીએ કે જ્યારે આપણામાં જ ગરીબ અને તવંગર, છૂત અને અછૂત, જમીનદાર અને ભૂમિહીન જેવા ભેદભાવ હશે. કુદરતી રીતે જ વિનોબા ઇચ્છે કે દેશ મજબુત થાય અને સ્વતંત્ર રહે. તે માને છે કે દેશ ત્યારે જ સ્વતંત્ર રહી શકે કે જ્યારે સ્વતંત્રતાને જીવનના દરેક ક્ષેત્રમાં છેક ગામડાઓ સુધી પહોંચાડાય. આજે તો તે દિલ્હી અને અમુક શહેરમાં જ છે. એટલે જ આયોજન ગામડાંઓએ જાતેજ કરવું જોઇએ. ભલે તેઓ ભૂલ કરે છતાં તેઓની આત્મશ્રધ્ધા, શકિત અને સ્વતંત્ર વિચારશકિતની ખીલવણી માટે આયોજન તેમને જ કરવા દેવું જોઇએ. એનું જે કાંઇ નુકશાન થશે તે કેવળ ગામડાને જ વેઠવું પડશે; આખા દેશને નહી વેઠવું પડે બધી સ્વતંત્રતામાં વિનોબા વિચાર-સ્વાતંત્ર્યને સૌથી વધુ મહત્વ આપે છે. —(એ કદી કદી પૂછે છે કે હિટલરના હાથમાંનુ જર્મની સ્વતંત્ર રાષ્ટ્ર કહી શકાય કે નહી!)

જો કે કેળવણી માટે રાજ્ય તરફથી મળતી મદદનો વિનોબા વિરોધ નથી કરતા, પણ કેળવણીની બધી વ્યવસ્થા અને સત્તા સ્થાનિક સત્તાધીશોના હાથમાં હોવી જોઇએ; અને લોકોના મન પર કોઇનો અંકુશ ન હોવો જોઇએ. એને તે સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ સાથે સંગત રહેવા દેવી જોઇએ. કેળવણી એવી ન હોવી જોઇએ કે ફકત માહીતી જ આપે. પરંતુ મળેલ જ્ઞાનનો ઉપયોગ કરવાની તાકાત પણ તે દ્વારા પ્રાપ્ત થવી જોઇએ

આમ છતાં વિનોબાજી અત્યારની પરિસ્થિતિથી ખૂબ અસંતુષ્ટ છે એમાં કંઇ નવાઇ નથી. આઝાદીના પ્રથમ પરિણામરૂપે બ્રિટીશ ધ્વજને ઠેકાણે આપણો ત્રિરંગી ધ્વજ ફરકાવ્યો તે કરતાં તો કેળવણી-પધ્ધતિમાં સુધારાઓ કરવામાં આવ્યા હોત તો તે જોઇને એમને વધુ આનંદ થાત. ખેતીવાડીની કોલેજમાં દાખલ થવા માટે શાળાંત પરીક્ષાનું પ્રમાણપત્ર માંગવામાં આવે છે. તે પ્રમાણપત્ર ધરાવનારા પાસે ગરમી અને ઠંડીમાં કે વરસાદમાં કામ કરવાની તાકાતની કંઇ જ અપેક્ષા રાખવામાં નથી આવતી. આ જોતાં તેમને ખૂબ નવાઇ લાગે છે.

વિનોબાના આયોજન પ્રમાણે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવશે. ગામડાંઓ સ્વાયત શાસનવાળા થશે. અન્ન વસ્ત્ર જેવી મૂળભૂત જરૂરિયાતોમાં તેઓ સ્વાશ્રયી અને સ્વાવલંબી હશે. "આ જાતનું સ્વાવલંબન જીવનધોરણને નીચું તો નહીં ઉતારી દે ને?" એવા પ્રશ્નના જવાબમાં વિનોબા કહે છે કે પહેલાં હું બધાના જીવન-ધોરણમાં સમાનતા લાવવા પ્રયત્ન કરીશ. એ જીવનધોરણ નીચું જ નહી રહે પણ ઉત્તરોઉત્તર ઉચું આવતું જ જશે-અલબત્ત પાન બીડીના વધારાથી નહી પણ દુધઘીના વધારાથી, જો કે લોકોના જીવનધોરણમાં જે કાંઇ તફાવત હશે તે તદ્દન થોડો અને સકારણ હશે. પાંચ આંગળીઓમાં જે રીતનો ફરક છે તેથી વધુ ફરક નહીં જ હોય. (લાંબામાં લાંબી આંગળી ટુંકામાં ટુંકી આંગળીથી સવાથી દોઢ ગણી લાંબી હોય છે.)

આનો અર્થ એમ નહીં કે વિનોબા ગ્રામકેન્દ્રોને ભૂખે મારવા ઇચ્છે છે. એ તો ગામડાં અને શહેર બન્ને અન્યોન્ય પર આધાર રાખે એમ ઇચ્છે છે. શહેરમાં લોકો ચશ્મા, સીવવાના સંચા, ઇલેકટ્રીક બલ્બ કે ઘડીયાળો જેવી ઓછી મહત્વની ચીજો બનાવી શકે. બન્નેના કાર્યક્ષેત્રોની આછી સરખી મર્યાદા અંકાશે. શહેરો ગામડાનું શોષણ નહીં કરે પણ તેનાં કામમાં પૂર્તિ કરશે.

આ રીતે જોતાં વિનોબા યંત્રોના વિરોધી નથી. વિજ્ઞાન જે શકિત ને આઝાદીની આશા બંધાવે છે તેમાંથી આધુનિક સમાજને તે પાછા વાળવા માંગતા નથી. પણ એ એમ તો માને છે કે વિજ્ઞાન અને હિંસા વચ્ચે સુમેળ ન સાધી શકાય. વિજ્ઞાન વધારે ને વધારે પ્રગતિ સાથે માનવતાને મદદ કરે એ હેતુથી પણ તેઓ અહિંસક જીવનવ્યવસ્થા નિર્માણ કરવા પ્રયત્ન કરશે.

તો શું એમને વિજ્ઞાનિકોને પણ કંઇ કહેવાનું છે? તેઓ જરૂર ઇચ્છે છે કે બીજાની જેમ તેઓ પણ જીવનવ્યવહાર સમ્યક્ પ્રકારે ઘડે તેવાં નૈતિક મુલ્યો અને સિધ્ધાંતો સ્વીકારે. "વળી તેઓમાં આગળ આવીને સરકારને એવું કહેવાની હિમ્મત આવવી જોઇએ કે તેઓ પોતાની બુધ્ધિનો વિનાશક કાર્યો માટે કદી પણ ઉપયોગ નહીં થવા દે."

વિનોબાને આશા છે કે ઇશ્વરકૃપા હશે તો તેઓ લોકોને સમજાવી સમજાવીને આ બધું સર્જી શકશે. તેઓ વિચારની શકિતમાં ખુબજ શ્રધ્ધા ધરાવે છે. બળજબરી કર્યા વગર કંઇ જ મળતું નથી એમ માનનાર માર્કસના અનુયાયીને વિનોબાનો જવાબ છે કે "તમે માર્કસવાદ સ્વીકાર્યો તે પહેલાં માર્કસે શું તમને ખૂનની ધમકી આપી હતી? તમારા માથાં નમાવ્યાં વગર જો માર્કસ તમારા પર અસર જમાવી શક્યો છે તો હું શા માટે ન જમાવી શકું?"

એમના વિચારોમાં લોકોનો હૃદયપલટો કરવાની શકિત છે એવી વિનોબાને શ્રધ્ધા છે તો પણ એ કાનુનવ્યવસ્થાની વિરૂધ્ધ નથી, જો કે કાનુન ઘણી વાર જાહેર મનને દોરે છે. એ સાધારણ રીતે સૌની ઇચ્છા પર અંતીમ મહોર મારે છે. આવશ્યક નૈતિક અનુમતિ વગર એ સર્વમાન્ય સફળતા નહિ પામે. એ પૂછે છે કે "શા માટે આપણે ચોરી વિરૂધ્ધ કાયદા ઘડીયે છીએ, ને ખાનગી મીલ્કત એકઠી કરવા વિરૂધ્ધ કંઇ જ નહીં?"

સામાજિક ન્યાય ને આર્થિક સમાનતા વિષે ઉપદેશ દેતાં ને જમીન માંગતા વિનોબા જેમને માટે ગામડે ગામડે ઘુમી રહ્યા છે તેવા ગરીબમાં ગરીબ લોકો સાથે ઐક્ય સાધવાના હેતુથી સાદું ને તપસ્વી જેવું જીવન જીવી રહ્યા છે. નારંગીની મોસમમાં પણ ગરીબોને નારંગી મળતી નથી એ જોઇને એમણે થોડા વખતથી નારંગીનો રસ છોડી દીધો છે.

વર્ષ આખું તેમનો દિવસ સવારના સાડા ત્રણે શરૂ થાય છે અને એ ચાલતાં ચાલતાં પણ પ્રવૃત્ત હોય છે. રોજ સાડા ચાર વાગ્યામાં જ એ બીજા ગામમાં જવાં એમનો "કેમ્પ" ઉપાડે છે. ફાનસને અજવાળે તેઓ રસ્તો દેખે છે. જો અંતર ઓછું હોય તો તેઓ નવ વાગ્યા સુધીમાં પહોંચી જાય છે, પણ ઘણી વાર તો તેમના પાતળા પગ ને સુક્લકડી શરીર કંઇક આરામ પામી શકે તે પહેલાં જ બપોર પડી જાય છે. સવારના ચાર વાગ્યા હોય કે મોડી રાત હોય પણ તેમના મોંઢા પર એવી ને એવી જ શાંતિ ને તાજગી હોય છે. અને એમની બુધ્ધિ ખૂબ શીઘ્ર છે. ભૂમિતિનો કોઇ કોયડો ઉકેલતા હોય તેમ એ તમારો પ્રશ્ન હાથમાં લે છે. એમના ઉત્તરો ભૂમિતિના પુરાવા જેવા સ્પષ્ટ અને સીધ્ધા હોય છે; અને તે એક પણ વધારાનો શબ્દ વેડફી નાખતા નથી. અઠ્ઠાવન વર્ષની ઉમ્મરે વિનોબાની દાઢી ધોળી થવા આવી છે, પણ માથાના વાળ કાળા છે.

તેમને ડાબે કાને ઓછું સંભળાય છે એટલે તેમની સાથે વાતો કરતાં તમે એમની જમણી બાજુએ રહેજો. પણ એમની સ્પર્શેન્દ્રિય ઘણી તીવ્ર છે. પહેલાં એ દર રવિવારે માથાના બધા વાળ કપાવી નાંખતા. અઠવાડીયાના બાકીના દિવસોમાં એ માથાના વાળ સ્પર્શીને દિવસ વાર કહી શકતા.

વિદ્વાનો ને સંતો લાંબા લાંબા અંતરો પગે કાપતા હોય અને ગ્રામવાસીઓ માટે જીવતીજાગતી જંગમ વિદ્યાપીઠો એક સ્થળેથી વિહાર કરતી હોય એ હિંદના ઇતિહાસમાં અસાધારણ કે વિચિત્ર નથી. પુસ્તકો, ચિંતન ને અનુભવોમાંથી મળેલ જ્ઞાનને સર્વભોગ્ય કરવાની કંઇ કાળથી ચાલી આવતી આ એક પ્રણાલિકા છે

છતાં ગામડાંઓ વચ્ચે ચાલી જતાં વિનોબાના પંથને પગલે ચાલવામાં કંઇક નવીન ને હૃદયસ્પર્શી અનુભવ થાય છે. રસ્તામાં શણગારેલી કમાનો, પુષ્પોનો વરસાદ અને સૂત્રોના પોકારો થતા હોય છે. એમની સભામાં અનેક લોકો આવે છે—એક મુસ્લીમ વિધવા કે જે તેનું ઝુંપડું, જમીન ને ઢોર લઇ લેવા આગ્રહ કરે છે, કોઇ એક ખેડુત કે જે અડધો એકર જમીનનું દાન આપવા અગિયાર માઇલ ચાલીને આવે છે. છેલ્લી જ ઢબની નવી મોટરમાં આવેલ એક જમીનદાર કે જે કહે છે કે એ ભેટમાં આવેલી પડતર જમીન ખેડશે ને એને ફળદ્રુપ બનાવશે. બધે છે તેવા જ છતાં દરેક ગામમાં જુદા જુદા પ્રકારના લાગતા એવા ભૂમિહીનો

વ્હેલા પરોઢનાં દ્રશ્યો મન પર ખૂબ ઉંડી છાપ પાડે છે. વિનોબા બહાર નીકળે છે ને ખૂબ ઝડપથી ચાલે છે. આકાશ હજી અંધારાથી ઘેરાએલું છે, અદ્રશ્ય થઇ જતાં પહેલાં તેમને વિદાય દેતાં હોય તેમ તારાઓ ઝબકી રહે છે. વિનોબાની સાથે સાથે રહેવા ટૂકડીના બધા માણસો જલ્દી જલ્દી ચાલી રહયા છે. વિનોબાના હાથમાં ફાનસ છે. ચોગરદમ વીંટાતાં અંધકારમાંથી એ એક પ્રેમળ જ્યોત સમા સૌને દોરી રહયા છે!

મૂળ અંગ્રેજી લેખક:
શ્રી મહેન્દ્ર વાલજી દેસાઇ

અનુવાદક: સૂર્યકાન્ત પરીખ,
ગીતા પરીખ

---

( પાના નં. ૨૪૦ થી ચાલુ )

દર્શાવી હોય, એમના આવવાને લીધે અમને બધાંને, વિશેષતઃ મને ઘણો લાભ થયો. એક બાજુ જ્ઞાનગોષ્ટિનો લાભ મળતો તો બીજી બાજુ શ્રીમતી જાસુદ બહેન પોતાના હસમુખા સ્વભાવ વડે અને બોલવાની રમૂજી લઢણ વડે અમને સૌને હસાવતા અને વાતાવરણને જીવંત અને જાગ્રત રાખતા. મુરબ્બી પરમાનંદભાઇ કોઇક વાર જ્ઞાનની વાતો પણ કરતા, અને કોઇક વાર મર્મયુકત બોલીને અમને સૌને હસાવતા પણ ખરા. પરંતુ એમના વ્યકિતત્વનું એક વિશિષ્ટ પાસુ મને તો એ લાગ્યું કે માથેરાનમાં આવેલા નાના મોટા સૌ કોઇની સાથે સ્વજનની જેમ એ સહેલાઇથી હળીમળી જતા, અને હરવાફરવાની, ખાવાપીવાની નાની મોટી બધીજ બાબતો વિશે વડીલની જેમ એ ચોકકસાઇપુર્વક દરેકે દરેકની પુરતી સંભાળ લેતા. રીગલ હોટલની રહેવાની અને ખાવાપીવાની વ્યવસ્થા ખરેખર પ્રશંસાપાત્ર છે. રીગલ હોટેલના શ્રી ભાઇલાલભાઇએ હોટલની રસોઇની ન ભુલાય એવો અમને સ્વાદ ચખાડયો છે, અને પોતાના અનુભવમાંથી ન ભુલાય એવી રમુજી વાતો પણ અમને કહી છે.

આમ ત્રણ દિવસનું માથેરાનનું અમારૂં પર્યટણ પુરૂં થયું. ચોથે દિવસે સવારે છ વાગે માથેરાનથી મુંબઇ આવવા અમે નીકળ્યાં. જતી વખતે જોયેલાં સુંદર દૃષ્યો ફરીથી અમને જોવા મળ્યાં. થોડેક નીચે આવ્યા ત્યારે સુર્યોદય થઇ ગયો હતો. ઉતરતાં ઉતરતાં ગાડી વારંવાર દિશા બદલતી એટલે થોડીકવાર સુર્ય ડાબી બાજુની બારીમાંથી જોવા મળતો, તો થોડીકવાર જમણી બાજુની બારીમાંથી. લગભગ સવા આઠ વાગે અમે નેરલ સ્ટેશને આવી પહોંચ્યા. નેરલથી ગાડીમાં બેઠા એટલે જાણે મુંબઇમાં પ્રવેશી ચુક્યાં. મુંબઇ તરફ જતા હતા એટલે મુંબઇમાં જઇ કરવાનાં કામોના વિચારો મગજમાં પ્રવેશવા મથતા હતા, પરંતુ અંદર ભરાયેલાં માથેરાનનાં વિચારો—સસ્મરણો એમને પ્રવેશવા દે ત્યારે ને?

**રમણલાલ સી. શાહ.**

ગયા એપ્રીલ માસની ૧૮, ૧૯ તથા ૨૦મી તારીખે મળેલા સર્વોદય સંમેલનમાં ભાગ લેવા માટે શ્રી સુર્યકાંત પરીખ અને ગીતા પરીખ બુદ્ધગયા ગયેલાં. તે પ્રસગે હિંદીમાં ત્રણ મહત્ત્વનાં વ્યાખ્યાનો થયેલાં. (૧) સર્વોદય સંમેલનના અધિવેશનમાં મુખ્ય સ્થાનેથી શ્રી વિનોબા ભાવેનું, (૨) સમન્વય–આશ્રમના ઉદ્ઘાટન પ્રસંગે કાકાસાહેબ કાલેલકરનું, (૩) એ જ પ્રસંગે કાકાસાહેબ પછી શ્રી વિનોબા ભાવેનું. આ ત્રણે વ્યાખ્યાનોની એજ વખતે નોંધ લઈને તે ઉપરથી ઉભયે તૈયાર કરી આપેલાં ત્રણે વ્યાખ્યાનો નીચે ક્રમસર આપવામાં આવે છે. **તંત્રી**

# (૧) સર્વોદયનું મિલનકાર્ય

**વ્યાખ્યાતા : શ્રી વિનોબા ભાવે**

બાપુના નિર્વાણ પછી આપણે સૌ એકઠાં થયેલા. એના પછી આજે ૬ વર્ષે અવસર આવ્યો છે કે જ્યારે આપણે સ્નેહીજનો ઘણી સંખ્યામાં મળ્યા છીએ. ઈશુએ તેમના અંતિમ સમયે બધા શિષ્યોને એકઠાં કરીને કહેલું કે તમને હું આજે નવો આદેશ આપી રહ્યો છું. તેમણે કહ્યું કે 'જીંદગીભર મારો એ ઉપદેશ રહ્યો કે પડોશી ઉપર પ્રેમ રાખો, દુશ્મનો ઉપર પ્રેમ કરો.' પણ હવે સાથે સાથે કહું છું કે 'એકબીજા ઉપર પ્રેમ રાખજો.' બાપુની પણ એવી સ્થિતિ હતી. તેમનો અંતિમ સમય પાસે હતો ત્યારે બધા સાથીઓને એકઠા કરીને એક નવો સમાજ બનાવવાની તેમની ઇચ્છા હતી. પરંતુ એનો અમલ કરવા માટે તેઓ જીવ્યા નહી પણ એ પ્રેરણાએ આપણને બળ આપ્યું અને આપણે સૌએ ભેગા મળીને સર્વોદય સમાજની સ્થાપના કરી. એ રીતે એકબીજાને પ્રેમ કરવાનો અને પ્રેરણા આપવાનો લાભ આપણને મળ્યો. બાપુ હંમેશા કહેતા કે એકબીજા પર પ્રેમ રાખો. ખાદી, ગ્રામોદ્યોગ અને સ્વદેશી ધર્મની જે વ્યાખ્યા એમણે સમજાવેલી તેનો અર્થ એ હતો કે પડોશી પર પ્રેમભાવ રાખવો જોઇએ; બહારનો માલ સસ્તો મળે તો પણ તે ન લેવો જોઇએ. ઇશુના આદેશનું પ્રત્યક્ષરૂપ તેમણે અહિંસક પ્રતિકાર અને સત્યાગ્રહમાં જોયું. આજે હ્રદયને સમાધાન થાય છે કે તેમનો અંતિમ ઉપદેશ આપણી વચ્ચે અમલી બન્યો છે.

આટલા દિવસોમાં કામ કરતા જે અનુભવ મને થયો તે તમારી સમક્ષ મૂકું છું. આપણી જે ભૂમિકા છે તેમાં નૈતિક શક્તિનું આહ્‌વાહન છે, અને બીજી કોઇ સત્તાના આહ્‌વાહનનો તેમાં કોઇ અંશ નથી. આપણે બધાનો સાથ લેવા માંગીએ છીએ. તો પણ આપણા હ્રદયમાં જેટલી નજીકતા જોઇએ તેટલી નહોતી એવો મને અનુભવ થયો હતો. ભૂમિદાન યજ્ઞનું એ પરિણામ છે કે હવે આપણે નજીક આવ્યા છીએ. ઓરીસ્સાના ગોપબાબુ ચૌધરીએ મને કહેલું કે જેઓ કદી એક સાથે બેસીને ભોજન પણ નહોતા કરતા તેઓ સાથે જમે છે. હવે એવું પરિણામ ભૂદાનથી આવેલું છે. એટલે મને પ્રશ્ન થાય કે આપણા દેશમાં જે મોટા કાર્યકર્તાઓ છે તેઓ શું નજીક ન આવી શકે? દેશની હાલત આજે ચિંતાજનક છે. કેટલાક લોકો કહે છે કે જ્યારે સંકટ આવશે ત્યારે અમે બધા ઝગડા ભુલીને એક થઇશું. તો હું પૂછું છું કે 'શું પરસ્પર પ્રેમ કરવા માટે સંકટ આવે એ જ જરૂરી છે? બીજો સવાલ એ છે કે જ્યારે દેશમાં અસંખ્ય ભેદભાવ અને વાડાબંધી છે ત્યારે શું બીજું સંકટ આવે એ જરૂરી છે? આપણા દેશમાં સ્વરાજ્ય આવેલું હોવા છતાં મોટા ભાગના લોકોને જીવનની સર્વસાધારણ જરૂરીયાતો નથી મળતી. આ જ આપણા માટે મોટું સંકટ નથી?' તો આપણે લોકોએ વિચારવું જોઇએ. આવી પરિસ્થિતિમાં હું પંડિતજી પાસે નમ્ર નિવેદન સાથે થોડા સવાલ મૂકવા માગું છું અને તે અમને માર્ગદર્શન આપે તેવી વિનંતિ છે.

પહેલાં તો એ વિચારવાનું છે કે રાજા રામમોહનરાયથી મહાત્મા ગાંધી સુધી જાતિભેદ કેમ દૂર થાય તેવા પ્રયત્નો આપણે કર્યા છે. આ જાતિભેદ ચૂંટણીના પરિણામે વધુ મજબુત બન્યો છે. મેં બિહાર તથા બીજા પ્રાંતોમાં એ જોયું છે. તો આપણા દેશની આવી પરિસ્થિતિ જોઈ ચૂંટણીની રીતમાં શું સંશોધન કરવાની જરૂર નથી? શું સંશોધન કરવું જોઇએ એ વિચારવાન લોકો વિચારે. જુદા જુદા પક્ષોની પરંપરા છેક બિહારથી સૌરાષ્ટ્ર સુધી પથરાઇ છે. એક ચૂંટણીમાં હજારો રૂપિઆની અને અમૂલ્ય સમયની બરબાદી થાય છે. તે ઉપરાંત શકિતનો પણ ખર્ચ થાય છે. તે કેવી રીતે દૂર થાય એ વિચારવાનું છે. તે અંગે મારૂ ચિંતન ચાલ્યા જ કરે છે. શું એ શકય છે ખરૂં કે પક્ષોને ભેગા કરવામાં આવે અને પક્ષીય ચુંટણી બંધ કરાય? બીજો કોઇ રસ્તો પણ હોઇ શકે છે. નહિ તો જે રીતે જાતિભેદ આવ્યો છે એ રીતે રાજકીય પક્ષોની વચ્ચે સાઠમારી ચાલશે અને એની દેશ પર શું અસર થશે એ પ્રશ્ન છે.

હું એવું માનું છું કે કોઇ પણ મનુષ્યમાં ગમે તેટલી ભિન્નતા હોય છતાં કોઇ એક કાર્યક્રમમાં એકતા આવી શકે છે. સાર્વજનિક કાર્યોમાં એકતા આવવી જોઇએ. એવું જો ન થાય તો હું જરૂર કહીશ કે આ દુનિયામાં સજ્જનો અસ્તિત્વ નથી ધરાવતા. એવા સાર્વજનિક એકતાના કાર્ય પર દેશની શકિત કેન્દ્રિત કરવી જોઇએ, અને એક અવાજ રાખવો જોઇએ. ત્યારે જ દેશની જનતામાં પ્રાણ સંચાર થશે અને ક્રિયાશીલ પ્રેરણા મળશે. મારે કહેવું જોઇએ કે ભૂદાનયજ્ઞ એ એવો કાર્યક્રમ છે. એવા બીજા કાર્યક્રમો હોવા જોઇએ કે જેમાં જુદા જુદા પક્ષોનો સમન્વય હોય અને એકરૂપતા આવે. વિચાર–મંથન જરૂર હોવું જોઇએ, પણ વિચાર–સંઘર્ષ ન હોવો જોઇએ. સંઘર્ષ આચરણમાં તો ન જ આવવો જોઇએ.

જે કાર્યક્રમ મેં શરૂ કર્યો તે જુદા જુદા પક્ષોએ લઇ લીધો તો હવે તેઓમાં એકરૂપતા આવવી જોઇએ. મેં પહેલા અંધશ્રધ્ધાથીજ આ કાર્યક્રમ શરૂ કરેલો. મારો એ દાવો છે કે શ્રધ્ધા આંધળી જ હોય છે; નહિતર તે બુધ્ધિ જ હોય છે. બુધ્ધિ પ્રમાણ વગર કબુલ નથી કરતી, જ્યારે શ્રધ્ધા પ્રમાણ વગર કબુલ કરે છે. એ કારણોથી કેટલીક બાબતોમાં ફકત શ્રધ્ધા જ કામ કરતી હોય છે. કેટલાક યંત્રોમાં દિશા અને ગતિ બન્ને હોય છે. એવીજ રીતે ગતિ આપવાનું કાર્ય શ્રધ્ધા કરે છે અને દિશા સુચન કરવાનું કાર્ય બુધ્ધિ કરે છે. મેં ફકત શ્રધ્ધાથી આ કામ શરૂ કરેલું, અને એક દિવસ અચાનક દાન મળ્યું. એ ઉપરથી મેં માની લીધું કે એ ઇશ્વરની જ પ્રેરણા છે. એ દિવસે મેં ઘણો વિચાર કર્યો કે શું હું આ કામ ઉઠાવી શકીશ? મારા ગણતરીવાળા અને વિજ્ઞાનના પ્રેમવાળા સ્વભાવથી મેં ઘણો વિચાર કર્યો. મેં પાંચ કરોડ એકર જમીન માટે વિચાર કર્યો, અંદરથી પ્રેરણા મળી અને કામ શરૂ કર્યું. જેઓ શંકા રાખતા હતા તેઓ પણ ધીમે ધીમે એમાં આવતા ગયા, અને બુધ્ધિવાળા લોકો પણ તેમાં આવવા માંડયા. સામ્યવાદી લોકોએ તેલુગુ ભાષામાં મારા વિષે પત્રિકાઓ કાઢેલી કે એક બહુજ ઢોંગી માણસ આવ્યો છે માટે તેનાથી ચેતતા રહેજો. એમ છતાં પણ હું શ્રધ્ધાથી સમજાવવાનું કામ કરતો રહયો. છેવટે સામ્યવાદી નેતા ગોપાલને પણ કહી દીધું કે "આ રીત ખોટી છે, અમે તેને નકામી માનીએ છીએ, પરંતુ અમે તેનો વિરોધ નહિ કરીએ." તેમણે હ્રદયપરિવર્તનની ઘણી મશ્કરી કરી છે, પરંતુ હું વારંવાર કહું છું કે માર્કસે એક વિચાર તમારી પાસે રાખેલો, તેના પર તમે વિચાર કર્યો અને તે તમારો કર્યો. તે માનવા માટે શું માર્કસે તલવાર લીધેલી? તમે સ્વેચ્છાએ વિચારપરિવર્તન કરેલું છે અને માર્કસના વચનો ઉપર

મરવા સુધીની પણ તૈયારી તમે બતાવો છો. આવું વિચારપરિવર્તન ઉભું કરવા મેં પણ આ આંદોલન શરૂ કર્યું છે. તેનાથી સવાલનો ઉકેલ થાય કે ન થાય, હું તેવો દાવો પણ નથી કરતો. રામ, કૃષ્ણ બુધ્ધ. મહાવીર, ગાંધી વગેરે આવ્યા તો પણ કોઇને કોઇ રૂપમાં સવાલો તો રહ્યા જ છે અને રહેશે. માટે હું બધા સવાલોનો ઉકેલ લાવીશ એવો દાવો કરું એવો અભિમાની કે મૂર્ખ નથી.

હમણા પાક–અમેરીકન કરાર થયા. તેનાથી દેશમાં હલચલ થઇ ગઇ. મેં વિચાર્યું કે સારું થયું કે જડ જનતામાં થોડો પ્રાણસંચાર થયો. તો ભાઇઓ, જ્યારે માર્ગ અનુકુળ થઇ ગયો છે, ત્યારે આપણે તેનાથી વિરૂધ્ધ દિશામાં નહિ પણ અનુકુળ દિશામાં કામ કરીએ. આજે હવે એક હવા તૈયાર થઇ ગઇ છે કે જમીન પર કોઇની માલેકી ન હોવી જોઇએ. તે પરમેશ્વરની પેદા કરાયેલી ચીજ છે. હવા, પાણી અને રોશનીની માફક તે મુક્ત છે. તેની સેવા કરવાનો હક્ક દરેકને છે. એવી જ રીતે જેના જેના પાસે જે કાંઇ સંપત્તિ છે તેનો ઉપયોગ તે સમાજને માટે કરે. જેવી ભાવના જમીનને માટે થઇ ગઇ છે તેવી સંપત્તિ માટે થવી જોઇએ. જમીન એ ઉત્પાદનનું સાધન છે, તેની માલેકી કોઇની ન હોવી જોઇએ. તે પરમેશ્વરની પરમભક્તિનું સાધન છે. જેમ કાશીવિશ્વનાથના મંદિરમાં હરિજનને દાખલ ન કરે એ જેટલું ખરાબ છે તેમ તેનાથી પણ વધારે ખરાબ જમીન પર કોઈની માલિકી રહે એ છે.

જ્યાં સુધી લોક માનસ તૈયાર ન થાય ત્યાં સુધી છેવટનું પગલું ન ભરી શકાય. ત્રણ વર્ષ પછી હવા ઉભી થઈ છે કે જમીન કોઇની માલેકીની નથી. તો હવે શું કરવું જોઇએ એ વિચારવું જોઇએ. અને સંપત્તિનું શું કરવું જોઇએ એ પણ વિચારવું જોઇએ. આ વિચારનો જ્યારે પૂરો પ્રચાર થઇ જશે ત્યારે બધાને થશે કે શું કરવું જોઇએ.

હવે જમીનની વહેંચણી કરવી જોઇએ. અને તેના આધાર પર ગામડાનું આયોજન કરવું જોઇએ. જમીન પર ભૂમિહીનોને સ્થિર કરવા માટે સાધન આપવા જોઇશે તે માટે સંપત્તિદાનની જરૂરત છે. આ ધર્મ–નીતિ વિચારનો લોકોમાં ફેલાવો જોઇએ કુરાનમાં બે ગતિ કહી છે. દોજખ અને પરજખ. જેઓ પરજખમાં જાય છે તેઓની બે સ્થિતિ થાય છે. તેમને સ્વર્ગ અને નરક બન્નેનું દર્શન થાય છે. તો દુનિયામાં જેટલા મનુષ્ય છે તેઓ પરજખમાં છે. એવું કોઇ નથી કે જેનાથી કોઈ વધુ સુખી ન હોય, તેમ એવું કોઇ નથી કે જેનાથી કોઇ વધુ દુઃખી ન હોય. આપણે તો બધાને જ સુખી કરવા છે.

એક બીજો વિચાર છે સૂતાંજલીનો, આપણે શ્રમના પ્રતીકરૂપ વર્ષમાં એક સૂતરની આંટી લઇએ છીએ. જે કોઇ કાંતી શકે છે તે બધાએ આંટી આપવી જોઇએ. એમાં ઉમરનો કોઇ બાધ નથી, તે સર્વોદયને વોટ આપી શકે છે. એ મારફતે હિંદમાં એવું થવું જોઇએ કે કોઇ એવો ન રહે કે જે કાંતવાનું જાણતો ન હોય. પ્રજા-શિક્ષણનું આ એક મહત્વનું અંગ છે, ક્રાન્તિકારી અંગ છે અને તે દેશને માટે અનિવાર્ય છે. જો વિચાર કરશો તો સમજાશે જે જરૂરત વોટ માટે ઉમર અને બીજી બાબતોની છે તેવી જરૂરત કાંતવાની છે. ગાંધીજીએ આપણને સુઝાડેલું છે કે હિંદુસ્તાનમાં આજે બેકારીના સવાલ કરતાં જરૂરિયાત કરતાં ઓછી કમાણી -underemployment–નો સવાલ વધારે વિચારવા જેવો છે. ખેડુતને એવો ધંધો જોઇએ છીએ કે તે ફુરસદના સમયમાં કરી શકે અને તેની ઓછી કમાણીમાં પુરવણી થાય. ગાંધીજી ક્રાન્તદર્શી હતા એટલે તેમને આ સૂઝયું અને આપણને સુઝાડયું. સરકાર પાસે પણ મારી આજ માંગણી છે કે તેઓ કાંતવાને સમગ્ર રાષ્ટ્રશિક્ષણનું એકમ મહત્વનું અંગ ગણે.

## (૨) સંસ્કૃતિ–સમન્વય કાર્ય

વ્યાખ્યાતા : **કાકાસાહેબ કાલેલકર**

આજે તમારી વચ્ચે આવીને મારા હૃદયની શ્રધ્ધા વધે છે અને ચિત્તમાં નવી નવી કલ્પના સુજે છે. સ્વભાવથી હું ફરનારો છું અને એક નાનો સેવક છું. જ્યારે હું થોડા સમય પહેલાં આફ્રિકામાં હતો ત્યારે મેં જણાવેલું કે જગતની શાન્તિનો આધાર આફ્રિકા ઉપર છે. રશિયા અને અમેરીકા વચ્ચેના સંઘર્ષનું જેટલું મહત્વ નથી તેટલું મહત્ત્વ ત્રણ મહાન જાતિઓનો જે સંઘર્ષ આફ્રિકામાં ચાલી રહયો છે તેનું છે. તે માટે હિંદ તરફ પ્રેરણાની આશાથી જોવામાં આવે છે. હમણાં જ હું જાપાન જઇને આવ્યો છું. ત્યાં જવાની ઇચ્છા નહોતી, કારણ કે ત્યાં કોઇ પુરાણી સંસ્કૃતિ નથી. પણ ચીન જવાની ઇચ્છા હતી અને આજે છે. રવિબાબુ જ્યારે જાપાન ગયેલા ત્યારે પૂર્વના આ દેશનું કેવું પ્રભુત્વ હતું તેનો તેમણે ખ્યાલ આપેલો. હવે તે પરિસ્થિતિ બદલાઈ છે અને જાપાન અમેરીકાનું ગુલામ થઇ ગયું છે. બધાં જ અગત્યનાં લશ્કરી થાણાં અમેરીકાના હાથમાં છે અને એ રીતે $\frac{1}{4}$ ભાગ તેમના કબજા હેઠળ છે.

વિશ્વશાંતિ પરિષદ-**pacifist conference**–માટે મને આમંત્રણ આવેલું એટલે ગયેલો. વળી ત્યાં બૌધ્ધ સોસાયટી તરફથી પણ એક કામ અંગે આમંત્રણ મળેલું. બુધ્ધ ભગવાનના અવશેષનું મહત્ત્વ બૌધ્ધોમાં બહુ છે. એવા કેટલાક અવશેષ થોડા વખત પહેલાં પંડિત જવાહરલાલે જાપાનને ભેટ આપેલા તેનાથી જાપાની લોકોને ખુબ આનંદ થયેલો અને તેઓ તે અંગે આપણા ઘણા ઋણી છે એવું કહે છે એને લગતા ઉત્સવમાં પણ મેં ભાગ લીધો હતો.

આજે અહિં બુધ્ધગયા આવ્યો છું. બૌધ્ધો આ સ્થળને ઘણું જ પવિત્ર સ્થળ માને છે. લુંબિની, બુધ્ધગયા, સારનાથ, ઉશીનારા–આ ચાર સ્થળો તેઓ માટે અત્યંત પવિત્ર છે. કેટલાંક વર્ષ પહેલાં જ્યારે હું અહિં આવેલો ત્યારે મારા જીવનમાં પણ પરિવતન થયેલું. વિનોબાએ પણ અહિં દટાઇ કામ કરવાનો સંકલ્પ કરેલો તે પણ એ શ્રધ્ધાને મજબુત કરે છે. તેની અસર એશિયા પર જ નહિ પણ સારી દુનિયા પર થવાની છે.

જાપાનમાં લોકો હાઇડ્રોજન બોંબને માટે પૂછતા હતા, અને તેની અસર હિંદ ઉપર કેવી છે તે જાણવા ઇંતેજાર હતા. જાપાનનું હૃદય બૌધ્ધ છે, પણ ઉપરથી જોતાં પશ્ચિમી સંસ્કૃતિ ત્યાં અસર કરતી લાગે છે. મને પુછવામાં આવેલું કે જાપાનમાં મને કેવું લાગે છે. મેં જણાવેલું કે જ્યાં ભગવાન બુધ્ધની આજ્ઞાઓ પાળવામાં આવે છે તે મારે મન ભારતવર્ષ જ છે. જાપાની લોકોનો વિશેષ ગુણ મને નિડરતા લાગ્યો ત્યાંના જ્વાળામુખીને કારણે તથા લડાઇના વાતાવરણને કારણે તેઓ મૃત્યુથી ડરતા નથી.

બુદ્ધ ભગવાનનો ઉપદેશ સર્વોદયનો જ હતો. તેમણે અવૈરનો ઉપદેશ આપેલો. કેટલાક સ્થળે ટીકા કરવામાં આવે છે કે શંકરાચાર્યે બુદ્ધને ઉખેડયા. તે બધી બેવકુફી છે. શંકરાચાર્ય તો પ્રચ્છન્ન બૌદ્ધ હતા. શંકરાચાર્યે વેદાંતમાં અહિંસાનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. તેમના ગુરૂના ગુરૂએ અદ્વૈતનો ઉપદેશ આપ્યો અને માંડુક્ય ઉપનિષદ ઉપર લખતાં તેમણે જણાવ્યું કે "અમારો કોઇની સાથે ઝગડો નથી. અમે એક છીએ." આ સમન્વયવૃત્તિ છે, આ અદ્વૈતભાવ છે. દરેકના હૃદયમાં જે સત્ તત્વ છે તેને એકત્ર કરીને કામ કરવું એ તેમનો ઉપદેશ છે. એ જ રીતે મહાવીર સ્વામીએ કહ્યું. તેમણે તેને 'સ્યાદ્વાદ'નું નામ આપ્યું. તે પણ આજ ભૂમિમાં થયા. તો આ રીતે ગૌડપાદાચાર્ય, શંકરાચાર્ય, બુદ્ધ ભગવાન અને મહાવીરે જે સમન્વયનો ઉપદેશ આપ્યો તેનો અમલ કરવાનો આજે વખત

આવ્યો છે. તે કામ આપણે જ કરવાનું છે. ભિન્ન ભિન્ન રાજનૈતિક આર્થિક અને આધ્યાત્મિક પંથોના સમન્વય કરવાનો છે. એ યુગ હવે આવી રહ્યો છે. પાપમૂલક ભેદભાવ ભૂલીને સત્યમૂલક અભેદ તરફ જવાનું છે.

આ સમન્વય માટે આપણે વિભિન્ન દેશો કે જાતિઓ વચ્ચે લગ્નના પ્રયોગ કરવા જોઇશે. આપણી સંસ્કૃતિ માટે આ પ્રયોગો નવા નથી. ઉર્વશી, મહાશ્વેતા વગેરેનાં લગ્નો એવી જ રીતનાં હતાં. આપણા ઇતિહાસમાં એવા ઘણા દાખલા મળે છે. આમ બધી રીતે સમન્વય કરવાનો ઉપદેશ ભગવાન બુધ્ધે આપેલો. તેનો અમલ કરવાનો યુગ આવી ગયો છે.

કાલે જ્યારે વિનોબાને મળ્યો ત્યારે મેં આ વાત કરી. ત્યારે તેમણે પણ મને આજ રીતની વાત કરી. અને જ્યાંથી ભગવાન બુદ્ધનું મંદિર દેખાય છે ત્યાં એક સમન્વય આશ્રમ ખોલવાનો વિચાર તેઓ કરી રહ્યા છે તેમ કહ્યું ત્યારે એવું લાગ્યું કે બાપુની આ વિચારસરણી ઉપર અમે કેવી એક રીતે વિચાર કરી રહ્યા છીએ? મહાત્મા ગાંધીના એ વિચારોનો કેવો સરસ રીતે ફેલાવવાનો પ્રયત્ન આજે વિનોબા કરી રહ્યા છે? ભગવાન રામચંદ્રે સત્ય અને શ્રી કૃષ્ણે પ્રેમસેવાનો જે આદેશ જગતને આપ્યો છે તે અહીં મૂર્ત સ્વરૂપે દેખાય છે.

જાપાનમાં મને પૂછવામાં આવતું કે જવાહર પછી તમારે ત્યાં કોણ છે? મેં કહ્યું કે આવી રીતે પૂછવાની નવાઇ નથી. તિલક પછી કોણ, ગાંધી પછી કોણ એવું હંમેશા પુછવામાં આવતું. મેં કહેલું કે આખો હિંદુસ્તાન છે. પછી ભૂદાનની વાત નીકળી. તો કહે કે વિનોબા ભાવે શું રાજનૈતિક નેતા થશે? મેં કહ્યું કે 'ના હર–ગીજ નહી. હવે તો રાજનીતિનું જ અવસાન થવા માંડયું છે. અમારે ત્યાં તો **Secular Democracy** છે. તેનાં બધા **isms** વાદો દફનાવીને નવું કામ કરવું પડશે. પછી વિનોબા માટે મેં કહ્યું કે તે મારા ગુરૂભાઇ છે એટલે મારે તેમના વખાણ ન કરવાના હોય, પણ મહાત્માજીમાં જે આધ્યાત્મિક ભૂમિકા મેં જોયેલી તેનાથી વિનોબામાં કશું જ ઓછું નથી તો કહે 'હેં શું કહો છો?' મેં કહ્યું કે 'હવે જ્યાં રાજનીતિ ખતમ થશે' ત્યાં આધ્યાત્મિક સત્ય જ શ્રેષ્ઠ મનાશે અને તેમાં પ્રેમ અને સેવા મુખ્ય હશે.' સર્વોદય આ ઉપર જ ઉભો છે. સર્વોદયની શરૂઆત આત્મોદયથી થાય છે.

જાપાનમાં એક ગરીબ ખેડૂતે તેની ભાંગીતુટી અંગ્રેજીમાં મને એક પત્ર લખેલો. હિંદ તરફ આજે દુનિયાની નજર છે એમ તેમાં જણાવેલું. તેની મારફતે સારૂં યે જાપાનનું હૃદય બોલતું હોય એમ મને લાગ્યું. આજે જાપાન પર અમેરીકાનું વર્ચસ્વ છે. એટલે તેઓ બીચારા બહુ ભયભીત છે. ફક્ત ૮ હાઇડ્રોજન બોંબથી સારી એ જાપાની જાતિને ખતમ કરી શકે એવું બળ અમેરીકા પાસે છે. દુનિયાના પ્રારંભથી હાઇડ્રોજન, એટમ વગેરે હતું. પણ એની અંદર જે શક્તિ ભરી છે તે હવે સાયન્ટીસ્ટના હાથમાં આવી છે, અને તે બધાને ડરાવે છે. પણ આત્મશક્તિ એ કોઇ પણ અણુશક્તિથી વધારે બળવાન છે. પણ તેને બહાર કાઢવાને માટે એક **Laboratory** પ્રયોગશાળા હોવી જોઇએ. અને જે શક્તિ હૃદયમાંથી નીકળશે તેનાથી આપણે હાઇડ્રોજન બોંબને પરાસ્ત કરી શકીશું. ઇશુ, બુદ્ધ મહાવીર અને ગાંધી આવા સાયન્ટીસ્ટ હતા. આપણે એવા સાયન્ટીસ્ટ બનવું પડશે. આજે જવાહર એવું કામ કરી રહયા છે. પણ આત્મ-શક્તિ વધારવાનું કામ સર્વોદયનું છે. જીવનને શુદ્ધ કરી સમૃધ્ધ કરવાનું છે; હૃદયની વિશાળતા વધારવાની છે. શબરીના બોર ખાઇને રામે જે વિશાળતા બતાવી તે આપણે બતાવવી પડશે. આજે આપણે નવી દીક્ષા લઇએ કે એશઆરામમાં નહિ પણ સેવામાં જ અમારૂં જીવન વિતાવીશું. એક તરફ આફ્રિકા, બીજી તરફ એશિયા, અને વચમાં હિંદ છે. જો નવી શક્તિ–આત્મશક્તિ–આપણે પ્રગટા-વીશું તો સૌને બચાવી શકીશું. તમે સૌએ એ કારણસર વ્રત લીધું છે. વિનોબા જે કેન્દ્ર ઉઘાડી રહ્યા છે તેમાં વિચારની સાથે પ્રેમ મુખ્ય રહેશે. બધા ધર્મનો ત્યાં અભ્યાસ કરવામાં આવશે. તે કેન્દ્ર આંતરરાષ્ટ્રીય બનશે તે માટે મારા એ અંગે હૃદયપૂર્વકના આશીર્વાદ છે.

## (૩) સમન્વય – આશ્રમની કલ્પના

વ્યાખ્યાતા : **વિનોબા ભાવે**

બહારથી જોતાં તો એમ લાગશે કે હું કોઇ નવી શરૂઆત કરવા જઇ રહ્યો છું. પરંતુ એવું નથી; નવી શરૂઆત કરવાની મારી વૃત્તિ નથી. કેટલાક વર્ષો પહેલાં મારામાં એવી વૃત્તિ હતી, પરંતુ આજકાલ એ રહી નથી. બુધ્ધગયામાં–સમન્વય કેન્દ્ર ખોલવાનો જે આરંભ થઇ રહ્યો છે તે અત્યંત સ્વાભાવિક રીતે જન્મ્યો છે. નવ વર્ષ પહેલાં હું જ્યારે શીવની જેલમાં હતો ત્યારે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પર કંઇક કહેવાનો મને મોકો મળ્યો હતો. એ દિવસોમાં કાકા સાહેબ અમારી સાથે હતા. એ વખતે એ જેલમાં આ વ્યાખ્યાનો થયા હતા અને હવે પુસ્તક સ્વરૂપે "સ્થિતપ્રજ્ઞ દર્શન" નામથી પ્રગટ થયા છે. તેના અંતમાં "બ્રહ્મનિર્વાણ" શબ્દની વ્યાખ્યા કરી છે. એ કારણે બૌધ્ધના નિર્વાણ અને વેદાન્તના બ્રહ્મનિર્વાણ એ બન્ને શબ્દોનો સમન્વય કરવાની જરૂર પડી.

કાકા સાહેબે તે સમય તે જોયેલું, પણ આજે સવારે જ્યારે મેં તેમની પાસે ફરીથી તે વાંચી સંભળાવ્યું તો તેમને વિશેષ સંતોષ થયો. તેઓ આજ સુધી બૌધ્ધ ધર્મ તથા વેદાન્ત ધર્મનો અભ્યાસ કરીને જે સમજેલા એવાજ પ્રકારની વસ્તુ એ પુસ્તકમાં રાખી છે એમ તેમને લાગ્યું.

તે જ્યારે લખાયેલું ત્યારે મારા મનમાં એવો કોઇ વિચાર નહોતો કે મારે એ પ્રમાણે કામ કરવાનું આવશે. મને ખબર ન હતી કે મારે યાત્રા કરવી પડશે અને તે યાત્રામાં બુધ્ધિગયા જવાનું થશે. બીજાં સ્થળો જોવાની મને ઇચ્છા નથી રહી, કારણ કે જાત્રા કરવાની રૂચિ જ મારામાં નથી. પરંતુ યાત્રા કરવી પડી, જો કે તે જુદા પ્રકારની યાત્રા છે. અને આ યાત્રા દરમ્યાન બોધગયામાં આવવાનું થયું, અને એક સ્વાભાવિક સંકલ્પ કર્યો. જો કે જે કાંઇ થયું છે એ બધું સ્વાભાવિક રીતે જ થયું છે. બોધગયામાં જ આ કેન્દ્ર માટે જમીન મળી. બુધ્ધગયામાં ભગવાન બુધ્ધનું જે મંદિર છે તે વિશ્વશાંતિ માટે આશા સમાન છે. એની પાસે જ જમીન મળે તો સારૂં એમ હું વિચારતો હતો. નજીકમાં જમીન ન મળે તો કોઇ વાંધો ન હતો. આ દિવસોમાં જમીનની કિંમત માંગો એટલી મળે એવું છે. પરંતુ બુધ્ધગયામાં આપણને જે જમીન મળી છે તે આપણે માટે જ જાણે રાખી મૂકવામાં આવી હોય એમ લાગે છે. એ મંદિરની આસપાસ આ જમીન સિવાય બીજી કોઇ એવી જમીન ન હતી, અને ત્યાંના શંકર સંપ્રદાયના મઠ તરફથી ઘણી પ્રસન્નતાપૂર્વક આ જમીન મને દાનમાં મળી. આ બધું ઘણીજ સ્વાભાવિક રીતે થયું. એ કરવામાં કોઇ ભાર લાગ્યો નથી. આમ તો એવું લાગે છે કે આ એક નાનું કામ છે. પરંતુ એવું નથી. આ એક બહુ મોટી જવાબદારી છે એનો ખ્યાલ આવી રહ્યો છે. પરંતુ મેં એને અનિવાર્ય સમજીને આ કામ ઉપાડયું છે. આપણે જો તે કામ ન કરત તો અહિંસાની દૃષ્ટિથી આપણે જે પગલાં ભરવાં જોઇએ તે ન ભરી શકત.

વેદાંત અને અહિંસા પરસ્પર અવિરૂધ્ધ છે એટલું જ કહેવુ પૂરતું નથી, પણ એ કહેવું પડશે કે બન્ને એકબીજાના પુરક છે, વેદાંતમાંથી અહિંસા સીધી પરિણમે છે. અને અહિંસા સિવાય વેદાંતનો પાયો કાચો રહે છે. વેદાંન વગર અહિંસાનો ગમે તેટલો બચાવ કરીએ તો પણ તે લુલો છે. મજબુત નથી. વેદાંત જ અહિંસાનો આધાર છે આ સારીએ પ્રક્રિયા ગીતાના એક શ્લોકમાં વર્ણવી છે

;समं पश्यन् हि सर्वत्र समवस्थितम् ईश्वरम्

"પરમેશ્વરને બધે જ એક સ્વરૂપમાં જો!" એ વેદાન્તનો મુખ્ય વિચાર છે. એના પરિણામ રૂપે જ મનુષ્ય હિંસા ન કરી શકે, કારણ કે જે કાંઇ સામે શસ્ત્ર ઉઠાવે તે પોતાની સામે જ ઉઠાવવા બરોબર છે. અને એ તો આત્મઘાત કરવા બરાબર છે, જે તે નથી કરી શકતો. એ રીતે મૂળમાં વેદાન્ત છે અને ફળરૂપે અહિંસા છે અને એની ઉપર જીવનનિષ્ઠા બંધાય છે; અંતિમ પરિણામ પરમગતિ છે. આ રીતે ગીતાના અદ્‌ભુત શ્લોક મારફતે સાર બતાવાયો છે.

બાપુ વેદાન્તને બદલે સત્યનું નામ લેતા હતા અને એની સાથે અહિંસાને જોડી દેતા હતા. સત્ય અને અહિંસા એકબીજાને જોડાયેલાં તત્ત્વ છે. એ સત્યને પસંદ કરતા હતા પરંતુ મને લાગ્યું કે સત્યનું સંશોધન વેદાન્તમાં જેટલા જોરપૂર્વક થાય છે એટલું બીજે કશે થતું નથી. એટલે વેદાન્તમાં સત્યનો સાર આવી જાય છે. સત્ય એ વેદાન્ત અથવા બધા વેદોનો સાર અથવા બધા તત્વજ્ઞાનોનો સારાંશ છે. વેદાન્તની અંદર સારોયે જીવન–વિચાર સમાયેલો છે. એને બાપુ સત્ય કહેતા હતા. સત્ય શબ્દ એક પરમ તત્વ સૂચવે છે. વેદાન્ત શબ્દ સમન્વયસુચક છે. એમાં બધા વિચારોના અનેક પાસાએ પ્રગટ થાય છે. એનાં કોઈ એકાદ વિચારનો જ આગ્રહ કરવામાં નથી આવતો. એથી બધો ભેદ ટળી જાય છે. શંકરાચાર્યના ગુરુ ગૌડપદ ઋષિએ કહેલું

स्वसिध्धान्तव्यवस्थासु, द्वैतिनो निश्चिता दृढम् ।
परस्परं विरुध्ध्यन्ते, तैरयं न विरुध्ध्यते ॥

સારાંશ કે તમે ઇચ્છો તો આપસ આપસમાં લઢી શકો છો પરંતુ મારી સાથે નહિ લઢી શકો; કારણ કે તમે દ્વૈતી છો અને હું અદ્વૈતી છું. તમે સૌ મારા હૃદયમાં છો. એનો અર્થ **'સર્વાંગી–સમગ્ર સત્યદર્શન'** થાય છે. અને એમાં જ અહિંસાનો સમાવેશ થાય છે. એનો સમન્વય આપણે જીવનમાં કરવાનો છે. દિશા તો મળી છે પરંતુ હજુ સુધી પૂરેપૂરી ખેડાઇ નથી. સંપૂર્ણતા કદી પ્રાપ્ત થઇ પણ ન શકે. આજે એની જરૂર છે. ઇશ્વરે આપણને મોટો કાર્યક્રમ આપ્યો છે. આ ભૂદાનયજ્ઞ આપણને ક્યાં ક્યાં લઇ જશે તે આપણે જાણતા નથી. એની જ પૂર્તિરૂપે આ સમન્વય–આશ્રમ અથવા મંદિર તમે એને ગમે તે નામ આપો તે ખોલવામાં આવનાર છે. એમાં હું તમારા સૌનો સહયોગ ઇચ્છું છું. સહયોગ સામાન્ય અર્થમાં નહિ પણ જે અર્થમાં હું જાણું છું એ અર્થમાં તમારો સહયોગ માંગુ છું. આપણા હૃદયમાં આપણે એ જ ભાવના રાખીએ કે એક ઇશ્વર જ બધી રીતે સમર્થ છે, અને તેની ભક્તિ આપણે કરવાની છે. આપણે સર્વ શૂન્ય છીએ. આપણને એક આકાર મળ્યો છે. પરંતુ શૂન્યને પણ એક આકાર હોય છે; રૂપ હોય છે; તે આકાર વગરનું તો નથી હોતું. એ રીતે આપણને પણ આકાર મળ્યો છે. પરંતુ આપણે શૂન્ય થવું જોઇએ. તમારી સૌની પાસેથી હું હૃદયની સહાનુભૂતિ માંગુ છું.

## મુદ્રણશુદ્ધિ

ઉનાળાની મધુરતાના લેખમાં પાનું ૨૨૩ ઉપર પહેલા કોલમની શરૂઆતમાં નીચેનું વાકય ઉમેરો: "(જે) રાત્રીઓનું હું ચિત્ર કલ્પી રહ્યો છું, આલેખી રહ્યો છું તે રાત્રીઓ દરમિયાન ચંદ્રનો અસ્ત થવા બાદ એક બે કલાકમાં આકાશગંગા". એ જ કોલમમાં છેલ્લી લીટીનો છેલ્લો 'રૂ' એ ય અધુરો છપાયો છે. તેના સ્થાને 'રજુતા' એમ સુધારો.

—તંત્રી

# સોળમા વર્ષમાં પ્રવેશ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામયિક પ્રવૃત્તિ આ અંક સાથે સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે. ૧૪ વર્ષ સુધી 'પ્રબુધ્ધ જૈન'નાં નામથી એ પ્રવૃત્તિ એકસરખી ચાલતી રહી. ગયા વર્ષના મે માસથી આ પ્રવૃત્તિ 'પ્રબુધ્ધ જીવન'ના નામથી શરૂ થઇ છે. તેને આજે એક વર્ષ પૂરૂં થયુ છે. આ સામયિક પ્રવૃત્તિના ઇતિહાસમાં નામપરિવર્તન એક અગત્યની ઘટના છે. પ્રબુધ્ધ જીવનના નામ–ધારણ સાથે સંપાદનની જવાબદારી વધી છે. તેમાં ચર્ચવામાં આવતા વિષયોનું વર્તુળ અત્યંત વ્યાપક રહેવું જોઇએ એવી અપેક્ષા ધરાવવામાં આવે છે, અને તે અપેક્ષાને પહોંચી વળવું એ સહેલું કામ નથી લાગતું.

નામપરિવર્તન બાદ પ્રબુધ્ધ જીવનની ગ્રાહક સંખ્યા વધતી રહી છે. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ટી. જી. શાહ પૂર્વ આફ્રિકાનો પ્રવાસ કરી આવ્યા અને ત્યાંથી પણ સારી ગ્રાહક સંખ્યા મેળવીને આવ્યા છે. આ રીતે પૂર્વ આફ્રિકા સાથે પ્રબુધ્ધ જીવનનો સંબંધ શરૂ થયો છે. ત્યાંના ગ્રાહકોને વિનંતિ કે ત્યાંના સામાજિક, આર્થિક તેમજ રાજકીય પ્રશ્નોથી અમને વાકેફ કરતા રહે કે જેથી પ્રબુધ્ધ જીવનમાં તે વિષે ઉલ્લેખ કરવાનું તેમજ માર્ગદર્શન આપવાનું અમારા માટે શકય બને.

આજે સમાજમાં, રાષ્ટ્રમાં, આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અનેક વિકટ સમસ્યાઓ ઉભી થઇ રહી છે, આજની દુનિયાની પરિસ્થિતિ વધારે ને વધારે તંગ બની રહી છે. આ સર્વનું સ્વરૂપ યથાર્થપણે સમજાવવુ, તે વિષે શકય હોય ત્યાં માર્ગદર્શન આપવું, ઉકેલ રજુ કરવો, અને બને તેટલી વિચારસમાગ્રી તથા માહીતી પુરી પાડવી એ પ્રબુધ્ધ જીવનનો મનોરથ છે આ મનોરથને પહોંચી વળવું એ એક વ્યકિત કે શકિતનું કામ નથી. તે માટે અનેક વિચારકો, વિદ્વાનો તેમજ અનુભવીઓનો સહકાર જોઇએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ એક નની સરખી જૈનોની સંસ્થા છે. તેનું પ્રબુધ્ધ જીવન એક નાનું સરખું મુખપત્ર છે. કશાપણ નાતજાત કે સંપ્રદાયના ભેદ સિવાય, નજીક તેમજ દૂરનાંની સદ્‌વિચારના પ્રચારદ્વારા બને તેટલી સેવા કરવી એ તેનો ઉદ્દેશ છે, વિચાર જાગૃતિ તેમજ જીવન જાગૃત તેનું ધ્યેય છે, નિડરપણે સત્યની ઉપાસના કરવી એ તેની વૃત્તિ છે, ભાષાસંયમ તેનો પ્રાણ છે. પ્રબુધ્ધ જીવન પ્રત્યે આજના પ્રમુખ વિચારકો અને ચિન્તકોનો સારો સદ્‌ભાવ છે. આ સદ્‌ભાવનું શકય તેટલા સહકારમાં રૂપાન્તર કરવા સર્વ શુભેચ્છક મિત્રોને અન્તરની પ્રાર્થના છે.

જે ધ્યેય ઉપર આરૂઢ થઈને પ્રબુધ્ધ જીવનનું સંપાદન કરવામાં આવે છે, અને તેને અનુસરીને જાહેરખબરો લેવાથી દૂર રહેવાનો આગ્રહ આજ સુધી સેવાતો રહ્યો છે તેનું પરિણામ પત્રને શોષવી પડતી આર્થિક ખોટમાં આવે તે સ્વભાવિક છે. પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો સ્વત: આર્થિક સહાય કરીને તેમજ નવા ગ્રાહકો મેળવી આપીને આ અમારી ખોટ હળવી કરે એવી તેમને પણ–જો અમારી નિષ્ઠા તેમજ પ્રવૃત્તિ પ્રત્યે તેમને આદર અને શ્રધ્ધા હોય તો–અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

'પ્રબુધ્ધ જૈન'નું 'પ્રબુધ્ધ જીવન'માં કરવામાં આવેલ રૂપાન્તરથી પ્રસન્ન થઇને પ્રબુધ્ધ જીવનનો આ વખતે છપાતો નવો ટાઇટલ બ્લોક કુમારના તંત્રી શ્રી બચુભાઇ રાવતે તૈયાર કરાવીને અમને ભેટ આપ્યો છે. તે માટે અમે તેમના ખૂબ આભારી છીએ.

આ નામપરિવર્તન સાર્થક થાય એવો પ્રબુધ્ધ જીવનનો સતત વિકાસ થતો રહે અને વિશાળ જનસમાજનું આ એક અજોડ માર્ગદર્શક પત્ર બને એવી અમારી મહેચ્છા છે, એવો અમારો પ્રયત્ન છે, એવી અમારી અન્તરની પ્રાર્થના છે!

તંત્રી, પ્રબુધ્ધ જીવન

# પ્રકીર્ણ નોંધ

## નાની આગમાંથો વિશ્વભક્ષો દાવાનળ તો નહિ પ્રગટેને?

આજે ઇન્ડો-ચાઈના (હિન્દી ચીન)ના પ્રશ્ન ઉપર આખી દુનિયાનું ધ્યાન કેન્દ્રિત થયું છે. ઇન્ડો-ચાઇના આજે બે પક્ષમાં વહેંચાયલું છે. એક પક્ષ ઉપર ફ્રેન્ચ સત્તાનું પ્રભુત્વ છે; બીજા પક્ષ ઉપર પ્રજા નાયક હોં-ચી-મીંહ-નું પ્રભુત્વ છે. હોં-ચી-મીંહના પક્ષને (વીએટ-મીંહને) ચીનની સહાય છે અને ઇન્ડો-ચાઇનાના ત્રણ વિભાગ વીએટ-નામ. લાઉસ તથા કેબોડિયાને ફ્રેન્ચ સત્તાથી મુક્ત કરવા તે છેલ્લાં સાત વર્ષથી લડી રહેલ છે. આ ઇન્ડો-ચાઇનાના પ્રશ્નને યથાસ્વરૂપે સમજવા માટે બીજા વિશ્વયુધ્ધ દરમિયાન જાપાને ઇન્ડો-ચાઇનાનો કબજો લીધો ત્યારથી આજ સુધીનો ઇન્ડો-ચાઇનાનો ઇતિહાસ જાણી લેવો જરૂરી છે.

૧૯૪૦માં જાપાને ઇન્ડો-ચાઇના ઉપર આક્રમણ કર્યું હતું અને એ દેશનો કબજો લીધો હતો. આ સામે હોં-ચી-મીંહની આગેવાની નીચે વીએટ-મીંહ નામનો એક પક્ષ ઉભો થયો હતો અને આ પક્ષે તેમજ અન્ય રાષ્ટ્રવાદી દળોએ જાપાનને પડકાર કર્યો હતો અને જાપાનીઝ વિરુધ્ધ યુનાઇટેડ સ્ટેઇટસ અને અન્ય મિત્રરાજ્યોના દળોને મદદ કરી હતી. વીએટ-મીંહ પક્ષે એ વખતે કરેલી ઉદ્‌ઘોષણામાં લોકશાહી સિધ્ધાન્તોનો ઉલ્લેખ કરીને જાપાનીઝ લશ્કરને હાંકી કાઢયા બાદ ઇન્ડો-ચાઇનાની પ્રજાને સંપૂર્ણ સ્વરાજ્ય આપવાની માંગણી કરી હતી.

બીજું વિશ્વયુધ્ધ પુરૂં થયા બાદ ૧૫ સભ્યોની એક કામચલાઉ સરકાર નીમવામાં આવી હતી, જેમાં પાંચ સભ્યો સામ્યવાદી હતા અને બીજા સભ્યો ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોના હતા. ૧૯૪૫ના સપ્ટેંબરમાં આ રચનાને વીએટ-નામના ડેમોક્રેટિક રીપબ્લીક (લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય) તરીકે જાહેર કરવામાં આવી હતી. હોં-ચી-મીંહ તેનો પ્રમુખ હતો અને તે વખતની ચાંગ-કાઇ-શેકની ચીની સરકારે તેને સ્વીકૃતિ આપી હતી.

અહિં એ જણાવવાની જરૂર છે કે બીજા વિશ્વયુધ્ધ પહેલાં ઇન્ડો-ચાઇના ફ્રાન્સના તાબામાં હતું. વચગાળે જાપાનીઝ અંકુશ નીચે આવ્યું અને તે વખતે આ ફ્રેંચોને જાપાનીઝ સત્તાધીશોની ગુલામી કરવાની ફરજ પડેલી. એટમ બોંબથી જાપાન ભાંગ્યું, બીજું વિશ્વયુધ્ધ પુરૂં થયું, અને ફ્રેંચોએ પાછી પોતાની સત્તા ઇન્ડો-ચાઇના ઉપર ફરીથી સ્થાપવાની તરકીબો શરૂ કરી. તત્કાળ વીએટ-નામના ડેમોક્રેટિક રીપબ્લીકનો ફ્રેંચોએ સ્વીકાર કર્યો અને એ સંબંધમાં વધારે વાટાઘાટો ચલાવવા એ રીપબ્લીકના આગેવાન હોં-ચી-મીંહને ફ્રેંચોએ પેરીસ બોલાવ્યા. એક બાજુએ પેરીસમાં ફ્રેંચ સરકાર હોં-ચી-મીંહ સાથેની વાટાઘાટો લંબાવતી ગઇ અને બીજી બાજુએ તેની ગેરહાજરી દરમિયાન વીએટ-નામ વિભાગના અન્નામ નામના એક પરગણાના બાઉ દાઇ નામના રાજાને ફ્રેંચોએ ખરીદી લીધો, તેને વીએટ-નામના રીપબ્લીકનો પ્રમુખ બનાવ્યો. અને એવીજ રીતે ઇન્ડો-ચાઇનાના બીજા બે વિભાગ લાઉસ અને કેંબોડિયાના રાજાઓ સાથે પણ ફ્રેંચોએ આવીજ રમત કરીને આખા ઇન્ડો-ચાઇનાના ત્રણ ભાગલા કરીને તે ઉપર પોતાનો કાબુ જમાવી દીધો.

ફ્રેંચ સરકારના આ દ્રોહથી સખ્ત આઘાત પામીને હોં-ચી-મીંહ ઇન્ડો-ચાઇના પાછો ફર્યો. વીએટ-નામનો જે વિભાગ ચીનની સરહદ સાથે જોડાયલો છે તે વિભાગ ઉપર હોં-ચી-મીંહના પક્ષ વીએટ-મીંહની સારી જમાવટ હતી. ત્યાંથી ૧૯૪૭માં ફ્રેંચ હકુમત સામે હોં-ચી-મીંહે બળવો જાહેર કર્યો અને ત્યારથી તે આજ સુધી એક બાજુ હો-ચી-મીંહનું લશ્કર અને બીજી બાજુએ ફ્રેંચ લશ્કર વચ્ચે ઉત્તરોત્તર વધારેને વધારે ઉગ્ર બનતું જતું યુધ્ધ ચાલી રહ્યું છે. વીએટ-મીંહ પક્ષના અનુયાયીઓ માત્ર અમુક જ વિભાગમાં મર્યાદિત છે એમ નથી. આખા દેશમાં નાનાં મોટા મથકો ઉપર તેમનો કાબુ પ્રવર્તે છે અને તેથી આખા દેશમાં એક પ્રકારના પ્રજાકીય વિગ્રહની સ્થિતિ વ્યાપી રહી છે.

ઇન્ડો-ચાઇનાનો પ્રશ્ન આ ભૂમિકાએ પહોંચ્યા બાદ ત્યાં ચાલી રહેલો સંઘર્ષ જાણે કે આજના બે પાવર-બ્લોકસ-સત્તાલક્ષી બે રાજ્ય વર્તુળો-વચ્ચેનો સંઘર્ષ ન હોય એવી રીતે આ પ્રશ્ન વધારે ને વધારે ભીષણ સ્વરૂપ ધારણ કરતો રહ્યો છે. એક બાજુએ યુનાટેડ સ્ટેઇટસ ફ્રાન્સને વિપુલ યુધ્ધસામગ્રી પુરી પાડી રહેલ છે. બીજી બાજુએ ચીન તરફથી હો ચી-મીંહને પુષ્કળ મદદ મળી રહી છે.

આ પરિસ્થિતિ દરમિયાન જ્યારે થોડા સમયમાં જીનીવામાં ઇન્ડો-ચાઇના સાથે સંબંધ ધરાવતા મહારાજ્યોની પરિષદ મળવાની છે અને ઇન્ડો-ચાઈનાના પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવાની છે એમ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું ત્યારે ઇન્ડોચાઇનામાં સુલેહ શાન્તિ થવાની નવી આશા ઉભી થઇ હતી. પણ આ પરિષદ (જે એપ્રીલ માસની ૨૬મી તારીખથી શરૂ થઇ ચૂકી છે તે) ભરાવાના ટાંકણે જે કાંઇ ઘટનાઓ બની રહી છે તે ઘટનાઓ કમનસીબે આ આશાને ધુળમાં મેળવી રહી છે. એક તો આ એક નાના સરખા દેશના મર્યાદિત સ્વાતંત્ર્ય યુદ્ધને વિસ્તૃત બનાવવાની, ચીન ઉપર હુમલો લઈ જવાની અને અગ્નિ એશીઆને સામ્યવાદની પકડમાંથી બચાવવાની જેહાદ શરૂ કરવાની બેફામ વાતો ચાલી રહી છે. બીજું આજ હેતુથી યુરોપના અને એશીઆના નાના દેશોને સંગઠિત કરવાનો યુનાયટેડ સ્ટેઈટ્સ તરફથી અવિરત પ્રયત્ન ચાલી રહ્યો છે અને સંયુકત પગલા વડે સામ્યવાદી દેશોને દબાવી દેવાની ધમકી વહેતી મુકવામાં આવી છે અને પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે જરૂર પડયે એટમ બોંબ-હાઇડ્રોજન બોંબ-ગમે તે શસ્ત્રોનો છેવટની કક્ષાએ ઉપયોગ કરતાં યુનાઇટેડ સ્ટેટસ અચકાશે નહિ એવાં સૂચનો તે દિશાએથી શ્રવણગોચર થઇ રહ્યાં છે. આવા સંયોગોમાં જીનીવા પરિષદ શાન્તિ અને સમાધાનીની આશા આપવાને બદલે નવા કોઇ ઉલ્કાપાતની આગાહી આપી રહેલ છે.

ઇન્ડો-ચાઇનાની આજની પરિસ્થિતિનું જે ચિત્ર ઉપર આપવામાં આવ્યું છે તે ઉપરથી આટલું તો સ્પષ્ટ છે કે ઇન્ડો-ચાઇના ઉપરની હકુમત છોડી દેવાને ફ્રાન્સ જરાપણ તૈયાર નથી; તે દેશમાં ભેદનીતિનું અવલંબન લઇને આઝાદીની આ લડતને આન્તરવિગ્રહનું સ્વરૂપ આપવા તેણે પ્રયત્ન કર્યો છે. ફ્રેંચ સંચાલિત એક પક્ષ આખા દેશને આઝાદ કરવા ઇચ્છતા અન્ય ભાગ સાથે તુમુલ યુધ્ધ કરી રહેલ છે. આ આઝાદી ઝંખતા પક્ષને ચીનનું પીઠબળ છે અને અત્યારે તેનું જોર વધતું ચાલ્યું છે. બીજી બાજુએ ઇન્ડો-ચાઇના સામ્યવાદી થઇ જશે એવી ભીતિ અને ભડક પેદા કરીને યુનાઇટેડ સ્ટેટ્સ આ એક સ્થાનિક વિગ્રહને આન્તરરાષ્ટ્રીય સ્વરૂપ આપી રહેલ છે. પરિણામે આ સાઠમારી કોરીઆ માફક ઇન્ડો-ચાઇનાને ખેદાન મેદાન કરી રહેલ છે. યુનાઇટેડ સ્ટેઇટ્સની વૃત્તિ આ નિમિત લઇને લાગ આવે તો ચીનને છુંદી નાખવું એવી હોવાનો અંદેશો રહ્યા કરે છે. કારણ કે સામ્યવાદી ચીનના અસ્તિત્વને સ્વીકારવાની તે આજ સુધી ના પાડતું આવ્યું છે અને આજે પણ આ ઇન્ડો ચાઇનાના પ્રશ્ન વિષે ચીન સાથે સમકક્ષા ઉપર કશી પણ વાટાઘાટ કરવાને તે તૈયાર નથી; એટલુંજ નહિ પણ જો એ ઇન્ડોચીન-ચાઇનાને મદદ આપતું ન અટકે તો ચીનને પોતાનો હાથ બતાવવાની એ ધમકી આપી રહેલ છે.

આમ વિકરતી જતી અને કોઇ મહા પ્રલય તરફ ધસડાતી જતી પરિસ્થિતિનો પુરો ખ્યાલ કરીને હિંદે ઇન્ડો ચાઇનાના પ્રશ્નનો નિકાલ કરવા માટે છ મુદ્દાઓ જીનીવા પરિષદ સમક્ષ રજુ કર્યા છે. (૧) સુલેહ શાન્તિનું વાતાવરણ પેદા કરો. (૨) ફ્રેંચ અને વીએટ-મીંહ વચ્ચે ચાલતા યુધ્ધની તત્કાળ તહકુબી કરો (૩) ઇન્ડો-ચાઇનાને સંપૂર્ણ સ્વાયત્ત શાસન આપવાની ફ્રેંચ સરકાર જાહેરાત કરે. (૪) આ સંઘર્ષ સાથે સીધો સંબંધ ધરાવતી સત્તાઓ ઇન્ડો-ચાઇના-પરિષદના આકારમાં મળીને સીધેસીધી વાટાઘાટ ચલાવે (૫) ઇન્ડો-ચાઇનાના પ્રશ્નમાં યુનાઇટેડ સ્ટેઇટ્સ રશીઆ, ચીન કે અન્ય કોઇ દેશ જરાપણ માથું નહિ મારે કે દખલગીરી નહિ કરે એવી લાગતાવળગતા બધા દેશો બાંહેધરી આપે. (૬) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા-યુનાઇટેડ નેશન્સ-ને ઉપર જણાવેલી ઇન્ડો-ચાઇના કોન્ફરન્સની પ્રગતિ વિષે વાકેફ કરવામાં આવે અને સુલેહશાન્તિની સ્થાપના માટે તે સંસ્થાનો પુરો ઉપયોગ કરવામાં આવે.

આ છ મુદ્દાઓ આજે ચાલી રહેલી જીનીવા પરિષદ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લે, અને ફેલાતી જતી યુધ્ધ જવાળાનું ઉપશમન કરીને ઇન્ડોચાઇનામાં શાંતિ સ્થાપવાનો કોઇ માર્ગ શોધી કાઢે એમ આપણે જરૂર ઇચ્છીએ, પ્રાર્થીએ, પણ જે ગાઢ તપાસથી આજના મહારાજ્યોના સત્તાધીશોનાં ચિત્ત ઘેરાયલાં છે તે જોતાં આ ઇચ્છા, પ્રાર્થના, વિનવણી અરણ્યરૂદન જેવી નીવડે એવો ભય રહે છે

**સમન્વય-આશ્રમની સ્થાપના**

બુધ્ધગયા જ્યાં થોડા દિવસ પહેલાં શ્રી વિનોબા ભાવેના પ્રમુખપણા નીચે સર્વોદય સંમેલન ભરાઇ ગયું ત્યાં જ તે અરસામાં તા. ૨૦-૪-૫૪ ના રોજ શ્રી વિનોબા ભાવેની પ્રેરણાથી રાષ્ટ્ર-પ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદના હાથે સમન્વય-આશ્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બાબુ રાજેન્દ્ર પ્રસાદે એ સ્થળે જાતે કુવો ખોદવાનું શરૂ કર્યું અને અન્ય સાથીઓએ મળીને દોઢ દિવસમાં આ કુવો ખોદવાનું કામ પુરૂં કર્યું એ આ પ્રસંગને લગતી ઉદ્ઘાટન-વિધિ હતી. આ પ્રસંગે કાકાસાહેબ કાલેલકર અને વિનોબાજીએ મહત્વપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતાં જે અન્યત્ર આપવામાં આવ્યા છે.

આ પ્રમાણે શરૂ થતા સમન્વય આશ્રમને આપણે સૌ અન્તરથી આવકારીએ!

પ્રસ્તુત પ્રસંગ જૈન દૃષ્ટિએ સવિશેષ આવકાર યોગ્ય લેખાવો ઘટે છે, કારણ કે જે સમન્વય શ્રી વિનોબા શોધે છે અને ઇચ્છે છે તે સમન્વય જૈન દર્શનનો તો પાયો છે. આ સંમન્વયને જૈનોની પરિભાષામાં અનેકાન્ત અથવા સ્યાદ્વાદના નામે ઓળખવામાં આવે છે. જે સમન્વય દૃષ્ટિના વિકાસને શ્રી વિનોબા ઝંખે છે એ સમન્વય દૃષ્ટિ એજ ખરી જૈન દૃષ્ટિ છે.

જૈન દર્શનની ત્રણ વિશેષતા છે. એક આચારલક્ષી અહિંસા, બીજી વિચારલક્ષી અનેકાન્ત, ત્રીજી વ્યવહારલક્ષી પરિગ્રહમર્યાદા. આજે દુનિયાના વિચારકોનું ધ્યાન પણ આ ત્રણ તત્વો ઉપર જ વધારે ને વધારે કેન્દ્રિત થઇ રહ્યું છે. આજના સર્વ અનર્થોનું મૂળ હિંસા છે અને તેનો ઉપાય અહિંસા છે એ ગાંધીજીએ જગતને દીધેલો બોધપાઠ આજે સૌ કોઇ એક અવાજે સ્વીકારી રહ્યા છે. આજના સમાજનિર્માતાઓ અનેક વિષમતાઓથી ભરેલી સમાજરચનામાં બને તેટલી સમાનતા ઉભી કરવાનો પ્રયત્ન સેવી રહેલ છે અને એ સ્પષ્ટ છે કે આ સમાનતા સામુદાયિક પરિગ્રહ-મર્યાદા સિવાય શકય નથી. ગમે તેટલું પેદા કરવામાં આવે તો પણ પરિગ્રહ અને ઉપભોગ, મર્યાદા સ્વીકારાયા સિવાય માનવીની ભૂખ કદી શમવાની નથી. સમાનતા સ્થાપવા ઇચ્છતા સમાજવાદે કે સામ્યવાદે આ તત્ત્વ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. ત્રીજી બાબત આજે પારવિનાની અસહિષ્ણુતાને લગતી છે અને તેનું પ્રશમન સમન્વય બુધ્ધિ સિવાય કદી શકય નથી. એ ત્રણે તત્ત્વો ઉપર ગાંધીજીએ ખૂબ ભાર મૂકયો હતો અને વિનોબાજી પણ આ ત્રણ તત્ત્વોને જ આગળ કરી રહ્યા છે તેમની કલ્પનાના સર્વોદયનો પાયો પણ આ ત્રણ તત્ત્વના અમલી સ્વીકાર ઉપર રહેલો છે. જેઓ નામને ગૌણ ગણે છે અને ભાવને મહત્વ આપે છે, તેવા જૈનોએ આજના યુગમાં કૃતાર્થતા અનુભવવી જોઇએ, કારણ કે આ ત્રિમુખી ભાવનાના ઉત્કર્ષમાં જૈન ધર્મ જ પુનર્જીવિત થઇ રહ્યો છે. આ રીતે વિચારતાં સમન્વય આશ્રમની સ્થાપના કરવા માટે શ્રી વિનોબા ભાવેને ખાસ કરીને જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે. એ પ્રકારના આશ્રમના પ્રચારદ્વારા આપણા સર્વના દિલમાં જે સમન્વય બુધ્ધિ તેઓ જાગૃત કરવા માગે છે તેમાં તેમને પૂરી સફળતા મળો એવી આપણી અન્તરની પ્રાર્થના હો!

**શ્રી જયપ્રકાશ નારાયણની રાજકારણમાંથી નિવૃત્તિ.**

બુધ્ધગયા ખાતે એપ્રિલ માસના પશ્ચાદ્ અર્ધ દરમ્યાન મળેલ સર્વોદય સંમેલનમાં શ્રી જયપ્રકાશ નારાયણે દેશના રાજકારણમાંથી નિવૃત્ત થવાની અને પોતાનું શેષ જીવન ભૂદાન અને રાષ્ટ્રના તત્સદૃશ રચનાત્મક કાર્યને અર્પણ કરવાની જાહેરાત કરી છે. આ જાહેરાતે આનંદ તેમજ વિસ્મય ઉભય પેદા કર્યાં છે.

શ્રી જયપ્રકાશ નારાયણ એક વિશુધ્ધ કોટિનો આત્મા છે. તેમનામાં ઉંડી સત્યનિષ્ઠા છે અને દેશ કલ્યાણની એટલી જ ઉંડી ભાવના છે. આજે તેઓ પ્રજા સમાજવાદી પક્ષના નેતા છે. ગાંધીજીનો તેમની ઉપર ખૂબ પ્રેમ હતો; જવાહરલાલજી પણ તેમના વિષે ખૂબ મમત્વ ધરાવે છે. ગાંધીજી જવાહરલાલજીને પોતાના વારસ તરીકે ઓળખાવતા હતા. આજે જવાહરલાલજી વિશ્વશાન્તિ અર્થે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે અને એ રીતે એ વારસાને સફળ રીતે ચરિતાર્થ કરી રહયા છે. જવાહરલાલજી પછી કોણ? આ પ્રશ્નનો જવાબ ચિન્તવતાં આપણા જેવા અનેકને મોઢે જયપ્રકાશનું નામ આવે આવી તેમની યોગ્યતા અને પ્રતિષ્ઠા છે અને રાજકારણના ક્ષેત્રને તેઓ વળગી રહે તો આવી તેમના વિષે સંભાવના કરવામાં આવે છે. રાજકારણમાં તેઓ આજ સુધી મોટા થયા છે અને તેમની નસેનસમાં રાજકારણ વ્યાપેલું છે જેમનું રાજકારણી ભાવી આવું ઉજળું અને આશાસ્પદ તેમ જ પ્રલોભક છે તેઓ આવા ભાવીને ઠોકર મારીને, સત્તાના ક્ષેત્રને છોડીને શુદ્ધ સેવાના ક્ષેત્રમાં શેષ જીવન અર્પણ કરવાનો નિર્ણય કરે આથી વિશેષ વિસ્મયકારક બીજું શું હોઇ શકે?

આ વિસ્મયનું સમાધાન આપણી સંસ્કૃતિના પાયામાં રહેલી અમુક વિલક્ષણતાને યથા સ્વરૂપે ગ્રહણ કરવાથી જ થઇ શકે તેમ છે. એ વિલક્ષણતાનું સ્વરૂપ આવું છે. માનવી માત્ર સ્વભાવથી મહત્ત્વાકાંક્ષી છે. એ મહત્ત્વાકાંક્ષા તેને અધિકાધિક દ્રવ્યોપાર્જન અને સત્તાના ઉપાર્જન તરફ સદા આકર્ષતી ધસડતી રહે છે. આમ છતાં પણ આ દ્રવ્યોપાર્જનમાં કે સત્તાના ઉપાર્જનમાં જીવનની ઇતિકર્તવ્યતા છે એમ આપણે કદિ માનતા નથી. આવો આપણો જન્મજાત સંસ્કાર છે. અન્તમુર્ખતા એ આપણો સ્વભાવ છે. આ અન્તમુર્ખતા અવારનવાર દ્રવ્ય કે સત્તાના વૈભવમાં રહેલી અનેક પ્રકારની અનિષ્ટતાઓને આપણા ધ્યાન ઉપર એકાએક લાવે છે. અને જ્યાં સાચું અને જૂઠું એક સાથે ચાલતું હોય, જ્યાં સારા અને ખરાબનું ચિત્રવિચિત્ર મિશ્રણ હોય, જ્યાં પોતાની મહત્તા અધિકાર ટકાવવા જતાં અનેક પ્રકારનું ખોટું નિભાવવું પડતું હોય ત્યાંથી આપણું મન જાણે કે પાછું હઠતું હોય-બળવો કરતું હોય એવો આપણને અનુભવ થાય છે. આ બધું શા માટે અને કોના માટે એવો આપણને ઊંડેથી પ્રશ્ન થાય છે. આમ છતાં પણ દ્રવ્ય અને સત્તાનું પ્રલોભન આપણા ચિત્ત ઉપર એટલું જબરૂં હોય છે અને તે દ્વારા વિશાળ સમાજની સેવા

કરવાની શકયતા પણ આપણને એટલી બધી મોટી દેખાય છે કે આપણામાં ધણા ખરા ઐહિક મહત્ત્વાકાંક્ષાના માર્ગે જ ગતિ કરતા રહે છે. સામાન્ય પ્રવાહ આવો હોય છતાં પણ આપણામાંથી કોઇ કોઇ એવી વ્યકિતઓ નીકળે છે કે જેનો આત્મા કાળા અને ધોળાથી ભરેલા એવા આ દૂષિત માર્ગે જવાની ચોકખી ના પાડે છે, ધનવૈભવ કે સત્તાવૈભવને ઘડીના છઠ્ઠા ભાગમાં ફેંકી દે છે અને જ્યાં આત્મસાધના અને વિશુધ્ધ જનસેવાને અવકાશ છે એવા સંન્યાસના માર્ગે ચાલી નીકળવા તત્પર થાય છે. જેમ ભોગવૈભવ તેમ જ સંન્યાસની ભાવના આપણને ગળથુથીમાં મળેલી હોય છે અમુક ખોટું છે, અનર્થપૂર્ણ છે એવો એક વખત સ્પષ્ટ અને સચોટ ભાસ થયા બાદ તેનું દુનિયાની દૃષ્ટિએ ગમે તેટલું મહત્ત્વ હોય તો પણ શરીર ઉપરના અંચળાની માફક તેનો ત્યાગ કરતાં આપણને એટલે કે આપણામાંથી આવી વિશિષ્ટ કોટિની વ્યકિતઓને વાર લાગતી નથી. વૈભવસંપન્ન રાજરાજવીઓએ તેમજ ધનવાન શ્રેષ્ઠિઓએ એકાએક સંસારત્યાગ કર્યાના અનેક દાખલા ભૂતકાળમાં બનતા આવ્યા છે અને આજે પણ આપણી આંખ સામે બનતા જોઇએ છીએ. ભૂતકાળમાં આત્મસાધના એક મહાન પ્રેરક બળ હતું. આજે લોક સંગ્રહની ઝંખના એવું જ એક બીજું પ્રેરક બળ બની રહયું છે. શ્રી જયપ્રકાશ નારાયણનો રાજકારણી સંન્યાસ આ પ્રકારનો છે. તેથી આપણે સ્વાભાવિક રીતે આનંદ અનુભવીએ છીએ; તેને લગતા વિસ્મયનું પણ આપણે આ રીતે સમાધાન મેળવીએ છીએ. આવી શુધ્ધ કુન્દન સમી વ્યકિત પોતાના સર્વસ્વને ભૂદાનમાં સમિલીત કરે એ ઘટના ભૂદાનની સફળતામાં નવી શ્રધ્ધા પેદા કરે છે.

## સ્વ. મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થી-ગૃહમાં વપરાવાનું છે

૨૧૫૯૮ અગાઉ સ્વીકારેલા.

| | |
|---|---|
| ૫૦૧ | શ્રી. હરખચંદ વીરચંદ ગાંધી |
| ૧૦૧ | „ આત્મારામ નાથાલાલ મોદી |
| ૧૦૧ | „ રતીલાલ ધરમસી બકરી |
| ૧૦૧ | „ પ્રેમચંદ વેલજી મહેતા |
| ૫૧ | „ મગનલાલ લલ્લુભાઈ પરીખ |
| ૧૦૧ | „ માણેકલાલ રામચંદ ગાંધી |
| ૧૦૧ | „ નરોત્તમદાસ અમરચંદ |
| ૫૧ | „ મોહનલાલ મહેતા (સોપાન) |
| ૫૦૦ | „ નિરંજન મણિલાલ ઝવેરી |
| ૫૧ | „ ચંદુલાલ સાંકળચંદ વકીલ |
| ૫૧ | „ ભીમજી કાળીદાસ પોરબંદરવાળા |
| ૫૦૧ | „ શેઠ ચુનીલાલ ખૂબચંદ હા. શ્રી પોપટલાલ ભીખાભાઇ |
| ૫૦૦ | „ એક જૈન ગૃહસ્થ હા. શ્રી કૃપાલ તારાચંદ કોઠારી |
| ૧૦૧ | „ અનંત નહાટા |
| ૫૧ | „ સારાભાઇ એન. શાહ |
| ૫૧ | „ મંગળદાસ બ્રધર્સ |
| ૧૦૧ | „ સમરતબહેન મોતીલાલ મહેતા હા. ડૉ. પુનમચંદ મહેતા |
| ૧૧ | „ સોમચંદ વાડીલાલ શાહ |
| ૧૦૧ | „ શાંતિલાલ વાડીલાલ શાહ |
| ૧૦૧ | „ જેઠાલાલ રામજી |
| ૫૧ | „ શ્રી જેઠાલાલ રામજી |
| ૨૪૮૭૭ | ૨૧૯૫૫ વસુલ / ૨૮૭૧ બાકી |

## પ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ ટીકા

જૈન સાહિત્ય વિકાસ મંડળ જેના પ્રમુખ શ્રી. અમૃતલાલ કાલીદાસ દોશી છે અને જેના મંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ છે તે સંસ્થા તરફથી જૈન ધર્મના પાયારૂપ પ્રતિક્રમણ સૂત્રનું વિદ્રાન મુનિરાજો તથા પંડિતોની સહાય લઇને એક સવિસ્તર સંશોધન કરવામાં આવ્યું છે અને તે ઉપર જણાવેલ નામથી ત્રણ ભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. તે ત્રણ ભાગની કીંમત રૂ. ૧૫ રાખવામાં આવી છે. તેનું વી. પી. પોસ્ટેજ રૂ. ૨-૧૪-૦ પડે તેમ છે.

આ ઉપરાંત આ સંસ્થા તરફથી પંચપ્રતિક્રમણની એક સાર્થે સર્વોપયોગી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે અને તે પુસ્તકનું કદ ૬૦૦ થી ૬૪૦ પાનાનું થતું હોવા છતાં તેની કીંમત માત્ર રૂ. ૨ રાખવામાં આવી છે. આ પુસ્તકોની જરૂર હોય તેમણે નીચેના ઠેકાણે લખવું. **મંત્રી, જૈન સાહિત્ય વિકાસ મંડળ,**
જ્યોત, ઇરલાબ્રીજ, વીલેપારલે, મુંબઇ ૨૪.

## સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ

મુંબઇમાં શિવ ખાતે બંધાતું સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહનુ મકાન લગભગ તૈયાર થઇ ગયું છે અને જુન માસના પ્રારંભમાં તેનું ઉદ્ઘાટન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મકાનમાં ૭૫ થી ૮૦ વિદ્યાર્થીઓ પુરી સગવડતાથી રહી શકે એવી ગોઠવણ કરવામાં આવી છે. મુંબઇમાં આ એકજ એવું છાત્રાલય છે કે જેમાં કશાપણ ફિરકાભેદ સિવાય કોઇપણ વિભાગના જૈન વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. થોડા સમય પહેલાં મળેલી સંસ્થાની કાર્યવાહક સમિતિએ સંસ્થામાં વસતા વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કરવાનું નકકી કર્યું છે. **મંત્રીઓ, સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ.**

## વિદ્યા કહે છે–

વિદ્યા કહે છેઃ "હું સત્તાની દાસી નથી, કાનુનની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કલાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની પરિચારિકા નથી. હું તો ધર્મનું પુનરાગમન છું, મનુષ્યનું હૃદય, બુધ્ધિ તથા તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર મારા બે પગ છે; કળા અને હુન્નર મારા બે હાથ છે; વિજ્ઞાન મારૂં મસ્તક છે; ધર્મ મારૂં હૃદય છે; નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે; ઇતિહાસ મારા કાન છે; સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે; ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેફસા છે; ધીરજ મારૂં વ્રત છે; શ્રધ્ધા મારૂં ચૈતન્ય છે; એવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું મારી ઉપાસના કરવાવાળો કોઇનો આશ્રિત નહિ રહે. તેની સર્વ કામનાઓ મારી મારફત તૃપ્ત થશે.

**કાકા કાલેલકર**


**વિષયસૂચિ** (પૃષ્ઠ) *


| | | |
|---|---|---|
| અહિંસક ક્રાંતિકાર વિનોબા ભાવે | મહેન્દ્ર દેસાઇ | (૧) ૨૨૯ |
| સર્વોદયનું મિલનકાર્ય | વિનોબા ભાવે | (૪) ૨૩૨ |
| સંસ્કૃતિ–સમન્વય કાર્ય | કાકાસાહેબ કાલેલકર | (૫) ૨૩૩ |
| સમન્વય–આશ્રમની કલ્પના | વિનોબા ભાવે | (૬) ૨૩૪ |
| સોળમા વર્ષમાં પ્રવેશ | તંત્રી | (૭) ૨૩૫ |
| **પ્રકીર્ણ નોંધ**: નાની આગમાંથી વિશ્વભક્ષી દાવાનળ તો નહિ પ્રગટેને?, સમન્વય આશ્રમની સ્થાપના, શ્રી જયપ્રકાશ નારાયણની રાજકારણમાંથી નિવૃત્તિ | પરમાનંદ | (૮) ૨૩૬ |
| માથેરાનનું પર્યટન | રમણલાલ શાહ | (૧૧) ૨૨૯ |


*આ અંકમાં પૃષ્ટનો સંખ્યાંક ભૂલથી ગયા અંકથી ચાલુ લેવામાં આવ્યો છે. પણ આ અંક નવા વર્ષનો પહેલો અંક હોઇને તેનો સંખ્યાંક ૧ થી શરૂ કરવો જોઇતો હતો. હવે પછીનો અંક ૧૩ માં પાનાથી શરૂ થશે. **તંત્રી**

# માથેરાનનું પર્યટન

મનુષ્યજાતિ સ્થળાન્તર કરતી કરતી આજે આખી સૃષ્ટિ ઉપર પ્રસરી ગઇ છે સ્થળાન્તરો કરવાનો એનો મુખ્ય હેતુ આજીવિકાનો હતો. જે સ્થળે જીવનનિર્વાહ માટે વધુમાં વધુ સાધનો. વધુમાં વધુ સગવડો મળે ત્યાં જઇને સ્થિર થવા માટે મનુષ્ય પ્રયત્ન કરવાનો, અને તેમ કરવામાં નડતી બધી જ મુશ્કેલીઓનો શક્ય તેટલે અંશે સામનો પણ એ કરવાનો. તેમ છતાં પ્રકૃતિના સાન્નિધ્યમાં આવવાની પોતાની ઇચ્છાને એ રોકી શકતો નથી. એક સ્થળે એ સ્થિર થયો હોય છતાં પ્રકૃતિનાં બીજાં અનેક રમ્ય સ્થળોનો આનંદ લૂંટવાની અદમ્ય વૃત્તિ એનામાં રહેલી હોય છે. માણસ થાકે છે ત્યારે કુદરતનું વાતાવરણ શોધવા લાગે છે. થાકેલો માણસ કુદરતને ખોળે પોતાની જાતને છૂટી મૂકી આનંદ પ્રાપ્ત કરે છે.




ડાબી બાજુથી **(૧) શ્રી જયંતિલાલ શાહ, (૨) શ્રી કાંતિલાલ બરોડિયા, (૩) શ્રી દીપચંદ લ. શાહ, (૪) શ્રી પરમાનંદ કાપડિયા, (૫) શ્રી દીપચંદ ત્રિ. શાહ**

ફોટો : શ્રી ચીમનલાલ જે.શાહના સૌજન્યથી

કુદરત પ્રત્યેનું મનુષ્યનું આકર્ષણ સનાતન છે. છતાં રોજિંદા વ્યવહારની સંકુલ જાળમાં એ એટલો બધો સપડાઇ ગયો હોય છે કે સહેલાઇથી એમાંથી મુકત થઇ પોતાની આંખોને, ઊંચે આકાશમાં બદલાતા જતા સંધ્યા–ઉષાના રંગો જોવા કે મઝાની ખીલેલી ચાંદની મનભર માણવા લઇ જઇ શકતો નથી. એમાંયે ગામડાં કરતાં શહેરના લોકોનું જીવન અતિશય અકળાવનારૂં બની જાય છે. ઊંચાં ઊંચાં મકાનો અને બંધિયાર વાતાવરણને લીધે આકાશ સામે મીટ માંડયા વિનાના કેટકેટલા દિવસો પસાર થઇ જાય છે તેની પણ આપણને ખબર હોતી નથી. દિવસને રાત એકસરખી, એકવિધ ઘટનાઓમાંથી નીરસ રીતે પસાર થયા જ કરવાનું જાણે ભાગ્યમાં લખાઇ ચૂક્યું હોય એવી રીતે કેટલાક દૃષ્ટિ વિનાના શ્રીમંતો અને મધ્યમ વર્ગ તેમજ નીચલા વર્ગના લગભગ તમામ માનવીઓ પોતાની પ્રવૃત્તિ કર્યા જ કરતા હોય છે. આથી પ્રકૃતિ સાથેનો આપણો સંપર્ક દિવસે દિવસે તૂટતો જાય છે. આપણી આસપાસનાં વૃક્ષો, તેના પર ખીલતાં અવનવાં રંગબેરંગી પુષ્પો, આકાશમાં ચમકતાં તારલાંઓ, કે ઊડતાં પક્ષીઓ–એમાંનું કશું જ આપણે ઓળખી શકતા નથી; તો પછી નદી, પહાડ. જંગલ, ખીણ કે એવાં નિસર્ગનાં વિધવિધ અંગોમાં સાહસિક બની ઘૂમવાની, નવા નવા પ્રદેશ ખૂંદવાની વૃત્તિની તો વાત જ શી કરવી ? સાહસો તો થાય ત્યારે, અત્યારે તો પ્રકૃતિનાં રમ્ય અને રુદ્ર, ભવ્ય અને લલિત દૃશ્યોને સુંદર રીતે માણવાની, સાચી રીતે સમજવાની સમુચિત દૃષ્ટિ પ્રાપ્ત કરીએ તો પણ બસ. 'માથેરાનમાં શું જોવું હતું ? ત્યાં તો ખાડા અને ટેકરા છે, માટી અને પથરા છે. એમાં છે શું બીજું જોવા જેવું?" એમ કહેનાર પણ આજે ઓછાં નથી. માટે જ માથેરાનના પર્યટન વિશે આટલું પ્રાસ્તાવિક.

શ્રી જૈન યુવક સંઘ તરફથી માથેરાનનું પર્યટન યોજાયું એથી મન આનંદમાં આવી નાચવા લાગ્યું. શુક્રવાર, તા. ૯–૪–૫૪ના દિવસે સવારે ૮–૨૦ ની ગાડીમાં અમે નાનાં મોટાં ચાળીસેક જણ માથેરાન જવા ઉપડયાં. લગભગ સાડા નવ વાગે નેરલ પહોંચ્યાં. નેરલથી નાનકડી રમકડા જેવી ગાડી સર્પાકારે ઉપર ચઢવા લાગી, પણ થોડેક ગઇ અને અટકી, કારણ કે એંજિન સહેજ બગડયું. એથી આસપાસનું સૌન્દર્ય નિહાળવાની અને આમ તેમ લટાર મારવાની અમને વિશ્રાંતિ મળી. આસપાસ સુંદર પ્રકૃતિ–દૃશ્યો ન હોય તો પણ ગાડી જ્યારે અધવચ્ચે અટકે છે ત્યારે નીચે ઊતરી આમ તેમ નિર્હેતુક રખડવામાં સૌને કોઇ અનેરો આનંદ મળતો હોય છે. લગભગ અર્ધા કલાક પછી ફરી અમારી ગાડી ચાલવા લાગી. મંદ ગતિએ વાંકીચૂંકી આગળ વધતી ગાડી દરેક ડગલે વધું ઊંચે ને ઊંચે ચઢતી હતી, અને અમારો દૃષ્ટિને દીર્ઘ અને વ્યાપક બનાવતી જતી હતી. ઉત્તરોઉત્તર હવા પણ ઠંડી બનતી જતી હતી. નીચે દેખાતી ઊંડી ઊંડી ખીણો, તેમાં ઊગેલાં ગીચોગીચ વૃક્ષોની વિશાળ હરિયાળા ગાલીચા જેવી ઉપરથી દેખાતી ઘટાઓ, દૂરદૂરના વિવિધ આકારના નાનામોટા ડુંગરાઓ! નેરલ સ્ટેશનથી માથેરાનનો ડુંગર કેટલો નજીક લાગતો હતો ? પણ ગાડી એમ સીધી ઊંચે થોડી ચડી શકે છે ? મોટા માણસની લાગવગ લગાવવી હોય તો કેટકેટલા માણસોને વચ્ચે લાવવા પડે છે ? તેની રીતે અમારી નાનકડી ગાડી નાના નાના ડુંગરાઓ મારફત માથેરાન પહોંચવા મથતી હતી. લાગવગ લગાવતી વખતે મન જેમ અચકાતું હોય છે. પાછું વળતું હોય છે, કષ્ટ અને મંથન અનુભવતું હોય છે તેમ અમારી ગાડી કેટલીક વાર જતી



**માથેરાન પર્યટન મંડળી**

ફોટો : શ્રી ચીમનલાલ જે. શાહના સૌજન્યથી

હોય તેના કરતાં તદ્દન વિરુદ્ધ દિશામાં પાછી વળતી; પણ અન્તે વિપયાન્તરોના અને ખુશામતોના કેટકેટલા ગોળગોળ ચક્કરો લગાવી, એક બુગદામાંથી પસાર થઇ, માથેરાનના હાર્દમાં પ્રવેશવા લાગી, અને સ્વાર્થનો માર્ગ સરળ બનતાં, મળેલી તક ઝડપી લેવા ઝડપ પણ વધારી દીધી.

લગભગ એક વાગે અમે માથેરાન સ્ટેશને આવી પહોંચ્યાં. સૂર્ય માથે તપતો હતો છતાં તાપ લાગતો ન હતો. અમારું સ્વાગત કરવા રીગલ હોટલના માણસો સ્ટેશન પર હાજર જ હતા. અમે સૌ રીગલ હોટલના અમારા ઉતારે પહોંચી ગયા.

બપોરના જમી, આરામ કરી સાંજના અમે ફરવા નીકળ્યાં. બાળકો, કેટલીક સ્ત્રીઓ અને કેટલાક વૃદ્ધ પુરુષો રિક્ષામાં બેઠાં. પાછળ અમે બધા ચાલતાં નીકળ્યા માથેરાન એટલે જાણે સુધરેલું જંગલ જ જોઇ લ્યો. જ્યાં જુઓ ત્યાં લાલ પીળી માટીના નાના મોટા રસ્તાઓ, રસ્તાને અડીને બંને બાજુ ગીચોગીચ ઉગેલાં લીલાછમ વૃક્ષો, એ વૃક્ષોની ઘટાઓના મિલાપને લીધે રસ્તા પર પ્રસરેલો આછો આછો છાંયડો, વૃક્ષો વચ્ચે ઢગલાબંધ પડેલાં ખરી ગયેલાં પાંદડાંઓ, એ પર્ણરાશિમાંથી પસાર થતી નાની સરખી પગદંડી, વૃક્ષોની ઘટાઓમાંથી જોવા મળતા આકાશના રંગો, ચારે બાજુ પ્રસરેલી નીરવ શાન્તિ અને કોઇક વાર ક્યાંક ક્યાંક એ શાંતિને વધુ ગાઢ બનાવવા કલરવ કરતાં પક્ષીઓ—એ બધાંને લીધે ગમે ત્યારે, ગમે ત્યાં વાતાવરણ ખૂબ ખીલેલું લાગતું. પહેલાં અમે લૉર્ડ પૉઇન્ટ જોવા ગયા. ફરતાં ફરતાં પહાડનો એક અણીદાર છેડો આવે કે જ્યાંથી નીચે ઊંડી ખીણ અને દૂરના પ્રદેશોનુ રળિયામણું દૃશ્ય જોવા મળે એવું સ્થળ એટલે 'પૉઇન્ટ'. રસ્તા પર ફરતા હોઇએ ત્યારે નહિ, પણ પૉઇન્ટ પાસે આવીએ ત્યારે એકાએક આપણને ભાન થાય કે આપણે કેટલી બધી ઊંચાઇએ ઊભા છીએ. લૉર્ડ પૉઇન્ટ જોઇ પાસેનું 'શાર્લોટ લેક' જોયું, પણ ત્યાં અત્યારે ઘણું બાંધકામ ચાલી રહ્યું હોવાથી એની પહેલાંની શોભા જોવા ન મળી. ત્યાંથી 'હનીમૂન પૉઇન્ટ' જોઇ અમે આગળ વધ્યા અને ફરતા ફરતા લુઇસા પૉઇન્ટ પર આવી પહોંચ્યા. ઊંચોનીચો થતો રસ્તો અમને છેવટે એક ખુલ્લી જગ્યા પર લઇ આવ્યો. બરાબર છેડે જઇને અમે બધાં બેઠાં. વાઘના મોઢા જેવો આકાર ધારણ કરેલા, મુખ્ય પહાડથી થોડાક છૂટા પડેલા વિશાળકાય પથ્થરની ટોચ પર સંભાળપૂર્વક એકઠાં બેસી અમે આનંદ કરવા લાગ્યાં. દૂર ક્ષિતિજમાં તે વખતે સૂર્ય અસ્ત થવા સજ્જ થઇ ગયો હતો. ક્ષિતિજ પાસેનાં નદી અને ખાડીનાં પાણી સૂર્યપ્રકાશનું પોતે ઝીલેલું પ્રતિબિમ્બ પાછું સોંપી રહ્યાં હતાં. સૂર્યે અમારા તરફથી મોઢું ફેરવી લીધું હતું. એટલે એનો સ્પષ્ટ આકાર અનિમિષ નયને નિહાળી શકાતો હતો. ચારે કોર પ્રસરેલી નિસ્તબ્ધ શાંતિ સૂર્યાસ્તને લીધે વધુ ગાઢ બનતી જતી હતી. નાના મોટા ડુંગરાઓ ધ્યાન ધરી મૂંગા થઇ ગયા હતા. ઉપર અજવાળું હતું, પણ ખીણમાં અંધારું પ્રસરી ગયું હોવાથી ત્યાંના ગામનાં ઝૂંપડાંઓમાં ક્યાંક ક્યાંક દીવા ટમટમવા લાગ્યા હતા. અમારી તૂટકતૂટક વાતચીતો ચાલતી હતી, પણ કુદરતના આવડા વિરાટ સ્વરૂપમાં એના અવાજની જાણે ક્યાંય નોંધ લેવાતી નહોતી. થોડી વાર થઇ અને ધીમે ધીમે સૂર્ય ક્ષિતિજમાં ડૂબી ગયો. કાવ્યમય દૃશ્ય અને કાવ્યમય વાતાવરણ અમારી પાસેથી સરવા લાગ્યું. અમે ઘર તરફ વળ્યા ત્યારે તો ખાસ્સું અંધારૂં થઇ ગયું હતું.

બીજે દિવસે સવારે અમે ઍલેકઝાન્ડ્રા પૉઇન્ટ, હિંદુ અમર ધામ, પારસી આરામગાહ, ચૉક પૉઇન્ટ અને 'વન ટ્રી હિલ' (કે જેના પર અત્યારે એક નહિ પણ ત્રણ ઝાડ છે) જોઇ આવ્યા. દરેક રસ્તાનું અને દરેક પૉઇન્ટનું વ્યક્તિત્વ ભિન્ન ભિન્ન પ્રકારનું હતું. માત્ર સ્થૂલ નજરે જોનારને બધું એકસરખું જ લાગતું. વિશિષ્ટ દૃષ્ટિથી જોનારને દરેક દૃશ્યમાં નિસર્ગલીલાનું અવનવું કાવ્ય, અવનવું રહસ્ય જોવા મળતું. બીજે દિવસે સાંજે કેટલાક આરામ લેવા હોટેલમાં જ રહ્યા, કેટલાક પૉર્ક્યુપાઇન પૉઇન્ટ જોવા ગયા, કેટલાક ઘોડેસવારી કરવા ગયા અને અમે કેટલાક 'આર્ટીસ્ટ નૂક' જોઇ, રગ્બી પાર્કમાં બેઠા, અને પાછાં વળતાં રામદાસ સ્વામીનો સત્સંગ પણ મેળવી આવ્યા.

ત્રીજે દિવસે સવારે 'પૅનોરમા પૉઇન્ટ' જોવા જવાનો કાર્યક્રમ હતો. સ્થળ ઘણું દૂર એટલે સવારે વહેલા અમે નીકળ્યા. રિક્ષાવાળાઓ તો ઘણા વહેલા પહોંચી ગયા હતા. અમે ધીમે ધીમે ચાલતા હતા. ઊંચોનીચો થતો રસ્તો થોડી થોડી વારે વળાંક લેતો હતો તેથી ગીચ ઝાડીમાં એનું દૃશ્ય મનોહર લાગતું હતું. પૅનોરમા પૉઇન્ટ ઊંચામાં ઊંચું છે. એટલું જ નહિ, ત્યાંથી ચારે તરફ ઘણે દૂર સુધી જોઇ શકાય છે. આથી એ પૉઇન્ટનું નામ યથાર્થ રીતે જ 'પૅનોરમા' અપાયું છે. અહિંઆ પ્રકૃતિનું ભવ્ય વિરાટ સ્વરૂપ જોનારને સ્તબ્ધ બનાવી દેતું હતું. મનન અને ચિંતનને પ્રેરે અને પોષે એવું એ સ્થળ હતું. ગિરનાર, શત્રુંજય કે આબુ ઉપરથી માઇલો સુધી નીચેનો સપાટ પ્રદેશ જોઇ શકાય છે, અને ત્યાંનાં દૃશ્યોમાં એનું વિશિષ્ટ સૌન્દર્ય પણ રહેલું છે. પરંતુ અહીંની વિશિષ્ટતા એ છે કે દૃશ્ય માત્ર સપાટ જમીનથી નહિ પણ પાસે આવેલા વિધ વિધ આકૃતિના નાના મોટા ડુંગરાઓથી ભરચક લાગતું હતું. અહિં કલાકેક ખોટી થઇને અમે પાછા ફર્યા અને બપોરના બાર વાગ્યે હોટેલ ઉપર પહોંચ્યા. સાંજે કેટલાકે આરામ લીધો, કેટલાક ઘોડેસવારી માટે ગયા, કેટલાક રગ્બી પાર્કમાં જઇ બેઠાં, કેટલાક ચેવડો—ચીકીની ખરીદી કરવામાં રોકાયા અને અમે થોડા કમૅલેટ સ્પ્રિંગ (જે ઝરણાનું નામ માથેરાનનો પહાડ શોધનાર, એની ઉપરના જંગલમાં રસ્તાઓ પાડનાર અને હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવવા એની શક્યતાઓ વિચારનાર સાહસિક મૅલેટના નામ પરથી આપવામાં આવ્યું છે.), અવર પૉઇન્ટ અને પૉર્ક્યુપાઇન પોઇન્ટ જોઇ આવ્યા.

માથેરાન કોઇ ઐતિહાસિક સ્થળ નથી કે કોઇ ધાર્મિક તીર્થ નથી. એ છે પ્રકૃતિના સૌન્દર્યનું ધામ. સૌને અને ખાસ કરીને કવિ, ચિત્રકાર, લેખક અને ધ્યાન ધરનાર યોગીને પ્રિય થઇ પડે એવું એ એક અત્યંત રમણીય સ્થળ છે. માણસ વાર્તામાં જંગલનાં વર્ણનો વાંચી જંગલની કલ્પના કરે છે. અહીં એને એ ઠેરઠેર નજરે નિહાળવા મળે છે. નિઃશેષ કુદરતના સાન્નિધ્યને લીધે અને રોચક તથા આરોગ્યપ્રદ હવામાનને લીધે માણસ અહિં થાક ભૂલી પ્રફુલ્લિત બની શકે છે, તાજગી અને સ્ફૂર્તિ અનુભવી શકે છે. માથેરાનની વિશિષ્ટતા એ છે કે આરામપ્રિય માણસને શોખથી અને સુખેથી આરામ લેવામાં એ સાહાય્ય આપે છે, અને પ્રવૃત્તિશીલ માણસને ઉત્સાહિત બનાવી એની પ્રવૃત્તિઓને વેગવાન બનાવે છે.

જૈન યુવક સંઘ તરફથી ગયેલા અમે લગભગ ચાલીસ માણસોએ માથેરાનની ખૂબ મોજ માણી. દિવસે જુદાંજુદાં સ્થળોએ ફરીને અમે આનંદ મેળવતા, અને રાતના જમ્યા પછી રીગલના વાતાવરણમાં જ્ઞાનગોષ્ઠિ અને ગમ્મત દ્વારા આનંદ મેળવતા. સદ્ભાગ્યે અમારી સાથે 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઇ રાવત પણ આવ્યા હતા. એટલે વર્ષોના પોતાના જ્ઞાનસંચયમાંથી, પંડિતાઇનો જરા પણ દંભ કર્યા વિના, તેઓ જ્ઞાનગંગા વહેવડાવતા. કોઇ પણ વિષય એવો નહિ કે જે વિષે કંઇક નવી જ માહિતી એમણે ન આપી હોય; અને બીજેથી જ્ઞાન મળે તો તે મેળવવાની ઉત્સુકતા અને તત્પરતા એમણે ન

( અનુસંધાન પાના નં. ૨૩૧ )

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજિસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪—પ્ર. જીવન વર્ષ ૨.
અંક ૨

મુંબઈ, શનીવાર ૧૫ મે ૧૯૫૪
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## કોલેજોનું શિક્ષણ માધ્યમ

આજે માધ્યમિક (Secondary) શિક્ષણ સુધી તો સામાન્યતઃ માતૃભાષા અથવા હિંદીમાં જ શિક્ષણ અપાવું જોઇએ અને હિંદી પાંચમા ધોરણથી ઇતરભાષા તરીકે ફરજિયાત શિખવવી જોઇએ એ વિષે લગભગ બધી પ્રાદેશિક સરકાર અને યુનિવર્સિટી એક સરખો મત ધરાવે છે. અને તે મુજબ ઘણે ખરે ઠેકાણે અમલ થઈ રહ્યો છે. પણ કોલેજ કક્ષાએ શિક્ષણ માધ્યમ શું રાખવું એ વિષે પ્રાદેશિક સરકાર તેમજ યુનિવર્સિટીઓમાં તીવ્ર મતભેદ પ્રવર્તે છે અને પરસ્પરવિરોધી નિર્ણયો લેવાઈ રહ્યા છે.

આ સબંધમાં ગયા માર્ચ મહીનામાં મળેલી ગુજરાત યુનિવર્સિટીની સેનેટે નીચે મુજબ ઠરાવ કર્યો હતોઃ-

(૧) સમય સમય પર સેનેટ સ્ટેટ્યુટ એટલે કે સેનેટે કરેલા ધારા દ્વારા જે ઠરાવે તે સિવાય, ગુ૦ યુ૦ ના કાયદાની કલમ ૩ અમલમાં આવે ત્યારથી ૧૦ વર્ષ કરતાં વધારે નહિ તેટલા સમય માટે, અંગ્રેજી બધા વિષયોના શિક્ષણ તથા પરીક્ષણના માધ્યમ તરીકે ચાલુ રહેશે.

(૨) જુન ૧૯૫૫થી શરૂ કરીને, ક્રમે ક્રમે, ગુજરાતી અને/અથવા હિંદી (Gujarati and/or Hindi) શિક્ષણ તથા પરીક્ષણનું માધ્યમ રહેશે.

(૩) 'ગુજરાતી અને/અથવા હિંદી'માં શિક્ષણ આપવું એની મતલબ એ કે, કોઇ સંસ્થા એક કે વધુ વિષયોનું શિક્ષણ આપવાનું કામ ગુજરાતીમાં, હિંદીમાં કે બન્ને દ્વારા કરી શકશે

(૪) 'ગુજરાતી અને/અથવા હિંદી' માં પરીક્ષા લેવી એની મતલબ એ કે, વિદ્યાર્થી એક કે વધુ વિષયોમાં પોતાની પરીક્ષા ગુજરાતીમાં કે હિંદીમાં કે બન્ને દ્વારા આપી શકશે.

(૫) આર્ટ્સના પહેલા વરસનું બધા વિષયોનું શિક્ષણ તથા પરીક્ષણ જુન ૧૯૫૫ થી ગુજરાતી અને/અથવા હિંદી દ્વારા થશે.

(૨) ઇન્ટર આર્ટસના બધા વિષયોનું શિક્ષણ તથા પરીક્ષણ જુન ૧૯૫૬ થી અને/અથવા હિંદીમાં થશે.

(૩) જુન ૧૯૫૫ થી અર્વાચીન ભાષાઓ તે તે ભાષા દ્વારા શિખવાશે.

(૪) (ક) જે વિદ્યાર્થીની માતૃભાષા ગુજરાતી કે હિંદી ન હોય તેને ૧૯૫૭ સુધી પરીક્ષાના જવાબ અંગ્રેજીમાં આપવાની છૂટ રહેશે.

(ખ) ઉપર જણાવેલા છતાં, આર્ટ્સ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ નીચે દર્શાવ્યા મુજબ ગુજરાતીમાં પરીક્ષા આપી શકશે.

પ્રથમ વર્ષ આર્ટ્સ ૧૯૫૪ થી, ઇન્ટર આર્ટ્સ ૧૯૫૫ થી

(૫) આ ધારો આર્ટ્સ શાખાના પ્રથમ વર્ષથી તથા ઇન્ટર વર્ષને લાગુ પડશે.

આ ઠરાવ સંબંધમાં જણાવવાનું કે આર્ટ્સ વિદ્યાશાખાના પહેલાં બે વર્ષના શિક્ષણ માધ્યમ સંબંધે જેમ આ વખતે ધારો થઇ શક્યો તેમ એ જ વખતે વ્યાપાર, વિજ્ઞાન અને ખેતીવાડીના પહેલાં બે વર્ષ પૂરતા શિક્ષણ માધ્યમ અંગે એજ પ્રકારનો નિર્ણય લેવાયેલા હોવા છતાં ચોક્કસ કાનુની મુશ્કેલીના કારણે તે ત્રણ વિદ્યાશાખાના શિક્ષણ માધ્યમ અંગે ધારો થઇ શક્યો નહોતો.

આ દરમિયાન મુંબઈ સરકારે થોડા સમય પહેલાં એવો નિર્ણય જાહેર કર્યો છે કે સરકારી કોલેજોના પ્રથમ વર્ષનું શિક્ષણ ૧૯૫૫ થી બધે હિંદીમાં જ અપાશે. મુંબઇ સરકારના આ નિર્ણયે પ્રસ્તુત પ્રશ્ન ઉપર ચોતરફ ભારે ઉહાપોહ ઉભો કર્યો છે. અને તેથી આ સંબંધમાં માધ્યમિક તેમજ કોલેજ શિક્ષણ તથા અખિલ હિંદની નોકરીઓ માટે પરીક્ષાઓ સંબંધમાં જે જે મુદ્દાઓ ઉભા થયા છે તે વિષે માર્ગદર્શન આપવાના હેતુથી દિલ્હી ખાતે તા. ૪ તથા ૫ એપ્રીલના રોજ મળેલી રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ એક લાંબો ઠરાવ કર્યો છે. કોલેજોના શિક્ષણ માધ્યમ સંબંધમાં તે ઠરાવ જણાવે છે કેઃ-"યુનિવર્સિટીની કક્ષાએ, શિક્ષણનું માધ્યમ પ્રદેશભાષા હોવું જોઇએ, જો કે હિંદીનો ઉપયોગ પણ કરી શકાય. યુનિવર્સિટીઓમાં સામાન્ય રીતે શિક્ષણ પ્રદેશભાષામાં આપવમાં આવશે, પરંતુ અધ્યાપકો હિંદીમાં અને પ્રસંગોપાત અંગ્રેજીમાં પણ વ્યાખ્યાનો આપી શકશે. આને લીધે આન્તરપ્રાંતીય સાંસ્કૃતિક સંપર્ક સાધવાની અનુકુળતા થશે.

"વિજ્ઞાનના અને ટેક્નીકલ વિષયો શીખવવામાં અંગ્રેજી પરથી હિંદી અથવા પ્રદેશ ભાષામાં આવવાનો ફેરફાર ધીમે ધીમે અને ધોરણ નીચું ન ઉતરે એ પ્રમાણે કરવો. કેટલાક વિષયોમાં વચગાળાના સમય દરમિયાન હિંદી અથવા પ્રદેશભાષા અને અંગ્રેજી માધ્યમ તરીકે વપરાય એ ઇચ્છવા યોગ્ય છે."

ઉપર જણાવેલ મુંબઇ સરકારનો ૧૯૫૫થી પોતાની કોલેજોમાં માત્ર હિંદી દ્વારા શિક્ષણ આપવાનો ઠરાવ અને કોંગ્રેસની કારોબારીનો ઠરાવ જે હિંદીની તદ્દન મના કરતો નથી, પણ જે શિક્ષણ-માધ્યમ તરીકે પ્રદેશ ભાષાના ઉપયોગ ઉપર ખાસ ભાર મૂકે છે—આ બન્ને એકમેકથી અમુક અંશે વિરુધ્ધ દિશામાં જતા લાગે છે. મુંબઇ સરકારના ઉપર જણાવેલ નિર્ણયે અન્ય યુનીવર્સિટીઓ માફક ગુજરાત યુનિવર્સિટીના વર્તુળમાં પણ ભારે સંઘર્ષ પેદા કર્યો છે.

પરિણામે વ્યાપાર, વિજ્ઞાન તથા ખેતીવાડીની વિદ્યાશાખાઓના શિક્ષણને લગતું પ્રથમ બે વર્ષનું માધ્યમ આર્ટ્સ મુજબ નક્કી કરવાના હેતુથી તા. ૨૬-૪-૫૪ ના રોજ બોલાવવામાં આવેલ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની સભાએ ઉપરનું કાર્ય કરવા સાથે પહેલાના ઠરાવમાં શિક્ષણ માધ્યમ માટે 'ગુજરાતી અને/અથવા હિંદી'ના સ્થાને માત્ર 'ગુજરાતી' એવો મહત્ત્વનો ફેરફાર ૨૪ વિરૂધ્ધ ૩૯ પક્ષમાં એ રીતે બહુમતીથી કર્યો છે. તદનુસાર બીજા ફેરફારો સાથેનો સુધારેલો ઠરાવ નીચે મુજબ છેઃ-

(યુનિવર્સિટીના શિક્ષણ-પરીક્ષણના માધ્યમ અંગે)

૧

## સામાન્ય ધારો

(૧) શિક્ષણ તથા પરીક્ષણનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૨) ઉપરની પેટાકલમ (૧)માં ગમે તે આવતું હોય તે છતાં, ગુ૦ યુ૦ એકટની કલમ ૩ જે તારીખે અમલમાં આવે ત્યારથી ૧૦ વરસ કરતાં વધુ નહીં એટલો સમય, શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રહેશે,— સિવાય કે, વખતોવખત સેનેટના ધારાઓ દ્વારા તે અંગે જેમ ફરમાવવામાં આવે.

(૩) ઉપરની પેટા કલમ (૧)માં ગમે તે આવતું હોય છતાં, આથી જોગવાઇ કરવામાં આવે છે કે, બિન-ગુજરાતી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને,—વિદ્યાર્થીઓને તેમની પરીક્ષા માટે અને શિક્ષકોને તેમના શિક્ષણકાર્યને માટે,—તેઓ ઇચ્છે તો, હિંદી માધ્યમનો વિકલ્પ રહેશે. આને વ્યવસ્થિત કરવાને માટે જો, જ્યારે અને જેવી જરૂર પડે તો, ત્યારે અને તે મુજબ, આ બાબતમાં ઘટતાં ધોરણો (ઓર્ડિનન્સ) સિન્ડિકેટ નક્કી કરશે

(૪) ઉપરની (૧) (૨) તથા (૩) પેટાકલમોમાં ગમે તે આવતું હોય તે છતાં, અંગ્રેજી તથા અર્વાચીન ભારતીય ભાષાઓના શિક્ષણ તથા પરીક્ષણનું માધ્યમ તે તે ભાષા રહી શકશે

૨

(कॉलेज अभ्यासना प्रथम बे वरसमां माध्यम-फेर अंगे)

(૧) જુન ૧૯૫૫થી (i) પ્રથમ વર્ષ આર્ટ્સ, (ii) પ્રથમ વર્ષ વિજ્ઞાન, અને (iii) પ્રથમ વર્ષ વ્યાપારમાં, તથા

જુન ૧૯૫૬ થી (i) ઇંટર આર્ટ્સ (ii) ઇંટર વિજ્ઞાન, (iii) ઇંટર વ્યાપાર, અને (iv) પ્રથમ વર્ષ કૃષિ વિજ્ઞાનમાં,

બધા વિષયોમાં શિક્ષણ તથા પરીક્ષણનું માધ્યમ અંગ્રેજી બંધ થશે અને ઉપરના સેનેટના ધારા ૧ માં જણાવ્યા મુજબ તે રહેશે.

(૨) ઉપરની કલમ ૧ માં ગમે તે આવતું હોય છતાં,

(i) જે અધ્યાપક કે વિદ્યાર્થીની માતૃભાષા ગુજરાતી કે હિંદી ન હોય તેને, એક કે વધુ વિષયોમાં, જુન ૧૯૫૭ સુધી વિકલ્પે અંગ્રેજીનો ઉપયોગ કરવા દેવામાં આવશે; અને

(ii) વિદ્યાર્થીઓ ઇચ્છે તો એક કે વધુ વિષયોમાં, પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી લેવાની પરવાનગી આપવામાં આવશે

અને આગળના કોલેજનાં વરસોમાં માધ્યમફેર કરવાને અંગે સેનેટે સિન્ડિકેટને નીચે મુજબની આજ્ઞા આપી છે :–

"જુન ૧૯૫૬થી યુનિવર્સિટીની બધી વિદ્યાશાખાઓમાં શિક્ષણ અને પરીક્ષણનું અંગ્રેજી માધ્યમ કોલેજ અભ્યાસના ત્રીજા વરસથી અને આગળ બદલવાને અંગે ક્રમિક રીતે આગળ જવું, તેને માટે જરૂરી સ્ટેટ્યુટ સિન્ડિકેટે તૈયાર કરવા, અને મોડામાં મોડું સેનેટની ૧૯૫૫માં મળનારી પહેલી સભામાં તે કામ રજુ કરવું."

આ આખો નિર્ણય એક રીતે મુંબઇ સરકારના ઠરાવ સામે બળવા રૂપ છે. મુંબઇ સરકારના કેળવણી ખાતાના પ્રધાને પણ આ નિર્ણય કરવામાં આવ્યો તેના કેટલાક દિવસ પહેલાં એવી ધમકી આપી છે કે પોતા હસ્તકની કોલેજ પૂરતો સરકારી નિર્ણય તે કોલેજનું જેની સાથે જોડાણ હોય તે યુનિવર્સિટી માન્ય નહિ રાખે તો હિંદીને શિક્ષણ માધ્યમ તરીકે સ્વીકારે એવી યુનિવર્સિટી સાથે પોતાની કોલેજનું જોડાણ કરવાનું મુંબઇ સરકારને પગલું ભરવું પડશે.

ગુજરાત યુનિવર્સિટીના પગલે અનુસરીને મહારાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ કોલેજોનું શિક્ષણ-માધ્યમ માત્ર મરાઠી જ હશે એવો ઠરાવ કર્યો છે અને એ ઠરાવમાં બીનમરાઠી અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ સંબંધે ગુજરાત યુનિવર્સિટીના ઠરાવમાં છે તેવી છુટછાટો કે જોગવાઇઓ જોવામાં આવતી નથી. મુંબઇ યુનિવર્સિટી, વડોદરા યુનિવર્સિટી તેમ જ કર્ણાટક યુનિવર્સિટીની સેનેટે હજુ આ સંબંધમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો નથી.

આપણી બાજુએ કોલેજોના શિક્ષણમાધ્યમના પ્રશ્ને કેવું રૂપ લીધું છે તેનો પ્રબુદ્ધ જીવનના વાંચકોને ખ્યાલ આવે એ હેતુથી ઉપરની હકીકતો આપવામાં આવી છે. હવે જ્યારે નજીકના ભવિષ્યમાં શિક્ષણમાધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને વિદાય આપવાનો નિર્ણય સર્વત્ર સ્વીકારાયો છે ત્યારે તેનું સ્થાન પ્રદેશ ભાષા તથા હિંદી બન્નેમાંથી કોને કેટલું આપવું તે પ્રશ્ન વિચારણીય બને છે. તેની ચર્ચા આવતા અંકમાં કરીશું.

અપૂર્ણ **પરમાનંદ**

## પુસ્તક પરિચય

**અમાસના તારા:** લેખક કિશનસિંહ ચાવડા, પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, રીલીફ રોડ, અમદાવાદ, કિંમત રૂ. ૫ાા

આ પુસ્તકમાં સંસ્કૃતિ માસિકની શરૂઆત થઇ ત્યારબાદ થોડા સમયમાં 'જીપ્સીની આંખે' એ મથાળા હેઠળ પ્રગટ થવા માંડેલી શ્રી કિશનસિંહ ચાવડાની સ્મરણમાળાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. 'જીપ્સીની આંખે'ના લેખોએ શરૂઆતથી જ સંસ્કૃતિના વાંચકોને મુગ્ધ કરવા માંડયા હતા અને આનો લેખક કોણ હશે તે સંબંધે કુતુહલ પેદા કરવા માંડયું હતું. કિશનસિંહ ચાવડાથી પરિચિત મિત્રોએ આ સ્મરણોની કેટલીક વિગતો અને અવાર નવાર ઉર્દુ શબ્દોનાં છાંટણાથી વિલક્ષણ લાગતી લેખનશૈલિ ઉપરથી થોડા વખતમાં એ લેખમાળાના લેખકને ઓળખી કાઢયા હતા. આ સ્મરણમાળા કોઇ ચોક્કસ સમયક્રમને અનુસરીને લખવામાં આવી નથી. કોઇ નોંધ પાંચ સાત વર્ષો પહેલાં બનેલા કોઇ બનાવને સ્પર્શતી હોય છે તો કોઈ નોંધ આપણને ચાવડાના શિશુકાળ સુધી દૂર ભૂતકાળમાં લઇ જાય છે. ચાવડાનું જીવન અનેક રંગોથી રંગાયેલું છે. બાળપણ મોટા ભાગે વડોદરામાં પસાર થયેલું, પછી કોલેજ-જીવન, પછી શાન્તિનિકેતન, પછી અરવિન્દ આશ્રમ, વળી વડોદરામાં સામયિક પ્રવૃત્તિ, પન્ના મહારાજાના સેક્રેટરી તરીકે પન્નામાં કેટલાક વર્ષો, વળી પાછા વડોદરામાં સાધના પ્રેસના મેનેજર તરીકે, ત્યારપછી ચેતના પ્રેસના માલીક તરીકે, વચગાળે યુરોપ, અમેરિકા અને આફ્રિકા ખંડના નના મોટા છુટાછવાયા પ્રવાસો-આવા અદ્ભુત વૈવિધ્યથી અને તરેહ તરેહના અનુભવોથી ભરપુર એવી જીવનકથામાંથી તારવી તારવીને નાના મોટા અનેક જીવન પ્રસંગો તેમણે આ લેખમાળામાં સંકલિત કર્યા છે. આ પ્રસંગોના નિરૂપણમાં કંઇ કંઇ ઠેકાણે કલ્પનાના રંગો પણ તેમણે પુર્યા છે. અપૂર્વ ભાષાલાલિત્ય ચાવડાને વરેલું છે. સંવેદનશીલતા તેમની પ્રકૃતિની ખાસિયત છે. આવાં કારણોને લઇને આ પુસ્તક શરૂ કર્યા બાદ પૂરૂં કર્યે જ છૂટકો એવી મોહિની આ પુસ્તકનો વાંચક અનુભવે છે. કિશનસિંહના પિતા ભકત હતા, ગાયક હતા. સંગીત અને ભજનના વાતાવરણમાં તેઓ ઉછર્યા છે. સુક્ષ્મ તત્વગ્રાહી રસિકતાનું ચાવડાની કલમમાં જ્યાં ત્યાં દર્શન થાય છે. સંગીતના વિષયને સ્પર્શતી કોઇ ઘટના ચાવડા આલેખવા બેસે છે ત્યારે સંગીતના હાર્દનો આપણને ચાવડા પરિચય કરાવે છે. આવું સુન્દર સુવાચ્ય પુસ્તક ગુજરાતી સમાજને માટે નિર્માણ કરવા બદલ ચાવડાને અનેક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**

**સત્યં શિવં સુન્દરમ્**

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં**
**બહાર પડનાર લેખસંગ્રહ : કીંમત રૂ. ૩.**
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તથા પ્રબુધ્ધ**
**જીવનના ગ્રાહકોને રૂ. ૨ માં મળશે. ટપાલ ખર્ચ**
**જુદું. આ માટે લખો–વ્યવસ્થાપક,**
**મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.**

# કારોબારી સમિતિના ઠરાવો

( રાષ્ટ્રીય કોંગ્રેસની કારોબારી સમિતિએ દિલ્હી ખાતે તા. ૪ અને ૫ એપ્રિલે મળેલી પોતાની બેઠકમાં શિક્ષણના માધ્યમ અંગે તથા અખિલ હિંદની નોકરીઓની પરીક્ષાના માધ્યમ અંગે કરેલા નીચેના ઠરાવો હરિજન બંધુમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યા છે.)

## શિક્ષણનું માધ્યમ

'શાળાઓ તથા કોલેજોમાં શિક્ષણના માધ્યમની બાબતમાં શી નીતિ અખત્યાર કરવી તે અંગે કોંગ્રેસ માર્ગદર્શન કરતી રહી છે. કોંગ્રેસની કારોબારી સમિતિએ એને વિષે ૧૯૪૯ના ઓગસ્ટની ૫મી તારીખે તથા ફરીથી ૧૯૫૩ના મેની ૧૭મી તારીખે ઠરાવો પસાર કર્યા હતા; ભારતના રાજ્યબંધારણે હિંદીનો સમગ્ર દેશ માટે રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે. અને સાથે સાથે રાષ્ટ્રીય મહત્ત્વની બીજી પ્રદેશભાષાઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

'કેળવણીની સંસ્થાઓ દ્વારા તેમ જ સાધનો દ્વારા હિંદીને પ્રદેશભાષા તરીકે તેમ જ સરકારી તથા ઇતર હેતુઓ માટેની અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે હિંદીને ઉત્તેજન આપવાનું તથા તેની ખિલવણી કરવાનું સરકારનું ધ્યેય હોવું જોઇએ. સાથે સાથે રાજ્યબંધારણમાં દર્શાવવામાં આવેલી બીજી પ્રદેશભાષાઓને પણ પુરેપુરું ઉત્તેજન આપવું જોઇએ. ભારતની આ સઘળી મહાન ભાષાઓ દ્વારા ભારતીય સાહિત્ય વિકસાવવાનો ઉદ્દેશ રાખવો જોઇએ અને તેથી તે સઘળીનો એકબીજી સાથે નિકટનો સંપર્ક રહેવો જોઇએ.

'અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે શાળાઓ તથા કોલેજોમાં જુદી જુદી કક્ષાઓએ હિંદીને ફરજિયાત વિષય તરીકે રાખવી જોઇએ એ ખરું, પણ હિંદીભાષી પ્રદેશના લોકો ઓછામાં ઓછી હિંદની બીજી એક ભાષા શીખે એ જરૂરનું છે.

'હિંદમાં અંગ્રેજીએ હિંદીને જગ્યા કરી આપવી જોઇએ એ ખરું, પણ વિદેશનાં સાહિત્યો સાથે, પ્રચલિત વિચારો સાથે તથા પ્રવૃત્તિનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતા ફેરફારો સાથે સંપર્ક ચાલુ રાખવા માટે પરદેશી ભાષાઓનું જ્ઞાન હમેશાં જરૂરી રહેશે એ યાદ રાખવું જોઇએ. એથી હિંદના સાહિત્ય અને ભાષાઓના વિકાસને પણ ઉત્તેજન મળશે.

'યુરોપ તેમ જ એશિયાની સઘળી મહત્ત્વની પરદેશી ભાષાઓનો થોડો અભ્યાસ ઇચ્છવાજોગ છે. પણ અંગ્રેજી એક મહત્ત્વની વિશ્વભાષા છે તે કારણે તથા તેના ભૂતકાળના સંબંધોને કારણે તેના અભ્યાસને ખાસ કરીને ઉત્તેજન આપવાની જરૂર રહે છે.

'પ્રાથમિક કક્ષાની કેળવણીનું માધ્યમ માબાપો કે વાલીઓની ઇચ્છા અનુસાર બાળકની માતૃભાષા જ હોવું જોઇએ. સામાન્ય રીતે એ તે પ્રદેશ કે રાજ્યની ભાષા હશે. આદિવાસી પ્રદેશોમાં પ્રાથમિક કક્ષાની કેળવણીનું માધ્યમ તે પ્રદેશના લોકોની માતૃભાષા હોવું જોઇએ.

'જ્યાં પ્રદેશભાષા સિવાયની ભાષા કે ભાષાઓ બોલનારા ઘણા લોકો હોય એવાં શહેરો કે બીજા વિસ્તારોમાં ઠીક ઠીક પ્રમાણમાં લોકો એવી માગણી કરે તો સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ માતૃભાષામાં આપવું જોઇએ. દ્વિભાષી વિસ્તારોમાં, ખાસ કરીને બે રાજ્યો વચ્ચેના સરહદી વિસ્તારોમાં, તે પ્રદેશની પ્રત્યેક ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાની ખાસ સગવડ કરી આપવી જોઇએ.

'માધ્યમિક કક્ષાનું શિક્ષણ સામાન્ય રીતે પ્રદેશ ભાષામાં આપવું પણ જ્યાં ઠીક ઠીક સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ હોય ત્યાં બીજી ભાષાઓનો પણ ઉપયોગ થઇ શકે. માધ્યમિક કક્ષાએ, અખિલ હિંદની ભાષા, એટલે કે હિંદી ફરજિયાત બીજી ભાષા તરીકે લેવી જોઇએ.

'યુનિવર્સિટીની કક્ષાએ, શિક્ષણનું માધ્યમ પ્રદેશભાષા હોવું જોઇએ, જોકે હિંદીનો ઉપયોગ પણ કરી શકાય. યુનિવર્સિટીઓમાં સામાન્ય રીતે શિક્ષણ પ્રદેશભાષામાં આપવામાં આવશે. પરંતુ અધ્યાપકો હિંદીમાં અને પ્રસંગોપાત્ત અંગ્રેજીમાં પણ વ્યાખ્યાનો આપી શકશે. આને લીધે આંતરપ્રાંતીય સાંસ્કૃતિક સંપર્ક સાધવાની અનુકુળતા થશે.

'વિજ્ઞાનના અને ટેકનિકલ વિષયો શીખવવામાં અંગ્રેજી પરથી હિંદી અથવા પ્રદેશભાષામાં આવવાનો ફેરફાર ધીમે ધીમે અને ધોરણ નીચું ન ઊતરે એ પ્રમાણે કરવો. કેટલાક વિષયોમાં વચગાળાના સમય દરમ્યાન હિંદી અથવા પ્રદેશભાષા અને અંગ્રેજી માધ્યમ તરીકે વપરાય એ ઇચ્છવાજોગ છે.

'કોઈ એક પરદેશી ભાષાનું જ્ઞાન હોય એ ઇચ્છવાજોગ હોવાથી માધ્યમિક કક્ષાથી તેનો આરંભ કરવો જોઇએ અને યુનિવર્સિટીની કક્ષા સુધી તે ચાલુ રાખવી જોઇએ.

'મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાએ પંદર વરસને અંતે અંગ્રેજીને ઠેકાણે હિંદીને પુરેપુરું સ્થાન આપવા માટે પાંચ પાંચ વરસના ત્રણ તબક્કાઓમાં એ કાર્યક્રમ નક્કી કર્યો છે તેને કાર્યવાહક સમિતિ સામાન્ય રીતે મંજૂર રાખે છે.'

## ૨

## અખિલ હિંદ માટેની નોકરીઓની પરીક્ષાનું માધ્યમ

'હિંદના સ્વરાજ્યબંધારણે હિંદીનો અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે તથા અખિલ હિંદના વહીવટી હેતુઓ માટે અંગ્રેજી પરથી હિંદીમાં સંક્રાન્ત થવા માટે પંદર વરસની મુદત નક્કી કરી છે એ હકીકત લક્ષમાં લેતાં, હિંદીને અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ માટેની ભાષા બનાવવાનાં વધુ ને વધુ પગલાં ભરવામાં આવે એ ઇચ્છવાજોગ છે.

'પગલાંઓ એવી રીતે ભરવાં કે જેથી જ્યાં આગળ પ્રદેશભાષા હિંદી સિવાયની હોય એવા દેશના કોઇપણ ભાગમાંથી પરીક્ષા આપવા આવતા ઉમેદવારો પર વધારે પડતો બોજો પડે નહીં. હિંદી તેમ જ પ્રદેશભાષાઓના વિકાસ માટે હરેક પ્રકારનું ઉત્તેજન આપવું જોઇએ એ ખરૂં, પરંતુ ઉચ્ચ કક્ષાની નોકરીઓમાં દાખલ થનારાઓ માટે પરદેશી ભાષાઓનું અને ખાસ કરીને અંગ્રેજીનું જ્ઞાન મહત્ત્વનું રહેશે એ યાદ રાખવું જોઇએ.

'કાર્યવાહક સમિતિએ ભલામણ કરી છે કે અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ ક્રમે ક્રમે હિંદી, અંગ્રેજી અને મુખ્ય મુખ્ય પ્રદેશભાષાઓમાં લેવાવી જોઇએ તથા પરીક્ષા આપનારા ઉમેદવારોને એ ભાષાઓ પૈકીની કોઇપણ ભાષાનો ઉપયોગ કરવાનો વિકલ્પ આપવો જોઇએ. હિંદી કે પ્રદેશભાષામાં પરીક્ષા આપવાનું પસંદ કરનાર ઉમેદવારને અલગ અંગ્રેજીની પરીક્ષા પણ પસાર કરવાની રહેશે.

'આ અખિલ હિંદની પરીક્ષાઓમાં પસાર થનારા સઘળા ઉમેદવારોને, અગાઉથી જે જેમણે હિંદીમાં પરીક્ષા આપી હશે તે સિવાય, વહેલામાં વહેલી તકે હિંદીની પરીક્ષા પસાર કરવાની રહેશે. બીજે પગથિયે, ઉપર જણાવ્યા મુજબ હિંદી, અંગ્રેજી કે પ્રદેશભાષાઓ એ પરીક્ષાઓમાં વાપરવાનો વિકલ્પ ચાલુ રહે છે, પણ વધારામાં, જેમની હિંદી સિવાયની ભાષા હોય તેવા ઉમેદવારોને ફરજિયાત હિંદીનો પ્રશ્નપત્ર તથા જેમની ભાષા હિંદી હોય તેવા ઉમેદવારોને હિંદની કોઇક બીજી ભાષાનો ફરજિયાત પ્રશ્નપત્ર આપવાનો રહેશે. એ બંને દાખલાઓમાં, હિંદી કે બીજી પ્રદેશભાષાઓમાં પરીક્ષા આપનારાઓને માટે અંગ્રેજીનો ફરજિયાત વિષય રહેશે.

'આ રીતે અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓમાં અંગ્રેજીને ઠેકાણે હિંદી ક્રમે ક્રમે સ્થાન લેતી જશે.'

## શ્રી સુલોચના મોદીનો સત્કાર અને પરિચય

મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સ્ટેન્ડીંગ કમીટીના પ્રમુખ-સ્થાને નિમાયેલ શ્રીમતી સુલોચના મોદીનો સત્કાર કરવા તથા તેમની સાથે પરિચય સાધવાના હેતુથી તા. ૮-૫-૫૪ શનીવારના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એક સંમેલન યોજવામાં આવ્યું હતું. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રીમતી સુલોચનાબહેનને સંઘ તરફથી હાર્દિક આવકાર આપતાં જણાવ્યું હતું કે "આપણામાંની એક બહેન સમાજની વર્ષો સુધી એક યા બીજી રીતે સેવા કરતે કરતે આવા જવાબદાર અધિકાર સ્થાન ઉપર આવે એ આપણા સર્વને ગૌરવ આપે અને આપણા દિલમાં ઉંડો આનંદ પેદા કરે એવી ઘટના છે." ત્યારબાદ તેમણે સુલોચનાબહેનનો તથા તેમના પિતા ડો. કલ્યાણદાસ જે. દેસાઇ જેઓ પણ એક જાણીતા વર્ષો જુના સામાજિક કાર્યકર્તા છે તેમનો પરિચય કરાવ્યો હતો અને સાથે સાથે મુંબઇ જૈન યુવક સંઘની આજ સુધીની ઉજ્જવલ કારકીર્દીનો અને વિવિધ પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો અને છેવટે સુલોચનાબહેનને આપણે બહુ નજીકના ભવિષ્યમાં મુંબઇના મેયર થયેલા જોઇએ એવી આશા વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ ભુજપુરીઆએ સ્ટેન્ડીંગ કમીટીના પ્રમુખની જવાબદારીઓ અને તે અધિકારના મહત્વની વિગતવાર સમજુતી આપી હતી, અને સુલોચનાબહેનની કાર્યદક્ષતાનો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે "પોતાના વિષયમાં પુરે-પુરા તૈયાર થઇને આવે અને પરિમિત ભાષામાં જોઇએ તેટલું જ મુદ્દાસર બોલે એવી કોરપોરેશનની ગણીગાંઠી વ્યકિતઓમાંના સુલોચનાબહેન એક છે," અને ત્યાર બાદ મ્યુનીસીપલ કોરપોરેશનના સાધા કાર્યક્ષેત્રમાં નથી આવતી એમ છતાં તેના જવાબદાર અધિકારીઓ ઘણું કરી શકે તેમ છે એવી બે બાબતો તરફ સુલોચના બહેનનું તેમણે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. (૧) મુબઇ સરકારનું એકોમોડેશન ખાતું જે આજે સૌ કોઇને અળખામણું થઇ પડયું છે તેને વહેલી તકે બંધ કરાવવું અને (૨) મુંબઇ સરકાર તરફથી પુરૂં પાડવા આવતા દૂધના ભાવો હળવા કરાવવા, કારણ કે દુધની પડતર જે ભાવે દુધ વેચાય છે તેના કરતાં ઘણી નીચી છે.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ટી. જી. શાહે સુલોચનાબહેનને આવકારતાં તેમજ તેમનું અભિનન્દન કરતાં મ્યુનીસીપલ કોરપોરેશનની વર્ષો પહેલાં તેમણે જોયેલી સભાઓ યાદ કરી હતી, અને જણાવ્યું હતું કે "એ સભામાં મેમ્બરોને મેં કેવળ ભુંકતા જોયા હતા અને મને ભારે આશ્ચર્ય થયું હતું. એવા મેંબરોમાં પણ સ્વ. લખમીદાસ રવજી તેરશી જેવા, પણ કોઇ કોઇ હતા કે જેનામાં નિડરતા અને શું બોલવું અને શું ન બોલવું તેની પુરી સમજણ હતી અને જેમણે કોરપોરેશન દ્વારા મુંબઇની ઘણી સેવા કરી હતી." આમ જણાવીને લખમીદાસ રવજીના પગલે ચાલવા સુલોચના બહેનને તેમણે ભલામણ કરી હતી. શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહે પણ આ પ્રસંગમાં ભાગ લેતાં પોતાને થયેલો આનદ વ્યક્ત કર્યો હતો અને સુલોચનાબહેન અને તેના કુટુંબ સાથેના મીઠા પરિચયનો કેટલેક ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ પ્રમુખ સાહેબ તરફથી સુલોચનાબહેનનું પુષ્પ-હારથી સન્માન કરવામાં આવ્યું હતું. સુલોચનાબહેને આવો સુખદ પ્રસંગ યોજવા બદલ સંઘના કાર્યવાહકોનો આભાર માનતાં જણાવ્યું હતું કે "આજે પોતે જે સ્થાન ઉપર પહોચ્યા છે તે પોતાને નાનપણમાં માતપિતા તરફથી મળેલા સુન્દર જ્ઞાન-સંસ્કારોને અને સેવાભાવનાનાં રોપાયેલા બીજોને આભારી છે." તેમણે વિશેષમાં જણાવેલું કે "લગ્નના કારણે હું જૈન લેખાઉં છું અને એ દાવે તમે મને બોલાવી હોય તો તે પણ મને સ્વીકાર્ય છે. અહીં હું આત્મીયતાનું વાતાવરણ અનુભવી રહી છું અને મારા ઘરમાં આવી હોઉં એમ મને લાગે છે." ત્યારબાદ તેમને કરવામાં આવેલાં સૂચનોની દિશાએ શકય હોય તે પોતા તરફથી કરવાની તેમણે ખાત્રી આપી હતી અને (૧) મુંબઇની સફાઇનું કાર્ય જે શરૂ કરવામાં આવ્યું છે તેને ખુબ આગળ વધારવું અને મુંબઇને સ્વચ્છ અને સુંદર શહેર બનાવવું અને (૨) આજનો મ્યુનીસીપલ એકટ જે જુના કાળનો અવશેષ છે તેનું આજના ખ્યાલો મુજબ સંશોધન સંસ્કરણ કરવું અને ઘરધણી અને ભાડુતના સંબંધને આજની દૃષ્ટિ સાથે બંધ બેસે તેવું સ્વરૂપ આપવું—આ બે બાબતો તરફ પોતાનું ખાસ લક્ષ્ય હોવાનું તેમણે જણાવ્યું હતું અને તે બન્ને બાબતમાં હાજર રહેલા ભાઈબહેનોનો તેમ જ મુંબઇની જાહેર જનતાનો પુરો સાથ માંગ્યો હતો. સંઘના સભ્ય બનીને સંઘ સાથે વધારે આત્મીયતા કેળવવાની સંઘના મંત્રી તરફથી વિનંતિ થતાં તેમણે સહર્ષ સ્વીકારી હતી. અને ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતી દેવીદાસે સંઘના નિમંત્રણને માન આપીને આવવા બદલ સુલોચનાબહેનનો આભાર માનતાં તેમની સાથેનાં દીર્ઘ પરિચયને લગતાં કેટલાંક સ્મરણો રજુ કર્યાં હતાં. અને ત્યારબાદ સંમેલન વિસર્જિત થયું હતું.

## પ્રકીર્ણ નોંધ

### શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વડોદરામાં એક વધુ શાખા

મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય જૈનોની એક સુપ્રસિધ્ધ શિક્ષણ સંસ્થા છે. આ સંસ્થા મુંબઇમાં એક વિશાળ વિદ્યાર્થીગૃહ ધરાવે છે. જેનો આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત અમદાવાદ તથા પૂનામાં પણ આ વિદ્યાલયની એક એક શાખા છે. વડોદરામાં શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ નામનું એક જૈન છાત્રાલય કેટલાંએક વર્ષોથી ઉભું કરવામાં આવ્યું હતું અને તેનો લાભ હાઇસ્કુલમાં ભણતાં વિદ્યાર્થીઓને મળતો હતો. આજે વડોદરામાં એક સ્વતંત્ર યુનિવર્સિટી ઊભી થઇ છે અને મુંબઇ પ્રદેશનું વડોદરા એક મહત્વનું શિક્ષણકેન્દ્ર બની ચુકયું છે. વડોદરાની આ વિશેષતા ધ્યાનમાં લઇને ઉપર જણાવેલ જૈન વિદ્યાર્થી આશ્રમ પણ ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટેના એક વ્યવસ્થિત વિદ્યાર્થીગૃહમાં પરિવર્તિત થાય એ હેતુથી તે સંસ્થાના સ્થાનિક સંચાલકોએ મુંબઇના શ્રી. મહાવીર જૈન વિદ્યાલયને જૈન વિદ્યાર્થી આશ્રમ તેની સર્વ અસ્કયામતો અને જવાબદારીઓ સાથે સુપ્રત કરવાનો નિર્ણય કર્યો અને તા. ૨-૫-૫૪ના રોજ મળેલી મહાવીર જૈન વિદ્યાલયની સામાન્ય સમિતિની અસાધારણ સભાએ જરૂરી શરતો સાથે એ માંગણી સ્વીકારવાનો નિર્ણય કર્યો. આ સંસ્થાનું મકાન સંસ્થાનાજ ૧૬૫૦૦ ચોરસવારના પ્લોટ ઉપર બાંધવામાં આવ્યું છે, સંસ્થાની જમીનમાં એ સુંદર જિનાલય છે. આજે ત્યાં ૫૦ વિદ્યાર્થીઓને રાખી શકાય તેટલી સગવડ છે. સંસ્થાની અસ્કયામતોની કીંમત આજના ભાવે બે લાખ રૂપિયા લગભગની આંકવામાં આવી છે. આ સંસ્થામાં હવે પછીથી માત્ર ઉચ્ચ શિક્ષણ એટલે કે કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓનેજ રાખવામાં આવશે એવો નિર્ણય કરવામાં આવ્યો છે. આ રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક શાખા જુન માસથી વડોદરા ખાતે શરૂ કરવામાં આવશે. આ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે અને એટલા જ ધન્યવાદ વડોદરા જૈન વિદ્યાર્થી આશ્રમના સંચાલકોને પણ ઘટે છે કે જેમણે પોતાની સંસ્થા ચાલે છે તેમ ને તેમ ચાલુ રાખવાનું ખોટું મમત્વ ન સેવતાં તેનો વિશેષ વિકાસ થાય તે હેતુથી તેની માલેકી અને કુલ વહીવટ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સોંપી દેવાનો નિર્ણય કર્યો છે અને આને લગતી વાટાઘાટોમાં કોઇ પણ જાતની ખેંચપકડ ન કરતાં જરૂરી શરતો કરવામાંત વિદ્યાલયની અનુકુળતાને જ પ્રાધાન્ય આપ્યું છે.

આવી શુભ ઘટના પરત્વે આનંદ દર્શાવતાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોનું એક બાબત તરફ ધ્યાન ખેંચવું અસ્થાને નહિ ગણાય અને તે એ કે આ વિદ્યાલયનો શાખાવિસ્તાર જેટલો સ્પૃહણીય છે તેટલું જ સ્પૃહણીય છે કે આ વિદ્યાલયનો લાભ જે આજે માત્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે તે સમસ્ત જૈન કોમના વિદ્યાર્થીઓને આપવાનું શરૂ કરવામાં આવે. સંસ્થાનું નામ મહાવીર જૈન વિદ્યાલય છે તે નામ આમ કરવાથી જ ચરિતાર્થ થશે. તેના ઉદ્દેશોમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જેવી કોઇ મર્યાદા નથી તે ઉદ્દેશની પરિપૂર્તિ પણ ક્ષેત્ર અને સમાજ—ઉભયપક્ષી વિશાળતા સાધવાથી જ થઇ શકશે શ્રીમાન કપુરચંદે થોડા સમય પહેલાં આ સંસ્થાને જ્યારે અઢી લાખ રૂપીઆનું દાન કર્યું ત્યારે તેની પણ આજ ભાવના અને અપેક્ષા હતી. અને આજના પ્રમુખ કાર્યવાહકો પણ આવી જ ભાવના સેવી રહ્યા છે. એ ભાવના સત્વર મૂર્તિમન્ત થાય અને મહાવીર જૈન વિદ્યાલય સાચા અર્થમાં મહાવીર જૈન વિદ્યાલય બને એવો આપણો પ્રયત્ન અને પ્રાર્થના હો!

## પાટણમાં જ્ઞાતિબહિષ્કાર: સરકારી કાયદાને પડકાર.

મુંબઇ સરકારે કોઇપણ સંપ્રદાય, જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાંથી કોઇપણ વ્યકિતનો બહિષ્કાર કરવાનો ૧૯૪૮માં એક કાયદા વડે પ્રતિબંધ કર્યો છે અને આવો બહિષ્કાર કરવામાં ભાગ લેનાર અથવા તો ટેકો આપનારને શિક્ષાપાત્ર ઠરાવ્યા છે. આમ છતાં પણ પાટણની વીશા શ્રીમાળી જ્ઞાતિએ આ ધારાનો છડે ચોક ભંગ કર્યો છે. ત્યાંથી મળેલા સમાચાર મુજબ તા. ૨૫-૪-૫૪ ચૈત્ર વદ ૭ રવિવારના રોજ મહાલક્ષ્મીના મંદિરના ચોકમા રાત્રીના મળેલી સભાએ ન્યાતબહાર અથવા પરગામ કન્યા આપવાના ગુનાહ બદલ નીચે જણાવેલ વ્યકિતઓને ન્યાતના વ્યવહારથી છુટા કરવામાં આવ્યા છે.

(૧) ઝવેરી ભોગીલાલ મોહનલાલ (મેસર્સ હેમચંદ મોહનલાલવાળા) (૨) શા. પુનમચંદ જેચંદ (૩) શા. કરસનલાલ પુનમચંદ, (૪) ચોકસી ગોકળદાસ ચીમનલાલ. આ ન્યાતની સભાએ આ ઉપરાંત સગપણ તોડવા માટે અથવા મુંબઇ લગ્ન કરવા માટે કેટલીએક વ્યકિતઓને નાની મોટી રકમના દંડ કર્યા છે જેમાં બે વ્યક્તિઓનો રૂ. ૨૫૦૦ સુધી દંડ કરવામાં આવ્યો છે.

આમ આ પાટણની વીશા શ્રીમાળી જ્ઞાતિએ એક બાજુએ મુંબઇ સરકારના કાયદાનો છડેચોક ભંગ કર્યો છે એમ છતાં પણ કાયદાની ચુંગાલમાં એ જ્ઞાતિના પ્રમુખ અને અન્ય સભ્યો ન આવે એમ સમજીને આ બધું મૌખિક રીતે કરવામાં આવ્યું છે અને લખાણ ઉપર કશું પણ નહિ મૂકવાની તકેદારી રાખવામાં આવી છે. લેખિત હોય કે મોઢેથી હોય—પણ જ્ઞાતિબહિષ્કાર સરકારી ગુન્હો જ છે અને આ માટે ગુન્હાહિત વ્યકિતઓ સામે સખ્ત પગલાં લેવાની મુંબઇ સરકારને વિનંતિ કરવામાં આવે છે.

સમય બદલાયો, કાયદા બદલાયા, લોક અભિપ્રાય બદલાયો, પણ જ્ઞાતિના પટેલીઆઓની મનોદશામાં હજુ કશો પણ ફેરફાર થયો લાગતો નથી. દંડ અને બહિષ્કારનાં શસ્ત્રો દ્વારા તેઓ પોતાની સત્તા કાયમ રાખવા માંગે છે અને આનું પરિણામ સારી સ્થિતિના શ્રીમાનોને તો ભાગ્યે જ શોષવું પડે છે, પણ સાધારણ સ્થિતિના સામાન્ય માણસોને તો આ રીતે છુંદી જ મારવામાં આવે છે અને પોતાના છોકરાં-છોકરીઓને કેમ વરાવવાં ઠેકાણે પાડવાં એ પ્રશ્ન તેમને ખુબ ગુંગળાવતો રહે છે. પાટણની વીશા શ્રીમાળી જ્ઞાતિના જે ગૃહસ્થો આવા બહિષ્કાર અને દંડને અનુચિત માને છે તેમણે પણ જ્ઞાતિના શેઠીઆઓ સામે માથું ઉંચકવું જોઇએ તેઓ પણ મુંગા મોઢે આ બધું જોયા કરશે તો જે વસ્તુસ્થિતિનો આજે આપણે અન્ત લાવવા માંગીએ છીએ તે ચાલુ રહેવાની છે અને સામાજિક પ્રગતિનું રૂંધન થયા કરવાનું છે.

## ભારતીય આરોગ્યનિધિ: પાટણ ખાતે આરોગ્યકેન્દ્રનું ઉદ્‌ઘાટન

આપણા દેશની અદ્યતન પરિસ્થિતિનો વિચાર કરતાં બે બાબતો તરફ સૌથી વધારે ધ્યાન ખેંચાય છે. (૧) વ્યાપક અજ્ઞાન અને (૨) વ્યાપક અનારોગ્ય. આ બન્ને ત્રુટિઓ દૂર કરવા પાછળ આજના સમાજહિતચિન્તકોનું અનેક બાજુએથી ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે. નિરક્ષરતાનું નિવારણ, અને ઉગતી પ્રજા માટે નૂતન કેળવણીનું નિર્માણ—આ દિશાએ રાજ્ય તેમજ પ્રજા તરફથી અનેક પ્રવૃત્તિઓ ગતિમાન થઇ રહી છે. જેટલું ધ્યાન શિક્ષણપ્રચાર તરફ અપાય છે તેટલું ધ્યાન અનારોગ્ય-નિવારણ તરફ હજુ અપાતું નથી. આ કાર્ય એટલું મોટું અને વિકટ છે કે માત્ર સરકાર એકલા હાથે તેને પહોંચી શકે તેમ નથી. પ્રજાનો સહકાર પણ આ બાબતમાં એટલો જ જરૂરી છે. આ કાર્ય દ્વિમુખી છે. (૧) વ્યાધી-નિવારણ. અનેક વ્યાધિઓ અને દર્દોથી પીડાતા લોકોને જરૂરી વૈધકીય સગવડો આપીને તેમને સાજા કરવા. આ માટે હોસ્પીટલો અને દવાખાનાંઓ ઘણા મોટા પ્રમાણમાં ઉભા કરવાની જરૂર છે. (૨) આથી પણ વધારે મહત્વનું કામ દર્દો થતાં અટકાવવાનું છે. આ માટે લોકોમાં આરોગ્ય સંરક્ષણ વિષે જરૂરી માહિતી ફેલાવવાની, આરોગ્યવિષયક શિક્ષણ આપવાની જરૂર છે. આરોગ્યની દૃષ્ટિએ પ્રજાજનોની, ઉગતાં બાળક બાળિકાઓની શારીરિક તપાસની પણ એટલી જ આવશ્યકતા છે. જંગમ ઇસ્પીતાલો—હોસ્પીટલ વાનો—ગામે ગામે ફરતી કરવી જોઇએ કે જેથી ઉગતા દર્દોનો વખતસર ઉપાય થઇ શકે અને લોકોને વિશેષ હેરાનગતીમાંથી ઉગારી શકાય. આ માટે સ્થળે સ્થળે અને સમયે સમયે નેત્રયજ્ઞો તેમજ દન્તયજ્ઞો પણ યોજાતા રહેવાં જોઇએ. વ્યાધિગ્રસ્ત લોકોને રાહત પહોંચાડવી એ કરતાં પણ લોકોને વ્યાધિગ્રસ્ત બનતા અટકાવવા એ ઉપર વધારે ભાર મૂકવાના હેતુપૂર્વક થોડા સમય પહેલાં ભારતીય આરોગ્ય નિધિ—Indian Health Trust—એ નામની એક સંસ્થાની મુંબઇ ખાતે સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાનું કાર્યક્ષેત્ર મુંબઇ પ્રદેશ પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું છે. આ સંસ્થાના પ્રેરક, પ્રયોજક અને સ્થાપક મુંબઇના જાણીતા હીરાના વ્યાપારો શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ અને તેમનાં પત્ની વીલ્હેલમીના (હિંદી નામ મીનાક્ષી) એચ. શાહ છે. તેમણે હાલ તુરત પોતા તરફથી પાટણમાં એક કેન્દ્ર ખોલ્યું છે. આ કેન્દ્રનું તા: ૨૫-૪-૫૪ ના રોજ મુંબઇ પ્રદેશના આરોગ્યસચિવ શ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રસ્તુત સંસ્થા તથા કેન્દ્રના ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર સંબંધે વિવરણ કરતાં શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ પોતાના નિવેદનમાં જણાવે છે કે:—

"ભારતીય આરોગ્યનિધિનો જન્મ આવો એક નવો ચીલો પાડવાની ઇચ્છાનું પરિણામ છે. અમારા સ્વાસ્થ્યના કાર્યક્રમમાં રોગોની અટકાયત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે: ઉપરાંત, તેમાં આપણા દેશની વિશાળ ગ્રામપ્રજાને શકય તેટલી તબીબી રાહત આપવાની જોગવાઇ પણ છે.

"આવી પ્રતિબંધક સેવાઓ અનેક પ્રકારની છે. ગામડામાં અને શહેરી વિસ્તારોમાં લોકોની સામૂહિક શારીરિક તપાસ, આવી તપાસ થતાં રોગનિવારણ માટે તબીબી સહાય અને સૂચન, રોગ થતા અટકાવવા અંગે તથા સ્વાસ્થ્યની જાળવણી અંગેનાં સાહિત્યનું પ્રકાશન અને વહેંચણી, જાહેર પ્રવચનો, પ્રદર્શનો, સિનેમા વગેરે દ્વારા જાહેર આરોગ્ય અને ખાનપાન સંબંધી જ્ઞાનનો પ્રચાર અને ઉત્તેજન. ગ્રામવિસ્તારો અને નગરવિસ્તારોમાં તબીબી સહાય આપવા માટે ફરતી ઇસ્પતાલોની સ્થાપના અને તેમાં ખાસ કરીને ક્ષય રોગ જેવા દર્દોની અટકાયત માટેનો પ્રયાસ, શાળામાં જતાં બાળકોના આરોગ્યની તપાસ તથા પ્રસુતિ પહેલાં અને પ્રસુતિ પછીના આરોગ્ય કેંદ્રોની સ્થાપના—આ કાર્યક્રમનાં મુખ્ય અંગો રહેશે. રોગ થયા પછી

તેની દવા કરતાં કરતાં રોગ થવાનાં મૂળ કારણોને પહેલેથી જ અટકાવી દેવા એ આમાં મુખ્ય વિચાર છે. પ્રતિબંધક તબીબી સહાયનું મુખ્ય પ્રયોજન લોકો માંદા ન પડે એ જોવાનું છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં આ દૃષ્ટિબિંદુ હંમેશ અગ્રસ્થાને રહેશે. રાજ્યના જુદા જુદા ભાગોમાં પ્રતિવર્ષ એક દંતયજ્ઞ અને નેત્રયજ્ઞ યોજવાની પણ સંસ્થાની ધારણા છે અને મને આશા છે કે મુંબઈ રાજ્યનાં વિવિધ શહેરોના નાગરિકો સંસ્થાને આવા કાર્યમાં થતા ખર્ચમાં પોતાનો ઉદાર ફાળો આપીને, તેમ આવા સેવાકાર્યમાં પોતાની સેવાભાવી ટુકડીઓ નિયોજીને જરૂર સહાયરૂપ બનશે.

"સંસ્થાની સર્વે પ્રવૃત્તિઓ હાલ તો પાટણમાં જ કેંદ્રિત થશે. પણ મને આશા છે કે મુંબઈ રાજ્યના જુદા જુદા ભાગોમાં ધીરે-ધીરે નવાં સ્વાસ્થ્યકેંદ્રો ખોલી શકાશે. આપણું બીજું સ્વાસ્થ્ય કેંદ્ર પાલણપુરમાં ખોલવાની વિચારણા ચાલે છે અને મને જણાવતાં હર્ષ થાય છે કે એને અંગેની વાટાઘાટો આગળ વધી છે.

"ઉપર દર્શાવેલો ઉદ્દેશોની સાધારણ પૂર્તિ માટે પણ આપણને મોટી રકમની આવશ્યકતા રહેશે એ દેખીતું છે. જે થોડાક મિત્રોએ આ સંસ્થાને પોતાની ગણી આજ સુધીમાં તેને સહાય કરી છે તેમનો હું ઋણી છું. હજુ ઘણા મિત્રોને આ કાર્યમાં સહાયતા મેળવવા માટે મળવાનું બાકી છે

"આ સંસ્થાની જરૂરતને પહોંચી વળવાનાં સાધનો ભેટસોગાદોમાંથી મેળવવાનાં રહેશે આવી ભેટસોગાદો કોઇ વિશિષ્ટ પ્રવૃત્તિઓ માટે અલગ રાખવામાં આવશે અથવા તેનો ઉપયોગ સર્વસામાન્ય હેતુ માટે પણ કરી શકાશે. જુદા જુદા સર્વ વર્ગોના સભ્યો આ કાર્ય માટે આવકનું નિયમિત અને સંગીન સાધન ઉભું કરી શકે —આ હેતુથી સંસ્થાના સભ્યોની શ્રેણીઓ આ પ્રમાણે યોજી છે. ત્રણ વર્ષના સભ્યપદના રૂા. ૧૦૦), આજીવન સભ્યના રૂા. ૧૦૦૦), દાતા રૂા. ૨૫૦૦) અને મુરબ્બી રૂા ૫૦૦૦). આ ઉપરાંત રાજ્યની તથા બીજી સંસ્થાઓની સહાયની પણ આપણને અપેક્ષા રહેશે."

આવા શુભ આશયપૂર્વકની અને દેશના આરોગ્યરક્ષણ અને સંવર્ધનની સમસ્યાને વ્યવહારૂ રીતે ઉકેલવાનો પ્રયત્ન કરવા ઇચ્છતી સંસ્થાની સ્થાપના કરવા માટે શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ અને તેમનાં પત્નીને મુંબઇના પ્રજાજનોના અનેક ધન્યવાદ ઘટે છે. આ સંસ્થાનું વ્યવસ્થિત બંધારણ કરવામાં આવેલ છે. અને તે સોસાયટી રજીસ્ટ્રેશન એકટ નીચે રજીસ્ટર કરવામાં આવી છે અને શ્રી હીરાલાલ શાહ, તેમનાં પત્ની, શ્રી પોપટલાલ ભોગીલાલ શાહ તથા અમીચંદ ખેમચંદ શાહની એક કામચલાઉ કાર્યવાહક સમિતિ સંસ્થાના વહીવટ માટે ઉભી કરવામાં આવી છે. પાટણમાં શરૂ કરવામાં આવેલ કેન્દ્ર તરફથી તાજેતરમાં સામુહિક નેત્રયજ્ઞ અને દન્તયજ્ઞ યોજવામાં આવ્યો હતો. વળી પાટણ તળ અને આસપાસના પ્રદેશની શારીરિક તપાસ શરૂ કરવામાં આવેલ છે. લોકોને વૈદ્યકીય રાહત પહોંચાડવા માટે એક મોબાઈલ હોસ્પીટલવાન ગામડે ગામડે ફરી રહ્યું છે.

ભારતીય આરોગ્ય નિધિના પ્રયોજક શ્રી હીરાલાલ ભોગીલાલ શાહની આવી જ એક બીજી સેવાની નોંધ લેવી અસ્થાને નહિ ગણાય. તેમના તરફથી છેલ્લા દશ વર્ષથી પાટણ ખાતે એક સાર્વજનિક હાઇસ્કુલ ચલાવવામાં આવે છે જેને તેમના પિતાશ્રી ભોગીલાલ દોલતચંદના નામ સાથે જોડવામાં આવેલ છે. આ હાઇસ્કુલને તેઓ પોતે તથા અન્ય સ્વજનો મળીને બીજા પોણા બે લાખનું દાન કરીને તેમણે એક ભવ્ય મકાન બંધાવી આપ્યું છે, જેનું ઉદ્ઘાટન આજથી ચાર વર્ષ પહેલાં તે વખતના મુંબઇના મુખ્ય સચીવ બાળા સાહેબ ખેરના હાથે કરવામાં આવ્યું છે. મુંબઇના મહાવીર જૈન વિદ્યાલયને તેમણે રૂ. ૧૦૦૦૦ નું દાન આપ્યું છે. કોઇપણ સાર્વજનિક સેવાના કાર્યમાં તેઓ યથાશક્તિ આર્થિક મદદ આપવાને સદા તૈયાર હોય છે આ કામ પણ તેમણે સાર્વજનિક ઉત્કર્ષ અને કલ્યાણની ભાવનાથી પ્રેરાઇને શરૂ કર્યું છે. અને તેના પાયામાં તેમણે સારી એવી રકમની પુરવણી કરી છે. પણ આ કામની સફળતાનો આધાર અનેક દિશાના સહકાર ઉપર રહેલો છે. ધનિકો ધન આપે, ડાકટરો પોતાની સેવાનો લાભ આપે, સ્થાનિક સમાજસેવકો પણ આ કાર્યને પુરા દિલથી અપનાવે, તો જ આ સંસ્થાના સ્થાપકોનું સ્વપ્ન વાસ્તવિકતામાં પરિણમે. શ્રી હીરાલાલ શાહમાં ઉદારતા છે, યોજનાશકિત છે, પ્રજાજનોની સેવા કરવાની ઉત્કૃષ્ટ ભાવના છે. તેમને ચોતરફથી પૂરો સહકાર મળે અને તેમણે ઉભો કરેલ ભારતીય આરોગ્યનિધી એક વટવૃક્ષ માફક સ્થળે સ્થળે કેન્દ્રો સ્થાપીને પોતાનો વિસ્તાર વધારતો જાય એવી તેમને સૌ કોઇની શુભેચ્છા હો !

## અમેરિકાનું ઘમંડ અને ભયવ્યાકુળતા

સામ્યવાદ સામે સંયુક્ત મોરચાની તાલાવેલી સેવતાં અમેરિકા વિષે એક મિત્ર યથાર્થ લખે છે કે "અત્યારે આખી દુનિયાનો ભાર માથે લઇને અમેરિકા હાલી નીકળ્યું છે, કારણ કે એને એનાં ધન અને વૈભવ Torpedo થવાની–ઉથલી પડવાની–બીક પેઠી છે. આપણા પૂર્વજોએ કહ્યું છે કે 'અર્થમનર્થં ભાવય નિત્યં'— પૈસો એ જ સર્વ અનર્થનું મૂળ છે. તવંગરોને રાતે ઉંઘ નથી આવતી કારણ કે એને આખી દુનિયાનો ભય લાગે છે કે કોક આવીને એને લુંટી જશે કે એનું ખૂન કરશે. એટલે એ રાતદિવસ પોતાની રક્ષાના બંદોબસ્ત કરતો ફરે છે, ભય ન હોય ત્યાં ભય જુએ છે અને ડોન ક્વીકઝોટ બનીને પવન ચક્કીઓમાં રાક્ષસ ભાળી તે પર આક્રમણ કરે છે. ધન વૈભવ પાછળની ઘેલછાનો અન્ત એને એટમ–હાઇડ્રોજન બોંબની શોધ ઉપર લઇ ગયો. અર્થનો અનર્થ તે આ. અસુરને બીજું બળ તો કોઇ મારી શકે નહિ, તેથી ભસ્માસુરની જેમ પોતાના જ પાપ ભારે એણે પોતાના હાથે બળી મરવું રહ્યું. મને તો આવું જ નિર્માણ ભાસે છે ધનને જોરે દુનિયાને પોતાની અંકિત અને આશ્રિત કરી રાખવાની એની મુરાદ એને જ ભારે પડવાની છે."

**પરમાનંદ**

### મારું—

**મારું ગણું તે જગને દઇ દઉં,**
**રે તોય શાને**
**મારું જ મારું સઘળું થતું લહું ?**

**ગીતા પરીખ.**

---

**વિષયસૂચિ** — પૃષ્ઠ


| | | |
|---|---|---|
| કોલેજોનું શિક્ષણ માધ્યમ | પરમાનંદ | ૧૩ |
| કારોબારી સમિતિના ઠરાવો | | ૧૫ |
| શ્રી સુલોચના મોદીનો સત્કાર અને પરિચય. | | ૧૬ |
| **પ્રકીર્ણ નોંધ :** શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વડોદરામાં એક વધુ શાખા, પાટણમાં જ્ઞાતિ બહિષ્કાર: સરકારી કાયદાને પડકાર, ભારતીય આરોગ્યનિધિ: પાટણ ખાતે આરોગ્યકેન્દ્રનું ઉદ્ઘાટન, અમેરિકાનું ઘમંડ અને ભયવ્યાકુળતા. | | ૧૭ |
| મારું | ગીતા પરીખ | ૧૮ |
| ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની આજના સમાજને જરૂર છે કે નહિ ? | સ્વામી આનંદ<br>રતિલાલ મફાભાઇ શાહ<br>લાલચંદ જયચંદ વોરા | ૧૯ |
| તેરાપંથી આચાર્યશ્રી તુલસીગણીનું ગુજરાતમાં આગમન. | રતિલાલ મફાભાઇ શાહ | ૨૦ |

# ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની આજના સમાજને જરૂર છે કે નહિ?

(આ પ્રશ્નના ઉત્તરરૂપે મળેલા કેટલાક લેખો પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં પ્રગટ થયા છે. એ જ પ્રશ્નને અનુલક્ષીને મળેલા કેટલાક જવાબો નીચે આપવામાં આવે છે. તંત્રી)

પંડીત જવાહરલાલજીએ ૫૦ લાખની સાધુસંખ્યા ગણાવી હોય તો તે જરીપુરાણી ગણવી જોઇએ. આજે તો મારા ભીખારીઓની સંખ્યા ૭૨ લાખની આસપાસ અંકાય છે.

તે ગમે તેમ હોય પણ જવાહરલાલજીએ સાધુ આલમ ઉપર કરેલી ટુકટેચીની ઘણે અંશે અને મોટા ભાગના મારા પિતરાઇઓની સંખ્યાને વાજબીપણે લાગુ થાય છે એવો મને ભય છે. તેમણે પણ એમજ કહ્યું છે.

દા. ત. રામકૃષ્ણ મિશનના નિર્વ્યસની સુશિક્ષિત અને સેવાભાવી સાધુ સંન્યાસીઓ અને એવા બીજા સાધુ સંન્યાસીઓ પણ આપણા દેશમાં હવે સેંકડો હજારોની સંખ્યામાં મોજુદ છે અને કામ કરી રહ્યા છે. તેઓ કોઇપણ જાતના પદાધિકાર કે સત્તાનાં રથનોની અભિલાષા રાખ્યા વગર જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રથમ પંકિતની લોકસેવા દુઃખિયાંની ને દરિદ્રનારાયણોની કરી રહ્યા છે. તે બધા ચોર કે મફતખોર છે એવું કહેવાનો જવાહરલાલજીનો આશય નથી; ન હોઇ શકે એ દેખીતું છે. એટલે આપણે એજ અર્થમાં એમના કથનને સ્વીકારવું જોઇએ.

આજનો લોકસમાજ અને આજની પ્રજા નૈતિક મૂલ્યો, ચારિત્ર્ય, અને શરીર-મનના સ્વાસ્થ્ય અને ખડતલપણાથી ઉતરતી જાય છે અને તેમનામાં કોહવાટ કે ક્ષીણતા આવી રહ્યાં છે એવી ટીકા સારા અને પ્રગતિશાળી માનસવાળા વિચારવંતો પણ આજે ઘણીવાર કરતા જોવામાં આવે છે. આમાં જો વજૂદ હોય તો સાધુઓ જે દરેક કાળમાં અને જમાનામાં સમાજના ખમીરમાંથીજ ઉતરનારો પાક છે તેમનામાં પ્રજાના સામાન્ય લેવલથી બહુ ઉંચા ખમીરના લોદા નીપજે એ અસંભવ છે. 'જૈસા જુગ વૈસા જોગી'

મુંબઇ **સ્વામી આનંદ**

આર્થિક ભીંસ તથા બીજા કેટલાક કારણોને અંગે સાધુ સંસ્થા પૂર્વની જેમ આજે પણ ભિક્ષાનિર્ભર રહેવી ઘટે કે પોતાની જરૂરિઆત જેટલું મેળવી લેવા જેટલી એ હવે સ્વાવલંબી બની રહેવી જોઇએ એ એક વિચારણાનો પ્રશ્ન થઇ પડયો છે.

કોઇ પણ વ્યાપક બનતો વિચાર એ ભાવિ ક્રાંતિની આગાહી રજુ કરે છે. અને એથી જ્યારે એ ક્રાંતિની આંધી ચડે છે, ત્યારે કોઇપણ વ્યકિત, સમાજ કે સંઘ એનાથી અસ્પૃષ્ટ રહી શકતોજ નથી; સિવાય કે ક્રાંતિની સામે પ્રતિક્રાંતિ ઉભી કરી એ પ્રવાહને ખાળવાનું સામર્થ્ય એણે પ્રાપ્ત કર્યું હોય.

આ દૃષ્ટિએ વિચારતાં ત્યાગી સંસ્થા સામે પણ બે વિકલ્પો આવી ઉભા છે. કાં તો એણે ભિક્ષાનિર્ભર રહેવું, કાં તો સ્વાવલંબી બનવું. યુગની પરિસ્થિતિ તેમજ ત્યાગી વર્ગમાં પણ ભરાયેલા દોષ એમ બન્ને કારણોને અંગે ભવિષ્યની પ્રજા એ બોજ હવે વિશેષ સહી શકે તેમ નથી લાગતુ. બીજી બાજુ સ્વાવલંબનના માર્ગમાં પણ પરિગ્રહ તથા માલિકી હક્કને કારણે મમત્વ અને લોભવૃત્તિ જેવા દોષો ઉઠવાનો પુરો સંભવ હોઇ એ માર્ગ પણ પુરો જોખમી છે, એટલુંજ નહી પણ સાધુસંસ્થાના મૂળમાં જ ઘા કરનારો છે, કારણ કે સમાજની લીધેલી સેવાના બદલામાં જે જાગૃતિ-જવાબદારી એને રાખવી પડે છે એ નૈતિક બંધન છુટી જવાથી સંસ્થાને સાંધનારૂ અને ટકાવનારૂં બળ જ નષ્ટ થઇ જાય છે. પછી સંસ્થા જ કયાંથી ટકે? ત્યાગ, તપ અને અપરિગ્રહને વરેલી પૂર્વની બ્રાહ્મણસંસ્થા લગ્નજીવનને કારણે અને જૈન સમાજની અકૌટુંબિક જીવન જીવતી યતિસંસ્થા વળગેલા વૈભવને કારણે જેમ પરિગ્રહબુધ્ધિમાં ફસાઇ તૂટી પડી છે તેમ ઇતિહાસનું જો પુનરાવર્તન ન થવા દેવું હોય તો ત્યાગી સંસ્થાએ ભિક્ષા-નિર્ભર જ રહેવું ઘટે છે. પણ તો પછી યુગબળને સમજી આવતી આંધીને રોકવી શી રીતે? એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે. પણ એનો ઉપાય એકજ છે અને તે એ કે એવી આંધી ચડે તે પહેલાં ત્યાગી સંસ્થાઓએ આવશ્યક સુધારાઓ દ્વારા જાતે જ શુદ્ધિ કરી લેવી જોઇએ અને એ રીતે યુગ-માંગને અનુરૂપ પ્રતિક્રાંતિ સરજી નવું બળ પ્રાપ્ત કરી લેવું જોઇએ. નહિ તો આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોય નવા વંટોળમાં બીજાની સાથે એ સંસ્થા પણ તુટીજ જવાની છે. એથી જો એ સંસ્થા જેની ભૂતકાળની ભવ્ય સેવા છે એને બચાવવી હોય તો નીચેના સુધારા તાત્કાલિક અપનાવી લેવા જોઇએ.

૧ હરેક સંપ્રદાયમાં એકજ આચાર્યનું નેતૃત્વ અને દોરવણી હોવી જોઇએ.

૨ ત્યાગી સંસ્થાનો ઉમેદવાર સમાજે આંકેલી કસોટીએ પાર ઉતરવા જેટલો ચરિત્ર્યવાન અને વ્યાપક દૃષ્ટિ તથા સર્વગ્રાહી બુધ્ધિ સાથે વિશ્વપ્રવાહોને સમજવા જેટલો કુશળ હોવો જોઇએ.

૩ સમાજે સ્વીકારેલા ધોરણ મુજબની કેળવણી એણે લીધેલી હોવી જોઇએ.

૪ ત્યાગના નામે ખાલી પેટ ભરવા આવી ભરાયેલા તેમજ ઉત્સાહના આવેશમાં આવી ફસાઇ પડેલાઓને મુકત કરી એમને માટે બીજી વ્યવસ્થા કરવી જોઇએ.

૫ જૈન સમાજની સાધ્વી-સંસ્થાને પરિમિત બનાવી દેવી ઘટે, સિવાય કે ઉચ્ચ કેળવણી લેવા જેટલી કક્ષાએ સ્ત્રી સમાજ પહોંચે.

૬ બાલદીક્ષા અનિષ્ટ પ્રવૃતિ ગણાય, સિવાય કે એનો ઉમેદવાર આશાજનક અસાધારણ બુધ્ધિ પ્રતિભા બતાવે.

૭ હરેક સાધુ સર્જનનો આનંદ મેળવવા તથા સુપ્ત પડેલી શકિતઓને વિકસાવવા આજના જૈન સાધુની જેમ પાતરા રંગવા, દોરી વણવી-ગુંથવી, ચિત્રકામ કરવું, હસ્તપ્રતો લખવી વિ. જેવા નિર્દોષ કાર્યો કરી શકે છે.

૮ સમાજ પરનો બોજ હલકો કરવાની આજની યુગ સમસ્યા હલ કરવા માટે સાધુસંસ્થાએ કેળવણીની સંસ્થાઓ, છાત્રાલયો, પાઠશાળાઓ તથા એવી સમાજિક પ્રવૃતિઓ સંભાળવી જોઇએ. ખાસ કરીને વિદ્યાદાન એ એમનો મુખ્ય વ્યવસાય રહેવો જોઇએ. જેઓ સ્થિર સેવા ન આપી શકે તેઓ પોતાના વિહાર દરમ્યાન સરકારી નોકરોની જેમ અદલબદલ બની અમુક સમય માટે એ કામ સંભાળે. સાહિત્ય, લેખન, સંશોધન, પ્રચાર, તીર્થ તથા કેળવણીની વ્યવસ્થા એ આમ સંભાળે તો આવા અવૈતનિક ત્યાગીઓ સમાજને મોટો અર્થલાભ આપી શકે, એટલુંજ નહિ સમગ્ર રાષ્ટ્રને પણ નવપ્રેરણા આપી માથા ઉપર ઝઝુમતી આંધીને પોતાનો પ્રભાવ પાડીને હળવી કરી શકે.

૯ સમાજ પર ઓછામાં ઓછો બોજ નાખી વધુમાં વધુ સેવા એણે કરવી જોઇએ.

૧૦ એકાંત સાધનામાં પડેલા કે જ્ઞાનખોજમાં ડૂબેલાઓને અપવાદ રૂપ ગણી સમાજે એમને સંભાળવા જ રહ્યા.

૧૧ આમ પોતાનું સત્ત્વ સાચવી જ્યાં સુધી એ સંસ્થા સમાજને સેવા આપ્યા કરશે, ત્યાં સુધી એની ભિક્ષાનિર્ભરતા સમાજને બોજારૂપ નહીં પણ સંતકૃપા રૂપ લાગશે.

માંડલ **રતિલાલ મફાભાઈ શાહ.**

વર્તમાન યુગમાં કેટલાક શ્રીમંત નબીરાઓ, ભૂખ લાગે એવાં ઔષધ લે છે, પછી ખોરાક પંચાવવા માટે વળી બીજાં ઔષધ લે છે. કૃત્રિમ એવી કસરતો પણ શોધતા ફરે છે. લગભગ આવી જ રીતે જીવનમાં વિષમતાઓ ઉભી કરે છે અને એ રીતે જીવન વીતાવે છે.

લગભગ આવી જ કંઈક સ્થિતિ આપણા આજના સાધુ-સંન્યાસી વગેરે વર્ગની છે. અલબત્ત તેઓ ઋષિ અને મહાઋષિના કુળમાંથી આવ્યા છે. કેટલાક તિર્થંકરોના વંશજો છે, પણ કાળ-બળને વશ થઈ, તેઓએ સંસારમાં વિષમતાઓ ઉભી કરી છે.

આ વિષમતા ટળવી જોઇએ. આ ટાળવાનો માર્ગ '**Bread Labour**'–'પરસેવાની રોટી'નો સિધ્ધાંત રજુ કરીને બતાવ્યો છે. શરીરના પોષણ કાજે દરેકે શ્રમ કરવો જોઇએ. પછી તે ચાહે તેવો બુધ્ધિશાળી હોય, સૈનિક હોય કે બ્રાહ્મણ હોય. જેઓ આ સંસારમાં વસે છે, સંસારના સાધનોનો ઉપયોગ કરે છે તેણે **Bread Labour**નો સિધ્ધાંત સ્વીકારવો જોઇએ.

પંડિત જવાહરલાલજીએ, પોતાના એક ભાષણમાં કહેલું કે હિંદમાં ૫૦ લાખ જેટલા સાધુઓ ઉત્પાદક શ્રમ કર્યા વગર બીજાની મહેનતનો લાભ ઉઠાવે છે તેઓ ચોર ગણાય.

તેઓનું આ મંતવ્ય નગદ સત્ય છે. આત્મલક્ષી સાધુઓ કે દેશનું રક્ષણ કરનારા સૈનિકો ત્યારે જ મોક્ષ-સ્વર્ગના અધિકારી થઇ શકે કે જ્યારે તેઓ બીજાની મહેનતનો લાભ લેતા બંધ થાય.

ટુંકામાં વર્તમાન યુગમાં દરેક તંદુરસ્ત માણસે શરીરને જરૂર છે એવો યથાશકિત શ્રમ કરવો જોઇએ.

સંતો-મહંતો અહીં થયા છે તેમ બીજા દેશમાં પણ થયા છે. તેઓએ શ્રમ છોડયો ત્યારે સંયોગો જુદા હતા. આજે જીવન-ઉપયોગી વસ્તુ માટે લાખો કરોડોને વલખાં મારવા પડે છે.

કેવળ બીજાની મહેનતનો લાભ ઉઠાવવો એ અધર્મ છે અને ધર્મી ગણાતા કોઇપણ વર્ગે એ અધર્મ અટકાવવો જોઇએ.

**ગીતાજી** દુનિયામાં સર્વમાન્ય ગ્રંથ મનાય છે. એ એટલા માટે કે એણે નિષ્કામ કર્મનો મહિમા ગાયો છે. પ્રાણીમાત્રને જ્યારે કર્મ અનિવાર્ય છે, તો કર્મ કરતે કરતે, આસકિતનો ત્યાગ કરવો એ જ ઇષ્ટ માર્ગ.

આત્માર્થીને કોઇ વસ્તુ અશકય નથી. એવા કર્મી જ મોક્ષગામી થઇ શકે છે.

જૈન સાધુ તો પરિવ્રાજક છે, પંચમહાવ્રતધારી છે. તેઓએ સંયમ દીક્ષા લીધી છે, ચોકકસ પ્રકારના વ્રતો ઉચર્યા છે. તેઓ પણ શું શ્રમ કરે? ઉપયોગી વસ્તુ માટે ઉત્પાદક શ્રમ કરે? આ પ્રશ્ન ઉઠી શકે છે.

સદ્ગુણાનુરાગી મુનિશ્રી કપુંરવિજયજી મહારાજે સને ૧૯૨૫માં પાલીતાણાની તેઓની મહાત્મા ગાંધીજી સાથેની મુલાકાતમાં આ પ્રશ્ન ઉઠાવ્યો હતો

આ વેળાએ મહાત્મા ગાંધીજીએ સ્પષ્ટ કહેલું કે હા, જૈન સાધુઓએ કાંતવા જેવું ઉપયોગી કાર્ય કરવું જોઇએ. હરતા ફરતા પણ એ થઇ શકે છે.

બગસરા, **લાલચંદ જયચંદ વોરા**

## તેરાપંથી આચાર્યશ્રી તુલસીગણીનું ગુજરાતમાં આગમન

તેરાપંથીઓના 'દયા' 'દાન' સબંધી કહેવાતા આચાર વિચાર અંગે જે કંઇ પણ સાચી ખોટી કલ્પનાઓ વહેતી થયેલી એથી તેરાપંથીઓ કંઇક અળખામણા તો હતા જ. તેમાં વળી છેલ્લાં ૩-૪ વર્ષોથી ગુજરાતમાં વધી ગયેલા એમના સાધુઓના વિહાર અને ચાતુર્માસથી જનતામાં અનેક પ્રકારના ભ્રમો ફેલાશે એવો ભય ઉભો થયેલો. એથી ખુદ એમના આચાર્ય શ્રી તુલસીગણીજી પોતે જ જ્યારે આજે પ્રથમવાર ગુજરાતમાં ઉતરી આવ્યા છે અને લાંબા સમય સુધી અત્રે જ વિહરવાનાં છે એવા સમાચાર જાણ્યા પછી તો જૈન આલમમાં સહેજે જ ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પણ એ ખળભળાટ આપણી શોભા નથી. એ આપણી નબળાઇ સૂચવે છે. અને એ નબળાઇને કારણે ઉત્તર ગુજરાતના એક શહેરે જે રીતે એમના પ્રવેશનો વિરોધ કર્યો, ન ઉતરવા સ્થાન આપ્યું કે ન ભિક્ષા આપી. ઉપરથી એમની સાથે ફરતા શ્રાવકોને આપેલું મકાન પણ ખાલી કરાવ્યું એ આપણી વિરોધ કરવાની સાચી રીત નથી

વ્યક્તિ-વ્યક્તિ કે સમાજ-સમાજ વચ્ચે ઉગ્ર મતભેદ હોઇ શકે છે, પણ એથી મનભેદ રાખવાની જરૂર શી? વળી આજે જ્યારે ભિન્ન ભિન્ન મતાવલંબીઓ પણ એકબીજાના દૃષ્ટિકોણને સમજવા જેટલા ઉદારદિલ બનવા લાગ્યા છે ત્યારે એક જ તત્વવિચારણાને અપનાવનારા નાના નાના આચાર કે વિચારભેદો માટે એક બીજાને સમજવા જેટલા પણ સહિષ્ણુ ન બની શકીએ એ અનેકાંતવાદનું ગૌરવ ગાનારા આપણા જેવા મહાવીર સંતાનો માટે તો ભારે શરમની વાત જ કહેવાય! એક સમર્થ ધર્મનેતા જેવી વ્યક્તિનું દર્શન કરવું-ન કરવું, એમના પ્રત્યે આદર રાખવો-ન રાખવો, એમને સાંભળવા-ન સાંભળવા કે એમના વિચારોને સ્વતંત્ર બુધ્ધિએ કસી ન્યાય આપવો-ન આપવો એ એક જુદી વાત છે. પણ એકજ પિતાના સંતાન તરીકે એમનું આતિથ્ય કરવુ, ભિક્ષા આપવી કે ઉતરવા માટે સ્થાન આપવું એમાં કયો ધર્મ હણાતો હશે?

ગૃહસ્થના આંગણે કુતરૂ-બિલાડું, માગણ-ભિખારી કે બાવા ફકીરને પણ રોટી મળે છે તો સમાજ સંગઠ્ઠનની વાતો કરનારા આપણે આપણી પ્રણાલિને છાજતી ખાનદાની, સૌજન્ય, આતિથ્ય, સત્કાર કે સામાન્ય ગૃહસ્થજીવનને અનુરૂપ વ્યવહાર પણ ન બતાવી શકીએ એ આપણે એકબંજુ કેટલા નીચા ઉતરી ગયા છે એનું માપ બતાવે છે. બીજી બાજુ આપણે એ ય નથી વિચારી શકતા કે જે વ્યવહાર આપણે બતાવીએ છીએ એ જ વ્યવહારનો પ્રત્યુત્તર મળવાનું આપણે એક કલુષિત વાતાવરણ પણ પેદા કરી રહ્યા છીએ.

પણ એ મુર્ખાઇની વાત જવા દઇએ તો બીજી બાજુ એમના સંપર્કમાં આવનાર પર એ પ્રભાવ તો પડયા વિના રહેતો જ નથી કે આચાર્યશ્રી તુલસીગણીજી એક વિદ્વાન અને પ્રભાવશાળી વ્યક્તિ હોવા છતાં કેટલા બધા સરળ, નિરભિમાની અને નિરાડંબરી પુરૂષ છે? એક બાળક પણ સંકોચ વિના એમને ગમે તેવા પ્રશ્નો પૂછી શકે એવા એ પ્રેમાળ અને હસમુખા પણ છે. વળી પોતાના વ્યકિતત્વ અને સેવાના કારણે ભારતના ઉચ્ચ કોટિના પુરૂષોની એ પ્રસંશા અને આદર બુધ્ધિ પણ મેળવી ચૂકયા છે. સમાજને માથે એક પાઇનો પણ બોજ ન પડે એ માટે તેરાપંથે જે ત્યાગ અને અપરિગ્રહ કેળવ્યો છે એમાં થોડી જડતા અને અવિવેક લાગવાનો સંભવ હોવા છતાં એમના ત્યાગ પ્રત્યે તો માન-બુધ્ધિ ઉપજ્યા વિના રહેતી જ નથી. 'દયા' 'દાન' સબંધી એમણે જે સંતોષકારક ખુલાસા આપ્યા છે એ આજે હવા જોઇ મોંઢુ બદલવની વાત હોય તોય એમણે સમયાનુકુળ પરિવર્તન કરવાની જે નૈતિક હિંમત દાખવી છે એથી તો એ ઉલટા વધારે માનને લાયક ઠરે છે. એથી આશા છે કે મારા જૈન ભાઇઓ તેમને સાંભળે, વિચારે અને પછી જ કોઇ પણ અભિપ્રાય બાંધે. સાથે પોતાની ધાર્મિકતા, ખાનદાની અને ગૃહસ્થાઇને છાજે એ રીતે પોતાનો આતિથ્ય ધર્મ પણ બતાવે. સમાજસંગઠ્ઠનનો શુભ આશય રાખીને જે સમર્થ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરી જેવા એક સમર્થ આચાર્યને મળવાની હોંશમાં ઉતાવળા રોજ ૧૫ માઇલનો વિહાર કરીને મુંબઇ પહોંચવાની ઉત્કંઠા સેવી રહ્યા છે એ પુરૂષને બંધ્ધ અભિપ્રાયને કારણે સમજવામાં અન્યાય કરવો એ આપણી એક મોટી ભૂલ ગણાશે.

**રતિલાલ મફાભાઇ શાહ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા. ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજિસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪—પ્ર. જીવન વર્ષ ૨
અંક ૩

મુંબઈ, મંગળવાર ૧ જુન ૧૯૫૪
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## કોલેજોનું શિક્ષણમાધ્યમ

(ગતાંકથી ચાલુ)

અંગ્રેજી હકુમત દરમિયાન, આપણે જાણીએ છીએ કે કોલેજોનું શિક્ષણમાધ્યમ હિંદમાં સર્વત્ર અંગ્રેજી હતું. આના બીજા લાભ ગેરલાભ ગમે તે હો, પણ તેના લીધે શિક્ષણના દેશવ્યાપી ક્ષેત્રમાં એક અનુકુળતા અવશ્ય હતી અને તે એ કે હિંદના વિશાળ વિસ્તારમાં આવેલી અનેક કોલેજોમાંથી કોઇ પણ કોલેજમાં ગમે તે પ્રદેશનો વિદ્યાર્થી દાખલ થઇ શકતો હતો અને પોતાનો અભ્યાસ આગળ વધારી શકતો હતો. આવી જ રીતે કોઇ પણ પ્રદેશનો અધ્યાપક કોઇ પણ પ્રદેશની કોલેજમાં જોડાઇ શકતો હતો અને શીખવી શકતો હતો.

ઉપર જણાવેલ શૈક્ષણિક આન્તર પ્રાન્તીય સગવડ અને સરળતાના અમુક લાભો ઉપેક્ષા ન થઇ શકે તેવા હતા. આવી સગવડ અને સરળતા સમગ્ર હિંદમાં એકતાની બુદ્ધિને પોષવામાં ભારે મદદરૂપ થતી. પ્રાન્તે પ્રાન્તે કોઇને કોઇ વિશિષ્ટ કોટિની કોલેજ યા કોલેજો અસ્તિત્વમાં આવી હતી, જેની જોડ અન્ય પ્રાન્તમાં ન જ મળે. આવી કોલેજોનો અન્ય પ્રાન્તનો વિદ્યાર્થી લાભ લઇ શકતો. શિક્ષણ માટે વિશિષ્ટ શકિતમત્તા ધરાવતી દેશની કોઇ પણ વિદ્વાન વ્યકિતનો અધ્યાપક તરીકે ગમે તે પ્રાન્તને લાભ મળી શકતો. પાઠયપુસ્તકો-ખાસ કરીને ટેક્નીકલ વિષયોને લગતા-ઘણી ખરી કોલેજોમાં સમાન રહેતાં.

રાષ્ટ્રવ્યાપી શૈક્ષણિક સરળતાના આ વિશિષ્ટ લાભો આજે પણ જો ઠીક ઠીક પ્રમાણમાં ચાલુ રાખવાં હોય તો કોલેજોમાં અંગ્રેજીને જે સ્થાન બ્રીટીશ હકુમતદ્વારા હતું તેને મળતું સ્થાન આજે પ્રદેશની ભાષા સાથે હિંદીને પણ અપાવું જોઇએ.

શિક્ષણમાધ્યમનો વિચાર કરતાં આપણા આખા દેશની ચોક્કસ પરિસ્થિતિનો આપણે પૂરો ખ્યાલ રાખવો જોઇએ. એક તો દેશમાં ભિન્ન ભિન્ન ભાષાનો ઉપયોગ કરતા ભિન્ન ભિન્ન પ્રદેશો હોવા છતાં યુરોપમાં જેમ ફ્રાન્સ, ઇંગ્લાંડ, જર્મની કે ઇટાલી એમ એકમેકથી તદ્દન અલગ એવા સ્વતંત્ર રાષ્ટ્રો છે. એવી આત્યન્તિક અલગતા ધરાવતા આ પ્રદેશો નથી. બધા પ્રદેશો એક સાર્વભૌમ સત્તા અને તંત્ર નીચે છે અને એક રાષ્ટ્રશરીરના અંગ ઉપાંગ જેવા છે. બીજું દેશમાં બોલાતી ગુજરાતી, મરાઠી, તામીલ, તેલુગુ કે બંગાળી માફક હિંદી પણ કોઇ એક પરાયી પ્રાદેશિક ભાષા છે એમ કહેવું યા વિચારવું એ બીલકુલ બરાબર નથી. આ બધી ભાષાઓ કરતાં આખા રાષ્ટ્રમાં હિંદીનું એક અનોખું સ્થાન છે. કારણ કે તેને રાષ્ટ્રભાષા તરીકે રાષ્ટ્રના બંધારણે સ્વીકારી છે અને રાજ્યવહીવટી નોકરીઓને લગતી પરીક્ષાઓમાં તેમજ મધ્યવર્તી તંત્રમાં તેને જે સ્થાન મળવાનું છે તે સ્થાન અન્ય કોઇ પ્રાદેશિક ભાષાને મળે તેમ છે જ નહિ. ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણમાધ્યમને લગતા મૂળ ઠરાવમાં કરવામાં આવેલ ઉપર જણાવેલ સુધારાના પક્ષકારોએ કમનસીબે એક એવી હવા ફેલાવી છે કે હિંદી એ અન્ય પરદેશી ભાષા માફક અલગ ભાષા છે અને તે હિંદી જાણે કે મુંબઇ સરકાર તરફથી પ્રજા ઉપર લાદવામાં આવે છે. સાથે સાથે એવો ખ્યાલ પણ ફેલાવવામાં આવ્યો છે કે અંગ્રેજી માફક હિંદી પણ એક દુર્બોધ ભાષા છે અને તેથી અંગ્રેજીના સ્થાને હિંદી આવે તો તે તો ઓલમાંથી ચુલમાં પડવા જેવું થાય. હિંદી વિષેનું આ વલણ ભારે અનુચિત, કેવળ ગેરસમજુતીથી ભરેલું અને રાષ્ટ્રઐક્યની દૃષ્ટિએ નુકસાનકારક છે. સનંદી નોકરીઓ, લશ્કર, નેવી, કેંદ્રસ્થ સરકાર-સંચાલિત સંશોધનસંસ્થાઓ આ બધે અંગ્રેજીનું પ્રભુત્વ ઘટવાનું છે અને તેનું સ્થાન બીજી કોઇ ભાષા નહિ પણ હિંદી લેવાની છે.

ત્રીજું વૈજ્ઞાનિક અને ટેક્નીકલ પાઠયપુસ્તકોનો પ્રશ્ન અત્યન્ત વિકટ છે. આજસુધી તે અંગ્રેજીમાં હતાં. તે જ કોટિનાં પુસ્તકો હિંદની કોઇ એક ભાષામાં નિર્માણ કરવાં તે આજની કક્ષાએ કોઇ એક યુનિવર્સિટી કે પ્રાદેશિક સરકારની આર્થિક તેમજ બુદ્ધિશક્તિની તાકાત બહારનું કામ છે. આજના સંયોગોમાં એ કાર્ય સફળતાપૂર્વક તો જ પાર પડી શકે કે જો આ પાઠયપુસ્તકો કોઇ પણ પ્રાદેશિક ભાષામાં નહિ પણ હિંદીમાં નિર્માણ કરવાનો નિર્ણય કરવામાં આવે અને એ કાર્ય **All India Level**– અખિલ હિંદની ભૂમિકા– ધ્યાનમાં રાખીને ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ જેવી સંસ્થા મારફત બધી પ્રાદેશિક સરકારોના સહકારપૂર્વક યોજવામાં આવે. પાઠયપુસ્તકો સંબંધે મોટો પ્રશ્ન પરિભાષાનો છે. એ પુસ્તકોનો મોટા પાયા ઉપર ઉઠાવ થાય તો જ તેને સોંઘાં બનાવી શકાય અને આ માટે પણ હિંદીનું જ અવલંબન લેવું જરૂરી છે. વળી અનુવાદનું એક જ માધ્યમ હોય તો જ દેશની અનેક વિશિષ્ટ શક્તિઓને આ પાઠયપુસ્તકો તૈયાર કરવામાં કામે લગાડી શકાય. અને તેવું માધ્યમ બનવા માટે રાષ્ટ્રભાષા બનવાને કારણે જેને રાષ્ટ્રવ્યાપી સ્થાન મળ્યું છે તેવી હિંદી ભાષા જ સૌથી વધારે યોગ્યતા ધરાવે છે.

ચોથું આ વિશાળ દેશમાં માત્ર મુંબઇ પ્રદેશનો વિચાર કરવામાં આવે તો તેના અમુક સ્થળે અમુક શિક્ષણ સંસ્થા છે જે બીજે હો કે ન હો પણ મુંબઇ પ્રદેશમાં અન્યત્ર નથી, અને તેની જોડ તત્કાળ ઉભી થાય એવા કોઇ સંયોગો નથી. દા૦ ત૦ અમદાવાદની ફાર્માસ્યુટીકલ કોલેજ તથા ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી, પૂનાની નેશનલ કેમીકલ લેબોરેટરી તથા ઓટોમોબાઇલ એન્જિનિયરીંગ કોલેજ, મુંબઇની તાતા સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને ફન્ડામેન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટ, વડોદરામાં હોમ સાયન્સની ફેકલ્ટી, ભાવનગરની સૉલ્ટ રીસર્ચ લેબોરેટરી. આવી જ વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓ બીજા પ્રદેશોમાં પણ છે. આ વિશિષ્ટ સંસ્થાઓનો હિંદના ઇતર પ્રદેશના વિદ્યાર્થીઓને પણ લાભ મળે એ ઇચ્છવા યોગ્ય હોય તો આવી સંસ્થાઓનું શિક્ષણમાધ્યમ હિંદી જ રાખવું પડશે. અધ્યાપકોનો વિચાર કરીએ તો અને તેના અનુસંધાનમાં ગુજરાત-

સૌરાષ્ટ્રનો વિચાર કરીએ તો તે બન્ને પ્રદેશની કોલેજોમાં અધ્યાપકો, કુલ સંખ્યામાંથી ૪૦ થી ૫૦ ટકા ગુજરાતી ભાષા નહિ જાણનાર અધ્યાપકોની છે. ગુજરાત-સૌરાષ્ટ્રનું વલણ અને ખાસિયત જોતાં જુદા જુદા વિષયના અધ્યાપકો પોતાના પ્રદેશમાંથી પુરતી સખ્યામાં મળવા આજે કે ઠીક-ઠીક સમય માટે લગભગ અશકય છે અને એ શકય હોય તો પણ વિશિષ્ટ શકિતવાળા અધ્યાપકો બહારથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં આવતા રહે એ ખાસ ઇચ્છવા યોગ્ય છે. રાષ્ટ્ર-વ્યાપી હિંદી તો હવે દરેક અધ્યાપકને આવડતી જ હશે. પણ તે ઉપરાંત પ્રદેશ પ્રદેશની ભાષા પણ તે શિખે અથવા તો જે પ્રદેશમાં તેને નોકરી મળે તે પ્રદેશની ભાષા પણ તે શિખે એવી અપેક્ષા રાખવી તે વધારે પડતું છે.

બીજી બાજુએ ઉચ્ચ શિક્ષણ બધું હિંદીમાં જ અપાવું જોઇએ એમ કહેવું કે વિચારવું તે પણ બરોબર નથી. અંગ્રેજી જાય અને તેનું બધું જ સ્થાન હિંદીને આપવામાં આવે તો પ્રાદેશિક ભાષાઓ અંગ્રેજીના અન્તરાયને લીધે જે કુંઠિત દશા આજ સુધી ભોગવતી આવી છે તેમાંથી તે ભાષાઓ અને તેનું સાહિત્ય કદિ ઉંચે આવે નહિ.

આ ચર્ચા ઉપર ફલિત એમ થાય છે કે શિક્ષણની દૃષ્ટિએ આજના પરિવર્તનકાળમાં હિંદની દરેક યુનિવર્સિટીએ 'પ્રદેશ ભાષા અને/ અથવા હિંદી' એવી નીતિ શિક્ષણમાધ્યમ સંબંધમાં સ્વીકારવી જોઇએ. કેટલાંક વર્ષો પહેલાં રાધાકૃષ્ણન્ કમીશને પણ આજ પ્રકારની ભલામણ કરી હતી. યુનિવર્સિટીની આવી દ્વિભાષી માધ્યમ-નીતિના પરિણામે કોલેજો ત્રણ પ્રકારની હોવાની: (૧) પ્રાદેશિક ભાષામાં જ બધું શિક્ષણ આપતી કોલેજ, (૨) હિંદીમાં જ બધું શિક્ષણ આપતી કોલેજ (૩) પ્રાદેશિક ભાષા-શિક્ષણમાધ્યમના તથા હિંદી શિક્ષણમાધ્યમના સમાન્તર વર્ગો ચાલતા હોય એવી કોલેજ. પોતાના સંયોગો, વિદ્યાર્થીઓની કોટિ, અને ઇતર અનુકુળતા પ્રતિકુળતા મુજબ કોલેજો એક યા બીજા પ્રકારમાં વહેંચાઇ જવાની. આવી જ રીતે પરીક્ષાઓ પણ એક યા બીજા માધ્યમમાં આપવાની સગવડ કરવાની રહેશે. પાઠયપુસ્તકો હિંદીમાં તેમજ શકય હોય ત્યાં પ્રાદેશિક ભાષામાં તૈયાર કરાવવામાં આવશે. પાઠયપુસ્તકો હિંદીમાં હોવા છતાં તે દ્વારા પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપવાનું જરાપણ મુશ્કેલ નહિ હોય, કારણ કે હિંદી પાઠયપુસ્તકો સમજી શકે એટલી તાકાત કોલેજ સુધી પહોંચેલો દરેક વિદ્યાર્થી ધરાવતોજ હશે.

એ તો દેખીતું જ છે કે જે કોઇ સ્થાનિક શિક્ષણ સંસ્થા—પછી તે કોલેજ હોય કે સંશોધન સંસ્થા હોય-વળી તે અમુક પ્રાદેશિક યુનિવર્સિટી સાથે જોડાયલી હોય કે કેન્દ્રસ્થ સરકાર-સંચાલિત હોય-જો અખિલ હિંદની દૃષ્ટિએ અતિ મહત્વની હોય અને તેની જોડ બીજા પ્રદેશોમાં ભાગ્યેજ મળે તેમ હોય તો—આવી શિક્ષણસંસ્થાનો હિંદભરના વિદ્યાર્થીઓ લાભ લઇ શકે તે માટે તેનું માધ્યમ હિંદી જ હોવું જોઇશે.

આ રીતે વિચારતાં ગુજરાત યુનિવર્સિટી એ શિક્ષણ માધ્યમ સંબંધમાં ગુજરાતી અને / અથવા હિંદી એવો જે દ્વિભાષાલક્ષી મૂળ ઠરાવ કર્યો હતો તે જ આજની પરિસ્થિતિને તદ્દન અનુરૂપ હતો તથા ભિન્ન ભિન્ન યુનિવર્સિટીઓને સાચું માર્ગદર્શન આપનાર હતો. ગુજરાતનું શાણપણ, ઉદારતા તેમજ દીર્ઘદર્શિતા એ ઠરાવમાં પ્રતિબિંબિત થતી હતી. આજની સતત બદલતી પરિસ્થિતિમાં અંગ્રેજી છોડયા બાદ અનિવાર્ય અને આવશ્યક હોય એટલું હિંદીનું અવલંબન લઇ શકાય અને શકય હોય તેટલું ગુજરાતીનું સ્થાન વધારી શકાય એવો સમય-સૂચક અને ઉભયાન્વયી (Flexible) એ ઠરાવ હતો.

આને બદલે 'માત્ર ગુજરાતી' ના એકાન્તવાદ તરફ એક પ્રકારના આવેશને વશ થઇને ધસડાઇ જવામાં ગુજરાત યુનિવર્સિટીના તંત્રવાહકોએ એક ભારે ગંભીર ભૂલ કરી છે એટલું જ નહિ પણ જ્યારે દેશના અમુક એક મોટા વિભાગ તરફથી હિંદીનો સખ્ત સામનો થઇ રહ્યો છે, ત્યારે માત્ર ગુજરાતીનો ઝંડો ફરકાવીને દેશને ખોટી દોરવણી આપી છે. જો ગુજરાત યુનિવર્સિટી ગુજરાતી અને/અથવા હિંદી' સ્વીકારવાને તૈયાર નથી તો દક્ષિણના દેશોને હિંદીના સ્વીકાર તરફ કેમ વાળી શકાશે?

વળી એ સુધારેલા ઠરાવની વિચિત્રતા તો એ છે કે તે દેખાવમાં 'માત્ર ગુજરાતી' ને આગળ ધરે છે, પણ વિગતમાં ગુજરાતી ન હોય એવા અધ્યાપકોને હિંદીમાં શિખવવાની અને એવા વિદ્યાર્થીઓને હિંદીમાં પરીક્ષા આપવાની છૂટ આપે છે. વળી જેની માતૃભાષા ગુજરાતી અથવા હિંદી નહિ હોય તે વિદ્યાર્થીને અથવા અધ્યાપકને અંગ્રેજીના ઉપયોગની પણ ૧૯૫૭ સુધી છૂટ આપે છે. તથા છેવટે એક ઠરાવ એમ પણ જણાવે છે કે શિક્ષણ પરીક્ષણ સંબંધે ઉપર ગમે તે જણાવ્યું હોય તો પણ સેનેટ વખતોવખત ઠરાવ કરે તે મુજબ ૧૯૬૦ સુધી શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ થઇ શકશે. આવી છુટછાટો એમ બતાવે છે કે 'માત્ર ગુજરાતી' એમ ઠરાવનું મોઢું તો બાંધ્યું પણ વ્યહવારમાં એ એકાન્ત નીતિનો અમલ શકય નથી.

આવા સુધારાને ૨૪ વિરૂધ્ધ ૩૯ મતની જે બહુમતી મળી તેની પણ ભૂમિકા જરા વિચારવા જેવી છે. એક તો આ બહુમતી આપનારાઓમાં એવા પણ કેટલાએક હતા કે જેઓ હજુ પણ શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજીનેજ ચાલુ રાખવાના અભિપ્રાયવાળા છે તેમણે ઉપર જણાવ્યું તે મુજબ અંગ્રેજીને ચાલુ રાખવાની જોગવાઇઓ મળે છે એ જોઇને તથા હિંદીને કાઢી મૂકવાથી અંગ્રેજીને ચાલુ રાખવાનો અવકાશ વધશે એમ સમજીને માત્ર ગુજરાતીની તરફેણમાં મત આપ્યો હોય એમ માનવાને કારણ રહે છે.

વળી આ બહુમતી મેળવવામાં બીજી એક ગેરરીતીનો ઉપયોગ થયો હતો અને તે એ કે ગુજરાત પ્રાન્તિક મહાસભા સમિતિના મંત્રી શ્રી ઠાકોરલાલ મણિભાઇ દેસાઇએ સમિતિની કાર્યવાહીને બીલકુલ પૂછ્યા સિવાય ગુજરાત યુનિવર્સિટીના કોંગ્રેસી સભ્યોને ઉદ્દેશીને એક પરિપત્ર મોકલ્યો હતો, અને તે પરિપત્રમાં શિક્ષણ માધ્યમ તરીકે 'માત્ર ગુજરાતી' એ પ્રકારના સુધારાને ટેકો આપવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ રીતે કોંગ્રેસ તથા ગાંધીજીના નામનો પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે 'માત્ર ગુજરાતી' નો પક્ષ ધરાવનાર આગેવાન વ્યકિતઓએ ઉપયોગ કર્યો તે ખરેખર શોચનીય ગણાય.

ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરેલા શિક્ષણમાધ્યમ સંબંધી બીજી એક હકીકત પણ ધ્યાનમાં લેવા જેવી છે. આ શિક્ષણમાધ્યમનો પ્રશ્ન ગુજરાત યુનિવર્સિટી સમક્ષ ૧૯૫૦ થી નિર્ણય માટે ઉભેલો હતો. શરૂઆતમાં શિક્ષણમાધ્યમ તરીકે માત્ર ગુજરાતી જ રાખવું એવો સેનેટના ઘણા સભ્યોનો અભિપ્રાય હતો. પણ એ પ્રશ્ન ચાર વર્ષ સુધી ચર્ચાતો રહ્યા બાદ આખરે તે વિચાર અવ્યવહારૂ લાગવાના પરિણામે ૧૯૫૪ ના માર્ચમાં ગુ. યુ. ની સેનેટ લગભગ સર્વાનુમતે 'ગુજરાતી અને/અથવા હિંદી' એ પ્રકારના નિર્ણય ઉપર આવી અને ૧૯૫૫ થી આર્ટ્સના **પ્રથમ બે વર્ષ** માટે તેનો અમલ કરવાનો ધારો પણ કરવામાં આવ્યો. ત્યારબાદ એક મહીનાના ગાળામાં એવું તે શું બન્યું કે ચાર ચાર વર્ષની ચર્ચાના અન્તે લેવાયલા નિર્ણયમાં સેનેટને એકાએક ફેરફાર કરવાની જરૂર પડી? આ બતાવે છે કે મૂળ ઠરાવમાં કરવામાં આવેલો આ ફેરફાર યા સુધારો કોઇ નવી સુઝ યા તો ગંભીર વિચારણાનું પરિણામ નથી, પણ મુંબઇ સરકારના ઉપર જણાવવામાં આવેલ નિર્ણયને પડકારવાની વૃત્તિનું પરિણામ છે અથવા તો મહારાષ્ટ્ર યુનિવર્સિટી કોલેજો માટે મરાઠીને જ શિક્ષણમાધ્યમ તરીકે સ્વીકાર-

(3)



નાર છે એવી આબોહવાનો પ્રત્યાઘાત છે.

'માત્ર ગુજરાતી' એવો અભિપ્રાય ધરાવનારાઓની એક એવી દલીલ છે કે જો હિંદીને શિક્ષણમાધ્યમની વિકલ્પ ભાષા તરીકે સ્વીકારવામાં આવે તો તેનો બધો લાભ હિંદી લેખકોને મળે. 'માત્ર ગુજરાતી' સ્વીકારવાથી જ ગુજરાતી લેખકોને સારૂં ઉત્તેજન મળે અને ભાષા સાહિત્યનો ખૂબ વિકાસ થાય. આ દૃષ્ટિબિન્દુમાં તથ્યાંશ હશે પણ આવા સાંકડા દૃષ્ટિકોણથી આવા મહત્વના પ્રશ્નને વિચારવો અને હિંદી કોઇ હરીફ ભાષા હોય એમ તે તરફ ઇનકાર અને અનાદરવૃત્તિ દાખવવી એ આપણને શોભતું નથી.

૧૯૫૫ થી મુંબઇ સરકાર હસ્તકની કોલેજોના પ્રથમ વર્ષમાં બધે હિંદીમાં શિક્ષણ અપાશે અને જે કોલેજને તેની નિયામક યુનિવર્સિટી આમ કરવાની રજા નહિ આપે તે કોલેજને હિંદીને શિક્ષણમાધ્યમ તરીકે સ્વીકારતી અન્ય કોઈ યુનિવર્સિટી સાથે જોડવામાં આવશે એ પ્રકારની મુંબઇ સરકારે જાહેર કરેલી પોતાની નીતિ વિષે અહિં કાંઇ ન કહેવામાં આવે તો આ આલોચના અધુરી લેખાય. છેલ્લાં ત્રણ વર્ષથી સરકારી નિશાળોમાં તેમજ તેની સાથે ચાલતી અન્ય હાઇસ્કુલોમાં માત્ર છેલ્લાં ચાર ધોરણોમાં અંગ્રેજી શિખવવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ આવતા વર્ષે એટલે કે ૧૯૫૫–ના જુન માસમાં કોલેજોમાં આવવાના હિંદી, પણ આ વિદ્યાર્થીઓ ઠીક ઠીક શીખીને આવ્યા જ હશે. અંગ્રેજીના માત્ર ચાર વર્ષના કાચા અભ્યાસ બાદ કોલેજમાં દાખલ થતા વિદ્યાર્થીને કોલેજનું અંગ્રેજી સમજવામાં ઘણું મુશ્કેલ પડવાનું અને પ્રમાણમાં હિંદી સમજવું તેને બહુ સહેલું પડવાનું. તેથી આ વિદ્યાર્થીઓને કાં તો પ્રાદેશિક ભાષામાં અથવા તો હિંદીમાં કોલેજ શિક્ષણ આપવાનો પ્રબંધ કરવો ઘટે. ખાસ કરીને સરકારી કોલેજોમાં બીનગુજરાતી વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોની સંખ્યા સારા પ્રમાણમાં છે આ હકીકત છે. આ પરિસ્થિતિમાં પોતા હસ્તકની કોલેજોમાં ૧૯૫૪ થી શિક્ષણમાધ્યમ શું રાખવું તે પ્રશ્ન મુંબઇ સરકાર સામે ઉભો હતો.

શિક્ષણમાધ્યમ સંબંધે ગુજરાત યુનિવર્સિટીએ માર્ચ માસના પ્રારંભમાં ગુજરાતી અને/અથવા હિંદી એવો નિર્ણય જાહેર કર્યો હતો. અન્ય યુનિવર્સિટીઓ આ પ્રશ્ન ચર્ચી રહી હતી, પણ કોઇ પ્રકારના નિર્ણય ઉપર આવી નહોતી. મુંબઇ યુનિવર્સિટીનું વલણ છે તેમજ અંગ્રેજીને જ ચાલુ રાખવાનું હોય એમ લાગતું હતું. આ સંયોગોમાં પોતાના હસ્તકની કોલેજોમાં એક સરખી પદ્ધતિ હોવી જોઇએ એમ સમજીને મુંબઈ સરકારે પોતાની કોલેજો પૂરતો ૧૯૫૫ થી હિંદીને શિક્ષણમાધ્યમ તરીકે સ્વીકારતો નિર્ણય જાહેર કર્યો.

મુંબઇ પ્રદેશમાં આજે ૧૩૭ કોલેજો છે. આમાં ૧૫ કોલેજો સરકાર હસ્તક ચાલે છે. આ ઉપરાંત ૧૪ મેડીકલ કોલેજોમાં ૩ કે ૪ સરકાર હસ્તક છે. પરિણામે મુંબઇ સરકારનો નિર્ણય મુંબઇ પ્રદેશની કુલ ૧૫૧ કોલેજોમાંથી માત્ર ૧૮ કોલેજોને લાગુ પડે છે. બાકીની કોલેજોના શિક્ષણમાધ્યમ સંબંધે તે તે કોલેજોને લગતી યુનિવર્સિટીઓ યોગ્ય લાગે તે નિર્ણય કરવાને સ્વતંત્ર છે. મુંબઇ સરકાર આ બાબતમાં તટસ્થ છે.

મુંબઇ સરકારની જાહેરાત પછી કોંગ્રેસની કારોબારીએ કોલેજના શિક્ષણમાધ્યમ સંબંધમાં હિંદી માટે જરૂર અવકાશ રાખતો એમ છતાં પણ પ્રાદેશિક ભાષા ઉપર વધારે ભાર મૂકતો ઠરાવ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટીએ 'ગુજરાતી અને/અથવા હિંદી'ના સ્થાને 'ગુજરાતી'ને જ શિક્ષણમાધ્યમ તરીકે સ્વીકારતો ઠરાવ કર્યો છે. મહારાષ્ટ્રે પણ એ મુજબ મરાઠી ભાષાને સ્થાન આપ્યું છે. દરેક યુનિવર્સિટી માટે ચોક્કસ પ્રદેશ નક્કી કરવામાં આવ્યો છે એટલે કે તે પ્રદેશમાં રહેલી કોલેજો તે પ્રદેશની યુનિવર્સિટી સાથે જ જોડાયલી હોવી જોઇએ એવો પ્રબંધ સ્વીકારવામાં આવેલ છે. આ સંયોગોમાં ગુજરાત કે મહારાષ્ટ્રમાં આવેલી સરકારી કોલેજમાં મુંબઇ સરકાર શી રીતે હિંદી માધ્યમ દાખલ કરી શકશે એ એક મોટી ગુંચ ઉભી થઇ છે. આ સંયોગોમાં મુંબઇ સરકાર પોતા હસ્તકની કોલેજોને હિંદીને શિક્ષણ માધ્યમ તરીકે સ્વીકારતી યુનિવર્સિટી સાથે જોડવાની વાત વિચારે તે બરોબર નથી; કદાચ બંધારણપુરઃસરતી પણ ન હોય. આ પ્રકારની ધમકી આપવામાં ડહાપણ પણ નહોતું. મુંબઇ સરકારે પોતાની કોલેજોમાં ૧૯૫૫ થી હિંદીને શિક્ષણમાધ્યમ તરીકે દાખલ કરવાનો જે નિર્ણય બહાર પાડયો છે તેના બદલે અન્ય કોઇ નિર્ણય તેના ચોક્કસ સંયોગો અને પરિસ્થિતિ વિચારતાં મુંબઈ સરકારને શકય અથવા તો વ્યવહારૂ નહિ લાગતો હોય. એમ છતાં પણ કોલેજોનું શિક્ષણમાધ્યમ નક્કી કરવાનો આખરી અધિકાર કોઇ પ્રાદેશિક સરકારને નહિ પણ તે તે કોલેજોને લાગતી વળગતી યુનિવર્સિટીઓને જ હોવો જોઇએ અને તેથી આ સંબંધમાં મુંબઇ સરકારે યુનિવર્સિટીઓના અગ્રણીઓ સાથે વાટાઘાટ કરીને પરસ્પરને અનુકુળ એવો કાંઇક સમાધાન ભર્યો રસ્તો કાઢવો જોઇએ. કોઇ પણ પ્રાદેશિક સરકાર અને તે પ્રદેશની યુનિવર્સિટીઓ વચ્ચે આવા મુદ્દા ઉપર લાંબો વખત અથડામણ અને ઘર્ષણ ચાલે એ જરા પણ ઇચ્છવા યોગ્ય નથી. એટલુ ખરૂં કે આપણી યુનિવર્સિટીઓ ભાષાવાદના નાદમાં ખેંચાઇ ન જતાં હિંદીને વિકલ્પે શિક્ષણમાધ્યમ તરીકે સ્વીકારે એ સિવાય આજના સંયોગોમાં અન્ય કોઇ માર્ગ આખરે વ્યવહારૂ નિવડવા સંભવ નથી.

આજના વાતાવરણનો સમગ્રપણે વિચાર કરીએ તો લાગે છે કે આપણે ત્યાં પ્રદેશવાદ તો પોતાનું ઝેર ફેલાવી રહેલ છે અને રાષ્ટ્રની એકતાની ભાવનાને ઠીક ઠીક ખંડિત કરી રહેલ છે. તેના સહોદર જેવો આ પ્રાદેશિક ભાષાવાદ પણ ભારે ખતરનાક નિવડવા સંભવે છે. પ્રદેશનું વ્યક્તિત્વ, ભાષાનું વ્યક્તિત્વ, સંપ્રદાયનું વ્યક્તિત્વ, અમુક વિચારસરણીનું વ્યક્તિત્વ–આ બધાં વ્યક્તિત્વનો આપણે જરૂર ઇનકાર ન કરીએ. પ્રાદેશિક, ભાષાગત કે સાંપ્રદાયિક વિકાસ અર્થે તેમજ સામુદાયિક વિચારણાના વિકાસ અર્થે આવા પૃથક્ પૃથક્ વ્યક્તિત્વની જાળવણી ખીલવણીનું મહત્વ પણ આપણે સ્વીકારીએ, પણ આખરે આ બધાં વ્યક્તિત્વનો ખ્યાલો સમગ્ર રાષ્ટ્રના સામુદાયિક વિકાસ અને ઉન્નતિ; એકતા અને સંગઠ્ઠન ઉભયને કોઇ પણ રીતે બાધક નહિ પણ સાધક હોવા જોઇએ. પહેલું રાષ્ટ્રહિત પછી બીજું બધું. આ વૃત્તિથી જ આપણી સર્વ હીલચાલો અને પ્રવૃત્તિઓ પ્રેરિત હોવી જોઇએ. આ દૃષ્ટિએ વિચારતાં પ્રાદેશિક ભાષાની સર્વ અપેક્ષાઓનો વિચાર આજે પ્રમુખસ્થાનને વરેલી હિંદી ભાષાની અપેક્ષાને આધીન રહીને જ કરવો જોઇએ; પ્રદેશરચનાનો સર્વ વિચાર રાષ્ટ્રની સહીસલામતી, એકતા અને ઉત્કર્ષને ખ્યાલમાં રાખીને જ કરવો જોઇએ; સંપ્રદાય–નો સર્વ વિચાર રાષ્ટ્રવ્યાપી માનવધર્મને અથવા તો ગાંધીવાદી પરિભાષામાં કહીએ તો સર્વોદયને પ્રધાન સ્થાને રાખીને જ ચિન્તવવો જોઇએ. વાદવિચારણા રાષ્ટ્રસંગઠ્ઠન અને સહીસલામતીને કેન્દ્રમાં રાખીને જ થવી જોઇએ. આ ધોરણે ગુજરાત યુનિવર્સિટીની સેનેટે ભાષામાધ્યમને લગતા પોતાના મૂળ ઠરાવમાં તાજેતરમાં જે સુધારો કર્યો છે તે સંબંધમાં ફરીથી વિચાર કરવા તે સુધારાનું સમર્થન કરતા સભ્યોને પ્રાર્થના છે અને તેવી જ રીતે અન્ય યુનિવર્સિટીના સૂત્રધારોને પણ કેવળ ભાષાવાદમાં ખેંચાઇ ન જતાં સમગ્ર રાષ્ટ્રની અદ્યતન પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ કરીને પ્રદેશભાષા અને/અથવા હિંદી એવી શિક્ષણ માધ્યમને લગતી દ્વિભાષી નીતિને અપનાવવા આગ્રહપૂર્વક વિનંતી છે.

**પરમાનંદ**

# બિચારા જીવોને બચાવો, હણો મા!

## जीवान् रक्षत, मा हत।

દિલ્હી ખાતે પ્રોફેસર ડૉ. રઘુવીરના તંત્રીપણા નીચે 'સરસ્વતી વિહાર' નામનું એક પાક્ષિક પત્ર પ્રગટ થાય છે. તેના ૧-૪-૫૪ના અંકમાંથી પ્રકાશકની અનુમતિપૂર્વક નીચેનાં ચિત્રો તથા લેખસામગ્રી ઉધ્ધૃત કરવામાં આવી છે. નીચે આપેલ અહિંસા ઉપરનાં ચીની ચિત્રો અને શ્લોકો સંબંધમાં ડૉ. રઘુવીર જણાવે છે કે "છેલ્લાં બે હજાર વર્ષોથી ચીન હિંદના કેટલાંક ઉચ્ચતમ મન્તવ્યોના ગાઢ સંપર્કમાં રહેલ છે. ચીની ગ્રંથો મુજબ ઇ. સ. ૬૧ ની સાલમાં ચીનના શહેનશાહ પીંગ-ટી એ કોઇ એક સુવર્ણકાન્તિ ધરાવતા પુરૂષને ઉડતો ઉડતો પોતાના રાજમહેલમાં પ્રવેશ કરતો સ્વપ્નમાં જોયેલો. એ વખતના રૂષિમુનિઓએ આ ઘટનાને ચીનમાં શાન્તિ' અને સમાધાન લાવતા ભગવાન બુધ્ધના અવતરણ સમાન લેખેલી. ત્યારબાદ હિંદના પંડિતો અને વિદ્વાનો તથા ચીનના વિદ્વજ્જનો વચ્ચે ધર્મગ્રંથો અને તત્ત્વ-વિદ્યાનો વિનિમય એકસરખો ચાલતો રહ્યો છે અને અનેક સંસ્કૃત ગ્રંથોના ચીની ભાષામાં અનુવાદો થતા રહ્યા છે. હિંદી વિચારસરણિ ચીની જીવનનાં સર્વ અંશોમાં વ્યાપી રહી છે અને તે જીવન તેને લીધે અનેક રીતે ચેતનવન્તુ બની રહ્યું છે.

"નીચે અહિંસા ઉપર ચીની કાવ્યો અને ચિત્રોનો એક વિલક્ષણ ગુચ્છ અવતરિત કરવામાં આવે છે. એ ચીની શબ્દોની લાક્ષણિક સૂચકતા અને સાદાં ચિત્રોની અપૂર્વ વેધકતા હિંદમાં શોધી મળે તેમ નથી. બૌધ્ધો, જૈનો કે વૈષ્ણવો પાસે આની જોડમાં ઉભું રહે એવું કશું આપવાનું છે જ નહિ. બીચારાં ગરીબ પ્રાણીઓ ઉપર ખોરાક માટે, આનંદવિનોદ માટે, કે રમતગમત માટે જાણતાં કે અજાણતાં જે ઘાતકીપણું ગુજારવામાં આવે છે તેને ચિત્તમાં યથા-સ્વરૂપે ધારણ કરવું અને એક ઉદાત્ત અને નમ્ર આત્માની તાકાત અને સુરૂચિ વડે તેને આલેખવું એ કાર્ય કોઇ એક ચીન પ્રતિભાને ભાગે જ નિર્માયલું હતું"

મૂળ સામગ્રીમાંથી અહિં ચીની લીપિમાં લખાયલાં કાવ્યોમાંથી માત્ર પ્રથમ ચિત્રને લગતું ચીની કાવ્ય નમુના રૂપે નીચે આપવામાં આવ્યું છે. તે ચીની કાવ્યોનો સંસ્કૃત અને અંગ્રેજી અનુવાદ. 'સરસ્વતી વિહાર' માં જેવો આપ્યો છે તેવો જ અહિં ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. મૂળ ચિત્રોમાંથી ચાર ચિત્રોની મૂળ મુજબ નકલ અને બે ચિત્રોની જરાક ટુંકાવેલી નકલ શ્રી મેનાબહેન દેસાઇએ પ્રબુધ્ધ જીવન માટે કરી આપેલ છે જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

ચિત્રો તેમજ તે સંબંધેનું લખાણ અત્યન્ત હ્રદયસ્પર્શી છે. આજની દુનિયાની હિંસાપ્રચુર વાસ્તવિક પરિસ્થિતિ વિચારતાં સર્વ-વ્યાપી પશુહિંસાનિવૃત્તિ નજીકના ભવિષ્યમાં કલ્પી શકાતી નથી. પણ એ દિવસ કે જ્યારે ખાનપાન, આનંદ વિનોદ કે રમતગમતના કારણે લેશ માત્ર પશુહિંસા ન થાય અને આખી દુનિયા નિરામિષા-હારી બની શકે એવી અનાજ સંબંધે દુનિયાની સ્વપર્યાપ્ત પરિસ્થિતિ પેદા થાય અને માનવીના દિલમાં દયા કરૂણાનો એ કક્ષાનો ઉદ્યોત થાય—એવો શુભ દિવસ કાળાન્તરે-આ ભવમાં કે આવતા ભવમાં-નજરે નિહાળવાને દિલ ઉંડી ઝંખના અનુભવે છે. એ દિવસ નિર્માણ કરવાની જેઓ ભાવના સેવતા હોય તેમણે જાતે બને તેટલા હિંસાનિવૃત્ત થવું જોઇએ અને આસપાસના લોકોમાં એ ભાવનાનું વાતાવરણ પેદા કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. **પરમાનંદ**




### ॥ अस्मन्मांसस्य मांसम् ॥

पशवोऽपि प्राणवन्तः ।
तेषां तनूषु तान्येव तत्त्वानि यान्यस्मदीयेषु ।
तेषां शोकं च दीनतां चावलोक्य करुणाहृदयं दूयते ।
नरलोकं न्वाह्वयामि—जीवान् रक्षत । मा हत ।
मांसमभक्षयतैव जीवलोककरुणा प्रवर्त्यते ॥

### જેવું આપણું માંસ તેવું જ તેમનું માંસ

પશુઓ પણ પ્રાણવાન છે.
તેમનાં શરીરોમાં તે જ તત્વો છે જે તત્ત્વો આપણાં શરીરમાં છે
તેમનો શોક અને દીનતા જોઇને કરૂણાયુક્ત હૃદય દુઃખી થાય છે.
માનવ જાતને પોકારીને કહું છું: "જીવોને બચાવો, મારો નહિ."
માંસ નહિ ખાવાથી જ જીવલોક વિષેની કરૂણાનો ફેલાવો થાય છે.

### FLESH OF OUR FLESH

They are also sentient beings.
Their bodies possess the same elements as ours
Seeing their grievance and helplessness
Rouses the all-mighty heart of sympathy.

An appeal to the world of man—
For the sake of protecting life,
Do not kill.
And, when you do not eat flesh, you have already done a job for the love of humanity.



॥ धावत रक्षत ॥


कर्कटस्य पादश्छिन्नः ।
सखायौ रक्षार्थं धावतः ।
क्षुद्रप्राणिष्वपि करुणाव्यक्तिः ।
नराः पश्यत । मनसि ध्यायत ॥

**દોડો, બચાવો !**

કરચલાનો એક પગ કપાયો છે.
તે જોઈને બીજા બે કરચલા તેને બચાવવા દોડે છે.
ક્ષુદ્ર પ્રાણીઓમાં પણ આવી કરૂણાવૃત્તિ હોય છે.
માનવીઓ, જુઓ, મનથી વિચારો.

**TO THE RESCUE**

One crab has lost a paw,
Two crabs come to its rescue.
These tiny wee creatures have the sense
Of love and compassion.
Of this why does man not take notice ?



॥ अद्य हासः श्वोऽश्रूणि ॥

यदद्य न तच्छ्वः । यद्ह्यो न तदद्य ।
ह्यो मन्दो वसन्तसमीरः । सूर्योऽपि सुखावहः ।
यष्टिसखोऽहमितस्ततः पर्यहिण्डे ।
सरस्सु हंसा मीनाश्चाक्रीडन् ।
मम मनस्यभवत् । एते प्रसन्नाः । परं भयं न दूरे ।
श्वो जालिकः आगन्ता । तान् प्रगृह्यापणं नेता च ।
किं तेषां दुःखमापतिष्यतीति चिन्तयतो ममाश्रूणि समुद्भूतानि ॥

**હમણાં હાસ્ય; આવતી કાલે આંસુ !**

જે આજે છે તે કાલે નથી; જે ગઇ કાલે હતું તે આજે નથી.
ગઈ કાલે વસંતના વાયુ વાઈ રહ્યા હતા;
સૂર્ય પણ સુખાવહ હતો.
હાથમાં લાકડી ફેરવતો, આમ તેમ હું ફરતો હતો.
સરોવરમાં બતકો અને માછલીઓ ક્રીડા કરતાં હતાં.
મનમાં ને મનમાં વિચાર આવ્યો–આ જીવો કેવાં પ્રસન્ન
દેખાય છે ? પણ ભય દૂર નથી.
આવતી કાલે પારધિ આવશે; તેમને પકડી મારીને બજારમાં
વેચવા લઈ જશે.
આથી તેમને કેટલુ દુઃખ થશે એનો વિચાર આવતાં મારી
આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યાં.

**TO DAY LAUGHTER, TOMORROW TEARS!**

When the spring breeze was gentle,
And the sun was pleasant,
I strolled with my stick hither and thither,
I saw ducks and fishes playing happily in water.
I thought, inspite of their happiness,
their world was in danger.
For tomorrow they would be caught and sent
to the fish market.
And my tears flowed helplessly,
As I thought what would their sufferings be.



॥ अम्बा-पतत्राणि ॥


एतान्यम्बापतत्राणि ।
तानि शावका दूनचेतसो निध्यायन्ति ।
न ते जानन्ति माता हतेति ।
तथापि निध्यायन्ति निध्यायन्ति निध्यायन्ति ।
इमं मातुः स्नेहं विक्ष्यातीव विह्वलो भवामि ॥

### માતાનાં પીંછાં

આ પીછાંઓ તેમની માતાનાં છે.
દુભાયલાં દિલવાળાં બચ્ચાંઓ એ નિરખી રહ્યાં છે.
માને મારી નાંખવામાં આવી છે તેની તેમને ખબર નથી.
એમ છતાં પણ તેઓ નિરખી રહ્યાં છે, નિરખી રહ્યાં છે, નિરખી રહ્યાં છે.
તેમનો માતૃપ્રેમ નિહાળીને હું ખૂબ વિહ્વળ બનું છું.

### MUMMY'S FEATHERS

They are Mummy's remaining feathers,
That young ones are mournfully watching.
They do not know that the mother is dead,
Yet they watch and watch and watch.
Looking on this scene of parents' love,
One cannot but be moved to the utmost.



### ।। अपत्य-विरहिता माता ।।

प्राणिष्वपि वर्तते वात्सल्यम् ।
शुनी कुक्कुरकं पालयितुं जानाति, गौश्च वत्सं लालयितुम् ।
कुक्कुटी शावकान् अप्राप्तपत्रान् अहर्निशम् अधीक्षते गोपायति च ।
सुविदितं च यत् सर्पमत्सी स्वापत्यानि भयेभ्योऽभीक्ष्णं वारयाति ।
नराधमास्तु जिह्वास्वादपरायणाः स्निग्धान् जिवान् वियोजयन्ति घ्नन्ति च।
मूकप्राणीनां वियोगक्लेशास् तादृशा एव यादृशा नराणाम् ।
विशेषस् त्वेतावानेव यन्नरा अश्रूणि पातयन्ति ।।

### બાળકવિહોણી માતા

પ્રાણીઓમાં પણ વાત્સલ્ય હોય છે.
કુતરી કુરકુરીયાને પાળી જાણે છે, ગાય પણ વાછરડાને લાડ લડાવે છે.
કુકડી પાંખો વિનાનાં બચ્ચાંઓને રાતદિવસ જોતી રહે છે, સંભાળે છે.
સૌ કોઇ જાણે છે કે સર્પાકાર ધરાવતી માછલી પોતાનાં બચ્ચાંઓને હંમેશા જોખમથી ચેતાવે છે.
જિહ્વાસ્વાદલોલુપ નરાધમો આવાં પરસ્પરસ્નિગ્ધ જીવોને જુદાં પાડે છે, મારે છે.
મુંગા પ્રાણીઓનો વિયોગકલેશ માણસો જેટલોજ દુઃખકર હોય છે.
ફરક એમાં એટલોજ છે કે માણસો અશ્રુ સારતાં મોટેથી રડી શકે છે.

### THE BEREAVED MOTHER

Even the beasts have feelings of mother & child:
A dog knows how to protect its young,
And a cow how to caress its calf,
The mother hen closely watches and protects her fledgelings.
And it is said that an eel is always precautious to ward off the danger that may entangle its young ones.
But men, merely to gratify their tongue,
Kill and separate others' dear ones.
All the dumb creatures suffer the pinch of pain as much as men.
The only difference is that men cry with tears.



### ।। धन्यः शाकाहारी ।।

तस्य हि भोजनं स्वास्थ्यकरम् । अन्तःकरणमपि निरागसम् ।
यदा शरदि पूर्वोद्यानेऽवश्यायबिन्दवो राजन्ते स्म ।
नाना शाकानि पुष्पन्ति फलन्ति स्म च ।
अहं मम सखा च तानि सरसान्युदरपूरम् अभ्यवाहराव ।
विस्मयश्चावयोरभवत् किमर्थं जना मांस भुञ्जत इति ।।

### શાકાહારી ધન્ય છે!

તેનું જ ભોજન સ્વાસ્થ્યકર છે; તેનું અંતઃકરણ પણ નિર્મળ હોય છે.
જ્યારે શરદ્ ઋતુમાં પૂર્વોદ્યાનમાં ઝાકળનાં બિન્દુઓ ઝગમગી રહ્યાં હતા,
ત્યારે તરેહ તરેહનાં ફળશાક ફાલી રહ્યા હતાં.
મેં અને મારા મિત્રે તે રસભર્યાં ફળશાક પેટ ભરીને ખાધાં;
અને માણસો શા માટે માંસ ખાતા હશે તે વિષે અમો આશ્ચર્ય અનુભવી રહ્યા.

### SUSTENANCE IN VEGETABLES

Blessed is the vegetarian,
For he has wholesome food as well as a guiltless conscience.
When the autumn dews filled the eastern garden,
Turnip and mustard burst out in young shoots,
Which I ate and Ho Tsen ate, to our bellies full,
Wondering, why do we take to eating flesh.

# એક સંસ્કારયાત્રા

અહિં જે પ્રવાસનું હું વર્ણન આપવા માગું છું તે પ્રવાસની બે ભાત છે: એક શ્રેયલક્ષી અને બીજી પ્રેયલક્ષી. એપ્રીલની ૧૮મી તારીખે બુધ્ધગયા ખાતે સર્વોદય સંમેલન ભરાવાનું હતું તે નિમિત્તે અમે મુંબઇ ૧૨ મી એપ્રીલે છોડયું અને સર્વોદય સંમેલન બાદ વિનોબાજી સાથે લગભગ ૧૫ દિવસ મને રહેવા ફરવાનું બન્યું. આ છે પ્રવાસની શ્રેયલક્ષી બાજુ. સાથે સાથે આપણા દેશના સુન્દર સ્થળો જેવાં કે નાલંદા, રાજગ્રહી, પાવાપુરી, કાશી, અલ્હાબાદ વગેરે જોવા મળ્યાં. આ છે તેની પ્રેયલક્ષી બાજુ. આવા પ્રવાસની પ્રેયલક્ષી બાજુને ગૌણસ્થાને રાખીને શ્રેયલક્ષી બાજુનું ઠીક ઠીક વિસ્તારથી નિરૂપણ કરવું એ આ લેખનો આશય છે.

મુંબઇના સંકુલ વાતાવરણમાં મન રૂંધાતું હતું અને તેમાંથી મુકિત ઇચ્છી રહ્યું હતું. વળી ભૂદાન પ્રવૃત્તિના અધિષ્ઠાતા શ્રી વિનોબા ભાવેને જોવા જાણવા મન ખૂબ કુતુહલ અનુભવતું હતું. ભૂદાન પ્રવૃત્તિ પાછળ કયા પ્રકારની સમાજક્રાન્તિની કલ્પના રહેલી હતી તે પણ શ્રી વિનોબાજીના સાથેના સીધા સહવાસ દ્વારા સમજી લેવા મન આતુરતા સેવતું હતું. આ હેતુ આ પ્રવાસ દ્વારા સિધ્ધ થયો અને મને એક પ્રકારનું નવું જીવનદર્શન પ્રાપ્ત થયું. બુધ્ધગયા પહોંચ્યા બાદ શરૂઆતનું અઠવાડિયું સર્વોદય સંમેલનમાં પસાર કર્યું. આ સંમેલનની ઘણીખરી વિગતો સામાયિક પત્રોમાં સારા પ્રમાણમાં પ્રગટ થઇ ચુકી છે તેથી અહિં તે વિગતોનું પુનરાવર્તન કરવું મને જરૂરી નથી લાગતું. આમ છતાં પણ તે સંમેલનને લગતી એક વિશિષ્ઠ ઘટનાનો ઉલ્લેખ કરવા મન થઇ આવે છે.

સર્વોદય સંમેલનના બીજે દિવસે (તા. ૧૯-૪-૫૪) બપોરની બેઠકમાં શ્રી જયપ્રકાશ નારાયણ બોલી રહેલા. એમનું હૃદય અત્યંત ક્ષુબ્ધ ને આર્દ્ર હતું. ભૂદાન કાર્યનું મહત્ત્વ તેઓ સમજતા હોવાથી એ પ્રદેશમાં થયેલાં કામથી એમના મનમાં અસંતોષની જ્વાલા સળગતી હતી. ખૂબ કરુણ સ્વરે એમણે કહ્યું કે "આ કામમાં થોડા વર્ષો દીધે કંઇ વળે એમ નથી. આ તો આખા જીવનનું દાન માંગી રહે છે." અને એમણે જીવન-દાની કાર્યકર્તાઓ માટે આહ્‌વાહન કરતાં પોતે પોતાનું નામ પ્રથમ નોંધાવ્યું.

સાંજની પ્રાર્થના સભામાં આનો ઉલ્લેખ કરતાં કૃપલાનીજીએ એક સ્પષ્ટતા કરી કે "તમારી પાસે જીવનદાન માંગવામાં આવ્યું છે એટલે એમાં જીવનની ખરાબ બાજુઓ પણ સાથે જ દેવી એમ ન માનશો. કામ, ક્રોધ વિગેરે ઓગાળી દઇ સુંદર જીવન સમર્પણ કરો તો જ સાચું દાન થશે."

વિનોબાજીના શબ્દોમાં કહું તો "માત્ર જીવનદાન નહીં પણ જીવનશુદ્ધિ કરવાની છે."

પછીના દિવસે (તા. ૨૦-૪-૫૪) સવારે પ્રાર્થનામાંથી આવીને તરત જ આ શું સાંભળ્યું? શ્રી જયપ્રકાશના પ્રવચનથી વિનોબાજીના મનમાં ખૂબ મંથન જાગતાં રાત્રે ત્રણેક વાગે એમણે નીચે પ્રમાણે ચીઠ્ઠી લખીને જયપ્રકાશને મોકલી :—

"શ્રી જયપ્રકાશ,

કાલે તમે જે આવ્હાહન કર્યું હતું તેના જવાબમાં—

ભૂદાનયજ્ઞમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસાત્મક ક્રાંતિને માટે મારૂં જીવન સમર્પણ!"

ચીઠ્ઠીનો એકેએક શબ્દ કેટલો સૂચક છે? જે સમાજ-નવરચનાને અનુલક્ષીને આ આંદોલન સર્જાઈ રહ્યું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ નાનકડા સૂત્રમાં આવી જાય છે ગામડે ગામડે એવી શોષણ-રહિત શાસનમુક્ત સમાજરચના કરવી છે કે જેમાં દરેક ગામનું તંત્ર, ન્યાય, આરોગ્ય, શિક્ષણ વિગેરેની વ્યવસ્થા એનાં જ બધાં લોકો ભેગાં મળીને કરે, ને એના દરેક માણસને પોતાનું કમાવાનું સાધન ખેડીને ખાવા માટે ભૂમિ મળી રહે, જેથી કોઇ ભૂખ્યું ન રહે, તેમજ કોઇ કામ વગરનું પણ ન રહે. જે શ્રમ કરે તે પામે એવું ગ્રામરાજ્ય સ્થાપવું છે કે જેમાં રામરાજ્ય પણ સમાઇ જાય. અને એના પ્રણેતા આ યજ્ઞ માટે જીવનભર કામ કરવાનો સંકલ્પ લે છે!

અલબત્ત, આમ કરવાથી વિનોબાજીના જીવનમાં કંઇ મોટો ફેરફાર નથી થવાનો. એ સંકલ્પ લે કે ન લે તો પણ એમનું જીવન આ જ કામમાં વ્યતીત થવાનું જ છે એમાં શંકા નથી, પણ એથી એ સંકલ્પ નિરર્થક છે એમ માની લેવાની કંઇ જરૂર નથી. એક આવી વ્યકિત આવી એક પ્રતિજ્ઞા જાહેર રીતે લે ત્યારે એની અસર કેટલી વ્યાપક પ્રેરણામાં પરિણમે છે એ તો એ સવારે જ દેખાયું.

સવારે સાડા આઠે સભા છે ત્યાં સુધીમાં ચાલીસ પચાસ નહીં પણ સાડા પાંચસો લોકોએ જીવનદાન-સંકલ્પ પત્ર લખી લખીને મોકલ્યાં. જાણે કે જીવનદાનથી સભર થતી જાહ્નવી જ વહેવા માંડી! કલ્પનામાં પણ ન આવે એવા લોકો, દેખાવમાં તદ્દન ગરીબ, પોતાને લખતાં પણ ન આવડતું હોય તેવા કેટલાકે બીજા પાસે પત્ર લખાવી લખાવીને પણ સંકલ્પ કર્યો. કેટલાકે પોતાની પત્ની સાથે, તો કેટલાકે સહકુટુંબ પણ સંકલ્પ લીધો. સ્વાર્થસાધના બાજુએ મૂકીને આ લોકોએ ત્યાગનો રાહ લીધો તે જોતાં મન સ્તબ્ધ થઇ ગયુ. કેટલાંયને માથે કંઇ કંઇ પ્રકારની જવાબદારીઓ હશે તો પણ આવો ત્યાગ? કેટલું હૃદયસ્પર્શી! ભારતીય સંસ્કૃતિનાં કેટલાંક અલૌકિક તત્ત્વો હજી પણ સજીવ છે એ જોતાં આપણા દેશ માટે ગૌરવ તો જાગે જ. આ આખો ઐતિહાસિક પ્રસંગ પ્રત્યક્ષ જોવા મળ્યો એમાં મેં અહોભાગ્યતા અનુભવી.

સાંજની પ્રાર્થનામાં મેં, સૂર્યકાંત પરીખે ને બીજાં બેત્રણ ભાઇબ્હેનોએ ભેગાં મળીને "શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં" એ કબીરનું ભજન ગાયું. પ્રસંગનાં મધુર ગાંભીર્યમાં આ ભજન ને એના સૂરો ખૂબ સંવાદી લાગ્યાં.

રાજેન્દ્રબાબુએ પ્રાર્થના બાદ પ્રવચનમાં શાસનહીન સમાજ-રચનાનો ખ્યાલ વિગતવાર સમજાવ્યો. એમણે એક સરસ વાત કહી કે શાસનહીન થવા માટે દરેક જણે સ્વશાસન કરતાં શીખી જવું જોઇએ. તો જ પરશાસનની જરૂર ન રહે.

× × × ×

સંમેલન વીશમી તારીખે રાતે પુરૂ થયું. વિનોબાજી સર્વોદય-પુરીમાં બે દિવસ રહેવાના હતા. લગભગ સો સવાસો જેટલા લોકો એમની સાથે ભૂદાન પ્રવાસ પર જવાં ઇચ્છતાં હતાં. પણ એ કોને કોને લઇ જશે તે વિષે કંઇ જવાબ મળ્યો નહોતો. જવાબ ન મળે ત્યાં સુધી બે દિવસ ત્યાં જ રોકાવું પડે તેમ હતું. એટલે અમે એનો લાભ લીધો અને એક ખાનગી બસ કરીને ચાલીસેક જણાં પાવાપુરી, રાજગ્રહી, નાલંદા તથા બિહારશરીફ જોવા નીકળી ગયાં. બધાં થઇને લગભગ ૧૮૦ માઇલનો પ્રવાસ હતો.

રાતે આઠેક વાગે અમે ઉપડયાં. ગયામાં ખાઇ લીધું ને આગળ વધ્યાં. અંધારામાં બહાર બહુ દેખાતું નહોતું. છતાં રાતના ચોતરફ એક જાતની મીઠી શાન્તિ પથરાયલી હતી કે જે માણવા માટે બહાર જોયાં જ કરવાનું મન થયા કરતું. પાછળથી ચંદ્ર આકાશમાં ઉંચે ચડતાં આસપાસની સૃષ્ટિનું આછું પણ મનોહર દર્શન થવા માંડયું.

મધરાતે લગભગ સાડાબાર વાગ્યે અમે રાજગ્રહી પહોંચ્યાં. એક બૌદ્ધ મંદિરના ચોગાનમાં જાજમ પાથરીને સૂઇ ગયાં. સવારના

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ.૪
પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મંગળવાર ૧૫ જુન ૧૯૫૪
આફ્રિકા માટે શીલિંગ ૮
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના
તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## કાકાસાહેબનો વિવિધવિષયસ્પર્શી વાર્તાલાપ

[ એપ્રીલની પહેલી તારીખે જાપાન ખાતે યોજાયેલી શાન્તિપરિષદમાં ભાગ લેવા માટે કાકાસાહેબ કાલેલકર જાપાન જવા માટે મુંબઇથી ઉપડયા હતા તેના આગળના દિવસે તા. ૨૯–૩–૫૪ ના રોજ કાકાસાહેબને શુભવિદાય ઈચ્છવાના હેતુથી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક નાનુ સરખુ સ્નેહસંમેલન યોજવામાં આવ્યુ હતું. તે પ્રસંગે કાકાસાહેબે અનેક વિષયોને સ્પર્શતું એક સંભાષણ કર્યું હતું. એ સંભાષણની નોંધ તૈયાર કરીને અનુમતિ માટે મેં બીજે દિવસે કાકાસાહેબને આપેલી, પણ પછી મુંબઇથી કલકત્તા, કલકત્તાથી જાપાન, જાપાનનો ભરચક કાર્યક્રમ, જાપાનથી પાછા કલકત્તા, કલકત્તાથી સર્વોદયસંમેલનમાં ભાગ લેવા માટે બુધ્ધગયા, ત્યાંથી દીલ્હી અને ત્યાંથી મુંબઈ થઈને મદ્રાસ એમ સતત પરિભ્રમણમાં એ નોંધ તેમનાથી જોઇ લેવાનું રહી જ ગયુ હતું. તાજેતરમાં તેઓ મુંબઈ આવેલા ત્યારે પેલી નોંધની મેં યાદ આપી. તેમના દફતરમાંથી તે નોંધ કાઢીને તેઓ જોઇ ગયા અને અનુમત કરી. આજે અઢી મહીનાના ગાળે પણ એ નોંધનો ઘણો ખરો ભાગ એટલો જ ઉપયોગી અને વિચારપ્રેરક છે એમ લાગવાથી નીચે પ્રગટ કરવામાં આવે છે **પરમાનંદ** ]

૧૮૫૭માં હિંદુસ્તાનમાંથી અંગ્રેજી હકુમતને હાંકી કાઢવા માટે એક મોટો પ્રયાસ થયો હતો. આ બળવાને શમાવીને અંગ્રેજ સત્તા ભારતમાં જે કાળ દરમિયાન મજબુત બની રહી હતી તે ત્રીશ વર્ષના ગાળામાં સન ૧૮૮૫ની આખરમાં મારો જન્મ થયો હતો. એ જ વર્ષે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ–રાષ્ટ્રિય મહાસભા–નો પણ જન્મ થયો હતો. એ તે દિવસો હતા કે જ્યારે અંગ્રેજોની હકુમત અવિચળ છે એવી માન્યતા પ્રવર્તતી હતી. હનુમાને અને વાનરસેનાએ સીતાજીને શોધવામાં રામચંદ્રજીને મદદ કરેલી તેના બદલામાં સીતાજીએ વાનરોને આશીર્વાદ આપેલો કે કળિકાળમાં ભારતવર્ષ ઉપર તમારૂં સામ્રાજ્ય હજો. આ અંગ્રેજો હનુમાનનાં જ વંશજો છે અને હિંદુસ્તાન ઉપર તેમનું અખંડ તપતું રાજ્ય સીતાજીના આશીર્વાદનું પરિણામ છે એવી માન્યતા પણ ભોળી જનતામાં ફેલાયલી હતી. મરાઠીમાં એવી લોકોક્તિ ઉભી થઈ હતી કે 'ખરા તળાં અંગ્રેજો સારખા, પ્રભુ નાહિં દૂસરા'. ગુજરાતીમાં પણ અંગ્રેજોના રાજ્ય વિષે કવિ દલપતરામે ગાયું હતું કે "એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન." આમ અંગ્રેજોની, ગોરી પ્રજાની એ કાળમાં ચોતરફ આણ પ્રવર્તતી હતી. તેઓ અજેય છે એમ લોકો માનતા. આ માન્યતા સામે સ્વતંત્રતાની કલ્પના રજુ કરનાર કોંગ્રેસના ઉદ્‌ભવનું કાંઇ નાનું સરખું મહત્વ નહોતું.

૧૮૯૭ આસપાસમાં ચીન જાપાન વચ્ચે યુધ્ધ થયું, ચીનના ત્રણ મોટા જહાજોમાંથી એક જહાજ જાપાનીઝ લોકોએ તરત ડુબાડેલું અને તેનું પરિણામ જાપાનના વિજયમાં અને ચીનની હારમાં આવેલું. જાપાન તરફ સુધરેલી કહેવાતી દુનિયાનું આ વખતે પહેલીવાર ધ્યાન ખેંચાયું હતુ. જાપાનના વિજય છતાં સુલેહશાન્તિના કોલ-કરાર અને વાટાઘાટો દરમિયાન રશીઆ વચ્ચે પડયું અને વાટાઘાટની દલાલીમાં જાપાનના પોર્ટ આર્થર નામના બંદરનો રશીઆએ કબજો લઇ લીધો. જાપાનને આ ખૂબ ખુંચેલું, પણ એ વખતે તે નિરૂપાય હતું. ૧૯૦૫/૬ આસપાસ રશીઆ અને જાપાન વચ્ચે યુધ્ધ થયું અને રશીઆને હરાવીને પોર્ટ આર્થર જાપાને પાછું મેળવ્યું. આ ઘટનાઓને લીધે જાપાન તરફ આખી દુનિયા ચકિત–પણે જોઇ રહી એશીઆવાસીઓ આજ સુધી એમ માનતા હતા કે પશ્ચિમની સામે એશીઆ કોઇ પણ કાળે માથું ઉંચકી શકે જ નહિ. રશીઆ ઉપરના જાપાનના વિજયથી એશીઆવાસીઓમાં એક નવો આત્મવિશ્વાસ પેદા થયો. એશીઆમાં જાપાન ગુરૂસ્થાને સ્થપાયું અને દેશને ઉંચે લાવવો હોય તો જાપાન જવું જોઇએ અને જાપાન પાસેથી બધું શિખવું જોઇએ એવો આદર જાપાન વિષે આપણે ભારતવાસીઓ અનુભવવા લાગ્યા. આ કારણોને લીધે મારા બાલ્યકાળથી હું જાપાન પ્રત્યે નવલ પ્રકારનું આકર્ષણ અનુભવતો થયો હતો, અને જાપાન વિષે જે કાંઇ માહીતી મળે તે જાણવાને હું સદા આતુર રહેતો હતો.

જાપાનનો થઇ રહેલો ઉત્કર્ષ જોઇને ઇંગ્લાંડે તેની સાથે મૈત્રી સાધી અને બન્નેના વ્યાપાર–ઉદ્યોગ એકમેકના સલાહ સહકાર વડે ખૂબ વધવા લાગ્યા. શરૂઆતમાં જાપાન સ્વપર્યાપ્ત રહેવામાં માનતું હતું. જાપાનમાં કોઇને આવવા દેવા તેમ જ જાપાનથી કોઇને બહાર મોકલવા જાપાન રાજી નહોતું. આવી નીતિ હોવા છતાં અમેરિકાથી એક વહાણ જાપાનના કિનારે લાંગર્યું અને એ રીતે અમેરિકનોએ જાપાનમાં પ્રવેશ સાધ્યો. યુરોપનો ઔદ્યોગિક ઉત્કર્ષ જોઇને જાપાનને સ્વપર્યાપ્ત રહેવાની નીતિ પોતાના હિતની બાધક લાગી અને ઔદ્યોગિક તાલીમ લેવા માટે જાપાને પોતાના યુવાનોને મોટી સંખ્યામાં યુરોપ અમેરિકા મોકલવા માંડયા. પછી તો જાપાન આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં કેમ આગળ આવ્યું, તેના ઔદ્યોગિક અનર્ગળ ઉત્પાદને એશિઆના અન્ય દેશોના બજારો કેમ સર કર્યા, ચીનને પોતાના તાબા નીચે કેમ લીધું, વચગાળાની અડધી સદી દરમિયાન જે બે વિશ્વયુદ્ધો થયાં તે યુદ્ધોએ જાપાનની કેવી ચડતી અને પડતી જોઇ, છેલ્લા વિશ્વયુદ્ધમાં વિજયના આરે ઉભેલા જાપાનને અમેરિકાએ એટમબોંબના ધડાકાથી આંખના પલકારામાં કેવી રીતે મહાત કર્યું અને આખરે જાપાનને અમેરિકાની હકુમતે આક્રમી લીધું–આ બધી વિગતોમાં ઉતરવાની અહિં જરૂર નથી.

પોતાની હકુમત દરમિયાન જાપાન ઉપર અમેરિકાએ નવુ રાજ્યબંધારણ લાદ્યું હતું જેમાં એક કલમ એવી હતી કે જાપાન સૈન્ય રાખી નહિં શકે. અમેરિકાએ પોતાની સત્તાનો દોર ઘણા અંશમાં ઢીલો કર્યો છે એમ છતાં એ બંધારણની એ કલમ હજુ ચાલુ છે અને જાપાન સંપૂર્ણ અંશમાં હજુ આઝાદ થયું નથી.

આ દરમિયાન આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિના રૂપરંગ બદલાતા ચાલ્યા છે અને ગઇ કાલના મિત્રો આજે દુશ્મન જેવા દેખાવા લાગ્યા છે. ગયા વિશ્વયુધ્ધ દરમિયાન મિત્રરાજ્યોએ નિર્ણય કરેલો કે

જો પોતે જીતે તો જર્મનીને તેમ જ જાપાનને એવું નિઃશસ્ત્ર અને પરાધીન બનાવવું કે તે બેમાંથી એક પણ પ્રજા ભવિષ્યમાં માથું ઉચકી ન શકે. પણ આ મિત્રરાજ્યોમાંથી એક બાજુ યુનાઇટેડ સ્ટેટ્સ અને તે તરફ ઢળેલા ઇંગ્લાંડ અને ફ્રાન્સ છે. ચાંગ કાઇ શેકનું મટીને સામ્યવાદી બનેલું ચીન અને રશીઆ બીજી બાજુ છે. રશીઆ અને ચીનને નબળા પાડવા તરફ યુનાઇટેડ સ્ટેટ્સ જેનું અન્ય રાજ્યો ઉપર અમાપ પ્રભુત્વ પ્રવર્તે છે તેનું ધ્યાન કેન્દ્રિત થયું છે અને તેથી નિઃશસ્ત્ર અને પરાધીન એવા પશ્ચિમ જર્મની અને જાપાનને પાછા સશસ્ત્ર અને સ્વાધીન બનાવવાની નીતિ તરફ ઢળેલ છે. આ માટે જાપાન પુનઃ સશસ્ત્ર અને સસૈન્ય બનવા તરફ ગતિ કરી રહ્યું છે. પેલી બંધારણની કલમ પણ ઉડાડયે જ છુટકો છે. આ કારણે જાપાનના આગેવાન પ્રજાજનો સામે એક કોયડો ઉભો થયો છે.

બૌદ્ધ ધર્મની અસર તળેના કેટલાક જાપાનના અગ્રગણ્ય ચિન્તકો એમ વિચારે કે જો અમને એકવાર નિઃશસ્ત્ર કરવામાં આવ્યા છે અને અમારા સૈન્યને વિસર્જિત કરવામાં આવ્યું છે તો અમારે હવે શસ્ત્રસજ્જ થવાની, વિપુલ સૈન્ય ઉભું કરવાની અને આન્તરરાષ્ટ્રિય રમતના પ્યાદા થવાની બીલકુલ જરૂર નથી. એ સૈન્ય, એ આન્તરરાષ્ટ્રિય હરીફાઇ અને એ સંહાર—એ વિષચક્રમાં ફસાવાની અમને કોઇ જરૂર નથી. અમારે અમારા પડોશી રાજ્યો સાથે શાન્તિથી રહેવું છે અને કોઈ સામે લડાઇના જંગ ખેલવા નથી. અમે ભલા, અમારો દેશ ભલો. અહિંસાના માર્ગે જે ઉત્કર્ષ સધાય તે જ અમને ઇષ્ટ છે. આવી વિચારધારા ધરાવતા કેટલાક બંધુઓએ જાપાનમાં શાન્તિપરિષદ બોલાવી છે અને તેમાં ભાગ લેવા અહિંની સરકાર તરફથી નહિ પણ અહિંના સર્વ સેવા સંઘ તરફથી હું જાઉં છું. મારી સાથે શ્રી. ભારતન કુમારપ્પા છે અને આપણા દેશમાંથી ત્રીજા એક શ્રી કાલીદાસ નાગ પણ આ પરિષદમાં ભાગ લેવાના છે.

ઉપર જણાવી તેવી શસ્ત્રવિરોધી સૈન્યવિરોધી મનોદશા ધરાવનાર વિચારકોનો વર્ગ જાપાનમાં બહુ નાનો છે. તેઓ શું અને કેટલું કરી શકશે એ પણ એક પ્રશ્ન છે. પણ આવી હીલચાલમાં ભાગ લેવો એ એક અહિંસાવાદી તરીકે મારો ધર્મ છે એમ સમજીને હું જાઉં છું.

જાપાનમાં બીજો વિચારપક્ષ શસ્ત્રસજ્જતા અને મોટું સૈન્ય ઉભું કરવાના પક્ષનો છે. આજની તુમુલ હરીફાઇમાં ઉભા રહેવા માટે તેમને આ બાબત અનિવાર્ય લાગે છે. કારણ કે જાપાનનો આજનો મહાન પ્રશ્ન વસ્તીવધારાનો છે. જાપાનમાં આજે વસ્તીનું પ્રમાણ ખૂબ વધી ગયું છે અને તેને કેમ સમાવવી અને તેનું કેમ ધારણપોષણ કરવું એ જાપાનની એક ભીષણ સમસ્યા છે. ખોરાકની અછત તેમને ખૂબ મુંઝવે છે. પરિણામે મોટું સૈન્ય ઉભું કરવામાં આવે તો સૈન્યના જોરે બીજે અવકાશ મેળવવાની શક્યતા ઉભી કરી શકાય. ભવિષ્યમાં યુધ્ધ થાય અને તેમાં જાપાન હારે તો એટલી વસ્તી ઓછી થાય અને જાપાન જીતે તો પોતાની વધારાની વસ્તીને ઠેકાણે પાડવા નવા પ્રદેશો સર થાય—જાણે કે આ પ્રકારની કાંઇક વિચારણા તેમના મનમાં ચાલતી હોય એમ લાગે છે.

આજે મીલ્કતની સમાન વહેંચણી કરતાં પણ વસ્તીની સમાન વહેંચણીનો પ્રશ્ન નવી અગત્ય ધારણ કરતો જાય છે. એક બાજુએ જાપાન, ચીન, હિંદ આદિ દેશોમાં ઠાંસી ઠાંસીને વસ્તી ભરેલી છે. બીજી બાજુએ ઑસ્ટ્રેલીઆ જે હિંદથી લગભગ બમણો છે તેના કિનારે કિનારે જ માણસોનો વસવાટ છે અને અંદરનો અઢળક પ્રદેશ સાવ ખાલી પડયો છે. આવું જ ખાલીપણું સાઇબીરીઆમાં ભર્યું પડયું છે. એક ઉપર અંગ્રેજો કાબુ જમાવી બેઠા છે; બીજા ઉપર રશીઅનો પંજો પસારીને ઉભા છે. તેઓ બહારના કોઇને ત્યાં દાખલ થવા દેતા નથી. આવી અસમ પરિસ્થિતિ કયાં સુધી ચાલશે?

જનતાની સંખ્યાવૃધ્ધિનો પ્રશ્ન આપણી સામે જલદપણે આવીને ઉભો છે તેની સામે આંખ આડા કાન કર્યે નહિ ચાલે. આજે દુનિયાની વસ્તીની સંખ્યા લગભગ અંકાઇ ગઈ છે. તે સામે દુનિયા કેટલું ઉત્પાદન કરે છે અને હજુ અણખેડાયેલ જમીનને ખેતી નીચે લાવતાં કેટલું ઉત્પાદન થઇ શકે તેમ છે તેનું માપ પણ આપણે કાઢી શકીએ તેવી સ્થિતિમાં છીએ. આંકડાઓ અને અનુમાનો એમ સૂચવે છે કે વસ્તી વર્ગશ્રેણી પ્રમાણે વધે છે, જ્યારે ખોરાકનું ઉત્પાદન ગણીતશ્રેણી પ્રમાણે વધે છે. પરિણામે જેમ છે તેમ ને તેમ આપણે ચાલવા દઇએ તો એક વખત એવી કટોકટી આવ્યા વિના ન જ રહે કે દુનિયાની વસ્તીના અમુક ભાગને ભુખમરાના ચીલુ ભોગ થવું પડે.

થોડાએક સમય પહેલાં એક જાણીતા દિગંબર સાધુ શ્રી ગણેશ વર્ણીને અભિનન્દન ગ્રંથ અર્પણ કરવાનો એક સમારોહ યોજવામાં આવ્યો હતો. એ અર્પણવિધિ કરવા માટે મને લઇ જવામાં આવ્યો હતો. એ સમારોહ પ્રસંગે આ મુનિરાજે કેટલાએક ચાંડાલ લોકોને નિરામિષાહારી કર્યા એમ તેમની પ્રશંસા કરવામાં આવી હતી. આપણે બધાય નિરામિષાહારી છીએ. તેથી કોઇ માંસાહારી નિરામિષાહારી બને તો જરૂર આપણને ગમે. પણ આ બાબતમાં આપણી વ્યક્તિગત વિચારણા અને અભિમત આચારને બાજુએ રાખીને સામુદાયિક દૃષ્ટિએ જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આની આ બાબત બીજા આકારમાં આપણી સામે રજુ થાય છે. જ્યાં અનાજના ઉત્પાદનના પ્રમાણમાં વસ્તી વધારે મોટા પ્રમાણમાં વધી રહી છે ત્યાં આ રીતે અનાજની માંગ વધારવી તે સામુદાયિક કલ્યાણને ખરેખર અનુરુપ છે ખરૂ? આ જ પ્રશ્ન એ મુનિવરને મેં કર્યો ત્યારે તેઓ થોડીવાર ધુંચવાડામાં પડયા અને જાણે કે નવી સુઝ આવી હોય એમ તેમણે જણાવ્યું કે આનો ઉપાય વસ્તીને વધતી અટકાવવી—જનસંખ્યાને મર્યાદિત કરવી—તે જ હોઈ શકે. સાધારણ રીતે જૈન મુનિ આવો નિર્ણય ઉચ્ચારે એ આપણી કલ્પનામાં પણ ન આવે છતાં વાસ્તવિકતાનું ભાન આપણને અણધાર્યા નિર્ણયો તરફ ખેંચી જાય છે.

આ જ પ્રશ્ન આપણને બીજી દિશા તરફ ખેંચી જાય છે. વસ્તીનિર્માણ ઉપર અંકુશ મૂકવો એ એક છેડાનો ઉકેલ છે; પ્રજાની ઉત્પાદનશક્તિ વધારવી એ બીજા છેડાનો ઉકેલ છે. માત્ર એક છેડાના ઉકેલ ઉપર ભાર દેવાથી આજનું કોકડું સફળતાપૂર્વક ઉકેલી નહિ શકાય.

પ્રજાની ઉત્પાદનશક્તિ વધારવાની વાત કરવા સાથે દેશનો અનુત્પાદક અથવા તો શકયતાના પ્રમાણમાં અતિ અલ્પ ઉત્પાદક વર્ગ જેને આપણે પછાત વર્ગો–**Back word classes** ના નામથી ઓળખીએ છીએ તે તરફ આપણું ધ્યાન ગયા વિના રહેતું નથી. આ વર્ગોની સંખ્યા આપણા દેશમાં છ સાત કરોડની નહિ પણ ૧૪ કરોડની અડસટ્ટવામાં આવે છે. આ સંખ્યા તો હરિજન, ગિરિજન અને આદિવાસીઓની છે. પણ તેમાં પછાત તરીકે ઓળખાતા એવા નહિ પણ ઉત્પાદનની દૃષ્ટિએ જેઓ બીનપાવરધા છે દા. ત દેશનો આખો સ્ત્રીસમુદાય તેમ જ બીજા વર્ગો– તેમની સંખ્યા ઉમેરીએ તો વસ્તીના સાઠ ટકા થવા જાય છે. આ ૬૦ ટકાને પાવરધો કરવામાં ન આવે ત્યાં સુધી ૪૦ ટકા પાવરધો–સશકત–પ્રાણવાન ઉત્પાદક સમુદાય આપણને જરા પણ આગળ લઇ જઇ નહિ શકે. દેશની આ પરિસ્થિતિ એક સાંકળ જેવી છે. સાંકળના બધા અંકોડા મજબુત હોય પણ એક અંકોડો જો ઢીલો હોય તો આખી સાંકળ ઢીલી કહેવાય. અહિં તો એવી સાંકળ છે કે જેના ૪૦ અંકોડા મજબુત છે અને ૬૦ અંકોડા ઢીલા છે. આવી સાંકળ આપણને કયાં સુધી કામ આપશે અને આપણા કયા દારિદ્રને ફેડી શકશે?

આ રીતે આપણી સામે પડેલા પછાતવર્ગોનો માત્ર નહિ પણ તેની પાછળ રહેલા પછાત નહિ ગણાતા છતાં પછાત જેવા વર્ગોનો પ્રશ્ન ભારે જટિલ અત્યન્ત વિકટ છે. પણ એ વિકટતાથી ડરી ગયે નહિ ચાલે. જો આપણા દેશને ઉત્કર્ષના માર્ગે ગતિમાન કરવો હશે અને સર્વત્ર સુખ, શાન્તિ અને આબાદી ફેલાય અને ન્યાયનીતિનું શાસન પ્રવર્તમાન થાય એમ આપણે ઇચ્છતા હોઇશું તો આપણે પછાત વર્ગોના પછાતપણાને વહેલી તકે નાબુદ કરવું જ પડશે.

**કાકા કાલેલકર**

# આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની જરૂર છે કે નહિ ?

સાધુ સંસ્થાના વિષયમાં આપનો તા૦ ૫-૧૨-૫૩ નો પરિપત્ર મળ્યો હતો. ભૂદાન પ્રવાસને લીધે ઉત્તર આપવામાં વિલંબ થયો છે.

એ વાત બરોબર છે કે શરીરનિર્વાહ માટે સામાન્ય રીતે સૌ કોઇએ શ્રમ કરીને ઉત્પાદન કરવું જોઇએ અનુત્પાદક વર્ગની આજે બહુલતા હોવાના કારણે ઉત્પાદક વર્ગ આજે પીસાઇ રહ્યો છે. કોઇ પણ રીતે આ બોજો હળવો બનવો જોઇએ. અપવાદરૂપે અમુક સાધુ સન્યાસીની વાત અલગ રાખીએ. પણ બાકી સાધુલોક શ્રમથી વિમુખ રહે એ વાંચ્છનીય નથી.

**જયપુર.** **સિધ્ધરાજ ઢઢ્ઢા**

આપણી વર્તમાન સમાજ વ્યવસ્થાની કુરૂપતાઓમાં એક કુરૂપતા એ પણ છે કે પચાસ લાખ અથવા એથી પણ વધારે લોક આજે પણ આ દેશમાં મોજુદ છે કે જેઓ દેશની ઉત્પાદન-વ્યવસ્થામાં કોઈ પણ ફાળો આપતા નથી અને ભિક્ષાવૃત્તિથી જીવન-નિર્વાહ કરે છે. આ અનુત્પાદકનો સમૂહ કેવળ આર્થિક દૃષ્ટિથી સમાજને રાષ્ટ્ર ઉપર ભારરૂપ છે એટલું જ નહિ, પણ પોતાના નકામાપણાને ઢાંકવાને માટે ધર્મની ચાદર ઓઢીને સમાજમાં જડતા પણ ફેલાવવા ઇચ્છે છે. આ રીતે આ લોકો સમાજને બમણી હાનિ પહોંચાડે છે. વિવેક અને વિચાર એમ સૂચવે છે કે જેને આપણે ધર્મ અને નીતિ કહીએ છીએ તે ઉપરના દેખાવવાળી ચીજ ન બને અને તેના કારણે ઉપદેશકોના સમૂહને પાળવાનો ભાર સમાજને ઉઠાવવો ન પડે. આજે તો સમાજમાં એવા પણ સાધુવેશધારી લોકો છે કે જેઓ આજીવિકા ચલાવવા માટે કે અન્યના ઉત્પાદન વડે પ્રાપ્ત થતી સામગ્રીનો ઉપયોગ કરે છે અને સાથે સાથે કર્મ-બંધન અને હિંસાના નામ ઉપર એજ ઉત્પાદનનો વિરોધ કરે છે. આવા લોકો માત્ર મૂઢ અને અવિવેકી છે એટલું જ નહિ પણ નિશ્ચિત રૂપથી સમાજ ચોર છે. એમને ખવરાવી પીવરાવીને સમાજ પોતાના જ પગ ઉપર કુહાડી મારે છે. એ લોકો પોતાની જાતને ચાલુ સમાજ વ્યવહારથી અલગ ગણીને ત્યાગી લેખાવે છે અને સંસારની સમસ્ત પ્રવૃત્તિઓને ધર્મથી વિરૂદ્ધ બતાવીને તેનો નિષેધ કરે છે અને શાસ્ત્રવચનોનો એવો ધટાટોપ ખડો કરવામાં આવ્યો છે કે સાધારણ માણસ તેમના ઢોંગના અસલી રૂપને પીછાણી શકતાં નથી. જે અનિવાર્ય પ્રવૃત્તિઓના પરિણામ વિના તેમનું જીવતાં રહેવું શકય નથી તેનો જ નિષેધ તે તેમનો પોતાનો શાબ્દિક ધર્મ છે.

આ રીતે જે લોકો પ્રવૃત્તિ માત્રનો વિરોધ કરીને ધર્મજીવન (?) વ્યતીત કરે છે તેઓ ગમે તેટલી ધર્મસાધના કરતા હોય તો પણ તેમનો સૌથી મોટો અધર્મ તથા સમાજચોરી એ છે કે તેઓ ઉત્પાદનમાં પોતાનો હીસ્સો આપતા નથી અને એ ચીજો વિના તેમનું કામ ચાલતું નથી, જે ઉત્પાદનની પ્રવૃત્તિઓ વડે જ સંભવિત બને છે.

મારો નિશ્ચિત મત છે કે આવી વેશધારી સાધુસંસ્થાની કોઇ પણ રૂપમાં આવશ્યકતા નથી

**કલકત્તા** **ભંવરમલ સીંધી**

આજે આપણા જીવનના કોઇ પણ અંગમાં ઉપયોગીતા અને આવશ્યકતાનો વિચાર રહ્યો નથી. ફેશન અને શોખનો જમાનો છે. સમાજની દરેક વ્યક્તિ-ત્યાં સુધી કે ગણિકા પણ-કોઇ પણ રીતે સમાજમાં પોતાની ઉપયોગીતા પુરવાર કરવામાં પાછળ રહેતી નથી. આવા વખતમાં આપે આજની સાધુસંસ્થાની ઉપયોગીતાનો પ્રશ્ન ઉઠાવ્યો છે.

વાસ્તવમાં આપણે વ્યાખ્યાન સાંભળવાનાં, પોતપોતાના સંપ્રદાયની માનપ્રતિષ્ઠા દેખાડવાનાં, અને તેના પ્રચારની કલ્પનાઓ કરવાના શોખીન બની ગયા છીએ અને એ માટે આવી વ્યક્તિ આપણને સાધુસમાજમાંથી જ ઉપલબ્ધ થાય છે. આપણા સાધુસમાજની ઉપયોગીતા સંબંધમાં આવી દલીલ મુખ્યપણે કરવામાં આવે છે.

પણ શ્વેતાંબર સમાજમાં લગભગ ૪૦૦૦ સાધુસાધ્વીઓ હોવા છતાં પણ તેના અનુયાયીઓ કાળાબજાર, અસત્ય વ્યવહાર અને અનૈતિકતામાં અન્ય સમાજના લોકોથી કોઇ પણ રીતે પાછળ નથી. તેમનામાં માંસ મદિરાનો પ્રચાર પણ અમુક અંશમાં વધેલો જ છે. અપરિગ્રહવાદી સાધુઓના આ અનુયાયીઓ પરિગ્રહ વધારવામાં રાતદિવસ લાગી રહ્યા છે. આ સાધુઓના હરહંમેશના વ્યાખ્યાનોનું શું પરિણામ છે? આવડી મોટી સંખ્યામાં ચારે તરફ પ્રચાર કરતા રહેવા છતાં પણ નવા કેટલા જૈનો થયા છે? સમાજ સાથે ચાલુ ગાઢ સંપર્કમાં રહેવા છતાં પણ અન્ય સમાજની કેટલી વ્યકિતઓ જૈનધર્મના સિદ્ધાંતથી પરિચિત બની છે? અને આવડી મોટી સંખ્યામાંથી કેટલા સાધુઓ વિદ્વત્ સમાજમાં પ્રતિષ્ઠિત છે? આ રીતે જો આપણે ઉપરની કસોટીથી આજના સાધુઓને કસીએ તો વર્તમાન સાધુસમાજની ઉપયોગીતાનું ઠીક માપ આવી શકશે એવો મારો ખ્યાલ છે.

**જયપુર** **શ્રીચંદ ગોલેચ્છા**

સાધુસંન્યાસીની પરંપરા પરિવ્રાજકોની છે. જેમ વર્ણવ્યવસ્થા ગુણકર્મ વિભાગને બદલે જુદે જ રૂપે થઇ પડી છે તેમ આ સાધુસંસ્થાનું થયું છે. સમાજ પોતે શ્રમજીવી થઇ જશે એટલે પરોપજીવી સાધુઓ જેઓ સમાજની કશી જ સેવા નથી બજાવતા તેઓ નિર્વાહ માટે કામ કરવા લાગશે દાન ધર્મવૃત્તિનો દુરૂપયોગ થાય છે એનો ઉપાય શો?

જેઓ પઠનપાઠન કરતા હોય, ગૌપાલનનું કામ કરતા હોય, અને એવા બીજા કામો કરતા હોય તેની યાદી કરવી જોઇએ અને જેઓ માત્ર બાવા જ હોય, ધુણી નાખતા બેઠા પડયા હોય તેઓમાં પણ કેટલાક નિસ્પૃહી હોય છે, એવાને તો એમના ભકતો ભોજન કરાવશેજ. પણ જેઓ ભીખ જ માગે છે તેમને ઉત્તેજન ન અપાય એ તરફ સમાજનું લક્ષ્ય ખેંચાતુ રહે તથા સાધુ સંમેલનોમાં પણ તેનો પ્રચાર થાય તો સારૂં.

**જયપુર.** **ગોકુલભાઇ દોલતરાય ભટ્ટ.**

જૈન સાધુ વર્ગ પોતાને અપરિગ્રહી માનતા અને ગણાવતા હોય છતાં આહાર. વસ્ત્ર અને રહેઠાણની આવશ્યકતા તો ધરાવે છે અને તે પોતાની અંગ મહેનતથી તૈયાર કરી લેવાને બદલે તે ચીજો ગૃહસ્થોની અગર તેમની દ્વારા મેળવી લે છે. આવી મેળવેલી-વહોરેલી વસ્તુઓ સાધુજીવનના સાદા, સંયમી અને સ્વાવલંબી જીવનને અનુરૂપ જરાએ જણાતી નથી. સાધુઓ માટે કઠોર સંયમી જીવનને અનુકૂળ અને વિકૃતિઓ તથા તીખા તમતમતા મસાલા વગરનો ખોરાક, હાથે કાંતેલી ખાદીનાં વસ્ત્રો અને રહેવા માટે અનાડંબરી કુટિર જ યોગ્ય ગણાય. અને તે પણ બીજા પાસેથી વહોરેલી હોય તેને બદલે પોતાને અગર પોતાના શિષ્યોના હાથે અને પોતાની નિર્દોષ કમાણીમાંથી જ મેળવેલી હોય તો શકય તેટલી અહિંસક ને સ્વાવલંબી ને સર્વ કોઇને જિજ્ઞાસુ તથા મુમુક્ષને ખાસ દૃષ્ટાન્તરૂપ બને-જે મુનિજીવનનો મુખ્ય ઉદ્દેશ છે. મને એ જૂની માન્યતા સાધુઓને માટે પણ સાચી લાગે છે કે:- सर्वं आत्मवशं सुखं, सर्वं परवशं दुःखम्.

**મુંબઇ.** **અંબાલાલ ચતુરભાઈ શાહ.**

મારી સમજથી ભિક્ષાનિર્ભર સંસ્થાની સમાજને જરૂર છે, પણ તેમાં કેટલાક સુધારાવધારા કરવા જેવા છે. દાખલા તરીકે:- (જૈન સાધુ માટે) (૧) કાંતણદ્વારા વસ્ત્રસ્વાવલંબી બને. (૨) દીક્ષા લેનાર વ્યકિતની પુરતી કસોટી કરવામાં આવે (૩) ૧૫-૧૨-૫૩ના પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ થયેલ "આજની સભ્યતા અને જૈન સાધુઓના આચાર" એ મથાળાના લેખમાં સૂચવાયલા સુધારાઓનો અમલ કરવામાં આવે.

વસ્ત્રસ્વાવલંબન અંગેના નિયમમાં ઘણું સમાયલું છે. તેમાં આજના જમાનાની જરૂરિયાત, ઉત્પાદન અને શ્રમની પ્રતિષ્ઠા મુખ્ય છે. એમ લાગે છે કે આ યુગમાં ભગવાન મહાવીર હોત તો તેમણે પ્રતિક્રમણ યા સામાયિકનું સ્વરૂપ ૪૮ મીનીટના કાંતણનું રાખ્યું હોત.

**મુંબઇ,** **જયન્તીલાલ ફતેહચંદ શાહ**

# ગીતામાંથી ફલિત શું થાય છે? હિંસા કે અહિંસા?

માંડલથી શ્રી રતિલાલ મફાભાઈ શાહ પોતાના એક પત્રમાં જણાવે છે કેઃ– ' તા. ૩૦-૪-૫૪ના પ્રબુદ્ધ જીવનના ૨૩૫ પાને કાકા કાલેલકરના લેખના અનુસંધાનમાં જણાવવાનું જેઃ– "सम पश्यन् हि सर्वत्र समवस्थितम् ईश्वरम्" પરમેશ્વરને બધે જ એક સ્વરૂપમાં જો!" એ વેદાન્તનો મુખ્ય વિચાર છે. એના પરિણામરૂપે જ મનુષ્ય હિંસા ન કરી શકે. કારણકે જે કોઈ સામે શસ્ત્ર ઉઠાવે તે પોતાની સામે જ ઉઠાવવા બરોબર છે અને એ તો **આત્મઘાત કરવા બરોબર** છે, જે તે નથી કરી શકતો. આ રીતે ગીતાના શ્લોકનો અદ્દભૂત સાર છે" ઉપરનું વાકય વિસ્તારથી સમજાવવા કાકાસાહેબને જણાવશો જો એવી હિંસા એ આત્મઘાત કરવા બરોબર છે તો એજ ગીતાના ગાયક શ્રીકૃષ્ણે ૧૮ અક્ષૌહિણી સેનાનો નાશ કરવા અર્જૂનને બાયલો કહી તથા કૂળધર્મના નામે જાગૃત કરી શા માટે ઉશ્કેર્યો કે પછી એવી ઘોર હિંસા એ અહિંસા કાકાના મતે ગણાય છે!

શ્રીકૃષ્ણઅર્જુન સંવાદ રૂપક છે એ તો આજના વિચારકોએ ગીતાનો આજના અહિંસાતત્ત્વ સાથે સુમેળ સાંધવાની બુદ્ધિમાંથી ખીલવેલો એક નવો વિચાર છે. પણ વસ્તુતઃ શું ભારતીય યુધ્ધ રૂપક છે? એ ઘટના બની જ નહોતી તો શા માટે આવા ઉમદા અહિંસાતત્વને સમજાવવા હિંસાનો આધાર લેવો પડયો હશે?

"સચરાસર સૃષ્ટિના ચાલક ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ જ્યારે અર્જુનને હિંસાપ્રવૃત્ત કરે છે ત્યારે એમજ કહેવું જોઈએ કે એ કાળના લોકોને એ સિવાય બીજો માર્ગ જ સૂઝે તેમ નહોતો. બાકી એ પ્રવૃત્તિને અહિંસા સાથે જોડવી યા તો એમાંથી અહિંસા જ તારવવી એ યુકિતસંગત નથી લાગતી, કારણ કે મે ૧૯૫૪ના અખંડાનંદમાં આવેલા 'મહાભારતનો આસ્વાદ' નામના લેખમાં કાકા પોતે જ 'जयोऽपि अजयाकारो भगवन् प्रतिभाति मे' શબ્દોદ્વારા રડતી આંખે યુધિષ્ઠિર પાસે એકરાર કરાવે છે કે 'હે ભગવાન આ જય મને પરાજયરૂપ જ છે!' તો આમાંથી સમન્વય કેવી રીતે શોધવો એ એક પ્રશ્ન છે."

આના ઉત્તરમાં કાકાસાહેબ કાલેલકર જણાવે છે કેઃ–

' ભાઇ રતિલાલે પૂછેલા સવાલો નવા નથી અને એ સંબધે ઘણોખરો ખુલાસો ગાંધીજીના અનાસકિતયોગમાં પૂરી સ્પષ્ટતાપૂર્વક કરવામાં આવ્યો છે. એ રીતે આ સવાલો વાસી ગણાય. આમ છતાં પણ જ્યારે એ જ સવાલો જેમને નવેસર સ્ફુર્યા છે તેમના માટે તો એ સવાલ નવા જ છે અને તેથી જવાબ આપનારે આ સવાલોનું વાસીપણું ભુલી જઇને નવા ઉત્સાહથી જવાબ આપવા જોઇએ.

"અમે કેટલાક લોકો માનીએ છીએ કે જેને ભારતીય યુદ્ધ કહે છે એવું એક યુદ્ધ આ ભારતભૂમિમાં થયું હતું. એમાં અર્જુન, શ્રીકૃષ્ણ, ધર્મરાજ વગેરે ઐતિહાસિક વ્યકિતઓએ ભાગ ભજવ્યો હશે. એ યુદ્ધનું મૂળ કારણ અને સાચું સ્વરૂપ આજે આપણે બરાબર જાણતા નથી. કવિઓએ વખતો વખત એ યુદ્ધનો ઉપયોગ કરી એની વિગતોમાં ઠીક લાગ્યા તેવા ફેરફાર કરી કાવ્યો લખ્યા. આમ ભારતીય યુદ્ધના વર્ણનનો વિકાસ થતો ગયો. આ કાવ્યો લખવામાં કેવળ ઐતિહાસિક બીના રજુ કરવાનો ઉદ્દેશ નહોતો. પુરાણે ધર્મનિર્ણય: અમુક પ્રસંગે માણસ કઇ રીતે વર્તે છે, કઈ રીતે વર્તે તો ચાલે, અને કઈ રીતે વર્તે તો તે ઉત્કૃષ્ટ ગણાય એ બધું બતાવવા માટે ઐતિહાસિક અને કાલ્પનિક પ્રસંગો આવા કાવ્યોમાં વણાયલા હોય છે.

"દક્ષિણના એક ભાઇએ અંગ્રેજીમાં એક મોટો ગ્રંથ લખી સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે ઇતિહાસ જે અનેક રૂપો ધારણ કરી શકે છે તેનું કાયમી ચોગઠું મહાભારતમાં આપણને મળે છે. Permanant History of Bharatvarsha એ તે ચોપડીનું નામ છે. એ ભાઇ સાથે સહમત થવાની આવશ્યકતા નથી, પણ આપણાં પુરાણો તરફ આપણા લોકો કઇ રીતે જોતા આવ્યા છે એનો ખ્યાલ આપવા ઉપરની ચોપડીનું દૃષ્ટાંન્ત ટાંકયું છે.

"રઘુનાથ શાસ્ત્રી પર્વતે કરીને મહારાષ્ટ્રના એક જુના સંસ્કૃત શાસ્ત્રી હતા. તેઓ અંગ્રેજી જાણતા નહોતા. એમણે ગીતા વિષે લખતાં કહ્યું છે કે ભારતીય યુધ્ધ વખતે શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે આવો સંવાદ થયો જ હતો એમ માનવાનું કારણ નથી વેદાન્તના સિધ્ધાન્તો વ્યકિતગત તેમજ સામાજિક જીવનમાં કઇ રીતે ઘટાવાય એ બતાવવા માટે જુના વખતના લોકો કાલ્પનિક સંવાદો ઉપજાવી કોઇ મહાકાવ્યમાં અનુકુળ જગ્યાએ બેસાડી દે છે. આવી પ્રવૃત્તિને विद्यास्तुत्यर्थ કહેવામાં આવે છે.

"પ્રશ્ન પૂછનાર ભાઇએ જે સવાલ ઉઠાવ્યો છે કે અહિંસા સિધ્ધ કરવા માટે શા માટે શ્રીકૃષ્ણ અર્જુનને ઘોર હિંસામાં નિયોજે છે? તે જ સવાલ અર્જુને ગીતામાં જ પૂછેલો છે તઃ **किं कर्मणि घोरे मां नियोजयसि केशव।**

"અમારા જેવાઓનું માનવું છે કે ઘોર હિંસાના વાતાવરણમાં અહિંસાનો ઉપદેશ કરવો અને હિંસાને રૂપક તરીકે વાપરવી એમાં કાવ્યની દૃષ્ટિએ ઘણું ઔચિત્ય છે. ઐતિહાસિક યુધ્ધ થયું હશે એની ના નથી. ઐતિહાસિક શ્રીકૃષ્ણ પોતે જ્ઞાનરૂપ પરબ્રહ્મ હતા એમ એ વખતના લોકોએ માન્યું નથી. કવિઓએ ઇતિહાસ ભુંસી નાંખી શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ જ્ઞાનરૂપ પરમાત્મા બનાવ્યા છે, માન્યા છે અથવા કલ્પ્યા છે અને એ કલ્પનાના આધારે ગીતાનો સંવાદ ગોઠવ્યો છે.

"ભાઇ રતિલાલ લખે છે 'બાકી એ પ્રવૃત્તિને અહિંસા સાથે જોડવી, યાતો એમાંથી અહિંસા જ તારવવી એ યુક્તિસંગત નથી લાગતું.' ખરી મુશ્કેલી એ છે કે ગીતાની શિખામણ હિંસાની પ્રવૃત્તિ સાથે જોડવી એ એથીયે વધારે કઠણ છે. ગાંધીજીનાં દર્શન પણ કર્યાં નહોતાં. એમનું નામ પણ સાંભળ્યું નહોતું. અહિંસા વિષે આદર પણ નહોતો એવે વખતે મેં એક ક્રાન્તિકારી નેતાના જવાબમાં લખ્યું હતું કે समःशत्रौ च मित्रेच થવાની શિખામણ આપનાર અને જય પરાજય વિષે તટસ્થ રહેવા સૂચવનાર ગીતા અમ ક્રાન્તિકારોને કશી પ્રેરણા આપી શકે નહિ. એ ગીતા પરલોક–પરાયણ લોકોને ભલે આશ્વાસન આપો, सर्व लोकहिते रताः એવા પરોપકારપરાયણ સન્તોને ભલે પ્રેરણા આપો, હિંસાદ્વારા દેશને આઝાદ કરવા નીકળેલા અમને ગીતા કશા કામની નથી."

"એ વખતે પણ મને લાગતું કે ગીતાનો સાર અહિંસાને જ પોષક છે. એ ગમે તે હો પણ–

**समं पश्यन् हि सर्वत्र, समवस्थितम् ईश्वरम् ।**
**न हिनस्ति आत्मना आत्मानं ततो याति परां गतिं ॥**

એ શ્લોક તો અહિંસાપરાયણ છે, એટલું જ નહિ પણ અહિંસા વૃત્તિને નક્કર પાયો પૂરો પાડે છે એ વિષે બે મત હોઇ ન શકે. એ શ્લોકનો ગીતાના અનુયાયીઓએ ઇનકાર કર્યો નથી.

સમન્વયદૃષ્ટિ કેળવનાર માણસ શાબ્દિક કે તાર્તિક ઝગડામાં ઉતરતો નથી. ઉંચી ભૂમિકા ઉંપર જઇને દરેક દૃષ્ટિની યથાર્થતા સમજી લે છે.

**કાકા કાલેલકર"**

# પુસ્તક પરિચય

**તીર્થંકર વર્ધમાન** (પ્રથમ ખંડ) લેખક શ્રી શ્રીચંદ રામપુરિયા; પ્રકાશક શ્રી હમીરમલ પૂનમચંદ રામપુરિયા; સુજાનગઢ (બીકાનેર) કીંમત રા.પા)

શ્રી. શ્રીચંદ રામપુરિયા કૃત 'તીર્થંકર વર્ધમાન' પુસ્તકનો પ્રથમ ખંડ બહાર પડયો છે. બીજો એમના કહેવા પ્રમાણે હજી પ્રેસમાં છે. પ્રથમ ખંડના બે ભાગ છે. એકમાં મહાવીરનું ટૂંકમાં જીવનચરિત્ર છે અને બીજામાં તેમણે આપેલા પ્રવચનોનો સંગ્રહ. લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે. "વર્ષોથી ઇચ્છા હતી કે તીર્થંકર મહાવીરનું પ્રાચીનમાં પ્રાચીન સામગ્રી" પર આધારિત એક પ્રમાણિક જીવનચરિત્ર હિન્દીમાં લખાય અને આ તે દિશામાં એક પ્રયત્ન છે.

જીવનચરિત્રના ચાર ભાગ કરવામાં આવ્યા છે. ૧. ગૃહસ્થજીવન ૨. સાધકજીવન ૩ તીર્થંકરજીવન ૪. પરિનિર્વાણ. પહેલામાં જન્મ-કાળથી માંડી, અભિનિષ્ક્રમણ, સંસારત્યાગ સુધીની મુખ્ય મુખ્ય વિગતો છે. એમાં મહાવીરની જન્મભૂમિ પરત્વે તેમજ વૈશાલી, ક્ષત્રિયકુંડગ્રામ, બ્રાહ્મણકુંડગ્રામ ને વાણિજયકુંડગ્રામ, વિષે ઠીક ઠીક ચર્ચા કરી લેખકે પોતાના મંતવ્યો રજુ કર્યા છે. સાથોસાથ બીજા વિદ્વાનોના મતો પણ ટૂંકમાં નોંધ્યા છે. લેખકના મત અનુસાર મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડગ્રામ છે. અને બ્રાહ્મણકુંડગ્રામ, ક્ષત્રિયકુંડગ્રામ તેમજ વાણિજયકુંડગ્રામ કોઇ એક વિશાળ નગરના પરાં નહિ પણ સ્વતંત્ર નગરો જ હતાં. આજ સુધી સામાન્ય રીતે ક્ષત્રિયકુંડગ્રામ જ મહાવીરની જન્મભૂમિ તરીકે મનાતી. પણ પં.સુખલાલજી અને મુનિ કલ્યાણવિજયજી જેવા આધુનિક ભારતીય તેમજ વિદેશી વિદ્વાનો એ મત ન સ્વીકારતા વૈશાલીને મહાવીરની જન્મભૂમિ માને છે. આ રીતે મહાવીરના ગર્ભાપહરણની ઘટના પરત્વે પણ લેખકે પોતાનો વિચાર ટૂંકમાં દર્શાવ્યો છે, પરંતુ આ બધા વિષયો વિવાદાસ્પદ હોઇ લેખકના મંતવ્યોના પ્રામાણ્ય-અપ્રામાણ્ય વિષે અહીં ચર્ચા કરવી અનાવશ્યક છે. આ તો વિષયના પરિચય પૂરતી આટલી માહિતી પ્રસંગવશાત્ આપી.

બીજા સાધકજીવન વિભાગમાં મહાવીરના બાર વર્ષના તપસ્વી જીવનની રૂપરેખા આપી છે. ત્રીજામાં ગણધરવાદ, સંઘસ્થાપના તથા ભગવાન પાર્શ્વનાથના શ્રમણવર્ગનું મહાવીરના માર્ગમાં એકીકરણ વગેરે બાબતો નિરૂપી છે. આમાં જમાલિ ને ગોશાલકની વિગતો પણ આવી જાય છે. છેલ્લા પરિનિર્વાણ વિભાગમાં મહાવીરની આયુમર્યાદા, નિર્વાણ, નિર્વાણભૂમિ આદિનું સામાન્ય કથન છે. તેમજ મહાવીરના શિષ્ય ગૌતમનો વિલાપ ને તેના કેવળજ્ઞાન વિષે ટૂંકમાં નિર્દેશ છે.

પ્રથમ ખંડના બીજા 'પ્રવચન' વિભાગને પણ ચાર ભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે. ૧. શિક્ષાપદ, ૨. નિર્ગ્રન્થપદ, ૩. દર્શનપદ, ૪. ક્રાંતિપદ, આમાં ઉત્તરાધ્યયન, દશવૈકાલિક સૂત્રકૃતાંગ આચારાંગ વગેરે આગમગ્રંથોમાંથી વિવિધવિષયક ઉત્તમોત્તમ રત્ન-કણિકાઓ અનુવાદ સહિત આપવામાં આવી છે, જે માનવમાત્રને માટે ઉપયોગી ને મનન કરવા યોગ્ય છે.

પ્રસ્તુત જીવનચરિત્રની સામગ્રી મોટે ભાગે આગમગ્રંથોમાંથી લેવામાં આવી છે. અને બીજા મહાવીરના જીવનચરિત્રોથી પ્રસ્તુતને જુદી પાડનાર ખાસ વિશેષતા તેમાં આગમગ્રંથોની આપેલી નોંધ પરત્વે છે. લગભગ પ્રત્યેક પાને લેખકે પોતાના લખાણના સમર્થનમાં આગમગ્રંથોના તેમજ કોઇક ઠેકાણે પ્રાચીન પાલી બૌદ્ધ ગ્રંથોના ઉલ્લેખ સ્થળો તે તે સ્થાને પાદટીપમાં પુરાવા તરીકે ટાંકેલા છે, જે સંશોધક તેમજ જિજ્ઞાસુ માટે અત્યંત ઉપયોગી ને માર્ગદર્શક નીવડે એમ છે. સમગ્રપણે જોતાં એમ કહેવું જોઇએ કે ભગવાન મહાવીરના ચરિત્રને લગતા આજ સુધીમાં બહાર પડેલા સાહિત્યમાં આ પુસ્તક બહુ ઉપયોગી અને પ્રમાણભૂત સામગ્રીની પુરવણી કરે છે.

**ઇન્દુકલા ઝવેરી**

**લાટનો દંડનાયકઃ**– (બીજી આવૃત્તિ) લેખકઃ– શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ; પ્રકાશકઃ– ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિંમત સાડા ત્રણ રૂપિયા.

ગુજરાતી સાહિત્યના ઐતિહાસિક નવલકથાના ક્ષેત્રમાં શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહનો ફાળો નોંધપાત્ર છે. સ્વ. નંદશંકર તુળજાશંકરે "કરણઘેલો" લખીને આપણા નવલકથા–સાહિત્યના આરંભકાળમાં જ ઐતિહાસિક નવલકથાની કેડી શરુ કરી હતી. એમની કેડીએ ચાલી એમના જમાનામાં સ્વ. મહીપતરામ નીલકંઠ, હરગોવિંદદાસ કાંટાવાળા વગેરે ગણ્યાગાંઠયા લેખકોએ ઐતિહાસિક નવલકથા લખવાના પ્રયાસો કર્યા, પરંતુ એમાં તેમને જોઇએ તેવી સફળતા મળી નહિ. વળી, તે વખતે ઐતિહાસિક નવલકથાના સ્વરૂપનો ખ્યાલ પણ જોઇએ તેવો સ્પષ્ટ નહોતો. ઘણાં વર્ષો પછી શ્રી મુનશીએ ઐતિહાસિક નવલકથા પર હાથ અજમાવ્યો અને એમાં એમણે અસાધારણ સફળતા પ્રાપ્ત કરી. શ્રી મુનશીને પંથે આપણા બીજા કેટલાક લેખકો પણ દોરાયા, પરંતુ અત્યાર સુધી શ્રી મુનશીની નવલકથાઓ કરતાં ચઢી જાય એવી તો નહિ, બલ્કે શ્રી મુનશીની નવલકથાઓની કક્ષાની ઐતિહાસિક નવલકથાઓ પણ કોઇએ આપી નથી.

શ્રી મુનશી પછી અને શ્રી ધૂમકેતુ પહેલાં શ્રી ધીરજલાલ શાહે 'લાટનો દંડનાયક' નામની નવલકથા લખી અને ત્યાર પછી એના અનુસંધાનમાં 'મહાગુજરાતનો મંત્રી' અને 'મહામાત્ય' નામની બીજી બે નવલકથાઓ લખી. એટલે ઐતિહાસિક નવલકથાના ઇતિહાસમાં શ્રી ધીરજલાલ શાહનું નોંધપાત્ર સ્થાન છે ખરું, પરંતુ, પોતાના પુરોગામી શ્રી મુનશી કે અનુગામી શ્રી ધૂમકેતુની નવલકથાઓની અપેક્ષાએ એમની નવલકથાઓ એવું ઉચ્ચું સ્થાન પામી શકી નથી.

શ્રી મુનશીની જેમ એમણે પણ ગુજરાતના સોલંકીયુગને પોતાની નવલકથાઓ માટે પસંદગી આપી છે. આ નવલકથામાં સોલંકી યુગના રાજા કર્ણદેવનો સમય આલેખવામાં આવ્યો છે. કર્ણદેવના સમયમાં, લાટ સોલંકીઓના કબજામા આવ્યા પછી તેને મુક્ત કરવા માટે તૈલપો જે પ્રયત્નો કરી રહ્યા હતા તેને ધૂળમાં મેળવનાર લાડના દંડનાયક સાન્તુ મહેતાના શૌર્યની યશગાથા આ નવલકથામાં આલેખવામાં આવી છે.

માત્ર નવલકથા તરીકે જોવામાં આવે તો એમ કહી શકાય કે આ એક સુવાચ્ય નવલકથા છે. વિવિધ પાત્રસૃષ્ટિ અને વસ્તુની રસભરી ગૂંથણીને લીધે વાંચકનો રસ છેવટ સુધી જળવાઇ રહે છે. પરંતુ ઐતિહાસિક નવલકથાની દૃષ્ટિએ જોઇએ તો આ નવલકથા બહુ ઉંચા પ્રકારની નથી એમ કહેવું જોઇએ. આ નવલકથાની મોટામાં મોટી ખામી એ છે કે એમાં ઐતિહાસિક વાતાવરણ બરાબર જામતું નથી. એટલું જ નહિ ઐતિહાસિક દૃષ્ટિએ કાલનું ઉલ્લંઘન કરે એવી કેટલીક બાબતો પણ આ નવલકથામાં છે જે રસક્ષતિકર છે "સિંહ તો રાતનાજ રોન મારે" એ ગુરુદેવના વાક્યમાં વપરાયેલો 'રોન' શબ્દ અંગ્રેજી Round પરથી આવ્યો છે. સોલંકી યુગમાં 'રોન' શબ્દ વપરાતો નહતો. ધનપાળ ગુરુદેવને કહે છે. "દરેકને રોટી મળી રહે છે–રોજી મળી રહે છે." અહીં રોટી અને રોજીની વાત કરવામાં આવી છે. પરંતુ 'રોટી રોજી'નો પ્રશ્ન એ વર્તમાન સમયના અર્થતંત્રનો પ્રશ્ન છે. એ સમયમાં 'રોજી રોટી'નો પ્રશ્ન કદી અગત્યનો પ્રશ્ન હતો જ નહિ. તેવીજ રીતે લાટ (ભરૂચ)માં રહેનારી સરયૂ ચામુંડની પત્નીને 'ભાભુ' કહી સંબોધે છે. આ શબ્દપ્રયોગ પણ અનુચિત છે, કારણ કે એ તો સ્પષ્ટ છે કે 'ભાભુ' શબ્દ ગુજરાત નહિ પણ સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે. મોટી કાકી માટે 'ભાભુ' શબ્દ ગુજરાતમાં તે સમયે વપરાતો નહોતો અને આજે

પણ વપરાતો નથી. તેવીજ રીતે સરયૂના મુખમાં એક અર્વાચીન ભજન લેખકે મૂકયું છે. એ પણ અનુચિત લાગે છે. પાત્રોને ગુજરાતીમાં બોલતાં બતાવી શકાય એ સ્વાભાવિક છે, પણ તેમના મુખમાં કોઇ અર્વાચીન ભજન તો ન જ મૂકી શકાય. આમ આવી નાની નાની વિગતોમાં આવતી ક્ષતિઓને લીધે નવલકથામાં ઐતિહાસિક વાતાવરણ બરાબર જામતું નથી.

શ્રી મુનશીને અનુસરીને લેખકે આ નવલકથામાં એક તેજસ્વી સ્ત્રીપાત્ર દોર્યું છે. સરયૂનું પાત્ર ઐતિહાસિક નહિ પણ કાલ્પનિક છે. પરંતુ અહીં એ પાત્ર સ્વાભાવિક નહિ પણ કૃત્રિમ લાગે છે, અને એનું વર્તન કયાંક કયાંક ખુંચે પણ છે. મોટી ઉંમર સુધી અપરિણીત રહેલી સરયૂ, પોતાના ભાઇની સાથે રહી રાજખટપટમાં આગળ પડતો ભાગ લે છે એટલું જ નહિ, દંડનાયકનું ખૂન કરવા પણ નીકળી પડે છે એ ઘટના તદ્દન અસ્વાભાવિક લાગે છે. અને આશ્ચર્ય તો એ થાય છે કે લાટનો કબજો લેવાની મહિનાઓથી યોજના ઘડતો ગુરુ ગંગનાથ એક યોજના નિષ્ફળ નીવડે તો તાત્કાલિક કયાં પગલાં લેવાં એનો પહેલેથી વિચાર જ નથી કરતો, અને માટે જ સરયૂ જ્યારે દંડનાયકનું ખૂન કરવા જાય છે ત્યારે ખૂન થયું કે નહિ તેની તપાસ કરવા દંડનાયકના ઘર આગળ ઊભો ઊભો રાહ જુએ છે, અને ખૂન નથી થયું એવો વહેમ જતાં હવે શું કરવું એની વિમાસણમાં પડે છે, અને બધું પડતું મૂકી, પોતાના સાગરીતોની પણ દરકાર કર્યા વિના, પોતે કરી રાખેલી યોજના મુજબ ત્યાંથી જ નાસી જાય છે. એ બતાવે છે કે જે રાજખટપટની લાયકાત ગુરુ ગંગનાથમાં લેખક બતાવવા માગે છે તે તેનામાં છે જ નહિ. એટલે ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો આ નવલકથા બહુ અસરકારક લાગતી નથી. માત્ર નવલકથા તરીકે એ એક સુવાચ્ય નવલકથા છે એટલું જ એને માટે કહી શકાય.

**રમણલાલ સી. શાહ**

## રાષ્ટ્રનું નવનિર્માણ

મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં તા. ૩-૬-૫૪ ગુરૂવારના રોજ સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલી જાહેર સભામાં શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાએ 'રાષ્ટ્રની નવરચના' એ વિષયને અનુલક્ષીને કેટલાએક વિચારો રજુ કર્યા હતા. રાજસ્થાનમાં એક રાષ્ટ્રનિષ્ઠ કાર્યકર્તા તરીકે શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા બહુ જાણીતી વ્યકિત છે. આઝાદીની લડત દરમિયાન તેમણે અનેકવાર જેલવાસ ભોગવેલો હતો. રાજસ્થાન પ્રદેશનું નિર્માણ થયા બાદ નિયુક્ત થયેલ પ્રધાનમંડળમાં તેઓ એક પ્રધાન તરીકે જોડાયા હતા. પછી નવી ચૂંટણી આવી ત્યારે તેમાં ઉભા ન રહેતાં તેઓ રચનાત્મક કાર્ય તરફ વળ્યા. મારવાડમાં આવેલ ભીમેઢમાં તેમણે કેટલાએક સમય પહેલાં સર્વોદય આશ્રમ સ્થાપ્યો છે અને 'ગ્રામરાજ' નામનું એક પાક્ષિક પત્ર તેઓ ચલાવે છે. તાજેતરમાં વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિ તરફ તેઓ સવિશેષ આકર્ષાયા છે અને થોડા સમય પહેલાં બુધ્ધગયામાં ભરવામાં આવેલ સર્વોદય સંમેલનમાં શ્રી જયપ્રકાશ નારાયણ અને વિનોબાજીના જીવનદાનથી પ્રભાવિત થઇને અનેક અન્ય ભાઇ બહેનો સાથે તેમણે પોતે પણ ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક સમાજરચના સિધ્ધ કરવા માટે પોતાના જીવનનું દાન કર્યું છે. તેઓ અલ્હાબાદ યુનિવર્સિટીના એમ. એ. છે, એક સત્યનિષ્ટ ચિન્તક છે, લેખક છે, ગાંધી વિચાર સરણિને ઊંડી પ્રતીતિપૂર્વક સ્વીકારે છે અને વિચાર તથા વાણીને અનુરૂપ તેમનું જીવન છે. સભાની શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમનો આ મુજબ પરિચય આપીને ભાઇ સિધ્ધરાજને સંઘ તરફથી હાર્દિક આવકાર આપ્યો.

ત્યાર બાદ વ્યાખ્યાન વિષયને અનુલક્ષીને બોલતાં ભાઇ સિધ્ધરાજે જણાવ્યું કેઃ—

"આજે જાહેર કરવામાં આવેલ વિષય ઘણો વિશાળ છે અને ટુંક સમયમાં તેને ન્યાય આપવાનું શકય નથી. પણ એ વિષયની વિચારણામાં માર્ગદર્શક બને એ હેતુથી બે ત્રણ મુદ્દાઓ આપની સમક્ષ રજુ કરવાનું હું યોગ્ય ધારું છું.

"હું જ્યારથી રચનાત્મક કાર્યમાં પડયો છું ત્યારબાદ આપણા દેશના ગામડાંઓના હું બહુ નિકટ પરિચયમાં આવ્યો છું મહીનામાં સહેજે ૧૫ થી ૨૦ દિવસ મારે ગામડાંઓમાં ફરવાનું બને છે. અને તેથી મારી આંખ સામે ગામડાંનું જે ચિત્ર ઉભું થયું છે તે શહેરોના ચિત્ર કરતાં તદ્દન જ જુદું છે. હું ૧૯૪૨ ની લડતમાં જેલમાં હતો. તે જેલનિવાસનાં સ્મરણોને મેં 'દુસરી દુનિયા' એવું નામ આપ્યું હતું. બહારની દુનિયાથી જેમ જેલની દુનિયા એક તદ્દન નિરાળી દુનિયા છે તેવી જ રીતે શહેરોની દુનિયા કરતાં ગામડાંની દુનિયા એ કેવળ જુદી જ દુનિયા છે. સાધારણ રીતે જે દુનિયામાં રહીએ તેથી આપણી કલ્પના સિમિત હોય છે. મુંબઇ રહેનારા આપ ભાઇબહેનોની કલ્પના આ રીતે શહેરી જીવનના ખ્યાલોથી સિમિત હોય એ સ્વાભાવિક છે. મારી આપને વિનંતિ કે આપની એ કલ્પનાદ્વારા હિંદનો જે કાંઇ ખ્યાલ બાંધશો એ ઘણો અધૂરો જ હોવાનો.

"હિંદમાં શહેરોની વસ્તીનું પ્રમાણ ૨૦ ટકા છે અને ૮૦ ટકા વસ્તી ગામડામાં વસે છે શહેરો એ રાષ્ટ્ર નથી એમ છતાં આજની આપણી કમનસીબી એ છે કે આજના હિંદનું ભાવી શહેરો અને તેમાં પણ આગેવાન ગણાતા અમુક કુટુંબો જ ધારાસભાઓદ્વારા નકકી કરે છે. શહેરો ભારે વાચાળ છે, જ્યારે ગામડાંને વાચા નથી. ગામડાંમાં જે ઘોર અજ્ઞાન, આળસ અને દરિદ્રતા વ્યાપેલાં છે તેની શહેરમાં રહેનારને કોઇ કલ્પના આવે તેમ નથી અને તેથી તેમની શું જરૂરિયાતો છે તેની પણ જ્યાંસુધી તેમની વચ્ચે અને તેમની સાથે ઓતપ્રોત થઇને ઠીક ઠીક સમય સુધી વસવામાં ન આવે ત્યાં સુધી કોઇ સાચી કલ્પના આવી શકે તેમ છે જ નહિ. આજે જે નિયોજનની વાતો ચાલે છે તે શહેરોને જ કલ્પનામાં રાખીને અને શહેરી માનસ વડે પ્રભાવિત થઇને જ કરવામાં આવે છે. આ નિયોજન ખરી રીતે રાષ્ટ્રના સર્વ લોકોના હિતમાં જ હોવું જોઇએ.

આપણા નિયોજનની બીજી પણ એક મુસ્કેલી છે. આપણે જે કાંઇ નિયોજન કરવાનું છે તે કોઇ સાફ એને સ્વચ્છ ભૂમિકા ઉપર કરવાનું હોત તો આપણું કામ ઘણું સહેલું થાત. પણ અંગ્રેજીમાં જેને clean slate કહે છે તેવી clean slate આપણને મળી નથી. જે કાંઇ મળ્યું છે તેની પાછળ પરદેશી હકુમતના આર્થિક શોષણનો ૧૦૦ વર્ષથી વધારે સમયનો ઇતિહાસ છે. એ ઉપરાંત પરાપૂર્વથી ચાલી આવેલી અમુક પ્રકારની સમાજરચના, પૂર્વગ્રહો, રાગદ્વેષો, પરંપરાઓ, રહેણી કરણીના ખ્યાલો—આ બધું પણ આપણા વારસામાં ભરેલું છે. આ સર્વને લક્ષમાં રાખીને આપણા ભાવી નિયોજનનો સર્વ વિચાર કરવો ઘટે છે.

ત્રીજુ આજે આપણે જે કાંઇ વિચારીએ, કરીએ તે કોઇ એક વર્ગ યા વર્તુળના ઉદયનું નહિ પણ સર્વના ઉદયનું સાધક હોવું જોઇએ. અંગ્રેજીમાં જે greatest good of the greatest number કહે છે-વધારેમાં વધારે માણસોનું વધારેમાં વધારે ભલું—આ કલ્પના અમુક અલ્પમતી વર્ગની ઉપેક્ષા કરવાનું સૂચવે છે આ ન્યાયપૂર્ણ વિચાર નથી. આજનું લોકતંત્ર એટલે કે બહુમતીનું રાજ્ય એટલે કે બહુમતીનું લઘુમતી ઉપરનું આક્રમણ. એનો અર્થ એ થયો કે જેની પાસે વધારે પશુબળ તેનું રાજ્ય ચાલે. આ વિચારને કોઇ તાત્વિક આધાર નથી. દાખલા તરીકે આપણે રશીઆનો વિચાર કરીએ. થોડા સમય ઉપર મેલેકોવના પ્રતિસ્પર્ધી બેરીઆને પકડવામાં આવ્યો તેની ઉપર કામ ચલાવવામાં આવ્યું અને તેનો નિકાલ કરવામાં આવ્યો.

અને ત્યાંની પ્રજાએ તે સામે કશો વાંધો ઉઠાવ્યો નહિ અને તે કાર્ય ન્યાયયુક્ત ગણાયું. આનું કારણ એટલું જ કે જો કે પોલીસ ઉપર બેરીઆનો કાબુ હતો પણ મીલીટરી ઉપર મેલેન્કોવનો કાબુ હતો. આથી વિપરીત પરિસ્થિતિ હોત તો બેરીઆએ મેલેન્કોવનો નિકાલ કરી નાંખ્યો હોત અને બેરીઆ સર્વોપરિસ્થાને હોત અને એ પણ એટલું જ ન્યાયયુક્ત લેખાત. બહુમતીનું રાજ્ય તેનો આખરી અર્થ પશુબળનું પ્રભુત્વ એટલો જ થાય છે. આપણે આ નથી ઇચ્છતા પણ એવી સમાજરચના કરવા માંગીએ છીએ કે જેમાં સર્વ પ્રજાજનોનો ઉત્કર્ષ વિના અપવાદે સૂચિત હોય.

આજે અહિં જે કાંઇ થાય છે અને વિચારાય છે તે મોટા ભાગે અમેરિકાના ધોરણે નક્કી થાય છે. પણ અમેરિકા કરતાં હિંદની વસ્તી ત્રણ ગણી છે. ક્ષેત્રફળ પણ એટલું જ મોટું છે. અને બીજી બાજુએ અમેરિકા હિંદ કરતાં ઉદ્યોગના ક્ષેત્રમાં અત્યન્ત આગળ વધેલું છે. અમેરિકાની અને આપણી પરિસ્થિતિ અને તે કારણે પ્રત્યેકના પ્રશ્નો એકદમ જુદા છે. આ તફાવત પ્રત્યે દુર્લક્ષ્ય રાખીને જે કાંઇ કરવામાં આવશે તે આપણા દેશની આર્થિક તથા સામાજિક પરિસ્થિતિ સાથે કોઇપણ કાળે બંધ બેસતું થવાનું નથી.

આપણા ધર્મમાં અપરિગ્રહનો જે સિદ્ધાન્ત રહેલો છે તેને આપણે આજના સમાજ ઉપર લાગુ પાડીએ તો તેનો અર્થ સમાન વિતરણ થાય અને આજની બધી યોજનાઓ એ દિશા તરફ કેન્દ્રિત થાય તોજ આપણને ઇષ્ટ એવો સર્વોદય સમયાન્તરે પણ મૂર્તિમન્ત થયેલો જોવાની આપણે આશા રાખી શકીએ. આ માટે આપણામાં રહેલી શ્રમવિના જીવવાની વૃત્તિને નાબુદ કર્યે જ છૂટકો છે કારણ કે તે વિના સમાનવિતરણ શકય નથી.

આમ આપણે સમયસર જાગૃત નહિ થઇએ, અને જીવન-દૃષ્ટિમાં આપણે પલટો નહિ લાવીએ અને ગામડાંના લોકોને કેન્દ્રમાં રાખીને આપણે રાષ્ટ્રીય નિયોજન નહિ વિચારીએ તો એ સૂતેલી પ્રજા દશ વર્ષે વીશ વર્ષે પણ ઉઠવાની જ છે અને પોતાને ઇષ્ટ એવી ક્રાન્તિ લાવવાની જ છે. આપણે તેમને નહિ સંભાળીએ તો તેમને ઉઠાડનારા અને ક્રાન્તિના માર્ગે ગતિમાન કરનારા બીજાં તત્ત્વો દેશમાં મોજુદજ છે અને તે પોતાનું કામ કરવાનાં જ છે. પણ એ રીતે જે કાંઇ થશે તે અહિંસક નહિ હોય, પરસ્પરના સમન્વયની વૃત્તિથી પ્રેરાયલું નહિ હોય. તેમાં સંઘર્ષ હશે, વૈમનસ્ય હશે, વર્ગવિગ્રહના જોરથી તે અત્યન્ત કલુષિત હશે.

આજે આપણે ત્યાં અને દુનિયામાં અન્યત્ર જે કાંઇ ચાલી રહ્યું છે તે સર્વનાશ તરફ આપણ સર્વને ઘસડી રહ્યું હોય એમ લાગે છે. આજના સંયોગમાં આપણે ત્યાં ઉપરનું કેટલુંક એવું છે કે જેમાં આપણે તુરતાતુરત ફેરફાર કદાચ કરી ન શકીએ. એમ છતાં પણ અન્તિમ વિકેન્દ્રીકરણના ધ્યેયને લક્ષયમાં રાખીને શકય તેટલું નીચેથી—નાના યુનીટસ—એકમો—થી આપણું કાર્ય શરૂ કરવું ઘટે છે. કાંઇ નહિ તો ગામડાના લોકોને આપણે જાગૃત કરીએ અને અન્ન-વસ્ત્ર અને રહેઠાણ પૂરતા તેમને સ્વાવલંબી બનાવીએ. કેટલાક મારા જેવા વિચાર ધરાવનારાઓ ઉપર કેટલાક લોકો એવો આક્ષેપ કરે છે કે અમે પાંચસો વર્ષ પહેલાંની વાતો કરી રહ્યા છીએ, અમે લોકોને આગળ લઇ જવાને બદલે પાછા લઇ જઇ રહ્યા છીએ. કોને આગળ કહેવું અને કોને પાછળ કહેવું એ ચર્ચામાં આપણે ઉતરીએ પણ ખરેખર અમે જો પાછા જઇ રહ્યા હોઇએ તો હું કહું છું કે આજે નહિ તો આવતી કાલે સર્વનાશનાં ફળને ચાખીને પણ—આખરે તમારે પણ અમારી પાછળજ આવવું પડવાનું છે કારણ કે અમારો માર્ગ ગાંધીજીએ ચીંધેલો સર્વોદયનો માર્ગ છે અને વિકેન્દ્રીકરણ જેના પાયામાં છે. એવા સર્વોદય સિવાય બીજી કોઇ રીતે આજની દુનિયાનો ઉધ્ધાર શકય છે જ નહિ."

ત્યારબાદ કેટલીએક પ્રાસ્તાવિક ચર્ચા થયા બાદ વ્યાખ્યાતાનો આભાર માનીને સભા વિસર્જન કરવામાં આવી હતી.

# પ્રકીર્ણ નોંધ.

## વર્ષાનુ મંગળ આગમન

આ અંક પ્રગટ થાય છે ત્યારે મુંબઇ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ બધેય વર્ષાઋતુનાં મંગળ દર્શન થઇ ચૂકયા છે હજી થોડા દિવસ પહેલાં ગ્રીષ્મ પોતાના પ્રચંડ સ્વરૂપનો અનુભવ કરાવી રહેલ હતી અને વધતી જતી ગરમી અને બાફ લોકોને અકળાવી રહ્યાં હતા. કોઈ પણ ૠતુ આપણી સ્થાયી પ્રીતિનો વિષય બની શકતી નથી. શિયાળાના પૂર્વરંગ સમી હેમન્ત ૠતુ પ્રારંભમાં સુમધુર લાગે છે, ત્યારે તેના ઉત્તરરંગ સમી શિશિર કડકડતી ઠંડીના કારણે આપણને કંટાળો આપે છે. એવી જ રીતે ઉનાળાના પૂર્વરંગ સમી વસન્તનું આગમન કેટલું આલ્હાદક હોય છે? તો તેના ઉત્તરરંગ સમી ગ્રીષ્મનો અન્ત ભારે ત્રાસરૂપ બની જાય છે. પણ એ ત્રાસ કેટલો અલ્પકાલીન હોય છે? પાછળ વર્ષા ચાલી જ આવે છે અને ઉનાળાની ગરમીથી તપ્ત બનેલી ધરતીને શીતળ જળધારા વડે ઠારે છે અને દિગન્તને સ્પર્શતી વાયુલહરિ વડે મન્દ બનેલા માનવીમાં નવી ચેતના પ્રગટાવે છે. આ ૠત્વન્તર કોઇ વાર જલ્દીથી થાય છે તો કોઈવાર ઠીક ઠીક ઢીલ કરે છે અને આપણી ધીરજની ખૂબ કસોટી કરે છે.

મુંબઇમાં આ વખતે ગ્રીષ્મનું વર્ષામાં રૂપાન્તર ભારે અણધાર્યું અને ધારણા કરતાં ઠીક ઠીક વહેલું થયું અને તેથી અત્યન્ત આવકારદાયક અને પ્રસન્નતાપ્રેરક લાગ્યું. મે માસના છેલ્લા અઠવાડીઆ દરમિયાન મુંબઇનો ઉનાળો દુસહ્ય બની રહ્યો હતો. દિવસ કરતાં રાત ખુબ વધારે અકળાવનારી લાગતી હતી. બીછાનામાં પડયા પડયા પરસેવાથી રેબઝેબ થયા કરીએ અને પારવિનાની બેચેની અનભવીએ. ઇલેકટ્રીક પંખો હોય ત્યાં આખી રાત ચાલ્યાં કરે અને તો પણ પુરી ઠંડક અનુભવવા ન મળે. ન હોય ત્યાં હાથનો પંખો હલાવી હલાવીને હાથ દુખવા આવે અને રાત કેમ પસાર કરવી તે એક પ્રશ્ન થઇ પડે. આવી તો હજુ કેટલીયે રાતો પસાર કરવાની બાકી છે એ વિચાર કંટાળામાં વધારો કરતો હતો, કારણ કે મુંબઇમાં જુન આખર પહેલાં વરસાદ આવતો નથી એવો છેલ્લાં કેટલાંક વર્ષોનો અનુભવ હતો.

પણ એવામાં જુન માસના પ્રારંભમાં વાયુશાસ્ત્રીનો એકાએક છાપામાં રીપોર્ટ આવ્યો કે નૈઋત્ય દિશામાંથી વર્ષાપ્રવાહ જોસભેર આવી રહ્યો છે. સમુદ્રમાં શાન્ત ગંભીરતાના સ્થાને એકદમ અસ્વસ્થતાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં; નિર્મળ પાણી ડોળાં બનવા લાગ્યાં; મોટાં મોટાં મોજાંઓ ઉછળવા લાગ્યાં અને કિનારાની માઝા વટાવીને દૂર દૂર સુધી દોડવા લાગ્યાં. ગઇકાલ હજુ ખુબ અકળામણમાં પસાર કરેલી અને આજે તો મેઘરાજાની મુંબઇમાં પધરામણી થઇ ચૂકી. આકાશમાં વાદળાંઓ ચઢી આવ્યાં અને મુંબઈની વ્યાકુળ જનતાને શીતળ જળધારા વડે મીઠી ઠંડક આપવા લાગ્યાં. પવન પણ જાણે કે એકાએક બંધનમુક્ત થયો હોય એમ ચોતરફ અને ચારે દિશાએ ખૂબ જોરથી ફુંકાવા લાગ્યો અને આગલી રાત્રે જ્યાં ગરમી, ઉકળાટ અને અકળામણ હતાં ત્યાં એકાએક પછીની રાતે વાયુ અને વર્ષા વડે સર્વત્ર શીતળતા પસરી ગઇ. આવો એકાએક ૠતુપલટો ભારે મધુર અને આલ્હાદક લાગ્યો.

આગામી વર્ષનો આધાર—સુકાળ કે દુકાળનો આધાર—વરસાદ ઉપર અત્યન્ત નિર્ભર છે. આગલાં વર્ષો દરમિયાન વરસાદની ઉણપે આપણે ત્યાં અનાજ મેળવવાની ખૂબ મુશ્કેલીઓ ઉભી કરી હતી. ગયા વર્ષથી આ પરિસ્થિતિમાં પલટો આવ્યો છે અને અનાજની સ્થિતિમાં અનુકુળ ફેરફાર થયો છે. આ વર્ષે ચોમાસાની સુન્દર શરૂઆત થઇ છે. ધાર્યા કરતાં વર્ષાનું આગમન વહેલું થયું છે. વાયુશાસ્ત્રીની ગણતરીઓ અને જોષીઓના વર્તારા સારા વરસાદની

આશાઓ આપે છે. અને ભરતી ઓટ તથા હવા માનનાં ચિહ્નો પણ બહુ શુભસૂચક છે એમ સૌ કહે છે પરિણામે આપણે અનાજ પૂરતા આગામી વર્ષમાં સ્વાવલંબી થઇ શકીશું એવું શાસકો અને પ્રજાજનો સ્વપ્ન સેવી રહ્યા છે. આ રીતે આ વખતની વર્ષા આપણામાં કોઇ જુદીજ આશાનો સંચાર કરી રહેલ છે, અને આપણું દિલ અનેરા ઉલ્લાસ વડે તેનું સ્વાગત કરે છે.

**શાળાન્ત પરીક્ષાનું પરિણામ**

મુંબઈ સરકાર સંચાલિત માધ્યમિક શાળાની પરીક્ષા બોર્ડ તરફથી લેવાયેલી શાળાન્ત પરીક્ષાનું પરિણામ તા. ૩૧-૫-૫૪ ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં મુંબઇ પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી ૮૧૯૩૪ વિદ્યાર્થીઓએ બેઠા હતા અને તેમાંથી ૩૩૪૩૫ વિદ્યાર્થીઓ પસાર થયા હતા અને એ રીતે ૪૦.૦૮ ટકા પરિણામ આવ્યું હતું.

આ પરિણામની કેટલી એક વિશેષતાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પરીક્ષામાં પસાર થયેલાઓમાંથી પહેલા પંદર વિદ્યાર્થીઓમાંનો મોટો ભાગ સાધારણ રીતે મુંબઇ પૂના બાજુનો હોય છે. પણ આ વખતે પહેલા પંદરમાં બૃહત્ મુંબઇનો એકકે વિદ્યાર્થી આવી શક્યો નથી જયારે ગુજરાત સૌરાષ્ટ્ર તથા કચ્છના મળીને પંદરમાંથી આઠ વિદ્યાર્થીઓ નજરે પડે છે. સૌથી પહેલો વિદ્યાર્થી લીંબડીનો છે. તેનું નામ કીર્તિકાન્ત ત્ર્યંબકલાલ શાહ. તેણે ૯૦૦ માંથી ૭૭૬ એટલે કે ૮૬ ટકા માર્ક મેળવ્યા છે. બીજા નંબરે આવતો વિદ્યાર્થી ગુજરાત બાજુનો જસલપુરનો છે. તેણે ૮૦૦ માંથી ૬૮૭ એટલે કે ૮૫.૯ ટકા માર્ક મેળવ્યા છે. બીજું બધાં પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓ ગુજરાતી અને કર્ણાટકમાં વહેંચાઇ ગઇ છે. આ પણ એટલું જ આશ્ચર્યજનક છે.

સાધારણ રીતે જ્યાં મુંબઇ અને પૂનાના વિદ્યાર્થીઓ આગેવાની ધરાવતા હતા તેમનું સ્થાન આ વખતે ગુજરાતી અને કર્ણાટક લે છે. તેનું કારણ શું? આનાં બીજાં અનેક કારણો હશે, પણ એક સૌથી વધારે ધ્યાન ખેંચે એવું કારણ એ લાગે છે કે આજ સુધી પરીક્ષાપત્રોના જવાબો અંગ્રેજીમાં આપવાના રહેતા હતા. હવે પ્રાદેશિક ભાષામાં જવાબ આપવાની છૂટ આપવામાં આવી છે. મુંબઇ પૂનામાં અંગ્રેજી ઉપર ખૂબ ભાર મૂકવામાં આવતો હતો. ગુજરાત તથા સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાર્થીઓનું અંગ્રેજી નબળું જ લેખાતું હતું. તે પ્રદેશના વિદ્યાર્થીઓને ઉપર આવવામાં અંગ્રેજીની એક ઘણી મોટી નડતર રહેતી એકસરખી બુદ્ધિપ્રતિભા છતાં અંગ્રેજીના અન્તરાયના કારણે આ વિભાગના વિદ્યાર્થીઓ ઝળકી શકતા નહોતા. આજે એ અન્તરાય દૂર થવાથી વિદ્યાર્થીને પોતાનો બુદ્ધિવૈભવ પ્રગટ કરવામાં ભારે સરળતા પ્રાપ્ત થઇ છે. આ વખતની પરીક્ષાના પરિણામમાં ગુજરાત સૌરાષ્ટ્ર મોખરે દેખાય છે તેમાં આ કારણે બહુ મહત્વનો ભાગ ભજવ્યો હોય એમ સહેજે અનુમાન થાય છે.

**ભાઈ કીર્તિકાન્ત અને ભાઈ અરવિન્દને ધન્યવાદ**

ઉપર જણાવ્યું તેમ શાળાન્ત પરીક્ષામાં અનુક્રમે સૌથી પહેલા તથા બીજા આવનાર ભાઇ કિર્તિકાન્ત ત્ર્યંબકલાલ શાહને તથા ભાઇ અરવિન્દ દેવચંદ શાહ જૈન કુટુંબના છે. ૮૦૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓની હરીફાઇમાં પહેલા કે બીજા આવવું એ કાંઇ નાની સુની સિધ્ધિ નથી. આવું પરિણામ બન્ને વિદ્યાર્થીઓનો અસાધારણ બુધ્ધિ વૈભવ સૂચવે છે. જૈન સમાજ આવા અપ્રતિમ વિદ્યાર્થીઓ માટે ગૌરવ ચિન્તવે એ સ્વાભાવિક છે. જૈન સમાજના તે બન્ને વિદ્યાર્થીઓને અનેક ધન્યવાદ ઘટે છે. ભાઇ કીર્તિકાન્ત ડાકટરી લાઇનમાં અને ભાઇ અરવિન્દ એન્જિનિયરીંગમાં જવા ઇચ્છે છે અને તે બન્ને મહાવીર જૈન વિદ્યાલયમાં (ભાઇ કીર્તિકાન્ત અમદાવાદ શાખામાં અને ભાઇ અરવિન્દ મુંબઇ શાખામાં) જોડાયેલા છે. હવે પછીની તેમની કારકીર્દી એટલી જ ઉજ્જવળ બનતી રહે અને ભવિષ્યમાં પ્રત્યેક પોતપોતાના ક્ષેત્રમાં ઉચી નામના મેળવે એવી આપણી તેમના વિષે શુભેચ્છા હો!

**મુંબઇ સરકાર સામે બંડખોર બનેલી પાટણની જૈન વીશાશ્રીમાળી જ્ઞાતિ**

પાટણની જૈન વીશાશ્રીમાળી જ્ઞાતિએ કરેલા કેટલાકના જ્ઞાતિ બહિષ્કાર અને કેટલાકના દંડને લગતી થોડીક વિગતો તા. ૧૫-૫-૫૪ ના પ્રબુધ્ધ જીવનમાં આપવામાં આવી હતી. આ જ્ઞાતિની સભાઓ ત્યારથી તે આજસુધી છડે ચોક મળતી જ રહી છે, નાત બહાર થયેલાઓ સાથે સંબંધ રાખનારાઓને એક યા બીજી રીતે દબડાવી રહી છે, નવા નવા દંડો કરતી રહી છે, મુંબઇ સરકારના કાયદાની કશી પણ પરવા કર્યા સિવાય પોતાનું સંગઠ્ઠન જોસભેર સાધી રહી છે અને તેની વિરૂધ્ધ વર્તનાર બોલનારને જાતજાતની ધમકીઓ આપી રહી છે. આ જ્ઞાતિની સભાઓમાં હાજર રહેનારાઓને શેર શેર સાકરના પડાઓ વહેંચવામાં આવે છે જ્ઞાતિ બહાર થયેલાઓમાંથી કોઇ કોઇ જ્ઞાતિના આગેવાનો સાથે સમજુતી કરીને દંડ આપીને જ્ઞાતિમાં દાખલ થયાના કીસ્સાઓ પણ બની રહ્યા છે. જે પોતાના સિધ્ધાન્ત ઉપર મક્કમ રહેવા માંગે છે અને જેમની પાસે દંડ ભરવાને પૈસા નથી તેઓ જ્ઞાતિની સતામણીનો સારી રીતે ભોગ બની રહ્યા છે. વળી આજે જેમ વ્યાપારમાં કેટલેક ઠેકાણે ચાલે છે તેમ આ જ્ઞાતિના આગેવાનો પણ જે કાંઇ કરવું તે મોઢે, લેખિત કાંઇ નહિ–આ પધ્ધતિથી બધું કામ કરી રહી છે અને તે એમ સમજીને લેખિત પુરાવો નહિ હોય તો મુંબઇ સરકાર શું કરી શકવાની છે? અને પ્રચલિત અસભ્ય ભાષામાં કહીએ તો 'મુંબઇ સરકારકી એસી તેસી' એવી બંડખોર વૃત્તિ પણ તેમનામાંના કેટલાકને પ્રેરી રહી છે.

બીજી બાજુએ પ્રમાણભૂત સાધનોદ્વારા માલુમ પડયું છે કે મુંબઇ સરકાર આ બાબતમાં ગંભીરપણે તપાસ ચલાવે છે અને આવી રીતે સરકારી કાયદાનું છડેચોક અપમાન કરનારને નસીયત પહોંચાડવા માટે શું પગલાં ભરવા તેનો વિચાર કરી રહી છે.

મુંબઈ સરકાર આ બાબતમાં પગલાં ભરે કે નહિ પણ મુંબઇ તેમજ પાટણ ખાતે વસતો એક એવો મહત્વનો વર્ગ છે કે જે જ્ઞાતિની આ આપખુદી અને સરકારવિરોધી પ્રવૃત્તિને બીલકુલ પસંદ કરતો નથી અને જે જ્ઞાતિનાં અર્થવિનાનાં સમજણ વિનાનાં બંધનોને સ્વીકારતો નથી. તેમની જ્ઞાતિનાં આ પગલાંઓ સામે પોતાનો સખ્ત વિરોધ સ્પષ્ટપણે જાહેર કરવાની તેમની ફરજ છે. જે જ્ઞાતિ એમ કહે છે કે વરકન્યા ઉભય પક્ષના કુટુંબીજનો મુંબઇમાં વસતા હોય એમ છતાં પણ જો આવાં કુટુંબો પોતાનાં છોકરા છોકરીનાં લગ્ન મુંબઇમાં કરે તો તે કાર્ય જ્ઞાતિબહિષ્કાર યોગ્ય લેખાશે તે જ્ઞાતિના આગેવાનો કઇ સદીમાં વસે છે તે સમજાતું નથી. આવા આગેવાનોની સાન ઠેકાણે લાવવા માટે મુંબઇ સરકારે તથા દેશકાળની સમજ ધરાવતા પાટણના શ્રી શાશ્વત શ્રીમાળી જ્ઞાતિના જ્ઞાતિજનોએ જરૂરી-પગલાં-ભરવા માટે સત્વર ઉપયુકત થવું જોઇએ.

**પરમાનંદ.**


**સત્યં શિવં સુન્દરમ્**

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો થોડા સમયમાં**

**બહાર પડનાર લેખસંગ્રહ: કીંમત રૂ. ૩.**

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને રૂ. ૨ માં મળશે. ટપાલ ખર્ચ જુદું. આ માટે લખો–વ્યવસ્થાપક,**

**મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.**

# એક સંસ્કારયાત્રા

(ગતાંકથી ચાલુ)

હવે મારો વિનોબાજી સાથેનો ભૂદાન પ્રવાસ શરૂ થાય છે. તેનો કાર્યક્રમ સાધારણ રીતે આ મુજબનો રહેતો.

સવારના ત્રણ વાગે ઘંટી વાગે છે ને વિનોબાજીનું યાત્રાદળ જાગે છે અંધારામાંજ સામાન બાંધી દઇને સૌ કોઇ દાતણ વિગેરે પતાવે છે, સાડાત્રણ વાગે પ્રાર્થના થાય છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવો ઇશાવાસ્ય ઉપનિષદ્‌નો પાઠ સવારના પહોરમાં ખૂબ વિચારપ્રેરક બને છે. પ્રાર્થના પૂરી થતાં ચાર વાગે ફાનસને અજવાળે વિનોબાજી અને એમનાં સહયાત્રીઓ પોતાના મુકામેથી બીજે ગામ જવા ઉપડે છે. જાણે કે ઘોર અંધારાના થર વિંધી વિંધી એક પ્રેમળ જ્યોતિ ક્રાન્તિનું નવું તેજ રેલાવવા ગામેગામ ઘૂમી રહી છે. મન ગાઇ ઉઠે છે.

"ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા!"

અંધારાની સૌમ્યતા ને ગાંભીર્ય વાતાવરણને કોઇ ભવ્ય મધુરતાથી ભરી દે છે. પાછલી રાતના ચંદ્રની પાંખડી જેવી અંજલિમાંથી તેજધારા વહ્યા કરે છે. આકાશના તારાઓ પણ જાણે આ સંતની યાત્રા જોતાં જોતાં સ્તબ્ધ થઇ જાય છે ને ખસતાજ નથી, જેથી સૂર્ય આવીને બધા તારાઓને સામટાં દૂર કરી દે છે.

અજવાળું થતાં સુધી વિનોબાજી વિચારમાં ને વિચારમાં મૌનપણે ચાલ્યા જતા હોય છે. પાછળ આખું યાત્રાદળ જરા પણ અવાજ વગર શાન્તિથી ચાલ્યું આવે છે. રોજનો આઠ દસ માઇલનો પ્રવાસ પાણી પીવાના એકાદ નિમિત્ત સિવાય જરા પણ થંભ્યા વિના ખેડાય છે. તેમની ચાલવાની ઝડપ પણ તેજ હોવાથી આપણે જો માર્ગમાં થોડુંક રોકાયા તો દોડીનેજ તેમને પકડવા પડે છે.

પૂર્વમાં પ્રભાતનું તેજ છવાતાં વિનોબાજી ધીમે ધીમે વાર્તાલાપ શરૂ કરે છે. કાર્યકર્તાઓને જે જે પ્રશ્નો ચર્ચવા હોય છે તે માટે આ તક સારી રહે છે ક્યારેક તત્વજ્ઞાનની ચર્ચા થતી હોય છે તો ક્યારેક ભૂદાન આંદોલનની; ક્યારેક ગ્રામ્યજીવનની ચર્ચા થતી હોય છે તો ક્યારેક સાહિત્યની; ક્યારેક ભાષાવાર પ્રાન્તરચનાની વાતો થતી હોય છે તો ક્યારેક કોઇના અંગત પ્રશ્નો ઉકેલાતા હોય છે. આસપાસના ગામમાંથી કોઈ વિદ્યાર્થી કે શિક્ષક પણ તેમને માર્ગદર્શન માટે ભેટી જાય છે. દરેકને વિનોબાજી પોતાની લાક્ષણિક રીતે જવાબ દે છે. એમાં કદી કદી કોઇ નવાં જ તાત્વિક સત્યો સાંભળવા મળી જાય છે. મારે એમની સાથે ઇશ્વર, એનાં વિવિધ સ્વરૂપો, પુનર્જન્મ, શંકરાચાર્યનો માયાવાદ, ગીતા ને ઉપનિષદની કેટલીક ઉક્તિઓ, વાસનામુક્તિ, આત્મજ્ઞાનીનાં લક્ષણો વગેરે પર સારી એવી ચર્ચા થઇ અને એમના દરેક જવાબ પાછળ ઊંડું ચિન્તન અને સરળ ઉદાહરણોદ્વારા સમજાવવાની એક અધ્યાપકને શોભે એવી રીત મને ખુબ જ આકર્ષક લાગી. આ અનુભવના પુરાવા રૂપે તેમની સાથે થયેલા પ્રશ્નોત્તરોમાંથી નીચેના થોડાક અહિં આપું તો અસ્થાને નહિ ગણાય:—

**પ્રશ્ન**: અસ્તેય વ્રત એટલે શું? મને એ બરોબર સમજાતું નથી

**ઉત્તર**: અસ્તેય. સ્તેય એટલે ચોરી કરવી. અસ્તેય એટલે કોઇનું કંઇ ચોરવું નહીં. અસ્તેય વ્રતને અપરિગ્રહ વ્રત સાથે જોડવાથી તે બરોબર સમજાય. માત્ર ચોરી કરવી એ જ પાપ નથી, સંચય કરવો એ પણ પાપ છે. ચોરી કરનાર જેલમાં જાય છે, ને સંચય કરનાર મહેલમાં. પણ બેઉ ખરાબ છે. તેથી અસંગ્રહનું વ્રત પણ લેવું જોઇએ. બેઉ એકબીજાના પૂરક છે.

**પ્રશ્ન**: ઇશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે કે નિરોધ કરતાં વિકાસ વધુ ઘેરા તમસાન્ધમાં લઇ જાય છે. એ કઇ રીતે? 'વિકાસ' શબ્દ કયા અર્થમાં લેવાનો છે?

**ઉત્તર**: અહીં 'વિકાસ' એ આત્માનો વિકાસ નથી, પણ મન ને શરીરનો છે. આત્મા તો નિરોધ ને વિકાસથી પર છે. માત્ર વિકાસથી કે માત્ર નિરોધથી ઇશ્વર નથી પ્રાપ્ત થતો. માત્ર વિકાસ કરનાર માણસ જો નિરોધ ન કરે તો એ માયા ને વિષયવાસનામાં ફસાઇ જવાનો સંભવ છે. દા. ત. એક માણસને ઉત્તમ સંગીત શીખવું છે એથી એ એક વેશ્યા પાસે જાય છે, (આ માત્ર ઉદાહરણ નથી, સત્ય ઘટના છે) અને સુંદર સંગીત શીખે છે, પણ એ પોતાના પર નિરોધ નથી કરતો. તેથી એ ખોટે રસ્તે ચડી જઇને પતન પામે છે. અહીં એની નિરોધ–શક્તિ જોરદાર હોત તો આમ ન થાત. હવે બીજો વિકાસહીન નિરોધનો દાખલો લ્યો. એક માણસ પોતાના પર તરેહ તરેહના સંયમ લાદે છે 'આ ન ખાવું', 'આમ ન કરવું' વગેરે એનાં વ્રત છે એના ગામમાં એક જ્ઞાની પુરૂષ આવે છે કે જેણે આવાં વ્રત નથી કર્યાં લોકો કહે છે કે તમે એની પાસે જાઓ તો ઘણું જાણવા મળશે. પણ એ જવાબ દે છે, "એ તો મીઠું ખાય છે, એની પાસે હું જઉં?" તો અહીં એ ખોટું કરે છે. વિકાસમાં ખોટા મોહમમતામાં ફસાવાનો વધુ સંભવ છે એટલે એ કદાચ વધુ તમસાન્ધથી ઘેરો છે એમ કહ્યું છે.

**પ્રશ્ન**: પણ "વિકાસ" ઉન્નતિના જ અર્થમાં લઇએ તો?

**ઉત્તર**: તો તેવા વિકાસને ઇસાવાસ્યનું કથન લાગુ પડતું નથી.

**પ્રશ્ન**: આપણી પ્રાર્થનામાં "ॐ તત્સત્ શ્રી નારાયણ" વાળી ધૂન છે એમાં ભગવાનનાં આટલાં બધાં નામ લઇએ છીએ. જો ભગવાન નામરૂપથી પર હોય તો આટલાં બધાં નામના ભેદ શા માટે? સાકાર આલમ્બનની જરૂર જ હોય તો પણ એક જ આલંબન લઇને એમાં તાદાત્મ્ય સાધવા શા માટે ન મથવું?

**ઉત્તર**: ભગવાનનાં જુદાં જુદાં નામ લેવાથી એના જુદાં જુદાં ગુણનું દર્શન થાય. દરેક ધર્મ પોતાના ઇશ્વરને અમુક ગુણદ્વારા જુએ છે. ખ્રિસ્તીઓ પ્રેમસ્વરૂપે જ જુએ છે, તો ઉપનિષદ્ સત્યસ્વરૂપે, કોઇ બ્રહ્મને સત્યમ્, જ્ઞાનમ્, અનન્તમ્ રૂપે જુએ છે. એમાં એનાં જુદાં જુદાં તત્ત્વનું દર્શન થાય છે. વળી વધારે લોકોની મંડળીમાં જુદાં જુદાં ઇશ્વરનાં નામ લેવાથી દરેકને પોતાના ધર્મભાવનો વ્યક્તિગત અનુભવ થાય છે.

**પ્રશ્ન**: તો ઇશ્વર ગુણાતીત નથી, પણ બધા ગુણોનો સમન્વય છે? પણ જો એક ગુણને પૂર્ણરૂપે જોઇએ તો એમાં બધા ગુણો સમાઇ નથી જતા?

**ઉત્તર**: હા, એક ગુણનો પૂર્ણ વિકાસ બધા ગુણોનો અનુભવ કરાવે છે.

**પ્રશ્ન**: પણ ગુણ તો માનવીની દૃષ્ટિએ છે. ઇશ્વર એનાથી પર નથી? શંકરાચાર્યના કહેવા પ્રમાણે બધી માયા નથી?

**ઉત્તર**: હા, પણ આપણે આપણી દૃષ્ટિએ જ સત્યને જોવાનું છે. દરેકનું સત્યદર્શન પોતાના અનુભવ અનુસાર જોઇએ. બીજા કહે છે એ એમને એમ અપનાવી ન લેવું જોઇએ. મેં "ગીતા પ્રવચન" ના દશમા અધ્યાયમાં વર્ણવ્યું છે છે કે મને આ મોરના દર્શનમાં પણ ઇશ્વર દેખાવો જોઇએ. એક ભાઇ મને કહે કે આમ તે કેમ હોઇ શકે? પણ એ પ્રજ્ઞાચક્ષુ છે તેથી એમને એ સમજાવવું મુશ્કેલ છે. છતાં આપણે બીજી ઇંદ્રિયોદ્વારા પણ સત્ય પામી શકીએ. અવાજ સાંભળીને કે તે પણ ન શક્ય હોય તો આંતરદૃષ્ટિથી પામી શકીએ. દરેકનું સત્યદર્શન પોતપોતાની રીતે ઇંદ્રિયજન્ય હોય છે.

**પ્રશ્ન**: જો દરેક જણ પોતાનું જ જોયેલું સાચું કહે તો તો સત્ય–સત્ય વચ્ચે વિરોધ ન જાગે? તો બધું સાપેક્ષ થઇ જાય. સત્યનું એક ને નિરપેક્ષ સ્વરૂપ ક્યાંથી રહે? સત્યમાં આ પ્રકારની પરસ્પરવિરોધી કલ્પના કેમ ચાલે?

**ઉત્તર** : આપણું બધાનું દર્શન સીમિત છે. દરેક જણ એનો એક અંશ જુએ છે. બધાનો સમન્વય થાય તો સત્યનું પૂર્ણ દર્શન કરાય. જેણે એનું પૂર્ણ દર્શન 'કર્યું' છે તે દરેક હકીકતનું સત્ય પારખી શકે. સામે પેલું મકાન છે, તેને એક જણ એક ખૂણેથી જોઇને પીળું કહે, ને બીજું બીજે ખૂણેથી લીલું, ને ત્રીજો ત્રીજે ખૂણેથી લાલ કહે. બધાં પરસ્પર વિરોધી છે, છતાં બધાં એક સાથે સાચાં હોઇ શકે. જેણે આખું ઘર ફરીને જોયું છે તે કહી શકે કે આમાં એક પણ દર્શન ખોટું નથી, પણ દરેક પરિમિત છે.

**પ્રશ્ન** : એ ખરૂં, પણ એમાં દરેક જણનું દર્શન કયાં સુધી સત્ય ગણાય? બધું સાપેક્ષ જ ગણવું ને?

**ઉત્તર** : તમે તો જૈન છો અને જૈન ધર્મમાં આ વાત બરોબર કહેવાઇ છે.

**પ્રશ્ન** : હા, સ્યાદ્વાદમાં તેમ જ છે. પણ મારાથી મનાતું નથી કે બધાનું બધું સાચું કેમ હોઇ શકે?

**ઉત્તર** : આપણે પોતાનું માનેલું સાચું ગણવું, ને બીજું કોઇ બીજું કોઇ સાચું કહે તો "મારૂં જ સાચું હશે" એમ ન માનવું, પણ "તારૂં પણ સાચું હશે" એમ માનવું. પ્રશ્ન 'જ'નો નથી; "પણ" નો છે. સત્યનાં ભિન્ન ભિન્ન સ્વરુપો છે ને દરેક પોતાની દૃષ્ટિએ તેને જુએ છે. તેમાં કોઇ ખોટું નથી.

**પ્રશ્ન** : પુનર્જન્મ વિષે આપનું શું ધારવું છે?

**ઉત્તર** : પુનર્જન્મ પર જાણવાની જ શી જરૂર છે?

**પ્રશ્ન** : સમજાતું નથી કે મરી જઇએ પછી આત્મા કયાં જાય છે? તેથી પૂછું છું

**ઉત્તર** : જીવન અખંડ રહે છે મૃત્યુ ને જન્મ આવે જાય છે પણ જીવન ચાલુ જ રહે છે.

**પ્રશ્ન** : તો શું આત્મા પુનર્જન્મ લે છે?

**ઉત્તર** : પુનર્જન્મ એટલે સ્ત્રીના સંગમાંથી પરિણમતો જ જન્મ એવું કંઇ નહીં. ઇશ્વરી તત્ત્વમાં એક થઇને પણ એનું જીવન ચાલુ રહે છે. પણ જેની વાસના બાકી રહે છે તેને તે તૃપ્ત કરવા પાછો જન્મ લેવો પડે છે.

**પ્રશ્ન** ; તો મોટે ભાગે તો બધાંનો પુનર્જન્મ થાય જ છે ને? જે મુકતાત્મા હોય તે જ મોક્ષ પામે છે ને?

**ઉત્તર** : હા, બીજાની વાસના છૂટવી તો જોઇએ ને! તે વગર મોક્ષ ન મળે.

**પ્રશ્ન** : વાસનામુકત થવા માટે શું સારૂં? એને તૃપ્ત કરવી તે કે એના પર સંયમ લાવવો તે?

**ઉત્તર** : તૃપ્ત કરવાથી કે માત્ર સંયમ લાવવાથી વાસનામુકત ન થવાય. એ માટે તો જ્ઞાન થવું જોઇએ. જે જ્ઞાની છે તેને ખ્યાલ આવી જાય છે કે આમાં કશો લાભ નથી. એટલે એનું મન એમાંથી મોકળું થઇ જાય છે. આમ ન થાય તેને પુનર્જન્મ લેવો પડે છે.

આ રીતે તેમની સાથેની ચર્ચાઓથી મારા વિચારોમાં સારી એવી સ્પષ્ટતા થતી રહી.

પણ તેમની સાથેના પ્રવાસનું વર્ણન કરતાં કરતાં હું જરાક આડે ઉતરી ગઇ. ઉપરનો વર્ણનતન્તુ સાંધતાં આગળ જણાવ્યું તેમ અમારૂં યાત્રાદળ આગળ વધતુ જાય છે રસ્તામાં થતી ચર્ચાની સુમિત્રા ગાંધી ચાલતાં ચાલતાં પણ નોંધ કરે છે. ગામેગામ ઘૂમતાં આ યાત્રાદળમાં દૂર દૂરના પ્રાંતની–અરે પરદેશની પણ– બારેક બ્હેનો ચાલતી નજરે પડે છે. કેટલીક તો જીવનભર સર્વોદય કાર્ય કરવા માટે કુટુંબની ને સંસારની મોહમાયા છોડીને પણ આવી છે. લગભગ દરેક ગામડે તેમને માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હોય છે. અલબત્ત શારીરિક અગવડોમાટે તો દરેક જણે તૈયાર રહેવું જ પડે છે. બિહારની ૧૧૨ ડીગ્રી જેટલી ગરમીમાં પાચનક્રિયા નબળી પડતાં કોઇને મરડો થઇ જાય છે તો કોઇને ટાઇફોઇડ પણ થઇ જાય છે. ખાવામાં તો કદી કદી રોટલી પણ નથી હોતી ને હોય છે તો ઘી વગરની, જાડી જાડી ને કાચી કે કાંકરીવાળી. કયારેક થાકયાં હોઇએ તો પણ લાકડાં અને છાણાથી સળગતા ચુલા પાસે રાંધવા બેસવું પડે છે. પણ આ સન્તના સાનિધ્યમાં આવી અગવડોનો મન ઉપર જરા પણ ભાર લાગતો નથી અને કોઇ અલૌકિક આત્મબળ જે આવે તે સહી લેવા માટે અંદરથી પ્રેરણા આપતું રહે છે.

બિહારમાં પડદો અને જનાનો છે. તેથી ત્યાંનાં લોકો વિનોબાના યાત્રાદળમાં મોટી ઉમરની બહેનોને કશા પણ સંકોચ વિના ફરતી હરતી અને કામ કરતી જોઇને ભારે આશ્ચર્ય પામે છે અને બહેનો વિષે અનેક જાતના તર્ક વિતર્ક અને કદિ કુતર્ક પણ કરે છે. તેમને ટીકી ટીકીને જોઇ રહેતાં નિહાળીને બહેનો પણ કદિ કદિ અકળામણ અનુભવે છે. ફરવા હરવાની આ છૂટ સાથે બહેનોનાં મન તેમજ આચારણ તદ્દન નિર્દોષ અને પવિત્ર હોઇ શકે છે એ સ્થાનિક બિહારીઓની કલ્પનામાં આવી શકતું નથી. આ પણ અમારા માટે એક અનુભવ હતો.

આ યાત્રાદળમાં શાન્તા બ્હેન અત્યારે ૧૯૫૭ સુધી ભૂદાન કાર્ય જ કરવાનો સંકલ્પ લઇને ફરતાં અને વિનોબાજીનો પત્રવ્યવહાર સંભાળતાં દેખાય છે. સાથે બીજા મહાદેવી તાઇ નામનાં એક બાળ-વિધવા બહેન છે જે વિનોબાજીના ખાવાપીવા વિગેરેની બધી વ્યવસ્થા કરે છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાનાં પત્ની ગોમતીબ્હેન પણ સાથે જ છે. આવાં અનેક ભાઇબહેનોને લઇને વિનોબાજી આગળ વધી રહેલા છે રસ્તામાં કેટલાય ખેડુતો સામે આવીને ખુબ આદરભાવથી વંદન કરે છે: સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પસાર થતી હોય છે તે વિનોબાજીને જોઇને અચાનક ઉભી રહે છે અને બધા ઉતારૂઓને ઉતરવા દે છે. બધાંના ભાવપૂર્ણ પ્રણામ ઝીલતાં વિનોબાજી આગળ વધે છે.

અપૂર્ણ ગીતા પરીખ

## સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના લગભગ તૈયાર થવા આવેલા શિવ ખાતેના નવા મકાનનું તા. ૧૦–૬–૫૪ ગુરૂવારના રોજ વાસ્તુ કરવામાં આવ્યું હતું અને સૌ. જાસુદબહેન રમણીકલાલ શાહે સંસ્થાના મકાનમાં કુંભની સ્થાપના કરી હતી. આ પ્રસંગે સંસ્થાની કાર્યવાહક સમિતિના ઘણાખરા સભ્યો હાજર રહ્યા હતા. આ સંસ્થાનો ઉદ્‌ઘાટન સમારંભ આગામી જુલાઇ માસની ૧૪મી તારીખે નક્કી કરવામાં આવ્યો છે. એ સમારંભનું પ્રમુખસ્થાન સંસદના પ્રમુખ માન્યવર શ્રી. જી. વી. માવલંકર શોભાવશે. આ પ્રસંગે જણાવતાં આનંદ થાય છે કે સદ્‌ગત મણિભાઇ સ્મૃતિફંડ સમિતિએ રૂા. ૨૫૦૦૦] એકઠા કરવાનો સંકલ્પ કરેલો તે લગભગ બે વર્ષના ગાળે પૂરો થયો છે.

**વિષયસૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| કાકા સાહેબનો વિવિધવિષયસ્પર્શી વાર્તાલાપ | | ૨૯ |
| આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુ-સંસ્થાની જરૂર છે કે નહિ? | | ૩૧ |
| ગીતામાંથી ફલિત શું થાય છે? હિંસા કે અહિંસા? | | ૩૨ |
| **પુસ્તક પરિચય :** તીર્થંકર વર્ધમાન | ઇન્દુકલા ઝવેરી | ૩૩ |
| લાટનો દંડનાયક | રમણલાલ શાહ | ૩૩ |
| **રાષ્ટ્રનું નવનિર્માણ** | સિધ્ધરાજ ઢઢ્ઢા | ૩૪ |
| **પ્રકીર્ણ નોંધ :** વર્ષાનું મંગળ આગમન, શાળાન્ત પરીક્ષાનું પરિણામ, ભાઇ કીર્તિકાન્ત અને ભાઇ અરવિન્દને ધન્યવાદ, મુંબઇ સરકાર સામે બંડખોર બનેલી પાટણની જૈન વીશાશ્રીમાળી જ્ઞાતિ | પરમાનંદ | ૩૫ |
| એક સંસ્કારયાત્રા | ગીતા પરીખ | ૩૭ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ.૪
પ્ર. જૈન વર્ષ ૧૪—પ્ર. જીવન વર્ષ ૨
અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જુલાઈ ૧૯૫૪ ગુરૂવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના
તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## સંતતિનિયમન

### ચોંકાવનારો વસ્તીવધારો.

આજે વસ્તી નિયંત્રણનો પ્રશ્ન સામુદાયિક તેમજ વ્યકિતગત રીતે આપણી સામે આવીને ઉભો રહ્યો છે. ભારતના સેન્સસ કમીશનર શ્રી આર. એ. ગોપાલસ્વામીએ પોતાના સેન્સસ રીપોર્ટમાં જણાવ્યું છે કે આજે ભારતમાં જે રીતે વસ્તી વધી રહી છે તે રીતે વધ્યા કરે તો ૧૯૫૧ માં ૩૬ કરોડ. ૧૯૬૧ માં ૪૧ કરોડ. ૧૯૭૧ માં ૪૬ કરોડ અને ૧૯૮૧ માં ૫૨ કરોડના આંકને ભારતની વસ્તી પહોંચી જાય. તેમના મત પ્રમાણે ૪૫ કરોડથી વધારે વસ્તીને ભારત કોઇ પણ સંયોગમાં ખોરાક પુરો પાડી શકે તેમ નથી. અને વસ્તીના આ આંકડા ઉપર તો આપણે ૧૯૬૯ ના અરસામાં પહોંચી જવાના પછી શું? વધતી જતી વસ્તીનું આપણે પછી શી રીતે પોષણ કરી શકીશું? આજે પણ અનાજનું ઉત્પાદન ૭૦૦ લાખ ટન છે એટલે કે આપણી આજની જરૂરિઆત કરતાં ૫૦ લાખ ટન ઓછું છે. આજની વપરાશના ધોરણે ૧૯૮૧ માં ભારતની વસ્તીને ટકાવવા માટે ૧૦૮૦ લાખ ટન અનાજ જોઇશે, જ્યારે આજના ૬૫૦ લાખ ટનના સ્થાને આપણે એ મુદત સુધીમાં વધારેમાં વધારે ૮૯૦ લાખ ટન અનાજ પેદા કરી શકીએ તેમ છે. આ રીતે સામુદાયિક દૃષ્ટિએ વિચારતાં વસ્તીના વધારાનો પ્રશ્ન દૂરગામી ગણતરીએ સૌ કોઇ વિચારકો માટે અવશ્ય ચિન્તાજનક બને છે અને અનાજનું પરિમિત ઉત્પાદન પૂરતું થઇ પડે એ રીતે વસ્તી વધારાના પ્રમાણને ટુંકાવવાના ઉપાયો વિચારવાની, શોધવાની; અમલમાં મૂકવાની આપણને ફરજ પડે છે.

### આ વસ્તીવધારો એટલો ચિન્તાજનક કદાચ ન પણ હોય.

આની સામે એમ જરૂર કહી શકાય તેમ છે કે વિજ્ઞાનની શોધો કાંઇ અટકી ગઇ નથી. તે દ્વારા ઉત્પાદનનું પ્રમાણ આજે આપણે માપીએ છીએ તે કરતાં વધારે વધવાનો પૂરો સંભવ છે. વળી અનાજભક્ષી ઉદરો વધે છે તો પેદા કરનારા હાથ પણ તેથી બમણાં વધે છે. તેની ઉત્પાદનશકિત પણ વધતી જ રહેવાની છે. વળી કુદરત અવારનવાર નાના મોટા કોપ વરસાવીને વસ્તીવધારા ઉપર અણધાર્યો કાપ મૂકતી જ હોય છે. તેમાં જેમ અમાપ ઉત્પાદનશકિત છે તેમ જ અસાધારણ સંહારક શકિત રહેલી છે, જે વડે દુનિયાની વસ્તીનું સમધારણ તે જાળવતી આવી છે. છેલ્લાં વીશ કે ત્રીશ વર્ષના આંકડાઓ ઉપરથી તારવેલાં પ્રમાણોને ઉલટાવે એવાં હવે પછીનાં ત્રીશ વર્ષ દરમિયાન કંઇ કંઈ પ્રતિકુળ ફેરફારો નિર્માણ થવાની સંભાવના રહેલી છે. આ રીતે વિચારતાં આપણને સેન્સસ કમીશનર જે રીતે ભડકાવે છે તેટલા પ્રમાણમાં તત્કાળ ચિન્તા કરવા જેવો આ પ્રશ્ન કદાચ ન પણ હોય.

### સામુદાયિક નહિ પણ વ્યકિતગત રીતે આ પ્રશ્નની વિચારણા

આ પ્રશ્નની સામુદાયિક નહિ પણ વ્યકિતગત બાજુ એવી છે કે જેની આપણાથી ઉપેક્ષા થઇ શકે તેમ નથી. આ નોંધનો ઉદ્દેશ પણ આ વ્યકિતગત બાજુની ચર્ચા કરવાનો છે અને તેમાં પણ જે વર્ગના આપણે ગણાઇએ છીએ તે કહેવાતા મધ્યમ વર્ગને કેન્દ્રમાં રાખીને આ પ્રશ્ન ચર્ચીએ તે વધારે યોગ્ય લેખાશે.

### ઉંચે જતું જીવન ધોરણ

આજે આપણ સર્વનું લક્ષ્ય જીવનધોરણને ઉંચું કરવા ઉપર કેન્દ્રિત થયેલું છે. જીવનનું ધોરણ ઉંચું કરવું એટલે મનસ્વીપણે જીવનની જરૂરિયાતો વધાર્યે જવી એમ નહિ, પણ જીવનને વધારે સુઘડ, સુન્દર, સંસ્કારસંપન્ન બનાવવું, બાળકોના શિક્ષણનો વધારે સારો પ્રબંધ કરવો, અંદર રહેલી શકિતઓ બહાર આવે અને જીવનની જુદી જુદી બાજુઓ ખૂબ ખીલે એવો જીવનપ્રબંધ સાધવો—તે તરફ આપણું મન આકર્ષાયલું રહે છે. અલબત્ત આનું આડકતરૂં પરિણામ જીવનની જરૂરિયાતો અમુક પ્રમાણમાં વધારવામાં આવે તે સ્વાભાવિક છે.

### ભાંગતી જતી સંયુકત કુટુંબરચના

આજે સંયુકત કુટુંબની રચના નષ્ટ થઇ રહી છે. એક વખત એવો હતો કે જયારે ચાર કે પાંચ ભાઇઓ પોતાનાં બાળબચ્ચાં સાથે એક કુટુંબની છત્રછાયા નીચે રહેતા, દરેકની કમાણી ઓછી યા વધતી એક કોથળીમાં ભેગી થતી અને નબળાંસબળાં સૌ કોઇનો સાથે નિર્વાહ થતો. વિધવા બહેન, દીકરી, ભાભી, ભત્રીજી પણ આ તંત્રમાં પોષાતી. આજે જીવનનું દૃષ્ટિબિન્દુ વધારે સ્વલક્ષી થયું છે. જેનામાં શકિત હોય તે આગળ જવા માંગે છે અને પોતાની કમાણીનો પોતે જ ઉપભોગ કરવા ઇચ્છે છે. કુટુંબનાં એકમો જુદા પડતાં સરવાળે સૌના જીવનનિર્વાહનો ખર્ચ વધ્યો છે અને પરિણામે આર્થિક ભીંસ વધારે તીવ્ર બની છે.

### દ્રવ્યોપાર્જનની વધતી જતી મુશ્કેલી

જે મધ્યમ વર્ગનો આપણે વિચાર કરીએ છીએ તેની રહેણીકરણીનું ધોરણ આપણે ઉપર જોયું તે રીતે એક બાજુએ વધ્યું છે અને બીજી બાજુએ દ્રવ્યોપાર્જન વધારે ને વધારે મુશ્કેલ બનતું જાય છે. આ રીતે જેમ કુટુંબ વધારે બાલબચ્ચાવાળું તેમ ખર્ચને પહોંચી વળવાની વિકટતા વધારે એમ આપણે સતત અનુભવી રહ્યા છીએ.

### સંતતિનિયમનના ઉપાયો

આ પ્રકારની સમગ્ર પરિસ્થિતિનું ભાન સંતતિનિયમનના પ્રશ્નને આપણી સમક્ષ ઉત્કટપણે રજુ કરે છે. પહેલાં જ્યારે જીવન આર્થિક દૃષ્ટિએ આજના પ્રમાણમાં વધારે સરળ સુખરૂપ હતું અને જીવનની જરૂરિયાતોના ખ્યાલો બહુ મર્યાદિત હતા ત્યારે કુટુંબમાં નવા બાળકનું આગમન ભાગ્યશાળીપણાની નિશાની લેખાતી. વળી આપણા નસીબમાં હોય એટલાં બાળકો આપણને મળે. આવતા બાળકને અટકાવવાનો કોઈ ઉપાય નથી તેથી આવે તેને આનંદથી વધાવી લેવું—એવું વલણ આપણામાં કેળવાતું. આજે ઉપરાઉપરી અથવા તો બે ત્રણથી વધારે બાળકોના આગમનને આપણું દિલ

આવકારતું નથી. આજની બુધ્ધિ જે કાંઇ બને તેને નસીબનું પરિણામ લેખીને શાન્તિ અને સમભાવથી સ્વીકારવાને તૈયાર નથી. આજનું આખું વિજ્ઞાન કુદરતના સ્વાભાવિક પરિણામોને માનવી સમાજની જરૂરિયાત અને અનુકુળતા મુજબ અંકુશમાં લાવવા મથે છે અને તેણે સંતતિ-નિયમનના ઉપાયો પણ શોધી કાઢયા છે. આ ઉપાયો હજુ અપૂર્ણ છે, ખર્ચાળ છે, પણ બિનખર્ચાળ અને સપૂર્ણ રીતે સહીસલામત ઉપાયો જોતજોતામાં આપણી સામે આવીને ઉભા રહેવાનો પૂરો સંભવ છે. આ ઉપાયો બે પ્રકારના છે. એક તો સ્ત્રીપુરૂષના જાતીય સંબંધને ગર્ભાધાનમાં પરિણમતું અટકાવનારાં બનાવટી સાધનો. બીજી અમુક સંતતિ થયા બાદ ભવિષ્યમાં સંતતિ ન થાય તે માટે કાં તો સ્ત્રી ઉપર અથવા તો પુરૂષ ઉપર કરવામાં આવતી શસ્ત્રક્રિયા આમાં સ્ત્રી કરતાં પુરૂષ ઉપરની શસ્ત્રક્રિયા વધારે સહેલી, ઓછી ખરચાળ અને તદ્દન બીનજોખમી લેખાય છે. આ સાધનો અને ઉપાયોનું સંતતિની મર્યાદા ઇચ્છતા ગૃહસ્થાશ્રમી સ્ત્રીપુરૂષોએ અવલંબન લેવું યોગ્ય છે કે નહિ તે આજનો એક અતિ ચર્ચાસ્પદ પ્રશ્ન છે.

### સંતતિનિયમનનાં માઠાં પરિણામો?

આ રીતના સંતતિ-નિયમનથી શરીર ઉપર નીપજતાં કહેવામાં આવતાં માઠાં પરિણામે કાં તો કેવળ કાલ્પનિક અથવા તો સશયાસ્પદ હોય એમ લાગે છે. વસ્તુતઃ આનાં શારીરિક દૃષ્ટિએ અહિતકરપણા વિષે કંઇ પણ નિશ્ચતપણે કહી શકાય એટલો અનુભવ હજુ આપણી પાસે છે જ નહિ. કારણ કે દુનિયામાં અને ખાસ કરીને આપણા દેશમાં આ સાધનોનો ઉપયોગ હજુ શરૂઆતનો જ છે. આ બાબત તદ્દન જ નવી હોઇને તેમ જ આપણા આજ સુધીના પરાપૂર્વના સંસ્કાર અને વિચારપરંપરાથી એકદમ પ્રતિકુળ હોઇને અમુક વિચારકોનો વર્ગ તેનો સખ્તમાં સખ્ત વિરોધ કરે છે અને આવી પ્રવૃત્તિને ભારે અધર્મમય લેખે છે, જ્યારે બીજો વર્ગ તેને માનવજાત માટે એક મહાન આશીર્વાદરૂપ ગણે છે અને તેનો જોરશોરથી પ્રચાર કરે છે,

### સંતતિનિયમન પણ બ્રહ્મચર્યવડે

આજની પરિસ્થિતિ-સામુદાયિક તેમજ વ્યકિતગત-ધ્યાનમાં લેતાં સમાજના ભાવીની ચિન્તા સેવતો એવો એક પણ વિચારક નહિ મળે કે જે આજના સંયોગોમાં સંતતિનિયમનના મહત્ત્વનો પાયામાંથી જ ઇનકાર કરશે. સંતતિનિયમન આજે જરૂરી છે એમ તો તે પણ કહેશે, પણ સાથે સાથે તે એમ કહેશે કે આ નિયમન શુધ્ધ અથવા તો સમજણપૂર્વકના બ્રહ્મચર્યથી કરો, પણ બનાવટી સાધનો અથવા તો શસ્ત્રક્રિયાથી નહિ. એમાં કોઇ શક નથી કે બ્રહ્મચર્યસિધ્ધ સંતતિનિયમન ઉત્તમ છે અને આવું બ્રહ્મચર્ય અમલી બનાવવું સહેલ હોય તો બીજો વિચાર કરવાની જરૂર પણ નથી. પણ આજ સુધીના અનુભવે પુરવાર કરી આપ્યું છે કે આવું બ્રહ્મચર્ય સાધારણ માનવી માટે લગભગ અશકય જેવું છે. માસિક રૂતુચક્ર અનુસાર અમુક દિવસોનું નિયમિત બ્રહ્મચર્યપાલન પણ મુશ્કેલ અને સાથે સાથે ઘણા કીસ્સાઓમાં અવિશ્વસનીય માલુમ પડયું છે.

આપણામાં કેટલાએકનું એમ કહેવું છે કે બ્રહ્મચર્ય આર્ય-સંસ્કૃતિના પાયામાં રહેલું એક મહાન જીવનતત્ત્વ છે. આપણા પૂર્વજો બ્રહ્મચર્યની ઉપાસનાને જીવનસાધનાનું એક મહત્ત્વનું અંગ લેખતા હતા અને તેમને બ્રહ્મચર્યનું પાલન આજે આપણે ધારીએ છીએ તેવું કદિ મુશ્કેલ લાગ્યું નહોતું. આજે પણ બ્રહ્મચર્યદ્વારા બીનજરૂરી સંતતિનો નિરોધ કરવો તે જ યોગ્ય છે બીજો માર્ગ કેવળ વિનાશ તરફ લઇ જનારો છે.

### બ્રહ્મચર્યનો આદર્શ અને આજની વાસ્તવિકતા.

બ્રહ્મચર્યના મૂલ્ય અને મહત્વ વિષે બેમત છે જ નહિ આજે આપણી વૃત્તિ બ્રહ્મચર્યની બાબતમાં શિથિલ બની રહી છે એ પણ આપણે કબુલ કરવું જોઇએ. પણ જો કે આપણા પ્રાચીન પૂર્વજો વિષે આપણે કશું ચોકકસપણે કહેવાની સ્થિતિમાં નથી, એમ છતાં પણ જેને આપણે જાણીએ છીએ તે આપણી નજીકની પૂવ પેઢીઓ વિષે જો કોઇ એમ કહે કે તેઓ સંતતિ માટે જ વિષયસેવન કરતા હતા અને જરૂર જણાતી ત્યારે બ્રહ્મચર્ય વડે જ સંતતિ ઉત્પાદન બંધ કરતા તો હકીકતરૂપે આ મંતવ્ય બરોબર નથી. અપવાદરૂપ કોઇ ગૃહસ્થ ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્ય ધારણ કરનાર કદિ કદિ નીકળી આવતો, પણ સામાન્યતઃ આગળની પેઢીનાં માબાપો સંતતિનિયમનની ભાગ્યે જ જરૂર અનુભવતા. સાત દીકરાના માબાપ થજો એ તો આશીર્વાદ લેખાતો. બે ત્રણ બાળકોથી સંતોષ માનીને બ્રહ્મચર્ય સ્વીકાર્યું એવાં દૃષ્ટાંતો ભાગ્યે જ સાંભળવામાં આવતા. ધર્મશાસ્ત્રોમાં બ્રહ્મચર્યની પ્રશસ્તિ પારવિનાની કરવામાં આવી છે, પણ સંતતિ-નિર્માણ પૂરતો વિચાર કરીએ તો વાસ્તવિક ગૃહસ્થજીવનમાં બ્રહ્મચર્યથી આપણી પેઢી જેટલી દૂર છે તેટલી જ લગભગ આગળની પેઢીઓ દૂર હતી. સુદીર્ઘ બ્રહ્મચર્યનું પાલન અવ્યવહારૂ લાગવાના પરિણામે જ આગળ જેમ ચાલતું હતું તેમ ચાલવા દેવું કે ઉપર જણાવેલા ઉપાયોદ્વારા સંયોગો અને જરૂરિયાત મુજબ સંતતિનિરોધ કરવો એ પ્રશ્ન આપણી ઉત્કટ વિચારણાનો વિષય બને છે.

### કામતૃપ્તિ અને પ્રજોત્પત્તિ

કેટલાએક નીતિધર્મના ચિન્તકો અને ઉપદેશકોને સંતતિનિયમન અને તેનાં સાધનોની ચર્ચા જ ભારે વિચિત્ર અને હાસ્યાસ્પદ લાગે છે તેમના અભિપ્રાય મુજબ વિષયસેવન કેવળ પ્રજોત્પત્તિ અર્થે જ થવું જોઇએ. એટલે ફલિત એમ થયું કે સંતતિ જોઇતી ન હોય તો વિષયસેવન બંધ કરો. પણ આ કાંઇ બેને બે ચાર જેવી સાદી સીધી બાબત નથી. વિષયસેવન પ્રજોત્પત્તિ અર્થે થવું જોઇએ એ તો એક નૈતિક નિયમ થયો. પણ સાધારણતઃ વિષયસેવન માત્ર પ્રજોત્પત્તિ અર્થે જ થાય છે એમ છે જ નહિ. પ્રજોત્પત્તિ જરૂર તેનું એક અવાન્તર પરિણામ છે. પણ તે સિવાય પણ માનવી જીવનમાં વિષયસેવનને પણ એક સ્વતંત્ર સ્થાન છે. ખાનપાન તો માણસને જન્મથી લાગેલાં છે. પણ અમુક ઉમ્મરે દરેક સ્ત્રી અને પુરૂષના દિલમાં કામવૃત્તિ જાગે છે. ઉમ્મર વધતાં આ વૃત્તિ વધારે તીવ્ર બને છે અને તૃપ્તિ શોધે છે. આ વૃત્તિ અમુક મર્યાદામાં રહીને સંતૃપ્ત થાય અને સાથે સાથે સંસારતન્તુ ચાલ્યા કરે એ માટે ગાળે ગાળે પ્રજોત્પત્તિ પણ થયા કરે—આ હેતુથી લગ્નસંસ્થાની યોજના કરવામાં આવી છે. શરીર અને મનના વિકાસમાં યથાકાળે ઉચિત રીતે કામવૃત્તિની તૃપ્તિ આવશ્યક બને છે અને પરિતૃપ્તિ સિવાય જીવન અધુરૂં લાગે છે. અમુક વયે શરીરના અને મનના વિકાસમાં તે મહત્વનો ફાળો આપે છે. સંન્યસ્ત જીવનના ધોરણે કામવૃત્તિની તૃપ્તિ ગમે તેટલી હોય અને હાનિકારક હોય, પણ ગૃહસ્થ જીવનમાં કામતૃપ્તિની ચોકકસ ઉપયોગિતા છે અને પતિપત્નીને એક રૂપ તેમજ એકચિત્ત બનવામાં તે અવશ્ય મદદરૂપ થાય છે. આ રીતે વિચારતાં પ્રજોત્પત્તિના હેતુથી વંચિત એવી કામતૃપ્તિ કેવળ નિન્દનીય અને તિરસ્કરણીય છે એમ એકાન્તપણે માનવાને કશું કારણ નથી. અલબત્ત એ વૃત્તિ ઉચિત મર્યાદાઓ છોડીને તૃપ્તિ શોધવા માંડે ત્યારે તે જરૂર અનીતિમય-અધર્મમય-બને અને તેમાંથી અનેક અનિષ્ટ અનર્થો જન્મવાનો સંભવ પણ રહે. આ રીતે કામવૃત્તિને લગતી આ વાસ્તવિકતાનો, બ્રહ્મચર્યનો આદર્શ આગળ ધરતી વખતે, આપણને પુરો ખ્યાલ રહેવો ઘટે છે. દરેક વિષય-સેવનના પ્રસંગે પતિપત્ની પ્રજોત્પત્તિનો જ વિચાર કરે છે એમ હોતું જ નથી. તે સેવનનો આનંદ જ ઉભયના દિલમાં મુખ્ય સ્થાને હોય છે અને એમાંથી કદિ ગર્ભાધાન થઇ જાય તો તે કેવળ અકસ્માત હોય છે. સંતતિની અપેક્ષા હોય ત્યાં સુધી આ અકસ્માતનું ભાન ઉભયને આનંદ અને જીવનપરિતૃપ્તિનો અનુભવ કરાવે છે; સંતતિની અપેક્ષા ન હોય ત્યારે આ અકસ્માત ઉભયના દિલમાં એક પ્રકારનો રંજ, ગ્લાનિ પેદા કરે છે. વણમાગી સંતતિથી બચવું અને કામવૃત્તિ સાધવી એ સંતતિરોધક સાધનોનો હેતુ છે. ધારી વસ્તુ મેળવવી અને તેને લગતાં અનિષ્ટ પરિણામથી દૂર રહેવું એ માનવીનો જગજુનો સ્વભાવ છે. જ્યાં સુધી આવી પ્રવૃત્તિ સાથે બીજો કોઇ અધર્મ, અન્યાય, અસત્ય કે અનર્થ જોડાયલો ન હોય ત્યાંસુધી આવી પ્રવૃત્તિને જ દોષમય લેખવી તે બરોબર નથી.

અપૂર્ણ

પરમાનંદ.

# જૈનો અને ખેતી

(તા ૧૩-૬-૫૪ના વિશ્વવાત્સલ્યમાં પ્રશ્નોત્તરી વિભાગમાં ઉપર જણાવેલ વિષય સંબંધમાં એક ભાઈએ પ્રશ્ન પૂછયો છે અને તેનો મુનિ સન્તબાલજીએ જવાબ આપ્યો છે તે બન્ને અહિંસાને લગતી રૂઢિગત જૈન વિચારણામાં નવી સુઝ આપનારા હોઇને નીચે આપવામાં આવે છે. **તંત્રી.**)

**પ્રશ્ન**—હું એક ખેતીના ધંધામાં પડેલો **જૈન** છું. હું શાળા છોડયા પછી મુંબઇ અને કલકત્તા ચાર વર્ષ લગી રહ્યો હતો. ત્યાંની ધમાલથી મન ઉચક રહેતું હતું; તેવામાં મહાત્મા ટોલસ્ટોયનું, 'ત્યારે કરીશું શું ?' વાચ્યું, પછી તો વેપારનાં કાળાં ધોળાં સાલવા લાગ્યાં ને સ્વાશ્રયનો શોખ લાગ્યો. ખેતી બરાબર શીખું છું ને મને હિમ્મત છે કે હું તે જરૂર કરી શકીશ. સવાલ એ છે કે ખેતીમાં કેટલીક હિંસા વિના છૂટકો જ થતો નથી. દા. ત. ફળઝાડના કયારામાં અસંખ્ય કીડીઓ હોય ને પાણી પાઇએ કે બધી ખલાસ થઇ જાય. ખોદવા કરવામાં ઢગલાબંધ અળસિયાં કપાઇ જાય. ગામડાનાં ઘરોમાં મકોડાઓ ઉભરાઈ જાય. ડી. ડી. ટી. છાંટીને તેનો નાશ કરવો પડે ! લીલોતરી કચરવી પડે ને તોડવી પડે. પાક **થયા** પછી જીવાત પડે તો સંહાર કરવો અનિવાર્ય થાય. આવા સંજોગોમાં એક જૈન કુટું-બમાં જન્મેલો હું ખેતીમાં ન પડું ને ખાદી ગ્રામોદ્યોગોનો વ્યવસ્થાપક બનું અથવા બીજા કેટલાંકની જેમ જનોપયોગી સંસ્થામાં નોકરી કરું કિંવા સાહિત્યકાર બનું તો ખેતી કરતાં તે ઓછો પાપમય ધંધો ગણાય કે નહી ?

**ઉત્તર**:—મારે મન જૈન એટલે હિંસાથી ભડકીને ભાગનારો નહીં. પણ હિંસામય વાતાવરણમાં અહિંસાનો પ્રભાવ બતાવી શકનારો આદર્શવીર. આદિનાથ તીર્થંકરે એક આદર્શ જૈન તરીકેના પોતાના ગૃહસ્થાશ્રમના શાસક જીવનમાં સમાજ વ્યવસ્થા માટે જનતાને જાતે ખેતી તરફ સક્રિય રીતે દોરી હતી. આ જૈન આગમની વાત તમે જાણતા હશો. એ ન ભૂલવું જોઇએ કે તીર્થંકરના જીવનની જન્મથી માંડીને પ્રત્યેક ક્રિયા અનુકરણીય હોવાનું પણ જૈનોને માન્ય છે. ફળ વગેરેના યુગમાંથી લોકો અનાજના યુગમાં ગયા તેમાં જૈન પ્રેરણા પડી છે, તેમ અનાજ સાથે દૂધનો યુગ લાવવામાં પણ જૈન શ્રાવકોનો ફાળો ઓછો નથી. બે વિશ્વયુધ્ધોને લઇને તથા ભાગલા પડવાને લીધે આ દેશનો વચગાળાનો સમય અનાજતંગીનો આવી ગયો અને જેને પરિણામે અપ્રમાણિકતાને અને કેંદ્રિત તંત્રને પોષનાર અળ-ખામણા ફરજિયાત અંકુશો વર્ષો સુધી વેઠાયા. આજે અનાજની દિશામાં સ્થિતિ કંઇક સુધરી ગણાય, પરંતુ ખેતીમાં હાલ જે વિજ્ઞાન દાખલ થયું છે, તે વિજ્ઞાનમાંથી હિંસાનું ઝેર કાઢી નાખવામાં સુશિ-ક્ષિત, વીર **અને** વિવેકી જૈનોએ આગળ આવવું જોઇએ. અનાજ વિના ચાલવાનું નથી, તો પછી અનાજ ઉત્પાદનના ધંધામાં સાચા જૈનો જેટલી હદે દાખલ થશે, તેટલી હદે જંતુઓથી અન્નરક્ષણના સંબંધમાં શકય તેટલી અહિંસક નવી નવી રીતો આપોઆપ દાખલ થતી જશે. જીવો પેદા કરીને સંહારવા પડે તે કરતાં, જીવો ઓછા પેદા થાય તે સ્થિતિ સર્જવામાં જૈનશાસ્ત્રવિજ્ઞાન ઠીક ઠીક ઊંડું ઊતર્યું જણાય છે. આથી જ તેણે વસ્તુ મૂકવામાં **અને** ફેંકવામાં સુધ્ધાં ઘણો વિવેક બતાવ્યો છે. શકડાળ નામના કુંભારને પણ ઉચ્ચ વિવેકી શ્રાવક ગણતાં જૈનશાસ્ત્રો અચકાયાં નથી. સંખ્યાબંધ વાસણો રોજીંદાં પેદા કરનારા એ કુંભારને નિંભાડા પકવવામાં રોજ કેટકેટલું નાની જીવાત હણાવાથી પાપ થતું હશે ? પણ જૈન સૂત્રોએ તેનો ધંધો છોડાવ્યો નથી. અનિવાર્ય લોકોપયોગી દરેક ધંધામાં માત્ર વિવેક અને જાગૃતિ રાખવાનું જરુર સૂચવ્યું છે. આજે જ્યારે અન્ન ન મળવાને કારણે અનેક માનવ-ભાંડુઓને અવળે માર્ગે ચઢી જવું પડતું હોય, દેશમાં સ્વાવલંબનરૂપી સ્વાતંત્ર્ય ગિરો મૂકવાની દુર્દશા ઊભી થતી હોય ત્યારે જૈનોએ અન્ન દૂધ અને ગ્રામોદ્યોગની દિશામાં પોતાની અનેકવિધ શકિતઓ રેડીને શકય તેટલી અહિંસા, સચ્ચાઇ અને પ્રમાણિકતા પોતામાં જ નહીં, દેશમાં સુધ્ધાં ફેલાવવામાં મુખ્ય નિમિત્ત-રૂપ બનવા મોખરે આવી ઊભવું જોઇએ. આ હું માત્ર વ્યવસ્થા-પકતા કે નોકરીની દૃષ્ટિથી નહીં પણ ઉત્પાદકપણાની દૃષ્ટિ સાથે જૈનશ્રાવકોને કહું છું. અલબત્ત શહેરને બદલે ગામડું, વ્યકિતને બદલે સંસ્થા અને બીજા વેપારોને બદલે ગ્રામોદ્યોગના કામને પસંદગી આપવી સારી છે જ. પણ આજે લેખકો અને આવા કાર્યકરો તો દેશના બીજા વર્ગોમાંથી પણ મળશે. એટલે તમારા જેવા જૈનકુળમાં જન્મેલા જે ભાઇઓ ખેતીમાં પડયા જ છે તો તે ધંધાનો પોતાના અને જૈન સમાજના વિકાસમાં ઉપયોગ કરે તે વધુ સારૂં છે. જ્યાં-લગી જીવાતને અટકાવવાનાં આજ કરતાં વધુ શુધ્ધ સાધનો ન શોધાય ત્યાં લગી બીજાઓને ચીલે ચાલીને તમારા જેવાને એ માર્ગ લેવો પડે, તો તે અનિવાર્ય હિંસા ગણીને તેમાં વિવેક વાપરી જેટલું બચી શકાય તેટલું બચવું. વળી ખેતીના ધંધાનું પાપ એકલા ખેડુ-તને લાગે છે એમ પણ નહીં માનવું. ઊલટું તમારા જેવા ભાઇઓ ખેતીમાં દાખલ થઇને અહિંસાની દિશામાં નમૂનાઓ ધરશે, તો તેમાંથી તમે અને સમાજ બન્ને હિંસાથી વધુ બચશો એમ પણ હું માનું છું. આટલા વિસ્તારથી તમે સ્પષ્ટ સમજી શકશો કે હવે તમે બીજા કોઇ પણ ધંધાને પસંદ કરો, તેના કરતાં ખેતીના ધંધામાં વિવેકમય અહિંસા જાળવો તે બીજા ધંધાઓ કરતાં સારું છે તેમ હું કહેવા માગું છું અને તેના સમર્થનમાં મને જે ભાસ્યાં તે પૈકીના થોડાં પ્રમાણો પણ મેં ઉપર ટાંકી દીધાં છે.

**સંતબાલ**

# રશીઆ વિષે

એપ્રીલ માસની ૨૪મી તારીખે હિંદની ૧૬ બહેનોનું એક પ્રતિનિધિમંડળ શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાયની આગેવાની નીચે મુંબઇથી આકાશમાર્ગે રશીઆ જવા ઉપડયું હતું. આ મંડળમાં દિલ્હી, કલકત્તા, મદ્રાસ, મુંબઇ વગેરે શહેરોમાં વસતી બહેનો જોડાઇ હતી. મુંબઇથી જોડાયલી ગુજરાતી બહેનોમાં શ્રી ઉર્મિલા મહેતા, શ્રી સરોજબહેન વ્યાસ, શ્રી પૂર્ણિમાબહેન પકવાસા, શ્રી લીલીબહેન પંડયા તથા મીસીસ ડી. આર. ડી. વાડીઆ હતાં. રશીઆનો આખો પ્રવાસ રશીઆની સરકારે ગોઠવ્યો હતો. રોમથી તેમને વીએના અને ત્યાંથી મોસ્કો લઇ જવામાં આવ્યા અને મોસ્કોમાં સારી રીતે ફેરવ્યા બાદ લેનીનગ્રાડ, દૂર દક્ષિણે યુઝબેકીસ્તાનમાં ટાસ્કંદ, સમરકંદ, તથા સોશી—આટલાં સ્થળોએ તેમને ફેરવવામાં આવ્યાં અને માગી તે માહીતીઓ પૂરી પાડવામાં આવી. આ પ્રવાસ પૂરો કરી ઘણી ખરી બહેનો જુન માસના પહેલા અથવા તો બીજા અઠવાડીઆમાં પાછી ફરી. આ બહેનોમાંથી શ્રી લીલીબહેન પંડયા (સદ્દગત ડૉ. અનન્ત પંડયાનાં પત્ની) ને અને શ્રી પૂર્ણિમાબહેન પકવાસાને પોતાનાં પ્રવાસનાં સંસ્મરણો રજૂ કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તે નિમંત્રણનો સ્વીકાર થતાં સંઘ તરફથી તા. ૨૩-૬-૫૪ બુધવાર સાંજના સમયે ૬-૧૫ વાગ્યે જન્મભૂમિ કાર્યાલયમાં તે બંન્ને બહેનોનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. જન્મભૂમિનો લાઇબ્રેરી હોલ રશીઆ વિષે જાણવાની ઇન્તેજારી ધરાવતાં ભાઇ બહેનોથી ભરાઇ ગયો હતો. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ નિમંત્રિત બન્ને બહેનોનો પરિચય આપતાં જણાવ્યું કે

"આજથી પચાસ વર્ષ પહેલાં રશીઆ જવાની કોઇને કલ્પના સરખી પણ આવતી નહોતી. આજે પણ બહારના લોકો માટે રશીઆનાં દ્વાર સાધારણતઃ બંધ છે, તેથી જો કોઇ ખાસ પરવાનગી મેળવીને રશીઆ જઇ આવે છે તો તેના વિષે આપણા મનમાં ખૂબ કૌતુક રહે છે. આમાં પણ રશીયન સરકારના નિમંત્રણથી હિંદની અગેવાન મહિલાઓનું એક નાનું સરખું મંડળ જાય અને તેમાં આપણા વર્તુળમાંની બહેનો પણ હોય તો તેમણે શું જોયું જાણ્યું તે સાંભળવા આપણે બધાં ય ખૂબ કુતુહલ અનુભવીએ તે તદ્દન સ્વાભાવિક છે. આજે જે બહેનોને આપણે નિમંત્રણ આપ્યું છે એ બહેનો જન્મથી જૈન છે એ હકીકત, આજની સભા યોજનાર એક જૈન સંસ્થા છે એ દૃષ્ટિએ, સવિશેષ ગૌરવપ્રદ બને છે." આ રીતે આ બન્ને બહેનોને આવકાર આપ્યા બાદ પ્રારંભમાં શ્રી લીલીબહેને અને પછી શ્રી પૂર્ણિમાબહેને રશીઆમાં ઉભયે જે કાંઇ નિહાળ્યુ અને અનુભવ્યું તેનો ઠીક ઠીક વિગતવાર ખ્યાલ આપ્યો વાર્તાલાપ દરમિયાન અનેક પ્રશ્નોત્તરો થયા અને એ રીતે રશીઆએ અનેક ક્ષેત્રોમાં કરેલી વિસ્મયજનક પ્રગતિનું અને પુરૂષાર્થભરી સાધનાનું એક ભવ્ય ચિત્ર શ્રોતાઓ સમક્ષ તેમણે સાદી, મધુર, છતાં સચોટ ભાષામાં રજુ કર્યું અને સૌને આનંદ તથા વિસ્મય વડે મુગ્ધ બનાવ્યા. લગભગ બે કલાક વાર્તાલાપ ચાલ્યો અને સૌએ કાંઇક નવું જાણ્યાનો રોમાંચ અનુભવ્યો. શ્રી લીલીબહેને આખા પ્રવાસનું એક ઉડતું ચિત્ર રજુ કર્યું અને રશીઆના ઇજનેરી પરાક્રમોનો કેટલોક ખ્યાલ આપ્યો. શ્રી પૂર્ણિમાબહેને શિક્ષણ અને લલિતકળાના ક્ષેત્રમાં રશિયાએ સાધેલી અનુપમ પ્રગતિનું દર્શન કરાવ્યું. આ બન્ને બહેનોને પોતાના પ્રવાસની નોંધ લખી આપવા વિનંતિ કરવામાં આવી જે તેઓ જો તૈયાર કરી આપશે તો પ્રબુદ્ધજીવનમાં યથાવકાશ પ્રગટ કરવામાં આવશે. અન્તમાં સંઘના પ્રમુખશ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ બન્ને બહેનોનો હાર્દિક આભાર માન્યો અને ફુલહાર વડે બન્નેનું સન્માન કર્યું.

# પ્રકીર્ણ નોંધ

## પ્રદેશવિભાજન અને મુંબઇનું ભાવી

પ્રદેશવિભાજનના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ભારત સરકાર તરફથી કમીશન નીમાયા બાદ મુંબઇનું શું એ પ્રશ્ન દિન પર દિન વધારે ઉગ્રતા ધારણ કરી રહેલ છે. એક એવો વિચારપક્ષ છે કે જે પ્રદેશસીમાઓ આજે છે તેમની તેમ ચાલુ રાખવી અને એ અત્યન્ત આળા બનેલા પ્રશ્નને કેટલએક સમય સુધી હાથ જ ન લગાડવો એમ માને છે. પણ એ તરફની ઉગ્ર માગણીઓના પરિણામે એક વખત આ બાબતને લગતું કમીશન નીમાયા બાદ હવે આ પ્રશ્ન જ રહેતો નથી. હવે તો આ વિવાદાસ્પદ પ્રશ્નનો ઉકેલ લાવ્યે જ છૂટકો છે.

એક એવો પણ મત છે કે આખા હિંદનું તંત્ર એક ધારાસભા અને એક પ્રધાનમંડળ મારફત ચલાવવું. આમ કરીએ તો પ્રાદેશિક સીમાઓના કોઈ ઝઘડા જ ન રહે અને આખા દેશને એક સરખા રાજ્યતંત્રનો લાભ મળે અને કાયદાકાનુન પણ આખા દેશને લાગુ પડતા એક સરખા હોય. આ યોજના કલ્પનામાં બહુ આકર્ષક અને દેશની એકતાની ભાવના સાથે એકદમ બંધબેસતી લાગે તેવી છે, પણ હિંદુસ્તાન એક દેશ હોવા છતાં તેમાં પ્રદેશે પ્રદેશે ભાષા, રહેણીકરણી, રીત રીવાજ વગેરે અનેક બાબતો પરત્વે એટલું બધું વૈવિધ્ય છે કે હિંદનું સ્વરૂપ એક દેશ કરતાં એક ખંડને અમુક અંશે વધારે મળતું આવે એમ માનવામાં અતિશયતા નથી. તેથી આખા દેશને એક મધ્યવર્તી તંત્રના ચોગઠામાં ગોઠવવાનો વિચાર તદ્દન અવ્યવહારૂ છે. આ સંબંધમાં બીજો વિચારવા જેવો મુદ્દો એ છે કે આનું પરિણામ રાજ્યવહીવટના અધિકતર કેન્દ્રીકરણમાં આવે જ્યારે આજનું ધ્યેય સત્તા અને વહીવટના બને તેટલા વિકેન્દ્રીકરણ તરફ છે. વહીવટના શક્ય તેટલા વિકેન્દ્રીકરણ સિવાય પ્રજાજીવનમાં સાચી લોકશાહીની જમાવટ થવાનો સંભવ નથી. આખા ભારતના રાજ્યતંત્રનો એક આકાર, એક પ્રધાનમંડળ, એક ધારાસભા અને દેશને લાગુ પડતા કાયદાકાનુન પણ એકસરખા-આ કલ્પના હિંદની વાસ્તવિક પરિસ્થિતિ સાથે કોઇ રીતે બંધબેસતી થાય તેમ છે જ નહિ. હિંદના પ્રદેશે પ્રદેશે એટલું બધું જુદાપણું-ભિન્નતા-છે અને આ વૈવિધ્યની જડ એટલી બધી ઊંડી છે કે તેની કોઇથી પણ ઉપેક્ષા થઇ શકે તેમ છે જ નહિ અને તેથી આખા ભારતની સહીસલામતી સુગ્રથિતપણું અને આખા દેશને સમાનપણે લાગુ પડતી અમુક ગણીગાંઠી બાબતો માટે જરૂરી એવું વહીવટી તેમજ આર્થિક કેન્દ્રીકરણ-આ સિવાય બીજી અનેક બાબતો પરત્વે, ભાષા સંસ્કૃતિ તેમ જ ભૌગોલિક અને આર્થિક અનુકુળતા પ્રતિકુળતા લક્ષ્યમાં રાખીને, અનેક પ્રદેશોમાં ભારતનું વહીવટી વિકેન્દ્રીકરણ કરવું તે ઇચ્છનીય તેમજ અનિવાર્ય છે.

હવે મુંબઇનો પ્રશ્ન વિચારીએ. ભૌગોલિક દૃષ્ટિએ મુંબઇ મહારાષ્ટ્રમાં હોઇને પ્રથમ દૃષ્ટિએ મહારાષ્ટ્રનો જો જુદો પ્રદેશ રચવામાં આવે તો મુંબઈ મહારાષ્ટ્રમાં જ હોય એમ કોઇ પણ મહારાષ્ટ્રીને લાગે તે સ્વાભાવિક છે. પણ મુંબઇ-શહેરની પંચરંગી પ્રજા, તેની વિપુલ વસ્તી અને વિસ્તાર, તેના વિકાસમાં જુદા જુદા પ્રદેશના મૂળ વતની એવા અનેક લોકોનો ફાળો, તેનું આન્તરપ્રાદેશિક જ માત્ર નહિ પણ આન્તરરાષ્ટ્રીય મહત્ત્વ, અને તેનો વિશિષ્ટ પ્રકારનો ઉઠાવ અને અનેક લોકોની તે પ્રત્યે વિશિષ્ટ પ્રકારની મમતા-આ બધું ધ્યાનમાં લેતાં દીલ્હી માફક મુંબઇનું પણ મહારાષ્ટ્રથી અલગ એવું સ્વતંત્ર પ્રાદેશિક એકમ ઉભું થવું જોઇએ. જેમ ગુજરાતનું માત્ર ભૌગોલિક નહિ પણ સાંસ્કારિક મધ્યબિંદુ અમદાવાદ છે અને આખા વિભાગને મોટા ભાગે આવરી લેતી એવી તેની ગુજરાતી ભાષા છે, તેવી જ રીતે મહારાષ્ટ્રનું માત્ર ભૌગોલિક નહિ પણ સાંસ્કારિક મધ્યબિંદુ પૂના છે અને મુંબઇને બાદ કરતાં મરાઠી તેની સર્વવ્યાપી ભાષા છે. મહારાષ્ટ્રને ઘડતા સર્વ મૌલિક સંસ્કારપ્રવાહો પૂનાના કેન્દ્રમાંથી આજ સુધી વહેતા થયા છે, અને હવે પછી પણ એમ જ થતું રહેવાનું છે. આજની નવી પ્રદેશરચના મુખ્યત્વે કરીને ભાષાના ધોરણે ઉભી થવાની છે. ભાષાની એકરૂપતાનો વિચાર કરતાં મુંબઇ વિનાનું મહારાષ્ટ્ર વધારે એકરૂપ બનવાનું છે, જ્યારે મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર એ માથાળું મહારાષ્ટ્ર બનશે. મુંબઇને મહારાષ્ટ્ર સાથે જોડવામાં આવે તો પણ મહારાષ્ટ્રનું મુખ્ય શહેર મુંબઇ અને પૂનામાંથી કોને બનાવવું એ પ્રશ્ન મહારાષ્ટ્રના લોકો માટે ભારે વિવાદાસ્પદ બનવાનો છે; કારણ કે તેમનું મક્કા તો પૂના જ રહેવાનું છે અને મુંબઇનો બને તેટલો લાભ ઉઠાવીને મહારાષ્ટ્રને વૈભવશાળી બનાવવું એવી જ તેમની વૃત્તિ છે અને રહેવાની છે. આથી મહારાષ્ટ્રને વ્યકિતગત થોડો ઘણો કદાચ લાભ થાય પણ મુંબઇની મૌલિકતા તથા વિશેષતા, બીનસાંપ્રદાયિકતા તથા બીનપ્રાદેશિકતાનો તો હ્રાસ જ થાય. મહારાષ્ટ્રમાં મુંબઇ ભૌગોલિક રીતે અન્તર્ગત હોવા છતાં જેમ એક વડમાંથી કોઇ એક વડવાઈ છુટી પડીને તે પોતાના સ્વતંત્ર મળ નાંખે અને વિશિષ્ટ વિકાસદ્વારા પોતાનું એવું મૌલિક વ્યકિતત્વ જમાવે કે તે વડવાઇને તે મૂળ વડની શાખા ગણવી કે એક સ્વતંત્ર વડ લેખવું એવો એક પ્રશ્ન થઇ પડે, તેવી જ સ્થિતિ મહારાષ્ટ્રમાં ઉગેલા અને છતાં મહારાષ્ટ્રથી એકદમ અનોખી ભાત પાડતા મુંબઇની છે. આ ઉપરાંત મુંબઇ મહારાષ્ટ્રમાં જ હોવું જોઇએ યા રહેવું જોઇએ એ પ્રશ્નને લગતાં આન્દોલનમાં મહારાષ્ટ્રના રાજકારણી આગેવાનોએ સંકુચિતતા, કડવાશ, એકાન્ત પ્રાન્તીયતા તથા મુંબઇમાં જાહોજલાલી ભોગવતા અન્ય પ્રજાજનો પ્રત્યે નીતાન્ત ઝેરવેરની લાગણીનો આપણને જે પરિચય

કરાવ્યો છે અને તમારૂં સીમાપંચ ગમે તે કહે પણ મારી ઝુડીને અને કતલબાજી ચલાવીને પણ મુંબઈને અમે લઈશું એવી કેવળ હિંસાબાજીની તેઓ જે વાતો ફેલાવી રહ્યા છે તે પણ એક જ બાબત પુરવાર કરે છે કે મુંબઈને તેઓ લાયક નથી, મુંબઈ મળે તો પણ તેઓ મુંબઈની મહત્તા જાળવવાની કે તેને પચાવી શકવાની કોઈ પણ યોગ્યતા ધરાવતા નથી. મુંબઈ મહારાષ્ટ્રમાં ભળે તો મુંબઈએ 'પૂનાનું પરૂં' જ થયે છુટકો છે. મુંબઈની એ રોણક, ભવ્યતા, નાત જાત કે પ્રાન્તના ભેદ વિનાની કોઈ અનેરી સભ્યતા, અનેક સાંસ્કૃતિક પ્રવાહોના સંગમસ્થાન જેવી તેની પ્રતિષ્ઠા, વિશાળતા, ઉદારતા, સર્વ સમન્વયની એક ભવ્ય પાઠશાળા જેવું તેણે આખા ભારતમાં જમાવેલું અનોખું સ્થાન—એ બધાનો અસ્ત જ થવાનો. કારણ કે કે જે લોકો તેનો કબજો લેવાની માંગણી કરે છે તેઓ મુંબઈને વિકસાવવાની વૃત્તિથી નહિં પણ તેનો ભોગવટો કરવાની વૃત્તિથી પ્રેરાઈ રહ્યા છે, તેઓ જે બેફામ રીતે બોલે છે તે મુજબ અન્યને પદભ્રષ્ટ કરીને મુંબઈનાં સર્વ વિશિષ્ટ સ્થાનો કબજે કરવાની તેમની ભાવના છે. તેનું પરિણામ મુંબઈના સર્વતોમુખી તેજોવધમાં જ આવવાનું છે. જેમ અન્ય પ્રદેશના લોકો પોતાના પ્રદેશમાં કયા કયા વિભાગો આવવા જોઈએ એમ કહેવાને હક્કદાર છે તેમ મહારાષ્ટ્રના આગેવાનોને મુંબઈ પોતાના પ્રદેશમાં રહેવું જોઈએ એમ કહેવાનો જરૂર અધિકાર છે. આમ છતાં પણ આ બન્નેની વૃત્તિ અને દૃષ્ટિમાં એક મોટો ફરક એ છે કે અન્ય પ્રદેશના આગેવાનો આખરે પોતાનો કેસ વિચારપક્ષ—સીમાપંચ સમક્ષ રજુ કરીને સંતોષ પકડવાની વૃત્તિ ધરાવે છે અને તેનો ચુકાદો જે કાંઈ આવે તે સમાધાનીપૂર્વક સ્વીકારવાને તૈયાર છે, જ્યારે મહારાષ્ટ્રના અગ્રણીઓ જેહાદની ભાષામાં બોલે છે અને જેહાદની ભાષામાં વિચારે છે. તેને સીમાવિસ્તારનો પણ ભારે લોભ લાગ્યો છે. જેટલું વધારે વિસ્તૃત ક્ષેત્રફળ મહારાષ્ટ્રમાં આવે તેટલું મહારાષ્ટ્રમાં ભેળવવું એ વૃતિએ તેમને ઘેલા બનાવી દીધા છે અને તેમની માંગણીઓ પણ તેને લીધે પ્રમાણ અને વિવેક વિનાની બની રહી છે. તેમના આ પ્રાદેશિક આંદોલનની ઝુંબેશમાં સમગ્ર ભારતની એકતા, સુગ્રથિતતા અને પાડોશી પ્રદેશના લોકો સાથેનો મીઠો સંબંધ જાળવવાની આવશ્યકતા—આ બધું તેમણે ખીંટીએ ચડાવી દીધું છે અને જાણે કે પાકીસ્તાન માફક બૃહત મહારાષ્ટ્ર નામનું એક કોઈ જુદુ રાજ્ય સ્થાપવાનું ન હોય એવી વૃત્તિ અને ભાવના તેમને પ્રમત, મદોન્મત્ત અને મત્સરગ્રસ્ત બનાવી રહેલ છે. આ અત્યંત દુઃખદ અને શોચનીય છે. આના પ્રત્યાઘાતો પણ એટલાજ વિપરીત અને રાષ્ટ્રની એકતાના ઘાતક બની રહ્યા છે અને પ્રજા પ્રજા વચ્ચે દ્વેષ મત્સરની લાગણીઓ સતત પોષાયા કરે છે. આ વાત કુન્તે અને ગાડગીલ અને તેમની કક્ષાના અન્ય મહારાષ્ટ્રી આગેવાનોના ધ્યાનમાં કેમ નહિ આવતી હોય? આઝાદી મેળવ્યાનું બધું પુણ્ય શું પ્રાદેશિક ખેંચાખેંચી અને મારામારીમાં ખરચી નાંખવું છે?

## ગીતામાં હિંસા કે અહિંસા?

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં આ પ્રકારના શ્રી રતિલાલ મફાભાઈ શાહના પ્રશ્નના ઉત્તરમાં કાકાસાહેબ કાલેલકરે વિગતવાર અને વિચારપ્રેરક ઉત્તર આપ્યો છે. ગીતા સંબંધે કંઈ પણ કહેવાની યોગ્યતા કાકાસાહેબ જેટલી મારી નથી એમ છતાં એ પ્રશ્ન ચર્ચાયો છે તો તેના અનુસંધાનમાં મને લાગે છે તે ટુંકમા રજુ કરવાનું સાહસ કરૂં છું.

યુધ્ધક્ષેત્રની ભૂમિકા ઉપર ગીતાની રચના કરવામાં આવી છે. આ યુધ્ધ એટલે પોતાના સ્વજનોની હત્યા એ વિચારથી અર્જુન યુધ્ધકાર્ય વિષે હતોત્સાહ બને છે અને કર્તવ્ય—અકર્તવ્યની વિમાસણમાં પડે છે. પોતાને જેની ઉપર અપાર શ્રધ્ધા અને પ્રેમ છે એવા પ્રિયસખા શ્રી કૃષ્ણની આગળ અર્જુન પોતાની મુંઝવણ રજુ કરે છે. એ મુંઝવણના જવાબમાં શ્રી કૃષ્ણ એક એવું જીવનદર્શન રજુ કરે છે કે જેમાં કોઈ સ્થુલ હિંસાને અવકાશ હોઈ જ ન શકે. કારણ કે સ્થુળ હિંસાનો પાયો રાગદ્વેષ છે, જ્યારે ગીતામાં શ્રીકૃષ્ણ રાગદ્વેષ, જય અજય, સુખ દુઃખ—આ સર્વ વિષે તટસ્થ બનીને સમભાવ ઉપર સ્થિર થવાનું કહે છે અને સ્થિતપ્રજ્ઞનો એક ભવ્ય આદર્શ રજુ કરે છે. આમ છતાં પણ છેવટે શ્રીકૃષ્ણ અર્જુનને આ મતલબનું કહે છે કે "આ બધું સમજીને હવે તું યુદ્ધને માટે તૈયાર થા અને કર્તવ્ય કર્મને આચર" અને પરિણામે અર્જુન પ્રતિપક્ષીઓ સાથેના ઘોર યુધ્ધમાં સંલગ્ન થાય છે અને વિજયશ્રીને પ્રાપ્ત કરે છે. હિંસાવાદી લોકો ગીતા જે માળખામાં રચાઈ છે તે માળખું અને પરિણામે અર્જુનનું યુધ્ધ કરવા માટે પુનર ગતિમાન થવું તે ઉપર વિશેષ ભાર મૂકે છે, અને અહિંસાવાદી લોકો શ્રીકૃષ્ણના ઉપદેશના સારભાગ ઉપર વધારે ભાર મૂકે છે, અને એ રીતે પ્રત્યેક પોતપોતાને ઇષ્ટ હિંસા કે અહિંસાને ગીતામાંથી તારવે છે.

કાકાસાહેબ પોતાના ઉત્તરમાં આગળ વધતાં છેવટના ભાગમાં જણાવે છે કે "ગાંધીજીનાં દર્શન પણ કર્યાં નહોતાં. એમનું નામ પણ સાંભળ્યું નહોતું. અહિંસા વિષે આદર પણ નહોતો. એવે વખતે મેં એક ક્રાન્તિકારી નેતાના જવાબમાં લખ્યું હતું કે **સમ: શત્રૌ ચ મિત્રે ચ** થવાની શિખામણ આપનાર અને જય પરાજય વિષે તટસ્થ રહેવા સૂચવનાર ગીતા અમ ક્રાન્તિકારોને કશી પ્રેરણા આપી શકે નહિ....હિંસાદ્વારા દેશને આઝાદ કરવા નીકળેલા અમને ગીતા કશા કામની નથી." કાકાસાહેબ પક્ષે આ તદ્દન સત્ય હશે, પણ એ દિવસોના ક્રાન્તિકારોને લગતાં સ્મરણો તાજાં કરતાં યાદ આવે છે કે અનેક ક્રાન્તિકારોએ ગીતામાંથી હિંસાની પ્રેરણા લીધી હતી અને તે એટલે સુધી કે જ્યારે જ્યારે આવો કોઈ ક્રાન્તિકાર પકડાતો ત્યારે તેની પાસેથી બીજું કાંઈ મળતું કે ન મળતું, પણ સ્વામી વિવેકાનંદના રાષ્ટ્રીય ભાવનાનો અગ્નિ પ્રગટાવતાં ભાષણોનો સંગ્રહ અને આઝાદીના ધર્મધ્યેયને સિદ્ધ કરવા માટે તેમની દૃષ્ટિએ હિંસાને ધર્મ્ય લેખતી ગીતા—આ બે પુસ્તકો ઘણી વખત પોલીસને તેમની ઝડતી લેતાં હાથ લાગતાં. ગાંધીજીએ ગીતામાં અહિંસા જ જોઈ છે, પણ લોકમાન્ય તિલકે અને શ્રી અરવિન્દે ગીતામાંથી એ પ્રકારની અહિંસા નથી તારવી એ પણ એટલું જ જાણીતું છે. ગીતા એક એવો વિચિત્ર ગ્રંથ છે કે જેમ તેમાંથી ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ એ ત્રણમાંથી ગમે તે યોગનું પ્રાધાન્ય તેનો વિવેચક પોતાની વૃત્તિ અને વલણ મુજબ તારવતો આવ્યો છે તેમ હિંસા તેમ જ અહિંસા બન્નેમાંથી કોઈ પણ એકને તેનો વિવેચક તારવતો રહ્યો છે, અને તેથી ઉપર્યુક્ત પ્રશ્ન ગમે તેવા શાસ્ત્રીય અને તર્કપૂર્ણ જવાબો અપાવા છતાં જેનો છેવટનો નિર્ણય લેવામાં નથી આવ્યો એ સ્થિતિમાં ઉભો છે અને કંઈ કાળ સુધી ઉભો રહેવાનો છે.

## જૈનો અને ખેતી

આ સંબંધમાં મુનિ સન્તબાલજીએ વિશ્વવાત્સલ્યમાં પ્રગટ કરેલા વિચારો આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે તે જૈનોએ ખાસ કરીને વિચારવા યોગ્ય છે; કારણ કે હિંસા—અહિંસાને લગતો એક વિચાર જૈન સંપ્રદાયમાં એવો રૂઢ થયેલો છે કે જે હિંસા સાથે પોતાને સીધો સંબંધ ન હોય તે હિંસાનો પોતાને દોષ ન લાગે. દા. ત અનાજનો વેપાર કે ઉપયોગ કરનારને તે પેદા કરવા માટે કરવી પડતી ખેતીની હિંસાનો દોષ ન લાગે; કાપડનો વેપાર કરનાર કે પહેરનાર મીલના આરંભ સમારંભનો દોષિત ન બને. આ રીતે કૃષિ અને યંત્રોદ્યોગમાં પાર વિનાની હિંસા થતી હોવા છતાં તેમાંથી પેદા થયેલી ચીજોનો વ્યવહાર કે ઉપયોગ કરનાર જૈન ગૃહસ્થ કે સાધુ પોતાને એ હિંસાના દોષથી જરા

દૂષિત થયેલો લેખતો નથી. પણ આ એક ભ્રમણા છે. જે વસ્તુનો આપણે ઉપયોગ કરીએ તે વસ્તુના ઉત્પાદનથી માંડીને હેરફેર સુધીની બધી હિંસાનો દોષ આપણને લાગવો જ જોઇએ અને તે ઉપરથી ફલિત એમ થાય છે કે માનવીસમાજને જે જે વસ્તુઓની જ.રિ-યાત હોય તેના ઉત્પાદનથી દૂર રહેવામાં અહિંસાધર્મનું અનુપાલન છે એ માન્યતા ખોટી અને વિભ્રમ પેદા કરનારી છે. ઉલટું એવી વસ્તુઓના ઉત્પાદન કાર્યોમાં અહિંસાલક્ષી જૈનોએ જોડાવું જાઇએ. તેમ કરવાથી જેને હિંસા અહિંસાનો કોઇ વિવેક નથી તેના કરતાં અહિંસાવૃત્તિ ધરાવતો જૈન પોતાની સર્વ પ્રવૃત્તિ યતનાપૂર્વક કરતો હોઇને તેનું ઉત્પાદન કર્મ પણ પ્રમાણમાં ઓછી હિંસાવાળું બન-વાનું અને એનું નામ જ અહિંસાધર્મનું પાલન છે. આ વાત સ્વીકા-રીને સૌ કોઇ ખેતી જેવી ઉત્પાદન પ્રવૃત્તિ તરફ આકર્ષાવાના છે એવી આશા રાખી ન જ શકાય. માનવી પોતાની વૃત્તિ અને સંયોગો મુજબ પોતપોતાને અનુકુળ વ્યવસાય શોધી લે છે. તેથી કોઇ ખેતી કરે તો કોઇ વેપાર કરે; કોઇ યંત્ર ચલાવે તો કોઇ ધર્મોપદેશ આપે. પણ એટલી વાત સત્ય છે કે જેમાં શ્રમ છે, આરંભ સમારંભ છે અને તેથી જ જેમાં હિંસા રહેલી છે તેની પ્રવૃત્તિ કરનારાઓ તરફ કેટલાક અહિંસાવાદીઓ જે નફરત ધરાવે છે, અને કોઇનો પકવેલો તૈયાર રોટલો ખાવામાં અહિંસાના મહાવ્રતની પરિપૂર્તિ સમજે છે તેઓ અહિંસાનો કેવળ આડંબર જ કરતા હોય છે અને હિંસા-અહિંસાની સમ્યક્ દૃષ્ટિથી તેઓ તદ્દન વંચિત હોય છે. અહિંસા વિષે પરંપરાગત વિચારણાથી મુક્ત બનીને ખેતી સંબંધમાં પોતાના સ્વતંત્ર વિચારો સ્પષ્ટતાપૂર્વક દર્શાવવા માટે મુનિ સંતબાલજીને ધન્યવાદ ઘટે છે.

### ભોજનાલયમાંથી સર્વોદય કેન્દ્ર

આજથી બે વર્ષ પહેલાં સેવાભાવી મુનિશ્રી શુભવિજયની પ્રેરણા અને હીલચાલથી અને કેટલાક ભાઇઓના સહકારથી મુંબ-ઇની પાલાગલીમાં આવેલ વીશા મહાજનવાડીમાં એક ભોજનાલય શરૂ કરવામાં આવ્યું હતું અને માસિક રૂ. ૩૦) માં જૈનોના તમામ ફિરકાના ભાઇઓને ચોખ્ખા અનાજ ઘીવાળું ભોજન આપવામાં આવતું હતું. આ ભોજનાલયના કાર્યકર્તાઓએ તા. ૨૭-૨-૫૪ ના રોજ 'કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર'ની સ્થાપના કરીને પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કર્યું છે, અને તે યોજનામાં ભોજનાલય ઉપરાંત દવાખાનું તથા કલીનીક, ઉદ્યોગગૃહ, છાત્રાલય, વાંચનાલય તથા પુસ્તકાલય અને બહારગામથી આવતા જતા ભાઇઓ માટે ઉતારાની સગવડ-આટલી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માટે માંડવી ડુંગરી વિભાગમાં સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશનની સામે ૬૭૫ વારનો એક પ્લોટ ખરીદવામાં આવ્યો છે અને તે ઉપર પાંચ માળનું એક મકાન બાંધવાનો તેમણે નિર્ણય કર્યો છે. આ માટે પાંચ લાખ રૂપિયાની તેમણે પોતાના સમાજ સમક્ષ ટેલ નાંખી છે અને આની શુભ શરૂઆત તરીકે રૂ. ૬૧૦૦૧) શ્રી માલસીભાઇ ઘેલાભાઇ છેડા ગુંદાલાવાળા તરફથી સંસ્થા સાથે તેમનું નામ જોડવાની સરતે, રૂ. ૨૫૦૦૦) શ્રી શાન્તિલાલ ધનજી દેવશી તરફથી દવાખાના અને કલીનીક સાથે તેમનું નામ જોડવાની સરતે, અને રૂ. ૧૦૦૦૧) પંડિત ફતેચંદ કપુરચંદ લાલન સ્મારક ફંડ તરફથી વાંચનાલય પુસ્તકાલય સાથે-પંડિત લાલનનું નામ જોડવાની સરતે-આ રીતે તેમને રૂ. ૯૫૦૦૨) ની મદદ મળી ચૂકી છે. આ કાર્યને વેગ આપવાના હેતુથી રૂ. ૬૦૦૮૧) ની ભવ્ય સખાવત કરવા માટે શ્રી માલસી ઘેલાભાઇ છેડા ગુંદાલાવાળા સૌ કોઇના પ્રેમ અને આદરના અધિકારી બને છે. આ કચ્છી જૈન સર્વોદય કેન્દ્રના પ્રમુખ શ્રી રામજી રવજી લાલન જે પી., ઉપપ્રમુખ શ્રી હીરજી ઘેલાભાઇ સાવલા, અને મંત્રીઓ શ્રી રવજી ખીમજી છેડા અને ગાંગજી દેવ-રાજ છેડા છે. મુનિ શુભવિજયજી આખી પ્રવૃત્તિના મુખ્ય પ્રવર્તક અને સંચાલક છે. આવું અનેકહિતલક્ષી કાર્ય હાથ ધરવા માટે આ સંસ્થાના સ્થાપકોને ધન્યવાદ ઘટે છે. કચ્છી સમાજના શ્રીમાનો પાંચ લાખની ટેલ જલ્દી પૂરી કરશે અને આપણી વચ્ચે સામા-જિક સેવાનું એક વિશાળ વટવૃક્ષ જલ્દિથી ઉભું થશે એવી આપણે આશા રાખીએ!

**પરમાનંદ**

## એક સંસ્કારયાત્રા

( ગતાંકથી ચાલુ )

સવારના મનોરમ વાતાવરણમાં અમે કલન્દરપુરથી શેરઘાટી જઇ રહ્યા છીએ અને યાત્રાના પગલે પગલે આસપાસનાં ખેતરો જોતાં જોતાં મનમાં એક પછી એક પંકિતઓ જાગવા લાગે છે, જાણે કે ધરણીનો પોકાર સાંભળી રહી છું, અને પરિણામે એક ગીત સર્જાય છે:–

**સૂતી ધરતી આજ કરે પોકાર**
**"ઇશ્વર મારો એક જ ધારણહાર"–સૂતી...**

**"જનજનને હો મુજ કણકણનું દાન,**
**માને વ્હાલાં સઘળાં નિજ સંતાન,**
**જીવનનો હો સહુને સમ–અધિકાર"–સૂતી ..**

**"પ્રસ્વેદે જે સીંચે છે નિજ ખેત**
**ધાન્ય – અંજલિ તેને ધરણી દેત;**
**ખેડે તે સૌ ખાવાને હકદાર"–સૂતી ...**

**"મ્હેલ–ઝૂંપડી સહુને સરખું વ્યોમ,**
**સમાન પ્રેમ વહે છે રોમેરોમ;**
**ભોમને જ કાં અસામ્યતાનો ભાર"–સૂતી ...**

**"આજ જગાવો હૃદય હૃદયમાં રામ,**
**મુજ ખોળો હો સહુને સુખનું ધામ;**
**કામ વિના ના કોઇ હજો લાચાર"–સૂતી...**

હજુ તડકો કુમળો હોય છે ત્યાં અમે શેરઘાટી પહોંચીએ છીએ. મોટા ભાગે અમારા નસીબે ગામના ઝુંપડામાં જ ઉતરવાનું હોય છે, તો કોઇવાર વળી શહેરમાં સારી સગવડમાં રહેવાનું મળે છે અને ત્યાં ઇલેકટ્રીક બત્તી તથા નળની સગવડ મળે એનો આનંદ પણ થાય છે.

મુકામે પહોંચીને કૂવે પાણી સીંચીને ન્હાવાનું તથા કપડાં ધોવાનાં. પછી આરામ, કાંતણ, વાંચન, લેખન ઇત્યાદિ પ્રવૃત્તિઓ ચાલે છે. આ પ્રવાસ દરમિયાન પ્રવચનો અને ચર્ચાઓ નોંધીને ગુજરાતી છાપાઓ ઉપર મોકલવાની જવાબદારી મેં લીધેલી, તેથી હું તે કામમાં રોકાઉં છું.

શેરઘાટી ગામમાં એક દિવસ બપોરે વિનોબાજી અમને સૌને તથા ગામના લોકોને ભેગા કરીને 'લોકનાગરી' લિપિ શિખવે છે. અહીં એમને એક શિક્ષક તરીકે કામ કરતા અમે જોઇએ છીએ, અને અમને બહુ આનંદ થાય છે. તેઓ એટલા હસતા હસતા અને વિનોદપૂર્વક શિખવે છે કે શુષ્ક વિષય પણ રસમય બની જાય છે.

દિવસના ભાગમાં વિનોબાજીને અવારનવાર ગામના કાર્યકરો અને બીજા લોકો મળવા તેમજ ચર્ચા કરવાને આવતા હોય છે. આ ચર્ચા કરતી વખતે તેઓ હંમેશાં ટટ્ટાર બેસીને વાતો કરે છે. જો તેઓ થાકી ગયા હોય તો થોડુંક સુઇ લે છે, પણ આ વૃદ્ધ સુકલકડી કાયામાં તાવ હોય તો પણ જ્યારે તેઓ બેસે છે ત્યારે ટટ્ટાર જ બેસે છે. આ તેમની એક નાની સરખી પણ સુંદર ટેવ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એ પાછળ એમનું કેવું આત્મબળ હશે? એમના આત્મબળથી વારંવાર પ્રભાવિત થઇ જવાય છે. હું વિચા-ર્યા જ કરૂં છું કે માત્ર એક જ માણસ પોતાના એક વિચારને અમલમાં લાવવા જે પ્રયત્ન કરે છે તેની દેશભરમાં-અરે દુનિયા-ભરમાં-કેટલી વ્યાપક અસર પડે છે? અનેક રાજકીય પક્ષના મોવ-ડીઓ પોતાની દલબંધી છોડીને આ હીલચાલમાં એકરૂપ થઇ જાય છે. એમની પાસે નથી કોઇ સત્તા કે નથી કોઇ પક્ષનો ટેકો. એમને કોઇ ચૂંટણી જીતવાનો મોહ નથી કે કોઇની પાસેથી ફરજિ-

યાત દાન મેળવવાની ઇચ્છા. છે માત્ર હૃદયમાં જલતી લોકકલ્યાણની નિષ્કાળ ભાવના. એમને માટે વિચાર અને આચાર વચ્ચે કોઇ અન્તર નથી: જે સાચું લાગ્યું તેનો પૂરા હૃદયથી પ્રમાણિક અમલ કરવા તેઓ તુરત મથે છે, અને તેમાં જ એમના કાર્યની સફળતા નથી રહેલી શું ?

આ બધું હોવા છતાં મને વિનોબાજીની એક વાત બરોબર નથી સમજાતી. તેમનામાં લોકોથી અલગ રહેવાની વૃત્તિ એટલી જોરદાર છે કે તેઓ ભાગ્યે જ કોઇમાં ઊંડો રસ લેતા દેખાય છે. આથી સામાન્ય લોકો સહેલાઇથી એમની નિકટ જઇને માર્ગદર્શન નથી મેળવી શકતા. ઘણાંના મનમાં સંકોચ જ રહે છે. વળી એમનું સ્પષ્ટવકતૃત્વ પણ એવું હોય છે કે કોઇવાર કોઇનું દિલ દુભાય. છતાં પણ એમની જ્વલંત આત્મપ્રતિભા જોતાં આવી બાબતો ગૌણ લાગે છે.

આખા દિવસનો લ્હાવો સાંજના પ્રાર્થનાપ્રવચનમાં મળે છે. ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું નિરૂપણ કરતા શ્લોકો ગવાઇ રહ્યા હોય છે ત્યારે વિનોબાજી જાણે કોઇ વ્યાસ કે વાલ્મિકિ આવી ચડયા ન હોય એવા એક દૃષ્ટાપુરૂષ જેવા જ લાગે છે. સ્થિરદેહે અને સ્થિર મને તેઓ શ્લોકોચ્ચાર કરી રહ્યા હોય છે ત્યારે સહેજે આંખ ખોલીને એમના દર્શનદ્વારા પ્રેરણાપાન કરી લેવાનું મન થાય છે. એમનું સફેદ વસ્ત્ર, સફેદ દાઢી, અને મોં પર ચમકતું પ્રજ્ઞા ને બ્રહ્મચર્યનું તેજ એમને અનોખી પ્રતિભા અર્પે છે. તેમની મુખ-મુદ્રા ઉપર પ્રસન્ન ગાંભીર્ય છવાયલું હોય છે

પ્રાર્થના પછીના પ્રવચન વખતે એમના શબ્દો ઊંડા ચિન્તન અને સેવાકાર્યના સ્પષ્ટ દર્શનમાંથી જાગવા લાગે છે. ગામના લોકોને સમજાવે છે કે ભૂદાનયજ્ઞ એ માત્ર ભૂમિની સમાન વહેંચણીમાં નથી સમાઇ જતો. અલબત્ત દરેક ભૂમિહીન પોતાને ખેડીને ખાવા માટે સાધન મેળવે એ તેમનું પહેલું લક્ષ્ય છે. પણ આ રીતે ભૂમિ–વિતરણ કર્યા પછી પણ ગ્રામોદય કરવાનો છે. દરેક ગામડું પોતાના આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક પ્રશ્નો પોતે જ ઉકેલે, ગામના ઝગડા પણ ગામલોકો જ પતાવે, આરોગ્ય અને શિક્ષણ પણ ગામલોકો જ મળીને સંભાળી લે અને સૌ સાથે મળીને એક કુટુંબ–પરિવાર જેમ ગામનો કારભાર સ્વતંત્રપણે ચલાવે ને સાચું ગ્રામ રાજ–રામરાજ્ય–સ્થાપે.

આ સ્વપ્નને સિધ્ધ કરવા ભૂદાન એ પહેલું પગથીયું છે. તેમને તો લોકોનાં હૃદયમાં સદ્ભાવનાનો રામ જગાવીને સ્વેચ્છાથી સમજણપૂર્વકનો ત્યાગ કરાવવો છે. ભાઇ ભાઇ વચ્ચે પ્રેમચારો વધારીને સાચા ગ્રામધર્મનું આચરણ કરાવવું છે. કોઇ વ્યકિત પૂરી સમજણ વગર દાનપત્ર ભરે છે એમ ખબર પડે તો તે ફાડી નાંખવાને તેઓ તૈયાર થાય છે. શ્રધ્ધા ને વિશ્વાસના જોરે આ અહિંસક ક્રાંતિ દ્વારા વિનોબાજી નવો સમાજ, નવા માનસશાસ્ત્રના સિધ્ધાંતો ને નવો માનવી સર્જવા માંગે છે. એ માટે આર્થિક, નૈતિક ને આધ્યાત્મિક મૂલ્યો બદલીને સર્વાંગી સમુચિત પરિવર્તન કરીને તેઓ સાચો "સર્વોદય" સાધવા માંગે છે. તેઓ એવો સમાજ સર્જવા ઝંખે છે કે જેમાં જનશકિતનું જ રાજ્ય ચાલે, રાજસત્તા દૂર થાય અને લોકસત્તાનો પ્રભાવ પડે.

એમના આ વિચારો લોકો સમક્ષ વિનોબાજી સાદી, સરળ પણ જોરદાર ભાષામાં ખૂબ અસરકારક રીતે મૂકે છે. અવારનવાર પુરાણો, ઉપનિષદો, ગીતા વિગેરેનાં સુંદર ઉદાહરણો ટાંકતા જાય છે. ધાર્મિક ઉલ્લેખો લોકોને તરત આકર્ષે છે. વળી કયાંક રમુજ પણ કરતાં જાય છે.

એમનો અવાજ ધીર, ગંભીર પણ મીઠો છે, અને જે કંઇ તેઓ બોલે છે તેની પાછળ સમાજસુધારણાનું સ્પષ્ટ દર્શન ને સેવાની ઊંડી નિષ્કામ ભાવના રહેલી હોય છે. એમના શબ્દોના પ્રભાવથી મુકત રહેવું અશકય છે. લોકો એમને ખૂબ ભાવથી સાંભળે છે. કોઇના હૃદયમાં રામ જાગે છે ને પરિણામે……

પ્રાર્થના–પ્રવચનને અંતે જાણવા મળે છે કે અનેક દાનપત્રો ભરાયાં છે. બિહારનાં કેટલાંક ગામે તો પોતાની બધી જમીન દાનમાં આપી છે. એકલા ગયા જીલ્લામાં ૬૩૦૦૦ દાનપત્રો ભરાયાં છે. જીવનદાન કરવા માટે પણ નવા નવા કાર્યકરો તૈયાર થાય છે. વિનોબાની ઇચ્છા છે કે દરેક ગામ ઓછામાં ઓછો એક કાર્યકર આપે કે જેને તેઓ ગ્રામોદય માટે યોગ્ય તાલીમ આપીને તૈયાર કરે. તે કાર્યકર તાલીમ લઇને પછી પોતાના ગામમાં તે પ્રમાણે સુધારા કરવા પ્રયત્ન કરે. એના જવાબમાં કેટલાક લોકો યથાશકિત અમુક મુદતનું જીવનદાન કરે છે તો કેટલાક સમગ્ર જીવનનું દાન કરે છે.

પ્રાર્થનાસભા પૂરી થયા પછી વિનોબાજી ઉતારા પાસે એમની ખાટ પર ખુલ્લામાં બેસે છે. વાતાવરણમાં ગોરજ વેળાની મીઠી શાંતિ હોય છે. એમની પાસે સ્થાનિક તેમ જ યાત્રાદળના કેટલાક કાર્યકરો સલાહ સૂચના લેવા બેઠા હોય છે. ધીમે અવાજે વાતચિતો ચાલે છે. એવામાં એક બહેન આવે છે. કેટલીક મુંઝવણ બાદ એ બહેન વિનોબાજી આગળ વાત શરૂ કરે છે. "બાબા," (વિનોબાજીને બધાં "બાબા" કહેતાં હોય છે) મારા પતિએ ચાર વર્ષ સુધી ભૂદાન કાર્યનો સંકલ્પ લીધો છે."

"એમ ? સરસ"

"પણ એમના માથે આર્થિક જવાબદારીઓ ઉભેલી હોય છે. તેથી તેઓ બરોબર કામ કરી શકતા નથી. અમારાં લગ્ન હજી થોડા મહિના પહેલાં જ થયાં છે, હવે મારી ઇચ્છા છે કે હું જાતે કમાઇને એમનો ભાર બને તેટલો હળવો કરૂં, જેથી તેઓ કામ સારી રીતે કરી શકે. આમાં આપની શી સલાહ છે ? હું જાતે તો કોઇ સેવા નથી કરવાની. માત્ર આટલું કરીશ."

"અરે, આમાં તો એકનું જીવનદાન ને બીજાનું સંપત્તિદાન ભેગાં વહે છે. ઘણું સારૂં છે. જરૂર કરો !"

પોતાના વિચારને નવું પ્રેરણાબળ મળતાં કોઇ જુદા આનંદ સાથે એ બહેન પાછાં ફરે છે.

આવા આવા અનેક ત્યાગપ્રસંગો અવારનવાર જોવા મળે છે અને મનમાં પ્રશ્ન થયા જ કરે છે કે "આ લોકો માફક હું શું ત્યાગ કરવા તૈયાર છૂં ? શહેરના મર્યાદિત જીવનમાં બસ વ્યકિતગત સ્વાર્થના નાનકડા વર્તુલમાં જ કયાં સુધી રાચ્યા કરીશ ?" આમ સ્વાર્થ વૃત્તિ અને પરમાર્થ વૃત્તિ બે વચ્ચે અન્તરમાં સંઘર્ષ ઉભો થાય છે અને ચાલ્યા કરે છે. આ સંઘર્ષનું પરિણામ શું આવશે તે તો કોણ જાણે ?

પણ આવું આત્મચિન્તન એકાએક અટકી જાય એવો એક પ્રસંગ બની જાય છે જે હજુ સુધી પણ આંખ સામેથી દૂર ખસતો નથી. નગમતિયા ગામમાં યાત્રાદળના કાર્યકરો જમીને ઉઠે છે ને એમના એંઠા પતરાળાંમાંથી કંઇક દાણા મેળવવાની આશાએ ભિખારીના છોકરાં પડાપડી કરતાં હોય છે. એ પૂરતું ન હોય તેમ એક કૂતરૂં પણ કોઇ પતરાળું ઝડપી લઇને ખાતું હોય છે. એક નાની છોકરીની ભૂખ એટલી તીવ્ર છે કે એ કૂતરાના મોં પાસેથી પતરાળું ઝુંટવી લેવા મથે છે. અને કૂતરૂં એ સહી ન શકતાં પેલી બાળાને કરડી જાય છે. બિચારીનું લોહી અટકતું નથી ને રડતી રડતી અમારી પાસે દવા માટે આવે છે.

દેશની ગરીબાઇ માટે આથી વધુ સૂચક બીજું કયું દૃશ્ય હોઇ શકે? આવું જોઇને 'અહમ્'ની સાંકડી સીમાઓ તોડીને બીજાનાં સુખદુઃખમાં એક થવા માટે કહેણ દેતાં અનેક મંથનો જાગ્યાં વગર કેમ રહે ?

આવી અનેક ઘટનાઓથી ભરેલો દિવસ પૂરો થતાં સાડા આઠે જમીને નવ વાગે વિનોબાજી સૂઇ જાય છે. જમવામાં એ અનાજ

જ નથી. દહિં, મધ ને ફળ જ ખાય છે. સૂવાની બાબતમાં
ખૂબ નિયમિત છે. કોઇ કહેતું હતું કે રાતે નવ પછી જો કોઇ
દાન લઇને આવે તો પણ તેઓ ઉઠતા નથી. તંદુરસ્તી ને
ા જળવાય એ માટે નિયમિતતાનો તેઓ ખૂબ આગ્રહ રાખે છે.

અમને જમવાનું મળતાં કોઇ વાર રાત્રે નવ પણ વાગી જાય
સવારે ત્રણ વાગે ઉઠવાનું હોવાથી જમીને બધાં બહાર ખુલ્લામાં
જ જાય છે. કયારેક ખેતર વચ્ચે ઉંચીનીચી જમીન પર જાજમ
ને સૂઇ જઇએ છીએ તો કયારેક કોઇ અગાશીમાં સપાટ જમીન
મળે છે. કોઇ વાર જીવાતો ને મચ્છર એટલાં કરડતાં હોય છે
ંઘ પણ પૂરી ન આવે. કોઇ વાર એવી આંધી ચડી આવે છે
પડખું ફેરવીએ ને ધૂળ ભરેલી આખી જાજમ આપણાં
જ આવે. ને ઉંઘ ગમે એવી આવે તો પણ સવારે ત્રણ વાગે
ચાલવાનું તો હોય જ.

ભૂદાન-યાત્રાની છેલ્લી રાત્રીએ પ્રાર્થના બાદ વિનોબાજીને
ને આ નવા જીવનદર્શનને લીધે મનમાં ચાલી રહેલ મંથન
વાત કરી. એક બાજુએ વ્યકિતગત વિકાસ શોધવાની ઇચ્છા
બીજી બાજુએ સમાજસેવા કરવાની ઉત્કટ ભાવના-આ બેનો
વય કેમ કરવો એ મારો મુખ્ય પ્રશ્ન હતો.

"એ બેને આમ જુદા ન પાડો. માણસનું મુખ્ય ધ્યેય તો
ાત્મિક ઉન્નતિ હોવું જોઇએ. જે કંઇ કરો તેનું લક્ષ્ય નિર્વિ-
જીવન હોવું જોઇએ. સંગીત ઇત્યાદી એમાં મદદરૂપ થાય ત્યાં
સાધો. પણ એ જ જીવન ન થઇ જવું જોઇએ. વળી
આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચ્યું છે કે નહીં તેની ખાત્રી તો
ી થતાં જ થાય છે. અમસ્તો મનમાં ક્રોધ ન દેખાતો હોય,
સમાજસેવામાં અનેક લોકોના સંપર્કમાં આવો ત્યારે પ્રગટે
છે માટે સેવા સામૂહિક જીવન એ વ્યકિતગત સાધના માટે
સ્યક માર્ગ છે."

ગૂજરાતનું ભૂદાન-યજ્ઞકાર્ય, સાહિત્યિક પ્રચાર વિગેરે માટે સલાહ
ા લઇને અને એમના શબ્દોમાં કહું તો "ખૂબ ખૂબ આશી-
પામીને એમનાથી હું છૂટી પડી.

× × ×

બિહાર છોડતી વખતે મનમાં કોઇ નવું જ વ્યાપક જીવન-
અંકાવા માંડયું. સંતના સમાગમથી કંઇક જુદો જ પ્રકાશ,
ા ને પરિવર્તનના ભાવો હ્રદયમાં જાગ્યાં. અને કાશી તરફ
ી અમારી ગાડીથી અનેક ગણી ઝડપે મનમાં વિચારો દોડવા
ા. કાશી જવા માટે અમે દાલમિયાનગરથી બેઠાં હતાં. દાલમિંયા-
માં કાગળ, સાકર, સિમેન્ટ વિગેરેની 'ફેકટરી'ઓ છે. વિશેષ જોવાનું
ત્યાંથી કાશી ત્રણેક કલાકનો રસ્તો છે. કાશી પહોંચતાં પહેલાં
રી ટ્રેન ગંગા નદીના પુલ ઉપરથી પસાર થઇ. ગંગામૈયાનું પ્રથમ
ા થયું અને તેના એક કિનારે વસેલ કાશી નગરે પણ દૃષ્ટિ-
ને આવરી લીધું. ગંગાની અનેકવિધ ભવ્યતા નિહાળતાં કાકા
બ કાલેલકરનો 'ગંગામૈયા' ઉપરનો લેખ ખૂબ યાદ આવ્યો.

અમે 'રામકૃષ્ણ મીશન'માં ઉતર્યાં હતાં. અમારા માટે ત્યાં
પ્રકારની સગવડ હતી. સાંજના વખતે ગંગાતટ ઉપર ગયાં
એક પછી એક ઘાટ ઉપરથી પસાર થવા લાગ્યાં. અનેક મંદિરો
ાં. કાશીવિશ્વનાથનાં પણ દર્શન કર્યાં. ત્યાનું સુપ્રસિધ્ધ 'ભારત
મંદિર' પણ જોયું. આ મંદિરમાં હિંદુસ્તાનનો નકશો જમીન
રચવામાં આવ્યો છે. આ નકશામાં હિંદુસ્તાનના પર્વતો, શહેરો
ઓ અને ત્રણ બાજુએ વીંટળાયેલો મહાસાગર પ્રમાણસરની
ઇ નીચાઇ સાથે બતાવવામાં આવેલ છે અને હિંદને લગતી
ભૌગોલિક તેમજ ઐતિહાસિક માહીતી આ નકશો બહુ સારા પ્રમાણમાં પૂરી પાડે છે. બીજે દિવસે અમે સારનાથ ગયાં અને ત્યાં ખોદકામ વડે કાઢેલાં પ્રાચીન અવશેષો અશોક સ્તંભ, ભગવાન બુધ્ધની ઉપદેશ આપતી ભવ્ય મૂર્તિ, ચતુષ્ખંડી સ્તૂપ વગેરે જોતાં મન ખૂબ પ્રસન્ન થયું. હિંદુ યુનિવર્સિટીનું પણ ઉડતું દર્શન કર્યું.

કાશીથી અમે પ્રયાગ ગયા. ગંગા અને યમુનાનો કલ્પના રોમાંચને પ્રેરે એવો ભવ્ય સંગમ જોયો. હોડીમાં બેસીને આસપાસ ઠીક ઠીક ફર્યાં. યમુનાનું ઘેરૂં ગંભીર લીલું પાણી અને ગંગાનું પવિત્રતા અને નિર્દોષતાના પ્રતીકસમું સફેદ પાણી-બે પ્રકારના પાણીનો સંગમ સહજ કલ્પનામાં ન આવે એવું એક ચિત્રવિચિત્ર દૃષ્ય ઉભું કરે છે અને તે જોતાં ભૂત વર્તમાનના અનેક વિચારો આપણી મનને ઘેરી વળે છે અને ચિત્ત એક પ્રકારની સ્તબ્ધતા અનુભવે છે. ત્યાંથી ખસવાનું મન જ થતું નથી. એમ છતાં પણ ઓછું જ ત્યાં ચોંટી રહેવાય છે?

ત્યાંથી અમે પાછા ફર્યાં. રસ્તામાં કીલ્લો અને 'અક્ષયવૃક્ષ' જોયાં, પંડિત નહેરૂનું નિવાસસ્થાન 'આનંદ ભુવન' જોયું, ત્યાંનું સંગ્રહાલય પણ જોયું. સંગ્રહાલયમાં રોરીકે કરેલાં હિમાલયનાં ચિત્રોએ ખાસ ધ્યાન ખેંચ્યું. તેમાં તેણે રેલાવેલ રંગછોળ હજુ પણ આંખો સામે તર્યા કરે છે. આ રીતે જોવા લાયક ઘણુંખરૂં જોઇને તે જ રાત્રે અમે ત્યાંથી નીકળ્યાં અને સમગ્ર યાત્રાનાં અનેક સ્મરણો સાથે અમે ૧૦મી મેની સવારે મુંબઇ આવી પહોંચ્યાં.

સમાપ્ત. **ગીતા પરીખ**

## ઉર્ધ્વગામી માનવચક્ર

જગતમાં પ્રકાશ તો છે, ઘણા અને ઘણી રીતના. અને પોતપોતાના સ્થળે તે પોતાના પ્રમાણમાં કામ પણ કરે છે. આપણી સમક્ષ કઇ રીતની આવસ્યકતા છે, અને તે આવસ્યકતાને પૂરી કરવા માટે કઇ રીતનો પ્રકાશ અને શકિત ઉપલબ્ધ અને સક્રિય બને છે એના આધારે જીવનની સફળતા રચાય છે. માણસના વિકાસની યાત્રા અનંત છે, અને સીડીનાં એક પછી એક પગથિયાં ચડતાં ચડતાં માણસ આગળ વધે છે. એ ચડવામાં તે હંમેશાં નીચલું પગથિયું છોડીને આગળ વધે છે, તેને છોડી દેવું પડે છે. આ એક મૂકીને બીજું લેવાની ક્રિયા વિકાસ માટે અનિવાર્ય છે. સ્થિતિ નહિ પણ ગતિ-અને ગતિમાંથી પાછી સ્થિતિ એમ માનવ-ચક્ર ચાલે છે.

એક મિત્ર ઉપરના પત્રમાંથી **સુંદરમ્**

## વિષયસૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સન્તતિ નિયમન | પરમાનંદ | ૩૯ |
| જૈનો અને ખેતી | સન્તબાલજી | ૪૧ |
| રશીઆ વિષે | ... | ૪૧ |
| **પ્રકીર્ણ નોંધ:** પ્રદેશવિભાજન અને મુંબઇનું ભાવી, ગીતામાં હિંસા કે અહિંસા, જૈનો અને ખેતી, ભોજનાલયમાંથી સર્વોદય કેન્દ્ર. | પરમાનંદ | ૪૨ |
| એક સંસ્કારયાત્રા | ગીતા પરીખ | ૪૫ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ.૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૫ જુલાઈ ૧૯૫૪ ગુરૂવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## નૈતિક અધ:પતનનાં કારણો અને તેના ઉપાયો

એકવાર આપણો પવિત્ર ભારત દેશ ધન, ધાન્ય, કળા, કારીગરી, વ્યાપાર, વૈભવ વિ. ભૌતિક બાબતોમાં ખૂબ જ ઉન્નત અવસ્થાએ હતો તેટલો જ એ નીતિવાન અને સદાચારીઓનો પણ દેશ ગણાતો હતો. ગ્રીક એલચી મેગેસ્થનીસે લખ્યું છે કે 'ભારતના લોકો જૂઠું બોલતા નથી, સાક્ષીની એમને જરૂર પડતી નથી, પડે છે તો કોઇ ખોટી સાક્ષી પુરતું નથી, તેમજ રાત્રે દૂકાને પણ કોઇ તાળું વાસતું નથી.' આમ ભારતની નીતિમત્તા અને સદાચારની ત્યારે પ્રતિષ્ઠા હતી. પણ આજે સહેજ ધક્કો લાગતાં આપણી નીતિની ઇમારત કડડડ ભુસ કરતી તૂટી પડી છે અને પરદેશમાં તો આપણી કોઇ સાખ જ નથી રહી. તો સવાલ એ પેદા થાય છે કે શું આપણી નીતિમત્તા મૂળમાં જ પોલી હતી કે પછી આપણને શિક્ષણ જ કંઇ એવું મળેલું? એથી પતનનાં મૂળભૂત કારણો કયા છે એ આપણે વિચારીએ.

(૧) વિચાર કરતાં જણાય છે કે વારસાગત પ્રાપ્ત થયેલા રાગ-ભોગ–વૃત્તિના પ્રબળ સંસ્કારો એજ આજના પતનના કારણોમાંનું એક મુખ્ય કારણ છે. ધર્મ અને નીતિનું પ્રથમ શિક્ષણ માનવજાતને મળ્યું એનાથીયે યુગો પહેલાં જ્યારે માનવ પ્રાથમિક દશામાં હતો ત્યારથી એ ભૌતિક સુખની ઝંખના કરતો આવ્યો છે. જો કે પાછળથી ત્યાગ–વૈરાગ્ય ભાવના કેળવવાનો અને એ રીતે રાગવૃત્તિને નાથવાનો આપણે ભગીરથ પ્રયત્ન કર્યો છે–અને આજ પણ એ ચાલુ છે. છતાં મૂળમાં પડેલી એ રાગ–ભોગ–વૃત્તિને આપણે કચડી શકયા નથી. ઉલટું એના પ્રાબલ્યથી પ્રભાવિત બની વિરાગ સાથે એ રાગને પણ ધર્મના નામે જોડવાના અને એને પ્રતિષ્ઠા આપવાના પ્રયત્નો ય કંઇ આપણા હાથે ઓછા નથી થયા.

શાસ્ત્રકાર જણાવે છે કે તીર્થંકરો કે બુદ્ધો પાછલા ભવોમાં એક યા કોઇ વિશેષ ગુણોની પારમિતા–પરાકાષ્ટા બતાવે છે, ને જ્યારે એમ સર્વગુણોનો વિકાસ સાધી એ લગભગ પૂર્ણતાની સમક્ષ પહોંચી જાય છે ત્યારે તીર્થંકરત્વ કે બુધ્ધત્વ પ્રગટ કરી પૂર્ણ બને છે. છતાં છેક છેલ્લા ભવ સુધી–જ્યાં ત્યાગ નથી, તપ નથી, નાનું શું વ્રત પાળવા જેટલી સંયમશકિત યે નથી પણ કેવળ ઇન્દ્રિયસુખોની જ આસકિત છે એવી દેવયોનીમાં લાખો-કરોડો વર્ષ સુધી બંધાઇ રહેવાનું એમના માટે કેમ નિર્માયું હશે? સમ્યકદૃષ્ટિ પૂર્વક આચરેલા એમના ત્યાગ–તપનું ફળ શું આમ ઇન્દ્રીયસુખોની આસકિતમાંજ પરિણમતું હશે? કે પછી એમને દેવલોકમાં મોકલ્યા વિના આપણને ચેન જ નહીં પડયું હોય? અને આ કંઇ નિરાધાર કલ્પના નથી. ભગવાન બુધ્ધનું ઉદાહરણ આપણી સમક્ષ પડેલું જ છે. માલુંકયપુત્રના પુનર્જન્મવાદ વિષેના પ્રશ્નનો ઉત્તર ભગવાન મૌનથી જ વાળે છે, છતાં પાછળથી મહાયાનપંથીઓએ બુદ્ધને 'નિર્વાણ'માંથી ઉઠાવી જગકલ્યાણ માટે યુગે યુગે અવતરતા ભગવાન બનાવી તુષાર સ્વર્ગમાં એમને બેસાડયા છે ત્યારે જ એમને સંતોષ થયો છે. ખરી રીતે તો જેમ જેમ સંયમશકિત કેળવાતી જાય, તપશ્ચર્યા વધતી જાય, ત્યાગભાવ ઊંડો ઉતરતો જાય તેમ તેમ એ ગુણોને વિકસવાની જ્યાં યોગ્યભૂમિ છે એવું માનવીજીવન પ્રાપ્ત થતું રહેવું જોઇતું હતું; પણ રાગ–વૃત્તિને કારણે ગમે તેમ તોયે ભોગપ્રધાન હોઇ દેવભૂમિ શ્રેષ્ઠ છે એ વિચાર ત્યાગ-તપનો વારસો મેળવવા છતાંય આપણે નિર્મૂળ નહોતા કરી શકયા, અને તેથી જ એવા પુરૂષોને છેક છેલ્લી અવસ્થાએ પણ જ્યારે આપણે ભોગી બનાવ્યા ત્યારે જ આપણને જંપ થયેલો. માનવીજીવન કરતાં દેવભુમિના વર્ણનોમાં જે આપણને રસ આવે છે ને એવા શાસ્ત્રપાઠો પણ જે રસવૃત્તિથી વંચાય છે એનું કારણ આપણામાં રહેલી રાગ–ભોગવૃત્તિએ પેદા કરેલી ભોગની ઝંખના છે. આપણા આજના પતનમાં આ વૃત્તિએ જ મોટો ભાગ ભજવ્યો છે. તદુપરાંત–

(૨) સ્વર્ગની લાલચ અને નર્કનો ડર. એમ ભય–લાલચના પાયા પર ધર્મોની ઇમારત ઉભી થયેલી હોઇ જ્યારે આજે વૈજ્ઞાનિક શોધખોળને કારણે વહેમ અને અંધશ્રદ્ધાના પડળો ઉતરતાં જાય છે અને બુદ્ધિ–તર્કનો પ્રદેશ ઉઘડતો જાય છે ત્યારે એ ભય–લાલચને બળ આપનારૂં તત્ત્વ હટી જવાથી ઇમારત તૂટી પડે એ સ્વાભાવિક હતું.

(૩) ઝડપી વાહનવ્યવહારને કારણે પ્રજાસમૂહો પાસે–પાસે આવવાથી ચેપી દર્દની જેમ એક બીજાની અસરથી કોઇ મુકત ન રહી શકે એ પણ એક કારણ છે, વળી–

(૪) ભારતમાં કુદરતની અપાર સંપત્તિ વેરાયેલી હોઇ તથા ધન-ધાન્યથી દેશ સમૃધ્ધ બનેલો હોઇ અહીં સંઘર્ષને અવકાશ નહોતો. જીવનમાં નિરાંત હતી. એથી આપણા પૂર્વજો અહીંની ભૂમિથી પ્રભાવિત બની કલ્પનામાં ઊર્ધ્વયન કરતાં શીખ્યા. એમને મુખે કાવ્યો સ્ફુરવા લાગ્યા અને તેથી એ ચિંતનના પ્રદેશમાં વિહરતા થયા. એ વારસાને કારણે આપણે જગતના અનેક ગૂઢ રહસ્યો શોધ્યાં, ચિંતકો થયા, જ્ઞાનીઓ બન્યા, પણ એ માર્ગ પર ચાલવા જેટલા સબળ બની ન શકયા એથી ચારિત્ર્યમાં હંમેશાં શિથિલ જ રહ્યા. સુખશીલતાનું એ પરિણામ હતું. જ્યારે બીજી બાજુ જે દેશોમાં કુદરતની મહેર ન હોવાને કારણે સંઘર્ષ હતો, એ દેશના લોકો ટકવા માટે તનતોડ મહેનત કરતા હતા, જેથી એમનામાં હિંમત આવી, સાહસ ખીલ્યું, વ્યવસ્થા અને શિસ્ત કેળવાયાં તથા સમાજ માટે ઘસાવાની અને સહન કરવાની શકિત પણ એમણે પ્રાપ્ત કરી. આમ આપણે મોટે ભાગે ચિંતક અને જ્ઞાની જ રહ્યા ત્યારે એ સાહસિક અને સંગઠિત બની શિસ્તની તાલીમ પામ્યા. આમ આપણી આ ખામીને કારણે આજની પરિસ્થિતિમાં આપણે નિર્બળ પુરવાર થયા, ને સહેજ ધક્કો લાગતાં તૂટી પડયા.

(૫) વળી વૈજ્ઞાનિક અવિષ્કારોને કારણે મળેલી સગવડો ને વધેલી જરૂરિયાતો આપણે ઓછી કરી શકતા નથી. ઓછી કરી ચલાવી લેવાની આપણામાં સહનશકિત જ નથી, જેથી નીતિ–ધર્મનું ઉંડું તત્ત્વજ્ઞાન સમજવા છતાં આપણે લાચાર બની અનીતિ તરફ ઢળવું

પડયું છે. આમ જ્યાં સમજુ માણસો પડે છે ત્યાં સામાન્ય જનતા તો ઢાળ તરફ વહે જ એમાં નવાઇ પણ શી? આમ રાગબુદ્ધિના પોષાયલા સંસ્કાર, શિસ્તનો અભાવ, સહનશકિતની ખામી તથા ચારિત્ર્યની શિથિલતાને કારણે આપણે નીતિના પાયા પરથી ઝડપથી ઉતરી રહ્યા છીએ. તો હવે કરવું શું ? કઇ રીતે આપણે ફરી ઉન્નત જીવન તરફ પ્રયાણ કરી શકીએ, અને એ માટે કયા માર્ગો હાથ ધરવા એ આપણે હવે વિચારીએઃ–

મૂળ વાત એ છે કે ચિંતન અને જ્ઞાન દ્રષ્ટિએ આધ્યાત્મિકતાની ઉંચી સપાટીએ પહોંચવા છતાંય નથી આપણામાં કર્મસિધ્ધાંત પ્રત્યેની શ્રધ્ધા પ્રગટી કે નથી 'કર્તા હર્તા માત્ર નારાયણ છે' એવો વિશ્વાસ પેદા થયો, જ્યારે બીજી બાજુ જેમની પૂજા ભકિત કરવાથી દીકરાઓ સાજા થાય, ઘરે સંપત્તિની છોળો ઉડે, મુશ્કેલીઓનું નિવારણ થાય એવા દેવદેવીઓ પ્રત્યેની શ્રધ્ધા વધતી જાય છે. કારણકે મૂળમાં તો ભોગવૃત્તિ જ પડેલી છે અને તેથી જ હરેક મત પંથમાં ડગલે ને પગલે દેવદેવાઓનાં ટોળાં ઉભરાયેલાં નજરે પડે છે, કે જે આપણી બધી જ ભૌતિક કામનાઓ પુરી કરવા સમર્થ છે એમ માનવામાં આવે છે. એથી જ્યાંસુધી ભય-લાલચથી પ્રરાઇને નહી પણ અંતરંગ પ્રેમથી કેવળ પોતાના આત્મસંતોષને ખાતર કર્તવ્ય કરવાની ભાવના ન જાગે ત્યાંસુધી ભોગવૃત્તિ ટળવાની નથી અને ભોગવૃત્તિ ટળ્યા વિના જગતમાં સુખ શાંતિ નિર્માણ થવાની નથી. એથી મૂળમાં શિક્ષણમાં જ ક્રાંતિ થવાની જરૂર છે. જો કે ક્રાંતિ કંઇ એક દિવસમાં થતી નથી એ વાત સાચી છે. છતાં જો ડહાા પુરૂષો આજથી જ બાળકેળવણીમાં ક્રાંતિકારી પરિવર્તનો ઉભા કરી લોકશિક્ષણ દ્વારા સમાજઘડતરનું કામ પણ આરંભશે તો વહેલી મોડી સિદ્ધિ મળ્યા વિના રહેવાની નથી અને ત્યારે પાયમાંથી જ નવચણતરનું કામ થયું હોઇ જે કામ થશે એ સિમેંટ-કોંક્રિટની જેમ મજબુત બન્યું હોઇ ફરી એને કદી પતનનો ભય પણ નહી રહે. પણ એ માટે હવે કયવન્ના શેઠનો–ભોગવૃત્તિને પુણ્ય માનવાનો–આદર્શ નહી ચાલે. પણ સ્વયં ભગવાને જેની પ્રશંસા કરી હતી એવા પુણિયા શ્રાવકનો આદર્શ સ્વીકારવો પડશે. પણ એ માટે એવું શિક્ષણ કેવળ સદાચાર–નીતિના પાઠો ગોખાવ્યે રાખવાથી સફળ નહી થાય. એ માટે આપણે આપત્તિ સામે ટકી રહેવાની સહનશકિત કેળવવી પડશે અને એ માટે ખડતલ પણ બનવું પડશે. અને તો જ આપણે સુખશીલીયા મટી કોઇને કોઇ પ્રકારનો શ્રમ કરવા જેટલા સબળ બની શકીશું. બાકી જ્યાંસુધી સહેજ પણ અગવડ ન સહન કરવા જેટલા સુખશીલીયા રહીશું ત્યાંસુધી ન હિંમત આવશે, ન સાહસ કેળવાશે કે ન શિસ્ત–વ્યવસ્થાનું પાલન થશે. કારણકે વ્યકિતગત જીવન વિકાસને જ આપણે ધ્યેય માન્યું હોઇ, નથી આપણે સમજધર્મ સમજી શકયા કે નથી સમાજ માટે ઘસાવાની વૃત્તિ કેળવી શકયા. એથી રૂંધાયેલા સમાજમાં વ્યકિતઓ પણ જોઇએ તેવો વિકાસ કરવાની અનુકૂળતા પ્રાપ્ત કરી શકતી નથી એ સમજવા તરફ આપણું લક્ષ જ ખેંચાયું નથી. પરિણામે જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં અનેક પ્રકારની અસમાનતાઓ પેદા થવાથી આપણું લક્ષ્ય વધુને વધુ અંગત સ્વાર્થ શોધવા તરફ જ મંડાયેલું રહ્યું છે, જેથી આ ખામીને કારણે આપણે સમજવા છતાંય પડયા. એથી આપણી આ નબળાઇને ખ્યાલમાં રાખી સમાજધર્મ-શિસ્ત અને વ્યવસ્થા–તથા શ્રમભર્યા કઠોર જીવન જીવવાના સંસ્કારો સિંચવામાં આવશે તો જ આપણે સબળ બની ફરી ચડી શકશું. આ માટે સામાજિક સેવાના કાર્યક્રમો, શ્રમયજ્ઞો તથા સાહસિક રખડપટ્ટીઓના કાર્યક્રમો અવારનવાર યોજવામાં આવે એ જરૂરતું છે કે જેથી ખડતલતા કેળવાય, ખોટી શરમ છૂટે ને તેને પરિણામે જીવન સુંવાળું ન બનતાં સાદું અને સંયમી બની શકે. આમ આ ગુણો કેળવાયા વિના સદાચાર અને નીતિનો પાયો ટકવાનો નથી, ટકી જ ન શકે. પણ મુશ્કેલી એ છે કે અમુક ધરેડે ટેવાયેલું જીવન નવો દાબ કેવી રીતે સહન કરી શકશે ? કયું બળ એના જીવનમાં રસ પેદા કરી શકશે ? જે લોકો દોડધામ કરે છે, પરિશ્રમ ઉઠાવે છે, તકલીફો ભોગવે છે, નીતિ–અનીતિ પણ વિચારતા નથી એવા લોકો તો છેવટે સગવડો કે ભોગસામગ્રી મેળવી એક પ્રકારનો આનંદ મેળવે છે અને એ રીતે જીવનને રસ પુરો પાડે છે. પણ આવાઓનું શું ? કઠોરજીવન અને રસ એ બેનો કેવી રીતે મેળ મેળવવો એ એક સમસ્યા છે. પણ એ સમસ્યા કઠિન નથી–સરલ છે. ફકત દૃષ્ટિ બદલવાની જ જરૂર છે. અને તે છે ઇન્દ્રિયસુખો પરથી દૃષ્ટિને હટાવી જ્યાં અનંત, અપાર સૌંદર્ય ભર્યું પડયું છે એ સ્થાન પર એને સ્થાપવાની કે જ્યાંથી સૌંદર્યનું પાન કરી એ જીવનને મધુર અને રસમય બનાવી શકે છે. સૌંદર્યનું દર્શન–સૌંદર્યની અભિવ્યકિત–એ જ જીવનનો સાચો રસ છે કે જે કુદરતના અવલોકનથી, પતિતોની સેવાથી તેમજ કળા, કારીગરી કે કોઇ ઉત્પાદક શ્રમરૂપે સર્જનની અભિવ્યકિતથી પ્રાપ્ત થઇ શકે છે. નાની બેબી જ્યારે પહેલ વહેલું ફુલકું બનાવી પોતાનામાં પડેલી શકિતને બહાર લાવે છે ત્યારે પોતાના હાથે થયેલા નવસર્જનનો આનંદ એના રોમેરોમમાંથી પ્રસન્નતા રૂપે ફુટી નીકળે છે એ બીના કયા માબાપને અજાણી છે ? એટલે જીવનનો ખરો આનંદ–રસ સગવડો વધારવામાં કે ઇન્દ્રિયસુખો ભોગવવામાં નથી પણ સૌંદર્યનું પાન કરવામાં તેમજ સર્જનરૂપે એ સૌંદર્યને પ્રગટ કરવામાં જ રહેલો છે. આ કારણે વિશ્વને જોવાની દૃષ્ટિ બદલવા સાથે જીવનમાં જો કોઇ પણ ઉત્પાદક શ્રમને સ્થાન આપવામાં આવે તો ભૌતિક સુખો કરતાંય અનેકગણો અને તે પણ સ્થાયી આનંદ પ્રાપ્ત થઇ શકે પછી શા માટે ભૌતિક સુખો પાછળ દોડવું પડે અને એ માટે અનીતિ–અસદાચાર કે સાચું–ખોટુ કરવું પડે ? બીજી પણ એક વાત વિચારવાની છે કે વિલાસપોષક શહેરી જીવન, માનવના જ્ઞાનતંતુઓમાં ઉશ્કેરાટ પેદા કરી એને યંત્ર જેવો જડ બનાવી મૂકતાં કારખાના તેમજ નવી નવી લપો ઉભી કરતી વૈજ્ઞાનિક સગવડોની અપેક્ષાએ સાદું ગ્રામ્યજીવન, કોઇપણ ઉત્પાદક શ્રમ તથા પથરાયેલી ભવ્ય કુદરતનો સંસર્ગ કંઇ ઓછી સુખ-શાંતિ આપે છે કે હજુ આપણે એ પાણીના પરપોટા પાછળ દોડયા કરીએ છીએ ?

**રતિલાલ મફાભાઇ શાહ**

## અબ પરિચિત સહુ કોઇ

**અબ પરિચિત સહુ કોઇ**
**મુજને અજાણ કોઇ ન કયાંયે...(અબ૦)**
**લોક લોકના અંતરિયે હું**
**ભાળું મુજ પ્રતિછાયા,**
**નાનકડા આ ઉરમાં કયાંથી**
**માનવ સર્વ સમાયા ?**
**સકલ વિશ્વની પહેચાને દિલ**
**સભર સભર લહરાયે...(અબ૦)**
**બિન્દુ ડૂબે સમદરમાં ત્યમ**
**સહુમાં મુજને ખોઉં,**
**સાગર બિન્દુમાં દેખાયે**
**ત્યમ મુજમાં જગ જોઉં,**
**શૂન્ય થતું, ભરપૂર તોય મન**
**પ્રેમભર્યું છલકાયે...(અબ૦)**
**તૂટી દિવાલો, અહા વિલાયો**
**નિજ ને પરનો ભેદ,**
**'અહમ્'તણી ના કયાંય સીમા ત્યાં,**
**કોને કોનો ખેદ ?**
**નયણાં ઘેલાં ઝીલે બધાંને**
**મને જ ભૂલી જાયે...(અબ૦)**

**ગીતા પરીખ**

# ક્રાન્તિનો ત્રિકોણ

( શ્રી વિનોબાની આ વાણીને સંકલિત કરનાર શ્રી સૂર્યકાન્ત પરીખ તથા ગીતા પરીખ છે )

## લોકોની વિજળીક શક્તિ

આજે જે જગ્યાએ અમારો નિવાસ થયો છે તે કોઇ મામુલી સ્થાન નથી પણ એક વિચાર કેન્દ્ર છે કે જ્યાંથી મોટાં મોટાં કામો થયા છે. હિંદુસ્તાનના સત્યાગ્રહની પ્રથમ શરૂઆત ગાંધીજીએ અહિંથી કરેલી. એ શકિત અહિંના લોકોમાં વિજળી માફક રહેલી છે. કોઇ જો ચાંપ દાબનાર હોય તો તે પ્રગટ થશે.

## આંતરિક પ્રેરકશક્તિ

હું ત્રણ વર્ષથી ફરી રહ્યો છુ. અને ફરવાનો મારો ઉત્સાહ વધી રહ્યો છે. આવું કેમ બને છે? કારણ કે ભૂદાનયજ્ઞના પાયામાં એક મહાન તત્વજ્ઞાન છે. જેને તેનું દર્શન થાય છે. તેને તેમાંથી સતત રસ મળતો રહે છે. અહિં વર્ષોથી અનેક ઝાડો ઊભાં છે. તેમને અંદરથી રસ મળ્યા કરે છે. એટલે ગરમીમાં પણ સૂકાતાં નથી. બલ્કે જેમ જેમ બહારથી સૂર્યનો તાપ વધુ પડે છે તેમ તેમ તે ખીલતા જાય છે. અંદરથી તત્વજ્ઞાનનો રસ મળતો રહે તો તપથી ઉત્સાહ વધે છે અને કોઈ મુશ્કેલી નથી લાગતી.

## નરેન્દ્રદેવના વિચાર

મેં હમણાં જ વાંચ્યું કે આચાર્ય નરેન્દ્રદેવ કે જેઓ ઉત્તર પ્રદેશ ભૂદાન સમિતિના સભ્ય છે તેમણે કહ્યું કે "ભૂદાનનું કામ તો સારૂં છે, પણ તેની પાછળ કોઇ ખાસ તત્ત્વજ્ઞાન નથી." આનો જવાબ તો હું શું આપું? હું તો એટલુ જ કહીશ કે એની પાછળ જો તત્વજ્ઞાન ન હોત તો મારા પગ ત્રણ વર્ષમાં નબળા પડી જાત. પરંતુ મારા પગમાં નબળાઇને બદલે શકિત આવી રહી છે. જ્યાં કોઇ મામુલી વિચારથી મનુષ્ય કામ કરે છે ત્યાં તેની ગતિ ધીમી પડી જાય છે, પરંતુ જ્યાં વિચારનું ઊંડાણ છે ત્યાં તો કામની ગતિ વધે છે. રોજ નવી સ્ફુર્તિ મળે છે, નવા અંકુરો ફુટે છે. તમે જાણો છો કે ભૂદાનયજ્ઞમાંથી સંપત્તિદાન, શ્રમદાન અને છેલ્લે જીવનદાનની શાખાઓ નીકળતી જાય છે. એનો વિસ્તાર એટલો બધો થશે કે જેટલાં રચનાત્મક કામો છે એટલાં તો અંદર આવશે જ, પરંતુ સમાજ જીવનનાં બીજા જેટલાં નૈતિક અંગો છે તે પણ એની અંદર આવી જશે. આ બધું તેના મૂળમાં કોઈ નવું તત્વ-દર્શન ન હોય તો કેમ થઇ શકે?

## ક્રાંતિ એટલે શુ?

આચાર્ય નરેન્દ્રદેવેએ એવું તો નથી કહ્યું કે હૃદયપરિવર્તનની પ્રક્રિયા નકામી છે. એમણે તો કહ્યું છે કે તે વર્ગ સંઘર્ષમાં માનવાવાળા છે અને કેવળ હૃદય પરિવતનથી આ કામ થશે એવું તે માનતા નથી. એનો શો અર્થ છે? એટલો જ કે એક આદમી પોતાના વિચારો બાંધીને બેસી ગયો છે. એવો જે નિશ્ચય થયો હોય તે કોઇ વિચારથી કે અનુભવથી જ થયો હશે. પરંતુ જગતમાં રોજ નવા નવા અનુભવ થાય છે. ક્રાંતિની નવી નવી પ્રક્રિયા હોય છે. (અને ક્રાંતિ તો એ જ કહેવાય છે કે જેની નવી નવી પ્રક્રિયા થતી રહે છે. ક્રાંતિની પ્રક્રિયા જો સ્થિર થાય તો તે ક્રાંતિ નહીં રહે.

## ક્રાંતિનો ત્રિકોણ

મારે તો એટલું જ કહેવાનું છે કે જેણે વિચારથી એ જ માની લીધું છે કે વર્ગસંઘર્ષમાંથી ક્રાંતિ થઇ શકે છે તે જો અનુભવ માટે ખુલ્લું મન રાખે તો એ પણ અનુભવ થઇ શકશે કે હૃદયપરિવર્તન અને વિચારપરિવર્તનથી પણ ક્રાંતિ થઇ શકે છે. મોહયુકત માનવીઓનું હૃદયપરિવર્તન કરવાનું રહે છે, અને સજ્જનોનું વિચારપરિવર્તન કરવાનું હોય છે. મારો આજ કાર્યક્રમ છે. એક તરફથી વિચાર પૂરો સમજાવીએ છીએ અને બીજી તરફથી તપ કરીએ છીએ સમજાવવાથી વિચારપરિવર્તન થાય છે અને તપથી હૃદયપરિવર્તન થાય છે. આ બંનેની સાથે અને એના જ પરિણામ રૂપે એક બીજી વાત પણ આવે છે પરિસ્થિતિ પરિવર્તનની. આ રીતે ક્રાંતિનો ત્રિકોણ થઇ જાય છે. પરિસ્થિતિ પરિવર્તન માટે શું કરવું જોઇએ? કેટલાક માને છે કે કાયદાથી પરિવર્તન થશે. કાયદા માટે શું કરવું? સત્તા હાથમાં લેવી પડશે. સત્તા કેવી રીતે પામશુ? લોકોને સમજાવીને એમના વિચારોમાં પરિવર્તન લાવીને તે દ્વારા સત્તા હાથમાં લેવી. આજ રીત લોકશાહીમાં શકય છે. એટલે અંતે તો માત્ર વિચારપરિવર્તનનો માર્ગ જ રહે છે.

આપણી પાસે તો વિચાર પરિવર્તન ઉપરાંત હૃદય પરિવર્તન અથવા તપશ્ચર્યાનો માર્ગ પણ છે. તપશ્ચર્યાના અનેક પ્રકાર હોઇ શકે. પગપાળા ગામડે ગામડે ફરવું એ તપશ્ચર્યાનો એક પ્રકાર છે. એ રીતે આપણે જનતાને એટલું તો સમજાવી શકીએ કે તે પાપમાં ભાગીદાર ન બને. આજે ઠેર ઠેર જમીનો ઝુંટવી લેવામાં આવે છે. જમીનો ઝુંટવાય છે તે અન્યાય છે તે જમીનદારોને અમે સમજાવીએ છીએ. તેઓ સમજશે નહિ તો અસહકાર થશે. એમના કામમાં જનતા સહકાર નહિ આપે તો તેઓ જમીનોનો કબજો છોડશે. અમે કહીએ છીએ કે અમારી પ્રક્રિયામાં અસહેકાર અને સત્યાગ્રહ આવી શકે છે અમારી પ્રક્રિયાથી કાનુન પણ બનાવી શકાય છે. જો ચારે બાજુથી કાર્યકર્તાઓ આ કામમાં લાગી જાય અને લોકોને સરસ રીતે વિચાર સમજાવે તો ભુદાનથી જ સમસ્યાનો ઉકેલ આવી શકશે. મેં જનતાને જે રીતે ઓળખી છે એને આધારે એટલું કહી શકું કે આ વાત તદ્દન નાખી દેવા જેવી નથી. અમે તો યે આશાથી જ કામ કરી શકીએ છીએ.

## કાયદા અને લોકશાહીનો માર્ગ

છતાં જો એ આશા ન ફળી તો ત્રણ માર્ગ રહે છે. એમાંથી લોહિયાળ ક્રાંતિનો માર્ગ તો કોઇ માર્ગ જ નથી, ક્રાંતિ જ નથી. તો બે માર્ગ વિચારવાના રહે છે. એક કાયદાનો ને બીજો અસહયોગનો. કાયદાને અમે રોકયો નથી. કાયદો થાય, પણ કાયદાનો દંભ ન કરાય. અમે કોઇ પણ પક્ષને સત્તા પર આવતાં કે કાયદો બનાવતાં રોકતા નથી. દરેક પક્ષ કબુલશે કે આ આંદોલનથી કાયદા બનાવવામાં વેગ જ વધ્યો છે.

આપણા કાર્યકર્તાઓએ આત્મપરીક્ષક થવું જોઇએ. જો આપણે આત્મપરીક્ષક નહીં હોઇએ તો ભૂદાનનું તત્વજ્ઞાન ભાંગી પડશે આત્મપરીક્ષક એ બળમાં વિશ્વાસ ધરાવે છે કે દરેક માણસનું હૃદય પરિવર્તન થઇ શકે છે, કારણ કે દરેકમાં આત્મા છે. જો આપણે દરેકમાં આત્મા છે એમ માનીએ તો હૃદય પરિવર્તન, વિચાર પરિવર્તન અને બેઉના જોરે પરિસ્થિતિનું પરિવર્તન—આ ત્રિકોણાત્મક પ્રક્રિયા પણ ટકી શકશે. ભૂદાનયજ્ઞના મૂળમાં આ આખો વિચાર જડાયેલો છે.

૨૬-૬-૫૪ વૃંદાવન આશ્રમ,બિહાર **વિનોબા**

## અહેવાલ દોષ

તા. ૧૫-૬-૫૪ ના પ્રબુધ્ધ જીવનમાં રાષ્ટ્રનું નવનિર્માણ એ મથાળા નીચે પ્રગટ થયેલ સિધ્ધરાજ ઢઢ્ઢાના ભાષણમાં જણાવવામાં આવ્યું છે કે "અમેરિકા કરતાં હિંદની વસ્તી ત્રણ ગણી છે. ક્ષેત્રફળ પણ એટલું જ મોટું છે."

આમાં અહેવાલદોષ છે. શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢાએ એમ જણાવેલું કે "હિંદની વસ્તી અમેરિકાની વસ્તીથી બમણી અથવા તેથી વધારે છે જ્યારે હિંદનું ક્ષેત્રફળ અમેરિકાના ક્ષેત્રફળથી લગભગ ત્રીજા ભાગનું છે."

**તંત્રી**

# પ્રકીર્ણ નોંધ

## પુરબહારમાં જામેલી વર્ષાૠતુ

વર્ષાૠતુ શરૂ થયાને હજુ મહિનો દોઢ મહિનો નથી થયો એટલામાં તો આખા દેશ ઉપર વર્ષાની ભારે જમાવટ થઇ ચૂકી છે અને નદી–નાળામાં પાણીની રેલમછેલ થઇ રહી છે. મુંબઇ ઉપર વર્ષાૠતુનો એક સરખો ઘેરો ચાલી રહ્યો છે અને સૂર્યનાં બારે કલાક એક સરખાં દર્શન થતાં રહે એવો દિવસ ભાગ્યે જ ઉગે છે. અનવરત ધારાએ વરસતો વરસાદ નદી સરોવરોને તેમ જ માણસનાં મનને પણ ભરી દેતો લાગે છે. વરસાદની અહિં અછત છે, ત્યાં અછત છે એવી વર્ષોથી આપણે બુમો પાડયા કરતા હતા. એવી બૂમો પાડવાનું કોઇને પણ કારણ ન રહે એમ મેઘરાજાની કૃપા આ વખતે ચોતરફ એક સરખી વરસી રહી છે. વરસાદથી પૃથ્વીની અદ્દભુત કાયાપલટ થઇ રહી છે. સરોવરો પાણીથી છલકાઇ ઉઠયાં છે; નદીનાળાંનો જળપ્રવાહો જોસભેર વહેવા લાગ્યાં છે; તેનો ખળખળનિનાદ અત્યન્ત કર્ણપ્રિય લાગે છે; પર્વતપ્રદેશોમાં જળપ્રપાતો વડે ગિરિકંદરાઓ ગાજી રહી છે; ધરતી ઉપર સર્વત્ર લીલી બીછાવટ થઇ ચૂકી છે. આ બીછાવટની શોભા જોતાં આંખો ધરાતી નથી. આકાશમાં વાદળોના આરોહ અવરોહ ચાલ્યા જ કરે છે અને ઘડી અજવાળું ઘડી અંધારૂં એમ તેજ છાયાની પરંપરા દ્રશ્ય જગતની મનોહરતામાં કોઇ જુદો જ વધારો કરી રહેલ છે. આકાશ ઘનઘેરૂં હોવા છતાં વરસાદ સાથે સર્વત્ર પ્રસન્નતા ટપકતી હોય એમ લાગે છે. મુંબઇમાં એક રાત્રે મધરાત પછી એકાએક વાવાઝોડું શરૂ થયું; ઝાડપાન આમથી તેમ ડોલવા લાગ્યાં અને તેમાં કોઇ કોઇ મૂળમાંથી ઉખડીને ભૂમિશાયી થવા લાગ્યાં; બારી બારણાં ખખડવા લાગ્યાં; મકાનો ધ્રુજવા લાગ્યાં; નબળાં મકાન જમીનદોસ્ત થવા લાગ્યાં. ૬૦ માઇલની ગતિથી વહેતો પવન અને સાથે ધોધમાર વરસાદ વિસ્મય, ભય અને ન સમજી શકાય એવો કોઇ ઉર્મિ–રોમાંચ પેદા કરવા લાગ્યો. આપણે તો સહીસલામત ઘરમાં બેઠાં બેઠાં કુદરતની આ લીલા માણી રહ્યા છીએ, પણ જેનાં ઝુંપડાં આ ઝંઝાવાતમાં જમીનદોસ્ત થઇ રહ્યાં હશે, જેને આરામ લેવાનું કે ઉભા રહેવાનું ઠેકાણું નહિ હોય એવા ગરીબોનું શું–એ વિચારમાંથી ઊંડી કરૂણા ચિત્ત અનુભવવા લાગ્યું અને તે કરૂણામાં વિસ્મય, ભય અને ઉર્મિરોમાંચ ત્રણે લુપ્ત થઇ જતાં લાગ્યાં.

આમ આ વખતની વર્ષા ભવ્યતા અને ભીષણ ઉભયનો એક સાથે અનુભવ કરાવે છે અને મન પ્રસન્તા અને ચિન્તનશીલતા વચ્ચે આમથી તેમ ઝોલાં ખાવા માંડે છે. સુન્દરતાનું દર્શન માત્ર પ્રસન્નતા પેદા કરે છે; ભવ્યતાનું દર્શન પ્રસન્નતા સાથે ચિન્તન તરફ મનને ખેંચી જાય છે. ભીષણતાનું દર્શન પ્રથમ તો ભય પેદા કરે છે પણ ભવ્યતા અને ભીષણતાને સમભાવે જોવા માંડતાં આ વ્યકતની પાછળ અવ્યકત તત્ત્વ શું હશે એવા ઉર્ધ્વગામી ચિન્તન અને ખોજમાં આપણું ચિત લીન થઇ જાય છે. ૠતુઓમાં પણ સૌથી ભવ્ય ૠતુ વર્ષા છે. તેમાં પણ આ વખતની વર્ષા ૠતુએ અનેરી ભવ્યતાનું દર્શન કરાવ્યું છે.

## આચાર્યશ્રી તુલસીરામજીનું મુંબઇ ખાતે આગમન

તેરાપંથી સંપ્રદાયના આચાર્ય શ્રી તુલસીરામજી લગભગ પખવાડીઆ વીશ દિવસથી મુંબઇમાં પધાર્યા છે. 'તેરાપંથી' એ જૈનોના એક સંપ્રદાયનું નામ છે. આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા આશરે ત્રણ લાખની કહેવામાં આવે છે, જેમાંનો ઘણો મોટો ભાગ મારવાડીઓનો છે. શ્રી તુલસીરામજી આ સંપ્રદાયના મુખ્ય પ્રવર્તક છે અને તેમની આજ્ઞા નીચે રહેતા ચારસોથી પાંચસો સાધુ સાધ્વીઓનું તેમણે એક શિસ્તબધ્ધ સંગઠન સાધ્યું છે છેલ્લાં પાંચેક વર્ષથી તેમણે 'અણુવ્રતી સંઘ' એ નામની એક સંસ્થાની સ્થાપના કરી છે. આ સંઘના (ક) જાતિ, વર્ણ, દેશ ધર્મનો ભેદ ન રાખતાં માનવ માત્રને સંયમના માર્ગમાં આગળ વધારવા, (ખ) લોકોને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનાં વ્રત ધારણ કરાવવાં, (ગ) આધ્યાત્મિકતાના પ્રચારદ્વારા જીવનમાં નૈતિકતાનું ધોરણ ઉચ્ચ કરવું, (ઘ) અહિંસાના પ્રચારદ્વારા વિશ્વબંધુત્વ અને જગત શાન્તિને પ્રસરાવવી–એ મુજબના ઉદ્દેશો છે અને આ સંઘમાં જોડાનારે પાળવા યોગ્ય એવા ૮૪ નિયમોની એક લાંબી હારમાળા ઘડવામાં આવી છે. તે સંઘની ૧૭ મી કલમ–'સંઘના સર્વોપરી સંચાલક અથવા સંઘ–પ્રમુખં તેરાપંથ સમાજના વર્તમાન આચાર્ય રહેશે'–એ મુજબ અણુવ્રતી સંઘના આજના સ્થાયી પ્રમુખ શ્રી તુલસીરામજી પોતે છે.

આ સંઘનું નામ, બંધારણ તથા નિયમોની વિગતમાં આપણે ન ઉતરીએ. આવી રચનાવાળો સંઘ તેરાપંથી સંપ્રદાય બહારની સામાન્ય જનતાને કેટલો આકર્ષી શકે તેની ચર્ચામાં પણ આપણે ન ઉતરીએ. એક જૈન સંપ્રદાયના આચાર્ય સાંપ્રદાયિક વાડની બહાર પોતાની દૃષ્ટિ ફેલાવે છે, બહુજન સમાજમાં જે દુરાચાર અને અનાચાર વ્યાપેલો છે તે દૂર કરવા અને સદાચારની સ્થાપના કરવા તમન્ના સેવે છે અને તે હેતુથી વિશાળ જનસમાજના સંપર્કમાં આવવાની આતુરતા ધરાવે છે એ સ્વતઃ આવકારદાયક ઘટના છે. આ વિશાળ દૃષ્ટિપૂર્વક તેઓ જે કાંઇ કરશે તેથી લાભ જ થશે કાંઇ નહિ તો છેવટ પોતાના સંપ્રદાયના અનુયાયીઓ ઉપર તો આ આન્દોલનનો જરૂર સારો પ્રભાવ પડશે જ. આ દૃષ્ટિએ તેમના મુંબઇ ખાતેના આગમનને આપણે આવકારીએ અને તેમના શુભ પ્રયત્નને સફળતા ઇચ્છીએ!

## 'અણીનો ચૂકયો સો વરસ જીવે.'

આજથી ત્રણ મહીના પહેલાં ઇન્ડો–ચાઇનામાં ચાલતા યુધ્ધને અતિ વ્યાપક વિગ્રહનું સ્વરૂપ આપવાની હીલચાલ અમેરિકાએ ઉપાડી હતી. જાપાનની બાજુએ હાઇડ્રોજન બોંબના પ્રાયોગિક ધડાકાઓ થઈ રહ્યા હતા અને દુનિયામાં જેની સરસાઇ ન થઇ શકે એવી આ શકિતવડે અમેરિકા લોકશાસિત અન્ય રાષ્ટ્રોને સંકલિત કરીને આ દુનિયા ઉપરથી સામ્યવાદને ખતમ કરવાનું સ્વપ્ન સેવી રહ્યું હતું. અસાધારણ ધનવિપુલતા, અમાપ ઉત્પાદન અને અપાર શસ્ત્રસંપાદન વડે પોતે જે કરવા ધારે એ કરી શકે તેમ છે એમ અમેરિકા માનતું હતું. ધન જોઇએ તેને ધન આપીશું, ચીજ વસ્તુ જોઇએ તેને ચીજો પુરી પાડીશું, અને શસ્ત્રો જોઇશે તેને શસ્ત્રો પહોંચાડીશું અને જે દેશ અનુકુળ નહિ થાય તેને આસપાસ ભીંસ પેદા કરીને દબાવીશું–આવી વૃત્તિપૂર્વક અમેરિકાનો વિદેશમંત્રી ડલેસ યુરોપ એશીઆના એક દેશથી બીજે દેશ ઘુમી રહ્યો હતો અને સામ, દામ, દંડ અને ભેદ વડે સામ્યવાદીઓ સામે રશીઆ અને ચીન આસપાસના સર્વ દેશોનો સંયુકત મોરચો ઉભો કરવાનો પ્રયત્ન સેવી રહ્યો હતો. યુરોપના લોકશાસિત રાષ્ટ્રોમાંના ઘણા ખરાંની અમેરિકાએ આ બાબતમાં અનુમતિ મેળવી લીધી હતી. એશીઆમાં સંયુકત મોરચાની કડીઓ ઉભી કરવા અમેરિકા તનતોડ મહેનત કરી રહ્યું હતું. પહેલાં તેણે હિંદ ખાતે આ બાબતનો ચણો ચાંપી જોયો. પણ હિંદ તો સક્રિય તટસ્થતાની પોતાની વિશિષ્ટ નીતિ ઉપર અણનમ ઉભું રહેવા માગતું હતું. હિંદને ખરીદી શકાય એ અસંભવિત હતું. એક છેડે ઓસ્ટ્રેલીઆ અમેરિકાને પ્રથમથી અનુકૂળ જ હતું. બીજે છેડે ટર્કીથી તેણે શરૂઆત કરી અને ટર્કીને પોતાના પક્ષમાં લીધું. ઇજીપ્તને હજુ અનુકુળ બનાવી શકાયું નથી. ઇરાન લગભગ અનુકુળ જેવું છે. પાકિસ્તાન સાથે અમેરિકાએ લશ્કરી સામગ્રી પૂરી પાડવાના કોલકરાર કર્યા. સીલોન અમેરિકા સમીપ

જતું હોય એમ લાગે છે. બર્મા તથા ઇન્ડોનેશીઆ હજુ હિંદ માફક તટસ્થતા ધારણ કરીને ઉભા છે. હિંદને નમાવવા દબાવવા અમેરિકાના પ્રયત્નો ચાલુ છે.

ઇન્ડો–ચાઇના મૂળ તો ફ્રેંચોની વસાહત હતી. બીજા વિશ્વ યુધ્ધે ત્યાંની સ્થિતિમાં પલટો આણ્યો. એ યુધ્ધ દરમિયાન ઇન્ડો–ચાઇના જાપાન નીચે આવેલું. જાપાન હાર્યા બાદ ઇન્ડો–ચાઇના સ્વતંત્ર થયું. પણ ફ્રેંચોએ યુકિત પ્રયુકિતથી ત્યાં પાછો પોતાનો કબજો જમાવ્યો. તેની સામે તે દેશના ઉત્તર ભાગમાંથી વીએટ મીંહ નામના પક્ષે બળવો ઉઠાવ્યો. આજે તેની અને ફ્રેંચ સત્તા વચ્ચે લગભગ સાત વર્ષથી યુધ્ધ ચાલી રહ્યું છે. આ યુધ્ધમાં દિનપ્રતિદિન ફ્રેંચસત્તા હારતી જાય છે અને પીછેહઠ કરતી જાય છે. અમેરિકા સંયુકત મોરચો ઉભો કરીને ફ્રેંચોને મદદ કરવાનો અને એ રીતે સ્થાનિક યુધ્ધને વ્યાપક સ્વરૂપ આપવાનો મનસુબો સેવી રહ્યું હતુ. તેની દલીલ એવી છે કે વીએટ મીંહ પક્ષ સામ્યવાદી છે: ચીન તેને મદદ કરી રહ્યું છે. હવે વીએટ મીંહ પક્ષ જીતે અને ફ્રેંચો હારે તો ઇન્ડો-ચાઇનામાં સામ્યવાદી તંત્ર સ્થપાય અને એની પાછળ એશીઆના બીજા દેશો પણ ક્રમશઃ સામ્યવાદી બનતા જાય. આ શકયતા અટકાવવા માટે સંયુકત મોરચો ઉભો કરવો અત્યંત જરૂરી છે. ફ્રેંચોને મદદ કરવી, ઇન્ડો ચાઇનામાં તેમને ટકાવવા અને ચીન ઇન્ડો-ચાઇનાને મદદ કરે છે એ બહાના નીચે તેની ઉપર આક્રમણ કરી પોતાની નવી શસ્ત્રશકિત વડે ચીનને ખેદાન મેદાન કરી નાંખવું–આ વૃત્તિ અમેરિકાની હતી અને છે. આની સામે હિંદના મહા અમાત્ય જવાહરલાલે અવાજ ઉઠાવ્યો અને દુનિયાની આ રીતે કથળતી જતી સ્થિતિ અટકાવવી હોય તો ઇન્ડો-ચાઇનામાં યુધ્ધ–તહકુબી થવી જોઇએ, ફ્રેંચોએ ત્યાંથી વિદાય લેવી જ જોઇએ અને ઇન્ડો-ચાઇનાની પ્રજાને પોતાનું ભાવી પોતાથી નિર્ણય કરવાની તક મળવી જોઇએ–એ પ્રકારની તેમણે ઉદ્દઘોષણા કરી. કોલંબોમાં હિંદ, પાકીસ્તાન, સીલોન, બ્રહ્મદેશ અને ઇન્ડોનેશીઆના મુખ્ય પ્રધાનો મળ્યા. તેમણે પણ નેહરૂની ઉદ્દઘોષણાનું સબળ રીતે સમર્થન કર્યું. જીનીવા કોન્ફરન્સ ઉપર આ ઘટનાની બળવાન અસર પડી. દુનિયાને યુધ્ધ તરફ ખેંચી જવાની વૃત્તિપૂર્વક હાજર થયેલ ડલેસને અમેરીકા પાછા જવું પડયું. બ્રીટને પણ પ્રસ્તુત કટોકટી ધ્યાનમાં લઇને અમેરીકાની હા એ હા ભણવાની ના કહી અને ઇન્ડો-ચાઇનામાં યુધ્ધ–તહકુબીની સંભવનાને વધારે જોર મળતું રહ્યું. ત્યારબાદ ચીનનો મુખ્ય પ્રધાન ચાઊ એન લાઇ હિંદ આવી ગયો અને હિંદ અને ચીન વચ્ચે સુદૃઢ મૈત્રીની સ્થાપના થઇ. આ ઘટનાએ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે એક નવી જ પરિસ્થિતિ પેદા કરી જો દુનિયામાં સુલેહ શાન્તિ જાળવવી હોય, ત્રીજા વિશ્વયુધ્ધમાંથી દુનિયાને ઉગારવી હોય તો સામ્યવાદી દેશોને ટાળ્યે નહિ ચાલે. તેની સાથે અસામ્યવાદી દેશોનું સુલેહશાન્તિ પૂર્વકનું રહેવું અશકય નથી; પણ શકય છે અને આવશ્યક છે એ વિચારને ચોતરફથી સ્વીકાર મળ્યો. એશીઆના દેશોમાં જ્યાં વિગ્રહ ચાલતો હોય ત્યાં તેનો અન્ત લાવવો અને સુલેહશાન્તિને સ્થિર કરવી એ જવાબદારી એશિઆની છે અને એ જવાબદારી એશિઆના આગેવાન રાષ્ટ્રો સંભાળી લેશે. તે જવાબદારીનો ભાર યુરોપ અમેરિકાએ ઉપાડવાની જરૂર નથી અને એ બહાના નીચે એશીઆઇ દેશોમાં એશીઆ બહારના રાષ્ટ્રોએ માથું મારવાની પણ બીલકુલ જરૂર નથી-એ વિચારને બહુ મેટા પાયા ઉપર સમર્થન મળ્યું. આ ઉપરાંત યુરોપ અમેરિકાના એશીઆમાં નંખાયલાં થાણાંઓ હવે જલ્દિથી વિસર્જિત થવા જોઇએ–આ રીતે પરદેશી વસાહતો વિરૂદ્ધ જબરદસ્ત અભિપ્રાય સંગઠિત થયો. આમ ત્રણ મહિનાના ગાળામાં આન્તરાષ્ટ્રિય પરિસ્થતિનો આખો રંગ પલટાઇ ગયો છે, ઇન્ડો–ચાઇના યુધ્ધવિરામના આરે ઉભું છે અને દુનિયા ત્રીજા વિશ્વયુધ્ધમાં ધકેલાતાં બચી ગઇ છે. પોતાના હાથમાં રમી રહેલો હાઇડ્રોજન બોંબ હાલ તુરતને માટે અમેરિકાને મ્યાન કરવો પડયો છે. અમેરિકા ધારે તે કરી શકે તેમ છે એવું વાતાવરણ ત્રણ મહિના પહેલાં હતું આજે એની એજ શસ્ત્રસામગ્રી હોવા છતાં તેને પીછેહઠ કરવી પડી છે અને તેની ઇજ્જતને ઘણો મોટો ધક્કો લાગ્યો છે. જેની પાસે અમેરિકાના પ્રમાણમાં કશી શસ્ત્ર સામગ્રી નથી. કે ધનવિપુલતા નથી અને જેની સામે અમેરિકાની શસ્ત્ર સામગ્રી વડે જોરદાર બનેલ બાજુએ આવેલ પાકીસ્તાનની ડરામણી ચાલુ છે એવા હિંદના મહા અમાત્ય જવાહરલાલ નેહરૂએ માત્ર આત્મબળ ઉપર નિર્ભર રહીને અમેરિકાની શિરજોરી સામે જે માથું ઉચકયું છે અને વિશ્વને વિગ્રહના દાવાનળમાં હોમાઇ જતાં અટકાવ્યું છે તે માટે તેમને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા છે. આજે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં હિંદ અને તેના મુખ્ય પુરૂષ જવાહરલાલે અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તે સુલેહ અને શાન્તિનો સાચો ભેરૂ છે એવી ઊંડી શાન્તિનિષ્ઠાની દુનિયાને તેમણે પ્રતીતિ કરાવી છે. તે શું બોલે છે અને કરે છે તે સામે દુનિયા મીટ માંડીને બેઠી છે. આવતી કાલની કોને ખબર છે? પણ આજે દુનિયામાં શાન્તિ જળવાઇ હોય તો તે જવાહરલાલને મોટા ભાગે આભારી છે એ વિષે બેમત હોઇ ન શકે. 'અણીનો ચુકયો સો વરસ જીવે' એ કહેવત મુજબ આજની ક્ષણે ઉગરેલી દુનિયા યુધ્ધથી સદાને માટે વિમુખ બનીને સુલેહ અને શાન્તિ તરફ ગતિ કરતી રહે એવી આપણી ઊંડા દિલની પ્રાર્થના હો!

## દાન સાથે નામ જોડવાનો મોહ

એક મિત્ર લખે છે કે "પ્રબુધ્ધ જીવનના ૧ જુલાઇના અંકમાં 'ભોજનાલયમાંથી સર્વોદય કેન્દ્ર' એ મથાળા નીચેની નોંધ જોઇ. જે ગૃહસ્થોએ દાન આપ્યું છે એમણે પોતાનાં નામો તે તે દાનને લગતી પ્રવૃત્તિની સાથે જોડવાની જે સરતો રાખી છે એ કાંઇ બહુ વખાણવા જેવી વસ્તુ નથી એમ તમને નથી લાગતું? આ વૃત્તિમાં પૈસાની પ્રતિષ્ઠા છે અને જો આપણે આજની વિષમતા દૂર કરવા માંગતા હોઇએ તો પૈસાની પ્રતિષ્ઠા જેટલી ઓછી થઇ શકે તેટલી કરવી જોઇએ. મને તો આ રીતની સખાવત એ સખાવત જ નથી લાગતી. એ તો એક વ્યાપાર છે. તમારી નોંધમાં એ સરતોનો ઉલ્લેખ જેવી રીતે થયો છે એ ઉપરથી લાગે છે કે એ સરતોને તમારૂં અનુમોદન છે–વિરોધ તો નથી જ." જવાબમાં જણાવવાનું કે મારા મનમાં આવા દાનો સાથે નામો જોડવાની પ્રવૃત્તિ અને વૃત્તિ સામે અત્યન્ત અણગમો છે. પ્રસ્તુત દાનને લગતી એટલી લાંબી વિગતો આપવા પાછળ આ દાન કેવી સરતોથી આપવામાં આવ્યાં છે અને તેમાં નામ જોડવાનો કેવો મોહ રહેલો છે એ તરફ વાંચકોનું ધ્યાન ખેંચવાનો જ હતો. એમ છતાં પણ એ નોંધ જે રીતે લખાઇ છે તે જોતાં એ સરતોને મારૂં અનુમોદન છે એવી વાંચકોને ભ્રમણા થવાનો સંભવ છે એ મારે કબુલ કરવું જોઇએ.

આજકાલનાં ઘણાં ખરાં દાનો દાનની સાચી નિષ્ઠાથી પ્રેરાયલાં નહિ, પણ કીર્તિ અને નામના મેળવવાની વૃત્તિથી જ પ્રેરિત હોય છે. સંસ્થા સાથે નામ જોડવું, જ્યાં ત્યાં નાના મોટાં દાનોની તખ્તીઓ ચોડવી, દાન સામે વંશપરાપરા ચાલે એવા હકકો લખાવી લેવા-આ ઘેલછા દાન કરતા શ્રીમાનોને ખુબ વળગેલી હોય છે અને સંસ્થાના સંચાલકોને જરૂરી દ્રવ્ય મેળવવા માટે શ્રીમાનોની આ વૃત્તિને સંતોષવી પડે છે. ઘણીવાર સંચાલકો આવા દાતાઓને એક યા બીજી રીતે અમર કરવાનાં પ્રલોભનો આપીને દાન મેળવે છે. પણ આ બન્ને બાજુની પધ્ધતિ ઇચ્છનીય કે આદરણીય નથી. મુડીવાદી સમાજ રચનાના પરિણામે થોડા અતિ શ્રીમાન બને છે અને અનેકના ભાગે ગરીબાઇ હોય છે. પણ શ્રીમાનની શ્રીમન્તાઇ અનેક ગરીબોના શોષણ અને સહકારને જ આભારી છે. શ્રીમન્તને

ત્યાં એકઠાં થયેલા દ્રવ્યમાં આખરે બહુજનદરિદ્ર એવા સમાજનો ઘણો મોટો ભાગ છે. આમ હોવાથી જ્યારે કોઇ શ્રીમાન દાન કરે છે ત્યારે વસ્તુતઃ જે જેનું છે અને પોતાનું માની બેઠેલ છે તે તેના ખરા માલીકને તે પાછું આપે છે. આ રીતે દાતા દાન આપીને રુણમુકત થાય છે, કોઇના ઉપર ઉપકાર કરતો નથી. વસ્તુસ્થિતિ આમ છે ત્યાં દાનની સાથે નામ જોડવાં અને દાતાની તખ્તીઓ ચોડવી—એ બધું ધનવાનોની અનર્થજનક પ્રતિષ્ટા વધારવા બરાબર છે એ વિષે કોઇ શક નથી.

**ઘાટકોપર ખાતે સર્વોદય હોસ્પીટલનું ઉદ્‌ઘાટન**

તા. ૮-૭-૫૪ ગુરૂવારના રોજ મુંબઇ બાજુએ ઘાટકોપર ખાતે સ્વ. મગનલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ક્ષયરોગના દર્દીઓના ઔષધોપચાર અને સારવારના હેતુથી ઉભું કરવામાં આવેલ સર્વોદય હોસ્પીટલનું ભારતના આરોગ્યસચિવ શ્રીમતી અમૃતકુંવરના શુભ હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું. પ્રમુખસ્થાને મુંબઇના આરોગ્ય-સચિવ શ્રી શાન્તિલાલ શાહ બીરાજ્યા હતા.

ક્ષયરોગ હિંદમાં લગભગ સર્વત્ર વ્યાપેલો રોગ છે અને દર વર્ષે સંખ્યાબંધ માનવીઓનો ભોગ લે છે. આપણા દેશમાં આ રોગથી પાંચ લાખથી વધારે માણસો પીડાય છે. મુંબઇ પ્રદેશમાં આશરે ૫૦૦૦૦ માણસોને આ દર્દ સતાવી રહેલ છે. આજ સુધી આ વ્યાધિ અસાધ્ય મનાતો હતો. છેલ્લાં પચ્ચીસ વર્ષ દરમિયાન વૈદ્યકીય નવી નવી શોધના પરિણામે આ વ્યાધિ, જો યોગ્ય ઉપચાર અને સારવાર કરવામાં આવે તો, હવે સુસાધ્ય લેખાતો થયો છે. આ હોસ્પીટલ ૧૫૬ બીછાના ધરાવે છે. આ હોસ્પીટલમાં જનરલ વોર્ડ તેમ જ સ્વતંત્ર રીતે રહી શકાય એવી કોટેજો—નાનાં નાનાં મકાનો—છે, તેમ જ એક મોટા બંગલામાં પણ દર્દીઓને રાખવાની સગવડ કરવામાં આવી છે. આ હોસ્પીટલ માટે ૧૫૦૦૦ ચોરસ વાર જમીન ઉપર જુદાં જુદાં બાંધકામો કરવામાં આવ્યા છે અને જમીન અને બાંધકામ પાછળ કુલ રૂ. ૩,૩૦૦૦૦ ખરચવામાં આવ્યા છે.

આ આખી રચના એક બીજમાંથી મોટું વૃક્ષ પેદા થાય તેમ વિકાસ પામી છે. શ્રી નરોત્તમદાસ મગનલાલ, સુમતિલાલ મગનલાલ, કાન્તિલાલ મગનલાલ તથા પનાલાલ મગનલાલ એ ચાર ભાઇઓએ તેમના પિતાશ્રી મગનલાલ પોપટલાલનો ૧૯૪૦ માં સ્વર્ગવાસ થયા બાદ તેમની ઇચ્છાનુસાર એક ચેરીટેબલ ટ્રસ્ટ ઉભું કર્યું હતુ. એ ટ્રસ્ટમાંથી બીજા અનેક પારમાર્થિક કાર્યો સાથે ૧૯૪૨ માં એક સાર્વજનિક દવાખાનુ ખોલવામાં આવ્યું હતું. આ સાર્વજનિક દવાખાનાનો લોકો જેમ જેમ લાભ લેવા માંડયા, તેમ તેમ દવાખાનાનો પણ ટ્રસ્ટીઓ વધારે ને વધારે વિકાસ કરતા ગયા, અને ઉપચારને લગતી એક પછી એક સગવડો વધારતા ગયા. મૂળ ટ્રસ્ટમાં પણ એ ભાઇઓ વધારે ને વધારે રકમો ઉમેરતા ગયા અને ક્ષયરોગ નિવારણ પ્રત્યે ટ્રસ્ટના સંચાલકો પોતાનું ધ્યાન વિશેષ અને વિશેષ કેન્દ્રિત કરતા ગયા. આજે તેનું પરિણામ પુરી સગવડવાળા એક વિશાળ અને સમૃધ્ધ હોસ્પીટલ ઉભું થવામાં આવ્યું છે. આ હોસ્પીટલ સાથે આઉટ-ડોર-બહારના-દર્દીઓ માટેનું સાર્વજનિક દવાખાનું જોડાયલું જ છે અને એકસ-રે, પેથોલોજી, તથા ઇલેકટ્રોથેરાપી ઇત્યાદિ વિભાગો તેમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

આ આખી સંસ્થા એક જ અને તે પણ જૈન કુટુંબના ચેરીટેબલ ટ્રસ્ટમાંથી ઉભી થઇ છે એ ખાસ નોંધવાલાયક ઘટના છે. ચાર ભાઇઓમાંના શ્રી કાન્તિલાલ મગનલાલે આ હોસ્પીટલ ઉભું કરવા પાછળ અથાગ પરિશ્રમ લીધો છે. આ હોસ્પીટલમાં હજુ સરજીકલ (વાઢ-કાપને લગતો) વિભાગ જોડી શકાયો નથી, જે અનુકુળતાએ આગળ ઉપર ઉભો કરવાની ટ્રસ્ટીઓ ઇચ્છા ધરાવે છે આ હોસ્પીટલ માટે ટ્રસ્ટીઓ મ્યુનીસીપાલીટી કે સરકારની મદદ લેવા ગયા નથી તેમ આગળ ઉપર એવી મદદ લેવા જવાનો ઇરાદો ધરાવતા નથી. આ હોસ્પીટલની આખી આર્થિક જવાબદારી ચાર ભાઇઓએ આજ સુધી ઉપાડી છે અને હવે પછી પણ આ પરમાર્થકાર્યનું સંચાલન અને સંવર્ધન તેઓ પોતાની જવાબદારી ઉપર જ કરવા માંગે છે. આ તેમની હીંમત અને પુરૂષાર્થમાં દ્રઢ શ્રધ્ધા સૂચવે છે. આવી બાદશાહી સખાવત અને ઉદાર વૃત્તિ માટે એ ચાર ભાઇઓને અનેક ધન્યવાદ ઘટે છે. આ સર્વોદય હોસ્પીટલ ધનવાનોને પ્રેરણારૂપ છે, ગરીબોને આશીર્વાદ સમાન છે.

**પરમાનંદ**

**સત્યં શિવં સુન્દરમ્**

(શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલો લેખસંગ્રહ)

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

કાકાસાહેબ કાલેલકર તથા પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે.

**પ્રગટ થઇ ચૂકયો છે.**

કીંમત : રૂ. ૩ પોસ્ટેજ ૦॥=,

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા

પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત: રૂ. ૨. પોસ્ટેજ ૦॥=

પ્રાપ્તિસ્થાન :

(૧) મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭. ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩.

(૨) ગુર્જર ગ્રંથ રત્નાવલિ, ગાંધી રસ્તા, અમદાવાદ.૧.

## સંઘ સમાચાર

### પર્યુષણ વ્યાખ્યાનમાળા.

તા૦ ૨૫-૮-૫૪ બુધવારથી તા ૨-૯-૫૪ ગુરુવાર સુધી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રબંધ કરવામાં આવશે. શરૂઆતના સાત દિવસની સભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં અને છેવટના બે દિવસની સભાઓ રોકસી થીએટરમાં ભરવામાં આવશે.

### રજત મહોત્સવ કાર્યક્રમ.

સંઘના રજત મહોત્સવ અંગે તા૦ ૯-૧૦-૫૪ શનીવારથી તા૦ ૧૨-૧૦-૫૪ મંગળવાર સુધીના દિવસો દરમ્યાન હાલ તુરત નીચે મુજબ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે.

તા. ૯-૧૦-૫૪ શનીવાર સાંજ : રામ-શબરીનો નાટયપ્રયોગ
તા. ૧૦-૧૦-૫૪ „ સવાર : રજતમહોત્સવ સંમેલન
„ „ બપોર : સમૂહ ભોજન
„ „ સાંજ : રંજન કાર્યક્રમ
તા. ૧૨-૧૦-૫૪ મંગળવાર રાત્રી : નૌકાવિહાર
સ્થળ સમય હવે પછી નિર્ણીત થશે.

### સંઘના સભ્યોને વિનંતિ.

આ રજતમહોત્સવના ખર્ચને પહોંચી વળવા માટે તા. ૯-૭-૫૪ શુક્રવારના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો છે કે "રજત મહોત્સવના ફાળામાં સંઘના દરેક સભ્ય પોતાના વાર્ષિક લવાજમ ઉપરાંત રૂા. ૧૦ આપે એવી સર્વે સભ્યો પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે."

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

વિષયસૂચિ

| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| નૈતિક અધઃપતનનાં કારણો અને તેના ઉપાયો | રતિલાલ મફાભાઇ શાહ | ૪૭ |
| અબ પરિચિત સહુ કોઇ | ગીતા પરીખ | ૪૮ |
| ક્રાન્તિનો ત્રિકોણ | વિનોબા ભાવે | ૪૯ |
| **પ્રકીર્ણ નોંધ :** પુરબહારમાં જામેલી વર્ષાઋતુ, આચાર્યશ્રી તુલસી રામજીનું મુંબઈ ખાતે આગમન, 'અણીનો ચૂકયો સો વરસ જીવે,' દાન સાથે નામ જોડવાનો મોહ, ઘાટકોપર ખાતે સર્વોદય હોસ્પીટલનું ઉદ્‌ઘાટન, | પરમાનંદ | ૫૦ |
| સુખની ભુખ અને મર્યાદાનું મહત્ત્વ | રવિશંકર મહારાજ | ૫૩ |
| સંતતિ નિયમન | પરમાનંદ | ૫૩ |

## સુખની ભુખ અને મર્યાદાનું મહત્ત્વ

થોડા સમય પહેલાં શ્રી રવિશંકર મહારાજે ભાવનગર ખાતેની એક સભામાં ઉપરના વિષય પર એક મનનીય પ્રવચન આપતાં જણાવ્યું હતું કે:- "સામાન્ય રીતે બધાંને સુખ જોઇએ છે. એ સુખ ભોગ-વવાનું સાધન શરીર છે. શરીર ઇન્દ્રિયોનું બનેલું છે. અને એ ઇન્દ્રિયોના સુખને સુખ માની તેની શોધ માટે મોટાં મોટાં શાસ્ત્રો રચાય છે. પરંતુ સાધનો મળે છે તેમ તેમ સુખ ભાગતું જાય છે. પચાસ વરસ પહેલાં માણસ જે વસ્તુઓ વાપરતો હતો તેથી વધારે સુખી હતો. પછી વસ્તુઓ વધી ત્યારે સુખ ઓછું દેખાયું. છેલ્લે છેલ્લે તો ખૂબ સામગ્રી વધી ગઇ છે. છતાં દિવસે દિવસે દુઃખ વધતું જાય છે. મેં ચીનમાં કેટલાય માણસો કપડાં વગરનાં જોયાં. છતાં હસતે મોઢે રીક્ષા ખેંચતા હોય, ઘાસ લાવતા હોય, હાથમાં રોટલો હોય તે ખાતા હોય અને આનંદ કરતા હોય. અમે અહીંથી ગયા ત્યારે ગરમ કપડાં પહેરીને ગયેલાં છતાં સાદાઇ કહેવાય, જ્યારે ત્યાં પહેરવા વસ્ત્ર નહોતું છતાં તે લોકો આનંદી લાગતા હતા. ત્યારે સુખ કોને કહેવું ? જૈન શાસ્ત્રોમાં મર્યાદા શબ્દ આવે છે. દરેક વાતમાં મર્યાદા જોઇએ જીવવું શા માટે તેની પણ મર્યાદા જોઇએ. જાગ્રત દશામાં રહીને મર્યાદા નક્કી કરી હોય તો જરૂર સુખ મળે છે. મર્યાદા નથી તો કરોડો રૂપિયા અને અનેક સાધનો હોય તો પણ સુખ મળતું નથી. એ સુખ ક્યું તેની ખબર નથી. છતાં આપણે બધાં એની પાછળ પડ્યા છીએ. મારો નાનો ભાઇ આવેલો તે કહેતો હતો કે ગામ નાનું છે, છતાં ચાલીસ હજાર રૂપિયાનાં ખાવાનાં પાન ખપે છે. પહેલાં સાત માઇલ ચાલીને જતાં. હવે મોટર સિવાય ચાલતું નથી. આમ જરૂરિયાતો ખૂબ વધારી દીધી છે, ત્યારે ઉત્પન્ન તો જમીન ઉપર થાય તે જ છે. વસ્તી વધી અને જરૂરિયાતો વધારીને મળતું સુખ જોઇએ એ ક્યાંથી લાવવું ? એટલે કોઇનું લૂંટી લેવાનું (બુદ્ધિથી), કોઇનું પડાવી લેવાનું વાતાવરણ ચાલે છે. ડાફોળિયાં માર્યાં કરે છે.

"આજે જગતમાં સુખની અને રોગની સામે જે મોઢું રાખીને વૈજ્ઞાનિક રીતે શોધ ચાલ્યા કરે છે તે મોઢું ફેરવ્યા વિના દોડ્યા કરીશું તો ક્યાં જઇને અટકીશું તે કહી શકાતું નથી. કેટલાક સત્તા માટે પડાપડી કરે છે. કહે છે કે સત્તા લઇને અમે લોકોને સુખી કરી દઇશું. ખાવાનું, પીવાનું, નાચવાનું—બધું આપીશું અને એવું સુખ આપીશું કે બધાંને સરખાં કરીશું. કેટલાક કહે છે યંત્રો વધારીને સુખનાં સાધનો વધારી શકીશું. આમ કોઇ જાતના પાયા વગર આડેધડ બધા દોડે છે. હોઠ રંગ્યે સુખ મળે, તેલ નાખ્યે સુખ મળે, સિનેમા જોયે સુખ મળે-એમ જુદાં જુદાં સાધનો શોધ્યે જાય છે. વિનોબાજી કહે છે કામ ખૂબ વધ્યો છે. કામથી કામના થાય છે. આ જોઇએ ને તે જોઇએ! અને ઇચ્છા પાર ન પડે તો ક્રોધ આવે છે. એટલે કામ અને ક્રોધ વચ્ચે દુનિયા ઝોલાં ખાય છે. મૂડી એકઠી કરતાં કોઇ રોકે તો તરત લડાઇ થાય છે.

"આ વસ્તુથી આપણે પાછા હઠીએ નહીં તો દુઃખ જવાનું નથી અને સુખ મળવાનું નથી. અત્યારે તો ચારે બાજુ ધૂળના ગોટા ઊડે છે. થોડું વાળીએ છીએ ત્યાં થરના થર પાછા પડે છે. એટલે હવે તો ત્રીજું લોચન ઉઘડે તો કંઇક રસ્તો જડે! આપણા શાસ્ત્રોએ તો એ લોચન બતાવ્યું છે. પણ તેનું આચરણ કરીએ તો સુખ રૂપી ફળ મળે. આપણે સુખને માટે પ્રયત્ન તો કરીએ છીએ, પણ મોઢું ના ફરે ત્યાં સુધી તે મળતું નથી અને મળશે જ નહીં. સુખ તો અંદર મોઢું કરવાથી મર્યાદાને માર્ગે વળવાથી જ મળી શકશે."

આ પ્રવચન તા. ૧-૩-૫૪ ના વિશ્વવાત્સલ્યમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યું છે. આજની પ્રજાની કેવળ ભૌતિક સુખ પાછળની દોટ, મર્યાદા અને વિવેકનો અભાવ, અને અન્તર્મુખ બનવાની આવશ્યકતા સંબંધે રવિશંકર મહારાજે ઉપર જે કહ્યું છે તે સૌ કોઇને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## સંતતિનિયમન

(ગતાંકથી ચાલુ)

### સાધનો દ્વારા સંતતિનિયમન અકુદરતી છે?

કેટલાક વિચારકો આવાં સાધનોને કે શસ્ત્રક્રિયાને અકુદરતી ગણે છે અને અકુદરતી એટલે ખરાબ, ત્યાજ્ય અને તેથી આ રીતે થતા સંતતિનિરોધને અયોગ્ય, અનિચ્છનીય લેખે છે. શું કુદરતી અને શું અકુદરતી એ વિષે આપણે અનેક પ્રકારની ભ્રમણાઓ સેવીએ છીએ. વળી કુદરતી મનાયલા પરિણામને અટકાવે એવી કોઇ ક્રિયા કરવી અથવા તો એવા કોઇ સાધનનો ઉપયોગ કરવો તેને આપણે વાંધા પડતું લેખીએ છીએ, પણ આ પણ એક ભ્રમણા જ છે. પશુનું જીવન કેવળ કુદરતને અધીન હોય છે. માનવીજીવનની વિશેષતા કુદરતની સમજાયલી મર્યાદાને એક યા બીજી બાજુએ ઓળંગીને આગળ ચાલવામાં રહેલી છે. સંયમ તેમજ સ્વચ્છંદ માનવીની આ પ્રકારની વિશેષતામાંથી જ પરિણમે છે. અનાજ પાકે છે તેને સુપાચ્ય બનાવવા ખાતર આપણે તે ઉપર અગ્નિપ્રયોગ કરીએ છીએ તે પ્રયોગને કુદરતી ગણવો કે અકુદરતી? હાળશાકને સ્વાદિષ્ટ બનાવવા માટે આપણે મીઠા મરચાનો ઉપયોગ કરીએ છીએ તે કુદરતી કે અકુદરતી? શરીરને સુરૂપ બનાવવા તેની ઉપર જે પ્રક્રિયાઓ થાય છે તેને કુદરતી કે અકુદરતી ગણવી? આવી જ રીતે કુદરતી લેખાતા પરિણામોને વાળવા કે ટાળવા જે કાંઇ કરવામાં આવે તે બધું અયોગ્ય કે હાનિકર્તા જ હોય એમ માની લેવાને કશું જ કારણ નથી. કોઇ પણ કુદરતી ઉપદ્રવ ટાળવા માટે જે અટકાયતી ઔષધો કે ઇન્જેકશનો લેવામાં આવે છે તે વિષે શું વિચારવું? અપેક્ષિત સંતતિ જેમ કુદરતનો આશીર્વાદ અને બક્ષિસ છે તેમ અનપેક્ષિત સંતતિ કુદરતે ઉપજાવેલો અનર્થ અથવા તો ઉપદ્રવ છે. પોતાની જરૂરિયાત અને ઇચ્છા મુજબ કુદરતના ક્રમને વાળવો યા પલટાવવો એ સૃષ્ટિના પ્રારંભથી આજ સુધી માનવીબુદ્ધિનો પ્રયત્ન રહ્યો છે. ગઇ કાલ સુધી જે અકલ્પનીય અને અસંભવિત મનાતું તે આજે કલ્પનીય અને સંભાવ્ય બનતું જાય છે. અટકેલા હૃદયને આજે ગતિમાન બનાવાય છે. અસાધ્ય લેખાતા દર્દો સુસાધ્ય બનતા જાય છે. આ જ દૃષ્ટિએ પ્રજનનના વિષયમાં પણ વિજ્ઞાન નવાં સીમાચિહ્નો સર કરતું જાય છે. આજ સુધી વિષયસેવનનું ગર્ભાધાન સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ લેખાતું. આજની શોધોએ એ અનિવાર્યપણાને નાબુદ કર્યું છે. અને માણસજાતે તે રીતે એક નવું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે. આ સ્વાતંત્ર્ય હાંસલ કરવું એ બીજી રીતે યોગ્ય હો યા ન હો, પણ તેમાં કુદરતી અકુદરતી જેવું કશું નથી. વધેલા વાળ કે નખને આપણે કાપી નાંખીએ છીએ. ચશ્માવડે ટુંકી નજરને પહોળી કરીએ છીએ અને સ્વરવર્ધક યંત્ર વડે બહેરા કાનને સાંભળતો કરીએ છીએ. આ બધી પ્રક્રિયા કુદરતી પરિણામોને ટાળનારી હોવા છતાં તેને આપણે અકુદરતી અથવા તો ત્યાજ્ય નથી લેખતા. તેવું જ સ્વરૂપ ગર્ભાધાનરોધક સાધનોનું છે.

### આ સાધનોનો દુરૂપયોગ થવાની સંભાવના.

આ સાધનો અને ઉપાયો સામે આ પ્રશ્નની નૈતિક દૃષ્ટિએ વિચાર કરનારાઓનો મોટો વાંધો એ છે કે આનો દુરૂપયોગ થવાનો ઘણો સંભવ છે. આ સાધનોની વપરાશ નીતિનાશને માર્ગે લઇ જનારી છે. માટે આપણે તેનો સખ્તમાં સખ્ત વિરોધ કરવો જોઇએ. આ વાંધો વજુદવિનાનો છે એમ કહી નહિ શકાય. પણ વસ્તુસ્થિતિ એવી છે કે નવી નવી ચીજો, ઉપાયો અને સાધનો વિજ્ઞાન શોધે છે, કારખાનું બનાવે છે અને તે બજારમાં આવે છે. આજની કોઈ પણ શોધ કે બનાવટ કોઇ એક દેશ પુરતી મર્યાદિત કરી શકાતી નથી.

એમ ગર્ભાધાનરોધક સાધનો દુનિયાની બજારોમાં વહેતાં થયાં છે. કાયદાથી અંકુશ મૂકશો તો ભૂગર્ભમાં તે વહેતાં થવાનાં છે. તેનો દુરૂપયોગ કરનારને તેની યોગ્યતા–અયોગ્યતા વિચારવાપણું છે જ નહિં. પણ એ ઉપરથી એમ ફલિત થતું નથી કે જેને પોતાના ગૃહસ્થ–જીવનની મર્યાદિત પરિસ્થિતિની રક્ષા માટે આ વસ્તુની આવશ્યકતા માલુમ પડી છે તેણે પણ આવાં સાધનો કે ઉપાયોનું અવલંબન ન લેવું. કેટલીએક વખત એક બાજુ જરૂરી સંયમની તાકાતનો અભાવ અને બીજી બાજુ વિશેષ પ્રસુતિને અક્ષમ એવી પોતાની સ્ત્રીની શારીરિક સ્થિતિ–ઉભય સંયોગ આવાં સાધનો કે શસ્ત્રક્રિયાને પુરૂષ માટે અનિવાર્ય અને ધર્મ્ય બનાવે છે. કાં તો શુદ્ધ બ્રહ્મચર્ય પાળો અથવા તો વિષયવૃત્તિનાં સ્વાભાવિક પરિણામ ભોગવો એવો એકાન્ત આદેશ કે ઉપદેશ–જ્યાં અન્ય વિકલ્પ સુલભ હોય ત્યાં–ખાસ કરીને સાધારણ કોટિનાં સ્ત્રીપુરૂષોના ગળે કદિ ઉતરવાનો નથી.

### સંતતિનિયમન અને બ્રહ્મચર્ય–શિથિલતા

અલબત્ત ગર્ભનિરોધક સાધનોનો વ્યાપક ઉપયોગ આપણા ગૃહસ્થ જીવનમાં બ્રહ્મચર્ય યા તો સંયમની વૃત્તિને અમુક અંશે જરૂર શિથિલ બનાવશે જ. કારણ કે સંતતિના ડરથી કાંઇક અટકતો માણસ વિષયસેવનમાં આ ઉપાયોની મદદના કારણે જરૂર થોડો વધારે નિરંકુશ બનવાનો. આ પરિણામ અલબત્ત શોચનીય છે. પણ મધ્યમ વર્ગની સંકડાતી જતી આર્થિક પરિસ્થિતિ, સુવાવડ ઉપર સુવાવડમાં કચરાતી જતી સ્ત્રીની શરીરયષ્ટિ, બે ત્રણ બાળકો ઉછેરવાની જ્યાં સગવડ નથી ત્યાં સાત આઠ બાળકોના કારણે અતિ જટિલ બની જતી જીવનસમસ્યા–આ રીતે જીવનમાં ઉભી થતી પારવિનાની સંકડામણ અને અકળામણ વૈજ્ઞાનિક સાધનો યા શસ્ત્રક્રિયા દ્વારા આજની પ્રજાને સંતતિનિયમન તરફ સ્વાભાવિક રીતે ખેંચી જાય છે. પ્રસ્તુત સંયોગોમાં આ સાધનોનો ઉપયોગ કરવામાં તે ખોટું કરે છે કે અનૈતિક કર્મ આચરે છે એમ માનવાને કશું કારણ નથી.

### ભયંકર પરિણામો કલ્પવાની જરૂર નથી.

વળી ઉપર જણાવેલું નૈતિક દુષ્પરિણામ ચિરસ્થાયી હશે એમ માની લેવાની અને ભાવિ સમાજના નીતિનાશની ભાતભાતની કલ્પના કરવાની જરૂર નથી સંતતિનિરોધના કારણે જ બ્રહ્મચર્યની ઉપયોગીતા છે એમ છે જ નહિ. બ્રહ્મચર્યની–કામવૃત્તિવિષયક સંયમની–સ્વતઃ બહુ મોટી કીંમત અને ઉપયોગીતા છે. તે એક બહુ મોટું જીવન-બળ છે. જેને જીવનમાં કોઇ પણ પુરૂષાર્થ સાધવો છે અને પ્રાણવાન જીવન ગાળવું છે તેને અસંયમી બનવું કદિ પરવડે જ નહિ. તે બ્રહ્મચર્યનું મૂલ્ય સમજીને બને તેટલો ઓછો કામસ્વછંદ કરવાનો જ. ગર્ભાધાનરોધક સાધનોના ઉપયોગના પરિણામે તે થોડો સમય સ્વછંદની બાજુ ઢળવાનો, પણ પછી સામાન્ય સુજ–હૈયાઉકલત–તેને સંયમ તરફ વાળ્યા વિના નહિ જ રહે. કારણ કે તેના જીવનનું ઐહિક શ્રેય આખરે સંયમ ઉપર જ અવલંબે છે એ સત્ય તરત તેને બહુ જલ્દીથી સમજાવાનું. આ પ્રમાણે જેમ વ્યકિત તેમ જ સમષ્ટિ પણ સમયાન્તરે સાહજિક જીવનવૃત્તિ અને રહેણી કરણી ઉપર આવીને જરૂર સ્થિર બનવાની.

### સમાજની સ્થિતિસ્થાપક પ્રકૃતિ.

વ્યક્તિ માટે કદાચ આ આશા કોઇને વધારે પડતી લાગે; પણ સમષ્ટિનો તો આ સ્વભાવ જ છે. ચોક્કસ અસાધારણ સંયોગો વચ્ચે સમાજનો અમુક ભાગ કોઇ પણ એક યા બીજા પ્રકારના અતિરેક તરફ થોડો વખત ઢળશે, પણ તેની પ્રકૃતિમાં રહેલી હૈયા–ઉકલત–Commonsense–તેને સમતુલા ઉપર લાવ્યા વિના નહિ રહે. તે આત્મઘાતક માર્ગે લાંબો સમય ચાલી શકતો જ નથી. તેની પ્રકૃતિમાં રહેલો સ્થિતિસ્થાપકતાનો ગુણ એટલે કે સદા સમધારણ તરફ ઢળતા રહેવાનું વલણ તેને સ્વાભાવિક સંયમ અને પરિમિનતાના પ્રદેશમાં પાછો ખેંચી લાવે જ છે.

### કોઇ પણ નિર્ભેળ સામાજિક ફેરફાર સંભવતો જ નથી

બાકી એ પણ ખરૂં કે આપણે જે કાંઇ સામાજિક ફેરફારો કરીશું, સુધારા કરીશું તે સંપૂર્ણ રીતે લાભપ્રદ અને અનિવાર્ય સમજીને કરતા હોઇશું, છતાં પણ તેના ગર્ભમાં થોડું સરખું પણ અનિષ્ટકારક તત્વ હોવાનું જ. એવો એક પણ સામાજિક સુધારો કે ફેરફાર કલ્પી શકાય તેમ નથી કે જેનું એકાન્ત સારૂં જ પરિણામ હોય અને જેને પ્રતિકુળ બીજી કોઇ બાજુ જ ન હોય. સુધારકે – નવો ચીલો પાડનારે – આ જોખમ ખેડવું જ રહ્યું. દુરંદેશીપૂર્વક સમાજના ઘડનારાઓની ફરજ છે કે નવા ચીલે ચાલવા માગતા સમાજનું તે ચીલાનાં ભયસ્થાનો તરફ તેણે યથાસમય ધ્યાન ખેંચતાં રહેવું જોઇએ અને પોતાના સમાજને આગળ ચાલતા રહેવાની પ્રેરણા આપવા સાથે પ્રસ્તુત ભયસ્થાનોથી બચતા રહેવા માટે જરૂરી માર્ગદર્શન પણ કરાવતાં રહેવું જ જોઇએ. આ રીતે સમયે સમયે લાભાલાભની તુલના કરીને સમગ્ર રીતે વિચારતાં વિશેષ લાભપ્રદ લાગે એવા રહેણી કરણીને લગતા સામાજિક ફેરફારો ઓળખી કાઢવા અને અપનાવવા, તે ફેરફાર સાથે જોડાયલા અનિષ્ટથી જાગૃતિપૂર્વક પોતાને બચાવવી અને આ રીતે પ્રગતિનાં નવા સીમાચિહ્નો સર કરવા–એ જ વ્યકિતગત તેમ જ સામાજિક સ્વાસ્થ્ય અને ઉત્કર્ષનો રાજમાર્ગ છે.

### સંતતિ નિરોધ માટે બ્રહ્મચર્ય પાલન ઉત્તમ, વિકલ્પે નિરોધક સાધનોનો ઉપયોગ આવશ્યક.

આ રીતે વિચારતાં આજના સંયોગોમાં સંતતિમર્યાદા અદ્યતન સમાજને માટે અતિ આવશ્યક બની છે એવો અભિપ્રાય આજે લગભગ સર્વત્ર સ્વીકારાઇ રહ્યો છે. આ માટે જરૂરી બ્રહ્મચર્ય–પાલન એ નિઃશંકપણે ઉત્તમ માર્ગ છે. માનવીને ઉન્નતિના માર્ગે લઇ જવામાં બ્રહ્મચર્ય જેવો બીજો કોઇ પુરૂષાર્થ નથી એ આપણે કદિ ભૂલવું ન જોઇએ. સંતતિમર્યાદા માટે અન્ય સાધનો કે ઉપાયોની ભલામણ પાછળ આપણી નબળાઇ–અસામર્થ્ય–નો એકરાર રહેલો છે એ પણ આપણે કબુલ કરવું જોઇએ. પણ સામાન્ય માનવી આજે જેને આપણે અતિ આવશ્યક લેખીએ છીએ તે સંતતિમર્યાદા બ્રહ્મચર્ય દ્વારા સાધી નહિ શકે એમ આજ સુધીનો આપણો અનુભવ કહે છે. સામાજિક વિધિનિષેધ સામાન્ય માનવીના બળાબળનો વિચાર કરીને ઘડાય તો જ તે વ્યવહારૂ બની શકે. તેથી આજના પ્રજાજનોએ સંતતિનિયમનને અમલી બનાવવા માટે તેને લગતાં સાધનો અને ઉપાયો બરોબર સમજી લેવા અને સંયમસાધનાને લક્ષ્ય–સ્થાને રાખીને પોતપોતાના સંયોગ મુજબ જરૂર જણાયે આ સાધનો અને ઉપાયોનો શકય તેટલી કરકસરપૂર્વક અને પુરેપુરી સમજપૂર્વક ઉપયોગ કરવો–આ માર્ગે જવામાં તેમનું, તેમના કુટુંબનું અને વિશાળ સમાજનું હિત રહેલું છે–આ વિચાર આપણ સર્વેએ હવે સ્વીકારી લેવો ઘટે છે.

સમાપ્ત **પરમાનંદ**

### પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ

પ્રબુદ્ધ જીવનના જે ગ્રાહકો પ્રબુદ્ધ જીવન ચાલુ રાખવા ન ઇચ્છતા હોય તેઓ તેમનું લવાજમ પૂરૂં થયાની ખબર મળ્યે અમને પોતાની અનિચ્છા તરત જ જણાવવાની કૃપા કરે કે જેથી અમે નકામા જતા વી. પી. ના ખર્ચમાંથી બચીએ.

વ્યવસ્થાપક, **પ્રબુદ્ધ જીવન.**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

(1)

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ.૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૭

મુંબઈ, ૧ ઓગસ્ટ ૧૯૫૪ રવિવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## મારી આશા

( તા૦ ૧૯–૭–૫૪ સોમવારના રોજ મુંબઈના મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઇના હાથે 'ખાદી ગ્રામોદ્યોગ ભવન'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ખાદી અને ગ્રામોદ્યોગને લગતી હીલચાલ ગાંધીજીએ આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં શરૂ કરી હતી. સમયના વહેવા સાથે એ બન્ને પ્રવૃત્તિને ચોકકસ સ્વરૂપ મળતું ગયું અને તેમાં નવી નવી વિગતો પુરાતી ગઇ. ૧૯૪૭ માં દેશને આઝાદી પ્રાપ્ત થઇ તે છતાં પણ આ બન્ને બાબતોને સરકારી માન્યતા પ્રાપ્ત થઈ નહોતી. ગયા વર્ષે કે આ વર્ષની શરૂઆતમાં કેન્દ્રસ્થ સરકારે મીલના અમુક કાપડ ઉપર એક વારે એક પૈસાનો કર નાંખ્યો અને તેની આવક ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસમાં ખરચવાનું નકકી કર્યું. આ જ હેતુથી સરકાર તરફથી ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ઉભું કરવામાં આવ્યું છે અને તેના તરફથી મુંબઈના આબાદ ગણાતા લત્તામાં આવેલ વાઇટવેય લેડલોના નામથી વર્ષોજુની અને જાણીતી દુકાન કે જેનો મુખ્ય વ્યવસાય પરદેશી ચીજો વેચીને દેશનું ધન પરદેશ મોકલવાનો હતો તે જ દુકાનને ખાદી ગ્રામોદ્યોગ ભવનમાં ફેરવી નાંખવામાં આવ્યું છે અને તેના વહીવટની જવાબદારી મુંબઇ ઉપનગર જીલ્લા ગ્રામોદ્યોગ સંઘને સુપ્રત કરવામાં આવી છે. ખાદી ગ્રામોદ્યોગને લગતા આન્દોલનમાં આ ભવનનું ઉદ્‌ઘાટન એ સીમાચિહ્નસૂચક ઘટના છે. સરકારે આ હીલચાલને હવે અપનાવી છે અને પ્રજાએ તેને બને તેટલો ટેકો આપવાનો છે. આ ભવનના પ્રણેતા ખાદીઆચાર્ય શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી કે જેમણે આખું જીવન ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસ પાછળ વ્યતીત કર્યું છે તેમના જ–પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને ખાદીઔર ગ્રામોદ્યોગ પત્રિકામાં પ્રગટ થયેલા–ઉદ્‌ગારો આ આખી ઘટનાનું ઐતિહાસિક મહત્ત્વ સમજવામાં ઉપયોગી થશે એમ સમજીને અહીં ઉધ્ધૃત કરવામાં આવે છે. ચિરસેવિત સ્વપ્ન સફળ થયેલું–મૂર્તિમન્ત થયેલું–જોતાં આજે શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીને જે આનંદ થતો હશે તેવો આનંદ કોઇને થતો નહિ હોય. વિઠ્ઠલદાસભાઇએ પોતાના લેખમાં વ્યકત કરેલી આશા સંપૂર્ણ અંશે સફળ થાઓ એવી આપણી પરમાત્માને પ્રાર્થના હો અને એ આશાને પૂરક એવો આપણ સર્વનો સહકાર હો !-

**પરમાનંદ** ]

ચોપન વર્ષ સુધી મુંબઇ શહેરમાં મેં કાપડ વેચાણનું કામ કર્યું. મુંબઇની જનતા શું ઇચ્છે છે, જનતાનો પહેરવેશ શું છે, એનો મને આટલાં વર્ષોનો અનુભવ છે.

મેં મારી વેપારી કારકીર્દી સન ૧૯૦૦ ની આસપાસ શરૂ કરી. એ વખતે હું પરદેશી કાપડ વેચતો. દરજી ખાતાનો અનુભવ પણ મને એ વખતે થયો. એ સમયમાં તૈયાર કપડાં ખરીદ કરીને પહેરવાનો રિવાજ ન હતો. તૈયાર કપડાંના વેચાણની મુંબઇમાં પહેલવહેલી શરૂઆત મેં કરી.

૧૯૦૬ સુધી મારી પરદેશી કાપડની આ દુકાન ચાયના સીલ્ક ઇમ્પોર્ટીંગ કંપનીને નામે કાલબાદેવી ઉપર હતી.

૧૯૦૬ માં બંગાળના ભાગલાને કારણે પરદેશી કાપડ (ખાસ કરીને ઇંગ્લંડનું કાપડ) ના બહિષ્કારનું આંદોલન દેશભરમાં જામ્યું. એની અસરમાં હું આવ્યો. આંદોલનમાં ભાગ લેવા માટે મેં મારી પરદેશી કાપડની દુકાનને છોડી અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયા બિલ્ડીંગમાં સ્થપાયેલા મુંબઇ કો–ઓપરેટીવ સ્વદેશી સ્ટોરમાં હું જોડાયો.

સ્વદેશીના ભારતવ્યાપી આંદોલનને પહોંચી વળવા માટે સ્વદેશી સ્ટોરની સ્થાપના થઇ. આ સ્થાપનાના મૂળમાં મરહુમ શેઠ મનમોહનદાસ રામજી અને પૂજ્ય બાળગંગાધર ટીળક હતા.

સ્વદેશી સ્ટોરમાં હું જોડાયો ત્યારે એ એક નાની સ્વદેશી વેચાણની દુકાન હતી અને તે વખતે બે દરજીઓ ત્યાં કામ કરતા. ક્રમે ક્રમે સ્વદેશીનું આંદોલન દેશભરમાં જામતું ચાલ્યું. જનતા સ્વદેશીને અપનાવતી ગઇ. આ કારણે ખરીદદારો દિન પર દિન વધતા ગયા.

ટાઇમ્સ ઓફ ઇન્ડીયા બીલ્ડીંગમાં વધારાની જગ્યા મળી એટલે સ્વદેશી સ્ટોરનો વિસ્તાર વધતો ગયો. લગભગ ૧૬ હજાર ચોરસ ફીટની અંદર બધાં મળીને ૨૨ ખાતાંઓ વેચાણ માટે ગોઠવાયાં. દરજી ખાતું વધતું ગયું. એ સ્ટોરની મેં ૧૧ વર્ષ સેવા કરી અને જ્યારે એ સ્ટોરમાંથી હું છૂટો થયો, ત્યારે ૧૨૦ દરજીના સંચા ચાલતા હતા. એમાં ૩૦ સંચા વીજળીથી ચાલતા હતા.

એ સ્ટોરમાં કેટલીક વખત દરરોજના રૂા. ૧૫ થી ૧૬ હજારની કિંમતનાં વેચાણ મળતાં. એ વખતે કાપડનો ભાવ ૬–૭ આના વારનો હતો.

સ્વદેશી સ્ટોરમાં ૧૧ વર્ષ સુધી મેં જે તાલીમ મેળવી અને જે અનુભવ મને થયો, એ આજે પણ મને કામ લાગે છે.

૧૯૨૦ માં મહાત્મા ગાંધીજીએ ખાદીનો સંદેશો સંભળાવ્યો. શરૂઆતથી જ હું ખાદી વેચાણના કામમાં જોડાયો. આજ દિવસ સુધી એ જ કામમાં રહ્યો છું અને મારી છેલ્લી અવસ્થા પણ દેશના આ પવિત્ર કામમાં પૂરી થાય એ મારી આશા અને પ્રાર્થના છે.

### પહેલો ખાદીભંડાર

ખાદીઉત્પાદન શરૂ થયું. ઉત્પાદન થતી ખાદીનું વેચાણ કરી લેવા માટે વેચાણ–દુકાન હોય એ જરૂરી હતું. આ કારણે ગાંધીજીની સૂચનાથી ખાદીના વેચાણ માટે ભારતવર્ષની અંદર પહેલો ખાદી ભંડાર ખોલવાનું નકકી થયું.

એ જમાનામાં મુંબઇની અંદર ઇચ્છા હોય તે લત્તામાં ખાલી દુકાનો મળી શકતી હતી. પરંતુ ઓછામાં ઓછા ભાડાની દુકાન મેળવીને ખાદી કામની શરૂઆત કરવી, એ કારણે કાલબાદેવી ઉપર આવેલી આજની સ્વદેશી માર્કેટની–પરંતુ એ વખતની મોરારજી ગોકળદાસ માર્કેટની–એક ગલીમાં માસિક રૂા. ૧૫ ના ભાડાની એક દુકાન મેળવીને ખાદી ભંડારની શરૂઆત ૧૯૨૮ માં કરી. આ ભંડારનું ઉદ્‌ઘાટન મહાત્મા ગાંધીજીએ કર્યું. શરૂઆતના વર્ષમાં માસિક હજારેક રૂપિયાનું વેચાણ મળતું.

### કાલબાદેવી ઉપર આવેલો ખાદીભંડાર

સ્વદેશી માર્કેટના ભંડારની ઘરાકી દિવસે દિવસે જામતી ગઇ, એટલે પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર કાંઇક વિસ્તારવાળી એક જગ્યા રૂપિયા ૪૦ કે ૪૫ માં (આજે સાચો આંકડો યાદ નથી) મેળવી. પરંતુ ખાદીની ઘરાકી વધતી જતી હતી, એટલે એ દુકાનનો વિસ્તાર નાનો પડયો. આ કારણે કાલબાદેવીના લત્તા પર ઠીક વિસ્તારવાળી જગ્યાએ અખિલ ભારત ચરખા સંઘનો ભંડાર ખોલવામાં આવ્યો.

હિંદની ગુલામીની જંજીરો તોડવા માટે દેશવ્યાપી અનેક લડાઇઓ લડી લેવા માટેના કાર્યક્રમો વખતોવખત ગાંધીજીએ મૂકયા. આવાં આંદોલનો જ્યારે જ્યારે ઉપડતાં, ત્યારે ત્યારે ખાદીની માગણી વધી જતી.

ખાદી ઉત્પાદન દિવસો દિવસ જામતું ગયું, વધતુ ગયું. મુંબઇની જનતાના કાપડ પહેરવેશની અનેક જરૂરિયાતો ખાદી કાપડ મારફતે પૂરી કરવા માટે ખાદીની અંદર વિધવિધ જાતોભાતો કાલબાદેવી ભંડારમાં આવતી ગઇ. જેમ જેમ ગ્રાહકોની માગણી ખાદી કાપડમાં સંતોષતા ગયા તેમ તેમ દિવસો દિવસ ઘરાકી વધતી ચાલી. કાલબાદેવી ભંડારનાં ખાદી વેચાણો આજે વાર્ષિક રૂપિયા ૧૬ લાખ ઉપર પહોંચ્યાં છે.

### ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી પણ ભારતનાં ગામડાંઓની ગરીબી આજે જેવી ને તેવી રહી છે. બેરોજગારી વધતી ચાલી છે. વધતી જતી બેકારીને હળવી કરવા માટે, આપણી સરકાર અનેક ગોઠવણો કરી રહી છે. એ અનુસાર ૧૯૫૩ ના ફેબ્રુઆરી મહિનાની અંદર અખિલ ભારત ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડની મધ્યસ્થ સરકારે સ્થાપના કરી.

ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે પોતાના કામ માટે એક પાંચ વર્ષની યોજના ઘડી છે. પાંચ વર્ષને અંતે પચીસ કરોડના ઉત્પાદન અને વેચાણને પહોંચવું છે. ચાલુ વર્ષની અંદર પાંચ કરોડનું ઉત્પાદન થશે અને ક્રમે ક્રમે નિર્ધારેલા લક્ષને પહોંચી વળાશે એવી આશા રહી છે.

ખાદી બોર્ડની યોજના અનુસાર ઉત્પાદન વધારી લેવા માટે વધુ અને વધુ રેંટિયા ગામડેગામ ફેલાશે. ઉત્પાદન થતી વસ્તુ વેચાઇ જાય એ અર્થે વેચાણ વ્યવસ્થા હિંદભરમાં વધારે મજબૂત કરવી રહે છે. આવી વ્યવસ્થા ગામડાંઓથી શરૂ કરીને મોટાં શહેરો સુધીની હોય, ત્યારે જ બેકારી હળવી કરવાનો આ પ્રયોગ સફળ થશે. તાલુકે તાલુકે વેચાણ વ્યવસ્થા ગોઠવી કાઢવાનો કાર્યક્રમ નક્કી થઇ ગયો છે. અને ઓગસ્ટના અંત સુધીમાં એનો પહેલો તબક્કો પૂરો કરાશે. એ જ રીતે મોટાં શહેરોની અંદર વધુ વેચાણવાળી વ્યવસ્થા કરવા માટે ભારતનાં મોટાં શહેરોની અંદર પાંચ મોટાં ભંડારો ખોલવાનો નિર્ણય લેવાયો છે. (મુંબઇ, મદ્રાસ, દિલ્હી, કલકત્તા અને એક બીજા કોઇ શહેરમાં) આ મોટાં શહેરોની અંદર આટલા વિસ્તારવાળી જગ્યા મેળવવી મુશ્કેલ છે. જેમ જેમ વેચાણ માટેની જગ્યા મળતી જશે, તેમ તેમ આ ગોઠવણો પાર પડશે. સંજોગવશાત્ મુંબઇના મધ્યમાં એવું સ્થાન ખાદી બોર્ડને મળી ગયું છે.

અંગ્રેજી રાજ્ય વખતે મુંબઇ શહેરના મધ્યમાં વ્હાઇટવે લેડલોના નામે અંગ્રેજી પેઢી મોટા પાયા ઉપર વેપાર કરતી. આ સ્થાનકેથી ભારતના કરોડો રૂપિયા પરદેશ પહોંચ્યા છે. અંગ્રેજી રાજ્યની વિદાયગીરી પછી વ્હાઇટવે લેડલોએ પોતાનું કામ સંકેલ્યું. जे दुकान उपर १९३०-३२ में राष्ट्रीय आंदोलन वखते परदेशी माल अने विशेषे करीने कापड प्रजा खरीदे नहि अे अर्थे मुंबईनी जनताओ आ दुकान उपर पीकेटींग कर्यु छे. એ દુકાન ખાલી પડી. કેન્દ્રિય સરકારે ખાદી બોર્ડના કામને વધારવાની દૃષ્ટિએ આ દુકાન બહુ મોટે ભાડે કબજે કરી. આ સ્થાનકે આ વર્ષના જુલાઇ માસમાં અખિલ ભારત ખાદી ગ્રામોદ્યોગ ભવન (A. I. K. &. V. I. Emporium) ને નામે ખાદી ગ્રામોદ્યોગનાં વેચાણો કરવા માટે ભંડારની શરૂઆત થશે.

ખાદી ગ્રામોદ્યોગનાં વેચાણો માટે આટલા મોટા ભાડાની અને ખર્ચની શા માટે જરૂર છે એવો પ્રશ્ન પૂછાય એ સ્વાભાવિક છે. તેની જ સાથે સાથે શું ખાદી ગ્રામોદ્યોગનાં એટલાં મોટાં વેચાણો કરી શકાશે એ પણ પ્રશ્ન વિચારવા જેવો છે. ખાદી બોર્ડે આ યોજના ઘડતી વખતે આ બન્ને વિગતોને વિચારી છે. શરૂઆતનાં ત્રણ વર્ષની અંદર આ સ્થાનકનાં વેચાણો એટલી હદે પહોંચ્યાં હશે કે વ્યવસ્થા ખર્ચ મેળવી લેવાશે.

जे स्थानकेथी देशना करोडो रुपिया वर्षो वर्षे विलायत मोकलाता तेज स्थानके खादी अने ग्रामोद्योगनां शहेरी वेचाणो मारफते करोडो रुपिया हिन्दने गामडे गाम अने झुंपडे झुंपडे पहोंचाडी शकाशे.

અગીયાર વર્ષનો સ્વદેશી સ્ટોરનો અનુભવ અને ૩૫ વર્ષના ખાદી અનુભવને આધારે ખાદી ભવનનું સાહસ ખેડાય છે.

વેપારની શરૂઆતથી આજ દિવસ સુધીનાં ૫૪ વર્ષોની અંદર મુંબઇની જનતાની જે સેવા હું કરી શકયો છું અને ખાદીને વિકસાવવાને માટે જનતાનો જે સાથ આજ દિવસ સુધીમાં મેળવી શકાયો છે, એ આધારે પચીસ કરોડના ઉત્પાદનને અને વેચાણને પહોંચી વળવા માટે આ જે પ્રયાસ થઇ રહ્યો છે એ સફળ થશે એવી ગણતરી છે. માસિક ૧૫ રૂપિયાના ભાડાથી શરૂ થયેલો ખાદી-ભંડાર આજે લગભગ માસિક ૧૫ હજારના ભાડાને પહોંચી વળવા માટે વિકસી રહ્યો છે. મુંબઇએ આવાં આંદોલનોને હંમેશા આવકાર્યાં છે, અને ખાદી ભવનને પણ મુંબઇની જનતા આવકારશે એવી મારી આશા છે.

કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર
**બોરીવલી**
તા. ૧૯-૬-૫૪

**વિઠ્ઠલદાસ જેરાજાણી**

## ભગત અને શેતાન

પ્રભુચરણે વસતા ભકતોમાં એકવાર પ્રભુને પહોંચવાનો સરળ માર્ગ દુનિયા આખીને ઝટ દેખાડી દઇને વૈકુંઠની વસતિ વધારવાની ધગશ ઉઠી. ત્યારે શેતાન ફિકરમાં પડી ગયો. એક ભોળો ભગત એને રસ્તે મળ્યો. તેની સરળતા જોઇને શેતાનને યુકિત સૂઝી: 'ભકતરાજ! તમારા લોકનાં ભજન ભકિત જોઇને હું મુગ્ધ થયો છું. હવે તો તમારા જેવી લગની બધી દુનિયાને લગાડો એટલે બેડો પાર. ભગવાનની ભકિત એ તો એટલું સાદું સત્ય છે કે દુનિયાને ઝીલતાં વાર લાગવાની નથી.'

ભગત: 'સત્ત વચન! ધન વાણી! એ સાદું સત્ય કેવી રીતે દુનિયાનાં માણસ માત્ર સુધી પહોંચાડી દેવું એની જ ગોઠવણ આજ કાલ અમે લોકો વિચારી રહ્યા છીએ.'

શેતાન: 'એ તો સહેલું છે 'સંઘશકિત: કલૌયુગે.' આ કળિકાળમાં organisation એજ શકિત છે. organise the truth

ભગત: 'ભલું સૂચવ્યું. અમે તેમ જ કરીશું.'

શેતાન: 'ધન્ય ભકતરાજ! સ્વર્ગની એસેમ્બલીમાં આપના શુભ સંકલ્પનો જય થાઓ. માફ કરજો, મેં આપનો સમય લીધો. પણ હવે ઝટ કરો. મારા જેવા કેટલાયે સંસારી જીવો આપ સૌના ભકિત-રસમાં ભાગીદાર બની પ્રભુચરણે લીન થવા તલપાપડ છે. બસ, સંસારભરમાં સંગઠ્ઠનનું જાળું પાથરી ઘો. ભકતોના સંઘો રચાય, પૂરી શિસ્ત જળવાય અને કરતાલ એકતારા સાથે પ્રભુ નામના જયઘોષ કરતી તેમની પલટનોની પલટનો સ્વર્ગના રાજ્યમાં દાખલ થાય તેવું કરો. એકલદોકલ કે રેઢું કોઇને રહેવા જ ન દો. પછી શેતાનની મગદૂર નથી કે કોઇને ભમાવે.'


ભગતનો ચહેરો ખીલી ઉઠયો, અને એ દિવસથી જ સંસારમાં સત્યની ઘોર ખોદાઇ!

'કેસૂડાં'માંથી સાભાર ઉધૃત

**સ્વામી આનંદ**



સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ



સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ

સ્વ. મણિલાલ મોકમચંદ શાહ

# નવા મકાનનો ઉદ્‌ઘાટન સમારંભ

તા. ૨૫-૭-૫૪ રવિવારના રોજ મુંબઇ ખાતે 'શિવ' વિભાગમાં તૈયાર કરવામાં આવેલ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું સંયુક્ત પ્રાન્તના રાજપાલ માન્યવર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષાથી રક્ષણ આપી શકે એવો એક વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટનસમારંભનો સમય સવારના નવ વાગ્યાનો હતો. સદ્‌ભાગ્યે સમારંભના ત્રણ ચાર કલાક દરમિયાન મેઘરાજાએ કૃપા કરીને વરસાદને થંભાવ્યો હતો. આ પ્રસંગે જૈન સમાજના સર્વ ફિરકાઓના આગેવાન ગૃહસ્થોએ અને સન્નારીઓએ હાજરી આપી હતી અને જૈન-જૈનેતર ભાઇ બહેનો પણ બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. પ્રારંભમાં કુમુદ બહેન શેઠે એક ભજન સંભળાવ્યું, ત્યાર બાદ શ્રી. શાન્તિલાલ શાહે ભગવાન મહાવીરની સ્તુતિ પોતાના બુલંદ કંઠે સંભળાવીને વાતાવરણને પ્રસન્નગંભીર બનાવ્યું.

ત્યાર બાદ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે નવા મકાનના ઉદ્‌ઘાટન અર્થે આવેલ માન્યવર મુનશીજી તથા અન્ય ઉપસ્થિત થયેલા મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું કે "આજે ૩૮ વર્ષ પહેલાં પ્રીન્સેસ સ્ટ્રીટમાં પીરભાઇ બીલ્ડીંગમાં વસાવવામાં આવેલ આજના સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની જે નાના પાયા ઉપર ઉદ્‌ઘાટનક્રિયા કરવામાં આવી હતી તે પ્રસંગ મને યાદ આવે છે. તે વખતે જૈન સમાજના અગ્રણી લેખક અને સાહિત્યકાર વાડીલાલ મોતીલાલ શાહ અને આ સંસ્થાના પ્રાણસમા શ્રી. મણિલાલ મોકમચંદ શાહ હાજર હતા. આજે એ બન્નેનું સ્વપ્નું સિધ્ધ થાય છે અને ગૃહને પોતાનું મકાન પ્રાપ્ત થાય છે. આપણા માટે આ ખરેખર હર્ષનો વિષય છે.

"આજે વિદ્યાર્થીઓ ચોતરફ જે હાડમારી ભોગવે છે તેનો વિચાર કરતાં મને આશ્ચર્ય થાય છે કે આ વિદ્યાર્થીઓ અભ્યાસ જ કેમ કરી શકે છે? હું પોતે વિદ્યાર્થીઓની આવી પાંચ કે છ સંસ્થાઓ સાથે સંકળાયલો છું. એટલે મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પૈસા મેળવવાની, મુંબઇ જેવા શહેરમાં રહેવા વગેરેની કેટકેટલી તકલીફો પડે છે તેનો મને પૂરેપૂરો ખ્યાલ છે. આ તકલીફોનો તમે પણ જો ખ્યાલ કરશો તો આવી સંસ્થાઓના કાર્યમાં તમે જરૂર વધારે સહકાર આપવા આકર્ષાશો.

"આ સંસ્થા પાછળ જૈનોની એકતાનો ખ્યાલ પ્રમુખપણે રહેલો છે. આજે આપણા સમાજમાં માત્ર એવી બેજ સંસ્થાઓ છે-મુંબઇ જૈન યુવક સંઘ અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ-જે જૈનોના બધા ફિરકાઓની એકતા માટે સાચી દિશામાં કાર્ય કરી રહી છે. માટે એ બન્ને સંસ્થાઓને પાંગરવામાં બને તેટલી મદદ કરવા તમો ભાઇ બહેનોને હું અનુરોધ કરું છું."

ત્યાર બાદ સંસ્થાના મંત્રી શ્રી રમણીકલાલ મણિલાલ શાહે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્યશ્રી તુલસી ગણી, મુનિ સુશીલકુમારજી, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઇ, સૌરાષ્ટ્રના ગૃહમંત્રી શ્રી રસિકલાલ પરીખ, સૌરાષ્ટ્રના શિક્ષણમંત્રી શ્રી જાદવજી કે. મોદી, મધ્યસ્થ નાણાં ખાતાના નાયબ પ્રધાન મણિભાઇ ચતુરભાઇ શાહ, મુંબઇના નાયબ પ્રધાન બાબુભાઇ જસભાઇ પટેલ, શ્રી સોહનલાલ દુગડ, પૂરવઠા ખાતાના પ્રધાન શ્રી અજિતપ્રસાદ જૈન, શ્રી એન. વી. ગાડગીલ, શ્રી કપુરચંદ નેમચંદ મહેતા, શ્રી કુન્દનમલજી ફિરોદિયા, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, મુંબઇના મેયર ડાહ્યાભાઇ પટેલ, શ્રી રવિશંકર રાવળ, સ્થાનિક સ્વરાજ્ય ખાતાના પ્રધાન શ્રી મોહનલાલ ગૌતમ, શેઠ ભોગીલાલ મગનલાલ અને એ ઉપરાંત બીજી અનેક વ્યકિતઓ તરફથી આવેલા શુભેચ્છાના સંદેશાઓ વાંચી સંભાળાવ્યા હતા.

ત્યાર બાદ સંસ્થાના પ્રારંભથી આજ સુધીના ઇતિહાસને રજૂ કરતા અને આ પ્રસંગે વહેંચવામાં આવેલા વૃત્તાંતમાંના ઉપયોગી ભાગો વિદ્યાર્થીગૃહની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહે વાંચી સંભળાવ્યા અને સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહ અને સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહની જૈન સમાજને એકત્ર કરવાની સંયુકત ભાવનામાંથી આ સંસ્થાનો કેમ ઉદ્‌ભવ થયો, એ સંસ્થાને વર્ષો સુધી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે કેવી રીતે સંભાળી, આજથી આઠ વર્ષ પહેલાં તેમના દિલમાં


સંસ્થાનું પોતાનું મકાન ઉભું કરવાનો કેવી રીતે વિચાર આવ્યો અને તે પાર પાડવા પાછળ તેમણે પોતે કેટલી મોટી આર્થિક સહાય કરી અને જીવનના અંત સુધી માંદગીના બીછાનેથી પણ કેવી અથાક મહેનત કરી, બે વર્ષ પહેલાં થયેલા તેમના અવસાનના થોડા મહીના પહેલાં તેમણે પોતાના હાથે મકાનનો ખાતવિધિ કર્યો, અને તેમની પછી પણ કાર્યકર્તાઓએ આ જ કાર્યને કેવી રીતે ચાલુ રાખ્યું વગેરે બાબતોનો તેમ જ આ સંસ્થાના ફંડમાં જૈન સમાજના સર્વ ફિરકાઓના ગૃહસ્થોએ કેવો ઉદાર ફાળો આપ્યો છે તેનો ખ્યાલ આપ્યો.

ત્યાર બાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "આજે એક વિદ્યાર્થીગૃહના મકાનનું ઉદ્‌ઘાટન થાય છે. એ અવસર સૌ કોઇના માટે આનંદજનક હોય એ સ્વાભાવિક છે, પણ અમે કે જેઓ મણિભાઇ સાથે વર્ષોથી આ કે એવી અન્ય પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા તેમને મન અમારા સાથી,, સુરબ્બી અને પ્રેરણામૂર્તિ સ્વ. મણિભાઇનું ચિરસેવિત સ્વપ્ન આજે સ્થૂળ રૂપે મૂર્તિમન્ત થતું નજરે નિહાળતાં આજનો પ્રસંગ એક પર્વ સમાન છે. આમાં પણ આજે જ એ પુણ્યાત્માની અવસાનતિથિ છે એવો અણધાર્યો સુયોગ અમારા દિલમાં કોઇ જુદો જ ઉર્મિરોમાંચ પેદા કરે છે. મણિભાઇ જૈન સમાજની અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા; રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિઓમાં પણ ઊંડો રસ ધરાવતા હતા અને સમયે સમયે આર્થિક સહાય પણ કરતા હતા, પણ તેમની સર્વ શકિતઓને વિશેષ કરીને બે સંસ્થાઓ પરત્વે તેમણે ખાસ કેન્દ્રિત કરી હતી—એક મુંબઇ જૈન યુવક સંઘ અને બીજી સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ. મુંબઇ જૈન યુવક સંઘ પોતાનો વિકાસ સાધ્યે જતો હતો અને નિયત કાર્ય કર્યે જતો હતો. તેની આર્થિક જરૂરિયાતો એટલી મોટી નહોતી. પણ સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના મકાન માટે બે થી ત્રણ લાખ રૂપિયા એકઠા કરવા એ કોઇ સહેલું કામ નહોતું. ઘેર ઘેર અને પેઢીએ પેઢીએ ભટકીને તેમણે લગભગ એકલા પડે આ રકમ ભેગી કરી હતી. આ સર્વની પાછળ જૈનોની એકતાની ભાવના એક પ્રેરક બળ તરીકે કામ કરી રહી હતી. આજે આપણે તેમની તપશ્ચર્યાનું ફળ જોઇ રહ્યા છીએ. આ વિદ્યાર્થીગૃહનું મકાન એ ઇંટ ચુના પથ્થરનું એક સામાન્ય મકાન નથી પણ જૈનોની એકતાનું પ્રતીક છે. આ રીતે આ પ્રસંગને અમે નિહાળીએ છીએ અને એકતાની દિશાએ આગળ વધવાની પ્રેરણા અનુભવીએ છીએ.

"મુંબઇમાં આજે જૈન સમાજના ભિન્ન ભિન્ન ફિરકાઓના વિદ્યાર્થીઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જુદા જુદા મળીને પાંચ વિદ્યાર્થીગૃહો છે અને છઠ્ઠું વિદ્યાથીગૃહ ઉભું થઇ રહ્યું છે. આમાં પ્રારંભથી તે આજ સુધી કશા પણ ફિરકાભેદ સિવાય જૈન વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપતું એવું આ જ માત્ર સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ છે. પણ હવે એ સમય આવી પહોંચ્યો છે કે અન્ય છાત્રાલયો પણ ફિરકાપક્ષપાત છોડીને સર્વ વિભાગના જૈન વિદ્યાર્થીઓને માટે પોતાનાં દ્વાર ખુલ્લાં કરે. જૈન સમાજના છાત્રાલયોમાં સૌથી આગળ પડતું અને સમૃદ્ધ છાત્રાલય શ્રી મહાવીર જૈન વિદ્યાલય છે. તેનો લાભ જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. થોડા મહીના પહેલાં શેઠ કપુરચંદ નેમચંદ મહેતા કે, જેમણે આ સંસ્થાને રૂા. ૨૫૦૦૦ની મદદ કરી છે તેમણે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ૨ા લાખ રૂપીઆનું દાન કર્યું તે વખતે શ્રી કપુરચંદભાઇની ભાવના અને સખાવતને લગતી વાટાઘાટો જોતાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં દ્વાર સૌ કોઇ જૈન વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં થશે એવી આશા ઉભી થઇ હતી, પણ એ વખતે એ બાબત એ પરિપાક સુધી પહોંચી ન શકી. પણ આની આ વસ્તુસ્થિતિ લાંબો સમય ચાલવા દેવી ન જોઇએ. જુદાં જુદાં છાત્રાલયો પોતાના દ્વાર સૌ કોઇ જૈન વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં કરે એટલેથી જ અટકવાનું નથી, પણ જૈન સમાજની સાચી એકતા સાધવી હોય, જૈન ધર્મની સંસ્કારસમૃધ્ધિનો વિશાળ જગતને પરિચય કરાવવો હોય તો બધાં જૈન છાત્રાલયોનું એકીકરણ કરવું જોઇએ અને કોઇ વિશાળ જગ્યા ઉપર પાંચસો વિદ્યાર્થીઓ એક સાથે રહી શકે એવું વિશાળ છાત્રાલય, પુસ્તકાલય, સંગ્રહાલય અને જૈન વિષયોનો પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સનો અભ્યાસ થઇ શકે એવું વિદ્યાભવન—આવું એક વિરાટ જૈન કેન્દ્ર ઉભું કરવું જોઇએ. મારૂ આ સ્વપ્ન છે અને આપ સર્વનું પણ એ જ સ્વપ્ન હો એમ હું ઇચ્છુ છું. જૈનોનો સામાન્ય વર્ગ આવી એકતાને—આવા એકીકરણને—માંગી રહ્યો છે, ઝંખી રહ્યો છે, એકતાની કોઇ પણ વાત આવે છે તો સ્વાભાવિક ઉમળકાથી વધાવી રહ્યો છે. વાંધો છે માત્ર સંપ્રદાયલક્ષી સાધુઓનો અને સત્તાસ્થાન ઉપર બેઠેલા કેટલાક શ્રીમાનોનો. આ આડખીલીનો નીકાલ લાવીને આગળ વધવું એ આપણું કામ છે.

"અહિં જણાવવું અપ્રાસંગિક નહિ ગણાય કે અમારામાંના કેટલાએક જૈન વિદ્યાર્થિનીઓ માટે કન્યા છાત્રાલય નજીકના ભવિષ્યમાં ઉભું કરવાનો મનોરથ સેવી રહ્યા છે. પીરભાઇ બીલ્ડીંગમાં હાલ રહેતાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ આ નવા મકાનમાં વસતા થાય પછી એ મકાનમાં કન્યા છાત્રાલય ઉભું કેમ ન કરવું એ પ્રશ્ન થોડા દિવસ પહેલાં અમારી કાર્યવાહક સમિતિમાં ચર્ચાયો હતો. અમારા સાથીઓમાંના કેટલાએકના અભિપ્રાય મુજબ કન્યા છાત્રાલય માટે પીરભાઇ બીલ્ડીંગનો ચોથો માળ અનુકૂળ નથી... 

વિદ્યાર્થીગૃહનું મકાન



છાત્રાલયોમાં જવાની તેમને ફરજ પડતી હોય તો તે સગવડ આપણે જોખમ ખેડીને પણ ઉભી કરવી એ આપણી ફરજ છે.

ત્યાર બાદ ભારત જૈન મહામંડળના અધ્યક્ષ શ્રી તારાચંદ કોઠારીએ જણાવ્યું કે:—"અહિં બેઠેલા ભાઇ બ્હેનોને જોઇ મને આનંદ થાય છે કારણ કે એમાંના ઘણાંનાં દ્વાર અમે હમણાંજ ખખડાવી ચૂકયા છીએ. માત્ર પૈસા આપીને જ નહિ પણ સસ્થામાં આવો રસ તેઓએ બતા-

બ્યો છે તે જોઇ અમારૂં બળ વધતું લાગે છે. પરંતુ આજે આપણે એવા પ્રસંગે ઉભા છીએ કે શું અંગત જીવનમાં કે શુ સંસ્થાના જીવનમાં પાછલાં વર્ષો પર દૃષ્ટિ નાંખવી જરૂરી બને છે. આ સંસ્થાને આડત્રીસ વર્ષ થયાં છતાં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આપવાથી વિશેષ, એના સ્થાપકોએ જે આદર્શ સેવી આ સંસ્થા સ્થાપી હતી તે ‘વિદ્યાર્થીઓમાં સેવાની આગ પ્રકટાવવાની અને તેમના દ્વારા જૈનોમાં એકતા પ્રસારવાની’ વ તેમાં આપણે આગળ વધી શકયા નથી. અરે, સસ્થાના ટ્રસ્ટીઓએ આ મકાન બનાવવાનું નકકી કર્યું તે વાતને પણ આઠ વર્ષ થયાં. સ્વ. મણિભાઇ જેવા અજંપાવાળા જીવના–જે અથાક પ્રયત્નો કરે અને મિત્રો સ્નેહીઓને પણ જંપવા ન દે–તેવાના પ્રયત્ન છતાં આપણને આઠ વર્ષ લાગ્યાં. સ્વ. મણિભાઇએ પંચોતેર ટકા કામ પૂરૂં કર્યું અને ખાતમુહુર્ત કર્યું તે પછી માત્ર પચીસ ટકા કામ કરવામાં અમને બધાંને બે વર્ષ લાગ્યાં. એ એમ તો નથી સૂચવતું કે આ સંસ્થા મૂર્તિપૂજક સંપ્રદાયની નથી, સ્થાનકમાર્ગી સંપ્રદાયની નથી, તેરાપંથી કે દિગંબર ભાઇઓની નથી એટલે બધાની છે છતાં કોઇની નથી? ના, હું આપ સૌ તરફ જોઉં છું અને જે હુંફ અ.વે અમને આપી છે તે જોતાં અમને લાગે છે કે અમારા પ્રયાસોમાં જ કોઇક ખામી રહી છે. આપ સૌનો સહકાર અમારા હાથોમાં બળ પ્રેરો, અમારા હૃદયમાં હિમ્મત પ્રેરો અને જે કામ આજે શરૂ થયું છે તે એક બે વર્ષમાં આપણા સૌના હાથે ખૂબ વિકાસ પામો!”

સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી ચીમનલાલ પી. શાહે સ્વ. મણિભાઇની આ સંસ્થા વિષેની તમન્નાનો સુંન્દર ચિતાર આપ્યો અને જે જૈનોએ આ સંસ્થાનું મકાન નિર્માણ કરવામાં મદદ કરી છે તેઓ સંસ્થાને ઉંચી આણવામાં જરૂર મદદ કરશે એવી આશા વ્યકત કરી.

ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ શ્રી રિષભદાસ શંકાએ સંસ્થાના આ શુભ પ્રસંગને અંગે આનંદ વ્યકત કરતાં જૈનોની એકતાનું સવિશેષ સમર્થન કર્યું.


ત્યારબાદ સંસ્થાને ઉદ્‌ઘાટિત જાહેર કરવાની વિનંતી કરતા મુંબઇના આરોગ્યસચિવ અને વિદ્યાર્થીગૃહના એક ટ્રસ્ટી શ્રી શાન્તિલાલ શાહે જણાવ્યું કે ‘પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ કે યશની જરા પણ પરવા કર્યા સિવાય આ સંસ્થા માટે કામ કરનાર મણિભાઇ જેવો મેં બીજો માણસ જોયો નથી. આ વસ્તુને તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું હતું અને તેથી તેઓ આવું સુન્દર પરિણામ સાધી શકયા હતા.

“અહિં જે કન્યાછાત્રાલય સંબંધે ભાઇ પરમાનંદે સૂચના કરી તેને હું વધાવી લઉં છું. આ પ્રકારના છાત્રાલયની આજે ખાસ જરૂર છે અને આ દિશાએ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહે જ પહેલ કરવી જોઇએ અને તે માટે જ્યારે આ નવા મકાનમાં પીરભાઇ બીલ્ડીંગમાં રહેતા વિદ્યાર્થીઓને લાવવામાં આવે ત્યારે તે જ મકાનમાં કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવે તેમાં મને કશું પણ અજુગતું લાગતું નથી. સ્વતંત્ર ચોથો માળ છે; વસ્તીવાળો લતો હોઇને સુરક્ષિત ગણાય. તો આ બાબત હાથ ઉપર લેવા સંસ્થાના કાર્યવાહકોને મારી વિનંતી છે.

“આ સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવા માટે શ્રી મુનશી બધી રીતે સુયોગ્ય વ્યકિત છે. જૈન સમાજ સાથે તેમનો એક યા અન્ય પ્રકારે ઘણો ગાઢ સંબંધ છે. જૈનોની તેમણે અનેક સેવાઓ કરી છે. જૈનો સાથે સંઘર્ષમાં પણ તેઓ આવ્યા છે. ગૃહસંસારની દૃષ્ટિએ પણ એમનો જૈન સમાજ સાથે નિકટનો સંબંધ રહ્યો છે. એમના આશીર્વાદથી આ સંસ્થા જરૂર ફાલીફુલી રહેશે. મુનશીજીને આ સંસ્થાના નવા મકાનને ઉદ્‌ઘાટિત જાહેર કરવા હું વિનંતિ કરૂં છું.”

માન્યવર મહાશય શ્રી મુનશીએ શ્રી શાન્તિલાલ શાહની વિજ્ઞપ્તિ માન્ય રાખતાં જણાવ્યું કે “જે સંસ્થાનું આજથી ૩૭ વર્ષ પહેલાં મંગળ મુહૂર્ત થયું તે પ્રસંગે હાજર હોવાનું મને બરોબર યાદ છે. ત્યાર બાદ તેને લગતા સલાહકાર મંડળમાં મને લેવામાં આવેલો તે પણ મારા સ્મરણમાં છે. આ સંસ્થાના એક સ્થાપક સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહને એ જ અરસામાં સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ મારફત મળવાનું બન્યા પણ મને પૂરો ખ્યાલ છે. સ્વ. વાડીલાલ સાથે મારો પરિચય બહુ વિચિત્ર સંયોગોમાં થયેલો. આ એ દિવસોની વાત છે કે જ્યારે મેં એડવોકેટ તરીકેની પ્રેકટીસ શરૂ કરેલી અને કેમ કમાવું અને ખર્ચ કાઢવો એ મારા માટે મુશ્કેલ હતું. ‘આટા દે, ખીચડી જલતી હૈ’ એવી મારી એ વખતે સ્થિતિ હતી. ‘પાટણની પ્રભુતા’ એ સમયમાં મેં લખેલી અને ‘ધનશ્યામ’ના તખલ્લુસથી પ્રગટ થયેલી. ધનશ્યામ એટલે હું એ બહુ ઓછા લોકો જાણતા હતા. હું એ વખતે એક નાનો વકીલ હતો અને મને ટેકો આપતા સોલીસીટર જમિયતરામ કાકાને ખબર પડે કે હું આવી વાર્તાઓ લખું છું તો મારા માટે તકલીફ ઉભી થાય એમ હતું. ‘Boy good, Conduot bad’ એવી એ વખતે મારા વિષે છાપ હતી. આગળ જણાવ્યું તેમ પાટણની પ્રભુતા પ્રગટ થઈ અને જૈનોમાં ભારે ખળભળાટ પેદા થયો અને મારી વિરૂધ્ધ કેસો કરવાની વાતો ચાલવા લાગી ત્યારે હું ચારે તરફથી ભારે મુંઝાઈ ગયેલો. નવો ઉગતો માણસ આ તકલીફને હું કેમ પહોંચી શકીશ એવા વિચારથી અકળામણ અનુભવી રહ્યો હતો. એવામાં એક દિવસ સ્વ. કેવળરામ ગણાત્રા સાથે વાડીલાલ મોતીલાલ શાહ મારા ઘેર ચઢી આવ્યા અને મને કહેવા લાગ્યા કે “પાટણની પ્રભુતા લખનાર ધનશ્યામ તમે જ છો એ અમે શોધી કાઢયું છે અને તેમાં તમે જે જૈન સાધુઓ વિષે લખ્યું છે તે બધું બરોબર છે. અને તમે બરોબર લડજો અને હું પણ તમારા માટે જૈન સમાજ સાથે લડી લઇશ, કારણ કે એ સાધુઓનાં અનેક કારસ્તાનો હું પણ જાણું છું.”

**વિદ્યાર્થીગૃહના મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગેની સમુહ તસ્વીર**



આ “મારા વાડીભાઇ સાથેના પરિચયની શરૂઆત. પછી તો અમારો સંબંધ ખાસ કરીને સાહિત્યના નાતે ખૂબ વધતો રહ્યો અને તેમની જીંદગીના છેવટ સુધી અમો મિત્રો તરીકે જોડાયેલા રહ્યા.

“આ સંસ્થા જે વિશાળ ઉદ્દેશો ઉપર રચવામાં આવી છે તેનો મને પહેલાથી ખ્યાલ છે. આનો વહીવટ પછીનાં વર્ષોમાં મણિભાઇએ જ કર્યો છે અને આ વિદ્યાર્થીગૃહમાં જગ્યા હોય તો જૈનેતરોને પણ રાખ-

વામાં આવતા એનું મને પુરૂં સ્મરણ છે. આ દ્વારા મણિભાઇની ઉદારતાનું આપણને સાચું દર્શન થાય છે.

"આવી સંસ્થાઓ ખાસ કરીને મધ્યમ વર્ગની સાચી સેવા કરે છે. અહિં બાજુએ બેઠેલા મુંબઇ સરકારના મજુરસચિવનું આજ કાલ મજુરોના જ હિતને આગળ કરે છે અને તે તેમનું જરૂર કર્તવ્ય છે; પણ આજે ખરી મુંઝવનારી અને દયાજનક સ્થિતિ મધ્યમ વર્ગની છે, જયાં કમાનાર એક અને ખાનાર અનેક છે. આ મધ્યમ વર્ગના કુટુંબોને પોતાનાં સંતાનોને આજની મોંધવારીમાં કેમ ભણાવવા એ અતિ વિકટ પ્રશ્ન છે. વળી આર્થિક અસમાનતા બને તેટલી દૂર કરવાના ધ્યેયને વશ વર્તીને ચાલુ કમાણી ઊપર કાયદાકાનુન દ્વારા કાપ મૂકાતો જાય છે, અર્થસંચય અશકય બનતો જાય છે અને બચાવવા માટે કશો અવકાશ જ રહેતો નથી. આવી પરિસ્થિતિમાં ભણીને આગળ વધવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સમાજે જરૂરી સાધન સગવડ પૂરાં પાડવા જ જોઇએ.

"અમેરિકામાં આવા લક્ષ્યપૂર્વક કેટલાંય ફંડો ઊભા કરવામાં આવે છે અને એક પણ બુધ્ધિશાળી વિદ્યાર્થી દ્રવ્યના અભાવે ભણતો રહી ન જાય એવી કાળજી સેવવામાં આવે છે. આપણી જુની પ્રણાલિ પણ એવી જ હતી કે ગરીબ કે શ્રીમન્ત જે કોઇ વિદ્યાર્થી ગુરૂના દ્વારે જતો તેને વિદ્યાદાન મફત મળતું. આજે વિદ્યાદાન મફત શકય નથી. આ સગવડ સારી સ્થિતિના ગૃહસ્થોએ જ ઉભી કરી આપવી જોઇએ. આવી સગવડ આપતી સંસ્થાઓની કેટલી બધી જરૂર છે તેનો મને પુરો ખ્યાલ છે. અમે બહેનો માટે કાનજી ખેતશી કન્યા છાત્રાલય શરૂ કર્યું તે વખતે તેના વહીવટમાં હું પણ ભાગ લેતો હતો. સો સો વિદ્યાર્થીનીઓની અરજી આવતી ત્યારે અમે છ કે સાત બહેનોને દાખલ કરી શકતા. બાકીની બહેનોને નિરાશ કરવી પડતી તેનું અમને પારાવાર દુઃખ થતું.

"બીજુ જયાં આવાં છાત્રાલયોમાં મર્યાદિત સગવડ હોય અને ગરીબ અને કાંઇક સારી સ્થિતિના વિદ્યાર્થીઓની અરજી આવતી હોય—આમાં ઘણી વાર એવું બને છે કે સારી સ્થિતિનો વિદ્યાર્થી બુધ્ધિશાળી હોય છે અને ગરીબ વિદ્યાર્થી બુધ્ધિમાં સાધારણ હોય છે—આવી પરિસ્થિતિમાં હું એમ ભલામણ કરૂં કે બુદ્ધિશાળી વિદ્યાર્થીને પહેલી પસંદગી આપજો. કારણ કે સમાજને ઘડનારા મોટા ભાગે Uncommon – અસાધારણ બુધ્ધિવાળ – વિદ્યાર્થીઓમાંથી જ પાકયા છે.

"અહીં તમારૂં આ નવું મકાન જોયું અને તેની રચના તથા વિદ્યાર્થીઓને મળનારી સગવડો જોઇ જાણીને મને સંતોષ થયો. વિશેષમાં મને માલુમ પડે છે કે તમારા પ્લોટની બાજુએ જ બીજો એટલો જ મોટો પ્લોટ હજુ ખાલી છે તો મારી તમને વિનંતિ છે કે એ પ્લોટ પણ આ સંસ્થા માટે ખરીદી લેશો. કારણ કે સંસ્થાના વિકાસમાં જગ્યાની જેટલી છૂટ તેટલી વધારે અનુકુળતા રહે છે.

"આપનો હું આવી સુંદર તક આપવા બદલ અંતઃકરણથી ઉપકાર માનું છું. અને વિદ્યાર્થીગૃહના નવા મકાનને હું ઉદ્‌ઘાટિત જાહેર કરૂં છું."

માન્યવર મુનશીજીના વકતવ્ય બાદ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે મુનશીનો, સમારંભ પ્રસંગે ઉપસ્થિત થયેલા આગેવાન ગૃહસ્થોનો, મકાનનું બાંધકામ નિર્વ્યાજભાવે કરી આપનાર આર્કીટેકટ શ્રી. ચુનીલાલ સંઘાણીનો તથા મુંબઇ સ્વયંસેવક મંડળનો આભાર માન્યો, પુષ્પોહારવિધિ થઇ અને સ્વયંસેવક મંડળના બેંડના 'જનમન ગણ'ના વાદન સાથે સભા વિસર્જિત થઇ.

# પ્રકીર્ણ નોંધ

## શ્રી નવલ જેરાજાણીનું અકાળ અવસાન

તા૦ ૧૭-૭-૫૪ ના રોજ રાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિને વર્ષોથી વરેલા શ્રી નવલ જેરાજાણીનું ૪૫ વર્ષની ઉમ્મરે હૃદયરોગના અણધાર્યા હુમલાના પરિણામે અવસાન થયું. ભાઇ નવલ ખાદીપ્રવૃત્તિ સાથે પ્રારંભથી જોડાયલા વયોવૃદ્ધ શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણીના ભત્રીજા થાય. તેઓ નાનપણથી વીઠ્ઠલદાસભાઇની સંભાળ નીચે ઉછરેલા અને તેમના સંસ્કારો ઝીલેલા. મુંબઇની રાષ્ટ્રીયશાળાનો અભ્યાસ પૂરો કરીને તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા હતા. ૧૯૩૦ ની દાંડીકુચમાં જોડાયલા ૮૦ સ્વયંસેવકોમાં તેઓ એક હતા. ૧૯૩૦/૩૨ અને ૧૯૪૨ ની એમ બન્ને લડતોમાં તેમણે ઠીક ઠીક જેલવાસ ભોગવ્યો હતો. જીવનવ્યવસાય તેમનો વીમાને લગતો હતો અને ઇન્ડીયન ગ્લોબ ઇન્સ્યોરન્સ કંપનીમાં તેઓ અગ્રસ્થાન ધરાવતા હતા. ૧૯૪૫ બાદ તેમનું ધ્યાન રાષ્ટ્રના રચનાત્મક કાર્યક્રમ તરફ વધારે ને વધારે ઢળતું ગયું. કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર તથા મુંબઇ ઉપનગર ગ્રામોદ્યોગ મંડળના તેઓ મંત્રી થયા. અને તેમની કુશળ કાર્યવાહી નીચે એ બંને સંસ્થાઓ ખૂબ વિકાસ પામતી રહી.

દોઢેક વર્ષ પહેલાં મધ્યવર્તી સરકારે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની સ્થાપના કરી અને એ બોર્ડે મુંબઇમાં જે મકાનમાં વ્હાઇટવે લેડલોની કંપની પોતાનો બ્યાપાર ચલાવતી હતી ત્યાં મોટા પાયા ઉપર ખાદી ગ્રામોદ્યોગ ભવન ઉભું કરવાનો નિર્ણય કર્યો. આ ભવનની રચના તથા વહીવટની જવાબદારી મુંબઇ ઉપનગર ગ્રામોદ્યોગ મંડળને સોંપવામાં આવી અને ભાઇ નવલની આ ભવનના મુખ્ય આયોજક તરીકે નિમણૂંક કરવામાં આવી. છેલ્લા છ મહીનાથી ભાઇ નવલ આ કાર્યમાં સતત રોકયલા રહેતા હતા. આખું ભવન તૈયાર થઇ ગયુ હતું; સ્થળે સ્થળેથી ભાત ભાતની કારીગીરીવાળી ચીજો અને ખાદીનો પણ મોટો જથ્થો આવી પહોંચ્યો હતો; અને બધું વ્યવસ્થિત રીતે ગોઠવાઇ ગયું હતું. અઠવાડીઆ બાદ તા૦ ૧૯ મીની સાંજે મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી. મોરારજી દેસાઇ આ ભવનનું ઉદ્‌ઘાટન કરવાના હતા. પણ - न जाने जानकीनाथ प्रभाते किं भविष्यति એ મુજબ એ વજ્રકાયસમા દેખાતા, નિરોગી ભાઇ નવલ ઉપર તા૦ ૧૦-૭-૫૪ શનિવારના રોજ વીજળીના પ્રપાત સમો હૃદયરોગનો એકાએક હુમલો થયો, અને ખાદી ગ્રામોદ્યોગ ભવનના ઉદ્‌ઘાટનના બે દિવસ પહેલાં એ યુવાનને આ દુનિયા છોડી જવાની ફરજ પડી. ઇશ્વરી ઘટનાનું આકલન કોણ કરી શકે તેમ છે? કુદરતનો ક્રમ સાધારણ રીતે આગળની પેઢી જાય અને તેનું સ્થાન પછીની પેઢી લે એમ આપણે સમજીએ છીએ, પણ કદિ કદિ કુદરતની ગતિ વક્ર બને છે અને જેને આપણી વચ્ચે સ્થિર અને સ્થાયી સમજીએ છીએ તેને તે એકાએક ઝડપી લે છે અને વૃદ્ધ વડિલજનોના વૃદ્ધત્વને અત્યન્ત અસહ્ય બનાવી દે છે. નવલભાઇના જવાથી તેમનાં પત્ની અને બાળકોને પડેલી ખોટ જરૂર નાની સુની નથી અને તેમના વિષે સૌ કોઇ ઉંડી સહાનુભૂતિ અનુભવે તે સ્વાભાવિક છે, પણ એક અપ્રતિમ ખાદીસેવક તરીકે દેશભરમાં સુવિખ્યાત એવા શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીને પોતાના ધર્મપુત્ર સમા ભાઇ નવલના જવાથી પડેલી ખોટ એ માત્ર તેમની પોતાનીજ ખોટ નથી પણ વિશાળ જનતાની ખોટ છે એમ સમજીને આ દુર્ઘટના વિષે અનેક સહકાર્યકર્તાઓ ઊંડું દર્દભર્યું સંવેદન અનુભવે છે અને વિઠ્ઠલદાસભાઇના આ કુટુંબસંકટમાં પોતાને ભાગીદાર ગણે છે.

## જુલાઇની યાદગાર ૨૦ મી તારીખ.

કેટલાંય વર્ષોના ગાળે જુલાઇની ૨૦ મી તારીખે એવો સૂર્ય ઉગ્યો કે જ્યારે દુનિયા સમગ્રપણે કોઇ પણ પ્રકારની યુદ્ધપ્રવૃત્તિથી મુક્ત થઇ અને સર્વત્ર શાન્તિની આબોહવા નિર્માણ થઇ. પ્રથમ

વિશ્વયુધ્ધ ૧૯૧૮ માં પુરૂં થયું ત્યાર બાદ ૧૯૩૦ સુધી દુનિયા યુધ્ધમુક્ત રહી શકી હતી. પછીના દશકામાં જાપાને ચીન ઉપર આક્રમણ કર્યું અને ઇટાલીએ આબીસીનીઆ ઉપર ચઢાઇ કરી. અને એ દશકાના છેડામાં બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું. તે ૧૯૪૫ માં પુરૂં થયું ન થયું, અને કોરીઆમાં યુદ્ધ શરૂ થયું અને એકાદ વર્ષના ગાળા બાદ ઇન્ડો-ચાઇનામાં ત્યાંની પ્રજાનો એક પક્ષ વીએટમીંહ અને ફ્રેંચ સત્તા એ બન્ને વચ્ચે યુદ્ધના મંડાણ મંડાયા. કોરીઆમાં ગયા વર્ષે યુધ્ધવિરામ થયો અને ઇન્ડોચાઇના વિષે ગયા માસની ૨૦ મી તારીખે યુધ્ધ વિરામના કરારનામા ઉપર નવ રાષ્ટ્રોના વિદેશમંત્રીઓએ સહી કરી. આ કરારનામાના પરિણામે માત્ર ઇન્ડો-ચાઇનામાં જ યુધ્ધવિરામ થયો છે એટલું જ નહિ પણ આખી દુનિયા એક પ્રચંડ યુધ્ધદાવાનળમાં હોમાઇ જતાં ઉગરી ગઇ છે. આ શુભ ઘટનાથી દુનિયા ઉંડી રાહતનોદમ ખેંચે છે. સૌ કોઇના દિલમાં સુખ શાન્તિ અને આબાદીની કોઇ નવી આશા પ્રગટી છે.

અલબત, આ યુધ્ધવિરામના પરિણામે દુનિયા ઉપર ચિરકાલીન શાન્તિ સ્થપાઇ ચૂકી છે એમ માનીને આપણે ન ચાલીએ. કારણ કે આજે યુધ્ધવિરામ હોવા છતાં પરિસ્થિતિના પ્રસ્ફોટક તત્વો હજુ એનાં એ જ વિદ્યમાન છે. હાઇડ્રોજન બોંબથી મદાંધ બનેલું અમેરિકા હજુ એની એ જ 'નેટો' અને 'સેટો'ની વાતો કર્યા કરે છે અને દુનિયાના રાષ્ટ્રોને પોતના પક્ષે યુધ્ધસજ્જ કરવાની એની એ જ પ્રવૃત્તિ ચલાવી રહેલ છે. બે સત્તાજુથો વચ્ચે અવિશ્વાસ અને લડાયક વળણ પણ એટલી જ ઉગ્રતા ધારણ કરી રહેલ છે. આમ છતાં પણ ઇન્ડો-ચાઇનાના યુધ્ધવિરામની જીનીવામાં ચાલેલી વાટાઘાટોના પરિણામે એક બાજુ ફ્રાન્સ અને ઇંગ્લાંડ અને બીજી બાજુ ચીન અને રશીઆ એકમેકની વધારે નજીક આવ્યા છે શાન્તિ અને સમાધાનીથી બન્ને એકમેક સાથે વાતો કરી શકે અને ગમે તેવા જટિલ કોયડાનું નિરાકરણ કરી શકે એવું માનસિક વળણ અને સુભગ વાતાવરણ તે બે વચ્ચે પેદા થયેલ છે. આ પેદા કરવામાં હિંદના પ્રતિનિધિ શ્રી કૃષ્ણમેનનને બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે, જે જાણીને આપણું દિલ આનંદ અને ગૌરવ અનુભવે છે. યુધ્ધવિરામના કોલકરારનું યથાર્થ અનુપાલન કરવા માટે ત્રણ રાષ્ટ્રોનું કમીશન નીમવામાં આવ્યું છે-હિંદ, પોલાંડ અને કેનેડા. અને આ કમીશનનું પ્રમુખપદ હિંદે ધારણ કરવાનું છે. આ હકીકત હિંદની શાન્તિનિષ્ટાની સાચી કદર સૂચવે છે. હિંદે કોરીઆમાં આવી જ જવાબદારી ઉપાડી હતી, પણ તે જવાબદારીનો પ્રદેશ પ્રમાણમાં બહુ નાનો અને થોડા સમયનો હતો જ્યારે આ જવાબદારી વધારે ગંભીર, વધારે વ્યાપક પ્રદેશને સ્પર્શતી અને ત્રણેક વર્ષ સુધી ચાલે તેવી છે. શાન્તિના પરમ ચાહક મહાત્મા ગાંધીના આપણે વારસો છીએ; ગાંધીજીનો શાન્તિ-સંદેશ જગત્ સમક્ષ રજુ કરનાર આપણા સર્વના અત્યન્ત આદરપાત્ર પંડિત જવારલાલ નહેરૂ છે. તાજેતરમાં આઝાદ બનેલ દરેક રાષ્ટ્ર તરેહતરેહની મહત્વાકાંક્ષાઓ સેવી રહેલ છે. પછાત ગણાતા વર્ગને ઉપર લાવવા મથે છે; સમાજની નવરચના કરવા માંગે છે; રાષ્ટ્રનું ઉદ્યોગીકરણ ઇચ્છે છે; ધરતીને અઘતન સાધનો વડે વધારેને વધારે દુઝતી કરવા ચાહે છે; પાંચ પાંચ વર્ષનાં નિયોજનો વિચારાય છે; શ્રીમાન અને ગરીબ, જમીનદાર અને ખેડુત, ઉદ્યોગપતિ અને મજુર-આ વર્ગો વચ્ચેની અસમાનતા બને તેટલી ઘટાડવા કાયદા કાનુન ઘડાય છે. આ સર્વની અન્ય રાષ્ટ્રોને અપેક્ષા છે. તેટલી જ હિંદને અપેક્ષા છે. પણ સાથે સાથે હિંદનો મનોરથ વિશ્વમાં સ્થાયી પાયા ઉપર શાન્તિની સ્થાપના કરવાનો છે. એ મનોરથની સિધ્ધિ પાછળ હિંદ ગમે તેટલાં જોખમ ખેડવા અને અનાયાસે આવી મળતા લાભો જતા કરવા તૈયાર છે. આ મનોરથ હિંદ સિધ્ધ કરી શકશે તો હિંદ પોતાને કૃતાર્થ માનશે, ગાંધીજીના વારસાને આપણે કાંઇક ચરિતાર્થ કર્યો એવો આપણે સંતોષ અનુભવીશું. અને આજની વાસ્તવિકતા પણ એમ જ કહે છે કે શાન્તિના સ્થિર પાયા વિનાની કોઇ પણ-આબાદી ગંજીપાના બંગલા જેવી છે, રેતી ઉપર ચણેલા મહેલ સમાન છે. એ શાન્તિના ચણતરમાં આપણું-હિંદનું-સદા અગ્રસ્થાન હો! આ જ આપણી કામના હો! આ જ આપણી પ્રાર્થના હો!

## આચાર્યશ્રી તુલસી અને જૈન સમાજની એકતા.

મુંબઇ સમાચારના ખબરપત્રીને થોડા દિવસ પહેલાં મુલાકાત આપતાં તેની સાથે આચાર્યશ્રી તુલસીને થયેલી પ્રશ્નોત્તરી ખાસ ધ્યાન ખેંચે તેવી છે. જૈનોની એકતા સંબંધે પ્રશ્ન પૂછાતાં આચાર્યશ્રીએ જવાબ આપેલો કે :—

'એકતા એટલે કે સંપ્રદાયો અને ફિરકાઓ એક થઇ જાય એ મને સરળ લાગતું નથી. બધા પ્રકારના વિચારભેદ દૂર થાય એ ભારે કઠિન કાર્ય છે. પરંતુ અવિરોધાત્મક એકતા-પારસ્પરિક મૈત્રીને માટે મારી પાંચ સૂત્રની યોજના છે. એ યોજના એ છે કે :—

(૧) ખંડનાત્મક નીતિથી વર્તન ન થાય, પોતપોતાની માન્યતાનું પ્રતિપાદન કરવામાં આવે. બીજાઓ પ્રત્યે મૌખિક કે લેખિત આક્ષેપ કરવામાં ન આવે.

(૨) બીજાના વિચારો પ્રત્યે સહિષ્ણુતા રાખવામાં આવે

(૩) બીજા સંપ્રદાયના સાધુઓ પ્રત્યે ઘૃણા કે તિરસ્કારની ભાવનાનો પ્રચાર કરવામાં ન આવે.

(૪) સંપ્રદાયપરિવર્તન માટે દબાણ કરવામાં ન આવે. સ્વેચ્છાપૂર્વક કોઇ વ્યક્તિ સંપ્રદાય પરિવર્તન કરે તો તેની સાથે સામાજિક બહિષ્કાર ઇત્યાદિ રૂપમાં અવાંચ્છનીય વ્યવહાર કરવામાં ન આવે.

(૫) જૈન ધર્મના સર્વ ફિરકાઓને માન્ય એવા સિધ્ધાન્તોનો સંગઠિત પ્રચાર કરવામાં આવે.

જે કોઇ વ્યકિત જૈનોની એકતા ઇચ્છતી હોય તેના માટે આ પાંચ સૂત્રો જરૂર આદર કરવા યોગ્ય-અમલમાં મૂકવા યોગ્ય છે અને તેથી એકતાના આખા પ્રશ્નને સૂત્રાત્મક રીતે રજુ કરવા માટે આચાર્યશ્રી તુલસીને ધન્યવાદ ઘટે છે, પણ આ એકતાના વિચારને ખરા અર્થ અને ભાવમાં વિકસાવવો અને ફેલાવવો હોય અને આજની પરિસ્થિતિમાં એકતાને બાધક કલેશનાં કારણોને ખરેખર નાબુદ કરવા હોય તો આચાર્યશ્રી તુલસીગણીએ સંપ્રદાયપરિવર્તનને લગતા ચોથા મુદ્દામાં આ રીતે ઉમેરો કરવાની ખાસ જરૂર છે:-

"અને સાથે સાથે એ પણ એટલું જ જરૂરી છે કે કોઇ પણ સંપ્રદાયના આચાર્ય કે સાધુ સંપ્રદાયપરિવર્તનને ઉત્તેજે એવી સીધી કે આડકતરી કોઇ પણ પ્રવૃત્તિ ન કરે."

આ ઉમેરો એટલા માટે અપેક્ષિત છે કે આજ સુધીનો ઇતિહાસ જોતાં માલુમ પડશે કે સંપ્રદાયકલેશોમાંના ઘણા ખરા કલેશો આચાર્યોની સંપ્રદાયપરિવર્તન કરાવીને પોતાનું અનુયાયી દલ વધારવાની ઘેલછામાંથી જ ઉભા થયા છે. વિશાળ ક્ષેત્રે હિંદુ-મુસલમાનનો કે નાના ક્ષેત્રે સ્થાનકવાસી-તેરાપંથીનો પ્રશ્ન વિચારો-આ બધાની પાછળ પોતાના સંપ્રદાયનો ફેલાવો કરવાની વૃત્તિમાંથી જ અનેક ઝગડાઓ પેદા થયા છે. સામાન્યતઃ કોઇ પણ વ્યકિતને પોતાનો સંપ્રદાય છોડવાની કે અન્ય સંપ્રદાય અંગીકાર કરવાની છૂટ હોવી જોઇએ. તેવી જ રીતે દરેક આચાર્યને પોતાના સંપ્રદાયના મન્તવ્યોનો પ્રચાર કરવાની પણ એટલી જ છૂટ હોવી જોઇએ. પણ આજની કક્ષાએ સંપ્રદાયના આચાર્યો પોતાના સંપ્રદાયિક મન્તવ્યોનો ફેલાવો કરવાની બાબતને ગૌણ બનાવીને તેના સ્થાને પાંચમાં મુદ્દામાં જણાવ્યું છે તેમ જૈન ધર્મના સર્વ ફિરકાઓને માન્ય એવા સિધ્ધાન્તોનો સંગઠિત પ્રચાર કરવામાં પોતાની સર્વ શકિતઓને કેન્દ્રિત કરવાની અને સંપ્રદાયપરિવર્તનની કોઇ પણ પ્રવૃત્તિથી અત્યન્ત દૂર રહેવાની જરૂર છે. આમ કરવામાં આવશે તો જૈનોની એકતા વધારે સારી રીતે સિધ્ધ થઇ શકશે અને તે આચાર્યોનું અસ્તિત્વ સમાજ માટે વધારે કલ્યાણકારી નીવડશે.

## ઘાણીનો ઉદ્યોગ અને શહેરોની જરૂરિયાત

ઘાણાના તેલના ઉદ્યોગને ગ્રામોદ્યોગમાં અગ્રસ્થાન આપવામાં આવે છે. ગામડાની અર્થરચના સાથે આ તદ્દન બંધબેસતી વાત છે. પોતાની પાયાની જરૂરિયાતોમાં ગામડું સ્વાવલંબી બને એ હેતુ સાથે જ ઘાણીના તેલનો ગામડાઓમાં વ્યાપક ઉપયોગ થાય એ બધી રીતે સુસંગત છે: પણ મોટી વસ્તીવાળાં શહેરોની તેલને લગતી જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રશ્ન માત્ર ઘાણીના તેલથી ઉકેલી શકાય એ સંભવિત નથી. આજે તો શહેરના લોકો મોટા પાયા ઉપર તેલ પેદા કરતી ઓઇલ મીલના તેલ અને વેજીટેબલ ઘી વડે જ પોતાનો નિર્વાહ કરે છે. આ તેલના સ્થાને તાજું પીસેલું તેલ શહેરના લોકો વાપરતા થાય એ ઇચ્છવા યોગ્ય હોય તો તે માટે ફેકટરીના તેલ કરતાં અને ઘાણીના તેલના સ્થાને જુદી વ્યવસ્થા વિચારવી ઘટે છે. આ માટે શહેરની શેરીએના નાકે નાકે 'બેબી એકસપેલર' એટલે કે વીજળીથી ચાલતી નાના પાયા ઉપરની યાંત્રિક ઘાણી જો ગોઠવવામાં આવે તો લોકો આજે જેમ પોતાના ઘઉં કે બાજરી નજીકની ચકકીએ લઇ જાય છે અને આટો પીસાવીને લઈ આવે છે તેમ પોતાના તલ કે શીંગ લઇ જાય અને પીસાવીને પોતાને જોઇતું તેલ મેળવી લે. આમ કરવાથી મોટા પયા ઉપરની ઓઇલ–મીલોની જરૂરિયાત ન રહે, એક કેન્દ્રસ્થ ઉદ્યોગને વિકેન્દ્રિત રૂપ આપી શકાય, અને ચોખ્ખું કે ભેળવાળું તેલ એવો કોઇ પ્રશ્ન ન રહે. આવી ગોઠવણપૂર્વક ઓઇલ મીલમાં પીસાતા તેલ ઉપરથી તાજા તેલ ઉપર લોકોને વાળવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેમાં જરૂર કાર્યકરોને સફળતા મળે. આજે તયાર આટો મળે છે, એમ છતાં પણ સમજણ ધરાવતા લોકો એવા આટાનો ઉપયોગ ન કરતાં પોતાના સાફ કરેલા સારા અનાજને પીસાવીને આટો મેળવવાનો આગ્રહ રાખે છે. તેવી રીતે તેલ પુરૂં પાડવાની નહિ પણ તેલ બનાવી આપવાની આવી વ્યવસ્થા લોકોને માટે જરૂર આકર્ષક બને. ગ્રામોદ્યોગની દૃષ્ટિએ આ બરોબર છે કે કેમ એ પ્રશ્ન વિચારવાનો રહે છે કોઇ વીજળીના ઉપયોગ સામે સિધ્ધાન્તિક વાંધો કાઢે, પણ ચોકકસ સંયોગોમાં હવે વીજળીનો ઉપયોગ ગ્રામોદ્યોગવાળાઓએ અનુમત કર્યો છે. જેવી રીતે ગામડાંની જરુરિયાતો ધ્યાનમાં રાખીને ગ્રામોદ્યોગનો વિચાર કરવામાં આવે છે તેવી રીતે શહેરની જરુરિયાતોનો વિચાર શહેરની દૃષ્ટિએ કરવો ઘટે છે. કોઈ એમ પણ કહે કે શહેરમાં બળદની જ ઘાણીનો તેલનો વ્યાપક પ્રચાર કેમ ન કરવો? એક તો પાંચ સાત લાખ કે તેથી વધારે વસ્તી ધરાવતા શહેરોને કોઇ પણ સંયોગમાં બળદની ઘાણીનું તેલ પુરૂં પાડવુ શકય નથી. બીજું ગામડામાં જ્યાં તેલ પીસાતું હોય ત્યાં જ બાજુએ તેલ વેચવાની દુકાન હોય એટલે ઘાણીના તેલમાં યાંત્રિક તેલની મેળવણીનો કોઇ ખાસ સંભવ ન રહે. પણ શહેરમાં ઘાણીઓ એક ઠેકાણે હોય, તેલનો જથ્થો બીજે ઠેકાણે ભેગો થાય અને તેનું છૂટક વેચાણ કરતી દુકાનો ચોતરફ હોય. આમાં ભેળસેળ થવાની ખૂબ સંભાવના રહે છે. એક જાણીતો કાર્યકર જે આજે જીવિત નથી તેણે ગ્રામોદ્યોગ દ્વારા પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ મેળવીને ઘાણીના તેલના નામે ઓઇલ મીલના સંખ્યાબંધ ડબાઓ ઘરાકોને પધરાવ્યા હતા એ મારી જાતમાહીતીનો વિષય છે. ઉપર જણાવેલ વ્યવસ્થામાં સેળભેળનો સંભવ જ રહેતો નથી. વાપરનારને તાજામાં તાજું તેલ મળે છે, આખો ઉદ્યોગ એક ઠેકાણે કેન્દ્રિત થવાને બદલે અનેક વ્યકિતઓમાં વહેંચાઇ જાય છે. કોરા ગ્રામોદ્યોગ સંઘ, કોટેજ ઇન્ડસ્ટ્રીઝ અને એવી અન્ય સંસ્થાઓના સંચાલકોને આ બાબત આ રીતે વિચારવા અને જો ગ્રાહ્ય લાગે તો તેને અમલી બનાવવા વિનંતિ છે.

## સૌરાષ્ટ્રનો સિંહ આજે ભૂમિશાયી બન્યો!

આ પત્ર છપાઇ રહ્યું છે એ દરમિયાન તા૦ ૩૦–૭–૫૪ શનિવાર સવારના ૮॥ વાગ્યે સૌરાષ્ટ્રના આધુનિક ઇતિહાસના એક પ્રમુખ ઘડવૈયા શ્રી: અમૃતલાલ દલપતભાઇ શેઠનું અવસાન થયું છે. તા૦ ૨૩–૭–૫૪ ના રોજ સાંજના તેમના ઉપર એકાએક હૃદયરોગનો હુમલો આવ્યો અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતું એક અઠવાડિયું તેમણે પસાર કર્યું. ગઇ કાલ સુધી આ કટોકટીને અમૃતલાલ ભાઇ તરી જશે એવી કાંઇક આશા બંધાયલી પણ આખરે એ આશા છેતરનારી નીવડી અને ૬૪ વર્ષની ઉમ્મરે તેમણે આપણી વચ્ચેથી સદાની વિદાય લીધી. તેમના વિષે સવિસ્તર લખવાની ઇચ્છા હોવા છતાં ચિત્ત બનેલ ઘટનાના સંક્ષોભથી મુકત થઇ શકતું નથી અને તેમની સાથે જોડાયલાં અનેક સ્મરણોને સંકલિત કરી શકાય એવી એકાગ્રતા પ્રાપ્ત કરી શકતું નથી. અમૃતલાલભાઇના પ્રભાવશાળી વ્યકિતત્વને અનેક પાસા હતા. તેમનું જીવન અનેક આછા ઘેરા રંગોથી અને ચડતી પડતીના આરોહ અવરોહથી ભરેલું હતું. તે બધામાંથી ભાવી પેઢીને પ્રેરણા લેવા લાયક મુખ્ય ત્રણ બાબતે. હતી. અસાધારણ શકિત મત્તા, અપૂર્વ નિડરતા, અને કુશળ પત્રકારિતા અને એ બધાંની પાછળ અત્યંત ઉંડી દેશદાઝ હતી. અનેક શૌર્ય ગાથાઓથી ભરેલું તેમનું જીવન હતું. તેમનો આત્મા કાવ્યમય હતો તેમનામાં ન કલ્પી શકાય એવી ઉદારતા હતી. રેતીમાં વહાણ ચલાવે એવી સાહસિકતા અને પુરૂષાર્થ હતો. એ મરદ હતો, અનેક મરદમાં પણ એ સિંહ હતો. ગ તેવી આફતમાં પણ એના મોઢા ઉંપરની સ્મિતરેખા કદિ કરમાણી ન હોતી, એમના વાત્સલ્યમાં કદિ ઉણપ આવી નહોતી. આવી તેજ છાયાથી ચમકતું અનેકમાં મરદાનગી પ્રગટાવતું, નિડરતા અને બલિદાનના પાઠો શિખવતું જીવન ભાવી પેઢીને કંઇ કાળ સુધી પ્રેરણાદાયી બનશે. તેમનું નામ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં સદાને માટે અમર રહેશે.

પરમાનંદ.

## કકકો

અભ્યાસ કકકા સમ જીંદગીનો
આરંભ કીધો 'અ' થકી અહો મેં,
અન્તે પહોંચી 'જ્ઞ' સુધી છતાંયે
રહી ખરા જીવનથી જ 'અજ્ઞ'!

ગીતા પરીખ

## પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને

આપના ચાલુ સહકાર ઉપરજ પ્રબુધ્ધ જીવન નિર્ભર છે. તેથી આપનું લવાજમ પૂરૂં થયાના ખબર મળ્યે મનીઓર્ડરથી વિના વિલંબે મોકલી આપવા વિનંતિ છે. આમ છતાં પણ ગ્રાહક તરીકે આપ ચાલુ રહેવા ઇચ્છતા ન હો તો તે મુજબ લખી જણાવવામાં કૃપા કરીને આળસ ન કરશો. આપ ચાલુ રહેવા ઇચ્છો છો એ આશાએ કાર્યાલય તરફથી વી. પી કરવામાં આવે છે અને કોઇ કોઇ ગ્રાહક તરફથી વી. પી. પાછું આવે છે. આ કારણ વિનાના ખર્ચથી અમને બચાવશો તો અમારી ઉપર કૃપા કરી એમ અમે લેખીશું.

વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન

### વિષયસૂચી


| વિષયસૂચી | | પૃષ્ઠ |
| --- | --- | --- |
| મારી આશા | વીઠ્ઠલદાસ જેરાજાણી | ૫૫ |
| ગત અને શેતાન | સ્વામી આનંદ | ૫૬ |
| સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ | | ૫૭ |
| નવા મકાનનો ઉદ્દઘાટન સમારંભ | | |
| પ્રકીર્ણ નોંધ: શ્રી નવલ | પરમાનંદ | ૬૦ |
| જેરાજાણીનું અકાળ અવસાન, | | |
| જુલાઇની યાદગાર ૨૦ મી તારીખ | | |
| આચાર્ય શ્રી તુલસી અને જૈનોની એકતા, | | |
| ઘાણીનો ઉદ્યોગ અને શહેરોની જરૂરીયાત, | | |
| સૌરાષ્ટ્રને સિંહ આજે ભૂમિશાયી બન્યો! | | |
| કક્કો | ગીતા પરીખ | ૬૨ |
| નીચલા ઘરતી સેવા: કપરા અનુભવો અને સફળતા | | ૬૩ |

# નીચલા થરની સેવા: કપરા અનુભવો અને સફળતા

[ થોડા સમય પહેલાં જ પ્રબુદ્ધજીવનના તા. ૧૫-૫-૫૪ ના અંકમાં 'ચંદનવાડી કલ્યાણ કેન્દ્ર' ના શિર્ષક નીચે ચંદનવાડી બી. આઇ. ટી. ચાલમાં કામ કરતી એક સંસ્થા વિષે કેટલીક માહિતી પ્રગટ થઈ હતી. એનાજ અનુસંધાનમાં તે કલ્યાણકેન્દ્રના એક કાર્યકર તરફથી થોડુંક વધુ આ લેખમાં આપવામાં આવ્યું છે. આવી સંસ્થામાં ચાલતું કાર્ય લગભગ દરેક ઠેકાણે સરખું જ હોય છે. એટલે અહિં કાર્યની વિભાગવાર સ્પષ્ટતા ન કરતાં આ કાર્યની શરુઆત કેવા સંજોગોમાં થઈ અને એનાં મૂળ ક્યાં હતાં તે વિષે કેટલીક વિગતો તેમજ કાર્ય કરતાં કરતાં જે જે અનુભવો થયા એમાંના થોડાક અહિં રજુ કરવામાં આવે છે. તંત્રી ]

ક્રાંતિનો સમય એ દરેક દેશના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલો હોય છે. બલિદાન અને ત્યાગની અનેક અગ્નિશિખાઓ દેશ અને સમાજને ગુંગળાવતી અનેક સમસ્યાઓને બાળી શુદ્ધ વાતાવરણ સરજી દેશને અને સમાજને જાગૃત કરે છે. પરિણામે એક એવું અજબ વાતાવરણ સર્જાય છે કે જેમાંથી બાળકથી માંડીને વૃદ્ધ સુધી કોઇ પણ અલિપ્ત રહી શકતું નથી.

એવો જ ક્રાંતિનો સમય આપણા દેશના ઇતિહાસમાં ૧૯૪૨નો હતો. એ સમયની જાગૃતિ પણ અજોડ હતી હવામાં રહેલો હરેક પરમાણુ ચિનગારીનું કામ કરી રહ્યો હતો. અસંખ્ય જુવાનો એ વખતે અનેક ક્ષેત્રોની અંદર કાંઇક ને કાંઇક કરવા માટે પ્રેરાયા હતા. ભાંગફોડથી માંડી રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ એમનાં અનેક નાનાં નાનાં મંડળો કામ કરી રહ્યાં હતાં અનેક તાલીમ કેન્દ્રો પણ ખૂલ્યાં હતાં.

આજ અરસામાં મુંબઇ ખાતે કેટલાક જુવાનોનું એક નાનું સરખું 'અમે બધાં' એ નામનું મંડળ શરૂ થયું. સાત વર્ષના બાળકો અને બાલિકાઓથી માંડી અઢાર વર્ષના તરુણ છોકરાઓ અને છોકરીઓનું એ જુથ હતુ. કશુંક કરવું એ નિર્ણયે સૌ ભેગાં મળેલાં. 'માગો અને તમને મળશે'–Ask and you shall get it–એ બાઇબલનું એક સુન્દર વાકય છે. અમારે માટે તો એ સત્ય જ નિવડયું. અમને અનુકુળ એવું કશુંક મળી પણ ગયું. તે જ સમય દરમિયાન 'રાષ્ટ્ર સેવા દળ' નામની એક વ્યાયામની તાલીમ આપતી સંસ્થા ચાલતી હતી. અમે તેમાં જોડાયા અને એક નાનો એવો અખાડો શરૂ કર્યો. જોતજોતામાં અમે ૧૫માંથી ૨૫ અને ૨૫થી ૧૦૦ અને ૧૫૦ સુધીની સંખ્યા પર પહોંચ્યાં. ધીમે ધીમે આ સંસ્થા આગળ વધવા લાગી.

અહિં કડક શિસ્ત અને સંયમના પહેલા પાઠો શિખ્યા. હુકુમ આપતાં અને હુકમનું પાલન કરતાં. દરેક બાળકને નાયકની તાલીમ અપાતી. તે વખતે તે એનું મહત્વ સંપૂર્ણ નહોતા જાણતા, પણ જયારે આજે દસ વર્ષ પછી એના પર દ્દિષ્ટપાત કરીએ છીએ ત્યારે એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે આ વસ્તુએ સૌમાં એક એવી નૈતિક હિંમત પેદા કરી કે જેને લીધે ગમે તે ક્ષેત્રમાં પણ આમાંની કોઇ વ્યક્તિ ઉભી રહે તો વિના સંકોચે પોતાનું કામ શરુ કરી શકે છે અને સંજોગોને પહોંચી વળી શકે છે. શારીરિક દૃષ્ટિએ જોતાં સફળતા ઓછી હતી, કોઇ કાંઇ પહેલવાન બન્યું નહોતું, છતાં નૈતિક દૃષ્ટિએ કેટલીક અમૂલ્ય વસ્તુઓ સૌએ મેળવી હતી

થોડા સમય બાદ એક રાત્રીશાળા શરુ કરવાનો વિચાર કર્યો. રાત્રે કામ પછી ભટકતા રસોઇઆઓ અને ઘાટીઓને જેમ તેમ ભેગા કરી એક નિશાળ શરુ કરી. આ નિશાળ શરુ કરતાં અનેક અગવડો તેમજ મુશ્કેલીઓનો અનુભવ અમને મળ્યો. મફત જગા, મફત શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભેગા કરવાનું કામ– ત્રણેય કામ જેટલાં સહેલાં ભાસે છે તેટલાં જ અટપટાં છે. પણ સદ્દભાગ્યે અમારી સંસ્થામાં કેટલીક ખૂબ મહેનતુ વ્યક્તિઓ હતી અને આજે પણ છે, જેને લીધે કામ આગળને આગળ વધ્યે જ રહ્યું છે.

આ વર્ગ શરુ કર્યા બાદ થોડાજ સમયમાં આશરે બે એક વર્ષ પછી ચંદનવાડીમાં ચાલતા વર્ગો જે મુંબઇ વિદ્યાર્થી મંડળના આશરા હેઠળ ચાલતા હતા તે સંજોગોવશાત્ હસ્તક લેવાનો નિર્ણય કર્યો, 'અમે બધા' ના આશ્રય હેઠળ એ વધુ વેગીલા બન્યા. અનેક નવા વર્ગો પણ ખૂલ્યા અને છએક મહિના બાદ ત્યાંના જ ભાડુતોનો સંપર્ક સધી એમનું એક એસોસીએશન ઉભું કરવાનો નિર્ણય કર્યો. ત્યારબાદનું સર્વ કાર્ય અમે 'ચંદનવાડી એસોસીએશન' નાં નામ નીચે કર્યું છે.

ચંદનવાડીમાં રહેતી ચારેય કોમ–ખારવા, મહાર, મહારાષ્ટ્રિયન ક્રીશ્ચિયન–ને ભેગી કરવી એ અશક્ય નહિ તો પણ પુષ્કળ જ કપરું કામ હતું. કંઇ કાળથી ઘર કરી રહેલી એમની એક બીજા પ્રત્યેની દ્વેષની ભાવનાને છોડાવી એ બધાંને એકજ ઠેકાણે ભેગા કરવાં એ કામ સહેલું નહોતું. દરેકને વ્યક્તિગત રીતે મળવું પડતું, સમજાવવા પડતાં, અને એમ કરતાં અનેક અપશબ્દો સાંભળવા પડતા. પણ ધીમે ધીમે જેમ જેમ લોકોને અમારામાં વિશ્વાસ આવતો ગયો તેમ તેમ અનેક વસ્તુઓ અદ્રશ્ય થતી ગઇ. ત્યાંના ભાડુતોનું મંડળ સ્થપાયું. પણ સભા બોલાવવી હોય ત્યારે ભારે મુશ્કેલી પડતી. ઘેર ઘેર જઇ સભ્યોને બોલાવવા પડતા, કેટલાક આવવાનું કહી આવતા નહિ. આવનારમાંથી કેટલાક તરત ચાલી જતા. પણ વખત એનું કામ કરતો ગયો છે અને એ અનુભવો દહાડે દહાડે ભૂતકાળની બીના બની રહી છે.

બપોરના બહેનોના વર્ગ માટે પણ એટલી જ મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો. શરૂઆતમાં નાની નાની છોકરીઓ આવતી, પછી શરમાતાં શરમાતાં મોટી બહેનોએ આવવું શરૂ કર્યું. પરિણીત સ્ત્રીઓ જો પોતાની ઓરડી પાસે વર્ગ હોય તો ઓરડીની અંદરથી બેસીને ભણતી. આજુબાજુવાળાને ખૂબ કુતુહલ થતું કે વળી બે છોકરાની મા–ભલે તે ઉમ્મરમાં માત્ર વીસ બાવીસ જ વર્ષની હોય–વળી લખતાં વાંચતાં શીખે છે? શું વળી તે મેટ્રીક પાસ થવાની? પણ ધીમે ધીમે સમય જતાં આ કુતુહલવૃત્તિ ઓછી થઇ અને જે લોકો આવું બોલતાં તે સૌ પછી ભણવા આવવા લાગ્યાં. શરમ સંકોચ દૂર થઇ ગયો અને સ્ત્રીઓ વધુ પ્રમાણમાં ભેગી થતી ગઇ. કેટલીક વયોવૃધ્ધ સ્ત્રીઓ હવે અમને મદદ કરવા લાગી. બીજાને સમજાવવામાં અમને સહાયરૂપ બનવા લાગી. પણ એક માળ ઉપર રહેતી બ્હેનો બીજે માળે ન આવતી. એટલે દરેક માળ પર જૂદો જૂદો વર્ગ ચાલુ કરવાની અમને ફરજ પડતી. અંદર અંદરના ઝઘડા તેમજ શરમને લીધે તેઓ પોતનો માળ છોડી નીચે કે ઉપર ન આવતા. આજે આમાં થોડો ફેરફાર થયો છે છતાં હજુય આ સંકોચ સંપૂર્ણપણે દૂર નથી થયો. એમને ભણતરની કીંમત સમજાઇ છે. જે બ્હેનો શીખી ગયાં છે એમની તરસ હવે વધવા લાગી છે. એ બહેનો તો આગળના ભણતરના વર્ગો જ્યાં ખૂલે ત્યાં આવે છે અને વધુ શીખવાની માંગણી કરે છે. વૃદ્ધ બ્હેનો ઘણી વખત પોતે અભણ રહેવા બદલ અફસોસ કરે છે. કેટલીય વાર કહે છે કે "શીખ્યા હતે તો આજે રામાયણ તો વાંચી શકતે, ભગવાનનું નામ તો વાંચી શકતે. છતી આંખે અમે તો આંધળા જ રહ્યા. પણ આ જુવાન છોકરીઓને તો ઘરઆંગણે તમે શીખવો છો, તોય કેટલીકને હજુ આવવાનું મન નથી થતું" આવાં આવાં વચનો અને શીખેલી બ્હેનોનો ઉત્સાહ કાર્યકરોને આજસુધી પ્રેરણા પાતો જ રહ્યો છે, અને કામને અજબ એવો વેગ આપતો રહ્યો છે. જેમ જેમ એમનાં સંપર્કમાં અમે આવતાં ગયાં તેમ તેમ એમનાં જીવનની અનેક સમસ્યાઓ ડોકીયું કરતી બહાર

આવવા લાગી. જેમ જેમ એમને પણ કાર્યકરોમાં વિશ્વાસ આવવા લાગ્યો તેમ તેમ તેઓ પોતાના સુખદુઃખની વાતો કરવા લાગી. કાર્યકરો માત્ર બહારની વ્યકિતઓ મટી મિત્રો બનતા ગયા. કેટલીક સાસુઓ એકલી આવી ફરિયાદ કરી જતી તો કેટલીક વહુઓ સાસુના જુલ્મી સામ્રાજ્ય માટે હૈયાવરાળ કાઢી જતી અને રસ્તો પુછતી. વળી કોઇક પોતાના બાળકો માટે ફરિયાદ રજુ કરતી. આમ અનેક જાતની ફરીયાદો ધીમે ધીમે આવવા લાગી. જેમ જેમ નવી નવી બાબતો અમારી સામે ઉપસ્થિત થતી ગઇ તેમ તેમ કાર્યનું ક્ષેત્ર વધતું ગયું. બાળકોના પ્રશ્નો દૂર કરવા એમને માટે શાળા ખોલી, સ્ત્રીઓ માટે શિક્ષણના વર્ગો તો હતા જ, પરંતુ વૃદ્ધ સ્ત્રીઓ જેઓ કશું પણ કરવાને અશકિતમાન હતી તેમના માટે સાંજે રામાયણ અને મહાભારતની કથા વાંચવાની શરૂ કરી, પુરૂષો માટે વાંચનાલય ચાલુ કર્યું, માંદાઓ માટે દવાખાનું શરૂ કર્યું, છોકરાઓ માટે રમત ગમતો શરૂ કરી, રેશનીંગની અગવડો દૂર કરવા સહકારી ધોરણે એક દુકાન કાઢી, અને કરજમાં ડુબેલાઓને રાહત આપવા ક્રેડીટ બેન્ક શરૂ કરી. કરજ તો દૂર કરે પણ બચત પણ કરે એવી તેમના માટે સગવડ કરી આપી. આમ એક પછી એક એમ આબાલવૃધ્ધ સૌને માટે કશુંક ક્ષેત્ર તૈયાર કર્યું.

કાર્ય કાર્યને દાખવે છે, એક વડવાઇમાંથી બીજી ફુટે છે તેમ જેમ જેમ કામ આગળ વધવા માંડયું તેમ તેમ વધુને વધુ સમસ્યાઓ સ્પષ્ટ થવા માંડી અને એ સમસ્યાઓને દૂર કરવા અમે કાર્યક્ષેત્રનો વિસ્તાર વધાર્યો. નાનો વડલો વિશાળ બન્યો અને આજે દસ વર્ષે એ એટલો વિસ્તૃત થયો છે કે ચંદનવાડીનાં સૌ કોઇ એની નીચે નિરાંતે આશ્રય લઇ શકે છે.

આ કાર્ય કરતાં સારા માઠા અનેક અનુભવો મળ્યા છે. કંઇક નાના મોટા મોજાઓએ અમારી નાવને ડોલાવી નાંખી હતી. કામ કરતાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા અને અનેક ગડમથલો પણ ઉભી થઇ હતી. છેવટે એમાંથી પણ રસ્તો નીકળ્યો હતો. રાજકારણના ઉલટાસુલટા વાયરા અને કાર્યકરોની તંગી—એ બે બાબતોએ અમને લાંબા સમય સુધી મુંઝવ્યાં હતાં. પણ અનેક વિચારોને અંતે આટલું તો સ્પષ્ટ સમજાયું છે કે સમાજસેવા અને રાજકારણને છુટા રાખવામાં જ સંસ્થાને ફાયદો છે. સમાજસેવા જેટલી શુદ્ધ તેટલો કાર્યનો વિકાસ વધુ અને આત્માનો આનંદ પણ તેટલો જ.

સમાજસેવક તેના પ્રભાવ નીચે આવતી વ્યકિતને વિચાર કરતો કરે છે, ચાલતો કરે છે. બાળક, જેમ ચાલતાં આવડયા પછી ઇચ્છિત સ્થળે આનંદથી અને હિંમતથી જાય છે તેમ જેનામાં વિચારશકિત પેદા કરવામાં આવી હોય તેવી વ્યકિત પોતાને માટે યોગ્ય કે અયોગ્ય પારખી નિર્ણય લઈ શકે છે. સોક્રેટીસ નામનો ગ્રીક ફીલસુફ કહેતો કે એથેન્સને સંપૂર્ણ ગણરાજ્ય બનાવવું હોય તો દરેક માણસને વિચાર કરતો કરવો જોઇએ. એ આજે પણ એટલું જ સાચું છે. આંગળી પકડી ચાલતું બાળક શરૂઆત માટે ચલાવનારને ઉત્સાહ આપે છે પણ થોડા સમય બાદ તેના મનમાં શંકા પેદા કરે છે કે આમ આંગળી પકડીને ચાલવાને ટેવાયલું બાળક રખેને અપંગતું અપંગ જ ન રહે. એ ટેવ લાંબા સમય માટે ખોટી છે. સમાજ વિચારતો થાય ત્યાં જ સમાજસેવકની ફરજ પૂરી થાય છે. થોડા દિવસો પહેલાં જ શ્રી. કાકાસાહેબને મળવાનો લાભ મળ્યો હતો તે વખતે એમણે એક વાકય ઉચ્ચાર્યું હતું કે ભાષણો આપવાવાળા જૂદા હોય છે અને સમાજસેવા કરવાવાળા જૂદા હોય છે. આ વાકય ખૂબ જ સચોટ હતું. અને આજસુધી જે રીતે અમે અમારા કાર્યને અનેક ટીકાઓ છતાં વળગી રહ્યા તેની યોગ્યતા પૂરવાર કરતું હતું. સેવાને જ્યારે વાચા આવે ત્યારે સમજવું કે એ નિશાની પડતીની છે. સેવા તો મુંગી જ શોભે. ગાજ્યો મેહ વરસે નહિ.

અમારી કેટલીક મુશ્કેલીઓમાં એક મોટી મુશ્કેલી નાણાંની હતી અને છે. છતાં સદ્‌ભાગ્યે મોડાં વ્હેલાં પણ નાણાં ઇશ્વરકૃપાએ મળી રહે છે. અમારા માટે સૌથી આકરી કસોટી તો આ ચારે કોમને સાથે રાખવાને લગતી છે. ચારે કોમની ચિત્ર વિચિત્ર ખાસીયતો છે. એ બધાયને સંભાળતી વખતે અમારી ધીરજ અને શાન્તિની સંપૂર્ણ કસોટી થાય છે. અનેક વખત એવા નાજુક સંજોગો ઉપસ્થિત થાય છે કે જરાક એવી બોલવામાં પણ જો ગફલત થાય તો આખુંય માળખું પત્તાના ઘરની માફક તૂટી પડે. છતાં પણ આવી અનેક મુશ્કેલીઓમાંથી કશું પણ ગુમાવ્યા વગર હજુ સુધી અમે સફળતાપૂર્વક બહાર નીકળ્યા છીએ.

માટી ખુંદાઇને કુંભારના ચાકડા પર ચઢાવવા માટે હવે તૈયાર થઇ ગઇ છે. ચાકડો જેમ જેમ વેગીલો ફરશે તેમ તેમ એના પર સુન્દર આકૃતિઓનું સર્જન થશે. શીખી ગયેલી બ્હેનો આજે બીજાને શીખવે છે. દારુમાં પૈસા ઉડાવતો બાપ આજે બાળક માટે કશુંક બચાવતો થયો છે. ગંદામાં ભટકતાં બાળકો આજે નિશાળમાં જતાં થયા છે. આમ ચાકડા પરની માટી ઘાટીલા ઘડાનું રૂપ ધારણ કરતી જાય છે. થોડા સમય બાદ એ સુન્દર ઘડો બને અને માતૃભૂમિને ઉપયોગી થઇ પડે એવી આશા અંતરમાં રાખીએ તો હવે એ વધુ પડતી નહિ જ ગણાય. નાતજાતના વાડા તોડી એક નવો સમાજ ઘડાય એ સ્વપ્ન માત્ર સ્વપ્ન જ રહેશે એ શંકાથી મન મુકત થતું જાય છે.

## સંઘ સમાચાર

### પર્યુષણ વ્યાખ્યાનમાળા.

તા૦ ૨૫-૮-૫૪ બુધવારથી તા૦ ૨-૯-૫૪ ગુરુવાર સુધી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રબંધ કરાવમાં આવશે. શરૂઆતના સાત દિવસની સભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં અને છેવટના બે દિવસની સભાઓ રોકસી થીએટરમાં ભરવામાં આવશે.

### રજત મહોત્સવ કાર્યક્રમ.

સંઘના રજત મહોત્સવ અંગે તા૦ ૯-૧૦-૫૪ શનિવારથી તા૦ ૧૨-૧૦-૫૪ મંગળવાર સુધીના દિવસો દરમ્યાન હાલ તુરત નીચે મુજબ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે.

તા૦ ૯-૧૦-૫૪ શનિવાર સાંજ : રામ-શબરીનો નાટયપ્રયોગ
તા૦ ૧૦-૧૦-૫૪ „ સવાર : રજત મહોત્સવ સંમેલન
„ „ બપોર : સમૂહ ભોજન
„ „ સાંજ : મનોરંજન કાર્યક્રમ
તા૦ ૧૨-૧૦-૫૪ મંગળવાર રાત્રીં : નૌકાવિહાર
સ્થળ સમય હવે પછી નિર્ણીત થશે.

**સત્યં શિવં સુન્દરમ્**
(શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલો લેખસંગ્રહ)
પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.
કાકાસાહેબ કાલેલકર તથા પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે.
**પ્રગટ થઇ ચૂકયો છે.**
કીંમત : રૂ. ૩ પોસ્ટેજ ૦ા=,
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા
પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત: રૂ. ૨. પોસ્ટેજ ૦ા=
પ્રાપ્તિસ્થાન :
(૧) મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
(૨) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તા, અમદાવાદ, ૧.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૮

મુંબઈ, ૧૫ ઑગસ્ટ ૧૯૫૪, રવિવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## નિષ્પક્ષ લોકશાહી?

આજકાલ નિષ્પક્ષ લોકશાહીના વિચારને શ્રી. વિનોબાજી ઠીક ઠીક આગળ કરી રહ્યા છે. સંતબાલજી પણ વિશ્વવાત્સલ્યમાં આ બાબતની શકયતા અને ઇષ્ટતાનું અવારનવાર સમર્થન કરતા જોવામાં આવે છે. તા. ૧–૭–૫૪ નાં વિશ્વવાત્સલ્યનાં અંકનો અગ્રલેખ પણ આ જ વિષયને અનુલક્ષીને લખાયેલો છે. તો આવી નિષ્પક્ષ લોકશાહી શકય છે કે કેમ તેનો આપણે પણ વિચાર કરીએ.

આજે આપણા દેશમાં લોકશાહીની પ્રતિષ્ઠા થઇ છે અને રાજ્યનો વહીવટ લોકશાસનના ધોરણ ઉપર રચાયો છે. આ ઘટના ભારતના ઇતિહાસમાં સૌથી પ્રથમવારની છે. આજથી બે હજાર વર્ષ પહેલાં મગધ અને આસપાસના પ્રદેશોમાં ગણરાજ્યોની વ્યવસ્થા પ્રજાસત્તાક રાજ્યના ધોરણે નિર્માણ કરવામાં આવી હતી એમ ઇતિહાસકારો કહે છે, પણ તેના સ્વરૂપમાં અને આજે જેને આપણે લોકશાહીના નામે ઓળખીએ છીએ તેના સ્વરૂપમાં મહત્ત્વનો તફાવત છે. વળી એ વખતનું પ્રજાસત્તાક તંત્ર પ્રમાણમાં બહુ મર્યાદિત પ્રદેશને સ્પર્શેલું હતું જ્યારે આજનું તંત્ર અખિલ હિંદને એક છેડેથી બીજા છેડા સુધી સ્પર્શે છે.

આપણને આઝાદી મળી તે પહેલાં બે પ્રકારની રાજ્યવ્યવસ્થાનો આપણને પરિચય હતો. એક તો રાજાશાહી અને બીજી બ્રીટીશશાહી. બ્રીટીશશાહી તંત્રમાં સમયાન્તરે લોકશાસનનાં કેટલાંક તત્વો દાખલ કરવામાં આવ્યાં હતાં; પણ સત્તાનાં મૂળ સૂત્રો તો અંગ્રેજોના જ હાથમાં રહ્યાં હતાં. ૧૯૪૭ના ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે હિંદ ખાતે બ્રીટીશ અમલનો અંત આવ્યો અને સાચા અર્થમાં રાજકીય સ્વરાજ્ય સ્થપાયું અને રાજ્યતંત્રની નવરચના પ્રચલિત લોકશાહીના ધોરણે કરવામાં આવી. આ લોકશાહીના પાયામાં નીચેની ત્રણ બાબતો અનિવાર્યપણે રહેલી છે.

(૧) ભિન્ન ભિન્ન વિચારસરણી અને વલણ ધરાવતા સ્વતંત્ર રાજકારણી પક્ષોનું અસ્તિત્વ.

(૨) અમુક મુદતનાં ગાળે પ્રાદેશિક તેમજ મધ્યસ્થ ધારાસભાના સભ્યોની પ્રજાદ્વારા દેશવ્યાપી ચૂંટણી.

(૩) બહુમતી ધરાવતા રાજકીય પક્ષને રાજ્ય વહીવટની સોંપણી.

લોકશાહી એટલે લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓનું રાજ્ય એટલું જ નહિ, પણ જે પક્ષના સૌથી વધારે પ્રતિનિધિઓ ચૂંટાયા હોય તે પક્ષનું રાજ્ય. આ ચૂંટણી સાધારણ રીતે પાંચ વર્ષના ગાળે ગોઠવાય છે અને તેનું જે પરિણામ આવે તે લોકોના બહુમતના વલણને પ્રતિબિંબિત કરતું હોય છે. જેમ જેમ લોકોના વલણમાં ફેરફાર થાય છે તેમ તેમ લોકપ્રતિનિધિઓ તેમજ રાજસત્તા ઉપર આવતો રાજકારણી પક્ષ–ઉભય સ્વાભાવિક રીતે બદલાતા રહે છે. આપણે જેને લોકશાહીના નામથી ઓળખીએ છીએ તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આવું છે. આજે જે રાષ્ટ્રો લોકશાહીતંત્ર ધરાવતા ગણાય છે તે રાષ્ટ્રોના તંત્રની વિગતોમાં ગમે તેટલી ભિન્નતા હોય, પણ તેના પાયામાં ઉપર જણાવી તે બાબતો મુખ્યપણે હોવાની જ. આથી અન્યથા એવું તંત્ર રશીયાનું છે કે જ્યાં એક પક્ષનું જ અસ્તિત્વ છે અને જ્યાં તે પક્ષનું પ્રધાનમંડળ અને તેમાં પણ તેનો પ્રમુખ અત્યન્ત વિપુલ સત્તા ધરાવે છે. ચીનમાં દેખાવના અમુક પક્ષો અસ્તિત્વ ધરાવે છે, પણ રાજ્યરચના એવી ઉભી કરવામાં આવી છે કે સર્વ સત્તા સામ્યવાદી પક્ષના પ્રમુખ આગેવાનોના હાથમાં જ કેન્દ્રિત રહે છે. આ બન્ને રાષ્ટ્રો પણ પોતાના તંત્રને નામ તો લોકશાહીનું આપે છે, પણ ત્યાં ભિન્ન ભિન્ન વિચારસરણિ ધરાવતા સ્વતંત્ર રાજકારણી પક્ષનું કાં તો અસ્તિત્વ નથી, અથવા તો અમુક એક પક્ષ સિવાય બીજા પક્ષોને સત્તા ઉપર આવવાની કોઇ શકયતા હોતી નથી, અને ચૂંટણીમાં ગમે તે પક્ષને મત આપવાનું પ્રજાજનોને સ્વાતંત્ર્ય હોતું નથી તેથી તે તે તંત્રોને લોકશાહી કહી શકાય જ નહિ.

આ લોકશાહી એટલે કેવળ અમૃત નથી અથવા તો જેમાં કશો પણ દોષ, ત્રુટિ કે અનર્થ ન સંભવે એવી આદર્શ રાજ્યરચના નથી. આ લોકશાહીની જેમ સારી બાજુ છે તેમજ તેની અનિષ્ટ એવી પણ બાજુ છે જ. લોકશાહીમાં જાણે કે કોઇ અનર્થની શકયતા જ નથી એવો કોઇ સમજદાર આદમી દાવો પણ કરતો નથી. દા. ત. ધારાસભાઓની ચૂંટણી આ ચૂંટણી વખતે રાજ્યસત્તા ઉપર આવવાની સ્પર્ધા કરતા પક્ષો અન્ય પક્ષો સામે અને એક પક્ષના ઉમેદવારો અન્ય પક્ષના ઉમેદવારો સામે જે એક પ્રકારની અવહેલનાનીતિ અખ્ત્યાર કરે છે તે ભારે ધૃણાજનક હોય છે. બધા પક્ષો મોટા ભાગે સત્ય અને સભ્યતાને પક્ષહિત સાધવા આડે ગૌણ બનાવીને ચાલે છે; મતો મેળવવા માટે કોમી અભિનિવેશ, સાંપ્રદાયિક અભિનિવેશ અને તેંહ તરેહના અન્ય અભિનિવેશોને સારી રીતે ઉત્તેજવામાં આવે છે અને તેનો બને તેટલો લાભ ઉઠાવવામાં આવે છે; રાગ અને દ્વેષ અત્યન્ત વિકૃત સ્વરૂપે પ્રગટ થાય છે; કેટલેક ઠેકાણે દ્રવ્યનો પુષ્કળ ઉપયોગ કરીને મતો ખરીદવામાં આવે છે. ઉમેદવાર તરીકે વ્યકિતગત લાયકાતને ગૌણસ્થાન આપવામાં આવે છે. કોની કયાં વધારે લાગવગ છે એ મુજબ ઉમેદવારો ચૂંટવામાં આવે છે. સજ્જન અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ બાજુએ રહી જાય છે અને ગુંડો અને કાળા બજારીઓ, કોમવાદી અને દુરાચારી કદિ કદિ ચૂંટાય છે અને સમાજનો નેતા બની જાય છે. ચૂંટણી બાદ સત્તા ઉપર આવેલ પક્ષ સત્તાનો કદી દુરૂપયોગ કરતો જ નથી એમ પણ હોતું જ નથી. બીજી બાજુએ અન્ય પક્ષો સત્તારૂઢ પક્ષને ઉતારી પાડવામાં–સતત પ્રતિકુળ ટીકા કરવામાંજ–ઇતિકર્તવ્યતા માનતા હોય છે. સમગ્ર રાષ્ટ્રના સામાન્ય હિતાહિતને લક્ષમાં લઇને ભાગ્યે જ કોઇ પ્રશ્ન ઉપર ભિન્ન ભિન્ન પક્ષો સત્તારૂઢ પક્ષને સાથ આપે છે. સત્તારૂઢ પક્ષમાં રહેલા પ્રધાનમંડળની બહારનાં સભ્યોને પક્ષના આદેશ મુજબ હા કે ના કહેવાથી ભાગ્યે જ વિશેષ કાંઇ કરવાપણું હોય છે.

લોકશાહીની આવી અનેક ત્રુટિઓ હોવા છતાં આવી ત્રુટિઓથી મુકત છતાં લોકશાસનયુકત એવી કોઇ રાજ્યરચનાની

રૂપના હજુ સુધી કોઇ રાજ્યકારણનો તત્વવિદ રજૂ કરી શકયો નથી. તેની સામે આજે તો કોઇ અન્ય વિકલ્પ હોય તો સરમુખત્યાર-શાહીનો છે જે આપણને સ્વીકાર્ય નથી. રાજાશાહીનો બીજો વિકલ્પ હતો તે તો હવે સદાને માટે અસ્ત થયો લાગે છે.

લોકશાહીમાં પક્ષોનું અસ્તિત્વ અનિવાર્ય લેખવામાં આવે છે એનો અર્થ એમ તો નથી જ કે રાષ્ટ્રના સર્વ કાર્યો પક્ષભેદ ઉપર જ નિર્ભર છે. દેશમાં રાજકારણી પક્ષો ઉભા થાય છે તેમાં સત્તાસ્પૃહા ઉપરાંત બીજાં બે કારણો નજરે પડે છે. એક તો વિચારસરણિમાં પાયાનો મતભેદ જેમ કે આપણે ત્યાં કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષ છે. બીજું વિચારસરણિમાં પાયાનો ખાસ મતભેદ નહિ પણ ધારી રચના અથવા તો ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરવા માટે કોઇ જરા ધીમે ચાલવા માગતું હોય તો કોઇ વધારે ઝડપથી દોડવા માગતું હોય એવો ગતિભેદ જેવો કે કોંગ્રેસ અને પ્રજાસમાજવાદી પક્ષ વચ્ચે જોવામાં આવે છે. આમ હોવા છતાં પણ રાષ્ટ્રવ્યાપી એવાં કેટલાંક કાર્યો હોય છે જેમાં પક્ષભેદને બાજુએ રાખીને સૌ કોઇ જરૂર પૂરતો સાથ આપી શકે છે. દા. ત. નિરક્ષરતાનિવારણ, અસ્વચ્છતા-નિવારણ, મદ્યનિષેધ, કોમવાદનું ઉન્મૂલન, અસ્પૃશ્યતાનિષેધ. આવી જ રીતે ભૂદાનપ્રવૃત્તિ એવી જ એક પ્રવૃત્તિ છે કે જેમાં કોઇ પણ પક્ષનો સભ્ય સાથ આપી શકે છે. કોંગ્રેસ તથા પ્રજાસમાજવાદી પક્ષ તો આનું સમર્થન કરે જ છે. સામ્યવાદી પક્ષને ભૂદાન પ્રવૃત્તિમાં શ્રદ્ધા જ નથી, એટલે કે જમીનના પ્રશ્નનો આવા શાંત અહિંસક આંદોલનથી નીકાલ આવે એમ તે માનતો જ નથી. એમ છતાં પણ જે કાંઇ થાય છે તે બહુજનસમાજના લાભમાં તો છે જ એ રીતે તે પક્ષ ભૂદાન-આંદોલનનો જાહેર રીતે વિરોધ કરતો નથી. આ રીતે દેશવ્યાપી એવી એક યા અન્ય પ્રવૃત્તિ જરૂર સંભવે છે કે જેના સંચાલનમાં બિનપક્ષભાવે સૌ કોઇ જોડાઇ શકે, પણ આવો સાર્વત્રિક સહકાર એક બાબત છે અને નિષ્પક્ષ લોકશાહી બીજી જ બાબત છે. અલબત્ત ભૂદાન જેવું રાષ્ટ્રવ્યાપી આંદોલન કે જેમાં અનેક પક્ષના માણસો સાથ આપી રહ્યા છે તેનો અવાન્તર એ લાભ જરૂર છે જ કે આવા આંદોલનથી પક્ષ પક્ષ વચ્ચેનું અન્તર ઘટે છે અને પરસ્પરનાં ઝેરવેર અમુક અંશે હળવાં બને છે અને આ પરિણામ જરૂર આવકારદાયક અને લોકશાહીમાં રહેલા અનિષ્ટને નાબૂદ કરવામાં ઉપકારક બને છે.

આવી જ રીતે રાજકીય પક્ષોની દૃષ્ટિએ તટસ્થ છતાં શક્તિ-શાળી પ્રભાવશાળી વ્યક્તિઓ પણ રાષ્ટ્રમાં સંભવે છે અને તેની જરૂર પણ ખૂબ છે. આવી વ્યકિતઓ સત્તારૂઢ રાજકીય પક્ષની ચોકીદાર બની શકે છે; સત્તારૂઢ ન હોય એવા પક્ષો ઉપર પણ તેમનો પ્રભાવ પડતો હોય છે. જેમાં રાજકીય મતભેદને કોઇ સ્થાન નથી એવા રાષ્ટ્રસુધારના કાર્યો આવી વ્યકિતઓ કરતી હોય છે અથવા તો કરી શકે છે. કોઇ એક બાબતને જીવનકાર્ય તરીકે સ્વીકારીને તે બાબતને સિદ્ધ કરવા પાછળ પોતાની બધી શકિતઓને આવી વ્યકિતઓ કેન્દ્રિત કરે છે અને એ બાબતને શકય તેટલી પાર પાડે છે. દા. ત. સ્વ. ઠક્કરબાપા જેમણે પછાત વર્ગોને ઉંચે લાવવામાં જ આખું જીવન ખરચી નાખ્યું, આજે વ્યવહારશુધ્ધિ આચારશુધ્ધિનું કાર્ય લઇ બેઠેલા કેદારનાથજી, આખા રાષ્ટ્રના નૈતિક ઉત્થાન માટે મથતા વિનોબાજી. એવા એક વ્યકિતસમૂહની આપણને ખૂબ જરૂર છે કે જે પક્ષવાદી રાજકારણમાં માથું મારે જ નહિ પણ જ્યાં જ્યાં લોકો ઉપર અન્યાય, જુલ્મ, આપખુદી થતી દેખે ત્યાં ત્યાં પીડિત વ્યકિત યા વર્ગની વહારે જાય, અન્યાયનું નિવારણ કરે, પ્રજાના સુખ ઐશ્વર્યમાં વૃધ્ધિ કરે, વ્યાધિ, આતંક, આફતમાંથી લોકોને બચાવે, દુષ્કાળ કે કુદરતી પ્રકોપ પ્રસંગે પ્રજાજનોને બને તેટલી રાહત પહોંચાડે. આ દિશાએ આજના સાધુઓ ધારે તો ઘણું કામ કરી શકે છે. દા. ત. સન્તબાલજી. રાષ્ટ્રોત્થાનના ભગીરથ કાર્યમાં આવી વ્યકિતઓ ખૂબ ફાળો આપી શકે છે, પણ નિષ્પક્ષ લોકશાહીથી આ કોઇ જુદી જ બાબત છે.

નિષ્પક્ષ લોકશાહીના સમર્થનમાં એક એવી દલીલ કરવામાં આવે છે કે આઝાદી મળવા પહેલાં દેશમાં કોંગ્રેસ જ એક પક્ષ હતો અને તે અહિંસા અને સત્ય ઉપર નિર્ભય રહીને અનેક મત-ભેદો અને પરસ્પરવિરોધી મન્તવ્યો ધરાવતા વર્તુળોને પોતાનામાં સમાવતો, તે સાથે સમન્વય સાધતો, અને દેશના સમગ્ર રાજ-કારણનું એક સૂત્રતાથી સંચાલન કરતો હતો. તે મુજબ જ આઝાદી મળ્યા બાદ કોંગ્રેસ અન્ય પક્ષોને પોતામાં સમાવીને સમગ્ર રાષ્ટ્રના રાજ્યવહીવટનું સંચાલન કેમ ન કરી શકે? આ મંતવ્ય બરોબર નથી. આઝાદી પૂર્વે દેશમાં કોંગ્રેસ ઉપરાંત બીજા પક્ષો પણ અસ્તિત્વમાં આવ્યા જ હતા, પણ પરદેશી હકૂમત સામેની આપણી લડત હોવાથી અને તે લડતની સૂત્રધાર કોંગ્રેસ હોવાથી અન્ય પક્ષો માથું ઉંચકીને આગળ આવી શકતા નહોતા કે દેશમાં પોતાનું સ્થાન જમાવી શકતા નહોતા. વળી પક્ષોનો ઉદય સત્તાલક્ષી ભિન્ન ભિન્ન વિચારસરણીમાંથી થાય છે. પણ જ્યાં સુધી આઝાદી હાંસલ ન કરી હોય ત્યાં સુધી આવી વિચારસરણીનો બહુ અર્થ જ નથી. દેશને આઝાદી મળી, પરદેશી સત્તાએ વિદાય લીધી, આપણા દેશનું કેવું તંત્ર રચવું અને કેવું ભાવી ઘડવું એ પ્રજાની સત્તાનો વિષય બન્યો. આવી ભૂમિકા ઉપર જ સતાલક્ષી ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો ઉભા થાય છે અને આપણે ત્યાં પણ જુદા જુદા પક્ષની દલબંદીઓ એજ રીતે ઉભી થઇ રહી છે. છેલ્લા વિશ્વયુધ્ધમાં ઇંગ્લાંડ મજુરપક્ષ દ્વારા વિજેતા બન્યું, એમ છતાં પણ જેવું યુદ્ધ ખતમ થયું અને ચૂંટણી આવી કે મજુરપક્ષ લઘુમતીમાં આવી ગયો અને કોન્ઝર્વેટીવ પક્ષ સત્તા ઉપર આવ્યો. આમ બનવાનું એક કારણ એ છે કે ગ્રેટબ્રીટનમાં સદીઓથી લોકશાહીની સ્થાપના થઇ ચૂકી હતી અને ભિન્ન ભિન્ન રાજદ્વારી પક્ષોની પણ પાકાપાયે જમાવટ થઇ ગઇ હતી. એટલે ત્યાં સત્તાસ્થાન ઉપર ગાળે ગાળે પક્ષોની ફેરબદલી થયા જ કરે છે અને ત્યાંની પ્રજાએ એ ફેરબદલીને સારી રીતે પચાવી લીધી છે. આપણે ત્યાં પક્ષોનો ઉદ્ભવ તેમજ જમાવટ પ્રમાણમાં તદ્દન નવી જ વસ્તુ છે. અને તેથી જ દેશને સ્વાધીનતા અપાવનાર કોંગ્રેસ હજુ પણ સત્તાસ્થાન ઉપર ટકી રહેલ છે. પણ એ સ્થિતિ લાંબો સમય ચાલી ન જ શકે. સમયાન્તરે બીજા પક્ષોનું પ્રભુત્વ વધવાનું અને પ્રજાની નાડી જેના હાથમાં આવતી જશે તે પક્ષ જ પ્રજાનો-રાજ્યનો-સૂત્રધાર બનતો રહેવાનો. રાજકારણનો આ સ્વાભાવિક ક્રમવિકાસ છે.

પક્ષોના અસ્તિત્વ ઉપર રચાયેલી લોકશાહીના વહીવટમાં ઘણી વખત લોકશાહીનો લોપ થતો જોવામાં આવે છે. લોકશાહી એટલે માત્ર બહુમતીનું જ રાજ્ય એમ નથી, પણ લઘુમતીના અભિપ્રાય તેમજ ઇચ્છાઓનું પણ પ્રતિબિંબ પડે એવો રાજ્યવહીવટ એ જ ખરી લોકશાહી કહેવાય. આ ધોરણે માપતાં કેવળ પ્રચંડ બહુમતીના જોરે રાજ્ય કરતો રાજકીય પક્ષ કે સત્તારૂઢ પ્રધાનમંડળ લઘુમતી વિભાગના જ માત્ર નહિ પણ બહુજનસમાજના અભિપ્રાયની ઉપેક્ષા કરીને પોતાનું ધાર્યું કર્યે જતો કદી કદી માલુમ પડે છે. કોઇ વાર અતિ નજીવી બહુમતીના બળ ઉપર જ અમુક પક્ષ સત્તા ઉપર આવતો નજરે પડે છે, દા. ત. ૫૧ વિરૂદ્ધ ૪૯ જેવી સ્થિતિ. આવા પ્રસંગે માત્ર એક યા બે મત હોવાના કારણે એક પક્ષનું અન્ય લઘુમતી લેખાતા પક્ષ ઉપર શાસન સ્થપાય ત્યારે પણ આ લોકશાહી કેવી એવો પ્રશ્ન થાય છે. વસ્તુત: જેમાં કશાં જ છિદ્ર ન હોય એવી કોઇ રાજ્યપદ્ધતિ હજુ સુધી શોધાઇ નથી. દરેક રાજ્ય-પદ્ધતિ ગુણ તેમજ દોષથી યુકત જ રહેવાની. લાભાલાભની દૃષ્ટિએ એક યા અન્ય રાજ્યપદ્ધતિનો સ્વીકાર કરવામાં આવે છે અને પરિ-

ણામે તેના સદંશો સાથે અસદંશો પણ પ્રજાને ભોગવવાના રહેજ છે. ઘણી વખત પ્રજાએ ચૂંટેલું પ્રધાનમંડળ અમુક પ્રશ્નમાં અમુક રીતેજ વિચારે છે અને તેમાંજ તેને પ્રજાનું સાચું અને સર્વાંગી હિત દેખાય છે, જ્યારે પ્રજાનો તત્કાલીન અભિપ્રાય તેથી તદ્દન વિરૂદ્ધ પ્રકારનો હોય છે. આ અભિપ્રાય ઘણીવાર ઓછી માહીતીના પરિણામે અથવા તો અમુક આવેશ કે આંદોલનના પરિણામે ઉભો થયો હોય છે અને તે પ્રજાના સાચા ને સર્વાંગી હિતને અનુરૂપ હોતો નથી. આવે વખતે સત્તારૂઢ પ્રધાનમંડળે શું કરવું? કર્તવ્યનિષ્ઠ પ્રધાનમંડળની ફરજ છે કે આવેશ કે આંદોલન હળવું બન્યે પ્રજાને સાચી વાત સમજાશે એવી શ્રધ્ધાપૂર્વક તેણે મક્કમતાપૂર્વક પોતાના અભિપ્રાય મુજબ અમલ કરવો અને જો તે આ મુજબ વર્તે તો તે ખોટું જ કરે છે એમ આપણે કહી નહિ શકીએ. આમ લોકશાહીમાં અનેક ભયસ્થાનો અને અનેક અપવાદસ્થાનો રહેલા છે. આમ છતાં પણ લોકશાહીનો અન્ય વિકલ્પ કેવળ એક પક્ષની સરમુખત્યારશાહી જ છે એમ સમજીને આજ ઘણા ખરા રાષ્ટ્રો લોકશાહીને સ્વીકારે છે અને તેના અંગઉપાંગો સુધારવા સંસ્કારવા મથે છે. અને એક અપવાદ સિવાય બીજા કોઇ સંયોગોમાં જેને નિષ્પક્ષ કહેવાય એવી લોકશાહીની સંભાવના કોઇ કલ્પતું નથી.

આ અપવાદજનક સંયોગ વિગ્રહ જેવી બહારથી આવતી સર્વસાધારણ કટોકટી યા આફતને લગતો છે. આવી કોઇ આફત જ્યારે ઉભી થાય છે ત્યારે તેને પહોંચી વળવા રાષ્ટ્રના બધા રાજકીય પક્ષો એકત્ર થાય છે અને જેને આપણે નિષ્પક્ષ લોકશાહી કહીએ એવી રાજ્યરચના ઉભી કરવામાં આવે છે, પણ આવી રચના માત્ર કટોકટીનું નિવારણ થાય ત્યાં સુધી જ ટકી શકે છે. કટોકટીના નિવારણ સાથે પ્રજા પોતાની મૂળભૂત પ્રકૃતિ મુજબ સ્વાભાવિક રીતે ભિન્ન ભિન્ન પક્ષોમાં વહેંચાઇ જાય છે અને એ પક્ષો વચ્ચે સત્તાપ્રાપ્તિની હરીફાઇ શરૂ થાય છે.

આદર્શ સમાજરચના કેવી હોય તે વિષે તત્વચિન્તકો એવો ઉત્તર આપતા સંભળાય છે કે જ્યાં કોઈએ કોઇના ઉપર રાજ્ય કરવું ન પડે એવું નામ આદર્શ સમાજરચના, પણ આપણો અનુભવ કહે છે કે આવી સમાજરચના માનવી પાયામાંથી પલટાય નહિ ત્યાં સુધી સંભવિત નથી. તેવી જ રીતે રાજકીય પક્ષોની સત્તાસ્પર્ધા અને તેનાં રાગદ્વેષવર્ધક અનેક અનિષ્ટ પરિણામો ધ્યાન ઉપર આવતાં લોકશાહી તો જોઇએ જ, પણ તે નિષ્પક્ષ હોય તો કેવું સારૂં એમ આપણા સમાજદૃષ્ટાઓને લાગે તે સ્વાભાવિક છે, પણ જનતાના સ્વભાવમાં આમૂળ પલટો ન આવે ત્યાં સુધી આવી નિષ્પક્ષ લોકશાહીનો વિચાર એક સ્વપ્ન સ્વરૂપે જ રહે તેનો છે.

બાકી આજની દુન્યવી પરિસ્થિતિમાં લોકશાહી અને પક્ષરહિતતા એ બંને એકમેકના પરસ્પરવિરોધી તત્ત્વો છે અને રહેવાના. વસ્તુતઃ આપણે ત્યાં લોકશાહીની રચના અને વિચારસરણિ તેમાં રહેલા સારાં તેમજ માઠાં તત્વો સાથે પશ્ચિમમાંથી આવી છે. લોકશાહીને દૈવી તેમજ આસુરી બન્ને બાજુ છે. એમાં તો કોઇ શક જ નથી કે અમારા રાષ્ટ્રના ઘડનારા અમે છીએ એવી આમજનતાને પ્રતીતિ આપે એવી કોઇ રાજ્યરચના હોય તો તે માત્ર લોકશાહી જ છે. આ તેની ઉજળી બાજુ છે. સાથે સાથે બન્ને પક્ષો વચ્ચેની તુમુલ સ્પર્ધા અને તેનું અત્યંત જુગુપ્સા ઉપજાવે તેવું ચૂંટણી વખતે થતું પ્રદર્શન—આ તેની આસુરી બાજુ છે. આ પ્રદર્શન કોઈ પણ સભ્યતાનિષ્ઠ, સત્ય અને અહિંસાના ઉપાસકને ભડકાવે, તેનામાં નૈતિક ઘણા પેદા કરે તેવું હોય છે. આથી એક ખ્યાલ એવો પેદા થયો છે કે લોકશાહી તો ઠીક છે, પણ તેની અનર્થપૂર્ણ જડ તેની પક્ષપરાયણતામાં રહેલી છે. આ પક્ષભિન્નતાનો ઉચ્છેદ કરીએ તો લોકશાહી વડે માનવીજીવનમાં સ્વર્ગ પેદા કરી શકાય. આ શુભ આકાંક્ષામાંથી પક્ષરહિત લોકશાહીના વિચારનો જન્મ થયો લાગે છે. પણ આપણે ઉપર જોયું તેમ પક્ષો વિનાની લોકશાહી શકય જ નથી, તો લોકશાહીમાં પક્ષોના અસ્તિત્વના કારણે દેખાતું ભયંકર અનિષ્ટ દૂર કરવાનો ખરો ઉપાય પક્ષોચ્છેદમાં નથી, પણ પશ્ચિમમાંથી લાવવામાં આવેલી લોકશાહીને આપણી સભ્યતાનો, આપણી સંસ્કારિતાનો નવો રંગ આપવામાં રહેલો છે.

સત્તાસ્પૃહામાંથી અને દેશને ચોક્કસ ખ્યાલો મુજબ ઘડવાના મનોરથમાંથી ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોનો ઉગમ થાય છે દેશનું અહિત કરવાની બુધ્ધિથી કોઇ પણ રાજકારણી પક્ષનો ઉદય થતો જ નથી. દરેક પક્ષ પોતપોતાની દૃષ્ટિએ પ્રમાણીક છે એમ આપણે સ્વીકારવુંજ જોઇએ. લોકશાહીના ઉગમ સાથે રાજકીય પક્ષોનો ઉગમ સ્વાભાવિક છે, અનિવાર્ય છે. આમ છતાં પણ પશ્ચિમની નકલ કરીને ચૂંટણી વખતે પરસ્પર ખૂબ વેર ઝેર વધારે એવો પક્ષપ્રચાર કોઇ પણ પક્ષે શા માટે કરવો જોઇએ? પોતાના પક્ષનું સમર્થન કરવા માટે અન્ય પક્ષને ભાંડવો, સાચી ખોટી રીતે ઉતારી પાડવો એ આપણી સંસ્કૃતિ સાથે બીલકુલ સંગત નથી, વસ્તુતઃ માનવસભ્યતાને બીલકુલ અનુરૂપ નથી. બીજું ચૂંટણીપ્રચાર અંગે આપણે બીજું ગમે તે કરીએ, પણ જેનાથી આપણને એકાન્ત નુકસાન થયું છે અને જેના અનિષ્ટપણા વિષે ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે બીલકુલ મતભેદ નથી એવા કોમવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદને આપણે હરગીજ ઉત્તેજના ન જ આપીએ, અને એવા રાષ્ટ્રવિઘાતક તત્વોનો આપણે આપણા ઉમેદવારને જિતાડવા કદિ પણ આશ્રય ન લઇએ—આવી સમજુતી શું ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે શકય નથી? આવા ઝેરી પ્રચારને સત્તાના ઉપયોગથી પણ સખ્તપણે દાબી દેવો જોઇએ. આવી જ રીતે ચૂંટણી પત્યા બાદ સત્તારૂઢ પક્ષ તેમજ અન્ય પક્ષો વચ્ચેનો વર્તાવ પણ ઉચ્ચ પ્રકારની સભ્યતાના ધોરણ ઉપર ઘડવાનો આપણે પ્રયત્ન કરીએ. કોઇ પણ સારી કે નબળી બાબતમાં સત્તારૂઢ પક્ષને ઉતારી પાડવાની નીતિ છોડીને સારી બાબતમાં અનુમોદન આપવું અને મતભેદ ન હોય તેવી બાબતોમાં સંપૂર્ણ સહકાર આપવો—આ પ્રકારની નીતિ અન્ય પક્ષોએ ધારણ કરવી જોઇએ. આમ લોકશાહીને આપણી સભ્યતાએ ને ઉદાત્તતાને અનુરૂપ રંગ આપવામાં આવે, પરસ્પર વિનય, આદર અને બાંધછોડની વૃત્તિપૂર્વકનો વ્યવહાર કેળવવામાં અને રાજકારણી જીવનનું આ રીતે ઉર્ધ્વીકરણ કરવામાં આવે તો પછી લોકશાહીની પક્ષપ્રચુરતા રાષ્ટ્રની એકતા ને પ્રગતિમાં બાધક નહિ પણ સાધક બનશે. બીજી બાજુએ પક્ષવિહીન રાજ્યરચનાનું જ જો આન્દોલન જોરશોરથી ચલાવવામાં આવશે તો તેનું પરિણામ અસ્તિત્વમાં આવેલા કે હવે પછી આવે તે પક્ષોને વિલીન કરવામાં નહિ આવે, પણ એક પક્ષની સરમુખત્યારશાહી સ્થાપવામાં જ આવશે. નિષ્પક્ષ લોકશાહીના પક્ષકારો સમક્ષ આ મારી નમ્ર વિચારણા સાદર રજુ કરૂં છું.

**પરમાનંદ.**


**સત્યં શિવં સુન્દરમ્**

(શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોમાંથી ચૂંટીને તૈયાર કરવામાં આવેલો લેખસંગ્રહ)

પ્રકાશક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.
કાકાસાહેબ કાલેલકર તથા પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે.

**પ્રગટ થઇ ચૂકયો છે.**

કીંમત: રૂ. ૩ પોસ્ટેજ ૦।=,
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા
પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત: રૂ. ૨, પોસ્ટેજ ૦।=

પ્રાપ્તિસ્થાન:
(૧) મુંબઇ જૈન યુવક સંઘ. ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઈ, ૩.
(૨) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તા, અમદાવાદ, ૧.

## સંઘ સમાચાર

### બંધારણમાં ફેરફાર

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભા તા. ૩૧-૭-૫૪ શનીવાર સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે મળી હતી અને આ પ્રસંગે સંઘના બંધારણની કલમ ૫.

**"સભ્ય કોણ થઈ શકે?** -સંઘના ઉદ્દેશો તથા નીતિ તેમજ કાર્યપદ્ધતિ સ્વીકારનાર તેમજ શિસ્તને લગતા નિયમો મુજબ વર્તવાનું કબુલ કરનાર સોળ વર્ષ ઉપરની ઉંમરની કોઇ પણ વ્યકિત આ સંઘમાં સભ્ય તરીકે જોડાઇ શકશે."

આ કલમમાં તા. ૨૬-૭-૫૪ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબ ઉમેરવાની ભલામણ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ રજુ કરી હતી.


**"અપવાદઃ**-જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતી જૈનેતર વ્યકિત પણ આ સંઘમાં સભ્ય તરીકે જોડાઇ શકશે."

આ ભલામણ રજુ કરતાં તેમણે જણાવ્યું હતું કે "આજ સુધી જન્મે જૈન હોય તે જ વ્યકિત સંઘમાં જોડાઇ શકતી હતી. આ સુધારાથી સંઘ પોતાનું દ્વાર સમાન વિચારસરણી ધરાવતી જૈનેતર વ્યકિત માટે ખુલ્લું કરવા માંગે છે અને કોઇ એક કોમ કે સંપ્રદાયના સ્થાને જૈન વિચારધારા ઉપર વધારે ભાર મૂકવા ઇચ્છે છે અને એ રીતે સંઘની સર્વ પ્રવૃત્તિઓમાં જે બીનકોમી અસાંપ્રદાયિક ભાવ રહેલો છે તેને વધારે સ્પષ્ટ રૂપ આપવા ચાહે છે. આ સુધારાથી સંઘના સ્વરૂપમાં કે કાર્યક્ષેત્રમાં કશો પણ ફેરફાર થતો નથી" આ સુધારા ઉપર કેટલીએક ચર્ચા અને સ્પષ્ટતા થયા બાદ સભ્યોએ આ સુધારો સહર્ષ સર્વાનુમતે મંજુર કર્યો હતો.

### રજત મહોત્સવના કાર્યક્રમને અનુમતિ

ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિએ નકકી કરેલ સંઘના આગામી રજત મહોત્સવનો કાર્યક્રમ મંત્રીઓએ રજુ કર્યો હતો. આ કાર્યક્રમની વિગતો અને જવાબદારી પ્રમુખ સાહેબે સમજાવી હતી અને તેને સભાએ મંજુરી આપી હતી અને પુરો સહકાર આપીને પાર પાડવાની હાજર રહેલા સભ્યોએ ઉત્સુકતા દાખવી હતી.

### સ્વ. અમૃતલાલ શેઠના અવસાન વિષે શોકપ્રસ્તાવ



ત્યાર બાદ શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠના તા. ૩૦-૭-૫૪ ના રોજ નીપજેલ દુઃખદ અવસાન વિષે મંત્રીઓ તરફથી નીચે મુજબ શોકપ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો અને સૌએ સદ્દગતના માનમાં બે મીનીટ ઉભા રહીને એ પ્રસ્તાવ મંજુર કર્યો હતો.

### શોકપ્રસ્તાવ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૩૧-૭-૫૪ ના રોજ મળેલી સામાન્ય સભા શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠના અવસાન પરત્વે ઉંડા ખેદની લાગણી અનુભવે છે. તેઓ સૌરાષ્ટ્રના રાજકીય ઉથ્થાનના અગ્રદૂત હતા. જ્યારે દેશી રજવાડાઓની આપખુદ હકુમત અને વિલાસપૂર્ણ જીવન સામે કોઇ માથું ઉંચકવાની હીંમત કરતું નહોતું ત્યારે આજથી ૨૩ વર્ષ પહેલાં 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક શરૂ કરીને તેમણે રાજશાહી સામે એક મોટી ઝુંબેશ શરૂ કરી હતી. તેમણે ઉભો કરેલા પ્રચંડ આન્દોલને હિંદના સમગ્ર રજવાડાઓના સિંહાસનોને કંપાયમાન કર્યા હતા, જેનું પરિણામ સમયાન્તરે એ સિંહાસનોને જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર છોડીને તેઓ મુંબઇ આવ્યા અને જન્મભૂમિ શરૂ કર્યું અને એ મારફતે પણ દેશી રાજ્યની પ્રજાની તેમ વિશાળ હિંદની તેઓ અનેકવિધ સેવા કરતા રહ્યા હતા. સૌરાષ્ટ્ર ઉપર જળપ્રલય કે દુષ્કાળની પણ જ્યારે જ્યારે આફત આવતી ત્યારે તેઓ મોટા પાયા ઉપર રાહત-કાર્યો યોજતા અને પ્રજાને જોઇતી મદદ પહોંચાડતા. આઝાદીની ઉંડી તમન્ના, અદ્દભુત નિડરતા, પ્રલોભનમુકતતા અને પત્રકારિત્વના ક્ષેત્રમાં સમયસૂચકતા એ તેમના વિશિષ્ટ ગુણો હતા. દયા અને સેવાની ભાવનાથી તેમનું આખું જીવન સદા સુવાસિત હતું. શકિતશાળી પત્રકારિત્વ અને સાહસિકતા તેમને પ્રકૃતિથી વરેલાં હતાં. તેમના વિદેહ થવા સાથે એક તેજસ્વી તારકનો સદાને માટે અસ્ત થયો છે. આમ છતાં પણ તેમની ઉજ્જવળ જીવનકારકીર્દીનાં પ્રેરણાદાયી સ્મરણો પ્રજાના દિલમાંથી કંઇ કાળ સુધી ભુંસાવાના નથી. તેમના આત્માને આ સભા શાશ્વત શાન્તિ ઇચ્છે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૫-૮-૫૪ બુધવારથી શરૂ થશે અને નવ દિવસ સુધી ચાલશે. શરૂઆતના સાત દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજ પાસે આવેલા બ્લેવાટ્સ્કી લોજમાં ભરાશે અને સપ્ટેંબર તા. ૧ તથા ૨ની સભા ન્યુ કવીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં ભરાશે. હંમેશા સવારે ૮॥ વાગ્યે સભાનો કાર્યક્રમ શરૂ થશે. નવે દિવસનો કાર્યક્રમ પંડિત સુખલાલજીના પ્રમુખપણા નીચે સંચાલિત થશે. પહેલા દિવસે શ્રી રામનારાયણ પાઠક 'નીતિ અને સૌન્દર્ય' અને શ્રી હીરાબ્હેન પાઠક 'દ્રૌપદી' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. હજુ સુધી બધી વિગતો નકકી થયેલી નહિ હોવાથી આખી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ આ અંકમાં પ્રગટ કરી શકાય તેમ નથી. ૨૦ મી તારીખ સુધીમાં આખો કાર્યક્રમ નકકી થઇ જશે. અને દૈનિક છાપાઓમાં તેની સમયસર જાહેરાત કરવામાં આવશે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

## શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઉદ્યોગગૃહ.

### નર્સિંગ, મિડવાઇફરી અને ફર્સ્ટ-એઇડના વર્ગો

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઉદ્યોગગૃહ, મુંબઇમાં (૧) નર્સિંગ અને મિડવાઇફરી તેમજ (૨) ફર્સ્ટ એઇડના વર્ગો અનુક્રમે બહેનો અને ભાઇઓ માટે ડોકટર કિર્તિલાલ એમ. ભણસાલી, એમ. આર. સી. પી., જે. પી. અને તેમના અનુભવી સેવાભાવી કાર્યકરોની દેખરેખ હેઠળ શરૂ કરવામાં આવશે. આ શિક્ષણ બહેનો અને ભાઇઓને સામાજિક સેવા, કુટુમ્બ અને ધંધાર્થે ઉપયોગી થઇ પડશે. એ દૃષ્ટિએ શિખવા ઇચ્છનાર બ્હેનો અને ભાઇઓને પોતાના નામ ઉદ્યોગગૃહના કાર્યાલયમાં (૧૦૯-૧૧૭ સી. પી. ટેંક, મુંબઇ, ૪) ફોર્મ ભરી નોંધાવી જવા વિજ્ઞપ્તિ છે. પૂરતી સંખ્યામાં નામો નોંધાયેથી વર્ગોની શરૂઆત ઉદ્યોગગૃહમાં કરવામાં આવશે. આ શિક્ષણ લઇ ડિપ્લોમાના ઉચ્ચ અભ્યાસ માટે જનારને ઉદ્યોગગૃહ દ્વારા ઘટતી સગવડતા આપી પ્રોત્સાહન આપવાની ધારણા રાખવામાં આવી છે.

**નાથાલાલ ડી. પરીખ,**
**સેવંતીલાલ એસ. શાહ,**
માનદ મંત્રીઓ.

## આચાર્યશ્રી તુલસીગણીની સંઘઆયોજિત વ્યાખ્યાન સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૧૦-૮ ૫૪ ના મંગળવારના રોજ આચાર્યશ્રી તુલસી ગણીનું તેમના નિવાસસ્થાન ઉપર બપોરના ત્રણ વાગ્યે 'અનેકાન્ત' એ વિષય ઉપર જાહેર યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વ્યાખ્યાનશાળા બહેનો તથા ભાઈઓથી ખીચોખીચ ભરાઇ ગઇ હતી. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘનું નિમંત્રણ સ્વીકારવા બદલ આચાર્યશ્રી તુલસીગણીનો ઉપકાર માનતાં જણાવ્યું હતું કે "આચાર્યશ્રીના આગમન બાદ સંઘ તરફથી તેમનું એક જાહેર વ્યાખ્યાન ગોઠવવાનો કેટલાએક દિવસથી વિચાર ચાલતો હતો પણ તેમનાં અન્ય રોકાણો અને સતત ધારાએ વરસતા વરસાદના કારણે આજ સુધી એ સુયોગ સાધી શકાયો નહોતો. ચારેક દિવસ પહેલાં મેં તેમને આ માટે વિનંતિ કરી અને તેમણે સરળપણે મારી વિનંતી માન્ય કરી અને આજે આપણે 'અનેકાન્ત' જેવા ગંભીર વિષય ઉપર તેમને સાંભાળવા એકત્ર થઇ શકયા. આ માટે હું અમારા સંઘ તરફથી આચાર્યશ્રીનો આભાર માનું છું" પ્રસ્તુત પ્રસંગે મુંબઇ જૈન યુવક સંઘનો પરિચય આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે "આજથી ૨૭ વર્ષ પહેલાં મુંબઇ, ગુજરાત કાઠિયાવાડમાં અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાલદીક્ષા સામે આરંભાયેલા પ્રચંડ આંદોલનમાંથી આ સંઘનો ઉદ્દભવ થયો હતો અને આ અનિષ્ટ નિર્મૂળ કરવામાં મુંબઇ જૈન યુવક સંઘે એ દિવસોમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો હતો. ચોતરફના તુમુલ આંદોલનના પરિણામે આ બાજુએ બાલદીક્ષા લગભગ નામશેષ થઇ ગઇ છે. આજે પણ એ વિરોધ ચાલુ છે અને બાલદીક્ષાની છુટીછવાઇ બનતી ઘટનાઓ અમને વિસ્મય તેમજ દુઃખ પમાડે છે.

"આ રીતે બાલદીક્ષાની અટકાયતના પ્રશ્ન સાથે ગાઢપણે સંકળાયલા મુંબઇ જૈન યુવક સંઘના સ્વરૂપ અને કાર્યપ્રદેશમાં કાળક્રમે ખુબ વિકાસ થતો રહ્યો છે. આજથી અઢાર વર્ષ પહેલાં સંઘના બંધારણમાં પાયાના કેટલાએક ફેરફારો કરવામાં આવ્યા. માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને વરેલો સંઘ સમસ્ત જૈન સમાજનો બન્યો. સર્વ ફિરકાઓના જૈનો આ સંઘના સભ્ય તરીકે જોડાઇ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. એક પ્રગતિશીલ ક્રાન્તિકારી વિચારસરણી નક્કી કરવામાં આવી અને શિસ્તનિયમો પણ ઘડવામાં આવ્યા અને આ સ્વીકારે તેજ સંઘનો સભ્ય બની શકે એવું નિયમન કરવામાં આવ્યું. જૈનોની એકતા ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો અને આ એકતાની સાધના એ અમારા સંઘની એક મુખ્ય પ્રવૃત્તિ બની. આ સંઘ તરફથી એકતાનું પોષક અને વિચાર ઔદાર્યનું સંવર્ધક એવું એક પાક્ષિક પત્ર છેલ્લાં સોળ વર્ષથી ચલાવવામાં આવે છે; એક સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય ચાલે છે; તેમજ છેલ્લાં ૨૨ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંઘ તરફથી યોજવામાં આવે છે.

"આપણે સૌ જાણીએ છીએ કે મુંબઇ પ્રતિ આચાર્યશ્રીના આગમનનો એક હેતુ જૈનોની એકતાના વિચારને વેગ આપવાનો છે તેમની સાથે અમારી આ મિલનભૂમિ છે. એકતાની દિશાએ તેઓ જે કાંઇ કરે તેને સાથ આપવો એ અમારૂં કર્તવ્ય બને છે. સામાજિક જીવનની વિશુધ્ધિ એ અમારી પણ એટલી જ ચિંતાનો વિષય છે અને તેથી આ દિશાના તેમના પ્રયત્નને અમે સફળતા ઇચ્છીએ છીએ."

ત્યાર બાદ આચાર્યશ્રીને પોતાનું વ્યાખ્યાન શરૂ કરવા વિનંતિ કરવામાં આવી. આચાર્યશ્રીએ 'અનેકાન્ત' ઉપર એક કલાક સુધી એક સુસંબદ્ધ અને વિચારપ્રેરક પ્રવચન કર્યું જેનો સાર હવે પછીના અંકમાં આપવામાં આવશે.

આચાર્યશ્રીનું પ્રવચન પૂરૂં થયા બાદ સંઘના પ્રમુખશ્રી ખીમજી માંડણ ભૂજપુરીઆએ ઉપસ્થિત ભાઇઓ તથા બહેનોનો તેમજ આચાર્યશ્રીનો સંઘ તરફથી આભાર નિવેદન કરતાં જણાવ્યું કે, "આચાર્યશ્રીએ આપણી સમક્ષ અનેકાન્ત જેવા જૈન ધર્મના ભવ્ય સિધ્ધાંતનું જે સુંદર, સુશ્લિષ્ટ અને સૌ કોઇ સહેલાઇથી સમજી શકે એવું પ્રવચન કર્યું છે તે માટે અમારા સંઘ તરફથી હું તેમનો હાર્દિક આભાર માનું છું અને તેમને વન્દન કરૂં છું, આવા પ્રભાવશાળી આચાર્યશ્રીના મુંબઇ ખાતેના આગમનથી આપણ સર્વને ખૂબ આનંદ થયો છે. તેમણે આજે જે વિષય ઉપર વ્યાખ્યાન કર્યું તે સમજવાની અને આપણા જીવનમાં ઉતારવાની આજે સૌથી વધારે આવશ્યકતા છે. મુંબઇ જૈન યુવક સંઘ પોતાના પાક્ષિક પત્રમાં અને પર્યુષણ વ્યાખ્યાન માળામાં જે વિચારો અને ઉદાર દૃષ્ટિનો પ્રચાર કરી રહેલ છે તેજ વિચારો અને ઉદાર દૃષ્ટિ આપણને આચાર્યશ્રીના વ્યાખ્યાનમાંથી આજે સાંભળવા મળી છે અને તેથી આજના પ્રસંગની યોજના વિશેષ સફળ બની લાગે છે.

"આચાર્યશ્રીના આગમન બાદ છાપાઓમાં તેમજ અન્યત્ર અમુક પ્રકારની ખળભળ જોવામાં આવે છે, પણ આ રીતે ખળભળ કરનાર ભાઇઓને મારી વિનંતી છે કે આપણા સમાજમાં અનેક સંપ્રદાયો છે અને દરેક સંપ્રદાયની ભિન્ન ભિન્ન વિચારધારાઓ છે. આમ છતાં પણ આપણે સૌ ભગવાન મહવીરના અનુયાયી છીએ અને આ નાતે આપણે બધા એકમેકની નજીક આવીએ એ ઇચ્છવા યોગ્ય છે. આપણાથી અન્યના વિચારો જુદા હોય તો ભલે હોય, પણ આપણે તેમને શાન્તિથી સાંભળીએ અને તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય લાગે તે ગ્રહણ કરીએ. એમાં કોઇને નુકસાન થવાનું નથી. એમ કરવાથી સદ્દભાવ ઉત્પન્ન થશે. એકમેકની નજીક અવાશે, વળી અમુક બાબતો પરત્વે વિચારભેદ હોવા છતાં ઘણી બાબતોમાં આપણા વિચારોનું ઐક્ય છે એમ માલુમ પડશે. મુંબઈ જૈન યુવક સંઘની આ દૃષ્ટિ છે અને આ રીતે એકતાની બુદ્ધિ કેળવવા માગે છે. અમારા સંઘે આજ ખ્યાલથી આગળનાં વર્ષોમાં મહાસતી ઉજ્જવળકુમારી અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીનાં જાહેર વ્યાખ્યાનો યોજયા છે. અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા આથી પણ આગળ જઇને જુદા જુદા ધર્મના વિચારકો અને ચિન્તકોને બોલાવે છે, તાત્વિક, ધાર્મિક અને સામાજીક વિષયો ઉપર વ્યાખ્યાનો યોજે છે અને સર્વધર્મ સમભાવની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરે છે. તેને કોઇ પોતાનું નથી અને કોઇ પારકું નથી. સદ્દ વિચારની જાગૃતિ અને તે દ્વારા જીવનમાં ક્રાંતિ એ તેનું ધ્યેય છે.

"આપણા નસીબે આપણે એવા યુગમાં જન્મ્યા છીએ કે જ્યારે કાળે કરીને પાકે એવા મહાપુરૂષ મહાત્મા ગાંધીને આપણે નજરે નિહાળ્યા છે, તેમનો જીવન સંદેશ આપણે જાતે સાંભળ્યો છે, તેમણે અહિંસાના વિચારને નવો દેહ, નવું રૂપ આપ્યું છે અને દુનિયાના વિચારકોને તે તરફ વાળ્યા છે. અહિંસાને આપણે આપણો પોતાનો ધર્મ માનીએ છીએ તો આપણી તો એ ફરજ બને છે અને ખાસ કરીને આપણા સાધુઓ અને આચાર્યોની કે તેઓ ગાંધીજીના અહિંસા વિચારને ઝીલે અને જગતભરમાં ફેલાવે. તેમણે જ્યારે સત્ય એજ ઇશ્વર છે એમ કહ્યું છે ત્યારે તેમણે જૈન ધર્મના જ પાયાના સિદ્ધાંતને અમલ ધર્યો છે. એમ હું તો ધારૂં છું. તેમના માર્ગે ચાલવામાં આપણા ધર્મનો જ ઉદ્યોત રહેલો છે.

"જૈનોમાં એકતાની વૃત્તિ ઉભી કરવાના, સમાજના આચારવિચારને વિશુધ્ધ કરવાના આચાર્યશ્રીના પ્રયત્નોને હું સફળતા ઇચ્છું છું અને તેઓશ્રીને હું પુનઃ વંદન કરૂં છું." સભા ત્યાર બાદ વિસર્જિત કરવામાં આવી.

## યાત્રાનું ભાતું

ભૂદાનયજ્ઞનું કામ શરૂ કરવાની વિનોબાએ મને સલાહ આપી ત્યારની આ વાત છે. સેવાપુરીના સર્વોદય સમ્મેલન પછી એકાદ અઠવાડિયું હું વિનોબા સાથે યાત્રામાં જોડાયો હતો. એ એક અઠવાડિયા દરમ્યાન મારા મનના અનેક પ્રશ્નોના જવાબ મને મળી ગયા હતા, મારે વિનોબાને એ પ્રશ્નો પૂછવા પણ નહોતા પડયા. મારા જેવા જ સવાલો બીજા અનેક સાથીઓના મનમાં હતા. તેઓ પ્રશ્ન પૂછતા અને એમને મળેલા જવાબથી મને પણ જવાબ મળી જતા. કેટલીક વાતનો પ્રત્યય તો પ્રત્યક્ષ દર્શનથી જ થઇ ગયો. વિનોબાને પગલે પગલે ઊત્તર પ્રદેશનાં ગામડાંના લોકોને મેં જાગતા જોયા. સ્વરાજ પછી પહેલી વાર જનતાની વાણીમાં મને આત્મવિશ્વાસનો રણકાર સંભળાયો અને બધી રીતે એ તો સ્પષ્ટ થઇ ગયું કે આ જ કામ કરવા જેવું છે.

પરંતુ એક પ્રશ્ન મને સતાવી રહ્યો હતો. હું જોતો હતો કે વિનોબાની આ યાત્રા હૈયે હૈયે સૂતેલા રામને જગાડવાની પ્રક્રિયા છે. અને એની પાછળ માનવ માત્રમાં રહેલા ‘રામ’ વિષેની તેમની શ્રધ્ધા છે. પોતાને મોતની ધમકી આપવા આવનાર માણસમાં પણ જેને પોતાના ‘રામ’ ના દર્શન થયાં હતાં, તેને ભૂમિવાન અને ભૂમિહીનના હૈયામાં રામના દર્શન થાય એમાં નવાઇ શી? તેઓ હૃદયશાયી ભગવાનને જગાડવાની વાત કરે તો એમને મોઢે એ શોભે પણ ખરી, પરંતુ મારે મોઢે? હું એમના જેવી ઉભરાતી આસ્તિકતા લાવું કયાંથી? આ જ મારી મૂંઝવણનો વિષય હતો

એમની પાસેથી વિદાય લેવાનો દિવસ આવ્યો ત્યારે મેં મારી મૂંઝવણ એમની આગળ રજૂ કરી દીધી. મેં એમને પૂછ્યું ‘હું નાસ્તિક છું એમ તો ન કહેવાય. પણ મારામાં તમારા જેવી ઉભરાતી આસ્તિકતા નથી. છતાંયે ભૂદાનનું કામ કરવાની મારી યોગ્યતા ગણાય ખરી?”

વિનોબાએ મને વળતો પ્રશ્ન પૂછયો. “ઇશ્વર જેવી કોઇ અવ્યકત શકિત છે કે નહીં એ ચર્ચા જવા દઇએ. પણ ભલાઇમાં તને વિશ્વાસ છે કે નહી?”

મેં હા પાડી. દરેક માણસમાં કાંઇકને કાંઇક ભલાઇ તો પડી જ હોય છે એવો મને વિશ્વાસ હતો.

વિનોબાએ તરત કહ્યું “એનું નામ જ આસ્તિકતા. ભૂદાનના કામમાં માણસમાં રહેલી ભલાઇ શોધવા સિવાય બીજું શું કરવાનું છે?”

મને આસ્તિકતાની વ્યાખ્યા મળી ગઇ. ત્યાર પછીની હજારો માઇલની પદયાત્રામાં એ દિવસના સંવાદે મને ભાતું પૂરૂં પાડયું છે.

**નારાયણ દેસાઇ**

# પ્રકીર્ણ નોંધ

### નીરાનું વેચાણ બંધ કરો!

મુંબઇ આસપાસ તાડનાં પુષ્કળ વૃક્ષો છે. આ વૃક્ષોમાંથી નાળીયેરના પાણી જેવો નીરા નામનો રસ નીકળે છે. આ રસ વહેલી સવારે તાડના ઝાડમાંથી કાણું પાડીને કાઢવામાં આવે છે. આનો એક સ્વાદિષ્ટ તેમજ શકિતવર્ધક પીણા તરીકે ઉપયોગ થાય છે. આ નીરાને આઠ દશ કલાક રાખી મૂકવામાં આવે તો તેમાં માદકતા આવે છે અને પછી તે તાડીના નામે ઓળખાય છે, જે એક પ્રકારનો મદ્ય જ છે. આ નીરામાંથી તાડ-ગોળ બનાવી શકાય -છે અને તેનો શેરડીના ગોળ જેવો ઉપયોગ થઇ શકે છે. મદ્યનિષેધના કાયદાના પરિણામે નીરાની તાડી બનાવીને વેચી શકાય નહિ કે પી શકાય નહિ. તાડ ઉપરથી નીરા ઉતાર્યા બાદ ત્રણેક કલાક સુધી તેમાં કશી વિક્રિયા પેદા થતી નથી. ગ્રામોદ્યોગના એક અંગ તરીકે નીરા તથા તાડગોળના ઉત્પાદનને લેખવામાં આવે છે. આ નીરા અને તાડગોળના ઉત્પાદન અને વેચાણનું કામ શરૂઆતમાં મુંબઇ સરકાર કરતી હતી, પણ ૧૯૫૨ થી આ કામ મુંબઇ-બોરીવલી ખાતે આવેલ કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર સંભાળે છે. મુંબઇમાં અનેક ઠેકાણે નીરા કેન્દ્રો આ સંસ્થા તરફથી ખોલવામાં આવ્યા છે. અને સવારના ભાગમાં મુંબઇના લોકોમાંથી જે ઇચ્છે તેને નીરા પીવા મળે છે. આ કેન્દ્રોના વેચાણ માટે જુદા જુદા માણસોને ઈજારો-લાઇસેન્સ-આપવામાં આવે છે. તેઓ ચોકકસ ભાવે નીરા સવારના અમુક સમય સુધી વેચે છે. વેચાણમાંથી ચોકકસ મળતર આ વેચાણ કરનારને મળે છે. સવારના ચોકકસ સમય બાદ વધેલો નીરા તેની પાસેથી કાં તો પાછો લઇ લેવામાં આવે છે અથવા તો ઢોળી નાખવાની તેના માથે ફરજ હોય છે. પહેલાં તો આ કામમાં બહુ કમાણી જેવું નહોતું. લોકો પણ નીરા શું તે જાણતા નહોતા, અને નીરા કેંદ્રો પણ ગણ્યાગાંઠયા હતાં. તાજેતરમાં નીરાનાં અનેક કેન્દ્રો ખોલવામાં આવ્યા છે અને વેચાણ કરનાર નીરાનો બહુ મોટો જથ્થો ખરીદે છે. આ બધો નીરા લોકોના પીવામાં જ વપરાય છે કે તેનો દુરૂપયોગ થાય છે અને નીરાની તાડી બનાવીને છુપી રીતે વેચાય છે કે કેમ એવો પ્રશ્ન અને શંકા અનેકના દિલમાં આજે ઉભી થઇ રહી છે.

મુંબઇ આસપાસના ગ્રામ્ય પ્રદેશોમાં મુંબઇ સરકારને નીરાનો મોટા પ્રમાણમાં દુરૂપયોગ થયાનું માલુમ પડવાથી એ પ્રદેશોમાં નીરાના લાઇસેન્સ-ઇજારા-નહિ આપવાનો મુંબઇ સરકારે નિર્ણય જાહેર કર્યો છે. આ સમાચારથી મુંબઇ શહેર સંબંધમાં પણ ઉપરની શંકા વધારે સુદૃઢ થાય છે. જે કોટિના માણસોને મુંબઇમાં નીરા વેચવાનો ઇજારો આપવામાં આવે છે તેમને જોતાં જ તેઓ નીરા વેચવાને લગતી સરતો પાળતા હશે કે કેમ અને નીરામાંથી તાડી પેદા કરવાના પ્રલોભનથી મુકત રહી શકતા હશે કે કેમ એ વિષે કોઇને પણ શક આવ્યા વિના રહે તેમ નથી. અને તેથી મદ્યનિષેધનો કાયદો નીરાના મુકત વેચાણ દ્વારા સારા પ્રમાણમાં ભંગાતો હોય એવી આશંકા આજે અનેક લોકો સેવી રહ્યા છે.

વસ્તુતઃ નીરાને છુટથી વેચાવા દેવો અને તાડીથી લોકોને દુર રાખવા એ અશકયને શકય કલ્પવા જેવી વાત છે. ઇંડાનું વેચાણ કરનાર મરઘી વેચવાથી લાંબો વખત દૂર રહી શકતો નથી. એવી જ રીતે તાડી એટલી બધી કમાણીનો વિષય છે કે નીરા વેચનારને તાડી બનાવવાથી દુર રાખવો એ બહુ જ કપરૂં કામ છે. આને માટે કાયદા કાનુન કરવામાં આવ્યા છે અને ઇન્સ્પેકટરો રાખવામાં આવ્યા છે. પણ ઇન્સ્પેકટરોને પતાવવાનું કામ મુંબઇનો ધંધાદારી બહુ સારી રીતે જાણે છે અને કાયદા કાનૂનની શિક્ષા તો ગુન્હો કરતા પકડાય ત્યારે ભોગવવાની છે. નીરાનું તાડીમાં રૂપાન્તર કરવું અને એ છુપી રીતે વેચવું-તે બહુ જ સહેલું કામ છે. પરિણામે એવો પ્રશ્ન ઉદ્દભવે છે કે મદ્યનિષેધની નીતિને ધારણ કરનાર સરકાર નીરાના મુકત વેચાણને અનુમત કરીને મદ્યનિષેધના કાયદાને અમુક રીતે નેવે ચઢાવવામાં નિમિત્તભૂત તો થતી નથી ને? આ બાબતમાં સાચો અને સહીસલામત માર્ગ એજ છે કે જો મદ્યનિષેધના સખ્ત પાલનનો મુંબઇ સરકાર આગ્રહ રાખતી હોય તો તેની પૂર્વ ભૂમિકાસમાન નીરાના વેચાણને કાયદાથી સદન્તર બંધ જ કરવું જોઇએ અને નીરાનો થઇ શકે તેટલો ગોળ બનાવીને વેચવાનો આદેશ કરવો જોઇએ. આ ધંધાના અનુભવીઓ એમ કહે છે કે નીરા બંધ કરવાથી તાડગોળનું વેચાણ નફાકારક નહિં રહે, ઉલટું નુકસાનકારક નીવડવા સંભવ છે. કુદરત તો નીરા મફત આપે છે. સરકાર ઇજારાનો દર ઓછો કરે અથવા તો તાડગોળના ઉદ્યોગને આર્થિક ટેકો આપે અથવા તો સરકાર પોતે જ

આ ઉદ્યોગ ચલાવે, પણ તાડગોળના ઉદ્યોગને ટકાવવા ખાતર નીરાને વહેતો મૂકીને મધનિષેધના કાયદાને અમુક અંશમાં અર્થશુન્ય બનાવવાનું જોખમ મુંબઇ સરકાર હરગીજ ન ખેડે. મુંબઇ સરકારને આ બાબત ગંભીરપણે તપાસ ઉપર લેવાની અને નીરાવેચાણનો મુંબઇ શહેરમાં દુરૂપયોગ થવાનો ઘણો સંભવ છે એમ સમજીને નીરાનું વેચાણ કાયદાથી બંધ કરવાની આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

## માંડલના મફાભાઇનુ પરલોકગમન

તા. ૧-૮-૫૪ ના રોજ માંડલ ગામે પોતાના એક વયોવૃધ્ધ સેવક શ્રી મફાભાઇ પુરૂષોત્તમ શાહને સદાને માટે વિદાય આપી. પ્રબુધ્ધ જીવનમાં અવારનવાર જેમના લેખો પ્રગટ થાય છે તે શ્રી. રતિલાલ મફાભાઇ શાહના આ વિદેહ વ્યકિત પિતા થાય. મોટાં શહેરો પ્રસિધ્ધિનાં મથકો હોઇને ત્યાં વસતા કોઇ આગેવાન અવસાન પામે છે તો છાપાઓ મોટા અક્ષરે તેના અવસાનની નોંધો લે છે. નાના ગામડામાં કોઇ વ્યકિતએ જીંદગીભર અનેકવિધ સેવાઓ કરી હોય, અનેક સામાજિક સંઘર્ષોમાંથી તે પસાર થયેલ હોય, રાષ્ટ્રના ઉથ્થાનકાર્યમાં તેમ જ આઝાદીની લડતના જુદા જુદા તબકકાઓ દરમિયાન તેણે કેટકેટલો ફાળો આપ્યો હોય, સુતેલા ગામને જગાડયું હોય, ઘેર ઘેર નવચેતનાની જ્યોત પ્રગટાવી હોય, અન્યાય અને અસત્યનો પ્રસંગે પ્રસંગે પ્રતિકાર કર્યો હોય તો પણ આવી વ્યકિતની નોંધ છાપાઓમાં ભાગ્યેજ જોવામાં આવે છે. આમ છતાં પણ ગામડાના આ સમાજસેવકની સેવાઓનું, સ્વાર્પણનું, તપનું મૂલ્ય, કે મહત્ત્વ લેશમાત્ર ઓછું નથી હોતું. સદ્દગત મફાભાઇ આવી એક વ્યકિત હતા. કેટલાંક વર્ષ પહેલાં હું માંડલ ગયેલો અને ત્યાંનાં ભાઇબહેનોને મળેલો ત્યારે મારી આંખે મફાભાઇને સૌથી જુદા તારવેલા. એ વખતે ઉમ્મરે વૃધ્ધ દેખાતા મફાભાઇમાં મેં જુવાનીનું જોસ જોયેલું, સુધારકની નિડરતા અને સમાજની દાઝ જોયેલી, જુનવાણી સામે જીવતો પડકાર જોયેલો. એમને જોઇને જ મેં મારો માંડલનો પ્રવાસ સફલ માનેલો.

૧૯૦૬/૭ ના બંગભંગના આન્દોલનથી તેઓ રાષ્ટ્રીય ચળવળમાં પડેલા. ત્યારપછીની રાષ્ટ્રીય લડતના દરેક તબકકે તેઓ અગ્રણી રહીને માંડલની પ્રજાને દોરતા અને યુવાનોમાં આત્મભોગનો હુતાશ પ્રગટાવતા. દેશના એક નાના ખૂણે વસતા હોવા છતાં સ્વ. મણિલાલ કોઠારી, વીઠ્ઠલભાઇ પટેલ, વલ્લભભાઇ પટેલ અને કોંગ્રેસી અન્ય કાર્યકર્તાઓના સીધા સંપર્કમાં તેઓ આવેલા અને તેમને માંડલ સુધી ખેંચી જવામાં નિમિત બનેલા. તેઓ શરીરે ખડતલ હતા, અને કોઇથી તેઓ કદિ ડરતા નહિ. માંડલની આજુબાજુ માઇલો સુધી ગુંડાઓ, બહારવટીઆઓ કે ધાડપાડુ ચોર લોકો ઉપર તેમની ધાક બેસતી અને પોલીસ ઉપર પણ તેમનો પ્રભાવ પડતો. વળી તેઓ સારા વકતા તેમ જ સંગીતકાર હતા. જન્મે જૈન હોઇને જૈન સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓ ખૂબ ભાગ લેતા હતા. છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન શારીરિક શિથિલતાએ તેમને અવશ બનાવ્યા હતા. લોકમાન્યની સંવત્સરિના પ્રભાતે તેઓ પણ સમાધિ મરણ પામી આપણી વચ્ચેથી વિદાય થયા અને એક પ્રાણવાન જીવનનાં અનેક પ્રેરણાદાયી સ્મરણો મૂકતા ગયા

## શ્રી જયવન્તી બહેનને ધન્યવાદ

જાણીને આનંદ તેમજ ગૌરવ અનુભવાય છે કે ધુલિયાની શહેર સુધરાઇના પ્રમુખસ્થાને ત્યાંના એક વર્ષો જુનાં કાર્યકર્તા એક કચ્છી જૈન બહેન શ્રી જયવંતી બહેન ગુલાબચંદ શાહની ચૂંટણી કરવામાં આવી છે. તેઓ ત્યાંની સુધરાઇના સભ્ય તરીકે વર્ષોથી કામ કરતાં હતાં અને ત્યાંની શાળા બોર્ડના પ્રમુખ તરીકે પણ તેમણે કામ કર્યું છે. ત્યાંના કસતુરબા પ્રસુતિગૃહના તેઓ મંત્રી અને સહકારી ભગિની મંડળના પ્રમુખ પણ છે. ધુલિયાની શહેર સુધરાઇના આ બીજા સ્ત્રી પ્રમુખ છે. આ રીતે પુરૂષોની સરસાઇમાં બહેનોને આગળ આવતી જોઇને અને નાની મોટી અનેક જવાબદારીઓવાળા અધિકારો સંભાળતી નિહાળીને આપણું દિલ પ્રસન્નતા અનુભવે છે. અબળા અબળા મટીને શકિત સ્વરૂપ પ્રગટ કરે છે. નારી જાતિનો ઉત્કર્ષ સમાજના ઉજ્જવળ ભાવીની આગાહી આપે છે. શ્રી જયવંતી બહેનને જૈન સમાજના અભિનંદન ઘટે છે.

## કચ્છી જૈન સર્વોદય કેન્દ્રની શિલારોપણવિધિ

જે સર્વોદય કેન્દ્રની તા. ૧-૭-૫૪ ના પ્રબુધ્ધ જીવનમાં નોંધ લેવામાં આવી હતી તે કેન્દ્રના મકાનની શિલારોપણ વિધિ તા. ૫-૮-૫૪ ના રોજ કચ્છના ચીફ કમીશનર શ્રી એસ. એ. ધાટ્ગેના શુભ હસ્તે ભારે દબદબાપૂર્વક કરવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી રામજી રવજી લાલને નિવેદન કરતાં આ સંસ્થા પોતાના કાર્યક્ષેત્રને સતત વિસ્તારતી રહેશે અને 'કચ્છી જૈન' અને 'સર્વોદય' બે શબ્દો વચ્ચે દેખાતા વિરોધને બને તેટલો નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરશે એવી આશા વ્યકત કરી હતી. શ્રી કેદારનાથજીએ સંસ્થા ઉદાત્ત ઉદ્દેશને આગળ ધરીને મર્યાદિત ક્ષેત્રમાં પોતાના કાર્યનો પ્રારંભ કરતી આ પ્રવૃત્તિને આશીર્વાદ આપ્યા હતા. આપણે પણ સંસ્થાના ભાવી વિષે એવી આશા ચિન્તવીને આ શિલારોપણવિધિને આવકારીએ. જે મકાનની શીલારોપણ વિધિ કરવામાં આવી તે પાંચ માળનું એક ભવ્ય સેવાલય બનવાનું છે અને તેમાં કચ્છી જૈન ભાઇઓ માટે ભોજનાલય, દવાખાનું તથા કલીનીક, જ્ઞાનમંદિર, ધર્મશાળા, આરામગૃહ અને સિધાર્થીગૃહ આટલી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવનાર છે. આપણે આશા રાખીએ છીએ કે આ પાંચે સંસ્થા બહુ થોડા સમયમાં એવા વિકાસને પામે કે બહુ નજીકના ભવિષ્યમાં પાંચ સંસ્થા એક મકાનમાં સમાવાને બદલે પાંચ જુદા જુદા મકાનોમાં પોતપોતાનું કાર્ય કરતી હોય. ઘણું ખરું દરેક સંસ્થાને એક કાર્યકારી વ્યકિત તેના આત્મા સમાન હોય છે. સંસ્થાનો સમગ્ર વિકાસ મોટા ભાગે તેના પુરૂષાર્થ અને તપનું પરિણામ હોય છે. આ સંસ્થાના પ્રાણરૂપ મુનિ શુભવિજયજી છે. જોતજોતામાં આવું એક વિશાળ સેવાવૃક્ષ ઉભું કરવા માટે તેમને જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

## સેવામૂર્તિ મુનિશ્રી ગુલાબચંદ્રજી : એક સ્મરણનોંધ.

આજથી ૨૯ વર્ષ પહેલાં ગાંધીજી કાઠિયાવાડના પ્રવાસે નીકળેલા અને એ પ્રસંગે સોનગઢમાં આવેલ મહાવીર જૈન રત્ન ચારિત્ર આશ્રમની તેમણે મુલાકાત લીધેલી. તેને લગતી તા૦ ૧૨-૪-૫૧ ના નવજીવનમાં નોંધ કરતાં જૈન સાધુઓ સંબધમાં તેઓ જણાવે છે કે:–"દેહની સાથે કર્મ તો જડાયાંજ છે. ખાવું, પીવું, શ્વાસ લેવો, ભિક્ષા અર્થે પર્યટન કરવું, વ્યાખ્યાન દેવા એ કર્મ છે. છતાં તે સાધુ સંન્યાસીઓને સારૂં ત્યાજ્ય નથી ગણાતા, કેમ કે તે કર્મો નિષ્કામ બુધ્ધિથી અને પરમાર્થને અર્થે થાય છે. તે જ બુધ્ધિથી અને તે જ અર્થે સાધુ સંન્યાસીઓનો આ કાળે રેંટિયો ચલાવવાનો ધર્મ છે. સમાજમાંથી આજીવિકા મેળવતા સાધુ સંન્યાસીઓ સમાજનો સંગ્રહ કરવા બંધાયેલા છે. મરકીથી પીડાતી પ્રજાની સેવા સાધુ–સન્યાસીઓ ન કરે તો કોણ કરે? સમાધિમાં બેઠેલો સાધુ કોઇ આર્તનાદ સાંભળી વહારે ન જાય તે સાધુ નથી. સર્પદંશથી પીડાતાને જોઇ સાધુ તેનો દંશ ચુસી પોતે ઝેર ચડવાનું જોખમ ખેડવાને બંધાયેલ છે. તેમજ લોકસંગ્રહ અર્થે આ નિરૂધમી ભૂખથી પીડિત હિંદુસ્તાનને ઉધમી બનાવવાને ભૂખમરો ટાળવા ખાતર રેંટિયો ચલાવતા ચલાવતા એકધ્યાન થઇ નવકારમંત્ર પઢી શકે છે, અને આખા જગતની સાથે એક તાર થઇ શકે છે. એવો સંભવ છે કે ધ્યાનમાં બેઠેલા ઘણા સાધુ સંન્યાસી મંત્રો જપતા અનેક પ્રકારના બીજા વિચારો અને ઇચ્છાઓ કરતા હોય. આવી સ્થિતિમાં પઢેલા મંત્ર ઘણા ભાગે નિરર્થક જ ગણાય. પણ જે સાધુ રેંટિયો ચલાવતા મંત્ર

# आषाढस्य प्रथम दिवसे–

[ કવિકુલગુરૂ કાલિદાસના સુપ્રસિદ્ધ કાવ્ય મેઘદૂતની ઉપરની પંકિતથી શરૂઆત થાય છે. કોઈ પણ અપરાધના કારણે કોઇ એક યક્ષને હિમાલયમાં આવેલી અલકાપુરી છોડીને દક્ષિણ પ્રદેશમાં આવેલ રામગિરિ ઉપર એક વર્ષ ગાળવાની ભગવાન કુબેર શિક્ષા કરે છે. પોતાની પ્રિયતમાના વિરહમાં યક્ષ જેમ તેમ કરીને તે આઠ મહીના ગાળે છે પણ વર્ષાઋતુના પ્રારંભ સાથે યક્ષ અત્યન્ત વિરહવ્યાકુલ બને છે, પોતાની પ્રિયતમાને તીવ્રપણે સંભારે છે અને આકાશમાં આરૂઢ થયેલા અને ઉત્તર દિશા ભણી ગમન કરી રહેલા સ્વજનસમા મેઘરાજની મારફત તન્વીશ્યામા ચારૂલોચના યક્ષિણીને સંદેશો પાઠવે છે. મેઘદૂતની આ કાવ્યવસ્તુ છે. એ જ આષાઢના પ્રથમ દિવસને અનુલક્ષીને કવિસમ્રાટ રવીન્દ્રનાથે એક અદ્‌ભુત કાવ્યાત્મક પત્ર લખેલો જુલાઇ માસના નચિકેતામાં પ્રગટ થયેલ તેનો અનુવાદ નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. આ લેખ દોઢ માસ વહેલો પ્રગટ થઈ શકયો હોત તો વધારે સમયોચિત લેખાત.

**પરમાનંદ**]

શિયાલદહ.

બુધવાર, ૨ આષાઢ, ૧૨૯૯

કાલે 'આષાઢસ્ય પ્રથમ દિવસે' વર્ષાનો નવ રાજ્યાભિષેક ભારે દમામથી ઉજવાઇ ગયો. દિવસના ભાગમાં ખૂબ તાપ રહ્યો, પણ સાંજવેળાએ ધનઘોર વાદળ ઘેરાઈ આવ્યાં.

કાલે મને થયું કે આ વર્ષાનો પ્રથમ દિવસ. આજે અન્ધ-કૂપની અંદર પડી રહીને દિવસ ગાળવો એના કરતાં તો ભીંજાઇ જવું સારૂં. ૧૨૯૯ ની સાલ બીજી વાર આવવાની નથી. વિચારી જોતાં લાગ્યું કે હવે આયુષ્યમાં અષાઢના પ્રથમ દિવસોય કેટલા આવશે! એ બધાનો સરવાળો કરતાં જો ત્રીસેકની સંખ્યા થાય તો તો ખૂબ લાંબું જીવ્યો કહેવાય!

મેઘદૂત લખાયા પછી અષાઢનો પ્રથમ દિવસ એક વિશિષ્ઠ દિવસ તરીકે અંકિત થઇ ગયો છે, કાંઇ નહીં તો મારે માટે તો ખરો જ. મને ઘણીવાર થાય છે કે મારા જીવનમાં આજે બધા દિવસો એક પછી એક આવ્યે જાય છે. કોઇક સૂર્યોદય ને સૂર્યાસ્તથી રંગીન, કોઇ ધનઘોર મેઘે સ્નિગ્ધનીલ, કોઇ પૂર્ણિમાની જ્યોત્સ્નાએ શ્વેત પુષ્પના જેવો પ્રફુલ્લ–એ મારે મન ઓછા સદ્‌ભાગ્યની વાત છે? એની કિમ્મત કાંઇ જેવી તેવી થોડી જ છે?

હજાર વર્ષ પહેલાં કાલિદાસે જે અષાઢના પ્રથમ દિવસનું સ્વાગત કર્યું હતું તે જ, પ્રાચીન ઉજ્જયિનીના પ્રાચીન કવિનો, અનેક કાળના શત શત સુખદુઃખ–વિરહમિલનમય નરનારીઓનો, અષાઢસ્ય પ્રથમ દિવસ મારા જીવનમાં પણ પ્રત્યેક વર્ષે એના સમસ્ત આકાશવ્યાપી ઐશ્વર્યસહિત ઉગે છે, એ અતિ પુરતન અષાઢનો પ્રથમ મહાદિન મારા જીવનમાંથી એક એક કરતાં ઓછો થતો જાય છે. આખરે એક વખત એવો આવશે કે જ્યારે કાલિદાસનો એ દિવસ, ભારત-વર્ષની વર્ષાનો એ ચિરકાલીન પ્રથમ દિન, મારે નસીબે એક પણ બાકી રહેશે નહીં. આનો વિચાર કરૂં છું ત્યારે પૃથ્વીને ફરી એક વાર ધારી ધારીને જોઇ લેવાની ઇચ્છા થઈ આવે છે. થાય છે કે જાણે જીવનના પ્રત્યેક સૂર્યોદયનું જાગૃત રહીને અભિવાદન કરૂં, પ્રત્યેક સૂર્યાસ્તને પરિચિતની જેમ વિદાય દઉં. હું જો સાધુ પ્રકૃતિનો માણસ હોત તો વિચારત કે જીવન નશ્વર છે, આથી બધા દિવસોને વૃથા વેડફી ન દેતાં સત્કાર્યમાં અથવા હરિનું નામ લેવામાં ખરચવા ઠીક. પણ એ મારા સ્વભાવમાં જ નથી. તેથી જ મને કદિક કદિક થાય છે કે આવા સુન્દર દિવસરાત મારા જીવનમાંથી દરરોજ ચાલ્યા જાય છે ને હું એમના સમસ્તને ગ્રહણ કરી શકતો નથી! એના બધા રંગો, એના પ્રકાશ ને છાયા, આ આકાશવ્યાપી નિઃશબ્દ સમારોહ, સ્વર્ગલોક ભૂલોક વચ્ચેના સમસ્ત શુન્યને પરિપૂર્ણ કરી દેનાર શાન્તિ અને સૌન્દર્ય–એને માટે કાંઇ ઓછી તૈયારી ચાલી રહી છે? કેટલું વિશાળ છે ઉત્સવનું ક્ષેત્ર! ને આપણા અંતરમાંથી એને ઘટતો આવકાર સરખોય મળતો નથી! જગતથી કેટલે દૂર આપણે વસીએ છીએ! લાખ લાખ જોજન દૂરથી લાખ લાખ વરસોથી અનન્ત અન્ધકારને માર્ગે યાત્રા કરીને એકાદ તારાનો પ્રકાશ આ પૃથ્વી પર આવી પહોંચે ને આપણા અંતરમાં એ પ્રવેશ કરી શકે નહીં!–એ આપણા અંતરથી લાખ જોજન દૂરનો દૂર જ રહી જાય! રંગીન પ્રભાત અને રંગીન સન્ધ્યા, દિગ્વધૂઓનાં છિન્ન કણ્ઠહારમાંથી એક એક માણેકની જેમ, સમુદ્રના જળમાં સરતાં જાય છે. એમાંના એકેય મારા મનમાં આવીને પડતા નથી. વિલાયત જતી વેળાએ રાતા સમુદ્રના સ્થિર જળમાં જે અલૌકિક સૂર્યાસ્ત જોયો હતો તે આજે કયાં છે? પણ સદ્‌ભાગ્યે એ મારા જોવામાં આવ્યો, સદ્‌ભાગ્યે મારા જીવનમાં એ એક સન્ધ્યા ઉપેક્ષિત થઇને વ્યર્થ ન ગઇ. અગણિત દિવસરાતમાંનો એ એક અત્યન્ત આશ્ચર્યપૂર્ણ સૂર્યાસ્ત મારા સિવાય પૃથ્વીના કોઇ કવિએ જોયો નહીં. મારા જીવનમાં એનો રંગ રહી ગયો છે. એવો એક એક દિવસ તે જાણે મહામૂલ્યવાન ખજાનો! બાગમાંના મારા કેટલાક દિવસો, ત્રીજા માળની અગાસીમાં ગાળેલી કેટલીક રાતો, પશ્ચિમ અને દક્ષિણના વરંડામાં ગાળેલા વર્ષાના દિવસો, ચન્દનનગરની ગંગાની કેટલીક સાંજ, દાર્જિલિંગમાં સિંચલ શિખર પરનો એક સૂર્યાસ્ત અને ચન્દ્રોદય, આવા તો કેટલાય ઉજ્જવલ સુન્દર ક્ષણખંડ જાણે મનમાં 'ફ્રાઇમ' થઇ ગયા છે.

બાલ્યાવસ્થામાં વસંતની ચાંદની રાતે જ્યારે અગાસીમાં પડયો રહેતો ત્યારે ચાંદની જાણે સમુદ્રના શુભ્ર ફીણની જેમ બિલકુલ ઉભરાઇ જઇને મને ડુબાડી દેતી. જે પૃથ્વીમાં આવી પડયો છું તે પૃથ્વી પરના માણસ બધા અદ્‌ભુત જીવ છે. તેઓ દિવસરાત માત્ર નિયમ ઘડે છે ને દીવાલ ચણે છે–રખેને કશું છતું થઇ જાય એ બીકે કાળજીપૂર્વક પડદા પર પડદા ટાંગ્યે જાય છે. ખરે જ પૃથ્વી પરના જીવ ભારે અદ્‌ભુત છે. એ લોકોએ ફુલનાં ઝાડને આખુંય ઢાંકી દે તેવો ઘટાટોપ પહેરાવી દીધો નથી, ચન્દ્રની નીચે ચંદરવો ટાંગી દીધો નથી એ ભારે નવાઇની વાત છે. સ્વેચ્છાએ અંધ બનેલા એ લોકો બંધ પાલખીમાં બેસીને પૃથ્વીમાં થઇને કોણ જાણે શું જોઇને ચાલ્યા જાય છે! જો મારી વાસના ને સાધનાને અનુરૂપ બીજો જનમ મળશે તો આ ઓઢણીમાં ઢંકાયેલી પૃથ્વીની બહાર નીકળીને કોઇક વિશાળ ઉન્મુકત સૌંદર્યના આનન્દલોકમાં જઇને જ હું અવતાર લઇશ. જેઓ સૌન્દર્યમાં સાચેસાચ નિમગ્ન થઈ શકતા નથી તેઓ જ સૌન્દર્યને માત્ર ઇન્દ્રિઓનું ધન કહીને તેની અવજ્ઞા કરે છે. પણ એમાં જે અનિવર્ચનીય ગંભીરતા રહી છે તેનો આસ્વાદ જેમણે લીધો છે તેઓ જાણે છે કે સૌન્દર્ય ઇન્દ્રિયની શકિતથી ય અતીત છે; માત્ર આંખ ને કાન તો દૂર રહ્યાં, સમસ્ત હૃદયથી એમાં પ્રવેશ કરવા છતાંય વ્યાકુળતાનો પાર રહેતો નથી.

હું સદ્‌ગૃહસ્થનો વેશ ધરીને સરિયામ રસ્તે થઇને આવજા કરૂં છું, સદ્‌ગૃહસ્થોની સાથે રીતસર ભદ્રભાવે વાતચીત કરીને જીવનને નિરર્થક વેડફી રહ્યો છું. હું હૃદયથી છું અસભ્ય–અભદ્ર–મારે માટે કયાંય શું કોઇ અત્યન્ત સુંદર અરાજકતા નહીં મળી રહે? કયાંય શું પાગલ લોકોનો આનન્દમેળો નહીં ભરાતો હોય? પણ આ બધું શું બકયે જાઉં છું? કાવ્યના નાયકો આવું બધું બોલે, રૂઢિચુસ્તતા પર ત્રણચાર પાનાં ભરીને મોટી સ્વગતોકિત ઉચ્ચારે ને સમસ્ત માનવસમાજથી પોતાને મોટા માને. સાચું કહો તો આવું બધું કહેતા મને શરમ આવે છે. એમાં જે સત્ય રહ્યું છે તે ઘણા લાંબા સમયથી મોટી મોટી વાતો નીચે દબાઇ ગયું છે. પૃથ્વીમાં બધા મોટી મોટી વાતો કર્યા કરે, તેમાંનો એક હું અગ્રગણ્ય. એકાએક આટલે વખતે મને એનું ભાન થયું.

પુનશ્ચ:–જે મૂળ વાત કહેવા બેઠો હતો તે કહી લઉં. ગભરાશો નહીં, બીજાં ચાર પાનાં ચીતરવાનો નથી. મૂળ વાત એ કે આષાઢના પ્રથમ દિવસે સાંજે મુશળધાર વૃષ્ટિ થઇ ગઇ છે. બસ.

(છિન્નપત્ર)

**રવીન્દ્રનાથ ઠાકુર**

# પુસ્તક પરિચય

**ગણધરવાદ :** લેખક, પંડિત દલસુખભાઇ માલવણિયા; પ્રકાશક : ગુજરાત વિદ્યા સભા, ભદ્ર, અમદાવાદ; કીમત રૂ. ૧૦.

ગુજરાતી ભાષામાં નિર્માણ થયેલ દાર્શનિક સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવવાની યોગ્યતાવાળા આ ગ્રંથ સંબંધે માહીતી આપતાં પંડિત સુખલાલજી જણાવે છે કે "શ્વેતાંબર (જૈન) પરંપરાના સંસ્કાર ધરાવતો શ્રધ્ધાળુ ભાગ્યે જ કોઇ એવો હશે જેણે ઓછામાં ઓછું પજ્જુસણના દિવસોમાં કલ્પસૂત્ર સાંભળ્યું ન હોય. કલ્પસૂત્ર મૂળમાં તો નહિ પણ તેની ટીકાઓમાં ટીકાકારોએ ભગવાન મહાવીર અને ગણધરોના મીલનપ્રસંગે ગણધરવાદની ચર્ચા ગોઠવી છે. મૂળે આ ચર્ચા 'વિશેષાવશ્યક ભાષ્ય'માં આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિસ્તારથી કરી છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' એ જૈન પરંપરાના આચારવિચારને લગતા નાના મોટા લગભગ તમામ મુદ્દાને સ્પર્શતો તેમ જ એ મુદ્દાઓની આગમિક દ્રષ્ટિએ તર્કપુરઃસર ચર્ચા કરતો અને તે તે સ્થાને સંભવિત દર્શનાન્તરોનાં મન્તવ્યોની સમાલોચના કરતો એક આકરગ્રંથ છે. તેથી આચાર્યે તેમાં ગણધરવાદનું પ્રકરણ પણ એ જ માંડણીપૂર્વક દાખલ કર્યું છે. એમાં જૈન–પરંપરા સમ્મત જીવ–અજીવ આદિ નવ તત્વોની પ્રરૂપણા ભગવાન મહાવીરના મુખે આચાર્યે એવી રીતે કરાવી છે કે જાણે પ્રત્યેક તત્વનું નિરૂપણ ભગવાન તે તે ગણધરની શંકાના નિવારણ અર્થે કરતા હોય. દરેક તત્વની સ્થાપના કરતી વખતે તે તત્વથી કોઇ પણ અંશે વિરૂધ્ધ હોય એવા અન્ય તૈર્થિકોનાં મન્તવ્યોનો ઉલ્લેખ કરી ભગવાન તર્ક અને પ્રમાણ દ્વારા પોતાનુ તાત્વિક મન્તવ્ય રજુ કરે છે. તેથી પ્રસ્તુત ગણધરવાદ એ જૈન તત્વજ્ઞાનને કેન્દ્રમાં રાખી વિક્રમના સાતમા સૈકા સુધીના ચાર્વાક, બૌધ્ધ અને બધા વૈદિક–એમ સમગ્ર ભારતીય દર્શન પરંપરાની સમાલોચના કરતો એક ગંભીર દાર્શનિક ગ્રંથ બની રહે છે. એવા ગ્રંથનુ પં. શ્રી. દલસુખ માલવણિયાએ જે અભ્યાસ, નિષ્ટા અને કુશળતાથી ભાષાન્તર કર્યું છે તેમ જ તેની સાથે જે અનેકવિધ જ્ઞાનસામગ્રી પુરી પાડતાં પ્રસ્તાવના, પરિશિષ્ટ આદિ લખ્યાં છે એનો વિચાર કરતાં કહેવું પડે છે કે યોગ્ય ગ્રંથનું યોગ્ય ભાષાન્તર યોગ્ય હાથે જ થયું છે" આ દલસુખભાઇ માલવણિયા બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પંડિત સુખલાલજીના સ્થાને નિયુકત થયેલા જૈન દર્શનના અધ્યાપક છે.

પ્રસ્તુત ગ્રંથમાં ધ્યાન ખેંચવા લાયક વિશેષતાઓનો પંડિત સુખલાલજી નીચે મુજબ યથાર્થ નિર્દેશ કરે છે?

(૧) મૂળ, ટીકા અને તેના કર્તાઓને લગતી પરંપરાગત તેમ જ અતિહાસિક માહિતીનું દોહન કરીને તેને પ્રસ્તાવનામાં સાધાર રજુ કરવામાં આવેલ છે, જે ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકન કરનારનું પ્રથમ ધ્યાન ખેંચે છે.

(૨) જૈન–દર્શન સંમત નવ તત્વો (જીવ, અજીવ, પાપ, પુણ્ય, આસ્રવ. બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ)ના વિચારનો વિકાસ પ્રાચીન કાળથી ચાલી આવતી અન્ય અનેકવિધ દર્શનપરંપરાઓની વચ્ચે કેવી રીતે થયો છે તેનું કાળક્રમથી તુલનાપૂર્વક એવી રીતે નિરૂપણું કરવામાં આવ્યું છે કે જેમાં વેદ, ઉપનિષદ, બૌધ્ધ, પાલી અને સંસ્કૃત ગ્રંથો તેમજ વૈદિક લેખાતાં લગભગ બધાં જ દર્શનોના પ્રમાણભૂત ગ્રંથોનું અવલોકન આવી જાય. આ વસ્તુ તુલનાત્મક દ્રષ્ટિએ દાર્શનિક અભ્યાસ કરનારનું ખાસ ધ્યાન ખેંચે છે.

(૩) નવ તત્વોનો આત્મા, કર્મ અને પરલોક એ ત્રણ મુદ્દામાં સંક્ષેપ કરી તેની દર્શનાનન્તર સંમત એ જ પ્રકારના વિચારો સાથે વિસ્તારથી એવી તુલના કરવામાં આવી છે કે જેથી વાંચક તે તે મુદ્દા પરત્વે ભારતીય દર્શનોના વિચારો સરળતાથી એક જ સ્થાને જાણી શકે.

આ આટલો પરિચય પ્રસ્તુત ગ્રંથનું મહત્ત્વ અને ઉપયોગીતા સમજવા માટે પૂરતો છે. ગણધરવાદનો અનુવાદ તત્ત્વજિજ્ઞાસુ સમજી શકે એવી સરલ અને મિત ભાષામાં કરવામાં આવ્યો છે. પણ આથી વિશેષ આકર્ષક તો અનુવાદકની લગભગ ૧૫૦ પાનાની પ્રસ્તાવના અને તેમાં પણ વિષયપ્રવેશવિભાગ છે. આ વિભાગમાં ૧૧ ગણધરોનાં ૧૧ શંકાસ્થાનો નીચે મુજબ રજુ કરવામાં આવ્યા છેઃ–

(૧) જીવનું અસ્તિત્વ (૨) કર્મનું અસ્તિત્વ (૩) તજ્જીવ-તચ્છરીર–અર્થાત જીવ અને શરીર એક જ છે, (૪) ભૂતોનું અસ્તિત્વ, (૫) આ ભવ પરભવનું સાદ્દશ્ય, (૬) બંધ, મોક્ષનું અસ્તિત્વ, (૭) દેવોનું અસ્તિત્વ, (૮) નારકોનું અસ્તિત્વ (૯) પુણ્ય–પાપનું અસ્તિત્વ (૧૦) પરલોકનું અસ્તિત્વ (૧૧) નિર્વાણનું અસ્તિત્વ.

અને આ બધા મુદ્દાઓને આત્મવિચાર, કર્મવિચાર અને પરલોક વિચારમાં સમાવિષ્ટ કરીને શ્રી દલસુખભાઇએ ત્રણે વિષયોની ખૂબ સુન્દર છણાવટ કરી છે અને આ વિષયને લગતાં જૈન દર્શનનાં તાત્વિક મન્તવ્યો રજુ કરવા સાથે અન્ય ભારતીય દર્શનોનાં મન્તવ્યો અને આ મન્તવ્યોમાં કેટલું બધું મળતાપણું અથવા તો નજીકપણું છે તેનું અદ્ભુત સમન્વયાત્મક નિરૂપણ કર્યું છે. આ વાંચતાં શ્રી દલસુખભાઇના દર્શનશાસ્ત્રોના વિશાળ અવગાહનનો, તેમના સમન્વયને શોધતા મૌલિક ચિન્તનનો અને ઉચ્ચ કોટિના પ્રજ્ઞાપ્રસાદનો આપણને ખૂબ મીઠો–બુધ્ધિરોચક અનુભવ થાય છે, અનેક અસ્પષ્ટ બાબતો સ્પષ્ટ થાય છે, અને સ્પષ્ટ લાગતી બાબતોનું ઉંડું હાર્દ પ્રત્યક્ષ થાય છે. આવો વિશિષ્ટ કોટિનો દાર્શનિક ગ્રંથ નિર્માણ કરવા માટે શ્રી દલસુખભાઇને ખાસ કરીને જૈન સમાજના અનેક અભિનન્દન ઘટે છે. તત્વરૂચિ ધરાવતા જિજ્ઞાસુઓએ પ્રમાણમાં મોંઘો હોવા છતાં પણ આ ગ્રંથ અવશ્ય વસાવવા યોગ્ય છે. **પરમાનંદ**

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

આપને પરિપત્ર દ્વારા આગામી ઓકટોબર માસમાં ઉજવવા ધારેલ સંઘના રજત મહોત્સવની વિગતો જણાવવામાં આવી છે અને તે અંગે થનાર ખર્ચને પહોંચી વળવા માટે દરેક સભ્યને રૂ. ૧૦ અથવા તેથી વધારે રકમ રજત મહોત્સવ ફંડમા ભરવાની વિનંતિ કરવામાં આવી છે. નજીક આવી રહેલ પર્યુષણ વ્યાખ્યનમાળાનો પૂરો લાભ લેવા અને તે દરમિયાન ઉપર જણવેલ રૂ. ૧૦ અથવા વધારે રકમ અને આપનું લવાજમ હજુ સુધી આપે ભર્યું ન હોય તો તેના રૂ. ૫] ભરી જવા આપને પ્રાર્થના કરવામાં આવે છે.

**મંત્રીઓ મુંબઈ જૈન યુવક સંઘ**

**વિષયસૂચિ** પૃષ્ઠ

| | | |
|---|---|---|
| નિષ્પક્ષ લોકશાહી ? | પરમાનંદ | ૬૫ |
| સંઘ સમાચાર | | ૬૮ |
| આચાર્યશ્રી તુલસીગણીની સંઘઆયોજિત વ્યાખ્યાન સભા | | ૬૯ |
| યાત્રાનું ભાતું | નારાયણ દેશાઇ | ૭૦ |
| **પ્રકીર્ણ નોંધ :** નીરાનું વેચાણ બંધ કરો !, માંડલના મફાભાઇનું પરલોકગમન, શ્રી જયવન્તી બહેનને ધન્યવાદ. કચ્છી જૈન સર્વોદય કેન્દ્રની શિલારોપણવિધિ, સેવામૂર્તિ મુનિશ્રી ગુલાબચંદ્રજી, ભગવાન મહાવીર બ્રાહ્મણ સંતાન હતા કે ક્ષત્રીય સંતાન ? | પરમાનંદ | ૭૦ |
| આષાઢસ્ય પ્રથમ દિવસે | રવીન્દ્રનાથ ઠાકુર | ૭૩ |
| પુસ્તક પરિચય | પરમાનંદ | ૭૪ |

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧ ૧૯૫૪, બુધવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રવૃત્તિલક્ષી કલ્યાણમાર્ગ

(સૌરાષ્ટ્રમાં સોનગઢ ખાતે શ્રી. મહાવીર જૈન રત્નચારિત્ર આશ્રમ નામની સંસ્થાએ થોડા સમય પહેલાં પોતાનો રજતમહોત્સવ ઉજવ્યો. એ સંસ્થાના મૂળ સ્થાપક શ્વે. મૂ. મુનિશ્રી ચારિત્રવિજયજી અને સ્થાનકવાસી મુનિશ્રી રત્નચંદ્રજી હતા. આજે એ બન્ને મહાપુરૂષો વિદેહ થયા છે અને એ સંસ્થાનું સંચાલન મુનિશ્રી કલ્યાણચંદ્રજી તથા મુનિશ્રી ગુલાબચંદજી કરે છે. આ સંસ્થા એક પ્રકારનું છાત્રાલય છે અને તેમાં માધ્યમિક ધોરણોમાં અભ્યાસ કરતા એસ. એસ. સી. સુધીના લગભગ સો એક જૈન વિદ્યાર્થીઓને ખાવા પીવા રહેવા વગેરેની સગવડ આપવામાં આવે છે અને ભણવા માટે આ વિદ્યાર્થીઓ ગામની હાઈસ્કૂલમાં જાય છે. આ સંસ્થા તરફથી એક સુન્દર રજત મહોત્સવ અંક પ્રગટ કરવામાં આવ્યો છે અને આ અંકમાં સંસ્થાને લગતી જરૂરી માહિતીઓ, સંસ્થાના મુખ્ય સૂત્રધારો સ્વ. મુનિશ્રી ચારિત્રવિજયજી અને વિદ્યમાન મુનિશ્રી કલ્યાણચંદ્રજીનો પરિચય કરાવતી કેટલીક હકીકતો, તે બન્નેના તેમ જ અન્ય વિદ્વાનોના કેટલાક લેખો તથા સંસ્થાને લગતી કેટલીક છબીઓ આવી વિપુલ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંક (કિંમત રૂ. ૫) સંસ્થાના સંચાલકને સોનગઢ લખવાથી મળી શકશે.

આ અંકમાં પંડિત સુખલાલજીના લેખનો નીચેનો ઉપયોગી વિભાગ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. આ લેખ જૈનપરંપરામાં રહેલી નિવૃત્તિ-ધર્મની એકાંગી કલ્પના સામાજિક પ્રગતિમાં કેટલી બાધક નીવડી છે, શક્તિશાળી પુરૂષોના પુરૂષાર્થને ફાલવા ફુલવામાં કેવી અન્તરરાયરૂપ બની છે, અને તેના અનુસંધાનમાં નિવૃત્તિમાં પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં નિવૃત્તિ એ પ્રકારની સમન્વયસાધનામાં પ્રચલિત નિવૃત્તિવિચારનું રૂપાન્તર કરવું શા માટે આવશ્યક છે તે સંબંધે આપણને સ્પષ્ટ માર્ગદર્શન કરાવે છે. **પરમાનંદ**)

સ્વસ્થ માણસને બે ફેફસાં હોય છે. બન્ને યોગ્ય રીતે કામ કરે ત્યારે જ જીવનનો સંવાદ સચવાય છે. એક બગડે, નબળું પડે કે કાઢી નાંખવામાં આવે ત્યારે જીવન ચાલતું હોય તોય તે એક રીતે બહુ પામર ને પાંગળા જેવું બની જાય છે. વ્યક્તિ–ધર્મ અને સમાજ-ધર્મની પણ કાંઇક એવી જ દશા છે. કોઇ વ્યક્તિ જ્યારે અંતર્મુખ થઇ પોતાની શક્તિઓને વિકસાવવા ઇચ્છે ત્યારે તેને માટે પહેલું કામ એ હોય છે કે પોતાનામાં રહેલી ખામીઓને ટાળે; પણ સાથે જ તેણે ખરેખર શક્તિઓ વિકસાવવી હોય તો તેને બીજું એ કામ કરવાનું હોય છે કે, તે પોતામાં રહેલી શક્તિઓને વધારેમાં વધારે વિવેકપૂર્વક યોગ્ય માર્ગે વાળે અને તેનો ઉપયોગ કરે. આમ કરે તો જ એનો વૈયક્તિક ધર્મ સચવાય અને વિકાસ પામે. સમાજધર્મની પણ એ જ રીત છે. કોઈ પણ સમાજ સબળ થવા ઇચ્છે ત્યારે તેણે નબળાઈઓ ખંખેરવી જ રહી. પણ તે પરિસ્થિતિ પ્રમાણે શક્તિઓને કામમાં ન લે તો એ નબળાઇઓ ખંખેરાતી દેખાય છતાં પાછલા બારણેથી દાખલ થતી જ રહે છે અને પરિણામે એ સમાજ ક્ષીણ જેવો જ બની રહે છે.

ધર્મનો ઇતિહાસ તપાસીએ તો એમ જણાય છે કે ક્યારેક તે વિશેષ બહિર્લક્ષી બને છે અને ક્યારેક અંતરલક્ષી. જ્યારે સાચા અર્થમાં ધર્મ અંતરલક્ષી હોય છે ત્યારે તે મુખ્યપણે વ્યક્તિમાં વિકાસ પામે છે. કોઇ એક વ્યક્તિ ખરેખર અંતરલક્ષી હોય ત્યારે એની આસપાસ સમાજ આકર્ષાય છે. સમાજમાનસ એવું છે કે તેને સંતોષવા સ્થૂળ પણ રસદાયક પ્રવૃત્તિઓ જોઈએ. એ વલણમાંથી અંતરલક્ષી વ્યક્તિની આસપાસ પણ ક્રિયાકાંડો, ઉત્સવો અને વિધિ-વિધાનોની જમાવટ થાય જ છે. આ જમાવટનું જોર વધતાં જ્યારે અંતરલક્ષી વલણ મંદ થઇ જાય છે, કે ક્યારેક સાવ ભુંસાઈ જાય છે, ત્યારે વળી કોઇ વિરલ વ્યક્તિ એવું વલણ આણવા પ્રયત્ન કરે છે. એ પ્રયત્નમાંથી પાછો એકાદ નવો ફાંટો જન્મે છે અને કાળક્રમે તે ફાંટામાં પણ સમાજમાનસ પોતાને અનુકૂળ હોય એવા ક્રિયાકાંડો અને ઉત્સવો યોજે છે. આમ ધર્મવૃત્તિને સંતોષવાના પ્રયત્નમાંથી જ નિવૃત્તિ અને પ્રવૃત્તિની બે બાજુઓ ઉભી થાય છે. ક્યારેક બંને સાથે ચાલે છે, ક્યારેક એકનું પ્રાધાન્ય હોય તો ક્યારેક બંને પરસ્પર અથડાય છે.

જૈન પરંપરા મૂળે અંતરલક્ષી અને તેથી કરીને વ્યક્તિગત નિવૃતિ–બાજુમાંથી શરૂ થઇ છે. હિંસા ન કરવી, મનનો નિગ્રહ કરવો, ઉપવાસ અને બીજા એવા વ્રતો દ્વારા તપ સાધવું એ બધું નિવૃત્તિમાં આવે છે. નિવૃત્તિનો આશય મૂળે તો ચિત્તગત દોષોને રોકવાનો જ છે, પણ એવી સૂક્ષ્મ સમજ કાંઇ સૌને હોતી નથી. એટલે સામાન્ય રીતે નિવૃત્તિની શરૂઆત જુદી રીતે થાય છે. જે જે નિમિત્તો દોષના પોષક થવા સંભવ હોય તેને ત્યજવા એ નિવૃત્તિનો સ્થૂળ અર્થ અસ્તિત્વમાં આવે છે. આ અર્થ સમાજગત રૂઢ થતાં કાંઇક એવું જ વાતાવરણ સર્જાય છે કે, જ્યારે કોઇને પણ ધર્મની ભૂખ જાગે ત્યારે પ્રથમ એવાં નિમિત્તો ત્યજવા તે તૈયાર થાય છે પણ જેમ એકજ ફેફસાથી જીવન સ્વસ્થપણે નથી ચાલતું તેમ માત્ર તેવાં નિમિત્તો ટાળવાથી વૈયક્તિક કે સામાજિક ધર્મનું જીવન નિર્વિકારપણે નથી ચાલતું. કારણ એ છે કે જે નિમિત્તો દોષના પોષક માની ત્યજવામાં આવે તે નિમિત્તો કાંઇ એકાંત દોષના પોષક બને જ એમ નથી હોતું. દોષનું મૂળ ચિત્તમાં હોય છે. જો એ મૂળ કાયમ હોય તો જ એવાં નિમિત્તો દોષનાં પોષક બને છે. જો એ મૂળ ચિત્તમાં ન હોય કે અલ્પ હોય તો તેટલા પ્રમાણમાં બહારના નિમિત્તો પણ દોષના પોષક નથી થતાં કે ઓછાં થાય છે. એ જ રીતે ચિત્તગત દોષો ઓછા કરીએ તેની સાથે સાથે ચિત્તની શક્તિઓને વિકસાવવા, બહલાવવા, અને તેનાં લોકહિતકારી પરિણામો લાવવા માટે પણ એજ બાહ્ય-નિમિત્તો ઉપયોગી બને છે. ચિત્તગત દોષોને કારણે જે સાધનો વ્યક્તિ કે સમાજને નીચે પાડે છે તે જ સાધનો ચિત્તશુધ્ધિ અને વિવેક જાગતાં વ્યક્તિ અને સમાજને ચઢવામાં ઉપકારક બને છે. આ વસ્તુ ભુલાઇ જવાથી નિવૃત્તિની બાજુ પ્રબળ થાય છે, ત્યારે બાહ્ય ત્યાગ ઉપર ભાર અપાય છે અને પરિણામે શક્તિવિકાસ રૂંધાઇ જાય છે. એક બાજુથી અંતરગત દોષો કાયમ હોય છે અને બીજી બાજુથી જીવનની સાધક શક્તિઓને વિકસાવવા જોઇતું પ્રવૃત્તિક્ષેત્ર મળતું નથી.

જૈન પરંપરાના ઇતિહાસમાં બીજી નિવૃત્તિલક્ષી પરંપરાઓની પેઠે આ વસ્તુ અનેક રીતે જોવા મળે છે. કાંઇક સમાજમાનસ એવું ઘડાઇ જાય છે કે પછી તે પૂર્વપરંપરા છોડી એકાએક પ્રવૃત્તિક્ષેત્ર પસંદ કરતું નથી અને નિવૃત્તિનો સાચો ભાવ પચાવી શકતું નથી. તેને લીધે આ માનસ નિવૃત્તિની કૃત્રિમ સપાટી ઉપર રમતું હોય છે અને પ્રવૃત્તિમાં મકકમપણે સમજપૂર્વક ભાગ લઇ શકતુ નથી; ને તે વિના રહી પણ શકતું નથી. એટલે તેની દશા ત્રિશંકુ જેવી બને છે. આવી ત્રિશંકુ દશા આખા ઇતિહાસકાળ દરમિયાન ઓછાવત્તા પ્રમાણમાં દેખાય છે. તેમાંથી ઉધ્ધરવાના પ્રયત્નો સાવ નથી થયા એમ તો નથી; પણ તે સમાજમાનસના મૂળ ઘડતરમાં વધારે ફેર પાડી શકયા નથી.

બૌદ્ધ, જૈન અને સંન્યાસ કે પરિવ્રાજક એ ત્રણ પરંપરાઓ મૂળે નિવૃત્તિલક્ષી છે. વૈયકિતક મોક્ષનો આદર્શ એ બધામાં એક-સરખો હોવાથી એમાં વૈયકિતક સુખ અને વૈયકિતક ચારિત્રનું તત્વ-જ્ઞાન પ્રધાનપદ ભોગવે છે, જ્યારે પ્રવૃત્તિલક્ષી ધર્મમાં સામૂહિક સુખની દૃષ્ટિ મુખ્યપણે હોવાથી એમાં સામૂહિક ચારિત્રના ઘડતર ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. નિવૃત્તિધર્મ અને પ્રવૃત્તિધર્મનું તત્ત્વજ્ઞાન એ રીતે કાંઇક જુદું પડતું હોવાથી વ્યવહારમાં એનાં પરિણામો પણ જુદા આવેલાં નોંધાયાં છે, અને અત્યારે પણ એ પરિણામો જુદા આવતાં અનુભવાય છે. બૌધ્ધ પરંપરા મૂળે નિવૃત્તિ-લક્ષી હતી, છતાં તેમાં પ્રવૃત્તિધર્મનાં પોષક બીજો પ્રથમથી જ હતાં. તેને લીધે તે બહુ વિસ્તરી પણ શકી. અને એ વિસ્તારે જ તેને પ્રવૃત્તિધર્મનું કે મહાયાનનું રૂપ લેવાની ફરજ પાડી. જે ભાગ મહાયાનીરૂપે અસ્તિત્વમાં આવ્યો તે જ પ્રવૃત્તિધર્મના આંતરિક બળને લીધે દૂર દૂર અતિ વિશાળ પ્રદેશો ઉપર ફરી વળ્યો અને લોકગમ્ય પણ બન્યો. જ્યારે બીજો નિવૃત્તિલક્ષી માર્ગ પ્રમાણમાં બહુ મર્યાદિત રહ્યો, જે હીનયાન તરીકે જાણીતો છે.

નિવૃત્તિલક્ષી પરિવ્રાજક પરંપરામાં પણ ક્રાંતિ થઇ અને ગીતા જેવા અનુપમ ગ્રંથે એ નિવૃત્તિનું આખું સ્વરૂપ જ એવું બદલી નાંખ્યું કે નિવૃત્તિ કાયમ રહે અને પ્રવૃત્તિને સંપૂર્ણ અવકાશ મળે. એ જ નિવૃત્તિપ્રવૃત્તિનો ગીતાપ્રતિપાદિત સુભગ સમન્વય અનાસક્ત-કર્મયોગ તરીકે જાણીતો છે. અને એ કર્મયોગે બહુ મોટા માણસો નીપજાવ્યા પણ છે, અને આજે પણ એની અસર ચોમેર વધતી જ દેખાય છે.

બૌધ્ધ ઉપદેશમાં જે પ્રવૃત્તિધર્મનાં પોષકબીજો હતાં તેને ક્રાંતિકારી વિચારકોએ એવાં વિકસાવ્યાં તેમજ એ રીતે અમલમાં મૂકયાં કે તેને લીધે નિવૃત્તિના હિમાયતી હીનમાર્ગીઓ બહુ પાછા પડી ગયા. એ જ રીતે પરિવ્રાજક ધર્મના સૂત્રને અવલંબી જે અનાસકત કર્મયોગ વિકસ્યો તેને લીધે નૈષ્કર્મ્યસિધ્ધિનો નિવૃત્તિલક્ષી શંકરાચાર્યપ્રતિપાદિત માર્ગ પાછળ પડી ગયો, અને શંકરાચાર્યના જ તત્વજ્ઞાન ઉપર અનાસકત કર્મયોગની સ્થાપના થઇ. આ રીતે બૌધ્ધ અને પરિવ્રાજક બન્ને નિવૃત્તિ-પરંપરાએ પ્રવૃત્તિને પુષ્કળ અવકાશ આપ્યો અને માનવીય સમગ્ર શકિતઓને નવું નવું સર્જન કરવાની પૂરી તક આપી, જેનાં પરિણામો સાહિત્ય, કળા, રાજકારણ આદિ વિવિધક્ષેત્રે જાણીતાં છે.

જૈનપરંપરાનું મૂળગત નિવૃત્તિલક્ષી દ્રષ્ટિબિંદુ બદલાયું નહિં. કાળબળ અને બીજાં બળો જુદી અસર ઉપજાવવા મથ્યાં, પણ એમાં નિવૃત્તિલક્ષી ધર્મ એટલો બધો દૃઢમૂળ અને એકાંગી રહ્યો છે કે છેવટે તે પરિવર્તનકારી બળો ફાવ્યાં નથી અને ફાવ્યાં હોય તો બહુ જુજ પ્રમાણમાં અને તે પણ કાયમી તો નહિં જ. આ વસ્તુ-સ્થિતિ આપણે ઇતિહાસ ઉપરથી જાણી શકીએ છીએ.

રાજકારણમાં તિલકને અનોખું સ્થાન અપાવનાર એ તેમનો અવિચળ કર્મયોગ જ છે. ગાંધીજીનું જીવનનાં સમગ્ર પાસાઓને સ્પર્શતું અદ્દભૂત વ્યકિતત્વ એ તેમના અનાસકત કર્મયોગને જ આભારી છે. શ્રી વિનોબા વેદાંત અને શાંકર તત્વજ્ઞાનના એકનિષ્ઠ અભ્યાસી છતાં જે લોકવ્યાપી વિચાર અને કાર્યની ક્રાંતિ કરી રહ્યા છે તેની પૃષ્ઠભૂમિકા કે તેનું પ્રેરકબળ એ તેમના ગીતાપ્રતિપાદિત અનાસકત કર્મયોગમાં રહેલું છે શાંતરક્ષિત જેવા નાલંદા વિદ્યાપીઠના આચાર્ય એંસી વર્ષની ઉંમરે તિબેટ જેવા અતિ ઠંડા અને દુર્ગમ પ્રદેશમાં જઇ એકસોદશ વર્ષની ઉમર લગી સતત કામ કરતાં રહ્યા એ મહાયાનની ભાવનાનો સબળ પુરાવો છે. જૈન પરંપરામાં એવા પુરૂષો પાકવાનો સંભવ જ નથી એમ માનવાને કોઇ કારણ નથી. ઉલટું એમ કહી શકાય કે જુદે જુદે સમયે એમાં પણ વિશિષ્ટ પુરૂષાર્થી વ્યકિતઓ પેદા થઇ છે; છતાં એ પરંપરાનું મૂળ બંધારણ જ એવું છે કે કોઇ એક સમર્થ વ્યકિત કાંઇક ક્રાંતિકારી કામ વિચારે કે પ્રારંભે ત્યાં તો તત્કાળ કે થોડા વખત પછી તેનાં મૂળ જ ઉખડી જવાનાં. આને લીધે જૈન પરંપરામાં જે નવા નવા ફાંટા કાળક્રમે પડતા ગયા તે બધા આત્યંતિક નિવૃત્તિ અને ક્રિયાકાંડના આધાર ઉપર જ પડયા છે. એક પણ એવો ફાંટો નથી પડયો કે જેના પુરસ્કર્તાએ જૈનપરંપરામાં નિવૃત્તિધર્મને પ્રવૃત્તિધર્મનું વ્યવસ્થિત રૂપ આપવાની હિમાયત કરી હોય. આને લીધે શકિતશાળી માણસોની પ્રતિભાને પરંપરામાં સમગ્ર પ્રકારની વિધાયક પ્રવૃત્તિઓ વિકસાવવાની તક મળતી નથી અને તેથી તે પરંપરા ગાંધી કે વિનોબાની કોટિનાં માણસોને ભાગ્યે જ જન્માવી કે પોષી શકે. માનવતા કે રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ પણ આ એક પ્રત્યવાય જ કહેવાય.

આપણે જોઇએ છીએ કે સંતબાલે વિચાર અને વિવેકપૂર્વક પ્રવૃત્તિધર્મ સ્વીકાર્યો છે, પણ નિવૃત્તિનો સાચો અર્થ નહિ સમજનાર જૈન સમાજ તેમને ભાગ્યે જ સાથ આપે છે. આચાર્ય તુલસીગણિ માનવધર્મ લેખે અણુવ્રતના વ્યાપક વિચાર રજૂ કરે છે, તેમાં પણ તેમને પ્રવૃત્તિની કોઇ પણ વિધાયક બાજુ રજુ કરતાં ખચકાવું પડે છે. જો એકાંગી નિવૃત્તિસંસ્કારનો સાંપ્રદાયિક વળગાડ આડે ન આવતો હોત તો એ જ તુલસીગણિનાં વિધાનો અને તેમની પ્રવૃત્તિ કોઇ જુદાજ રુપમાં હોત એમ કલ્પી શકાય. મુની સમંતભદ્રજી જે હમણાં જ દિગંબર મુનિ બન્યા છે અને જેમણે આખી જીંદગી સમજણપૂર્વક કેળવણીનું ઉદાત્ત કાર્ય કર્યું છે તેઓ જો પોતાના ઉદાત્ત ધ્યેયને વધારે વ્યાપક અને અસંપ્રદાયિક બનાવવા બાહ્ય દિગંબરત્વમાં જ કૌપીન પૂરતો ફેરફાર કરે અને અત્યારે છે તેનાં કરતાં પણ અંતરત્યાગ વધારે કેળવે તોય તેમને સમાજ મુનિ તરીકે ફેંકી દેવાનો અને તેમની શકિતનું કે કાર્યનું મુલ્યાંકન નહિ કરવાનો. આ ધારણા જો સાચી હોય તો એમ કહેવું જોઇએ કે જૈનપરંપરામાં પ્રચલિત નિવૃત્તિધર્મની એકાંગી કલ્પના હવે નભાવવા જેવી નથી અને નભે તો તેને આશરે સર્વાંગીણ વિકાસની શકયતા પણ નથી.

પંડિત સુખલાલજી

## પ્રેમ પંથે

આયુષ્યની અલ્પ મુસાફરીમાં
મળી ગયા આપણ બેઉ કયાંથી?
જાણ્યા ન જાણ્યા નિજને બીજાને,
ત્યાં શે થયા જીવનના જ સાથી?
જોવા મથું સહેજ હું નેણ તારે,
ત્યાં તો ઢળે શે
(મારી જ ઘેલી)
લજ્જાળુ આ પાંપણ નેહ તારે?
ને અંતરે હું ઇહ શું નિહાળતી
અજાણની ઓળખ કાળ પારની?
આયુષ્ય હો અલ્પ, ન કિન્તુ યાત્રા
આ અલ્પ છે આપણી પ્રેમપંથે,
ભવે ભવે યે નવલા સ્વરૂપે
મળી અને આપણુ સ્નેહમાત્રા
વધી રહી શી પરિપૂર્ણ થાવા
અનન્તના પ્રેમમહીં સમાવા?

'દક્ષિણા'માંથી સાભાર ઉધ્ધૃત ગીતા પરીખ

# દાન, દયા, અનુકંપા વિષે તેરાપંથી સંપ્રદાયની દૃષ્ટિ

મુંબઇ સમાચારના ખબરપત્રીએ કેટલાએક દિવસ પહેલાં આચાર્યશ્રી તુલસીગણિને પ્રશ્ન કરેલો કે "દયા, દાન અને અનુકંપામાં અન્ય જૈન પંથોથી તેરાપંથ ક્યાં આગળ જુદો પડે છે?" તેના જવાબમાં આચાર્યશ્રીએ નીચે મુજબ ઉત્તર આપ્યો હતો:–

"દયા, દાન અને અનુકંપાની બાબતમાં તેરાપંથની માન્યતા એ છે કે રાગ, દ્વેષ તથા મોહરહિત દયા, દાન, અનુકંપા એ આત્મધર્મ છે, મોક્ષની સાધના છે, અને જે રાગાદિથી યુક્ત છે તે આત્મધર્મ અથવા મોક્ષધર્મ હોઈ ન શકે."

આ ઉત્તર વાંચતાં દયા, દાન અને અનુકંપા'ની આગળ 'રાગ, દ્વેષ અને મોહરહિત' એવું વિશેષણ યોજવાનો શો હેતુ હશે એ વિષે વધારે સ્પષ્ટતા મેળવવાના હેતુથી તેમ જ આ વિવાદાસ્પદ દયા દાન વિષે તેરાપંથનું સમગ્ર મન્તવ્ય શું છે તે બરોબર સમજી લેવાના હેતુથી હું આચાર્યશ્રી તુલસી પાસે ગયો અને મેં જણાવ્યું કે "આપનો ઉપર જણાવેલ ઉત્તર મનમાં કંઇ કંઇ તર્કવિતર્કો પેદા કરે છે, પણ એ વિષે હું કાંઇ પણ લખું તે પહેલાં આ આખા પ્રશ્ન વિષે આપના તેરાપંથનું મન્તવ્ય શું છે એ સમગ્રપણે હું સમજી લેવા ઇચ્છું છું, કે જેથી આપને સમજ્યા વિના હું કંઇ પણ લખું એવી ગફલતી મારાથી થવા ન પામે, તેમ જ એ મુજબ કહેવાનું આપના પક્ષે પણ ન રહે." આ મારી વિનંતિ તેમણે માન્ય રાખી અને તેમણે મને સમય આપ્યો અને તેમની સાથે પરસ્પર પૂરા સદ્દભાવપૂર્વક ઠીક લંબાણથી ચર્ચા થઇ. ત્યારબાદ તેમના એક વિદ્વાન શિષ્ય મુનશ્રી નથમલજી સાથે પણ લગભગ બે કલાક ચર્ચા કરી, મને તેમણે ખૂબ શાન્તિથી સાંભળ્યો અને તેમના સંપ્રદાયના મંતવ્યો વિગતથી સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો. આ વિષે વધારે સ્પષ્ટતા થાય એ હેતુથી 'ધર્મ એટલે શું?' એ નામની તેરાપંથી સંપ્રદાયની માન્યતાઓનું વિશદ નિરૂપણ કરતી એક નાની સરખી ચોપડી મને આપવામાં આવી. આ ચોપડી વાંચીને તેમજ ઉપર જણાવેલ ચર્ચાના પરિણામે હું તેમનાં મંતવ્યોને જે રીતે સમજ્યો તેની મેં એક નોંધ કરી અને મુનિશ્રી નથમલજીને આપી. તેમણે એમાં કોઇ કોઇ સ્થળે સુધારાઓ સૂચવ્યા. તે મુજબ સરખી કરીને તે નોંધ આચાર્યશ્રી તુલસીગણી સમક્ષ રજુ કરી. તેમણે પણ એક મુદ્દો ઉમેરવા સૂચવ્યું. તે મુજબ છેવટે નક્કી થયેલી નોંધ તેમણે અનુમત કરી. આ વિષયમાં મારી માફક અન્ય અનેક ભાઇબહેનો કુતુહલ તેમ જ જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. તેથી તેમને જરૂરી પ્રકાશ મળે તે હેતુથી આચાર્યશ્રી તુલસીગણિએ અનુમત કરેલી એ નોંધ અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે:–

"જૈન ધર્મનો મુખ્ય હેતુ સંસારમાં ભ્રમણ કરતા પ્રાણીઓને મોક્ષમાર્ગ તરફ વાળવા એ છે. આ રીતે જૈન ધર્મ એ આત્મધર્મ અથવા મોક્ષમાર્ગ છે. સંયમ અને નિર્જરા મોક્ષમાર્ગના હેતુ છે. અહિંસા માનવીના આચારધર્મનો પાયો છે. અમો અહિંસાવ્રતધારી જૈન પરંપરાને વરેલા હોઇને અહિંસા અને તેના અનુસંધાનમાં દયા, દાન, અનુકંપાનો વિચાર જૈન શાસ્ત્રોના ફરમાન મુજબ કરીએ છીએ. અમે અહિંસાવ્રતધારી હોઇને જે કાર્યમાં નાની સરખી પણ હિંસા રહેલી હોય એવું કાર્ય કરવાનો ઉપદેશ આપી શક્તા નથી. જે કાર્યને અનુમતિ આપવાથી આરંભસમારંભરૂપ હિંસાના નિમિત્ત થવાય અને વિરોધ કરવાથી સમાજશ્રેયમાં બાધા આવે ત્યાં અહિંસાવ્રતધારી મૌન ધારણ કરે. દાખલા તરીકે હોસ્પીટલનિર્માણ.

"ધર્મ અનેક પ્રકારના હોઇ શકે છે. આત્મધર્મ, અથવા મોક્ષધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ કુટુંબધર્મ વગેરે. અમારો સબંધ આત્મધર્મ અથવા મોક્ષધર્મ સાથે છે અને તેને પોષક હોય એવો અમે ઉપદેશ આપીએ છીએ. દાન, દયા તથા અનુકંપા વિષે પણ અમારી આ જ દૃષ્ટિ છે. જે દાન, દયા અથવા અનુકંપા પ્રાણીને અસંયમથી વારે અને સંયમ તરફ લઇ જાય, તે અમારી દૃષ્ટિએ આત્મધર્મની અપેક્ષાએ સાચી દયા, દાન અને અનુકંપા છે. સામાજિક દૃષ્ટિએ આવશ્યક અને ઉપયોગી લેખાતા દાન, દયા અનુકંપા સમાજ સાથે સબધ ધરાવતી ગૃહસ્થ વ્યક્તિઓ પોતાની સામાજિક ફરજ સમજીને આચરે તે સામે અમારો કોઇ વિરોધ નથી, પણ તે સંયમધર્મને પોષક ન હોવાથી અમે તેને આત્મધર્મસાધક કે પુણ્યજનક લેખતા નથી. તાત્વિક દૃષ્ટિએ પુણ્ય અને પાપને આ રીતે જ સમજવા ઘટે છે કે જે કાર્ય પ્રાણીને અસંયમથી વારે અને સંયમ તરફ લઇ જાય તે કાર્ય કરવાથી પુણ્ય થાય. જે કાર્ય પ્રાણીને સંયમથી ચ્યુત કરે અને અસંયમ તરફ ગતિમાન કરે તે કાર્ય કરવાથી પાપ થાય. કોઇ પણ કાર્યનું પુણ્ય પાપ નક્કી કરવા માટે આ સિવાય અમે બીજું કોઇ ધોરણ સ્વીકારતા નથી.

"જૈન ધર્મ આત્માના વ્યક્તિત્વને સ્વીકારે છે. દેહે દેહે પૃથક્ આત્મા છે એમ માને છે. આખા વિશ્વને વ્યાપી રહેલો એક આત્મા છે એમ જૈન ધર્મ માનતો નથી. આ રીતે વિચારતાં અમારી દૃષ્ટિએ વ્યક્તિ એ હકીકત છે, સમાજ એ કલ્પના અથવા ઉપચાર છે. અહિંસા વ્યક્તિગત ધર્મ છે. સામાજિક હેતુથી કરવામાં આવતી સર્વ કોઇ પ્રવૃત્તિ અહિંસામય હોય છે એમ માનવાને કશું કારણ નથી. સમાજની ઐહિક હિતસાધક પ્રવૃત્તિમાં બહુધા હિંસા આવવાની અને તેથી આત્મધર્મની વિરોધી બનવાની. વ્યક્તિગત અને વ્યક્તિ-સાધ્ય મોક્ષ એ જ આધ્યાત્મિક દૃષ્ટિએ સાચું તત્ત્વ છે.

"રાગ, દ્વેષ અથવા મોહથી યુક્ત એવી દયા, દાન કે અનુકંપા એ આત્મધર્મ સંમત દયા, દાન અનુકંપા નથી. સામાજિક દૃષ્ટિએ તેનું ગમે તેટલું મહત્વ હોય, પણ આત્મધર્મની દૃષ્ટિએ તેનું કોઇ મહત્વ નથી. કોઇ પણ જીવને અસંયમથી ઉગારવો એ આત્મધર્મ છે, પણ તેને ઐહિક આફતમાંથી ઉગારવાની પ્રક્રિયા પાછળ આ ભવનો કે પૂર્વભવનો રાગ, દ્વેષ અથવા મોહ અથવા અસંયમ કોઇને કોઇ પ્રકારે હોવાના અને તે આત્મધર્મને અનુરૂપ છે એમ કહી નહિ શકાય.

"આ મુદ્દાના અનુસંધાનમાં તેરાપંથી સંપ્રદાય બિષે ફેલાયેલી એક ખોટી માન્યતાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. કોઇ પણ જીવને બચાવનાર પ્રાણી બચેલ જીવના અવશેષ જીવનના સઘળાં પાપોનો ભાગીદાર થાય છે–આ પ્રકારની તેરાપંથી સંપ્રદાય વિષેની માન્યતા તદ્દન ખોટી અને પાયાવિનાની છે. બચેલો જીવ બચવા બાદ જે કાંઇ સારાં–ખરાબ કર્મો કરે તેનાં પુણ્ય પાપનો સંબંધ માત્ર તે જીવને જ છે અને કોઇ પણ અંશમાં બચાવનારને છે જ નહિ.

"અમારી માન્યતાઓ સંબંધમાં એ પણ ઉમેરવાની જરૂર છે કે અહિંસાવ્રતધારી સર્વ જીવો પ્રત્યે સમાન ભાવથી જુએ છે અને સર્વ કોઇની હિંસાનો ત્યાગ પ્રરૂપે છે અને આ જીવ નાનો અને આ જીવ મોટો, આ પૂર્ણવિકસિત અને આ અલ્પવિકસિત એવા ભેદને અહિંસાની વિચારણામાં સ્થાન આપતો નથી. તથા મોટા જીવ ખાતર નાના જીવની હિંસાના ઔચિત્યને કોઇ પણ સંયોગમાં સ્વીકારતો નથી.

"આ વિચારસરણી જે અહિંસાવ્રતધારી છે તેને લાગુ પડે છે. જે અહિંસાવ્રતધારી નથી અને પોતાના ભોગ ઉપભોગમાં અને પરિગ્રહ-સંચયમાં રચ્યોપચ્યો રહે છે અને કોઇ પણ સામાજિક ફરજના પ્રસંગે ઉપર જણાવેલી વિચારસરણી આગળ ધરીને પોતાની ફરજથી દૂર રહે છે અને કરવાયોગ્ય કશું કરતો નથી અને દેવાયોગ્ય દેતો નથી તે ધર્મના નામ ઉપર પોતાના સ્વાર્થનું જ પોષણ કરે છે એમ અમે જરૂર માનીએ છીએ."

આ રીતે તેરાપંથી સંપ્રદાયની અહિંસા, અને તેના અનુસંધાનમાં દાન, દયા, અનુકંપાને લગતી માન્યતાઓને સ્પષ્ટ આકારમાં રજુ કરવાના મારા આશયમાં મદદરૂપ થવા માટે આચાર્યશ્રી તુલસીગણિનો હું અંતઃકરણથી આભાર માનું છું. તેરાપંથી સંપ્રદાયના આ મન્તવ્યોની આલોચના હવે પછી કરવામાં આવશે.

**પરમાનંદ**

# વરસાદ વરસે છે

## "છોકરાઓ! જલ્દી આવો હો! વાળુ તૈયાર થઈ ગયું છે."

(હજુ આકાશ વાદળઘેરૂં રહે છે; અવારનવાર નાનાં મોટાં ઝાપટાં પડી જાય છે; ઘડિ ઠંડી, ઘડિ ગરમ એવી શીતોષ્ણ ઋતુ ચાલે છે. આવી આબોહવા વચ્ચે વર્ષા અને શરદઋતુને સાંકળતો અને ઘડિમાં મુંબઇના હુંગરશી રોડની સાંકડી ગલી તો ઘડિમાં સૌરાષ્ટ્રનું એક નાનું સરખું ગામડું— એમ અહિંથી ત્યાં અને ત્યાંથી અહિં પરિભ્રમણ કરાવતો બહેન કુન્દનિકાનો આ લેખ ગૃહમાધુરીના પ્રથમ અંકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. તે લેખમાં "છોકરાઓ! જલ્દી આવો હો! વાળુ તૈયાર થઈ ગયું છે." એ પંક્તિ ફરી ફરીને વાંચતાં આપણું નાનપણ અને એ નાનપણમાં આપણને વાળુ માટે બોલાવતી મા તીવ્રપણે યાદ આવે છે. **પરમાનંદ**)

આકાશ હવે ઘેરાવા માંડયું છે. પેલી દૂરની ડુંગરધાર પર વાદળાંઓ ઝૂકી રહ્યાં છે. પવન ખૂબ ઠંડો થઇ ગયો છે. હવામાં પાણીની સુગંધ વહે છે. વૃક્ષનાં ડાળપાંન તરલ બનીને ઝૂલે છે.

પાણીની સુગંધ? હાં...પાણીમાં એક સુગંધ રહેલી છે. જેઓ ખુલ્લી હવામાં ધરતીની ગોદમાં રહે છે એમને એ સુગંધનો પરિચય છે. વૈશાખના વાયરામાં કયારે વર્ષાની મહેક પ્રગટી ઊઠે છે એ વાતની તેમને ખબર છે. એ મહેકનો સ્પર્શ થતાં તેમનાં અંગો પુલકિત થઇ જાય છે. ઋતુઓ સાથે તેમને મિત્રતા બંધાઇ ગઈ છે. એક પછી એક વહી જતા દિવસોની પ્રકાશછાયા સાથે ઉલ્લાસના આરોહ અવરોહ ગૂંથાય છે. એમને માટે આ ઘડિઓમાં આનંદનો કેવો સંદેશ રહેલો છે!

વરસાદ પડવો શરૂ થઇ ગયો છે, હજુ તો ધીરે ધીરે પડે છે. એક પછી એક સિતારના સૂર ઊઠે એમ ફોરાં ડુંગરની ધાર પરથી, વૃક્ષોની ટોચ પરથી, પાંદડાની કિનારી પરથી, મકાનનાં નળીયાં પરથી ધીરે ધીરે નીચે ટપકે છે. ફોરાં ટપકે છે ત્યારે એક પ્રકારનો ચોકકસ અવાજ થાય છે. ઘણાંને એ અવાજ જુદો લાગતો હશે, પણ મને એ અવાજ સાંભળીને દૂર રહી ગયેલી અંધારામાં મળી જતી સંધ્યાઓ યાદ આવે છે, જ્યારે અમે ખૂબ રમતાં અને પછી પાછળથી માનો અવાજ ધીરે ધીરે લંબાઇને આવતો, કાનને સ્પર્શી જતો અને અમને બોલાવતો. ઘરમાં પાછાં વળવાની ઇચ્છા ન થતી પણ ઘન બનતી હવામાં, રસોડામાંથી માના હાથે થતા રોટલા તાવડીમાં પડે એનો ટપ અવાજ સંભળાય, ચૂલાને અજવાળે મા માથા પરનો છેડો સરખો કરે, ભરવાડ આવીને દૂધ આપી જાય......અને બધો વખત ધીમે સાદે, આ ફોરાં જમીન પર ટપકે છે એમ માના ધીરા શબ્દો અમારા શ્રુતિપટ પર ટપકે: છોકરાઓ! જલ્દી આવો હો! વાળુ તૈયાર થઇ ગયું.

વરસાદ ધીરે ધીરે પણ એકધારો વરસે છે. ચારે બાજુ ઉભેલાં મકાનોની બારીઓ ફટોફટ બંધ થતી હું જોઉં છું. શરદી લાગવાને ડરે લોકો ઘરમાં શાલ ઓઢીને બેસે છે. બંધ દીવાલો વચ્ચે વીજળીની બત્તીને અજવાળે કોઇ અંગ્રેજી નવલકથાનું પુસ્તક વાંચે છે.

મને મારૂં ગામ યાદ આવે છે; સો બસો ખોરડાંવાળું, નાનકડાં માટીનાં ઘર ને ઘાસના છાપરાવાળું સાદું ગામ. વર્ષાઋતુ આવે ત્યારે અમારા મનમાં આનંદની મહેફિલ જામી જતી. વર્ષાની ધારે ધારે આકાશને ધરતીનું જે વેળા મિલન થાય તે વેળા અમારા મનની શરણાઇઓમાં પૂવીં અને સૂરો ગુંજી ઊઠતા. અમારા પ્રાણની અંદર વાયુની ગતિ ભરાતી. ખૂબ પવન આવે ત્યારે વૃક્ષો બધાં મૂળમાંથી ડોલી ઊઠતાં. ઘરની છત પરથી ઘાસ અને નળિયાં ઊડવા લાગતાં. કોડિયું પેટાવી અમે ઘરમાં તાપણું સળગાવી એની આસપાસ બેસતાં. કયારેક ખડકીની બહાર આવી જોતાં કે પાણી ઘુંટણસમાણાં ભરાયાં છે કે કેડસમાણાં!

કયારેક બાજુના મકાનમાંથી કોઇકનો ઘેરો સાદ આવે........ ઝમકુબા.... નિરાંતવા છો ને? અને માને બદલે અમે જ એનો મોટેથી ઉત્તર આપી અરસપરસ હસી પડતાં; અને પાણીના પૂરમાં નદીના ઉલ્લસતા યૌવનનું ગીત ગાતાં...ગ્રામ્યભાષાનાં ગીતો, શ્રાવણના વરસાદ જેવા જોશીલા શબ્દો અમારો કંઠ છોડીને નીકળે ત્યારે ઘાસની છતમાં સૂરનો ઘુમ્મટ રચાઈ જાય.

હવે ચારે બાજુ કેવળ પાણીનો અવાજ સંભળાય છે. બધાં મકાનો બંધ કારાગારની જેમ, વર્ષાની સામે કિલ્લો બનીને ઉભાં છે. મનુષ્યો દેખાતાં નથી, પણ હું મારી બારીમાંથી, સામે દેખાતાં આકાશ અને ઘનઘોર હવા ભણી મીટ માંડીને ઉભી છું. આ સપાટ આસ્ફાલ્ટના રસ્તા પરથી શેવોલેટ અને બ્યુક ગાડીઓ ભૂતકાળની સ્મૃતિની જેમ ઝડપથી સરી જાય છે. આ પહેલો વરસાદ છે. રસ્તા પરની ધૂળ પાણીના સંયોગથી લપસણી બની ગઇ છે, રસ્તા ગંદા થઇ ગયા છે. વીજળીની મોટી બત્તીઓનો પ્રકાશ પાણીવાળા રસ્તા પર ચમકે છે, અહીં શું કોઇ પાણીનાં છબછબિયાં કરશે? કાગળની હોડી તરાવવા બાળકોને તેમના માળા પરથી નીચે કોઇ ઉતરવા દેશે?

જે દિવસો વીતી ગયા છે એ મને યાદ આવે છે. ત્યારે અમે વરસાદને કેટલો ઓળખતાં! આકાશના ચહેરા પરની બદલાતી રેખાઓ પરથી અમે ઋતુનો પરિચય મેળવતાં. અહીંના 'વેધર ફોરકાસ્ટ' કરતાં એમાં કેટલી વધુ જીવંતતા હતી! ખેતરોમાં જ્યારે પહેલી વાવણી થતી ત્યારે ઘણીવાર ગોળ ધાણા વહેંચાતા. ગામના લોકો બધા એક બની જતાં. અમે જાણતાં કે અમારાં નાચગાનમાં, મુકત કંઠ ને સૂરતાનમાં હૃદયનો જે મુકતપ્રવાહ વહી રહ્યો છે તે જ પ્રવાહ મા અને દાદીમા, ઘરના જ નહિ ગામના એક એક માણસમાં, આંગણું વાળતા પેલા કરસનમાં ને વેલીમાસીની ઝાંખી પડી ગયેલી આંખોમાં પણ છલકાતો હતો; માત્ર મોટાં લોકો એને અમારી જેમ વ્યકત ન કરતાં. પણ ઘણીવાર આકાશમાં કાળાં વાદળની સવારી આવે ત્યારે મોં ઉચું કરી આકાશવાણી નીરખતાં, ગામના મોટા પટેલનાં નેત્રોમાં આનંદની કેવી ઝલક ઉઠતી! અમારામાંથી કોઇ પાસેથી પસાર થતું હોય તો એને બોલાવીને કહેતા: છોકરાંઓ જોયું! વરસાદ હવે બારણે આવ્યો, ને એટલું બોલતામાં તો એમનો ચહેરો હસી પડતો. ગામમાં તરંગભરી હવા ફેલાઇ જતી. એક છેડેથી બીજે છેડે ધરતી ને માનવીનાં હૃદયો સહગાનમાં ગાઇ ઉઠતાં: વરસાદ બારણે આવીને ઉભો છે. તોરણ બાંધો ને મંગલપૂજાની તૈયારી કરો; વૃક્ષોમાં પાંદડે પાંદડે પ્રાણનો દીપક પેટાવો; આનંદનો શંખ બજાવો; વરસાદ બારણે આવીને ઉભો છે.

શાનો હતો એ આનંદ?

અંધારૂં ગાઢ બનતું જાય છે. વરસાદ અટકયા વિના સતત વરસ્યા કરે છે. હવે મકાનો દેખાતાં નથી, રસ્તા દેખાતો નથી, આકાશ દેખાતું નથી, દેખાય છે માત્ર ઘડિ ઘડિ દોડી જતી મોટરની કણિકા જેવી બત્તીનો સરી જતો પ્રકાશ. આટલા મોટા શહેરના આટલા બધા માણસોની વચ્ચે હું એકલી પડીને આ બારી પાસે ઉભી છું. અહીં વરસાદ એટલે છત્રી, રેઇનકોટ અને ગમબુટની ચિંતા ને વ્યવસ્થા, રેડિયો અને છાપાં દ્વારા મળતા 'રેઇન ફોલ'ના સમાચાર, અટકી જતી વાહનવ્યવસ્થા, ખોરવાઇ જતી રેલગાડીઓ, માંદગીની મોસમ, પર્યટનો અને સહેલગાહોનાં બંધ થઇ જતાં દ્વાર, અકળામણ, અવ્યવસ્થા, જૂનાં ને નવાં મકાનોની દીવાલોમાંથી ઘરમાં ઉતરતાં પાણી.

શાનો હતો પેલો આનંદ?

ત્યાં જાણે કોઇ નૂતન માર્ટનાં દ્વાર ખુલ્લાં થતાં. ઝંખનાના બંધનમાં પૂરાયેલો ધરતીનો આત્મા તૃપ્તિની મુકિતમાં લહેરાતો; આશાની કળીઓ ખીલી ઉઠતી; ધરતી, આકાશ, વૃક્ષો અને માનવીના હૃદયમિલનનો તહેવાર ઉજવાતો. શા માટે અમે એટલાં પ્રસન્ન પ્રસન્ન થઇ જતાં!

હવે એ દિવસો આવશે......સર્જન અને વૃદ્ધિના દિવસો. જ્યાં બી વાવ્યાં છે ત્યાં અંકૂર ફુટશે, ધરતીની સપાટી પર સોનેરી મોલ ને નવ ધાન્યના કલ્લોલ પથરાશે. એકે એક દિવસ આશાનો, પ્રતીક્ષાનો, ઝંખનાનો, સંતોષનો કે વિષાદનો દિવસ બનશે. દિવસનાં નેત્રો મીંચાશે ને રાત્રિની પાંખો ઉઘડશે ત્યારેય અમારી નિદ્રામાં વર્ષાનું જલસંગીત, ધરતીનું ધાન્યગીત ઉઠતું રહેશે, અમારે માટે આ જીર્ણતા ખંખેરી ઉભા થવાના દિવસો આવશે.

હવે એ દિવસો આવશે જયારે શ્રમ અને પ્રસ્વેદનો યજ્ઞ રચાશે. સુકાઇને સંકોચાઇ પડેલી ધરતી ફરી શ્રીમયી શોભામયી બનશે. વિશ્વના હૃદયની ખૂબ નજીક અમે જઇ પહોંચીશું, ભાદરવાના વાદળા-વાળા ઊજાસભર્યા આકાશ નીચે ખેતરોમાં રંગબેરંગી વસ્ત્રો પહેરીને અમે, જેઓ કામ કરે છે એમને મદદ કરાવીશું. અમે બાળકો હોઇને પણ આ દિવસોમાં અમે પણ મહત્વના બની જઇશું.

હવે એ દિવસો આવશે જયારે કાપણીની રાહમાં ઊંચા થયેલાં ને પીળાં, સુવર્ણના રંગમાં ઝુલતાં ડુંડાંઓની સાથે અમે રમીશું. આખું ગામ ખેતરોમાં એકઠું થશે, મોસમનું ગીત ગાતાં અમે કાપણી કરીશું. ખેતરોમાં ખળાં તૈયાર થશે. ગરમ ગરમ પોંકના સ્વાદથી અમારાં મોં ભરાઇ જશે. ચારે બાજુ હશે તૃપ્તિ, પરિપાક, સભરતા, શ્રમની સિદ્ધિ, કાર્ય અને ફળ. એ દિવસોમાં અમારા આનંદનો પાર નહિ રહે. તાળીઓ બજાવી બજાવીને અમે ગાઇશું : અમારૂં કામ સફળ થયું છે. વરસાદે અમારો ભંડાર ભરી દીધો છે. ધરતીનું ક્ષીણ થતું પાત્ર ફરી અક્ષય બન્યું છે.

વરસાદ હવે ઓછો થવા લાગ્યો છે. રાત વધી રહી છે. અવાજ બંધ થઇ ગયા છે, શાંતિ છવાઇ છે. બારણાં બંધ કરીને માનવીઓ સૂઇ ગયા છે. ભર વરસાદની વચ્ચે આ ઉલ્લાસસભર બની જતી નગરીમાં, એક મકાનની બારીમાં હું ઉભી છું. વરસાદનાં ફોરાં વૃક્ષોની ટોચ પરથી, પાંદડાની કિનારી પરથી, મકાનની છત પરથી ધીમે ધીમે ધરતી પર ટપકે છે, વીતી ગયેલી સંધ્યાના સ્મૃતિપટ પરથી, રમવા ગયેલાં છોકરાંને બોલાવતો આ વર્ષાનાં ટપક ટપક થતાં બિંદુઓ જેવો સુરીલો માનો અવાજ ઉઠે છે : છોકરાંઓ ! જલ્દી આવો હો ! વાળુ તૈયાર થઇ ગયું છે.

ભૂત અને વર્તમાન, ગામ અને શહેર, ધરતી અને આસ્ફાલ્ટના રસ્તા, મુક્ત ઉલ્લાસ અને અવ્યવસ્થાની અકળામણ......આ દ્વંદ્વોની વચ્ચે વર્ષાઋતુ આવે છે અને સરી જાય છે. મકાનની બારી બંધ થાય છે, વિચારો થોભે છે......સ્વપ્નો જાગે છે,........નયનો બીડાય છે.

કુન્દનિકા કાપડિયા

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

**તા૦ ૨૫-૮-૫૪ બુધવારના શરૂ કરવામાં આવેલી અને તા૦ ૨-૯-૫૪ ગુરૂવારના રોજ સમાપ્ત થતી પર્યુષણ-વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યો છેઃ-**

| દિવસ | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|
| તા. ૨૫-૮-૫૪ બુધવાર | પ્રાધ્યાપક રામનારાયણ પાઠક | નીતિ અને સૌન્દર્ય |
| ,, | અધ્યાપિકા હીરાબહેન રા. પાઠક | દ્રૌપદી |
| ૨૬-૮-૫૪ ગુરૂવાર | અધ્યાપક રમણલાલ ચીમનલાલ શાહ | હેમચંદ્રાચાર્ય |
| ,, | શ્રી. સરોજિની મહેતા | વ્યક્તિ અને સમાજ |
| તા ૨૭-૮-૫૪ શુક્રવાર | આચાર્ય જસુભાઈ દાણી | નરનારીસંબંધ |
| ,, | શ્રી. વેણીબહેન કાપડિયા | અરવિંદે આપેલું જીવનદર્શન |
| તા. ૨૮-૮-૫૪ શનીવાર | ડૉ. રઘુભાઈ શાસ્ત્રી | જૈન આચાર અને નિસર્ગઉપચાર |
| ,, | શ્રી. સુશીલા કુસુમગર | ધર્મ અને માનસશાસ્ત્ર |
| તા. ૨૯-૮-૫૪ રવિવાર | પ્રિન્સીપાલ એ. આર. દાઉદ | શિક્ષણ અને સમાજ |
| ,, | શ્રી, ઉષા મહેતા | ભગિની નિવેદિતા |
| ,, | શ્રી. અરૂણા સોનાવાળા | સંગીત |
| તા. ૩૦-૮-૫૪ સોમવાર | પંડિત બેચરદાસ જીવરાજ દોશી | સાધના |
| ,, | શ્રી. પૂર્ણિમા પકવાસા | હિમાલયનું દર્શન |
| તા. ૩૧-૮-૫૪ મંગળવાર | શ્રી. ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ | વર્ગવિહીન સમાજ |
| ,, | શ્રી. શારદાદેવી શર્મા | મહાત્મા ગાંધીજી |
| તા. ૧-૯-૫૪ બુધવાર | પંડિત સુખલાલજી | મહાવીરકથા |
| ,, | અધ્યાપક પદ્મનાભ જૈન | તથાગત બુદ્ધ |
| ,, | સંગીતકાર શાન્તિલાલ શાહ | ભજનો |
| તા. ૨-૯-૫૪ ગુરૂવાર | શ્રી. કેદારનાથજી | સત્યોપાસના |
| ,, | શ્રી. નારાયણ મહાદેવ દેસાઇ | ભૂદાન |
| ,, | શ્રી. પિનાકિન ત્રીવેદી | ભજનો |

આ વ્યાખ્યાનમાળાના શરૂઆતના સાત દિવસની સભાઓ ફ્રેંચ બીજ પાસે આવેલ બ્લેવાટ્સ્કી લોજમાં ગોઠવવામાં આવી છે; સપ્ટેંબર માસની પહેલી અને બીજી તારીખની સભાઓ ન્યુ કવીન્સ રોડ ઉપર આવેલ રોક્સી ટોકીઝના થીએટરમાં ભરવામાં આવનાર છે. નવે દિવસની સભાઓમાં પંડિત સુખલાલજી પ્રમુખસ્થાને બીરાજનાર છે. પ્રત્યેક સભાનો કાર્યક્રમ હંમેશા સવારનાં ૮ાા વાગ્યે પ્રાર્થના-ગીત સાથે શરૂ કરવામાં આવનાર છે.

**૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,**
**મુંબઈ, ૩.**

**પરમાનંદ કુંવરજી કાપડિયા.**
**ટી. જી. શાહ.**
**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

## કુ. વિમળાબેન ઠક્કર.

### એક વ્યકિતવિશેષનો પરિચય

જ્યારે કોઇ સંતપુરૂષ પોતાના ચોક્કસ સિદ્ધાંતોને આકાર આપવા બહાર પડે છે ત્યારે, અનેક છુપાં માનવરત્નો લોહચુંબકથી લોઢાની જેમ ખેંચાઇ બહાર આવે છે, ને તે સંતને ચરણે પોતાનાં જીવન સમર્પે છે. શ્રી વિનોબાજી અત્યારે ભૂમિદાનનું જે મહાન કાર્ય કરી રહ્યા છે, તેમાં સાથ આપવા કયાં કયાંથી અનેક સ્ત્રી પુરૂષો આકર્ષાઇ આવીને તેમના કાર્યને વેગ આપી રહ્યા છે. કુ. વિમળાબેન ઠક્કર તેમાંના એક છે.

તેઓ મૂળ મધ્યપ્રાંતના વતની છે. આકોલા શહેરમાં એક સુખી અને સુધરેલા કુટુંબમાં સને ૧૯૨૫ માં એમનો જન્મ થયો હતો. બાર તેર વર્ષની નાની વયમાં હાઇસ્કુલમાં ભણતાં ભણતાં પણ આસપાસનાં ગામડાની બહેનોની અંદર કામ કરવાની ભાવના થઇ તેમાંજ એમના ભાવિ જીવન વિષેનો કંઈ ઇશ્વરી સંકેત હશે. નાનપણમાં આરંભેલું આ કાર્ય આજે તો વિધવા અને ત્યકતાઓ માટે આશ્રમ, ગ્રામોદ્યોગ, રચનાત્મક કાર્ય, વ્યાયામ મંડળ વિગેરે અનેક જુદી જુદી સંસ્થાઓ રૂપે વિકસિત થયું છે. કોલેજમાં એમણે એમ એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તે સમયે જ તેમની બુધ્ધિની તિક્ષ્ણતાની પ્રતીતિ થઇ ચુકી હતી. હિંદુસ્તાનની બધી કોલેજોની વકતૃત્વકળાની હરિફાઇમાં એમણે ત્રણવાર પ્રથમ ઇનામ મેળવ્યું હતું. અભ્યાસ કરતાં પણ નાનપણથી કરેલાં સામાજિક કામનો અનુભવ અને સહજ ભાવે સંતપુરૂષોનો સમાગમ કરવાની મનોવૃત્તિના કારણે, આજે તેમનું જ્ઞાન ભલભલા જ્ઞાનવૃધ્ધોને પણ શરમાવે તેવું છે. ચોવીશ વર્ષની ઉંમરે એમને થયું કે આત્મસાક્ષાત્કાર કર્યા વિના આ કાર્યો કરવાનો કંઈ અર્થ નથી અને તેમણે એકેએક પ્રસિદ્ધ સંતપુરૂષોનો સમાગમ સાધવો શરૂ કર્યો. ઉત્તરભારતના લગભગ બધા જ આધ્યાત્મિક મંડળોના સંસર્ગમાં તેઓ આવ્યાં છે. આ સમય દરમિયાન આધ્યાત્મિક સાધના અને સમાજસેવા વચ્ચે તેમના મનમાં ખૂબ દ્વંદ્વ ચાલ્યું. ત્રણેક વર્ષ આમ મનોમંથનમાં ગાળ્યાં. એક વખત હિમાલયના જંગલોના પ્રવાસ દરમિયાન મીઠા લીમડાનાં પાન અને કેળાં એ બે જ વસ્તુના આહારથી (કેમકે બીજું કંઇ મળી શકતું ન હતું) મરડાનો રોગ લાગુ પડયો. રોગને અંગે અશક્તિ ખૂબ આવેલી તેમાં એક વખતે ગંગાજીમાં સ્નાન કરતાં પ્રવાહમાં તણાવાં લાગ્યાં. તે વખતે કેટલાક સાધુઓએ તેમને બચાવ્યાં અને દવાખાને પહોંચાડયાં. આ લાંબી માંદગી સમયે દાદા ધર્માધિકારીના સંપર્કમાં તેઓ આવ્યાં અને તેમને ઠીક ઠીક માર્ગદર્શન મળ્યું.

નિશાનબાજી અને ઘોડેસ્વારીનો એમને ખૂબ શોખ છે. અને લશ્કરી તાલીમ પણ લીધી છે. સ્ત્રીઓએ સ્વરક્ષણ માટે શસ્ત્ર ચલાવતાં શીખવું જોઇએ એમ તેઓ માનતાં, પણ ૧૯૪૮ માં દેશમાં ફાટી નીકળેલા હુલ્લડોમાં એક વખતે કેટલાક નિર્દોષોને હુલ્લડખોરોનાં ભોગ બનતાં જોઇ એમનાથી ન રહેવાયું અને પોતાનું ખંજર બહાર કાઢ્યું. એ હાથ મારવા માટે જ્યાં ઉંચો થાય છે ત્યાં જ પોલીસે તેમને પકડી લીધા. છ દિવસ કાચી જેલમાં રહ્યાં તે દરમિયાન ખૂબ માનસિક અકળામણ અનુભવી, બાપુના સિદ્ધાંતો ઉપર ફરી ફરીને ચિંતન કર્યું અને નિશ્ચય થયો કે સ્ત્રી આત્મશકિતથી જ સ્વરક્ષણ કરી શકે છે, શસ્ત્રથી નહિં. ત્યાર બાદ તેમણે શસ્ત્રને સ્પર્શ પણ કર્યો નથી.

કોલેજના અભ્યાસ દરમિયાન એમને એટલી પ્રસિદ્ધિ મળી હતી કે દુનિયાના યુવકોના સંમેલન માટે ભારતના પ્રતિનિધિ તરીકે એમની પસંદગી થઇ અને તેઓ અમેરિકા ગયાં. ત્યાં ચોસઠ દેશના પ્રતિનિધિઓ મળ્યા હતા. સૌના ઉપર એમની એવી છાપ પડી કે દુનિયાની યુવતીઓનાં સંગઠનના પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયાં. ત્યાર બાદ યુરોપના અનેક દેશોમાં તેઓ ફર્યા.

હિંદ પાછા આવ્યાં ત્યારે દેશમાં ભૂદાન પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી. માંદગી અને કાચી જેલ સમયના મનોમંથને ચિત્તને આ પ્રવૃત્તિ તરફ આકર્ષ્યું. તેમને ખાત્રી થઇ કે ભૂદાન–યજ્ઞ એ જ એક દેશનો તરણોપાય છે. તરત જ બધી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પોતાના રાજીનામાં આપી દીધાં અને વિનોબાજીને ચરણે જીવનદાન સમર્પ્યું.

અત્યારે ૨૯ વર્ષની ઉમર છે, પણ આશ્ચર્યકારક વકતૃત્વકળા ધરાવે છે. સૌના મન ઉપર એક અનુભવી જ્ઞાનવૃદ્ધ સ્ત્રીના જેવી એમની છાપ પડે છે. નીચે પ્રમાણેની તેમની માન્યતાઓ છે.

૧. જે આંદોલન વાદનિરપેક્ષ હોય, જેમાં સૌ પક્ષો, જાતિ, ધર્મ કે પ્રાંતના ભેદ વિના સમાન રીતે ભળી શકતા હોય તે આંદોલન જ રાષ્ટ્રહિતકારક થઈ શકે.

૨. હિંસાથી ક્રાંતિ લાવી શકાતી નથી, કેમ કે તેમાં વેર લેવાની વૃત્તિ જન્મે છે. હિંસાથી માનવ મૃત્યુ પામે છે પણ હિંસાનો હેતુ મરતો નથી. ઉલટું તે બમણી હિંસા જન્માવે છે.

૩. ગમે તેવા સારા કાયદા હોય પણ જ્યાં સુધી મનુષ્યના વિચાર, હૃદય, અને જીવનનાં મૂલ્યો ન બદલાય ત્યાં સુધી કાયદો ઉપયોગી થઇ શકતો નથી. પ્રજાનો સહકાર હોય તો જ કાયદાનો અમલ થઇ શકે છે.

૪. વ્યકિત અને સમાજ એક જ છે. વ્યક્તિનું હૃદય બદલાય તો જ સમાજનું પરિવર્તન થાય. માનવમાત્રની સદ્‌ભાવના ઉપર સમાજરચના ખડી થશે ત્યારે જ રામરાજ્ય આવશે.

બે વર્ષ પહેલાં દાદા ધર્માધિકારી સાથે તેઓ ગુજરાતમાં આવ્યાં હતાં. પણ ત્યારે કયાંયે જાહેર પ્રવચન કર્યું નહોતું. આ વરસે ફરીને આ બાજુ આવ્યાં છે, અને ગુજરાતનાં ગામડે ગામડે ફરીને ભૂદાન મેળવી રહ્યાં છે.

સ્વીકારેલાં કાર્યમાં એમને સફળતા મળે અને એમના જીવન ઉપરથી આપણી અનેક કોલેજકન્યાઓ પ્રેરણા મેળવી સક્રિય કાર્ય કરવા ઉદ્યુકત થાય એજ અભિલાષા.

'વિકાસ'માં સાભાર ઉદ્ધૃત **મેનાબહેન શેઠ.**

## સંઘનો આગામી રજતમહોત્સવ

### કાર્યક્રમ

શ્રી મુબઇ જૈન યુવક સંઘના રજત મહોત્સવનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

તા. ૯–૧૦–૫૪ શનીવાર સાંજ : રામાયણ.
( કઠપૂતળી નૃત્યનાટિકા )

તા ૧૦–૧૦–૫૪ રવિવાર સવાર : રજત મહોત્સવ સમારંભ.
તા ,, ,, ,, બપોર : સમૂહ ભોજન.
,, ,, ,, સાંજ : મનોરંજન કાર્યક્રમ.

સ્થળ સમય હવે પછી જાહેર કરવામાં આવશે.

### રામાયણ ( કઠપૂતળી નૃત્ય-નાટિકા )

રજતમહોત્સવનો પ્રારંભ તા૦ ૯–૧૦–૫૪ શનીવાર સાંજના ૬–૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં આગળ ઉપર જાહેર કરવામાં આવેલ 'રામ–શબરી'ને બદલે 'લીટલ બેલે ટ્રૂપ' તરફથી ભજવાતી 'રામાયણ' ( કઠપૂતળી નૃત્ય–નાટિકા ) થી કરવામાં આવશે. આ માટે રૂા. ૫૦, ૨૫, ૧૫, ૧૦, ૫, ૨, ની ટિકીટો રાખવામાં આવી છે, જે સંઘના કાર્યાલયમાંથી અથવા તો સંઘે આ માટે નિયત કરેલા કાર્યવાહકો પાસેથી મળશે અને તેમાં થતી સઘળી આવક સંઘદ્વારા સંચાલિત શ્રી મણિલાલ મોકળચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયમાં જમે કરવામાં આવશે.

### રજતમહોત્સવ ફંડ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રજતમહોત્સવ ફંડ ઉભું કરવામાં આવ્યું છે. આ ફંડમાં સંઘના સભ્યો, પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો તેમજ સંઘના શુભેચ્છકોને યથાશક્તિ નાણાં ભરવા અથવા મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. આ ફંડમાં એકત્ર થતાં નાણાંમાંથી રજતમહોત્સવના આખા કાર્યક્રમને લગતો જે ખર્ચ થશે તે બાદ કરીને બાકી રહેતી રકમ સંઘના ચાલુ ફંડમાં જમા કરવામાં આવશે. સંઘ તરફથી ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓને ચલાવવામાં તેમ જ વિકસાવવામાં બળવાન ટેકારૂપ બને એ રીતે પ્રસ્તુત રજતમહોત્સવ ફંડને છલકાવી દેવા સંઘ સાથે સીધી કે આડકતરી રીતે સંબંધ ધરાવતા શુભેચ્છક સર્વ ભાઇબહેનોને, અનુરોધ કરવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# અનેકાન્ત

( તાં૦ ૧૦-૮-૫૪ મંગળવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે આચાર્યશ્રીતુલસી ગણિએ 'અનેકાન્ત' એ વિષય ઉપર આપેલ જાહેર વ્યાખ્યાનની તેમણે અનુમત કરેલી સંક્ષિપ્ત નોંધ )

મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે યોજાએલી આ સભામાં અનેકાન્ત ઉપર વ્યાખ્યાન આપતાં મને બહુ આનંદ થાય છે. યુવક નામ જ પ્રસન્નતાસૂચક છે. છેલ્લાં પાંચ સાત વર્ષ દરમિયાન યુવકો સાથે મારો પરિચય ખૂબ વધતો રહ્યો છે. ભિન્ન ભિન્ન વિચારસરણિ ધરાવતાં યુવકો સાથેના સંપર્કમાંથી આપણને ઘણું જાણવા સમજવાનું મળે છે. યુવક શબ્દને વસ્તુત: ઉમ્મર સાથે સંબંધ નથી. જેનામાં યુવકત્વ હોય તે યુવક, પછી ભલેને તેની ઉમર, ૫૦ ૬૦ કે ૬૫ ની હોય.

આજના વિષય ઉપર બોલતાં હુ સહજ આનંદ અનુભવું છું, કારણ કે આ વિષયમાં હું વર્ષોથી પ્રવિષ્ટ છું અને તેના તત્ત્વ સાથે હંમેશાં ચિંતન જોડાયલું રહે છે. અનેકાન્ત એટલે એકાન્તનો વિરોધ. વિચારોની એકાન્તતા કે આગ્રહ ન રહે એ અનેકાન્ત. અનેકાન્ત દર્શન એ જૈન દર્શનનું જ બીજું નામ છે એમ કહીએ તો ચાલે. અનેકાન્ત સમજવા માટે તેની પૃષ્ટભૂમિ સમજવી જોઇએ. આ પૃષ્ટભૂમિ અહિંસા છે. અહિંસામાંથી જ અનેકાન્ત પ્રગટે છે: અહિંસા એટલે માત્ર કાયિક અહિંસા નહિ પણ માનસિક અહિંસા પણ સમજવાની છે. ખરી રીતે માનસિક અહિંસામાંથી જ સ્વાભાવિક રીતે કાયિક અહિંસા પ્રગટે છે. માનસિક અહિંસા એટલે પોતાને બરોબર સમજવું અને અન્યને પણ બરોબર સમજવું. અન્યને આપણે સમજીએ એટલે કે અન્યને આપણે કોઇ પણ અંશમાં અન્યાય ન કરીએ. આ માટે અન્યના આચાર તેમ જ વિચારને સદ્ભાવપૂર્વક યથાસ્વરૂપે સમજવા તે આવશ્યક બને છે. કોઇના કથનને આગળ તેમ જ પાછળના સંદર્ભ વિના રજુ કરવું અને તેની ટીકા કરવી એ તેને અન્યાય કરવા બરોબર લેખાય. અન્યના વિચારોને વિકૃત આકારમાં મૂકવા એ મારી દૃષ્ટિએ મોટામાં મોટી હિંસા છે.

એક સામાન્ય માણસને મારવાવાળો એકનો હિંસક બને છે; એક અગ્રતમ રાજપુરૂષને મારવાવાળો રાષ્ટ્રનો ઘાતક બને છે; વિશ્વમાત્રનું કલ્યાણ કરવાવાળા મુનિને મારવાવાળો અનન્ત જીવોનો ઘાતક બને છે.

આપણામાં રહેલી અહંતાના કારણે આપણે એવો આગ્રહ ધરાવીએ છીએ કે હું જેમ વિચારૂં છું તેમ અન્ય વિચારે, હું જેમ કરૂં છું તેમ અન્ય પણ આચરે. આ પ્રકારના માનસિક અભ્યાસમાંથી અસહિષ્ણુતા અને વિરોધ જન્મે છે. અને તેમાંથી અનેક અનર્થો પેદા થાય છે. વિવેકી માણસે આવા આગ્રહથી મુકત બનવું જોઇએ મારો અધિકાર મારા વિચારો રજુ કરવાનો છે તેમ જ મારા વિચારોનું પરિમાર્જન સદા કરતા રહેવાનો છે. આ પરિમાર્જન વીતરાગતા પ્રાપ્ત કરતા સુધી સૌ કોઇ માટે જરૂરી છે. મારા વિચાર પ્રમાણે અન્ય વિચારે અને મારા કહેવા પ્રમાણે અન્ય વર્તે એવો જો સૌ આગ્રહ રાખે તો તેનો અર્થ સૌ કોઇ નેતા થવાનો આગ્રહ ધરાવે છે એમ થાય. આમ બને તો પછી અનુયાયી કોણ બને? ખરી રીતે અનુશાસક બનતા પહેલાં દરેકે અનુશાસન નીચે ચાલતાં શિખવું જોઇએ.

જૈન ધર્મના બે મુખ્ય સિધ્ધાન્ત છે. (૧) આત્મસ્વાતંત્ર્ય અને (૨) વિચારસ્વાતંત્ર્ય. આનો અર્થ એ છે કે આપણે આપણા પોતાના માટે ગમે તે વિચાર કરવાને અને તે મુજબ વર્તવાને સ્વતંત્ર છીએ. પણ એ સ્વાતંત્ર્યનો અન્ય સર્વ કોઇને સરખો જ અધિકાર છે એ આપણે સ્વીકારવું જોઇએ.

દુનિયામાં અનેક મહાપુરૂષો થઇ ગયા છે. દા. ત. મહાવીર, કપિલ, બુદ્ધ વગેરે. આમ છતાં સૌ કોઇ એક જ મહાપુરૂષની પાછળ ચાલે એમ કદિ બન્યું નથી. સૌ પોતપોતાના વલણ પ્રમાણે એક યા અન્યનું અનુશાસન સ્વીકારે છે. આ જ રીતે અણુવ્રતી સંઘ ઉપસ્થિત કરવામાં આવ્યો છે એ પાછળ કોઇ એવી કલ્પના નથી કે દુનિયાના બધા લોકો અણુવ્રતી બની જશે. આખરે આપણ સર્વનો હેતુ એક છે, આત્મકલ્યાણ સાધવાનો. આ કેમ સધાય તે વિષે વિચારભિન્નતા હોઇ શકે છે. કોઇ આધ્યાત્મિક બાજુ ઉપર વધારે ભાર મૂકશે, કોઇ સામાજિક તો કોઇ રાષ્ટ્રીય. પણ સૌ કોઇનો હેતુ સ્વ તેમ જ પરનું કલ્યાણ સાધવાનો છે એ વિષે બેમત હોઇ ન શકે. આમ વિચારભેદ તો રહેવાનો જ, પણ કાર્યભેદ રહેવો ન જોઇએ.

આપણો ચાલુ અનુભવ છે કે બધાનું દૃષ્ટિકોણ એક હોતું નથી. પણ દૃષ્ટિકોણમાં એકતા ન હોય તો તે શું પરસ્પર ઝઘડા કરવાથી આવશે? હરગીજ નહિ. વિચારભેદ હોય ત્યાં માધ્યસ્થ વૃત્તિ સ્વીકારીને ચાલવું એ જ સાચો માર્ગ છે.

આપણે ત્યાં વૈદિક, જૈન, બૌધ્ધ અને શૈવ એવી ચાર મુખ્ય અને સ્વતંત્ર વિચારપરંપરા છે. આમાં એક જ સાચી અને અન્ય ત્રણ ખોટી છે એમ કહેવું યુકત નથી. પ્રત્યેકમાંથી સારરૂપ તત્ત્વ ગ્રહણ કરીને આપણું જીવન ઘડવું એ જ ઉચિત ઉપાય છે. આ સબંધે સુપ્રસિદ્ધ શ્લોક છે કે:—

वैदिको व्यवहर्तव्यः, कर्तव्यः पुनरार्हतः।
श्रोतव्यः सौगतो धर्मः, ध्यातव्यः परमः शिवः ॥

આનો અર્થ એમ છે કે વૈદિકમાંથી આપણે વ્યવહાર શિખવાનો છે; જૈન આગમમાંથી આત્મશુધ્ધિ તારવવાની છે; બૌદ્ધ–સુગત–માર્ગમાંથી મધ્યમ માર્ગનું–માધ્યસ્થનું તત્ત્વ સાંભળવાયોગ્ય છે અને શૈવમાં ધ્યાન અને યોગના પાઠો ચિન્તવવાના છે.

અનેકાન્તનું શાસ્ત્રકારોએ આ મુજબ લક્ષણ બાંધ્યું છે.

एकत्र वस्तुनि विरोध्यविरोधीनामनेकधर्माणां स्वीकार: अनेकान्तः।

"એક જ વસ્તુમાં વિરોધી અને અવિરોધી અનેક ધર્મોનો સ્વીકાર એ અનેકાન્ત છે."

સ્યાદ્વાદ અનેકાન્તનો પર્યાય શબ્દ છે અથવા તો વધારે સ્પષ્ટતાથી કહીએ તો અનેકાન્ત એ દૃષ્ટિનું નામ છે, સ્યાદ્વાદ એ વચનપધ્ધતિનું નામ છે. જેમ કે કેવળજ્ઞાની બધું જાણે છે, પણ બોલે છે ત્યારે શ્રુતનો આધાર લઇને બોલે છે. સ્યાદ્વાદને આપણે 'વાચિક અહિંસા' એ રીતે વર્ણવીએ તો પણ બરોબર છે. એક અમુક દૃષ્ટિનો કોઇ આગ્રહ રાખે તો તે આગ્રહવાદી કહેવાય. સ્યાદ્વાદને કેટલાએક સંશયવાદ કહીને તેના મહત્વની અવગણના કરે છે. પણ આમ કરનારા સ્યાદ્વાદનો મર્મ સમજતા નથી. કોઇ એક દૃષ્ટિથી અથવા અપેક્ષાથી આમ છે અને અન્ય દૃષ્ટિ અથવા અપેક્ષાથી આમ નથી એમ ઉભય બાજુથી વસ્તુને ઓળખવી–સમજવી એ સ્યાદ્વાદ છે. એમાં સંશયનો કોઇ સવાલ જ નથી.

આ સંબંધમાં હેમચંદ્રાચાર્યનો આ શ્લોક બહુ જાણીતો છે,

स्यान्नाशि नित्यं सदृशं विरूपं, वाच्यं न वाच्यं सदसत् तदेव ।
विपश्चितां नाथ निपीत–तत्व–सुधोद्गतोद्गार–परंपरेयम् ॥

આનો આશય એમ છે કે કોઈ પણ વસ્તુને (૧) નિત્યરૂપે તેમ જ અનિત્યરૂપે જાણવી, (૨) તેના સદૃશ અંશને અને વિરૂપ–અંશને ઓળખવો (૩) તે કઇ રીતે વાચ્ય છે અને કઇ રીતે અવાચ્ય છે તે તત્વને ગ્રહણ કરવું, (૪) તેને કઇ રીતે સત્ કહેવાય અને કઇ રીતે અસત્ કહેવાય તે વિવેક પ્રાપ્ત કરવો. એટલે વસ્તુના પરસ્પરવિરોધી ગુણોનું પ્રતિપાદન કરવું એ સ્યાદ્વાદ વિચારણાનું ફળ છે. જેમણે તત્ત્વામૃતનું પાન કર્યું છે તેવાં વિદ્જ્જનોની વચનપરંપરા, હે નાથ, આ પ્રકારની હોય છે.

કેટલાએક લોકો એમ માને છે કે સ્યાદ્વાદ અનેકાન્ત–આ બધું માત્ર તત્ત્વચિન્તન માટે છે, વ્યવહાર માટે નથી. આ માન્યતા

સમ્યક્ નથી. આ તત્ત્વનો જેટલો ઉપયોગ ચિન્તન માટે છે તેટલો જ ઉપયોગ વ્યવહાર માટે છે. જીવનમાં સહિષ્ણુતા ઉદારતા અનેકાન્ત વડે જ કેળવી શકાય છે. આપણે ત્યાં આ રીતે આદર્શ-અને વ્યવહાર વચ્ચે એક પ્રકારની માનસિક દીવાલ ઉભી કરવામાં આવે છે—જાણે કે આદર્શ અને વ્યવહાર એ બન્ને જુદી અને એકમેક સાથે કશો સંબંધ નહિ ધરાવતી વસ્તુ હોય એવી માન્યતા પ્રવર્તે છે. પણ આ માન્યતા પણ એટલી જ ભુલભરેલી છે. દરેક વ્યવહારનું મૂળ આદર્શ છે. આદર્શને સતત ધ્યાનમાં રાખીને ઘડાય તે જ સાચો વ્યવહાર કહેવાય.

કેટલાએક લોકો અમો તેરાપંથીઓ ઉપર એવો આક્ષેપ કરે છે કે અમે પંચેન્દ્રિય જીવ અને એકેન્દ્રિય જીવમાં ભેદ કરતા નથી અને બધા જીવોને સરખા ગણીએ છીએ. આ અમને બરોબર નહિ સમજવાનું પરિણામ છે. અમારા મંતવ્યનો ભાવ એ છે કે પંચેન્દ્રિય કહો કે એકેન્દ્રિય કહો, કોઇ પણ જીવની હિંસા એ હિંસા જ છે, તે કદિ અહિંસા ઠરી શકતી નથી.

વળી અમો તેરાપંથીઓ ઉપર એવો આક્ષેપ કરવામાં આવે છે કે અમે દાન દયામાં માનતા નથી અને અમારા અનુયાયીઓને અમે સત્કાર્યમાં દ્રવ્ય ખરચવાની મના કરીએ છીએ. આ ખ્યાલ પણ બરોબર નથી. તેરાપંથી શ્રીમાનો સાર્વજનિક કાર્યોમાં હજારો રૂપિઆ ખર્ચે છે. જેઓ યેન કેન પ્રકારેણ લાખો રૂપીઆ કમાય છે અને પોતાના ભોગોપભોગ પાછળ પુષ્કળ દ્રવ્ય ખરચે છે તે સામાજિક જરૂરિયાતના પ્રસંગે પોતાની ધાર્મિક માન્યતા આગળ ધરીને કશું ખરચવાની ના કહે છે તે યોગ્ય કરે છે એમ કેમ કહી શકાય ?

આવા વિભ્રમો અન્યને બરોબર નહિ સમજવામાંથી પેદા થાય છે. અનેક સામાજિક સંઘર્ષો, ઘરકુટુંબની ઝંઝટના મૂળમાં પણ આ જ દોષ રહેલો જોવામાં આવે છે. અને તેનું નિવારણ પણ અનેકાન્તને જીવનમાં અમલી બનાવવામાં જ રહેલું છે.

આવો જ બીજો એક દોષ પોતાની વાતને વધારે પડતી આગળ ધરવામાં રહેલો છે. હું કહું છું એ જ સાચું, અન્ય કાંઇ સાચું હોઇ શકે જ નહિ—આમાંથી વાદવિવાદ અને તેમાંથી વીખવાદ જન્મે છે. આ બાબતમાં આપણે સંયમી, વિવેકપૂર્ણ અને કદાગ્રહમુકત થઇએ તો આપણા મતભેદોનો બહુ સહેલાઇથી નીકાલ લાવી શકીએ.

આ જ રીતે આપણે વર્તીએ વિચારીએ તો ધાર્મિક મતભેદોનો સમન્વય સહજમાં શકય બનાવી શકીએ. ઉપરથી જુદી પડતી માન્યતાઓમાં ઘણી વાર સમાન સત્ય રહેલું નજરે પડે છે. દા. ત બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રિપુટિના હાર્દને વિચારીએ તો આપણી જૈન માન્યતા કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ દરેક વસ્તુનો સ્વભાવ છે એ સિદ્ધાન્તમાં આપણે ઉપરના હાર્દને પ્રતિબિંબિત થયેલું જરૂર જોઇ શકીએ અને એક જ સિધ્ધાંતને જુદી જુદી રીતે મૂકવામાં આવ્યો હોય એમ આપણને માલુમ પડે. ગાંધીજીએ જ્યારે ઇશ્વર સત્ય છે એમ કહ્યું ત્યારે તેમણે જૈન ધર્મના જ સિધ્ધાન્તને પોતાની પરિભાષામાં રજુ કર્યો છે એમ તમને નથી લાગતું ? આપણામાં તત્વને આ રીતે વર્ણવ્યું છે. કિં તત્ત્વં ? ઉપન્ને વા (ઉત્પન્ન થાય છે) કિં તત્ત્વં ? વિગમે વા (નાશ પામે છે), કિં તત્ત્વં ? ધુવે વા (સ્થિર રહે છે). આટલામાં સમસ્ત તત્ત્વને સમાવી દેવામાં આવ્યું છે, અથવા તો સમગ્ર તત્વનો સમન્વય કરવામાં આવ્યો છે. આ સમન્વયવાદ એ જ અનેકાન્ત છે, સ્યાદ્વાદ છે, માનવી માનવીને એકત્ર કરનારો જીવનનો મહામંત્ર છે. એના અવલંબન વડે આજે આપણી અનેક જટિલ સમસ્યાઓનો ઉકેલ લાવી શકીએ છીએ અને વૈર વૈમનસ્યથી ક્ષુબ્ધ એવી દુનિયામાં શાન્તિ અને સ્વારસ્યની સ્થાપના કરી શકીએ છીએ. આ માટે આપણે આપણા વિચાર અને વાણીને અનેકાન્ત દૃષ્ટિ વડે નવપલ્લવિત કરીએ અને સ્વપરનું શ્રેય સાધીએ એ જ પ્રાર્થના. !

**આચાર્યશ્રી તુલસિગણિ.**

# સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

મિત્રો,

આપને થોડાએક સમય પહેલાં એક પરિપત્ર દ્વારા આગામી ઓકટોબર માસમાં ઉજવવા ધારેલ સંઘના રજત મહોત્સવની વિગતો જણાવવામાં આવી છે અને તે અંગે થનાર ખર્ચને પહોંચી વળવા માટે દરેક સભ્યને રૂ. ૧૦ અથવા તેથી વધારે રકમ રજત મહોત્સવ ફંડમાં ભરવાની વિનંતિ કરવામાં આવી છે. આ મુજબના રૂ. ૧૦ અથવા વધારે રકમ અને આપનું લવાજમ–બન્ને હજુ સુધી પણ આપે ભર્યા ન હોય તો એ રકમો વસુલ કરવા આવનારની રાહ જોયા સિવાય સત્વર ભરી જવા અને એ રીતે અમારા કાર્યને સરળ બનાવવા આપને અનુરોધ કરવામાં આવે છે.

આ ઉપરાંત રજત મહોત્સવ અંગે તા. ૯–૧૯–૫૪ શનીવાર સાંજના ૬–૩૦ વાગે ભારતીય વિદ્યા ભવનમાં ભજવવા ધારેલ રામાયણ (કઠ–પૂતલી નૃત્ય–નાટિકા)ની રૂા. ૫૦, ૨૫, ૧૫, ૧૦. ૫, ૨ જે ટીકીટોમાંથી બની શકે તેટલી ખરીદવા અને આપના સ્વજનો મિત્રોમાં વેચાવી આપવા આપને વિનંતિ છે.

આપનો સંઘ ૨૫ વર્ષ વટાવીને આગળ ચાલ્યો છે. અને તેની કાર્યકળા દિન પ્રતિદિન વધારે ને વધારે વિકસતી રહી છે અને માત્ર જૈન સમાજને જ નહિ પણ વિશાળ જનસમાજને પ્રભાવિત કરતી રહી છે. અને સર્વધર્મસમભાવ, રાષ્ટ્રતમન્ના અને ઉદાર વિચારણા તરફ જનતાને વાળવામાં મહત્વનો ફાળો આપતી રહી છે. આ હકીકત આપણુ સર્વના અસામાન્ય ગૌરવ અને સૌભાગ્યનો વિષય લેખાવો જોઇએ. આવી સંસ્થાનો રજત મહોત્સવ પણ એટલો જ શાનદાર અને ગૌરવાન્વિત બને અને સાથે સાથે સતત રહેતી આર્થિક ચિંતામાંથી આપણને ઠીક ઠીક રાહત આપનાર બને એવી અમારા દિલમાં આ પ્રસંગે સ્વાભાવિક રીતે સ્ફુરતી ઇચ્છાને બર લાવવા માટે આપ શકય તેટલો સર્વ પ્રકારનો સહકાર આપો એવી પ્રાર્થના કરવામાં આવે છે.

આપનો

૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, **ખીમજી માંડણ ભુજપુરીઆ**

મુંબઇ ૩. તા૦ ૨૫–૮–૫૪. પ્રમુખ, મુંબઇ જૈન યુવક સંઘ.

## જૈનેતરો પણ સંઘના સભ્ય બની શકે છે.

મુંબઈ જૈન યુવક સંઘના બંધારણમાં કરવામાં આવેલા છેલ્લા ફેરફાર મુજબ જૈન વિચારસરણિ પ્રત્યે આદર ધરાવતા જૈનેતર ભાઇ બહેનો પણ સંઘમાં સભ્ય તરીકે જોડાઇ શકે છે. તો સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા સંસ્કારી અને ઉદાર વિચારનાં ભાઈ બહેનોને સંઘમાં જોડાવા અને એ રીતે સંઘના કાર્યને વેગ આપવા સપ્રેમ નિમંત્રણ છે.

મંત્રીઓ.

**મુંબઈ જૈન યુવક સંઘ**

**વિષયસૂચિ**


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રવૃત્તિલક્ષી કલ્યાણમાગ | પંડિત સુખલાલજી | ૭૫ |
| પ્રેમ પંથે | ગીતા પરીખ | ૭૬ |
| દયા, દાન, અનુકંપા વિષે તેરાપંથી સંપ્રદાયની દૃષ્ટિ | પરમાનંદ | ૭૭ |
| વરસાદ વરસે છે | કુન્દનિકા કાપડિયા | ૭૮ |
| પર્યુષણ વ્યાખ્યાનમાળા | | ૭૯ |
| વિમળા ઠાકર | મેનાબહેન શેઠ | ૮૦ |
| અનેકાન્ત | આચાર્યશ્રી તુલસીગણિ | ૮૧ |



મુબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

મુંબઈ, સપ્ટેમ્બર ૧૫ ૧૯૫૪, બુધવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ઘોર પાપનો પશ્ચાત્તાપ અને ક્ષમાયાચના

[ હિરોશીમા પર અણુબોમ્બ નાખવામાં આવ્યો એ વાતને નવ વરસ થઈ ગયાં. એની નવમી સંવત્સરિને પ્રસંગે અમેરિકાના શાન્તિચાહકોના એક જૂથે ન્યુયોર્કમાં દેખાવો યોજ્યા હતા અને તેમનું પ્રતિનિધિમંડળ જાપાનના કોન્સલ જનરલને હિરોશીમા તથા નાગાસાકીના લોકોને પાઠવવાનો એક સંદેશો સુપરત કરશે. નીચેનું લખાણ એ સંદેશામાંથી અહીં ઉતાર્યું છે. તેમાં દેખાતા હૃદયપૂર્વકના પશ્ચાત્તાપનો રણકો અમેરિકાના લોકમતનું અતિશય સંગીન અને આનંદદાયી લક્ષણ છે. એ ફેલાવો પામે તથા ત્યાંના મોટા ભાગના લોકોમાં પ્રવર્તતા રશિયાવિરોધી ઉગ્ર લાગણીના અસરકારક મારણ તરીકે સમગ્ર દેશને આવરી લે એવી આશા આપણે રાખીશું. આ સોવિયેટને પક્ષે વર્તતી ઉગ્ર વિરોધની લાગણીને દરગુજર કરવા કે તેના ગુણગાન ગાવા માટે હરગિજ નથી. એ વળી ઉપર જણાવેલી વિરોધી લાગણીનો જ પડઘો છે અથવા તે એનો પડઘો છે. નીચેના સંદેશામાં જણાવવામાં આવ્યું છે તેમ, એ બંને જૂથો દુનિયામાં સાચી શાન્તિના ધ્યેયને વરેલા કોઇ પણ માનવીના ટેકાને પાત્ર નથી

મ૦ મ૦ ]

૧૦–૮–'૫૪

હિરોશીમા તથા નાગાસાકીના વહાલા મિત્રો !

અમારી સરકારના હુકમથી, તમારા નગર હિરોશીમાના લોકો પર અણુબોંબ નાખવામાં આવ્યો તે પછી નવ વરસ વીતી ગયાં. ત્રણ દિવસ બાદ એથીયે વધારે વિનાશકારી બોંબ નાગાસાકી પર નાખવામાં આવ્યો. એ વાત યાદ કરતાં અમે અમારા હૃદયમાં પીડા અનુભવીએ છીએ અને તે અમને કંઇક સંદેશો મોકલવાને પ્રેરે છે. પણ અમે તમને શું કહી શકવાના હતા ? અમે જે કર્યું તે અમારા ચાહે તેવા શબ્દો ધોઇ શકવાના નથી. એ દિવસોમાં જે બાળકો, માતાઓ તથા પિતાઓ જીવતાં બળી મૂઆં તેમને કોઇ પણ વસ્તુ પાછાં સજીવન કરી શકનાર નથી. ચાહે એટલી પ્રાર્થના અથવા ચાહે એટલા ઉપાવાસ ઇતિહાસના ઘડિયાળનો કાંટો પાછો ફેરવી શકનાર નથી કે જેથી આ શેતાનિયતભર્યું કૃત્ય આચરતી અમારી સરકારને અટકાવવનો અમને બીજો મોકો મળી શકે.

અને તેમ છતાં, જેઓ જીવતા રહ્યા છે તેમને અમારે કંઇક સંદેશો મોકલવો જ જોઇએ. અણુની જીવનનો નાશ કરનારી શકિત પહેલવહેલી અમારા દેશે છૂટી કરી તથા અણુબોંબ તેણે જ જાપાનના લોકો પર પહેલવહેલો નાખ્યો એ વસ્તુનું અમને ઊંડું દુઃખ છે. એ કર્યા પછી, અમે આચરેલું એ મહા પાતક એક રાષ્ટ્ર તરીકે અમે જોઇ ન શકયા તે માટે અમે ભારે શરમ અનુભવીએ છીએ. એ આયુધોનો તથા આયુધમાત્રનો અમે સદાને માટે ત્યાગ ન કર્યો. અમે આમ ન કહ્યું : 'હવે પછી યુધ્ધ સાથે કે અમારા માનવબંધુઓની કોઇ પણ પ્રકારની કતલ સાથે અમારે કશી લેવાદેવા નથી.'

એને બદલે, થોડા જ વખતમાં અમે વધુ અણુબોંબ બનાવવા લાગ્યા, એના કરતાંયે વધારે વિનાશક શકિત શોધી કાઢી અને છેવટે દુનિયા પર આજનું સૌથી વધારે વિનાશક શસ્ત્ર ફરીથી છૂટું મૂકયું. એ હાઇડ્રોજન બોંબ છે. અણુશકિત કમિશનના કહેવા પ્રમાણે હિરોશીમા પર નાખવામાં આવેલા બોંબના કરતાં તે ૫૦૦ થી ૧૦૦૦ ગણો શકિતશાળી છે. 'ફુરફુરિયુ' મેરુના માછીઓના અનુભવ દ્વારા તમને જાપાનના લોકોને એની દુઃખદ જાણ કંઇક અંશે થઇ છે. બેશરમ, અમારી સરકાર અને અમારા ઘણા અમેરિકન દેશબંધુઓ, એ કૃત્યને માટે ગર્વ અનુભવતા લાગે છે.

અમે તમને કહેવા માગીએ છીએ કે, એ કૃત્ય માટે ઊંડી શરમ અને ભારે ત્રાસની લાગણી ઘણા અમેરિકનો અનુભવે છે. અમારી પાસે અણુબોંબો છે એની અમેરિકન પ્રજાને જાણ કરવામાં આવી નહોતી. એ તમારા દેશ પર ઝીંકવાનો છે એ અમને કહેવામાં આવ્યું નહોતું. એ બનાવવા બાબત અમારી સલાહ લેવામાં આવી નહોતી. લશ્કરી સ્વરૂપના એવા ઘણા નિર્ણયો એને વિષેની અમારી જાણબહાર અથવા બહુ બહુ તો એને વિષેની સઘળી હકીકત અમને જણાવ્યા વિના કરવામાં આવે છે. આ નવા હાઇડ્રોજન બોંબની સંહારક શકિત વિષેની સઘળી હકીકતો પણ અમને કહેવામાં આવી નથી.

અમારા દેશે એ બધું કર્યું તેને માટે અમે ભારે શરમ અનુભવીએ છીએ, પણ સાથે સાથે અમે જાણીએ છીએ કે એ આયુધોનો વિકાસ તથા તેનો ઉપયોગ માણસ પહેલવહેલો એકબીજા સામે યુદ્ધ કરવા લાગ્યો તેનું જ સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ છે. તાજેતરના ઇતિહાસમાં યુધ્ધ ઉત્તરોત્તર વધુ ને વધુ અમાનુષી, સઘળાં માનવ મૂલ્યોનો વધુ ને વધુ વિનાશ કરનારું થતું ગયું છે. આધુનિક સર્વભક્ષી યુદ્ધ તથા આધુનિક સર્વસત્તાધારી રાજ્ય એકી સાથે ઉદ્‌ભવ્યાં છે. અમે જાણીએ છીએ કે, અમારા દેશે એ આયુધો પહેલવહેલાં નિર્માણ કર્યાં ન હોત તથા તેનો ઉપયોગ કર્યો ન હોત તો બીજા કોઇ દેશે તેમ કર્યું હોત પછી એ દેશ જર્મની હોત, જાપાન હોત કે બીજો કોઇ દેશ પણ એ આયુધો નિર્માણ થાત અને તેમનો ઉપયોગ કરવામાં આવત. આધુનિક યુધ્ધનું સ્વરૂપ જ એવું છે કે, તેને માટે વધુ ને વધુ વિનાશક આયુધોની જરૂર રહે છે. અને તેનો તમારી સામે, ફ્રેંચોની સામે, રશિયનોની સામે, અમારી સામે કે બીજી કોઇ પ્રજાની સામે ઉપયોગ કરવામાં આવત.

એથી અમે જાણીએ છીએ કે અણુબોંબ તથા હાઇડ્રોજન બોંબ બનાવવા માટે તથા તેનો ઉપયોગ કરવા માટે જો અમે પૂરેપૂરી શરમ અનુભવતા હોઇએ તો અમારે જેમાંથી તે ઉદ્‌ભવ્યા એનો, પોતાના માનવબંધુઓના ડરનો, વેર લેવાની ઇચ્છાનો, ક્ષમાશીલતાના અભાવનો, હિંસાનો, સારું ધ્યેય સિદ્ધ કરવા માટે અનિષ્ટ સાધનોનાં ઉપયોગનો, સર્વભક્ષી યુધ્ધનો, ઇન્કાર કરવો રહ્યો. અમે એમ કરીએ તે વિના આ પાયાની માન્યતાઓમાંથી અનિવાર્યપણે ઉદ્‌ભવતાં કૃત્યો સામે વિરોધનો અવાજ ઉઠાવવાનો અમને કશો જ સંગીન નૈતિક હક નથી.

# વિધાયક અહિંસા

(પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૩૦-૮-૫૪ ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ઉપર જણાવેલ વિષય ઉપર એક મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનની શ્રી મહાસુખભાઇ જે. દેસાઇએ લીધેલી અને વ્યાખ્યાતાએ અનુમત કરેલી નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

અહિંસાને બે વિભાગમાં વહેંચી શકાય એક છે વિધાયક અહિંસા અર્થાત્ Positive અહિંસા અને બીજી છે નિષેધાત્મક અર્થાત Negative અહિંસા. આ પૈકી વિધાયક અહિંસાનું મહત્ત્વ વિશેષ છે. અહિંસાની વાત આવે છે ત્યાં જૈનો પોતાને અહિંસાના ઇજારદાર તરીકે માને છે. એ ખરૂં છે કે અન્ય ધર્મની અપેક્ષાએ જૈન ધર્મમાં અહિંસા અંગે વધુ છણાવટ છે અને નાનમાં નાની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસા પ્રતિ જૈન ધર્મમાં કાળજી રાખવામાં આવી છે. છતાં એ કબુલવું જોઇશે કે જૈનો જેટલા પ્રમાણમાં જૈન ધર્મની અહિંસા માટે ગર્વ અનુભવે છે તેટલા પ્રમાણમાં આચરણ કરતા નથી. જૈનોએ નકારાત્મક અહિંસા જેટલા પ્રમાણમાં અપનાવી છે તેટલા પ્રમાણમાં વિધાયક અહિંસા પ્રતિ લક્ષ આપેલ નથી એમ કહીએ તો ખોટું નથી.

આટલું પ્રાસંગિક કહીને હવે હું મૂળ વિષય પર આવીશ. અહિંસા અંગે નિરૂપણ કરવા કરતાં તેની પ્રસ્તાવના કરવી એ વધુ યોગ્ય થશે; કેમ કે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ કોઇ પણ વિષય અંગે નિરૂપણ કરીને સમાજને નિશ્ચિત ચોકઠામાં બાંધી દેવાનો નથી, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ લોકોને વિચાર કરતા કરવાનો અને પોતાની મેળે ઉકેલ કરતા શીખવવાનો છે; એટલે હું આપની સમક્ષ અહિંસાના વિષયમાં કઇ કઇ ગુંચવણો છે, કયા કયા કોયડાઓ ઉદ્દભવે છે તે રજુ કરવા પ્રયત્ન કરીશ.

આજના યુગે અહિંસાને સમજવાનો તેમ જ આચરવાનો કોઇએ વધુમાં વધુ પ્રયત્ન કર્યો હોય તો તે છે પૂ. ગાંધીજી. તેમણે આ યુગે અહિંસા અંગે વ્યાપક દૃષ્ટિએ વિચાર કરેલ છે. જેમ જેમ માણસ અહિંસા અંગે વધુ વિચારતો થાય છે અને તેનું સૂક્ષ્મપણે પાલન કરવા પ્રયત્નશીલ બને છે તેમ તેમ તેની પાસે અનેક ગુંચવણો ઉભી થાય છે. મહાત્માજીને પણ તેમ જ થયું. ૧૯૪૩ માં અન્નસંકટ સમયે તેમણે માંસાહારીઓને વધુ માછલીઓ ખાવાનો અને અન્નનો ઓછો ઉપયોગ કરવાનું સૂચન કર્યું ત્યારે જૈનોમાં ખળભળાટ થયો હતો. તેમણે કુતરાને અને વાછરડાને મારવાનું કહ્યું તેમ જ ખેતીના પાકને બગાડતા વાંદરાઓને મારવાનું કહ્યું ત્યારે પણ જૈનો મુંઝવણમાં પડી ગયા હતા, કે આ ગાંધીજીની અહિંસા કેવા પ્રકારની છે? તેમનું આ સૂચન વ્યાજબી હતું કે ગેરવ્યાજબી હતું તે અંગે હું અત્રે કશું કહેવા ઇચ્છતો નથી. આ અંગે સૌ પોતે વિચાર કરી લે. હું તો એટલું જ કહેવા ઇચ્છું છું કે જેમ જેમ માણસ અહિંસાના ક્ષેત્રમાં ઉંડો ઉતરતો જાય છે તેમ તેમ તેની પાસે અનેક ગુંચો ઉભી થતી જાય છે અને તેનો ઉકેલ તો તે પોતાનાં જ્ઞાન અને અનુભવને આધારે કરતો જાય છે. તે ઉકેલ અન્યને યોગ્ય લાગે અગર ન પણ લાગે. તેથી જ ગાંધીજીએ કહ્યું કે 'My non-violence is my own' (મારી અહિંસા એ મારી જ છે), તે સમયે મેં અહિંસા અંગે ઠીક ઠીક વિચાર કરેલો અને પ્રબુદ્ધ જૈનમાં પણ આ પ્રશ્ન અંગે બે ચાર લેખો લખેલા. હકીકત એ છે કે અહિંસાના પ્રશ્નનો ઉકેલ વાદવિવાદથી આવી શકે નહિ. તર્કથી તે ઉકેલી શકાય નહીં, તેનો ઉકેલ અનુભવથી જ આવી શકે. એકલી તર્કશકિતનો ઉપયોગ કરવામાં આવે તો કોઇ કોઇ પ્રસંગે એવી અહિંસા અનર્થકારી નિવડે છે, તેથી જ અહિંસાની વિચારણામાં વિવેકને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે.

એક બાજુ હિંસામય વાતાવરણ પ્રવર્તે છે. Survival of the fittest જેવા સિધ્ધાંતોનો પ્રચાર થઇ રહેલ છે. जीवो जीवस्य जीवनम् જેવાં સિધાન્તો પ્રચલિત છે. આવા હિંસામય જગતમાં જેમણે અહિંસાની શોધ કરી છે તેમને કોટી કોટી વંદન ઘટે છે. ડગલે ને પગલે હિંસા રહી છે. બોલવું, ચાલવું વગેરે જીવનની દરેક ક્રિયામાં હિંસા સમાયેલી છે. આમ છતાં હિંસા એ ધર્મ નથી, ધર્મ તો અહિંસામય જીવનમાં જ રહેલો છે; તેથી જ અહિંસાને પરમ ધર્મ કહેલ છે.

દરેક માણસને સુખ જોઇએ છે; દુઃખ કોઇને પસંદ નથી; માટે આપણે સુખ જોઇતું હોય તો આપણે બીજાને પણ દુઃખ આપવું જોઇએ નહિ. આ થયો અહિંસાનો મૂળ પાયો. પરન્તુ પ્રશ્ન એ થાય છે કે સુખ કોને કહેવું? દુઃખ કોને માનવું? દરેક માનવી એમ કહે છે કે હું ઇરાદાપૂર્વક કોઇને દુઃખી કરતો નથી, છતાં આજે વ્યાપક રીતે આપણે ઘણાને દુઃખી કરી રહ્યા હોઇએ છીએ. આનું કારણ એ છે કે સુખ અને દુઃખની દરેકની વ્યાખ્યા જુદી જુદી હોય છે. ખરૂં સુખ તો તેને કહેવાય જે કદી દુઃખમાં પરિણમે નહિ અથવા જેનું પરિણામ દુઃખમય ન હોય. ખરૂં સુખ તો હંમેશા સુખ જ રહે છે. કેટલુંક સુખ એવું છે કે પહેલાં સુખ લાગે છે, પરન્તુ પરિણામ દુઃખમય આવે છે ભોગ ભોગવવા પહેલાં તો સારા લાગે છે પરન્તુ તેનું પરિણામ રોગમાં આવે છે. તેથી જ કહ્યું છે કે "ભોગે રોગ ભયં." આને ખરૂં સુખ કહેવાય નહિં, પરિગ્રહ આમ તો સારો લાગે છે. પરન્તુ તે અંતે પોતા માટે અને બીજા માટે દુઃખમય નીવડે છે, એટલે પરિગ્રહમાં પણ ખરૂં સુખ નથી. ખરૂં સુખ તો તેને જ કહી શકાય કે જે કદી પોતા માટે અથવા પારકા માટે દુઃખમાં પરિણમે નહિ. આવું સુખ મળે તેવી પ્રવૃત્તિ દરેકે કરવી જોઇએ

આ અંગે એક બીજી બાબત પણ વિચારવાની રહે છે. જીવન એ હિંસાથી ભરેલું છે, હિંસા તો હાલતાં ચાલતાં કરવી જ પડે છે, તો પછી અહિંસાવ્રતધારી જીવી કેવી રીતે શકે? આ એક પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉકેલ એ છે કે ઓછામાં ઓછી હિંસા વડે જીવવું તે જ ઉત્તમ જીવન છે. અનિવાર્ય હિંસા–Inevitable હિંસા–જેના વિના ચાલે નહિ તેટલી જ હિંસા અને તે પણ વિવેકપૂર્વક કરવી જોઇએ. આ પ્રશ્નમાં પણ જેમ જેમ ઉંડા ઉતરશું તેમ તેમ ગુંચવણ તો ઉભી થવાની જ પરંતુ તેનો ઉકેલ દરેકે પોતાની શકિત અને અનુભવ મુજબ કરવાનો રહે છે. અનિવાર્ય હિંસા કોને કહેવી? એ પ્રશ્ન અહિંસક માનવી પાસે ખડો થવાનો જ. ગાંધીજીએ કુતરાને મારી નાખવાની સલાહ આપી હતી, ત્યારે પણ તેઓ કહેતા હતા કે અહિંસાની દૃષ્ટિ નજર સમક્ષ રાખીને જ મેં આ સલાહ આપી છે. કુતરાને મારી નાખવાનું હું કહું છું તે તેના હિતમાં જ છે. કુતરો રિબાઇ રિબાઇને મરે તેના કરતાં તેનો અંત આવે તે વધારે સારૂં છે. તેના પ્રતિના દ્વેષથી નહિ પરંતુ પ્રેમથી હું સલાહ આપુ છું. આ પ્રમાણે ગાંધીજીએ પોતાના સૂચનને અહિંસાની દૃષ્ટિએ વ્યાજબી ઠરાવવા પ્રયત્ન કરેલો. બીજી બાજુ વાંદરાઓને મારી નાખવાની સલાહ વાંદરાના હિતમાં નહોતી, તે સલાહ તો ખેતી બચાવવા માટે હતી. તેમાં સ્વાર્થ-ભાવના હતી. તો પછી તે સૂચનને અહિંસક કહી શકાય કે કેમ? આ બધી ગુંચો છે, અને તેનો ઉકેલ તર્કથી લાવી શકાય નહિ. અનુભવ અને વિવેકથી જ તેનો ઉકેલ આવી શકે. દરેક વ્યકિતએ પોતા માટે નક્કી કરવાનું છે કે પોતાનું સ્થાન જોઇને, અનિવાર્ય

હિંસા પોતે કોને ગણશે. માણસ પોતાની જાતને છેતરવામાં જેટલો પાવરધો છે તેટલો પાવરધો બીજા કશામાં નહિ હોય, આમ છતાં દરેક માણસ જો પોતાના અંતરાત્માના અવાજને સાંભળે તો તે પોતાની જાતને છેતરતા અટકે. માનવી ભણેલ હોય કે અભણ, દરેકને અંતરાત્મા કહે છે કે આ કરવું હિતકર છે અને આ કરવું હિતકર નથી. માનવની દરેક પ્રવૃત્તિ વખતે અંતરાત્માનો અવાજ પોકાર કરે છે, પરન્તુ જ્યારે સ્વાર્થનું પ્રાબલ્ય વધે છે ત્યારે માનવી પોતાની જાતને છેતરીને પણ કહે છે કે 'આ સંજોગોમાં મારે આમ કર્યા વગર છૂટકો નથી. મારી જગ્યાએ બીજો હોત તો તે પણ આમ જ કરત. આ સંજોગોમાં બીજો કોઇ રસ્તો નથી.' આ રીતે માનવી પોતાની જાતને વ્યાજબી ઠરાવવા મથે છે. પોતાની જાતને છેતરવાની કળા માનવીએ ઘણી વિકસાવેલ છે અને તેજ કારણે બધી ગુંચો ઉદ્‌ભવી છે.

આ બાબતમાં વધુ વિચાર કરીએ. અહિંસાનું સ્વરૂપ ઉપર કહ્યું તેમ પોતાને દુઃખ ન થવું જોઇએ તેમ જ પોતાના વર્તનથી બીજાને દુઃખ થવું ન જોઇએ તે છે. આ પ્રશ્નમાં જરા વધુ ઉંડા ઉતરીએ. હું ઇંગ્લાંડમાં રહેતો હોઉં. મારી પાસે ૫૦૦૦ પાઉન્ડ હોય, તે હું બર્માની એક ખાણના શેરોમાં રોકું. હું મારી જાતને મનાવું કે આ રીતે વ્યાજ મેળવવું એ અહિંસક છે, કેમ કે મારે કાંઇ આરંભસમારંભ તેમાં કરવાનો નથી બેઠા બેઠા ૬% વ્યાજ મેળવવામાં શું વાંધો? સ્વાર્થની દૃષ્ટિએ હું મારી જાતને આ રીતે મનાવું, પરંતુ હું જો ઊંડો ઉતરું તો મારી પાસે અનેક ગૂંચો ઉદ્‌ભવવાની. તે ખાણમાં મજૂરોની શી સ્થિતિ થાય છે? મને જે વ્યાજ મળે છે તે કેવી રીતે મળે છે? મજૂરો પાસેથી કેટલું કામ લેવામાં આવે છે? તેની સ્થિતિ કેવી કફોડી થાય છે? તેના લોહીનો આ પૈસો નથી ને? એ વ્યાજ આપવામાં લાખો માણસોને પોતાનું શરીર નીચોવવું પડે છે તેનો ખ્યાલ કદી આવે છે? આ બધી અહિંસાની ગુંચે છે અને જેઓ સાચી રીતે અહિંસા પાળવા માગતા હોય તેમણે વિવેકપૂર્વક આ બધી બાબતોમાં ઊંડા ઉતરવું જોઇએ અને તે ગૂંચો ઉકેલવા પ્રયત્ન કરવો જોઇએ.

અહિંસાનો જે મૂળભૂત પાયો છે તે અંગે મેં વાત કરી. હવે બીજી બાબત વિચારીએ. આ જગતમાં સત્ય છે અને અસત્ય પણ છે. ઝેરવેર છે અને પ્રેમ પણ છે. હિંસા છે અને અહિંસા છે. માણસમાં આ બે જાતના ગુણો છે. આ સંસાર આ બે જાતની વિષમતાથી ચાલે છે. આ જગત દ્વંદ્વોથી ભરેલું છે, છતાં જગત ટકેલું છે સત્ય પર, નહિ કે અસત્ય પર. સત્ય જેવી વસ્તુ આ દુનિયામાં ન હોય તો ક્ષણ પણ જગત ટકી શકે નહિ. માનવમાં એકલા હિંસા, ક્રોધ, વેર-ઝેર ભરેલાં હોય અને દયા, અનુકંપા, પ્રેમ, અહિંસા ન હોય તો ઘડી ભર પણ જગત ટકે નહિ. એટલે દુનિયાને ટકાવવી હોય તો જે ધર્મ છે તેનું જેટલા પ્રમાણમાં આચરણ થશે તેટલા પ્રમાણમાં જ દુનિયા પ્રગતિ સાધી શકશે. જ્યારે બાદબાકી, ગુણાકાર કરવાનો વખત આવે ત્યારે દરેકે વિચારવું ઘટે કે મેં જગતમાં અહિંસા-સત્ય વધાર્યું છે કે ઘટાડયું છે? મેં મારા જીવનથી અહિંસાનો વધારો કરેલ છે કે વેરઝેરનો વધારો કરેલ છે? ખરા જીવનનું આ જ માપ છે, આ જ પારાશીશી છે.

ટુંકામાં અહિંસા અંગે મેં બે વાત કરી. એક તો દરેક વ્યક્તિને સુખ જોઇએ છીએ, દુઃખ જોઇતું નથી. માટે શાશ્વત સુખ મળે અને તેથી બીજાને દુઃખ ન ઉપજે તેવું વર્તન કરો. બીજું જગત સત્ય અને અહિંસા પર નિર્ભર છે, અસત્ય કે હિંસા પર નહિ. આ બેની પ્રતીતિ થાય તો અહિંસામય જીવન જીવ્યા ગણાય અને જીવન સફળ થયું ગણાય.

એક વખત એવી માન્યતા હતી કે અહિંસા યુધ્ધક્ષેત્રે ન ચાલે; રાજનીતિમાં તે કામ ન આવે; વ્યવહારમાં તેનું પાલન કરવા જઇએ તો ભૂખે મરવાનો વખત આવે; ધર્મ તો ઉપાશ્રય, દેરાસર કે ધર્મસ્થાનકમાં જ આચરવાની વસ્તુ છે. સામાન્યપણે આ માન્યતા હતી, પરન્તુ પૂજ્ય મહાત્માજીએ રાજકારણમાં અહિંસાનો સફળ પ્રયોગ કરીને બતાવી આપ્યું કે જીવનની દરેકે દરેક પ્રવૃત્તિમાં અહિંસામય આચરણને સ્થાન છે. પૂ. ગાંધીજીએ બીજી વસ્તુ પણ આપણી સમક્ષ પોતાનાં આચરણથી રજુ કરી છે, તે છે અહિંસાનું વિધાયક સ્વરૂપ. આપણે બહુ બહુ તો નિષેધાત્મક અહિંસામાં આગળ વધ્યા હતા. પરંતુ વિધાયક અહિંસા પ્રતિ ઉપેક્ષા સેવી હતી. ગાંધીજીએ વિધાયક અહિંસાનો પ્રયોગ દરેક ક્ષેત્રે કરી બતાવ્યો. નોઆખલીમાં થઇ રહેલ હત્યાકાંડના વચ્ચે તેઓ એકલા જઇને વસ્યા, સુહરાવરદીએ પોલીસરક્ષણ આપવા માંડયું તેની પણ તેમણે ના પાડી, પોતાના અંગત કાર્યકરોને પણ સાથે ન રાખ્યા અને એકલા કોમી દ્વેષની આગમાં રહ્યા. એ બનાવ અહિંસાના પ્રયોગની ઉત્કટતા તથા સફળતાનું અનુપમ દૃષ્ટાંત છે. નોઆખલીમાં તેમણે આણેલ હૃદયપલટો વિધાયક અહિંસાનું સાકાર સ્વરૂપ છે. હિંદના ભાગલા થયા અને ૫૦ લાખ શીખો દીલ્હીમાં એકઠા થયા. કોમીદ્વેષની આગથી સળગી ઉઠયા હતા, તે સમયે ગાંધીજીએ ચાર મહીના દીલ્હીમાં રહીને જે કાર્ય કરેલ છે તે બતાવે છે કે અહિંસક વ્યક્તિ દ્વેષને પ્રેમમાં પલટાવી શકે છે, દ્વેષની અગ્નિને પ્રેમના પાણી વડે બુઝાવી શકે છે. ગાંધીજી વૈષ્ણવકુળમાં જન્મ્યા હતા એ ખરું, પરન્તુ વાસ્તવિક રીતે તેમણે જૈન સિદ્ધાન્તોનો જ પ્રચાર કરેલ છે. જો તેઓ જન્મે જૈન હોત તો તેમના પર આરોપ આવત કે તમે જૈન ધર્મનો જ પ્રચાર કરી રહ્યા છો! ગાંધીજીની અહિંસા કેટલી સૂક્ષ્મ હતી તેનો એક દાખલો શ્રી. મહાદેવભાઇએ નોંધપોથીમાં લખ્યો છે આગાખાન મહેલમાં મહાત્માજી માટે લીંબુનો રસ નાખેલ ગરમ પાણી ઉઘાડું પડયું હતું. તેમણે તુરત જ તે પર ઝીણું લુગડું ઢાંકયું, જીવ ન હણાય તે માટે. આ રીતે ગાંધીજીની દરેક પ્રવૃત્તિમાં અહિંસાનું પાલન નજરે પડે છે.

અહિંસાનુ પાલન સાચી રીતે થાય તો વ્યક્તિ કેટલા પ્રમાણમાં આગળ વધે છે તેનો એક બીજો દાખલો આપું.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કાલીપુજક અને માંસાહારી હતા. છેવટ તેમની અહિંસા એટલે સુધી વિકસી કે ફુલ તોડતાં પણ તેના હૃદયને વિજળીના આંચકા જેવો આંચકો લાગતો હતો.

અહીં એક વસ્તુનો ઉલ્લેખ કરવો જરૂરી છે. જેઓ બીજાને અહિંસાનો ઉપદેશ આપે છે તેમણે શિષ્યની લાયકાત જોઇને ઉપદેશ આપવો જોઇએ. લાયકાત વિના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસાની વાત કદાચ અનર્થકારી નિવડે. શિષ્યની લાયકાત પારખવાની જે ગુરૂમાં શક્તિ ન હોય તે ગુરુ થવાને લાયક ન કહેવાય.

એક સાસુએ મહારાજ પાસે બાધા લીધી કે મારે કોઇની સુવાવડ ન કરવી. પોતાના દિકરાની વહુને સુવાવડ આવી, ત્યારે કહે કે મેં તો સુવાવડ કરવાની બાધા લીધી છે! દીકરાને પરણાવવો અને સુવાવડ કરવાની બાધા લેવી એ કેટલું પરસ્પરવીરોધી છે? એક વખતે કેટલાક રેંટીઓ કાંતવાની બાધા લેવા લાગ્યા હતા. એ કારણે કે તેથી વાઉકાયના જીવ હણાય છે! તો પછી લુગડાં પહેરવાની બાધા શા માટે નં લેવી? આમાં પુરતી સમજણનો અભાવ છે. આવા પ્રસંગે બાધા આપનારે અને બાધા લેનારે વિવેક જાળવવો જરૂરી છે. તેથી જ અહિંસામાં વિવેકને મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે.

અહિંસા એટલે કોઇની હિંસા ન કરવી; આ છે અહિંસાનું નિષેધાત્મક સ્વરૂપ. કોઇ જીવને બચાવવો એ છે અહિંસાનું વિધાયક સ્વરૂપ. પરંતુ આપણા અમુક વર્ગમાં એવી માન્યતા પ્રવર્તે છે કે કોઇ જીવને મારવો નહિ તેમાં અહિંસા છે, પરન્તુ કોઇ જીવને બચાવવો તેમાં અહિંસા નથી. કોઇ જીવ પાણીથી ટળવળતો હોય અને તમે તેને પાણી આપો. કોઇ જીવ ભૂખે મરતો હોય અને તમે

તેને અન્ન આપો. તો તેમાં અહિંસા નથી. તમે પાણી આપ્યું તે પાણીમાં અસંખ્યતા જીવો હતા. તે જીવો હણાયા, એટલે તેમાં દયા નથી. આ કંઇ જાતની માન્યતા છે તે સમજવાની મારી તાકાત નથી! આના સમર્થનમાં એક દૃષ્ટાંત આપવામાં આવે છે. એક શેઠને છ દિકરા હતા. છએ દીકરાને ફાંસીની સજા રાજાએ ફરમાવી. તે સમયે શેઠ બહારગામ હતા. તેમણે આવીને રાજાને અપીલ કરી કે મારા છએ દિકરાને ફાંસીની સજા આપશો તો હું નિર્વંશ જઇશ. રાજાએ કહ્યું કે તમો કહો તે એકને ફાંસી આપવામાં નહિ આવે. શેઠ વિચારમાં પડયો કે મારે કોને બચાવવો? તેને મન છએ દિકરા સરખા હતા. છ દિકરા એટલે છકાયના જીવો. આ છકાયના જીવોમાંથી કોને બચાવવા અને કોને મરવા દેવા? આ છે તર્કશકિતની દલીલ. વિવેક વિનાની તર્કશકિત કેટલે ખોટે માર્ગે લઇ જાય છે તેનું આ દૃષ્ટાંત છે.

આ તર્કશકિત આથી પણ આગળ વધે છે. દરેક જીવ પોતપોતાની આવરદા પ્રમાણે જીવે છે અને આવરદા પૂરી થાય ત્યારે મરે છે. આમાં કોણ કોને બચાવે? કોઇ કોઇને બચાવી શકે તે વાત જ ખોટી છે. આ પ્રમાણે આ તર્કશકિત માનવીને ઉંધે રસ્તે દોરી જાય છે, પરંતુ આપણે વધુ ઊંડા ઉતરશું તો આ વિચારસરણીમાં ભૂલ કયાં છે તે માલુમ પડી આવશે. જો દરેક વ્યકિત આ પ્રમાણે વિચારે અને પાણીથી ટળવળતી વ્યકિતને પાણી ન આપે, ભૂખે મરતી વ્યકિતને અન્ન ન આપે તો પછી આપણા હૃદયમાં જે અનુકમ્પાનું, દયાનું ઝરણું વહે છે તે સુકાઇ જશે તેનું શું? દયા, અનુકમ્પા, પ્રેમ–એ અહિંસાના સાકાર સ્વરૂપ છે. એ ઝરણાને સુકાવી દેનારો ઉપદેશ અહિંસાનો નાશ કરવા સમાન છે.

આ તર્કશકિત આથી પણ આગળ વધેલી છે. તે કહે છે કે આ તો બધા સાંસારિક કામો છે. તેમાં આત્મધર્મ નથી. આત્મધર્મ અને સાંસારિક ધર્મ જુદા જુદા છે. આનું સમર્થન કરતાં, તેઓ કહે છે કે તમો ભોગમય જીવન જીવી રહ્યા છો અને તેથી તમો ઇચ્છો છો કે બીજા પણ તેવું જીવન જીવે. તેમાં તમારો સ્વાર્થ છે. દાખલા તરીકે એક ગરીબ બાઇને પ્રસુતિની પીડા છે. ગામમાં સુવાવડનું સાધન નથી. તમો સાધન સંપન્ન છો, તેથી તમો ટેક્સી લઇ આવ્યા અને નજીકના શહેરમાં તમો તેને હોસ્પીટલમાં લઇ ગયા. તે બાઇને સુખરૂપ પ્રસૂતિ થઇ. કહે છે કે આ બાઇ પ્રતિ તમે અનુકમ્પા બતાવી તેમાં ધર્મ નથી, તે તો સાંસારિક કાર્ય છે.

આ દલીલના જવાબમાં તમો જો એમ કહો કે 'તેમાં મારે કંઇ સ્વાર્થ નહોતો. તે બાઇ મારી સગી નથી. મેં તો માત્ર અનુકમ્પાથી જ કરેલ છે.' તો તે દલીલનો તમોને જવાબ આપવામાં આવશે કે તે બાઇ સાથે તમને પૂર્વભવમાં સંબંધ હશે અને તેથી તમોને તે બાઇ માટે કંઇક કરવાની લાગણી થઇ આવી. કદાચિત પૂર્વભવના સંબંધને કારણે આમ ન બન્યું હોય તો તમોને આ બાઈ પ્રતિ રાગ જન્મ્યો અને તેથી તમે તે કાર્ય કર્યું. પરન્તુ તેમાં આત્મધર્મ નથી.

આ રીતે આ વર્ગ આત્મધર્મ અને સાંસારિક ધર્મને સર્વથા જુદા પાડે છે. આ રીતે વર્ગીકરણ કરીને, તેઓ કહે છે કે સંસારમાં રહીને તમે ધર્મ કરી શકો નહિ, એટલે કાં તો સંસારમાં રહો અગર તો ત્યાગી બનો! પરન્તુ વાસ્તવિક રીતે જોઇએ તો આ માન્યતા બરાબર નથી. પૂ. મહાત્માજીએ પણ બતાવી આપ્યું છે કે સંસાર જુદો અને ધર્મ જુદો એ માન્યતા બરાબર નથી. સંસારમાં રહીને ધર્મમય જીવન જીવી શકાય છે અને જીવવું જોઇએ. માનવી હિમાલયની ગુફામાં જઇને બેસે, પરન્તુ જો તેનું મન ચંચળ હશે તો તે સંસારમાં જ ભમ્યા કરશે અને જો માનવીને પોતાના મન પર કાબુ હશે તો સંસારમાં રહીને પણ તે નિર્લેપપણે રહી શકશે. સંસાર માણસની કસોટીની ભૂમિકા છે. અહિંસાનું આચરણ હવામાં નથી થતું. જીવનમાં પ્રતિક્ષણ તેનો અનુભવ થાય છે અને થવો જોઇએ. અહિંસક જીવનનો વિકાસ આવા અનુભવથી જ થાય.

સંસારનો ત્યાગ કરવો અને સર્વથા ત્યાગમય જીવન જીવવું એ બધા માટે શકય નથી અને અધિકાર ન હોય ત્યાં આ પ્રકારની વાતો કરનાર પોતાની ફરજ ચૂકે છે. આમાં એકાન્ત દૃષ્ટિ છે, જ્યારે જૈન ધર્મ અનેકાન્તવાદમાં માને છે. એક વ્યકિત પિતા, ભાઇ, પુત્ર વગેરે અનેક સંબંધો ધરાવતો હોય છે. તે વ્યકિત બધાની સાથે એક રીતે વર્તે તો અનર્થ થાય. જેવો સંબંધ તે રીતે તેણે વર્તવું જોઇએ. આ છે અનેકાન્ત દૃષ્ટિ. તેવી જ રીતે ઉપર મુજબ એકાન્ત ઉપદેશ આપવો તેમાં જૈન દૃષ્ટિ નથી. જૈન દૃષ્ટિ તો અનેકાન્તવાદની દૃષ્ટિએ ઉપદેશ આપવાનું સૂચવે છે. વ્યવહારનય અને નિશ્ચયનય મૂકવામાં અનેકાન્ત દૃષ્ટિ બન્નેનો સમન્વ સાધવાનું કહે છે. અનેકાન્ત દૃષ્ટિને બાજુએ મૂકવામાં આવે અને એકાન્ત દૃષ્ટિને અપનાવવામાં આવે તો મહાન અનર્થ થાય. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે,

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

આ જાતની અનેકાન્ત દૃષ્ટિ વિશાળ દૃષ્ટિ જેનામાં હોય તે જ ખરો આત્માર્થી છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## માનવતા પોકારી રહી છે: 'સંકટગ્રસ્તોને સહાય કરો!'

### એક વિનંતી

કુદરતનાં પરસ્પર વિરોધી બે રૂપ છે. એક શિવ; બીજું રૂદ્ર. શિવ સ્વરૂપનું દર્શન સર્વત્ર પ્રસન્નતા અને આનંદ પ્રેરે છે અને માનવી જીવનમાં નવી ચેતના પ્રગટાવે છે. રૂદ્ર સ્વરૂપનું પ્રગટીકરણ ભય, વિસ્મય અને વિકલતા પ્રેરે છે અને માનવી સમાજ ઉપર કદિ કદિ નાના કે મોટા પાયા ઉપરની આફત પણ ઉતારે છે. કદિ કુદરતના આવા એક સ્વરૂપનું દર્શન થાય છે; કદિ અન્ય સ્વરૂપનું દર્શન થાય છે; કદિ કદિ એક જ સમયે એક સ્થળે એક સ્વરૂપ પ્રગટે છે અને અન્યત્ર અન્ય સ્વરૂપનો આવીર્ભાવ થાય છે. આ વખતે વર્ષા રૂતુએ આવો પરસ્પરવિરોધી ભાવ ભજવ્યો છે. આપણી બાજુએ જેને પૂછીએ છીએ તે કહે છે કે 'આ વખતે અમારે ત્યાં લીલા લહેર છે; વરસાદ બહુ સારો પડયો છે પાક સવા રૂપિયો ઉતરશે.' વર્ષાએ આ વખતે સ્થળે સ્થળે વર્ષા પાતનાં નવાં સીમાચિહ્નો સર કર્યાં છે. કુદરત પુરબહારમાં ખીલી ઉઠી છે. ખેતરો પાકના નવા મોલથી લચી રહ્યાં છે એ જ વર્ષા રૂતુએ બિહાર તેમજ આસામમાં માઝા મૂકી છે, હિમાલયમાંથી વહેતી નદીઓનાં પાણી કિનારાની મર્યાદા તોડી ઓળંગીને જ્યાં ત્યાં ફરી વળ્યાં છે અને લાખો માણસોને ઘરબાર વિનાનાં માલ મિલ્કત વિનાનાં બનાવી દીધાં છે. જાનની ખુવારી પણ સ્થળે સ્થળે સારા પ્રમાણમાં નોંધાણી છે. કોઇ કાળે પણ વર્ષાનું આવું રૂદ્ર સ્વરૂપ અને તેનાં આવાં ભયંકર અને વ્યાપક પરિણામો જોવા કે જાણવામાં આવ્યા નથી.

આવી કુદરતી આફતો માનવી સમાજ ઉપર સદા કાળ આવતી ઉતરતી રહે છે. એક સીકકાની બે બાજુ માફક કુદરતની આ પ્રકૃતિ છે. આની સામે ફરિયાદ કરવાનો કે પોકાર ઉઠાવવાનો કોઇ અર્થ નથી. કુદરત જે કાંઇ કરે છે તે આપણા ભલા માટે હોય છે એમ વિચારીને આવા જળતાંડવને કોઇ પણ અંશમાં આપણું ઉદ્વેગકલાન્ત મન આશીર્વાદરૂપ લેખી શકતું નથી. આમ છતાં પણ આવી કુદરતી આફતોમાંથી આપણે બે ત્રણ બોધપાઠો તારવી શકીએ છીએ. એક તો એ કે કુદરતનો આવો અસામાન્ય પ્રસાદ કે પ્રકોપ ગરીબ પૈસા-

દ્વારનો ભેદ કરતો નથી. સૌ કોઇને એક ત્રાજવે તોળે છે. બીજું આવી આફતો દ્વારા માનવી સમાજ એક છે એ સત્યનું આપણને સચોટ ભાન થાય છે. કોઇવાર અહિં તો કોઇવાર ત્યાં એમ અણધાર્યો વાવંટોળ કે ધરતીકંપ ધરતીને હચમચાવી જાય છે. અને પાર વિનાની તારાજી સરજી જાય છે. કુદરત માનવીભેદ કે ક્ષેત્રભેદમાં સમજતી નથી. રાયરંકને સાથે ડુબાડે છે કે ભસ્મીભૂત કરે છે. આપણે બધા એકજ ગોળાની સપાટી ઉપર વસતા પ્રાણીઓ છીએ. આપણાં અમનચમન અને દુઃખ દારિદ્રય એકમેક સાથે ગુંથાયલાં છે. વણાયલા છે. આમ સમજીને સંકટગ્રસ્તોની મદદે દોડવું, આપણાથી જે કાંઇ બની શકે તે આપવું યા મોકલવું એ આપણો અનિવાર્ય ધર્મ બને છે. મારાં સુખચેન અબાધિત રહો એવી ઘેલછાએ આપણી આંખો તથા કાનને બધિર બનાવી મૂક્યા છે. અન્યની આફત એ આપણી છે એવું સંવેદન આપણે અનુભવતા નથી. પ્રમાદ, લાગણીશૂન્યતા, ઉદાસીનતાના કારણે આપણું આખું જીવન જડતાપ્રધાન બની ગયું છે. જો સાચી માનવતા આપણે પ્રાપ્ત કરવી હોય તો આ જડતામાંથી આપણે ઉંચે આવવું જોઇએ; આપણી આંખો ઉપર ચઢેલાં પડળ દૂર કરવા જોઇએ; પીડિત ત્રસ્તોનો અવાજ કાનો દ્વારા આપણા અન્તર ભાગને સ્પર્શવો જોઇએ. શ્રી વિનોબા કહે છે કે "જ્યારે કાનમાં કોઈ જાતની વેદના થાય છે ત્યારે નેત્રો આંસુ સારવા માંડે છે. જો આંખ પોતે કોઇ વેદનામાં ન સપડાઇ હોય તો તેણે શા માટે આંસુ સારવા જોઇએ ભલા ? આનો જવાબ આંખ તરત જ આપશે કે અમે બધાં એક જ છીએ. અને સુખ હોય કે દુઃખ, એને અમે અમારૂં પોતાનું જ માનીએ છીએ જે પળે કાંટો પગમાં પેસી જાય છે તે જ પળે હાથ તેને બહાર ખેંચી કાઢવાને દોડી જાય છે. એવે વખતે હાથ કંઇ એમ નથી કહેતો કે મારૂં સ્થાન ઉંચું છે અને પગને મદદ કરવા માટે હું નીચો નમી શકુ નહિ. જ્યાં લગી કાંટાને બહાર કાઢતો નથી ત્યાં લગી હાથ જંપીને બેસતો નથી."

આવી સમસંવેદનવૃત્તિ આપણામાં સતત જાગૃત બનવી જોઇએ. આ પ્રકારની સમસંવેદન વૃત્તિથી પ્રેરાઇને એક મિત્રે અમને રૂા. ૧૦) ની રકમ આપીને પ્રબુધ્ધ જીવનમાં આ ફાળાની શરૂઆત કરવા વિનંતિ કરી છે. એમણે અન્ય દ્વારા પણ આ પરોપકારી કાર્યમાં મદદ મોકલી છે. અમે આ વિનંતિને સાદર માન્ય કરીએ છીએ અને પ્રબુધ્ધ જીવનના વાંચકોને આ ફાળામાં પોતાથી બને તેટલું દ્રવ્ય મોકલવા અમો પ્રાર્થના કરીએ છીએ. આ રીતે એકત્ર થયેલું દ્રવ્ય યોગ્ય સ્થાને પહોંચાડવામાં આવશે એની અમો ખાત્રી આપીએ છીએ.

**તંત્રી : પ્રબુધ્ધ જીવન.**

## આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે મુજબ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આખો કાર્યક્રમ એક ફેરફાર સિવાય સફળતાપૂર્વક પાર પડયો હતો. આ ફેરફાર તા૦ ૩૦-૮-૫૪ સોમવારના રોજ પંડિત બેચરદાસ જીવરાજ દોશીનું મુંબઇ આવવાનું અણધારી રીતે અંગત કારણસર અશક્ય બનવાથી તેમના સ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું 'વિધાયક અહિંસા' એ વિષય ઉપર વ્યાખ્યાન ગોઠવવું પડયું તેને લગતો હતો. આ એક પ્રકારે ઇષ્ટાપત્તિરૂપ હતું. આજ સુધીમાં એવી ભાગ્યેજ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાઇ છે કે જેમાં શ્રી ચીમનભાઇ વ્યાખ્યાતા તરીકે ન હોય. આ વખતની માળામાં એ કડી તુટતાં તુટતાં પણ પાછી સંધાઇ ગઇ છે.

ગયા વર્ષે નાદુરસ્ત તબિયતના કારણે પંડિત સુખલાલજી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત થઇ શકયા નહોતા. તેમની અતિ નાજુક શરીરસ્થિતિ જોતાં આ વખતે પણ તેમનું આગમન નિશ્ચિત નહોતું. સદ્દભાગ્યે તેઓ સમયસર મુંબઇ આવી શક્યા અને નવે દિવસની વ્યાખ્યાનસભાઓને તેમની અધ્યક્ષતાનો લાભ મળી શકયો. જરૂર જણાય ત્યારે વ્યાખ્યાતાના વ્યાખ્યાનની તેઓ આલોચના કરતા હતા. તા૦ ૧-૯-૫૪ બુધવારની સંવત્સરિની વિરાટ સભામાં ભગવાન મહાવીરના જીવનને આપણે કઇ રીતે અને કેવા વ્યાપક ખ્યાલોપૂર્વક ગ્રહણ કરવું તેની-'મહાવીર કથા' એ મથાળાના પોતાના વ્યાખ્યાન વિષય દ્વારા-તેમણે ચિંતનપૂર્ણ સમજુતી આપી હતી.

મુંબઇ જૈન યુવક સંઘની આ પર્યુષણ વ્યાખ્યાનમાળા એક સતત વિકસતી અને જેમાં નવા નવા રંગો પુરાતા જતા હોય એવી પ્રવૃત્તિ છે. આ રીતે આજ સુધી યોજાયલી વ્યાખ્યાનમાળા કરતાં આ વખતની વ્યાખ્યાનમાળાની યોજના વિલક્ષણ પ્રકારની હતી. આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે હિંદુઓ આવી ગયા, પારસી, મુસલમાન, ઇસાઇ પણ આવી ગયા, સ્વામી અને મૌલવી, જૈન સાધુ અને ખ્રીસ્તી પાદરી પણ આવી ગયા. વ્યાખ્યાતાઓમાં મોટા ભાગે ભાઇઓ હોય; કદિ કદિ એક કે બે સ્ત્રી વ્યાખ્યાતા હોય. આ વખતની વ્યાખ્યાનમાળાની શરૂઆતના સાત દિવસો દરમિયાન પહેલા દિવસે એક દંપતી યુગલ શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક અને શ્રી હીરાબહેન પાઠકનાં વ્યાખ્યાનો હતાં. પછીના દરેક દિવસે એક ભાઇ તથા એક બહેન એ પ્રકારે વ્યાખ્યાતાઓ યોજાયા હતા અને વ્યાખ્યાનોની ગુણવત્તા એક સરખી જળવાઇ રહી હતી. આ ઉપરાંત વચગાળે એક દિવસ તા. ૨૯-૮-૫૪ રવિવારના રોજ કુ૦ અરૂણા સોનાવાળાએ પ્રારંભના બે વ્યાખ્યાનો પત્યા બાદ લગભગ એક કલાક સુધી શાસ્ત્રીય સંગીત સંભળાવ્યું હતું. આપણા સમાજમાં સ્ત્રીશક્તિનો કેટલો વિકાસ થઇ રહ્યો છે તેનું માપ આપણને આ સુંદર આયોજન ઉપરથી મળે તેમ હતું. બહેન ઉષા મહેતાએ 'ભગિની નિવેદિતા' એ વિષય ઉપર આપેલું વ્યાખ્યાન પ્રવાહબધ્ધ સુશ્લિષ્ટ વકતવ્યનો એક નમૂનો હતો આજે પણ તેમની વાણીનો રણકાર જેમણે એ ભાષણ સાંભળેલું તેમના કાનમાં ગુંજ્યા કરે છે. આ વ્યાખ્યાન સાંભળીને પંડિતજીએ કહેલું કે ઉષા બહેનની આવી ઉત્કટ ભાવનામયતા જોતાં આજે જ જાણે કે આપણી સમક્ષ ભગિની નિવેદિતા પુનર્જીવિત થઇ રહી લાગે છે.

દર વર્ષ માફક આ વ્યાખ્યાનમાળામાં સંગીતનું પણ સપ્રમાણ આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભાનો પ્રારંભ કોઇ પણ બહેન યા ભાઇના બે કે ત્રણ ભજનોથી થતો હતો. આ માટે કુ૦ નલિની તેજાણી, કુ૦ સુરંગી વકીલ, શ્રી દમયન્તી ગાંધી, કુ૦ કુમુદ શેઠ, ભાઇ અનિરૂધ્ધ ટન્ના, કુ૦ અનસૂયા શાહ, કુ૦ નિર્મળા ઓઝા તથા સૌ. પૂર્ણિમા ઝવેરીનો વિના સંકોચે અમારી માગણી સ્વીકારવા બદલ આભાર માનવો ઘટે છે. છેલ્લા બે દિવસની મોટી સભામાંથી પહેલા દિવસે જાણીતા સંગીતકાર શ્રી. શાંતિલાલ શાહે નિયત વ્યાખ્યાનોના અન્તે ભગવાન મહાવીરના કેટલાક પદ્યગ્રથિત જીવન પ્રસંગો હારમોનિયમ, તબલા, શીડલના પુરા ઠાઠ સાથે સંભળાવીને સૌનાં દીલ ખૂબ પ્રસન્ન કર્યાં હતાં. બીજા દિવસે શ્રી. નારાયણ મહાદેવ દેસાઇના ભૂદાન ઉપરના અપૂર્વ પ્રવચનની પુરવણી રૂપે શ્રી. પિનાકિન ત્રિવેદીએ ભૂદાનને અનુલક્ષીને ભજનો સંભળાવ્યાં હતાં.

ઘણા વ્યાખ્યાતાઓ આ વખતની વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર ઉપસ્થિત થયા હતા. બહારગામથી આવેલાઓમાં પંડિત સુખલાલજી અમદાવાદથી આવ્યા તે ઉપરાંત શ્રી પદ્મનાભ જૈન કાશીથી, શ્રી શારદાદેવી શર્મા નાગપુરથી, શ્રી અરૂણા સોનાવાલા નવસારીથી અને શ્રી નારાયણ દેસાઇ વેડછીથી આવ્યા હતા. વ્યાખ્યાનમાળાને સફળ બનાવવાનો ખરો યશ આ તેમજ અન્ય વ્યાખ્યાતાઓના ભાગે જાય છે. તેમના અમે ખૂબ ઋણી છીએ.

સંવત્સરિના બંને દિવસ મુંબઇમાં સતત ધારાએ વરસાદ વરસતો હતો. જૈનો માટે આ વખતે બીજા પણ અનેક વિદ્વાન

સાધુઓનાં આકર્ષણ હતાં. આમ છતાં પણ આ બન્ને દિવસની સભાઓમાં આવેલાં શ્રોતા ભાઇ-બહેનોની હાજરી વડે રોકસી થીએટર ચીકાર ભરાઇ ગયું હતું. આ સભાઓ ભરવા માટે રોકસી થીએટર અમને આપવા બદલ મેસર્સ કપુરચંદ કંપનીનો અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેઓ જે સદ્ભાવ અને સરળતાથી અમને આ સગવડ આપે છે તેની અમારે મન ઘણી મોટી કીંમત છે.

વ્યાખ્યાનમાળામાં આવનાર ભાઇ બહેનો શાન્તિ અને શિસ્તના ખ્યાલોથી એટલા બધા ટેવાયેલા છે કે આ સભાઓની વ્યવસ્થા જાળવવાનું કામ ભાગ્યે જ ચિન્તાનો વિષય બને છે. એમ છતાં નવે દિવસની સભાઓની વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થવા માટે ઝાલાવાડી જૈન સ્વયંસેવક મંડળ તથા સ્થાનકવાસી જૈન યુવક મંડળનો અમે અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. છેવટે આભાર માનવાનો રહે છે શ્રોતાઓનો કે જેઓ અમને ભાગ્યે જ તકલીફ આપે છે. સંવત્સરિના દિવસોની બન્ને સભાઓ ત્રણ ત્રણ કલાક ચાલેલી. આખું થીએટર ભાઇઓ તથા બહેનો વડે ચિકાર ભરેલું. આમ છતાં પહેલેથી છેલ્લે સુધી એક સરખી શાન્તિ જળવાય, ભાગ્યેજ કોઇ પોતાના સ્થાન ઉપરથી ઉઠે; સૌ કોઇ એક ધ્યાનથી સાંભળે; કોઇની આકૃતિ ઉપર થાક કે કંટાળો નજરે ન પડે; જાણે કે ચિત્રસ્થ ન હોય એવી આ સભાનું દર્શન જેટલું વિસ્મયજનક તેટલુંજ અલૌકિક દિસતું હતું. આ દૃશ્ય કંઇ સમય સુધી સ્મરણપટ ઉપર અંકાઇ રહે છે અને આવી શાન્તિ, સભ્યતા અને શિસ્ત આ ભાઇ બહેનોને કોણ શિખવી જાય છે એ વિષે દિલ આશ્ચર્ય અનુભવે છે. નાની કે મોટી દરેક સભાનું આ પ્રેરક રોમાંચક દર્શન અને તેથી દિલમાં અનુભવાતા સંતોષ અને આનંદ દ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળાને લગતી બધી જહેમતનો બદલો મળી રહેતો હોય એમ અમને લાગે છે અને એ પ્રવૃત્તિને વિકસાવવાની અને વધુ ને વધારે વિશદ બનાવવાની પ્રેરણા અમો અનુભવીએ છીએ.

અંતમાં જણાવવાનું કે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા આગળ જેટલી દ્રવ્યવાહક બની શકી નથી. આશરે રૂ. ૨૧૦૦ ની આવક થઇ છે. જેની વિગત આવતા અંકમાં અન્યત્ર આપવામાં આવશે. બીજી બાજુએ આ ઓછી આવકના બદલારૂપ ન હોય એમ અમે નવા ૬૦ સભ્યો મેળવી શકયા છીએ. જેમાં ૩ જૈનેતર ભાઇઓ છે. આ રીતે સંઘના કાર્યશક્તિ જરૂર વધી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાને લગતી આ વિગતો રજુ કરતાં અમો આનંદ તથા સંતોષ અનુભવીએ છીએ

મંત્રીઓ,
મુંબઇ જૈન યુવક સંઘ

## રજત-મહોત્સવ સમારંભ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આગામી રજત મહોત્સવ સમારંભની વિગતો લગભગ નકકી થઇ ચૂકી છે. આગળ જણાવેલા કાર્યક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. નિશ્ચિત કરવામાં આવેલો કાર્યક્રમ નીચે મુજબ છે.

| દિવસ | સમય | પ્રસંગ | સ્થળ |
|---|---|---|---|
| ૯ ઓકટોબર શનીવાર | સાંજના ૬-૩૦ | રામાયણ (કઠપૂતળી-નૃત્ય નાટિકા) | ભારતીય વિદ્યાભવન |
| ૧૦ ઓકટોબર રવિવાર | સવારના ૯ | રજતમહોત્સવ સંમેલન | ભારતીય વિદ્યાભવન |
| " " | સાંજના ૫-૪૫ | સમૂહ ભોજન | પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથ |
| ૧૧ ઓકટોબર સોમવાર | સાંજના ૬-૩૦ | મનોરંજન કાર્યક્રમ | ભારતીય વિદ્યાભવન |
| ૧૨ ઓકટોબર મંગળવાર | રાત્રીના ૮ | નૌકાવિહાર | ન્યુ ફેરીવ્હાર્ફ નં. ૦ |

## રામાયણ (કઠપૂતળી નૃત્ય નાટિકા)

રજત મહોત્સવનો પ્રારંભ તા૦ ૯-૧૦-૫૪ શનીવાર સાંજના ૬-૩૦ વાગે ભારતીય વિદ્યાભવનમાં 'લીટલ બેલે ટ્રુપ' તરફથી ભજવાતી રામાયણ (કઠપૂતળી નૃત્ય-નાટિકા) થી કરવામાં આવશે. આ પ્રસંગે પ્રસ્તુત નાટિકા ઉપરાંત ત્રણ નાનાં નૃત્યો તેમજ સરોદ સંગીત રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ લગભગ અઢી કલાકનો રહેશે અને પ્રેક્ષકોને સંગીત તેમજ નૃત્યના આયોજનપૂર્વકનું સુંદર કળાનિર્માણ જોવા મળશે. આ માટે રૂ. ૫૦, ૨૫, ૧૫, ૧૦, ૫ અને ૨ ની ટીકીટો રાખવામાં આવી છે અને આ રીતે થતી સઘળી આવક મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા સંચાલિત શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને સુપ્રત કરવામાં આવશે.

## રજત-મહોત્સવ સંમેલન

તા૦ ૧૦-૯-૫૪ રવિવારના સવારના ૯ વાગ્યે ભારતીય વિદ્યાભવનના થીએટરમાં આ રજત-મહોત્સવ સંમેલન ભરવામાં આવશે. આ જાહેર સંમેલન હોઇને સૌ કોઇ ભાઇ બહેનો આમાં ભાગ લઇ શકશે.

## સમૂહ ભોજન

સંઘના સભ્યો તથા નિમંત્રિત મહેમાનો તથા રજત મહોત્સવના દાતાઓ માટે આ સમૂહ ભોજન યોજવામાં આવ્યું છે. સભ્યો તેમજ દાતાઓ પોતાની સાથે રૂા. ૩ ભરીને એક વધારે વ્યક્તિને મહેમાન તરીકે લાવી શકશે.

## મનોરંજન કાર્યક્રમ

સંઘમાં સભ્યો તથા શુભેચ્છકો માટે તા. ૧૧-૯-૫૪ સોમવારના રોજ ભારતીય વિદ્યાભવનમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ માટે ફ્રી પાસો રાખવામાં આવ્યા છે અને તે સંઘના કાર્યાલયમાંથી અવકાશ મુજબ આપવામાં આવશે.

## નૌકાવિહાર

તા. ૧૨-૯-૫૪ મંગળવારના રોજ રાત્રીના આઠથી અગિયાર સુધીનો આ નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ નૌકાવિહારમાં રજત-મહોત્સવ ફંડ નં. ૧ ના દાતાઓ તથા રજત-મહોત્સવ નં. ૨ માં ઓછામાં ઓછા રૂા. ૧૦ ભર્યા હોય તે સભ્યો ભાગ લઇ શકશે. આ ઉપરાંત આ દાતાઓ તથા સભ્યો અમુક મર્યાદામાં પોતાનાં સ્વજનોને ૧૦ વર્ષની ઉપરની ઉમ્મરના માટે રૂ. ૩ અને ૧૦ વર્ષ નીચેની ઉમ્મરના માટે રૂ. ૨ એ મુજબ રકમ ભરીને આ નૌકા વિહારમાં સામેલ કરી શકશે. આ માટેના પાસો સંઘના કાર્યાલયમાંથી મળશે. આને લગતી વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે.

## રજત-મહોત્સવ ફંડ નં. ૧

આ પ્રસંગે ઉપર જણાવેલ નૃત્ય-નાટિકાનો ખર્ચ નીકળે અને સંઘને સારો અર્થલાભ થાય એ હેતુથી રજત-મહોત્સવ ફંડ નં. ૧ ઉભું કરવામાં આવ્યું છે. આ ફંડમાં સંઘના સુસ્થિત સભ્યો તેમજ શુભેચ્છકો પાસેથી રૂ. ૧૦૦ અથવા તેથી વધારે રકમો મેળવવી એ આ ફંડનો હેતુ છે. આ રીતે આ ફંડમાં નાણાં ભરનાર પ્રત્યેક દાતાને રજત-મહોત્સવના સમગ્ર કાર્યક્રમમાં ભાગ લેવાનો અધિકાર મળશે.

## રજત-મહોત્સવ ફંડ નં. ૨

આ પ્રસંગે નૃત્ય નાટિકા સિવાયના અન્ય ખર્ચને પહોંચી વળવા માટે સંઘનો દરેક સભ્ય ઓછામાં ઓછા રૂા. ૧૦ આપે એવો સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો છે. આ પ્રમાણે રૂ. ૧૦ ભરનાર સભ્ય નૃત્યનાટિકા સિવાયના દરેક કાર્યક્રમમાં ભાગ લઇ

શકશે અને જ્યાં આવશ્યક હશે ત્યાં તેને પાસ આપવામાં આવશે. રજતમહોત્સવ ફંડ નં. ૧ માં જે સભ્યે રૂા. ૧૦૦ અથવા તેથી વધારે રકમ ભરી હશે તે સભ્યને આ રૂ. ૧૦ આપવાના નહિ રહે. સમૂહ ભોજનમાં અપવાદ રૂપ કોઇ સભ્યે રૂા. ૧૦) આપ્યા ન હોય તો પણ તે સભ્યને નિમંત્રણ આપવામાં આવશે, સિવાય કે જેણે પોતાનું વાર્ષિક લવાજમ પણ ભર્યું ન હોય.

## પ્રબુધ્ધ જીવનનો વિશેષ અંક

પ્રસ્તુત રજત મહોત્સવ અંગે પ્રગટ કરવા ધારેલ પ્રબુદ્ધ જીવનનો વિશેષ અંક ઓકટોબરની પહેલી તારીખને બદલે નવેંબરની પહેલી તારીખે પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંકમાં મુંબઇ જૈન યુવક સંઘનો આજ સુધીનો સંક્ષિપ્ત ઇતિહાસ, રજત-મહોત્સવને લગતી વિગતો તથા અનેક વિદ્વાન ચિન્તકોના મનનીય લેખો સંમીલિત કરવામાં આવશે.

## સભ્યોને, શુભેચ્છકોને, પ્રબુધ્ધ જીવનના વાંચકોને પ્રાર્થના

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના જીવનમાં આ રજત મહોત્સવ એક અસાધારણ મહત્વનો પ્રસંગ છે. સંઘની આજ સુધીની પ્રવૃત્તિઓને એકસરખી ટકાવવી, વિકસાવવી, તથા તત્સદૃશ નવી પ્રવૃત્તિઓ હાથ ધરવી એ ફાળો ઉઘરાવવાનો હેતુ છે. મુંબઇ જૈન યુવક સંઘ પોતાની જીનવાણીવિરોધી કાર્યનીતિ, પ્રબુધ્ધ જૈન યા જીવન નામનું પાક્ષિક મુખપત્ર, સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય, પર્યુષણ વ્યાખ્યાનમાળા આદિ અનેક પ્રવૃત્તિઓ દ્વારા સંઘના સભ્યો ઉપરાંત અનેક ભાઇ બહેનોને એક યા બીજી રીતે સ્પર્શેલ છે. કામ નાનું યા મોટું હોય, નિષ્ઠાપૂર્વક અને સત્ય તથા શ્રેયને અનુલક્ષીને કરવું એ અમારૂં ધ્યેય રહેલું છે. પ્રબુદ્ધ જીવનને પૂરો આર્થિક ટેકો, ગ્રાહકસંખ્યામાં સંગીન પુરવણી અને ચિન્તકો, વિદ્વાનો અને સમાજસેવકોનો સહકાર મળે તો તેને વિશેષ દળદાર, લેખસામગ્રીના વૈવિધ્યથી સભર અને બની શકે તો સાપ્તાહિક આકાર આપવાનો અમારો મનોરથ છે. મુંબઇ જૈન યુવક સંઘે આ રીતે કોઇ દિવસ પોતાની ઝોળી સમાજ સમક્ષ આગળ ધરી નથી. અમને ચાહનારા એક એક હજાર રૂપિયા આપે તો ઓછા છે અને એક આપે તો પણ ઘણો છે. કીંમત રૂપીયામાં નથી, ભાવ તથા કદરમાં છે. જેનાંથી જે કાંઇ બની શકે તે રીતે ઉપર જણાવ્યા મુજબ આપીને અમારા સંઘની કાર્યક્ષમતામાં બને તેટલો તેઓ વધારો કરે એટલી અમારી નમ્ર ભાવે પ્રાર્થના છે.

## પૂર્વ આફ્રિકાના ગ્રાહકબંધુઓને

ગયા વર્ષે અમારામાંના એક મંત્રી શ્રી ટી. જી. શાહનું આપને ત્યાં અણધાર્યું આવવાનું બન્યું અને સદ્ભાગ્યે અમને આપની બાજુએથી સારી ગ્રાહકસંખ્યા પ્રાપ્ત થઇ. આપનો અને અમારો સંબંધ નવો છે. તે ઉપર અમને કશી મદાર બાંધવાનો અધિકાર નથી. એમ છતાં અમે જાણીએ છીએ અને જાણીને આનંદ અનુભવીએ છીએ કે આપ ભાઇઓ સ્થિતિસંપન્ન છો. આપ ધારો તો અમને સંગીન રીતે નવાજી શકો તેમ છો. પ્રબુધ્ધ જીવન મારફત અમારા સંઘની વિવિધ પ્રવૃત્તિઓની આપ કાંઇક ઝાંખી કરી શકયા હશો. પ્રબુધ્ધ જીવનને તો આપ જાણો જ છો. આપના દિલમાં અમારૂં કાર્ય વસ્યું હોય, પ્રબુધ્ધ જીવનની વિચારધારા આપને બોધક અને રસપ્રદ લાગી હોય તો આપ ફુલ નહિં તો ફુલની પાંખડી-આપની પ્રતિષ્ઠા અને શોભાને અનુરૂપ દ્રવ્ય-મોકલશો. અમે તેને કૃતજ્ઞતાપૂર્વક આવકારીશું.

૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ                    પરમાનંદ કુંવરજી કાપડિયા
મુંબઇ ૩, તા. ૧૪-૯-૫૪.                    ટી. જી. શાહ
મંત્રીઓ, રજત-મહોત્સવ સમિતિ.

## ભૂલ-સુધારણા

પ્રબુધ્ધ જીવનનો ગયો અંક નવમો હોવા છતાં પહેલા પાને અંક ૮ એમ ભૂલથી છપાયું છે તે સુધારી લેવું.

'પ્રેમ પંથે' નામના બહેન ગીતા પરીખના કાવ્યની આઠમી પંકિતમાં 'નેહ તારે' એમ છપાયું છે ત્યાં 'નેહ ભારે' એમ સુધારી લેવું.

તંત્રી, પ્રબુધ્ધ જીવન

## 'દયા, દાન, અનુકંપા વિષે તેરાપંથી સંપ્રદાયની દ્રષ્ટિ'

ગયા અંકમાં આ મથાળા નીચે તેરાપંથી સંપ્રદાયની વિચારસરણીને લગતું એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું. આ અંકમાં તેની સમાલોચના આપવા ઇચ્છા હતી. પણ એક બાજુ જરૂરી સ્વસ્થતાનો અભાવ અને બીજી બાજુએ રજત મહોત્સવના આયોજનને અંગે રહેતું ખૂબ રોકાણ- એ બે કારણોને લીધે એ બની શકયું નથી. આવતા અંકમાં એ સમાલોચના આપવા ધારણા છે.

પરમાનંદ

## ભારત જૈન, મહામંડળનું ૩૪ મું અધિવેશન

મુંબઇના સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ શ્રીમાન લાલચંદ હીરાચંદ દોશીના પ્રમુખપણા નીચે ઓકટોબર માસની તારીખ ૯ તથા ૧૦ ના રોજ ઉદેપુર ખાતે ભારત જૈન મહામંડળનું ૩૪ મું અધિવેશન ભરાવા સંભવ છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા-અમદાવાદ

| | | | |
|---|---|---|---|
| ૨૫ ઓગસ્ટ | શ્રી રવિશંકર મહારાજ | મંગળ-પર્વ |
| | શ્રી ઉમાશંકર જોશી | આનંદનો વારસો |
| ૨૬ ,, | આચાર્ય શ્રી લાલભાઇ દેસાઇ | શિક્ષણ-સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ |
| | શ્રી હરિસિદ્ધભાઇ દિવેટિયા | ભગવદ્ ગીતા |
| ૨૭ ,, | શ્રી વલ્લભરામ વૈદ્ય | આરોગ્ય અને ખાનપાન |
| | શ્રી ઋષભદાસજી રાંકા | સમાજસેવા કયોં ઔર કૈસે ? |
| ૨૮ ,, | શ્રી વિનાયક આથવલે | ભજનો |
| | શ્રી ઋષભદાસજી રાંકા | ધર્મ ઔર જીવન |
| ૨૯ ,, | આચાર્ય શ્રી એચ. વી. દેસાઇ | અર્થ અને મોક્ષ |
| | પ્રોફે૦ એસ. આર. ભટ્ટ | અભય |
| ૩૦ ,, | ડોકટર ભોગીલાલ સાંડેસરા | જૈન કથાસાહિત્ય |
| | પંડિત બેચરદાસ દોશી | સાધના |
| ૩૧ ,, | ખાનસાહેબ દોસ્ત મહમદ | કબીર અને મીરાંના પદો |
| | શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી | શ્રધ્ધા અને ભકિત |
| ૧ સપ્ટેમ્બર | શ્રી રવિશંકર મહારાજ | ભૂદાન |
| | શ્રી ઇન્દુમતીબહેન મહેતા | નવી સંસ્કૃતિનો ઉદય |

કાર્યક્રમની શરૂઆત શ્રી સવિતાબહેન મહેતાનાં ભજનોથી કરવામાં આવી હતી.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ઘોર પાપનો પશ્ચાત્તાપ અને ક્ષમાયાચના | | ૮૩ |
| શ્રી અરવિંદે આપેલું જીવનદર્શન | વેણીબહેન કાપડિયા | ૮૪ |
| વિધાયક અહિંસા | ચીમનલાલ શાહ | ૮૫ |
| માનવતા પોકારી રહી છે: 'સંકટ ગ્રસ્તોને સહાય કરો!' | | ૮૭ |
| આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા | | ૮૮ |
| રજત-મહોત્સવ સમારંભ | | ૮૮ અ |
| આજનું જાપાન | ભારતન્ કુમારપ્પા | ૮૯ |

# આજનું જાપાન

( થોડા સમય પહેલાં હરિજનબંધુમાં આજના જાપાનની સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આપતા શ્રી. ભારતન્ કુમારપ્પાના બે લેખો પ્રગટ થયા હતા. તે ઉપયોગી માહીતીઓ પૂરી પાડતા હોવાથી પ્રબુદ્ધ જીવનમાં ક્રમશ: પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી** )

## યુનાઇટેડ સ્ટેટ્સ તરફ જાપાનનું વલણ

જાપાની લોકો પરદેશીઓ આગળ પોતાનું દિલ ખોલતા નથી. પરંતુ એક વખત તેમનાં એ મિતભાષીપણાનું વલણ ભેદ્યા પછી અને લગભગ અલંઘ્ય એવી ભાષાની દીવાલ પાર કર્યા પછી આપણને માલુમ પડે છે કે, જાપાનનું સામાન્યપણે પશ્ચિમના દેશો તરફનું અને ખાસ કરીને અમેરિકા તરફનું વલણ અણગમા તથા અવિશ્વાસનું છે

એ માટેનાં કારણો છે. જાપાન દુનિયાના પ્રવાહોથી અળગું પડીને રહેતું હતું અને એ રીતે અલગ રહેવાનું જ તે પસંદ કરતું હતું. એશિયાના દૂરમાં દૂરના દરિયેકિનારા પર આવેલા બેટ તરીકેની તેની ભૌગોલિક સ્થિતિએ જાપાની લોકોને આવા એકાંતસેવી બનાવ્યા હતા અને બહારની દુનિયા સાથે તેમને ભાગ્યે જ કશો સંપર્ક હતો. જાપાનમાં સાંસ્કૃતિક અસરો બહારથી આવી હતી એ ખરૂં. દાખલા તરીકે બૌધ્ધધર્મ કોરિયા, ચીન અને હિંદમાંથી ત્યાં આવ્યો. અને કળાકારીગરી અને વપરાશનો માલ ચીનમાંથી ત્યાં આવ્યો. પણ આ વસ્તુઓ જાપાનની મરજી વિરુદ્ધ તેના પર બળજબરીથી લાદવામાં આવી નહોતી. એ વસ્તુઓને જાપાને વધાવી લીધી અને તેમાંથી તેણે ભારે લાભ ઉઠાવ્યો. એ દેશો પાસેથી તેને જે લેવું હોય તે જ લેવાની તેને છૂટ હતી. એ પરિસ્થિતિમાં પરદેશીઓ ત્યાં ભાગ્યે જ જોવા મળતા હતા. તેઓએ જાપાનમાં પગપેસારો ન કર્યો. જાપાને તો કેવળ તેમના વિચારો અથવા તો તેમની કળાકારીગરી જ પોતાના દેશમાં આવવા દીધાં. પરદેશીઓનો તેને અનુભવ ન હોવાને કારણે, તે તેમની પ્રત્યે ભય અને શંકાની નજરે જોતું હતું અને તેણે પોતાના દેશનાં દ્વાર તેમની સામે બંધ રાખ્યાં.

પરંતુ ૧૮૫૩ ની સાલમાં સેનાપતિ પેરીએ પોતાના મજબુત નૌકાકાફલા સાથે બળજબરીથી તેમના દેશમાં પ્રવેશ કર્યો ત્યારે જાપાનને ભારે આઘાત લાગ્યો અને તેમના એકાંતવાસનો અંત આવ્યો. જાપાને વિરોધ તો કર્યો પણ વધારે સારી જાતનાં લશ્કરી શસ્ત્રો સામે તેને વશ થવું પડયું. પેરીએ પશ્ચિમના બીજા દેશના લોકો માટે પણ જાપાનનાં દ્વાર ખુલ્લાં કર્યાં. બળજબરીથી કરવામાં આવેલા આ પગપેસારા સામે જાપાને અણગમો દર્શાવ્યો અને તેમને અટકાવવાને તે સમર્થ નહોતું એ માટે તેણે નામોશી અનુભવી. એ દિવસથી તેણે શકય એટલી બધી બાબતોમાં પશ્ચિમના દેશોના લોકોના બરોબરિયા થવાને પોતાનાથી બનતા બધા પ્રયાસો કરવાનો નિર્ધાર કર્યો. તેમણે ઝડપથી પોતાના દેશનું ઉદ્યોગીકરણ કર્યું. પશ્ચિમના દેશો પાસેથી તેઓ લશ્કરી કળા શીખ્યા અને બળવાન લશ્કર, નૌકાદળ તથા હવાઇ દળ ઉભાં કર્યાં. પશ્ચિમના દેશોની તેમણે નખશિખ નકલ કરી, કોરિયા જેવા દેશોમાં પગપેસારો કર્યો અને તેમનો કબજો લીધો. આખરે પશ્ચિમના દેશોએ તેની હિંસાની અને લૂંટની સિદ્ધિ જોઇને તેને પોતનું સમોવડિયું ગણ્યું અને પોતાના જેવી જ એક મોટી સત્તા તરીકે તેને લેખવા લાગ્યા ત્યારે તેની મહત્વાકાંક્ષા સંતોષાઇ. પણ પશ્ચિમના દેશોએ જોયું કે જાપાન તેમની પાસેથી સારી રીતે પાઠો ભણી ગયું છે, અને તેમની જ રમતમાં તેમને હરાવે એવી સ્થિતિમાં આવી ગયું છે, ત્યારે તેઓ તેનાથી ભડકયા. ફરીથી અમેરિકાએ જ પહેલ કરી, તેના પર અણુબૉંબ ઝીંકયો, તેને જમીનદોસ્ત કર્યું અને તેના મુલકનો કબજો લીધો. આમ, આધુનિક ઇતિહાસમાં અમેરિકાએ જાપાન સામે બે વાર પગલાં ભર્યાં. એ વસ્તુ સહેલાઇથી ભુલાય તેવી નથી.

પરંતુ આમ છતાં, યુધ્ધ પછી તરત જ અમેરિકાએ ત્યાં જે સારૂં કામ કર્યું, તેથી કરીને, તેમણે જાપાની લોકોનો પ્રેમ સંપાદન કર્યો. તેણે જાપાની લોકોને ત્યાંના લશ્કરી આગેવાનોની ગુલામીમાંથી મુક્ત કર્યા, યુદ્ધથી થાકેલા લોકોને શાન્તિવાદી રાજ્યબંધારણ આપ્યું. એ રાજ્યબંધારણ તેમણે વધાવી લીધું. એ બંધારણમાં તેમને એવી ખાતરી આપવામાં આવી કે તેમને હવે લશ્કર રાખવું નહીં પડે કે યુદ્ધમાં સંડોવાવું નહીં પડે. પ્રજા પરનું લશ્કરી આગેવાનોનું તથા વસાહતો મેળવવાને માટે જાપાનને યુદ્ધમાં ધસડનાર મોટા ઉદ્યોગપતિઓનું ભારે પ્રભુત્વ તોડી નાખ્યું અને છેલ્લે જાપાનને સંપૂર્ણપણે ધારાસભા દ્વારા ચાલતું રાજતંત્ર આપ્યું. આ બધાને કારણે જાપાનના લોકો તેમના વિજેતાઓ પ્રત્યે સાચા દિલનો પ્રેમ તથા મૈત્રીની લાગણી અનુભવતા હતા. અમેરિકનો તેમને મુક્તિદાતા અને આશા, શાન્તિ તથા સમૃદ્ધિના યુગના પુરોગામી જેવા લાગતા હતા.

પરંતુ, જાપાની લોકો જે બધી વસ્તુઓને લઇને ભવિષ્યને માટે આશાવાદી બન્યા તેમની બાબતમાં અમેરિકન લોકો દુર્ભાગ્યે પાછા પડયા હોય એમ જણાય છે. કારણ કે, અમેરિકા જાપાનને હવે ફરીથી શસ્ત્રસજ્જ કરવા માગે છે. આનો અર્થ એ થયો કે પહેલાંના વખતના લશ્કરી આગેવાનોને, મોટા મોટા ઉદ્યોગપતિઓને અને બળવાન વેપારી પેઢીઓને પાછા સત્તા પર લાવવા; અને જાપાનને હવે લાગવા માંડયું છે કે, અમેરિકાએ તેને આપેલી લોકશાહી સરકાર મૂઠીભર રાજકર્તા વર્ગના લોકોએ નકકી કરેલી રાજનીતિ પર ઢાંકપિછોડો કરવા પૂરતી જ છે અને લોકો ફરીથી તોપો માટેના ખોરાક સમાન બનશે અને એથીયે ખરાબ તો એ કે તેઓ હાઇડ્રોજન બૉંબના યુધ્ધના ફરીથી શિકાર બનશે. અગાઉ કંઇ નહીં તો તેઓ પોતાની વસાહતો વિસ્તારવાને માટે લડયા હતા. પણ હવે તેમને અમેરિકાને માટે લડવાનું થશે. અને અમેરિકાને ખાતર જાપાને ખેદાનમેદાન શાને થવું જોઇએ તથા તેના લોકોએ શાને મરવું જોઇએ? એમાં કશું વજૂદ દેખાતું નથી. જો તેઓ શસ્ત્રસજ્જ ન હોય તો યુનાઇટેડ સ્ટેટ્સ અને સોવિયેટ રશિયા વચ્ચેના યુધ્ધમાં તેમને સંડોવાવાનું ન થાય. પણ તેઓ અમેરિકાને પક્ષે શસ્ત્રસજ્જ બન્યા હોય તો તેમના દેશનો અમેરિકાના મથક તરીકે ઉપયોગ કરવામાં આવે. અને એ સ્થિતિમાં દુશ્મન ખસૂસ તેને ખેદાનમેદાન કરી મૂકે. આથી તેઓ બંને સત્તાનાં જૂથોથી અલગ રહેવાની નીતિ અખત્યાર કરવાને ઇચ્છે છે. પણ તેઓ જો એમ કરે તો અમેરિકા તેમને આર્થિક મદદ ન આપે અને એમ થાય તો જાપાન આર્થિક રીતે ધૂળ ભેગું થઇ જાય. વળી તેમને એવો અનુભવ પણ થયો છે કે, શસ્ત્રસજ્જ ન હોય તો, તેના પાડોશીઓ નાનકડું કોરિયા પણ, તેની એ સ્થિતિનો લાભ ઉઠાવે છે. તેઓ માછલી પકડવાને જાપાનના પાણીમાં દાખલ થાય છે. અને કોરિયાથી ઘણા દુરના સમુદ્રમાં માછલી પકડતા જાપાની માછીઓની તેઓ ધરપકડ કરે છે. પોતાની રક્ષા કરવાને તેમની પાસે લશ્કર હોય તો આવા બનાવો બનવા ન પામે. આમ ફરીથી શસ્ત્રસજ્જ થવાની બાબતમાં જાપાનીઓનું મન બંને બાજુએ ખેંચાય છે. પરંતુ, એકંદરે જોતાં સામાન્ય લોકમત, ખાસ કરીને બુધ્ધિજીવીઓ, વિદ્યાર્થીઓ અને મજૂરોનો લોકમત શસ્ત્રસજ્જ થવાની વિરુધ્ધ હોય એમ જણાય છે. આમ છતાં જાપાન પર અમેરિકાની અસર એટલી બધી પ્રબળ છે કે, તેને ફરીથી શસ્ત્રસજ્જ થવું પડશે એવો ભય સેવવામાં આવે છે. અને આમ થશે તો શાન્તિને માટે કે લોકોની સાચી સ્વતંત્રતાને માટે કશો અવકાશ રહેશે નહીં. પરિણામે, અમેરિકા ઝપાટાબંધ જાપાની લોકોનો પ્રેમ ગુમાવી રહ્યું છે.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂ. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓક્ટોમ્બર ૧, ૧૯૫૪, શુક્રવાર.
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## જૈન દર્શન એટલે બે છેડાનો તાત્ત્વિક સમન્વય

(મુનિ સન્તબાલજી તા. ૮–૯–૫૪ ના મારી ઉપરના પોતાના પત્રમાં જણાવે છે કે "તા. ૧–૯–૫૪ નો પ્રબુધ્ધ જીવનનો અંક જોયો. 'તેમાંય પ્રવૃત્તિલક્ષી કલ્યાણમાર્ગ'વાળું પંડિત સુખલાલજીનું લખાણ વિશેષે વિચાર્યું. તે જ રીતે આચાર્ય શ્રી તુલસીગણીનું પ્રવચન અને દયા દાન સંબંધી તેમણે અનુમત કરેલું તેરાપંથી મતનું મન્તવ્ય પણ જોયું. આ વિષે તત્કાળ જે સ્ફુરે છે તે લખી નાખું છું." નીચેનો લેખ આનું શુભ પરિણામ છે. તેરાપંથી મન્તવ્યોની કરવા ધારેલી આલોચના શારીરિક અસ્વસ્થતા તથા અન્ય વ્યવસાયના રોકાણને લીધે આ વખતે પણ મુલતવી રાખવાની મને ફરજ પડે છે. **પરમાનંદ.**)

જૈન પરંપરા છ દર્શનો અથવા તે તે વખતની જે વિચાર શ્રેણીઓ શુધ્ધ ધ્યેયલક્ષી ચાલુ હોય તેમના સમન્વયીકરણથી જન્મી છે એમ માનવા મારું મન હંમેશાં વધુ ખેંચાયું છે. કારણ કે જૈન વિચારોમાં જ નહીં, પણ આચારોમાં સુદ્ધાં આ ફલિત થાય છે, દા. ત. 'एको आया' એવું ઠાણાંગ અંગસૂત્રનું પ્રથમ જ સૂત્ર વદે છે. આત્મા એક છે, એ વૈદિક દર્શનોની પરંપરામાં જ ખાસ દેખાય છે. પૃથક્ પૃથક્ જીવનું પ્રતિપાદન તો જૈન પરંપરામાં ઠેરઠેર પડેલું છે જ, એના વિવેચનની જરૂર નથી. એ જ રીતે આચારમાં જોઇએ તો ભરત ચક્રવર્તીને અરિસા ભુવનમાં સજાવટ કરતાં કરતાં સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટ થાય છે, મરુદેવી માતાને હાથીની અંબાડી પર બેઠાં બેઠાં તેવું જ જ્ઞાન થાય છે, અને મોક્ષનાં બારણાં પોતાના તીર્થંકર પુત્ર કરતાંય પહેલાં તેઓ ઉઘાડી નાંખે છે! ગૃહસ્થાશ્રમ અને વૈભવો વચ્ચે મુકિત કે વિદેહીપણાની વાતો–માત્ર વૈદિક પરંપરા માં 'गृहस्थाश्रमसमो धर्मः न भूतो न भविष्यति'–નું આ જૈન પરંપરામાં આવી ગયેલું અને સંપૂર્ણ માન્ય થયેલું આદર્શ ઉદાહરણ નથી? 'सन्ति एगेहिं भिक्खूहिं गारथा संजमुत्तरा' સામાન્ય સાધુવર્ગ કરતાંય ગૃહસ્થો ઘણા સંયમમાં ઉત્તમ હોય છે જ. બીજી બાજુ સંન્યાસ (પ્રવ્રજ્યા) ધર્મની મહત્તા તો ઠેર ઠેર જૈન વિચાર આચાર પરંપરામાં એટલી મોટી છે કે તે માટે વિસ્તારની જરૂર નથી.

કર્મકાંડોની સાધુવર્ગની તીવ્રતામાં પણ બન્ને છેડાઓ મળી આવે છે. કાન નાક છેદાયલાં છે એવી અને સો વર્ષની ઘરડી ડોસીની સાથે પણ એકાંતની મના છે, એટલું જ નહીં બલ્કે જ્યાં નજીકના મકાનમાં પણ સ્ત્રી, પશુ (નારી જાતનું) અને નપુંસક હોય ત્યાં પણ નહીં વસવાનું કહે છે. તેજ આચારપરંપરામાં સ્થુળિભદ્ર જેવા મુનિ ગુરુના આશિર્વાદપૂર્વક કોશા નામની ગણિકાને ત્યાં ચોમાસુંભર રહે છે. આવું દરેક વ્રત વિષે દેખાય છે. માત્ર સત્યમાં બાંધછોડને અવકાશ નથી, પણ સાપેક્ષતાનો સ્વીકાર તો ત્યાં પણ છે જ. અહિંસામાં તો કાલિકાચાર્ય સમરાગણમાં ઝુકાવવા છતાં આચાર્ય રહી શકે છે. અદત્ત અને અપરિગ્રહમાં એકાદ સળી પણ વણપૂછ્યે ન લેવાની વાત છે, જ્યારે બીજી બાજુ ગૃહસ્થ સાધકો કરોડો સોનામહોર ધરાવતા હોય છે, પ્રભવ જેવા મહાચોરનો ઉધ્ધાર અને પાછળથી સાધુપણાનો સ્વીકાર થાય છે, તથા સાધુઓને પણ વસ્ત્રાદિની છૂટ 'तं पि संजम लज्जठ्ठ' કહીને છૂટ અપાય છે. આપણે એ ન ભૂલવું જોઇએ કે જૈન આચારવિચાર પરંપરામાં ગૃહસ્થ અને પ્રવ્રજિત બન્નેનો–નરનારીઓનો–સંઘ જ સમગ્ર સંઘ ગણાયો છે, જેને તીર્થંકરના અભાવમાં તીર્થંકરરૂપે સ્વીકારાયેલ છે.

છેલ્લી એક વાત એ કે વ્યકિતજીવન જ્યારે સર્વાંગી વિકસિત બને છે, ત્યારે તેમાં સમષ્ટિ જીવનના ઉધ્ધારની વાત આપોઆપ સંકળાઇ જાય જ છે. જેમ જૈન દર્શન વ્યકિતવિકાસમાં ધ્યાન આપે છે, તેમ તેના કરતાંય વધુ ધ્યાન જે વ્યકિતવિકાસ સંઘવિકાસ સાથે સંકળાયેલ છે તે જીવનને ઉચ્ચ માની લે છે. પંચ પરમેષ્ઠીમાં અર્હંતોને પ્રથમ નમસ્કાર એનો જીવતો પ્રબળ પુરાવો છે. સિધ્ધોમાં તો ગત તીર્થંકરો જેમ આવે તેમ ગત કેવલીઓ પણ આવે. એટલે અર્હંતોને ખાસ અલગ તારવી તેમને પ્રથમપદની પ્રતિષ્ઠા અપાઈ છે. તેમનાં વિશેષણોમાં પણ 'तिन्नाणं तारयाणं' એમ 'તર્યા અને તારી ગયા'ની વાત આવે છે.

આ ઉપરાંત એક વાત એ કે જૈન પરંપરામાં ઠેઠ પ્રથમ ગુણસ્થાનથી ચૌદમા લગીની વાત સંકળાયેલી છે, એટલે એ જેમ માનવતા પછી જ સદ્ધર્મશ્રવણની ભૂમિકા આપે છે, તેમ સદ્ધર્મશ્રવણ પછી જ શ્રધ્ધા કહે છે. એટલે પ્રથમ કક્ષાના જૈન પરંપરામાં કુળગત (જન્મગત) ઉછરેલાને માટે એ તેવા પાઠો પણ સ્વીકારે છે, હા; એટલું ખરૂં કે જેમ બાઇબલમાં, કુરાનમાં અથવા 'ઝંદ અવસ્તા'માં નીતિની સાદી વાતો મળે છે તેવી જૈન અંગસૂત્રોમાં સાદી વાતો બહુ નહીં મળે. એમાં બહુ મળશે સમકિતની ઉપરની કક્ષાઓની; પણ એથી નીચેનાઓને આચાર્યોએ તો ઘણું આપ્યું જ છે અને તે શ્વેતાંબર ફિરકાઓમાં તો અનાયાસે લગભગ માન્ય થઇ ગયું છે.

આ બધાંને લીધે "ષડ્ દર્શન જિન અંગ ભણિજે, દર્શને જિનની ભજનારે" વાળું યોગીશ્વર આનંદઘનજી મહારાજનું સ્તવન યથાર્થ ઠરે છે. તેમણે એમાં એક રીતે જૈનને પૃથક્ દર્શન માન્યું છે. પણ એને સુદ્ધાં 'મસ્તક'ની ઉપમા આપી છે, પ્રાણની કે જીવની નહીં. મસ્તક ભલે ઉત્તમાંગ રહ્યું, પણ પ્રાણ કે જીવને લીધે જ તે સજીવનપણે કામ આપી શકે છે. આમ વર્તમાન જૈન ફિરકાઓ દિગંબરત્વ, શ્વેતાંબરત્વ, મૂર્તિપૂજા અને મુહપત્તી એ ચાર બાહ્યાંગો અને સ્ત્રીમુકિત, કેવલી કવલાહાર, દેવદ્રવ્ય, કર્મકાંડનો આગ્રહ અને દયા–દાન આ આંતરિક બાબતોમાં અરસપરસ ક્ષમાશીલ રહી વર્તમાન જગતના મહા પ્રશ્નોને વ્યવહારુ ધર્મ સાથેનું અનુસંધાન કરાવવામાં લાગી જાય તો આપોઆપ એકમેકને એકમેકમાંથી લેવા આપવા જેવું આપલે કરવાની સ્થિતિ સહેજે મોકળી થાય. આમાં પ્રવૃત્તિમાગ અને નિવૃત્તિમાર્ગનો તો સમન્વય રહેલો છે જ.

આ અન્વયે તેરાપંથી સંપ્રદાયની જે નોંધ કરી છે તેમાંથી મને ચાલુ પાંચ મુદ્દાઓ પુનર્વિચાર માગતા લાગ્યા છે. (૧) રાગદ્વેષ

અને મોહરહિત જ દયા-દાન કરી શકે તે. રાગદ્વેષ અને મોહ જેમના સર્વાંગે નાશ પામ્યા હોય તેમને લઈએ તો ત્યાં દયા દાનનો સવાલ જ ક્યાં રહે છે? કારણ કે બારમું ક્ષીણમોહ ગુણસ્થાન તો સીધું વીતરાગતા સાથે સંબંધ ધરાવે છે. જો રાગદ્વેષ મોહરહિત સાધનાના ધ્યેયે લાગેલાને દયા દાન હોઈ શકે તેમ માનીએ તો ત્યાં દયાને સ્થાને અનુકંપા અને દાનને સ્થાને સંયમ, ત્યાગ, તપ શબ્દ જ શોભી શકે, જ્યારે દયાદાન એ સામાન્ય સમાજને સ્પર્શતા શબ્દોની પરિભાષા છે. હા; એમ કહી શકાય કે જ્ઞાન વિનાની દયાનો ધર્મમાં કે ચારિત્ર્યમાં સમાવેશ ન થાય. "पढमं नाण तओ दया". એ જ રીતે સંયમ વિનાનું દાન એ ધર્મ કે ચારિત્ર્યમાં અવકાશ ન પામી શકે એ સમજી શકાય. કારણ કે ધર્મ અને ચારિત્ર્ય એ બન્ને શબ્દો સમકિત પછીની જૈન ભૂમિકામાં આવે છે. જ્ઞાન કે સંયમ પહેલાંનું તપ એ બાલતપ બની શકે તેમ તે પહેલાંનાં દયાદાન પુણ્યતત્ત્વમાં સ્થાન પામી શકે.

(૨) અહીંની પુણ્યપાપની તેરાપંથમતની વ્યાખ્યા-મારા મતે જૈન પરિભાષાએ ધર્મ અધર્મની વ્યાખ્યા જેવી દેખાય છે, જો એમ જ હોય તો ચોથા ગુણસ્થાનકની નીચે રહેલા જીવોને જૈન-દર્શન દોરવણી આપી જ નથી શકતું એમ કહેવાય અને તો તો જૈનતત્ત્વમાં વિશ્વનો સમાવેશ જ ન થઈ શકે, એમાં પુણ્ય-પાપની વાત છે જ. માત્ર એ બન્ને તત્ત્વોને છેવટે છોડીને આગળ વધવાનું છે તેમ એ જરૂર કહે. પુણ્ય એ સોનું હોય, તોય બેડી જ છે. પણ તેનો અર્થ એ હરગિજ નથી કે પુણ્યને પ્રથમથી જ હેય ગણવું. તો તો પુણ્યપુંજે પ્રાપ્ત થયેલા માનવદેહના સાધનનો જ અપલાપ કર્યા જેવું થઈ પડશે.

(૩) આત્મદૃષ્ટિએ સર્વ જીવો ભલે સિધ્ધસમ રહ્યા, પણ પુણ્ય, પાપ, ધર્મ અને અધર્મની દૃષ્ટિએ ચાર ગતિ અને ચોરાસી લક્ષ જીવાયોનિ છે જ. એટલે આ વિકાસક્રમની દૃષ્ટિએ જીવજીવ વચ્ચે વ્યવહારનયે ભેદ છે જ. તે સ્વીકાર્યા વિના જૈન તત્ત્વજ્ઞાન અધૂરું જ ગણાશે.

(૪) આમ અલ્પવિકસિત, વધુવિકસિત એવા ભેદો જૈન તત્ત્વજ્ઞાનમાં સ્વીકારાયા જ છે, સ્વીકારાવા જ જોઈએ. તેથી જ તે પંચેદ્રિયના ઘાતને સવિશેષ પાપકારણ કે વિશેષ અધર્મકારણ અવશ્ય બતાવે છે. પંચેંદ્રિયમાં પણ મનુષ્ય અને મનુષ્યમાં પણ ગૃહસ્થ, સાધુ વગેરેના અનેક ભેદ અને તારતમ્ય પૂરેપૂરું સ્વીકારે જ છે.

**'ભાજન ભેદ કહાવત નાના એક મૃત્તિકા રૂપરી'**

આનંદ ધનજી

(૫) જૈન ધર્મ પ્રાણિમાત્રને સીધો મોક્ષમાર્ગ કે આત્મધર્મ જ બતાવે છે, એ પણ એકાંગી કથન છે. મેં આગળ કહ્યું, તેમ તે નીતિ-ન્યાય, મિત્રાદૃષ્ટિ જેવી પ્રાથમિક ભૂમિકાઓ પણ બતાવે જ છે. પણ મેં આગળ કહ્યું તેમ ચોથા ગુણસ્થાનક પછીની ભૂમિકાની વાતો તેમાં સવિશેષ છે, પણ તે એમ માનીને કે વૈદિકધર્મની માનવતાની વાતો તથા જગતના નીતિ ધર્મોની પ્રમાણિકતાની વાતો તો તે સાધક શીખીને જ આવ્યો છે. જૈન શ્રમણોના તો વિશેષણમાં પણ 'वेदविन्नाया' શબ્દ લખાયો છે જ. આથી જ મારા નમ્ર મતે જેમ ગ્રેજ્યુએટ એકડિયાને ન ભણાવે, એવું નથી. ખરી રીતે જપાનની જેમ અથવા મોંટેસોરી પધ્ધતિની જેમ જૈન ધર્મ જેમણે આચાર વિચારમાં પચાવ્યો છે, તેમણે એકડા બગડાં જેવી સામાન્ય જનતાના પાયા ધર્મલક્ષી નીતિના મુકાય તે માટે આમ જનતાના ચોગાનમાં આવવું જોઈએ. અલબત્ત તે માત્ર પ્રેરક રહ્યા કરે તે સ્વાભાવિક છે, પણ દોરવણી તો એણે સમગ્ર આપવી પડશે અને આજના નીતિનિરૂપક ધર્મસંપ્રદાયો, માનવતા નિરૂપક ધર્મસંપ્રદાયો, લોકસેવાનિરૂપક પ્રવૃત્તિમાર્ગના હિમાયતી ધર્મસંપ્રદાયો તથા આત્મા અને વિશ્વના સમન્વિત ધર્મ-યોગ સૂચવતા ધર્મસંપ્રદાયોનો સુમેળ સધાવવો જ પડશે. આ વાતથી અનેકાંત વ્યવહારૂ બની જશે. અને આજની દુનિયામાં સર્વાંગી પ્રેરણાદાતા પણ અનાયાસે બની રહેશે. એમ મારા નમ્ર મતે અને આટલા અનુભવે સ્પષ્ટ લાગે છે. **'સંતબાલ'**

## સ્વર્ગવાસી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ
## શોકપ્રસ્તાવ

તા૦ ૨૪-૯-૫૪ શુક્રવારના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તથા રજતમહોત્સવ સમિતિની સંયુક્ત સભાએ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિના સ્વર્ગગમન વિષે નીચે મુજબનો પ્રસ્તાવ પસાર કર્યો હતોઃ-

"આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લસૂરિના તા૦ ૨૨-૯-૫૪ બુધવારના રોજ નીપજેલ અવસાન પરત્વે મુંબઈ જૈન યુવક સંઘ ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેમનું ૮૪ વર્ષનું આયુષ્ય અને તેમાં પણ ૭૦ વર્ષનું દીક્ષિત જીવન અનેક લોકકલ્યાણના કાર્યોથી ભરેલું હતું. આજથી ૪૦ વર્ષ પહેલાંનો સમય કે જયારે જૈન સમાજ ઉચ્ચ કેળવણી તરફ બહુજ ઓછો વળ્યો હતો અને સાધુઓ ઉપાશ્રય, મંદિરો અને મૂર્તિ સિવાય બીજા કોઈ જ્ઞાન કે દાનની દિશાનો વિચાર જ કરી શકતા નહોતા ત્યારે જૈન સમાજને ઉચ્ચ કેળવણીની દિશાએ વાળવામાં તેમણે પહેલ કરી હતી, તેમ કરતાં સ્થિતિચુસ્ત સાધુ સમાજનો સખ્ત સામનો કર્યો હતો અને તેના ફળરૂપે આજથી ૩૯ વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારપછીના વર્ષો દરમ્યાન ઉત્તરોઉત્તર અંબાલા, ફાલના તથા તેમના અવસાનના પંદર દિવસ પહેલાં માલેર કોટલામાં પણ એક એક કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત બીજાં અનેક છાત્રાલયો તેમજ વિદ્યાલયો તેમની પ્રેરણા અને સતત કોશિષમાંથી નિર્માણ થયાં હતાં. કાળના બદલાતા વહેણોને ઓળખીને જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સંસ્થાને તેમણે પ્રારંભથી આજ સુધી અનુમોદન આપ્યું હતું. દેવદ્રવ્યની રૂઢિગત પ્રણાલિમાં ફેરફાર કરીને તેનો સામાજીક ઉપયોગ શરૂ કરવાનું નાનું સરખું દ્વાર અઢી વર્ષ પહેલાં થાણાના ઉપધાન મહોત્સવ પ્રસંગે ઉઘાડયું હતું અને જૈનોની એકતાના વિચારનું પાછળના વર્ષો દરમિયાન જોરદાર સમર્થન કર્યું હતું. આજથી પચીસ વર્ષ પહેલાંના જૈન સમાજમાં ઉભા થયેલા અયોગ્ય દિક્ષા સામેના આન્દોલન પ્રસંગે તેમણે અયોગ્ય દિક્ષાનો સ્પષ્ટ વિરોધ કર્યો હતો. આમ સમયે સમયે તેમણે જૈન સમાજને ઊચિત માર્ગદર્શન આપ્યું હતું અને સમાજનું શ્રેય સાધતી અનેક પ્રવૃત્તિઓ ઉભી થવા પાછળ તેમની સતત પ્રેરણા અને ચિન્તા રહેતી. તેઓ જૈન શ્વે. મૂ. સમાજના અગ્રણી આચાર્ય હતા. સમગ્ર સાધુ સમુદાયમાં ઊમર અને કાર્યપરિણામના ધોરણે માપતાં તેમનું સ્થાન અજોડ હતું અને કંઈ કાળ સુધી રહેશે. તેમના પુણ્યજીવનમાંથી આપણે સેવા અને નિડરતાની પ્રેરણા મેળવીએ અને તેમના સ્મરણ અને અનુસરણ વડે આપણા જીવનને ધન્ય અને કૃતાર્થ બનાવીએ."

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## ૧૫ ઓકટોબરનો અંક પ્રગટ નહિ થાય

રજત મહોત્સવના રોકાણોને અંગે આવતી ૧૫ મી ઓકટોબરનો અંક પ્રગટ કરવામાં નહિ આવે.

## પ્રબુધ્ધ જીવનનો વિશેષ અંક

તા. ૧-૧૧-૫૪ ના રોજ પ્રબુધ્ધ જીવનનો વિશેષ અંક પ્રગટ કરવામાં આવશે. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ રજત મહોત્સવ

### પ્રવેશપત્રોને લગતા નિયમો

રજત મહોત્સવના દરેક કાર્યક્રમમાં સ્થળ અથવા સગવડની પરિમિતતાના કારણે તેમ જ સમગ્ર આયોજનમાં સૂચિત મર્યાદાના કારણે દાતાઓ તેમ જ સભ્યોને આપવાના જુદા જુદા પ્રસંગને લગતા પ્રવેશપત્રો સંબંધે નીચે મુજબના નિયમો કરવામાં આવ્યા છે.

(૧) રજત મહોત્સવ ફંડ નં. ૧ માં રૂા. ૧૦૦) અથવા તેથી વધારે રકમ આપનાર દાતાનું કાર્ડ ધરાવનારને કાર્ડ દીઠ રજત મહોત્સવ સંમેલનના નિમંત્રણ ઉપરાંત **સમૂહભોજનનો ૧ પ્રવેશપત્ર, મનોરંજન કાર્યક્રમનો ૧ પ્રવેશપત્ર, તથા નૌકાવિહારનો ૧ પ્રવેશપત્ર** મળશે. આ ઉપરાંત રૂા. ૭ આપવાથી સમૂહભોજનમાં ૧ મહેમાનને તે સાથે લાવી શકશે. તદુપરાન્ત ૧૦ વર્ષ નીચેના માટે રૂા. ૨ અને તેથી ઉપરના માટે રૂા. ૩ એ ધોરણે સગવડ મુજબ નૌકાવિહારના એક અથવા બે પ્રવેશપત્રો આપવામાં આવશે.

(૨) જે સભ્યે વાર્ષિક લવાજમ અને રજત મહોત્સવ ફંડ નં. ૨ માં રૂા. ૧૦) ભર્યા હશે તેને રજત મહોત્સવ સંમેલનના નિમંત્રણ ઉપરાંત **સમુહભોજનનો ૧ પ્રવેશપત્ર, મનોરંજન કાર્યક્રમના ૨ પ્રવેશપત્રો, તથા નૌકાવિહારનો ૧ પ્રવેશપત્ર** મળી શકશે. આ ઉપરાંત રૂા. ૩ આપવાથી સમૂહભોજનમાં ૧ મહેમાન લાવી શકશે. તદુપરાન્ત ૧૦ વર્ષ નીચેના માટે રૂા. ૨ અને તેથી ઉપરના માટે રૂા. ૩ એ ધોરણે સગવડ મુજબ નૌકાવિહારના એક અથવા બે પ્રવેશપત્રો આપવામાં આવશે.

(૩) પ્રમુખ અથવા મંત્રીની અનુમતિપૂર્વક સંઘનો સભ્ય ન હોય એવી રજત મહોત્સવ ફંડ નં. ૨ માં રૂા. ૧૦ ભરનાર વ્યકતીને નિયમ (૨) માં જણાવ્યા મુજબ પ્રવેશપત્રો મળશે.

(૪) જે સભ્યે માત્ર વાર્ષિક લવાજમ જ ભર્યું હશે અને રજત મહોત્સવ ફંડ નં. ૨ માં રૂા. ૧૦ ભર્યાં નહિ હોય તેને રજત મહોત્સવ સંમેલનના નિમંત્રણ ઉપરાંત સમૂહભોજનનો ૧ પ્રવેશપત્ર તથા મનોરંજન કાર્યક્રમનો ૧ પ્રવેશપત્ર મળશે.

(૫) દાતાઓને તેમનાં પ્રવેશપત્રો પહોંચાડવામાં આવશે. સમૂહ ભોજન તથા નૌકાવિહારને લગતા વધારાના પ્રવેશપત્રો તેમણે સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવાના રહેશે.

(૬) સભ્યોએ પોતાના પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાંથી રવિવાર સિવાય ૧૧ થી સાંજના ૬ સુધીમાં મેળવી લેવાના રહેશે.

(૭) દરેક દાતાએ તથા સભ્યે પ્રત્યેક પ્રસંગનું પ્રવેશપત્ર સાથે લાવવું જરૂરી છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ-૩.

**મંત્રીઓ,**
**રજત મહોત્સવ સમિતિ.**

## રજત મહોત્સવ સમારંભનો કાર્યક્રમ

| દિવસ | સમય | પ્રસંગ | સ્થળ |
|---|---|---|---|
| ૯ ઓકટોબર શનિવાર | સાંજના ૬-૩૦ | રામાયણ (કઠપૂતળી નૃત્ય-નાટિકા) | ભારતીય વિદ્યાભવન |
| ૧૦ ઓકટોબર રવિવાર | સવારના ૯ | રજતમહોત્સવ સંમેલન | ભારતીય વિદ્યાભવન |
| ,, | સાંજના ૬ | સમૂહભોજન | પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથ |
| ૧૧ ઓકટોબર સોમવાર | સાંજના ૬-૩૦ | મનોરંજન કાર્યક્રમ | ભારતીય વિદ્યાભવન |
| ૧૨ ઓકટોબર મંગળવાર | રાત્રીના ૮ | નૌકાવિહાર | ન્યુ ફેરી વોર્ફ નં. 0 |

રજતમહોત્સવના કાર્યક્રમને અંગે રાખવામાં આવેલ પ્રવેશપત્રો સંબંધમાં આ અંકમાં અન્યત્ર માર્ગદર્શન કરાવવામાં આવેલ છે. આ ભવ્ય રસપૂર્ણ કાર્યક્રમનો લાભ લેવાનું જે ભાઇ યા બહેન માટે જેટલું શક્ય હોય તેટલો લાભ લેવાનું ન ચૂકે, કારણ કે આવાં સમૃદ્ધ આનંદનો અવસર ફરી ફરીને પ્રાપ્ત થતો નથી. સમારંભના પ્રત્યેક પ્રસંગને અંગે ધ્યાનમાં રાખવા લાયક વિગતો નીચે મુજબ છેઃ-

### "રામાયણ" (નૃત્ય-નાટિકા)

શનિવાર, તા. ૯ મી ઓકટોબરે સાંજના ૬-૩૦ વાગે ભારતીય વિદ્યાભવનના નાટયગૃહમાં **"રામાયણ"** રજુ કરવામાં આવશે. આ કઠપૂતળી નૃત્ય-નાટિકા **લીટલ બેલે ટ્રુપ** પોતાના નામી કલાકારો દ્વારા ભજવશે. આઠ સુંદર દૃશ્યોમાં પ્રેક્ષકોની નજર સમક્ષ આખુંયે રામાયણ કડીબધ્ધ રીતે ભજવાય છે અને સંગીત, નૃત્ય અને અભિનયની દૃષ્ટિએ આ એક ઉત્તમ કોટિની નૃત્ય-નાટિકા છે એમ કલા-વિવેચકોએ "રામાયણ"ની મુકતકંઠે પ્રશંસા કરી છે. નાટકની ટીકીટોના દર રૂ. ૫૦, ૨૫, ૧૦, ૫ અને ૨ રાખવામાં આવેલ છે. 'રામાયણ' ઉપરાંત ગુજરાતનું લોકનૃત્ય, લંબાડી નૃત્ય, વ્રજલીલા-નૃત્ય અને સરોદ-વાદનનો પણ આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં સ્વર્ગવાસી બનેલા શ્રી શાન્તિબર્ધનની પ્રેરણા અને તાલીમ નીચે તૈયાર થયેલા આ લીટલ બેલે ટ્રુપે આજ સુધીમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. તેમાં 'ડીસ્કવરી ઓફ ઇન્ડીઆ'નો સમાવેશ થાય છે, જેની પંડિત જવાહરલાલ નહેરૂએ ખૂબ તારીફ કરી છે. સંઘના સભ્યો અને મિત્રો આ અપૂર્વ નૃત્ય-નાટિકા જોવાનું ન ચૂકે એવી અમારી ઉમેદ છે.

### રજત મહોત્સવ સંમેલન

તા. ૧૦ ઓકટોબર રવિવાર સવારના ભારતીય વિદ્યાભવનમાં કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે રજત મહોત્સવ સંમેલન ભરાશે. આ પ્રસંગે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી **અતિથિવિશેષ** તરીકે ખાસ નિમંત્રિત પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસ જીવરાજ દોશીનું બહુમાન કરવામાં આવશે, તેમ જ પ્રસંગોચિત વિવેચનો થશે. આ જાહેર સંમેલનમાં સંઘ પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા સર્વે ભાઇ બહેનોને નિમંત્રણ છે.

### સમૂહ ભોજન

આ જ દિવસે સાંજે ૬ વાગ્યે સંઘના સભ્યો તેમ જ નિમંત્રિત મહેમાનોનું ચોપાટી સીફેસ ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથમાં ટેબલ ખુરશી ઉપર મોટા પાયા ઉપરનું સમૂહભોજન થશે.

### મનોરંજન કાર્યક્રમ

સોમવાર તા. ૧૧ મી ઓકટોબરે સાંજના ૬-૩૦ વાગે ભારતીય વિદ્યા ભવનના નાટયગૃહમાં એક રસપ્રદ મનોરંજન કાર્યક્રમ રજુ કરવામાં આવશે. જૈન મહિલા સમાજ, ભગિની સમાજ, શ્રી સ્થાનકવાસી જૈન યુવક મંડળ, અખંડ કળા જ્યોત મંડળ વગેરે સંસ્થાઓના સહકારથી ગીતો, સમૂહ ગીતો, ભજનો, દુહા, નૃત્ય-નાટિકા, ગરબા, રાસ વિ.નો કાર્યક્રમ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત શ્રી પુ. લ. દેશપાંડે લિખિત વિનોદપૂર્ણ નાટિકા **'નેતા જોઇએ છે!'** પણ રંગભૂમિના કલાકારો રજુ કરશે. આ નાટકનું રૂપાંતર શ્રી કાન્તિલાલ બરોડિયા અને શ્રી શિરીષકુમાર મહેતાએ કર્યું છે. મનોરંજન કાર્યક્રમ અંગેના પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાંથી લઇ જવા સંઘના સભ્યોને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

### શરદ્‌પૂર્ણિમા નૌકાવિહાર

રજત મહોત્સવના અંગમાં શરદ્‌પૂર્ણિમાની રાત્રીએ ગોઠવાયેલ નૌકાવિહાર માટે સીંધીઆ સ્ટીમ નેવીગેશનની **શોભના** નામની ૪૦૦ પેસેન્જરનો સમાવેશ કરે એવી સ્ટીમલોંચ નકકી કરવામાં

આવી છે. આ સ્ટીમ લોંચ માટે અવકાશ મુજબ દાતાઓને તેમ જ રૂ. ૧૦ ભરનાર સભ્યોને પ્રવેશપત્રો આપવાની ગોઠવણ કરવામાં આવી છે. આ પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાંથી તા. ૮–૧૦–૫૪ શુક્રવાર સાંજના ૭ વાગ્યા સુધી મળી શકશે. હકક ઉપરાંતના વધારાના પ્રવેશપત્ર માટે દશ વર્ષ નીચેની વ્યકિતના રૂ. ૨ અને તે ઉમર ઉપરની વ્યકિતના રૂ.–૩ આપવાના રહેશે અને આ પ્રવેશપત્રો સગવડ મુજબ આપવામાં આવશે. આ નૌકાવિહારમાં જોડાનારે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી.

(૧) દરેકે પોતાનો પ્રવેશપત્ર, એક વાડકો અને એક ચમચો સાથે લાવવા ચૂકવું નહિં.

(૨) નકકી કરેલી સ્ટીમ લોંચ શોભના ભાઉનો નવો ધકકો ન્યુ ફેરી વોર્ફ નં. ૦ ઉપરથી તા. ૧૨–૧૦–૫૪ મંગળવારની રાત્રે બરાબર ૮ વાગ્યે ઉપડશે. ધોબી તળાવ કે ફ્રીઅર રોડ ઊપરની ટ્રામથી અથવા 'એલ' તથા 'ઈ ૧' નંબરની બસથી કરણાક બ્રીજ અને ત્યાંથી લગભગ દશ બાર મીનીટના રસ્તે ઉપર જણાવેલ સ્થળે પહોંચી શકાશે. બરાબર ત્રણ કલાક પરિભ્રમણ કરીને સ્ટીમ લોંચ ૧૧ વાગ્યે કીનારે આવીને ઉભી રહેશે. આ સમયે ભાઇ બહેનોને ઘેર પહોંચવામાં સગવડરૂપ બને તે માટે કિનારે સંધે નકકી કરેલી બસો ઉભી હશે. તે બસો ફેરી વોર્ફ નં. ૦ થી ઉપડીને કાફર્ડ માર્કેટ, બોરીબંદર, ચર્ચગેટ, મરીનડ્રાઇવ, ચોપાટી, સેન્ડહર્સ્ટ રોડ, ગોળપીઠા થઇને પાયધુની આવીને અટકશે.

(૩) સમુદ્રવિહાર દરમિયાન દુધ પૌઆ આપવામાં આવશે. આ ઉપરાંત સ્ટીમ લોંચમાં પોતપોતાના ખર્ચે ચા નાસ્તો મેળવવાની પણ વ્યવસ્થા હશે.

(૪) નૌકાવિહારમાં મનોરંજન થાય તેવી સંગીતની શકય હશે તેવી ગોઠવણ કરવામાં આવશે.

(૫) ત્રણ વર્ષથી નાનાં બાળકોને સાથે નહિ લાવવા ખાસ વિનંતી છે

**મંત્રીઓ,**
**રજત મહોત્સવ સમિતિ**

## સ્વ૦ રમણલાલ દેસાઇને અંજલિ

ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇનું ગઇ તા. ૨૦ મી સપ્ટેમ્બરે ૬૨ વર્ષની વયે, વડોદરાના એમનાં નિવાસસ્થાને દુ:ખદ અવસાન થયું છે. એમના અવસાનથી ગુજરાતને એક પ્રથમ પંક્તિના નવલકથાકારની ખોટ પડી છે.

સ્વ૦ રમણલાલ દેસાઇની ગુજરાતી સાહિત્યની સેવા ઘણી મોટી છે. નવલકથાના ક્ષેત્ર ઉપરાંત કાવ્ય, નાટક, નાટિકા, ટૂંકી વાર્તા, નિબંધ, આત્મચરિત્ર, જીવનચરિત્રો, વિવેચન વિગેરે ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં પણ એમણે સારો ફાળો નોંધાવેલો છે. ૬૨ વર્ષની વયમાં બધાં મળીને ૬૫ થી યે વધુ ગ્રંથો એમણે ગુજરાતને ચરણે ધર્યા છે.

ગોવર્ધનરામ અને મુનશી પછી રમણલાલનો ગુજરાતી નવલકથાના ક્ષેત્રમાં પ્રવેશ થયો હતો. જે સમયે 'સરસ્વતીચન્દ્ર' જેવી નવલકથા વંચાતી ઓછી થઇ ગઇ હતી, અને જે સમયે શ્રી મુનશીએ પોતાનું ઉત્તમ સર્જન આપી રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું તે સમયે ગુજરાતી વાચકવર્ગને હવે કયો લેખક પોતાની નવલકથાઓ વડે મુગ્ધ કરશે, એવો પ્રશ્ન થતો હતો, ત્યાં તો સ્વ૦ રમણલાલ દેસાઇએ જયંત, શિરીષ, કોકિલા, હૃદયનાથ જેવી નવલકથાઓ લખી ગુજરાતી વાચકવર્ગને પોતાના તરફ આકર્ષી લીધો, અને ત્યાર પછી ઉત્તરોત્તર 'સ્નેહયજ્ઞ,' 'દિવ્યચક્ષુ,' 'ભારેલો અગ્નિ,' 'ગ્રામલક્ષ્મી,' જેવી એક પછી એક ચડિયાતી નવલકથાઓ દ્વારા વર્ષો સુધી ગુજરાતને મુગ્ધ કર્યું. નવલકથા રમણલાલનું પ્રિયમાં પ્રિય સ્વરૂપ હતું. સાહિત્યસર્જનની શરૂઆત એમણે નવલકથાથી કરી હતી અને જીવનનાં અંત સુધી તેમણે નવલકથાઓનું સર્જન જ ચાલુ રાખ્યું હતું.

રમણલાલે પોતાની નવલકથાઓમાં વર્તમાન પ્રવાહને આબેહૂબ રીતે ઝીલ્યો છે. આપણા યુગના સ્પંદનોને તેમણે પોતાની નવલકથાઓમાં મૂર્તિમંત કર્યા છે. ગાંધીયુગના ગુજરાતને પોતાની નવલકથાઓમાં સફળ રીતે આલેખનાર તેઓ જ પ્રથમ નવલકથાકાર છે. બદલાતા જતા જગત અને જીવન સાથે એમણે કદમ મિલાવ્યાં છે અને એથી જ આપણા એક વિદ્વાન વિવેચકે એમને યુગમૂર્તિ વાર્તાકાર તરીકે બિરદાવ્યા છે. આઝાદી માટેની લડત, ગ્રામોધ્ધાર, અસ્પૃશ્યતાનિવારણ વગેરેને પોતાની નવલકથાઓમાં ઝીલ્યા બાદ, સમાજવાદ અને સામ્યવાદને પણ એમણે પોતાની વાર્તાઓમાં ઝીલ્યા છે, અને બીજા વિશ્વયુધ્ધ અને એના અનિષ્ટ પરિણામોનું આલેખન પણ એમણે એમની વાર્તાઓમાં કર્યું છે. યુગપ્રવાહને ઝીલવા સાથે યુવાન માનસનું આલેખન પણ એમણે જગદીશ, અરૂણ, અશ્વિન જેવા વ્યવહારશૂન્ય, આદર્શઘેલા યુવાન પાત્રો દ્વારા સુંદર રીતે કર્યું છે. તેવી જ રીતે કોકિલા, રંજન, પુષ્પા કુસુમ, જેવાં યુવાન સ્ત્રી પાત્રો દ્વારા તેમણે ભાવનાશીલ યુવતીઓનું અચ્છું આલેખન કર્યું છે. આથી એક સમય એવો હતો, અને કેટલેક અંશે હજુ પણ છે કે જ્યારે યુવાનો એમાંના એકાદ પાત્ર થવાની કલ્પના કે ઝંખના સેવતા હોય. રમણલાલે મુખ્યત્વે પોતાની વાર્તાઓમાં ભદ્ર સમાજના શ્રીમંત કે મધ્યમ વર્ગના પાત્રો અને એના જીવનનું આલેખન કર્યું છે. જો કે 'હૃદયવિભૂતિ' જેવી કેટલીક નવલકથાઓમાં એમણે સમાજના પછાતવર્ગનું ચિત્ર પણ દોર્યું છે. રમણલાલની વાર્તાઓની એક મોટામાં મોટી વિશિષ્ટતા તે એમાંના પ્રસન્નમંગલ દાંપત્યચિત્રો છે. યુવાન પતિપત્નીનું દાંપત્યજીવન સ્વાર્થત્યાગ અને આત્મભોગથી મંડિત હોવાને લીધે કેટલું બધું પ્રસન્નતા અને માંગલ્યભરેલું હોય છે તે આપણને રમણલાલની નવલકથાઓ પરથી પ્રતીત થાય છે. આ એમની વિશિષ્ટતાને લીધે જ રમણલાલ બીજા બધા લેખકો કરતાં વધારે લોકપ્રિય હતા. યુવાનોને તો તે અત્યંત પ્રિય હતા. રમણલાલ જેટલી લોકપ્રિયતા સાહિત્યક્ષેત્રે બીજા બહુ ઓછા લેખકે મેળવી હશે. અને છતાં ય લોકપ્રિયતાને વશ થઇ તેઓ કદી ય પોતાના સ્થાનેથી નીચે ઉતર્યા નથી. એકંદરે તો એમણે પોતાના સાહિત્યદ્વારા આપણી લોકરૂચિને સાચી રીતે ઘડવાનું અને સંસ્કારવાનું કાર્ય કર્યું છે.

જેમ સાહિત્ય જગતમાં રમણલાલની સુવાસ સર્વત્ર પ્રસરેલી હતી. તેવી જ રીતે જીવનમાં પણ એમણે સર્વત્ર પોતાના સૌજન્યની સુવાસ જ પ્રવર્તાવી છે. આટલી મોટી સિધ્ધિ મેળવ્યા છતાં એમણે નથી કોઇ દિવસ પોતાની સિધ્ધિ માટે ગુમાન સેવ્યું. તેઓ અત્યંત નમ્ર, ઉદાર અને મળતાવડા સ્વભાવના હતા. સાહિત્ય જગતમાં કે અંગત જીવનમાં એમણે કયાંય જરા સરખી પણ કડવાશ જન્માવી નથી. સત્યને પણ પ્રિય રીતે રજુ કરી તેઓ હંમેશ દંભ, દંશ કે પૂર્વગ્રહથી દૂર જ રહેતા. આથી જ સૌ મિત્રો તેમની આગળ નિખાલસપણે પોતાનું મંતવ્ય રજુ કરી શકતા અને રમણલાલ પણ એટલી જ નિખાલતાથી પોતાનું કથન રજુ કરી શકતા. એટલે રમણલાલના જવાથી ગુજરાતે માત્ર એક સારો સાહિત્યકાર જ નહિ, પણ એક સારો સજ્જન પણ ગુમાવ્યો છે.

શિનોરમાં જન્મી, વડોદરામાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જીવન પસાર કરી, વડોદરા રાજ્યમાં જ નોકરી કરતાં કરતાં તેઓ સર સુબાની પદવી સુધી પહોંચ્યા હતા. એટલે જાહેર જીવનમાં તેઓ માન–પાન પણ સારૂ પામ્યા હતા. તે છતાં તેમનું મુખ્ય વલણ તો પોતાનું જીવન શારદોપાસનામાં જ પસાર કરવાનું હતું. આથી કોલેજજીવન પૂરૂં કર્યા પછીથી તે જીવનની અંતિમ ઘડી સુધી એમનું સમગ્ર જીવન સારસ્વતની સેવામાં જ પસાર થયું હતું. લગભગ ચાલીસેક વર્ષ સુધી વિસ્તરેલી એમની સાહિત્યસેવાએ ગુજરાતી સાહિત્યને ખૂબ ખૂબ સમૃધ્ધ બનાવ્યું છે. એમના જીવનની સુવાસની જેમ એમની સાહિત્યની સેવા પણ ચિરસ્મરણીય રહેશે.

પ્રભુ એમના આત્માને ચિરંતન શાંતિ આપો.

**રમણલાલ સી. શાહ**

# બે બળવાખોર પંડિતો

## પંડિતવર્ય શ્રી સુખલાલજી તથા પંડિતવર્ય શ્રી બેચરદાસજી

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આગામી રજત મહોત્સવ ઉપર જે બે વિદ્વાન જૈન ચિન્તકોને **અતિથિવિશેષ** તરીકે નિમંત્રવામાં આવ્યા છે તે પંડિત સુખલાલજી તથા પંડિત બેચરદાસ જીવરાજ દોશીનો પરિચય આપતાં રેખાચિત્રો તે ઉભયના નિકટવર્તી મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ મારી વિનંતીને માન આપીને લખી મોકલ્યા છે તે અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

શાસ્ત્રોનું ગહનજ્ઞાન, તલસ્પર્શી બુદ્ધિ અને સત્યશોધક દૃષ્ટિના હિસાબે જેઓ આપણે ત્યાં અજોડ ગણી શકાય એવા આ બે પંડિત પુરૂષોએ પોતાની સતત અને નિષ્ટાયુકત વિદ્યા-ઉપાસનાના બળે ભારતીય અગ્રગણ્ય વિદ્વાનોમાં માનભર્યું સ્થાન મેળવીને જૈન-ધર્મ અને જૈન સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે. તેઓના વિરલ પાંડિત્યની સાથે ભળેલા સહૃદયતા, સેવાપરાયણતા અને પરોપકાર-વૃત્તિના ગુણોને કારણે અનેકના અંતરમાં તેઓ વડીલ કે મુરબ્બી તરીકેનું ભારે આદરભર્યું સ્થાન પામ્યા છે. આ દૃષ્ટિએ વિચારતાં આ બે પંડિતવર્યોને આપણે માન અને ગૌરવ સૂચક અનેક અવનવાં વિશેષણોથી ઓળખાવી શકીએ, પણ જૈન સમાજની દૃષ્ટિએ તેમની વધારેમાં વધારે સાચી ઓળખ તો આપણે તેમને 'બળવાખોર' તરીકેનું બિરૂદ આપીને જ કરાવી શકીએ. એક ક્રાંતિના સંદેશ-વાહકમાં કે સાચા બળવાખોરમાં જે સત્યનિષ્ટા, જે ત્યાગ, જે તિતિક્ષા જોઇએ તે આ બે વિદ્વાનોમાં ભર્યાં પડયાં છે. જૈન સમા-જમાં તો સુખલાલ-બેચરદાસનું નામ જાણે ક્રાંતિના પર્યાયરૂપ જ બની ગયું છે. વિગતોમાં ઉતરવાને તો અહીં અવકાશ નથી, છતાં આપણા આ બે પૂજ્ય પુરૂષોની પ્રતિભાનાં આછાં દર્શન કરીશું.

### પંડિત શ્રી સુખલાલજી.

શીલ અને સમતાભર્યા જીવન અને સત્યમૂલક સમન્વયગામી પાંડિત્યના કારણે આજે આખા દેશનું ધન લેખાતા પંડિતજી જન્મે સોરઠની ધીંગી ધરતીના સુપુત્ર છે. સુરેન્દ્રનગર પાસેનું નાનુ સરખું ગામ લીમલી એમની જન્મભૂમિ. વિ. સ. ૧૯૩૬ (ઇ. સ. ૧૮૮૦) એમની જન્મસાલ. ગુજરાતી સાત ચોપડી સુધીનું પ્રારંભિક જ્ઞાન એમણે ત્યાં જ મેળવેલું. નાનપણથી જ એ જેમ બુધ્ધિમાં તેજસ્વી તેમ શરીરે પણ પૂરા ખડતલ. જેમ ભણવામાં હમેશાં પહેલો નંબર રાખે તેમ કામ કરવામાં પણ હમેશાં આગળ ને આગળ. આળસનું તો જાણે નામ નહીં. જે કંઇ કરવું તે ઠાવકાઇથી અને સુઘડતાપૂર્વક કરવું એ એમની ટેવ. ચોપડીઓ તો એવી સાચવે કે આખું વર્ષ વાપર્યા છતાં એવી ને એવી—જાણે નવી નકોર. માતા-પિતા અને કુટુંબીજનોને પોતાના સુખલાલ ઉપર ભારે આશા.

પણ ઠગારી આશાએ કેટલાયનાં આદર્યાં અધૂરા રાખ્યાં છે! આ કુટુંબને પણ એમ જ થયું. યૌવનના ઉંબરે પગ માંડતા પંડિતજીને ૧૬ વર્ષની વયે બળિયાના ભયંકર રોગે ઘેરી લીધા. અનેકવાર જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઇને પંડિતજી એ બીમારીને પાર કરી ગયા ત્યારે બન્ને આંખોનાં તેજ ઓઝલ થઇ ગયાં હતાં. જાણે જીત હાર કરતાંય વસમી થઇ પડી! જીવન મરણ કરતાંય અકારૂં થઇ પડયું! નેત્રોના અંધકારે જાણે અંતરમાં નિરાશાનો શૂનકાર ફેલાવી દીધી.

પણ વળી અંધકારની જેમ નિરાશા પણ કંઇ અમરપટો લઇને આવી નથી. દુઃખના સાચા ઓસડ સમા થોડા દિવસો ગયા ન ગયા અને આંખોમાંથી ચાલ્યા ગયેલાં તેજ જાણે પાછાં વળી અંતરમાં તેજના ફુવારા વેરવા માંડયાં. આંખોએ ખોયેલાં તેજ અંતરને સહસ્ત્રમુખે લાધી ગયાં. અને એ નિરાશા, એ શૂનકાર, એ બેચેની, કમળપત્ર ઉપરથી જળબિંદુ સરી પડે એમ, અંતરમાંથી સરી પડયાં.

પંડિતજીને માટે આ બળિયાના ઉપદ્રવે એક જ જન્મે બે જન્મ પામવા જેવું, નવી દુનિયાનો પ્રવાસ ખેડાવવાનું કામ કર્યું. બાહોશ વેપારી થવા સર્જાયેલ પંડિતજીને આ પ્રવાસે પ્રખર પાંડિત્યના દરવાજે ખડા કરી દીધા. જન્મે વૈશ્ય પંડિતજી અહીંથી કર્મે બ્રાહ્મણ (સરસ્વતી પુત્ર) બનવા લાગ્યા. ૧૬ વર્ષની પલટાતી વયે, ભારે ભયંકર રીતે, તેમનો દ્વિજત્વનો સંસ્કાર થયો.

અંતર્મુખ થયેલ વૃત્તિએ પંડિતજીને આત્મા તરફ પ્રેર્યા અને એ આત્માનાં દર્શન કરવા જ્ઞાન દીપ પ્રગટાવવાની એમને તાલાવેલી લાગી. પોતાની આ જ્ઞાનક્ષુધા સંતોષવા તેઓ સાધુ-સાધ્વીઓ અને સંતો-ફકીરોનો સત્સંગ કરવા લાગ્યા. આ સત્સંગે એક બાજુ એમની જ્ઞાન ક્ષુધાને અમુક અંશે સંતોષી તો બીજી બાજુ જીવનને પણ શીલસંપન્ન બનાવવામાં સહાય કરી. આમ જ્ઞાન અને સદાચારનો બહુમૂલો પાક આ ભયંકર આફતરૂપી ધરતીમાંથી પેદા થયો. કાજળકાળી વાદળી જાણે અમૃત વરસાવી ગઇ. પણ એનાં વધા-મણાં કેટલાં વસમાં હતાં એ તો જેને પીડ પડી હોય તે જ જાણે!

બીજાં ૭ વર્ષમાં પંડિતજીએ કેટલાંય નાનાં-મોટાં જૈન શાસ્ત્રોને મુખપાઠ કરી લીધાં અને એ બધાંયના અર્થો પણ અવધારી લીધા. પણ આ જ્ઞાનક્ષુધા તો વડવાનળ જેવી બળવાન નીવડી. જેમ જેમ જાણતા ગયા તેમ તેમ જિજ્ઞાસા વધુ ને વધુ ઉગ્ર બનતી ગઇ. હવે તો લીમલી જેવા ગામમાં મળતો ખોરાક સાવ અધૂરો પડવા લાગ્યો.

એટલામાં એમણે જાણ્યું કે પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરી-શ્વરજીએ (તે કાળે મુ. શ્રી ધર્મવિજયજીએ) બનારસમાં શ્રી યશો-વિજયજી સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી છે અને ત્યાં ભણવા ચાહતા વિદ્યાર્થીઓની ભરતી કરવા માંડી છે. આંખે અખમ છતાં પંડિતજીએ ત્યાં જવાનો સંકલ્પ કરી લીધો. ભાવીનો કોઇ પ્રબળ સંકેત કામ કરી રહ્યો હોય એમ પંડિતજી ૨૨-૨૩ વર્ષની વયે બનારસ જઇ પહોંચ્યા એ સમય પૂર્વે અનેક શાસ્ત્રોના પ્રાથમિક અધ્ય-યને મર્મગ્રહી અને તલસ્પર્શી પાંડિત્યના વિકાસ માટેની યોગ્ય ભૂમિકા તો કયારની રચી દીધી હતી. આ પછીનાં ૮-૧૦ વર્ષ બનારસ અને મિથિલામાં વ્યાકરણ ઉપરાંત દર્શન શાસ્ત્રોના અને કાવ્ય શાસ્ત્રના ઉંડા અધ્યયનમાં પસાર થયાં અને ઇ. સ. ૧૯૧૪ની આસપાસ તો પંડિતજી ભારતીય દર્શન શાસ્ત્રોના એક આધારભૂત પંડિત લેખાવા લાગ્યા

દર્શન શાસ્ત્રના બીજા પંડિતો કરતાં પંડિતજીના દાર્શનિક જ્ઞાનની ખાસ વિશેષતા એ રહી છે કે બીજા પંડિતો જ્યારે એક બીજાનું ખંડન કરવામાં પાવરધા બનવામાં ગૌરવ લેખતા ત્યારે પંડિતજી બધાં દર્શનોમાં રહેલ સમાન તત્વોને શોધી શોધીને એનું સમન્વય સાધવામાં જ પોતાની વિદ્યાને ચરિતાર્થ લેખતા અને આમ થવાનું ખાસ કારણ હોઇ પણ કાર્ય, પ્રવૃત્તિ, શાસ્ત્ર કે પાંડિ-ત્ય સુદ્ધાંનો એક માત્ર હેતુ તેઓ માનવસેવા અને સમાજ કલ્યાણ જ લેખે છે તે છે. જેમાંથી સમાજ કલ્યાણ કે માનવસેવાના વિરોધી ભાવો જન્મતા હોય એ પ્રવૃત્તિ દેખીતી રીતે ગમે તેટલી મોટી લાગતી હોય તોપણ એ પંડિતજીને મન વિષબિન્દુની જેમ સર્વથા ત્યાજ્ય છે. આ રીતે એક દર્શન શાસ્ત્રી તરીકે પંડિતજીની ખ્યાતિ સર્વદર્શન સમન્વયના સમર્થ પંડિત તરીકેની થઇ છે.

આ પછી પંડિતજી અધ્યાપન અને ગ્રંથ સર્જનના કામમાં પડ્યા. આ સમય દરમ્યાન પણ તેઓ નવું નવું જાણવા કે શીખવાનો એક પણ અવસર જતો કરતા નહીં.

જનગણનું કલ્યાણ કરનારી રાષ્ટ્ર ભાવના અને આત્મસાધનાની ભાવનાથી પ્રેરાઇ પંડિતજી પૂ. ગાંધીના આશ્રમમાં જોડાયા અને પોતાના સહૃદયતા ભર્યા પાંડિત્યના બળે ગુજરાત વિદ્યાપીઠમાં ભારતીય દર્શન શાસ્ત્રોના અધ્યાપકપદે નિમાયા. ગાંધીજીની સાથે બેસીને ઘંટી ફેરવવાનો આનંદ પણ પંડિતજીએ અનુભવ્યો છે, ઘંટી ખેંચતા ખેંચતાં હથેળીમાં ઉઠેલ ફરફોલાની વાત કરતાં પંડિતજીને સાંભળીને સાંભળનાર પણ રમૂજનો અનુભવ કર્યા વગર રહેતો નથી. પ્રવૃત્તિ માત્રનું મૂલ્યાંકન સમાજ સેવા અને માનવતાના એક માત્ર ગજથી કરવા ટેવાયેલા પંડિતજીને ગાંધીજીનો સંસર્ગ બહુ ફાવી ગયો હોય એમ લાગે છે. પંડિતજીના જીવન અને વિચારો ઉપર ગાંધીજીના જીવન અને વિચારોએ ભારેમાં ભારે અસર કરી હોય એમ પંડિતજીના પરિચયમાં આવનાર કોઇને પણ લાગ્યા વિના નહીં રહે.

આ પછી ઇ. સ ૧૯૩૩ ની સાલમાં તેઓ બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન તત્ત્વજ્ઞાનના અધ્યાપક નીમાયા. અહીં તેઓએ ૧૨-૧૩ વર્ષ કામ કર્યું. આ સમય દરમ્યાન તેઓએ જેમ નવા વિદ્વાનો તૈયાર કર્યા તેમ નવા નવા ગ્રંથોનું અવલોકન અને સંપાદન પણ કર્યું. તેમની જ્ઞાન પ્રાપ્તિ અને જીવન શુધ્ધિની મજલ તો વણથંભી ચાલુ જ હતી. આ પછી તેઓ કાયદાની પરિભાષામાં "નિવૃત્ત" થયા અને છેલ્લાં ૮-૧૦ વર્ષથી અમદાવાદમાં પોતાનો સમય વીતાવે છે.

પણ આ ઉપરથી રખે કોઇ માને કે હવે પંડિતજી પોતાનો સમય આરામ, આનંદ અને ઊંઘવામાં ગાળે છે. ખરી હકીકત તો એથી જુદી છે. આપણે કેટલીકવાર એક કામ પૂરૂં થયાનો હાશકારો લઇએ છીએ ત્યાં આશ્ચર્ય વચ્ચે આપણને ભાન થાય છે કે આ કંઇ કામ પૂરૂં થયું નથી, પણ આ તો વધુ મોટા કામની શરૂઆત માત્ર જ છે. પંડિતજી માટે પણ બરાબર આ જ બન્યું છે. જો કોઇ આ 'નિવૃત્તિ'ના સમયની ડાયરી લખે તો આ ૮-૧૦ વર્ષ વધુમાં વધુ પ્રવૃત્તિમાં ગયાનું જ એમાં પુરવાર થાય. અનેક ગ્રંથોનું અધ્યયન કરવામાં, એમ. એ. અને પી. એચ. ડી. ના કે બીજા અનેક વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં, અનેક સાહિત્ય પ્રવૃત્તિઓનું માર્ગદર્શન કરાવવામાં, અનેક લેખો લખવામાં, અનેક સામાજિક પ્રવૃત્તિઓથી માહિતગાર રહેવામાં, અનેક દુઃખી કે મુશ્કેલ સ્થિતિમાં મુકાયેલ ભાઇ-બ્હેનોની કથની સાંભળીને એમને આશ્વાસન આપવામાં, પોતાને મનગમતી રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય સાથ આપવામાં પંડિતજીને જાણે ચોવીસ કલાકનો દિવસ ટૂંકો પડતો લાગે છે. આવી ચાલી રહી છે પંડિતજીના આ 'નિવૃત્તિ'ના સમયની સતત કાર્યસાધના. કોઇને તો એમજ લાગે કે પંડિતજી ઉંમરે જેમ જેમ વૃદ્ધ બનતા જાય છે તેમ તેમ એમની 'નિવૃત્તિ' આધી ઠેલાતી જાય છે અને આમ થવાનું એક કારણ એ પણ લાગે છે કે જૈન ધર્મમાં કાળક્રમે નિવૃત્તિ અને પ્રવૃત્તિનો સાચા અર્થ ભુલાઇ ગયો છે અને લોકકલ્યાણના માર્ગમાં પણ સક્રિય ભાગ લેવાની પ્રવૃત્તિથી અળગા થઇને, એક પ્રેક્ષકની જેમ તટસ્થ રહેવાની નિવૃત્તિ કેળવવાથી ધર્મ કે આત્મસાધના થાય છે. એવી માન્યતા ઘર કરી બેઠી છે આ વાત પંડિતજીને હરગીઝ મંજુર નથી. તેઓ તો અનાસકત ભાવ કે નિઃસ્વાર્થભાવે સતત કલ્યાણપ્રવૃત્તિમાં લાગ્યા રહેવાને જ સાચી નિવૃત્તિ માને છે.

લોકકલ્યાણની પ્રવૃત્તિમાં સીધેસીધો ભાગ લેવો એ પંડિતજીને મન પ્રિયમાં પ્રિય કાર્ય છે. પોતાની અમુક પ્રકારની સ્થિતિના કારણે પોતે એમાં સક્રિય ભાગ નથી લઇ શકતા એનું દુઃખ કોઇકવાર પણ તેઓ વ્યક્ત કરે છે. ત્યારે આપણા આત્માના તાર પણ રણઝણી ઉઠે છે. એ કાર્યની આગળ તો પાંડિત્ય પ્રવૃત્તિનું પણ તેઓ જાણે ઝાઝું મૂલ્ય આંકતા નથી.

વિદ્યાના ક્ષેત્રે ચરિત્રશીલ, સત્યપ્રિય અને સેવાપરાયણ વિદ્વાનો તૈયાર કરવામાં પંડિતજી માને છે. આ માટે કોઇ સુયોગ્ય વિદ્યાર્થી મળી આવે તો એને માટે જરૂરી આર્થિક તેમજ બીજી સગવડો ઉભી કરી આપવામાં ગમે તેટલી દોડાદોડી કરવી પડે તો પણ એમને થાક લાગતો નથી, ઉલ્ટું એમાં તેઓ આત્મ સંતોષ જ અનુભવે છે. આ માટે પંડિતજીએ એક અનોખો વાકય પ્રયોગ યોજી કાઢ્યો છે. વિદ્વાનો તૈયાર કરવા એ એમને માટે "ચેતન ગ્રંથો" તૈયાર કરવા જેટલું મહત્વનું કાર્ય છે. વળી વિદ્વાનો તૈયાર કરવા માત્રથી પણ તેમને સંતોષ નથી થતો. તૈયાર થયેલ વિદ્વાનને તેને અનુરૂપ યોગ્ય સ્થાન અપાવીને જ તેઓ જંપે છે. પથ્થરમાંથી પ્રતિમાઓનુ સર્જન કરવું અને એ પ્રતિમાઓની યોગ્ય મંદિરમાં પ્રતિષ્ઠા કરવી-એમ થાય ત્યારે જ કામ પુરૂં થયું પંડિતજી માને છે. આવા સુયોગ્ય "ચેતન ગ્રંથો" ન હોય કે તેનું બરાબર જતન ન થાય તો શાસ્ત્રીય ગ્રંથો ગમે તેટલા ગહન કે મોટા આપણી પાસે હોય તો તે આંધળા આગળ આરસીની જેમ કામ વગરના બની રહે છે. આવા "ચેતન ગ્રંથો" તૈયાર કરવા ઉપરાંત नामूलं लिख्यते किंचित्-આધાર વગર એક અક્ષર પણ ન લખવો-એ સૂત્ર મુજબ સર્વથા પ્રમાણભૂત ગ્રંથો તૈયાર કરવામાં તેઓ જ રસ ધરાવે છે. આ કસોટીએ તેઓની ગ્રંથકૃતિઓ બીજા- ઓને માટે સૌ ટચના સોનાની ગરજ સારે એવી છે.

સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, અકલંક, સમન્તભદ્ર, હેમચંદ્રાચાર્ય કે યશોવિજયજી જેવા સત્યશોધક અને તલસ્પર્શી વિદ્વાનોની વિદ્યાઉપાસનાથી તો આજેય પંડિતજી ડોલી ઉઠે છે. અને એમનો વારસો અલ્પજ્ઞાની કે અંધશ્રદ્ધાળુ વર્ગના હાથમાં આવી પડ્યો છે, તેથી દ્રાક્ષની વાડી ગર્દભોને સોંપાઇ ગઇ હોય એવું દુઃખ પંડિતજી અનુભવે છે.

પંડિતજીની જીવન જીવવાની ઢબ પણ ભારે કળાભરી છે. એમને આપણે કદી નિરાશ થયેલા કે હતચેતન થયેલા નહીં જોઇએ. ગમે તેવી શારીરિક અસ્વસ્થતામાં પણ તેઓ સાવ સ્વસ્થ રહેવાના. શરીરને સાચવીને એની પાસેથી વધારેમાં વધારે કામ લઇ લેવાની આવડત તો પંડિતજીની જ ! ખાનપાનમાં એ તો એટલા બધા જાગ્રત કે એમને ખાવાનું છોડવા માટે નહીં પણ ખાવાનું લેવા માટે જ સમજાવવા પડે ! ખાધા પછી જરા પણ આળસ ન આવે એનું નામ જ ખાવું— ખાનપાનની પંડિતજીની આ વ્યાખ્યા છે. દ્રવ્યના સંગ્રહની જેમ શકિતનો સંચય પણ આત્મામાં વિકાર પ્રેરે છે, એમ માનતા હોવાથી પંડિતજીની રોજની શકિત રોજ ખર્ચાઇ જાય એ રીતે જ જીવે છે અને કદી શરીરને વધુ શકિતશાળી બનાવવાની દ્રષ્ટિએ વિશિષ્ટ ખાન-પાન કે ઔષધોપચાર કરતા નથી. શરીરને તંદુરસ્ત રાખવા માટે તેઓ ખાનપાનમાંથી કે જરૂર પડે તો ખાનપાનના ત્યાગમાંથી જ ઇલાજ શોધી કાઢે છે. ન છૂટકે અને તે પણ ઓછામાં ઓછા ઔષધનો આધાર, એ એમનું એક જીવનસૂત્ર છે. ઉપરાંત એમણે પોતાની રહેણી કરણી એવી કેળવી છે અને જરૂરિયાતો એટલી તો મર્યાદિત રાખી છે કે બીજાની સેવા લેવાનો ભાગ્યે જ અવસર આવે. કરકસર તો એમના જીવનમાં જાણે ભરી પડી છે.

સામાજિક પ્રવૃત્તિનું પંડિતજીનું ધ્યેય બહુ જ ટૂંકામાં કહેવું હોય તો માણસ માણસ વચ્ચે સમાનતાની સ્થાપના અને સ્ત્રી પુરૂષ વચ્ચે સમાનતાની સ્થાપના-એ છે. બહેનોની સામાજિક દુર્દશા અને એમનું દુઃખ જોઇને પંડિતજીનું દિલ દ્રવી જાય છે. એવું જ દર્દ તેઓ પદદલિત માનવીઓને માટે અનુભવે છે.

रंग आती है हीना पत्थरपे पिसे जानेके बाद, सुर्खरु होता है जवां आफ़्तें पड़ने के बाद-એ અનુભવવાણીની જેમ

મુસીબતોને પંડિતજી જીવનઘડતરનું એક મહત્ત્વનું અંગ માને છે. અને ગમે તેવી મુશ્કેલી આવી પડે તો પણ न दैन्यं न पलायनम् એનાથી ન તો દીન બનવું કે ન એને પૂંઠ બતાવવી એમાં જ પંડિતજીને જીવનની ચેતનાનો કે આત્માના હીરનાં દર્શન લાધે છે. મહાભારતકારે કુંતીમાતાના મુખમાં મૂકેલ विपदः सन्तु नः शश्वत् હંમેશાં અમને મુસીબતોનો સામનો કરવાનું સાંપડજો–એ વાક્ય તો પંડિતજીને પ્રાર્થનાના સૂત્ર જેટલું પ્રિય છે.

પોણોસો વર્ષની નજીક પહોંચેલા પંડિતજીનું નિત્ય યૌવન એમની સતત જાગતી જિજ્ઞાસામાં જોવા મળે છે. પોતાને મળવા આવનાર પાસેથી જાણવા જેવી વાતો જાણી લેવામાં કે શાસ્ત્રોની કે ઇતર સાહિત્યની નવી નવી વિગતો સમજવામાં કે સામાજિક કે રાષ્ટ્રીય હિલચાલોની હકીકતોથી માહિતગાર રહેવામાં એ કદી કંટાળતા નથી કે પોતાના મનની વાત સ્વસ્થતાપૂર્વક સામાને સમજાવતા કદી થાકતા નથી. ગમે તે રીતે જ્ઞાન મેળવવું અને જ્ઞાન આપવું, અને એમ કરતાં કદી ન થાકવું એ છે પંડિતજીનાં નિત્ય યૌવનનું અને વિકાસશીલ માનસનું લક્ષણ. પણ હવે આ ભવ્ય પુરૂષને વંદન કરી અહીં જ અટકીએ. છતાં છેવટે એક વાત કહેવાનું મન થાય છે. આવતે વર્ષે તેઓ ૭૫ વર્ષના થશે. તે વખતે તેમનું મન પ્રસન્ન થાય અને તેમને માન્ય હોય એ રીતે એમનું સન્માન કરવાની કોઇ યોજના કરી શકીએ તો ઋણમુકિતનો કંઇક આનંદ આપણે અનુભવી શકીશું. અસ્તુ!

## પંડિત શ્રી બેચરદાસજી

सच्चस्स आणाए उवट्ठिए से मेहावी मारं तरइ–સત્યની આજ્ઞાથી કામે લાગેલો બુધ્ધિશાળી પુરૂષ મૃત્યુને પાર કરી જાય છે–આ શાસ્ત્રવાણીમાં વર્ણવવામાં આવેલ સત્યનો મહિમા પોતાના અંતરને ખૂબ ભાવી ગયો હોય એ રીતે પંડિતશ્રી બેચરદાસજીએ પોતાનું જીવન ઘડયું છે અને એ રીતે જ પોતાનું જીવન વિતાવે છે.

ધર્મશાસ્ત્રો કે ધર્મના નામે લોકોમાં ફેલાવવામાં આવેલ અંધશ્રધ્ધા કે અજ્ઞાનથી પંડિતજીનો આત્મા ખૂબ કકળી ઉઠે છે. અને એ અંધશ્રધ્ધા કે અજ્ઞાનને જનતામાંથી દૂર કરવા માટે તેમ જ એનો અંશમાત્ર પણ પોતામાંથી ઉલેચી નાખવા માટે તેઓ નિરંતર ધર્મશાસ્ત્રનું મૌલિક અધ્યયન કરે છે; અને એ અધ્યયનને પરિણામે કડવાં કે મીઠાં જે કંઇ સત્યો મળી આવે તે નીડરપણે સમાજ સમક્ષ રજુ કરે છે. આવાં સત્યો રજુ કરતી વખતે તેઓ જેમ બીજાને એથી માઠું લાગશે એની પરવા રાખતા નથી તેમ આવું સત્ય બોલવા બદલ પોતાને કેવું આકરું મૂલ્ય ચૂકવવું પડશે–પોતાને કેવી મુસીબતોમાં કે કઢંગી સ્થિતિમાં મુકાવું પડશે–એની ખેવના તો તેઓ એથીય ઓછી રાખે છે. એમને મન તો સત્ય એ સત્ય. સત્ય પોતે જ સ્વયંસુંદર હોઇ એને બીજા વાઘા સમજાવીને રૂપાળું બનાવવાની કે એના ઉપર સાકરનો પટ ચડાવીને એને ઊપરચોટિયું ગળ્યું બનાવવાની તેઓ જરૂર જોતા નથી. મરજીવો જેમ સાગરના પેટાળમાં પેસી જઇને મોતી મેળવવામાં આવી પડતા કષ્ટને કષ્ટ રૂપ નથી લેખતો તેમ પંડિતજી સત્યની પ્રાપ્તિ અને સત્યના પ્રચારને જ જીવનનો બહુમૂલો લહાવો લેખતા હોવાથી એમાં આવતી મુશીબતોથી એ કદી વિચલિત થતા નથી.

અને આમ હોવાથી એમણે રજુ કરેલાં શાસ્ત્રીય સત્યોએ અનેકને કડવા ઘૂંટડાનું અકારું પાન કરાવ્યું છે એટલું જ નહીં કેટલાકને તો એથી એવા આંચકા લાગ્યા છે કે તેઓ પંડિતજીને હાઉ રૂપ જ માની બેઠા છે. બળબળતા અંગારા પાસે જવું અને પંડિતજીની વાતો સાંભળવી એ કેટલાકને મન એકસરખું થઇ પડયું છે! પણ જો સહૃદયતા અને સમભાવપૂર્વક પંડિતજીનો થોડો પણ નિકટ પરિચય સાધીએ તો લાગ્યા વગર નથી રહેતું કે સમાજને એ કડવા ઘૂંટડાનું પાન કરાવનારના હૈયામાં કેવળ સમાજ કલ્યાણનો નિર્ભેળ માત્ર સ્નેહ જ ભર્યો પડયો છે અને કડાકા બોલાવતા અનેક આંચકા આપનાર એ પુરૂષના અંતરમાં કેવળ ધર્મનું સાચું દર્શન કરાવવાની અને સત્યનો પ્રચાર કરવાની વૃત્તિ જ વહી રહી છે.

આ રીતે સત્યને ફુલના હારની જેમ નહીં પણ તલવારની ધારની જેમ જીવી જાણનાર, વિદ્યાપ્રાપ્તિને માટે પારાવાર મુસીબતો વેઠનાર અને સાવ ગરીબાઇમાંથી આગળ વધીને પોતાનો જીવનપંથ ઉજળો કરનાર પંડિતવર્ય શ્રી બેચરદાસજીનો જન્મ વિ. સં. ૧૯૪૬ ની સાલમાં વળા (વલભીપુર) માં થયો હતો. પંડિતજીના ભણતરની શરૂઆત વળાની ધૂડી નિશાળમાં જ થયેલી. ૧૦ વર્ષની ઉમ્મરે એમના પિતાશ્રીનું અવસાન થયું, અને કુટુંબની આજીવિકાનો સવાલ મુશ્કેલ બની ગયો. પિતાજીનું કારજ કરવા માટે માતાને પોતાની આખરી પૂંજી સમાં કડલા અને ઠોળિયાં વેચી દેવા પડેલાં. એ વાત કહેતાં કહેતાં આજે પણ પંડિતજીનું દિલ દ્રવી ઊઠે છે. બે દીકરા અને એક દીકરી એમ ત્રણ સંતાનોના નિર્વાહ માટે રાતદિવસ મથામણ કરતી માતાને મદદ કરવામાં પંડિતજીએ કદી પણ શરમ કે નાનમ અનુભવી ન હતી. દાણામાં મેળવવા માટે રાખ ચાળી આપવી, કાલાં ફોલવાં, કાલાંના ઠાલિયાંમાંથી રૂનાં પૂમડાં વીણવા, દાળમશાલી (તળેલી દાળ) વેચવી વગેરે જે મળી શકે તે કામ પંડિતજી કરતા રહેતાં.

આજીવિકાનો સવાલ એટલો ભારે થઇ પડયો કે વધુ ભણવાનો વિચાર જ થઇ શકે એમ ન હતું, એટલામાં સંવત ૧૯૫૮–૫૯ ની સાલમાં આ. શ્રી વિજયધર્મસૂરિજીએ માંડળમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી. તેમાં અભ્યાસ કરવા માટે વલભીપુરના જ રહીશ શ્રી હર્ષચંદ્ર ભુરાભાઇ (સ્વ. મુ. શ્રી. જયંતવિજયજી) માંડળ જતાં હતા તેમની સાથે પંડિતજી પણ માંડળ ગયા. જયારે શ્રી. વિજયધર્મસૂરિશ્વરજીએ કાશી જવાનો નિર્ણય કર્યો, ત્યારે પંડિતજી તેઓની સાથે કાશી જવા માટે પગપાળા રવાના થયા. પણ માતાની ઇચ્છા તેમને આટલે દૂર મોકલવાની ન હતી એટલે હર્ષચંદ્રભાઇની સાથે ગોધરાથી તેઓ વલભીપુર પાછા આવ્યા, અને સાતમી ચોપડી ત્યાં પૂરી કરી. પણ મનમાંથી ભણવાનો વિચાર દૂર થતો ન હતો. એટલે પંડિતજી પાલીતાણા ગયા, અને મુ. શ્રી સિદ્ધિવિજયજી મહારાજ સુરતીની પાસે રહીને નવતત્ત્વ વગેરેનો ધાર્મિક અભ્યાસ કર્યો. આ વખતે એમને પૈસાના અભાવે જમવા વગેરેની પુષ્કળ મુશ્કેલી વેઠવી પડેલી. કોઇ કોઇ દિવસ તો એકાદશી પણ થઇ જતી. છેવટે જામનગરના એક સદ્‌ગૃહસ્થ શ્રી સૌભાગ્યચંદ કપૂરચંદે માસિક રૂા. ૧૦ આપવાનું નકકી કર્યું, અને એમનો માર્ગ કંઇક સરળ બન્યો. એમને પાછા કાશીના વિચારો આવવા લાગ્યા. પણ માએ રજા ન આપી, એટલે છેવટે મહેસાણા પાઠશાળામાં જઇ પહોંચ્યા. પણ આથી એમને સંતોષ ન થયો અને એક દિવસ માતાને પૂછયા વગર જ હર્ષચંદ્રભાઇ સાથે સં. ૧૯૬૨–૬૩ ના અરસામાં તેઓ કાશી ઊપડી ગયા. અહીં પણ ભાગ્ય પોતાનો ભાવ ભજવ્યા વગર ન રહ્યું. છ મહિનામાં પંડિતજી શીતળાની બીમારીમાં સપડાયા, પંડિત શ્રી સુખલાલજી ૧૬ વર્ષની વયે આ બિમારીના ભોગ બન્યા હતા, પં. બેચરદાસજી ૧૭–૧૮ વર્ષની વયે એમાં સપડાયા. પણ ભાગ્ય એટલું પાંશરું કે એની કોઇ પણ કાયમી માઠી અસર શરીર ઉપર ન થઇ. વખત જતાં અભ્યાસની સાથે સાથ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના ગ્રંથોનું સંપાદન, પં. શ્રી હરગોવિંદદાસ ત્રિકમદાસ શેઠના સહકારમાં કરવા લાગ્યા. ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે આ ગ્રંથમાળાએ પ્રકાશિત કરેલા જૈન વ્યાકરણ અને ન્યાયને લગતા ગ્રંથો કલકત્તા સંસ્કૃત કૉલેજની તીર્થ પરીક્ષામાં દાખલ થયા, અને પછી પંડિતજી ન્યાય અને વ્યાકરણના તીર્થ થયા. ધીરે ધીરે પંડિતજીની

ગણના એક મહાબુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે થવા લાગી. મહારાજશ્રીએ તેમને માસિક રૂા. ૧૦) ની સ્કોલરશિપ આપવાનું કહ્યું તો પંડિતજીએ તેનો એમ કહીને સાદર અસ્વીકાર કર્યો કે જ્યારે પાઠશાળા મારૂં બધું ખર્ચ આપતી હોય ત્યારે આવી સ્કોલરશિપ કેમ કરી લઇ શકાય?

આ દરમ્યાન પંડિતજીએ પ્રાકૃત ભાષાનો અભ્યાસ તો કરી લીધો હતો. એટલે હવે બૌદ્ધધર્મના જ્ઞાન માટે પાલીભાષાના જ્ઞાનની જરૂર હતી. તે માટે આચાર્ય મહારાજે ડૉ. શતીશચંદ્ર વિદ્યાભૂષણની સાથે પંડિતજીને તથા પં. શ્રી હરગોવિંદદાસભાઇને સિલોન મોકલ્યા. ત્યાં ૮ માસ જેટલા ટૂંકા સમયમાં પોતાનું કામ પતાવીને એ બન્ને જણા પાછા કાશી આવ્યા.

આ વખતે કોમી શિક્ષણસંસ્થાઓમાં રાષ્ટ્રીયતાની હવા સુદ્ધાં નહોતી પહોંચી શકતી. પણ બંગભંગની ચળવળનું આછું-પાતળું દર્શન પણ પંડિતજીએ એ વખતે કાશીમાં જે કર્યું, તે ઉપરથી તેમણે દેશી કાપડ અને દેશી ખાંડનો ઉપયોગ કરવાનો નિયમ કર્યો હતો. સને ૧૯૧૫-૧૬ માં ગાંધીજીએ સ્વદેશી અને ખાદીની હાકલ કરી ત્યારથી તેમણે સ્વદેશી કાપડ અને વસ્તુઓનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. આમ તે કાળે પંડિતોમાં ભાગ્યે જ જોવા મળતી રાષ્ટ્રીયતાની ભાવના પંડિતજીના અંતરમાં વસવા લાગી હતી.

શરૂઆતમાં પંડિતજી જૈન સિવાય બીજાં પુસ્તકો વાંચે જ નહીં. પણ મૌલિક પ્રાચીન જૈન સાહિત્યનું અધ્યયન આગળ વધતું ગયું તેમ તેમ નગ્ન સત્ય જાણવાની એમની ઇચ્છા વધુ ઉત્કટ બનતી ગઇ, પછી તો આગમો કંઠસ્થ કરવાનો એવો નાદ લાગ્યો કે રાતના બે વાગે ઉઠીને તેઓ એમાં તન્મય થવા લાગ્યા. પંડિતજીના જીવનનો આ સમય એ પંડિતજીના માટે ક્રાન્તદર્શનનો અને એમના દિલમાં ક્રાંતિની ભાવનાને સજીવન કરવાનો સમય ગણી શકાય. આ પછી તો પંડિતજીને થયું કે જૈન સંસ્કૃતિનો અભ્યુદય કરવો હોય તો એ પ્રાકૃત સંસ્કૃતના મૂળ ગ્રંથોનો અનુવાદ કરીને એને સર્વજનસુગમ બનાવી દેવા જોઇએ.

પણ બનારસમાં આ ઇચ્છા પૂર્ણ થઇ શકે એમ ન લાગ્યું એટલે સંવત ૧૯૭૦-૭૧ લગભગમાં અમદાવાદના શેઠ પૂંજાભાઇ હીરાચંદે સ્થાપેલ જિનાગમ પ્રકાશન સભામાં જોડાયા. જૈન આગમોનાં પ્રમાણભૂત ભાષાંતરો તૈયાર કરાવવા એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. પણ ઉદાર વિચારના કે સુધારક કહેવાતા સાધુઓ અને ગૃહસ્થોને પણ આ વાત રૂચતી ન હતી. આ દરમ્યાન અમદાવાદમાં મહાવીર જયંતીની એક સભામાં પંડિતજીએ આગમોના અનુવાદ સંબંધી પોતાના વિચારો સ્પષ્ટપણે વ્યકત કર્યા. પરિણામે એની સામેનો વિરોધ વધુ ઉગ્ર બન્યો. પણ તેઓ પોતાની વાતને મકકમપણે વળગી રહ્યા અને મુંબઇમાં રહીને આ કામ કરવા લાગ્યા.

પંડિતજીએ તા. ૨૧-૧-૧૯૧૯ ના રોજ મુંબઇમાં માંગરોળ જૈન સભાના આશ્રયે "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું અને આખા જૈન સંઘમાં વિરોધનો એક ભારે વંટોળ જાગી ગયો. પણ જે વિચારકો હતા તેમને એ ભાષણે ભારે વિચાર કરતા કરી મૂકયા. આ ભાષણ એ પંડિતજીના જીવનના એક મહત્વના સીમાસ્તંભ રૂપ લેખાય છે. આના લીધે તો અમદાવાદના સંઘે પંડિતજીને સંઘ બહાર કરવા જેટલું બહુમાન આપ્યું! પણ પંડિતજીને મન નગ્ન સત્ય કહેવાના લાભની આગળ આ વિરોધ કંઇ વિસાતમાં ન હતો.

આ દરમ્યાન પંડિતજીને પૂ. મહાત્મા ગાંધીજીનો સમાગમ થયો. એક વિદ્વાનને આવા ઉત્કટ સત્યપ્રેમી જોઇને ગાંધીજીએ એમને આશીર્વાદ આપ્યા, અને પોતાની વાતથી પાછા નહીં હઠવા કહ્યું.

આ પછી તેઓ થોડો વખત ભાવનગરમાં રહ્યા ત્યારે 'તમસ્તરણ' નામે સમાજની સ્થિતિ દર્શાવતો રૂપકાત્મક લેખ લખ્યો, જે "જૈન" માં છપાયો હતો. આ લેખે તો આખા સમાજમાં અને સુધારકોમાં પણ ભારે ખળભળાટ મચાવી દીધેલો. સને ૧૯૨૧-૨૨ માં તેઓ ગાંધીજીના ગુજરાત પુરાત્ત્વ મંદિરમાં જોડાયા, અને ત્યાં પંડિતવર્ય શ્રી સુખલાલજીના સહકારમાં સન્મતિતર્કના સંપાદનનું અતિદુષ્કર કાર્ય કર્યું. અને અતિ ઝીણા કામમાં પંડિતજીની ડાબી આંખમાં ઝાંખપ આવી પડી. એટલામાં દાંડી કૂચનો ઐતિહાસિક પ્રસંગ આવી પડયો. પંડિતજી પણ એ નાદની પાછળ ઘેલા બન્યા અને હસ્તલિખિત 'નવજીવન' ના તંત્રી બનીને ૯ મહિના વીસાપુર જેલના મહેમાન બન્યા પણ પંડિતજી માટે ખરી મુશ્કેલીનો સમય તો જેલમાંથી છૂટયા પછી શરૂ થયો. તેમને બ્રીટિશ હકુમતમાં દાખલ થવાનો સખ્ત મનાઇ હુકમ મળ્યો હતો તે છેક ૧૯૩૬ ની સાલમાં કોંગ્રેસે પ્રાંતોમાં સત્તા સ્વીકારી ત્યાં સુધી ચાલુ રહ્યો. આ દરમ્યાન આજીવિકા મેળવવાની ભારે મુશ્કેલી વેઠવી પડી. પણ પંડિતજી અણનમપણે જીવન સંગ્રામ ખેલતા રહ્યા. આવી વિકટ સ્થિતિ છતાં જૈન સાહિત્યમાં રહેલ સત્યની પ્રચાર કરવાની એમની તમન્નામાં જરા પણ ઓટ ન આવી.

પછી તો અમદાવાદમાં એસ. એલ. ડી. આર્ટ કોલેજ સ્થપાઇ. તેમાં તેઓ અર્ધમાગધીના અધ્યાપક નીમાયા. સને ૧૯૪૦ માં તેમણે મુંબઇ યુનીવર્સીટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' વિષે જે વ્યાખ્યાનો આપ્યાં તેણે પંડિતજીના પાંડિત્ય ઊપર કલગી ચડાવી દીધી

છેલ્લાં ચાલીશ વર્ષ દરમ્યાન પંડિતજીએ જૈન સાહિત્યની જે વિરલ સેવા કરી તેના લીધે અનેક મહત્ત્વના ગ્રંથો પ્રકાશમાં આવ્યા. પ્રાચીન ગુજરાતી, અપભ્રંશ અને પ્રાકૃત અર્ધમાગધી ભાષાના તો પંડિતજી અસાધારણ વિદ્વાન છે. સાથે સાથે સંસ્કૃત ભાષાના પણ તેઓ એવા જ ઉત્કટ વિદ્વાન છે.

પંડિતજીનું જીવન સાવ સાદું અને સેવાપરાયણ છે. નાનામાં નાના માણસને પણ તેઓ 'ભાઇ! કાંઇ કામ હોય તો કહેજો હો!' એમ કહેવામાં જ નહીં પણ વખત આવ્યે એ કામ માટે પોતાનાં મહત્ત્વનાં કામને રોકી રાખવામાં નિજાનંદનો અનુભવ કરે છે.

વ્યવહારપટુતાને બદલે બાળકસહજ ભોળપણ એ પંડિતજીના સ્વભાવની ખાસીયત છે. ઔપચારિક મીઠી મીઠી વાતો કરતાં એમને આવડતું નથી. તેઓ તો કામ કરવામાં જ માને છે. જનકલ્યાણની નાની કે મોટી પ્રવૃત્તિમાં તેઓ ઊલટભેર ભાગ લે છે. પૂ. વિનોબાજીનું કામ એમના મનને એવું તો ભાવી ગયું છે કે એ માટે ઠેરઠેર ભિક્ષા માગવામાં એમને જરાય સંકોચ થતો નથી.

વિદ્યાર્થીને કે જિજ્ઞાસુને મદદ કરવી એ તો એમનો પ્રિયમાં પ્રિય વિષય છે. અને આજે ૬૪ વર્ષની ઉંમરે પણ તેઓ પોતાની જ્ઞાન-ઉપાસનાને અખંડપણે ચાલુ રાખી રહ્યા છે.

શીલસંપન્ન એમનો આત્મા અન્યાય, અનાચાર કે અનીતિથી કકળી ઉઠે છે. અને જીવનશુધ્ધિ અને જનસેવાને કેન્દ્રસ્થાન સ્થાપીને પોતાનું પ્રવૃત્તિચક્ર તેમણે ગોઠવ્યું છે.

આવા વિનમ્ર છતાં મક્કમ વિદ્વાન પુરૂષને આપણે દિલથી અભિનંદન કરીએ.

## ઉપસંહાર

એક વિજ્ઞાનીની જેમ ઝીણવટપૂર્વક સત્યને શોધવું અને જગત સમક્ષ મૂકવું એ આ બન્ને પંડિત પુરૂષોનું જીવનધ્યેય છે. 'ડુંગરા દૂરથી રળિયામણા'-એ કહેવતને ખોટી પાડી જેમ જેમ નિકટ જાઓ તેમ તેમ વધુ રળિયામણા લાગતા અને જેમ જેમ વધુ પરિચય સાધો તેમ તેમ વધુ સૌરભભર્યા લાગતા આ બે બળવાખોર પંડિતો સમાજ અને દેશની મહા મૂડી છે. એ મૂડીને પારખીને એમાં ઉમેરો કરવા જેટલા આપણે કર્તવ્યપરાયણ થઇએ.

રતિલાલ દીપચંદ દેસાઇ

# આજનું જાપાન

## જાપાનની આર્થિક દુર્દશા

(ગતાંકથી ચાલુ)

જાપાનનો પહેલા નંબરનો સવાલ આર્થિક છે. તેની લગભગ સાડા આઠ કરોડ જેટલી વસ્તી તેનાં ધારણપોષણ માટે બહુ જ ઓછી પડે એટલી જમીનમાં ખીચોખીચ સમાયેલી છે. જાપાનનો ઘણોખરો પ્રદેશ ડુંગરાળ છે. તેની માત્ર ૧૫-૫ ટકા જેટલી જમીનમાં ખેતી થઇ શકે છે. ઊંડી ખેતી દ્વારા ત્યાંના લોકો જમીનમાંથી વધુમાં વધુ પાક ઉતારવાની કોશીશ કરે છે, પણ એમ છતાં જમીન તેમને પૂરતો ખોરાક પૂરો પાડી શકતી નથી.

પરિણામે તેમને દરિયામાંથી પણ ખોરાક મેળવવાની ફરજ પડી અને તેમણે માછલી પકડવાનો જબરદસ્ત ઉદ્યોગ ખીલવ્યો છે. પણ ગયા યુધ્ધમાં તેની હાર થવાને લીધે જાપાનને ત્રણ લાખ ટન જેટલી માછલીઓ પકડનારી હોડીઓની ખોટ ખમવી પડી એટલું જ નહીં પણ સોવીયેટ પ્રદેશના, ઉત્તર કુરીલના, દક્ષિણ સઘાલીનના, કોરિયા અને ફોર્મોસાના તથા એન્ટાર્કટિક મહાસાગરના દરિયાકાંઠાનાં માછલી પકડવાનાં ક્ષેત્રો પણ ગુમાવવાં પડયાં. આ બધાં ક્ષેત્રોમાં દર વરસે લગભગ ૩ અબજ ૨૦ કરોડ રતલ માછલી પકડવામાં આવતી હતી. હવે એ ક્ષેત્રોમાં જાપાન માછલી પકડી શકે તેમ નથી અને તેથી તેને ઘણી ઓછી માછલીથી ચલાવવું પડે છે. અગાઉ જાપાન પાસે નૌકાદળ હતું અને તેથી તેના પાડોશીઓ જાપાનના માછીઓની કનડગત કરી શકતા નહોતા. પણ હવે તો જાપાનના માછીઓને તેમના કાયદેસરના માછલી પકડવાના ક્ષેત્રમાંથી પણ હાંકી કાઢવામાં આવે છે અથવા વિરોધી પાડોશીઓ તેમને પકડી લે છે અથવા તેમને પરહેજ કરે છે એમ કહેવામાં આવે છે. આ ઉપરાંત, તાજેતરમાં કરવામાં આવેલા હાઇડ્રોજન બોમ્બના અખતરાઓને કારણે એ ઉદ્યોગ પર સખત ફટકો પડયો છે. ગયા માર્ચ મહિનામાં પ્રશાંત મહાસાગરમાં આવેલા બિકીની ટાપુ નજીક ફોડવામાં આવેલા હાઇડ્રોજન બોમ્બને લીધે એ પ્રદેશમાં ઘણા મોટા ભાગની માછલીઓ મરી જવા પામી હતી એટલું જ નહીં પણ એને કારણે માછલીઓ રેડિઓગુણી થઇ ગઇ અને ખાવા માટે નકામી બની ગઇ. એને લીધે જાપાનના માછીઓ સાવ પાયમાલ થઇ ગયા. એ માછીઓ જાપાનના સૌથી ગરીબ વર્ગના લોકો છે. આથી જાપાનમાં આપણે જ્યાં જઇએ ત્યાં સખત વિરોધ આપણા સાંભળવામાં આવે છે કે હાઇડ્રોજન બોમ્બના પ્રયોગો પ્રજાના રહ્યાસહ્યા ખોરાકનો પણ નાશ કરી રહ્યા છે.

જાપાનીઓને જમીનમાંથી પૂરતો ખોરાક મળી રહેતો નથી અને આજની વસ્તીને પણ ખોરાકની ૨૦ ટકા જેટલી ઘટ કાયમ ખમવી પડે છે એ જોતાં જીવવાને માટે તેમને માટે માત્ર એક જ રસ્તો રહે છે અને તે એ કે, પાકો માલ પરદેશોમાં નિકાસ કરીને બહારથી ખોરાકની તેમ જ ઉદ્યોગોને માટે જોઇતા રૂ, રબર, ઊન, ખનીજ દ્રવ્યો અને તેલ વગેરે કાચા માલની આયાત કરવી. યુધ્ધ પહેલાંના કાળમાં જાપાન એમ જ કરતું હતું. એ સમય દરમ્યાન તેણે મોટા ઉદ્યોગો ખીલવ્યા અને પરદેશો સાથે જબરદસ્ત વેપાર વિકસાવ્યો. એ રીતે થોડો વખત તો કામ ચાલ્યું અને જાપાનને બધી વસ્તુઓ મળી રહી પણ એને લીધે બીજા મુલકોમાં પગદંડો જમાવવાને તથા કાચો માલ અને બજારો મેળવવા માટે તેમનો કબજો લેવાને તે લલચાયું ફોર્મોસા તથા કોરિયામાં તે એ સફળતા-પૂર્વક કરી શકયું. પણ ચીનમાં તે એટલા પ્રમાણમાં ફાવ્યું નહીં. દરમ્યાન યુદ્ધ ફાટી નીકળ્યું અને તેની મહત્ત્વાકાંક્ષાનો અંત આવ્યો. પશ્ચિમની પ્રજાઓએ જાપાનની વસાહતો લઇ લીધી અને તેને તેના પોતાના ટાપુઓમાં જ પુરી દીધું! યુધ્ધ પહેલાં જે તેની વસાહત નહોતી પણ જે તેને કાચો માલ પૂરો પાડતા એવા ચીન, હિંદીચીન, મલાયા, ઇસ્ટ ઇન્ડિઝ અને બ્રહ્મદેશ વગેરે દેશો હવે તેની સાથે વેપાર કરી શકતા નથી કેમ કે, કાં તો તેઓ દુશ્મનોના હાથમાં છે અથવા ત્યાંની પરિસ્થિતિ એટલી બધી ક્ષુબ્ધ છે કે તેમની સાથે વેપાર અશકય છે. વળી જાપાનને તેમની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ બાંધવાની પરવાનગી આપવામાં આવી નથી. વળી તેના નૌકાદળનો, તેનો કબજો કરનાર સત્તા યુનાઇટેડ સ્ટેટ્સે સંપૂર્ણપણે નાશ કર્યો છે અને તેથી પોતાનો માલ લઇ જવા માટે જાપાન પાસે જહાજો નથી. જાપાનની અર્થવ્યવસ્થા પરદેશો સાથેના વેપાર પર એટલો બધો આધાર રાખતી હતી કે, આ બધી વસ્તુઓને કારણે તેનો જીવનનો ઝરો જ કથળી ગયો.

આ ઉપરાંત જાપાને ભારે પુરૂષાર્થ અને આપભોગથી લોઢું, પોલાદ, જહાજ બાંધવાં, રસાયણ, હલકી ધાતુઓ, મોટરો તથા એરોપ્લેનો તૈયાર કરવાં વગેરેના મોટા ઉદ્યોગો ખીલવ્યા હતા. તેનું લશ્કર તથા નૌકાસૈન્ય તેના સૌથી મોટા ઘરાકો હતા. પણ એ બંને દળોનું વિસર્જન કરવામાં આવ્યું હોવાથી એ ઉદ્યોગો પર ભારે ફટકો પડયો છે.

વળી અધૂરામાં પુરું, યુદ્ધને પરિણામે જાપાનની ભુમિ વેરાન બની ગઇ, તેના મોટા ભાગના યુવાનો મરાયા તથા તેના ઘરો અને જાહેર ઇમારતો નાશ પામી. ભારે ખરચ કરીને એ બધું તેમને ફરીથી બાંધવું પડયું. તેનો પરદેશો સાથેનો વેપાર નાશ પામવાથી તથા તેના ઉદ્યોગો છિન્નભિન્ન થઇ જવાથી તેની અર્થવ્યવસ્થા સાવ અસ્તવ્યસ્ત થઇ ગઇ અને ભુખમરો તથા નાસીપાસી તેની સામે ખડાં થયાં.

એ વખતે યુનાઇટેડ સ્ટેટ્સ જાપાનને ઉગારવાને મદદે આવ્યું. અમેરિકન મૂડીથી તેણે જાપાનની હચમચી ઉઠેલી અર્થવ્યવસ્થાને ટેકો આપ્યો. અમેરિકાના લશ્કરી થાણાંઓ તથા પ્રવાસીઓએ પણ જાપાનના ઉદ્યોગોને પ્રોત્સાહિત કર્યા. આ બધી રીતે દેશને સંપૂર્ણ-પણે જમીનદોસ્ત થતો ઉગારી લેવામાં આવ્યો.

પણ કોઇ પણ પ્રજા આ રીતે પરદેશની સત્તા પર સંપૂર્ણ-પણે આધાર રાખીને તેની દયા પર કેટલો વખત જીવી શકે? જાપાનની અર્થવ્યવસ્થાનું વધારે કાયમી પાયા પર ચણતર કરવું જોઇએ. તેની આજની પરાવલંબનની સ્થિતિથી તે આજે નામોશી અનુભવે છે, પણ એમાંથી નીકળવાનો આરો તેને દેખાતો નથી. કોઈ પણ મુલાકાતીને તેની સ્થિતિ અતિશય કરુણ લાગશે. એમાંથી નીકળવાને તે તેનાથી બનતા સઘળા પ્રયાસો કરે છે. દાખલા તરીકે, ૧૯૪૯ની સાલમાં જાપાને તેનો જહાજો બાંધવાનો ઉદ્યોગ ફરીથી શરૂ કર્યો અને આજે તેની પાસે ૯૦ કરતાં પણ વધારે જહાજો બાંધવાના ડક્કાઓ છે. અને દર વરસે આઠ લાખ ટન જેટલા કદનાં જહાજો બાંધવાની તેમની ગુંજાશ છે. તેને એમ લાગે છે કે પોતાનો જહાજો બાંધવાનો ઉદ્યોગ ફરીથી સજીવન કર્યા વિના તે તેનું આર્થિક સ્વાતંત્ર્ય મેળવી શકે એમ નથી- આથી તે તેનાં જહાજો બાંધવાના ઉદ્યોગને સજીવન કરવાના ભગીરથ પ્રયાસ કરી રહ્યું છે. તે મોટરો તૈયાર કરવાનો ઉદ્યોગ ચાલુ કરવાને પણ સારી પેઠે મથી રહ્યું છે, તે નાના કદની મોટરો તૈયાર કરવામાં ખાસ પ્રયાસ કરી રહ્યું છે. એ મોટરો હલકી અને સોંઘી હોય છે. વળી તે હલકા તેલથી ચાલતાં ડીઝલ એંજિનવાળાં વાહનો પણ તૈયાર કરી રહ્યું છે. જાપાનને ૯/૧૦ જેટલું પેટ્રોલ બહારથી લાવવું પડતું હોવાથી એ જાતનાં વાહનો તેના જેવા દેશ માટે અનુકૂળ છે. તે પોતાના માલની જાહેરાત કરવા માટે વખતોવખત પ્રદર્શનો ભરે છે અને સુધારાવધારા કરવાને હમશાં તત્પર રહે છે. ટોકિયોમાં આવા

એક પ્રદર્શનમાં એલ્યુમિનિયમની એક હલકી મોટર અમે જોઇ હતી. એમાં પાંચ માણસો સુખેથી બેસી શકે અને જરૂર પડે તો છ માણસો પણ સમાઇ શકે. મને લાગ્યું કે આપણે હાલ અમેરિકાથી ભારે વજનની અને મોંઘી મોટરો મંગાવીએ છીએ તેના કરતાં આવી સસ્તી મોટરો હિંદ માટે વધારે અનુકૂળ થઇ પડે. એક રેડિયોનું કારખાનું પણ મેં જોયું. એ એક જ કારખાનામાં સંપૂર્ણ રેડિયો તેના બધા ભાગો સાથે બનાવવામાં આવે છે. જાપાનને અનેક અડચણો વેઠીને કામ કરવું પડતું હોવા છતાં તે પોતાના ઉદ્યોગોને ફરીથી પગભર કરવાને જે ચીવટથી જહેમત ઉઠાવી ... ખરેખર નવાઇ પમાડે એવું છે. જાપાન તેનો કાપડનો મહાન ઉદ્યોગ સજીવન કરવાને પણ અથાક પરિશ્રમ કરી રહ્યું છે. તેની સૂતરની મિલોની ઘણી ખરી યંત્રસામગ્રી યુદ્ધકાળ દરમ્યાન ગાળી નાખવામાં આવી હતી અને જે બાકી રહેવા પામી હતી તેમાંની મોટા ભાગની પર બોંબમારો કરવામાં આવ્યો હતો કે બાળી મૂકવામાં આવી હતી. પણ યુદ્ધ પછી તરત જ જાપાને પગભર થવા માટેનું પોતાનું ઉત્પાદન ફરીથી શરૂ કરી દીધું. ૧૯૪૫ ની સાલમાં તેના સુતરાઉ કાપડનું ઉત્પાદન માત્ર સાડા પાંચ કરોડ ચોરસ વારનું જ હતું. ૧૯૫૦ ની સાલમાં એ વધીને ૧૫૨ કરોડ ૪૦ લાખ ચોરસ વારનું થયું. તેણે યુનાઇટેડ સ્ટેટ્સમાંથી છેલ્લામાં છેલ્લી ઢબની યંત્રસામગ્રી પોતાને ત્યાં આણી છે. ઓસાકામાં અમે કાપડ મિલ જોવા ગયા હતા. ત્યાં અમને જણાવવામાં આવ્યું કે ઇંગ્લેંડમાં મળતી યંત્રસામગ્રી કરતાં તે અનેકગણી વધારે કાર્યદક્ષ છે, જોકે તે ઘણી ખરચાળ પણ છે. તપાસ કરતાં અમને જણાવવામાં આવ્યું કે અગાઉના બજારોને અભાવે કાપડ ઉદ્યોગ માટે પોતાની અસલની સ્થિતિ પ્રાપ્ત કરવાનું મુસ્કેલ બન્યું છે. મજૂરોને બહુ જ ઓછી મજૂરી આપવામાં આવે છે. પરદેશોનાં તેનાં પહેલાંનાં બજારો હાથ કરવા માટે એ ઉદ્યોગ પોતાનો ઉત્પાદન ખરચ ઓછો કરવાનો પ્રયત્ન કરે છે. એપ્રિલમાં ઓસાકામાં કાપડનું એક મોટું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. તેમાં જાપાનના કાપડના જાતજાતના અને ભાતભાતના નમૂનાઓ મૂકવામાં આવ્યા હતા તથા ત્યાં આગળ ઓર્ડરો પણ નોંધવામાં આવતા હતા. જાપાનીઓ પોતાના ઉદ્યોગોને સજીવન કરવા માટે જે ધગશથી મંડી પડયા છે તેની પ્રશંસા કર્યા વિના આપણાથી રહેવાતું નથી.

પણ ઊપર કહ્યુ તેમ, એ બધું અમેરિકાની મદદના આધાર પર ચાલે છે અને આ જાતનું પરાવલંબન કયાં સુધી ચાલુ રહેશે એ જાણી શકાતું નથી. જાપાન, કોરિયા, ચીન અને દક્ષિણ–પૂર્વ એશિયાના મુલકો જેવા તેના પડોશી દેશો જોડે તે ફરીથી વેપારી સંબંધો બાંધે અને પોતાનો પાકો માલ તથા યંત્રો વગેરેના બદલામાં તેમની પાસેથી અનાજ તથા તેના ઉદ્યોગો માટે જરૂરી કાચો માલ મેળવે તો જ જાપાનની અર્થવ્યવસ્થા વધારે સુદૃઢ પાયા પર નિર્માણ થઇ શકે એ ઊઘાડું છે. હવે તેને સમજ પડવા લાગી છે કે શોષણ કરવાના ઉદ્દેશથી વસાહતો સ્થાપવાને તે એ પ્રદેશોમાં ગયું એ તેની ભૂલ હતી અને ભવિષ્યના તેમની સાથેના વેપારના સંબંધો સહકાર અને એકબીજાના લાભના પાયા પરના હોવા જોઇએ. જીવવા માટે જાપાન આગળ એ સિવાય બીજો કોઇ રસ્તો હોય એમ લાગતું નથી. અને તેમ છતાં આજની વ્યવસ્થા નીચે એશિયાના તેના ઘણાખરા પડોશી દેશો સાથે વેપારી સંબંધો બાંધવાને તે સ્વતંત્ર નથી. જો કે ચીનના ચોખા તેમને બહુ સસ્તા મળી શકે તેમ છતાં તેને અમેરિકાના મોંઘા ચોખા ખરીદવા પડે છે એ એનો એક દાખલો છે. જાપાનને ચીન સામે કશી તકરાર નથી અને તેની સાથે મૈત્રીના સંબંધો બાંધવાને તે બહુ રાજી છે. બંને દેશો ગાઢ સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધોથી સંકળાયેલા છે અને ઉભયના ફાયદા માટે બન્ને સાથે મળીને કામ કરી શકે એમાં શંકા નથી. પણ મોટી સત્તાઓએ એશિયામાં ઉભી કરેલી રાજકીય દીવાલો એ વસ્તુ અશકય બનાવે છે અને જાપાનને બહુ જ અસ્વાભાવિક રીતે યુનાઇટેડ સ્ટેટ્સ સાથે જકડી રાખવામાં આવ્યું છે.

બીજાં જાપાનને ગોરી પ્રજાઓ સામે રોષ છે. તેમણે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલન્ડ, આફ્રિકા, ઉત્તર તથા દક્ષિણ અમેરિકા વગેરે દુનિયાના આછી વસ્તીવાળા પ્રદેશોનો કબજો લીધો છે અને તેમાં એશિયાના લોકોને છુટથી પેસવા દેતા નથી. એશિયામાં અને ખાસ કરીને જાપાનમાં અતિશય ગીચ વસ્તી છે. પરંતુ ગોરાઓ તેમની પ્રજાને તેમની પોતાની હદમાં જ રહેવાની ફરજ પાડે છે અને વસ્તી વિનાના વિશાળ પ્રદેશો ગોરાઓને માટે અનામત રાખે છે. એશિયાની પ્રજાઓ પૈકી જાપાનીઓને આ અન્યાય ઘણો જ ખૂંચે છે. તેમની વસ્તી અતિશય ગીચ છે અને આધુનિકતાની દૃષ્ટિએ તેઓ પશ્ચિમની કોઇ પણ સત્તાની સમાન કક્ષાએ છે.

જાપાનની આર્થિક પુનર્રચના અને પ્રગતિના માર્ગમાં ઘણી બાધાઓ હોવા છતાં એ બધી મુશ્કેલીઓમાં થઇને તે આગળ વધી રહ્યું છે. આટલી ભારે બાધાઓ સામે ખડી થઇ હોય એવો બીજો કોઇ પણ દેશ હારી બેઠો હોત. પણ જાપાન તો વખતોવખત આવતી આપત્તિઓ અને ભારે નિરાશાઓથી ટેવાઇ ગયું છે. ઉદ્યોગ અને ખંતથી તે એમાંથી બહાર નીકળે છે અને પોતાની આપત્તિઓનો હસતે મોંએ મુકાબલો કરે છે. તેની ભીષણ આર્થિક દુર્દશામાંથી હજી પણ તે માર્ગ કાઢશે. પણ આજની ઘડીએ તે પોતાની અર્થવ્યવસ્થા સ્થિર અને સ્થાયી પાયા પર ચણી શકે એવી શકયતા કંઇક દૂર દેખાય છે. તે જાણે છે કે, પોતાનું પરાવલંબન તે દૂર કરે, સત્તાનાં ઉભય જૂથ પૈકી એકેની સાથે પણ ન જોડાવાની નીતિ અખત્યાર કરે અને પોતાના નજીકના એશિયાઇ પાડોશી દેશો સાથે મૈત્રીના સંબંધો બાંધે તો જ તે એ વસ્તુ સિદ્ધ કરી શકે એમ છે.

હરિજન બંધુમાંથી સાભાર ઉધ્ધૃત **ભારતન્ કુમારપ્પા.**

સમાપ્ત

## સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મંત્રીઓ જણાવે છે કે:— "આગામી નવેંબર માસમાં શરૂ થતા નવા સત્રથી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના શિવ ખાતે બંધાવેલા નવા મકાનમાં વિદ્યાર્થીઓને વસાવવામાં આવશે. મેટ્રીક પછીનું ઉચ્ચ શિક્ષણ લેતા જે જૈન વિદ્યાર્થીઓ આ સગવડનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે નીચેના સરનામે અરજી કરવી.

મંત્રી, **સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ**
મેસર્સ, આર. એમ. શાહની કંપની
૮૧, નાગદેવી ક્રોસ લેઇન, મુંબઇ–૩

**વિષયસૂચી** પૃષ્ઠ

| | | |
|---|---|---|
| જૈન દર્શન એટલે બે છેડાનો તાત્વિક સમન્વય | સંતબાલજી | ૯૧ |
| સ્વ. રમણલાલ દેસાઇને અંજલિ | રમણલાલ સી. શાહ | ૯૪ |
| બે બળવાખોર પંડિતો. | રતિલાલ દીપચંદ દેસાઇ | ૯૫ |
| આજનું જાપાન | ભારતન્ કુમારપ્પા | ૯૯ |

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.

રજત મહોત્સવ વિશેષાંક

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૨-૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૫૪, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : એક રૂપિયો

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## મંગળ કામના

જૈન યુવક સંઘની મુંબઇમાં શરૂઆત થઇ, લગભગ ત્યારથી જ તેની સાથે મારો સંબંધ રહ્યો છે અને ઉત્તરોત્તર વધતો ગયો છે. સ્વર્ગવાસી મણિભાઇ મુખ્ય સૂત્રધાર અને તેમના સાથી શ્રી અમીચંદ ખીમચંદ. સંઘનું ધ્યેય જેમ બધા જ ફિરકાઓ વચ્ચે એખલાસ વધારવાનું હતું તેમ અનુચિત રૂઢ પ્રવૃત્તિઓનો સખત સામનો કરવાનું પણ હતું. સંઘે મુશ્કેલીઓ વચ્ચે પણ મક્કમ રહી એ ધ્યેયમાં સફળતા મેળવી છે તે તો બધા ફિરકાઓમાંથી તેણે મેળવેલ સભ્યે ઉપરથી અને બાળદીક્ષા જેવા અનિષ્ટના સખત સામનાથી સિધ્ધ જ છે. પણ એ યુવક સંઘ વિચારમાં પ્રગતિશીલ અને પ્રવૃત્તિ કરવામાં યથાશકિત તત્પર હોવાથી બીજી અનેક પ્રવૃત્તિઓ આદરતો અને વિકસાવતો રહ્યો છે. સંઘને જેમ ફિરકાભેદનો સામનો કરવાનો હતો તેમ કટ્ટર સાધુઓની અને રૂઢિગ્રસ્ત શ્રાવકોની મનોદશાનો પણ સામનો કરવાને હતો. પૈસા કે બીજી કોઇ પણ લાગવગની શેહમાં ન તણાતાં તે અત્યાર લગી પોતાના ધ્યેયમાં મકકમ રહ્યો છે એ જ એનુ નૈતિક ધન છે એમ હું સમજું છું. ઘણું ખરૂં હરિપુરા કોંગ્રેસ પછી એણે પોતાના બંધારણમાં ઉદારલક્ષી અનેક સુધારાઓ કર્યા અને વિકસતા જતા યુવકમાનસે તેને એકમતે સત્કાર્યા; પણ એ જ બળમાંથી એણે બીજી પ્રવૃત્તિઓ પણ વિકસાવી. તેમાં મુખ્ય નોંધપાત્ર પ્રવૃત્તિ જ્ઞાનદાનની છે. અનેક વિષયના ધુરંધર વિચારકો અને વિદ્વાનોને બોલાવી તે તે વિષયના જ્ઞાનની સાર્વજનિક મુકત લહાણી કરવી, જિજ્ઞાસુ માનસને વધારે જિજ્ઞાસુ બનાવવું, મુંબઇના શ્રેષ્ઠ નાગરિકત્વને છાજે એવી વિચારભૂમિકા તૈયાર કરવી તેમ જ એક જ ઘરેડમાં ઉછરતા અને પોષાતા સાંપ્રદાયિક માનસને વિચારના મુકત આકાશમાં વિચરણ કરાવવું એનું મૂલ્ય જેવું તેવું નથી. ભાવનગર, પાટણ, અમદાવાદ, કલકત્તા વગેરે અનેક સ્થળોએ યુવક સંઘો અસ્તિત્વમાં આવ્યા, પણ આજે બીજા બધાંને અનુકરણીય થઇ પડે એવો જૈન યુવક સંઘ, હું જાણું છું ત્યાંસુધી, મુંબઇ જૈન યુવક સંઘ જ છે. એની ઉંમર ૨૫ વર્ષથી વધારે થઈ, એટલે એનો અત્યારે ખરો યૌવનકાળ છે એ દૃષ્ટિએ તેને હજી નવાં સાહસો ખેડવાનો કાળ છે. એનું મુખપત્ર 'પ્રબુધ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન'માં પરિવર્તન પામ્યું એ વિચાર જુવાનીની નિશાની છે. રૂઢ થયેલ જૈન શબ્દના અસલી વિશાળ ભાવનું આ રીતે પ્રાકટય કરવું એ સંઘના યૌવનકાળની એક નિશાની છે. જેઓ 'પ્રબુદ્ધ જીવન' વાંચે છે તેઓ વખતસર તેના આવ્યાની રાહ જોતા જ જણાયા છે. તેનાં લખાણો વાચકની રૂચિને તૃપ્ત કરવા ઉપરાંત પરિમાર્જિત પણ કરે છે એ હકીકત છે. 'સત્યં શિવં સુન્દરમ્' પુસ્તકમાં આવેલા તે મુખપત્રના કેટલાક લેખો એ બાબતની સાક્ષી પૂરે છે. એ પુસ્તકના સંપાદક શ્રી યશવંત દોશીએ મને હમણાં જ કહેલું કે હજી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીના લેખોમાંથી અનેક સરસ અને સરસતમ લેખો તારવી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા જેવા છે.' આ સૂચવે છે કે 'પ્રબુદ્ધ જૈન' યા 'પ્રબુદ્ધ જીવન'ની પાછળ એક ચિંતન–તપસ્યાની ભૂમિકા છે. આવી નકકર ભૂમિકા અને વિકસતો ઇતિહાસ ધરાવનાર જૈન યુવક સંઘ દીર્ઘાયુ અને સ્થાયી બનો, તેની પ્રવૃત્તિની શાખા-પ્રશાખાઓ વધારે વિસ્તરો, તેમજ સભ્યો તેને પૂરા હૃદયથી ટેકો આપો એ જ મારી મંગળ–કામના !

પંડિત સુખલાલજી

★

## સંદેશા

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કંઇક વર્ષો સુધી "પ્રબુદ્ધ જૈન" નામનું પખવાડિક ચલાવવામાં આવતું હતું. હવે એનું જ નામ બદલીને "પ્રબુધ્ધ જીવન"ના નામે એ પ્રગટ થાય છે. આ પત્ર રાષ્ટ્ર અને સમાજકલ્યાણનો ઉચ્ચ આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખીને ચલાવવામાં આવે છે. એમાં સારા સારા વિદ્વાનોના લેખ આવે છે. એમાં મુખ્યત્વે શ્રી. પરમાનંદભાઈના લેખનું બહુમાન કરવા યોગ્ય છે. એમના લેખોમાં ખૂબ વિવેકશીલતા, સમતોલપણું અને સત્યશોધની વૃત્તિ દેખાય છે. કદાચ આ પત્રના ગ્રાહકો ઘણી સંખ્યામાં નહીં હોય, પરંતુ સમાજને અનેક દૃષ્ટિથી જ્ઞાન આપીને દરેક વિષયમાં અને લોકોની સદ્અસદ્ બુદ્ધિ જાગૃત કરીને એને યોગ્ય બનાવવામાં આ પત્રનો ઘણો ઉપયોગ થઈ શકે છે. આ પત્રમાં કોઈ પણ પ્રકારની જાહેરખબર લેવામાં આવતી નથી એ એની એક અત્યંત પ્રશંસનીય વિશેષતા છે. આથી પત્ર બાબતમાં એ સ્પષ્ટ ખાત્રી થાય છે કે એ ચલાવવા પાછળ કોઇ વ્યકિત અથવા સંસ્થાની દ્રવ્યપ્રાપ્તિનો હેતુ નથી. આ દૃષ્ટિએ "હરિજનબંધુ" માફક આ પણ એક આદર્શ પત્ર છે એમાં કોઇ શંકા નથી. હું ઇચ્છું છું કે આ પત્ર અધિકાધિક લોકપ્રિય અને સેવા કરવા યોગ્ય થતું રહે.

આ સંઘ તરફથી અનેક શુભ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા, વાંચનાલય વગેરે એની મુખ્ય પ્રવૃત્તિઓ છે. આ બધું જનકલ્યાણ માટે જ છે. સંઘની આ પ્રકારની શુભ પ્રવૃત્તિઓ બદલ સંઘ તથા એના સંચાલક અને કાર્યકર્તાઓને અનેક ધન્યવાદ આપું છું. એ બધા યશસ્વી થાવ એવી શુભેચ્છા દાખવું છું.

કેદારનાથજી

# નૂતન વર્ષના મંગળ પ્રભાતે

ભાવ ના શબ્દમાં વ્હેતો
એવી છે મુજ ભાવના,
ઇચ્છાઓ સર્વ હો શાન્ત
ઇચ્છું એ બસ, અન્ય ના.

ગીતા પરીખ

## સંઘનો રજત મહોત્સવ

ગયા ઓક્ટોબર માસમાં મુંબઇ જૈન યુવક સંઘનો રજત મહોત્સવ નિયત કરેલા કાર્યક્રમ મુજબ સુન્દર રીતે ઉજવાઇ ગયો. રજત મહોત્સવ કેમ કરવો તેની વિચારણા ગત વર્ષના પ્રારંભથી શરૂ થઇ હતી. પહેલાં ગત ફાલ્ગુન માસ આસપાસ રજત મહોત્સવ ગોઠવવા વિચાર હતો. અનુકૂળ પ્રતિકૂળ સંયોગોની ગણતરી કરતાં કરતાં આખરે ઓક્ટોબર માસમાં અથવા તો મહોત્સવોનો રાજા એવા આસો માસમાં આ સમારંભ ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં એક મેળાવડો કરીશું; બપોરે સભ્યોનું સમૂહભોજન એ જ સ્થળે ગોઠવીશું અને રાત્રે કાંઇક મનોરંજન જેવું રાખીશું એવી કલ્પના હતી. સમયના વહેવા સાથે કાર્યવાહક સમિતિના સભ્યોમાં ઉત્સાહની જમાવટ થવા લાગી; કલ્પના વિકસવા લાગી; સાથે સાથે સંઘ અને વાચનાલય અને પુસ્તકાલયને આ પ્રસંગે સારી આર્થિક પૂરવણી કેમ થાય એના વિચારો યોજનાની એરણ ઉપર મુકાયાં; રજત મહોત્સવ ફંડ ઉભું કરવું અને એ ફંડમાંથી ખર્ચ કાઢતાં વધતી રકમ સંઘને મળે એમ નક્કી કરવામાં આવ્યું; ઉત્તમ કોટિના વસ્તુ, અભિનય, સંગીત અને નૃત્યની મેળવણી હોય એવું કોઇ નાટક નક્કી કરીને તેની ટીકીટોના વેચાણદ્વારા વાચનાલય અને પુસ્તકાલયની આવકનો પ્રબંધ કરવાનું વિચારવામાં આવ્યું. આગલા વર્ષ માફક આ વખતે પણ ૧૨મી ઓક્ટોબર શરદપૂર્ણિમાની રાત્રે નૌકાવિહાર તો ગોઠવવો જ અને તેના અનુસંધાનમાં બીજા કાર્યક્રમો યોજવા એમ કલ્પવામાં આવ્યું; સંમેલન, ભોજન, તેમજ મનોરંજન માટે મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળા બહુ નાની લાગી: 'લીટલ બેલે ટ્રુપ'ની 'રામાયણ' નૃત્યનાટિકા, રજત–મહોત્સવ સંમેલન તથા મનોરંજન કાર્યક્રમ માટે ભારતીય વિદ્યાભવનનું નાટયગૃહ પસંદ કરવામાં આવ્યું; ચોપાટી ઉપર આવેલ પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના વિશાળ ચોગાનમાં ૪૦૦ થી ૫૦૦ ભાઇ બહેનો એક સાથે જમી શકે એવો ભોજનપ્રબંધ નિશ્ચિત કરવામાં આવ્યો; નૌકાવિહાર માટે પણ ૪૦૦ થી ૪૫૦ ભાઇ બહેનો બાળકોને છુટથી સમાવી શકે એવી 'શોભના' સ્ટીમલોંચનું નક્કી કરવામાં આવ્યુ. આમ નાની કળીમાંથી સહસ્રદળ કમળ ખીલી ઉઠે એમ રજતમહોત્સવ સમારંભની કલ્પના વિસ્તૃત આકાર ધારણ કરતી ગઇ અને યોજકો અને ભાગ લેનારા સર્વનાં દિલ ધરાય અને ભરાય એવી સફળતાપૂર્વક આખો સમારંભ ઉજવાયો. રજત મહોત્સવ સમારંભ ઉજવવો હોય તો કેમ ઉજવાય' તેનું મુંબઇ જૈન યુવક સંઘે મુંબઇની જનતાને નવલ દર્શન કરાવ્યું. પ્રત્યેક કાર્યક્રમમાં ભાઇ બહેનોએ ધારણા મુજબની પૂરી સંખ્યામાં ભાગ લીધો. દરેક કાર્યક્રમ ધાર્યા સમયની મર્યાદા વટાવતો ચાલ્યો; છતાં કોઇ પણ કાર્યક્રમ દરમિયાન લેશ માત્ર રસક્ષતિ થવા ન પામી. સર્વના કળશરૂપ નૌકાવિહાર સૌનાં ચિત્ત ઉપર ચિરસ્થાયી મીઠાં સ્મરણો મૂકતો ગયો.

આર્થિક દૃષ્ટિએ સંઘને આશરે રૂા. ૬૮૫૦નો ખર્ચ જતાં આશરે રૂા. ૧૧૦૦૦નો લાભ થયો અને વાચનાલય અને પુસ્તકાલયને રૂા. ૬૯૯૨ની ટીકીટના વેચાણની અને રૂા. ૭૫૦ ભેટની મળી કુલ રૂા. ૭૭૪૨ આવક થઇ.

અનેક શકિતઓ અને વ્યકિતઓના હાર્દિક સહકાર વિના આ આખો સમારંભ સર્વ કોઇને સંતોષ થાય એ રીતે પાર પડવો શકય જ નથી. એ બધાનો વિગતવાર ઉલ્લેખ કરીને આભાર માનવાનું શકય નથી. જેના ભાગે જે કાંઇ આવ્યું તે તેણે તકલીફનો કશો પણ વિચાર કર્યા સિવાય પાર ઉતાર્યું. સંઘે યોજેલા રજત મહોત્સવ ફંડ માટે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમને હાર્દિક આવકાર મળ્યો. સંઘ માટે સર્વત્ર પ્રેમ અને આદર નિહાળ્યો. રજત મહોત્સવના આવા ભવ્ય ઉદ્યાપને સંઘને નવું status નવી પ્રતિભા આપી. રજત મહોત્સવ સંમેલનનું ઉદ્દઘાટન ભાઇ નારાયણ મહાદેવ દેસાઇએ કર્યું; પ્રમુખસ્થાન કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું; પંડિત સુખલાલજી તથા પંડિત બેચરદાસ સંઘના અતિથિવિશેષ Guests of honour–તરીકે પધાર્યા; ભોજન સમારંભના અતિથિવિશેષ તરીકે એસ. કે. પાટીલ જેવી મુંબઇ નગરીની અગ્રતમ વ્યકિતને અમે મેળવી શકયા. આ બધી સુભગ ઘટનાઓએ સંઘને એક મોટી પ્રતિષ્ઠા આપી. આમ સંઘની નામના વધવા સાથે સંઘની જવાબદારી પણ વધી. આ વધેલી જવાબદારીને પહોંચી વળવા માટે જરૂરી એવી કલ્પનાશકિત, યોજનાશકિત કાર્યશક્તિ અમારામાં પ્રગટો એવી અમારી પ્રાર્થના છે.

અંગત રીતે રજત મહોત્સવની આવી સફળતા નિહાળીને હું કૃતકૃત્યતા અનુભવું છું. જે સંઘ સાથે તેના પ્રારંભથી આજ સુધી હું લગભગ અખંડિત રીતે જોડાયલો છું અને જેના ઘડતરવિકાસમાં મારી શક્તિઓનો મેં યોગ આપ્યો છે તેનો રજત મહોત્સવ સંઘની પ્રતિભાને અનુરૂપ હોય એ રીતે ઉજવાય એવું મારૂં સ્વપ્ન હતું. એ સ્વપ્ન આજે મૂર્તિમન્ત થયેલું જોઇ હું સંતોષ અનુભવું છું. આ પ્રસંગે મારા ચિરસાથી મુરબ્બી મણિભાઇ જેમનો આ સંઘના ઘડતરમાં સૌથી વધારે ફાળો છે તેમનું મને સ્મરણ થાય છે, તેઓ આજે જીવતા હોત તો તેમના આનંદને કોઇ સીમા ન હોત આજે તેમનો આત્મા જ્યાં હશે ત્યાં પણ આ બધું નિહાળીને જરૂર ઉંડી પ્રસન્નતા અનુભવતો હશે એવી મારી શ્રધ્ધા છે. આ આખું આયોજન પાર પાડવામાં અનેક રીતે મદદરૂપ થયેલા મારા સહકાર્યકર્તાઓનો હું અંગત રીતે અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

**પરમાનંદ કુંવરજી કાપડિયા**
મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ

## વિષયસૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| મંગળ–કામના | પંડિત સુખલાલજી | ૧૦૧ |
| સંદેશો | કેદારનાથજી | ૧૦૧ |
| નૂતન વર્ષના મંગળ પ્રભાતે | પરમાનંદ કાપડિયા | ૧૦૨ |
| રજત મહોત્સવ–૨૬ વર્ષનું વિહંગાવલોકન | | ૧૦૩ |
| રજતમહોત્સવ-કાર્યક્રમોનો અહેવાલ | | ૧૧૨ |
| મારું વિદ્યાધ્યયન | પંડિત સુખલાલજી | ૧૧૭ |
| મારી કહાણી | પંડિત બેચરદાસ | ૧૩૨ |
| શ્રી ત્રિભુવન તિલક મહાકાવ્ય | હીરાચંદ ક. ઝવેરી | ૧૩૫ |
| યુવક કોણ ? | વેણીબહેન કાપડિયા | ૧૩૮ |
| નવાનું પ્રાચીનીકરણ | દલસુખભાઇ માલવણિયા | ૧૩૯ |
| સુધારાની ઉત્ક્રાંતિ | ભંવરમલ સિંઘી | ૧૪૦ |
| યજ્ઞની ભૂમિકા | નારાયણ મહાદેવ દેસાઇ | ૧૪૧ |
| કાશ્મીર હે ! | ગીતા પરીખ | ૧૪૩ |
| જૈન સાધુઓ અને તેમની મહત્ત્વાકાંક્ષાઓ | ડૉ૦ ઇન્દ્રચન્દ્ર | ૧૪૬ |
| વર્ગવિહીન સમાજ | ગોકુળભાઇ ભટ્ટ | ૧૪૭ |
| મધ્યમવર્ગની મીમાંસા | પોપટલાલ ગો. શાહ | ૧૪૯ |
| સંઘનાં સંસ્મરણો | ઉમેદચંદ બરોડિયા | ૧૫૦ |
| હેમચન્દ્રાચાર્ય | રમણલાલ શાહ | ૧૫૩ |
| પ્રાદેશિક રાજ્યોની પુનર્રચનાનો પ્રશ્ન | સી. એલ. ધીવાળા | ૧૫૫ |
| ઔદ્યોગીકરણ અને વિદેશ સાથેનો આપણો વેપાર | મુરારજી વૈદ્ય | ૧૫૮ |
| જૈનોના સામાજિક ઐકયની શકયતા | ખીમચંદ વોરા | ૧૫૯ |
| પ્રબુદ્ધ જીવનનું વિશિષ્ટ સ્થાન | ચુનીલાલ કામદાર | ૧૬૧ |
| અનોખી સંસ્થા | લીલાવતી કામદાર | ૧૬૧ |
| સંઘના ભાવિ કાર્યનું દિશાસૂચન | સંતબાલજી | ૧૬૨ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રજત મહોત્સવ

## ૨૬ વર્ષનું વિહંગાવલોકન

જે મુંબઈ જૈન યુવક સંઘનો રજત મહોત્સવ ઉજવવા આપણે સૌ એકત્ર થયા છીએ તે સંઘ આસો માસની પૂર્ણાહુતિ થવા સાથે ૨૬ વર્ષ પૂરાં કરશે. આ લાંબી મુદત દરમિયાન બનેલી અનેક ઘટનાઓને એક નાના સરખા વૃત્તાન્તમાં સંકલિત કરવી એ બહુ કઠણ કામ છે. આ માટે પ્રારંભમાં તો જે વાતાવરણ વચ્ચે આ મુંબઈ જૈન યુવક સંઘનું નિર્માણ થયું એ વાતાવરણનું ઝાંખું ચિત્ર રજુ કરવું આવશ્યક છે.

### આજથી છવ્વીશ વર્ષ પહેલાં

આજથી છવ્વીશ વર્ષ પહેલાંના એ દિવસો કે જ્યારે જૈન સમાજના અને ખાસ કરીને મુંબઈ, ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં વસતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગનો યુવક સમુદાય પ્રમત્ત સાધુશાહી અને બાલદીક્ષાના અનિષ્ટ સામે ઉકળી ઉઠયો હતો, સ્થળે સ્થળે બાલદીક્ષા વિરૂધ્ધ મોરચાઓ મંડાઈ રહ્યા હતા, એકમેકની વિરૂધ્ધ ગરમા ગરમ લખાણો પ્રગટ થતાં હતાં અને ભાતભાતની સભાઓ ભરાતી હતી અને તત્કાલીન તુમલ આન્દોલને આખા જૈન સમાજને હચમચાવી મૂકયો હતો.

### પ્રારંભમાં બે સમાનલક્ષી યુવક સંઘોની સ્થાપના

તે અરસામાં સાધુશાહીની આપખુદી, બાલદીક્ષા, જુનવાણી સામાજિક રીતરીવાજો અને રાષ્ટ્રહિતવિરોધી કોમી માનસ સામે સંગઠિત બનીને કાર્ય કરવાના આશયથી તેમજ જૈન સમાજમાં ઊચ્ચ કેળવણીના પ્રચારનો વિરોધ કરતા સ્થિતિચુસ્ત સાધુ–શ્રાવક સમુદાયનો સામનો કરવાના હેતુથી લગભગ ચાર પાંચ મહીનાના ગાળામાં મુંબઈ ખાતે બે સમાનલક્ષી મુંબઈ જૈન યુવક સંઘ અથવા જૈન યુથ લીગની સ્થાપના કરવામાં આવી હતી. પહેલા યુવક સંઘની સ્થાપના ૧૯૨૮ ના નવેંબર માસની આખરમાં (વિ. સં. ૧૯૮૫ કાર્તક શુદ ૫) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી જેઓ મુંબઈ જૈન યુવક સંઘના લાંબી મુદત સુધી ગાળે ગાળે મંત્રી હતા અને આજે પણ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે તેમની આગેવાની નીચે કરવામાં આવી હતી. એવી જ રીતે આશરે પાંચ માસ બાદ તા ૩–૨–૨૯ ના રોજ શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલ, શ્રી સી. વી. શાહ, શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ અને સ્વ. ડૉ. નગીનદાસ જે શાહના પરિચયથી જૈન યુવકોની એક સભા બોલાવવામાં આવી હતી અને એ સભામાં બીજા જૈન યુવક સંઘની રચના કરવામાં આવી હતી. આ સંઘના મંત્રીઓ તરીકે સ્વ. ડૉ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ તથા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાને ચૂંટવામાં આવ્યા હતા આ સંઘના ઉદ્દેશો નીચે મુજબ નકકી કરવામાં આવ્યા હતા.

### ઉદ્દેશો

(ક) મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મૂકવા.

(ખ) રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલી સહાય આપવી અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવના ખીલે તેવાં પગલાં લેવાં

### આત્મનિવેદન

આ સંઘમાં જોડાનાર સભ્યે નીચેના નિવેદનનો સ્વીકાર કરવો પડતો.

(૧) વિચારસ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ રીતે માનું છું અને તેટલા જ કારણસર કોઈ પણ વ્યકિતને સંઘબહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂધ્ધ છું.

(૨) જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ જોતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી–વિષયક ઉન્નતિમાં જ થવો જોઈએ એમ હું માનું છું.

(૩) જૈનોના સર્વ ફિરકાઓના ઐકયમાં હું માનું છું અને તે ઐકય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો એ હું મારો ધર્મ માનું છું.

(૪) સમાજમાં રહેલા અનેક હાનિકારક રીવાજો અને માન્યતાઓ અને ધર્મના નામે ચાલતા દંભો દૂર કરવાં એ હું મારી ફરજ સમજું છું.

(૫) સાધુવેશમાં ફરતા ચારિત્રભ્રષ્ટ સાધુસાધ્વીને સાધુસાધ્વી તરીકે હું સ્વીકારતો નથી

(૬) આત્મશુધ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવન–મંત્ર તરીકે સ્વીકારૂં છું.

આ નિવેદનની વિગતો આપવાનો આશય એ છે કે છેલ્લાં ૨૬ વર્ષ દરમિયાન સંઘના બંધારણમાં, રચનામાં તેમ જ કાર્ય-પ્રવૃત્તિમાં અનેક ફેરફારો થતા રહ્યા છે. સમયના બદલાવા સાથે સંઘ પોતાના સ્વરૂપમાં અને દર્શનમાં પણ ઠીક ઠીક બદલાતો રહ્યો છે. એમ છતાં પણ રાષ્ટ્રહિત સાથે મેળ મેળવીને શકય તેટલી જૈન સમાજની સેવા કરવી, રાષ્ટ્રીય પ્રવૃત્તિને બને તેટલી સહાય આપવી, વિચારસ્વાતંત્ર્યના ઉગ્ર પક્ષકાર રહેવું, દાનની દિશા બદલવા તરફ સમાજનું વારંવાર ધ્યાન ખેંચતા રહેવું, જૈન સમાજના ઐકયનું સતત પોષણ અને સમર્થન કરવું, સામાજિક તેમજ ધર્મના નામે ચાલતા દંભો અને પાખંડો સામે બંડખોરી ચલાવવી, સાધુઓ વિષેની આંધળી શ્રધ્ધાને નિર્મૂળ કરવી અને જનતાની શકય તેટલી સેવા કરવી–આ મુંબઈ જૈન યુવક સંઘની આજ સુધીની સર્વ પ્રવૃત્તિઓના મૂળ સુર રહ્યા છે.

### બે સંઘોનું એકીકરણ

ઉપર જણાવેલ બન્ને જૈન યુવક સંઘો ટુંક સમય જુદા જુદા રહીને કામ કરવા બાદ, બન્નેના ઉદ્દેશો તથા નીતિ તેમજ કાર્યકર્તાઓ મોટા ભાગે સમાન હોઈને, તા. ૩–૫–૨૯ ના રોજ એ બન્ને સંઘોને એકત્ર કરવામાં આવ્યા અને તેની પ્રથમ ચૂંટણીમાં (બંધારણ મુજબ પ્રમુખ તરીકે કોઈને ચૂંટવાના નહિ હોઈને) સ્વ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ, પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીને મંત્રીઓ તરીકે ચૂંટવામાં આવ્યા.

### ૧

### સંઘની આદ્ય પ્રવૃત્તિઓના પ્રેરક ખ્યાલો

આ સંઘના વિકાસને અને ઉત્તરોત્તર બનેલી ઘટનાઓને યથા સ્વરૂપે સમજવા માટે આજ સુધીની તેની ઉજ્જવળ કારકીર્દીને બે વિભાગમાં વહેંચવી જરૂરી છે. પહેલો વિભાગ તે સંઘની ૧૯૨૯માં થયેલી સ્થાપનાથી તા. ૧૦–૯–૩૮ સુધીનો સમય અને બીજો વિભાગ કે જેની શરૂઆતમાં સંઘના બંધારણમાં કેટલાક મૌલિક ફેરફારો કરવામાં આવ્યા અને સંઘ માત્ર જૈન શ્વે. મૂ. ફિરકાનો મટીને આખા જૈન સમાજને આવરી લેતો થયો ત્યારથી આજ સુધીનો સમય. આ પ્રથમ વિભાગ દરમિયાન સંઘે હાથ ધરેલી વિવિધ પ્રવૃત્તિઓ પાછળ રહેલા પ્રેરક ખ્યાલો આ મુજબના હતા.

(૧) અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાળદીક્ષાની પ્રવૃત્તિ સામે શકય તેટલી જેહાદ ચલાવવી.

(૨) સાધુઓના દંભો, શિથિલતાઓ અને આપખુદીને ખુલ્લી પાડવી.

(૩) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સને બને તેટલો ટેકો આપવો અને પ્રગતિશીલ વિચારોનો તેની પાસે શકય તેટલો સ્વીકાર કરાવવો.

(૪) મુંબઇમાં આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી ઉભી થયેલ અને ઉચ્ચ કેળવણી લેવા ઇચ્છતા જૈન વિદ્યાર્થીઓને અવલંબન રૂપ બનેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ટેકો આપવો.

(૫) જૈન સમાજમાં જે કોઇ સામાજિક કીસ્સાઓ નજર ઉપર ચઢે તે હાથ ધરવા અને એ રીતે દબાયલી છુંદાયલી બહેનોને મદદ પહોંચાડવી યા મુક્તિ અપાવવી.

## સંઘનું પ્રવૃત્તિવૈવિધ્ય

આ બધા હેતુઓ સિધ્ધ કરવા માટે સંઘ તરફથી અવાર નવાર સ્થળે સ્થળે સભાઓ ભરવામાં આવતી, જાહેર વ્યાખ્યાનો ગોઠવવામાં આવતાં, અયોગ્ય દીક્ષા અપાતી હોય ત્યાં સત્યાગ્રહનાં મંડાણ માંડવામાં આવતાં, પત્રિકાઓ પ્રગટ કરવામાં તેમજ વહેંચવામાં આવતી, જુનવાણી વિચારના આચાર્યો સામે જેહાદ ચલાવવામાં આવતી, સામાજિક કીસ્સાઓ હાથ ધરવામાં આવતા અને જરૂર પડયે આબુ અને તેથી પણ દૂર સુધી સંઘના સભ્યોને દોડાવવામાં આવતા તેમજ સરકારી અદાલતોમાં કેસો કરવામાં આવતા અને દુષ્ટ માનવીઓના હાથમાં સપડાયલી બહેનોને બચાવવામાં આવતી, સમયે સમયે જૈન યુવક સંમેલનો તેમજ પરિષદો ભરવામાં આવતી, અને સાથે સાથે રાષ્ટ્રીય હીલચાલમાં પણ સક્રિયપણે ભાગ લેવામાં આવતો, જેલવાસી બનેલા બંધુઓ માટે અભિનન્દનસભાઓ ભરવામાં આવતી, ખાદી-હુંડીઓ પણ વેચવામાં આવતી, અને આઝાદીના આન્દોલનનું શકય તેટલું સમર્થન કરવામાં આવતું. એ વર્ષોનું વાતાવરણ અને તેમાં સંઘે કરેલી અનેકવિધ ઉદ્દામ પ્રવૃત્તિઓનાં સ્મરણો આજે પણ એ દિવસોના જે સાક્ષીઓ હયાત છે તેમના દિલમાં રોમાંચ પેદા કરે છે.

## એ વખતના સાધુસમુદાયની પક્ષાપક્ષી

એ દિવસોમાં સાધુસમુદાયમાં બે પક્ષ હતા. એક કેવળ જુનવાણી અને પ્રત્યાઘાતી અને તેના અગ્રેસર હતા સ્વ. સાગરાનંદસૂરિ અને વિજયરામચંદ્રસૂરિ. આ બન્ને ઉચ્ચ કેળવણીના વિરોધી હતા અને અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાલદીક્ષાના પ્રખર હિમાયતી હતા. સામા પક્ષના આગેવાન શ્રી વિજયવલ્લભસૂરિ હતા. તેમણે જૈન સમાજમાં ઉચ્ચ કેળવણીને વેગ આપવાના કાર્યને જીવનકાર્ય બનાવેલું. આસ્તિક અને નાસ્તિકની એ દિવસોમાં એક ગરમાગરમ ચર્ચા ઉભી થયેલી. નવો કોઇ પણ વિચાર રજુ કરનાર, અંગ્રેજી ભણેલો, અયોગ્ય દીક્ષાનો વિરોધી સાધુ કે શ્રાવક નાસ્તિક છે, અને આવા વિચારોનો પક્ષ કરનાર કોઇ પણ સ્થળનો જૈન સમુદાય એ સંઘ નથી પણ હાડકાનો માળો છે—આવા સાગરાનંદસૂરિના અનુચિત અને વિચિત્ર વિધાનોએ આખા જૈન સમાજમાં ભારે કોલાહલ પેદા કર્યો હતો. આની સામે મુંબઇ જૈન યુવક સંઘે ભારે જોરદાર જેહાદ ચલાવી હતી.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે રૂા. ૨૦૧૨ નો ફાળો

સંઘની શરૂઆતના ૪ વર્ષમાં શ્રી વિજયવલ્લભસૂરિ લાંબે સમયે મુંબઇમાં પધાર્યા; મુંબઇમાં તેમની પ્રેરણાથી સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય સામે સ્થિતિચુસ્ત વર્ગનો ભારે વિરોધ હતો. સંઘે આ વખતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ટેકો આપવો એ પોતાનું કર્તવ્ય લેખ્યું અને સમાજના ભાઇ બહેનોમાંથી રૂપીઓ રૂપીઓ એકઠો કરીને રૂા. ૨૦૧૨ ની રકમ આચાર્યશ્રીના અધ્યક્ષપણા નીચે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અર્પણ કરેલી.

## ક્રાન્તિની લેખમાળા

પ્રારંભના કાળમાં જેમ એક બાજુ જાહેર સભાઓ દ્વારા સમાજને જાગૃત કરવામાં આવતી, તેમ બીજી બાજુએ પત્રિકાઓ દ્વારા તેમજ દૈનિક પત્રોમાં લેખો પ્રગટ કરીને સંઘનું કામ જોરશોરથી ચલાવવામાં આવતું. આમાં પણ શરૂઆતના એ દિવસોમાં સંઘની પ્રેરણાથી શ્રી ચીમનલાલ સંઘવીના હાથે લખાયલી અને 'ક્રાન્તિ'ના ઉપનામથી સાંજ વર્તમાનમાં પ્રગટ થયેલી લેખમાળાએ રૂઢિચુસ્ત જૈનોમાં એક ભારે ખળભળાટ પેદા કરેલો અને આ સામે જુનવાણી સમાજમાં ભીષણ વિરોધ જગાવેલો. એ લેખમાળા ઉછળતા લોહીની અન્યાય અસમતા-અધર્મ અસહિષ્ણુ નીડરતાનો એક અપ્રતિમ નમુનો હતી.

## 'મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા'

મુંબઇ જૈન યુવક સંઘના ઉગમ સાથે સામયિક પ્રવૃત્તિ મોટા ભાગે જોડાયેલી રહી છે. સંઘનો ઉદ્દેશ જ જૈન સમાજમાં વિચાર-ક્રાન્તિ પેદા કરવાનો રહ્યો છે. આ માટે સાપ્તાહિક યા પાક્ષિક પત્ર સિવાય ચાલે જ નહિ એ ખ્યાલથી પ્રેરાઇને સંઘના ઉદ્ભવ બાદ લગભગ એક વર્ષ પછી શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રીપણા નીચે તા. ૩૧-૮-૨૯ ના રોજ 'મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું સાપ્તાહિક પત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ પત્ર તા. ૧૧-૮-૩૧ સુધી એટલે બે વર્ષ નિયમિત રીતે પ્રગટ થતું રહ્યું હતું

## પૂર્વકાલીન 'પ્રબુદ્ધ જૈન'

પછી અઢી મહીનાના ગાળા બાદ સંઘ તરફથી 'પ્રબુદ્ધ જૈન' એ નામથી વળી પાછી સાપ્તાહિક પત્રની શરૂઆત કરવામાં આવી હતી. તે બે વર્ષ ચલાવ્યા બાદ જ્યારે પત્રના તંત્રીસ્થાને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી હતા તે અરસામાં તે વખતની અંગ્રેજ સરકારે "અમર અરવિંદ" નામની વાર્તા સામે વાંધો લીધો અને રૂ. ૬૦૦૦ની જામીનગીરી માંગી. એ સત્યાગ્રહના દિવસો હતા. એવા સમયમાં સરકારની તીજોરી આ રીતે ભરવાનું યોગ્ય નહિ લાગવાથી તા. ૯-૯-૩૩ ના રોજ પ્રબુધ્ધ જૈન બંધ કરવામાં આવ્યું. આ બે વર્ષના ગાળા દરમિયાન શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા, શ્રી હરિલાલ શિવલાલ શાહ, શ્રી ચંદ્રકાન્ત સુતરીયા, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી અને શ્રી કેશવલાલ મંગળચંદ શાહે તંત્રી અથવા તો સહતંત્રી તરીકે સેવા આપી હતી. વળી ત્રણ મહીના બાદ સંઘની સામયિક પ્રવૃત્તિએ 'તરુણ જૈન' એ નામ નીચે પાક્ષિક પત્રના રૂપમાં તા. ૧-૧-૩૪ થી નવો અવતાર ધારણ કર્યો હતો. રાજકીય કારણો સર શરૂઆતમાં તરુણ જૈન જૈન યુથ સીંડીકેટ નામની સંસ્થા તરફથી પણ વસ્તુતઃ મુંબઇ જૈન યુવક સંઘની દોરવણી નીચે પ્રગટ થતું હતું અને તા. ૧-૫-૩૪ સુધી ચાલ્યું હતું ત્યારબાદ મુંબઇ જૈન યુવક સંઘે તા. ૧૯-૫-૩૫ થી તરુણ જૈનનું સંપાદન પોતાના માથે લીધું અને તે તા. ૧-૮-૩૭ ના રોજ છેલ્લો અંક કાઢીને વિસર્જિત થયું. તરુણ જૈનના સંપાદનકાર્યમાં શ્રી ચંદ્રકાન્ત સુતરીઆ, શ્રી મણિલાલ મોકમચંદ શાહ, અને શ્રી તારાચંદ કોઠારીએ જુદા જુદા ગાળા દરમિયાન સેવા આપી હતી.

## નવ વર્ષની સામયિક પ્રવૃત્તિ

આમ નવ વર્ષના આ પત્રકારિત્વની ભાત એ વર્ષોના ઉગ્ર આંદોલન અને વેગવાન હીલચાલને સર્વથા અનુરૂપ હતી. તેની શૈલિ અમુક વિચાર અને ભાવનાને જોરશોરથી વેગ આપતી પ્રચારક રૂપની હતી. યુવકોમાં નવું જોશ પ્રેરે, આવેશ પેદા કરે, અન્યાય-વિરોધી માનસ સરજે, સેવા અને આત્મબલિદાન તરફ આકર્ષે એ પ્રકારની લેખ સામગ્રીથી એ પત્રો અને પત્રિકાઓ ભરપુર રહેતાં. જે હેતુથી મુંબઇ જૈન યુવક સંઘ ઉભો થયો હતો તે હેતુ પાર પાડવામાં આ પત્રપ્રવૃત્તિએ ઘણો મહત્વનો ફાળો આપ્યો હતો.

## (સંયુકત) જૈન યુવક પરિષદ

૧૯૨૯ થી ૧૯૩૮ ના ગાળા દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ખાતે બે યુવક પરિષદો ભરવામાં આવી હતી. એક તો ૧૯૩૧ ની આખરમાં સ્વ. શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખ-

પણા નીચે તા. ૩૦, ૩૧ ડીસેંબરના રોજ ભરવામાં આવી હતી. આ પરિષદનો મૂળ હેતુ શ્વે. મૂ. જૈન યુવકોની પરિષદ ભરવાનો હતો. પણ પાછળથી એ પરિષદ ત્રણે ફિરકાના જૈન યુવકોની બની ગઇ હતી અને માથે સવિનય સત્યાગ્રહની લડત ઉભેલી હોવાથી રાજકીય રંગે સારા પ્રમાણમાં રંગાઇ ગઇ હતી. એ પરિષદના સ્વાગતપ્રમુખ શ્રી વીરચંદ પાનાચંદ શાહ હતા.

## પ્રથમ જૈન (શ્વે. મૂ.) યુવક પરિષદ

બીજી પરિષદ ૧૯૩૪ના મે માસની ૨, ૩, ૪ના સુરત-નિવાસી ડૉ. અમીચંદ છગનલાલ શાહના પ્રમુખપણા નીચે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ભરવામાં આવી હતી. આ અગાઉ લગભગ દશેક વર્ષ પહેલાં ડૉ. નગીનદાસ જે. શાહના પ્રમુખપણા નીચે પહેલી જૈન યુવક પરિષદ ભાવનગર ખાતે ભરવામાં આવેલી. પણ પછી એની ધારા તુટી જવાથી ૧૯૩૪ માં મુંબઇ ખાતે ભરવામાં આવેલ આ પરિષદને પહેલી જૈન યુવક પરિષદ તરીકે ઓળખવામાં આવી હતી. સ્વાગતાધ્યક્ષ શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ હતા. અને મંત્રીઓ તરીકે શ્રી મણિલાલ મોકમચંદ શાહ, અમીચંદ ખેમચંદ શાહ, શ્રી મનસુખલાલ લાલન તથા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી હતા. એ જ અરસામાં મુંબઇ ખાતે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું ૧૪મું અધિવેશન પણ ભરાયલું હતું. આ બન્ને અધિવેશનોએ જૈન સમાજના વાતાવરણમાં ભારે ગરમી પેદા કરી હતી. દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ, વિધવા પુનર્લગ્નને અનુમોદન, અયોગ્ય દીક્ષાનો સાર્વત્રિક વિરોધ, જૈનોની એકતાનું જોરદાર સમર્થન, સ્ત્રી પુરૂષની સમાનતા—આવા એ સમયમાં લેખાતા ક્રાન્તિકારી ઠરાવો મુંબઇમાં ભરાયલી આ પહેલી જૈન યુવક પરિષદે પસાર કર્યા હતા.

## ડૉ. નગીનદાસ જે. શાહનું અવસાન

આ વર્ષો દરમિયાન ડૉ. નગીનદાસ જે. શાહનું તા. ૨૨-૪-૩૨ ના રોજ અવસાન થતાં મુંબઇ જૈન યુવક સંઘે એક મૂળ સ્થાપક અને પાયાનો કાર્યકર્તા ગુમાવ્યો હતો. શરૂઆતનાં વર્ષોમાં તેમની ધગશ, કાર્યશક્તિ, ભાવનાશીલતા અમને બધાંને ભારે પ્રેરકરૂપ બન્યાં હતાં. સંઘના કાર્યાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી અમારા એ સહકાર્યકર્તાની છબી અમારા દિલમાં તેમનું સ્મરણ સદા કાયમ રાખે છે.

## વડોદરાનો 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ'

એ જ વર્ષો દરમિયાન વડોદરા રાજ્યે તા. ૧૬-૫-૩૩ ના રોજ પસાર કરેલ 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ'—બાલદીક્ષાની અટકાયત કરતો કાયદો—મુંબઇ જૈન યુવક સંઘે વર્ષોથી ઉપાડેલી બાલદીક્ષાની સામેની લડતનું એક ભારે સફળ પરિણામ હતું. અહિં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે સામાન્યતઃ એ સમયની ઉગતી પ્રજાનું માનસ જ બાલદીક્ષાવિરોધી હતું, પણ સંગઠિત રૂપમાં આ અનિષ્ટ સામે લડાઇ ચલાવનાર કોઇ સંસ્થા હોય તો તે એક અને અજોડ એવો મુંબઇ જૈન યુવક સંઘ હતો. આવો કાયદો થતો અટકાવવા માટે અને તે માટે અમને સમજાવી લેવાને સ્થિતિચુસ્ત સમાજના આગેવાનોએ ઠીક ઠીક પ્રયત્નો કરેલા, પણ એવી સમજાવટનો અમારા માટે કોઇ અર્થ જ હોઇ ન શકે.

## શ્રી જૈન યુવક મહામંડળ

૧૯૩૨ થી ૧૯૩૪ ના ગાળામાં મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશ અનુસાર ગુજરાત તેમજ કાઠિયાવાડમાં ૪૦ ઉપરાંત યુવક સંઘો ઉભા થયા હતા અને મુંબઇ જૈન યુવક સંઘના ઠરાવોનો અમલ કરતા હતા. આ બધા યુવક સંઘોનું સંગઠન કરવાના હેતુથી મુંબઇ જૈન યુવક સંઘની પ્રેરણાના પરિણામે ૧૯૩૪ ના સપ્ટેંબર માસમાં વડોદરાના યુવક સંઘ તરફથી માન્યવર શ્રી મણિલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે વડોદરા ખાતે એક સંમેલન ભરવામાં આવ્યું હતું અને બે દિવસની ચર્ચાના પરિણામે 'શ્રી જૈન યુવક મહા મંડળ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ મહા મંડળમાં ૩૦ યુવક સંઘના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આવું જ બીજું સંમેલન સુરતમાં ભરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૧૯૩૬ માં અમદાવાદ ખાતે બીજી જૈન યુવક પરિષદ ભરાઇ જેનો ઉલ્લેખ હવે પછી કરવામાં આવનાર છે. આ પરિષદની વ્યાપક કાર્યવાહી લક્ષમાં લઇને ૧૯૩૭ માં જૈન યુવક મહા મંડળને વિસર્જિત કરવામાં આવ્યું હતું.

## અમદાવાદની બીજી જૈન (શ્વે. મૂ.) યુવક પરિષદ

તા. ૨૬-૬-૩૪ ના રોજ અમદાવાદ મુકામે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રમુખપણા નીચે જૈન શ્વે. મૂ. વિભાગની બીજી જૈન યુવક પરિષદ ભરવામાં આવી. એ પરિષદના સ્વાગતાધ્યક્ષ પંડિત સુખલાલજી હતા. એ પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયલા ભાષણે અમદાવાદના સંઘનાયકોમાં ભારે ક્ષોભ પેદા કર્યો. તા. ૯-૮-૩૬ ના રોજ અમદાવાદના સંઘની તેફાની સભાએ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો બહિષ્કાર જાહેર કર્યો અને પરિણામે જૈન સમાજમાં એક તુમુલ આન્દોલન ઉભું થયું. સ્થળે સ્થળે પક્ષ યા વિરૂધ્ધની સંઘ સભાઓ થવા લાગી. સામાજિક સંક્ષોભ અને ઘર્ષણના એ અપૂર્વ દિવસો હતા. આ પ્રસંગે અમદાવાદના જૈન યુવકોએ ત્યાંના સંઘના ઠરાવનો અસ્વીકાર-ઇનકાર-કર્યો; અને તા. ૬-૯-૩૬ ના રોજ અમદાવાદમાં લગભગ ૨૦૦૦ ભાઇ બહેનોનું શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના માનમાં એક સ્નેહ ભોજન યોજ્યું અને શ્રી મોરારજી દેસાઇના પ્રમુખપણા નીચે એક અભિનંદન સભા ગોઠવી. આ સમગ્ર પ્રકરણ દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘે મુંબઇ તેમજ અમદાવાદમાં બહુ સક્રિય ભાગ ભજવ્યો હતો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાને અભિનન્દન આપતી એક વિરાટ સભા યોજી હતી.

## ૧૯૩૨માં પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ

મુંબઇ જૈન યુવક સંઘની આજે જે એક મુખ્ય પ્રવૃત્તિ છે તે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ પંડિત સુખલાલજીની પ્રેરણા અને દોરવણી નીચે આજથી ૨૨ વર્ષ પહેલાં કરવામાં આવ્યો હતો. પહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા ૧૯૩૨ માં સી. પી. ટેંક પાસે આવેલી હીરાબાગના હોલમાં ભરવામાં આવી હતી. ત્યારબાદ ત્રણ વર્ષ ખાલી ગયા. અને ૧૯૩૬ માં વળી એ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી જે આજે એકધારાએ વિકસતી ચાલી રહી છે.

## સંઘનો દશવર્ષીય સમારંભ

સંઘના દશમા વર્ષ દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘે પોતાનો દશવર્ષીય સમારંભ મુંબઇ સરકારના એ સમયના અર્થસચિવ સ્વ. શ્રી અણ્ણા બાબાજી લઠ્ઠેના પ્રમુખપણા નીચે ઉજવ્યો હતો. એ સમારંભનું ઉદ્ઘાટન યુવકોની પ્રેરણામૂર્તિ શ્રી અચ્યુત પટવર્ધને કર્યું હતું. તે દિવસે સાંજે સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે સાન્તાક્રુઝ ખાતે પોતાના બંગલામાં ઉદ્યાન સંમેલન યોજ્યું હતું અને રાત્રીના શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ ખીચોખીચ ભરેલી માનવમેદનીને સતત ત્રણ કલાક સુધી લોકગીતો સંભળાવ્યા હતાં. આખો સમારંભ ભારે શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો.

## ૨

## સંઘનું ઉર્ધ્વીકરણ

અહિં સંઘની કારકીર્દીનો પહેલો હફતો પુરો થાય છે. વસ્તુતઃ આ નવ કે દશ વર્ષનો ગાળો સંઘ માટે એક સરખી ઉત્તરોત્તર વધતી જતી પ્રવૃત્તિનો હતો એમ કહી શકાય તેમ નથી.

આરોહઅવરોહ માફક સંઘના કાર્યમાં ભરતી તેમજ ઓટ આવ્યા કરી હતી. બહારનું વાતાવરણ તેમજ ઘટનાઓ સાથે સંઘની પ્રવૃત્તિઓને ખૂબ સંબંધ રહેતો. બહાર ઉત્તેજક એક યા બીજી ઘટના બને અને સંઘમાં વધારે ક્રિયાશીલતા આવે. બહારનું વાતાવરણ ઠંડુ હોય તો સંઘની પ્રવૃત્તિ પણ મન્દ બને. દશ બાર વર્ષના આન્દોલને કેટલુંક કાર્ય સાધ્યું હતું. અયોગ્ય દીક્ષાના પ્રશ્ન સંબંધી જરૂરી માનસ પરિવર્તન સધાઇ ચૂકયું હતું. સાધુઓની સત્તાનો દોર ખૂબ ઢીલો પડયો હતો. પરમાનંદ પ્રકરણ પુરૂં થયા બાદ જૈન સમાજનું વાતાવરણ પણ ઠીક ઠીક ઠંડું પડયું હતું. કોમ કરતાં રાષ્ટ્ર તરફ લોકમાનસ વધારે ને વધારે ઢળતું હતું. જૈન સમાજના એક જ ફિરકાને વળગીને અને તેના અમુક જ પ્રશ્નો પૂરતી ચલાવવામાં આવતી ચળવળ હવે નાની લાગતી હતી. રાષ્ટ્રની આઝાદી, ભિન્ન ભિન્ન સમાજની એકતા, સામાજિક પરિવર્તન, આર્થિક ક્રાન્તિ–આ દિશા તરફ લોકોનું દિલ વધારે ને વધારે ઢળતું જતું હતું, અને કેવળ પ્રચારાત્મકને બદલે સંસ્કારત્મક પ્રવૃત્તિની માંગ વધતી જતી હતી.

### સંઘના નવા બંધારણનું નિર્માણ

કાઠિયાવાડ જૈન યુવક પરિષદના મુખપત્ર તરીકે પ્રગટ થતા 'પરિવર્તન' માસિકમાં 'જૈન યુવક પ્રવૃત્તિ વિષે મારી દૃષ્ટિ' એ મથાળા નીચે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાની લખેલી લેખમાળા પ્રગટ થઇ. જૈન જ્યોતિના તંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહે એ લેખમાળા પુસ્તિકાના આકારમાં પ્રગટ કરી. એમાં રજુ કરેલી વિચાર સરણી અને યોજના મુજબ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સામાન્ય સ્વરૂપ અને બંધારણ ઘડવા માટે તા. ૨૩–૧–૩૮ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ એક પેટા સમિતિ નીમી એ પેટા સમિતિમાં ઘડેલા નવા બંધારણની યોજનામાં નજીવા સુધારા સાથે આખી યોજના સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવી. આ યોજનાના એટલે સંઘના નવા બંધારણનો વિચાર કરવા માટે શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે ત્રણવાર સંઘની સામાન્ય સભાઓ મળી અને તા. ૧૭–૪–૩૮ ના રોજ નવું બંધારણ પસાર કરવામાં આવ્યું અને તે બંધારણના અન્વયે નવી ચૂંટણી કરવામાં આવી. પ્રમુખસ્થાને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ઉપપ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, મંત્રીઓના સ્થાને શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી અને કોષાધ્યક્ષના સ્થાને શ્રી અમીચંદ ખેમચંદ શાહ ચુંટાયા.

### નવા બંધારણ મુજબ સંઘના ઉદ્દેશો

આ નવું બંધારણ મુંબઇ જૈન યુવક સંઘના ઇતિહાસમાં એક મહત્વના સીમાચિહ્નરૂપ છે. તેના ઉદ્દેશો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા.

(ક) સમાજપ્રગતિને રૂંધતા અનેક ધાર્મિક તેમજ સામાજિક વહેમોનો તથા કુરૂઢિઓનો જૈન સમાજમાંથી ઉચ્છેદ કરવો અને ધર્મ અને સમાજના નામે ચાલતાં પાખંડો ખુલ્લાં પાડવાં.

(ખ) આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દૃષ્ટિએ આપણી કાળજુની સમાજવ્યવસ્થા જે મૌલિક પરિવર્તન માંગી રહેલ છે તેને લગતી સમજણ અને સાહિત્યનો જૈન સમાજમાં ફેલાવો કરવો.

(ગ) સમાજ ઉન્નતિ તેમજ જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(ઘ) આપણો દેશ સ્વાધીન, સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓને બને તેટલો ટેકો આપવો.

### નવા બંધારણની વિશેષતા

નવા બંધારણમાં ત્યારબાદ યુવક સંઘની નીતિ અને કાર્યપધ્ધતિનું એક પ્રકરણ આવે છે. આ પ્રકરણમાં જૈનોની એકતાને અને ધાર્મિક કુરૂઢિઓના ઉચ્છેદને અનુલક્ષીને ચોકકસ મન્તવ્યો રજુ કરવામાં આવ્યા છે. ધાર્મિક તેમજ સામાજિક બાબતો વિષે કેટલાક વિચારો અન્તગર્ત કરવામાં આવ્યા છે અને શિસ્તપાલન સંબંધે ચોકકસ નિયમો મૂકવામાં આવ્યા છે આ સર્વ વિચારો અને શિસ્ત નિયમો જેને માન્ય હોય તે જ આ સંઘનો સભ્ય થઇ શકે છે. આ નવું બંધન આવતાં સંઘને ઘણા મહત્વના સભ્યો ગુમાવવા પડયા. આ બંધારણ જૈનોની એકતા ઉપર અને રાષ્ટ્રની આઝાદી ઉપર સવિશેષ ભાર મૂકે છે. આ બંધારણના પરિણામે કોઇ પણ જુનવાણી કે સ્થિતિ–સુસ્ત વ્યકિત માટે સંઘમાં પ્રવેશ કરવાનો કોઇ અવકાશ રહેતો નથી. સ્વાભાવિક રીતે સંઘનું કાર્યક્ષેત્ર જે આજ સુધી જૈન શ્વે. મૂ. વિભાગ પૂરતું હવે મર્યાદિત હતું તેમ ન રહેતાં હવે વિશાળ જૈન-સમાજને સ્પર્શે છે અને વિશાળ જન સમાજ પ્રત્યે સારી રીતે અભિમુખ બને છે. હવે પછીની સંઘની પ્રવૃત્તિઓ સાચા પરિમાણપૂર્વક પીછાણી શકાય એ હેતુથી સંઘના ક્રાન્તિકારી નવા બંધારણનો આટલો વિગતવાર ઉલ્લેખ કરવાનું જરૂરી લાગ્યું છે. હવે આ પ્રવૃત્તિઓનો વિચાર કરીએ. તેમાં પણ પહેલાં સંઘે આદરેલી સ્થાયી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી લઇએ.

### પ્રબુધ્ધ જૈન : પ્રબુધ્ધ જીવન

સંઘની નવરચના બાદ સંઘના મુખપત્ર સિવાય સંઘના વિચારોનો પ્રચાર થઇ ન જ શકે એ વિચાર સ્વીકારીને સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના મુખપત્ર તરીકે તા. ૧–૫–૩૯ થી 'પ્રબુધ્ધ જૈન' નામનું પ્રાક્ષિક પત્ર પ્રગટ કરવાનો નિર્ણય કર્યો. ૧૯૪૨ ની સાલમાં જ્યારે સવિનય સત્યાગ્રહની લડત શરૂ થઇ ત્યારે શરૂઆતના ચાર મહીના પ્રકાશન બંધ રાખેલું તે સિવાય આ પાક્ષિક પત્ર શરૂ કર્યું ત્યારથી આજ સુધી એકધારૂં પ્રગટ થઇ રહ્યું છે. તેના તંત્રી તરીકે અમુક કારણોસર સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહનું નામ મૂકવામાં આવ્યું હતું. પણ વચગાળે તા. ૧–૫–૪૯ થી ૧–૫–૫૦ સુધી શ્રી જટુભાઇ મહેતાએ અને ત્યારબાદ તા. ૧૫–૧–૫૦ થી ૧૫ ૪–૫૧ સુધી શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે પ્રબુધ્ધ જીવનનું સંપાદન સંભાળેલું,–આ બે વર્ષનો ગાળો બાદ કરતાં પ્રારંભથી આજ સુધી તેનું સંપાદન શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ કર્યું છે. તા. ૧–૫–૫૧ થી તો તંત્રી તરીકે પણ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું નામ મૂકવામાં આવ્યું છે. તા. ૧–૫–૫૩ થી 'પ્રબુધ્ધ જૈન' નામ બદલીને સંઘના મુખપત્રને "પ્રબુદ્ધ જીવન" નામ આપવામાં આવ્યું છે. આ પ્રમાણે સંઘની નવરચના બાદ શરૂ કરેલી પાક્ષિક પ્રવૃત્તિનું આજે સોળમું વર્ષ ચાલે છે. આ મુખપત્રની ભાત આ સંઘ મારફત ચલાવવામાં આવેલી આગલાં વર્ષોના મુખપત્રની ભાત કરતાં ઘણા અંશમાં જુદી પડે છે. આ પત્ર માનવી જીવનને સ્પર્શતા અનેક નવા અને ગૂઢ વિષયોની તલસ્પર્શી ચર્ચા કરે છે, રાજકારણની ચર્ચાને મુખ્ય સ્થાન આપે છે, જૈન સમાજના પ્રશ્નોને પણ ઉચ્ચતર ભૂમિકાથી ચિન્તવે છે, ચર્ચે છે. લખાણોમાં પ્રચારલક્ષિતા ઓછી, સત્યલક્ષીતા વધારે રહી છે. અમારા સંઘનું આ મુખપત્ર કાકા સાહેબ કાલેલકર, સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા, પૂજ્ય કેદારનાથજી, પંડિત સુખલાલજી, સ્વામી આનંદ, અધ્યાપક દલસુખ માલવણીયા, પંડિત બેચરદાસ દોશી આદિ સમાજહિતચિન્તક વિદ્વાનોની લેખિનીના પ્રસાદ વડે સદા સમૃધ્ધ બનતું રહ્યું છે. પ્રબુદ્ધ જૈન કે જીવનમાં જે કાંઇ પ્રગટ થાય તે હંમેશા સત્યપૂત હોય અને વાણીસંયમ વડે સુયોજિત હોય એવો આગ્રહ પ્રારંભથી આજ સુધી સેવાતો રહ્યો છે. શિષ્ટ સમાજમાં પ્રબુદ્ધ જીવને સારી પ્રતિષ્ઠા મેળવી છે અને શ્રધ્યેય સ્થાન પ્રાપ્ત કર્યું છે એમ કહેવામાં અત્યુકિતનો દોષ આવે છે એમ ભાગ્યે જ કોઇ કહેશે. આ પ્રવૃત્તિ દર વર્ષે આશરે રૂ. ૨૦૦૦ ની પુરવણીની અપેક્ષા રાખે છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની આ બીજી પ્રવૃત્તિ સદા વિકસતી અને ફાલતી ફુલતી રહી

છે. તેના પ્રશંસકોએ તેને લગતી આર્થિક ચિન્તાથી અમને હંમેશા મુકત રાખ્યા છે. મુખ્ય અધિષ્ટાતા તરીકે પંડિત સુખલાલજી અને કાકા સાહેબ કાલેલકર—આ બે વ્યકિતઓએ પર્યુષણ વ્યાખ્યાન માળાને સતત પોષી છે, સંવર્ધિત કરી છે. આ વ્યાખ્યાન માળામાં અનેક દેશભકતો, રાજપ્રધાનો, સમાજસેવકો, ચિન્તકો અને પંડિતો વ્યાખ્યાન આપવા આવી ગયા છે; મુસલમાન, ખ્રિસ્તી તેમ જ પારસી વકતાઓનાં ભાષણો થયાં છે. ચાલુ વર્ષની વ્યાખ્યાનમાળાને સાત બહેનોએ વ્યાખ્યાતા તરીકે અને એક બહેને સંગીતકાર તરીકે શોભાવી હતી. સર્વ ધર્મ સમભાવને સાચા અર્થમાં મૂર્ત કરતી આ પ્રવૃત્તિને માત્ર જૈનોને જ નહિ—મુંબઇના વિશાળજન સમુદાયને પણ સારા પ્રમાણમાં આકર્ષેલ છે. છેલ્લા સંવત્સરીના દિવસની સભાઓ માટે રોકસી થીએટર જેવી વિશાળ જગ્યા પણ સારી રીતે સાંકડી પડે છે. મુંબઇ જૈન યુવક સંઘની આ પ્રવૃત્તિનું અન્ય સ્થળોએ પણ અનુકરણ થઇ રહ્યું છે. ૨૨ વર્ષથી ચાલુ રહેલી આ પ્રવૃત્તિ આયોજન, વ્યાખ્યાતાઓની તેમ જ વિષયની પસંદગી તથા શ્રોતાઓનું વૈવિધ્ય—આ બધી બાબતમાં વિકસતા કમલની માફક વધારે સુંદર, વધારે આકર્ષક, વધારે સુવાસભરી બનતી રહી છે, તેની પાંખડીએ પાંખડીએ નવા રંગો પુરાતા રહ્યા છે. વ્યવહાર શુદ્ધિ મંડળના સંચાલક શ્રી કેદારનાથ જેવા અનેક મહાશયોનો આ પ્રવૃત્તિને પુરો સહકાર મળતો રહ્યો છે.

### શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય

આ વાચનાલય-પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન આજથી ૧૪ વર્ષ પહેલાં મુંબઇના માજી વડા પ્રધાન લોકપ્રિય શ્રી બાળાસાહેબ ખેરના શુભ હસ્તે તા. ૧૭-૮-૪૦ ના રોજ થયું હતું. ચાર વર્ષ બાદ સંઘના આત્મારૂપ સ્વ. મણિલાલ મોકમચંદ શાહને સંઘની તેમ જ જૈન સમાજની વર્ષો સુધી તેમણે કરેલી અનેકવિધ સેવાઓની કદરરૂપ તેમના મિત્રો અને પ્રશંસકોમાંથી એકઠા કરીને તા. ૨-૪-૪૪ ના રોજ યોજાયલા સન્માન સમારંભમાં માન્યવર શ્રી વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતાના પ્રમુખપણા નીચે રૂ. ૧૩૮૩૩ ની થેલી અર્પણ કરવામાં આવી હતી. આ થેલીમાં રૂ. ૧૦૧૬૭ ઉમેરીને શ્રી મણિભાઇએ સંઘના વાચનાલય પુસ્તકાલયના લાભાર્થે કુલ રૂ. ૨૪૦૦૧ ની રકમ સંઘને વાચનાલય-પુસ્તકાલયના લાભાર્થે અર્પણ કરી હતી. સંઘે શ્રી મણિભાઇની આ અસાધારણ ઉદારતાને લક્ષ્યમાં લઇને વાચનાલય પુસ્તકાલય સાથે તેમનુ નામ જોડવાનો નિર્ણય કર્યો હતો, તેમને સંઘના આજીવન મંત્રી બનાવ્યા હતા. આ રીતે મળેલ રૂ. ૨૪૦૦૧ નું ટ્રસ્ટડીડ કરીને અને તેને લગતું બંધારણ ઘડી નકકી કરીને વાચનાલય-પુસ્તકાલયને સંઘથી એક સ્વતંત્ર સાર્વજનિક સંસ્થાનું રૂપ આપવામાં આવ્યું હતું. આ સંસ્થાના વાચનાલય વિભાગનો હંમેશાં આશરે ૧૦૦ થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે; પુસ્તકાલયનો આશરે ૨૫૦ ભાઇઓ ચાલુ લાભ લે છે અને તેમાં ગુજરાતી, હિંદી, મરાઠી, તથા અંગ્રેજી એમ કુલ્લ ૭૪ સામયિક પત્રો આવે છે. તેમાં દૈનિક ૫, સાપ્તાહિક ૧૬, પાક્ષિક ૧૨, માસિક ૩૭, ત્રિમાસિક ૩ અને વાર્ષિક ૧—સામયિકોનો સમાવેશ થાય છે. પુસ્તકાલયમાં આજે કુલ ૫૩૦૦ પુસ્તકો છે. આ બન્ને પ્રવૃત્તિઓ માટે જગ્યા ઘણી સાંકડી પડે છે. પુસ્તકાલયમાં જૈન ધર્મના બધી ભાષાનાં અને ઇતર વિષયોના માત્ર ગુજરાતી પુસ્તકો વસાવવાની મર્યાદા જગ્યાની સંકડાશને લીધે સ્વીકારવી પડી છે. આજેપુ સ્તકાલયમાં મોટા કદનાં ૬ કબાટો છે જે લગભગ ભરાવા આવ્યાં છે. જ્યાં સુધી કોઇ વિશાળ જગ્યાની સગવડ ન થાય ત્યાં સુધી ખાસ કરીને પુસ્તકાલયનો જોઇતો વિકાસ સાધવો લગભગ અસંભવિત છે. ધનજી સ્ટ્રીટ જેવા ઘીચ લત્તામાં આ વાચનાલય-પુસ્તકાલય એક જ્ઞાનની પરબનું કામ સારે છે. આ પ્રવૃત્તિ દર વર્ષે આશરે રૂ. ૩૦૦૦ ની પુરવણીની અપેક્ષા રાખે છે.

### સન્માન તેમજ સંપર્ક સભાઓ તથા જાહેર વ્યાખ્યાનો

આ ઉપરાંત આપણા વિશાળ સમાજની વિશિષ્ટ વ્યકિતઓના સીધા પરિચયનો સંઘના સભ્યોને લાભ મળે એ માટે અવારનવાર સંઘના કાર્યાલયમાં સંપર્ક સંમેલનો ગોઠવવામાં આવે છે. આ રીતે સંઘના કાર્યાલયમાં અનેક દેશભકતો, સમાજ હિતચિન્તકો, કાર્યકર્તાઓ આવતા રહ્યા છે. આવા આગન્તુકોમાં દરબાર ગોપાળદાસ, શ્રી ઉછરંગરાય ઢેબર, સર મણિલાલ બાલાભાઇ નાણાવટી, શ્રી તારાબહેન માણેકલાલ, સ્વ. મહાદેવભાઇ દેસાઇ, શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા, શ્રી ભંવરમલ સીંધી, શ્રી હંસાબહેન મહેતા, શ્રી નાનાભાઇ ભટ્ટ, શ્રી શંકરરાવ દેવ, શ્રી ખુશાલદાસ કુરજી પારેખ, શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી, સ્વ. અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી જૈનેન્દ્રકુમાર, ડૉ. ખૂલચંદ, શ્રી ઝીણાભાઇ સ્નેહરશ્મિ, શ્રી દિલખુશ દીવાનજી વગેરે અનેક નામો ગણાવી શકાય તેમ છે. કોઇ પણ વિશિષ્ટ પ્રસંગ ઉપર અથવા તો સમયે સમયે ઉપસ્થિત થતા રાજકીય કે સામાજિક પ્રશ્નો ઉપર જાહેર વ્યાખ્યાનો તેમ જ સભાઓ ગોઠવવામાં આવે છે. જુદી જુદી વ્યકિતઓનાં સન્માન અને સત્કાર સમારંભો પણ પ્રસંગે પ્રસંગે યોજવામાં આવે છે. આમાંના થોડાક વિશિષ્ટ પ્રસંગોની અહિં નોંધ લઇએ.

### ધારાસભાના સભ્યોનાં બે સંપર્કસંમલનો

તા. ૩૦-૩-૪૬ ના રોજ મુંબઇની ધારાસભામાં ચુંટાયલા જૈન સભ્યોનું એક સંપર્ક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શ્રી કુન્દનમલ ફિરોદિયા. સ્વ. એ. બી લઠ્ઠે, શ્રી લીલાવતી મુનશી, શ્રી ઇન્દુમતી ચીમનલાલ, શ્રી પોપટલાલ રામચંદ શાહ, શ્રી મગનલાલ શાહ, તથા શ્રી ચંદુલાલ ભીખાભાઇ સતીઆ ઉપસ્થિત થયા હતા. આ સંમેલન દરમ્યાન પરસ્પર બહુ સારી રીતે વિચારોની આપલે થઇ હતી.

એવો જ બીજો પ્રસંગ ૧૯૫૧-૫૨ ની મોટી ચુંટણી જંગ પછી તા. ૨૭-૩-૫૨ના રોજ શ્રી કુંદનમલ ફિરોદિયાના પ્રમુખપણા નીચે મુંબઇ તેમ જ મધ્યવર્તી ધારાસભામાં ચુંટાયલા જૈન સભ્યોને એકત્ર કરવાને લગતો હતો. આ સંપર્ક સંમેલનમાં મધ્યવર્તી સચિવ મંડળમાંના એક પ્રધાન શ્રી અજિતપ્રસાદ જૈન તથા શાન્તિલાલ હરજીવન શાહ, શ્રી ઇન્દુમતી ચીમનલાલ, શ્રી લીલાવતી બેંકર, શ્રી કલંગેબાઇ, શ્રી પોપટલાલ રામચંદ શાહ, શ્રી નાથાલાલ ડી. પરીખ, શ્રી પી. એચ. ગુંજાલ, શ્રી શાન્તિલાલ સરુપચંદ શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી મણિભાઇ ચતુરભાઇ શાહ, તથા લાલચંદ હીરાચંદ દોશી ઉપસ્થિત થયા હતા. ધારાસભામાં ચુંટાયલા આટલા બધા જૈન સભ્યો સંઘના નિમંત્રણને માન આપીને એકત્ર થાય એ સંઘના ઇતિહાસમાં એક અસાધારણ ઘટના હતી.

### કાકાસાહેબનો ષષ્ટીપૂર્તિ સમારંભ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે મુંબઇની બીજી ૧૫ જાહેર સંસ્થાઓનો સહકાર મેળવીને મુંબઇ યુનીવર્સીટીના કોન્વોકેશન હોલમાં કાકાસાહેબ કાલેલકરનો ષષ્ટીપૂર્તિ સમારંભ દિવાનબહાદુર કૃષ્ણાલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે ઉજવ્યો હતો. આ સમારંભમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી કનયાલાલ માણેકલાલ મુનશી, શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી રામનારાયણ પાઠક, શ્રી તારાબહેન મોડક, શ્રી કરસનદાસ માણેક અને શ્રી જ્યોતીન્દ્ર દવેએ કાકાસાહેબના અનેકરંગી વ્યકિતત્વનો પરિચય કરાવ્યો હતો અને કાકાસાહેબે ઉત્તરરૂપે એક પ્રતિભાપૂર્ણ પ્રવચન

(૪)



કર્યું હતું. મુંબઇ જૈન યુવક સંઘની કારકીર્દીમાં આ એક ચિરસ્મરણીય ઘટના બની હતી.

### પંડિત લાલન–સન્માન સમારંભ

તા૦ ૧૯-૬–૪૮ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૯૪ વર્ષની ઉંમરે પહોંચેલા પંડિત ફત્તેહચંદ કપુરચંદ લાલનનો શ્રી. કેદારનાથજીના પ્રમુખપણા નીચે આનંદભવનમાં એક સન્માન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. પંડિત લાલનને વિચાર સ્વાતંત્ર્ય ખાતર તેમના યૌવનકાળ દરમિયાન જૈન સમાજ તરફથી સારી રીતે સહેવું પડયું હતું તેઓ વિદ્વાન, સ્વતંત્ર વિચારક અને ઊંડી ધર્મનિષ્ઠા ધરાવતા એક સાધુ પુરૂષ હતા. ઉપર જણાવેલ પ્રસંગે તેમને અનેક પ્રશંસકોએ ભાવભરી અંજલિ આપી હતી. આવી પવિત્ર વ્યકિતનું મુંબઇ જૈન યુવક સંઘે સન્માન કરીને કૃતાર્થતા અનુભવી હતી.

### રેશન રાહત પ્રવૃત્તિ

સંઘ તરફથી ૧૯૪૩ના ઓકટોબર માસમાં સખત મોંઘવારીના કારણે હાડમારી ભોગવતા જૈન કુટુંબોને મદદરૂપ થવાના હેતુથી રેશન રાહતની એક યોજના હાથ ધરવામાં આવી હતી. રાહતયોગ્ય કુટુંબોનાં રેશન બીલોમાં આ યોજનાદ્વારા ૫૦ થી ૭૫ ટકાની રાહત આપવામાં આવતી હતી. આ કામ વધતાં વધતાં ૧૧૫ જૈન કુટુંબોને દર માસે રૂ. ૯૦૦ સુધી વહેંચવામાં આવતા હતા. ૧૯૪૪ માં મુંબઇમાં બોંબનો ધડાકો થવા બાદ આ રાહતની માંગ ઓછી થતી ગઇ. ૧૯૪૬ ના ડીસેંબરમાં આ યોજના બંધ કરવામાં આવી હતી. આ ત્રણ વર્ષના ગાળામાં સંઘ તરફથી રૂા. ૨૧,૩૦૦ વહેંચવામાં આવ્યા હતા.

### હસ્તોદ્યોગ પ્રવૃત્તિ

આ યોજનાને પૂરક એવી એક સાર્વજનિક હસ્તોદ્યોગ રાહત યોજના મુંબઇની પ્રમુખ સ્ત્રી સંસ્થા ભગિની સમાજના સહકારમાં સંઘ તરફથી એજ અરસામાં શરૂ કરવામાં આવી હતી. આ યોજનામાં જે કોઇ બાઇ કે ભાઇ આ રાહતનો લાભ લેવા ઇચ્છતું હોય તેણે સંઘના દફતરમાં પોતાનું નામ નોંધાવી જવું અને તે સૂતર કાંતીને ખાદી ભંડારને આપે અને ત્યાંથી જેટલુ કંતામણ તેને મળે એટલું જ કંતામણ સંઘે આપવું એવો પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ યોજનાનો લાભ લેનાર બહુ ઓછી વ્યકિતઓ નીકળવાથી એ યોજના થોડા સમયમાં બંધ કરવામાં આવી હતી.

### વૈદ્યકીય રાહત પ્રવૃત્તિ

રેશન રાહતની યોજના બંધ કરી એજ અરસામાં સંઘે જૈન સમાજ પૂરતી મર્યાદિત એવી એક વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ શરૂ કરી હતી. જ્યારે સ્વ. મણિભાઇએ સંઘના વાચનાલય–પુસ્તકાલયને રૂ. ૧૦૧૬૮ ની રકમ ભેટ આપી ત્યારે તેમણે નર્સીંગ એસોસીએશનનો ડીપ્લોમા લેવા ઇચ્છતી જૈન બહેનને મદદ આપવા માટે સંઘને રૂ. ૧૦૦૦ ની રકમ આપી હતી. સતત જાહેરાત આપવા છતાં બે વર્ષ સુધી આવી મદદની જરૂરિયાતવાળી કોઇ જૈન બહેન બહાર નીકળી ન આવી, તેથી તે રકમ તેમની સંમતિથી જૈનો માટેની વૈદ્યકીય રાહત પાછળ ખરચવાનું નકકી કરવામાં આવ્યું. આ રાહતકાર્ય આજ સુધી એક સરખું ચાલે છે. જે કોઇ જૈન ભાઇ યા બહેન આ માટે આવે છે તેને સંઘ તરફથી દવા કે ઇંજેકશનો અપાવવામાં આવે છે.

### ઐકય સમિતિના ઠરાવો

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સમાં સ્થિતિચુસ્ત વર્ગ કશો પણ રસ લેતો નહોતો એટલું જ નહિ તેનો સતત વિરોધ કરતો હતો. આ વર્ગ કોન્ફરન્સમાં સામેલ થાય એ હેતુથી ૧૯૪૧ માં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે નીમાયલી ઐકય સમિતિએ નીચે મુજબના બે ઠરાવો ઘડવામાં આવ્યા હતાઃ–

**ઠરાવ ૧.** "શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની બીજી કોઇ પણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે."

**ઠરાવ ૨.** "ઐકય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિધ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ટાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ માન્ય રાખે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓધ્ધેદારો તરફથી તેને હીણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિ."

આ બન્ને પ્રત્યાઘાતી ઠરાવોનો મુંબઇ જૈન યુવક સંઘે પ્રારંભથી સખ્ત વિરોધ કર્યો હતો. સમયાન્તરે ૧૯૪૫ ના એપ્રીલ માસના પ્રારંભમાં ભરાયેલ ઉપરોકત કોન્ફરન્સના અધિવેશનમાં આ બન્ને પ્રસ્તાવો રજુ થતાં ૧૨૧૫ મત પક્ષમાં અને ૧૨૪૦ મત વિરૂધ્ધમાં આવતા ઉડી ગયા હતા. કોન્ફરન્સ જેવા મધ્યમ–માર્ગી અને મોટા ભાગે સ્થિતિચુસ્તોના સંમેલનમાં આ ઠરાવો ઉડી ગયા એ સંઘનો અણધાર્યો વિજય હતો. આ બન્ને ઠરાવોએ એ દિવસોમાં ભારે ઉગ્ર વાતાવરણ પેદા કર્યું હતું અને આવેલા પારણામે અનેક લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા. ત્યારપછીના વર્ષમાં ફાલના મુકામે મળેલા અધિવેશનમાં એ ઠરાવો ફરીથી રજુ કરવામાં તેમજ પસાર કરવામાં આવ્યા હતા; પણ એ ઠરાવોનો કોઇ પણ અમલ થયેલો હજુ સુધી જોવામાં આવ્યો નથી. આજે અમારા સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી કોન્ફરન્સના એક મુખ્ય મંત્રી છે એ હકીકત એ જ કોન્ફરન્સની–આવા ઠરાવો કરવા છતાં–આગેકદમની એક નીશાની છે.

### આઝાદી ઉદ્યાપન : ખીસકોલીનો આત્મસંતોષ

૧૯૪૭ ના ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે આપણો દેશ અંગ્રેજોની હકુમતથી મુકત થયો અને દેશભરમાં આઝાદીની મોટા પાયા ઉપર ઉજવણી થઇ. સંઘ તરફથી પણ શ્રી કુન્દનલાલ ફિરોદિયાના પ્રમુખપણા નીચે મહાવીર જૈન વિદ્યાલયમાં આઝાદી ઉદ્યાપનને લગતો એક ભવ્ય સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. મુંબઇ જૈન યુવક સંઘ રાષ્ટ્રની આઝાદીની તમન્નાને પ્રારંભથી જ વરેલું હતું. તેની બીજી ગમ તે પ્રવૃત્તિઓ હોય પણ રાષ્ટ્રીય ચળવળને તે પોતાથી બનતો ટેકો સતતપણે આપી રહ્યું હતું. પ્રબુદ્ધ જૈનના સંચાલન પાછળ પણ એ ભાવના સદા મુખ્ય સ્થાને રહેતી. એ ૧૯૪૭ ની ૧૫મી ઓગસ્ટને આવકારતાં પ્રબુદ્ધ જૈનમાં જણાવવામાં આવ્યું હતું કેઃ–

"પ્રબુદ્ધ જૈન છેલ્લાં આઠ વર્ષથી જન સમાજની યથાશકિત સેવા કરી રહ્યુ છે. તેના સંચાલન પાછળ આઝાદી પ્રધાન અને પ્રેરક હેતુ રહ્યો છે. એ સંકલ્પ ઉપર જ પ્રબુધ્ધ જૈન આજ સુધી ગતિમાન રહ્યું છે. જૈન સમાજ આગળ પણ તેણે બીજી અનેક બાબતો સાથે આ બાબત હંમેશાં મુખ્યપણે આગળ ધરી છે. દેશનેતાઓ અને પ્રજાજનોનાં અપૂર્વ બલિદાન આગળ પ્રબુધ્ધ જૈનના નાના સરખા ફાળાનો શું હિસાબ? એમ છતાં પણ આજે જ્યારે અંગ્રેજ સરકાર વિદાય પામે છે. રાષ્ટ્ર સ્વાધીન અને સ્વતંત્ર બને છે, સરકારી સત્તાસ્થાનો ઉપર રાષ્ટ્રધ્વજ ફરકવા માંડે છે, સમસ્ત પ્રજાજનોનાં દિલ આનંદ અને ગૌરવથી જ્યારે ઉછળી રહ્યાં છે, ત્યારે પ્રબુધ્ધ જૈન પણ પોતાના આજ સુધીના જીવનની મુખ્ય મનીષા સફળતાને પામેલી જોઇને ચરિતાર્થતા અનુભવે છે. રામચંદ્રજીના સેતુબંધમાં કાંકરી કાંકરી પૂરનાર પેલી ખીસકોલી માફક આ મહાન સિધ્ધિમાં પોતાથી બનતો કાંઇક ફાળો આપ્યો છે એવો આત્મસંતોષ અને ધન્યતા પ્રબુધ્ધ જૈન અનુભવે છે. જેમ પ્રજાજીવનમાં તેમ પ્રબુધ્ધ જૈનના જીવનમાં આજનો દિવસ એક અપૂર્વ પર્વ સમાન છે."

## સ્વ૦ ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા નિબંધ હરીફાઇ

સ્વ. છોટુભાઈ કોરાએ પોતાના પિતાશ્રીના સ્મરણમાં "આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?" એ વિષય ઉપર નિબંધ હરીફાઇ યોજવા માટે સંઘને રૂા. ૪૦૦)ની રકમ આપી હતી આ વિષય ઉપર સારી સંખ્યામાં નિબંધો મળ્યા હતા. જેમાંથી પહેલું ઇનામ રૂા. ૨૫૦)નું શ્રી પદ્મનાભ જૈનને અને બીજું ઇનામ રૂ. ૧૫૦) નું શ્રી રતિલાલ મફાભાઇ શાહને આપવામાં આવ્યું હતું. પરીક્ષકો તરીકે પં. સુખલાલજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી શાન્તિલાલ હ. શાહ અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ કામ બજાવ્યું હતું.

## ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનું અવસાન

જેમની દર્દભરી માનવતાપ્રેરક વાર્તાઓ વડે પ્રબુદ્ધ જૈન લોકપ્રિય બની રહ્યું હતું અને જેમણે સંઘની નવરચના બાદ વર્ષો સુધી સંઘના મંત્રીપદને શોભાવ્યું હતું તેમનું મુંબઇના હિંદુની મુસલમાનના કોમી સંઘર્ષના દિવસો દરમિયાન કોઇ એક ગુંડાના છરીનો ભોગ બનતાં તા. ૧૦-૧-૪૭ ના રોજ દુઃખદ અવસાન થયું હતું. સંઘને તેમના જવાથી એક નિષ્ઠાવાન કાર્યકર્તાની અને હૃદયસ્પર્શી લેખકની ખોટ પડી હતી. સંઘની તેમણે અનેકવિધ સેવાઓ બજાવી હતી. આજે પણ તેમની ખોટ પુરાય એવો કાર્યકર્તા અમને મળ્યો નથી.

## ડૉ. મેઘાણીનું સ્મારક

તેમના સ્મારક નિમિત્તે સંઘના સભ્યોમાંથી રૂ. ૨૩૦૦ એકઠા થયા હતા. તેમાં સંઘમાંથી રૂ. ૨૦૦ ઉમેરીને સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનુ સુબેદારને નીચેની સમજુતી ઉપર એ રૂા ૨૫૦૦ ની રકમ તા. ૧૭-૮-૪૮ ના રોજ ભેટ આપવામાં આવી હતી:-

'સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટે ડૉ૦ મેઘાણી જે પ્રકારની માનવતાસ્પર્શી વાર્તાઓ લખતા હતા તેવી વાર્તાઓ લખાવવી અથવા તો ધર્મ સાહિત્ય કે પશ્ચિમના સાહિત્યમાંથી વાર્તાઓ તારવવી અને તેનો અનુવાદ કરાવવો અને એ પ્રકારના લખાણ યા અનુવાદ માટે આ રકમમાંથી પુરસ્કાર આપવો અને એ રીતે ઓછામાં ઓછા પાંચેક દળદાર પુસ્તકો પ્રગટ કરવા અને દરેક પુસ્તકની અંદર મેઘાણી સ્મારકને લગતી તેમણે નોંધ લેવી."

આ અન્વયે સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી (૧) માણસાઇની વાતો અને (૨) ઉચ્ચ જીવનની મંગળ વાતો-એમ બે પુસ્તકો પ્રગટ થયાં છે.

## ટેન્ડુલકર કમીટી

ધાર્મિક તથા જાહેર સખાવતોનું નિયમન કરવા સંબંધમાં મુંબઇ સરકારે નીમેલ ટેન્ડુલકર કમીટીએ ૧૯૪૮ દરમિયાન જૈન જૈનેતર સમાજના આગેવાનોની જુબાનીઓ લેવાનું કામ શરૂ કર્યું હતું. જૈન મંદિરમાં એકઠા થતા દેવદ્રવ્યનો પ્રશ્ન આ કમીટી આગળ ઉપસ્થિત થયો હતો. આ દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાય અન્ય કશો સામાજિક ઉપયોગ થઇ ન જ શકે એ જૈનોની પ્રચલિત માન્યતા હતી. આ દ્રવ્યનો સામાજિક ઉપયોગ થવો જ જોઇએ એવો મુંબઇ જૈન યુવક સંઘનો પ્રારંભથી આગ્રહ રહ્યો હતો. આ કમીટી સમક્ષ જુબાની આપતાં સંઘના પ્રતિનિધિ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘના મન્તવ્યો સ્પષ્ટ આકારમાં રજુ કર્યા હતા. અને ટેન્ડુલકર કમીટી સમક્ષ રજુ કરવામાં આવેલી જુબાનીઓ પ્રબુદ્ધ જૈનમાં બહુ વિસ્તારથી પ્રગટ કરવામાં આવી હતી આને લીધે તે વખતે મુંબઇ જૈન યુવક સંઘને જૈન સમાજના મોટા ભાગના ઉગ્ર રોષનું પાત્ર બનવું પડયું હતું.

## સામાજિક કાયદાઓનું સમર્થન

છેલ્લાં દશ વર્ષના ગાળામાં મુંબઇ સરકાર તરફથી આ પબ્લીક રીલીજીઅસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એકટ ઉપરાંત મદ્યનિષેધ ધારો, દ્વિપત્ની પ્રતિબંધક ધારો, હરિજન મંદિર પ્રવેશ ધારો, સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો, ભિક્ષુક ધારો, લગ્નવિચ્છેદ ધારો-આવા અનેક સામાજિક વિષયોને લગતા કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે, અને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીએ આ બધા કાયદાઓનું સમયે સમયે જોરદાર સમર્થન કર્યું છે અને આમ કરતાં જુનવાણી સ્થિતિચુસ્ત સમુદાયનો સખ્ત વિરોધ વહોરી લીધો છે.

## મણિભાઇના તૈલચિત્રનું અનાવરણ

અમારા સંઘના વર્ષોજુના કાર્યકર્તા સ્વ. મણિલાલ મોકમચંદ શાહ અથવા તો મણિભાઇના તૈલચિત્રનું તા. ૧-૩-૫૨ રોજ કાકાસાહેબ કાલેલકરે સંઘના કાર્યાલયમાં અનેક સ્વજનો અને મિત્રોની હાજરીમાં તેમની હયાતી દરમિયાન અનાવરણ કર્યું હતું અને મણિભાઇને ઉચ્ચ કોટિની પ્રશસ્તી વડે નવાજ્યા હતા.

## મણિભાઇનું અવસાન

જેમનાં તન, મન અને ધનના સુયોગ વડે મુંબઇ જૈન યુવક સંઘ આજ સુધી ફાલ્યો ફુલ્યો હતો, જેમના દિલમાં મુંબઇ જૈન યુવક સંઘ અને સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના ઉત્કર્ષની ચિન્તા ચોવીશે કલાક જાગૃત રહેતી હતી અને તેના વિકાસ અને આર્થિક પુરવણી માટે છેલ્લાં ત્રણ વર્ષની માંદગીના બીછાને પણ સાજા માણસ કરતાં પણ જેઓ વધારે શ્રમ લઇ રહ્યા હતા, જેમના શ્વાસે શ્વાસે સંઘ અને સંયુકત વિદ્યાર્થીગૃહ ધબકયા કરતો હતો તેવા અમારા ચિરસાથી, પ્રેરક અને સહકાર્યકર્તા તા. ૨૬-૭-૫૨ ના રોજ અમને સદાને માટે છોડીને પરલોકવાસી બન્યા. સંઘની લાંબી કારકીર્દિ દરમિયાન અનેક કાર્યકર્તાઓ આવ્યા અને ગયા, પણ મણિભાઇની ધગશ, સેવા અને સંઘને સતત ઉંચે લઇ જવાની ભાવના અનન્ય અજોડ હતી. તેમણે સંઘની સતત ચિન્તા કરી છે, ઢગલાબંધ ધન આપ્યું છે અને માત્ર સંઘ જ નહિ પણ અનેક સામાજિક શુભ પ્રવૃત્તિઓ પાછળ તનને ઘસી નાંખ્યું છે, તેઓ સ્થુળ દેહે અમારી વચ્ચેથી અલોપ થયા છે, પણ સુક્ષ્મ દેહે અમારી વચ્ચે જ વસે છે એમ અમને લાગ્યા કરે છે. નાના ક્ષેત્રને પણ પોતાની અનેકવિધ સેવાઓથી ભરી દેનાર વ્યકિતનો આપણા સમાજમાં જોટો મળવો મુશ્કેલ છે.

## સ્વ. મણિભાઇ સ્મૃતિ ફંડ

તા. ૩૧-૭-૫૨ ના રોજ મહાવીર જૈન વિદ્યાલયમાં સર મણિલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે સ્વ. મણિભાઇ અંગે શોકસભા થઇ. અનેક મિત્રોએ ઉંડા દર્દભરી શોકની લાગણી પ્રગટ કરી. એ જ વખતે 'મણિભાઇ સ્મૃતિ ફંડ સમિતિ' ઉપસ્થિત કરવામાં આવી અને તેના મંત્રીસ્થાને શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી અને શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહની નીમણુંક કરવામાં આવી. આ સ્મૃતિ ફંડમાં રૂ. ૨૫૦૦૦ એકઠા કરવાનું ધ્યેય નકકી કરવામાં આવ્યું અને તે મણિભાઇ પરિપાલિત-પોષિત સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને અર્પણ કરવાનું ઠરાવવામાં આવ્યું. આ રકમ બન્ને મંત્રીઓના શુભ પ્રયાસથી ૧૯૫૪ ના જુન માસ સુધીમાં એકઠી થઇ ચુકી છે અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને અર્પણ કરવામાં આવી છે.

## સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

કોઇપણ ફીરકા ભેદ સિવાય જૈન સમાજના ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપવા માટે આજથી ૩૭ વર્ષ પહેલાં તા. ૨૪-૬-૧૯૧૭ ના રોજ સાક્ષરવર્ય સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહ અને સ્વ૦ મણિલાલ મોકમચંદ શાહે મળીને

રૂા. ૩૧૦૦૦)ની ભેટ સાથે આ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી હતી. આ સંસ્થા વર્ષો સુધી ભાડાના મકાનમાં પોતાનું કાર્ય કરી રહી હતી. સંસ્થાને પોતાનું મકાન હોવું જોઇએ એ ભાવનાથી પ્રેરાઇને સ્વ૦ મણિભાઇ અને અન્ય ટ્રસ્ટીઓએ મકાનફંડ માટે તા. ૧૭-૧૦-૧૯૪૬ ના રોજ વિજ્ઞપ્તિ બહાર પાડી અને બે લાખની રકમની જૈન સમાજ પાસે માંગણી કરી. આ રકમ એકઠી કરવા માટે મણિભાઇએ પાર વિનાની જહેમત ઉઠાવી. તા. ૨૧-૫-૫૨ ના રોજ સાધુચરિત શ્રી કેદારનાથજીના પ્રમુખપણા નીચે મળેલા સંમેલનમાં માંદગીના ચાલુ બીછાને રહેલા એવા શ્રી મણિભાઇના હાથે શિવ ખાતે ખરીદાયલા એક પ્લોટમાં પાયો નાંખવાની વિધિ કરવામાં આવી. ત્યાર બાદ તા. ૨૬-૭-૫૨ ના રોજ મણિભાઇ તો વિદાય થયા, પણ પાછળના કાર્યકર્તાઓએ ફંડ એકઠું કરવાનું અને મકાન બાંધકામનું કામ ચાલુ રાખ્યું અને મકાન પૂરૂં થતાં તા૦ ૨૫-૭-૫૪ ના રોજ નવા મકાનનું સંયુક્ત પ્રાન્તના રાજપાલ માન્યવર કનૈયાલાલ માણેકલાલ મુનશીના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ સંસ્થાનો અહિં આટલા લંબાણથી ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે જૈનોની એકતા સાધવી એ મુંબઇ જૈન યુવક સંઘના પાયામાં રહેલો એક મુખ્ય ઉદ્દેશ છે, અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ આ એકતાના પ્રતીક સમાન હોઇને, જો કે મુંબઇ જૈન યુવક સંઘથી એ તદ્દન અલગ સ્વતંત્ર સંસ્થા છે એમ છતાં પણ, એ સંસ્થા સાથે સંઘનું તાદાત્મ્ય વર્ષોથી ગાઢપણે કેળવાયેલું રહ્યું છે, સંઘના મુખપત્રદ્વારા તેનો શકય તેટલો પ્રચાર અને પ્રસિધ્ધિ કરવામાં આવે છે અને બન્ને સંસ્થામાં કેટલાક તો આજે સમાન કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે.

### સંઘનાં પર્યટણો

છેલ્લાં બે વર્ષ દરમિયાન જુદે જુદે સમયે સંઘનાં પર્યટણો યોજવામાં આવ્યાં હતાં. તા. ૧-૩-૫૩ ના રોજ લગભગ ૧૨૫ ભાઇ બહેનોને લોનાવલા લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સંઘના સભ્ય શ્રી લખમશી ઘેલાભાઇએ ભોજન વગેરેનો પ્રબંધ કર્યો હતો. ૧૫૦ ભાઇ બહેનો તા. ૨૦-૯-૫૩ના રોજ વિહાર સરોવરની યાત્રાએ ગયા હતા. ૨૨-૧૦-૫૩ના રોજ શરદપૂર્ણિમાની ઉજ્જવળ રાત્રીએ ૧૫૦ ભાઇ બહેનો માટે ત્રણ કલાકનો નૌકા વિહાર ગોઠવવામાં આવ્યો હતો. તા. ૯-૪-૫૪ના રોજ આશરે ૪૦ કુટુંબીજનોનું માથેરાન ખાતે પર્યટણ યોજવામાં આવ્યું હતું. આવાં પર્યટણો સભ્યોને સારી રીતે આકર્ષી શકયાં છે, અને એકમેકની નજીક લાવી રહેલ છે.

### કૈલાસ તથા એવરેસ્ટનાં દર્શન

સંઘના મિત્ર સાહસવીર શ્રી નવનીતલાલ પરીખ કૈલાસ તથા એવરેસ્ટની યાત્રાએ જઇ આવેલા અને તેની સુન્દર ફીલ્મો લઇ આવેલા તા. ૩૧-૧-૫૩ ના રોજ ભુલાભાઇ ઇન્સ્ટીટયુટમાં સંઘના સભ્યોને કૈલાસ, ગંગોત્રી તથા જમ્નોત્રીનાં ચિત્રપટો તેમણે દેખાડયાં હતાં; તા. ૯-૪-૫૩ ના રોજ શત્રુંજય, રાણકપુર તથા કાશ્મીરનાં ચિત્રપટો દેખાડવામાં આવ્યાં હતાં; અને ૨૨-૩-૫૪ના રોજ એવરેસ્ટનું જુદા જુદા કોણથી સભ્યોને તેમણે દર્શન કરાવ્યું હતું.

### 'આળાં હૈયાં' અને 'સત્યં શિવં સુન્દરમ્'

૧૯૪૪ માં સ્વ. મણિભાઇએ સંઘના વાચનાલય પુસ્તકાલયને રૂા. ૧૦૧૬૮ ની ભેટ આપી ત્યારે સાથે સાથે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખો અને શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીની વાર્તાઓ ક્રમશ: પ્રગટ કરવા માટે એક એક હજાર રૂપિયા સંઘને આપ્યા હતા. આમાંથી શ્રી વ્રજલાલ મેઘાણીનો 'આળાં હૈયાં' નામનો એક વાર્તાસંગ્રહ ૧૯૪૫ માં સંઘ તરફથી બહાર પાડવામાં આવ્યો હતો, જે મોટા ભાગે એક વર્ષ દરમિયાન ખપી ગયો હતો. તેની બીજી આવૃત્તિ સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલ છે. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ 'સત્યં શિવં સુન્દરમ્' એ નામથી તાજેતરમાં પ્રગટ કરવામાં આવેલ છે. એ સંગ્રહનું સંપાદન શ્રી યશવન્ત દોશીએ કર્યું છે. સુશોભન જાણીના કળાકાર શ્રી કે. કે. હેબરે કર્યું છે. કાકાસાહેબ કાલેલકરે અને પંડિત સુખલાલજીએ પ્રવેશકો લખી આપીને એ સંગ્રહને વધારે સમૃદ્ધ બનાવેલ છે. પુસ્તક પ્રકાશનનો એ એક સુન્દર નમુનો છે.

### બંધારણમાં થતા રહેલા ફેરફારો

સંઘની ૧૯૩૮ માં કરેલી નવરચના બાદ એ સમયે નિશ્ચિત કરેલા બંધારણમાં અનુભવના આધારે તેમજ સમયના બદલાવા સાથે અવારનવાર ફેરફારો થતાં જ રહ્યાં છે, શરૂઆતમાં દરેક સભ્યે કોંગ્રેસના સભ્ય થવું આવશ્યક હતું; અને કોંગ્રેસના વિવિધ કાર્યક્રમને ટેકો આપવાની સંઘની ખાસ નીતિ હતી. આઝાદી મળ્યા બાદ કોંગ્રેસના સભ્ય થવાની ફરજ રદ કરવામાં આવી. જેમ જેમ સભ્યોના માનસમાં નિષ્ઠાવૈવિધ્ય અને વૃત્તિમાં પક્ષવૈવિધ્ય આવવા લાગ્યું, તેમ તેમ આવા ફેરફારો અવશ્યક બનતા ગયા. સંઘનો સભ્ય એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરી શકે નહિ અને કોઇપણ જ્ઞાતિનું અધિકારપદ સ્વીકારી શકે નહિ—આ બન્ને શિસ્ત નિયમો, મુંબઈ સરકારે અનેક પત્ની પ્રતિબંધક કાનુન અને સમાજ બહિષ્કાર પ્રતિબંધક કાનુન કરેલા હોવાથી બીનજરૂરી લાગતાં, ગયા વર્ષે રદ કરવામાં આવ્યાં.

### દેવદ્રવ્યને લગતો શિસ્તનિયમ.

દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણમાં ઉપયોગ થઇ ન શકે એવા મંદિરની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને સંઘનો સભ્ય વધારો કરી ન શકે એ શિસ્તનિયમને લીધે—ખાસ કરીને જૈન શ્વે. મૂ. સમાજમાં દેવદ્રવ્યના ઉપયોગ સંબંધમાં અત્યન્ત રૂઢ માન્યતા હોઇને—અમારા સંઘને આજસુધીમાં ઉપયોગી તેમજ શ્રીમાન એવા અનેક સભ્યો ગુમાવવા પડયા છે. આમ છતાં પણ દેવદ્રવ્યના વ્યાપક ઉપયોગ સબંધમાં અમારી સુદૃઢ માન્યતાને અમે એક સરખી ટેકથી વળગી રહ્યા છીએ. આજે હવે એ મન્તવ્યમાં રહેલું તથ્ય જૈન સમાજ સ્વીકારવા લાગ્યો છે અને દેવદ્રવ્યનો સીધી રીતે અને એમ શકય ન હોય ત્યાં આડકતરી રીતે સામાજિક ઉપયોગ કરવાનાં માર્ગો શોધાઇ રહ્યા છે, એટલું જ નહિ પણ અમલમાં પણ મૂકાઇ રહ્યા છે

### જૈનેતરો પણ હવેથી સંઘમાં જોડાઈ શકશે.

સંઘનો આ ઇતિહાસ જોતાં ધીમે ધીમે સંઘ વિશાળતા તરફ સતત પ્રગતિ કરી રહ્યો છે એમ કોઇને પણ માલુમ પડયા વિના નહિ રહે. ૧૪ વર્ષથી પ્રબુદ્ધ જૈન નામ ધારણ કરી રહેલ સંઘના મુખપત્રનું ગયા વર્ષના મે માસથી નામ બદલીને પ્રબુધ્ધ જીવન ધારણ કરવામાં આવ્યું છે. આવો જ મહત્વનો બંધારણીય ફેરફાર ચાલુ વર્ષ દરમ્યાન તા. ૩૧-૭-૫૪ ના રોજ મળેલી સંઘની સામાન્ય સભાએ કર્યો છે. આજ સુધી સંઘનો સભ્ય થવા ઇચ્છનાર વ્યકિત જૈન હોવી આવશ્યક હતું. નવા ફેરફાર અનુસાર જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતી જૈન જૈનેતર કોઈ પણ વ્યકિત સંઘમાં સભ્ય તરીકે જોડાઇ શકે છે. આ રીતે મુંબઇ જૈન યુવક સંઘનાં દ્વાર વિશાળ જનતા માટે ખુલ્લાં થાય છે અને જૈન સમાજ કરતાં પણ સત્ય અને અહિંસા જેના પાયામાં છે એવી જૈન વિચાર સરણી ઉપર આ સંઘ વધારે ભાર-emphasis-મૂકતો થાય છે.

### સંઘના જુના હયાત તેમજ અવસાન પામેલા કાર્યકર્તાઓ

આજ જ્યારે રજત મહોત્સવના પ્રસંગે સંઘના સભ્યો એકઠા થાય છે ત્યારે સંઘના જુના હયાત તેમજ અવસાન પામેલા અને આજ સુધી લગભગ અખંડપણે ચાલુ રહેલા કાર્યકર્તાઓને યાદ કરવાનું અસ્થાને નહિ લેખાય. આજે સંઘમાં પ્રારંભકાળથી લગભગ

અખંડપણે કાયમ રહેલા સભ્યોમાં શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી નાનચંદભાઇ શામજી, શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા, શ્રી ઠાકોરલાલ પી. શાહ, શ્રી ચંદુલાલ ટી. શાહ, શ્રી અમીચંદ ખેમચંદ શાહ, તથા શ્રી ઓધવજી ધનજી શાહનો સમાવેશ થાય છે. આમાં પણ શ્રી રતિલાલ, પરમાનંદ, નાનચંદભાઇ અને વલ્લભદાસ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો છે, નાનચંદભાઇ ૭૭ વર્ષની ઉમ્મરના સૌથી વધારે વૃદ્ધ સભ્ય છે. અન્યને પણ ઉંમરની અસર થવા લાગી છે. સંઘને વેગવાન બનાવવા માટે નવું લોહી ઉમેરાવાની અત્યન્ત આવશ્યકતા છે.

સંઘના પૂર્વકાળના સાથીઓને યાદ કરતાં શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી સાંકળચંદ જે શાહ, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી વાડીલાલ આશાલાલ શાહ, શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા, શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારીનાં નામો સ્મરણપટ ઉપર આરૂઢ થાય છે. એક વખતના સક્રિય અને વેગવાન કાર્યકર્તા ડૉ. નગીનદાસ જે. શાહનું તા. ૧૨-૪-૩૨ ના રોજ અવસાન થયું; શ્રી ચંદ્રકાન્ત સુતરીઆનું ૧૯૪૬ ના જુલાઇ માસમાં અવસાન થયું; શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીનુ તા.૧૦-૧-૪૭ માં અવસાન થયું; શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનનું પણ એ જ અરસામાં અવસાન થયું; શ્રી મણિલાલ મોકમચંદ શાહનું તા. ૨૬-૭-૫૨ ના રોજ અવસાન થયું. આજે મુંબઇ જૈન યુવક સંઘે જૈન તેમ જ જૈનેતર સમાજમાં જો કોઇ વિશિષ્ટ પ્રતિભાનું દર્શન કરાવ્યું હોય તો તે પ્રતિભા નિર્માણ કરવામાં આ પાંચે વ્યકિતઓનો. તેમજ ઉપર જણાવેલ જૂના તથા આજ સુધી ચાલુ રહેલા સંઘના કાર્યકર્તાઓનો અતિ મહત્વનો ફાળો છે.

## ઉપસંહાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ૨૬ વર્ષની કારકિર્દીનો આ સંક્ષિપ્ત ઇતિહાસ છે. આ ઇતિહાસનું નિરૂપણ કરતાં નાની મોટી અનેક બાબતો અને ઘટનાઓ છોડી દેવી પડી છે. સમગ્રપણે જોતાં આદિથી આજ સુધી રાષ્ટ્રભાવનાને કાયમ રાખીને ૧૯૨૮ થી ૧૯૩૭ સુધી સંઘનું મુખ્ય કાર્યક્ષેત્ર જૈન શ્વે. મૂ. સમાજ રહેલ છે. ૧૯૩૮ થી આજ સુધી જૈન સમાજને કેન્દ્રમાં રાખીને મુંબઇ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓનું સુવ્યાપકપણે સંચાલન થયું છે; આજે હવે જૈન સમાજના સ્થાને અહિંસા અને સત્યની ઉપાસના જેના મૂળમાં રહેલી છે એવી જૈન વિચારસરણીની પ્રતિષ્ઠા કરીને મુંબઇ જૈન યુવક સંઘ પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવાનો મનોરથ સેવી રહેલ છે. સંઘના આજે ૩૫૦ લગભગ સભ્યો છે; પ્રબુદ્ધ જૈનની ગ્રાહક સંખ્યા હજુ બહુ ગૌરવ લઇએ તેવા આંકડાને પહોંચી નથી; વાંચનાલય-પુસ્તકાલય જગ્યાની સંકડાશને લીધે ગુંગળાઇ રહેલાં છે. આમ સંઘ અનેક બાજુએથી વિસ્તાર અને વિકાસની અપેક્ષા ધરાવે છે. ધીમે ધીમે પણ મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ શહેરનું એક મહત્વનું સંસ્કાર-કેન્દ્ર બને અને વિશાળ જનસમાજને સ્પર્શે એવી અનેક સંસ્કાર-પ્રવૃત્તિઓ તેમાંથી વહેતી થાય અને સાથે સાથે પોતાના મુખપત્ર પ્રબુદ્ધ જીવન દ્વારા બહુજન સમાજને નીડરપણે સમ્યક જીવન દર્શન કરાવતું રહે એવી અમારી ભાવના છે. આનંદ અને ઉદ્‌બોધન ઉભયને પ્રેરે એ ખ્યાલથી યોજાયેલ આ રજત મહોત્સવ સંમેલન આ મનોરથ સિધ્ધ કરવાના માર્ગે-સેવા અને પુરૂષાર્થના-માર્ગે નવું સીમાચિહ્‌ન બને એવી અમારી આકાંક્ષા અને અન્તરની પ્રાર્થના છે.


૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
તા.૧૦-૧૦-૫૪.

**પરમાનંદ કુંવરજી કાપડિયા**
**ટી. જી. શાહ**
**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

---


**નોંધ**:-ઉપર જણાવેલ શ્રી કાકા સાહેબ કાલેકરનો ષષ્ટીપૂર્તિ સમારંભ તા૦ ૨૮-૭-૪૬ ના રોજ ઉજવાયો હતો.
સ્વ. ડાહ્યાભાઇ બાલાભાઈ કોરા નિબંધ હરીફાઇ ૧૯૪૭ ની સાલ દરમ્યાન યોજવામાં આવી હતી.

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આદ્યસ્થાપક**



સ્વ. ડૉ. નગીનદાસ જે. શાહ

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સ્થાપક તથા સંચાલક**



સ્વ. મણિલાલ મોકમચંદ શાહ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: રજત મહોત્સવ

## રજત મહોત્સવ સમિતિ

મુંબઇ જૈન યુવક સંઘના રજત મહોત્સવ સમારંભના સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા માટે નીચેના સભ્યોની રજત મહોત્સવ સમિતિ નીમવામાં આવી હતી. :—

| | | |
|---|---|---|
| શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ, પ્રમુખ | શ્રી જીવરાજ ભાણજી શાહ | શ્રી કાન્તિલાલ ડી. કોરા |
| ,, લીલાવતીબહેન દેવીદાસ, ઉપ-પ્રમુખ | ,, વલ્લભદાસ ફુલચંદ મહેતા | ,, મહાસુખલાલ જે. દેસાઇ |
| ,, પરમાનંદ કુંવરજી કાપડિયા, મંત્રી | ,, શાન્તિલાલ એમ. શાહ | ,, જસુમતીબહેન મનુભાઇ કાપડીયા |
| ,, ટી. જી. શાહ, મંત્રી | ,, કસ્તુરચંદ દલીચંદ શાહ | ,, કાન્તિલાલ ઉમેદચંદ બારોડિયા |
| ,, ચીમનલાલ પી. શાહ કોષાધ્યક્ષ | ,, જયન્તીલાલ સુન્દરલાલ કોઠારી | ,, નાનચંદભાઇ શામજી |
| ,, રમણીકલાલ મણિલાલ શાહ } | ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ | ,, ચંચળબહેન ટી. જી. શાહ |
| ,, રતિલાલ ચીમનલાલ કોઠારી } | ,, વેણીબહેન વિનયચંદ કાપડિઆ | ,, શાન્તિલાલ દેવજી નંદુ |
| ર. મ. સમિતિના કોષાધ્યક્ષ | ,, ચંદુલાલ સાંકળચંદ વકીલ | ,, નાગરદાસ સી. શાહ |
| **સભ્યો** | ,, બચુભાઈ પી. દોશી | |
| શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ,, અંબાલાલ ચતુરભાઇ શાહ | ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી |
| ,, મેનાબહેન નરોતમદાસ શેઠ | ,, ચીમનલાલ જે. શાહ | ,, મનુભાઇ ગુલાબચંદ કાપડિયા |
| ,, ખીમજી હેમરાજ છેડા | ,, જયંતીલાલ ફતેહચંદ | ,, ચુનીલાલ કામદાર |

આ રજત મહોત્સવ સમિતિએ આયોજિત કરેલો તા. ૯-૧૦-૫૪ શનિવારથી તા. ૧૨-૧૦-૫૪ મંગળવાર સુધીનો પંચાંગી કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. ૯ મી તારીખે સાંજે ૬-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયના લાભાર્થે યોજાયેલ લીટલ બેલેટ ટ્રુપનું રામાયણ (કઠપૂતળી નૃત્ય-નાટિકા) ભજવવામાં આવ્યું હતું. ૧૦ મી તારીખે સવારે રજત-મહોત્સવ સંમેલન ભરવામાં આવ્યું હતું. તે જ દિવસે સાંજે ૫ વાગ્યે ચોપાટી ઉપર પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથમાં સભ્યો તથા શુભેચ્છકોનું સમૂહ ભોજન હતું. ૧૧ મી તારીખે સોમવારે સાંજે ૬-૩૦ વાગ્યે સંઘના સભ્યો માટે મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને તા. ૧૨ મીએ મંગળવારે રાત્રે આઠથી ૧૧ સુધી સભ્યો માટે નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો હતો. તા. ૧૬ મી શનિવારે સાંજે સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ તરફથી ન્યુ આરામ રેસ્ટોરામાં રજત મહોત્સવના કાર્યક્રમને એક યા બીજે રીતે પાર પાડવામાં મદદ રૂપ થયેલ ભાઇ બહેનોનું સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમની વિગતવાર નોંધ નીચે મુજબ છે.

### રામાયણ (કઠપૂતળી નૃત્ય નાટિકા)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના રજત મહોત્સવની શુભ શરૂઆત રામાયણથી થઇ હતી. Little Ballet Troupe દ્વારા આયોજિત "રામાયણ" શનિવાર તા. ૯મી ઓકટોબરે સાંજે ભારતીય વિદ્યાભવનમાં રજૂ થયું હતું. મહોત્સવના પ્રમુખ શ્રી કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, મજૂરખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ શાહ, શ્રી નારાયણ મહાદેવ દેસાઇ વગેરે આમંત્રિત સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત ગુજરાતી લોકનૃત્યથી થઇ હતી. આ પછી હૈદરાબાદનું લોકનૃત્ય-"લંબાડી નૃત્ય" રજૂ થયું હતું અને "વૃજ લીલા"નો સૌને હૈયે વસતો લોકપ્રિય પ્રસંગ સુંદર નૃત્ય દ્વારા રજૂ થયો હતો. નૃત્ય ઉપરાંત Little Ballet Troupe ના કલાકારોએ વાદ્યસંગીત-વેણુવાદન તથા સરોદવાદન પણ પેશ કર્યું હતું.

વિરામ પછી આઠ સળંગ દૃશ્યો દ્વારા રામાયણનું આખું યે કથાનક ચિત્તાકર્ષક અને વેધક રીતે પ્રેક્ષકો સમક્ષ ભજવવામાં આવ્યું હતું. ગ્રામ્યમેળામાં નાટક કરનારાઓ આવે છે, ખેલની જાહેરાત થાય છે-એમ બહુજ સ્વાભાવિક અને વાસ્તવિક રીતે નૃત્ય-નાટિકાની શરૂઆત થઇ હતી.

જનકપુરીમાં રામ અને સીતાનું લગ્ન, રામનો રાજ્યાભિષેક, વનવાસ, પંચવટીમાં વસતા રામલક્ષ્મણ અને સીતા, શૂર્પણખાનો પ્રસંગ, રામનું સુવર્ણમૃગની પાછળ પડવું, રાવણનું સીતાના હરણ માટે આવવું, જટાયુ સાથે રાવણનું યુદ્ધ, લંકા પર ચઢાઇ, અશોકવનના પ્રસંગો, હનુમાનનો સંદેશ, રામ-રાવણ યુધ્ધ અને આખરે રાવણનો સંહાર એમ કડીબધ્ધ રીતે રજૂ થતા દૃશ્યોથી પ્રેક્ષકો એક જુદી જ કલાસૃષ્ટિમાં વસ્યા હોય તેવો ભાસ થતો હતો.

Little Ballet Troupe ની રામાયણની રજુઆત એ કલાક્ષેત્રે તેમની એક અણમોલ સિદ્ધિ છે અને અથાગ પરિશ્રમ અને અવિશ્રાંત તાલીમ પછી તે આવા લોકરંજનના નયનરમ્ય પ્રયોગો કરી રહ્યું છે. તેમની નૃત્યનાટિકામાં રંગભૂષા, વેષભૂષા, પાર્શ્વ-ભૂમિ, પાર્શ્વસંગીત્ત, મહોરાં એ બધાનું સુન્દર સંયોગીકરણ કરવામાં આવ્યું હતુ અને પ્રતીકોદ્વારા અને નૃત્યદ્વારા સાતત્ય અને ઔચિત્ય બન્ને જળવાયા હતાં.

આ નૃત્યનાટિકાને કઠપૂતળી તરીકે ઓળખાવવાનું કારણ એ છે કે આ નાટિકા ભજવવાની આખી ઢબ કઠપૂતળીનાં નાટકોને મળતી નિર્માણ કરવામાં આવી છે. નાટકનાં પાત્રો પોતાને પાઠ ભજવવાનો હોય તેવાં મહોરાં (Masks) પહેરીને આવે છે અને કઠપૂતળીને મળતા અભિનય અને હલનચલન દ્વારા પોતપોતાનો પાઠ ભજવે છે. આ નૃત્યનાટિકાને નિહાળીને સંગીત તેમજ નૃત્યકલાના જાણકારો તેમજ તેથી લગભગ અજાણ એવા સૌ કોઇએ ભારે આનંદ અને વિસ્મયનો અનુભવ કર્યો હતો અને રામાયણની વસ્તુ સર્વ કોઇને સુપરિચિત હોવા છતાં જાણે કે કોઇ નવી જ વસ્તુ રજૂ થઇ રહી હોય એવા કુતૂહલ અને અખંડ રસપૂર્વક એક પછી એક આવતાં દૃશ્યો સૌ નિહાળી રહ્યાં હતાં અને આજે આપણે કાંઇક નવું જ જોઇ રહ્યા છીએ એવી પ્રસન્નતા સૌ કોઇના મોઢા ઉપર તરવરતી જોવામાં આવતી હતી.

નૃત્ય નાટિકા પૂરી થયા બાદ સંસ્થાના પ્રમુખ શ્રી ખીમજીભાઇ ભુજપુરીઆએ Little Ballet Troupe નાં નિર્માણ-મંત્રી શ્રી ગુલબ્હેનનો આભાર માન્યો હતો. રામાયણ નૃત્ય નાટિકાનાં અને તે રજૂ કરતા કલાકારોનો પરિચય શ્રી કાંતિલાલ બરોડીઆએ આપ્યો હતો અને ટ્રુપના આદ્યસ્થાપક અને સમર્થ નૃત્યકાર સ્વર્ગસ્થ શાંતિબર્ધનને અંજલિ આપી હતી.

## રજત મહોત્સવ સંમેલન

તા૦ ૧૦-૧૦-૫૪ રવિવારના રોજ સવારના નવ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે મુંબઇ જૈન યુવક સંઘનું રજત મહોત્સવ સંમેલન ભરવામાં આવ્યું હતું. સંઘના સભ્યો, શુભેચ્છકો અને મુંબઇના અગ્રગણ્ય શહેરીઓથી ભવનનું નાટયગૃહ ભરાઇ ગયું હતું. સંમેલનની શરૂઆત શ્રી નિર્મળાબહેન ઓઝા અને બહેન ચંદ્રિકા પરીખનાં પ્રાર્થનાગીતોથી કરવામાં આવી હતી. ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** રજત મહોત્સવ સંમેલનનું ઉદ્દ્ઘાટન કરવાની શ્રી નારાયણ મહાદેવ દેસાઇને વિનંતી કરતાં જણાવ્યું કે "આ પવિત્ર કાર્ય કરવા માટે ભાઇ નારાયણની પસંદગી અમે શા માટે કરી તે વિષે થોડીક સ્પષ્ટતા કરું. જ્યારથી અમે રજત મહોત્સવનો વિચાર કરવા માંડયો ત્યારથી તેને લગતા સંમેલનના મુખ્ય સ્થાને કોઇ યુવક હોય તો વધારે સારું એમ અમને થયા કરતું હતું. સાથે સાથે અમને એમ પણ હતું કે સંમેલનના પ્રમુખ સ્થાને એવી કોઇ વિશિષ્ટ વ્યકિતને લાવીએ કે જે હિંદના મહાજનોમાંની એક હોય અને જે અમને ને અમારા સંઘને પણ ઠીક ઠીક જાણતી હોય સંઘના ૨૬ વર્ષના લાંબા ગાળાથી સુપરિચિત એવી યુવક વ્યકિત મળે તે અશકય જ હતું. આ માટે સૌથી વધારે યોગ્યતા ધરાવતા કાકાસાહેબ કાલેલકર તરફ અમારું ધ્યાન ગયું, તેમને અમે વિનંતિ કરી અને તેમણે તે સહર્ષ સ્વીકારી. આમ છતાં પણ મુખ્ય સ્થાને કોઇ યુવકને લાવવાનો વિચાર અમારા મનમાં ચાલુ જ રહ્યો. આ શોધ કરતાં ભાઇ નારાયણ મહાદેવ દેસાઇ જે મુંબઇમાં છેલ્લા બે મહીનાથી આવીને વસ્યા છે અને ભૂદાન આન્દોલનને જગાવી રહ્યા છે તેમની ઉપર નજર પડી. ભાઇ નારાયણથી આપમાંના ઘણા ખરા પરિચિત છો. તેમની કાર્યનિષ્ઠા અને ઉચ્ચ કોટીના વકતૃત્વથી તેમણે આપણ સર્વને મુગ્ધ કર્યા છે. તેમને અમે રજત મહોત્સવ સંમેલનનું ઉદ્દ્ઘાટન કરવા વિનંતી કરી અને કાકાસાહેબ જે સંમેલનના પ્રમુખ થવાના છે તે સંમેલનનું ઉદ્દ્ઘાટન કરતાં મને જરૂર આનંદ થશે એ જવાબ સાથે અમારી તેમણે આ વિનંતી સ્વીકારી.

સાધારણ રીતે આવા સંમેલનોનું ઉદ્દ્ઘાટન કરવા માટે નિયત પ્રમુખ કરતાં વધારે વિખ્યાત વ્યક્તિને લાવવામાં આવે છે. આપણે ભાઇ નારાયણને બોલાવીને આ પરંપરા તોડીએ છીએ—અને પરંપરા તોડવી અને નવી પરંપરા ઊભી કરવી એ કાર્ય યુવક સંઘ જેવી સંસ્થા નહિ કરે તો બીજું કોણ કરશે? ભાવનામાં અમારી જાતને યુવક લેખાવીએ એમ છતાં ઉમ્મરે જર્જરિત થતા જતા અમો સંઘના જૂના કાર્યવાહકો ભાઈ નારાયણને આ કાર્ય માટે પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવીએ છીએ અને આ શુભ ઘટનામાં અમે સંઘના ઉજ્વળ ભાવીનું દર્શન કરીએ છીએ.

કાકાસાહેબ પ્રમુખસ્થાને અને ભાઇ નારાયણના હાથે ઉદ્દ્ઘાટન એ ઘટનામાં એક વિશેષ ઔચિત્ય પણ રહેલું છે. સંસ્કૃતમાં કહેવત છે કે पुत्राद् ईच्छेत् पराजयम्। એટલે કે પુત્રનું સ્થાન પિતાથી ચઢિયાતું બને એમ દરેક પિતા ઇચ્છે. કાકાસાહેબ અને નારાયણનો સંબંધ કંઇક આવા પ્રકારનો હોઇને આ સુયોગ જેમ આપણા માટે આનંદજનક તેમજ ગૌરવપ્રદ છે તેમ કાકાસાહેબ માટે એટલો જ આનંદજનક તેમ જ ગૌરવપ્રદ બને છે. હવે ભાઇ નારાયણને આ સંમેલનનું ઉદ્દ્ઘાટન જાહેર કરવા હું વિનંતી કરૂં છું.

### શ્રી નારાયણ દેસાઈ

સંમેલનના ઉદ્દ્ઘાટનનું મંગળ પ્રવચન કરતાં શ્રી નારાયણ દેસાઇએ કહ્યું કે અહીં મુંબઇમાં હું લગભગ બે માસથી આવ્યો છું. અનુભવથી મને માલુમ પડયું છે કે મુંબઇમાં ઔપચારિકતા વધારે છે. આજના સમ્મેલનનો કાર્યક્રમ આપ જોશો તો તેમાં પણ આપને કેટલું ઔપચારિકતા પૂરતુંજ છે એમ લાગ્યા વગર નહીં રહે. પણ હું ઉદ્દ્ઘાટનમાં વધારે વખત નહીં લઉં—કદાચ ઉદ્દ્ઘાટન કરવાનું કહેવામાં જેટલો વખત લાગ્યો તેટલો પણ નહીં લઉં. હું વિચારું છું કે મુંબઇ જૈન યુવક સંઘના સમ્મેલનનું ઉદ્દ્ઘાટન હું કઇ રીતે કરી શકું! તો મને લાગે છે કે આમાં મારો સંબંધ ફકત યુવક તરીકેનો છે. યુવક શબ્દ આપણે બોલીએ છીએ ખરા, પણ એનો ભાવ વીસરી ગયા છીએ તેથી એના ભાવને વળગી રહેવા સૌને વિનંતી છે. યુવક એટલે જગત વિષે આશાની દ્રષ્ટિથી જોનાર. મુંબઇમાં મેં આ દ્રષ્ટિનો અભાવ જોયો છે. દુનિયા સુધરવાની નથી એવી નિરાશા ભરેલી વૃત્તિ મેં અહીં યુવાનો અને બુદ્ધિમાનોમાં જોઇ છે, અને એટલા અંશે આપણે આપણું યૌવન ખોયું છે. ઘરડા અને યુવાનની મનોવૃત્તિ સમજવી હોય તો—એક ઘરડો અને એક યુવાન પહાડ ચડતા હેય, અને બન્ને અડધો પહાડ ચડી ગયા હોય ત્યારે ઘરડી મનોવૃત્તિવાળાને થશે કે હજુ તો અડધો પહાડ જ ચડયા; ત્યારે યુવાન કહેશે કે હવે તો અડધું ચડવાનું જ બાકી રહ્યું. આ છે ઘરડી અને યુવાન મનોવૃત્તિ વચ્ચેનું અંતર.

અહિંસાને આપણે એવી રીતે જીવી બતાવવી જોઇએ કે જગત અહિંસા તરફ આગળ વધી રહ્યું છે એ કહેવાની આપણને તાકાત મળે. અંતરમાં અહિંસા પ્રત્યે શ્રધ્ધા હશે તો જ આ થઇ શકશે. બે રાતની વચ્ચે દબાયેલ દિવસની જેવા નહિ પણ રાતને દબાવતા બે દિવસની જેમ જુવાનોએ દેખાવું જોઇએ.

આપણે હવે ત્રણ દ્રષ્ટિએ વિચાર કરતાં થવું જોઇએ

(૧) માણુસનો પોતાની જાત સાથેનો સંબંધ, (૨) માણુસનો પોતાના સાથીઓ—સમસ્ત માનવજાત—સાથેનો સંબંધ, અને (૩) માણુસનો પ્રકૃતિ સાથેનો સંબંધ. આ સંબંધો સ્વાર્થ વગરના હશે તો આ ત્રણ દ્રષ્ટિમાંથી જ જગતને આગળ લઇ જવાની હોંશ સફળ થશે. આવી દ્રષ્ટિ અપનાવવી એ જ યૌવન છે. આટલા નિવેદન સાથે હું આ સમ્મેલનને ખુલ્લું મુકાયેલું જાહેર કરું છું.

શ્રી કાકાસાહેબને સંમેલનનુ કામ શરૂ કરવાની વિનંતી કરતાં **શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસે** કહ્યું કે "યુવક સંઘના કાર્યકરો ભલે ઉંમરમાં મોટા હોય, છતાં તેઓ આપણા લાડીલા નેતા જવાહરલાલજીની જેમ જુવાન છે. આપણા સંમેલનના પ્રમુખ શ્રી કાકાસાહેબ પણ યુવક છે અને હું તેમને યુવક સંઘના આ સંમેલનનું કામ શરૂ કરવા વિનતી કરું છું."

### શ્રી. ટી. જી. શાહ: સંદેશા વાંચન

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ટી. જી. શાહે પ્રસ્તુત પ્રસંગને અંગે આવેલા કેટલાક સંદેશાઓનો સાર અને બાકીના સંદેશા મોકલનારાનાં નામો સંભળાવ્યાં હતાં. આમાંના અગત્યના સંદેશાઓ આ વિશેષ અંકમાં છૂટા છવાયા આપવામાં આવેલ છે. સંદેશાઓ મોકલનારાઓની યાદી નીચે મુજબ છે:—

ઉત્તર પ્રાન્તના રાજ્યપાલ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી ગણેશ વાસુદેવ માવલંકર, શ્રી નાનાભાઇ ભટ્ટ, શ્રી દિનકરરાવ દેસાઇ, શ્રી કુંદનમલ ફિરોદિયા, સૌરાષ્ટ્રના ગૃહમંત્રી શ્રી રસિકલાલ પરીખ, પૂજ્ય કેદારનાથજી, મુનિ સન્તબાલજી, શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી મનુ સુબેદાર, મુનિશ્રી સુશીલકુમારજી, મહાસતી ઉજ્જવલકુમારી, મુનિશ્રી ન્યાયવિજયજી, શ્રી રવિશંકર રાવળ, શ્રી ગટુભાઇ ધ્રુવ, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી કિશનસિંહ ચાવડા, ડૉ. સુમન્ત મહેતા, શ્રી શારદાબહેન મહેતા, શ્રી પદ્મનાભ જૈન, શ્રી રિષભદાસ રાંકા, શ્રી સરલાબહેન સારાભાઇ, શ્રી અનસૂયા બહેન સારાભાઇ, શ્રી પોપટલાલ રામચંદ શાહ, શ્રી પી. જી. શાહ, શ્રી ભંવરમલ સીંધી, શ્રી જમુભાઈ દાણી, શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા, શ્રી વિજયસિંહ નહાર, શ્રી વાડીલાલ આશાલાલ શાહ, શ્રી પ્રભુદાસ પટવારી, શ્રી એસ લાલચંદ ઢઢ્ઢા, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી નાગકુમાર મકાતી, શ્રી

સુગનચંદ લુણાવત, શ્રી ચિરંજીલાલ બડજાતે, શ્રી છગનલાલ જોષી, શ્રી રતિલાલ મફાભાઇ શાહ, શ્રી ચિરંજીલાલ લુણાવત, શ્રી છોટાલાલ ત્રીકમદાસ પારેખ, શ્રી મોતીલાલ વીરચંદ શાહ, ડૉ. પી. એમ. સાંગાણી, ડૉ. એચ. એ. મણિયાર, ડૉ. અમીચંદ શાહ, શ્રી તારાચંદ કોઠારી, શ્રી વિનયચંદ દુર્લભજી ઝવેરી, શ્રી ઉમેદચંદ બરોડિયા, શ્રી ભોગીલાલ ભાવસાર, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ, શ્રી નવનીતલાલ પરીખ અને શ્રી આત્માનંદ જૈન સભા.

### શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી : વૃતાન્ત - નિવેદન

ત્યારબાદ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ સંસ્થાનો ૨૬ વર્ષનો વૃત્તાન્ત રજૂ કરતાં જણાવ્યું કે "આ વૃત્તાન્ત રજૂ કરતાં અમે ખૂબ હર્ષ અનુભવીએ છીએ. આમ છતાં પણ આ વૃત્તાન્ત ઉપરથી કોઇએ એમ સમજવાનું નથી કે અમે આજ સુધીની કાર્યવાહીથી કૃતકૃત્યતા અનુભવીએ છીએ અને અમે ઘણું કર્યું છે એવો સંતોષ અનુભવીએ છીએ. આજે મને લાગે છે કે આગળના પ્રમાણમાં હું અને અમારો સંઘ કાંઇક ઠંડો પડયો છે અને કામમાં વધારે વેગ લાવવાની ખૂબ જરૂર છે. આજે પણ સમાજને વિચારના આંચકાઓ આપવાની અને કાર્યવાહીને વધારે સતેજ બનાવવાની ઘણી જરૂર છે." આમ કહીને વૃત્તાન્તનો તેમણે સંક્ષિપ્ત સાર વાંચી સંભળાવ્યો. આ આખો વૃત્તાન્ત આ અંકના પ્રારંભમાં પ્રગટ કરવામાં આવ્યો છે.

### શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

વૃત્તાન્ત વાંચન બાદ સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ રજૂ કરવામાં આવેલા સંઘના ૨૬ વર્ષના વૃત્તાન્ત વિષે બોલતાં જણાવ્યું કે "આટલા લાંબા કાળ પટ ઉપર પથરાયલા સંઘના વૃત્તાન્ત સંબંધમાં શું કહેવું અને શું ન કહેવું, કઇ વિગતનો ઉલ્લેખ કરવો અને કઇ વિગત છોડી દેવી એ મુંઝવે એવી બાબત છે. વૃત્તાન્ત જોતાં આપને માલૂમ પડયું હશે કે સંઘનો ઇતિહાસ બે હફતામાં વહેંચાઇ જાય છે. પહેલો હફતો તે ૧૯૨૮ થી ૧૯૩૮ સુધીનો અને બીજો હફતો તે ૧૯૩૮ થી આજ સુધીનો. સંઘની પ્રવૃત્તિના પ્રારંભથી હું સંઘ સાથે જોડાયલો છું અને નાની મોટી ઘટનાઓમાં હું ઠીક ઠીક ભાગ લેતો રહ્યો છું, પણ ૧૯૩૮ની સાલ કે જ્યારે સંઘનું બંધારણ પાયામાંથી બદલવામાં આવ્યું અને સંઘ જૈન સમાજના એક ફિરકાનો મટીને સમસ્ત જૈન સમાજનો બન્યો અને રાષ્ટ્ર તેમજ સમાજના અનેક પ્રશ્નો વિષે રચાયલી નિશ્ચિત પ્રગતિશીલ મન્તવ્યોની ભૂમિકા ઉપર સંઘની ભાવી પ્રવૃત્તિઓ ચલાવવાનું નકકી કરવામાં આવ્યું ત્યારથી આજ સુધી સંઘના ઘડતર અને સૂત્રધારણ સાથે મારો અત્યન્ત ગાઢ સંબંધ રહ્યો છે. ત્યારથી આજ સુધીનું સંચાલન આ મુજબના પાયાના ખ્યાલો મુજબ કરવામાં આવ્યું છે.

(૧) રાષ્ટ્રીય ભાવનાનું સતત સમર્થન કરવું. આઝાદી મળ્યા પહેલાં સંઘનું મુખપત્ર પ્રબુધ્ધ જૈન રાષ્ટ્રની આઝાદીનું પ્રખર હિમાયતી હતું અને એ પત્રનું સ્વરૂપ જોતાં એ પત્ર સામાજિક છે કે રાજકીય એવી કેટલાકને શંકા પડતી. આઝાદી મળ્યા બાદ રાષ્ટ્રની નવરચનામાં પણ અમારો સંઘ અને અમારૂં મુખપત્ર એટલોજ રસ ધરાવતું આવ્યું છે.

(૨) કોમી ભાવનું વિસર્જન અને સર્વધર્મસમભાવનું સતત સમર્થન. મને કોઇ એમ પૂછે કે તમારા સંઘનો ઉદ્દેશ શો છે તો તેને હું જવાબ આપું છું કે અમારા સંઘનો ઉદ્દેશ જૈન સમાજને બને તેટલો અસાંપ્રદાયિક વૃત્તિવાળો બનાવવો એ છે. ટચાકમાં એમ પણ કહું છું કે અમારો ઉદ્દેશ જૈનોને 'અધાર્મિક' બનાવવાનો છે. પણ અહીં અધાર્મિક શબ્દનો અર્થ ધાર્મિક અભિનિવેશથી-પૂર્વગ્રહોથી મુકત કરવો એ મુજબ લેવાનો છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા અને એવી બીજી પ્રવૃત્તિઓ પાછળ આ ઉદ્દેશ રહેલો છે.

(૩) અમારી સાથે જોડાયલા સમાજને સંસ્કાર પ્રદાન કરવું અને સુરુચિનાં શિક્ષણ અને તાલીમ આપવાં એ પણ અમારા માટે હંમેશાં એક પ્રેરક ખ્યાલ રહ્યો છે.

(૪) વાણી સ્વાતંત્ર્યના અમે સદા પક્ષકાર રહ્યા છીએ અને વિચારવાણી તેમજ આચારમાં નીડરતા દાખવવી અને કેળવવી એ અમારો પ્રમુખ ઉદ્દેશ રહ્યો છે. પ્રબુધ્ધ જીવન અને આજ સુધીની અમારા સંઘની કારકિર્દી આ બાબતનો સંગીન પુરાવો છે.

સંઘની ત્રણ મુખ્ય પ્રવૃતિઓ આજ સુધી રહી છે. પ્રબુધ્ધ જીવન, પર્યુષણ વ્યાખ્યાનમાળા અને વાચનાલય-પુસ્તકાલય. અમારું લક્ષ્ય સાધારણ રીતે નવી નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાને બદલે ચાલતી પ્રવૃત્તિઓને વધારે વિશાળ, સંગીન તથા વિસ્તૃત બનાવવાનું રહ્યું છે.

સંઘની આજ સુધીની કારકિર્દી વિકાસનાં ઉત્તરોત્તર નવાં સીમાચિહ્નો સર કર્યાં છે. ૧૯૩૮માં કરવામાં આવેલ સંઘના બંધારણની નવરચના સંઘના ઇતિહાસમાં એક અગત્યનું સીમાચિહ્ન હતું. ગયા વર્ષે પ્રબુધ્ધ જૈન નામ બદલીને પ્રબુધ્ધ જીવન નામ ધારણ કરવામાં આવ્યું; આ વર્ષ દરમિયાન જૈન વિચાર સરણી પ્રત્યે આદર ધરાવનાર જૈનેતર વ્યકિતને પણ સંઘમાં સભ્ય તરીકે લેવાનો નિર્ણય કરવામાં આવ્યો-આ સંઘના વિકાસનું બીજું મહત્વનું સીમાચિહ્ન છે. આજે જે મોટા પાયા ઉપર સંઘનો રજતમહોત્સવ ઊજવાઇ રહ્યો છે તેમાંથી નવી શકિત અને નવા કાર્યકરો મેળવવાની અમો આશા સેવી રહ્યા છીએ.

જૈન સમાજની એકતા ઉપર અમે વર્ષોથી ખૂબ ભાર મૂકતા આવ્યા છીએ અને તેની સાધના અમારો એક મુખ્ય પ્રવર્તક હેતુ રહ્યો છે. પણ આજે જે એકતાની વાતો ચાલે છે અને ખ્યાલો રજૂ કરવામાં આવે છે અને અમે એકતાને જે રીતે વિચારીએ છીએ તેમાં થોડોક ફરક છે. આજે એકતાના પ્રચાર પાછળ મોટા ભાગે કોમી સંગઠ્ઠનની ભાવના રહેલી છે. પોતપોતાના આચારવિચારમાં જેને જેમ ઠીક પડે તેમ વિચારે અને વર્તે તેની સાથે અમારે લેવાદેવા નથી, પણ આપણે બધા જૈન તરીકે એક બનીએ અને કોમનું સંગઠ્ઠન અને તે દ્વારા ઉત્કર્ષ સાધીએ-આ રીતે આજે એકતાનો વિચાર અને પ્રચાર કરવામાં આવે છે. અમે એકતાદ્વારા પણ વસ્તુતઃ જૈન સમુદાયનું માનસિક ઊર્ધ્વીકરણ સાધવા ઇચ્છીએ છીએ. આ કારણે પેટા સંપ્રદાયમાં રહેલી અનિષ્ટ ધાર્મિક રૂઢિઓ, વહેમો અને માન્યતાઓને અમે પ્રારંભથી પડકારતા આવ્યા છીએ, મુર્તિપૂજાના નામ ઉપર ચાલતા અનેક પ્રકારના અતિરેકોનો અને વેશઘેલછાનો અમે મૂળથી વિરોધ કરતા આવ્યા છીએ અને તેનું નિયમન તેમ જ જરૂર હોય ત્યાં નિર્મૂલન કરવા માટે રાજ્યના કાયદાઓની માંગણી કરતા રહ્યા છીએ. મારો સંપ્રદાય ઊંચો અને બીજાનો નીચો એ ભાવના દૂર થાય, અન્યના ધાર્મિક કે સાંપ્રદાયિક મન્તવ્યો વિષે સમભાવ માત્ર નહિ, આદરભાવ પેદા થાય એ ખ્યાલથી અમે એકતાના વિચારને પોષતા આવ્યા છીએ. વળી જૈનોની એકતા એ અમારા માટે સમાજપ્રગતિનું છેવટનું નહિ પણ પ્રારંભનું સીમાચિહ્ન છે. તેમાંથી આગળ વધીને વિશાળ સમાજ સાથે તાદાત્મ્ય સાધવાની દિશા તરફ આપણે ગતિ કરવાની રહે છે. વિચારમાં ઉદારતા, વિશાળતા તેમજ ઊર્ધ્વગામિતા સાધવી એ અમારૂં ધ્યેય છે. જુનવાણી અને સ્થિતિચુસ્તતા, થાબડ થાબડ ભાણાં કરવાથી સધાતી એકતા, મૃગજળ સમાન અને આખરે પ્રત્યાઘાતી નીવડવાની છે. અમારૂં લક્ષ્ય સંગઠ્ઠન નહિ પણ ઊર્ધ્વગમન છે.

સંઘ સાથે મારો અંગત સંબંધ કયા પ્રકારનો રહ્યો છે તે વિષે થોડીક સ્પષ્ટતા કરું તો અસ્થાને નહિ ગણાય ઝવેરી બજાર સાથે જકડાયલું વર્ષો પર્યન્તનું મારું જીવન-આ હકીકતે સંઘ સાથે મારા ગાઢપણે સંકળાયેલા રહેવામાં બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે. મારા જાહેર જીવનની શરૂઆત પણ જૈન સમાજ સાથેના સંબંધથી થઇ છે. સંઘની ઘણી ખરી પ્રવૃત્તિઓમાં મેં અગ્રભાગ ભજવ્યો છે. સંઘના મુખપત્રનું હું વર્ષોથી સંપાદન કરતો રહ્યો છું. આ રીતે સંઘ સાથે મારું તાદાત્મ્ય દૃઢ રીતે કેળવાતું રહ્યું છે. આ કહું છું.

ત્યારે મારા સ્વ. સાથી મણિભાઇ મને યાદ આવે છે. તેમની રગે રગે સંઘ વ્યાપેલો હતો. સંઘના ખરા પ્રાણ તે હતા. તેમના અને મારા સંઘ પ્રત્યેના અભિગમમાં ફરક હતો. સંઘ તેમને મન સર્વસ્વ હતુ. હું બહારની દૃષ્ટિએ તદાકાર હોવા છતાં સંઘને તટસ્થ ભાવે સદા જોતો રહ્યો છું અને આજની અનેક જાહેર સંસ્થાઓમાં સંઘનું કેટલું નાનું અને નજીવું સ્થાન છે એનો મને પૂરો ખ્યાલ છે. સંઘ એ મારે મન કદી સર્વસ્વ બનેલ નથી. આમ છતાં જેની સાથે જોડાયા તેની બને તેટલી સેવા કરી છૂટવું, તેને બને તેટલું ઊંચે લેવા પ્રયત્ન કરવો એવી મારી વૃત્તિ રહી છે. સંઘની આ દૃષ્ટિએ અને આ ધોરણે મેં સેવા કરી છે. સંઘ સંસ્થા તરીકે એક નાની સરખી સંસ્થા છે, તેનું કાર્ય પરિમાણ પણ અલ્પક્ષેત્ર-સ્પર્શી છે. આમ છતાં પણ સંઘનું જે કાંઇ કામ થયું છે અને થાય છે તે નિર્મળ પાણી વહાવતા ઝરા જેવું છે, નાના સરખા ખુણાને અજવાળતા નિર્મળ પ્રદીપ સમું છે. તેણે કદી એક પણ પાછું પગલું ભર્યું નથી, અસત્ય સાથે બાંધછોડ કરી નથી, પોતાના નિશ્ચિત સિધ્ધાન્તોને વળગી રહીને ચાલતાં તેણે લાભાલાભની કદી ગણતરી કરી નથી.

સંઘ પ્રત્યે અને એ રીતે આખા જૈન સમાજ પ્રત્યે મારુ વલણ એક રેલ્વે ટ્રેનના એક ડબામાં બેઠેલા એક પેસેન્જરનું એજ ડબામાં બેઠેલા અન્ય પેસેન્જરો પ્રત્યે હોય તેવું સમસંવેદન અને સહાનુભૂતિનું રહ્યું છે. એ પેસેન્જરના દિલમાં અન્ય ડબાઓમાં બેઠેલા પ્રત્યે ન હોય અભાવ કે ન હોય કોઇ જુદાઇનો ભાવ, સમીપસ્થ હોય તેની સેવા કરવી એ જ માત્ર વૃત્તિ તેના દિલમાં હોય છે. આજ ભાવ જન્મથી જેની ખુબ નિકટમાં રહેવાનું બન્યું છે તે જૈન સમાજ પ્રત્યે મારા દિલમાં રહેલો છે. વળી સંપ્રદાય કે કોમી ભાવનુ કોકડું વધારે મજબૂત કરવું એમ નહિ પણ એ કોકડા કે કોશેટામાં પુરાયલા સમુદાયને તેમાંથી મુકિત અપાવવી એવી મારી અને અમારા સંઘની ભાવના રહેલી છે.

સંઘનો મારી ઉપર અમાપ ઉપકાર છે એ પણ મારે અહીં જણાવવું જ જોઇએ. સંઘે અને ખાસ કરીને પ્રબુધ્ધ જૈન યા જીવનની ચાલુ જવાબદારીએ મારા વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે અને મારી શકિતઓનું ભાન કરાવવામાં મને બહુ મદદરૂપ બનેલ છે. વસ્તુતઃ બન્ને એકમેકને ઘડતા રહ્યા છીએ.

આજે મારા એક સાથીએ જણાવ્યું કે સંઘે પહેલાં માફક હજુ પણ સમાજને વિચારના આંચકા આપવાની જરૂર છે. પહેલાં હતું એવું આજે નથી એજ રીતે જે વિચાર કરવાની ટેવવાળાને કદાચ આમ લાગે, પણ આજે એ સમય રહ્યો જ નથી કે કોઇ પણ નવો વિચાર સમાજને પહેલાં માફક આંચકો આપે અને તેમાંથી સંઘર્ષ પેદા થાય. વિચારના ક્ષેત્રમાં સમાજ ખૂબ આગળ વધેલ છે. જે વિચારોનું પચાસ વર્ષ પહેલાં સ્વપ્ન પણ આવતું નહોતું તે વિચારો આજે ચોતરફ રમતા થયા છે દા. ત. લગ્ન વિચ્છેદ, હરિજન મંદિર પ્રવેશ, સંતતિ નિયમન, માત્ર વર્ણાન્તર નહિ પણ જાત્યન્તર લગ્નો, ખાનપાનની છૂટછાટ. આજે જરૂર છે વિચારમાં વિવેકની અને તે વિવેકને અનુરૂપ ઊર્ધ્વગામી આચારની. તે દિશાએ જે કાંઇ કરીશું તે લેખે લાગવાનું છે.

આજે છવીશ વર્ષના ગાળા ઉપર મારી દૃષ્ટિ દોડાવું છું અને સંઘની સ્થાપના થઇ ત્યારે જે પ્રશ્નો હતા તેનો વિચાર કરુ છું ત્યારે મન અમુક અંશે સંતોષ અનુભવે છે કે એ પ્રશ્નો મોટા ભાગે ઉકેલાઇ ગયા છે. તત્સંબંધે વિચારમાં તો પલટો થઇ જ ચૂકયો છે. આજે બાલ દીક્ષાના ભાગ્યેજ કીસ્સા બને છે. અને તેમાં પણ ભગાડી નસાડીને લોભ લાલચમાં ફસાવીને છુપી રીતે નાના છોકરાઓને દીક્ષા અપાતી હતી તે જંગલીપણું તો હવે ભૂતકાળની બીના બની ગઇ છે; સાંપ્રદાયિક એકતાને આજે હવે સૌ કોઇ આવકારે છે; ઉચ્ચ શિક્ષણ પાછળ સ્થિતિચુસ્ત માબાપોના છોકરાઓ પણ હવે દોડી રહ્યા છે; દેવદ્રવ્યનો હજુ સીધી રીતે નહિ પણ આડકતરી રીતે સામાજિક ઉપયોગ કરવાનું સ્થિતિચુસ્તો હસ્તક ચાલતા મંદિરોમાં શરૂ થઇ ચૂકયું છે; સાધુશાહીનો દબાબ પહેલાં કરતાં ઘણો ઓછો થયો છે.

પણ આમ સંતોષ માનીને વિરામ કરવાનું આપણને પાલવે નહિ. જૂની બાબતો પતી ગઇ તો નવી બાબતો અને નવી ઘુંચો પેદા થઇ છે, નાનું વર્તુલ છોડયું તો મોટું વર્તુલ અને મોટી સમસ્યાઓ આપણે હલ કરવાની છે. આ વસ્તુ સ્થિતિ આપણે ના ભૂલીએ.

સંઘના ભાવી ઉત્કર્ષ વિષે કલ્પનાઓ કરતાં સંઘ મુંબઇ શહેરનું એક અગત્યનું સંસ્કાર કેન્દ્ર બને જેમાંથી હવે માત્ર જૈન સમાજ જ નહિ પણ વિશાળ જન સમાજના વિચારવાણી અને આચારને સંસ્કારે એવી નવી નવી પ્રવૃત્તિઓ વહેતી થાય એવો અમારો મનોરથ છે. આજની ઊગતી પ્રજાને તેમાં સાથ આપવા અમારું નિમંત્રણ છે.

આજની ઊગતી પ્રજાનો વિચાર કરું છું ત્યારે તેની એક બાજુ જોતાં મને આનંદ થાય છે અને બીજી બાજુ જોતાં ગ્લાનિ થાય છે. આજનો યુવક એક મોટામાં મોટો પ્રણાલિકાભંજક છે. તેને જૂની કોઈ પ્રણાલિ કે પરંપરા બાંધતી નથી. તે પોતાનો વ્યવહાર પોતાના વિચાર મુજબ ઘડવા માગે છે. તે વિચાર અને આચારની સ્વતંત્રતા માગે છે. અને આપે છે. તે કોઇથી ડરતો નથી કે દબાતો નથી આ છે તેની આનંદજનક બાજુ.

પણ તે ભારે સ્વાર્થપરાયણ અને ભોગપરાયણ દેખાય છે. તે પોતાનો જ વિચાર કરે છે; બીજાનો વિચાર તે કરતો નથી, કરવાની તેને ફુરસદ નથી કે પરવા નથી; તે વાસ્તવિકતાનો પૂજારી છે; તેનામાં કોઇ આદર્શની પ્રેરણા કે ઉપાસના દેખાતી નથી. આ બાજુ જોતાં મન ગ્લાનિ અનુભવે છે.

અમારા મુખપત્રનું એક વાર સૂત્ર હતું કે યુવક સૃષ્ટિનો સરજનહાર છે. આજે પણ આ સૂત્ર એટલું જ સત્ય છે. આ સર્જન વિલાસિતા માંથી નથી થઇ શકવાનું. તે માટે તેણે તપ કરવું પડશે; ત્યાગ કરવો પડશે; સંયમ કેળવવો પડશે. પંડિત જવાહરલાલ નહેરૂએ હમણાંજ આપણને એક સૂત્ર આપેલ છે કે 'આરામ હરામ હય.' આજના યુવકોએ આ પ્રતિજ્ઞા લેવી જોઇશે. કામ-કામ અને કામ. ધ્યેયની સતત ઉપાસના સિવાય બીજું કશું જ ખપે નહિ તોજ આપણને મળેલી આઝાદીને આપણે સફલ બનાવી શકીશું, તો જ આપણા જનસમુદાયને પ્રાણવાન-પુરૂષાર્થયુકત બનાવી શકીશું. આપણ સર્વમાં સદા સન્મતિ અને સદ્વૃત્તિનો ઉદય થતો રહે; આપણામાં અનેરો પુરુષાર્થ પ્રગટે; આપણ સર્વ પ્રેયને છોડીને શ્રેયના સાચા ઉપાસક બનીએ! એ જ પ્રાર્થના.!

### શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ત્યારબાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સંઘના ૨૬ વષના વૃતાન્તને અનુલક્ષીને બોલતાં જણાવ્યું કે "મુંબઇ જૈન યુવક સંઘના રજત મહોત્સવ પ્રસંગે મારે ઘણું કહેવાનું છે, પરન્તુ મને સમય ઓછો આપવામાં આવેલ છે, એટલે આ પ્રસંગે હું બે બાબતોનો જ ઉલ્લેખ કરીશ.

પ્રથમ તો એ કહીશ કે મુંબઇ જૈન યુવક સંઘનો જન્મ એક બળવાખોર સંસ્થા તરીકે થયો છે, અને તેવી સંસ્થા ૨૬ વર્ષથી જીવી રહી છે. આ સંસ્થા બળવાખોર રહી શકે ત્યાં સુધી જ જીવે તેમાં તેની મહત્તા છે, નહિતર આ સંસ્થાના અસ્તિત્વની કોઇ જરૂરીઆત નથી.

આ સંસ્થાને મે ક્રાન્તિકાર કહી નથી, પરન્તુ બળવાખોર કહેલ છે; કારણ કે જીવનના બધાં મૂલ્યોનું જે સંસ્થા પરિવર્તન આણે તે સંસ્થા ક્રાન્તિકાર કહી શકાય. તે નામ ઘણું ભારે છે.

મુંબઇ જૈન યુવક સંઘે અમુક ક્ષેત્રમાં પરિવર્તન આણવા પ્રયત્ન કરેલ છે અને તેથી તેને મેં બળવાખોર સંસ્થા તરીકે વર્ણવી છે.

મુંબઇ જૈન યુવક સંઘે જૈન સમાજમાં કાર્ય કરેલ છે, એટલુંજ નહિ પરન્તુ રાષ્ટ્રીય ક્ષેત્રે પણ પોતાનો ફાળો આપ્યો છે. શ્રી પરમાનંદ ભાઇએ સંઘના અહેવાલમાં ખીસકોલીના આત્મસંતોષ તરીકે આ બાબતને વર્ણવી છે. જેમ રામે શેતુબંધ બાંધ્યો અને ખીસકોલીએ કાંકરી પૂરીપૂરીને સંતોષ અનુભવ્યો તેવીજ રીતે યુવક સંઘે રાજકીય ક્ષેત્રે ભલે ખીસકોલી જેટલો ફાળો આપ્યો હોય તો પણ મુંબઇ જૈન યુવક સંઘ માટે તે આત્મસંતોષનો વિષય છે અને તે માટે તે ગૌરવ અનુભવે તો યથાર્થ જ છે. શ્રી પરમાનંદભાઇ લખે છે ત્યારે શબ્દોની પસંદગી ભાષાવૈભવ વધારવા માટે કરતા નથી, પરન્તુ બહુજ વિચારપૂર્વક શબ્દો પસંદ કરે છે. રાજકીય ક્ષેત્રે ખીસકોલીનો આત્મસંતોષ એ શબ્દની પસંદગી પણ તેટલીજ યથાર્થ છે.

મુંબઇ સંઘે નવા બંધારણની રચના કરી ત્યારે તેણે જે ઉદ્દેશો નક્કી કર્યા તે પૈકીના બે ઉદ્દેશો નીચે મુજબ છે. એક તો ધર્મ અને સમાજના નામે ચાલતાં પાખંડો ખુલ્લાં પાડવાં અને સમાજ પ્રગતિને રૂંધતા અનેક ધાર્મિક તેમજ સામાજિક વહેમોનો તથા કુરૂઢિઓનો જૈન સમાજમાંથી ઉચ્છેદ કરવો. આ શબ્દો આકરા છે. આજે આપણને નથી લાગતાં, પરંતુ જે સમયે આ શબ્દો વપરાયેલ છે તે સમયે આ શબ્દો વાપરવા માટે કેટલી હિંમત જોઇએ તેનો વિચાર કરી જોશો. આજે આ શબ્દો આપણને આકરા નથી લાગતા કેમ કે સાધુ–સાધ્વીઓનો દોર હવે ઢીલો થયો છે એમ આપણને લાગે છે. જો કે આ હકીકત બરાબર છે કે કેમ તેની મને ખબર નથી. સાધુ સાધ્વીઓનો દોર બહુ ઢીલો પડયો છે એમ કહેવાની મારી હિંમત ચાલતી નથી.

આજે જૈનોના બધ ફિરકાઓની એકતાની વાતો થઇ રહી છે. આ પ્રશ્ન અંગે જુનવાણી માનસ પ્રગટ રીતે વિરોધ કરતો નથી, કેમકે તેમ કરવાની આજના યુગે તેમનામાં હિંમત નથી, છતાં તેઓ પોતાની રીતે આ પ્રશ્નોને વેગ મળતો અટકાવે છે ખરા. એકતાના પ્રશ્નમાં થોડું પરિવર્તન કરવા દેવા તેઓ તૈયાર બને છે પરન્તુ જ્યારે નક્કર એકતાની વાત આવે છે, ત્યારે સામ્પ્રદાયિક મમત્વ દેખાયા વિના બહાર આવ્યા વિના રહેતું નથી. બધા ફિરકાઓની કોન્ફરન્સના અધિવેશનમાં પણ એકતા અંગે સુંદર શબ્દોમાં ભાષણો થાય છે તેમજ ઠરાવો થાય છે, પરન્તુ અમુક વર્ગમાં સામ્પ્રદાયિક મમત્વ એટલું ભર્યું પડયું છે કે નક્કર એકતાની દિશામાં એક પણ પગલું તે આગળ વધવા દેતું નથી. બિનસામ્પ્રદાયિક માનસવળી કોઇ પણ સંસ્થા હોય તો તે માત્ર મુંબઇ જૈન યુવક સંઘ છે. આ સંસ્થાના પ્રાણરૂપ શ્રી મણિલાલ મોકમચંદ શાહ આજે આપણી વચ્ચે નથી, પરન્તુ પ્રાણરૂપ બીજી વ્યકિત શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ છે. આ બને વ્યકિતઓના બિનસામ્પ્રદાયિક માનસને કારણે મુંબઇ જૈન યુવક સંઘ તદ્દન બિનસામ્પ્રદાયિક રહ્યો છે અને ૨૫ વર્ષ સુધી એક ધારી રીતે બિનસામ્પ્રદાયિક રીતે કામ કરેલ છે.

મને આ સંસ્થા સાથે છેલ્લાં ૧૨ વર્ષથી કામ કરવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમના બધા વિચારો સાથે હું સહમત હોઉં એવું હોતું નથી છતાં પણ શ્રી પરમાનંદભાઇમાં સત્યનિષ્ઠાનો–પોતાને જે ખરૂં લાગે તે કહેવાનો જે ગુણ છે તેના તરફ આકર્ષાઇને અમો બને ત્યાં સુધી તેમને અનુકૂળ થવા પ્રયત્ન કરીએ છીએ. પ્રબુધ્ધ જીવનમાં જે લખાણો આવે છે તે પ્રચારલક્ષી નહિ, પરન્તુ સત્યલક્ષી હોય છે. પ્રબુધ્ધ જીવનમાં લખતી વખતે, પોતે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન છે એવું કદી પરમાનંદભાઇને યાદ નહિ આવ્યું હોય. હું સ્થાનકવાસી છું એવું મને કોઇ વખત થઇ આવ્યું હશે, પરન્તુ શ્રી પરમાનંદભાઇએ કદી સાંમ્પ્રદાયિક મનોવૃત્તિ સેવી નથી અને તેથીજ તેમની સાથે કામ કરવામાં મને આનંદ થાય છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રાણરૂપ બે કાર્યકર્તાઓ પૈકી શ્રી મણિભાઇની કામ કરવાની શકિત અને તરવરાટ જુદાં હતાં. કોઇ પણ કાર્ય માટે રૂપીઆ એકઠા કરવાની તેમનામાં શકિત હતી. શ્રી પરમાનંદભાઇ જન્મથી જૈન છે, પરન્તુ સ્વભાવે બ્રાહ્મણ છે. રૂપીઆ લાવવાની તેમનામાં શક્તિ નથી, પરન્તુ વિચારોની સમૃદ્ધિ તેમનામાં ભરેલી છે. જ્યારે પરમાનંદભાઇ 'પ્રબુદ્ધ જૈન'ને 'પ્રબુધ્ધ જીવન' નામ આપવાનો મેનેજીંગ કમિટીમાં ઠરાવ લાવ્યા, ત્યારે પુષ્કળ ચર્ચા થઇ; આમ છતાં શ્રી પરમાનંદભાઇ સત્યનિષ્ઠાપૂર્વક કોઇ પણ કામ કરે ત્યારે તેમને અનુકૂળ થવાનો અમો પ્રયત્ન કરીએ છીએ, અને તેથી પ્રબુધ્ધ જીવન નામ આપવાનું મેનેજીંગ કમિટિએ સ્વીકાર્યું.

જૈનોની એકતા સાધવાની દિશામાં સક્રિય કાર્ય કરવા માટે દિલ્હીમાં એક સમારંભ થયો હતો અને મુંબઇમાં પણ તેવો સમારંભ થનાર છે, પરન્તુ સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે આગળ વધેલા જૈનો ધાર્મિક ક્ષેત્રે એક ઇંચ પણ આગળ વધવા તૈયાર થતા નથી એ દુઃખદાયક હકીકત છે. ધાર્મિક ક્ષેત્રે કાનો, માત્રા, મીંડી કે પદમાં ફેરફાર થાય તો વિતરાગની આજ્ઞાનું ઉલ્લંઘન થવાનો ભય સેવે છે! આ જાતનું માણસ કેળવાયેલો વર્ગ પણ ધરાવે છે એ વિશેષ દુખદાયક બીના છે. જયારે કોઇ Concrete Proposal નક્કર યોજના એકતાની દિશામાં રજૂ થાય છે, ત્યારે આ વર્ગ પણ એક તસુ જેટલો આગળ વધતો નથી અને યોજના અટકી જાય છે. આ દૃષ્ટિએ જોઇએ તો જૈન સમાજમાં મુંબઇ જૈન યુવક સંઘ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એકતાની દિશામાં તેમણે કદી સામ્પ્રદાયિક મનોવૃત્તિ સેવેલ નથી.

મુંબઇ જૈન યુવક સંઘ પોતાના ઉદ્દેશોનો અત્યાર સુધી વળગી રહેલ છે અને સાથીઓનો સાથ ગુમાવવો પડે તો ગુમાવેલ છે, પરન્તુ સિદ્ધાન્ત જતો કરેલ નથી. મુંબઇ જૈન યુવક સંઘમાં કોઇ કોઇ વખતે વિચારોનું ઘર્ષણ થયું છે અને પોતાના ઉદ્દેશોને વળગી રહેવા માટે, સંઘે ઘણા સભ્યોનો સાથ જતો પણ કરેલ છે, પરન્તુ સિદ્ધાન્તોને ભોગે સંઘે કદી આર્થિક સહકાર મેળવવા કે અન્ય સહકાર મેળવવા પ્રયત્ન કરેલ નથી; આ છે મુંબઇ જૈન યુવક સંઘની વિશિષ્ટતા.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા યોજાય છે તેની પાછળ પણ એ જ દૃષ્ટિ છે કે તમો નવા વિચારો માટે તમારા કાન ખુલ્લા રાખો અને તમને જે ઠીક લાગે તે તેમાંથી ગ્રહણ કરો. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોએ કદી નવી વિચારધારા માટે પોતાના કાન બંધ રાખેલ નથી; તે હંમેશા નવા વિચારો ગ્રહણ કરે છે, સત્યની કસોટી પર કસે છે અને યોગ્ય લાગે તેટલું અપનાવવા તત્પર રહે છે. પર્યુષણ પર્વ દરમ્યાન અને સંવત્સરીને દિવસે પણ અન્ય કાર્યક્રમો જતા કરીને પણ લોકો પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળામાં આવે છે તે બતાવે છે કે લોકો આજે વિચારતા થયા છે, માત્ર જરૂર છે નવા વિચારો આપનારની આ નવા વિચારો આપવા માટે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા યોજાય છે.

આ યુવક સંઘના રજત મહોત્સવ પ્રસંગે પં. સુખલાલજી અને પં. બેચરદાસજીનું સંઘ બહુમાન કરવા ઇચ્છે છે તે પણ સંઘની વિચારસરણીને બરાબર અનુરૂપ જ છે. સંઘ હંમેશાં નવી વિચારસરણી અપનાવતો આવ્યો છે અને તેથી તે બંડખોર સંસ્થા તરીકે ઓળખાય છે. આ બે પંડિતો પણ બંડખોર પંડિતો તરીકે જાણીતા છે. તેઓએ બધા દર્શનોનો અભ્યાસ કરેલ છે અને માત્ર શબ્દોને જડપણે વળગી ન રહેતાં, આ બે પંડિતો શબ્દો પાછળના રહસ્યને પકડવા પ્રયત્ન કરે છે અને ખરી વસ્તુ સમાજ પાસે નીડરપણે રજૂ કરે છે. આવા પંડિતોનું સન્માન શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થાય તે યથાર્થ જ છે."

★

આજના સંમેલનનો કાર્યક્રમ બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પહેલો વિભાગ સંઘના પોતાના રજત મહોત્સવને અંગેનાં જરૂરી નિવેદનો તથા વિવેચનો કરવાનો હતો તે અહીં પૂરો થયો.

પ્રસ્તુત રજત મહોત્સવ પ્રસંગે જૈન સમાજના બહુમાન્ય બે પંડિતો જેમણે વિચાર સ્વાતંત્ર્યની ઉપાસના ખાતર ઘણું સહ્યું છે અને જેમની સત્યનિષ્ઠા અને મૌલિક વિચારણા માટે જૈન જૈનેતર વિદ્વાનો અતિશય આદર ધરાવે છે એવા પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસ જીવરાજ દોશીને અતિથિવિશેષ તરીકે સંઘ તરફથી નિમંત્રવામાં આવ્યા હતા અને એ નિમંત્રણને માન આપી ને તેઓ બન્ને આ સંમેલનમાં ઉપસ્થિત થયા હતા. તેમનો બહુમાનવિધિ બહેન ગીતા પરીખે કેટલાએક સમય પહેલાં પંડિત સુખલાલજીને લક્ષ્યમાં રાખીને એક કાવ્ય બનાવેલું તે કાવ્યના ગાનથી શરૂ થયું હતું. બહેન ગીતાએ ગાએલું એ કાવ્ય :—

### પ્રજ્ઞાચક્ષુ

અન્તરમાં આનંદ, જાગે અન્તરમાં આનંદ!
ગુંજે ગુંજે રોમ રોમમાં. નવું ગીત, નવ છંદ...જાગે૦
આજ વિલાઈ નેણ પરેથી જગની ઝાકઝમાળ,
દૂર થઈ પાંપણ પડદેથી ઇન્દ્રધનુની જાળ;
આજે ના મુજ નૈન સૂર્ય કે શશિ, તારલાવૃંદ,
રંગલીલા નિરખું નવ તો યે, જરી ન મુજને રંજ...જાગે૦
બિડાયલાં નયણાંએ મેલ્યો તેજ તિમિરનો ભેદ,
અજવાળે આનંદ ન માણ્યો, અંધારે નવ ખેદ;
મનમંદિરકેરા દીપકનું તેજ નહિં અવ મંદ,
ઝળહળ સઘળું થાય, અહો હું અંધારે નહિ અંધા....જાગે૦

ત્યારબાદ શ્રી સુરજચંદ્ર ડાંગીએ કાકા સાહેબ કાલેલકર તથા ઉભય પંડિતોને અનુલક્ષીને રચેલું એક કાવ્ય સંભળાવ્યું.

### શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ ઉભય અતિથિવિશેષને આવકારતાં જણાવ્યું કે "અમારો યુવક સંઘ પ્રારંભથી આજ સુધી એક બળવાખોર સંસ્થા છે અને એના આત્મારૂપ અમારા શ્રી પરમાનંદભાઇ છે. આવી સંસ્થાના સમારંભના અતિથિવિશેષ તરીકે પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં જેમનો વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવા બે બળવાખોર પંડિતો અમારા નિમંત્રણને માન આપીને અહીં પધાર્યા છે તેમને આવકારવા, તેમનું બહુમાન કરવા હું ઊભો થયો છું. આ બન્ને પંડિતો પાસેથી વિચાર સ્વાતંત્ર્યની અને નીડર વિચારણાના અમે પાઠો શિખ્યા છીએ, સંઘ સાથે તેમનો પ્રારંભથી આજ સુધી બહુ ગાઢ સંબંધ રહ્યો છે; પોતાનાં સ્વતંત્ર મંતવ્યો રજૂ કરવા જતાં જૈન સમાજ તરફથી તેમને ખૂબ સહેવું પડયું છે. એમ છતાં આજે તેઓ અણનમ ઊભા રહ્યા છે અને જૈન સમાજને જે કાંઇ સત્ય કહેવા જેવું હોય તે કહી રહ્યા છે. પંડિત સુખલાલજી તો અમારી પર્યુષણ વ્યાખ્યાન માળાના પ્રારંભથી આજ સુધી સૂત્રધાર બન્યા છે. આ બન્ને પંડિતોને અમારા સંઘ તરફથી આવકારું છું અને અમારી તેમ જ આપ સર્વ તરફથી તેમનું બહુમાન કરું છું અને તેમની કૃપા અમારી ઉપર આજ સુધી જેવી હતી તેવી સદા કાળ વહેતી રહો એવી તેમને પ્રાર્થના કરું છું. આમ કહીને પંડિત સુખલાલજી તથા શ્રી ભુજપુરીઆએ પંડિત બેચરદાસનું સુખડની પુષ્પ માળ વડે બહુમાન કર્યું.

### શ્રી દલસુખભાઇ માલવણીઆ

ત્યાર બાદ બનારસ હિંદુ યુનિવર્સીટીમાં પંડિત સુખલાલજી જૈન શાસ્ત્રના અધ્યાપક પદેથી નિવૃત્ત થયા બાદ તેમનું સ્થાન લેનાર પંડિત દલસુખભાઇ માલવણીઆએ શ્રી ભુજપુરીઆના આવકાર વચનનું અનુમોદન કરતાં જણાવ્યું કે—

'આપણે જે બે પંડિતોનું અભિનંદન કરવાનું છે તેમને આપણામાંના ઘણાં સારી રીતે જાણે જ છે. તે બન્ને પંડિતોને આવા આવા અભિનંદનો ગમતાં નથી એટલે એ માટે તેમને અહીં લાવવામાં શ્રી પરમાનંદભાઇને જે મુશ્કેલી પડી છે તે હું જાણું છું. અભિનંદન માટે જ્યારે તેઓ રાજી ન થયા ત્યારે શ્રી પરમાનંદભાઇએ તેમને અતિથિવિશેષરૂપે બોલાવ્યા અને તેમનું અભિનંદન કરવા માટે આજનો પ્રસંગ ગોઠવ્યો.

શ્રી પંડિત બેચરદાસજીને જોનારને તો લાગે છે કે એક નમ્ર સરલ અને સીધી વ્યકિત આપણી સામે છે, પણ તેમના હૃદયના ઊંડાણમાં જે વિચારોની ઉગ્રતા હતી તે જુદી જ હતી. જેમણે માત્ર તેમના વિચારો જ વાંચ્યા હોય અને અને તેમને જોયા ન હોય તેમની કલ્પનામાં બેચરદાસજી એક કઠોર અને કડક વ્યકિત હોય છે.

માંગરોળ જૈન સભામાં યુવાન અવસ્થામાં પંડિતજીએ દેવદ્રવ્ય વિષે જે વ્યખ્યાન આપ્યું હતું તે સાંભળી અને વાંચીને ઘણા ઉકળી ઉઠયા હતા. અને જાણે જૈન ધર્મનો સત્યાનાશી કોઇ જાગ્યો હોય એવી લાગણી ઘણાએ અનુભવી હતી. અમદાવાદનાં એક વ્યકિત તો તેઓને હાથમાં પડે તો સારી રીતે ઠમઠોરવા માટે રાહ જોઈ રહ્યા હતા. દશ બાર વર્ષે જ્યારે તેઓ તેમને મળ્યા ત્યારે તેમનું ગરીબડું મોઢું જોઇને તેને વિશ્વાસ જ ન થયો કે આ પં. બેચરદાસજી હશે. આજ વૈષમ્ય તેમના આંતર–બાહ્યમાં છે.

વિધવા માતાના પુત્ર પંડિતજી અનેક કષ્ટો વેઠીને ભણ્યા. બનારસમાં શ્રી યશોવિજયજી પાઠશાળામાં રહી સંસ્કૃત, વ્યાકરણ, સાહિત્ય અને ન્યાયનો તથા પ્રાકૃત ભાષાનો અભ્યાસ કર્યો. અને તેમની સત્યનિષ્ઠાએ ચાલુ રૂઢિઓ વિરૂધ્ધ લખાણ કરવા તેમને પ્રેર્યો. પરિણામે રૂઢ સમાજમાં એક ક્રાન્તિકારી પંડિત તરીકે પ્રસિદ્ધ થયા. પંડિત સુખલાલજીનો સહકારમાં સન્મતિ તર્કગ્રન્થનું સંપાદન કર્યું અને તેથી તેમની કીર્તિ વિદ્વાનોમાં પણ ફેલાઇ. પ્રાકૃત ભાષાના તો એ પંડિત ગણાય છે. પ્રાકૃતભાષાઓનાં વ્યાકરણ લખવા ઉપરાંત તેમણે અનેક ભગવતી જેવા કઠિન આગમોનો ગુજરાતીમાં અનુવાદ પણ કર્યો છે. મુબઇ યુનિવર્સીટીમાં થોડા વર્ષો પહેલાં ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ એ વિષે વ્યાખાન આપવા તેમને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

તેમના વિચારોની ઉગ્રતા આજે ૬૪ વર્ષની વયે શાંત પ્રવાહરૂપે વહેતી દેખાય છે અને આજકાલના તેમનાં લખાણો એક માત્ર સર્વધર્મ સમન્વયને લક્ષમાં રાખીને થાય છે.

પંડિત સુખલાલજીના વ્યકિતત્વને એક શબ્દમાં વ્યકત કરવું હોય તો અપ્રમત્ત રૂપે આપણે તેમને જણાવા જોઇએ. આ સભામાં એક આસને ટટ્ટાર બેસનાર જો કોઇ વ્યકિત શોધવી હોય તો તે પંડિતજી જ મળશે. આમ ૭૪ વર્ષની ઉમરે તેઓ જેમ શારીરિક દૃષ્ટિએ શિથિલ નથી. તેમ આંતરિક દૃષ્ટિએ પણ સદા જાગ્રત છે. એટલે તેમના જીવનનું રહસ્ય તેમના અપ્રમાદમાં જ આપણે શોધી શકીએ છીએ. સાત ગુજરાતી ભણ્યા પછી ૧૬ વર્ષની ઉમરે આંખે અંધ થયા છતાં પણ જે સિદ્ધિઓ તેમને વરી છે તેનું કારણ તેમનો અપ્રમાદ જ છે.

અંધ થયા પછી સૌરાષ્ટ્રના નાના ગામડા લીમડીમાં સાધુઓ પાસેથી જે કાંઇ મળ્યું તે સાત વર્ષ સુધી ભણતા રહ્યા. અને પછી બનારસની યશોવિજય પાઠશાળામાં જઇને ભણ્યા. ગાડીની મુશ્કેલીઓનું વર્ણન આજે પણ જ્યારે તેમની પાસેથી સાંભળીએ છીએ ત્યારે આવી સ્થિતિમાં હેમખેમ તેઓ બનારસમાં પહોંચ્યા એ જ મોટું આશ્ચર્ય છે, આજે તો સરલતાથી બનારસી પંડિતો જૈનોને વિદ્યાદાન કરે છે, પણ એ સમય જુદો હતો. પૈસા આપવા છતાં રૂઢ દૃષ્ટિનાં વિદ્વાનો નાસ્તિક ગણાતા જૈનોને ભણાવવામાં પાપ ગણતા. છતાં પંડિતજીએ પોતાનો માર્ગ તીવ્ર જિજ્ઞાસા અને વિનય વડે સરલ કર્યો, અને વ્યાકરણ, સાહિત્ય, ન્યાય

18



આદિ વિવિધ વિષયોના પંડિત બન્યા. પં. બેચરદાસજીની જેમ તેમણે પણ વ્યાખ્યાનો અને લેખો દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરવા માંડયા. અને લોકોમાં સુખલાલ અને બેચરદાસની જોડી સુધારકોના રૂપમાં પ્રસિદ્ધિને પામી. વિચારોની ઉગ્રતા છતાં તાર્કિક દલીલોને કારણે પંડિત સુખલાલજીના અણગમતા લખાણોએ ૨૯ લોકોને વિચારતા તો કરી જ મૂકયા છે, અને તેમની વિરૂધ્ધની દલીલો આપી કલમ ચલાવવાનું સાહસ કવચિત જ કોઈએ કર્યું છે.

તેમના ગ્રંન્થોનો જ પરિચય પામેલી વ્યકિત જયારે પંડિતજીને અંધ રૂપે જુએ જાણે છે ત્યારે મહદ્‌ ્નો અનુભવ કરે છે. અને સ્હેજે તેમને પ્રજ્ઞાચક્ષુનું બિરૂદ અ ા દે છે.

અહીં મેં આપણા પૂજય બંને પંડિતોની ઓળખાણ બહુ જ ટૂંકમાં આપી છે. પણ તેમનું બહુમાન જે આપણે આજે કરી રહ્યા છીએ અને એ ઋણનો સ્વીકાર આપણે આજે કરી રહ્યા છીએ. એ ઋણનો બોજો તો જ હળવો થાય જો નવી પેઢીમાંથી યુવાનો આગળ આવીને સમાજનું નેતૃત્વ સ્વીકારે. એ એક આશ્ચર્ય છે કે યુવક સંઘનો પચીસ વર્ષનો આ રજત મહોત્સવ ઉજવાય છે ત્યારે મંચ ઉપર કોઇ નવા નેતાને હું જોતો નથી. આ સ્થિતિ જવી જોઇએ અને આપણા યુવાનોએ આગળ આવી આપણા આ બધા ઘરડા-યુવાન નેતાઓનું સ્થાન લેવું જોઇએ: આમ થશે તો આપણો આ ઉત્સવ સાર્થક થશે.

### શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ

ત્યાર બાદ મુંબઇ સરકારના મજૂર પ્રધાન—**શ્રી શાંતિલાલ હરજીવન શાહ** જેઓ સંઘના વર્ષો જૂના સભ્ય છે તેમણે વિશેષ અનુમોદન કરતાં જણાવ્યું કે "યુવક સંઘમાં કામ કરવા માટે મેં એટલું નક્કી કર્યું છે કે પરમાનંદભાઇજયારે પણ જે આજ્ઞા કરે તે સ્વીકારી લેવી પણ આ બન્ને પંડિતજીઓ અંગે બોલવાનું સ્વીકારવાની એમની આજ્ઞા મેં ન માની હોત તો ઠીક થાત એમ મને લાગે છે. કારણ કે આ બન્ને પંડિતોની વિદ્યાને સમજવા જેટલી વિદ્યા પણ મારામાં નથી અને એની પરીક્ષા કરવાની શક્તિ પણ મારી નથી, છતાં માથે લીધું છે તો યથાશક્તિ કરું છું

વિદ્યાની પ્રાપ્તિ એ ઉદ્દેશ મોટો હોવા છતાં ઘણા વિદ્વાનો સમાજને માટે ઉપયોગી નથી ઠરતા. તેમની વિદ્યા ધનવાનના ધનના ઢગલા જેવી બની જાય છે. ધનવાનનું ઢગલાબંધ ધન જો સમાજના કામમાં ન લાગે તો નકામું છે. તેમ વિદ્યાનું પણ બને છે. વિદ્યા સંબંધી ઘણા સવાલો થાય છે. 'विद्' નો અર્થ છે જાણવું. પછી સવાલ થાય છે-શું જાણવું ? સ્વર્ગ જાણવું ? મોક્ષ જાણવો ? રાજ્ય જાણવું ? શું શું જાણવું અને મેળવવું ? આનો જવાબ **न त्वहं कामये राज्यं**, એ શ્લોકમાં એક વિચારકે સાચો જવાબ આપતાં કહ્યું છે કે મને રાજ્યની, સ્વર્ગની કે મોક્ષ સુધ્ધાંની કામના નથી. મારે તો દુ:ખી પ્રાણીઓના દુ:ખનો નાશ કરવો છે; હુ એટલી જ કામના કરું છું ! વિદ્યા શા માટે ?—એનો જવાબ પણ આ જ હોઇ શકે. એટલે કે જે સમાજનું સંગોપન અને સંવર્ધન કરે તે વિદ્ય.

સમાજકલ્યાણનું વિદ્યાનું આ રૂપ આ બંને પંડિતોમાં છે. બાકી તો વિદ્યા વિવાદને માટે પણ કામમાં લેવાય છે. પણ આ બંને [ તોએ તો પોતાની વદ્યાંો ઉપયોગ સમાજનું કલ્યાણ કરવામાં કર્યે છે. વળી પંડિત હોવાને સાથે બળવાખોર હોવું એ તો વિદ્યાની ઉદાત્તતા સૂચવે છે.

દેવદ્રવ્ય કોને કહેવુ, એનો ઉપયોગ કયાં કરી શકાય—વગેરે પ્રશ્નો અમને ટ્રસ્ટએકટ અંગે મૂંઝવતા હતા ત્યારે પં. બેચરદાસે અમને ખૂબ ખૂબ મદદ કરી હતી. આવી વિદ્યા અને આવા વિદ્વાનોનું સમાજમાં બહુ મોટું સ્થાન છે, અને એ સ્થાન કદી પણ લક્ષ્મી લઇ શકશે નહીં. આવા આજના આપણા અતિથિદ્વયને આવકારતાં હું ખૂબ આનંદ અનુભવું છું.

### પંડિત સુખલાલજી

સન્માનના જવાબરૂપે પ્રેરક પ્રવચન કરતાં પં. સુખલાલજીએ કહ્યું કે તમે બધાએ આવો સત્કાર કર્યા પછી મારે કંઇક કહેવું જોઇએ એમ હું માનું છું. અહીં જે કંઇ કહેવામાં આવ્યું તે ઉપચાર છે એમ ન કહી શકાય; એમાં હાર્દિક ભાવ ભર્યો છે. અને તેથી આવો સત્કાર લેતા રહેવું અને કહેવું કે મારે એ જોઇતો નથી. અથવા આને માટે હું યોગ્ય નથી વગેરે—એવા ઉપચારમાં હું નથી માનતો.—પણ હું તમારા આ સત્કારનો કઇ દૃષ્ટિએ સ્વીકાર કરું છું તે તમને કહું.

ઘણા જૂના કાળથી બે જાતની ભાવના આપણે ત્યાં ચાલી આવે છે. એક તો, આ શરીર અશુચિ છે, અનિત્ય છે, નકામું છે, દુનિયા દુ:ખમય છે, એમાં કયાંય સુખ કે સૌન્દર્ય નથી એ ભાવના, અને બીજી ભાવના તે આ સંસાર દુ:ખમય નહીં પણ સુખમય છે, જીવવા લાયક છે, સૌન્દર્યથી ભરેલો છે, આનંદમય છે—તે ભાવના.

આમાં પહેલી ભાવનાનો વિકાસ થવાથી જીવન કલેશમય જ નહીં પણ કૃત્રિમ પણ બનતું ગયું છે. **दुःखत्रयाभिघातात्**— એ સૂત્ર મુજબ દેશમાં દુનિયાને અને જીવનને દુ:ખમય, અશુચિ, અનિત્ય વર્ણવતું સાહિત્ય ખૂબ વધ્યું છે. પણ હું આ ભાવનાને અપનાવવામાં અને બિનજરૂરી રીતે જીવનને નિરાશ અને કલેશમય બનાવવામાં નથી માનતો.

☆





ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલ સંમેલનમાં એકત્ર થયેલ શ્રોતાવર્ગનાં બે દૃશ્યો.

બીજી ભાવના તો એમ કહે છે કે દુનિયામાં સઘળે સુખ જ છે. જેને એક જણ દુઃખ કહે છે તે જ બીજાને મન સુખ છે. દુઃખને છોડવું, એનો ત્યાગ કરવો એ એક વાત છે, અને પહેલાંથી જ સર્વત્ર દુઃખ માની લેવું એ બીજી વાત છે. દુઃખ છે ક્યાં એ પણ એક સવાલ છે. એક વ્યકિત શરીરને ખરાબ ગણીને એની ઉપેક્ષા કરે છે અને છતાં પાંચ માળના મહેલમાં રહે છે એ શું સમજવું? જન્મે તો હું પહેલી ભાવનામાં જ ઉછર્યો છું. પણ તત્ત્વચિંતન પછી મારી એ ભાવના બદલાઇ ગઇ છે. અને તેથી જગતમાં કયાંય દુઃખ નથી એ મારો અનુભવ છે. જરાક રમૂજમાં કહેવું હોય તો કહી શકાય કે આ સભા સુંદર છે, આ સ્વાગત સુંદર છે, કાકા સાહેબ વિદ્યામૂર્તિ છે, અને આ સત્કાર સમારંભમાં હું મારી જાતને અધન્ય નથી માનતો, તમો પણ ધન્ય છો! "દેહ દેવળમાં અખંડ દીવડો, તેજેથી મારૂં મનડું ડોલે"—એ કાવ્ય પંકિત આવા અવસરે સાચી પડતી લાગે છે.

## જૈનો અને અસ્પૃશ્યતા

નાની ઉંમરમાં અને પછી મહાવીર બુદ્ધ વિશે વાંચ્યું હતું. મહંમદ અને જિસસ વિશે વાંચ્યું હતું. પણ એ કોઇ મારી સામેના ન હતા—એ બધા પરોક્ષ હતા. અને કાશીમાં ભણતો હતો ત્યારે બંગભંગના દેશવ્યાપી ઉગ્ર આંદોલન વખતે, એક પુરુષે આફ્રિકામાં કરી બતાવેલ સફળ સત્યાગ્રહના કાળની વાતો વાંચી. પછી આ દેશમાં એ મહાપુરુષે કરેલું કામ જોયું. એમની વિચારસરણી, આશ્રમપદ્ધતિ, તટસ્થવૃત્તિ એ બધું જાતે પ્રત્યક્ષ રીતે જોયું અને મને બધું સમજાયું.

રામ રાવણ, કૃષ્ણ-અર્જૂન એ પરોક્ષ છે. એ કવિની કલ્પના હો કે ગમે તે હો. પણ ગાંધીજીને જોઇને મને એ બધું સાચું લાગ્યું. બુદ્ધ-મહાવીર, રામ-રાવણ, કૃષ્ણ-અર્જૂન, મહંમદ-જિસસ વિશે જેમને શંકા હોય તે પોતાની શંકા ગાંધીજીને જોઇને દૂર કરી શકે.

न त्वहं कामये राज्यं, न स्वर्गं नापुनर्भवम्।
कामये दुःखतप्तानां, प्राणिनामार्तिनाशनम्॥

આ શ્લોકમાંની ભાવનાને અનુરૂપ ગાંધીજીએ એક વાત કરી; જીવન હોય તો તે માનવતા માટે. અને આ વાત તેમણે ઉપદેશથી નહીં પણ પોતાના આચરણથી સમજાવી. આ બધું જોતાં લાગે છે કે જીવન દુઃખમય નહીં પણ સુખમય, સૌન્દર્યમય છે. અને આ સૌન્દર્યની દ્રષ્ટિએ, હું જરા પણ આનાકાની વગર આ સત્કારનો સ્વીકાર કરું છું. અને આ માટે સંઘનો અને આપ સૌનો આભાર માનું છું.

જૈનો મહાવીર માટે કહેશે કે તેમણે તો આમ કહ્યું હતું અને તેમ કહ્યું હતું. જૈન ધર્મ વિશ્વધર્મ હોવાનું કહેવામાં પણ તેઓ અસ્પૃશ્યતાનો પત્થર છોડવાને તૈયાર નથી! પ્રશ્નોને હલ કરવાને બદલે તેઓ એને ટાળવાનો જ પ્રયત્ન કરવાના. પણ આમ કરવાથી કંઇ કામ ચાલે નહીં. હરિજનોના મંદિરપ્રવેશ પ્રત્યે એમની કેવી વૃત્તિ છે? જેઓ સમાજને ચૂસતા હોય તેને માટે મંદિરનાં દ્વાર સદા ખુલ્લાં; અને જે હરિજનો વગર તંદુરસ્ત જીવન અશકય બની જાય એને અસ્પૃશ્ય માનવો, એથી મોટી બેવકુફી કઇ સમજવી? પણ હવે વખત બદલાયો છે. યુવકનું માનસ નર્યાં ગાણા ગાવા પૂરતું નહીં પણ હરિજનોને અપનાવીને તેમને નોકર તરીકે, રસોઇયા તરીકે કે બીજી ગમે તે રીતે પોતાની પાસે રાખવામાં દેખાઇ આવવું જોઇએ. યુવકો પાસેથી હું ઓછામાં ઓછી આટલી અપેક્ષા રાખું છું.

હવે બે શબ્દો 'યુવક' અને 'જૈન' શબ્દ વિષે કહું. મેં નાની ઉમ્મરથી મહાવીરનું જીવન સાંભળેલું. અને પછી તો છેલ્લાં સાઠ વર્ષમાં એનું અનેક રીતે પરિશીલન કર્યું. બુદ્ધની જાણ થયા પછી તેમની જીવનકથા પણ અનેક દ્રષ્ટિએ વાંચી-વિચારી બીજાબીજા સંતોના જીવન વિષે પણ બને તેટલું વાંચ્યું-વિચાર્યું. છેલ્લે છેલ્લે ગાંધીજીનું જીવન તો પ્રત્યક્ષ જ જોયું. આ બધા ઉપરથી મને લાગ્યું છે કે યુવકનો સંબંધ ઉંમર કે શારીરિક તાકાત સાથે નહીં પણ માનસિક અને હાર્દિક પરિવર્તન કરવાની શકિત સાથે છે. જેઓ કેવળ પ્રાચીન પુરુષોના ગુણગાન કરવાની મૂડી ઉપર જ મદાર બાંધે છે તે યુવકો ન કહેવાય. જેને એવા ગુણો મેળવવાની પ્રત્યક્ષ તાલાવેલી લાગેલી હોય, જે એ માટે સતત પ્રયત્નશીલ હોય તે જ યુવક. અને જે પારકાના શ્રમનો ઉપયોગ કરવાની વૃત્તિથી મુકત હોય, જે શ્રમનું મૂલ્ય પિછાણતો હોય અને જે લોભ-લાલચની વૃત્તિ ઉપર વિજય મેળવી શકે તે જૈન. હું ઇચ્છું કે તમે બધા આ અર્થમાં જૈન યુવક હો, અને ન હો તો એવા બનો! બનવાનો પ્રયત્ન કરો!

એક વખતે 'વૈષ્ણવ જન'નું ભજન ગવાતું હતું ત્યારે કોઇએ કહ્યું કે ત્યાં "જૈન જન" કરીએ તો? એ ભજનમાંના બધાય ગુણો જૈનમાં પણ હોવા જ ઘટે. એટલે એ ભજનમાં વર્ણવેલા "વૈષ્ણવ જન"ને જૈન જન" કહીએ તો જરૂર કહી શકાય. પણ આજે સ્થિતિ જુદી બની ગઇ છે. ગુણનો વિચાર જ જાણે ભુલાઇ ગયો છે.

કોઇ પણ વ્યકિત, સમાજ કે દેશ ગૌરવ ત્યારે જ લઇ શકે કે જ્યારે એની શાખ હોય. જેની બજારમાં શાખ હોય તે જ વેપારી. આપણી ઉંમરલાયક કન્યા આપણે કોને સોંપીએ? જેની શાખ હોય તેને. પણ જૈનોની શાખ હવે રહી નથી. પહેલાં પૈસા વ્યાજે મૂકવા હોય તો જૈનની પેઢીને પહેલી પસંદગી મળતી. સાક્ષી આપવામાં પણ જૈન જૂઠું બોલે નહીં, એવી એની આબરૂ. પણ આજે બધું અવળું થઇ ગયું છે. કાળાબજારનું ભૂત પણ જૈનોને વળગી ગયું છે. એટલે જૈનોએ પોતાની શાખ ગુમાવી દીધી છે. અને શાખ જો ગુમાવી દીધી તો પછી મંદિરમાં જાવ કે ન જાવ, સ્થાનકમાં જાવ કે ન જાવ એ બધું નકામું છે. મૂળ વાત તો શાખ હોવી તે જ છે, બાકી કોઇને વગર શાખે "જૈન' કહેવાવું હોય તો તેમને મારે કંઇ કહેવું નથી.

એ જ રીતે વાળ ખેંચવા માત્રમાં કે ઉઘાડે પગે ચાલવા માત્રમાં પણ ગૌરવ નથી. એટલા માત્રથી સાધુજીવન ચરિતાર્થ બની જતું નથી. બીજાની સેવા સુશ્રૂષા અને શ્રમનો લાભ મળે એ પણ ગૌરવાસ્પદ વાત નથી. એથી તો ઊલટું માણસનું પતન થાય છે, અને એનો વિકાસ રૂંધાઇ જાય છે. એટલે ગરીબ થવા છતાં, મજૂર થવા છતાં ખોટો ધંધો ન કરે એ જ સાચી શાખ સમજવી; એ જ સાચું ગૌરવ છે. એ ગૌરવને માટે તમે સહુ પ્રયત્નશીલ બનો એટલું જ ઇચ્છું છું.

## પંડિત બેચરદાસ

સન્માનનો પ્રત્યુત્તર વાળતાં પંડિત બેચરદાસજીએ જણાવ્યું કે,

"મુંબઇ જૈન યુવક સંઘ આજે પોતાનો રજતમહોત્સવ ઉજવે છે. પચ્ચીશ વર્ષના જવલંત જીવનનું નામ આપણે રજતમહોત્સવ રાખ્યું છે અને ત્યાર પછીના જીવનની દરેક પચ્ચીશીનાં નામ સુવર્ણમહોત્સવ, મણિમહોત્સવ, હીરકમહોત્સવ કલ્પેલાં છે.

જૈન યુવક સંઘ હવે પછી સુવર્ણમહોત્સવ તરફ પ્રયાણ કરે છે તેથી મને વિશેષ આનંદ એટલા માટે થાય છે કે જે સમાજનો આ સંઘ બનેલ છે તેમાં યુગાનુસારી વિચારસરણીને અને તેવી જ પ્રવૃત્તિને વરેલો આ યુવકસંઘ આજે પચ્ચીશ વર્ષ પૂરાં કરે છે એ એક ભારે અચરજ ઉપજાવનારી ઘટના છે.

કારણકે મને પોતાને જાતઅનુભવ છે કે જેઓ સમાજ યુગાનુસારી સાધારણ વિચારકનું પણ જીવન વીંખી નાખવા સદા તત્પર હોય છે તેમાં પચ્ચીશ વર્ષ પૂરાં કરી આગળ ધપવું એ કાંઇ નાનીસૂની વાત નથી.

એ જમાનો મને બરાબર યાદ છે કે જ્યારે જૈનસમાજમાં મૂળગું વાણીસ્વાતંત્ર્ય જ નહીં હતું. તેવે વખતે આવા સંઘો, મંડળો

જન્મવાની શરૂઆત થયેલી.

આપણું સદ્‌ભાગ્ય સમજો કે આપણે ત્યાં મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષ પાક્યા. વંદનીય ગાંધીજીએ આપણા આ પરતંત્ર દેશમાં નવું વાતાવરણ જમાવવાની શરૂઆત કરી દીધેલી ત્યારે જ અહીંના દેશભક્તો ચોંકી ઉઠેલા. અને જ્યારે તેમણે અસ્પૃશ્યતાના કલંકને તત્કાળ ફેંકી દેવાની જબ્બરજસ્ત હાકલ કરી ત્યારે તો પ્રચંડ વાવાઝોડાને કારણે દરિયો માઝા મૂકી જેમ ખળભળી ઊઠે તેમ ભારતીય સમાજનાં રાક્ષસી રુઢ બળો માઝા મૂકી એ મહાપુરૂષના માર્ગમાં વિઘ્નોની પરંપરા ખડી કરી દેવા ખડે પગે તૈયાર થઇ ચૂકેલાં.

તેમ છતાં ય શૈલશી સ્થિરતાને વરેલા એ સંત પુરુષે મહાવીરની પેઠે પોતાના જ આત્મબળે મેરુની જેમ અચળ રહી મરણાંત કષ્ટોને માથે વેરી સમગ્ર ભારતીય સમાજને હલાવી મૂકયો–ખળભળાવી નાખ્યો.

મને યાદ છે તેમ એવા આગના તણખા ઝરતા જમાનામાં જૈન સમાજના ચેતનવંતા યુવકો ય હલી ગયા. સમયપારખુ, ચૈતન્યથી તરવરતા તે યુવકોએ આવાં નવાં મંડળો ઊભાં કરી જૈન સમાજમાં ઘણા લાંબા વખતથી ઘર કરી બેઠેલાં એ રાક્ષસી રૂઢ બળો સામે જેહાદ જગાવી અને એક અતિ પ્રાચીન છતાંય નવા જેવી શુદ્ધ વિચારસરણીને રજુ કરવાની ભારે હિમ્મત દાખવી. એ જોતાં આ યુવકસંઘ પોતાનો રજતમહોત્સવ ઊજવવાને પૂર્ણપણે અધિકારી છે એમાં તલમાત્રે શંકાને અવકાશ નથી જ.

## આસુરી બળો સામે અવિરામ યુદ્ધ

ભાઇઓ! એક વાત જરૂર યાદ રાખવા જેવી છે કે વિશેષ યોગ્યતાને બળે જેમ આપણે આ ઉત્સવ ઉજવીએ છીએ તેમ હવે પછીનો ભાવિ માગ જે કાપવાનો છે તે ય કાંઇ સરળ સીધોસટ નથી. જૈન સમાજની વર્તમાન મનોદશા જોતાં મને તો દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે રણસંગ્રામમાં ક્ષત્રિયો જેમ પોતાનાં માથાં વધેરી આપવા ઉત્સુક રહે છે તેમ આપણે પણ આપણાં માથાં હથેળીમાં રાખીને નવી વિચારસરણી અને તદનુસાર પ્રવૃત્તિપ્રચારના ખેલ ખેલવા પડવાના અને એમાંથી પસાર થયા પછી જ આપણે સુવર્ણ મહોત્સવ વા મણિમહોત્સવ ઉજવવાને સુભગ સામર્થ્ય મેળવવાના. પ્રસ્તુત સંમેલનનું સહકાર બળ જ એ સારુ પ્રત્યક્ષ પુરાવારૂપ છે.

જૈન યુવક સંઘના મુખપત્રે 'બળવાખોર'નું મોટું જોખમી વિશેષણ મને લગાડયું છે તે સાપેક્ષ રીતે ખોટું તો નથી જ, છતાં મારે આપને સ્પષ્ટ ભાષામાં જણાવવું પડે છે કે સંઘના સંચાલકોએ મારી સાદી અને એક તદ્દન નાની વાતને કવિની ભાષામાં મૂકી છે. કવિઓ રજને ગજ કહીને ગાઇ બતાવવાની વૃત્તિવાળા હોય છે એ તો સૌ કોઇ જાણે છે. સંઘના ભાઇઓ મારા તરફ વિશેષ સ્નેહ ધરાવનારા હોઇને તેઓ મારા માટે કવિની ભાષામાં બોલવા લાગ્યા છે. સ્નેહ–સદ્‌ભાવની વૃત્તિ જ નાનાને મોટું રૂપ આપીને સંતોષ પામે છે.

ખરેખર બળવાખોર હોત તો આજે આપણી વચ્ચે ન આવતાં વંદનીય વિનોબાજીના સંઘની સાથે આથડતો હોત. ખરેખરા જૈન નામને સાર્થક કરે એવું જીવન ન જીવી શકવાનું મને મોટું દુઃખ છે અને અહીં આપની સમક્ષ મારી એ નબળાઇને કબૂલ કરતાં મને લેશ પણ સંકોચ કે શરમ નથી એ મારે મન આનંદનો વિષય છે.

યુવકસંઘમાં કેટલાક મારા વડિલો હશે, કેટલાક સમવયસ્કો હશે અને કેટલાક નવલોહિયા જુવાનોય હશે તે તમામના ભાવભર્યા સ્નેહ–સદ્દાભવનો આદર કરું છું અને આભાર માનું છું.

યુવક–સંઘનાં તમામ ભાઇ–બહેનોનો મને સવિશેષ પરિચય થાય તો મને જરૂર આ કરતાં વધારે આનંદ થાય.

આપ સૌનો આભાર માનતાં આ સંઘ સામાજિક પ્રચલિત રૂઢ રાક્ષસી બળો સામે નિરંતર ઝુઝુમ્યા જ કરે–ઝુઝુમ્યા જ કરે એ મારી હાર્દિક અભિલાષાને પણ આપની સામે પ્રગટ કરું છું.

આજ ત્રીશ વર્ષથી વધારે સમયથી હું જૈન ધર્મના આગમોના અભ્યાસમાં પડેલો છું અને મારું જીવન તમામ ધર્મશાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસમાં જ વીતી રહ્યું છે. એટલે જે એ વાત કહેવાનો અધિકાર મને સાંપડયો છે તે કહીને જ હું અટકીશ.

ધર્મભૂમિ આર્યાવર્તમાં જ્યારે ધર્મને નામે ધતીંગ ચાલી રહ્યાં હતાં અને ભારતીય સમાજ રૂઢ રાક્ષસી બળોના પંજામાં સપડાઇ ધર્મના નામ નીચે પીડાઇ રહ્યો હતો, પીસાઇ રહ્યો હતો, પીસાઇ રહ્યો હતો ત્યારે આજથી પચીસસો વરસ પહેલાં પણ જે એક ક્ષત્રિય યુવકે પોતાની ભરજુવાનીમાં જીવનસાધનાનો માર્ગ સ્વીકારી ક્રાંતિના મોજાં ઉછાળેલાં અને ભારતીય સમગ્ર સમાજને હચમચાવી મૂકેલો તે ક્ષત્રિય યુવકના આપણે વારસ છીએ; એ વીરવર્ધમાન મહાવીરનાં આપણે સંતાન છીએ. છતાં મને કહેતાં શરમ આવે છે કે મહાવીરનો અનુગામી ગણાતો સમગ્ર જૈન સંઘ પોતાનો એ વારસો સાચવી નથી શકયો. એટલું જ નહીં એણે વારસામાં મળેલા નવીન વિચારના અને નવીન આચારના પ્રવાહોને એવા ગંદા કરી મૂકયા છે, મેલા કરી નાખ્યા છે કે જેથી એ વિચારો અને આચારો વર્તમાનમાં આપણા પ્રાણઘાતક જેવા નીવડ્યા છે તેમ જાણવા સમજવા છતાં ય આપણે તેમાં યુગાનુસારી પરિવર્તન કરવાનું વિચારી શકતા પણ નથી આવી પરિસ્થિતિમાં વર્તમાન જૈનસંઘ નિષ્પ્રાણ અને નિસ્તેજ બની જાય એ તદ્દન સ્વાભાવિક છે; અને લગભગ બન્યું છે પણ એવું જ. આ સ્થિતિ પણ કાંઇ આજકાલની નથી, તેને ય હજારો વરસ થવાં આવ્યાં, છતાં ય આપણી આંખ કોણ જાણે કયારે ઊઘડશે?

આપ સૌ આચાર્ય કાલક અને તેની બહેન સરસ્વતી સાધ્વીના અપહરણનો પ્રસંગ સંભારો. તે વખતે શું ધુરંધર જૈન આચાર્યો નહોતા? સમર્થ એવો જૈન સંઘ નહોતો? સરસ્વતી સાધ્વીને મેળવવા આચાર્ય કાલકને કોણે કેવી સહાય કરી? આચાર્ય કાલકને પરદેશી મલેચ્છોની સહાય શા માટે લેવી પડી? અહિંસાના જવલંત સિદ્ધાંતને આચરનારો અને પુરુષાર્થવાદના સમર્થ સિદ્ધાંત પ્રમાણે જીવનારો જૈનસંઘ હોત તો આમ સાધ્વી સરસ્વતીનું અપહરણ થઇ શકે ખરું? અને કદાચ દુષ્ટ રાજાએ તેમ કર્યું તો પછી એ માટે ઘરઆંગણાના સમર્થ સહાયક સહચરોની એ બાબત ઉદાસીનતા વા ઉપેક્ષા ન હોત તો આચાર્ય કાલકને શા માટે મલેચ્છોનાં બારણાં ખખડાવવાં પડત? આપ સૌ ગંભીરપણે આ પરિસ્થિતિ વિશે વિચારશો તો જરૂર તે માટે આપણી નિસ્તેજતા વા નિષ્પ્રાણતા સિવાય બીજું કોઇ કારણ નહીં જડે.

## અહિંસાનું મિથ્યાભિમાન

મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આજ હજારો વરસથી વારસા ઉતાર ચાલ્યા આવતા અહિંસાના સિદ્ધાંતનો મર્મ આપણે ખોઇ બેઠા છીએ; છતાં સમગ્ર સંસારમાં આપણે એકલા જ અહિંસાના ખાં અને ધુરંધર છીએ એવું અભિમાન માણી રહયા છીએ એ મને તો ભારે હેરતભર્યું લાગે છે.

અહિંસાનો માર્ગ તમામ પ્રાણીઓને જીવન આપે છે, શાંતિ આપે છે અને કોઇને પણ ભૂખ્યો દુખ્યો રાખતો નથી તે ખરેખરી હકીકત છે, છતાં ય એ સિદ્ધાંતનું નામ લઇ આપણા ઉપદેશકો ખેતી કરવાનો નિષેધ કરે છે, કૂવા ખોદાવવાની ના પાડે છે અને જે વડે હજારો જીવી શકે છે એવાં ખાદીનાં કપડાં પહેરવાની વાત ભૂલ્યેચૂકયે પણ કરતા નથી.

ખેતી કરવી, કૂવા ખોદાવવા અને ખાદી વણવી એ પાપમય પ્રવૃત્તિ હોય તો પછી જનસમાજ આખો જીવશે શી રીતે? ટકશે શી રીતે અને તેજસ્વી પણ બનશે શી રીતે? ભાઇઓ! ધર્મ સમાજને જીવતો રાખવા માટે છે, તેજસ્વી બનાવવા માટે છે અને સંયમી જીવન જીવવા માટે છે, નહીં કે સમાજનો નાશ કરવા સારુ યા સમાજને સ્વચ્છંદી બનાવવા સારુ.

એક તરફ પૂજ્ય આંચાર્ય શ્રી વિનોબાજી સમાજની વિષમતા ટાળવા અને સમાજમાં સમતા સ્થાપવા જીવતોડ પરિશ્રમ કરી રહ્યા છે ત્યારે આપણા જૈન સમસ્ત સંઘને તે બાબત જાણે કશીજ ન પડી હોય એમ તે જોતો ઊભો છે એવો ભાસ તમામ લોકોને થાય છે. તો શું અહિંસાના ધુરંધરોને માટે આ શોભાસ્પદ લેખાય ખરું ? શું આપણી અહિંસાવૃત્તિ આ જાતની જ છે ? ભગવાને પોતાના જીવનથી બતાવી આપેલ છે કે આત્મા માત્ર સરખા છે, દરેકને તેજસ્વી જીવન જીવવાનો પૂરતો હક છે. આપણે એ જ ભગવાનના પૂજક છીએ અને એમના જ પ્રવચનને પ્રમાણભૂત માનનારા છીએ છતાં મને આશ્ચર્ય થાય છે કે હજી સુધી આપણામાંથી આ અસ્પૃશ્યતાનો પાપી સંસ્કાર ખસ્યો નથી. જે ટાણે રાજસત્તા પોતે એ પાપી સંસ્કારને કાયદાથી ભૂંસી નાખવા તૈયાર થઇ ગઇ છે અને શ્રી મહાવીરના પ્રવચનને પૂરી પ્રતિષ્ઠા મળવાની તક સાંપડી છે તે ટાણે પણ આપણે એ તિરસ્કારપાત્ર સંસ્કારને વળગી રહ્યા છીએ એજ બતાવી આપે છે કે આપણો મહાવીર પૂર્વમાં છે ત્યારે આપણે તેના અનુયાયી પશ્ચિમમાં દોડીએ છીએ. આ પરિસ્થિતિ અતિશય શરમ ઊપજાવે એવી છે અને જૈનશાસનની ભારે અપભ્રાજના કરનારી છે. મને લાગે છે કે આ અપભ્રાજનાનેજ જાણે આપણે પ્રભાવના માની બેઠા છીએ એ આપણી જડતા વર્ણવી જાય એમ નથી.

આપણે હજુ આટલેથી જ નથી અટક્યા. અહિંસાનુ નામ લઇ નિષ્ઠુરતા-હૃદય શૂન્યતાના સમર્થનમાં પણ રસ લઇ રહ્યા છીએ. એ આપણું ધતીંગ જગજાહેર થાય તો આપણે કયા મુખે સંસારમાં જીવી શકીશું ? એજ મને સમજાતું નથી. જૈનનો જ એક વર્ગ કહે છે કે બાપદીકરી સાથે પ્રવાસ કરતાં હોય તેમાં કોઇ ગુંડો એ દીકરી ઉપર બળાત્કાર કરે અને બાપ વા બીજો કોઇ વચ્ચે પડીને તેને છોડાવે તો એ નરી પાપપ્રવૃત્તિ છે. અરે એક મોટું ઘર સળગતું હોય, તેમાં બળતાં પ્રાણીઓ બચવા માટે બરાડા પાડતાં હોય છતાંય તે બંધ ઘરનાં બારણાં ખોલી પેલાં બળતાં પ્રાણીઓને બચાવવાં કે આગ ઓલવવી તેય નર્યું પાપ છે. આમ આ વર્ગ પરોપકાર, કર્તવ્ય બુદ્ધિ, દાનધર્મ, પરસ્પર સહાય સહાનુભૂતિ વગેરેની પ્રવૃત્તિને પાપરૂપ કહી નિષેધી રહ્યો છે. જીવનરૂપ અહિંસાની આ શું જેવી તેવી વિકૃતિ કહેવાય ?

આ રીતે સમાજમાં નીચલા થરથી માંડી છેક ઉપલા થર સુધી અહિંસા વગેરે સદાચારો અને સદ્વિચારો વિંશે ભયંકર અજ્ઞાન વ્યાપી રહેલ છે અને એને લીધે જ આપણા વિચારો અને આચારોમાં બીજી અનેક વિકૃતિઓ પેસી ગઇ છે. તે તમામને દૂર કરવાનું બીડું આ યુવક સંઘે ઝડપેલું છે. પોતાની ૨૫ વરસની કારકિર્દીમાં મુંબઇ જૈન યુવક સંઘે વિચાર સ્વાતંત્ર્યનું વાતાવરણ ઠીક ઠીક જમાવેલ છે. હવે તેણે એજ ભૂમિકા ઉપર આગળ વધી સમાજમાં જે બીજી અનેક વિકૃતિઓ જડ ઘાલીને બેઠેલી છે તે તમામને દૂર કરવા હથેલીમાં માથું મૂકીને ભગીરથ પ્રયત્ન કરવો પડશે. અને મને ખાત્રી છે કે શ્રી પરમાનંદભાઇ તથા શ્રી. ચિમનભાઇ જેવા વિશાળ મનવાળા મહાનુભાવોની દોરવણી નીચે આ સંઘ જરૂર એ કામ સિદ્ધ કરશે જ.

છેવટ ફરીવાર પણ આપ સૌનો હું સાદર આભાર માનું છું.

## શ્રી કાકાસાહેબ કાલેલકર.

ત્યારબાદ પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં કાકાસાહેબ કાલેલકરે જણાવ્યું કે—

"આપ સહુ સવારના નવ વાગ્યાથી ત્રણ કલાક એક સ્થાને બેઠેલા છો. હવે અધ્યક્ષ તરીકે મારે ભાષણ કરવાનું છે. મને કહેવામાં આવ્યું છે કે મોડું થયું છે એની ફીકર કર્યા વગર મારે વિસ્તારથી બોલવું. પણ મારે કાંઇ નહિ તો જીવદયા ખાતર મારું ભાષણ ટુંકાવવું જોઇએ. બધાં ભૂખ્યાં તો થયા હશે. ભાષણનાં ભૂખ્યા પણ ઘેર જઇને જમવાનાં. અને જે બહેનો અહીં બેઠી છે એમને ભૂખ્યાં બાળકોની પણ ફીકર હશે.

મને એક વિચાર આવ્યો કે જો દિલ્હીથી એક ભાષણ માટે અહીં સુધી આવવાને બદલે ત્યાંથી એક સંદેશાને નામે ભાષણ લખી મોકલ્યું હોત તો તે સભામાં પ્રારંભથી વચાયું હોત. અને બાર વાગી ગયા પછી બોલવાનો અને તે પણ પંડિત સુખલાલજીનાં સુંદર અને બોધપ્રદ પ્રવચન પછી બોલવાનો વારો મારે ભાગે ન આવત.

આજનાં ઉત્સવનાં ઉદ્ઘાટનના કામ માટે ચિ. નારાયણ દેસાઇને મેળવી શક્યા એને માટે સભાનાં સંચાલકોનું અભિનંદન કરું છું. એક વખતે આવી જ રીતે અચ્યુત પટવર્ધનને તમે મેળવી શક્યા હતા. યુવક સંઘના ઉત્સવની ઉદ્ઘાટન ક્રિયા કોઇ સંસ્કારી અને તેજસ્વી યુવકને હાથે થાય એ બધી રીતે ઉચિત છે. અધ્યક્ષ તરીકે હું હોઉં અને તે વખતે ઉદ્ઘાટન માટે મારા પુત્રસમા નારાયણ દેસાઇની વરણી થાય એ જોઇ પરમાનંદભાઇને पुत्राद् इच्छेत् पराजयम्

એ જૂનું વચન સૂઝ્યું એ વચનમાં હું માનતો નથી. હું એ સમજી શકતો નથી. સંગીતકળામાં કે વ્યાખ્યાનકળામાં આપણા કરતાં કે આપણી પાછળની પેઢીનાં યુવકો આગળ વધે અને વધુ ઉત્કર્ષ બતાવે એ આપણે જરૂર ઇચ્છીએ. એમાં આપણો પરાજય નથી પણ ઉત્તમ સફળતા છે. પરાજય તો ત્યારે ગણાય જયારે આપણે કરેલું કામ આપણા દીકરાઓ ઊંધુંચત્તું કરી નાંખે. એક દાખલો આપી વસ્તુ સમઝાવી દઉં. જર્મન ફિલસૂફ નિત્શે એક સારા સરખા ખ્રિસ્તી ધર્મોપદેશકના દીકરા હતા. પિતાએ ધર્મનું વાતાવરણ ઠીક ઠીક જમાવ્યું હશે. દીકરાએ એ બધું તોડીને ધર્મનો અને ઇશુખ્રિસ્તનો ઇન્કાર કર્યો. એણે કહ્યું કે ઇશુ ખ્રિસ્તનો તો હું ઇન્કાર કરું જ છું પણ એણે જે સદાચારની કલ્પના અને ધાર્મિકતા સ્થાપી તે જ હું તોડવા માગું છું. મારે સંત સંસ્કૃતિજ તોડવી છે અને વીર સંસ્કૃતિ ચલાવવી છે. આવા પુત્રે પિતાનો પરાજય કર્યો ખરો.

માણસ કોઇ પણ મિશન લઇને સેવા કરતો ઘરડો થાય છે. એનું શરીર ક્ષીણ થાય છે. મનની કલ્પના પ્રમાણે એનાથી કામ થતું નથી. એવે વખતે એનો પુરુષાર્થી દીકરો એને બાજુએ ખસેડે અને પિતાનું કામ વધારે સારી રીતે પ્રભાવશાળી ઢબે આગળ ચલાવે તો તે દીકરો પિતાનો પરાજય નથી કરતો, પણ પોતાની નવી ઉમરનો ઉમેરો કરી પિતાને તેટલે દરજ્જે અજરામર કરે છે. અને આવી પરમ્પરા ચાલે તો એ આખી પ્રવૃત્તિ વધતી થાય અને યુગકાર્ય સિદ્ધ કરી આપે. એટલે હું पुत्राद् इच्छेत् पराजयम् એ સૂત્ર ફેરવવા



સંમેલનના પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતા કાકાસાહેબ

માગું છું. पुताद् इच्छेत् अमर्त्यताम् એ ખરૂં સત્ર છે. અમારી પેઢીનું કામ ઉજ્જવળ રીતે નારાયણ દેસાઇ ચલાવે છે એટલે અહીંના ઉત્સવનું ઉદ્‌ઘાટન એ કરે એ બધી રીતે યોગ્ય છે.

## શક્તિશાળી યુવકો આગળ આવે

યુવક સંઘની છવ્વીસ વર્ષ પહેલાં સ્થાપના થઇ તે વખતે બળવાખોર પ્રવૃત્તિ ચલાવવા માટે શ્રી પરમાનંદભાઇ જેવા તૈયાર થયા. હવે એમનું કાર્ય આગળ ચલાવવા માટે નારાયણ દેસાઇ જેવા યુવકો મળવા જોઇએ. જૈન યુવક સંઘમાં આજે કેટલા સદસ્યો છે, એમાં ઉમરે યુવક કેટલા છે એની તપાસ મેં કરી નથી. એક જમાનાની બંડખોર પ્રવૃત્તિ જો સફળ થાય તો નવા જમાના માટે એ મોળી લાગવી જોઇએ અને એ પ્રવૃત્તિમાંથી વધુ બંડખોર અને વધુ તેજસ્વી પ્રવૃત્તિનો ફણગો ફુટવો જોઇએ. આદ્ય શંકરાચાર્ય એમના જમાનામાં ભારે બંડખોર સંન્યાસી હતા. યુવાવસ્થામાં પોતાના ધર્મતેજથી એમણે આખો હિંદુ સમાજ હચમચાવી મૂકયો. આજે એમની ગાદી સાચવનાર લોકો અપરિવર્તનશીલ રૂઢિવાદના હિમાયતી થયા છે અને ડગલે ને પગલે પ્રગતિનો વિરોધ કરે છે. યુવક સંઘના સંચાલકો હૃદયથી હજીયે યુવાન દેખાય છે પણ હવે એમનું કામ સાચવવા માટે સમાજમાંથી શક્તિશાળી યુવકોએ આગળ આવવું જોઇએ.

સંઘના છવ્વીસ વર્ષનો હેવાલ હું ધ્યાનપૂર્વક વાંચી ગયો. આ છવ્વીસ વરસમાં સંઘે ઘણું કામ બતાવ્યું છે. જ્યારે દેશ આખો બાળલગ્નની પ્રથાનો વિરોધ કરતો હતો ત્યારે યુવક સંઘને બાળ દીક્ષા જેવી વિચિત્ર અને અધાર્મિક પ્રવૃત્તિનો વિરોધ કરવો પડયો. એક જમાનો એવો આવશે જ્યારે લોકો કહેશે કે બાળ દીક્ષા જેવી પ્રથા આ દેશમાં ચાલતી હતી એ માનવું પણ મુશ્કેલ છે. ધર્માચાર્યોને હાથે આવું અધાર્મિક કૃત્ય એક રિવાજ તરીકે થઇ જ કેમ શકે ?

એક વખતે જૈન સમાજે આપણા પરમાનંદભાઇને બહિષ્કૃત કર્યા હતા. પરમાનંદભાઇને હું પહેલેથી સમતુલા ધારણ કરનારા સૌમ્ય સમાજ-સેવક તરીકે ઓળખતો આવ્યો છું. એવા સૌમ્ય અને નિષ્ઠાવાન સેવકને પણ માર્ટિન લ્યુથર બનાવનાર સમાજ આપણે ત્યાં છે એ જોઇને મને દુઃખ કરતાં આશ્ચર્ય જ વધારે થયું.

યુવાનસંઘ ચલાવનાર આ મંડળે જોયું કે સમાજમાં સુધારો કરવો હોય તો વિચારપરિવર્તન થવું જોઇએ. એટલે એમણે જીવ-નને લગતા દરેક ક્ષેત્રની ચર્ચા કરનારૂં એક મુખપત્ર શરૂ કર્યું. એના વિકાસમાં સંઘનો વિકાસ પ્રતીત થાય છે. પહેલાં એ સંઘની મુખપત્રિકા હતી. એમાંથી પ્રબુધ્ધ જૈન જાગ્યો અને અંતે એ કોમી નામ છોડીને પ્રબુધ્ધ જીવન નામે સમાજની સેવા કરે છે.

જૈન સમાજનાં વિચારોમાં પ્રૌઢતા અને ઉદારતા આણવાનું કામ આ છાપાએ નિષ્ઠાથી કર્યું છે અને એનાં સારા પરિણામો પણ સ્પષ્ટ દેખાય છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળાની મહત્તા

સંઘની બીજી મહત્વની પ્રવૃત્તિ તે પર્યુષણપર્વ વ્યાખ્યાનમાળા. એક જુની ધાર્મિક પ્રથાને નવું રૂપ આપી એમાં સર્વધર્મસમભાવ અને સર્વધર્મ સમન્વય સુધી જવું એ કાર્ય નાનુંસૂનું નથી. પંડિત સુખલાલજીની ખૂબ પ્રેરણા અને પરમાનંદભાઇની વકતાઓ પસંદ કરવાની કુનેહ એ આ પ્રવૃત્તિની સફળતાનું મુખ્ય કારણ છે. પણ ઘણું શ્રેય જૈન સમાજને પણ આપવું જોઇએ. સંસ્કારી રસથી સમાજ આ વ્યાખ્યાનમાળાને સેવતો આવ્યો છે. અને જીવન તરફ જોવાની અનેક દૃષ્ટિઓ ધીમે ધીમે કેળવતો પણ આવ્યો છે. વ્યાખ્યાનમાળાની આ મહત્તાની સેવા ગણાય.

પણ આમાં આશ્ચર્ય શું છે? અનેકાંત ન્યાય જે સમાજે સ્વીકાર્યો છે તે સમાજને અનેક દૃષ્ટિએ જોવાની ઇચ્છા અને ટેવ હોવી જ જોઇએ. અને આજે તો સમાજનાં તમામ સવાલો અનેક દૃષ્ટિએ છેડવાનું કામ સમર્થ નવલકથાઓ પણ કરે છે. નવલકથાઓ ઉપર જ જીવનારા લોકોમાં બીજા દોષો ગમે તેટલા આવતા હોય. એક ગુણ તો તેઓ કેળવે જ છે. કોઇ પણ વિચાર, સૂચના કે રિવાજ સાંભળતા તેઓ હેબતાઇ જતા નથી. ભડક જેવી વસ્તુ જ એમની પાસે રહેતી નથી.

પણ જે સમાજ આમ વિચારની ઉદારતા કેળવે છે તે સમાજમાં આચારની વિવિધતા બરદાસ્ત કરવાની મોટાઇ પણ આવવી જોઇએ. તેમ ન થાય અને સમાજ ફકત વિવિધ વિચારો સાંભળ્યા જ કરે તો લાગણી બુઠ્ઠી થઇ જવાની અને વિચારોમાં એક જાતનું રીઢાપણું આવી જવાનું.

૨૬ વર્ષનો રીપોર્ટ વાંચતા એક વસ્તુથી મને ગ્લાનિ થઇ. રેશનીંગના દિવસોમાં સમાજે જે રાહત કાર્ય કર્યું, હસ્ત ઉદ્યોગની પ્રવૃત્તિ આદરી અને વૈદ્યકીય મદદની સહેજસાજ પ્રવૃત્તિ ચલાવી તે જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખતાં કોઇને આઘાત કેમ ન થયો ? શું આવતી કાલે તમે એક જૈન ઇસ્પિતાલ ખોલો અને ઇસ્પિતાલની સામે રસ્તા પર એક માણસ ઘાયલ થઇને પડે તો શું તમારા ડોકટરો અને નર્સો પહેલા પૂછશે કે તે જૈન છે? હું તો કહું કે કોઇ તમારો શત્રુ હોય, ગૌહત્યા કરીને આવ્યો હોય તો પણ તમે એની સારવાર કરવાનાં જ. આપણે તમામ દુનિયાની સેવા કરવાનો ભાર માથે ન લઇએ. જે નજીકના છે અથવા જેમને પહોંચી શકીએ એટલાથી સેવા કરીએ એ બરાબર છે, પણ જે નજીકનાં છે એ બધા જૈન નથી હોતા. ઘરનો ઘાટી, ધોબી, દૂધવાળો, છાપુ પહોંચાડનારો, ચમાર કે હજામ એ બધા તમારા નજીકના નથી? એમની સેવા વગર તો આપણે સુખેથી જીવી શકવાનાં નથી. એ બધાંને છોડીને ફકત જૈનોની સેવા કરો તો એ સેવા અશુભ છે એમ મારે સ્પષ્ટ કહેવું જોઇએ.

## સ્વરક્ષણ માટે પરાધીન

જ્યારે જ્યારે જૈન સમાજનો વિચાર કરૂં છું ત્યારે ત્યારે મનમાં થાય છે કે જૈન સમાજ એ સંપૂર્ણ સમાજ નથી. ઘણાં ખરાં જૈનો તો વાણીયાજ હોય છે. જૈન સમાજમાં મજૂરો કેટલા છે હું જાણતો નથી. હું તો માગું છું કે જે સમાજમાં જાતમજૂરી કરીને જીવનારા લોકો પૂરતી સંખ્યામાં નથી એ સમાજનું જીવન નિષ્પાપ નથી અને એ સમાજ પરોપજીવી છે.

જૈન સમાજમાં ક્ષત્રિય કેટલા છે તે હું જાણતો નથી. ન્યાતે કેટલાક ક્ષત્રીઓ હશે પણ ખરા. આવતી કાલે દેશરક્ષા માટે સૈન્યભરતી શરૂ થશે ત્યારે કેટલા જૈનો એમાં દાખલ થશે એ મુખ્ય સવાલ છે. પોતાનાં રક્ષણ માટે બીજા સમાજ ઉપર આધાર રાખવો પડે એ દયામણી અને જોખમકારક સ્થિતિ છે. તમે કહેશો કે અમે અહિંસાવાદી છીએ, ફોજમાં દાખલ કેમ થઇએ? હું કહીશ કે સ્વરાજ્ય સરકારને એવી ફોજ પણ તયાર કરવી પડવાની જેમાં સૈનિકો અહિંસક ઢબે શત્રુનો પ્રતિકાર કરશે અને પોતાનું માથું ભંગાવીને દેશનું રક્ષણ કરશે. એમાં જોડાવાની તો ના ન જ પાડી શકો. જૈન સમાજમાં સદાચારનો પ્રચાર કરનાર સાધુઓ છે પણ તેઓ પોતે જીવનવિમુખ છે અને સામાજિક જવાબદારી માથે લેતા નથી. વ્યકિતગત મોક્ષની ગમે તેટલી વાતો કરે, સામાજિક સવાલોનો ઉકેલ તેઓ આણી શકતા નથી. એ સવાલોની ગંભીરતા સમજે તોયે ઘણું થયું.

જૈન સમાજનાં ત્રણ કે ચાર ફિરકાઓ વચ્ચે ભેદ ન કરવો, એમાં એકતા ઉત્પન્ન કરવી એ સારૂં કામ છે. લોકો એ ભેદ ભૂલતા શીખ્યા છે, મટાડી શકયા નથી. પ્રયત્નનાં પ્રમાણમાં સફળતા બહુ ઓછી મળી છે. અને એમાં આશ્ચર્ય શું ?

એક અનુભવની વાત કહું.

ઝીણા ઝીણા કે મોળા સુધારા માટે સમાજ તૈયાર ન હોય તો ધીમી ગતિએ ચાલવું એ ખોટો ઇલાજ છે. ઊલટું લોકો આગળ જબરદસ્ત ક્રાંતિકારી સુધારા મૂકીને એનો હુમલો ચઢાવીએ એટલે લોકો વગર વાંધાએ ચૂપચાપ ઝીણા સુધારા સ્વીકારે છે અને હજમ કરે છે.

તમારું સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ છે. એ છાત્રાલયનો સબંધ યુવક સંઘ સાથે નથી અને છે. એમાં અત્યારે તમે ત્રણે ફિરકાનાં વિદ્યાર્થીઓ દાખલ કરી શક્યા છો, પણ યુગધર્મની દૃષ્ટિએ તમે બહુજ પછાત છો, જૈનેતર સમાજના વિદ્યાર્થીઓ પણ તમારે આગ્રહપૂર્વક દાખલ કરવા જોઇએ.

ધારો કે આવતી કાલે મારા જેવાના પ્રયત્નથી સરકાર કાનૂન કરે કે સરકાર પાસેથી લાયસન્સ લીધા વગર કોઇ પણ છાત્રાલય ચાલવું ન જોઇએ. (ચાની દુકાનો અને હોટેલો માટે પણ જો લાયસન્સની જરૂર હોય છે તો જીવન ઘડનાર છાત્રાલયો કે વિદ્યાર્થીગૃહ લાયસન્સ વગર ચાલે એ ન જ પોસાય.) લાયસંસ આપતી વખતે સરકાર જોશે કે હવા ઉજાસની પૂરતી સગવડ છે કે નહીં, વિદ્યાર્થીઓ ભીડમાં તો નથી રહેતા. એમને તંદુરસ્ત ખોરાક મળે છે કે નહીં. સંસ્થાનું વાતાવરણ સદાચારને અનુકૂળ છે કે નહિ. દેખરેખ કઇ જાતની છે, પુસ્તકાલયની અને રમવાની સગવડ છે કે નહિ વગેરે. અને એની સામે સરકાર નિયમ કરે કે જૈન છાત્રાલયમાં પચાસ ટકા જૈન ભલે હોય. બાકીનાં પચાસ ટકા જૈનેતર હોય. અને એમાંય વીસ ટકા તો હરિજનો અને ગિરિજનો (આદિવાસી) હોવા જોઇએ. ભિન્ન ધર્મી લોકોનો બહિષ્કાર ન જ કરાય.

આવો કાયદો અને આવા નિયમો થયા પછી માનો, તે કરતાં કાકાસાહેબ કહે છે તે યુગધર્મ સમજી અત્યારથી જ એવો સુધારો કરો તો તમને એનું શ્રેય મળશે.

પોતાની કોમ પૂરતો જ વિચાર કરવો. પોતાની કોમનાં છોકરાઓને જ સ્કોલરશીપ આપવી અને કહેવું કે રાષ્ટ્રનાં બોજામાંથી એટલો બોજો અમે હળવો કર્યો તો એ દલીલ ચાલશે નહિ. જમાનો કહેશે કે તમારી કોમને ભાગે જરૂરની છે એનાં કરતા વધુ સંપત્તિનો ભાર અમે તમારા માથેથી હળવો કરીશું.

પછાત કોમોની સ્થિતિની તપાસ કરતાં અમારા જોવામાં આવ્યું કે દેશમાં તમામ સંપત્તિ, જમીન અને અધિકાર પાંચ દસ કોમોનાં જ હાથમાં છે. સરકારની નોકરીમાં ઉપરના ત્રણે grades જુઓ, વકીલ, ઇજનેર, ડોકટર વગેરે પ્રતિષ્ઠિત ધંધાઓ જુઓ, નાના મોટા કારખાનાંઓ જુઓ બધે આ પાંચ દસ કોમોના જ લોકો દેખાશે. વાણીયા, બ્રાહ્મણ, કાયસ્થ, રજપૂત, ભટ, વૈદ્ય, પાટીદાર, ગરાસિયા વગેરે દસપંદર જાતીનું જ રાજ છે. મહાભારતમાં જેમ દેવદેવીઓનાં નામ બાતલ કરીએ તો આખા ગ્રંથમાં ક્ષત્રીઓ અને બ્રાહ્મણોનાં જ નામો જડશે, બાકીની બધી પ્રજા સંખ્યા માત્ર છે. એવીજ રીતે આજે પણ દેશમાં મુઠ્ઠીભર જાતીઓનું જ પ્રભુત્વ છે. બાકી બધી હજારો કોમો પછાત છે. એમને ઉપર આવવાની તક મળવી જોઇએ. એમને પોતાના ભાઇ ભાંડુ સમજી પોતાની સંપત્તિમાંથી સારો સરખો ભાગ એમને આપવો જોઇએ.

પણ આ થયો ફકત દાનધર્મ. એ દાનનું નવું રૂપ લઇને નારાયણ દેસાઇ તમારી આગળ આવ્યા છે. એને નિરાશ તો નહિજ કરો ભૂમિદાન, સંપત્તિદાન, શ્રમદાન અને જીવનદાન આ ચતુર્વિધ દાન એ યુગધર્મની માંગ છે. એમાં આપશો જ. પણ એ ગૌણધર્મથી પ્રધાન ધર્મ પળાયો એમ ન ગણાય. પ્રધાન ધર્મ છે જીવનપરિવર્તન. ન્યાત, જાત અને વર્ણથી આગળ જઇ માનવતાનો અભેદ સ્વીકારવાની તૈયારી હોવી જોઇએ. તમે જૈન ધર્મ પાળો એટલું જ બસ નથી. દસવીસ જૈનેતરોને જૈનધર્મમાં દાખલ કરી દો એટલુયે બસ નથી. પણ સમસ્ત સાથે ઓતપ્રોત થઇ જૈન ધર્મનો સંસ્કાર બધાંને લાગી જાય એ મહત્ત્વાકાંક્ષા હવે રાખવાની છે. એને માટે બધા સાથે ભળવાંની મનોવૃત્તિ કેળવવી જોઇએ. ખાનપાનમાં બધા સાથે ભળવું એટલું તો આજે સહેજે સિદ્ધ થયું છે. હવે તો આંતરજાતીય અને આંતરધર્મીય વિવાહ સુધી આપણે જવું જોઇએ. દેશની પછાત કોમોને અપનાવવાનાં કયાંય અટકવું ન જોઇએ.

જૈન સમાજને આટલી સમાજિક ક્રાંતિ માટે તૈયાર થયેલો જોવા માગું છું. એ તૈયારી કરવાનું કામ યુવક સંઘનું છે. નારાયણ દેસાઇએ હમણાં યુવકની વ્યાખ્યા કહી કે ભવિષ્ય કાળ વિશે જે માણસ આશા અને શ્રધ્ધા સેવે છે તે માણસ યુવાન છે. તે વ્યાખ્યા પ્રમાણે સંઘના સદસ્યો યુવક છે કે નહિ એ એમણે પોતાનું હૃદય તપાસીને નક્કી કરવું જોઇએ. હું માનું છું કે તેઓ બધાં યુવક છે. પોતાને વિશે તો હું જરૂર કહું કે હું યુવક મટયો નથી. સમાજ વિશેની અને ભવિષ્ય કાળ વિષેની મારી શ્રદ્ધા વધતીજ જાય છે અને કેવળ નારીપૂજક તરીકે નથી કહેતો પણ મારી શ્રદ્ધાથી કહું છું કે સ્ત્રીઓ દ્વારા આ બધી ક્રાંતિ વધારે જલદી થવાની છે. પોતાનાં ઉજજવળ ચારિત્ર્યને જોરે જયારે બહેનો બળવાખોર થશે, અને યુગધર્મનો ઝંડો હાથમાં લઇને આગળ વધશે ત્યારે એમને કોઇ રોકી નહિ શકે. દુનિયામાં ભારે પરિવર્તન થઇ રહ્યું છે, પશ્ચિમનાં લોકો પોતાની સંસ્કૃતિ અજમાવી થાકયા છે. ગાંધીજીએ સૂચવેલા અહિંસાના માર્ગ વિષે હવે તેઓ સાંભળવાને તૈયાર છે. વિશ્વકુટુંબનો આદર્શ સ્વીકાર્યા વગર માણસજાત હવે જીવી શકવાની નથી. એ વાત જયારે લોકોના ગળે ઊતરવા માંડી છે, ત્યારે આપણે નાની પ્રવૃત્તિઓ લઇને સંતોષ ન માનીએ. સ્વરાજની પ્રવૃત્તિમાં ખીસકોલીનો ફાળો આપવાના દિવસો પૂરા થયા. આજનો દિવસ કેવળ ઉત્સવનો નથી. પચીસ છવીસ વરસની પ્રવૃત્તિને અંતે મેળવેલો અનુભવ અને ભેગી કરેલી નૈતિક મૂડીને જોરે નવા પુરુષાર્થ કરવાની દીક્ષા લેવાનો આ દિવસ છે. બાળદીક્ષા વિરોધની પ્રવૃત્તિથી શરૂ થયેલો યુવક સંઘ હવે આવા વિશાળ પ્રબુધ્ધ જીવનની દીક્ષા લે એ જ યોગ્ય છે"

## આભાર નિવેદન

છેવટે સંઘના કોષાધ્યક્ષ શ્રી ચીમનલાલ પી. શાહે કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી તેમજ પંડિત બેચરદાસનો આભાર માન્યો, રજત મહોત્સવ ફંડમાં ઉદારતાથી ફાળો આપનાર સંઘના અનેક શુભેચ્છકોનો ઉપકાર માન્યો અને ઝાલાવાડ જૈન સ્વયંસેવક મંડળ પ્રત્યે પણ વ્યવસ્થા જાળવવા માટે કૃતજ્ઞતા દર્શાવી શ્રી વેણીબહેને આભાર નિવેદનનું સવિશેષ સમર્થન કર્યું, સુખડની પુષ્પમાળ વડે કાકાસાહેબ તથા ભાઇ નારાયણનું બહુમાન કર્યું અને 'જનગણ મન અધિનાયક જય હે' એ રાષ્ટ્રગીત વડે સંમેલન બરોબર પોણા વાગ્યે વિસર્જન કરવામાં આવ્યું.

## સમૂહ ભોજન સમારંભ

એ જ દિવસે સાંજે ૬ વાગ્યે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પૂલના વિશાળ ચોગાનમાં રજત મહોત્સવ અંગેના સમૂહભોજન સમારંભ માટે મોટા પાયા ઉપર વ્યવસ્થા કરવામાં આવી હતી. એક સાથે ૪૦૦ ભાઇ બહેનો વ્યવસ્થિત રીતે જમી શકે એવી ટેબલ ખુરશી અને થાળી વાડકાની ગોઠવણ હતી. માઇક અને લાઉડ સ્પીકરો પણ ગોઠવવામાં આવ્યાં હતાં. ચોતરફ રોશની માટે જરૂરી વ્યવસ્થા હતી. આ પ્રસંગે સંઘ તરફથી મુંબઇની કોંગ્રેસ મહાસભાના પ્રમુખ શ્રી એસ. કે. પાટીલને અતિથિ વિશેષ તરીકે ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓ સવા ૭ પછી આવ્યા. દુધપાક પૂરીનું જમણ હતું. બધી વાનીઓ પીરસાઇ રહ્યા બાદ શ્રી દલસુખભાઇ માલવણિયાએ ॐ सहनाववतु... અને ॐ असतोमासद्गमया....ના મંત્રો સંભળાવ્યા અને સૌએ જમવાનું શરૂ કર્યું. જમવાનું ચાલતું હતું એ દરમિયાન સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ આ પ્રસંગના અતિથિ વિશેષ ને સંઘનો પરિચય કરાવ્યો અને શ્રી એસ. કે. પાટીલ નો પૂરી સરળતાથી સંઘનું આમંત્રણ સ્વીકારવા બદલ આભાર માનતાં તેમનું સુખડના પુષ્પહાર વડે બહુમાન કર્યું. શ્રી એસ. કે. પાટીલે પ્રસ્તુત પ્રસંગ ઉપર નિમંત્રણ આપવા બદલ સંઘનો ઉપકાર માનતાં જણાવ્યું કે—

"છેલ્લાં ૩૦ વર્ષથી હું જૈનો સાથે સંબંધ ધરાવું છું; જૈનો જે કાર્ય કરી રહેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આજે મુંબઇ જૈન યુવક સંઘ ૨૫ વર્ષે રજત મહોત્સવ ઊજવે છે તે ખરેખર યોગ્ય જ છે અને તેમણે અત્યાર સુધીમાં જે ક્રાન્તિકારી કાર્ય કરેલ છે તે બદલ હું જૈનેતર સમાજ તરફથી તેમને અભિનંદન આપું છું.

હિંદુસ્તાનમાં હજારો સંપ્રદાયો છે જેઓ પોતપોતાની રીતે સમાજોત્કર્ષનાં કાર્યો કરી રહેલ છે. હિંદના વિકાસમાં તે બધાનો ફાળો નાનો સૂનો નથી. આજે ભારત જેટલું આગળ વધ્યું છે તેના વિકાસમાં જો આવી સંસ્થાઓનો ફાળો ન હોત તો હિંદને પ્રગતિ સાધતા વધુ સમય લાગત. જુદી જુદી સામાજિક અને સાંપ્રદાયિક સંસ્થાઓ શિક્ષણના કાર્યમાં સુંદર કાર્ય કરી રહેલ છે જે કરોડો રૂપિયા ખર્ચતાં પણ રાષ્ટ્રથી ન થઇ શકત. એ સિવાય બીજી પણ અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ કરી રહેલ છે. આ બધી પ્રવૃત્તિઓને કોઇ સાંપ્રદાયિક કહેતું હોય તો તેઓ ભૂલે છે. હું તો માનું છું કે આ બધી પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય છે, કેમકે આ બધી પ્રવૃત્તિઓ સીધી યા આડકતરી રીતે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે છે.

## વિશ્વબંધુત્વ અને જીવનકલા

આજે વિશ્વબંધુત્વની વાતો થઇ રહેલ છે. આ વાત ઠીક છે, પરંન્તુ જેમ પાંચમે માળે જવું હોય તો ઠેકડો મારીને ન જઇ શકાય, પરન્તુ ક્રમશઃ પગથીઆં ચડવાં જોઇએ, તેવીજ રીતે વિશ્વબંધુત્વની ભાવના પ્રથમ પોતાના કુટુમ્બની સેવા કરતાં શીખવું જોઇએ પછી પોતાના સમાજની, ગામની અને રાષ્ટ્રની સેવા કરવી જોઈએ; અને પછી વિશ્વબંધુત્વ તરફ વળવું જોઇએ, વિશ્વબંધુત્વની ભાવના કેળવવાનો આ સરળ માર્ગ છે.

જૈનોએ ભારતીય સંસ્કૃતિમાં મહત્વનો ફાળો આપ્યો છે. આ હું માત્ર તમારી તારીફ કરવા માટે નથી બોલતો, પરંતુ જે વાસ્તવિક હકીકત છે તે રજૂ કરું છું. રાષ્ટ્રના વિકાસમાં પણ જૈનોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. 'જૈન ધર્મ' એ 'way of life'–જીવન જીવવાની કળા છે. તે રીતે જીવન જીવનાર બધા જૈન છે–પછી ભલે તે જૈન નામધારી કુટુમ્બમાં જન્મેલ ન હોય. અમારા ધર્મશાસ્ત્રમાં પણ જીવન જીવવાની ખરી રીત શી છે તે અંગે ઘણું કહેલું છે. ભગવદ્ ગીતામાં જે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે તેવાં જ લક્ષણો જૈનત્વનાં છે. જૈન એટલે જિતેન્દ્રિય જેમણે પોતાની ઇન્દ્રિયો વશ કરી હોય તે જૈન છે. જૈનને અમુક જાતિ કે સાંપ્રદાયિક મર્યાદા નથી. હું 'જૈન' નો જે અર્થ સમજ્યો છું તે આ છે.

જૈનો અંગે આટલું પ્રાસંગિક કહીને હવે હું મુંબઇ જૈન યુવક સંઘ અંગે બે શબ્દો કહીશ. આ સંઘે જે ક્રાન્તિકારી કદમ ઉઠાવેલ છે તે બદલ હું તેમને મુંબઇના નાગરિકો તરફથી ધન્યવાદ આપું છું. આ સંઘ ક્રમશઃ પોતાનું ક્ષેત્ર વિશાળ બનાવતો જાય છે એ જાણીને હું હર્ષ અનુભવું છું. તેમણે જૈન વિચારસરણી ધરાવતી કોઇ પણ વ્યક્તિને સંઘના સભ્ય થવાનો અધિકાર આપેલ છે તે ખરેખર અનુકરણીય પગલું છે. આ જાતની વિશાળ દૃષ્ટિ બદલ મુંબઇ જૈન યુવક સંઘને ધન્યવાદ ઘટે છે.

## પચરંગી મુંબઈની વિશિષ્ટતા

આ જાતના વિશાળ માનસ માટે મુંબઇ સ્થળ પણ મહત્વનો ભાગ ભજવે છે. મુંબઈમાં અનેક ધર્મો પાળનાર અને અનેક ભાષા બોલનાર કોમો રહે છે; છતાં જરા પણ ઘર્ષણ વિના – એક બીજા સાથે હળીમળીને કેમ રહેવું તેનું આદર્શ દૃષ્ટાંત મુંબઇ છે. મુંબઈની પ્રજા એ પચરંગી પ્રજા કહેવાય છે. પોષાકની દૃષ્ટિએ જોઇએ તો વિવિધ જાતના અનેક પોષાકો પહેરાય છે. તેમને એક જગ્યાએ એકઠા કરવામાં આવે તો મ્યુઝીઅમ જેવો દેખાવ થઇ જાય; આમ છતાં મુંબઇનું એ સદ્ભાગ્ય છે કે મુંબઇની પ્રજા કોઇ પણ જાતના ભેદભાવ વિના જીવી રહી છે અને સાથે મળીને સામાજિક તેમ જ રાષ્ટ્રીય કાર્યો કરી રહેલ છે. આવા આદર્શ મુંબઇના ભાષાને ધોરણે ભાગલા કરવાની વાતો આજે વહેતી થઇ છે. આમ કરીએ તો મુંબઇને ૧૨ ભાગમાં વહેંચવું પડે; પરન્તુ ખરી વાત એ છે કે ભાષાને ધોરણે મુંબઇનો વિચાર થઇ શકે જ નહિ. મુંબઇ એ એક વિશિષ્ટ શહેર છે; ભારતને માટે નમૂનારૂપ છે અને મુંબઇ સ્વતંત્ર રહે તેમાં જ રાષ્ટ્રનુ ગૌરવ છે.

આટલું પ્રાસંગિક કહીને મુંબઇ જૈન યુવક સંઘે મને આમંત્ર્યો અને સૌના સહવાસની તક આપી તે બદલ હું સંઘનો આભાર માનું છું. અન્ય સંસ્થાઓ મુંબઇ સંઘનું અનુકરણ કરશે તો ભારત એક આદર્શ રાષ્ટ્ર બની જશે, એટલું કહીને હું મારું વક્તવ્ય પૂર્ણ કરીશ."

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી. એસ. કે. પાટીલનો આભાર માનતાં જણાવ્યું કે "આજથી ૩૫ વર્ષ પહેલાં આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન" એ મથાળા નીચે મેં એક લેખમાળા લખી હતી અને તે વખતના 'જૈન ધર્મ પ્રકાશ'માં તે પ્રગટ થઇ હતી. તે લેખમાળામાં જૈન સમાજ સ્વચ્છતા, સુઘડતા, સભ્યતા, સંસ્કારિતા અને સુરુચિમાં કેટલો પછાત છે એનો મેં સમાજજીવનના વિવિધ પાસાઓને સ્પર્શીને ખ્યાલ આપ્યો હતો. ખાસ કરીને જૈનોની સુરૂચિવિહીનતા તરફ ધ્યાન ખેંચ્યું હતું. આજે એજ જૈન સમાજના ભાઇ બહેનોને આટલી સુવ્યવસ્થિત અને સુઘડ રીતે એક સાથે જમતાં જોઇને હું અસાધારણ આનંદ અનુભવું છું.

જૈન સમાજને સુરુચિ અને સંસ્કારિતાની તાલીમ આપવી એ અમારા મુંબઇ જૈન યુવક સંઘનો સદા પ્રયત્ન રહ્યો છે. અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ પ્રયત્નનું જ એક સ્વરૂપ છે. પર્યટણો





શ્રી પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથમાં યોજાયેલા સમૂહભોજન સમારંભનાં બે દૃશ્યો.

28



એ જ પ્રયત્નની બીજી ભાત છે, પ્રબુદ્ધ જીવનના સંપાદન પાછળ આજ ખ્યાલ રહેલો છે. સમાજજીવનમાંથી કઢંગાપણું, કદરૂપાપણું, શુષ્કપણું કાઢવું અને સુરુચિપૂર્ણ પ્રાણમાય જીવનની તેને દીક્ષા આપવી, જૂનાં જીવનમૂલ્યોનાં સ્થાને નવાં જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા કરવી એ અમારું ધ્યેય રહ્યું છે. કેવળ વ્રતનિયમ અને તપવડે શોષી નાખવા માટે જીવન નથી, પણ પુરુષાર્થ અને પરમાર્થસાધના વડે સભર બનાવવા માટે, સંયમદ્વારા શક્તિશાળી તેજસ્વી બનાવવા માટે જીવન છે એ અમારા સંઘનો, અમારા મુખપત્રનો સંદેશ છે.

## વિરોધ શા માટે?

અહીં કોઇ જરૂર એ પ્રશ્ન કરી શકે છે કે જે યુવકસંઘ સ્વામી વાત્સલ્ય અને નોકારશીના જમણવારોનો સખ્ત વિરોધ કરતો હતો તે યુવક સંઘ આવો ભોજન સમારંભ યોજે તે ઉચિત છે ખરૂં? આના જવાબમાં જણાવવાનું કે યુવક સંઘનો વિરોધ સર્વ કોઈ સામુદાયિક જમણવારો સામે કદી હતો નહિ કે છે નહિ, પણ ઢગલાબંધ વરઘોડાઓ કાઢવા અને મોટાં મોટાં જ્ઞાતિના કે ધાર્મિક જમણવારો પાછળ હજારો રૂપિયાનો ધૂમાડો કર્યા કરવો અને સમાજના હિતાર્થે અન્ય કશું ન કરવાની વૃત્તિ ધરાવવી એ સામે સંઘનો સખ્ત વિરોધ હતો અને આજે પણ છે જ. બાકી આવા અસાધારણ પ્રસંગે આવાં જમણવારો કદી કદી યોજાય એ સર્વ સમાજમાં સર્વ કાળે આવકારદાયક લેખાયું છે અને લેખાવાનું છે. જ્યાં મહોબત છે ત્યાં સહભોજન આવે જ છે અને તેમાં જ મહોબતની પરિપૂર્તિ સમજવામાં આવે છે. આપણે શરૂઆતના ઉપનિષદના મંત્રમાં સાંભળ્યું કે સહનૌ ભુનક્તુ. આ પાછળ પણ આજ ભાવના રહેલી છે. યુવક સંઘ તરફથી આજ સુધીમાં આથી નાના પાયા ઉપરનાં સામુદાયિક પર્યટણો તેમજ સહભોજનો અનેકવાર યોજાતાં રહ્યાં જ છે અને પરસ્પરના સદ્દભાવ અને સ્નેહને અર્થે આવાં સમૂહભોજનોની આવશ્યકતા સ્વીકારાતી રહી છે. આજનો પ્રસંગ મોટો છે તો આજનું સમૂહભોજન પણ મોટા પાયા ઉપર યોજાયું છે આ રીતે આજનું આ દ્રશ્ય મને તો શું પણ કોઇ પણ તટસ્થ વ્યક્તિના દિલમાં આનંદ રોમાંચ પેદા કરે તેવું છે. બે ઘડી કોઈ બીજી દુનિયામાં બેઠાં હોઇએ એમ લાગે છે. આ ભોજનમાં સહકાર આપવા માટે આપ ભાઇઓ અને બહેનોનો હું ઉપકાર માનું છું."

ત્યારબાદ શ્રી. શાંતિલાલ શાહે, શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીએ, શ્રી. મોહનલાલ સોપાને પ્રસંગોચિત વિવેચનો કરી સૌને વિનોદ કરાવ્યો હતો. અને શ્રી. લીલાવતી બહેને સૌ કોઇનો પુનઃ આભાર માનતાં સંઘના પ્રમુખશ્રી ભુજપુરીઆનું સુખડના પુષ્પહાર વડે સન્માન કર્યું હતું અને જનમનગણના રાષ્ટ્ર ગીત સાથે સૌ કોઇ અનેરી પ્રફુલ્લિતતા અનુભવતા છૂટા પડયા હતા.

## મનોરંજન કાર્યક્રમ

મનોરંજન સમિતિએ જુદી જુદી દિશાએથી એકત્ર કરેલ આ મનોરંજન કાર્યક્રમ તા૦ ૧૧ સોમવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં રજૂ કર્યો હતો. આ કાર્યક્રમ માટે કશી ટીકીટો રાખવામાં આવી નહોતી, સંઘના સભ્યો અને શુભેચ્છકો વડે નાટયગૃહ ખીચોખીચ ભરાઇ ગયું હતું.

આ કાર્યક્રમમાં ગીતો અને ભજનો શ્રી વિષ્ણુકુમાર રાવળે અને શ્રી નીલમબહેન ચીનાઇએ રજૂ કર્યાં હતાં. ગરબા અને રસ એ તો ગુજરાતના સાંસ્કૃતિક જીવનની વિશિષ્ટતા છે અને તે શ્વેતાંબર સ્થાનકવાસી જૈન યુવક મંડળની બહેનોએ અને તે જ સંસ્થાના ઉદ્યોગ મંદિરની બહેનોએ આકર્ષક રીતે રજૂ કર્યા હતા. આ ઉપરાંત ભગિની સમાજ સંચાલિત ચંદનબહેન શાહ સેવામંદિરની હરિજન બહેનોના ગરબાએ મનોરંજન કાર્યક્રમ દરમિયાન જરા ઠંડા પડેલા વાતાવરણને ચેતનામય બનાવ્યું હતું. બેબી કલ્પના અને સરલા શાહે નૃત્યો રજુ કર્યાં હતા અને શ્રી. હીંમતલાલ વોરાએ દુહા સંભળાવીને પ્રેક્ષકોનું રંજન કર્યું હતું. મનોરંજનના કાર્યક્રમનો સંગીતવિભાગ અખંડ જ્યોત કળામંડળે સંભાળ્યો હતો.

વિરામ પહેલાંના કાર્યક્રમને છેડે 'મદનભસ્મ' નામની એક નૃત્ય નાટિકા ભજવવામાં આવી હતી. શંકર, પાર્વતી, મેનકા અને મદનના પાત્રોને રજૂ કરતી આ નૃત્ય નાટિકા આકર્ષક અને અનુરૂપ પાર્શ્વભૂમિકા ઉપર ભજવાઇ હતી અને તેનું દિગ્દર્શન ચન્દ્રકાન્ત રાજે કરાવ્યું હતું અને તેમાં કુ. લતા, દમયંતી, ભાવલતા અને બેબી ભારતીએ ભાગ લીધો હતો.

વિરામ પછી અધ્યાપક પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે લિખિત મૂળ મરાઠી 'પુઢારી પાહિજે'નું શ્રી કાન્તિલાલ બરોડિયા અને શ્રી શિરીષકુમાર મહેતાએ કરેલું ગુજરાતી રૂપાન્તર 'નેતા જોઇએ છે.' એ નામની નાટિકાને 'રંગભૂમિ'ના કસાયેલા કળાકારોએ રજૂ કરી હતી. મનોરંજન કાર્યક્રમના અન્તે મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆએ કલાકાર મિત્રોનો અને જે મિત્રોએ અને સહાયકોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તે બધાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પોણાસાતે શરૂ થયેલો



ડાબી બાજુ: નૃત્ય કરતી બેબી કલ્પના

★ વચ્ચે: 'નેતા જોઇએ છે' નું એક દૃશ્ય ★

જમણી બાજુ: 'મદન-ભસ્મ'માં ધ્યાનસ્થ શંકર





શ્રી ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલા મનોરંજન કાર્યક્રમનાં દ્રશ્યો.

કાર્યક્રમ પોણા અગિયાર વાગ્યે પૂરો થયો હતો.

## નૌકા વિહાર

રજત મહોત્સવ સમારંભનો અંતિમ કાર્યક્રમ નૌકાવિહાર, તા૦ ૧૨ મી મંગળવારની રાત્રિના ૮ થી ૧૧ સુધીનો ગોઠવેલો હતો. શરદપૂર્ણિમાની તેજોજ્જવલ રાત્રિ હતી. પૂર્વાકાશમાં પૂર્ણ ચંદ્રનો 'ઉદય થઇ' ચુકયો હતો. ફેરી વાર્ફ નં. ૨ ઉપર શોભના સ્ટીમલોંચ વિહારવાંછુઓના આગમનની રાહ જોતી ઉભી હતી. સાંજના સાત વાગ્યાથી પ્રવાસીઓની હારમાળા શરૂ થઇ ચૂકી હતી. ભાઇઓ, બહેનો બાળકોની બીજા નંબરના ધક્કા ઉપર ભીડ જામી રહી હતી. આનંદ અને કૌતુકની ઊર્મિઓ સૌ કોઇના મોઢા ઉપર તરવરી રહી હતી. આઠ વાગ્યાં, હજુ પણ બે મોટરો અહીં આવવા માટે નીકળી ચુકેલી તેની રાહ જોવાતી હતી. સવા આઠ થયા. જેની જેની આશા રાખતા હતા, રાહ જોતા હતા તે સૌ કોઇ આવી ચુકયું હતું, આઠ ને વીશ મીનીટે શોભનાએ કિનારો છોડયો, શોભના બે માળની નાની સરખી સ્ટીમર જ હતી. બંને માળના બાંકડાઓ ઉપર ભાઈ બહેનો પોતપોતાના મંડળમાં ગોઠવાઇ ગયાં હતાં. વાતાવરણ આનંદકલ્લોલથી ભરેલું હતું. આવેલા સભ્યો અને શુભેચ્છકોને પીરસવા મટે સંઘ તરફથી લીલાવતી બહેન મોટા પાયા ઉપર દુધપૌંવા તૈયાર કરીને લાવ્યા હતા અને તે એક વિભાગમાં ગોઠવી દીધા હતા. એવી જ રીતે બીજા વિભાગમાં સંગીતના સાધનો, ગ્રામોફોન રેકર્ડો અને માઇકની ગોઠવણ કરવામાં આવી હતી. સમુદ્ર શાન્ત અને પ્રસન્ન હતો. જાણે વિશાળ સરોવર હોય એવા સ્વસ્થ, સ્થિર સમુદ્રપટ ઉપર શોભના ધીમી ગતિથી વહી રહી હતી. શોભના ચાલે છે કે સ્થિર છે તેની અંદર બેઠેલી અને પોતપોતાની આનંદવાર્તામાં નિમગ્ન મંડળીને ખબર સરખી પણ પડતી નહોતી. બે છેડાનો ભાગ ખુલ્લો હતો. ચાંદની અને દરિયો માણવાનો શોખીનોએ એ વિભાગમાં જમાવટ કરી હતી. પૂર્વાકાશમાં શરદ્પૂર્ણિમાનું વિશાળ ચંદ્રબિંબ ઊર્ધ્વગમન કરી રહ્યું હતું અને વિશાળ જળપટ ઉપર ચદ્રકિરણો વરસાવી રહ્યું હતું. બહાર નજર કરીએ અને ચાંદનીનો ઝળહળાટ આંખોને ભરી દેતો હતો. કોઇ પરીની દુનિયામાં જાણે કે સહેલ કરી રહ્યા હોઇએ એવો આનંદ રોમાંચ સૌ કોઇના દિલને પુલકિત કરી રહ્યો હતો.

### આંતરબાહ્ય ઉજ્જવળતા

નીચેના માળ ઉપર સંગીતની મહેફીલ જામી રહી હતી. પોણા દશ થયા, લીલાવતી બહેને દૂધપવાની લહાણી શરૂ કરી. સંઘના કાર્યકરોએ આ કામ સંભાળી લીધું. એક છેડેથી બીજે છેડે ઉપર તેમજ નીચે ભાઇઓ બહેનો તથા બાળકોને દૂધપવા પહોંચાડવામાં આવ્યા. શરદ પૂર્ણિમા સાથે દૂધપવા ખાવા ખવરાવવાનો મહિમા કંઇ કાળથી જોડાયલો છે. ચંદ્ર ઉજ્જવળ, ચાંદની ઉજ્જવળ, સમુદ્ર ઉજ્જવળ, દુધ ઉજ્જવળ અને પવા ઉજ્જવળ, સુવાસ અને મિષ્ટતાથી ભરેલા દૂધપવા આરોગતાં સૌનાં દિલ તેમજ મુખારવિંદ પણ ઉજ્જવળ બન્યા. આ ઉજ્જવળતાનું પર્વ હતું. સૌ કોઇનાં રાગદ્વેશ પણ બે ઘડી માટે શમી ગયા અને આન્તર બાહ્ય ઉજ્જવળતામાં સૌ મહાલવા લાગ્યા.

શોભના કીનારા સમીપ આવીને ઉભી રહી. લાંબા કાલપટ ઉપર પથરાયલો આનંદ આ સ્થળ અને સમયમાં જાણે કે કેન્દ્રી ભૂતન થયો હોય એવા ભરચક આનંદથી ભરેલા ત્રણ કલાક ત્રણ મીનીટથી પણ નાના હોય એમ આંખના પલકારામાં પસાર થઇ ગયા; કોઇ ઊર્ધ્વલોકમાં અલ્પ સમય ઉડયન કરીને ભૂતળ ઉપર સરી પડયા ન હોય એમ મુગ્ધતા અને અવાકતા અનુભવતા સૌ કોઇ શોભના છોડીને કિનારા પર ઊતરી આવ્યા અને કેટલાક પોતાની મોટરોમાં તો કેટલાક નકકી કરેલી બસોદ્વારા પોતપોતાના નિવાસસ્થાને સુખરૂપ પહોંચી ગયા. આ રીતે રજત મહોત્સવ સમારંભનો અન્તિમ કાર્યક્રમ પણ પૂરી સફળતાપૂર્વક પાર પાડયો.

## સમાપ્તિ સંમેલન

રજત મહોત્સવ સમારંભના પરિશિષ્ટરૂપ એક નાનું સરખું સ્નેહ સંમેલન તા૦ ૧૬-૧૦-૫૪ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે ચોપાટી ઉપર આવેલા ન્યુ આરામ રેસ્ટોરાંમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ માંડણ ભુજપુરીઆ તરફથી યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં રજત મહોત્સવ સમિતિના સભ્યો તેમજ મનોરંજન કાર્યક્રમ પાર પાડવામાં તથા રામાયણ નૃત્ય નાટિકાની ટીકીટો વેચવામાં મદદરૂપ બનેલા ભાઇબહેનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આશરે સાઠ ભાઇબહેનો ઉપસ્થિત થયાં હતાં. આ સંમેલનમાં અલ્પ ઉપાહારને ન્યાય અપાયા બાદ શ્રી ખીમજીભાઇ ભુજપુરીઆએ ઉપસ્થિત ભાઈ બહેનોને આવકારતાં રજત મહોત્સવ સમારંભ સાધન્ત પાર પાડવામાં મદદરૂપ બનેલા સાથીઓ અને સહકાર્યકર્તાઓ સંબંધે વિગતવાર ઉલ્લેખ કરીને સૌ કોઇનો આભાર માન્યો હતો અને શ્રી પરમાનંદભાઇનો સવિશેષ ઉલ્લેખ કરીને તેમનુ પુષ્પહાર વડે બહુમાન કર્યું હતું.

### આશીર્વાદરૂપ આપત્તિ


ત્યાર બાદ શ્રી પરમાનંદભાઈએ પ્રસંગોચિત વિવેચન કરતાં અને રજતમહોત્સવ સમારંભની સફળતા વિષે પૂર્ણ આનંદ તથા સંતોષ વ્યકત કરતાં જણાવ્યું કે જીવનમાં ઊતરતી આફત કદી કદી આશીર્વાદ રૂપ બને છે એ રીતે સંઘમાં ગયા વર્ષે ઉભા થયેલા સંઘર્ષે આપણને મોટો લાભ એ કર્યો છે કે આપણે બે નવા શકિતશાળી કાર્યકર્તાઓ મેળવવાને ભાગ્યશાળી થયા છીએ એક તો લીલાવતી બ્હેન. બીજા ખીમજીભાઇ ભુજપુરીઆ. તેમની પ્રમુખસ્થાન ઉપર નિયુકિત આ સંઘર્ષમાંથી જ નિર્માણ થઇ હતી. તેમને આમ તો વર્ષોથી હું ઓળખતો હતો. પણ સાથે કામ કરવાનો પ્રસંગ તો તેઓ સંઘના પ્રમુખ થયા ત્યારથી જ શરૂ થયો. મને જણાવતાં આનંદ થાય છે કે આજ સુધીમાં અમને કોઈ પણ બાબતમાં લેશમાત્ર મતભેદ પડયો નથી. અમે એકમેક સંપૂર્ણપણે ઓળખતાં હોઇએ એમ ઉભયને લાગે છે. સંઘમાં પ્રમુખપદે આવ્યા ત્યારે તેઓ કાંઇક મહેમાન જેવા લાગતા. હવે તો સંઘના તેઓ આત્મીયજન બન્યા છે. આ સમારંભની સફળતામાં તે બન્નેનો બહુ મોટો ફાળો છે અને તેમના સક્રિય સાથ દ્વારા સંઘ પુરૂષાર્થ અને પરમાર્થનાં નવાં સીમાચિહ્નો ભવિષ્યમાં સર કરવાની આશા રાખે છે. તદુપરાન્ત આ સમારંભ આટલી સફળતાપૂર્વક અને લેશ માત્ર વિસંવાદ વિના પાર પડયો એ પણ ઉપર જણાવેલ સંઘર્ષમાંથી પેદા થયેલ નવરચનાનું જ શુભ પરિણામ છે એમ હું માનું છું.” આગળ બોલતાં તેમણે સંઘના ભાવી કાર્યક્રમ વિષે પોતાની કલ્પનાઓ તેમ જ મનોરથો રજૂ કર્યા હતા. શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી તથા શ્રી ચીમનલાલ પી. શાહે સંઘની ભાવી કાર્યદિશા વિષે કેટલાક વિચારો રજૂ કર્યા હતા. શ્રી. ટી. જી. શાહે પોતાના માથા ઉપર રહેલા શ્રાવિકાશ્રમની જવાબદારી આડે રજત મહોત્સવના કાર્યમાં પૂરતો ભાગ લઇ નહિ શકવા બદલ દિલનો અસંતોષ બતાવવા સાથે રજત મહોત્સવની સફળતા વિષે પોતાને થયેલો અપૂર્વ આહ્લાદ વ્યકત કર્યો હતો ત્યાર બાદ હાજર રહેલ દરેક ભાઇ-બહેને પોતપોતાની ઓળખાણ આપી સંમેલનના આનંદવિનોદમાં વૃધ્ધિ કરી હતી. અને આ રીતે પોણાબે કલાક આનંદમય વાર્તાલાપ અને તદનુરૂપ ઉપાહાર માણવામાં પસાર કરીને સૌ છુટા પડયા હતા. તા૦ ૯ મી ઓકટોબર શનિવારના રોજ શરૂ થયેલ રજત મહોત્સવ સમારંભની તા૦ ૧૬ મી ઓકટોબર શનિવારના રોજ આ રીતે સાચી પૂર્ણાહુતિ થઇ હતી.

# મારું વિદ્યાધ્યયન

પં. શ્રી સુખલાલજી

નેત્રહીન વ્યક્તિને કોઇ પંડિત કહી સંબોધે યા તેને ભણેલ તરીકે ઓળખાવે ત્યારે અજાણ્યા કેટલાયને કુતૂહલ થવાનું કે આ માણસ આંખ વિના કેમ ભણ્યા હશે? આવું જ કુતૂહલ મારી સમક્ષ ઘણાં ભાઇ બહેનોએ વ્યક્ત કર્યું છે. કેટલાકની એ જિજ્ઞાસા મેં અમુક અંશે સ્વાનુભવ કથન દ્વારા સંતોષી છે, પણ ભાઇ શ્રી પરમાનંદભાઇની ઊંડી અને તીવ્ર જિજ્ઞાસા માત્ર એટલાથી સંતોષાય તો તે પરમાનંદભાઇ શાના? વાતચીતમાં તેમણે ટૂંકમાં એટલું જ કહીને પતાવ્યું કે આ વિગત હું જાણતો ન હતો. મનમાં સંઘરી રાખેલ જિજ્ઞાસા શમાવવા તેમણે મને કાંઇક વિગતે લખી આપવા કહ્યું. આ તકનો લાભ લઇ એ વિષે કાંઇ લખાય તો લખી કાઢવું એ વૃત્તિથી હું પ્રેરાયો છું. અલબત્ત, પત્રની મર્યાદા જોતાં પૂરી વિગતથી એ લખી નહિ શકું, તેમ છતાં કાંઇક લંબાણ થવું અનિવાર્ય છે. તે વિના વાચક સામે અખંડ ચિત્ર ભાગ્યે જ આવી શકે.

મારા જીવનના મુખ્ય બે ભાગ કલ્પી શકાય: એક દર્શનનો અને બીજો અદર્શનનો. લગભગ ચૌદ કે પંદર વર્ષની ઉમર સુધીનો સમય તે દર્શનનો અને ત્યાર પછી અત્યાર લગીનો લગભગ ૬૦ વર્ષનો સમય તે અદર્શનનો. જેમ બીજા ભણનાર ભણે છે તેમ નેત્રની હયાતી વખતે હું પણ સાત ગુજરાતી ચોપડીઓ એક નાના ગામડાની નિશાળમાં ભણ્યો. તે વખતે ગામડામાં સંભવે તેવા શિક્ષકો, સરકારી શાળામાં ચાલતા વિષયો અને દર વર્ષે નિયમિત આવતા પરીક્ષકો અને લેવાતી પરીક્ષાઓ—આ બધું દેખનાર માટે એટલું બધું જાણીતું અને સાધારણ છે કે તે વિષેની મારી અંગત વિશેષતાનું અત્રે કાંઇ મહત્ત્વ નથી. કહેવું પડે તો એટલું જ કહી શકું કે સુલેખન, ગણિત અને શાળામાં ચાલતી ચોપડીઓને જેવી ને તેવી નવી રાખવાની કાળજી ઇત્યાદિમાં હું અગ્ર રહેવા પ્રયત્ન કરતો. નિશાળ બહારની પ્રવૃત્તિ, ભણતર યા કેળવણીનાં અંગરૂપ, અત્યારની જેમ, તે વખતે તો ન લેખાતી. પણ હવે જ્યારે એય તાલીમનો એક ભાગ લેખાય છે ત્યારે એ વિષે મારી પ્રકૃતિ અને સ્વભાવનો નિર્દેશ ન કરું તો આગળના જીવનની ભૂમિકા જ ન સમજાય. મારા સ્વભાવમાં જેટલો ભણતરનો રસ અને ઉમંગ હતો તેટલોજ રમત-ગમત અને જાતમહેનતનો હતો. તળાવ ને કૂવામાં તરવું, ઘોડાઓ અને વાછડા દોડાવવા, તત્કાલીન ગામડાની બધી રમતો રમવી અને વડીલોએ કે ગમે તેણે ચીંધેલું કામ જરાપણ આનાકાની વિના, મોઢું કસાણું કર્યા વિના તરત જ કરી આપવું એ સહજ હતું. એની અસર શરીરના બંધારણ ઉપર કાંઇક સારી થઇ અને મનના ઘડતરમાં પણ એણે કાંઇક સારો ફાળો આપ્યો એમ આગળ ઉપર વિચાર કરતાં મને જણાયું છે.



પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજી

### જૈન સાધુઓ પાસે અધ્યયન

વિ. સં. ૧૯૫૩ (ઇ. સ. ૧૮૯૭) ના ઉનાળામાં માતાને લીધે નેત્રો ગયાં અને યુગ પલટાયો. જે જગત નેત્રને લીધે સ્વતંત્ર પ્રવૃત્તિનું ધામ હતું તે હવે પરતંત્ર પ્રવૃત્તિનું સ્થાન બન્યું. જે રૂપલોક દૂર છતાં સમીપ હતો તે હવે સમીપ છતાં દૂર બન્યો અને અરૂપલોક સમીપ આવ્યો. ફાવે તેમ વનવિહાર કરતો હાથી કે ઉડ્ડયન કરતું પંખી પાંજરામાં પુરાય અને જે અકળામણ અનુભવે તે આવી પડી. લગભગ બે-એક વર્ષના માનસિક ઉત્પાત પછી સમાધાનનું એક દ્વાર અણધારી રીતે ઊઘડ્યું. તે દ્વાર અરૂપલોકમાં વિચરવાનું-કાંઇક ને કાંઇક નવું શીખવાનું. અંગ્રેજી ભણવાની સહજ વૃત્તિ કેટલાક કારણસર સફળ થઇ ન હતી, ત્યારે નવી આવી પડેલ પરિસ્થિતિએ એ જિજ્ઞાસાવૃત્તિને ઉપસ્થિત સંજોગો પ્રમાણે બીજી દિશામાં વાળી. હજારથી પણ ઓછી વસ્તીવાળું ગામ, શિક્ષણનાં કોઇ સાધનો નહિ છતાં ખારા સમુદ્રમાં મીઠી વીરડીની જેમ મારા માટે એ પછાત ગામડામાંય જૈન સાધુઓનું આવાગમન આશીર્વાદરૂપ નીવડયું. આગળ જતાં વિ. સં. ૧૯૬૦ ના ઉનાળામાં કાશી જવાની જે તક સાંપડી તેની આ પૂર્વભૂમિકા લેખાય. તેથી તે વખતે ગામડામાં ઘરબેઠાં કોની કોની પાસે શું શું શીખ્યો અને તે કઇ કઇ રીતે એ જાણવું જરૂરી છે.

જૈન સાધુ-સાધ્વી આવતાં પણ તે મુખ્યપણે સ્થાનકવાસી પરંપરાના. એમ તો એ સાત વર્ષમાં સેંકડો સાધુ અને સાધ્વીઓ આવ્યાં અને ગયાં. મેં તેમનો પરિચય પણ સાધ્યો, પરંતુ મારા અધ્યયન સાથે જેમનો ખાસ સંબંધ છે તેમનાં નામ આ રહ્યાં: લીંબડી સંઘાડાના પૂજ્ય લાધાજી સ્વામી, જે તે વખતે વૃદ્ધ અને અંધ હતા, તેમના સુવિદ્વાન શિષ્ય ઉત્તમચંદજી સ્વામી અને એકલવિહારી પૂ. દીપચંદજી સ્વામી. જે સાધ્વીઓનો અધ્યયન અંગે પરિચય થયો તેમાંથી એક અતિવૃદ્ધ જડાવબાઇ અદ્યાપિ જીવિત છે અને તે હાલ અમદાવાદમાં છે. તે વખતે મારા શીખવાના વિષયો માત્ર જૈન-પરંપરાને લગતા જ હતા ને તે ત્રણ ભાષામાં ગ્રથિત. ગુજરાતી, પ્રાકૃત અને સંસ્કૃત ભાષા દ્વારા એ વિષયોમાં થોડો પ્રવેશ કર્યો. જીવ, કર્મ, લોક, દ્વીપસમૂહ, ધ્યાન જેવા એક એક મુદ્દા ઉપર જૈનદૃષ્ટિએ લખાએલ ગુજરાતીમાં જે નાનાં નાનાં સંખ્યાબંધ પ્રકરણો છે તે થોકડાને નામે પરંપરામાં જાણીતાં છે. થોકડા એટલે કોઇ એક મુદ્દા ઉપર શાસ્ત્રમાં મળી આવતા વિચારોનો એકત્ર કરેલ થોક, જથ્થો કે સંચય, જેને તે તે વિષયના પ્રકરણ કહી શકાય. આવા સંખ્યાબંધ થોકડાઓ તે તે સાધુ કે સાધ્વી પાસેથી સાંભળીને જ યાદ કરી લીધા. એનું પ્રમાણ નાનુંસૂનું ન હતું. છન્દ, સ્તવન અને સજ્ઝાય નામે જાણીતું ગુજરાતીમાં વિશાળ જૈન-સાહિત્ય છે. સજ્ઝાયમાળા નામે તે વખતે પ્રસિદ્ધ એવા બે ભાગોમાં છપાયેલ. લગભગ બધું જ આવું સાહિત્ય પણ એક અથવા બીજાની પાસેથી સાંભળી સાંભળી યાદ કરી લીધું. ગુજરાતીમાં ચર્ચાએલ વિષયો સમજવામાં મુશ્કેલી પડતી જ નહિ, એટલે સહેજે અનેક જૈન વિષયોનો પરિચય તો થયો પણ એટલા માત્રથી જિજ્ઞાસા શમતી ન હતી. મનમાં થયું કે આ બધું જે મૂળ ગ્રંથોમાં

છે તે યાદ કેમ ન કરવા? આ જિજ્ઞાસાએ આગમો ભણી ધકેલ્યો. આગમો યાદ કરવા ને શીખવામાં મુખ્ય ફાળો હોય તો તે એકલવિહારી પૂ. દીપચંદજી સ્વામીનો. અલબત્ત, એમાં લાધાજી સ્વામીનો હિસ્સો તો છે જ. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને સૂત્રકૃતાંગ પ્રથમ સ્કંધ એ મૂળ મૂળ સૂત્રો તો આખેઆખાં યાદ થઈ ગયાં, પણ તે ઉપરાંત અનેક વિષયો ઉપર પ્રાકૃતમાં નિબદ્ધ પ્રકરણો પણ સાંભળીને જ યાદ કરી લીધાં. એ બધાંની યાદી બહુ લાંબી થાય. અહીં કહી દેવું ઘટે કે તે તે આગમો અને પ્રાકૃત પ્રકરણોનો અર્થ કાં તો ટબા દ્વારા અને કાં તો સાધુઓના મોઢેથી ગ્રહણ કર્યો.

## સંસ્કૃત ભાષાનું આકર્ષણ

આગળ જતાં મને જણાયું કે એ અર્થગ્રહણ માટે વધારે સાધનની અને તૈયારીની જરૂર છે. ક્યારેક કોઈ સાધુ છૂટાછવાયા સંસ્કૃત શ્લોકો બોલે અથવા નાતમાં જમતી વખતે બ્રાહ્મણો સંસ્કૃત શ્લોકો લલકારે એ સાંભળી સંસ્કૃતની મધુરતાએ અને ભાષાવિષયક તીવ્ર જિજ્ઞાસાએ મને સંસ્કૃત તરફ વાળ્યો. તે વખતે એ પણ માલૂમ પડ્યું કે પ્રાકૃત આગમો ઉપર સંસ્કૃત ભાષામાં વિશાળ પ્રમાણભૂત વ્યાખ્યાઓ છે. એ પણ માલૂમ પડ્યું કે મૌલિક બ્રાહ્મણ–સાહિત્ય તો મુખ્યપણે સંસ્કૃત ભાષામાં જ છે. આ જાણથી સંસ્કૃત શીખવાની અદમ્ય ઇચ્છા ઉદ્ભવી. પણ વિદ્યાના એ મરુદેશસમા ગામડામાં ન તો સંસ્કૃત ભાષા શીખવાનું કોઈ સાધન હતું કે ન પ્રાકૃત આદિ અન્ય ભાષાઓ શીખવાનું. માનસિક અકળામણ કાંઈક ઓછી થાય એવો પ્રસંગ અચાનક આવ્યો અને લાધાજી સ્વામી તથા ઉત્તમચંદજી સ્વામીનો સમાગમ કાંઈક વિશેષ લાધ્યો. પહેલા પાસે શરૂઆત કરી અને બીજા પાસે સારસ્વતવ્યાકરણ પૂર્ણ કર્યું. એ બન્ને ગુરુ–શિષ્ય પ્રત્યેની કૃતજ્ઞતા સાચવીને પણ મારે એટલું તો નિખાલસપણે કહી જ દેવું જોઈએ કે સંસ્કૃતમાં પ્રવેશ તો થયો પણ તે ન હતું સંગીન કે ન હતું પૂર્ણ અધ્યયન. તે વખતે પણ મને એટલું તો સમજાઈ ગયું કે સંસ્કૃત ભાષાના પરિપૂર્ણ અને શુદ્ધ જ્ઞાન વિના પ્રાકૃત ભાષામાંથી ખરો અર્થ તારવવો એ માત્ર ફાંફાં છે. અને એ બન્ને ભાષાના યથાવત્ બોધ વિના ગુજરાતી કે હિંદીમાં લખાએલ જૈન પ્રકરણોના ભાવને ઠીક ઠીક સ્પર્શવાનું કામ પણ એટલું જ અઘરું છે. તેથી હવે મારું મન સંસ્કૃત ભાષાના વધારે અભ્યાસ તરફ વળ્યું. પણ એ જિજ્ઞાસાતૃપ્તિનું કોઈ સાધન સામે ન હતું અને જ્યારે કાંઈક સાંપડ્યું ત્યારે પ્રથમ તો એ અધૂરું લાગ્યું; એટલું જ નહિ, એ અધૂરા સાધનથી સંસ્કૃત શીખવાનું કામ પણ સરલ ન હતું. આ રીતે ચોવીસે કલાક ગડમથલ ચાલતી. તો બીજી બાજુ નિષ્ક્રિય રહેવાનું મારે માટે શક્ય જ ના હતું. એટલે જે જે સુલભ થયું તે બધું યાદ કર્યે ગયો. એ બધી વસ્તુ સંભળાવી યાદ કરવામાં મદદગાર કેટલાક થયા છે, પણ અત્રે ત્રણ વ્યક્તિઓનો નિર્દેશ અનિવાર્ય છે : બે સહોદર ભાઈ પોપટલાલ અને ગુલાબચંદ, જે મારા નિકટ મિત્ર પણ બન્યા હતા અને મારો એક લઘુભ્રાતા. આ ત્રણમાં પ્રથમના બે મને સંભળાવે ને પોતે પણ વચિતાં વાંચતાં કાંઈક સમજતા. તેમાં ય પોપટલાલની બુદ્ધિ તો અસાધારણ હતી. એને લીધે મેં જૈનપરંપરાના એક જટિલ ગણાતા કર્મ-સાહિત્યમાં પ્રવેશ કર્યો. અનેક કર્મગ્રંથો અને બીજાં પ્રકરણો માત્ર ટબા દ્વારા જાણી લીધાં. આ રીતે કાશી ગયા પહેલાં મારી પૂર્વભૂમિકા તૈયાર થઈ.

પણ જે જે યાદ કર્યું કે યાદ થયું તે વિષે એક ઇશારો આવશ્યક છે. નવું વાંચી સંભળાવનાર કોઈ હાજર ન હોય કે તેને સમય ન હોય તે વખતે શીખેલ સમગ્ર વસ્તુઓને હું પુનરાવર્તન દ્વારા યાદ કરી જતો, કેમકે તે બધું તે કાળે કંઠસ્થ હતું. એ પણ કહી દેવું જોઈએ કે જેટલા પ્રમાણમાં શબ્દોનો સ્પર્શ હતો તેટલા પ્રમાણમાં તેના અર્થજ્ઞાનનું ઊંડાણ તે વખતે ન હતું. સમજવાની શક્તિ ઓછી હતી એમ નથી કહી શકતો, જિજ્ઞાસા મંદ હતી એમ પણ ન હતું, પરંતુ જે કાંઈ શીખતો અને જેની જેની પાસે શીખતો તે બાબત તેમની તેમની પાસે એકદેશીય ફિરકાની દ્રષ્ટિ ઉપરાંત વ્યાપક દ્રષ્ટિવાળું કોઈ ધોરણ જ ન હતું. આ વસ્તુ જૂની ઘરેડના બધા જ ફિરકાઓમાં ઓછેવત્તે અંશે છે જ. એટલે હું વધારેની આશા રાખું તે તે અસ્થાને હતું. ઊલટું એમ કહી શકાય કે તે વખતે મારે માટે તો આ બધું આશીર્વાદ-રૂપ નીવડ્યું.

## કાશીમાં વિદ્યાભ્યાસ

સંસ્કૃત ભાષા શીખવા માટે કાશી જ એક પ્રધાન કેન્દ્ર છે અને કાશીના પંડિતો એટલે સંસ્કૃતના ખાં એવી એવી વાતો તો જે તે પાસેથી સાંભળતો. કાશી જઈ અધ્યયન કરું તો કેવું સારું, એવો મનોરથ પણ થયા કરતો, પરંતુ આવી પરાધીન દશામાં અને તે પણ હજારથી વધારે માઈલ દૂર કેવી રીતે, કોની પાસે અને કોની મદદને ભરોસે જવું એ પ્રશ્ન મનમાં આવતો કે પેલો મનોરથ શમી જતો. મનની વાત મનમાં રહેતી અને ક્યારેક પેલા બે મિત્રો સમક્ષ પ્રગટ પણ થતી. અચાનક જાણવા પામ્યો કે કાશીમાં જૈન પાઠશાળા સ્થાપવાની છે. તે સ્થપાઈ પણ. તેના સ્થાપક હતા શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરિ. એમના દીર્ઘ-દ્રષ્ટિવાળા સાહસે કાશીમાં જૈન પરંપરા માટે તદ્દન નવું જ પ્રકરણ શરૂ કર્યું હતું. કુટુંબ અને વડીલોથી તદ્દન ખાનગી પત્રવ્યવહારને પરિણામે જ્યારે વિજયધર્મસૂરીશ્વરે મને કાશી આવવા લખ્યું ત્યારે મને ખરેખર આ ભૂતલ ઉપર સ્વર્ગ ઊતરતું દેખાયું. છેવટે હું કાશી પહોંચ્યો. અહીંથી જ મારા જીવનમાં પણ એક નવું જ પર્વ શરૂ થયું. વિ. સં. ૧૯૬૦ (ઇ. સ. ૧૯૦૪)નો ગ્રીષ્મકાળ હતો અને કાશીના ધમધગતા મકાનોમાં પ્રવેશ કર્યો. અધ્યયન શરૂ થયું.

શું ભણવું? કોની પાસે ભણવું? કઈ રીતે ભણવું? વગેરે કાંઈ પણ વિચાર્યું જ ન હતું. વિચાર્યું હતું તે એટલું જ કે સંસ્કૃત ભાષા પૂર્ણપણે શીખવી. કાશીમાં પાણિનિનું વ્યાકરણ ભણવાની જ પ્રતિષ્ઠા: ત્યાં એની સામગ્રી જેવી તેવી નહિ. મારે કાને એ જ મહાવ્યાકરણનું નામ પડેલું. પરંતુ તરતમાં જ શરૂ થયેલ જૈન પાઠશાળામાં રંગ બીજો હતો. ત્યાં મને માલૂમ પડ્યું અને કહેવામાં આવ્યું કે ગુજરાતના પાણિનિ જેવા હેમચંદ્રે રચેલું મહદ્વ્યાકરણ સિદ્ધહેમ–શબ્દાનુશાસન છે, તે શીખવા જેવું છે. જો કે આ વ્યાકરણનું નામ મારે કાને પ્રથમ જ પડેલું, છતાં પાઠશાળામાં એનું જ વાતાવરણ જોઈ મેં એનું અધ્યયન શરૂ કર્યું. આ મારા કાશીના વિદ્યાભ્યાસનું પહેલું પગથિયું. અધ્યાપક તો ખરેખર વ્યાકરણ-મૂર્તિ તેમ જ સંસ્કૃત ભાષાના ક્ષેત્રમાં વિશ્રુત. પરંતુ મારી મુશ્કેલી જુદી હતી. એક તો યોગ્ય રીતે, મને અનુકૂળ આવે તેવી રીતે અને તેટલો વખત વાંચી સંભળાવે કોણ? બીજું, શીખવા ધારેલ ગ્રન્થ તે વખતે છપાયેલ નહિ, માત્ર હસ્ત-લિખિત હતો. ત્રીજું એ કે એ શબ્દાનુશાસન કદ અને વિસ્તારમાં બહુ મોટું. તેમ જ તેનાં અંગો પણ ઘણાં. અને ચોથું એ કે પાઠશાળામાં એ બૃહદ્વ્યાકરણ શીખનાર કોઈ પણ સાથી ન હતો. આ મુશ્કેલીઓ આજે લાગે છે તેવી તે વખતે હળવી ન હતી. પણ દૈવનો સંકેત કોઈ અકળ જ હોય

છે ત્યાં તે વખતે વિદ્યમાન એવા બે-ચાર સાધુઓએ મને એટલો બધો ઉત્સાહ આપ્યો અને મારી ત્યાર સુધીની વિદ્યા-ભૂમિકા તેમ જ જિજ્ઞાસા જોઈ તેમણે તે માટે મને એટલો બધો યોગ્ય માન્યો કે છેવટે મારી મૂંઝવણ હળવી થતી ગઈ. અત્યારના વિજયેન્દ્રસૂરિ અને તે વખતના મુનિ ઈન્દ્રવિજયજીએ એ લિખિત પોથી વાંચી સંભળાવવાનું માથે લીધું. અધ્યાપક તો અસાધારણ હતા જ. આમ ગાડું આગળ ચાલ્યું.

## અધ્યયન અને પરિશીલન

હું જે કાંઈ શીખતો તે બધું મોઢે યાદ જ કરતો. શીખવાનો અને મોઢે યાદ કરવાનો સમય બહુ પરિમિત એટલે બચત બધો જ સમય શીખેલ ભાગનો પુનઃ પુનઃ વિચાર કરવામાં જતો. જો કે શક્તિ, જિજ્ઞાસા અને સ્મૃતિને અનુસરીને, હું તે વખતે બહુ ત્વરાથી પ્રગતિ કરી શકત, પણ પ્રમાણની દૃષ્ટિએ તેટલી પ્રગતિ ન થતી, છતાં અર્થવિચાર અને મનનના લાભે એ ખોટ કાંઈક અંશે પૂરી પાડી એમ મને લાગે છે. પાઠશાળામાં બીજા અધ્યાપક હતા, જે નૈયાયિક તેમ જ દાર્શનિક હતા. સંસ્કૃત ભાષામાં બોલવાનો અભ્યાસ અને કાંઈક વધારે સમજણ જોઈ તેઓ મારા પ્રત્યે મમતા સેવતા થયા અને આગ્રહ કર્યો કે તમે તો ન્યાય શીખો. હું પણ એ ભણી વળ્યો. આ રીતે વ્યાકરણના અધ્યયન સાથે જ ન્યાય-વૈશેષિક દર્શનનું અધ્યયન ચાલ્યું. ન્યાય શીખતી વખતે ઘણીવાર મનમાં અસ્પષ્ટ એમ થઈ આવતું કે જાણે આ વસ્તુ શીખેલી ન હોય અને એમાં સમજણ જેટલો જ રસ પણ પડતો. દેશમાં એટલે કે કાઠિયાવાડમાં હતો ત્યારે જે સંસ્કૃત પુસ્તકનો યોગ લાધે તે અર્થ સમજ્યા વિના પણ કંઠસ્થ કરતાં ન ચૂકતો. તેથી દેશમાં જ કાલિદાસકૃત 'રઘુવંશ' કાવ્યના નવસર્ગો, નવેક દિવસ પૂરતું કોઈનું પુસ્તક મળવાથી, શબ્દમાત્ર કંઠસ્થ કરેલા. પેલા દાર્શનિક અધ્યાપક પાસે એ કંઠસ્થ કાવ્યનું આર્થિક અધ્યયન પણ શરૂ કર્યું. આમ વ્યાકરણ, ન્યાય અને કાવ્ય એ ત્રણેય ઓછાવત્તા પ્રમાણમાં સાથે ચાલ્યાં, જો કે મુખ્ય તો વ્યાકરણ જ હતું. ત્રણ વર્ષની લાંબી અને કઠોર તપસ્યા પછી એ વ્યાકરણ, એનાં બધાં જ અંગો, જેવાં કે લિંગાનુશાસન, ધાતુપાઠ, ઉણાદિ, ક્રિયારત્નસમુચ્ચય, બૃહદ્વૃત્તિ અને ન્યાસ આદિ, સાથે પૂરું થયું, સાથે જ જિજ્ઞાસાએ વહેણ બદલ્યું.

પ્રથમથી જ સંકલ્પ હતો કે કાશીમાં જઈને શીખવું હોય તો જૈનેતર શાસ્ત્રો જ શીખવાં જોઈએ. તે વખતે મારી સમજણમાં જૈનેતર એટલે વૈદિક દર્શનો એટલું જ હતું. બૌદ્ધ, જરથુસ્ત્ર, ક્રિશ્ચિયન, ઇસ્લામ આદિ પરંપરાઓની કશી કલ્પના જ ન હતી. અધ્યાપકો પોતપોતાના વિષયમાં પારગામી અને અસાધારણ, પણ તેમનું વિચાર-વાચન વર્તુલ પોતાની માનીતી વિદ્યા કે પરંપરા બહાર જરાય નહિ અને પાઠશાળાનું વાતાવરણ પણ સાંપ્રદાયિક જ. એટલે સર્વશાખાસ્પર્શી અધ્યયનને લગતી પ્રેરણા પામવાની તક નહિવત હતી, છતાં જૈન પાઠશાળાના લગભગ ૩-૪ વર્ષ જેટલા નિવાસ દરમિયાન વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ન્યાયવૈશેષિક દર્શન આદિનું પરિશીલન ઠીક ઠીક થવા પામ્યું અને આગળ નવી વિદ્યા-શાખાઓ ખેડવાની તેમ જ ખેડેલ શાખાઓમાં ઊંડે ઊતરવાની ભૂમિકા તો રચાઈ જ. અહીં એ સૂચવી દેવું જોઈએ કે આ શરૂઆતના વર્ષોમાં મળેલ અને ત્યારબાદ આગળ મળેલ અનેક અધ્યાપકોની વિશેષતા એવી હતી કે જે ખાસ જાણવા જેવી અને તેમના પ્રત્યે માન ઉપજાવે તેવી છે પણ એ વિશેષતાનો સ્પષ્ટ ખ્યાલ આ ટૂંકા લેખમાં આપવો શક્ય નથી. એ બાબત તો એમના રેખાચિત્રોની એક જુદી લેખમાળા જ માગી લે છે.

૩-૪ વર્ષ પછી પાઠશાળા બહાર રહેવાનું બન્યું. ત્યારે મિત્ર અને સાથી તરીકે વ્રજલાલ નામના એક આશાસ્પદ વિદ્યાર્થી હતા, જે આગળ જતાં પંડિત વ્રજલાલ તરીકે જૈનપરંપરામાં જાણીતા થયા અને જેમણે મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયમાં ઘણાં વર્ષો લગી ધાર્મિક શિક્ષણ આપેલું. અમે બન્ને મિત્રોએ અધ્યયનના કેટલાક વિષયો વહેંચી લીધા અને કેટલાક સાથે મળી શીખવા એમ નક્કી કર્યું. જે જે વિષયો વહેંચ્યા તે માત્ર અધ્યાપક પાસે જઈ શીખવાની દૃષ્ટિએ. તેઓ અમુક અધ્યાપક પાસે એક વિષય શીખી આવે તો હું બીજા અધ્યાપકો પાસે બીજો વિષય શીખું, પણ છેવટે તો બન્ને ઘેર બેસી પરસ્પર આપલે કરી લઈએ. તેમ છતાં અમુક વિષયો તો બન્ને સાથે જઈ શીખતા. આ અમારી અધ્યયનની યોજના હતી, પણ પાઠશાળાથી જુદા રહ્યા પછી જેમ અધ્યયનની સ્વતંત્રતા અને એની વિશાળતાનો અમને લાભ મળવાની તક પ્રાપ્ત થઈ હતી, તેમ સાથે જ અમારે સ્થાન, ભોજન, અધ્યાપક આદિને લગતી આર્થિક મુશ્કેલી પણ હતી જ. છતાં અમે કદી નિરાશ થયા હોઈએ એવું યાદ નથી. અમે બન્ને મિત્રોએ એક વાત નક્કી કરી અને તે, એ કે કાશીમાં રહીને જ ભણવું. આ નિશ્ચયને અમે એટલા બધા વફાદાર રહ્યા કે તે વખતના જૈન પરંપરાના સૌથી મોટા લેખાતા શેઠ મનસુખભાઈ ભગુભાઈની ઇચ્છાને પણ અમે અવગણી. તેઓની ઇચ્છા હતી કે અમે બેમને બંગલે અમદાવાદમાં રહીએ અને તેઓ અમારા અધ્યયન માટે સારો દાર્શનિક અધ્યાપક રોકે.

## આર્થિક મુશ્કેલીઓ

કાશીમાં જ ભણવાના સંકલ્પને એક અપવાદ હતો. અમે વિચાર્યું કે આપણને ઠીક ઠીક ભણતર આપે તેવા બે-ત્રણ જૈન ગૃહસ્થો જો કાશીમાં ભણવા જેટલી આર્થિક જોગવાઈ કરી ન શકે તો આપણે બન્નેએ અમેરિકા જવું અને જોન રોકફેલર પાસેથી મદદ મેળવવી. અમે રોકફેલરનું જીવન હિંદી પત્રમાં વાંચી એના તરફ આકર્ષાયેલા અને સ્વામી સત્યદેવના પત્રો વાંચી અમેરિકાના સ્વપ્ન આવેલાં, તેથી આવો તરંગી અપવાદ રાખેલો. પણ છેવટે અણધારી દિશામાંથી જોગવાઈ સાંપડી. કાશીમાં રહી અધ્યયન કરવાના સંકલ્પે કેટલીક મુશ્કેલીઓ અનુભવાવી, જેનો ટૂંક ચિતાર આપવો અસ્થાને નહિ લેખાય. પાઠશાળામાં હતા ત્યાં લગી ન હતી રહેવાના મકાનની ચિંતા, કે ન હતી ખાનપાન કે કપડાંની ફિકર. અધ્યાપકની અગવડ પણ ન જ હતી. આ લીલાલહેર અને પાઠશાળાના અધિષ્ઠાતાની મીઠી મહેર અમુક હેતુસર અમે છોડી તો ખરી, પણ આગળ દિશા શૂન્ય. અમે બે મિત્ર અને વિદ્યાર્થીઓ એમ કુલ પાંચ જણ. પહેલી મુશ્કેલી ક્યાં રહેવું એ હતી, બીજી હતી ખાલી હાથને ખરચખૂટણની અને વધારામાં હવે પછી અર્થસાધ્ય અધ્યાપકો મેળવવાની. અભ્યાસ છૂટી ગયાની ઊંડી વેદના અનુભવતા દિન સાથે, પણ હોંશથી ત્રણ ચાર મહીના મથુરા, વૃન્દાવન, ગ્વાલિયર આદિ સ્થાને રખડપટ્ટીમાં અને પરિચિતોને મળવામાં ગયા. છેવટે અણધારી દિશામાંથી સાધારણ સગવડ લાધી. બરાબર સંવત્સરીને દિવસે જ શહેરથી લગભગ બે માઈલ દૂર ગંગાતટે આવેલ જૈનઘાટ ઉપરના એક ખાલી મકાનમાં આશ્રય મળ્યો. આ સમયનું દૃશ્ય અદ્ભુત હતું. ક્યાં અમારો અધ્ય-શહેરમાં આવેલા આલિશાન, પણ ચોમેરથી બંધિયાર મકાનમાં જનાનખાના જેવો વાસ અને ક્યાં નાનકડા પણ દશ દરવાજા-

વાળા ખુલ્લા મકાનમાં કરેલ પડાવ અને માઇલો લગી પહોળા પથરાયેલ ગંગાના પટ ઉપર વર્ષાના પાણીથી ઊભરાતું તેમજ એ મકાન સાથે અફળાતું પાણીનું પૂર! દેખીતી રીતે સ્થાનની ચિંતા ટળી, પણ અંદરથી તે ચોઅપરોણાને લીધે થોડી ઘણી હમેશાં રહી.

## કાશીમાં કપરા અનુભવો

માસિક લગભગ સો રૂપિયામાંથી ઘણું નભાવવાનું હતું. છએક જણ જમનાર. મહેમાન અને મિત્રો હોયજ. અધ્યાપકના અને મારા વાચકોના પગારનો બોજો પણ ખાસ હતો. એ પેટે લગભગ પચાસ રૂપિયા દર માસે ખરચાતા, અને બાકીમાં બધું નભાવવાનું. આ સમય તિલકને દેશનિકાલ થયાનો; અને બંગભંગની ગરમાગરમ હિલચાલનો, તેમજ વિપ્લવવાદીઓના ત્રાસનો હતો. તેથી છાપાનો લોભ જતો કરવો શક્ય ન હતો. સાપ્તાહિક, માસિક અને દૈનિક એવાં જે જે ગરમાગરમ હિંદી અને મરાઠી છાપાં હોય તેનો બન્ને મિત્રોને નાદ. એટલે એ ખર્ચ પણ ખરો. છતાં બીજી બધી રીતે સાદગી અને જાતમહેનતથી વરતવાનું એટલે ગાડું ચાલે.

હું તો જૈન તરીકે જાણીતો થયેલ. બ્રાહ્મણ મિત્ર પણ મારી સાથે રહે અને તે પણ જૈન તીર્થના મકાનમાં એટલે સારા કોઇ પણ અધ્યાપક, જે હમેશાં વગર પૈસે બધાને ભણાવે તે તો અમે તેમને ઘરે જઇએ છતાં સમય ન આપે, અને સુયોગ્ય અધ્યાપક મેળવ્યા વિના સંતોષ પણ ન થાય. એવો કોઇ અધ્યાપક મળે ત્યારે જૈન હોવાને કારણે બીજી બધી બાબતોમાં અગવડ વેઠીને પણ પૂરતું મૂલ્ય ચૂકવવું પડે. આ એક વિટંબના હતી પણ સાથે જ મુક્તમને અધ્યયના વિષયો અને ગ્રન્થો પસંદ કરવાની છૂટ હોવાથી પાઠશાળાના સગવડિયા પણ એકાંગી અધ્યયનથી મુક્તિ મળવાને લીધે એક રીતે અસાંપ્રદાયિક સંસ્કારનો પાયો નંખાયો. અધ્યાપક ક્યારેક રીસાય પણ તે તો એટલા માટે કે આ જૈનો હોઇ છેવટે કાંઇક વધારે ધરશે જ. અમે પણ કાંઇક વધારે નૈવેદ્યથી એમને રીઝવીએ અને વધારે તાણ ભોગવીએ. અનુભવે નવો રસ્તો સૂઝાડ્યો, પણ તે સહેલો ન હતો. શહેરમાં કોઇ દ્રવ્યાર્થી સુયોગ્ય અધ્યાપકોને શોધી બન્ને જણે જુદા જુદા જવું ને ઘરે અધ્યાપકને બોલાવવા માટે ચૂકવવું પડતું મૂલ્ય કાંઇક હળવું કરવું અને સાથે જ એકાધિક અધ્યાપકનો લાભ લેવો. આ યોજના પ્રમાણે રોજ પાંચેક માઇલ ચાલવાનું તો રહે જ અને જો બે વાર જવાનું ગોઠવાય તો સાત–આઠ માઇલ પણ થાય. બેથી ચાર આનામાં જવર અવર થઇ શકે એવા સસ્તા ભાડાના યુગમાં એ વખતે અમારા માટે એ ખરચ પોસાય તેમ હતો જ નહિ. અવરજવરમાં વખત પુષ્કળ વીતે, પણ સાથે પૂરી કસરત થાય. ઘરે ભણવા જવામાં બીજી પણ એક મુશ્કેલી અને તે વધારે દુઃખદ. ઘણીવાર કડકડતી ટાઢમાં, ગ્રીષ્મના ખરે બપોરે અને વરસતે વરસાદે ચાલીને ઘરે ગયા પછી પણ જ્યારે અધ્યાપક કાંઇક બહાના નીચે પૂરો વખત ન આપે અથવા 'આજે પાઠ નહિ ચાલે' એમ કહે ત્યારે ચાલવાનું દુઃખ જેટલું ન સાલે તેટલું અભ્યાસ પડયાનું સાલતું. સારનાથ શહેરથી પાંચેક માઇલ દૂર કોલેરા અને પ્લેગના એ જમાનામાં મોટે ભાગે ફાગણથી ત્રણ મહીના ત્યાં રહેવા જઇએ. ટ્રેનની ટિકિટના માત્ર બબ્બે પૈસા બચાવવા સાથી ઘણીવાર બન્ને મિત્ર પગે ચાલી ખરે બપોરે પંડિતને ત્યાં પહોંચીએ અને તે ઠરાવ પ્રમાણે પગાર તો લે જ, પણ વખત આપતી વખતે ઠરાવ ભૂલી જાય અને કોઇવાર તો રજા જ પાડે. અધ્યાપકો અનેક શોધ્યા, અનેક બદલ્યા પણ કોઇ સાથે અપ્રીતિ સેવ્યાનું યાદ નથી.

થોડા અનુભવ પછી વિચાર આવ્યો કે આપણે કોઇ વૃદ્ધ અને વિદ્વાનને શિરછત્ર તરીકે શોધીએ ને અવારનવાર તેની સલાહ લઇએ તો સારું. સદ્‌ભાગ્યે ભાવનગર કોલેજના નિવૃત્ત અધ્યાપક કે પ્રિન્સીપાલ શ્રી. ઉનવાલા અમને મળી ગયા. તે પારસી એટલે સહજ વિનોદી, થિયોસોફીસ્ટ એટલે ઉદારચિત્ત. અઠવાડિયે, બે અઠવાડિયે તેમને બંગલે જવું અને તેમની રમૂજ માણી આવવી, તેમજ કાંઇ કહે તો શ્રદ્ધાથી સ્વીકારવું એ એક નવો લહાવો સાંપડયો. તેમણે અને તે જમાનામાં ચાલતા આર્યસમાજ અને કટ્ટર સનાતનીઓના સામ્પ્રદાયિક ગરમાગરમ શાસ્ત્રાર્થોના દંગલે અમને કેટલુંક શીખવવાનું પૂરું પાડયું. એ ઉછળતી જુવાની અને અધ્યયનની ખુમારીએ શિયાળામાં ગંગાકિનારાની સખત ટાઢ અને ગરમીમાં પથ્થરના ઘાટનો અસહ્ય તાપ તેમજ વરસાદનાં ઊભરાતાં પૂર એ બધું સહ્ય બનાવ્યું.

જુદા રહી કાશીમાંજ અધ્યયન કરવાના એ છ વર્ષોમાં સાંખ્યયોગ, ન્યાય–વૈશેષિક, પૂર્વ–ઉત્તર મીમાંસા, કાવ્ય અને અલંકાર, પ્રાકૃતવ્યાકરણ અને પ્રાકૃતસાહિત્ય જેવા ખાસ ખાસ વિષયોનું રસપૂર્વક એકાગ્રતાથી અધ્યયન થવા પામ્યું અને સાથે સાથે સનાતન, આર્યસમાજ, ક્રિશ્ચિયન, થિયોસોફી જેવી પર પરાઓની વ્યાવહારિક બાજુ જાણવાની પણ થોડીક તક મળી.

## અધ્યયન સાથે અધ્યાપન

તે વખતે મારામાં એક સંસ્કાર પ્રબળપણે કામ કરતો. તે એ કે જે શીખવા આવે તેને શીખેલું તો શીખવવું પણ કાંઇક નવું હોય તે પણ તૈયાર કરી શીખવવું, જેથી અધ્યયન સાથે એક પ્રકારનો સબળ અધ્યાપનયોગ પણ ચાલતો. જૈન શાસ્ત્રો અને જૈનદર્શન તો ઘરનાંજ છે. ગમે ત્યાં બેસી ગમે ત્યારે એનું વાચન અને ઊંડાણ કેળવાશે, પણ કાશીમાં રહ્યાનું પૂરું સાર્થક્ય તો ગંભીર અને ગંભીરતર એવાં જૈનેતર બધાંજ વૈદિકદર્શનોને ગુરુમુખે પણ ઊંડાણથી શીખી લેવામાંજ છે. જો કે કોઇ અધ્યાપક પાસે જૈનદર્શન શીખવાની મુખ્ય વૃત્તિ ન હતી, તેમ છતાં જૈનદર્શન શીખવા આવનાર ગમે તેટલા અને ગમે તે કક્ષાના વિદ્યાર્થીઓને હું તેને લગતા પ્રાકૃત કે સંસ્કૃત ગ્રંથો બહુ ઉત્સાહ અને રસથી શીખવતો. એટલે એક રીતે મારું જૈનશાસ્ત્રનું અધ્યયન પણ કાશીમાં આપોઆપ વધતું અને કાંઇક વિકસતું. એના વિદ્યાર્થીઓ પણ, દિગંબર જૈન પાઠશાળા પાસે હોવાથી, અને મારી મમતા હોવાથી, સહેજે મળતા.

જો કે કાશીની નજીકજ સારનાથ છે કે જ્યાં તથાગત બુદ્ધે પ્રથમ ધર્મોપદેશ આપેલો. પણ તે વખતે, ખાસ કરી પંડિત વર્તુલમાં, બૌદ્ધશાસ્ત્ર અને બૌદ્ધદર્શનની કોઇ વિશેષ ચર્ચા ન હતી. એટલે એક રીતે તે વખતે હું બૌદ્ધદર્શનના મૌલિક અભ્યાસથી વંચિતજ રહ્યો. તે ખોટ આગળ જતાં અધ્યાપક શ્રી ધર્માનંદ કોસાંબી પાસે પાલી પિટકના અધ્યયન દ્વારા તેમજ ઘણું ઘણું આપમેળે સાંભળી, સમજવા દ્વારા પૂરી થઇ. પરંતુ મનમાં એક સંકલ્પ હતો કે ન્યાય. વૈશેષિક દર્શનમાં પ્રાચીન તેમજ નવીન ગ્રંથોનું એટલું ઊંડાણથી અધ્યયન કરવું કે જેને બળે કોઇ પણ ભારતીય દર્શન વાંચતાં અને સમજતાં જરાય મુશ્કેલી ન પડે. આ દૃષ્ટિથી પ્રાચીન અને નવ્યન્યાયના વિશાળ અને કઠિનતર પટમાં મેં ભૂસકો માર્યો. એ પ્રયત્નને સફળ કરવા માટે કાશીમાં બીજા અનેક નૈયાયિક અધ્યાપકોની કૃપા મેળવવા મથ્યો. પણ જ્યારે એમ લાગ્યું કે હવે તો કાશી બહાર પણ જવું પડશે ત્યારે એની પણ તૈયારી કરી.

કાશી બહાર એટલે મિથિલા જવાનો સંકલ્પ હતો. ત્યાં વિશિષ્ટ નૈયાયિકો હતા અને વધારે લાભ થવાની આશા પણ હતી. જો કે ત્યાં જઇ મારા જેવા પરતંત્ર માણસને અધ્યસ કરવા માટે જે સામાન્ય સગવડ જોઇએ તે પૂરી ન હતી, છતાં જે કાંઇ સગવડ મળી તેને જરાય ઓછી માન્યા વિના મિથિલા ભણી પ્રવાસ કર્યો. પિલખવાડ, સિંહવાડા અને દરભંગા એમ ત્રણ સ્થળોએ જુદે જુદે વખતે કેટલોક સમય ખર્ચ્યો. ત્યાંનો પ્રવાસ નિષ્ફળ ગયો એમ તો ન કહી શકાય, પણ સાધનોની અપૂર્ણતા અને જાતની પરતંત્રતાને લીધે ઇચ્છા અને જિજ્ઞાસાના પ્રમાણમાં લાભ ઓછો મળ્યો એમ કહી શકાય. અલબત્ત, એ ઓછા લાભનો બદલો બીજી ઘણી રીતે મને નિઃશંકપણે મળી ગયો. ત્યાંનો કટ્ટર બ્રાહ્મણસમાજ, ત્યાંની કાળ-જૂની ગંભીર સનાતન વિદ્યાપરંપરા, ત્યાંના સતાતન માનસવાળા પણ અત્યંત સહૃદય ઉચ્ચતમ વિદ્વાનો અને ત્યાંની વ્યાપક વિદ્યાવૃત્તિ અને વિદ્યાભકિત–એ બધાનો સીધો પરિચય થયો, જેણે મારા આગળના જીવનમાં બહુ સારી અસર ઉપજાવી છે.

### મિથિલાનાં સંસ્મરણો

મિથિલામાં દેશસ્થિતિ અને દેશાચાર જાણવા પામ્યો તેને હું વિદ્યાધ્યયનનો એક ભાગ ન લેખું તો ખરેખર જડ જ ગણાઉં. ગ્રાઇલો લગી આંબા, જાંબૂડાં, લીચી અન કટહર (ફણસ)ના ઝાડ નીચે પડેલ ફળો અનાયાસ મેળવવાં, કદી ન સૂકાતી નદીઓને કાંઠે ફરવું, ચોમાસાના ચડતા પૂરમાં શરદીના ડર વિના ઝંપલાલવું, ચારેક આનામાં કેળની આખી લુમ સેળવવી, કૃષ્ણાભોગ જેવા સુગંધી ભાત ખાવાના અભ્યાસથી ઘઉં ખાવાનો જન્મસિધ્ધ અભ્યાસ છૂટવો, ઘર–આંગણાના પોખરાના ગંદા પાણીને પણ ગગાજળ માની કડકડતી ટાઢમાં નહાવું, રાતની કડકડતી ટાઢમાં બીજા સાધનને અભાવે ડાંગરનું પરાળ પાથરી પાથરવાની એક માત્ર જાજમ ઓઢી ભોંય પર સૂવું, ઉચ્ચ ગણાતા બ્રાહ્મણને થતો વધારેમાં વધારે સ્ત્રીઓનો લાભ, એટલે સુધી કે પરિણીત અગ્યાર સ્ત્રીઓમાંથી અન્તઃપુરમાં બે અને બાકીની પિયરમાં–એની સીધી જાણ થવી, અને બીજે ક્યાંય નહિ આસ્વાદેલ દહીંનું જમણ ઇત્યાદિ ન્યાય-શાસ્ત્રના શુષ્ક ગણાતા અભ્યાસમાં રસ સીંચતુ.

### પરીક્ષાના અનુભવો

અધ્યયન કરતી વખતે તો પરીક્ષા આપવાની કલ્પના ન હતી, પણ મનમાં એ ભૂત ભરાયું. એમ થયું કે બધું તૈયાર જ છે તો પરીક્ષા કેમ ન આપવી? ભારત અને ભારત બહાર પ્રસિદ્ધ અને અંગ્રેજ અમલ દરમિયાન સ્થપાએલ કેન્દ્રોમાં સૌથી જૂની ક્વીન્સ કોલેજમાં ન્યાયની ચારેય વર્ષોની એક સામટી લેવાતી પરીક્ષા આપી. પ્રિન્સીપાલ અસાધારણ સંસ્કૃતજ્ઞ અંગ્રેજ વેનિસ સાહેબ. પરીક્ષા હતી તો લેખિત પણ લેખકની ભૂલ જણાતાં તે ફરી મૌખિક લેવાઇ. વેનિસ પોતે પણ પ્રશ્ન કરતા. પંડિતો તો હતા જ. એમાં મળેલી વિશિષ્ટ સફળતાથી પરીક્ષા આપવાની લાલચ વધી. આગળની આચાર્ય પરીક્ષા એ છેવટની. તેનાં વર્ષો છ, પણ તૈયારી છતાં એક સાથે ન બેસવાના નિયમથી એ ક્રમે ક્રમે આપવાની હતી. બધા વિષયોના બધા જ ગ્રંથોની સહજ તૈયારી હોવાથી અધ્યયન તો અન્ય પ્રકારનું ચાલતું ને પરીક્ષાને ટાણે પરીક્ષ આપી દેવાતી. ઘણું કરી ત્રીજે વર્ષે મેં પરીક્ષક પંડિતોમાં સમતુલા ન જોઇ. તે વખતે વેનિસ ન હતા અને જે અંગ્રેજ પ્રિન્સીપાલ હતા તે એવા સંસ્કૃતજ્ઞ નહિ. મેં પરીક્ષાના કમરામાં બેઠાં જ નિશ્ચય કરી લીધો કે ફરી આ કમરામાં પરીક્ષા આપવા ન આવવું. પાછા ફરતાં એના ઉંબરામાં કરેલ સંકલ્પ ઠેઠ લગી કાયમ રહ્યો, પણ ત્યાર બાદ પચીસેક વર્ષે પ્રિન્સીપાલ ડૉ. ગોપીનાથ કવિરાજ અને રજિસ્ટ્રાર ડૉ. મંગલદેવ શાસ્ત્રીનો પત્ર આવવાથી ફરી એજ કમરામાં જૈનદર્શનનો અભ્યાસક્રમ તૈયાર કરવા અર્થે જવાનું બન્યું. આ પણ વિદ્યાધ્યયનની એક વિચિત્ર લીલા જ કહેવાય!

### અન્યના સહૃદય યોગનું ફળ

વિદ્યાધ્યયનની વાત કરવી હોય ત્યારે વિદ્યાદાતા અધ્યાપકોને ભૂલી ન શકાય. અધ્યયનમાં જેનો પૂરો સાથ હોય એવા વાચકોને વિસરી જ કેમ શકાય? જે વિદ્યાર્થી–મિત્રોદ્વારા વિદ્યાધ્યયન વિકસ્યું હોય તે પણ અવિસ્મરણીય જ ગણાય અને મારા જેવા પરતંત્રને ડગલે ને પગલે આર્થિક રીતે, પરિચર્યાથી અને બીજી અનેકવિધ સગવડોથી ઉત્તેજન આપનાર ભાઇ–બહેનોનો વર્ગ પણ એ વિદ્યાધ્યયનનું એક મુખ્ય અંગ જ છે. પણ અંતઃકરણથી ઇચ્છવા છતાં પ્રસ્તુત લેખની મર્યાદામાં એ બધાનો નામમાત્ર નિર્દેશ પણ શકય નથી, તો એ બધાનો સામાન્ય પરિચય અત્રે આપી જ કેમ શકાય? તેમ છતાં મારે નિખાલસપણુ અને કૃતજ્ઞબુદ્ધિથી કહેવું જોઇએ કે મારી વિદ્યોપાસના એ ખરી રીતે એ બધાના સહૃદય સહયોગનું જ ફળ છે.

પ્રથમ કરેલ સંકલ્પ પ્રમાણે મેં જાતે જ અભ્યાસનું ઊંડાણ માપવા એક કસોટી અજમાવી, જેથી અધ્યયન ચાલે છે તેમ ચાલુ રાખવું કે નહિ તેની કાંઇક ખબર પડે. કસોટી એટલી જ કે ઉત્તમ અને વિશેષ કઠણ ગણાતા બે–એક ગ્રંથોને વાંચી જોઇ લેવું કે તે આપમેળે બરાબર સમજાય છે કે નહિ? બે ગ્રંથ પૈકી એક હતો સુપ્રસિદ્ધ શ્રીહર્ષ કવિનો વેદાન્ત વિષયક **खण्डनखण्डखाद्य** અને બીજો હતો ન્યાયદર્શનમાં મૂર્ધન્ય મનાતો ઉદયનાચાર્યનો ગ્રંથ **न्यायकुसुमांजलि**. આ કસોટીમાં કાંઇક આત્મસંતોષ થયો ને ચાલતું અધ્યયન સમાપ્ત કર્યું.

### વૃધ્ધત્વમાં પણ યૌવન

મેં અહીં સુધી વિદ્યાધ્યયનને લગતી જે થોડી નીરસ કે સરસ હકીકત આપી છે તે ઇ. સ. ૧૯૧૪ સુધીની છે. ત્યાર બાદના ચાલીસ વર્ષોમાં આ લખાવું છું ત્યાં સુધી પણ મારું કાંઇક ને કાંઇક જૂનું–નવું અધ્યયન એજ જિજ્ઞાસાથી અસ્ખલિત ચાલુ છે. પરંતુ ૧૯૧૪ થી મારા વિદ્યાધ્યયને નવું જ સ્વરૂપ ધારણ કરેલું. તેથી આ લેખમાં એ નવા સ્વરૂપની ટૂંક ચર્ચા પણ નથી કરતો. વાચક માટે એટલો સંતોષ બસ થશે કે ૧૯૧૪ થી આજ લગીની મારી પ્રવૃત્તિ અધ્યયન, સંશોધન, લેખન, સંપાદન, સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની છણાવટ આદિ અનેક દિશાઓમાં વહેંચાએલી રહી છે. અલબત્ત, એ દીર્ઘકાલીન શાસ્ત્રીય અને વ્યવહારૂ કાર્યના યજ્ઞમાં કેન્દ્રસ્થાને તો ઉત્કટ જિજ્ઞાસા અને સત્યશોધનવૃત્તિ જ રહેલ છે. એણે જ મને અનેક સત્પુરુષોની ભેટ કરાવી, એણે જ મને પંથ કે ફિરકાના સાંકડા વર્તુલમાંથી બહાર કાઢયો, એણે જ મને અનેકવિધ પુસ્તકોના ગંજમાં પૂર્યો, એણે જ મને અનેકવિધ ભાષાઓના પરિચય ભણી પ્રેર્યો, એણે જ મને અગવડનું ભાન કદી થવા ન દીધું, એણે જ મને અનેક સહૃદય, ઉદાર અને વિદ્વાન મિત્રો મેળવી આપ્યા, એણે જ મને નાના મોટા વિદ્યાકેન્દ્રોની યાત્રા કરાવી, વિશેષ તો શું, એણે જ મને વૃદ્ધત્વમાં પણ યૌવન અર્પ્યું છે અને અદ્યાપિ જીવત રાખ્યો છે.

* * *

## સદ્ભાવ–નિવેદન


પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવને આજ સુધી મધુ સંચયવૃત્તિ રાખી છે. છતાં પોતાના સત્યસિદ્ધાંત ખાતર તો અગ્નિપ્રવેશ કરીને શ્રીમંતશાહી તથા સાધુશાહીને પણ નગ્ન સત્ય સમજાવવાના આદર્શ માટે સાહસ કરવામાં પાછી પાની કરી નથી. તેજ તેની વિશેષતા છે.

**મહાસતી ઉજ્જવલકુમારી**

# ✻ મારી કહાણી ✻

## પંડિત બેચરદાસ જીવરાજ દોશી

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘના રજત મહોત્સવ સંમેલનમાં અતિથિવિશેષ તરીકે જે બે વિશિષ્ટ વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવેલું તેમની જ્ઞાનોપાસનાની કથા તેમની પોતાની પાસેથી પ્રબુધ્ધ જીવનના વાંચકોને જાણવા મળે એ હેતુથી પંડિત સુખલાલજીને તથા પંડિત બેચરદાસને આ વિષય ઉપર કાંઇક લખી આપવા વિનંતી કરવામાં આવેલી. તેના પરિણામરૂપે પંડિત સુખલાલજીએ 'મારૂં વિદ્યાધ્યન' એ મથાળા નીચે લખી આપેલો લેખ આ વિશેષ અંકમાં આગળ આપવામાં આવ્યો છે. પંડિત બેચરદાસે પણ 'મારી કહાણી' એ મથાળાનીએ એક વિગતવાર નોંધ લખી મોકલી- બાળપણની અત્યન્ત દરિદ્ર સ્થિતિ અને વિદ્યાધ્યયન માટે અત્યંત પ્રતિકૂળ સંજોગો વચ્ચે તેઓ શી રીતે આગળ વધ્યા અને આજની સ્થિતિએ પહોંચ્યા તેનો તેમાં ભારે ચિત્તાકર્ષક ખ્યાલ આપવામાં આવ્યો છે. આ નોંધ એટલી લાંબી છે કે આ વિશેષ અંકમાં તેને કોઇ પણ રીતે સમાવવી શકય નથી. તેઓ બાળપણથી માંડીને વિદ્યાધ્યયન માટે કાશી પહોંચ્યા ત્યાં સુધીનો ઇતિહાસ નીચે પ્રગટ કરેલ પ્રથમ હફતામાં આપવામાં આવ્યો છે પછીનો વિભાગ ક્રમસર હવેના અંકોમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)



શ્રી બેચરદાસ

મારી કહાણીમાં ખાસ કાંઇ નવું જાણવા જેવું નહીં મળે, છતાંય તેમાંથી તત્કાલીન સામાજિક, ધાર્મિક અને કૌટુંબિક વાતાવરણનો ખ્યાલ જરૂર મળી શકશે. મારા જીવનના ઘણા પ્રસંગો તો મને સુદ્દલ યાદ નથી રહ્યા અને જે યાદ છે તેમને પણ કાળક્રમે ગોઠવી શકું એમ નથી એ મારો સ્મૃતિદોષ છે. જન્મથી તે નવ વરસ સુધીની ઉમર સુધીનું મને ઘણુંજ ઝાંખું સ્મરણ છે. આવી પરિસ્થિતિ છે છતાં આપની સૂચના હોવાથી આ કહાણી લખી મોકલું છું.

મારાં માતાનું નામ ઓતમબાઇ, તેમના પિતાનું નામ પીતાંબર, મારા મામાનું નામ ભાણાભાઇ, વતન સણોસરા, ગોહિલવાડ, મારા પિતાનું નામ જીવરાજ દોશી, તેમના પિતાનું નામ લાધા દોશી. વતન, વળા–ગોહીલવાડ. મારા નાના ભાઇનું નામ ઝવેરચંદ અને નાની બહેનનું નામ સમુ. વર્તમાનમાં આ બન્ને આ જગતમાં નથી.

જેમ કોઇ જંગલી છોડ પોતાની મેળે વાંકોચૂકો વધે અને જીવે તેમ મારૂં જીવન એમને એમ વાંકું ચૂકું વધ્યું છે. જંગલી છોડને ઉછેરનારો કોઇ આવો મળ્યો હોત તો કદાચ તે વધારે ઉત્તમ દેખાત તેમ મને પણ બચપણથીજ કોઇ સંસ્કારસંપન્ન રક્ષક મળ્યો હોત તો કદાચ અત્યારે છું તેના કરતાં વિશેષતાવાળો બનત એવો મને આભાસ છે. સંભવ છે તે ખોટો પણ હોય.

### મારૂં બચપણ

મારાં માતા કહ્યાં કરતાં તે ઉપરથી મને ખબર પડે છે કે મારો જન્મ સંવત ૧૯૪૬ માં પોષ વ. દિ. અમાસને રાત્રે થયેલો. જયપુર નિવાસી અને મારામિત્ર ગોકુલદાસ ભવાન નામના સુપ્રસિધ્ધ જ્યોતિષીએ મારી જન્મતિથિ ઉપરથી આખી જન્મકુંડળી બનાવી આપેલ છે. તેમાં લખ્યું છે કે મારો જન્મ મૂળ નક્ષત્રના બીજા કે ત્રીજા પાયામાં થયેલ છે. તેથી તેમને માલુમ પડયું કે હું વિલક્ષણ મનુષ્ય થનારો છું. મને એમ યાદ છે કે બનારસ યશોવિજય જૈન પાઠશાળાના સ્થાપક શ્રી વિજય ધર્મસૂરિજીએ વિદ્યાર્થીઓના હાથની રેખા જોવાનું ચાલતું હતું તેવે પ્રસંગે મારો પણ હાથ જોયેલો અને તેઓ વિશેષ અચંબો પામેલા, જો કે તેમણે તો મને કશું કહ્યું નહોતું. સંભવ છે કે તેઓનું કથન પેલા મિત્રજ્યોતિષીને મળતું હોય. મારાં માતાજી કહેતાં કે જન્મથી જ હું માંદો, દુર્બળ અને રોકણો હતો. જન્મ્યા પછીય લાંબો વખત બીમાર રહ્યા કરતો. જ્યારે હું હાલતો ચાલતો થયો ત્યારે છેક બચપણમાં ચોમાસાના દિવસોમાં અળસિયાં પકડતો અને અમારા ઘર સામે જ પડતી દરબારી કોઠીનાં નેવાંમાંથી પડતા વરસાદના પાણીમાં તેલનાં ટીપાં નાખવાથી જે વિવિધ રંગો બનતા તેને જોઇને રાજી થતો. વાંચી લખી શકું એવો થયો ત્યારે મેં મારા ઘરના પટારામાં પડેલા એવાં કેટલાંક હસ્તલિખિત પાનાં વાંચ્યાં જેમાં મારા જન્મ માટેનાં કેટલાંક વિલક્ષણ અનુષ્ઠાનોની વિધિઓ લખેલી તથા વિવિધ રીતે સ્નાન કરવાની પદ્ધતિઓ લખેલી અને કેટલાક મંત્રો પણ લખેલા. વાતવાતમાં મારાં માતાજી કહ્યા કરતાં કે 'આ રોયાને માટે મેં પથ્થર એટલા દેવ કર્યા છે, ભાતભાતની બાધા આખડીઓ રાખેલી અને ઘણા ભૂવા અને જતિઓની પણ આરાધના કરેલી.' ક્યારે હું નિશાળે ભણવા બેઠો અને મારા મૂળ શિક્ષક કોણ હતા તે મને જરાય યાદ નથી. બહુ તોફાની નહીં પણ અટકચાળો જરૂર. જ્યાં ત્યાં અડપલાં કર્યા કરૂં અને માર ખાઉં. રમતો રમતો ખાસ કરીને ગેડીદડો, મોઇ ડાંડિયો, મીનાવટ અને નાર બોકડી. કોડીએ અને પરબોળીએ પણ પજોસણ જેવા તહેવારોમાં ખાસ રમતો. નાનપણથી મારે મોસાળ રહેતો અને ત્યાં મામાની દીકરીઓ સાથે ચોપાટ પણ રમતો. રમતની કારકિર્દી જ્વલંત નહિં. તોફાનમાં મારૂં અને માર પણ ખાઉં. ખાસ ચાહીને તો કોઇને મારૂં નહીં. બીકણ ઘણો, ભણવામાં મહેનતું અને સારો નંબર ધરાવું, વળામાં રોજ દેરાસરમાં જતો, પણ જ્યારે ભગવાનના દર્શન કરતો ત્યારે તેઓને મારી સાથે વાત કરતા અને હાલતાચાલતા જોયા કરતો. એકવાર ઉતાવળમાં પગ ધોઇને ગયેલો છતાં પગે છાણ ચોંટેલું રહી ગયેલું હશે. એથી તે રાતે જ મૂળ નાયક પાર્શ્વનાથ ભગવાન મારા સ્વપ્નમાં આવીને ઠપકો આપી ગયા એ વાત મને અત્યારે પણ બરાબર યાદ છે. નાનપણથી જ જિનદેવ ઉપર આસ્થા અને બીજા દેવો તરફ તિરસ્કાર. મારા તદ્દન પાડોશમાં એક શ્રીમાળી બ્રાહ્મણનું કુટુંબ રહે જ્યારે બ્રાહ્મણ ઘરેઘરે લોટે જાય ત્યારે તેણે પધરાવેલા અને બારણા પાસે ઓટલા ઉપર બેસાડેલા શિવલિંગને મેં ત્યાંથી ઉપાડીને વારંવાર ફેંકી દીધેલું અને તેથી ચીડાઇને તે બ્રાહ્મણે મને બીવરાવેલો પણ ખરો કે આ ભોળાનાથ તને ગાંડો કરી મૂકશે. છતાં હું જરા ય ગાંઠયો ન હતો.

જ્યારે મોસાળમાં ભણવા રહેલો ત્યારે આશરે દસ વરસની ઉમરે બરાબર છપ્પનિયાના દુકાળમાં મારા પિતાજીનું વળામાં અવસાન થયેલું. મારા પિતા બધા મળીને પાંચ ભાઇઓ હતા. તેમાંના ત્રણ ભાઇઓ વળામાં રહેતા અને બે ભાઇઓ પાલીતાણા પાસે જમણવાવમાં રહેતા. વળામાં રહેતા માત્ર બે ભાઇઓ વચ્ચે એટલે જીવરાજ લાધા અને હરખા લાધા એ બે વચ્ચે રામ લક્ષ્મણ જેવો સ્નેહ હતો. મારા કાકા હરખા દોશા વળામાં કોલેરામાં

ગુજરી ગયા. તેના પ્રબળ આઘાતને લીધે 'અરે ! હરખો મને મૂકીને ચાલ્યો ગયો' એમ કલ્પાંત કરતા કરતા મારા પિતાજી તેને વળતે જ દિવસે ગુજરી ગયા. પિતાજી હતા ત્યારેય ઘરમાં ગરીબી હતી, પરંતુ શિરછત્ર હોવાથી તે કળાતી ઓછી. જ્યારે એ ચાલ્યા ગયા ત્યારે ગરીબીનું ભયંકર સ્વરૂપ અનુભવ્યું. વળામાં ઘરનું ઘર અને એક દુકાન હતી. મારા પિતાજી તો કહ્યા કરતા કે હરખો કરે તે ખરૂં, તેને જોઇએ તે મારે ન જોઇએ. પિતાજી વધુ ભોળા, ધાર્મિકવૃત્તિના અને સરળ હતા. માતાજી શરૂથી જ તેજસ્વી, વ્યવહારપટુ અને કોઇના ઓશિયાળા ન રહે તેવાં હતાં. એટલે તેમણે પિતાજી ઉપર દબાણ કરી કરીને કેટલોક મજીયારો વહેંચી લીધેલો, તેમ છતાં તેઓ પોતાનું ધાર્યું નહીં કરી શકેલાં. એટલે કેટલાંક વાસણો વહેંચાયા વિનાનાં જ રહેલાં અને તે કાકાને ત્યાં જ રહી ગયેલાં. ઘરની જમીનના ભાગ પાડવાના બાકી હતા. મને ખબર છે કે એ માટે રોજ દંતકલહ થયા કરતો. મારા માતાજી કોઇ પ્રામાણિક જમીન ભરનારને લાવીને ખુંટા ખોડાવે ત્યારે મારાં કાકી તે ખુંટાને ઉખેડી જ નાખે. આમ કરતાં કરતાં પંચને ભેગું કરી માંડ જમીનની વહેંચણી કરી, છતાંય છેક છેવટ સુધી અમારા લાભની એ વહેંચણી ન જ થઇ. હજુ પણ અમારી જમીન દબાયેલી છે એ પ્રત્યક્ષ જોઇ શકાય છે. છતાં છેવટ એ દંતકલહની કટકટ મૂકી દેવી પડી અને એની યાદ ન રહે તે માટે મેં જાતે મારું રેણાકનું ઘર જ મારા એક તદ્દન નિકટના સગાને વેચી નાખ્યું. શરૂશરૂમાં મારા પિતાજી અને કાકાજી સાથે જ દુકાન કરતા. ખાસ કરીને દાણા અને બીજું પરચૂરણ. ધંધો ઘણોખરો ઉધારનો થતો, ઉઘરાણી રહ્યા કરતી. પિતાજી અને કાકાજીને એમ લાગવા માંડયું કે માળું દુકાનમાંથી માલ ઉપડી જાય છે પણ તે કોણ ઉપાડે છે એની ખબર ન પડે. પરસ્પર એક બીજા ઉપર વહેમ જાય પણ નજરે ભાળ્યા વિના કોણ કોને કહી શકે? એક વાર તે બન્ને જણ મધરાતે જુદા જુદા એક-બીજાથી છાના દુકાન ભણી નીકળ્યા. તે વખતે અમારી દુકાન દેરાસર વાળા ખાંચામાં હતી. જ્યાં બેઉ જણા દુકાન પાસે પહોંચ્યા ત્યાં દુકાન ખુલ્લી ભાળી અને બન્નેએ એક સાથે પડકાર કર્યો તો તેમાંથી ચોકી કરનારો પગી પોતે જ નાસતો નીકળ્યો. તેની પાસે હથીયાર રહેતું અને આ બન્ને તદ્દન હથિયાર વિનાનાં. લાકડી પણ પાસે નહીં–એવી સ્થિતિમાં તેની પાછળ કયાંય સુધી દોડયા અને તેને ઘણો દૂર ગામબહાર સુધી તગડી આવ્યા. આ હકીકત લોકોએ સાંભળી જાણી ત્યારે એ બન્ને ભાઇઓને 'જમતગડા'નું વિશેષણ આપ્યું. મને એમ યાદ આવે છે કે મને કેટલાક તોફાનને પ્રસંગ જમતગડાનો કહેતા. આ પછી તો પિતાજીએ પોતાની સુવાંગ દુકાન બજારમાં જ કરી. (હવે તો આ દુકાન મેં વેચી નાખી છે) જ્યારે માલથાલ લાવવાનો હોય ત્યારે પિતાજી પોતે પગપાળા જતા ભાવનગર અઢાર ગાઉ થાય તો પણ વચ્ચે મારું મોસાળ સણોસરી આવતું ત્યાં રાતવાસો કરીને આગળ જતા. માલ પણ જેટલો ઉપાડી શકાય તેટલો ખંભે ઉપાડતા અને બાકીનો પાછળ ભરતીયા સાથે ગાડામાં આવતો. તેમણે ઉધાર ધંધો તદ્દન કાઢી જ નાખ્યો. જેટલો થાય તેટલો રોકડ ધંધો રાખેલો, જીવન તદ્દન સાદું. વ્યવહારમાં ઘસાવાનું અને સહેવાનું રહેતું. ઘરાકો સાથે ભારે મધુર વ્યવહાર પાલી લાવે ને પાલી ખાય એવી પરિસ્થિતિ..

### પિતાજીને નડેલો અકસ્માત

એવામાં કમનસીબે પિતાજીને એક અકસ્માત નડયો. વાત એમ બની કે વળામાં વરઘોડો ચડવાનો, દિવસો પજુસણના હતા. હું પિતાજીની આંગળીએ જીવરાજ હેમચંદ-વાળા ખાંચામાં ઉભો હતો. તેવામાં તદ્દન અમારી અડોઅડ એક શણગારેલો ઘોડો વિફર્યો, ઝાડ થયો અને પિતાજીને પગે વગાડયું. પિતાજી પડી ગયા એટલે પાસે ઉભેલાઓએ ઝોળીએ નાખી તેમને ઘેર પહોંચાડયા. પિતાજી છ મહિના કે તેથીય વધારે વખત ખાટલે રહ્યા. દવા કયાંથી કરીયે? ખાવાના સાંસા હોય ત્યાં દવા કયાંથી આવે? મારે ત્યાં ડોસાભાઇ નામના બ્રાહ્મણ રોજ લોટે આવે, ઘેર બેસે, ભગવાનના ઘરની શાંતિની બે વાતો કરે, સાંત્વના આપે અને આળું ભોળું કાંઇ ઓસડ પણ જાણે તે બતાવે. તેમના ઓસડથી પિતાજી બેઠા તો થયા, પરંતુ પગે સદાને માટે લંગડાવાની ખોડ રહી ગઇ. માથે પાણી નાખી તેઓ લાકડીને ટેકે દુકાને જાય અને તનતોડ મહેનત કરીને અમારું પોષણ કરે, પરંતુ એવા એવા એ પણ જ્યારે ચાલ્યા ગયા ત્યારે અમારે ઉંચે આભ ને નીચે ધરતી એ સિવાય બીજા કોઇનો જ આધાર ન રહ્યો. પિતાજી મને યાદ છે તેમ પાકટ વયે ગયેલા. માતાજી તે વખતે તેમનાથી પંદર સત્તર વરસે નાનાં હશે. તેઓ બીજી વારનાં હતાં. પિતાજીના ગયા પછી મારા દાદાના–મારા પિતાજીના મોટા ભાઇના–દબાણથી પોતાની પાસેની વાલની વીંટી પણ વેચીને માતાજીને કારજ કરવું પડયું. પાસે ઘરેણું માત્ર સો રૂપિયાનું હતું તે બધુંય નાતીલાઓ કારજમાં જમી ગયા. છેક છેલ્લે બધો હિસાબ કર્યા પછી એક રૂપિયો બાકી વધેલો તે દાદા આવીને ઘરે આપી ગયા તે જ માફ. પછી આ વિધવા હવે કેમ જીવશે? અને ત્રણ છોકરાઓનો નભાવ શા રીતે કરશે? તે કેવળ ભગવાન ભરોસે રહ્યું. માતાજીએ હિમ્મત રાખીને પોતાના જીવનનો નકશો દોરી કાઢયો. ખૂણામાં રહેવાનો રિવાજ હતો તો પણ મર્યાદા સાચવીને અને મેણાંટૂંણાં ખાતાં ખાતાંય તેઓએ બહારનાં કામ શોધી કાઢયાં. દળણું ખાંડણું, સીવવું, પાણી ભરવું, રાખ ચાળવી, વીશી જમાડવી, આંબેલનું રાંધવું વગેરે અનેક કામ માતાજી કરતાં. મેં નજરે જોયેલું છે કે માતાજી માત્ર બે કલાક જ સૂતાં, મોડે સુધી સીવતાં, દિવસે બીજાં બીજાં કામ પહોંચે અને રાતના બે વાગ્યે ઉઠી તે ચારપાંચ વાગ્યા સુધીમાં અધમણ પોણો મણ દળતાં અને વહેલી સવારે રાખના બકડિયા માથે ઉપાડીને કંદોઇને ત્યાંથી લાવતા અને ભળકડું થતાં પાણી ભરવા જતાં. હું નાનો તો ખરો, પણ આ બધું જોતો ત્યારે જીવ વલોવાઇ જતો અને જેટલું બની શકે તેટલું માતાજીના દરેક કામમાં સહકાર આપ્યા વિના ન રહી શકતો. માતાજી કહેતાં કે તું દૂબળો છે, વળી તારે માથે ભીતરનો ભાર છે, એટલે કામ કરવું રેવા દે, છતાં હું અટકી શકતો ન હતો.

એ વખતે અમારે ત્યાં બોગઠના દેસાઇ કુટુંબના બે વિદ્યાર્થીઓ રહેતા. વ્રજલાલ નારણ દેસાઈ અને તેમના નાના ભાઇ. અમે બધાં એક કુટુંબની જેમ સાથે રહેતાં. મારા માતાજીએ એમની અને અમારી વચ્ચે કદી વેરોવંચો રાખ્યો ન હતો. અમે સાથેજ વળામાં નિશાળે જતાં અને ભણતા. વ્રજલાલભાઇ વર્તમાનમાં અમરેલીમાં રહે છે; તેમની બર્મામાં સારી એવી સંપત્તિ હતી એમ હું સાંભળું છું. જ્યારે જરા વધારે મોટો થયો ત્યારે મારી મા મને મશાલીદાળ અને વઘારેલી કળથી કરી આપે. એટલે તે લઇ હું વેચવા જતો. આવી ભયંકર ગરીબી છતાં માતાજીના અથાગ સ્નેહને લીધે અમને કદી ઓછું આવ્યું જણાયું નહીં અને દુઃખ પણ નહીં લાગેલું. આ તો અત્યારે સંભારું છું ત્યારે જ 'એ દુઃખ હતું' એમ ભાસે છે. મને હંમેશાં શરદી જેવું રહ્યા કરે, એટલે નાકમાં વારે વારે શેડા આવે. એથી મારી નાની બેન મને 'શેડિયો' ભાઈ કહીને બોલાવતી. આમ છતાં અમે ત્રણે ભાંડું સંપીને રહેતાં. આવે કઠણ પ્રસંગે કેવળ એક મામા જ અમને આશરારૂપ બનેલા. તેઓ છાલકાં ભરીને જુવાર મોકલતા અને બીજું પણ જીવનસાધન પોતાની ગજાસંપત મુજબ મોકલી આપતા. તેઓ જ્યારે મારાં માતાજી પાસે આવતા ત્યારે ગદ્‌ગદ થઇ જતા અને એ જોઇને મને કાંઇનું કાંઇ થઇ

ું. મારા મામાનું વાત્સલ્ય હું કદી ભૂલી શકું તેમ નથી. મારાં ાજી આટલું આટલું કામ કરતાં છતાંય પરગજૂ પણ રહેતાં. ારે જ્યારે કોઇ સ્ત્ર કે પરતું માનવ આપત્તિમાં હોય ત્યારે રે બની શકે તેટલું સહન કરીને પણ સહાય કરવાનું ચૂકતા ીં. ગરીબીની શી વાત કરું? એક વાર હું સખત માંદો પડી ો, છ મહિના પથારીમાં રહ્યો. માથે મોટાં ઝુલ્ફાં હતાં તે તદ્દન રી પડયાં. નહીં કાંઇ ઓસડ કે વેસડ, કેવળ ઘરગથુ સૂંઠ અજમા ને કરીયાતું. પેલા ડોસાભાઇ બ્રાહ્મણ આવતા તે પણ કાંઇને કાંઇ ંધી જતા. મારાં માતાજીને એકવાર એમ થયું કે 'લાવને બેચરને દને બતાવું. પણ વૈદની ફી કયાંથી કાઢવી? 'દાદાજીને ત્યાં રોજ દ આવે, ત્યાં જઇને બતાવી આવું તો ઠીક એટલે ખબર તો ડે કે શું રોગ છે? ભગવાન જીવાડવો હોય, તો જીવાડશે પણ એક- ર વૈદની નજરે તો કરું' એટલે મને કેડમાં તેડીને રાત્રે દાદાને ર પહોંચ્યાં. દાદાને ત્યાંથી ભાભૂએ કહ્યું કે 'વળી અમારે ત્યાં વૈદ ણો જ મોડો આવે છે.' માતાજીએ કહ્યું કે આજની ત અહીં જ પડયા રહીશું' ભાભૂએ કહ્યું કે ના ભા, એકતો ાંદો છોકરો, ઘરમાં ઘણા જ માકડ છે એટલે ઉંઘ ન આવે. માટે મતમારે તમારે જ ઘરે જાઓ.' આ સાંભળી માતાજી જેવાં ાવ્યા હતાં તેવાં જ પોતાને ઘેર પાછાં ફરી ગયા; અમારા ઘર અને દાજીના ઘર વચ્ચે બે એક મિનિટમાં જ પહોંચાય. આ અમારી રીબી. પછી તો હું જીવી જ ગયો.

## મારૂં ભણતર

કેટલુંક મારે મોસાળ ભણ્યો. ચાર પાંચ ગુજરાતી મારે ોસાળ ભણ્યો અને બાકીની છ સાત વળામાં ભણ્યો. મારા મોસાળનાં ાસ્તર જાતે ભાવસાર અને ધર્મે જૈન. ભણતરમાં મારી મહેનત મને ખંત તથા ચપળતા જોઇને તેમનું મારા પર સારું હેત. હેતને લીધે એકવાર તેમણે પરીક્ષા ટાણે મને કોપી કરી લેવાની ઇશારાથી સૂચના કરેલી. પણ મેં તે માની જ ન હતી. નિશાળના વર્ગમાં ભાગ્યે જ હું પાછળ રહ્યો છું. પહેલા ચાર નંબરમાં ારો નંબર હોય. વળાના માસ્તરો પણ મારા પર પ્રેમાળ: ભગવાનજી ાસ્તર, વીરચંદ માસ્તર અને જગજીવન માસ્તર. આ બધા નામ- શેષ થઇ ગયા છે. ચોપડી કેટલીક મામાને ત્યાંથી આવે અને નિશાળની ફી માફી. વળાના પ્રસિદ્ધ વકીલ હરખજી મુનિએ મારા માટે નિશાળની ફીની માફી માટે અરજી કરી અપોલી. નિશાળ ઉપરાંત રાતે જૈન પાઠશાળામાં ભણવા જતો. ત્યાં માસ્તર હરિચંદ રામજી એસા- વાલ મેસાણા પાઠશાળામાં ભણી આવેલા એટલે શુધ્ધ ઉચ્ચારણના ખાસ હિમાયતી. પાઠશાળામાં અવારનવાર, પતાસાં, બદામ, પૈસા વગેરેની લહાણી થાય. એ લાભે ભણવા જવાનું બનતું અને ભણ- વામાં સ્પર્ધા થતી એટલે સારો નંબર પણ રહેતો. વળામાં મંત્ર વંદિત્તા સુધી જ ભણાયું.

## બીકણ સ્વભાવ

સ્વભાવે હું મૂળથી બીકણ ઘણો. રાત્રે પાઠશાળાથી પાછો ફરૂં ત્યારે બજારમાં થઇને જવાનો રસ્તો એટલે દીવા બળતા હોય તેથી તે રસ્તે બીક ન લાગે, પણ જયારે મારા ઘર ભણીનો કન્યાશાળા સાથેનો રસ્તો શરૂ થાય ત્યારે હું ખૂબ બીવા લાગું. મારે ઘરે પહોંચતાં બે તો ખાંચા આવે. એને વટાવતાં ભારે બીક લાગે. એથી એ ખાંચા આવતાં જ 'બા' 'બા' એમ બૂમ પાડતો દોડવા લાગું એથી મારી બા ઝટ મારો સાદ સાંભળી બારણું-ખડકી ઉઘાડી નાંખે અને હું ઝટ ઘરમાં પેસી જાઉં. મારી બા વહેલાં પાણી ભરવા જાય એટલે ઘર બંધ કરીને જાય, છતાં ઘરની ઉપર એક ખુલ્લી બારી હતી તેથી હું ઘણુંજ બીતો. છેવટે તે બારીને મારી બાએ છંદાવી દીધી.

ઘણીવાર રાતે જૈનસાધુઓ પાસે પણ જતો. તેમાં મુખ્ય સ્વર્ગસ્થ આનંદસાગરજી (સાગરાનંદ સૂરિજી) અને પંન્યાસ ગંભીરવિજયજીનો સહવાસ થયો છે. મને સાંભરે છે કે એકવાર સાત બાળકો શ્રી આનંદ સાગરજી પાસે ગયેલા ત્યારે તેમણે તિથિને દિવસ લીલાં શાક તળવાની અને સુકવણી ખાવાની બાધા આપવાની વાડી કરેલી. ત્યારે મેં ઝટ દઇને તેમને પૂછેલે કે 'સૂકવણી પણ લીલા શાકમાંથીજ થાય છે ને?' તથા તેમણે અમે બિલકુલ ન સમજી શકીએ એવી સોયદોરો પરોવવાની પણ બાધા આપવાની વાત કરેલી. મેં તો કહ્યું કે અમારે ફાટલાં કપડાં સીવવાં પડે એથી એ બાધા ન જ લઈ શકાય. ખરી રીતે એ કથન બ્રહ્મચર્યને લગતું હતું તે તો મને ઘણા વરસ પછી ખબર પડી. વળા શ્રી વૃદ્ધિચંદજી મહારાજનું ક્ષેત્ર ગણાય તેથી પં. ગંભીરવિજયજી તથા નેમવિજયજી વળામાં વારંવાર આવે. નેમવિજયજીનો પંન્યાસપદનો ઉત્સવ વળામાં જ થયેલો. બીજા એક તેમના જ સંઘાડાના કેસરવિજયનો પણ પરિચય થયેલો. મને કોઇ તરફ આકર્ષણ નહીં જ થયેલું. ટોળે વળીને છોકરાઓ જાય એટલે તેમની સાથે જાઉં. વખાણમાં (વ્યાખ્યાનમાં) પણ કાંઇ સમજ ન પડે, છતાં માતા પતાસાં, બદામ કે નાળીયેરને નિમિત્તે અપાશરામાં જવાનું કહ્યા કરે. જાઉં પણ ખરો અને કેટલીકવાર એમને એમ કશું લીધા વિના જ પાછો પણ ચાલ્યો આવું અને માતાનો ઠપકો સાંભળું.

આ વખતે વળામાં એક 'સૂર્યોદય' નામે મંડળી હતી, જે વખતોવખત મંદિરમાં નાચ કરે. ડાંડિયારાસ રમે, ગોફ ગુંથે અને પૂજા ભણાવવાની હોય ત્યારે પૂજા પણ સરસ ભણાવે. તેમાં અમને નાનાં છોકરાંઓને તેઓ ભળવા ન દે. એટલે અમે સરખેસરખા નાના છોકરાઓએ એ મંડળીની હરીફાઇમાં એક બીજી 'ચંદ્રોદય' નામની મંડળી કાઢી. તેમાં અમે બધાં નાચતાં શીખ્યાં, ગાવાનું શીખ્યા, ડાંડીયા લેવાનું અને ગોફ ગુંથવાનું શીખ્યાં. હું પોતે પણ પતંગનૃત્ય, મોરલીનૃત્ય વગેરે નૃત્ય શીખ્યો, ગાતો પણ ખરો. ડાંડીયારાસ લેતો અને ગોફ પણ ગુંથતો. આ બધું અમે દેરાસરમાં કરતા. વળામાં હાલ જ્યાં આંબિલખાતું ચાલે છે ત્યાં ધર્મશાળાની એક ઓરડીમાં અમે આ બધુ શીખતા. જાનકીદાસ નામના સરસ હારમોનિયમ વગાડતા અને એક બારોટ તબલાં નરવાં વગાડતો. અમે એમને પગાર આપી રોકેલા. સભ્યો માટે અમુક લવાજમ હતું પણ મારી જેવા લવાજમ ભરી નહિ શકનાર, શારીરિક મહેનત કરતા વળાના નગરશેઠના પુત્ર તારાચંદ લલ્લુભાઇ, લાલચંદ મૂળજી ઓસવાળા વગેરે આમાં મુખ્ય હતા. અમે ઘણીવાર ચર્ચાસભા પણ ગોઠવતા અને તેમાં હું બોલતો પણ ખરો. છેવટે જ્યારે અમે બધા જુદા પડી ગયા ત્યારે એ મંડળી વીખરાઇ ગઇ.

## માંડળમાં અભ્યાસ

એવામાં મારાં કાકાના દીકરા ભગવાનદાસભાઇ માંડળ ભણવા ગયા. ત્યાં શ્રીધર્મવિજયજી મહારાજ વિદ્યાર્થીઓને ભેગા કરતા, તેમને ખાવાપીવાનું, કપડાલત્તાં જાતાવળતાંનું રેલભાડું વગેરે આપતા અને ઉપરાંત આઠ-ચાર આના વાપરવા આપતા તથા સંસ્કૃત ભણાવ- વાની તજવીજ કરતા. મને પણ મન થઇ ગયું. ભણતરના પરિ- ણામની ખબર નહીં. છતાં ભણતર સારું છે એમ દઢ માન્યતા ખરી, અને એમાં આટલી બધી સગવડ હોય તો ભણતર કોને ન ગમે? મારા ગામમાંથી બીજા એક ભાઇ નામે હરખચંદ ભૂરાભાઇ (પાછળથી શ્રી જયંતવિજયજી મુનિરાજ) માંડલ જતા હતા તેની સાથે મારા માતાજીએ હિમ્મત કરીને મને માંડળ મોકલ્યો, ત્યાં મહારાજજીનો ઇરાદો બનારસમાં જૈન પાઠશાળા સ્થાપવાનો હતો. તેમની પાસે બનારસના પંડિત શ્રી અંબાદાસજી શાસ્ત્રી માંડળમા રહીને સાધુઓને કાંઇક ભણાવતાં. વળામાં છ ગુજરાતી પૂરી કરીને હું માંડળ પહોંચ્યો. જતાં જ શબ્દ રૂપાવળી ગોખવી શરૂ કરી દીધી. નાનો હતો એટલે થોડો આકર્ષક હોઇશ એટલે મહારાજ મારા ઉપર પ્રસન્ન રહે. અને વળી ભણવામાં આગળ એટલે તેમની મારા પર વધારે કૃપા રહેતી. रामो हरि करी भानुः कर्ता भूभृच्च चन्द्रमाः આમ राम रामौ रामाः ગોખવું શરૂ કર્યું, કાઠિયાવાડી ઉચ્ચારણને લીધે

(અનુસંધાન ૧૫૧ મા પાને)

# શ્રી ત્રિભુવન તિલક મહાકાવ્ય.

શ્રી હીરાચંદ ક. ઝવેરી.

(ચોવીસ સર્ગમાં લખાયેલા ભગવાન મહાવીરનું ચરિત્ર નિરૂપણ કરતાં શ્રી ત્રિભુવન તિલક નામના અપ્રકટ મહાકાવ્યનો આ અગીઆરમો સર્ગ છે. તેમાં ભગવાનના માતપિતાના સ્વર્ગગમન બાદ સંસારનો ત્યાગ કરવાની ઉત્કટ ભાવનાવાળા ભગવાન તથા તેમના જયેષ્ટ બંધુ નંદિવર્ધન વચ્ચેના સંવાદના પ્રસંગથી માંડી છેવટે ભગવાન દીક્ષા અંગીકાર કરે છે તેનું વર્ણન છે.)

## સર્ગ ૧૧ મો.

— વસંતતિલકા વૃત્ત —

૧

કાળે શમે સ્મરણ શોકનુ એ પછીથી,
ને કાર્ય મગ્ન પરિવાર બને ફરીથી;
છે જન્મ જાત વિધિ ગુફિત એ પ્રપંચ,
વારે વિષાદ, સમજી અનિવાર્ય અંત.

૨

નાં સ્વસ્થ વીર ઉર કિન્તુ બને જરીએ,
જોઇ જગે વિષમતા નરી નગ્ન રૂપે;
છૂટયું પુરા સ્વકૃત બંધન આ વિયોગે,
ને રાગની જકડતી ધન શૃંખલાયે.

૩

હૈયું અધીર તજવા ભવ બંધનોને,
ઇચ્છે સદા રત થવા નિજ ભાવમાં એ;
ભ્રાતા સમીપ ઉર ભાવ કથે પ્રસંગે,
"સંસારથી વિરમવા મન નિત્ય ઝંખે.

૪

" સ્નેહી ગયાં જનક ને જનની તજીને,
" ના રોકતાં નિધન, બંધન રાગના યે;
" છે જ્યાં સુધી જીવિત માતપિતા સરાગ,
" છો ત્યાં સુધી ગૃહ તણો નવ થાય ત્યાગ.

૫

" સ્નેહાર્દ્રતા અનુભવી જનની તણી મેં,
" લીધો તથાવિધ અભિગ્રહ માત કૂખે;
" પાળ્યો ગૃહે રહી, હવે અભિલાષ મારો,
" દુઃખાર્ણવે ગહન આ, સુખ શોધવાનો.

૬

" ના સૌખ્ય સત્ય નિતરાગ થશે ચઢેથી,
" એ જીવને જકડતી ધન વજ્ર બેડી;
" અક્ષય્ય છે નહિ સુખો, જગ જે જણાય,
" શાંતિ ન દે રવિ તપે શરદભ્ર છાંય.

૭

" સંયોગને વિરહયોગ થયા અનંતા,
" સંબંધ કૈં વિવિધરૂપ ધરી ભમંતા;
" ના ગ્રંથિ તોય ભવરોગ તણીય છૂટી,
" પોષાય એ નિત કષાય રસે અદીઠી.

૮

" આરો નથી શિવ વિના સુખ પામવાનો
" સંસારમાં સુખ નથી, લવ ના વિસામો;
" અજ્ઞાનના પડળ આવરતી સુદૃષ્ટિ,
" દુઃખાન્ત સૌ વિષય ભોગ તણીજ તૃપ્તિ."

૯

ને સ્તબ્ધ થાય સુણતા લઘુ ભ્રાત વાત,
ચિંતે, નવો વિરહ યોગ જણાય પાસ;
માતપિતા નિધન શોક શમ્યો નથી જ્યાં,
ત્યાં વેણ બંધુ વદતો ક્ષત ક્ષાર જેવાં.

૧૦

રૂડી જણાય વિધિ છેક બની નઠોર,
દુઃખાવલી સરજતી ક્રમશઃ કઠોર;
મારી અહો! ઉરવ્યથા સમજાવું કેમ,
છાંડે મને પ્રિયજનો વિષછાંય જેમ.

૧૧

ધારા વહે નયનથી ન વદાય વેણ,
ઉષ્ણાશ્રુ માત્ર કથતાં ઉર દુઃખ ઝેણ;
યત્ને વદે દૃઢ કરી મન આત્મ શોક,
" ભાઇ! વ્યથા હૃદયની મુજ તું વિલોક.

૧૨

" જ્ઞાની વળી કુસુમ કોમળ હૈયું તારૂં,
" આજે બન્યું કઠિન એ હતભાગ્ય મારૂં;
" લોકો કહે, વિપદ એકલડી ન આવે
" છે સત્યવાત, દળના દળ સાથ લાવે.

૧૩

" માતાપિતા વિરહયોગ હજીય તાજો,
" તારો વિયોગ કરશે વ્રણછેદ ઝાઝો;
" સંસારની વિષમતા સઘળીય જાણું,
" છે કાર્ય આજ તુજ શાંત્વન આપવાનું.

૧૪

" વિદ્વેષ મોહ અનુરાગ વિચિત્ર ભાવો,
" સંસારમાં રખડતા જીવના સ્વભાવો;
" સંબંધ તોય ઉર રક્ત તણાં પ્રગૂઢ,
" ના છેદવા સરળ એ, વિણગાઢ દુઃખ.

૧૫

" આ શોકમાં હૃદયધારણ એક તું છે,
" તે યે જતાં જીવન કેમ ટકી રહેશે?
" દેખાઇ શી ઉણપ તે મુજ બંધુ રાગે,
" ભ્રાતૃવ્યથા અવગણી ગૃહત્યાગ માંગે!

૧૬

" દૂભાયું વા હૃદય શું મુજ વર્તનેથી?
" કે ક્ષુબ્ધ અંતર થયું ગૃહ કારણેથી?
" ઇચ્છું ઉપાડ મુજ સાથ તું રાજ્યધૂરા,
" ને બંધુભાર લઘુ તું કર એમ વીરા!

૧૭

" શબ્દે ન શક્ય કથવી મુજ વેદનાને,
" સ્વપ્ને ન કે મન રમે તુજ આ પ્રમાણે;
" જાશે છતાં અવગણી મમ પ્રાર્થનાને
" આઘાત છેક જ અસહ્ય થશે અજાણે."

૧૮

આવાં સુણી વચન વ્યાકુલ બંધુકેરાં,
સાથે વહે નયનથી વળી અશ્રધારા,
કંપી ઉઠયું હૃદય કોમળ, દૃશ્યથી આ,
ઊભા અવાક પળ એ ગુરુબંધુ સામા.

૧૯

સૂઝે ન ઉત્તર ઘડી મન ખિન્ન થાય,
બોલે ન કોઇ પ્રસરી પળ શોક છાંય;
રે! તોડવાં પ્રણય બંધન ના સહેલાં
અંકોડલાં સઘન વજ્રવડે રસેલાં.

૨૦

ના ત્યાગ યોગ્ય કરવો સ્વજનો દુભાવી,
સંતોષવા પ્રિયજનો પથ એ પ્રભાવી,
સંબંધ આ જગતના મૃગનીર જેવા,
સંહારવી તદપિ માનવતા ઘટે ના.

૨૧

છે ત્યાગવૃત્તિ પર પીડનની અહિંસા,
કાર્યે વિચાર વચને રાતિ એજ, દીક્ષા;
એ બ્રહ્મને પરમ સત્ય અચૌર્ય એ જ
હંતા પરિગ્રહ તણો શિવ પંથ એજ.

૨૨

ના બાહ્યવેશ પલટે શુચિવૃત્ત થાય,
સાચી દશા મલિનતા ઉરની કપાય;
કારુણ્ય નિર્ઝર વહે ઉર કંદરાથી
સીંચે સમસ્ત જીવરાશિદયા અમીથી

૨૩

એવાં થતાં હૃદય મંથન મૌન તોયે,
વાણી વિનીત વદતા પ્રભુ નમ્ર ભાવે;
" માનું વડીલ તમને પિતરૌ પ્રમાણે,
" સ્વપ્ને ન કે કથનથી મુજ, દુઃખ થાશે

૨૪

" આજ્ઞા નથી અવગણી કદિયે તમારી,
" તેથી પ્રદર્શિત કરી ઉરવૃત્તિ મારી;
" જીવો સહે વિધિ વિનિર્મિત સૌ વિયોગ,
" સ્વેચ્છા વડે નવ સહે, પણ આ પ્રયોગ.

૨૫

" ધારી શિરે વચન આપનું વર્ષ યુગ્મ,
" ના ત્યાં લગી ત્યજીશ હું ગૃહ રાગબદ્ધ;
" દેજો પછી વિણ વિષાદ મને અનુજ્ઞા,
" જેથી ફળે જીવન શોધનની પ્રતિજ્ઞા.

૨૬

" એ વર્ષ યુગ્મ ગૃહવાસ વિષે રહીને,
" ત્યાગીશ ઇંદ્રિય સુખો મન સંયમીને,
" કાંક્ષા ન લેશ નૃપભાર ઉપાડવાની,
" છે કર્મનો અસહ્ય ભાર શિરે અનાદિ.

૨૭

" ભોગોપભોગ મનરંજન કે વિનોદ,
" આદેશશો મુજ નિમિત્ત ન કો પ્રમોદ;
" સર્વે સચિત પરિયાગ તણી વિવક્ષા.
" માંગું ન અન્ય, મુજની ઉર એજ ઇચ્છા

૨૮

ને નંદિવર્ધન સુણી મનમાં વિચારે,
વૈરાગ્ય વૃત્તિ ઉરની નવ રાગ ટાળે;
થાશે ન લેશ પરિવર્તન આગ્રહેથી,
યોગાનુયોગ બનશે વિધિના બળેથી.

૨૯

સ્વીકારતા વચન વીરનું મૌન ભાવે,
માને ટળી વિરહની પળ એ પ્રમાણે;
સંસારની અકળ વિસ્તૃત મોહમાયા,
કાળક્રમે સરજશે કદિ રાગ છાયા.

૩૦

મોહારિ એમ નિજ દાવ જિત્યો પળેક,
ના કીટ જીત પણ કુંજરનો વિવેક;
ઊંડાણનો જળધિના ન પમાય તાગ,
દેખાય શાંત વધુ, વારિધિ જે અગાધ.

૩૧

જ્ઞાને, તપે, પ્રબલ કર્મ સમૂહ જેણે
બાળી કર્યાં શિથિલ સૌ ભવબંધનોને;
પંકે પડેલ જન એ સમજી શકે ના,
માપે ગજે જગત વામન આત્મકેરા.

૩૨

સંસાર ભાવ શમવે ગૃહવાસ કાળે,
ત્યાગે વ્રતેરત રહી નવ બંધ ટાળે;
પંકે છતાં વિમલ પંકજ શા અલિપ્ત,
ને કેળવે પ્રખર સંયમ યોગ રીત.

૩૩

વર્ષો તણાં સહનિવાસ વડે યશોદા
ભાવાનુરૂપ બનતી ગઇ નાથ કેરા;
જાણે વિયોગ નિજ નાથ તણો સમીપ,
ને વ્યગ્રતા અનુભવે દિનરાત ચિત્ત

૩૪

સ્વામી સ્વભાવ સમજ્યા પછી કૈંક વાર.
સંતાડતી અકળ આત્મવ્યથા અપાર;
પ્રેમાભિભૂત ઉર પ્રીતમ છાંય ઝંખે,
તેથી થનાર વિરહે દિલડું પ્રકંપે.

૩૫

આવે ધસી સ્મરણ ભૂત રસોત્સવોના,
માણેલ નાથ સહ સ્વપ્ન સમા બનેલા;
જાણે, રમે સહજ અંતરમાં વિરાગ,
સ્વપ્ને ન કે પિયુ મને દૃઢ સર્વ ત્યાગ.

૩૬

જાજ્વલ્ય યૌવન નરાધિપના વિલાસ,
સૌંદર્ય પૂર્ણ મન, દેહ, બળે અમાપ;
સૌભાગ્ય માનવતણી ઉર ઝંખનાનું
પામ્યા છતાં સકળ એ ગણતા નકામું

૩૭

આશ્ચર્ય એ ગહન વામન માનવોને,
વૈરાગ્ય બીજ મન અંકુર કેમ પામે!
ચોપાસ જ્યાં સભર કેવળ રાગ છાયા,
ત્યાં ભાવ આ વિરલ કેમ કરી છવાયા!

૩૮

અરાધના ભવ અનેક તણી ન જાણે
સંસ્કાર એ સહજ સર્વ મુમુક્ષુઓના
આ તો હતા ચરમ જન્મ જ ધારનારા,
ગર્ભેય જે ભ્રમણ કારણ જાણનારા.

૩૯

ગાળે ગૃહે નિવસતા પ્રભુ વર્ષ એમ,
થાતા રણેચ્છુ ભટ શા કટિબદ્ધ તેમ;
રાગાદિ ભાવ દમનાદિક સંયમેથી
વીતાવતા સમય યોગ વિચિંતનેથી.

૪૦

પૂરું થતાં વરસ વીર સમીપ આવી,
આચારને અનુસરી સુર બ્રહ્મલોકવાસી;
મોહભિભૂત જગમાં શુચિ ધર્મતીર્થ
પ્રસ્થાપવા વિનવતા અમરો વિનમ્ર.

૪૧

" હે નાથ! ભવ્ય તમસે નવ-જ્યોત ઝંખે
" દોરો અનાથ જગને શુભ ધર્મ પંથે;
" જ્ઞાનાંશુને પડળ અંતરના વિદારી,
" ટાળો તમૌઘ શુચિ બોધ પ્રભા પ્રસારી."

૪૨

અર્હન્ત છે સતત જાગૃત ભાવધારી,
આચારને અનુસરે અમરો અનાદિ;
એ સૂચવે સમયને વ્રત ધારવાના
ને ધર્મ શાસન જગે પ્રસરાવવાના.

૪૩

જ્યારે થતો પ્રબલ પાપથી ધર્મનાશ,
ભવ્યો યદા વિકલ થાય બની હતાશ;
પોકારતા અસહ અંતર વેદનાથી,
ત્રાતા કરો પથ પ્રકાશિત દર્શનેથી.

૪૪

કાળે યદા વિલય માનવભાવ થાય,
સંહારમાં જ રતિચિત્ત ધરે સદાય;
ઘેરાય રાગ વમળે જન ભ્રાંત બુદ્ધિ,
લોકે વધે ચરણ સંયમહીન વૃત્તિ

૪૫

ત્યારે જગે પ્રકૃતિ માનવ રક્ષણાર્થે,
ઉદ્ભાવતી પરમ શક્તિ વિભૂતિ રૂપે;
સંમાર્જતી પ્રખર આત્મબળે વિભાવો,
ત્યાગે, તપે, સ્વચરિતે વિકૃત સ્વભાવો.

૪૬

ત્યારે હઠે મન વિલાસ થકી પળેક,
ના તૃપ્તિ એ અનુભવે રમણે અનેક;
જાગે ઉરે અમર સૌખ્ય તણી પિપાસા,
તે શોધવા મન અધીર બને સહાશા.

૪૭

ત્યારે હઠે વિકટ પાશવ ઘોરવૃત્તિ,
સત્તા, વિનાશ, ભયકારક સર્વ શક્તિ;
થંભે ઘડીક નવ-તેજ બળે વિકારો,
માનવ્યની કુસુમશી વિકસે કળાઓ.

૪૮

આચાર ચિંતનતણી સઘળી ક્રિયાઓ,
ક્રાન્તિ પથે સહજ સૌ વિચરે સ્વભાવો;
ત્યારે હઠે પડળ ઘોર યુગાન્તરોના,
વીંધે પ્રકાણ્ડ તમને શુચિ તેજ રેખા.

૪૯

આત્મા દરિદ્ર બનતા નિજ પૂર્વજોની,
શોધે ગુફા વિમલ ભાવધને ભરેલી;
ત્યારે ઉરે પ્રસરતા મૃદુભાવ એવા,
ત્યારે ઘટે ઘનથરો ઉર આવરેલા.

૫૦

હૈયે વસે સુખ નથી ધન કે વિલાસે,
એ સર્વથા ક્ષણિક સ્વપ્ન સમા જ ભાસે;
ત્યાગે જણાય સુખ, નાશ ન જે થનારૂં,
ઊગે ઉરે તરુ સુકોમળ ભાવનાનું.

૫૧

થાયે પ્રસન્ન અમરો પણ એ પ્રસંગે,
એ ધન્ય યોગ જય ઘોષ વડે વધાવે;
માને થશે પુનિત ભૂમિ વિભૂતિ કેરા
સદ્દર્શને, પ્રવચને કરુણા ભરેલાં

૫૨

આરંભતા વિમલ વાર્ષિકદાન વીર,
આપે યથેચ્છ જનને ધન ધાન્ય ચીર;
સ્વીકારતા ધનિક રંક ગણી પ્રસાદ,
માને મળે ક્વચિત આ સમ દાનલાભ.

૫૩

હૈ દાન પાર્થિવ રળે અવિનાશ ઋદ્ધિ.
ત્યાગે ઘટે ભવભવાર્જિત લોભવૃત્તિ;
ના ટાળવા સરળ, દોષ ભવાન્તરોના
જે એક રૂપ જીવ સાથ બની રહેલા.

૫૪

ઇચ્છે ન લેશ ભવવૃદ્ધિ ભવાર્ત નાથ.
ભીડે પ્રદાન બળથી અરિ સાથ બાથ;
ચિન્તે રમે અનુભવો ગત જન્મ કેરા,
ઇચ્છે હવે નહિ ફરી ભવમર્ણ ફેરા.

૫૫

સૂર્યાભ જેમ દલ ધુમ્મસના વિદારે,
દારિદ્ર તેમ જગનું પ્રભુદાન ટાળે;
ના દૈન્ય કર્દમ રહ્યો લવ દ્રવ્ય દાને,
હૈયે સદા વિરલ ભાવ પ્રદાન ભાવે.

૫૬

માંગે થતાં અવધિ બંધુ તણી અનુજ્ઞા,
ના આગ્રહે વધુ હવે સમજી મહેચ્છા;
હૈયે છતાં પ્રસરતી ઘન શોક છાયા,
ચક્રો કદી વિધિ વિનિશ્ચિત ફેરવાયાં?

૫૭

આજ્ઞા કરે નૃપ અપૂર્વ મહોત્સવાર્થે,
શોભાવવા નગરને ધ્વજ તોરણોએ;
છાંટી સુસજ્જ કરવા પુર માર્ગ ધામો,
સાથે કલાકૃતિ ભરી રચવા કમાનો.

૫૮

ઉત્સાહ પૂર પ્રસરે પુર લોક ચિન્તે,
આવાસ પ્રાંગણ સજે નિજ તે નિમિત્તે;
ક્ષત્રિયકુંડ નગરી નવ દેહ ધારે,
ભૂલોકમાં સુરપુરી ઉતરી ન જાણે!

૫૯

સ્પર્ધા કરે પુર જનો શણગારવામાં,
મેડી ગવાક્ષ ગૃહ આંગણને ઝરૂખા;

ને સાધિયા નવલ રંગ કલા ભરેલા,
સૌંદર્ય પૂર્ણ રચતા નિજ આંગણામાં.

૬૦

"શ્રી વર્ધમાન જયવંત રહો સદાયે,
"કીર્તિ પ્રભા પરિમલે પ્રસરો ત્રિલોક,
"સંતો મહીં તિલકશા તપ ત્યાગ વીર,"
ટાંગે જનો વિવિધ સૂત્રપટો પ્રશસ્ત.

૬૧

આજ્ઞા કરેલ રચવા કલશો સહસ્ત્ર,
હેમે જડેલ નવરત્ન વડે વિશિષ્ટ;
શ્રી વીરને અવસરે અભિષેકવાને,
તીર્થોદકે પુનિત ઔષધિયુકત નીરે.

૬૨

આવે સુરેન્દ્ર સહુ માનવ રૂપ ધારી,
વીરોત્સવે થઇ સહાયક ધન્યકારી;
જાણે નરાધિપ સમૂહ ન ભાગ લેવા,
આવ્યા અપૂર્વ સહવૈભવ દેવ જેવા.

૬૩

એ ધન્ય કૃષ્ણ દશમી મૃગશિર્ષ માસે,
દેવો નરાધિપ કરે અભિષેક હર્ષે;
પંચામૃતાદિ જળ વીર શિરે સભકતે,
ઉચ્ચારતા પુરજનો જયઘોષ ત્યારે.

૬૪

સ્નાનાંતરે સુરભિ દ્રવ્ય વિલેપનાદિ,
કંઠે સુગંધમય પુષ્પસ્ત્રજો સુરંગી;
પ્હેરાવતા વસન શ્વેત જરી ભરેલું
અંગાંગ ભૂષણ મહાર્ધ્ય વડે સજેલું.

૬૫

કાયા ધરે કનકશી કમનીય કાન્તિ,
લાવણ્ય રૂપ સરજે મનદેવ ભ્રાન્તિ;
કારુણ્યભાવ ઉરમાં, વદને પ્રશાન્તિ,
વૈરાગ્યવાસિત મને ન જરી અશાન્તિ.

૬૬

હેમાંગ રત્ન મણિમંડિત તન્નિમિ-તે,
ભાવે રચેલ શિબિકા કુશલાગ્રહસ્તે;
જાણે વિમાન સુર ભૂતલ ઊતર્યું શું!
ચોરે કલાકૃતિ અપૂર્વ સમૂહ હેયું.

૬૭

ઉત્સાહ ને જયરવે દિશ સર્વ ગાજે,
ને વીર ત્યાં ઉડુગણે વિધુ શા વિરાજે;
બેસે નિજાસન વિષે શિબિકા ચઢીને,
આત્મા રમે વિમલ ભાવ વિષે વધીને.

૬૮

ત્યારે હતો દિવસ સુવ્રત યોગશ્રેષ્ટ.
ને છઠ્ઠું તપ હતું પ્રભુને વિરક્ત;
યોધ્ધો ન શું રણ ચઢે અરિ જીતવાને!
આત્મારિ કમ્મર કસે પણ ઝુઝવાને.

૬૯

સામે વડીલ સમ બેસતી ધાવમાતા,
દીક્ષાર્થ સાધન બધાં લઇ પાલખીમાં;
પૂંઠે ઉભી સુતરુણી કર છત્ર ધારી,
બે બાજુ બે યુવતિ ચામર વીંઝનારી.

૭૦

ને નંદિવર્ધન ઉઠે લઘુ ભ્રાત કેરી,
ઉપાડવા વ્યથિત શા શિબિકા અનેરી;
આવે તદા ત્વરિત શક્ર સમૂહ હર્ષે,
ભાવે નમી ઉચકતા પ્રભુપાલખીને.

૭૧

ગાજે દશે દિશ જયારવથી ય ત્યારે,
શર્ણાઇ દુદુંભિ સુઢોલક ને મૃદંગે;
દ્યૌ દેવના ગમન આગમને છવાયું,
જાણે પ્રફુલ્લ કમલે સર ઊભરાયું.

૭૨

ને ઉલટયા પુરજનો નદ પૂર પેઠે,
ચોપાસના નગર ગ્રામ્ય જનો ય હેતે;
આબાલ વૃધ્ધ નરનાર ધનેશ રંક,
લેતાં ન ભાગ સહુ શું સ્વજનોત્સવે જ.

૭૩

ઉલ્લાસ પૂર વનિતા ઉરમાં વિશેષ,
ચોંટે ન ચિત્ત ગૃહકાર્ય મહીં જ લેશ;
હયું અધીર ઝટ ઉત્સવમાં જવાને
મૂકે અપૂર્ણ સહુ કાર્ય, રખે ચુકાશે.

૭૪

ઉત્સાહમાં અકથ કો નિજ ભાન ભૂલે,
આભૂષણો ઉલટસૂલટ અંગ ધારે;
કંઠે નુપૂર કટિએ નિજ હાર બાંધે,
કર્ણે નસાભરણ કંકણજૂથ પાદે.

૭૫

કો મેખલા, સમજી હાર ગળે પહેરે,
આવેગમાં કરતી કુંકુમ બિન્દુ ગાલે;
સ્નાનાર્દ્ર કાય નહિ ચીવટ લુછવાની,
ચૂલે રહી રસવતી બળતી ન જાણી.

૭૬

આવો થતો કવચિત ઉત્સવ મ્હાલવાનો,
ચિંતા, રખે સમય ચૂકશું, ઝંપ શાનો!
ના વસ્ત્રભાન પરિધાન વિષે રહેલું,
લજ્જા સ્વભાવ વિસરે મન હર્ષ ઘેલું.

૭૭

એકાગ્ર દૃષ્ટિ સહુની શિબિકા ભણી ને,
સ્તંભે ક્રિયા પળ બધી મન દેહની યે;
પ્રસ્થાન દશ્ય અતિ દુર્લભ દેવને જે
તે શું ન તન્મય કરે જગે માનવોને?

૭૮

દેખી સ્વરૂપ મન ચિંતવતી રમાઓ,
શાને તજે ગૃહવિલાસ કુમાર આવો,
નક્કી હશે પ્રણયભંગ વિષાદ ઉગ્ર,
(પણ) ના કોઇ એમ કરવા રમણી સમર્થ.

૭૯

આવી પરસ્પર કરે કંઇ વાત વામા,
લેતી અપૂર્વ રસ કારણ ધારવામાં;
કો કામિની વિવશ ચિત્ત બને બિચારી,
લાવણ્ય યૌવન વિલક્ષણ રૂપ ભાળી.

૮૦

કેવો પ્રિયા ઉર વિષાદ હશે, વિચિંતે,
સ્વામી જતાં પ્રણયજીવનની વસંતે.
ના કાર્ય કોઇક રમા અનુમોદતી આ,
પત્ની વિચાર ઉરમાં પળ આવતા ત્યાં.

૮૧

જોવા ન સૂર્ય પણ ઉત્સુક હોય જાણે,
દેખે ક્રિયા સકલ, મધ્ય નભે ચઢીને;
ને ઉપડે જન સમૂહ શનૈઃ જવાને,
જ્યાં વીર સર્વ વિરતિ ગ્રહનાર સ્થાને.

૮૨

છે અષ્ટમંગલ પ્રતીક સમૂહ અગ્રે,
દિવ્ય ધ્વજા કલશ દર્પણ ચારુ સંગે;
તોખાર તેજ શત કુંજર મસ્ત સાથે,
શોભે જરીભરતના શણગાર સાજે.

૮૩

ચાલે પદાતિ હય નાગ દલો સુસજ્જ,
વાજિંત્ર સૂર સહ છે ગતિ તાલબદ્ધ;
બંદીજનો બિરુદ ગાય વળી છટાથી,
કૌશલ્ય શસ્ત્રધર દાખવતા અદાથી.

૮૪

સાથે વિશાલ સમુદાય જતો પછાડી,
સાગેલ સર્વ સુર ભૂપ મહાજનાદિ;
આભૂષણો વસન શ્રેષ્ઠ નિજાંગ ધારે,
ઘોષે પ્રશસ્ત- બિરદાવલિ લોક ભાવે.

૮૫

આત્મારિ સત્વર હણી અરિહંત આપ,
થાજો વિશિષ્ટ જગતારક લોકનાથ;
હિંસાભિભૂત જગ માનસ ઊલટાવી.
કારુણ્યભાવ તરુ ઘો ઉર અંકુરાવી.

૮૬

ધ્યાનાનલે નિખિલ કર્મ દલો પ્રજાળી,
ત્યાગે તપે પ્રખર, નૂતન બંધ ટાળી;
ત્રૈલોકય ભાસ્કર પ્રકાશક જે ત્રિકાળ,
પ્રામો વિશિષ્ટ અવિનાશ અપૂર્વ જ્ઞાન.

૮૭

કારુણ્ય, સત્ય, સમભાવ તથા અહિંસા,
માનવ્ય બીજ વપને કરજે સુરક્ષા;
પામી રહેલ જડતા ઉર ભૂજનોની,
થાયે ફળ દ્રમવતી શિવ માર્ગવર્તી.

૮૮

આતપ્ત વહ્નિ વપને પશુતા પ્રપૂર્ણ,
સ્પર્શે ન કોમલપણું ઉરને વિકીર્ણ,
એ ટાળવા અમૃત વર્ષણ સર્વ ઝંખે,
આશા થશે સફળ એ અધુના નિઃશંકે.

૮૯

ના વીર એ રુધિર તૃપ્ત કરી ધરિત્રી,
ગર્વે હણી પશુ મનુષ્ય વિહંગ સૃષ્ટિ;
ના શૌર્ય એ, વિજય ના અકલંક કીર્તિ,
છે પાશવી અધમ નિર્દય એ પ્રવૃત્તિ.

૯૦

જીતે અરાતિ ષડ અંતર એ જ વીર,
જે નિગ્રહે તનમનાદિક એ જ વીર;
જેને નિજાત્મ સમ સર્વ સજીવ સૃષ્ટિ,
છે એ જ વીર કરુણામય નિત્ય દૃષ્ટિ.

૯૧
ઉદ્ધારજો જગત નાથ! અરાતિ જીતી,
સંમાર્જજો વિકૃત માનવ ધર્મ નીતિ;
પાછા સજીવન કરો મૃત ભવ્ય ભાવ,
આદર્શ આપ બનજો જગના સહાય.

૯૨
એવાં અનેક શુભ મુકતક ઉચ્ચરંતી,
એ મેદની ઉપવને જઇને ઠરંતી;
આવે સમૂહ શિબિકા સહ નાથ કેરી,
જ્યાં છે અશોક, ઉતરે પ્રભુ પાલખીથી.

૯૩
ઔત્સુકયની અવધિ ના જનવૃંદ માહીં,
ચોંટયા અસંખ્ય નયનો અનિમેષ ત્યાંહીં,
સૌ વિશ્વવંદ્ય ત્રિશલાસુતને નિહાળે;
ત્યાગે મહા, પ્રણમતા ઉર ભકિત ભાવે.

૯૪
આ વૈભવો અતુલ રૂપ યુવાન દેહ,
માયા તણાં સકળ બંધન એ અછેહ;
કાપી શકે પરમ વીર જ આત્મશૌર્યે,
તારે તરે ભવ મહોદધિ એ જ ધૈર્યે.

૯૫
રેલાય માનવ ગણે અતિ ભકિત પૂર,
સર્વત્ર માનવ મુખે જયઘોષ સૂર;
જોવા ક્રિયા સકળ આતુરતા અપૂર્વ
વૈરાગ્યની અનુભવે મૃદુ ઝાંય સર્વ.

૯૬
સ્તંભે પછી સકલ વાદન ગીતઘોષો,
જોડી કરદ્વય ઉભા સહુ શાંત લોકો;
દીક્ષા ક્રિયા ભવવિદારક પ્રારભાતા–
શસ્ત્રક્રિયા કર ધરે ન શું વૈદ્ય જ્ઞાતા!

૯૭
ધારે વ્રતો વિબુધ વીર ચતુર્થ યામે,
રાગાદિને ત્રિવિધ, અંતરથી જ વામે;
ટાળે યથા અહી વૃથા નિજ કાંચળીને,
ઊતારતા મુકુટ કુંડલ ભૂષણોને.

૯૮
આભૂષણો વસન સૌ અતિ મૂલ્યવંતા
લેતી નમી સજળ નેત્રથી ધાવમાતા
મૂંડે સ્વયં તદનુ મૂર્ધજ મુષ્ટિપંચે
જોડી કરો સકલ સિદ્ધ નમે તદન્તે.

૯૯
ગંભીર ધીર સમયોચિત સુસ્વરેથી,
ઉચ્ચારતા પ્રતિ મહાવ્રત એ પછીથી;
સૌ સાંભળે હ્રદય મોહક વીરવાણી,
આભા પળેક અડકે ઉર ભાવનાની.

૧૦૦
"હિંસા કદી નહિ કરૂં વશ થૈ પ્રમાદે,
જીવો નિજાત્મ સમ સર્વ ગણું સદાયે;
વાચા અલીક ન વદું, ન અદત્ત ગાહ્ય,
અબ્રહ્મ છે ત્રિવિધ આજ થકી જયાજય.

૧૦૧
છે સર્વ ચેતન જડે મમતા વિવર્જ્ય,
સાવદ્ય યોગ પરિહાર્ય હવે સમસ્ત;
એવી ક્રિયા વિરમણે પ્રતિબદ્ધ થાઉં,
જાતે કરૂં નં, અનુમોદું ન વા કરાવું.

૧૦૨
સામાયિકે શમ દમે મન નિગ્રહેથી
પાછો ફરીશ ભવકારક સૌ અઘેથી;
પાંચે મહાનિયમ યાવત જીંદગાની
પાળીશ એ શિવ નિયોજક તત્ત્વ જાણી,

૧૦૩
શ્લાઘાદિ વા પરિસહો અપમાન માન,
માનીશ એ અનુભવો સઘળા સમાન;
તૃષ્ણા ન લેશ સુર માનવ ભોગ કેરી,
વાંછા અનંત શિવ સૌખ્ય તણી અનેરી."

૧૦૪
ઉત્પન્ન થાય મનઃપર્યવ જ્ઞાન ત્યારે,
બાહ્યાન્તરે નવ હવે જગ ભાવ ધારે;
એ ભૂપ નંદન મટી શ્રમણેન્દ્ર થાય,
સાથે ન અન્ય અણગાર થવા બૂઝાય.

૧૦૫
એ ભાવના સહજ માનવ અંતરોમાં
દુઃખાર્ણવે ય પ્રગટે નહિ તેજ ધાર;
સંસ્કાર મંથન વિકાસ ક્રિયા યુગોની
કાળે અનંત ફળતી પુરુષાર્થ કેરી.

૧૦૬
આપે પછી સુર દુકૂલ સુરેન્દ્ર ભાવે,
સ્વીકારતા શ્રમણવીર વિના મમત્વે;
વંદે સુરાસુર નરાધિપ એ મુનીન્દ્ર,
અન્યત્ર નાથ વિચરે થઇને નિઃસંગ.

૧૦૭
દેખે જતા સજળ નેત્રથી લોકવૃંદ,
ભ્રાતા પ્રિયા કુલજનાન્તર શોકચંડ;
જેનું સદા ઉર વિશાલ દ્રવે દયાથી,
તે દેશ ગામ ઘરથી પર વિશ્વ સાથી.

— શાર્દૂલવિક્રીડિત —

છાંડી ભોગ વિલાસ યૌવન વયે શ્રી વર્ધમાને ગ્રહ્યો છે એ પંથ પ્રવાસ દુષ્કર ઘણો નિર્વીર્ય દુર્ભવ્યને,
એકાકી પથ જે અનંત સુખનો આત્મૌજસે આવર્યો; પામ્યા એ શિવ ધામ વીર વરજે વંદું મહાવીરને.

# યુવક કોણ ?

**શ્રી વેણીબહેન કાપડિયા**

'યુવક' શબ્દનો તાત્ત્વિક અર્થમાં લઇએ તો યૌવનની શકિત ધરવનાર સદાય યુવક છે. આ યૌવન એટલે વિકાસ અને પ્રગતિ માટેની શકિત. દરેક મનુષ્યમાં એવી ઘણી શકિતઓ છે કે જે અવિર્ભાવ પામવાની શકયતા ધરાવે છે. મનુષ્ય પોતામાં રહેલાં બલોની વૃધ્ધિ કરવાનો પુરુષાર્થ કરે એ છે વિકાસ. પોતે મેળવેલી શક્તિઓને વિના અટકયે પૂર્ણતાએ પહોંચાડવાની અભીપ્સા તીવ્ર અને જ્વલંત રાખે એ છે પ્રગતિ. પોતાની યૌવનશકિતને જીવંત રાખીને પ્રગતિ સાધવાનો સંકલ્પ સેવનાર યુવક છે. એવા યુવકને શરીરની વય સાથે સંબંધ નથી રહેતો. ઉમ્મરનો વધારો એ ઘડપણ નથી. વય ખૂબ વધે ત્યારે તેને વૃદ્ધ થયો એમ કહેવાય છે તે ખરૂં, પરંતુ એ તો શરીરની વૃધ્ધાવસ્થા હોય છે. જેની યૌવનશકિત વિકાસ અને પ્રગતિ માટે રૂઢ બનીને સ્થિર નથી થઇ પણ સદા ક્રિયાશીલ છે તે મનુષ્ય વૃધ્ધ થયો એમ નહિ કહેવાય. જ્યારે મનુષ્ય પોતાનાં વિકાસ કે પ્રગતિ સાધવાની શકિત ગુમાવી બેસે છે, વિકાસ કરવાનો ઈન્કાર કરી દે છે ત્યારે તેને ઘડપણ આવે છે અને યૌવનની શકિત શિથિલ થઇ જાય છે. એ રીતે જોઇએ તો ઘણી વખત ૩૦ વર્ષની ઉમ્મરનાં મનુષ્યમાં ઘડપણનું તત્ત્વ દેખાશે અને ૭૦ વર્ષનો વૃધ્ધમાં યૌવન દેખાશે મનુષ્ય પ્રગતિ કરતાં અટકી જાય, પૂર્ણતા તરફ જતાં તેના પગલાં થંભી જાય ત્યારે સમજવું કે હવે તેની યૌવનશકિત પીછેહઠ કરે છે અને ઘડપણ બેસવા માંડયું છે, શરીરની વય સાથે આપણે વૃદ્ધત્વને સહજ રીતે સ્વીકારી લીધું છે એટલે શરીરશકિત ટકાવી રાખવા વિશે આપણે બેદરકારી રાખીએ છીએ. આવી બેદરકારી શરીરના વિકાસને રૂંધે છે. પ્રગતિ માટેની સાચી પદ્ધતિનું જ્ઞાન હાથ લાગે તો સમજાશે કે શરીરની શકિતઓના વિકાસની અને પ્રગતિની કોઇ સીમા નથી. શરીર આપણી કાર્યશકિતનો આવિર્ભાવ કરવાનું સાધન છે એ સત્ય સ્વીકારીને શરીરની શકિતઓના વિકાસ અને સંરક્ષણ માટે પૂરતું ધ્યાન અપાય તો એમ જરૂર બને કે જીવનના અન્ત સુધી શરીર પૂરું કામ આપતું રહે અને ઘડપણની જર્જરિતતાના આપણે કદી ભોગ ન બનીએ.

જે મનુષ્ય ક્રિયાશીલ રહીને જ્ઞાનના પ્રકાશને ઝીલે છે તે હંમેશા નવી શકિતઓને પ્રાપ્ત કરે છે. પોતાનાં પુરુષાર્થથી સત્યકર્મ કરવાની સજીવશકિત પ્રાપ્ત કરીને તે વિશ્વમાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે. એ પ્રકાશમાંથી જનસમૂહને માર્ગદર્શન મળે છે. વિકાસ અને પ્રગતિ માટેનો તનમનાટ જેનો થંભી નથી ગયો, જ્ઞાનરસ પીવાની તૃષ્ણા જેની તૃપ્ત નથી થઇ અને ભકિતપૂર્ણ કર્મ કરવાથી જેને સંતોષ નથી થયો તેવો માનવ એ અમર યુવક છે એમ શું કહી ન શકાય ?

# નવાનું પ્રાચીનીકરણ

શ્રી. દલસુખભાઇ માલવણિયા

તીર્થંકર આવે અને જાય પણ જો વિચારણા અને આચરણ એનાં એજ રહેવાનાં હોય તો તીર્થંકરને તીર્થંકર નહિ કહી શકાય. કોઇ પણ વ્યકિતને તીર્થંકર એટલા માટે કહેવામાં આવે છે કે તેને વિદ્યમાન પરિસ્થિતિથી અસંતોષ હોય છે, અને એ અસંતોષમાંથી નવી વિચારણા, નવો આચાર એ ઘડે છે અને નવું તીર્થ સ્થાપે છે. અને એથી જ લોકો તેને તીર્થંકર કહે છે. ભગવાન મહાવીર તીર્થંકર એટલા માટે કહેવાયા કે પાર્શ્વતીર્થ જે અઢીસો વર્ષથી ચાલ્યું આવતું હતું તેથી તેમને સંતોષ હતો નહિ. તેમને એ માર્ગ પસંદ હતો નહિ. તેમણે નવો માર્ગ શોધ્યો અને તીર્થંકર કહેવાય.

સામાન્ય જનતાને તો નવો ચીલો નહિ પણ જૂનો ચીલો જ વધારે પસંદ હોય છે, કારણકે તેને એ અનુભૂત હોય છે. અનુભૂતને છોડીને નવામાં સહસા જવાનું સાહસ વિરલામાં જ હોય છે. અને એવા વિરલા જ તીર્થંકર પદને પામે છે. જનતા તો તેમણે પાડેલા અને ખેડેલાં ચીલા ઉપર જવાનું પસંદ કરે છે. આમ નવા અને જૂનાનું દ્વંદ્વ ચાલ્યા કરે છે. પરિણામ એ આવે છે કે તીર્થંકર નવું કરે છે, છતાં જનતા તો તેને જ્યાં સુધી જૂનું જ નવારૂપે છે એમ ન માને ત્યાં સુધી પૂરી રીતે અપનાવતી નથી. પરિણામે તીર્થંકર પછીના તેમના ગણધરો અને બીજા આચાર્યો એ નવા ચીલાને પણ જૂનો જ છે એમ ઠસાવવાનો પ્રયત્ન કરે છે. આનુ પરિણામ એ આવ્યું છે કે પ્રત્યેક ધર્મમાં તીર્થંકરોની પરંપરા અનાદિ કાળ સુધી પહોંચી ગઇ છે. અને પ્રત્યેક તીર્થંકરે કહેલું સત્ય અને પ્રરૂપેલો માર્ગ અનાદિ કાળથી છે એમ મનાયું છે. આવી માન્યતામાં કશું અજુગતું નથી. કારણ છેવટે નવાને પણ જનતા અપનાવતી તો થઇ જ જાય છે, ભલેને તે તેને જૂનું કે અનાદિ માને.

આપણી પહેલાં થઇ ગયેલા તીર્થંકરે જે કાંઇ કહ્યું હોય તેને તો આપણે અનાદિ કાળ જેટલું જૂનું માની લઇએ છીએ, અને તેમ કરી આપણા પોતાના કાળમાં જે નવું થઇ રહ્યું હોય તેને ઉપેક્ષિત કરીએ છીએ. તે કાળે મહાવીરે જે કર્યું તેને ઋષભદેવની માન્યતાનું સમર્થન હતું એમ તો આપણે માનીએ છીએ, પણ આ કાળે ગાંધીજી જે કહે તેને તો મહાવીરનું પણ સમર્થન પ્રાપ્ત નથી એમ માનીએ છીએ.

આનું કારણ શું? નવાનું પ્રાચીનીકરણ અટકી ગયું છે તે છે. ભગવાન મહાવીરે પ્રરૂપેલી આચરણની ભાવના અને પાર્શ્વની ભાવનામાં ઘણું અંતર હતું છતાં તે બન્ને એક જ છે એમ ભગવાન મહાવીરના જ સમયમાં બન્નેના શિષ્યોએ નક્કી કરી લીધું અને નવાનું પ્રાચીનીકરણ થઇ ગયું. એ પ્રાચીનીકરણને અનાદિ કાળ સુધી લંબાવવામાં તો 'સત્ય એક જ હોઇ શકે' એ ભાવનાએ કાર્ય કર્યું છે. આમ પ્રાચીનીકરણની પ્રક્રિયા ભગવાન મહાવીરના કાળમાં હતી એ સ્પષ્ટ છે. પણ ત્યાર પછી એ પ્રક્રિયા એકાએક જૈન ધર્મમાં બંધ પડી છે, ત્યારે બીજા ધર્મો વિષે એમ નથી બન્યું.

વેદ કે ઉપનિષદને આધાર માનીને ચાલેલી વિચારભેદની પરંપરાનું અવલોકન કરીએ તો જણાશે કે આધુનિક અરવિંદ સુધી જે નવીન નવીન વિચારધારા વહી છે તે બધાનું પ્રાચીનીકરણ થયું છે. આચાર્ય શંકર કે રામાનુજ કે આજના અરવિંદ એ બધા પોતાને જે કાંઇ કહેવું હોય છે તે નવું જ હોય છે, છતાં એ બધું વેદ અને ઉપનિષદમાં પણ પ્રતિપાદિત છે એમ બતાવવાને પ્રયત્ન કરે છે અને એમ કરી નવાનું પ્રાચીનીકરણ કરે છે. ફલતઃ એમાં વિચારનું નાવીન્ય આવે છે. વિચારમાં પ્રગતિ થાય છે છતાં પરંપરાની કડી તૂટતી નથી. એ વૈદિક પરંપરા જ બની રહે છે. અને એ રીતે વૈદિક પરંપરા સદૈવ નવીન બને છે, છતાં પ્રાચીન મટતી નથી.

વેદ કે ઉપનિષદો અપૌરુષેય કે ઇશ્વરપ્રણીત હોવાથી એ પરંપરામાં એ એક સગવડ રહી છે કે પુરુષ તેની વ્યાખ્યા કરે અને એ વ્યાખ્યાની પરસ્પર સંગતિ માત્ર શોધે. બે આચાર્યોની વિરોધી વ્યાખ્યા છતાં એ બન્ને વૈદિક પરંપરામા જ અન્તર્ગત રહેશે. અને એથી આજ સુધી વેદ અને ઉપનિષદોની નવી નવી વ્યાખ્યા થતી રહી છે અને વિચારોમાં પ્રગતિ થઇ રહી છે. આ પ્રકારે તેમાં પ્રાચીનીકરણની પ્રક્રિયા ચાલુ જ છે.

બૌદ્ધ ધર્મમાં ભગવાન બુદ્ધના મૂળ ઉપદેશમાં એવી કેટલીક બાબતો હતી જેના વિષે ભગવાન બુદ્ધ હા કે નામાં ઉત્તર આપવાને બદલે અવ્યાકૃત કોટિમાં તેમને રાખી. આમ બૌદ્ધદર્શનમાં પણ વિચારવિકાસને પૂરો અવકાશ રહ્યો. એને પરિણામે પરસ્પર અત્યંત વિરોધી એવા બૌદ્ધસંપ્રદાયો થયા. એ બધા પોતપોતાના નવા વિચારો રજૂ કરે છે પણ તેનું સમર્થન તો બુદ્ધવચનમાં જ શોધે છે અને એ પ્રકારે નવાના પ્રાચીનીકરણની પ્રક્રિયા બૌદ્ધોમાં ઘણા કાળ સુધી ચાલી છે.

પરંતુ જૈન ધર્મમાં સમુદાયભેદો છતાં તેમાં મૌલિક વિચારભેદને અવકાશ નથી મળ્યો. ખરી રીતે ભગવાન મહાવીર અને પાર્શ્વનાથના અનુયાયીઓમાં પણ જે વિચારભેદ હતો તે તાત્ત્વિક નહીં પણ આચરણને લગતો હતો. અને તેનું સમાધાન થયું. પણ તાત્ત્વિક વિચારણાને લગતા વિચારભેદને પ્રારંભથી જ અવકાશ નથી મળ્યો.

બૌદ્ધોના મહાયાની સંપ્રદાયમાં બૌદ્ધોની બધી પરંપરામાં પ્રચલિત માન્યતાઓ ભગવાન બુદ્ધે જ સ્વયં ઉપદેશેલી છે. ભેદનું કારણ અધિકારી ભેદ છે. એવું સમાધાન કરીને બધા સંપ્રદાયોને બૌદ્ધ ધર્મના અંગ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એજ વસ્તુ વૈદિક પરંપરામાં વેદાન્તિઓએ કહી છે કે વિચારણા કે માન્યતાના ભેદો જે જણાય છે તે અધિકારી ભેદ છે એમ સમજવું, પણ એ સૌ વેદાનુયાયી તો છેજ એમ માનવામાં આવ્યું છે. પણ જૈનોમાં આમ નથી બન્યું. તેમાં તો આચાર્યોએ વિરોધી સંપ્રદાયોને નિહ્નવ કોટિમાં મૂકી દીધા છે. આચારભેદની અસહિષ્ણુતાએ જ્યાં આવી પરિસ્થિતિ ઊભી કરી હોય ત્યાં વિચારભેદ કે મૌલિક, તત્ત્વવિચારણાના ભેદને તો સ્થાન જ ક્યાંથી હોય?

આનું પરિણામ એ આવ્યું છે કે ભગવાન મહાવીરે તત્ત્વવિચારણાના જે મૌલિક સિદ્ધાંતો બતાવ્યા છે તેમાં જરા પણ પ્રગતિ નથી થઇ શકી. સર્વજ્ઞપ્રણીતમાં વળી વિકાસને અવકાશ કેવો? એમ માની આપણે આત્મસંતોષ લઇ શકીએ છીએ, પરંતુ એમ કરી જૈનદર્શનની પ્રતિષ્ઠામાં આપણે વધારો જ કરીએ છીએ એમ ન કહી શકાય. વિચારોનું લક્ષણ છે કે તેમાં પ્રગતિ થવી જ જોઇએ. અન્યથા તે તેનું મહત્ત્વ ગુમાવે છે. જે પ્રજા સર્વથા જૂનાને જ પકડીને બેસી રહે છે તેની માનસિક પ્રગતિ થવાનો સંભવ બહુ જ ઓછો છે. દાર્શનિક વિચારોમાં જો સ્થિરતા આવે તો તે પ્રજાની માનસિક કમજોરીનું લક્ષણ મનાય છે. અને જૈનોએ એ વસ્તુ સ્વીકારવી જ પડશે કે વિચારની પ્રગતિમાં મહાવીર પછી નવો ફાળો આપવામાં જૈનો ઘણા જ પછાત રહી ગયા છે.

અહીં પ્રાચીનીકરણ એટલા માટે આવશ્યક બતાવ્યું છે કે તેમ કરવામાં પરંપરા પણ ટકી રહે છે, તેમાં નવું બલ આવે છે. જૂનાને નવાનો લાભ મળે છે તેથી જૂનામાં નવું જીવન પણ આવે છે.

પણ જો જૂનાનો આગ્રહ ન જ હોય તો સર્વથા નવીનીકરણ પણ થઇ શકે છે. પણ એવી સ્થિતિમાં જૂના સાથેનો સંબંધ

લગભગ તૂટી જાય છે. એમ કરવામાં લાભ કરતાં હાનિનો સંભવ વધારે છે કારણ પૂર્વજોના કાલસંચિત વિજ્ઞાનથી વંચિત થવું પડે છે, એટલે પ્રગતિ માટે આવશ્યક એ છે કે નવાનું પ્રાચીનીકરણ કરવામાં આવે.

ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા. તેમણે જે કહ્યું તેથી નવું હવે કાંઇ કહેવાને અવકાશ જ ન હોઇ શકે આવી દલીલ તેઓ જ કરી શકે છે કે જેની બુદ્ધિ કશું જ નવું વિચારવાની શકિત ધરાવતી નથી. ઇશ્વરપ્રણીત કે સંપૂર્ણ વેદમાં જો વ્યાખ્યાભેદને અવકાશ હોય છતાં તેનું પ્રામાણ્ય અક્ષુણ્ણ રહી શકતું હોય, ભગવાન બુદ્ધ પણ સર્વજ્ઞ છતાં તેમના ઉપદેશોને સર્વાસ્તિવાદથી માંડીને શૂન્યવાદ સુધી ઘટાવી શકાતા હોય અને છતાં પણ બુદ્ધનું પ્રામાણ્ય અક્ષુણ્ણ રહી શકતું હોય, તો મહાવીરની સર્વજ્ઞતા પણ નવું વિચારતાં શા માટે આડે આવે? પણ એ હકીકત છે કે ભગવાનની સર્વજ્ઞતા ઉપર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે કે આચાર્યોએ મૌલિક જૈન વિચારણામાં અઢી હજાર વર્ષના લાંબા ગાળામાં કશો જ ફેર પડવા દીધો નથી. મૌલિક ચિંતનની સમયાનુસાર વિસ્તૃત વ્યાખ્યા કરી છે પણ નવું પ્રસ્થાન નથી કર્યું. અને આવા નવા પ્રસ્થાન વિના કોઇ પણ દર્શન જીવંત નથી રહી શકતું. કાળબળ તેને લુપ્ત કરે છે. જૈનોના અઢી હજાર વર્ષ જેટલા લાંબા કાળના વિસ્તૃત સાહિત્યરચનાના ઇતિહાસને જોતાં એમ લાગે છે કે સાહિત્ય ક્ષેત્રે ઘાત પ્રત્યાઘાતો જે થવા જોઇએ તે એક-પક્ષી થયા છે દ્વિપક્ષી નથી થયા. એક નાગાર્જુન કે ધર્મકીર્તિ જેવો બૌદ્ધ દાર્શનિક સમસ્ત ભારતીય દર્શનના પાયાને હચમચાવી મૂકે છે અને તે ઘાતના પ્રત્યાઘાતો સમસ્ત ઇતર દર્શનના ગ્રન્થોમાં જોવા મળે છે. એ જ કાળના જૈનદાર્શનિકોના ઘાતના પ્રત્યાઘાતો ઇતરદર્શનોમાં શા માટે એટલા પ્રમાણમાં નથી એ આજના જૈનદાર્શનિકોએ વિચારવા જેવું છે. સ્યાદ્વાદ કે અનેકાંતમાં સમન્વયની શકિત ગમે તેટલી હોય પણ નવો ચીલો પાડવાની શકિત તો એકાંતોમાં હોય તેમ જણાય છે. દાર્શનિક વિચારણાને ગતિ આપવાનું કામ અનેકાંત નહિ, પણ એકાંતો જ કરે છે. સમન્વયની બીજી શકિતઓ ઘણી જ છે. એ વિષે ઇ-કાર નથી, પણ દાર્શનિકોમાં આંચકો આપવાની શકિત તો તેમાં નથી એ સ્વીકારવું જ જોઇએ.

# સુધારાની ઉત્ક્રાન્તિ.

**શ્રી ભંવરમલ સિંધી.**

ઇતિહાસમાં કોઇ સમય એવો નથી આવ્યો જયારે કોઇને કોઇ વ્યકિતએ સુધારાનો અવાજ ન ઉઠાવ્યો હોય, તેમ જ તે અવાજ ઉઠાવનારને તત્કાલીન સમાજવ્યવસ્થા અને સમાજનાયકો સાથે ઘર્ષણમાં ન ઊતરવું પડયું હોય. અનેક તીવ્ર, સંઘર્ષણો બાદ જૂની વ્યવસ્થાને સ્થાને નવી વ્યવસ્થા સ્વીકારાય છે. આ વ્યવસ્થા પણ સ્થિર-અવિચળ નથી હોતી. કારણ કે જગતનો સ્વભાવ જ પરિવર્તનશીલ છે. પ્રગતિનો દ્વન્દ્વાત્મક નિયમ હંમેશાં કામ કરતો રહે છે. જે એક વખતે સુધારા તરીકે સ્વીકારાયું હોય તેમાં અમુક કાળે વળી નવા સુધારાની આવશ્યકતા ઊભી થાય છે. ઘણી વખત એવું બને છે કે એક સુધારક નેતા તરીકે ગણાતી વ્યકિત તેની પછીની પેઢીની દૃષ્ટિએ જડતાપોષક અને સુધારાની વિરોધી મનાય. આનું એક કારણ એ હોઇ શકે કે ચોકકસ કાળે અને ચોકકસ પરિસ્થિતિઓને લક્ષમાં રાખીને કોઇએ સુધારાનો અવાજ ઉઠાવ્યો, પણ તે સુધારો સ્વીકારાઇ ગયા પછી તેનાથી વધારે દૂર તેની દૃષ્ટિ ન પહોંચતી હોય. તેના વિચારમાં સ્થિરતા આવી ગઇ હોય અને જ્યાં વિચારની સ્થિરતા આવી ત્યાં વિકાસ રૂંધાયો સમજવો. વિચાર એ એક બેપરવા અને નિર્દય વસ્તુ છે કે તે વિચારકની પોતાની પરિસ્થિતિ કે ઇચ્છા અનિચ્છાને જોવા નથી બેસતો. ઘણીવાર એવું બને છે કે વિચારકને પોતાને એક સમયે કરેલા પોતાના જ વિચારોની બાલિશતા ઉપર હસવું આવે યા શરમ લાગે. પણ પ્રગતિકારક વિચારક પોતાની ગતિને રોકતો નથી. પાછું વળીને જોતાં જોતાં પણ તેનું લક્ષ તો આગળ વધવા તરફ જ હોય છે. પોતાની ભૂલ સ્વીકારવામાં તેને શરમ આવતી નથી.

દરેક સુધારાના મૂળમાં વિચારપરિવર્તન મુખ્ય વસ્તુ છે. જ્યાં વિચારમાં પરિવર્તન નથી ત્યાં પ્રગતિ અટકી જાય છે. ઉપર-છલી વ્યવસ્થામાં થોડો થોડો સુધારો થયા કરે પણ તે બહુ દૂર ન થઇ શકે અને લોકો ધીમે ધીમે એટલા સ્થિતિચુસ્ત થઇ જાય કે કોઇ પણ સુધારાનો વિરોધ કર્યા કરે. આવા લોકોથી કંઇ વિચારોની ગતિ અટકાવી શકાતી નથી. બલ્કે તેમનો વિરોધ અને ઘર્ષણ સુધારકોને વધારે બળ આપે છે પણ સુધારણાના સાચા હિમાયતીએ ઇતિહાસનું એક સત્ય બરાબર સમજવું જોઇએ કે દેશ, કાળ અને પરિસ્થિતિના પરિવર્તનની સાથે સાથે જ માનવીય વિચારોનું પરિવર્તન થાય છે. જો આ વિચારપરિવર્તન થયું હોય તો જ સુધારણાઓ શકય બને છે સુધારકમાં આ સમજણ નહીં હોય તો જરૂર તે નિરાશા અનુભવશે. બહુ દૂર ન જઇએ ને છેલ્લાં પચાસ વર્ષનો ઇતિહાસ તપાસીએ તો પણ આ વસ્તુ તરત સમજાશે. આપણા બાપ કે દાદા જે સુધારાઓ માટે લડયા ઝગડયા. જે અનિષ્ટ રિવાજો દૂર કરાવવામાં સમાજસુધારાનું મોટું કામ માન્યું તે સુધારાઓને આજની પેઢી બહુ મહત્વ નથી આપતી. તેને તેમાં સાચી સમાજ સુધારણા થઇ હોય તેમ નથી લાગતું. તેમાંયે જો કોઇ યુવાન પોતાને નજીવા લાગતા એ સુધારાઓની હાંસી કરે અને જૂનો સુધારક તેની સામે ઉશ્કેરાઇ જાય તો પરિસ્થિતિ વિશેષ કડવાશભરી બની જાય છે.

વાસ્તવિક રીતે જોતાં બન્ને સાચા છે. જેઓ વિચાર ઉત્ક્રાન્તિનો ક્રમ સમજે છે તેમને આ બન્નેમાં કોઇ ખરેખરો વિરોધ નથી લાગતો. સામાજિક, રાજનૈતિક કે આર્થિક સુધારાઓનું આંદોલન ચલાવનારા અને ઝગડનારાઓ જ્યારે સફળ થાય ત્યારે જો તેઓ એમ માની બેસે કે "જે પ્રાપ્ત કરવાનું હતું તે અમે મેળવ્યું. હવે કંઇ કરવાનું રહેતું નથી." તો તેઓ જરૂર નવીન સુધારકો આગળ હાંસી પાત્ર ઠરે, પણ નવીન સુધારકોએ આ પણ સ્વીકારવું જરૂરી છે કે આજે તેઓ જે સુધારાઓ લાવવા ઇચ્છે છે ત્યાં સુધી પહોંચવાનો માર્ગ સાફ કરવામાં જૂના સુધારકોનો ફાળો ઓછા મહત્વનો નથી. વિચારની ઉત્ક્રાન્તિનો ઇતિહાસ તપાસીએ તો સ્પષ્ટ દેખાઇ આવે છે કે એક વિચાર બીજા વિચાર સાથે સંલગ્ન છે, પછી તે સંબંધ વિરોધનો હોય કે સમર્થનનો તે જુદી વાત છે. માનવ જીવનના ઇતિહાસમાં માનવના એક એક ડગલાંનો તેની પછીના ડગલા સાથે કંઇક સંબંધ જોડાયેલો જ છે. આનું નામ સુધારાની ઉત્ક્રાન્તિ.

નવી પરિસ્થિતિની સાથે નવા પ્રશ્નો ઊભા થાય છે, નવા વિચારો ઉત્પન્ન થાય છે અને તેની સાથે સુધારાનાં પગથીયાં પણ બદલવાં પડે છે. સારુંયે માનવ જીવન આ પ્રમાણે પરિવર્તન અને ઉત્ક્રાન્તિને માર્ગે ચાલ્યા કરે છે. છેલ્લાં પચાસ વર્ષમાં આપણે સામાજિક કે રાજનૈતિક સુધારાનાં આંદોલનો ચલાવ્યાં અને સફળતા પ્રાપ્ત કરી તે આજની પેઢીને અસંતોષકારક લાગે છે નવી પેઢીને જે નવી પરિસ્થિતિ પ્રાપ્ત થઇ તે પ્રમાણે થયેલા સુધારાઓને બદલવા ઇચ્છે તો તેમાં જૂના સુધારકને રોષ કરવાનું કારણ નથી. સાચો સુધારક તો તે જ કહેવાય કે જે બધી પરિસ્થિતિને સમજીને જે પ્રશ્ન ઉપસ્થિત થાય તેના ઉકેલનો વિચાર કરે. પોતે આગળ પડતો ભાગ લેવાની સ્થિતિમાં ન હોય તો જે સંઘર્ષણ કરતા હોય તેમાં બાધક તો ન જ થાય. આવા પુરુષો મહાન સુધારકની ગણનામાં આવી શકે.

# કાશ્મીર હે !

ગીતા પરીખ

(મિશ્રોપજાતિ)

કાશ્મીર! તારી મધુ રમ્યતાથી
દેને ભરી અંતર આ છલોછલ,
ઉત્તુંગ શૃંગો સમ આત્મનું બલ,
ને દૂર દૂર લીલી હરિયાળીમાંથી
પ્રેમાળ દે, રંક ભલે અમે હો,
નિઃસીમ સમૃદ્ધિ જ અંતરે હો!
ને ઉચ્ચતા પામું કદી છતાં હું
હીમાદ્રિ જેવી
હૈયે સદા શીતલતા જ ચાહું!

卐 卐 卐

(પરમ્પરિત હરિગીત)

શે આસમાની આરસામાં
ભાળીને તવ બિમ્બને
મલકાય દેવો આભમાં એ
માની લઇ નિજ સ્વર્ગને?
ને માનવીની આંખ પણ
જોતાં તને થંભી જતી
—આ ચિત્ર છે કે સૃષ્ટિ સાચી?—મૂઝવાતી
એ વિચારે...પાંપણો પલકારતી.
આ પૃથ્વી સ્વર્ગે સાંધતા સેતુસમી
કંઇ ઘાટમાળાઓ દુવારે
તાહેર ભમતી ભમી
આવી અહિં શોભી રહી.
ઝરણાં, નદીઓ સાથ દોડે
કેડીઓ ઘુમતી જયહિં
સર્પિણીશી વાંકીચૂકી
જે ક્યાંક સંતાતી, વળી
એ નવવધૂશી છાની ઝુકી
ક્યાંક લજ્જા ખોલીને સ્મિતભર
મધુર ચમકી જતી.
મારી નજરને સંગસંગે,
ખેલતી ખેલાવતી.
ને વૃક્ષ ઘાટીલાં લીલાં,
લીલાં ખુમારીથી ભર્યાં
—ઉંચે ગગનમાં વાદળાં જાયે સર્યાં
રે એની સાથે
ગોઠડી કરતાં નિરાંતે.
ત્યાં પર્વતો ઊંચા ઊંચા આકાશમાં
નિજ શૃંગકેરી અંગુલિઓ ચીંધીને
આ માનવીને દેવ વચ્ચેનો
જ પડદો વીંધીને
આકર્ષતા ઉર ભાવનાને
કો અગમ્ય પ્રદેશમાં.
ને ઝરણુ ચેતનપૂર્ણ શાં કૂદી રહ્યાં
કો રૂક્ષ ઊંચી ભેખડેથી!
ભય વિના જાતાં વહ્યાં
કૈં મસ્તીઘેલાં બાળશાં
જલધારને ઝૂલાંવતાં
હાસ્યેભર્યાં કલ્લોલતાં ખડકો
અને પથ્થર સહુ ઠેકી જતાં.
ઠેકી જતાં નિજ ગાનમાંહે મસ્ત,
તોફાની અને નિર્દોષ, પવિત્ર સુ-શ્વેત
એની જિંદગીના પ્હોરના
કુમળા સમયમાં લ્હેરતાં.
જ્યાં એક બાજુ વૃક્ષ હરિયાળાં ઝૂમી
દે આશીષો ફેલાવી શાખ
સહસ્રભુજાની સમી;
ને અંગુલિ શાં પર્ણ
વાત્સલ્યે નમાવી સુ-વર્ણ
સ્થિર આ સૃષ્ટિમાં
ચાંચલ્યનાં જ પ્રતીક જેવાં
ધોધ, ઝરણાં ને નદીઓ ન્યાળી કેવાં
શાંતિથી ઝુકી રહ્યાં!

ત્યાં ત્યાં અહો દરિયાઇ પિંજા-
રાતણા ઊડી ગયેલા
આપણી નજરં ચૂકાવી—દૂર પેલાં
રૂતણા હજુ પોલશાં કૈં વાદળાં
(રે એયશા રમતેભર્યાં!)
ઉંચે ઉંચે પર્વતપરે બેસી ગયાં.

આ ડુંગરાની ભોમની, માતા—
સમી દૂંફાળી ગોદે બાળશાં જાતાં
લપાઇ ઝુંપડાં કંઇ ગામનાં નાનાં
જરી ડોકાય છાનાં
રહેજ હરિયાળીતણો પાલવ હલાવી.
ને અરે આહિં શી સુંદર
સૃષ્ટિના દર્શનતણા
કૈં પ્રેક્ષકો જેવાં ઉભાં સહુ
વૃક્ષ શાં સોહામણાં
થૈ મુગ્ધ
અકકેકી કતારોમાહિં પાછળ
એકબીજાની થઇને સ્તબ્ધ;
ને એની જ પાછળ શા અધીરાં
પ્હાડ એનાથી ઉંચા-જેના કિરીટે
કૈંક ઝળકે હિમતણા હીરા,
મૂકીને આગલા પર્વતતણા
ખંભા ઉપર નિજ કર
—પડી જવાતણા ભયથી થઇને પર—
રહ્યાં ડોકાઇ ઉંચું મેં કરી
જોવા નીચેના ખેલને
કહેતા 'અહો સૌંદર્ય કેવું આંગણે!'
ને દૂર પેલા પર્વતો કોઇ
ઋષિશા અચળ થઇ નિજ
આસને બેસી રહ્યા જોઇ
ઊંચે આકાશના વાસીભણી,
આ શુષ્ક પ્હાડો, હોય નિજ વસ્ત્રેવણી
ના ક્યાંય હરિયાળી જયહિં લવલેશ,
અંગે ધારી ભગવો સાધુ જેવો વેશ;
લાગે રુક્ષ એના શ્વેત કિન્તુ
શ્મશ્રુ ને સહુ કેશ,
કહેતા 'હૈયું એ પણ હિમસરીખું શીત'
જેની ભવ્યતા જુદી જ ને અસીમિત
જ્યાં યૌવનતણી ના રમ્યતા,
વાર્ધક્યની પણ ગહનતા ને આર્દ્રતા
લાગે અલૌકિક શી અહા!
કેવી મહા!
ત્યાં......ત્યાં......અરે,
વરસાદકેરી ધારની દોરી જરી ખેંચે ધીરે
કો' વૃક્ષ લીલાં-ત્યાં અહો શા વાદળાના
કૈંક પડદા આભથી કેવા મજાના
—આભ જાણે આખું આ-નીચે ખરે
ઉતરી રહ્યું પૃથ્વી પરે;
ને સૂર્યને છૂપાવીને કો કાળનાં,
સૌ બંધનો ઢીલાં કરે.
શી થાય રેલમછેલ ત્યાં
પ્યાસીધરાને અંતરે.
દૂંફાળે દઇ ભીની કુમાશો,
અણુઅણુએ સૃષ્ટિને,
શી તૃપ્ત...હા, અતિતૃપ્ત કરતી વૃષ્ટિ એ
આ માહરી સૌંદર્યભૂખી દૃષ્ટિને.
કેવી પ્રસન્ન ધરા અહો નવયૌવના
જેવી સ્મિતે આનંદભીના, જેહના
કૈં છલછલંતાં મત્ત ઘેલાં
રમ્ય ઝરણાં ખળખળંતાં
વહી રહ્યાં જલથી ભરેલાં.
આ નદી ઉન્મત્ત પાગલ,
યુદ્ધ કાજે દોડતા ઘોડા
સરીખાં જેહનાં જલ
જાય શા વેગેભર્યાં, ના ક્યાંય બીજે દેખતાં
બસ વિજયઘોષે ગાજતાં
દોડી રહ્યાં......દોડી રહ્યાં...દોડી રહ્યાં...
કેવાં અહા! જાતાં વહ્યાં!
કૈં કૈં દિવાલો તોડીફોડી, વૃક્ષને ઉખેડતાં,
નિજ મસ્ત વ્હેણે માર્ગનું સૌ તાણતાં
—કો બાળ નિજ મસ્તીમહિં સૌ
ભૂલિ જતું હિત અન્યનું—તેવાં અહિં
તોફાની વ્હેણાં ધસમસ્યાં
શાં ધસમસ્યાં!
આનંદઘેલા અંતરે ચિરકાળ
આ આવી વસ્યાં.

રે વાદળાનો અંચળો
ચોંટી ગયો શું પૃથ્વીને!
હઠતો નહીં રહેજે, સંતાડી
દઇ નિજમાં રવિને!

અંતમાં કંટાળીને લાવી
રવિ કો મેઘધનુ–ચાવી
ઉઘાડે દ્વાર વાદળ–વાદળીનાં
રંગરંગી ભવ્ય ભીનાં!
ને અહો કો અંગના જેવી મધુરતર
પૃથ્વી નવનવ તાજગીભર
સ્નાનથી થઇને પવિત્ર
અભ્રના આ સાળુને સંકોરતી
નીકળે લજ્જાવતી
—છે આંખ સામે પૃથ્વી આ
કે માત્ર એનું ચિત્ર?
આંહિ શ્રીનગરની શ્રીસમી
જેલમ જલે છલછલ થતી.
આખી ય નગરીમાંહિ શી વ્હેતી જતી
કો રમતિયાળી બાલિકા શી રખડતી.
એનાં લટકતાં વિવિધ રંગી
મોતીનાં બે લોળીયાં
જેવાં લહું છું બાગ શાલીમાર
ને નિશાત આહિંયાં.
ખીલ્યાં જ્યાં ફુલ લાલ, પીળાં,
લીલાં, ભૂરાં અનેરાં
–રંગ પૃથ્વી પર અહો ઉતરી રહ્યા
શું ઇન્દ્ર ધનુકેરા?
અટારી પર અટારી કેરી કેવી હારમાળા
સંગ સંગમરમરોના કૈં ઝરૂખા
ને ફુવારા શા રૂપાળા!

ઊભું છે અહિં શંકરાચાર્યતણું આ મંદિર
ઊંચી ટેકરી પર
શહેરનાં મસ્તક ઉપર રે
ગહન કેવું ભવ્યતર
જાણે મુગટશું?–સાદું પણ
સાચે જ સુંદર,

વિશ્વકેરી વિશાળતાનો ખ્યાલ દેતું
ઉચ્ચ ભોમેથી 'મનુજ છે કેટલો નાનો'
કહીને ભેદભાવો ટાળતું, સૌ લોક વચમાંનો,
ગગનવ.સી ભણી ચીંધી રહેતું.

ને શું આ?
ઉદ્યાન ત્યાં તરતાં મહાસરવર મહિં!
લાગે મનોહર રમ્ય સુંદરતા જ્યહિં
જોયા કરૂં, જોયા કરૂં, જોયા કરૂં,
સૌદર્યથી નયણાં ભરૂં.
તોયે ધરાઉં હું નહીં.
પાણીમહિં વસતાં આંહ કૈં ખેતરો–ધરણી,
અને છે માછલાં જેવી ઘણી
ઘરહોડીઓ–તરતાં ગૃહો
જેલમ મહિં, મુજ દ્રષ્ટિને
આકર્ષતાં સામે ધરી નિજની
વિશિષ્ટ જ સૃષ્ટિને,

ઉડે ફુવારા તેજના ઉલ્લાસના
વેરાઇ જાતાં સોનું અંગે
અંગમાં આકાશના;

સંધ્યા–ઉષા રંગોળીઓ પૂરે ગગનના ચોકની
ને રંગ એ ઝીલી ગુલાબો શા
વદન મલકાવતી–
શી રૂપવતી
કૈં અપ્સરા શી નારીઓ
કાશ્મીરના સુરલોકની.

આનંદના પડઘા પડે છે
હિમ–કિરીટી પર્વતો પર
–તોરણો ઝુલાવતાં જ્યાં
રંગના શિખરે–શિખર,
ને લાલ, પીળી, વિવિધરંગી, જાંબલી
પાંખો પસારીને ઊડી રહી વાદળી
વ્યોમે–ભરી દઇ આંખની પ્યાલી
પીઉં સૌંદર્ય હું, લાગે છતાંયે કેમ એ ખાલી?
અહો કેવું અલૌકિક દશ્ય આ।
સર્જક' ખરે કૌશલ્ય તારૂં પ્રશસ્ય આ;
જેને જડું ચિરકાલ હું નયનો મહિં.
શી હિમતણી સરિતા વહી
ને હિમભરેલું દૂર પેલું
'દૂધ સરવર' છે ત્યહિં
"કોલહાઇ"ના તવા વામબાહુ
શા ગિરિની ઉપર ઉંચે,
ને આહિં આ રંગરગી પ્હાડ વચ્ચે
ગૂઢતા ધારી અગમ્યતણી
'અમરનાથે' ગૂફા હૈયું જ આકર્ષતી
ઉંડે જવા આતમભણી
કાળા પહાડે ગોદમાં ધરી
હિમતણું શિવલિંગ શ્વેત, ભરી
દિયે આ હૈયું જે આશ્ચર્યથી
કટકો ખર્યો જાણે અહો આકાશથી
શશિયરતણો જે પૂર્ણિમાએ પૂર્ણ થાતો
ને ધીમે ધીમે અમાસે ક્ષીણ થૈને સમાતો
દેવકેરા શૂન્યરૂપે જે કદી ભૂલાય ના;
આ શી લીલા ઇશ્વરતણી–
મુજને ખરે સમજાય ના.
હિમથી છવાયેલાં કંઇ પર્વતતણી,
ગોદે છૂપાયું આહિં શું
—રે ગોદડાં વચ્ચે સૂતેલું
નાનકું જાણે શિશુ –
જેવું મધુરૂં શેષ–નાગતણું સરોવર
લીલું, લીલું, હિમ સરીખું શીત,
શાંત અને મનોહર
સ્નાન કરવા આવતા'તા જે ઉપર
કૈલાસવાસી દેવ શંકર,
દર્શને નયણાં થઇને મુગ્ધ થંભી જાય મારાં
કેટલાં અદ્દભૂત અને વિધવિધ સ્વરૂપો તાહરાં,
કાશ્મિર! ન્યારાં.

માર્ગ માહે સૌ પથિકોને દઇ.
આશિષ ઉભાં ઝાડ
કૈં બાહુ સહસ્રો શીષ પર
ધરીને, ઉરે આલ્હાદ

ચંદનવાડી-પથપે શીત શો રેલાવતાં
આકાર ઘાટીલો ધરીને છાંટડી ફેલાવતાં,
હરિયાળી સૃષ્ટિ જોઇને
મનને ઝૂરે હિલોળતાં

પૂર્વે અહો જમણા કરે,
કાશ્મિર! શો 'ગુલમર્ગ' તારે
નામ 'ફુલનો પહાડ'–(લાગે એ
વિરોધી તોય સાચું)ને વિસારે.
ભાન મારૂં બે ઘડી
જ્યાં વિવિધરંગી આમને જાતાં અડી
એવાં લીલાં ને લાલપીળાં,
શ્વેત ભૂરાં ફુલનાં
ઓઢી લઇને ગાલીચાં
જીવતાં (ખરે આ ભૂલ ના!)
વારી રહ્યાં ઉંચાઇ પરની ટાઢને
કંઇ પર્વતો–જે ન્યાળતાં આનંદને
સાચે નહીં રહેતી સીમા મારે ક્યહિં!
ગેદાન હરિયાળું "અફરવાટે" જ્યહિં
કેવું વિશાળું ઉચ્ચ પહાડે શોભતું,
ઊંચું થઇને આભપરનું સ્વર્ગ નીચે ખેંચતું;
શું માનવી–નયનો ધરીને દેવને
આ ભોમ જોવા પૃથ્વી પર
આમંત્રતું નિજ આંગણે?

ગુલમર્ગ! તુજને
ભાળું ને લાગે છ મુજને
જિંદગાની
સાર્થ એવી રોકુ તો યે
અંતરે ઉછળે વાણી—
કો તરંગ સમુદ્રનો પાણીથી, જ્યમ છાનો વહે,
કાશ્મીર હે!

ને અહિં આહા! 'અહરબલ'નો
સિંહજેવી ગર્જના કરતો
પ્રપાત છલંત જલનો
પ્હાડકેરા પ્હણુ સહ મસ્તી કરંતો
વીરના શૌર્યે ભરેલાં હાસ્યવંતો,
ફીણ ધોળાં લ્હેરથી ઉછાળતો,
કૈંક ઉંચી ઉચી ભેખડેથી કૂદતો નીચે
શીકર જેની હવામાં અનિલ–ઝુલે
દૂર દૂર હિંચે.
અને શા રંગ આછા તોય અદ્દભુત લાલ,
લીલા ને ગુલાબી, જાંબલી, ભૂરા કમલ
થતા નિહાળું નીરમાં એનાં, પડે
ઉપરથી વેગેમર્યા;
જ્યાં ગોળ ગરબામાં રમંતાં પત્થરોની
બેઉ બાજુએથી જાણે નિસર્યાં
રમવા મધુર કો રાસલીલા,
થાય ભેળા સંગ
રમતાં નવ્યરૂપે ધોધના; નવરંગ
ધારી નિત્યનવલો અંતરે જ ઉમંગ-
પડઘા જેહના ઝીલે ચિનારો
ને દૂરેથી ચીડ * ને કંઇ દેવદારો.

* ચીડ–ત્યાંનું એક વૃક્ષ

રંગલીલા ભાળતા પેલા હિમાળા
શાંત હસતા પર્વતોની હારમાળા.

સૌંદર્યની અકકેથી ઉંચી અટારી
કેટલી તવ આંગણે? ને એ
સહુથી પ્યારી ન્યારી

ન્યાળું છું હું "સોનમર્ગ" નામ
જેવુ રૂપ છે અભિરામ
"સોનાનો પહાડ" જયહિં નિહાળું, ભોમ
સોનેરી લીલી પર્વતવચ્ચે, ને વ્યોમ
સ્પર્શે પ્હાડ રૂપેરી ઝળકતા હિમથકી
છાયેલ ફરતા કૈં ગિરિ, જ્યાં
ભૂમિને લેશે નથી

કયાંયે જગ્યા હિમ બ્હાર ડોકાવાતણી
શબ્દોની સૃષ્ટિ પાર શોભા જેહની,
ઐશ્વર્યકેરી કલ્પના
રહેતી હવે મુજ પાસ કોઇ અન્ય ના.

ને જોઉં આ શું હિમની વર્ષા આભથી
–પવિત્ર્ય જાણે જાય રેલ્યું,
રંગ કો બીજા નથી–
બસ શ્વેત શ્વેત બધું લહું ચોપાસ
રૂના ગાભલા વરસાવતું આકાશ
નીરવ કો અજાણ્યા ગાનમાં;

અમરાપુરી સર્જાઇ આ શું
હીમનાં ઉદ્યાનમાં?.

જ્યાં વૃક્ષ પણ નિજ ડાળીઓની અંજલિ માંહે
ધરીને કૈં ચમેલી–ગુચ્છ જેવાં
હીમનાં પુષ્પો ઉભેલા રાજરાહે.
શ્વેત નગરીની,
ખરે જે શાંત ને સ્નેહેભીની.
ખાડા અને સહુ ટેકરા ભેદોતણા સંતાડતો
જ્યાં હિમતણો આ અંચળો

ધરણી પરે રોમાંચ દેતો
ઓહ શો છાનો ઢળ્યો!
જામે અહિં કેવો બરફ ઘરના છતો પર
જ્યાં નિહાળું ત્યાં બધે છે હિમતણાં થર,
ક્ષિતિજ સુધી દૂધના દરિયાની વચ્ચે
લાંગરેલી નાવડી જેવું
અમારૂં ઘર છ સાચે!
બ્હાર પણ નહીં
ભાળવા દે ભોંયને લેશે કયહિં!
વેર્યો બધે પૈચો બરફ બસ,
દેખું કાળાં વાદળાંથી જે,
વરસી રહેતો સરસ
નિર્મલ, પવિત્ર ઓહ કેવું શ્યામકાયે
હૈયું મીઠું ભાવભીનું
–રે કદી સૌંદર્ય શું જાણી શકાયે
બાહ્યરૂપથી કોઇનું?

★

કાશ્મીર! આખા વિશ્વનો ઉદ્યાન તું,
સૌંદર્ય છોળેછોળ જ્યાં
સમૃદ્ધ થૈ છલકાવતું
આ સૃષ્ટિનો ખોળો અનુપમ રમ્યતાએ;
આંગણે તવ મનુજ–સૃષ્ટિમાં
શી સુંદરતા છવાયે!

બાળકુસુમો–લાલ પંકજ
પાંદડીશા ઓષ્ઠ જેના

આંખ કાળી ને વિશાળી–
જોઇ રોકાયે ઉરે ના

ભાવના વાત્સલ્યની એ
ભૂલકાં મીઠાં અજાણ્યાં

કાજ જે ખિલખિલ થતાં કેવાં છવાયાં
સ્મરણ પટ પર માહરા ચિરકાલ
(એવું અંતરે શે વ્હાલ!)

ને આ નાર શી નમણી અહિંની!
રંગીલી કુદરત તણી લાલીથકી રંગભીની,
શ્વેતવરણી, ગુલગુલાબી
ગાલ જેના, કેશ કાળા,

નેણ મોટાં ને રૂપાળાં,
અંગ પર રૂપા–અલંકારેથકી શી ઓપતી
(રે ભૂષણો ના હોય તોયે
શી અનુપમ શોભતી!)
ને વસ્ત્ર સુંદર ધારીને મધુરી વસી જતી.

સૌંદર્ય એવું માનવી–અંતરમહિં પણ
ભોળું ને જે રાંક, નિર્મળ છે કણેકણ;
ઉદ્યમી જે દેહને કસીને
કમાણી કાજ મથતા

શી કળા એ કાષ્ઠ. કાગળ.
ગાલીચામાં સર્જતા!
આ સૃષ્ટિનું પ્રતિબિમ્બ એમાં ઝીલતાં
કંઇ રંગરંગી ફુલવેલા
આકૃતિ અને પંખિઓ અદ્ભુત
જ્યાં ભાળું ભરેલા...
...રાતદિન જે રમ્ય સર્જન કાજ મથતા
કાશ્મીરી નિજ આંખના
હીરા કરી ઝાંખા, છતાં
રે હાય। તોયે પેટ પૂરતું
અન્ન પણ ના પામતા
ને.... ...ને.... ...ગરીબીના અગનમાં
કૈં કૈં બલિ હોમાઇ જાતાં
કારમાં
રે સાવ ભૂખ્યાં મૂક દુઃખે
મૃત્યુ કૂખે જૈ સમાતાં;

★

જોઉં, હું તો જોઉં ને
સૌંદર્યસૃષ્ટિ ભૂલતી
હૈયું ધ્રૂજી ઊઠે અનુકમ્પાથકી ઘેરી લઇ
–જયમ સૂર્યને કો આંસુભીની
વાદળીઓ ઘેરતી–
બસ પ્રશ્ન એક જ વારંમવારે પૂછતી
જગદીશને, પડઘા સુણું હું જેહના
સહુ પર્વતે. શૃંગો પરે, સરિતાતણા
મર્મર–રવે

(આલેખતાં હૈયુ દ્રવે)
કે "દીધી તેં સંમૃદ્ધિ સૃષ્ટિને સભર છલકંત
જે થૈને અનંત
અને અનુપમ ઠેર ઠેર વહંત
પણ ના કયાંય જેનો અંત;
ને કાં માનવી કાજે જ લેશ દયા ન ધારી
તેં કૃપણ થઇને જ? શીદ
તું વેરતો ના શ્રી જ તારી
અહિંય કહે!
ને કેમ રે ભરખાઇ જાતી
ચેતના મનુ–પુષ્પની દારિદ્રયની
જવાલા મહિં, જે નિત્ય થાતી
પ્રોજ્જવલા? આ શી રીતે ભાળું અહિં?
સમજાયના મુજને કયહિં.
તોડી દઇ સમદર, અરે
કાશ્મીરની ધરણી પરે
સર્વોચ્ચ હિમાદ્રિ ઊભો કીધો અહિં તેં
ધરણીકેરા કમ્પથી પળમાં અહો, એવી રીતે
આ દીનતાને દુઃખના ઉદધિમહિં
ડૂબી પ્રજાને શું કદીયે તું નહીં
સુખ–સમૃદ્ધિના શૃંગ પર લાવે, કહે
કાશ્મીર હે?
કાશ્મીર હે! મુજ કલ્પનાની પૂર્ણતા
તુજમાં તદા
ભાળીશ હું
પૃથ્વી પરે–બસ એ ચહુ
કે એક દહાડે ધન્ય
તારાથી ધરા આ થાય
જેના સૂર્ય જેવા તેજમાં ઝંખાય
નાના કોડિયા શો થઇ અહો સૂરલોક
જગને ચોક
મુજને અન્યના
ઉરમાં કંઇ છે ઝંખના,
સ્નેહેભરી અભિવંદના ઝીલતું રહે
મુજ નિત્ય તું કાશ્મીર હે!
કાશ્મીર હે! કાશ્મીર હે.

★

# જૈન સાધુઓ અને તેમની મહત્ત્વાકાંક્ષાઓ

ડા૦ ઈન્દ્રચન્દ્ર

ચીનના મહાન દાર્શનિક કોન્ફ્યુશસે એક જગ્યાએ લખ્યું છે કે સત્ય મનુષ્યને મહાન નથી બનાવતું પણ મનુષ્ય સત્યને મહાન બનાવે છે. જૈન ધર્મના અનુયાયીઓએ આ વાકયનો મર્મ સમજવા જેવો છે. અહિંસા ધર્મનું ગાણું ગાતાં ગાતાં બે હજાર વર્ષ વીતી ગયાં પણ તેનાથી નથી આપણે જૈનો ઊંચે આવ્યા કે નથી આ સિધ્ધાંત ઊંચે આવ્યો. આ સિધ્ધાન્ત ઉપર આપણે વિચારો કર્યા, મનન કર્યું, ઉપદેશ આપ્યા પણ જીવનમાં ઉતારી ન બતાવ્યું. અહિંસા દ્વારા જીવનનાં અનેક વિકટ પ્રશ્નોનો કેમ ઉકેલ આણી શકાય તેના પ્રત્યક્ષ ઉદાહરણ ન રજૂ કરી શકાયા. મહાત્મા ગાંધીજીએ આ સિધ્ધાંતનો પ્રયોગ કર્યો, પોતાના ઉદાહરણ દ્વારા અહિંસક જીવનનો આદર્શ સિધ્ધ કરી બતાવ્યો. તેમજ "વ્યકિત અને સમાજના સળગતા પ્રશ્નોના સુખદ ઉકેલ આણી" આપ્યા. એમનું ઉદાત્ત જીવન જોઈને જગત નતમસ્તક થયું, અહિંસાનું મહત્વ વધ્યું. સિધ્ધાંત ગમે તેટલો ઊંચો કાં ન હોય, પણ જ્યાં સુધી તેને પ્રયોગસિધ્ધ કરી બતાવવામાં ન આવે ત્યાં સુધી દુનિયાને તેનું મહત્ત્વ સમજાતું નથી. સ્વામી સંમતભદ્રે આ આશયને લક્ષમાં રાખીને કહ્યું છે કે **"न धर्मों धार्मिकैर्विना"** અર્થાત જો ધર્મને પાલન કરવાવાળું કોઈ નથી તો તે ધર્મના અસ્તિત્ત્વનો કોઈ અર્થ નથી."

જૈન પરંપરા જે આદર્શ ઉપર રચાઈ છે તેને જીવનમાં ઉતારવાનું વ્રત સાધુવર્ગ સ્વીકારે છે. તેમણે આ વાત ખાસ લક્ષમાં રાખવી જોઈએ કે જૈન ધર્મના પ્રચારનો અથવા તેને એક ઉચ્ચકોટીના ધર્મ તરીકે જગત સમક્ષ રજૂ કરવાનો શ્રેષ્ઠતમ ઉપાય એ છે કે તે પોતાનું જીવન જૈન ત્યાગીના ઉચ્ચતમ આદર્શ પ્રમાણે જીવી બતાવે. તેની રહેણી કરણી, વ્યવહાર વગેરેથી બીજાઓને પ્રતીતિ થવી જોઈએ કે મહાવીરના અનુયાયી બનવાથી જીવન કેટલું આદર્શ અને પવિત્ર બની શકે છે, તેના જીવનમાં ખૂબ વિચારસહિષ્ણુતા હશે. મન, વાણી અને કર્મની સામ્યતા હશે. વ્યવહાર સરળ હશે તો જ તે જૈન સિદ્ધાન્તની પ્રતિષ્ઠા વધારી શકશે. જનતા જીવન ઉપરથી સિધ્ધાન્તની મહત્તા આંકે છે, સિધ્ધાન્ત ઉપરથી જીવનની નહીં.

વર્તમાનમાં સાધુસમાજ ધર્મપ્રચારના નામે પોતાની મહત્વાકાંક્ષાઓ પોષવાનો જે માર્ગ અખત્યાર કરે છે તેથી દુઃખ થાય છે. મહત્વાકાંક્ષા પોતે બુરી વસ્તુ નથી. બલ્કે જીવનવિકાસ માટે તે આવશ્યક છે. સાધુઓમાં પણ તે ભલે હોય, આપણે સાધુઓ પાસેથી એકદમ વિતરાગતાની આશા નથી રાખી શકતા પણ એટલી આશા તો અવશ્ય રાખીએ કે તેઓ જે રાહ ગ્રહણ કરે તે પ્રશસ્ત હોવો જોઈએ, જૈન પરંપરાનું ગૌરવ વધારનારો હોવો જોઈએ, પણ આજકાલના સાધુઓને જે માર્ગે જતા આપણે જોઈએ છીએ તે તેવો પ્રશંસનીય નથી લાગતો.

સમર્થન રૂપે સંપ્રદાય વિશેષનો ઉલ્લેખ કર્યા સિવાય કેટલાક કિસ્સાઓ નીચે રજૂ કરું છું:

૧ સમાજમાં નેતા કે પ્રતિષ્ઠિત મનાતી વ્યકિતઓને વ્યાખ્યાન સાંભળવા કે દર્શન કરવા બોલાવવી.

સંત મહાત્માઓ પાસે રાજા મહારાજાઓ કે શેઠ શાહુકારોનું આવવું પ્રાચીનકાળ આપણે સાંભળીએ છીએ, પણ આ મોટા લોકો સંતના દર્શન કરવા આવે તેમાં સંતનું મહાત્મ્ય નથી. સંતનું મહાત્મ્ય તો તેમાં છે કે એવા પુરુષો આવતાં છતાં તેની તટસ્થતામાં જરાએ ફરક ન પડે, ન અહંકારભાવ આવે, ન હર્ષ પેદા થાય. જૈન સાધુઓમાં આ તટસ્થ વૃત્તિ તો દૂર રહી પણ આવી મહત્વાકાંક્ષા પોષવા માટે ખાસ પ્રચાર કરવામાં આવે છે, જે ત્યાગી સંસ્થા માટે ખરેખર શરમાવનારું ગણાય. એકવાર કોઈ આચાર્યને એક દેશી મહારાજાને પોતાના દર્શનાર્થે બોલાવવાની ઇચ્છા થઈ. આને માટે મહારાજાને એક લાખની થેલી આપવાનું નક્કી કરવામાં આવ્યું. મહારાજા આવ્યા. બે મિનિટ બેઠા અને થેલી લઈ ચાલતા થયા. સમાજના એક લાખ રૂપિયા તો ગયા અને આવી મૂર્ખતા ઉપર બીજાઓએ હાંસી કરી તે નફામાં. આજે પણ રાષ્ટ્રીય નેતા, રાજકીય અધિકારીઓ કે બીજા પ્રખ્યાત પુરુષોને લાવવા માટે હજારો રૂપિયા ખર્ચવામાં આવે છે. આચાર્યશ્રીના દર્શન કરવા દૂર દૂરથી આવે તેને રેલ્વે કે વિમાનનું ખર્ચ ઉપરાંત તેની મહેમાનગતિ વગેરેના ખર્ચની વ્યવસ્થા થાય છે. એમને થેલી આપવાની લાલચ પણ અપાય છે. આ પ્રકારનો ખર્ચ કરનાર શ્રાવકવર્ગ અને તેને પ્રેરણા આપનાર સાધુવર્ગને મારી વિનંતી છે કે આ વિષય ઉપર ગંભીરતાથી વિચાર કરે. આમાં નથી તેની પ્રતિષ્ઠા વધતી નથી, જૈન ધર્મની વધતી. હા, જો આવનાર વ્યકિત ઉપર તેમના ત્યાગ કે વિદ્વતાની છાપ પડતી હોય તો કંઈકે પ્રમાણ ગણાય. બાકી ધનનો આવો નિરર્થક વ્યય કરવા કરતાં તો જો કોઈ સમાજોપયોગી કામમાં વપરાય તો પોતાની મહત્વાકાંક્ષા પોષાવા સાથે જનતાને પણ લાભ થાય.

આ પ્રકારની બીજી પ્રવૃતિ તે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી કે અન્ય વ્યકિતને મળવા જવાની છે. રાષ્ટ્રપતિપદ ગમે તેવું ઊંચું હોય તો પણ ત્યાગી તેનાથી પણ ઊંચા છે. કેવળ જૈન નહીં પણ સમસ્ત ભારતીય પરંપરા આ વૈશિષ્ટ્ય સ્વીકારે છે. ભલે સાધુ ભિક્ષક છે. રોટીના એક એક ટૂકડા માટે ઘેર ઘેર ફરે છે પણ તેનું માથું તો જે આધ્યાત્મિક ગુણોમાં તેનાથી શ્રેષ્ઠ હશે તેની આગળ જ નમશે. ધનસંપત્તિ કે રાજસત્તાની તેને કોઈ પણ પરવા નથી. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિને મળવા રાષ્ટ્રપતિભવનમાં જવું એ ત્યાગી સંસ્થાનું ગૌરવ ઘટાડવા જેવું છે. ખરું છે કે ત્યાં જઈને સાધુ રાષ્ટ્રપતિને નમસ્કાર નથી કરતા, સામા રાષ્ટ્રપતિ તેને નમસ્કાર કરે છે. પણ સાધુનું રાષ્ટ્રપતિ પાસે જવું એજ ત્યાગ પર ઐશ્વર્યનો વિજય બતાવનારું છે, કોઈ લાચાર વ્યકિતને ધર્મોપદેશ કે માંગલિક સંભળાવવા જવું, અર્થાત કોઈ પાપીને સમજાવવા જવું એ અલગ વાત છે, લાચાર પ્રત્યે કરુણા અને સહાનુભૂતિની ભાવના હોય છે. પાપીના ઉદ્ધારની ભાવના હોય છે, પણ રાષ્ટ્રપતિને મળવા જવામાં બેશક મહત્ત્વાકાંક્ષા સિવાય કોઈ કારણ હોતું નથી. રાષ્ટ્રપતિ જો મંદિર કે ઉપાશ્રયમાં આવે તો ભારતીય નાગરિકના નાતે શ્રાવક વર્ગ તેમનું જરૂર સ્વાગત કરે પણ ત્યાગી વર્ગ વિવિધ પ્રયાસો દ્વારા સમય માગીને તેમની મુલાકાતે જાય તે ઉચિત નથી કહી શકાતું.

૨ સાહિત્યકાર બનવાની મહત્ત્વાકાંક્ષા,

કેટલાક સાધુઓને પોતાને સાહિત્યકાર કહેવરાવવાની આકાંક્ષા હોય છે. આ આકાંક્ષા એ કંઈ બુરી નથી, પણ તેને માટે જ્યારે ચોરી કરવામાં આવે, ગરીબ પંડિતની લેખિની અને નામ બન્ને ખરીદવામાં આવે ત્યારે ઘૃણા ઊપજે છે. એક આચાર્ય પોતાના સંપ્રદાયમાં સાહિત્યની વૃદ્ધિ કરવા ઇચ્છે છે તેમણે કંઈક સૂત્ર સારસ્વતવ્યાકરણના લીધાં કંઈક હૈમવ્યાકરણનાં લીધાં અને પોતાનું નામ આપી દીધુ. એક જૈન યુવરાજે જૈન આગમો ઉપર ટીકા લખવા ઇચ્છયું, એમણે જૈન ધર્મથી સર્વથા અપરિચિત એવા ત્રણ ચાર બ્રાહ્મણોને રોકયા. તેમણે આગમોદય સમિતિ દ્વારા પ્રકાશિત અભયદેવની ટીકા સન્મુખ રાખી અને "જલ"ને સ્થાને "પાણી" શબ્દ લખ્યો અને બસ ટીકા રચાઈ ગઈ. આગમ સંપાદન અને પ્રકાશનની તો જાણે ધૂમ મચી રહે છે. તેમાં કોઈને શાસ્ત્રીય યોગ્યતાની પડી નથી બસ,

જો કોઇ સાદી છપાઇ અને એક બે પંડિત રોકાવા જેટલાં દ્રવ્યની સગવડ કરી શકે તો તે કોઇની પણ રોકટોક વગર ટીકાકાર અને સાહિત્યકાર બની શકે છે. તેમાં તેને કોઇ સર્જનશક્તિની જરૂર નથી પડતી. આ પ્રકારે શક્તિ અને ધનનો અપવ્યય કરવો બિલકુલ ગેરવ્યાજબી છે. બીજાની નકલ કરવી કે બીજાની પાસે લખાવીને પોતાનું નામ આપવું તે નૈતિક દૃષ્ટિએ પણ ત્યાજ્ય છે. આ ધૃણાસ્પદ પદ્ધતિ સ્વીકારવાથી કોઇ ધ્યેય સિદ્ધિ થતી નથી. સાહિત્યની કોઈ નવી રચના હોય તો તે સાહિત્યના ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે, ભાષાવિજ્ઞાનમાં કંઇ નવી શોધો સાંપડી હોય તો વ્યાકરણની નવી રચના ઉપયુક્ત ગણાય. તર્ક કે ધર્મમાં પણ તુલનાત્મક દ્રષ્ટિએ કે વિશેષ સ્પષ્ટતા કરતું કંઇક ઉમેરીને નવીનતા લાવી શકાય. ટીકા ગ્રંથમાં પણ આ દ્રષ્ટિ રાખવી આવશ્યક છે પણ આપણા સાધુ સમાજમાં ભાગ્યેજ કોઇમાં આ પ્રકારની દૃષ્ટિએ યોગ્યતા હોય છે. હું એમ નથી કહેવા માગતો કે પ્રત્યેક રચનામાં ઉચ્ચ કોટીની મૌ કતા હોવી જોઇએ. પણ એટલું તો ખરૂં કે સાધારણ રચનામાં એ કંઇક મૌલિકતા અને લેખકના મનમાં રહેલી વિષયની સ્પષ્ટતાની ઝલક આપવી જોઇએ. વાર્તા, કવિતા, કે નિબંધ કંઇ પણ લખવામાં આવે, પણ તે લેખકનું પોતાનું હોવું જોઇએ. આને માટે સાવધાની આવશ્યકતા છે. ચોરી કરીને કે બીજા પાસેથી ખરીદીને સાહિત્યકાર નથી થવાતું. આગમોનો ઉધ્ધાર કરવા ઇચ્છનારાઓએ મુનિશ્રી પુણ્યવિજય પાસે જઇને શીખવાની જરૂર છે. જો સાધુ વર્ગ યુવાનો ઉપર પોતાનો પ્રભાવ પાડવા ઇચ્છતા હોય તો તેઓએ પ્રથમ સાધક થવાની જરૂર છે. તેઓ ત્યાગના ક્ષેત્રમાં રહે, વિદ્યાના ક્ષેત્રમાં પડે કે સમાજસુધારણામાં અગ્રેસર થાય, પણ પ્રત્યેકમાં સાધનાની આવશ્યકતા અનિવાર્ય છે. પ્રત્યેકે ઇમાનદારીથી વર્તવાનું છે, નહિ તો પ્રતિદિન તેમનું તેજ ક્ષીણ થતું જશે. દ્રવ્ય આપીને પ્રશંસા કરાવવા રૂપ મૃગજળના આકર્ષણથી દૂર રહીને ગુણોની આરાધના કરવાથી જ વ્યક્તિત્વ ખીલી ઊઠશે; ધર્મ અને સમાજનું ગૌરવ વધશે.

(હિંદી પરથી : અનુવાદક- **મેનાબહેન શેઠ**)

# ❋ વર્ગવિહીન સમાજ ❋

**શ્રી ગોકુલભાઈ દૌલતરામ ભટ્ટ**

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૩૧–૮–'૫૪ ના રોજ આપેલું વ્યાખ્યાન.)

"જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી" નરસિંહ મહેતાની એ સ્પષ્ટોક્તિને જરાક ફેરવીએ તો.

'જ્યાં લગી આત્મવત્ સર્વ પેખો નહીં ત્યાં લગી સાધના છે અધૂરી' એ રૂપાંતર લાધે છે. આત્મવત્ સર્વભૂતેષુનો અમર સિધ્ધાંત અમલમાં મૂકાતો નથી એટલે જ સમગ્ર બંધુતાનાં–પરિવારભાવનાનાં–દર્શન થતાં નથી.

સ્વરાજ્યપ્રાપ્તિ પછી નવનિર્માણનો પ્રશ્ન ઉકેલવો છે. એ કાર્ય એકનું નથી પણ સર્વના પુરુષાર્થથી સાધ્ય કરવું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ કહ્યા છે. ધર્મનું અવલંબન કરીને અર્થ અને કામની સાધના કરે છે તે મોક્ષને–નિર્વાણને-સિદ્ધિને વરે છે; આપણે ધર્મ અને મોક્ષ કાંઠાઓને–મર્યાદાઓને ભૂલી જઇને અર્થની ને કામની પાછળ પડયા છીએ, ગુમરાહ થએ છીએ. ધર્મનો અર્થ પણ સમજી લેવો જોઇએ, જે આપણને અધઃપાતથી–બચાવે ધારણ કરી રાખે તે ધર્મ; 'હિંસારહિત છે તે ધર્મ' (શાંતિપર્વ ૧૦૯-૧૨). એટલે આપણે આપણા રાષ્ટ્રનું નવ-ઘડતર ઘડવું છે તે આપણી–આર્યોની–વિચાર આચારપધ્ધત અનુસારનું.

દુનિયામાં કેટલેક ઠેકાણે ક્રાંતિઓ થઇ. અમેરિકામાં (૧૭૭૯), ફ્રાંસમાં (૧૭૮૯માં) રશિયામાં (૧૯૧૭માં) અને આપણે ત્યાં ૧૯૧૭ થી ૧૯૪૨ સુધીમાં. આપણે જે સાધનનો ઉપયોગ કર્યો તે સર્વથી નિરાળો હતો. આપણી ક્રાંતિમાંથી શાંતિ જન્મશે; જો સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણે બુદ્ધ, મહાવીરના અનુયાયી અવતારસમા ગાંધીજીની અહિંસાનું પાલન કરીશું તો. કોણે કલ્પ્યું હતું, ધાર્યું કે વિચાર્યું હતું કે ગાંધીજીને માર્ગે બલશાલી અંગ્રેજ હિંદુસ્તાન છોડી જશે અને કોણે ધાર્યું હતું કે પરદેશીઓની સત્તાવિસર્જન કેડે રાજામહારાજાઓ જમાનો જલ્દીથી ઓળખી જશે ને પ્રજાના હાથમાં રાજ્યકાર્ય સોંપી દેશે?–અને એ પરંપરા ચાલુ જ છે; ઝમીંદારો, જાગીરદારો પણ સમજી ગયા છે. આ પલટો કોને આભારી છે? આપણા પાશવીબલને કારણે અંગ્રેજો ગયા? આ ઇતિહાસ તો આપણી સામે જ છે. જનાર અંગ્રેજો આપણી જોડે વેરઝેર રાખતા નથી અને આપણા રાજાઓને ત્યાગની પ્રક્રિયા ગમી ગઇ હતી. આ આપણી ક્રાંતિનો આરંભ થઇ ચૂકયો છે. આજે વિદેશોમાં ભારતનું નામ ગાજે છે કારણ કે આપણા નેતા જવાહરલાલ ગાંધીજીની શાંતિની–પ્રેમની–અવિગ્રહની–નીતિને અનુસરીને સર્વ રાષ્ટ્ર મંડલમાં અનોખું કાર્ય કરે છે.

આપણા નવા સમાજનાં સૂચનો આપણને મળી ચૂક્યાં છે. આપણું સમાજકારણ, રાજકારણ ને અર્થકારણ કેવું હશે તેનું માર્ગદર્શન મળી ચૂકયું છે. શું આપણે એ માર્ગને બદલીને અન્ય કોઇ રાહ પકડવાના છીએ? આપણી રીતિનીતિ પ્રેમની છે અને તેથી આપણે પ્રેમરાજ–ગ્રામરાજ સ્થાપિત કરવાનું છે. આપણો સમાજ તે સર્વોદય સમાજ બનવો જોઇએ. સર્વોદય સમાજ–વર્ગવિહીન અપરિગ્રહી, અહિંસક હશે. એમાં ન કોઇ શોષક હશે ન શોષિત, ન કોઇ માલિક હશે ન મજદૂર, ન કોઇ હજુર હશે કે મજૂર. એક વર્ગ હશે, મહેનત કરીને ખાનારનો. કોઇક આને એક કલ્પના કહેશે પણ મનુષ્યના મગજમાંથી જે ઊઠે છે તેની ભૂમિકા તો આ ધરતીજ છે, કયાંક ને કયાંક એ કલ્પનાનો આધાર હશે જ. નહિ તો કલ્પના–તર્ક ઊડે જ નહિ તેથી આવી વાતોને કલ્પના કહીને હસી કાઢશો નહિ, શેખચલ્લીના એ વિચારો નથી. રાજધર્મનીતિના અભ્યાસીઓએ મહાભારતના શાંતિપર્વનું મનન કરવું જોઇએ. મહાભારતના ભીષ્મપર્વમાં (અધ્યાય ૧૧ શ્લોક ૩૯) તથા શાંતિપર્વમાં (અધ્યાય ૫૯- શ્લોક ૧૪)

**नैव राज्यं न राजासीन्न दण्डो न च दाण्डिकः ।**
**धर्मेणैव प्रजा सर्वा रक्षन्ति च परस्परम् ॥ (शांतिपर्व)**

(રાજ્યે ન હતું ને રાજાએ ન હતો, દંડે ન હતો ને દંડનો દેનારોએ ન હતો; સર્વ પ્રજા ધર્મ વડે (જ) એકમેકનું રક્ષણ કરતી હતી.)

આ ચિત્ર છે. એ સત્યયુગનું છે એમ કહીને એ આદર્શમાત્ર છે-વ્યવહારમાં ન આવી શકે એમ ન માનવું જોઇએ. સત્યયુગમાં પણ સમાજ જ હતો અને આજે પણ સમાજ છે. સૌ હળીમળીને, પરસ્પરના સહકારથી પોતાનું કામ સંભાળતાં હતાં. સમાજવ્યવસ્થા હતી પણ તે કેવી સુંદર હતી? આપણા પ્રેમાનંદ કવિએ નળાખ્યાનમાં ગાયું છે.

"પ્રજા સૂએ ઉઘાડે બાર, ન કરે ચોરી ચોર ચખાર,
**સત્યે** યમપતિ કીધો સાધ, પુરમાંહે કોને નહિ વ્યાધ
ચારે વર્ણ પાળે નિજ ધર્મ, ધ્યાયે દેવ **વ્યાપક પરિબ્રહ્મ.**"

આ રીતનાં રાજ્યો ચાલતાં; છાંદોગ્ય ઉપનિષદ્‌માં અશ્વપતિ રાજા પાસે જનારા ઋષિઓ દ્રવ્ય ગ્રહણ કરવાની આનાકાની કરતા દેખાયા ત્યારે રાજા કરગરીને કહેવા લાગ્યો: "મારા રાજ્યમાં ચોર

નથી, અદાતા નથી, મદ્યપાન કરનાર નથી, અગ્નિહોત્ર વિનાનો બ્રાહ્મણ નથી, વિદ્યારહિત નથી, વ્યભિચારી નથી, વ્યભિચારિણી ક્યાંથી હોય?.......(ખંડ ૧૧–૫)

તાત્યા ગયા તો ચોરી થી ખાયગી એ કથન સંત વિનોબાનું સાચું છે. **Fence is a temptation to jump** (જ્યોર્જ વોશિંગ્ટનની ડાયરી) સમાજની રચના એવી થવી જોઇએ કે જેમાં કોઇકની પાસે આજીવિકાનું સાધન છે અને કોઇની (ઘણાની) પાસે નથી; "છે" વાળા ને "નથી" વાળાનો ઝઘડો આપણા સર્વોદય સમાજમાં નહિ હોય. **સર્વોદય** શબ્દનું મહત્વ સમજી લેવું જોઇએ. આ શબ્દ પ્રથમ ગાંધીજીએ અંગ્રેજ વિવેચક, વિચારક ને દાર્શનિક રસ્કિનના **"Unto this Last"** (અન્ટૂ ધિસ લાસ્ટ) નામના પુસ્તકના રૂપાંતરને આપ્યું છે. ગાંધીજીને એ પુસ્તકે નવું દર્શન કરાવ્યું. આફ્રિકામાં નવો ચીલો ચાલુ કરી દીધો. ગાંધીજી આ પુસ્તકની પકડમાં આવી ગયા. તેઓ આત્મકથામાં આનો ઉલ્લેખ કરે છે: (પૃ. ૩૧૯) એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય...જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનુ સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રન્થરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો...

'સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો:

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ તેમ જ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઇએ, કેમકે આજીવિકાનો હક્ક બધાને એકસરખો છે.

(૩) સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે. પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બન્ને સમાયલી છે એ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડયું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડયો.

સંત વિનોબાને ભૂદાનનું જીવનદર્શન આકસ્મિક રીતે પોચમપલ્લી ગામમાં થયું હતું, પ્રેરણા ને દર્શન એ યોજનાપૂર્વક આવતાં નથી. સંતહૃદયોમાં-સાધુજનોને આકસ્મિક રીતે ઝબકારો મળી આવે છે, સ્ફુરણા થાય છે, સ્પંદન ઊઠે છે. ગાંધીજીના પ્રેરક રસ્કિને પણ પોતાના ચિંતનમનનનો નીચોડ અન્ટુ ધીસ લાસ્ટ' પુસ્તકમાં આપ્યો છે. તેઓ પોતે લખે છે; **"But it is the Central work of my life and it contained at once the Substance of all that I have had since to say"** (મારા જીવનની આ મુખ્ય કૃતિ છે; આમાં મારે જે કાંઇ કહેવાનું હતું તેનો સાર સમાયો છે). તે વેળાના વાચકોએ તથા વિવેચકોએ આ ગ્રંથની ને ગ્રંથકારની સખ્ત ઝાટકણી કાઢી હતી. અપયશનાં મંડાણ મંડાયાં હતાં એમ રસ્કિન કહે છે. **(The beginning of the days of reprobation).**

મેં 'સર્વોદય' પુસ્તકની અને તેના મૂળ લેખકની વાત થોડાક વિસ્તારથી એટલા માટે કરી છે કે આપણે શોષણરહિત, સર્વહિતસુખાય, સમાજ રચવા માંગીએ છીએ તેમાં મદદ મળી શકે. **There is no wealth but life** (જીવન એજ દોલત છે) એ સૂત્ર રસ્કિને તારવ્યું. આ વિચારકનો વિશેષ અભ્યાસ કરવા જેવો છે. સૌ પોતપોતાનું ફોડી લેશે એ વિચારસરણિ અને સર્વોદયની વિચારધારા વચ્ચેનો ભેદ સમજાઇ જતાં સંપત્તિનો ત્યાગ સહજ થઇ જશે. અકિંચનવૃત્તિ આવી જશે અને પછી તો આપણા ભાણામાં આવતાં જ આપણે જમવા નહિ બેસીએ પણ પંગતમાં–સમાજમાં–બેઠેલ સૌનાં ભાણાં પીરસાઇ ગયાં છે કે નહિ તેનું ધ્યાન રાખીશું. આવી દૃષ્ટિ મેળવવા માટે આપણી પાસે જે છે તે મારૂં એકલાનું નથી, સમાજનું છે એ વિચારબીજને પોષવું જોઇશે. સદ્‌ભાગ્યની વાત છે કે આપણાં મુળ આપણા પોતાના વર્ગ ભણી જ વળેલાં હતાં તે હવે બીજી તરફ વળે છે. પડોશના ભાઇ પ્રત્યે આપણું ધ્યાન ખેંચાવા લાગ્યું છે. મનુષ્યમાં જે સદ્‌વૃત્તિ સૂતેલી છે તે જાગવા લાગી છે. ભૂદાનપ્રવૃત્તિ ઉલ્લેખનીય છે. એ જીવનક્રાંતિની જડ છે.

શોષણરહિત, વર્ગવિહીન, શાસનરહિત સમાજરચનાનો અર્થ અરાજકતા નથી. સમાજ વ્યવસ્થિત રીતે ચાલે, સુખેસંપે સૌ રહે અને પરસ્પરના સદ્‌ભાવથી પ્રેમથી જીવે ને જીવનનો આનંદ મ્હાણે. ભૂદાનમાં મળેલ મધ્યપ્રદેશના છિંદવાડા જીલ્લાનું આંમગામ એક દૃષ્ટાંતરુપે લઇએ. ત્યાં નમૂનેદાર ગ્રામરચના થઇ રહી છે. તેમાં ૮૦ કુટુંબો છે; સૌ એક પરિવાર પેઠે રહે છે; ખેતી, ઉદ્યોગ, ગ્રામરચના, સાફસફાઇ, શિક્ષણ, દવાદારૂ, રસ્તા વિગેરેનો પ્રબંધ કરે છે જાણે કે સજ્જનતાનો કારભાર (શાસન) ચાલે છે. શાસનરહિતનો અર્થ સ્વશાસનનો છે. વર્ગવિહીનતાનો અર્થ વર્ગદ્વેષ, વિરોધ, વૈમનસ્યના અભાવનો છે; અને જ્યાં સર્વ પાસે જીવનને જોઇતી સર્વ ચીજો હશે ત્યાં આજના અર્થના વર્ગભેદો નહિ રહે. ખરી વર્ણાશ્રમવ્યવસ્થા આવશે. ગુણ અને કર્મ પ્રમાણે સમાજની સેવા કરવા માટેનું તંત્ર તે વર્ણાશ્રમ; આજે તો એ વિકૃત અવસ્થામાં છે, અને તેથી. એનું મહત્વ વિસરાઇ ગયું છે. શરીરનાં જુદાં જુદાં અંગો પોતપોતાનું કામ કરે છે. પણ તે સર્વ મળીને દેહ બને છે; પ્રત્યેક અંગનું મહત્ત્વ છે એ રીતે જ વર્ણોની વ્યવસ્થા થઇ હતી. સર્વમાં ઉંચનીચનો ભેદ ન હોઇ શકે. પગની પાનીથી તે શિખાપર્યંત એક શરીર છે અને સર્વ અવયવો પૂર્ણ સહકારથી કામ કરે છે ત્યારે શરીરતંત્ર સુવ્યવસ્થિત ચાલે છે.

સમાજમાં સુવ્યવસ્થાનું તંત્ર એક વાત છે અને શાસન બીજી વાત છે. ગ્રીસના સ્પાર્ટાનું લાસરગોસે રચેલું બંધારણ વિચારવા જેવું છે; કહે છે કે એ રાજયબંધારણે ઘણી બદીઓ દૂર કરી હતી. સમાજમાં સમાનતા લાવવાનો ઉદ્દેશ એણે સાધ્યો હતો. એ બંધારણનો અમલ પાંચસો વર્ષ સુધી થતો રહયો હતો. આનો વિશેષ વિચાર કરવો ઘટે, આપણું બંધારણ કેવું હોવું જોઇએ? પણ આ બંધારણોથીજ માનસપલટો નહિ થાય. કાયદાઓથી જ સમાજનું નવનિર્માણ નથી થઇ શકવાનું આચાર્ય જાવડેકર કહે છે તેમ મતપરિવર્તન, હૃદયપરિવર્તન, પરિસ્થિતિપરિવર્તન એ ક્રમે ચાલીશું તો સામ્યયોગ સાધી શકીશું. તો બીજાના ધનની ઇચ્છા નહિ રહે, સબસંપત્તિ રઘુપતિકી આહી, એ ભાવના વ્યવહારભૂમિ ઉપર ઊતરવા લાગશે. બાષ્પ થઇને ઉપર જાય છે તે મેહરુપે નીચે અવતરે છે તેમ ધનવાન સમજશે કે સમાજનું છે તે સમાજને સમર્પિત થશે. આવી ભાવના ફેલાવવી છે અને આવી મનોવૃત્તિ સર્જાશે ત્યારે ઇપ્સિત સમાજરચના જેને વર્ગવિહીન, શોષણરહિત અહિંસક, સર્વોદય સમાજવ્યવસ્થાને નામે સંબોધીએ તેવી રચના કરવી છે. પુષ્પ સાથે સુગંધ, શર્કરા સાથે મીઠાશ જોડાયલાં છે તેમ સમાજ ને વ્યકિત સંકળાયેલાં રહો. આપણાં જીવન કેવાં થવાં જોઇએ? માત્ર ભૌતિક દૃષ્ટિ જ જીવનનો નિર્ણાયક માપદંડ નથી ધર્મનિષ્ઠ બનવુ છે અથવા તુલસીદાસજીના શબ્દોમાં કહીએ તો રામગુલામ બનવું છે અને એ રીતે સાધના પૂરી કરવાનો પુરુષાર્થ આરંભવો છે, ધ્યેયને પહોંચવું છે:

એવો તે અવસર ક્યારે આવશે
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરિશું કવ મહત્પુરુષને પંથજો?

એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ ઇચ્છયું. આપણે પણ બુદ્ધ મહાવીર, ગાંધીજી જેવા મહત્પુરુષને પંથ પળીને નવલ સુભગ દર્શન કરીએ તથા આદર્શ સમાજ રચીએ.

# મધ્યમ વર્ગની મીમાંસા

શ્રી પોપટલાલ ગો. શાહ

દરેક દેશના મધ્યમવર્ગ ઉપર દેશનાં સમૃદ્ધિ, વિકાસ, સંસ્કૃતિ અને ઇતિહાસના સાતત્યનો આધાર રહે છે. તેમાં તો ખાસ કરીને ગુજરાતમાં, અત્યાર સુધી રાજા રજવાડા અને બાપુઓ, ભાયાતો અને ગરાશીઆની સૃષ્ટિમાં આપણું ગ્રામજીવન વિહરતું હતું. દેશની બહાર જનાર વ્યાપારીઓ પોતાની સમૃધ્ધિ અને વ્યવહાર-કુશળતાનો લાભ રાજા અને પ્રજા બંનેને આપી શકતા રાણા પ્રતાપને સંકટમાં પણ મદદ કરનાર જગડુ શેઠ, આબુના મંદિરો બંધાવનાર વસ્તુપાલ તેજપાલ ભાઇઓ અને ગુજરાતના ધનાઢ્ય અને સાહસિક વ્યાપારીઓ જાવા, સિંગાપોર, કોચીન, અને બીજા અનેક દેશોથી સંપત્તિ લાવીને ગુજરાતને સમૃધ્ધ કરવાના પ્રયત્ન કર્યાં છે. ગુજરાતની ફળદ્રુપ જમીન અને મહેનતુ ખેડૂતોને લીધે ગુજરાતી કૃષિવાડી ઉત્તમ પ્રકારની ગણાય છે. એક વરસાદની વિચિત્રતાને લીધે અને સાધારણ રીતે નહેરો અને કુવાઓની ઊણપને લીધે દુકાળના પ્રસંગો ઘણીવાર પ્રાપ્ત થાય છે. પરંતુ જમીન વગરના ખેડૂતોની સંખ્યા વધતી જાય છે અને ખેડુત વર્ગોમાં પણ મધ્યમ વર્ગની સ્થિતિ બગડતી જાય છે. નાનામોટા શહેરોમાં અને કસ્બા જેવી વસાહતોમાં પણ મધ્યમ વર્ગ ઘસાતો જાય છે. એક તરફથી આવક ઓછી થતી જાય છે. અને જ્યાં આવક વધવાના પ્રસંગો વધતા જાય છે ત્યાં મોંઘવારી અને માલને તંગીને લીધે ખર્ચ વધતું જાય છે અને જીવન નિર્વાહની મુશ્કેલીઓ વધતી જાય છે. કારખાનાંના મજૂરો પોતાના સંઘબળથી સારો પગાર મેળવી શકે છે અને નોકરીમાંથી દૂર ન કરી શકાય તેવી શકિત પ્રાપ્ત કરી શકે છે: રહેવાને માટે ઘર, મંદવાડ માટે મદદ, શિક્ષણ માટે સફળ, સાધનો, અને એકંદર જીવન નિર્વાહ માટે નિશ્ચિંતતા ધરાવે છે. આવી પરિસ્થિતિ આપણા ઉજળા વર્ણના મધ્યમ વર્ગને માટે પ્રાપ્ત થઇ શકતી નથી. જીવનનાં ધોરણ અને સાધારણ રોજિંદા જીવનનો ખર્ચ વધતા જાય છેઃ દેશમાં જ ઉત્પન્ન થતાં અનાજ અને ખોરાક, કપડાં અને લત્તાં (અંગરખાં અને પગરખાં) અને શિક્ષણ અને પુસ્તકોનાં ખર્ચ, આરોગ્ય સંભાળવાના અને રોગ દૂર કરવાનાં સાધનોની કઠિનતા વધતી જાય છે. એકંદર જીવનનિર્વાહનો ભૌતિક ખર્ચ, શારીરિક વ્યય, અને માનસિક બોજો વધતો જાય છે. દેશની વસ્તુસ્થિતિમાં લોકરાજ્ય તરફથી થયેલા અનેક પ્રયત્નોમાં ઘણી જાતની સફળતા મળી છે, મળી રહી છે, અને વધુ પ્રમાણમાં મળશે એવી ખાત્રી હોવા છતાં પણ મધ્યમ વર્ગને સંતોષ નથી મૂડીવાદીઓ અને શ્રમવાદીઓના સતત ઝગડાઓમાં, બન્ને પ્રકારના મહારથીઓ સંઘબળથી પોતપોતાનું સંરક્ષણ કરી લે છે. પણ તે બંને પક્ષોની ઉન્નતિનો ખર્ચ મધ્યમવર્ગ—માલ ખરીદનાર ઉપર જ પડે છે. વસ્તુઓની કીંમત વધે એટલે મજૂરવર્ગનો પગાર વધારવો પડે એટલે મૂડીવાદી ઉત્પાદકોને માલની કિંમત વધારી આપવી પડેઃ અને તે વધારાની કિંમત સાધારણ સમાજ ઉપરજ પડતી જાય છે. કાપડ, ખાંડ, સ્ટીલ, અને ચહા જેવા ઉદ્યોગોમાં થયેલી કિંમતના વધારાનો ઇતિહાસ આ વસ્તુસ્થિતિનો ખરો ખ્યાલ આપે છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે આપણા જીવનનિર્વાહ ખર્ચનો અંક ૧૯૩૮માં હતો તેના કરતાં લગભગ સાડાત્રણગણો થઇ ગયો છે. વચ્ચે ૧૯૫૧માં આ અંક ૪૩૨.૨ જેટલો થયો હતો અને હાલમાં ૩૫૫.૬ જેટલો ઘટયો છે એટલી સંતોષની વાત છે. પરંતુ પૃથ્વી ભરના દેશોમાં થયેલાં કીંમતના વધારાનો ઇતિહાસ જોતાં આ કિંમતમાં હવે ઘટાડો થાય એમ નથી. રાજ્યને પણ કરો વધારવા છતાં બજેટમાં ખેટજ બતાવી પડે છેઃ અને ખોટનાં બજેટ (ડેફીસીટ ફીનાન્સીંગ) હવે રાજ્યમાં જાથુક થવાનો સંભવ છે. તેવીજ રીતે સાધારણ મધ્યમવર્ગનાં બજેટ પણ ખોટનાં જ રહેવાનાં છે એમ લાગે છે. પગારદાર નોકરોને પોતાનો પગાર હાથમાં આવતાં પહેલાં જ ખર્ચ કરવો પડે છે. અને બે પગારની તિથિઓની વચ્ચે ઉધારવૃત્તિથી ઘર નિભાવવું પડે છે. મધ્યમવર્ગનાં કુટુંબોમાં પહેલા હીરા, સોના, ચાંદીનાં દાગીનાઓ જોવા મળતાં, પણ નવા-યુગની મુશ્કેલીઓને લીધે, અને એક રીતે જીવનદોરી લાંબી વધવાને લીધે એમ લાગે છે કે હવે મૃત્યુ વખતે વારસામાં રકમ કે દાગીના મૂકી જનારની સંખ્યા ઘણીજ નાની રહેશે અને ઘણાં કુટુંબોમાં વૃધ્ધો હવે તો ફકત જૂના ચશ્મા કે દાંતનાં ચોકઠાં કે જૂના ફેશનવિહોણા કપડાં સિવાય બીજું કાંઇ વારસામાં મૂકી શકે એમ લાગતુ નથી.

હવે આ વસ્તુસ્થિતિનો ઉપાય શો? મને તો એકજ ઉપાય લગે છે. મધ્યમવર્ગે જૈન યુવક સંઘની માફક સંઘબળ વધારવું. અને આ સંઘબળની જમાવટ મજૂર વર્ગના સ્વાર્થી કે લડાયક વાતા-વરણમાં ન થવી જોઇએ. પણ રચનાત્મક રીતે શુદ્ધ સમાજ સેવા અને આત્મબળ કેળવવાની દૃષ્ટિએ કરવી જોઇએ. મુંબઇ જૈન યુવક સંઘના છેલ્લા પચીસ વર્ષની પ્રવૃત્તિનો ઇતિહાસ જોતાં આ દૃષ્ટિ બિન્દુ આપણને જોવા મળે છે. મારા સંસ્કારી અને કાર્યશીલ મિત્ર શ્રી પરમાનંદભાઇની સાથેનો વર્ષોના સંપર્કથી મને આ પ્રવૃત્તિ તરફ સ્નેહ અને અખંડ મૈત્રી ભાવે જોવાની તક મળી છે. મંડળની શરૂઆત તો જૈન સમાજમાં પ્રસરેલી સાધુશાહીની આપ-ખુદી, બાળદીક્ષા અને જૂનવાણી સામાજિક રૂઢિઓના વિરોધી આંદોલનોનું ફળ હતું. "આત્મશુધ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવ એ જીવનમંત્રો આ સંસ્થાના સ્થાપકોએ પહેલેથી જ આગળ રાખ્યા હતા; સમાજનું એકીકરણ, અને એકતા સાધવા માટેના પ્રયત્નો હમેશાં સ્તુત્ય રહ્યા છે. બે યુવક મંડળોમાંથી એક સંસ્થા, બે જૈન ફિરકાઓનું એકી કરણ, કોમી વાતાવરણ કરતાં રાષ્ટ્ર તરફ લોક-માનસ ખેંચવાની સતત વૃત્તિ, "પ્રબુધ્ધ જૈન"માંથી "પ્રબુધ્ધ જીવન" નો વિકાસ, અને છેવટે જૈન યુવક સંઘની સુમૃધ્ધિ અને સંઘશકિત નો લાભ આપવાને માટે જૈનેતર સભ્યોને દાખલ કરવાનો ઠરાવ એ બધાં આ વિશાળ વિકસિત માનસિક દૃષ્ટિને માટે હું જૈનેતર તરીકે આ સંસ્થાના કાર્યવાહકોને જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે.

જૈનયુવક સંઘે અત્યાર સુધી સિદ્ધ કરેલી કાર્ય શકિત જોતાં મારી થોડી એક નવી જ સૂચનાઓ આગળ ધરું તો તે અયોગ્ય નહિ ગણાય.

(૧) મધ્યમવર્ગે સ્વાવલંબી થયા વિના છૂટકો નથી. આ સ્વાવલંબન માટે સંઘબળ, સહકારવૃત્તિ, અને સંશોધન વૃત્તિ કેળવવાની જરૂર રહે છે.

(૨) જીવનના સાધનો ખરીદવા માટે સહકારી મંડળો ખોલીને વેપારીઓને મળતો નફો બચાવીને મોંઘવારીની તીવ્રતા ઓછી કરી શકાય છે. સહકારી ઘર બાંધવાની સોસાયટીનો લાભ લઇને મધ્યમ વર્ગના કુટુંબો ભાડામાં બચાવ કરી શકે છે અને તેની સાથે મકાનની માલિકી ઉપર પણ હક પ્રાપ્ત કરી શકે છે. આરોગ્યના સંબંધમાં પણ સહકારી આરોગ્ય મંડળો મારફત સસ્તી દવા અને સારા ડોકટરોનો લાભ ઓછા ખર્ચે મેળવી શકાય છે, સહકારી વૃત્તિથી પુસ્તકાલયો, શિક્ષણના સાધનો, ઉજાણી અને રમતગમતના પ્રસંગો, નાટય અને નૃત્ય કલાના પ્રસંગો, સિનેમાની ટિકિટો પણ સહકાર વૃત્તિથી સસ્તી કિંમતે

મેળવી શકાય. આ સર્વ દિશામાં સહકાર પ્રવૃત્તિ ચાલુ રાખી શકાય તો મધ્યમવર્ગની મુશ્કેલીઓના થોડો ઘણો ઘટાડો થઇ શકે.

(૩) આપણા જીવનના આવશ્યક અને અનાવશ્યક ખર્ચના પ્રસંગો વિષે વધારે વિચાર કરવાની જરૂર રહે છે. લગ્ન અને બીજા આનંદના પ્રસંગોએ એક મ વધારે ખર્ચ કરવનો રિવાજ હજી પણ વધારે સખતાઈથી જોવાની જરૂર લાગે છે. તેને બદલે ખોરાકના આવશ્યક તત્વો સંબંધી વધારે વિચાર, વધારે સંશોધન, અને વધારે ખર્ચ કરવાની જરૂર છે. ગુજરાતીઓની શારીરિક સ્થિતિ અને ખાસ કરીને નિશાળો અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની શારીરિક સ્થિતિ સુધારવાને માટે તેમના ખોરાક ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે.

(૪) ખોરાકના કરતાં રસોડા ઉપર પણ ધ્યાન આપવાની ઓછી જરૂર નથી. મુંબાઈમાં રહેતાં કુટુંબોને કોલસાની મોંઘવારી-માંથી છૂટી શકાતું નથી; કારણ કે આપણા ઇજનેરો મકાનમાંથી ધૂમાડો દૂર કરવાના સાધનો કેમ આપવા તેની હીકમત જાણી શકયા નથી. પચાસ વર્ષ પહેલાં જેવી અંધારી અને ધૂમાડાવાળી ચાલીઓ બંધાતી હતી તેમાં જોઇએ તેવો સુધારો થયો નથી. લાકડાંમાંથી ઘણી ખરી શકિત તો જંગલમાં કોલસા પકાવવામાંજ લુપ્ત થાય છે. અને શહેરમાં આવતા કોલસાની અછત અને મોંઘવારી એ આપણા મધ્યમવર્ગના આર્થિક પ્રશ્નમાં અગત્યનો પ્રશ્ન છે, નવા બંધાતા મકાનોમાં ધુમાડીઆની સારી સગવડ કરી અપાય તો આપણાં રસોડા વધારે સ્વચ્છ અને સુઘડ બને અને ખર્ચમાં લાભ થાય. વર્ધામાં બનતા મગન ચૂલા જેવા ચૂલાનો ઉપયોગ ગામડાંમાં થાય તો તેથી પણ આપણા ગામડાના રસોડાંમાંથી ધૂમાડો દૂર થાય અને લોકોની આંખો બગડતી અટકે. આવી જ રીતે રાંધવાના બીજા પ્રયોગોમાં સંશોધન વૃત્તિથી સુધારા થઇ શકે.

ગુજરાતી રાંધણકળા અને રસોડાની પદ્ધતિમાં સંશોધન થાય એ દૃષ્ટિથી ગુજરાત સંશોધન મંડળે એવી નાની એવી રકમ અલગ રાખી છે. મધ્યમ વર્ગના જીવનમાં રાહત મળે તેવી સંશોધન પ્રવૃત્તિને માટે આ નાણાં ખર્ચવાનાં છે. તેમાં રસ લેનારા બ્હેનો આ વિષયમાં રસ લઇને સંશોધનનાં માર્ગો બતાવશે અથવા તો આ કાર્યને માટે આપવામાં અવતા પુરસ્કારનો લાભ લેશે તો કૃતાર્થ થઇશ.

# —: સંઘનાં સંસ્મરણો :—

**શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા**

સને ૧૯૦૭ માં "જૈન ધર્મનો ઇતિહાસ અને સાહિત્ય" એ વિષય ઉપર શ્રી માણેકજી લીમજી મુંબઇ યુનિવર્સિટી નિબંધ મેં લખ્યો ત્યારે મને સાચું ભાન થયું કે પરમસદ્‌ગુરૂ પરમજીન શ્રી મહાવીર સ્વામીએ પ્રણીત કરેલા ધર્મના ઉદાર મૂળ તત્વોમાં અને આચરણમાં સંકુચિતતા અને છિન્ન ન્નતા ઠેર ઠેર જામી પડયાં છે ને સાચું જૈનત્વ ભૂલાતું જાય છે. આનાં અનેકવિ કારણો છે, છતાં આ પરિસ્થિતિથી મને હરહંમેશ ભારે ખેદ રહેતો અને આજે પણ અમુક અંશે રહે છે. લગભગ તેજ અરસામાં જૈન સમાજના બધા ફિરકાઓમાં ઐકય સ્થપાય તે દિશામાં પ્રયાસ કરવા તે વખતના 'કોન્ફરન્સ હેરલ્ડ'માં 'Union is Strength' એ વિષય ઉપર એક લેખ પણ મેં લખેલો એમ મને યાદ છે. આ લેખને 'જૈન ગેઝેટ' તરફથી સારો આવકાર મળ્યો ને તેના પ્રત્યાઘા ાથી મેં જાણ્યું કે મારી જેમ અનેક વ્યકિતઓ આવી ભાવનામાં સહમત છે ને ત્રણે ફિરકાઓ-માંના મતભેદો દૂર થઇ જવા જોઇએ અને તે અંગે કંઇક નકકર-કાર્ય કરવું જોઇએ એમ ઉત્સાહથી માને છે. આ પછીથી જૈન વિદ્યાર્થી મંડળ, જૈન વિદ્યાર્થી પરિષદો, સમારંભોને ચર્ચામાં પણ આવા વિચારો ફેલાવવાની મને તક મળી હતી. આજ અરસામાં શ્રીમદ્‌ રાજચંદ્રજીના લખાણોનું મેં વાંચન અને મનન કરવા માંડયું અને આથી મારા વિચારો વધુ ને વધુ દૃઢ થતાં ગયા ને જૈન સમા-જને એકત્ર કરવાની સંયુકત ભાવનાની મને ખૂબ જરૂર જણાવા લાગી.

૧૯૨૮–૨૯ માં દીક્ષા અંગેની અયોગ્ય પ્રવૃત્તિઓ બેલગામ બની અને તેનો જુવાળ અટકાવવા માટે જે થોડીક વ્યકિતઓ ચર્ચા–વિચારણા સારુ મુંબઇમાં ભેગી મળી હતી, તેમાં સામેલ રહેવાનું મને પણ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ ચર્ચામાંથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો જન્મ થયો. પચીસ વર્ષની સુંદર બને લોકોપયોગી પ્રવૃત્તિઓ આદરી આપણી સંસ્થા આ વર્ષે રજત્ મહોત્સવ ઉજવે છે તે મારે માટે એક અતિ આનંદનો વિષય બની રહે તે સ્વાભાવિક છે.

સંઘની શરૂઆતની પત્રિકાઓ અને તે વખતના મુખપત્ર 'તરૂણ જૈન' માં પણ હું યથાશકિત અવારનવાર લખતો ને થોડોક વખત તો શ્રી ચંદ્રકાની સુતરીઆ અને શ્રી હરિલાલ શીવલાલ શાહ સાથે મે "તરૂણ જૈન"નું સંપાદન પણ કર્યું હતું.

આ વર્ષોમાં યુવક પરિષદો પણ મળતી જે મારફતે અમુક વિચાર–વાયુમંડળ તૈયાર થતું. મારા અંગત મિત્રો સ્વ. શ્રી. મણિભાઇ મહોકમચંદ શાહ, શ્રી પરમાણંદ કાપડીઆ વગેરે અનેક કાયકર્તાઓના પ્રયાસોથી સંઘની પ્રવૃત્તિઓનો વિકાસ થતો રહ્યો ને સંઘનું કાર્યક્ષેત્ર વર્ષપ્રતિવર્ષ વિસ્તૃત બનતું જતું મે સંતોષથી નિહાળ્યું ને બની શકે તેટલો ભાગ પણ તેમાં લીધો. ૧૯૪૧ માં તો મુંબઇમાંથી મેં નિવૃત્તિ લીધી ને હું શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમ–અગાસ આવીને વસ્યો, આ નિવૃત્તિમાં પણ સંઘના સમાચારોને પ્રવૃત્તિઓનો હેવાલ "પ્રબુદ્ધ જીવન"માંથી વાંચી લેવાનો સંતોષ લઉં છું. શ્રી પરમાણંદભાઇની કલમ પ્રત્યે તો મને પહેલેથી માન છે. આટલો છે મારો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સાથેનો સંબંધ ને આ સંસ્મરણો લખતાં એ આખોએ ઇતિહાસ આજે તાજો થઇ જાય છે.

સમસ્ત જૈન સમાજમાં એકસંપ જામે તે દિશામાં સક્રિય કાર્ય કરતી ગણી ગાંઠી સંસ્થાઓ આજે આપણી વચ્ચે છે ને તેમાંય શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ એક નવીજ ભાત પાડે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું કાર્યક્ષેત્ર ક્રમશઃ વિશાળ બનતું જાય છે ને જેમ 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' જામ્યું, તેમ જૈન વિચારસરણિ પ્રત્યે આદર ધરાવતી જૈનેતર વ્યકિતઓને પણ સંઘમાં જોડાવાની સગવડ કરી આપી યુવક સંઘે પોતાની પ્રગતિ-શીલતા ને નવા વિચાર પ્રવાહો ઝીલવાની વૃત્તિ જાળવી રાખી છે, ને તે બદલ મારા કાર્યકર્તાઓને ખાસ અભિનંદન.

સંઘનું પહેલાનું ક્રાન્તિકારી દર્શન આજે આપણને જોવા મળતું નથી. એનું એક કારણ તો એ છે કે પહેલાંની ને આજની પરિસ્થિતિમાં જ અમુક મૂળગત ફેરફારો થઇ રહ્યા છે, છતાં જૈન સમાજની સમક્ષ આજે પણ અનેક અટપટી સમસ્યાઓ અણ–ઉકેલી દશામાં છે. પોતાનું પ્રૌઢત્વ સાચવી અને અને પોતાની વિશાળ દૃષ્ટિ સંકોચ્યા વિના સંઘે આ દિશામાં વધુ લક્ષ કેન્દ્રિત કરવું જોઇએ. આપણી સંસ્થા **જૈન સંસ્થા** છે ને **યુવક સંઘ** છે એ આપણો રખે ભૂલીએ. મારા ખ્યાલ પ્રમાણે સંઘ જોઇએ તેટલા પ્રમાણમાં યુવકોને ને યુવક વિચાર ધરાવનારી વ્યક્તિઓને આકર્ષી શકયો નથી; તેવા રીતે મુંબઇ બહારના સ્થાનો પણ સંઘની પ્રવૃત્તિઓમાં પહેલાં જેટલો રસ લેતાં નથી; આ આ હકીકતો છે. સંસ્થાના રજત મહોત્સવ પ્રસંગે મારી પ્રાર્થના છે કે સંઘના સભ્યો મોટા પ્રમાણમાં વધે, પ્રવૃત્તિઓ સ્થાયી રીતે જોશભેર વિસ્તરે અને જૈનોના બધા ફીરકાઓની એકતા માટે ને મતભેદો દફનાવવાની દિશામા ગામેગામ ને શહેર શહેર કાર્ય થાય ને આ ધ્યેયની સિદ્ધિમાં સંઘને સંપૂર્ણ યશ મળે.

(મારી કહાણી : ૧૩૪ મા પાનાથી ચાલુ)

चन्द्रमा ને બદલે संद्रमा બોલું એટલે મને કહેવામાં આવ્યું કે જો શુધ્ધ ઉચ્ચારણ ન થઇ શકે તો અહીંથી ગાંસડા પોટલા ઉપાડીને ઘર ભેગા થઇ જાઓ. આ સાંભળતાં જ ડરી ગયો અને તાબડતોબ શુધ્ધ ઉચ્ચારણો તરફ લક્ષ્ય ગયું અને તેમાં ઝટ સફળતાં પણ મળી. માંડળમાં જેટલા વિદ્યાર્થીઓ હતા તેમાં મારો બીજો નંબર આવી ગયો. પછી તો માંડળમાં જ લઘુ કૌમુદી ભણવા લાગ્યો. લગભગ પંચસંધિ સુધી પહોંચી ગયો. આ વખતે મહારાજશ્રી બનારસ જવા માટે તૈયારી કરવા લાગ્યા અને હું પણ તેમની સાથે પગે ચાલીને મુસાફરી કરવા લાગ્યો. રસ્તામાં મહારાજશ્રી પોતે મને પોતાની સાથેજ રાખે અને શ્રીજિન ભગવાનની સ્તુતિના કેટલાક શ્લોક કંઠસ્થ કરાવે. આ શ્લોકો હજી હું ભૂલ્યો નથી. રસ્તામાં પગે ચાલતાં ખૂબ મજા પડતી. ગામેગામના બાળકો મહારાજને લીધે અમારું સારું સ્વાગત કરતા અને સારું સારું ખાવાનુ પણ અમને આપતા. આમ ચાલતાં ચાલતાં અમે ગોધરા સુધી પહોંચ્યા. પછી તો જેમની જવાબદારી ઉપર હું માંડળ આવેલો અને જેમની સારસંભાળ નીચે હું ભણતો તે ભાઇશ્રી હરખચંદભાઇ ગોધરાથી પોતાના કૌટુંબિક કામે વળા પાછા ફર્યા એટલે હું પણ વળા આવ્યો. મહારાજશ્રીએ બનારસ આવવાની વાત મારી પાસે મૂકી ત્યારે મેં તેમને કહ્યું કે મારાં માતાજીની સંમતિ હશે તો જરૂર બનારસ આવીશ. મને બનારસ જવાનું મન તો હતું પણ માતાજીની રજા વિના કેમ જવાય એમ પણ થતું. ભણવાનો સ્વાદ એકવાર ચાખ્યા પછી તેનો રસ નિરંતર વધતો જ રહ્યો. અને ગોધરાથી વળા આવ્યા પછી મારા મનમાં નિરંતર બનારસ પહોંચવાના જ વિચારો ઘોળાયા કરે. મારાં માતાજીને મન બનારસ ઘણું જ દૂર જણાય અને મને સાધુના હાથમાં સોંપવાનું મન ન થાય. તેમને એક એ બીક હતી કે રખેને ધર્મવિજયજી મહારાજ મારા છોકરાને સાધુ બનાવી દે. તે વખતે કેટલાક જૈન સાધુઓ નાના છોકરાઓને ભગાડીને અને સંતાડીને પણ દીક્ષા આપી દેતા. જો કે મહારાજશ્રી ધર્મવિજયજીએ એવું ચોકખું જાહેર કરેલું કે તેઓ બનારસમાં જ્યાં સુધી પાઠશાળા સાથે સંબંધ ધરાવે છે ત્યાં સુધી કોઇને દીક્ષા આપશે નહીં. પરંતુ 'સાધુઓનો શો વિશ્વાસ' એમ મારાં માતાજી કહ્યા કરતા અને મારા કુટુંબીજનો તેમને (માતાજીને) ભડકાવતા કે મને એટલે દૂર મોકલ્યા પછી કોઇ દીક્ષાનું તોફાન કદાચ ઊભું થયું તો તેઓ તે માટે દોડવાના નથી. મારા માતાજી 'હું ભણું' એમાં રાજી હોવા છતાં આ રીતે બીકના માર્યા મને બનારસ મોકલતાં અચકાતાં. જેટલાં એ અચકાતાં તેટલોજ હું બનારસ ભણી વધુને વધુ ખેંચાયા કરતો. પણ શું કરવું અને કેમ કરવું એજ ન સૂઝે. વળી પાછો હું ગુજરાતી નિશાળે સાતમી ચોપડી ભણવા બેઠો અને પાછી જૂની ઘરેડ પ્રમાણે જે થાય તે ઘરનું કામ કાજ કરવા લાગ્યો. વળામાં એ વખતે એક જીન હતું જેમાં કપાસ લોઢાય અને રૂનાં ધોકડાં ભરાય. એમાં અમે બે ભાઇઓને કામ મળી ગયું. જ્યારે ધોકડા નાખવામાં આવે ત્યારે હત્રાને લીધે તેનાં કેટલાંક પુંભડા ઊડી જાય તે અમારે વીણી લાવવા અને ધોકડા દીઠ અમને એક એક પૈસો મળતો. સાધારણ રીતે રોજના વીસ ધોકડાં ભરાતાં એટલે અમને બન્ને ભાઇઓને રોજ વીસ વીસ પૈસા મળતા અને એ રીતે મારા ઘરના નિર્વાહમાં થોડો ટેકો રહેતો. તે વખતના રોજના દસ આના એટલે આજના હિસાબે તો બે રૂપિયા ગણાય. જીનમાં તે વખતે આવાં કામ માટે કોળી લોકોને રોકવામાં આવતા. કેટલીક કોળણ બેનો આમ વાણિયાના દીકરાઓને આવું કામ કરતાં જોઇ અચંબો પામતી અને કહેતી કે તમે આવાં કામ કરશો તો પછી અમે કયાં કામ કરવા જશું? હું તો આ બધું સાંભળ્યું ન સાંભળ્યું ન કરતો અને મારા કામમાં લીન રહેતો. મને બરાબર યાદ છે કે જ્યારે પુંભડા ઊડવાનો સંભવ ઘણો ઓછો હોય ત્યારે હું લોઢવાના ચરખાઓની નીચે જ્યાં કપાસિયા પડતા ત્યાં પડેલા રૂને ભેગું કરવા જતો, પણ કામ ટાણે એક પળ પણ નવરો નહીં બેસતો. કોઇ જોનાર હોય કે ન હોય તો પણ સોંપેલું કામ બરાબર કરવું અને કામ માટેનો વખત નકામો ન ગુમાવવો એ મારી નાનપણની રીત હતી મારી એ રીતે વર્તવાની વૃત્તિ કેમ થતી એની મને એ વખતે ખબર ન પડતી, પણ કામ ટાણે ગપાટા મારી કે બીજી રીતે વખતને વેડફી નાખતાં મન ભારે કચવાયા કરતું. સંભવ છે કે મારા માતાજી અને પિતાજીના મહેનતુપણાના સંસ્કારોની એ મારા ઉપર છાપ પડેલી હોય. આ રીતે મારી ગાડી ચાલતી તો પણ મન તો બનારસનો જ જાપ જપ્યા કરતું. વળા સ્ટેશન નથી. ત્યાંથી સ્ટેશન ધોળા જંકશન દસેક માઇલ દૂર છે. ત્યાં જઇએ તો જ રેલ ગાડી મળી શકે. સ્ટેશન વળા જ હોત તો ક્યારનો બનારસ નાસી ગયો હોત. વળાના મારા સહાધ્યાયીઓમાંના એક ભાઇ અમીચંદ વીરચંદ ઓસવાળને પણ મારી પેઠે ભણવાનું મન થયેલું અને એ બનારસ આવવા ઉત્સુક થયેલા એટલે અમે બન્ને બનારસ ઉપડવાની તૈયારી કરી, માતાજીની સંમતિ પણ મેળવી. રોજરોજ રડયા કરું અને ભણવા જવા વિશે ગોખ્યા જ કરું તેથી કેવળ મને દુઃખી ન કરવાની જ ખાતર માતાજીએ મને પણ સંમતિ આપેલી. અમે બંનેએ ભાંતુપોતું તૈયાર કર્યું, રીના પૈસાની પણ જોગવાઇ કરી લીધી અને ધોળા જવાનો એક એક્કો પણ ભાડે બાંધી આવ્યા. એવામાં આ વાતની ખબર અમારા બીજા કુટુંબીઓને પડી ગઇ. એટલે તેઓ મારા માતાજી પાસે આવી પેલી જૂની દીક્ષાની બીક બતાવવા લાગ્યા અને કોઇ માઠો પ્રસંગ બને તો કશી સહાયતા ન આપવાનું પણ કહેવા લાગ્યા

## પાલીતાણાના અનુભવો

ત્યારે મારા ઉપર અસાધારણ સ્નેહ હોવાના કારણે નરમ મનના માતાજી વળી ફરી ગયાં અને અમારું બનારસ જવાનું ભાંગી પડયું. હું તો તે વખતે ઘણો જ કોચવાયો અને મારા નાતીલાઓ કુટુંબીઓ જેઓએ મારું જવાનું ભાંગી પાડયું તેમને જમજેવા સમજવા લાગ્યો પણ એથી કાંઇ બનારસ થોડું જ પહોંચાય? વળી, વખત જવા લાગ્યો, બનારસથી મહારાજ ધર્મવિજયજીના પોતાની પાસે આવવાના પત્રો ઉપર પત્રો આવવા લાગ્યા અને હું વધારે ને વધારે તેમના તરફ ખેંચાઇ અકળાવા લાગ્યો. તેવામાં ભાઈ હરખચંદભાઇ પોતાનું વળાનું કૌટુંબિક કામ પતાવી પાલીતાણા ગયા અને ત્યાં ઘોઘાવાળી ધર્મશાળામાં રહેતા મુનિરાજ શ્રી સિધ્ધિવિજયજીના શિષ્યોને ભણાવવા લાગ્યા; તેમનો મારા ઉપર પત્ર આવ્યો કે પાલીતણા આવ અને જીવવિચાર વગેરે ભણ; ત્યાં રહેવાની જમવાની અને સુવા વગેરેની શી વ્યવસ્થા છે તેની મને ખબર ન હતી. હરખચંદભાઇએ તે વ્યવસ્થા પોતે કરી લેશે એમ મનમાં ધારીને મને બોલાવેલો અને હું તરત જ પાલીતાણા પહોંચ્યો. તેમની (હરખચંદભાઇની) માતાનાં ઉગ્ર સ્વભાવને લીધે મારા માટે ધારેલી વ્યવસ્થા તેઓથી ગોઠવી ન શકાઇ અને હું પાલીતાણા પહોંચી ગયો એટલે મારા ત્યાં કેવા હાલહવાલ થયા એ એકલો હું સમજુ એ પૂરતું છે, એ વિશે મૌન જ રાખવું ઊચિત છે. હરખચંદભાઇ પણ મારા હાલહવાલ જોઇને ભારે દુઃખી થયા, પણ શું થાય? એ તો એમણે અને મારે સહન કર્યેજ છૂટકો. એવામાં તેમણે મુનિશ્રી-સિદ્ધિવિજયજીની સહાયથી જામનગરવાળા સુશીલ શેઠ સૌભાગ્યચંદ કપૂરચંદ પાસેથી મારા માટે ખાધાખરચીની જોગવાઇ કરી દીધી અને મારું ભણતરનું કામ ચાલે પડયું. મારું ખાવાપીવાનું હરખચંદભાઇને ઘેર રહેતું, એટલે તેમનાં માતાજીનાં મેણાંટૂણાં તો રોજ સાંભળવાનાં હોય અને અમે માજનના વંડામાં રહેતા ત્યાંથી રોજ

ગામમાં જઇ છાશ લાવવાની હોય અને બીજાં કામો પણ કરવાનાં હોય. ભણતર ચાલતું એટલે મને એ બધું કામ કરવાની કે મેણાં-ટૂણાંની કશી તકલીફ ન લાગતી. શ્રીસિદ્ધિવિજયજી (સુરતી) ભારે આનંદી હતા અને સંગીતપ્રિય હતા. તેમની આકૃતિ હજુ હું ભૂલી શકયો નથી. તેમનાં સહવાસથી અને સહાયતાથી પાલીતાણામાં રહીને પાંચે પડિક્કમણાં, નવસ્મરણ, જીવવિચાર વગેરે પ્રકરણો-એટલું હું ભણી શકયો. વ્રત પચખાણ પણ કરતો અને એકવાર તો નવ આંબેલ કરી મેં અડસઠ પહોરના પોસાક સુધ્ધાં કરેલા. પોતાના દિવસોમાં સધુની જેમ હું શ્રાવકને ઘેર 'જયણા મંગલ' એટલા શબ્દો બોલીને પાણીની ભિક્ષા માંગવા જતો. મારી આ જાતની ધર્મક્રિયાઓથી શેઠ સૌભાગ્યચંદ પ્રસન્ન રહેતા અને શ્રી સિધ્ધવિજયજી પણ ખુશ થતા. મને તેઓ એવી પ્રેરણા પણ કરતા કે હું સાધુ થઇ જાઉં, પણ મારૂં મન માનતું નહી–સાધુ થઇ જવામાં મને મજા લાગતી, છતાંય તેમ કરવાનું ગમતું નહીં. તે વખતે તેનાં કારણની મને ખબર ન પડતી; છતાં એટલું ચોકકસ કે મને મુનિઓ પ્રત્યે અત્યંત સદ્દભાવ કે એક પ્રકારની વિશેષ શ્રધ્ધા થતાં જ નહોતાં. છેવટ પાલીતાણાનું ભણતર પૂરૂં થઇ ગયું અને પાછો હું વળા આવ્યો. પાલીતાણામાં જે સંકટો પડયાં એમાં ત્યાંના મારા તદ્દન નિકટનાં ભાભીએ એમનો કળશ્યો મેં ખોઇ નાંખેલ છે એવું ભળતું કહીને મારો ભાતાનો ડબ્બો મારી પાસેથી પડાવી લીધેલો તેનો પણ સમાવેશ છે. તે મારા માતાજીએ એજ ડબ્બો મારાં ભાભી પાસેથી પાછો મેળવી લીધેલો અને એ ઐતિહાસિક ડબ્બો હજુ મારી પાસે પોતાનું સંભારણુ સાચવતો પડી રહ્યો છે.

મારા માતાજીને હવે તો એમ થઇ ગયું કે આટલું ભણ્યા પછી છોકરો કયાંક કામે વળગે તો સારૂં. એ વખતે ગોહિલવાડમાં કેટલીક જૈન પાઠશાળાઓ ચાલતી અને તેમાં માસ્તરોની જરૂર રહેતી. તાકડે એ સમે વળામાં ભાવનગરના સદ્દગ્રહસ્થ અમરચંદ વોરા આવેલા, તેઓના હાથમાં માસ્તરની ગોઠવણી કરવાનું રહેતું. એટલે મારા માતાજી મને સાથે લઇને વળાના નગરશેઠની હવેલીએ પહોંચ્યા, સદ્દગૃહસ્થને મારાં માતાજીએ મારા ભણતરની વાત કરી, તેમણે મારી મુખપરીક્ષા પણ લીધી, તેમની દૃષ્ટિમાં પાસ પણ થયો. તેમણે મારા માતાજીને સૂચવ્યું કે વરલની જૈનપાઠશાળામાં જવું હોય તો ભલામણ કરી દઉં, મહિને બે રૂપીયા મળશે, જો કે એ વખતે બે રૂપિયા ય ઘણા હતા, છતાં પોતાના દીકરાને પોતાથી છેટે મૂકવાનું માતાજીનું મન નહોતું. છેવટે વળામાં જ રહેવુ અને કોઇની દુકાને બેસવું, ભેંશો પાવા જવી અને અબોટિયાં કરવાં એમ માતાજીએ વિચાર્યું, પણ એનો જોગ ન ખાધો. આ બાજુ મારૂં મન બનારસ ભણી વળી વધારે ખેંચાયા કરતું. મને એક તુકકો અચાનક સૂઝી આવ્યો કે બનારસ દૂર છે તો ત્યાં નહી મોકલે, પરંતુ મેસાણા તો દૂર નથી એટલે ત્યાં મોકલવામાં વાંધો નહીં આવે એમ વિચારી મેં મેસાણાની પાઠશાળામાં જવાની માગણી મૂકી, એટલે અમારા ગામના મેસાણા જનારા એક ગૃહસ્થની સાથે સાથે હું મેસાણા સુધી તો પહોંચી ગયો. ત્યાં પૂરો એક મહીનો રહ્યો અને ભાંડારકરની સંસ્કૃત પ્રથમ ચોપડી બરાબર પૂરી કરી દીધી. મેસાણા પાઠશાળાના સ્થાપક શેઠ વેણીચંદ સુરચંદ મારા ઉપર ખુશ ખુશ હતા અને તેઓ ઇચ્છતા હતા કે હું મેસાણામાં જ રહી આગળ અભ્યાસ કરું. જ્યારે મેસાણા ગયો ત્યારે ત્યાંથી બનારસ પહોંચીશ એવી કલ્પના નહીં આવેલી; પરંતુ મેસાણામાં વળાવાલા ભાઇ હરખચંદભાઇ આવેલા. તેઓની સાથે બીજા કેટલાક વિદ્યાર્થીઓ હતા અને તે બધા બનારસ જતા હતા. એ જોઇને મારી બનારસ જવાની વૃત્તિ વધુ ઉત્તેજિત થઇ આવી અને હું તેમની સાથે બનારસ ભણી માતાજીને કશું જ જણાવ્યા વિના રવાના થઇ ગયો. અહીં એક મારા ખાસ અજ્ઞાનની વાત જણાવી દઉં. મેં કદી વળા બહાર પગ નહીં મૂકેલો. બહુ બહુ તો પછેગામ, પાલીતાણા, જેસર; આટલાં ગામ નાનપણમાં ગાડામાં બેસીને જોયેલાં. જ્યારે પહેલ વહેલો ધોળા જંકશન ગયો ત્યારે જ મેં રેલગાડી નજરે જોઇ. તે પહેલાં હું સાંભળતો કે રેલગાડી વરાળથી ચાલે છે, તેમાં ડબ્બા જોડેલા હોય છે, ડબ્બામાં માણસો બેસે છે વગેરે. આ ડબ્બાનું નામ સાંભળીને મને એવી કલ્પના આવેલી કે રેલ ગાડીની સાથે ઘીના કે તેલના ખાલી ડબ્બા જોડતા હશે અને તેની ઉપર માણસો બેસતાં હશે. જયારે હું માંડળ જવા માટે ધોળા જંકશન આવ્યો અને રેલના ડબ્બામાં બેઠો ત્યારે જ એ મારી ભ્રમણા ભાંગી.

(અપૂર્ણ)

## ❋ સદ્દભાવ–નિવેદન ❋

સંઘની પ્રવૃત્તિ કેટલી પ્રાણવાન છે તે તેના તરફથી નીકળતું પ્રબુદ્ધ જીવન પત્ર બતાવી આપે છે, તેમાં વિવિધ વિષયો પર પ્રગટ થતા ચિન્તનપૂર્ણ લેખો, સમાજની અનેકવિધ ભૂમિકાઓને સ્પર્શતી મહત્વપૂર્ણ નીડર આલોચનાઓ, અને નવી નવી પીરસાતી ભવ્ય જ્ઞાનવાનીઓએ એ પત્રને જેમ વિદ્વતપ્રિય બનાવ્યું છે તેમ જ્ઞાનપિપાસુ જનવર્ગને એની તરફ આકૃષ્ટ પણ કરી દીધો છે.

ધર્મક્ષેત્રે અને સમાજક્ષેત્રે પ્રવર્તતી અનિષ્ટ પ્રથાઓ સામે તર્કબદ્ધ તેજસ્વી જેહાદ પોકારીને સમાજોપકારક સુધારાના માર્ગને સરળ કરવો એ નેમથી જન્મ પામેલ એ પત્રે એ દિશામાં આજ સુધીમાં ઉલેખનીય સફળતા સિદ્ધ કરી છે.

જૈન સમાજમાંથી નીકળતું એ પત્ર, વાંચનારની દ્રષ્ટિએ તો ખરેખર જનસમાજનુંજ દેખાય છે. તેમાં કેવળ માનવકલ્યાણની શુદ્ધ ભાવના જ કામ કરતી હોય છે. આવું પ્રકાશન એ સંઘની એક વિશિષ્ટ સાધના છે. આવા અનેક સાધન માર્ગોથી સંઘ સમાજ સેવાની સાધનામાં ઉત્તરોત્તર વધુ અને વધુ સમર્થ થતો જાઓ.

**મુનિ શ્રી ન્યાયવિજયજી**

❋

હું કસ્તુરબા ટ્રસ્ટના કામે ઇન્દોર જતો હોવાથી રજત મહોત્સવ સંમેલનમાં આવી શકું તેમ નથી. દિલગીર.

કાકા સાહેબ કાલેલકર જેવા પ્રખર સેવકનું આપને માર્ગદર્શન મળશે તે ખાતે સંઘને મારા હાર્દિક અભિનંદન.

સંઘ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. તેનો વિસ્તાર ઉત્તરોત્તર વધતો જાય એવી મારી શુભેચ્છા છે.

ઉત્સવના કાર્યક્રમને મારી સફળતા ઇચ્છું છું.

**ભારત લોકસભાના અધ્યક્ષ માનનીય દાદા માવલંકર**

❋

તમારી સાથેનો મારો ગાઢ સંબંધ તમને અભિનંદન આપતાં સંકોચ પેદા કરે છે. નહિતર કહેવાનું મન થાય છે કે પ્રબુધ્ધ જૈન. હાલનું પ્રબુધ્ધ જીવન, તમારૂં પુસ્તકાલય, તમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા. આ બધાએ મુંબઇના જીવનમાં નવી ભાત પાડી છે. અને સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે રાષ્ટ્રવાદ કેવી રીતે સુસંગત કરી શકાય તેમજ ધર્મબુધ્ધિને પણ એની સાથે કેવી રીતે સાંકળી શકાય એનું તમે માત્ર મુંબઇને જ નહિં પણ સમગ્ર ગુજરાતને દર્શન કરાવ્યું છે.

**શ્રી નાનાભાઈ ભટ્ટ**

❋

# ❋ હેમચંદ્રાચાર્ય ❋

પ્રો. રમણલાલ સી. શાહ.

(મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાએલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુરૂવાર તા. ૨૬-૮-૫૪ ના દિવસે આપેલું વ્યાખ્યાન.)

ગુજરાતના ઇતિહાસમાં સુખ, સમૃધ્ધિ અને સંસ્કારિતાની દૃષ્ટિએ મહાન કહી શકાય એવો યુગ તે સોલંકી યુગ. આ યુગમાં મૂળરાજ, ભીમ, કર્ણ, સિધ્ધરાજ, કુમારપાળ એમ એક પછી એક પરાક્રમી, પ્રજાવત્સલ અને દૂરંદેશી રાજાઓ રાજ્ય કરી ગયા અને ગુજરાતની કીર્તિને એની ટોચે પહોંચાડી. લગભગ ત્રણસો વર્ષનો આ જમાનો ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણ યુગ તરીકે ઓળખાવા લાગ્યો. આ સુવર્ણ યુગને એની પરાકાષ્ટાએ પહોંચાડનાર સિધ્ધરાજ અને કુમારપાળ હતા. અને એ બન્ને રાજવીઓને મહાન બનાવનાર કલિકાલસર્વજ્ઞ, યુગપ્રવર્તક હેમચંદ્રાચાર્ય હતા. જે સ્થાન વિક્રમાદિત્યના રાજ્યમાં કવિ કાલિદાસનું હતું, જે સ્થાન હર્ષના રાજ્યમાં બાણભટ્ટનું હતું તેવું સ્થાન સિધ્ધરાજ અને કુમારપાળના વખતમાં હેમચંદ્રાચાર્યનું હતું. ઇતિહાસમાંથી હેમચંદ્રાચાર્યને જો આપણે ખસેડી લઇએ તો એ સમયનું અપૂર્ણ અને અંધકારમય ચિત્ર આપણી સામે ખડું થવાનું. હેમચંદ્રાચાર્ય ન હોત તો તત્કાલીન ગુજરાતી પ્રજા અને એ પ્રજાનાં ભાષા અને સાહિત્ય આટલાં સમૃદ્ધ ન હોત. હેમચંદ્રચાર્યના સમય પહેલાં માળવાના બજારોમાં ગુજરાતીઓની ઠેકડી ઊડતી. સાહિત્ય અને સંસ્કારિતામાં ગુજરાતીઓ શું સમજે એમ ગણી ગુજરાતીઓને તુચ્છ લેખવામાં આવતા. તેને બદલે ગુજરાતી પ્રજાને હેમચંદ્રાચાર્યે કલા, સાહિત્ય અને સંસ્કારની દૃષ્ટિએ જાગ્રત અને સભાન બનાવી. એને લીધે એક સમય એવો આવ્યો કે જ્યારે પાટણમાં રહેવું અને પોતાની જાતને પટ્ટણી કહેવડાવવું એ ગૌરવ લેવાની વાત બની. તે સમયના ગુજરાતના સાધુઓ, શ્રેષ્ઠિઓ અને સૈનિકો ગુજરાત બહાર પંકાતા હતા.

હેમચંદ્રાચાયના જીવન વિષે સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશ ગ્રંથોમાંથી પુષ્કળ માહિતી મળે છે. પ્રદ્યુમ્નસૂરિના 'પ્રભાવક ચરિત્ર' મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણિ', રાજશેખરના 'પ્રબંધકોશ' અને જિનમંડન ઉપાધ્યાયના 'કુમારપાળ ચરિત્ર' નામના ગ્રથોમાંથી હેમચંદ્રાચાર્ય વિશે પુષ્કળ માહિતી મળી આવી છે. જેમ નરસિંહ અને મીરાં, તુકારામ અને જ્ઞાનેશ્વર, કબીર અને ચૈતન્ય જેવા સંતોના જીવન વિશે, તેમજ કાલિદાસ અને ભવભૂતિ જેવા કવિઓ કે વિક્રમ અને ભોજ જેવારાજવીઓ વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે, તેમ હેમચંદ્રાચાર્ય વિશે પણ ઘણી દંતકથાઓ પ્રચલિત છે. આમાંની કેટલીક દંતકથાઓ અવૈજ્ઞાનિક અને અનૈતિહાસિક અને કેટલીક તો દેખીતી રીતે જ ખોટી ઠરે એવી છે. કારણ કે એક ગ્રંથમાં એ એક રીતે આપવામાં આવી હોય અને બીજા ગ્રંથમાં બીજી રીતે આપવામાં આવી હોય. હેમચંદ્રાચાર્યે પોતાના યોગના પ્રભાવ વડે અમાસની પૂનમ કરી નાખી હતી, મહમ્મદ ગઝનીને વિમાનમાં પોતાની પાસે આણ્યો હતો કે તાડપત્રી ખૂટતાં નવાં ઝાડ ઊગાડયાં હતાં-એવી એવી દંતકથાઓ ન માની શકાય એવી છે એમાં શંકા નથી.

હેમચંદ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫માં કારતક સુદ પૂનમને દિવસે ધંધુકામાં થયો હતો. એમના પિતાનું નામ ચાચ અને માતાનું નામ ચાહિણી (અથવા પાહિણી). હેમચંદ્રાચાર્યનું બાલપણનું નામ ચંગ હતું. એમ કહેવાય છે કે એક વખત ધંધુકામાં હેમચંદ્રસૂરિ પધારેલા તે સમયે ચાહિણી એમને વંદન કરવા જાય છે અને પોતે સ્વપ્નમાં એક રત્નચિંતામણિ જોયો હતો તેની વાત કરે છે. જ્યોતિષનો જાણકાર દેવચંદ્રસૂરિ ચાહિણીના ચહેરાની રેખાઓ પારખીને કહે છે કે: તું એક રત્નચિંતામણિ જેવા પુત્રને જન્મ આપીશ. ત્યાર પછી દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ચાલ્યા ગયા. ફરી કેટલાક વર્ષે જ્યારે દેવચન્દ્રસૂરિ પાછા ધંધુકામાં આવ્યા, ત્યારે ચાહિણી એમને વંદન કરવા ગઇ. સાથે પાંચેક વર્ષનો ચંગ હતો. ચાહિણી જ્યારે વંદન કરતી હતી ત્યારે ચંગ મહારાજની પાટે ચઢી એમની પાસે બેસી ગયો હતો. તે સમયે દેવચન્દ્રસૂરિએ ચાહિણીને પેલા રત્નચિંતામણિની યાદ આપી, અને એ પુત્ર પોતાને સોંપવા કહ્યું. ચાહિણીનો પતિ તે સમયે બહારગામ વેપારાર્થે-ગયો હતો. એટલે એને પૂછયા વિના પુત્ર આપી કેવી રીતે શકાય? દેવચન્દ્રસૂરિએ ચાહિણીને ખૂબ સમજાવી અને એને કહ્યું કે પતિ બહારગામ છે એ કદાચ ઇશ્વરી સંકેત જ હશે. અંતે ચાહિણીએ પોતાનો પુત્ર દીક્ષાર્થે દેવચન્દ્રસૂરિને સોંપી દીધો, અને દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ખંભાત પહોંચ્યા. દરમ્યાન ચાચ બહારગામથી પાછો આવ્યો પુત્રને ન જોતાં તુરત ગુસ્સે થઇ, ખાધા પીધા વિના પગપાળો ખંભાત આવી પહોંચ્યો, અને મેલાઘેલા વેશે ઉદયન મંત્રી પાસે જઇ ફરિયાદ કરી. ઉદયન મંત્રીએ દેવચન્દ્રસૂરિ પાસેથી એનો પુત્ર મંગાવી એને પાછો સોંપ્યો, અને પછી સમજાવ્યું કે 'આ પુત્ર તારી પાસે રાખશે તો બહુ બહુ તો એ ધંધુકાનો નગરશેઠ બનશે; અને દેવચન્દ્રસૂરિને સોંપશે તો એક મહાન આચાર્ય થશે અને આખી દુનિયામાં નામ કાઢશે." ઘણું સમજાવ્યા પછી ચાચે પોતાનો પુત્ર દેવચન્દ્રસૂરિને પાછો સોંપ્યો,

ત્યારપછી નવમે વર્ષે ચંગને દીક્ષા આપવામાં આવી અને એનું નામ પાડવામાં આવ્યું સોમચન્દ્ર. નાના સોમચન્દ્રે ત્યારપછી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનો અભ્યાસ કર્યો. સાથે સાથે વ્યાકરણ, કાવ્યાલંકાર, યોગ, ન્યાય, ઇતિહાસ, પુરાણ, તત્ત્વજ્ઞાન વગેરે ભિન્ન ભિન્ન શાખાઓનો પણ ઊંડો અભ્યાસ કર્યો. વિદ્યામાં પારંગત બનતાં આ સંયમી, અલ્પભાષી, તેજસ્વી યુવાન સાધુને વધુ અભ્યાસાર્થે કાશ્મીર જવાની ઇચ્છા થઇ. ગુરૂએ એને સમજાવ્યું કે તારૂં સ્થાન ગુજરાતમાં છે, ગુજરાત બહાર જવાનાં સ્વપ્નાં સેવવાની જરૂર નથી. ઉત્તરોત્તર ગુરુને પણ પ્રતીતિ થતી જાય છે કે સોમચન્દ્રની દૃષ્ટિનો ઘણો વિકાસ થયો છે, એની પ્રજ્ઞા પરિણત બનવા લાગી છે, એની તેજસ્વિતા વધતી જ ચાલી છે. એટલે એમણે પોતાની પાસે આચાર્યપદે સોમચન્દ્રને સ્થાપવાનો નિશ્ચય કર્યો. અને વિ. સં. ૧૧૬૬ માં સોમચન્દ્રને એકવીસમે વર્ષે દેવચન્દ્રસૂરિએ ખંભાતમાં વિધિપૂર્વક આચાર્ય પદે સ્થાપ્યા અને એમનું નામ પાડવામાં આવ્યું હેમચન્દ્ર. એ સમયે હેમચન્દ્રાચાર્યની માતા, જેમણે પણ દીક્ષા લીધેલી છે તે હાજર હોય છે. માતા પુત્ર બંને આ રીતે સાધુ જીવનમાં એકબીજાને નિહાળી પ્રસન્નતા અનુભવે છે. હેમચન્દ્રાચાર્ય પોતાની માતાને એ વખતે પ્રવર્તિનીનું પદ અપાવે છે.

## હેમચન્દ્રાચાર્યનો કીર્તિકાળ

અહીંથી હવે હેમચન્દ્રચાર્યનો કીર્તિકાળ શરૂ થાય છે. પાટણમાં તે સમયે સિદ્ધરાજ (લોકોમાં જાણીતા સધરા જેસંગ)નું રાજ્ય ચાલતું હતું. એ સમયે હેમચંદ્રાચાર્ય દેવચન્દ્રસૂરિ સાથે પાટણમાં આવે છે અને બનારસથી આવેલા કુમુદચન્દ્ર સાથે ધર્મચર્ચામાં ભાગ લે છે. ત્યારથી સિદ્ધરાજને હેમચન્દ્રાચાર્યની પ્રતિભાનો પરિચય થાય છે. તે સમયે સિદ્ધરાજની વિદ્વદ્સભામાં રાજકવિ તરીકે શ્રીપાલને સ્થાન હતું, અને રાજપંડિત તરીકે પંડિત દેવબોધને સ્થાન હતું. એ બન્નેને એકબીજા પ્રત્યે તેજોદ્વેષ હતો અને એકંદરે રાજાને એ બંનેથી અસંતોષ હતો. એટલે સિદ્ધરાજે પોતાની વિદ્વદ્સભામાં એ બંન્નેને બદલે હેમચન્દ્રાચાર્યને સ્થાન આપ્યું

ત્યાર પછી સિદ્ધરાજે માલવા પર ચઢાઇ કરી. એમાં એને ફત્તેહ મળી. માલવાની અઢળક સમૃદ્ધિ ગુજરાતમાં લાવવા સાથે એના માણસો માલવાથી ગાડાંના ગાડાં ભરી હસ્તપ્રતો પણ લાવ્યા. એમાં સિદ્ધરાજે 'ભોજ વ્યાકરણ'ની પ્રત જોઇ. પંડિતોને પૂછ્યું તો ગુજરાતમાં ક્યાંક 'ભોજ વ્યાકરણ,' ક્યાંક કાતંત્રનું વ્યાકરણ ચાલતું હતું. ગુજરાત પાસે પોતાનું કહી શકાય એવું વ્યાકરણ રચવાને હેમચન્દ્રાચાર્ય સમર્થ છે એમ પંડિતોએ જણાવ્યું. અને સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યને એવું વ્યાકરણ રચવાની વિનંતી કરી. એ માટે કાશ્મિરથી અને હિંદના બીજા ભાગોમાંથી ભિન્ન ભિન્ન વ્યાકરણોની પ્રતો સિદ્ધરાજે મંગાવી આપી. એનો સતત અને ઊંડો અભ્યાસ કરી હેમચન્દ્રાચાર્યે એક ઉત્તમ વ્યાકરણની રચના કરી. સિદ્ધરાજની વિનંતીથી એ લખાયું માટે એની યાદગીરી રહે એટલા માટે વ્યાકરણનું નામ આપ્યું 'સિદ્ધ હેમ.' આ વ્યાકરણની પંડિતોએ મુકત કંઠે પ્રશંસા કરી. સિદ્ધરાજે એની પહેલી હસ્તપ્રત હાથી પર અંબાડીમાં મૂકી નગરમાં ફેરવી અને એનો ઢંઢેરો પીટાવ્યો. ત્યાર પછી વિદ્વદ્સભામાં એનું વિધિસરનું પઠન થયું એ વ્યાકરણની હસ્તપ્રતો તૈયાર કરવા માટે ગુજરાતમાંથી ૩૦૦ જેટલા લહિયાઓને બોલાવવામાં આવ્યા. હસ્તપ્રતો તૈયાર થતાં હિંદુસ્તાનમાં ઠેરઠેર મોકલવામાં આવી. એની એક સુંદર હસ્તપ્રત રાજભંડારમાં પણ મૂકવામાં અને ત્યારથી ગુજરાતમાં 'સિદ્ધહેમ' શીખવવાનું શરૂ થયું. કાકલ નામના એક વિદ્વાન પંડિતની પાટણમાં વ્યાકરણ શીખવવા માટે નિમણૂંક કરવામાં આવી. આમ સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યના વ્યાકરણનું બહુમાન કર્યું, અને ત્યારથી હેમન્દ્રાચાર્ય બીજી કૃતિઓની રચના કરવા તરફ પ્રેરાવા લાગ્યા.

## સાચો ધર્મ કયો?

સિદ્ધરાજ હેમચન્દ્રાચાર્યની પ્રતિભાથી એટલા બધા પ્રભાવિત થયા કે ત્યારથી હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજના મિત્ર અને માર્ગદર્શકનું સ્થાન લીધું. એને પરિણામે સિદ્ધરાજનો જૈન ધર્મ પ્રત્યેનો અનુરાગ વધ્યો; એને પરિણામે હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજના જીવન અને સોલંકી યુગ વિશે સંસ્કૃતમાં 'દ્વયાશ્રય' મહાકાવ્ય લખ્યું; એને પરિણામે સિદ્ધરાજ હેમચન્દ્રાચાર્ય સાથે જૈન દેરાસરમાં દર્શન કરવા જતા અને હેમચન્દ્રાચાર્ય સિદ્ધરાજ સાથે સોમનાથની યાત્રાએ જતા. ધાર્મિક સંકુચિતતા અને અસહિષ્ણુતાના એ જમાનામાં હેમચન્દ્રાચાર્ય ધર્મના સાંપ્રદાયિક સ્વરૂપથી પર હતા, અને માટે જ સોમનાથના શિવલિંગને **ब्रह्मा वा विष्णुर्वा महेश्वरोवा नमस्तस्मै ।** કહીને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા હતા. સિદ્ધરાજને સર્વધર્મ સમન્વયનું માહાત્મ્ય સમજાવનાર પણ હેમચન્દ્રાચાર્ય જ હતા. કોઇ પણ ધર્મ માત્ર પોતે જ સાચો છે એવું મિથ્યાભિમાન ધરાવી ન શકે. દરેક ધર્મમાં કંઇક ને કંઇક અવનવું રહસ્ય સમાયેલું છે. અને માટે જ સંજીવની ન્યાય પ્રમાણે બધા ધર્મનો સમભાવપૂર્વક અભ્યાસ કરનાર જ સાચો ધર્મ પામી શકે છે એમ હેમન્દ્રાચાર્ય માનતા હતા, અને એ પ્રમાણે માનતા સિધ્ધરાજને કર્યા હતા.

સિધ્ધરાજને સંતાન ન હોવાથી એની ગાદીએ આવે છે એનો ભત્રીજો કુમારપાળ અને અહીંથી હેમન્દ્રાચાર્યના જીવનનો ત્રીજો તબક્કો શરૂ થાય છે. જ્યોતીષના જાણકાર હેમચન્દ્રાચાર્યને અગાઉથી ખબર પડી ગઇ હતી કે નહિ તે બાજુ પર રાખીએ, પણ એટલું તો જરૂર કહી શકાય કે હેમન્દ્રાચાર્યે સાધુ બાવાને વેશે ભટકતા કુમારપાળને, સિધ્ધરાજના માણસો એનું ખૂન કરવા ફરતા હતા ત્યારે માત્ર માનવતાથી પ્રેરાઇને ઉપાશ્રયમાં તાડપત્રો નીચે સંતાડી દીધા હતા. આ ઉપકાર કુમારપાળ ભૂલ્યા ન હતા. રાજ્યારોહણ પછી શરૂઆતનાં પંદરેક વર્ષ રાજ્ય સ્થિર કરવામાં અને વિસ્તરવામાં ગયાં. ત્યાર પછી કુમારપાળ રાજાએ પોતાના ગુરુ હેમચન્દ્રાચાર્યની ઇચ્છાનુસાર વર્તવાનું શરૂ કર્યું. હેમચન્દ્રાચાર્યની ઇચ્છા મુજબ પોતાના રાજ્યમાં પશુવધ, જુગાર, શિકાર, માંસભક્ષણ, દારૂ, વગેરે પર કુમારપાળે પ્રતિબંધ ફરમાવ્યો. રાજ્યની કુલદેવી કંટેશ્વરીને અપાતું બલિદાન બંધ કરાવ્યું. પુત્રરહિત વિધવાનું ધન જપ્ત થતું બંધ કરાવ્યું. જૈન ધર્મ પ્રત્યેના અનુરાગને લીધે ઠેર ઠેર જૈન મંદિરો બંધાવ્યાં અને પરમાર્હતનું બિરુદ લોકો તરફથી મેળવ્યું. સિધ્ધરાજની જેમ કુમારપાળને પણ પુત્ર ન હોવાથી જિંદગીનાં છેલ્લા વર્ષોમાં એની નિરાશા વધી ગઇ હતી, તે સમયે એના મનનું સમાધાન કરાવવા માટે હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રની રચના કરી.

હેમચન્દ્રાચાર્યનું આખું જીવન સતત ઉદ્યોગપરાયણ હતું. એકંદરે દીર્ઘાયુષ્ય એમને સાંપડયું હતું. પોતાનો અવસાન સમય પાસે આવેલો જાણી તેમણે અનશનવ્રત શરૂ કર્યું. શિષ્યોને પણ અગાઉથી સૂચના આપી દીધી હતી. એમ કરતાં સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની વયે એમનું અવસાન થયું.

સાહિત્યના ક્ષેત્રમાં પણ હેમચન્દ્રાચાર્યનું અપર્ણ જેવું તેવું નથી. એમણે વ્યાકરણની રચના કરી કે જે અત્યાર સુધી એક આધારભૂત ગ્રંથ તરીકે સ્વીકારાય છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના એમના વ્યાકરણની તોલે આવે એવું એકપણ વ્યાકરણ ત્યારપછી લખાયું નથી. એ ઉપરાંત અનેકાર્થસંગ્રહ, અભિધાનચિંતામણિ અને દેશીનામમાલા જેવા શબ્દસંગ્રહો એમણે તૈયાર કર્યા. સિધ્ધહેમ–શબ્દાનુશાસન પછી એમણે લિંગાનુશાસન, છન્દાનુશાસન અને કાવ્યાનુશાસન એમ ત્રણ બીજાં શાસનોની રચના કરી. વ્યાકરણના નિયમના ઉદાહરણ તરીકે પણ રજૂ થઇ શકે એવા શ્લોકની રચના વડે એમણે સંસ્કૃત અને પ્રાકૃતમાં દ્વયાશ્રય નામનું મહાકાવ્ય લખ્યું, યોગશાસ્ત્ર, મહાવીરચરિત્ર અને પુરાણોની તોલે મૂકી શકાય એવા ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર જેવો મહાન ગ્રંથ લખ્યો. એટલે સાહિત્યના ક્ષેત્રે પણ ભિન્ન ભિન્ન શાખાઓમાં એમણે પોતાનો વિશિષ્ટ ફાળો નોંધાવ્યો. હેમચન્દ્રાચાર્ય મહાન વિદ્વાન હતા, મહાન કોષકાર હતા, મહાન કવિ હતા અને મહાન વૈયાકરણ હતા એમ કહી શકાય. સાહિત્યની સેવા અને ઉપસાનામાં એમણે પોતાની જિંદગીનાં લગભગ ૬૪ જેટલાં વર્ષ આપ્યાં. એમણે પોતાના સમયમાં સાહિત્યનો એક વિશિષ્ટ યુગ પ્રવર્તાવ્યો એમ પણ કહી શકાય.

હેમચન્દ્રાચાર્ય એક જૈનાચાર્ય અને પ્રખર સહિત્યકાર તરીકે તો મહાન હતા, પણ એક માનવ તરીકે પણ મહાન હતા. તેઓ અત્યંત બાહોશ. તેજસ્વી અને વિનમ્ર હતા. હૃદયની વિશાળતા અને ઉદારતા વડે એમણે દેવબોધ કે શ્રીપાલ જેવા વિરોધી કે પ્રતિસ્પર્ધીને જીતી લીધા હતા. તેઓ સાધુ હતા, છતાં સાંસારિક બાબતોમાં રસ લેતા હતા અને છતા સંસારના રંગથી રંગાયા વિના તેઓ સંસારિક પ્રવૃત્તિઓને પોતાના સાધુત્વના રંગથી રંગી દેતા. તેઓ હંમેશાં સંપ્રદાયથી પર જ રહ્યા હતા. પોતાના જીવન દરમ્યાન એક નહિ પણ બે રાજાઓને પોતાના વ્યકિતત્વથી પ્રભાવિત કર્યા હતા અને અત્યંત કુનેહ, કાર્યકુશલા અને સમભાવ વડે પોતાની ઇચ્છા મુજબ તેમની પાસે કાર્ય કરાવી શકયા હતા. લાખોની સંખ્યામાં એગના અનુયાયીઓ હતા અને છતાં જુદો પંથ પ્રવર્તાવવાની એમણે કદી મહત્વાકાંક્ષા સેવી નહોતી. એમના શિષ્યો તો એમનાં ગુણગાન ગાતાં થાકતા જ નહિ. કેટલાક તો **विद्यांभोनिधि मंथमंदर गिरि श्री हेमचन्द्रो गुरु :।** જેવા પંકિતઓ ઉચ્ચારી વર્ષોનાં વર્ષો સુધી પ્રાતઃકાળમાં એમનું સ્મરણ કરતા.

હેમચન્દ્રાચાર્ય માત્ર ગુજરાતના જ નહિ, માત્ર હિંદુસ્તાનના જ નહિ પણ જગતના એક મહાન માનવી હતા એમ નિઃસંકોચ જરૂર કહી શકાય. એવા મહાન જ્યોતિર્ધરને આપણાં વંદન હો!

# ✻ પ્રાદેશિક રાજ્યોની પુનર્રચનાનો પ્રશ્ન ✻

શ્રી. સી. એલ. ઘીવાળા

આંધ્રનું નવું રાજ્ય સ્થપાયું અને જાણે 'લાઇન કલીઅર'નો સિગ્નલ મળી ગયો ને જુદા જુદા પ્રાદેશિક રાજ્યો સ્થાપવાનો અને ખાસ કરીને કર્ણાટક, કેરાલા અને મહારાષ્ટ્રના જુદા પ્રાદેશિક વિભાગો રચવાનું પ્રચાર કાર્ય વેગવંતુ બન્યું. હૈદ્રાબાદના કોંગ્રેસ અધિવેશને જાહેર કર્યું હતું કે ચાર પાંચ વર્ષ સુધી આ પ્રશ્નની વિચારણાનું કાર્ય મોકુફ રાખવું, પણ એ નિર્ણય એક વર્ષ પણ ટકી ન શક્યો. આંધ્ર રાજ્યની સ્થાપના પછી જે તંગદિલી ફેલાવતી હિલચાલો ને પ્રચાર થયાં. પરિણામે ભારત સરકારે ડિસેંબર ૧૯૫૩ માં રાજ્યોની પુનર્રચના અંગે એક પંચ નીમ્યું. છેલ્લા કેટલાએક મહિનાઓથી આ પંચ આ ક્લિષ્ટ પ્રશ્નનો ઊંડો અભ્યાસ કરે છે, દેશના જુદા જુદા ભાગોમાં ફરે છે અને સાંભળવા મુજબ, ભારતના રાજ્યોની પુનર્રચના કરવાનો દાવો અને પ્રતિદાવો નોંધાવતા ૯૦૦૦ થી વધુ નિવેદનો અને લેખિત ખુલાસાઓ પંચ પાસે આવી પડયા છે. આ પંચની નિમણુંકની જાહેરાત વખતે સરકારે આવું ધાર્યું ન હતું. અને પોતાના દાવાને મજબુત કરવા ભાષાકીય ધોરણે રાજ્યોની સ્થાપના થવી જોઇએ એમ માનનારાઓએ જે ઉશ્કેરાટભર્યું વાતાવરણ સર્જ્યું છે તેનો પણ સરકારને તે વખતે કદાચ ખ્યાલ નહિ હોય. આ ઘટનાઓ નિશ્ચિત રીતે સ્થાપિત કરે છે કે આ પ્રશ્ન ફક્ત વહીવટી વિભાગોની ગોઠવણ અંગે જ નહીં, પણ આવા આંદોલનોમાં માનતા કેટલાક નેતાઓ ભારતના જુદા જુદા રાજ્યોના બંધારણ અને ઘડતર અંગે આ રીતે એક પાયાનો ફેરફાર કરાવવા માંગે છે

આ પંચને જે કામગીરી સોંપવામાં આવી છે અને તેમણે જે કાર્ય અને તપાસ કરવનાં છે તેને લગતી સરકારની સૂચનાઓ વ્યાજબી છે. આ પંચ ત્રણ સમર્થ વ્યકિતઓનું બનેલું છે, જેમને જાહેર જીવનનો બહોળો અનુભવ છે અને જેમનાં આવા સવાલો તપાસવા અંગેની કાર્યકુશળતા અને બુદ્ધિચાતુર્ય અંગે બેમત છે નહીં. આ પંચની તપાસમાં આ પ્રશ્નની અનેક બાજુઓની ચર્ચા સમાઇ જાય છે–રાજ્યોની પુનર્રચના કયા સંજોગોમાં કરવી, તેની ઐતિહાસિક ભૂમિકા શી છે, અત્યારની પરિસ્થિતિ કેવી છે અને આ પ્રશ્નને બીજા અગત્યના પ્રશ્નો શો શો સંબંધ છે અને એક નિર્ણય લેવાથી બીજા ઉપર તેની શી શી અસર થવા સંભવ છે વગેરે આ બધી ચર્ચા–વિચારણા પછી આ પંચ સરકારને ભલામણ કરશે કે કયા સિધ્ધાંતોને અનુસરીને આ પ્રશ્નનું નિરાકરણ લાવી શકાય. આ પંચ સમક્ષ અનેક સમસ્યાઓમાં મુખ્ય એ છે કે ભારતની સલામતી અને ઐક્ય જોખમાય નહીં અને તેને સમગ્રરીતે મજબુતી આપવાની સાથે સાથે આ પ્રશ્નનો વિચાર તેમણે કરવો પડશે. આ પ્રશ્નની વિચારણામાં બીજી બાબતોની સાથે સાથે આ પ્રશ્નમાં સમાયેલા નાણાંકીય, આર્થિક, વહીવટી પાસાઓ પણ તપાસવાં પડશે—અને તે પણ દરેક જુદા જુદા પ્રાદેશિક રાજ્યોનાં અલગ અલગ નહીં પણ સમસ્ત દેશના સામૂહિક રીતે જોઇ તપાસીને.

આવી અટપટી સમસ્યાની તપાસ નિષ્પક્ષ રીતે ભાવનાથી પર રહીને અને સમગ્ર હિતોને અનુલક્ષીને થવી ઘટે. આ સવાલના ઊંડે ઊંડે મૂળમાં સંકૂચિતના ભરી છે, સંકીર્ણતા જામી છે અને રાષ્ટ્રીય એકતા અને હિતની વિરૂધ્ધ પ્રાદેશિક સાંકડા હિતોની જાળવણી યા તો સભાન પ્રયાસો થઇ રહ્યા છે. આની સાથે પ્રતિષ્ઠાનો હાઉ પણ ઊભો કરવામાં આવે છે. આમ આ પ્રશ્ન ઉપર અનેક પડળો જામ્યા છે, અનેક વિચિત્રતાઓ ઘર કરી બેઠી છે અને તેથી ઘઉં અને કાંકરા જેમ સહેલાઇથી જુદા પાડી શકાય' તેમ આ પ્રશ્નમાં બને તેવું નથી. પણ પંચની સાચી સફળતા આમાંજ સમાયેલી છે. તે નિર્વિવાદ છે. લોકલાગણીને આ પ્રશ્ન અંગે ભડકાવવામાં આવી છે અને ધાક–ધમકીઓ પણ શરૂ થઇ ગઇ છે. સિધ્ધાંતોને અને શાસ્ત્રીય પધ્ધતિના નિરાકરણને બદલે કામચલાઉ રીતે અથવા અમુક વર્ગને રીઝવવા અથવા તાત્કાલિક નિકાલ લાવવા આ પ્રશ્નનો ઉકેલ લાવવો જોઇએ' એવું વલણ પણ પણ અમુક જગ્યાએ બતાવાય છે. આપણે આશા રાખીએ કે તપાસ–પંચ આ બધાં વલણો ને વ્હેણો સામે ખડકની જેમ અડગ ઊભું રહેશે ને જે ન્યાયી વ્યાજબી ને દેશના હિતમાં છે તે જ રીતે પોતાનાં નિર્ણયો ને ભલામણો જાહેર કરશે.

ભારત સમક્ષ આજનો મુખ્ય પ્રશ્ન આ છે: પરદેશી સત્તા નીચે ૧૫૦ વર્ષની ગુલામી પછી દેશમાં જે રાષ્ટ્રીય ઐક્યની ભાવના જન્મી છે તેને આપણે સાંકડા પ્રાદેશિક વાદથી નવા રાજ્યો ઊભા કરી જોખમમાં મૂકવા માંગીએ છીએ કે પછી દેશને રાજકીય અને આર્થિક રીતે મજબુત અને મક્કમ રાખી, તેની સલામતીને પોષક તેવી રીતે પ્રાદેશિક રાજ્યોની પુનર્રચના કરવાનું કાર્ય બુધ્ધવાદી રીતે અને શાસ્ત્રી પધ્ધતિથી આપણે કરવા માંગીએ છીએ. તપાસપંચે કાયમી નિર્ણયો લેવાના છે અને નહિ કે કામચલાઉ. તપાસપંચે આ ભવ્ય ઉપ–ખંડના નકશાની ઘેરી રૂપરેખા દોરવાની છે અને નહી કે આઝાદીને રૂંધનારી. એમ ભાષાકીય જોરે સ્થપાતી નાના રાજ્યોની હારમાળા આ બધી હિલચાલો તપાસ પંચ માટે એક પડકાર સમી અને ભાગલા કરનારી વૃત્તિઓ વાળાને ફાવટ નહી મળે એવી આશા રાખી રહ્યો છે.

કોંગ્રેસે શ્રી. જયપ્રકાશ નારાયણ, શ્રી. વલ્લભભાઇ પટેલ અને ડૉ. પટ્ટાભિ સીતારામૈયાની જે કમીટી નીમી હતી તેણે આ પ્રશ્ન ઉપર વેધક પ્રકાશ ફેંક્યો છે.

"આઝાદી મળ્યા પછી જે નવા સંજોગો ઉભા થયા છે તેથી આપણે ભાષાકીય પુનર્રચનાના પ્રશ્નને જુદી જ રીતે હવેથી જોવો જોઇએ. આવી વિચારણામાં સમગ્ર દેશની સલામતી, એકતા અને આર્થિક સમૃધ્ધિને પ્રથમ સ્થાન મળવું જોઇએ અને દેશને નબળા પાડી નાંખનારી વિચારધારા, મનોવૃત્તિ અને પ્રવૃત્તિને તોડી પાડવી જોઇએ.

એક દલીલ એ કરવામાં આવે છે કે અત્યારે પણ ભાષાકીય ધોરણે રાજ્યો અસ્તિત્વમાં છે અને તેથી એ દેશ નબળો નથી પડયો, તો હવે શું કામ બનશે? આપણે એ ન ભૂલીએ કે ઉત્તરમાં જે ભાષાકીય ધોરણે રાજ્યો જનમ્યાં છે તેમનો વિકાસ ઐતિહાસિક રીતે થયો છે અને વર્ષો જૂની એ ઘટનાઓ છે. હવેની માંગણી ઉપરછલ્લી રીતે એવી જ દેખાવાનો સંભવ છે છતાં તેના પ્રેરક કારણો અને સ્વરૂપ જુદાં જ છે. અત્યારે તો ભાષાવાદનું આક્રમણ અને "અમે રહી ગયા"ની વૃત્તિ કામ કરી રહી છે, જે દેશને હિતકારક નથી; પહેલાંની પ્રવૃત્તિ રાષ્ટ્રવાદને પોષક હતી. અત્યારની પ્રવૃત્તિ રાષ્ટ્રવાદને ભક્ષક છે, અત્યારે જે પુનર્રચનાની માંગણી કરવામાં આવે છે તેની પાછળ ફક્ત સાંસ્કૃતિકકે ભાષાકીય કારણો નથી પણ રાજકીય હેતુ અને આર્થિક ધ્યેય છે, અને અમુક પ્રાદેશિક જુથો અને અમુક કોમી નેતાઓ તેવી વૃત્તિની આળપંપાળ કરી મોટી હવા પ્રસરાવી રહ્યા છે.

ભાષાકીય ધોરણે જ રાજ્યોની પુનર્રચના થવી જોઇએ એ માગણી બેહૂદી છે અને તેનો સ્વીકાર થાય તો ભારતના રાજ્ય-બંધારણના એકમોનું સ્વરૂપ જ બદલાઇ જાય છે. આ વિચાર-સરણીના પુરસ્કર્તાઓ તો એટલે સુધી આગળ વધે છે અને જાહેર કરે છે કે આ પ્રશ્નની વિચારણામાં ભૌગોલિક, આર્થિક, નાણાંકીય અને વહીવટી બાબતોને લક્ષમાં લેવાની કશી જ જરૂર નથી. તેઓ એમ મનાવવા પ્રયત્ન કરે છે કે એક ભાષા બોલનારા વચ્ચે વિશિષ્ટ

પ્રકારનાં સામાજિક સાંસ્કૃતિક સંબંધો હોય છે અને તેથી તેમનો સમાજ જ જુદો છે; અને તેથી તેને ભારતનું જુદું એકમ ગણવું જોઇએ. ભાષાકીય ધોરણ ઉપર સ્થપાતા રાજ્યનું આ સ્વરૂપ રાજકારણની અનેક મુંઝવણો ઉભી કરે છે. આની બારીકાઇથી તપાસ થવી ઘટે. આ પ્રશ્નને ભારતના બંધારણની જોગવાઇઓ સાથે પણ સંબંધ છે. આવા રાજ્યોની પ્રજાની વફાદારી તે રાજ્ય પ્રત્યે, પાડોશી રાજ્યો પ્રત્યે અને ભારત પ્રત્યે કેવી રીતની હશે એ પણ એક સવાલ છે. આ દલીલનો સ્વીકાર થાય ને નવા રાજ્યો અમલમાં આવે તો ભારતનું રાજ્ય બંધારણ કેવી રીતે અમલી બનશે એ પણ વિચારવાનું રહે છે.

આવા પ્રચારના પુરસ્કર્તાઓ જેઓ પોતાને રાષ્ટ્રવાદી તરીકે ઓળખાવે છે તેઓ પ્રથમ વિશ્વયુધ્ધ પછી યુરોપમાં જે પરિસ્થિતિ નિર્માણ થઇ તે તરફ જાણીબુઝીને દુર્લક્ષ કરે છે. આ અનુભવ જાણવા જેવો છે. દુનિયાના દરેક દેશમાં ભાષાવાદે જ્યારે જ્યારે માથું ઉંચક્યું છે ત્યારે ત્યારે તેમાંથી અસહિષ્ણુતાભરી, આક્રમણકારક અને સામ્રાજ્યવાદી હિલચાલો જન્મી છે. રાજકારણના સામાન્ય અભ્યાસીને પણ આની માહિતી છે. વાસ્તવિક રીતે આ ભાષાવાદના જોખમી આંદોલન પાછળ પણ આવી જ વિચારસરણી કાર્ય કરી રહી છે. હોઠથી રાષ્ટ્રહિત બોલી હૈયે તો તેઓ પોતાની વ્યકિતગત મહત્વાકાંક્ષા જ સેવી રહ્યા છે: ભાષા, સંસ્કૃતિ અને એવી વાતોના ઓઠા નીચે પ્રથમ તબક્કે તે બધા પોતાનું વર્ચસ્વ જમાવવા માંગે છે. આ પછીના તબક્કામાં સાંસ્કૃતિક રીતે, ઐતિહાસિક રીતે અથવા ભાષાની રીતે નજીક ન હોય એવા વિભાગો ઉપર આણ ફેરવવાની આવા લોકોની ઇચ્છા હોય છે. બુધ્ધિવાદ હારે તો ભાવનાવાદથી જીતવા તેઓ યત્ન કરે છે. ભાષાના ધોરણે રાજ્ય નિર્માણ કરવામાં બીજા એકમોને હાનિ થાય અથવા તે રાજ્યમાં વસતી બીજી ભાષાઓ બોલનારી પ્રજાને નુકશાન કે અન્યાય થાય તેની આવા પ્રચારવાદીઓને લગીરે પડી નથી. નવા નવા ભાષાને ધોરણે જ રાજ્યો બને અને તેથી લઘુમતિના અટપટા સવાલો જન્મે તેની પણ તેમને મુદ્દલે દરકાર નથી. એ તો સર્વમાન્ય હકીકત છે કે એકભાષી પ્રજાનો કોઇ પણ એક જ વિસ્તારમાં સમાવેશ કરવો મુશ્કેલ છે, જો ફકત ભાષાને ધોરણે જ નવા રાજ્યો રચવાના હોય તો વસ્તીના અને લઘુમતિનાં પ્રશ્ન મુંઝવનારા નીવડશે અને તેના પ્રત્યાઘાતો દેશ માટે વિષમ નીવડશે.

તવારીખના પાનાં ફેરવીએ તો આપણને જોવા મળે છે કે જાતિ, ભાષા કે ધર્મના એકમાત્ર સિધ્ધાંત ઉપર જે રાજ્ય રચાયું હોય તે તેની લઘુમતિઓને સંતોષ આપી શકતું નથી. આવા દાખલાઓમાં બાંહેધરી કે વચનો, મૌખિક કે લેખિત, કશાએ ખપ લાગતા નથી. બહુમત ધરાવનારો વર્ગ યેનકેન પ્રકારેણ લઘુમતિને કનડે છે અને સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક એવા ક્ષેત્રોમાં માનસિક અંતરાયો અવશ્ય ઉભાં થાય છે. આથી પક્ષાપક્ષી અને દેખાદેખી પણ વધે છે. પ્રથમ યુધ્ધ પછીના યુરોપના ઇતિહાસના પાનાં પોકારે છે કે, સંધિ કરનારા રાજ્યોને લઘુમતિના હકકો અને હિતો સાચવવામાં નિષ્ફળતા મળી હતી. આપણે આશા રાખીએ કે રાજ્યોની પુનર્રચના અંગેનું તપાસપંચ આ પ્રશ્નની આ બાજુ પણ ધ્યાનથી તપાસશે. એ વાત રખે ભૂલાય કે એકવાર ભાષાને ધોરણે રાજ્યોની પુનર્રચના કરવાનો સિધ્ધાંત સ્વીકરાયો કે દરેક ભાષાના જાતજાતના જૂથો ને સમૂહો પોતાની જ ભાષા માટે રાજ્યનું જુદું જુદું એકમ રચવા આકાશપાતાળ એક કરશે. આવું અત્યંત જોખમી કાર્ય કરવું કે નહીં કે પછી આ પ્રવાહો અહીં જ કડક રીતે વેળાસર થંભાવી દેવા એ નકકી કરવાનું કામ પંચનું છે. એક વાત દીવા જેટલી સ્પષ્ટ છે કે આ બધું થાય તો આપણાં નૂતન રાષ્ટ્રીય ઐકતા, સલામતી અને વિકાસ જોખમાશે.

લોકશાહીને ધોરણે ચાલતાં રાજકીય એકમોમાં ભાષા શો ભાગ ભજવે છે તે અંગે કંઇક ગેરસમજ છે. લોકશાહીના આદર્શ સાથે સાંકળતી ભાષા એ તો એક કડી માત્ર છે. વફાદારીની ભાવના રાજ્ય પ્રત્યે અથવા લોકશાહી પ્રત્યે તે કાંઇ ભાષામાંથી જન્મતી નથી. સ્વીટઝરલેંડ લોકશાહીનો સુંદર નમૂનો છે; ત્યાં અનેક ભાષાઓ બોલાય છે; પણ ત્યાંની રચના થઇ છે અમુક મનોવૈજ્ઞાનિક ભૂમિકા ઉપર. ત્યાં અગત્ય આપવામાં આવી છે સહિષ્ણુતા, સમાનતા, ન્યાય, ભાતૃભાવ, સ્વતંત્રતા, એ બધાને; અને નહીં કે ભાષાને. એમ જોઇએ તો ભાષાકીય પ્રાંતરચના લોકશાહીના સિદ્ધાંતની વિરુદ્ધ કાર્ય કરે છે કારણ કે તેમાંથી અસહિષ્ણુતા અને અન્યાય જન્મવાનો પૂરો સંભવ છે. આપણા દેશમાં સ્થાનિક સત્તાઓ અને મ્યુનીસીપાલીટીની કાર્યવાહી ભાષાકીય ધોરણે જ થાય છે અને તેથી ભાષાકીય ધોરણે જ લોકશાહી નભે એ વાત માનવામાં આવતી નથી. ભાષા અગત્યની બાબત છે એ ખરૂં પણ એની અગત્ય દર્શાવવા અતિશયોકિત કરવાની જરૂર નથી. ભાષાકીય રાજ્ય ઉભું કરીને આપણા પાયાના પ્રશ્નોનો ઉકેલ નહી મળે—એ તો આવશે સામાન્ય પ્રજાજનના ઉત્કર્ષથી, તેના જીવનધોરણની સપાટી ઉંચી આણવાથી. અને બેકારી, ગરીબી અને સામાજિક શોષણ અને અન્યાય દૂર કરવાથી. આઝાદી પ્રાપ્તિ પછીનું આપણું મુખ્ય કાર્ય છે આર્થિક આબાદી. પ્રજાએ લોકશાહી તત્વો પચાવ્યા છે કે નહી તેની ચકાસણી છે બહુભાષી રાજ્યો, અને નહી કે એકભાષી રાજ્યો.

આપણા મુખ્ય પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ ઘણી વખત 'દેશના સમીકરણ' તરફ પ્રજાનું ધ્યાન દોર્યું છે. આર્થિક વિકાસ અને આયોજન સારૂ, રાજ્ય બંધારણમાં અંકિત કરેલા ધ્યેયને આંબવા સારૂ અને આપણા દેશને આર્થિક દ્દષ્ટિએ સુદ્દઢ અને સમૃધ્ધ બનાવવા સારૂ દરેક સપાટીએ સહકારની જરૂર છે; બધા સાથે મળી કામ કરે તેવી સમજણની જરૂર છે અને કેન્દ્ર સરકાર, પ્રાદેશિક સરકારો અને સ્થાનિક સરકારો વચ્ચે એક સુસંચાલિત અને કાર્યક્ષમ તંત્રની જરૂર છે. જો રાજ્યની રચના જ સાંકડા પ્રાદેશિક હિતને કે ભાષાના હિતને અનુલક્ષીને થાય અને રાજદ્વારી સત્તા-ખેંચ અને અમુક જ વર્ગનું કલ્યાણ એ ભાવના તેવા રાજ્યને પ્રેરણાદાયક હોય તો તેથી 'દેશનું સમીકરણ' ન જ થઇ શકે. આપણી સાધનસામગ્રી પરિમિત છે અને પ્રાદેશિક હિતો જો પોતાના જ ફાયદા માટે તેની ઉપર અડો જમાવે અને સ્વયંસંપૂર્ણ થવા પ્રયત્નો કરે તો તેથી આયોજન કથળી જાય ને રાજ્યો તરફથી યોજનાઓનો યોગ્ય અમલ થઇ ન શકે. દાખલા તરીકે, કયું મોટું નવું ઔદ્યોગિક એકમ કયાં ઉભું કરવું એનો નિર્ણય ભાષાને ધોરણે તો થઇ જ ન શકે, તે માટે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનું જ અનુકરણ કરવું જોઇએ અને તે એકમ તે જગ્યાએ ઊભું કરવું જોઇએ, જ્યાં બધી સગવડતાઓ અને અનુકૂળતાઓ હોય અને જ્યાં કાર્ય કેવી રીતે ઉત્પાદન લેઈ શકે. ભાષાકીય ધોરણે જ રાજયોની પુનર્રચના થવાની હોય તો વર્ગીય હિતો અને પ્રાદેશિક હિતો, રાષ્ટ્રના હિતો અને સમાજના હિતો વિરૂધ્ધ ટકરાશે, જુદા જુદા પ્રાંતોના રાજયો વચ્ચે દ્વેષ અને તંગદીલી વધશે અને પરિણામે દેશની પ્રગતિ આર્થિક ક્ષેત્રે વિલંબાશે.

રાજ્યોની પુનર્રચના કરવાના પ્રશ્નમાં બનાવટી બાબતનો વિચાર સરખો કરવાની તેના પુરસ્કર્તાઓ ના પાડે છે, તે એક વિચિત્રતા છે. આપણી સામાજીક—આર્થિક યોજનાઓની ધીમી પ્રગતિનું એક કારણ છે વહીવટી તંત્રનું શિથિલપણું, આ આપણને વારસામાં મળ્યું છે. સૌ કોઇ સ્વીકારે છે કે વહીવટી તંત્રને મજબુત કરવાના પ્રયત્નો કરવા જોઇએ અને જુદા જુદા રાજયો વચ્ચેની

સમજણથી અ.મ બનવા પામે. રાજ્યોની રચના ભાષાને ધોરણે થવા પામે તો આમ બનવું અસંભવ છે. કાર્યકુશળતા માટે ગમે તેટલી અગત્ય હોય છતાં ઉધોગો અને વહીવટી તંત્રમાં બીજા રાજ્યોમાંથી આવનારી વ્યકિતઓને અને વહીવટી તંત્રની અરસપરસની ફેરબદલીને આ બાબત નડશે. આ તો અનુભવની વાત છે અને કેટલાયે રાજ્યોમાં આજે ઝેરી પ્રચાર થઇ રહ્યો છે કે પરભાષી અમલદારો નહીં જોઇએ અને પોતાની ભાષા બોલનારને જ તે જગ્યાઓ આપવી જોઈએ. આ ચર્ચાનો ઉદ્ભવ ભાષા ઉપર જે વધુ પડતો ભાર મૂકવામાં આવે છે તે ઉપર છે અને મુલ્કી અને બિનમુલ્કીની ચર્ચાઓ આવી જગ્યાએ જોશભેર થઈ રહી છે. એકવાર ભાષાકીય ધોરણ ઉપર રાજ્યોની પુનર્રચના થઇ એટલે આ વલણ ઉપર કોઇ પણ જાતનું નિયંત્રણ રહેવાનું નથી અને વહીવટી તંત્ર મજબુત બનવાને બદલે ઢીલું પડતું જશે, કારણ બને તેટલી વહીવટી જગ્યાઓ ઓછી લાયકાતવાળી વ્યકિતઓને આપવાનો પ્રયત્ન થશે અને આમ કાર્યક્ષમતાને સહેવું પડશે.

રાજ્યોની પુનર્રચનાના સિદ્ધાંતો અંગે એક પડકારરૂપે મુંબઇ રાજ્ય ઉભું છે. મુંબઈ રાજ્ય કેટલાક બહુભાષી વિભાગોનું બનેલું છે, ઘણી ભાષાઓને તે પોષે છે અને વિશિષ્ટ સ્થાન ધરાવતું મુંબઇ શહેર એ તેની રાજધાની છે ઔધોગિક, નાણાંકીય, રાજકીય, સાંસ્કૃતિક અથવા રક્ષણાત્મક ગમે તે રીતે જોઈએ તો પણ મુંબઇ રાજ્ય ભારતમાં એક મોખરાનું સ્થાન સાચવે છે. બહુભાષી રાજ્ય છતાં ત્યાં સંપ અને સુમેળ છે. અને કોઇ પણ વર્ગ કે ભાષાનું ત્યાં જોર નથી અને તેથી કાંઇ મુશ્કેલીઓ ઉપસ્થિત થતી નથી. હકીકતે મહારાષ્ટ્રીય પ્રજા તો ત્યાં બહુમતિમાં છે, અને છતાં મહારાષ્ટ્રને ‘અલગ પાડવા તેનું બુમરાણ જોરશોરથી મચાવે છે. રાજ્યસભામાં પણ તે લોકોની બહુમતિ છે. મહારાષ્ટ્રીય જનતાએ એક પણ દાખલો ટાંકયો નથી કે જેમાં તેમને હરકત પડી હોય કે તેમના હિતની અવગણના થઇ હોય. શું આ મુંબઇ રાજ્ય કે જે આર્થિક અને નાણાંકીય રીતે દેશને ખૂબ અગત્યનું છે તેના ભાગલા ફકત નવા રાજ્યો ઉત્પન્ન કરવા માટે જ પાડશે? તપાસ પંચ આવી ભલામણ વ્યાજબી રીતે, દેશના હિતની દષ્ટિથી કરી શકશે ખરૂં? મુબઇ રાજયનું વિભાજન કયા સિદ્ધાંતોને આધારે કરવામાં આવશે? શું મહારાષ્ટ્ર રાજ્ય ઉભું કરવા સારૂં આમ કરવું પડે એ યોગ્ય ગણશે? એક બીજો અગત્યનો પ્રશ્ન એ છે કે રાજ્યોની પુનર્રચના ભાષાકીય ધોરણે થવી જોઇએ એ માગણી જનતા જનાર્દનની છે, પ્રજાની મોટા ભાગની છે કે અમુક રાજકીય નેતાઓની જ છે કે જે ભાષકીય ધોરણે રાજ્ય રચી પોતે જ “રાજા” માં ખપાવવા ઇચ્છે છે? આનો કાંઇ તાળો મેળવવામાં આવ્યો છે ખરો?

દલીલ માટે માની લઇએ કે મુંબઇ રાજ્યનું વિભાજન થતાં મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાત એ રાજ્યો સ્થાપિત થયાં તો સવાલ એ ઉભો થાય છે કે મુંબઇ શહેરનું શું? તપાસપંચ સમક્ષ પડેલી અટપટી સમસ્યાઓમાં આ એક મુખ્ય બાબત છે.

ટૂંકમાં, (૧) મુંબઇ પચરંગી શહેર છે (૨) મુંબઇ બહુભાષી એકમ છે (૩) મુંબઇ વ્યાપાર-વાણીજ્ય અને ઉધોગનું કેન્દ્રસ્થાન છે (૪) મુંબઇ એ મોટા ભૌગોલિક વિસ્તારને આધાર દેતું, આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું બંદર છે (૫) મુંબઇ રક્ષણાત્મક દષ્ટિએ, નૌકાદળની દૃષ્ટિએ અને હવાઇદળની દષ્ટિએ ભારતનું ખૂબ મહત્વનું સ્થાન છે.

આ બધા મુદ્દાઓ ધ્યાનમાં લઇ જે. વી. પી. હેવાલે ચોકકસતાથી જણાવ્યું હતું કે “આ શહેર કોઇ પણ એક ભાષા બોલનારનું ન હોઇ શકે, જો તેમ થાય તો તેનું અત્યારનું મહત્વનું સ્થાન ઝડપભેર ઓછું થઇ જશે.” તેમના અભિપ્રાય મુજબ “જો મુંબઇ રાજયના ભાગલા કરવામાં આવે અને મહારાષ્ટ્રનું જુદું એકમ બનાવવામાં આવે તો મુંબઇનું જુદું રાજકીય એકમ રચાવું જોઇએ.” આ અભિપ્રાય સ્પષ્ટ છે-શંકારહિત શબ્દોમાં રજુ થયેલો છે. આ અને આવા તટસ્થ અભિપ્રાયો છતાં શું તપાસ પંચ મુંબઇને મહારાષ્ટ્રમાં જોડવા ભલામણ કરશે? મહારાષ્ટ્ર તરફથી મુંબઇના પ્રશ્ન અંગે પ્રતિષ્ઠાનો સવાલ બનાવવાનો પ્રયાસ થાય છે, મહારાષ્ટ્રીય પ્રજાનો ધસારો થશે એવી ધમકીઓ આપવામાં આવે છે, અને મહાવિદર્ભની પ્રજાને પૂના રાજધાની તરીકે જોઇતું નથી માટે અમને મુંબઇ આપો એવી બેહુદી ને કઢંગી વાતો થાય છે. આ તે કાંઇ દલીલ છે કે આ મહાવિદર્ભને મહારાષ્ટ્રમાં ભેળવવું છે; (બ) મહાવિદર્ભને પૂના જોઇતું નથી; માટે, (ક) અમને મુંબઇ આપો.” કોઇ પણ રીતે જોઇએ-ભૌગોલીક, સાંસ્કૃતિક. ઐતિહાસિક કે પછી ભાષાની દૃષ્ટિએ—મુંબઇ એ મહારાષ્ટ્રનો ભાગ નથી જ નથી. આપણે માટે સંતોષની બીના છે કે જે તપાસ પંચ નીમાયું છે તે આ બધી બાબતોની બારીકાઇથી પરીક્ષા કરવા ભાગ્યશાળી છે. પંચ સમક્ષની કામગીરી ભારે અગત્યની છે. તેમના નિર્ણયો ઉપર સમજદાર નાગરિકો નજર નાંખીને બેઠા છે. આ પંચ પ્રાદેશિક વિભાગોની પુનર્રચના અંગે ભલામણો કરશે તે મુજબ ભારતનો નકશો દોરાશે અને ભારતનો ઇતિહાસ તે માર્ગે આગળ વધશે.

## સદ્ભાવ-નિવેદન

જૈન યુવક સંઘ, મુંબઇ, આજે પા સદીથી જૈન અને જૈનેતર સમાજની શૈક્ષણિક તેમ જ સાંસ્કારિક ક્ષેત્રની અંદર સંપૂર્ણ રાષ્ટ્રીય દષ્ટિએ સેવા કરી રહેલ છે. સારાએ જૈન અને જૈનેતર સમાજને બાપુની અહિંસાત્મક સમાજરચનાની કલ્પનાથી રંગવાનો સતત અને જાગૃત પ્રયત્ન કરી રહેલ છે. “પ્રબુદ્ધ જીવન”, સાર્વજનિક વાંચનાલય, પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા પોતાના વિચારો સમાજની અંદર ફેલાવી રહ્યું છે. માનવ-ધર્મ કેવળ સત્ય અને અહિંસા દ્વારા શકય છે, એ સૂત્ર જૈન સમાજને સમજાવવું ભાગ્યે જ અઘરૂં છે. એ સમાજરચના પ્રત્યે અભિમુખ બનવાના કાર્યમાં આ સંમેલન મદદરૂપ નીવડે તેમ ઇચ્છું છું.

**સૌરાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી માનનીય ઉછરંગરાય ઢેબર.**

*

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે વર્ષોથી વિવિધ ક્ષેત્રે જે પ્રગતિ સાધી છે તે ખરેખર પ્રશંસનીય તેમજ આવકારને પાત્ર છે. ભાવીમાં પણ અનેકલક્ષી પ્રવૃત્તિ સાધી સમાજ, ધર્મ અને દેશની સેવા કરી સંઘની પ્રવૃત્તિ દરેક ક્ષેત્રે ચિરસ્મરણીય બને એવી અભ્યર્થના.

**શ્રી પોપટલાલ રામચંદ શાહ**

*

કોઇપણ સંસ્થા પોતાના ઉપયોગી અને કર્તવ્યશીલ આયુષ્યની પચ્ચીશી પૂરી કરે એ સેવાનું સીમાચિહ્ન કહેવાય, પણ તમે અને તમારી આ સંસ્થા એક બીજા વિશિષ્ટ કારણે પણ અભિનંદનના અધિકારી છો.

તમારી બિનસાંપ્રદાયિક મનોદશા અને સંસ્થાનું માનવધર્મ પ્રતિ વલણ અને કાર્ય તમને બીજી કોમી સંસ્થાઓથી અલગ પાડે છે. અને એજ તમારી વિશેષતા અને સજીવતાનું લક્ષણ છે.

સંઘની પ્રવૃતિઓ નવા ભારતની સાંસ્કૃતિક મંઝીલ પર પહોંચવાની ગતિમાં પોતાનો નમ્ર ભાગ ભજવશે એવી શ્રધ્ધા આપણા આદર્શની સચ્ચાઇ ઉપર અવલંબે છે.

**શ્રી કિશનસિંહ ચાવડા**

૫૮



# ઔદ્યોગીકરણ અને વિદેશ સાથેનો આપણો વેપાર

**શ્રી. મુરારજી જાદવજી વૈદ્ય**

વિશ્વના વ્યાપારી નકશામાં ભારતનું સ્થાન અનોખું છે. એ સ્થાન સદીઓ જૂનું છે. વર્ષોથી પોતાનો માલ ભારતે દુનિયાને આપ્યો છે ને પરદેશો પાસેથી તેવી જ રીતે લીધો છે. આપણું વહાણવટું આપણા વિદેશ સાથેના વ્યાપારની સાક્ષી પૂરે છે ને ઔદ્યોગિક ક્રાન્તિ પહેલાં સારા પ્રમાણમાં, જો કે, નાના જથ્થામાં, આપણો વેપાર રહેતો. આપણા પાડોશી–દેશો સાથે તો તે વધુ હતો. આપણી વિદેશ સાથેના વેપારની અને વ્યાહવટાતી તવારીખની પ્રતિછાયા આપણે સાહિત્યમાં પણ સારી રીતે જોઇ શકીએ છીએ. ઈ. સ. પૂર્વે ૩,૦૦૦ માં ભારતના સંબંધો બેબીલોન સાથે હતા. ગ્રીક અને ઇજીપ્તના 'મમીસ' આપણા ઢાકાના મલમલમાં વીંટાળેલા જોવામાં આવ્યા છે. ગુપ્તવંશ અને તે પછી પણ આ વેપારનું ધોરણ રહ્યું, જો કે આજના કરોડો રૂપીઆના વિદેશના વેપારની સરખામણીમાં તે વેપારનું પ્રમાણ ઓછું હતું અને જે ચીજવસ્તુઓ આપણે ત્યાં ખરેખર ફાજલ હતી તેની હેરફેરમાંથી ઉદ્‌ભવતી હતી. મોગલ વંશ દરમ્યાન ભારતના વેપારને ખૂબ પ્રોત્સાહન મળ્યું અને ડો. બાલક્રીષ્ણે વર્ણવ્યું છે તેમ "દુનિયાની વ્યાપારી પધ્ધતિનું અને નાણા અને માલની હેરફેરનું હિન્દ એક ફેફસારૂપે બની ગયું હતું." અઢારમી સદીમાં પણ આપણા ઉત્પાદન, આપણી વ્યાપાર વ્યવસ્થા, દુનિયાના બીજા દેશોની સરખામણીમાં અગત્યનું સ્થાન ધરાવતાં હતા.

આ પછી વિદેશ સાથેનું વ્યાપારનું એક નવું પ્રકરણ ખુલ્યું. મોગલ સામ્રાજ્યના પતન પછી દેશમાં જે અંધાધૂંધી ને અવ્યવસ્થા પામી, તેની અસર દેશના અર્થતંત્ર અને વાણીજ્ય ઉપર થઇ. પરદેશી મીશનરીઓ આવ્યા, યુનીયન જેક આવ્યો અને બ્રીટીશ સત્તાયુગ શરૂ થયો, રાજકીય ક્ષેત્રે આપણે પરતંત્ર બન્યા, આર્થિક ક્ષેત્રે આપણે પંગુ ને લાચાર બન્યા; સાંસ્કૃતિક ક્ષેત્રે આપણને સહેવું પડયું. ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે પાકા માલના ઉત્પાદનમાં આમૂલાગ્ર ફેરફારો થયા ને તેથી માલના ઉત્પાદન, વિતરણ અને વ્યવસ્થા ઉપર જબરજસ્ત અસર થવા પામી. કાચા માલનું મહત્વ અને ઔદ્યોગિક ખાતામાં વર્ચસ્વ ટકાવીને સાંચાઓને કામ મળે તે સારૂ કાચા માલની શોધખોળ શરૂ થઇ ગઈ. આ સમગ્ર પરિસ્થિતિની અસર આપણા વિદેશના વ્યાપાર ઉપર થઇ અને આપણા દેશને 'કાચા માલની વખાર' ગણાવવા લાગી. આપણા ગ્રામોદ્યોગો, ગૃહદ્યોગો, ગામડાંઓ ભાંગતાં ચાલ્યાં. ને કાચો માલ આપણે નિકાસ કરી કરીને પાકા માલની આયાત કરતા ગયા. આપણું જ "રૂ" પરદેશી સ્ટીમર મારફતે, પરદેશ જઇ, પરદેશમાં કાપડ તરીકે વણાઇ પાછું પરદેશી સ્ટીમર મારફતે પાછું આવતું ને ગામડામાં ખડકાતું. આ પદ્ધતિ મુજબ પરદેશની મૂડી, મજુરી, વ્યવસ્થા, દલાલો, પેઢીઓ વિ. ને ફાયદો થતો. અર્થશાસ્ત્રીઓ આ પરિસ્થિતિને 'ગ્રામીકરણ' રીતે ઘટાવે છે ને ખરેખર જ આ સમયે આપણા દેશનાં અર્થતંત્રનું ક્રમશઃ ગ્રામીકરણ (Progressive ruralisation of our economy) થઇ રહ્યું હતું.

પણ સાહસવૃત્તિ કલા કૌશલ્ય, ખંત, ઉત્સાહ અને કાર્યકુશળતામાં ભારત કોઇ પણ દેશથી પાછળ પડતું નથી મીલ ઉદ્યોગથી શરૂ થઇ, ધીમે ધીમે નાના મોટા કારખાનાઓ અને મીલો આપણા દેશમાં શરૂ થયાં. પરદેશી શાસકોની નીતિ છતાં, અને તેને પડકારતા દેશમાં ઉદ્યોગ–ધંધા વિકસતા ગયા: અલબત્ત તેની ગતિ ધીમી રહી. પ્રથમ વિશ્વ યુધ્ધે ઉદ્યોગોના વિકાસને ટેકો આપ્યો. સ્વદેશી આંદોલન અને બોયકોટની ચળવળે ભારતના ઉદ્યોગોને પગભર કર્યા. ઔદ્યોગિક નીતિ પણ જેવી જોઇતી હતી તેવી સહાનુભૂતિભરી ન હતી. તે છતાં, તેનાથી અમુક ઉદ્યોગોને અને ખાસ કરીને વપરાશને માલ ઉત્પન્ન કરતા ઉદ્યોગોને અચૂક ફાયદો પહોંચ્યો. રાજકારણની દૃષ્ટિએ, લડાયક અને રક્ષણાત્મક દૃષ્ટિએ અને ઇંગ્લંડ અને ભારતના પ્રજામતને વચન આપી દેશની ઔદ્યોગીકરણ વિવિધતામાં વધારો થયો, તેનો વિસ્તાર વધ્યો ને ઉત્પાદન પણ વધ્યું આનું પ્રતિબિંબ પણ આપણા વિદેશો સાથેના વ્યાપારમાં પડ્યું ને. પહેલાં જો આપણે મુખ્યત્વે કાચો જ માલ નિકાશ કરતા કરતા હતા તો હવે તેમાં પાકો માલ, ખાસ કરીને શણની બનાવટ, સુતરાઉ કાપડ વિ. ભળ્યા અને ઉદ્યોગોના વિકાસને જરૂરી એવી સાધનસામગ્રી આપણે આયાત કરવા માંડી. ૧૯૨૦–૨૧ માં આપણી કુલ આયાતમાં પાકા માલનું પ્રમાણ ૮૪ ટકા હતું તે ૧૯૪૧–૪૨માં ઘટીને ૫૫ ટકા થયું. આવી જ રીતે આપણી નિકાશોમાં પાકા માલનું પ્રમાણ જે કુલ આયાતના ૩૬ ટકા હતું તે વધીને ૪૭ ટકા થયું. આ વિદેશ વ્યાપારનું જે સ્વરૂપ બદલાયું તે દેશમાં વધતા જતા ઔદ્યોગીકરણનું પ્રતિબિંબ છે. બે યુધ્ધો વચ્ચેના ગાળામાં દેશની પ્રગતિ ઔદ્યોગિક ક્ષેત્રે ઠીક ઠીક થઇ. અને આ પ્રગતિ પરદેશી સરકારની 'સાવકી'માની નીતિના વિરોધમાં થઇ એ આપણે રખે ભૂલીએ.

૧૯૪૧–૪૨ માં કુલ નિકાશ વેપારના ખાદ્ય પદાર્થોના ૨૫ ટકા, કાચા માલના ૨૮ ટકા અને પાકા માલના ૪૭ ટકા હતા. તે જ વર્ષમાં કુલ આયાત વેપારના ખાદ્ય પદાર્થોના ૧૬ ટકા, કાચો માલ ૨૯ ટકા અને પાકો માલ ૫૫ ટકા હતા.

આ આંકડાઓ બતાવે છે કે પહેલા સમય કરતાં દ્વિતીય વિશ્વ યુધ્ધની શરૂઆતમાં વિદેશ વ્યાપારનું બંધારણ દેશના અર્થતંત્રને વધુ અનુકુળ હતું. વિદેશના વ્યાપારનું પ્રમાણ તો પહેલાં કરતાં વધ્યું જ હતું.

૧૯૩૯–૪૫ ના યુધ્ધ ગાળા દરમ્યાન આપણા દેશના ઉદ્યોગોને સાચો એવો ટેકો મળ્યો. ઔદ્યોગિક ઉત્પાદનની સપાટી ઉંચી લાવી ચીજ વસ્તુઓની ખેંચ અને નાણાના ફુગાવામાં આપણું અર્થતંત્ર અટવાયું.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું—યુધ્ધ પછીના પ્રશ્નો અણઉકેલ્યા પડયા હતા, ત્યાં આર્થિક દૃષ્ટિએ એક એવા દેશના ભાગલા પડયા નિરાશ્રિતોના કઢંગા પ્રશ્નો ઉભા થયા પણ સાથે સાથે આપણે રાજકીય આઝાદી મેળવી. રાજકીય આઝાદી એ તો આર્થિક આઝાદી મેળવવાની સુવર્ણકૂચી છે અને આઝાદી પછીનાં વર્ષો દરમ્યાન, અનેક મુશ્કેલીઓ અને મુશીબતો પછી કુશળ વહાણવટી નીચે આપણું જહાજ ભરદરિયે ઝડપભેર ચાલી રહ્યું છે. પ્રજા અને સરકારનો અરસપરનો વિશ્વાસ જેમ જેમ જામતો જશે, સહકાર વધતો જશે અને 'દેશના હિતના દ્રષ્ટિબિંદુ' જેમ વધુને વધુ કળાતું જશે તેમ તેમ ધ્યેયસિધ્ધિ જલ્દી થશે.

આપણા અર્થતંત્રને મજબુત બનાવા, જીવનધોરણ ઉંચું લાવવા, બેકારીના પ્રશ્નને હળવો બનાવવા, ખેતીને અને ઉદ્યોગોને મદદ કરવા પ્રથમ પંચવર્ષીય યોજના અમલી બની ચૂકી છે. આ યોજનામાં ખેતી, નહેરો, વીજળી–કામો, લોકકલ્યાણના કાર્યો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ, બીજી પંચવર્ષીય યોજનામાં દેશના ઝડપી ઔદ્યોગીકરણ ઉપર ભાર મૂકવામાં આવનાર છે. ઉત્પાદન વિપુલ બનાવીને જ દેશની માથાદીઠ આવક વધારી શકાય અને તો જ જીવનધોરણ ઊંચું આવવા પામે. આપણે નવા નવા કેટલાયે ઉદ્યોગો

સ્થાપવાની જરૂર છે. દુનિયાના આગળ વધેલા દેશોની હરોળમાં ઉભા રહેલા ઔદ્યોગીકકરણની વિવિધતા અને વિપુલતા થવી જોઇએ. તેની ગતિ વધવી જોઇએ અને આ બધું દેશના હિતમાં થાય તે રીતે થવું જોઇએ. પરદેશી ભંડોળ આપણે મર્યાદિત રીતે જ વાપરવું જોઇએ અને તેમ કરવા જતાં આપણા દેશના કાયમી હિતો જોખમાવા ન જોઇએ. પરદેશની વૈજ્ઞાનિક મદદની પણ આપણને જરૂર રહે છે. ઔદ્યોગીકરણને જરૂરી એવો કાચો માલ, અને પાકો માલ, પાકો માલ-પ્લાન્ટ મશીનરી, સાધન સામગ્રી, સ્પેર્સ સ્ટોર્સ વગેરે આપણે મેળવવાનું રહ્યું, આ બધાની આપણે આયાતો કરવી પડશે. હુંડીયામણની દ્રષ્ટિએ જોઇએ તો આટલું નાણું ફાજલ પાડવા આપણે નિકાશોનું ધોરણ જાળવવું પડશે-ધારવું પડશે, આપણું વેપારનું પાનું આપણે તપાસવું પડશે.

| | | ૧૯૪૮-૪૯ | ૧૯૪૯-૫૦ | ૧૯૫૦-૫૧ | ૧૯૫૧-૫૨ | ૧૯૫૨-૫૩ | ૧૯૫૩-૫૪ |
|---|---|---|---|---|---|---|---|
| કુલ આયાત | લાખ રૂા. | ૬૭૨,૯૬ | ૬૩૯,૭૫ | ૬૦૮,૮૪ | ૮૭૪,૯૩ | ૬૩૫,૪૮ | ૫૪૨,૨૯ |
| કુલ નિકાસ | લાખ રૂા. | ૪૫૩,૭૮ | ૫૦૬,૦૨ | ૬૦૧,૩૭ | ૭૧૫,૬૩ | ૫૫૯,૫૧ | ૫૨૦,૫૧ |
| વેપારનું પાસુ | લાખ રૂા. | ૨૧૯,૨૬ | ૧૩૩,૭૩ | ૭,૪૭ | ૧૫૯,૩૦ | ૭૫,૯૭ | ૨૧,૭૮ |

આ સમય દરમ્યાન કોરીયાની લડાઇ બંધ પડયાં પછી લડાઇના તેજીના સંજોગો બદલાયા છે, વેચનારને બદલે ખરીદનારનું બજાર મળ્યું છે અને તેથી આપણી નિકાશો ટકાવી રાખવાનું કાર્ય જટિલ બન્યું છે પણ, આમ કરવામાં ન આવે તો તેની અસર ઔદ્યોગિકતા ને જરુરી એવી બાબતો ઉપર થવા સંભવ છે. દેશનું આંતરિક ઉત્પાદન વધ્યું છે તો તેને જીરવવાની લોકોમાં ખરીદ શકિત નથી તેથી પણ આપણો પ્રશ્ન વિષમ બને છે. આ સંજોગોમાં નિકાસો વધારવા માટે ભારત સરકાર જે ધ્યાન આપી રહી છે તે સ્તુત્ય છે અને તેને બધાંનો ટેકો છે.

# ❋ જૈનોના સામાજિક ઐકયની શકયતા ❋

**શ્રી ખીમચંદ મગનલાલ વોરા**

પૂર્વકાલીન, મધ્યકાલીન કે અર્વાચીન જૈનોની સામાજિક પરિસ્થિતિનું અવલોકન કરતાં એક હકીકત સ્હેજે તરી આવે છે કે જૈન સમાજમાં કોઇને કોઇ પ્રકારની વિચારભિન્નતાનું અસ્તિત્વ સર્વદા રહ્યાં જ કર્યું છે. જો કે વિચારભેદ કે માન્યતાભેદ હોવાં એ સ્વભાવિક છે. અને એવી વિચારભિન્નતા તો મનુષ્યની પોતાની ભિન્ન ભિન્ન માન્યતાઓ હોવાથી રહેવાની પણ ખરી. પરંતુ આ પ્રકારે સર્જાયેલી ભિન્નતા વ્યકિત કે સમાજને પરસ્પર વિરોધી માર્ગે ન દોરી જાય એવી વિવેક બુધ્ધિ મનુષ્યે રાખવી રહી. જૈનો આજે સામાજિક એકતાની વાતો ખૂબ કરે છે, વ્યાસ પીઠ ઉપરથી વકતાઓની વાગધારામાં એકતાના વેણુ વહેતાં હોય છે, લેખકોની લેખન-પ્રસાદીમાં પણ એકતાના જ સૂરો આરોહ-અવરોહ લે છે. પરંતુ જ્યારે કોઇ પ્રસંગ ઉપસ્થિત થતો હોય છે ત્યારે એકતાની વાતો ભૂલી સ્વસંપ્રદાયની પુષ્ટિ અને અન્યનું ખંડન કરવાનું નથી ભૂલાતું. એક તરફ પુષ્કળ ખંડનાત્મક સાહિત્ય પ્રગટ થાય છે, જે એકતાના માર્ગને અવરોધે છે જ્યારે બીજી તરફ સભા-અધિવેશનોમાં સુંદર શબ્દોમાં એકતાના પ્રસ્તાવો પણ થતા હોય છે, પરંતુ આ બધું બહુધા માત્ર ઔપચારિક ધોરણે થતું હોય છે. અન્યથા જૈન સમાજ જેવા સુશિક્ષિત નાનકડા સમાજની એકતા આટલી દૂરને દૂર ન રહી હોત.

એકતાના પ્રશ્નની બીજી બાજુ પણ છે. કેટલાયે એકતાપ્રેમી વિચારકોએ વિવિધ વર્તુલોનું સંગઠ્ઠન કરવા-સાચી એકતા સાધવા અનેક પ્રયત્નો કર્યાં છે. પરંતુ કોણ જાણે કેમ એમાં સફળતા નથી સાંપડી. સંભવ છે કે કાળ પરિપકવ થયો ન હોય. એક માન્યતા એવી પણ છે કે વર્તમાન ફિરકાઓનું વિલીનીકરણ કરી, એકીકરણ વડે માત્ર એક જ અવિચ્છિન્ન સમાજની સ્થાપના કરવી. આ વિચાર જરૂર સારો છે, પરંતુ આજે કોઇ પણ સંપ્રદાયનું વિલીનીકરણ કે અવજ્ઞા સંભવિત નથી. સૈધ્ધાન્તિક રીતે પણ એ શકય નથી અને એ પ્રકારે જૈન સમાજની એકતા કદી સિધ્ધ થવાની પણ નથી.

આ સંયોગોમાં સાચી એકતા સ્થાપિત કરવાની જે માન્યતા સમાજે કેટલાક સમયથી સ્વીકારી છે, એ માર્ગે જ ગતિ કરવાની રહી અને તે એ કે, જૈન સમાજના જે પૃથક પૃથક ફિરકાઓ છે તેઓ સૌ પોતપોતાની સ્વીકૃત ધાર્મિક માન્યતા અને પરંપરા પ્રમાણે વર્તે, ક્રિયા-અનુષ્ઠાનો કરે, પોતાના સાંપ્રદાયિક આચાર વિચાર અને પ્રણાલિકાને અનુસરે, પરંતુ સમગ્ર સમાજને સ્પર્શતા સામૂહિક પ્રશ્નો પરત્વે સૌ સહકારપૂર્વક-સાથે મળીને કાર્ય કરે. આ પ્રકારે સામાન્ય પ્રશ્નો અંગે આખાયે જૈન સમાજની સંગઠિત શકિત એક સમૂહ રીતે કાર્ય કરે, તો સાચી એકતા સાધવા ઉપરાંત જૈન સમાજ એક બળવાન એકમ બની રહે.

મુદ્દાની વાત એ છે કે સાચી એકતા સાધ્ય કરવાનો પ્રશ્ન ગંભીરતાપૂર્વક અને ઉંડાણથી નથી વિચારાયો, અન્યથા એમાં કોઇ અટપટું તત્ત્વ જ નથી. જ્યારે ધાર્મિક માન્યતા અને પરંપરાના મૂળભૂત પ્રશ્નને બાજુએ રાખીને માત્ર સામાજિક એકતાનો પ્રશ્ન હાથ ધરાય ત્યારે એમાં કોઇપણ એવો મુદ્દો નથી રહેતો કે જે એકતાના કાર્યમાં અવરોધ ઊભો કરે. જૈન સમાજના સામૂહિક હિતની દૃષ્ટિએ જૈનોની એકતાના પ્રશ્નનો ઉકેલ અનિવાર્ય છે ત્યારે એનો નિકાલ લાવવા પ્રયત્ન થવો જોઇએ. આના ઉકેલ માટે દરેક ફિરકાના પ્રતિનિધિઓએ સાથે બેસી દરેકને સ્પર્શતા સામાન્ય મુદ્દાઓની સૂચી બનાવી, વિવાદાસ્પદ પ્રશ્નોને સદંતર છોડી, સર્વ સામાન્ય બંધારણ ઘડી આખાયે સમાજના ધોરણે, પ્રત્યેક ફિરકાનું પ્રતિનિધિત્વ ધરાવતી એક મધ્યસ્થ સમિતિ નીમવી, સમાજને સામૂહિક રીતે સ્પર્શતા પ્રશ્નો અને કાર્યોનું સંચાલન એ પ્રકારે રચાયેલી મધ્યસ્થ સંસ્થાને સોંપી દેવું જોઇએ. આ પ્રકારે સાથે મળીને કાર્ય કરતાં, ધીમે ધીમે સમાજમાં સાચી એકતા જરૂર સ્થપાશે.

થોડા સમય પહેલાં સદ્ગત આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીની પ્રેરણાથી ચાર સંપ્રદાયોના આગેવાનોની એક સંયુકત સમિતિની રચના થયેલી, જેની એકાદ બે સભાઓ પણ મળેલી પરંતુ એ બાદ કશું જ થયું જણાયું નથી. સમિતિ સક્રિય કાર્યરત બને એ જરૂરી છે.

અનુભવ કહે છે કે કોઇ મોટું કાર્ય જ્યારે આખાયે જૈન સમાજના નામે ઉપાડાયું છે ત્યારે જોઇએ તેવી સફળતા નથી સાંપડી, પરંતુ એવડું જ મોટું કાર્ય જ્યારે જૈન સમાજના એકાદ ફિરકા તરફથી શરૂ થયું છે ત્યારે એ ફિરકાના લોકોએ એ કાર્યને પોતાનું ગણી એમાં પૂરો સહકાર આપ્યો છે, દાખલો લઇએ તો, દેશના ભાગલા

પડતાં પાકિસ્તાનમાં ફસાઇ ગયેલ જૈનોને વિમાનો વડે ખસેડવા માટે, તેમજ એમના પુનઃવસવાટ માટે સ્થાનકવાસી કોન્ફરન્સે અપીલ બહાર પાડી ત્યારે માત્ર ગણ્યા દિવસમાં હિંદના ખુણેખુણેથી લાખોની રકમ આવી પડી. એજ રીતે મધ્યમવર્ગના વિકાસ માટે શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રયાસ થતાં, ગંજાવર રકમ એકઠી થઇ. શ્રી મહાવીર વિદ્યાલય માટે પ્રસંગોપાત અપીલો થતાં, આજે એ સંસ્થા એક આદર્શ માતબર શિક્ષણ કેન્દ્ર બની જવા પામી છે. પરંતુ જૈનોના દરેક સંપ્રદાયની સંયુકત શિક્ષણ સંસ્થા "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" જેવી સંસ્થાને પોતાનુ મકાન ઊભું કરવા માટે કેટલાં વર્ષ રાહ જોવી પડી એ સૌ કોઇ જાણે છે. આ હકીકત સ્પષ્ટ રીતે કહી જાય છે કે લોક હૃદયમાં રૂઢ બનેલી સાંપ્રદાયિકતા હજુ વિલીન નથી થઇ.

શ્રી મહાવીર વિદ્યાલય માટે આ વર્ષે ઠીક એવી રકમ એ સંપ્રદાયની બહારના જૈન બંધુ તરફથી મળેલ જેમાં દાતાને એવી આશા હતી કે વિદ્યાલય હવે અલ્પ સંખ્યામાં પણ અન્ય જૈન સંપ્રદાયના વિદ્યાર્થીઓને દાખલ કરશે, પરંતુ એ આશા માત્ર આશા જ રહી. આ દાખલો માત્ર ઉદાહરણ રૂપે છે. આ પ્રકારની પરિસ્થિતિ જૈનોના સંપ્રદાયોમાં પ્રવર્તે છે. જ્યાં સુધી સમાજની સાંપ્રદાયિક વિચારસરણીમાં આમૂલાગ્ર ક્રાંતિકારક પરિવર્તન નહિ આવે ત્યાં સુધી થાબડભાણા જેવીજ સ્થિતિ રહેવાની છે.

યુગ જરૂર બદલાયો છે. યુગના આંદોલનોએ ક્રાંતિ આણી છે. લોકોમાં જાગ્રૃતિ પણ આવી છે અને સાંપ્રદાયિકતા ઓછી થઇ છે એ હકીકત છે. હજુ ગઇ કાલે જૈનોના જાહેર તહેવારોની તારીખો સરકાર પાસે નકકી કરાવતાં જુદી જુદી કોન્ફરન્સો પોતાની તિથિઓ જ મંજુર થાય એ માટે આકાશ પાતાળ એક કરતી. અને આજે કોઇ ચોથ કે પાંચમના વિવાદમાં નથી ઊતરતું. મહાવીર જયંતીનો તહેવાર પોતાની તિથિએ જાહેર થાય એવો આગ્રહ નથી રખાતો. તિથિની વાત તો આજે ગૌણ બની છે, અને એ ઉપરાંત દરેક ફિરકાનાં ભાઇઓ સાથે મલીને એકજ દિવસે એકજ વ્યાસપીઠ ઉપર મહાવીર જયંતી જેવા તહેવારો ઉજવે છે. એ જૈનોની આવી રહેલી એકતાનું એંધાણ છે.

કહેવામાં આવે છે કે હિંદની પારસી વગેરે કોમો પોતાની કોમના લાભાર્થે લાખો ખર્ચે છે. હોસ્પીટલો, સ્કુલો, કોલેજો, ઉદ્યોગ કેન્દ્રો, આદિ ચલાવે છે, આ વાત સાવ સાચી છે. પરંતુ જૈનોની સંખ્યાની અપેક્ષાએ પારસી ભાઇઓની સંખ્યા કેટલી? અને જૈનોની સરખામણીમાં એમના દાનનો ફાળો કેટલો? પરંતુ સુશિક્ષિત સંગઠિત પારસી કોમના દાનો અને એ દાનની વ્યવસ્થા સંચાલન આદિ વ્યવસ્થિત અને ગણત્રીપૂર્વકના હોવાથી એનો ઉપયોગ એ કોમ સુયોગ્ય રીતે કરી એનો વિસ્તૃત લાભ ઉઠાવે છે, અને જગત મુગ્ધ રીતે એ દાનવીર કોમની દાનવૃત્તિની પ્રશંસા કરે છે, જ્યારે હિંદના જૈનો કે જેની સંખ્યા ચાલીસ-પચાસ લાખથી ઓછી નથી તે જૈન સમાજ પ્રતિવર્ષ વિવિધ પ્રકારના દાનોમાં કરોડો રૂપીયા ખર્ચી કાઢે છે. પચાસેક લાખ જેટલા જૈનો પ્રતિ વર્ષ દસેક કરોડથી પણ વધારે રકમ આ પ્રકારે ખર્ચે છે એ વાત તત્કાળ કોઇના માનવામાં આવે તેમ નથી, પરંતુ એ હકીકત છે. પરંતુ આ કરોડોનું દાન ઊગી નીકળતું નથી, કારણ કે દાતાઓએ દાનની દિશામાં હજુ કશુંજ પરિવર્તન આણ્યું નથી—અને અપાયેલ દાનોની કોઇ સુવ્યવસ્થા પણ નથી. સમાજના આ રીતે દર વર્ષ ખર્ચાતા કરોડો રૂપિયાની રકમને યોગ્ય સ્થળે ઉપયોગમાં લેવા માટેની વ્યવસ્થિત યોજના કોઇએ વિચારીજ નથી. ગમે તેવા વિચારકને વિમાસણમાં મૂકી દે એવો ગૂઢ આ પ્રશ્ન છે.

આથી વિશેષ કરૂણાત્મક ઘટના તો એ છે કે આ રીતે કરોડોની રકમ વેડફી નાખનાર જૈન સમાજ પાસે ભગવાન મહાવીરના જીવન ચરિત્રનો એકે ય પ્રમાણભૂત-ગૌરવ લઇ શકાય એવો કોઇ ગ્રંથ નથી કે જે જગતની શિક્ષિત પ્રજા સમક્ષ ગૌરવપૂર્વક રજૂ કરી શકાય, કરોડોનું નિરર્થક આંધણ મૂકનાર સમાજ પાસે એકાદ વિશ્વ વિદ્યાલય જેવી શિક્ષણ સંસ્થા પણ નથી, કે જ્યાં જીવંત શિક્ષણ આપવાની યોજના હોય, જે સમાજનું આગમ સાહિત્ય કે જેનાં પાશ્ચાત્ય દેશોમાં પણ ભાષાંતરો થયાં છે એનો ઘરઆંગણે કોઇ પ્રચાર નથી. જેમનું સંસ્કારધન જે ભાષાના ગ્રંથોમાં છૂપાયેલ છે એ અર્ધ માગધી ભાષાનું જ્ઞાન પણ આજે જૈન સમાજમાં નથી! અખિલ દેશને ધોરણે કોઇ એવું માતબર પ્રકાશન ખાતું પણ નથી કે જ્યાંથી જૈન સંસ્કૃતિને સ્પર્શતું સાહિત્ય પ્રગટ થતું હોય!

અને આ બધાંયની સામે, જો આંકડાલક્ષી હિસાબ કાઢવામાં આવે તો, જૈનોના દરેક ફિરકાઓ તરફથી પ્રતિવર્ષ ઢગલાબંધ હલકી કોટીનું સાહિત્ય પ્રગટ થાય છે, જેમાં મુખ્યત્વે અનેક વિશેષણોથી ઉભરાતાં સાધુ સાધ્વીજીના ગુણગાન, સાધુજી અને દાતાઓનાં સુંદર ચિત્રો, ફીલ્મી ગીતોના ઢાળે રચાતા ઢંગધડા વિનાનાં ગીતો અને તદન હલકી કોટીનું સાહિત્ય પ્રગટ થાય છે, જેમાં પ્રતિવર્ષ લાખેનું આંધણ મૂકાય છે, જ્યારે કેટલાયે ઉપયોગી ગ્રંથો, આગમ સાહિત્ય અને આપણાં સંસ્કાર ધનને સમાવતા સાહિત્ય પ્રકાશન માટે આપણી પાસે નાણાંજ નથી. કેવળ નાણાંના અભાવે કેટલુંયે ઉપયોગી સાહિત્ય અદ્યાપિ અપ્રગટ રહયું છે. હકીકત ઊંડી વિચારણા માગી લે છે.

આવું તો આજે ઘણું ઘણું જૈન સમાજમાં બની રહ્યું છે. જે કાર્યકરો સમાજને સ્પર્શતા પ્રશ્નોની વિચારણા કરતાં હોય છે તેમના અંતરમાં તો આ દુઃખદાયક પરિસ્થિતિએ પ્રજવલિત કરેલી આગ પ્રજવલ્યાં કરે છે, આમ છતાં નિરાશાને અવકાશ નથી. આપણી પરિસ્થિતિનું આપણને ભાન છે. એ આપણી જાગ્રતિનું પ્રતીક છે. આપણી સાંપ્રદાયિકતા જોકે નષ્ટ નથી થઇ, પરંતુ એ નિર્બળ તો જરૂર બની છે, અને ક્રમશઃ એ વિલીન થવાની છે એ પણ નિશ્ચિત છે. યુગના પરિવર્તન સાથે આપણામાં પણ પરિવર્તન થયુ છે. આજે આપણે, સૌ ફિરકાના ભાઇઓ સાથે બેસીને આપણા પ્રશ્નોની વિચારણા કરતાં થયાં છીએ, સાથે મલીને આપણા જાહેર તહેવારો ઉજવતા થયાં છીએ, એકબીજાની મુશ્કેલીઓ સમજી, સહકારથી કાર્ય કરીએ છીએ, અંતર્મુખ દૃષ્ટિ સ્થાપી વિશાળ ધોરણે કાર્ય કરવા તત્પર બન્યા છીએ. એ આપણી ઉન્નતિનું પ્રતીક છે.

એકતાનો પંથ લાંબો અને વિકટ છે, પરંતુ આજે તો આપણે એકતાના એ ધોરી માર્ગે પ્રયાણ શરૂ કર્યું છે જેમાંથી યુવક સંઘ જેવી સર્વ ફિરકાઓની સંયુકત ક્રાંતિકાર સંસ્થાઓને માર્ગદર્શન પણ મળી રહેશે. યુવક સંઘ આજે પોતાનો રજત મહોત્સવ ઉજવે છે. ત્યારે સમગ્ર જૈન સમાજ એ સંસ્થા પાસે એવી અપેક્ષા જરૂર રાખી શકે કે. સંઘના પ્રયાસો-પ્રયત્નો વડે સમગ્ર જૈન સમાજમાં સાચી—નક્કર એકતા વહેલામાં વહેલી તકે પ્રગટે.

## અવસાન-નોંધ

તા૦ ૬-૧૦-૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિ તથા રજતમહોત્સવ સમિતિની સંયુકત સભાએ સંઘના સભ્ય શ્રી મોહનલાલ કાલિદાસ શાહના અવસાન પરત્વે શોક પ્રદર્શિત કરતો નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હતોઃ-

શ્રી મોહનલાલ કાલિદાસ શાહના તા૦ ૪-૧૦-૫૪ ના રોજ નીપજેલ અકાળ અવસાન પરત્વે મુંબઇ જૈન યુવક સંઘ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે. તેઓ કુશળ સોલીસીટર હતા, દિગંબર સમાજના એક આગેવાન હતા, અને બારના અગ્રગણ્ય શહેરી હતા. તેઓ એક સૌમ્ય પ્રકૃતિના સજ્જન હતા અને સંઘની સર્વ પ્રવૃત્તિમાં ઊંડો રસ લેતા. તેમના ભાગીદાર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ તથા તેમના કુટુંબીજનો પ્રત્યે સંઘ અન્તરની સહાનુભૂતિ પ્રગટ કરે છે. અને તેમના આત્માને શાશ્વત શાન્તિ મળો એવી પ્રાર્થના કરે છે.

## વિવિધ સામયિકોમાં 'પ્રબુદ્ધ જીવન'નું વિશિષ્ટ સ્થાન

મુંબઇ જૈન યુવક સંઘ એક વિશિષ્ટ અને ક્રાન્તિકારી સંસ્થા છે. 'પ્રબુધ્ધ જીવન' જેવું પ્રગતિશીલ અને ગંભાર રીતે માનવ જીવનને લગતાં સર્વ પ્રશ્નો છણતું પાક્ષિક ભાગ્યેજ જોવા મળી શકે છે. ગુજરાતી ભાષામાં પ્રકટ થતાં સર્વ પત્રોમાં 'પ્રબુદ્ધ જીવન' એક વિશેષ ભાત પાડે છે. મારી જાણ છે ત્યાં સુધી તો જૈન સમાજના સર્વ ફિરકાઓમાં પ્રકટ થતા સર્વ માસિકો, પાક્ષિકો કે અઠવાડિકોમાં 'પ્રબુદ્ધ જીવન' સર્વોત્તમ છે. સામાજિક પ્રશ્નોની આટલી ઉંડાણથી, તલસ્પર્શી રીતે અને સમભાવ સાથે ચર્ચા કરવામાં પ્રબુદ્ધ જીવન મોખરે રહે છે. જૈન સમાજના સર્વ પ્રશ્નો રાષ્ટ્રીય દૃષ્ટિએ પ્રબુદ્ધ જીવનમાં જે રીતે છણવામાં આવે છે તે રીતે બીજું કોઇ પત્ર રજુઆત કરી શકતું નથી. જૈનોની એકતા અને સર્વધર્મ સમભાવ, જે મુંબઇ જૈન યુવક સંઘના ઉદ્દેશો છે તેને વ્યાપક સ્વરૂપ આપવામાં 'પ્રબુદ્ધ જૈન' વર્તમાન 'પ્રબુદ્ધ જીવને' જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તે અજોડ છે. ધીર, ગંભીર, પ્રગતિશીલ વિચારોની પરંપરા રજૂ કરતા પ્રબુદ્ધ જીવનના તંત્રી શ્રી પરમાનંદભાઇ કાપડિયા અને 'પ્રબુદ્ધ જીવન'નું સળંગ સ્વરૂપ—એ બંને એટલાં એકમય બન્યાં છે કે બન્નેને એકમેકથી છૂટા પાડી શકાય તેમ નથી. જૈન સમાજના સાંપ્રદાયિક ગણાતા વર્ગનો જ નહિ, કિન્તુ પ્રગતિશીલ ગણાતા વર્ગનો કોપ વહોરીને પણ પ્રબુધ્ધ જીવન જે રીતે સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની સત્ય રજુઆત કરે છે એ એક સાચી ક્રાન્તિકારીની તમન્ના દાખવે છે. કોઈના પણ ઘરની મોટાઇની કે માનાપમાનની પરવા ન કરતાં કે શેહમાં ન દબાતાં પ્રબુધ્ધ જીવન જે અગ્રેકૂચ કરી રહ્યું છે તથા સમાજના સર્વ વર્ગોમાં પોતાની વિશિષ્ટતા જાળવી રહ્યું છે એ ગૌરવશાળી હકીકત કહેવાય.

યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓ સાથે મારો સંબંધ શરીર અને આત્માના સુભગ સંગમથી બનેલા જીવંત જીવન જેટલો નિકટનો રહ્યો છે, અને આ સંબંધને કારણે જીવનમાં નવચેતન રહ્યાં કર્યું છે એમ કહું તો અતિશયોકિત નથી. પ્રગતિશીલ અને ક્રાન્તિકારી વિચારો રજૂ કરતું પ્રબુધ્ધ જીવન, રાષ્ટ્રીય પ્રગતિ સાથે પગલા ભરતો યુવક સંઘ અને સંસ્કારની રસથાળ પીરસતી વ્યાખ્યાનમાળા અને સ્નેહનીતરતી સૌમ્યમૂર્તિ પરમાનંદભાઈ—આ સૌની નિકટતા એ જીવનનો એક અપ્રતિમ લ્હાવો છે એમ હું ગણું છું.

**ચુનીલાલ કામદાર.**

## જૈન જગતની અનોખી સંસ્થા

વિશિષ્ટ કારણસર જન્મ પામેલ અને અનોખી રીતે કાર્ય કરી રહેલ શ્રી જૈન યુવક સંઘ પોતાની સોજ્જવળ કારકિર્દીનાં પચ્ચીસ વર્ષ પૂરાં કરી આગળ ધપે છે એ હર્ષનો વિષય છે.

બાળદીક્ષા અને સાંપ્રદાયિક સંકુચિતતાના અનિષ્ટ સામે મોરચો માંડવા આ સંસ્થાનો ઉગમ થયો હતો. સદીઓ જૂની ચાલતી આવેલ ઘરેડમાંથી નીકળી નવી દ્રષ્ટિએ જીવન અને ધર્મનો સુમેળ સાધવો એ આ સંસ્થાનું પ્રમુખ ધ્યેય રહ્યું છે. માનવ હૃદયમાં રહેલ માનવતાનો અવિર્ભાવ કરવો, ભૌતિક લાભ કરતાં તાત્ત્વિક લાભની મહત્તા સમજાવી તે પ્રતિ માનવ મનને આકૃષ્ટ કરવું, રાષ્ટ્રહિત વિરોધી કોઇપણ વિચાર યા ક્રિયાને કોમી સંકુચિતતાને કારણે પોષણ ન મળે તે જોવું એટલુંજ નહિ પરંતુ રાષ્ટ્રની પ્રગતિ કે તેના ઉત્થાનમાં એક એકમ તરીકે આ સંસ્થાનો પણ ફાળો હોય એ દૃષ્ટિબિન્દુ રાખવું, જૈનોના ફિરકાભેદોને દૂર કરી સમગ્ર જૈનોનું એકીકરણ કરવુ, જીવનની વિશુદ્ધિ જળવાય અને યુગની સાથે બંધબેસતા થાય તેવા ઉચ્ચ અને ઉમદા વિચારોનો પ્રચાર કરવો, જૈન તથા જૈનેતર જગતના સંપર્ક દ્વારા સંસ્થાના વર્તુલને બને તેટલું વિસ્તૃત બનાવવું એ જૈન યુવક સંઘનું મુખ્ય કાર્ય બની રહ્યું છે.

સંસ્કારપોષાક, વિચારપ્રેરક, અને ક્રાન્તિકારી વિચારોની નીડરપણે રજૂઆત કરનાર આ સંસ્થાના પાક્ષિક મુખપત્ર "પ્રબુદ્ધ જીવને" અન્ય સમકાલીન સામયિકોમાં વિશિષ્ટ પ્રકારનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોઇની પણ શેહમાં તણાયા સિવાય સત્ય જણાતા વિચારોને ગંભીર અને સંયમી ભાષામાં, પણ પૂરી નીડરતાથી રજૂ કરવામાં "પ્રબુદ્ધ જીવન" કદી અચકાયું નથી.

આ સંસ્થા દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ વધુ ને વધુ વિકસતી અને લોકપ્રિય બનતી રહી છે. આ વ્યાખ્યાનમાળામાં પ્રખર વિદ્વાનો અને તે તે વિષયના નિષ્ણાતોદ્વારા તેમના જ્ઞાન અને અનુભવના **નિચોડરૂપ** જે રસથાળ શ્રોતાજન સમક્ષ પીરસવામાં આવે છે. તેમાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગના સમન્વયથી ઉત્પન્ન થયેલ ભિન્ન ભિન્ન વાનગીઓ મૂકવામાં આવી હોય છે, જે માનવમનની ઉચ્ચતમ લાગણીઓ અને ભાવનાઓને પોષક અને સંવર્ધક હોવા ઉપરાંત માનવજીવન સાથે પણ ઘનિષ્ટ સંબંધ ધરાવનાર હોય છે.

જૈન સમાજની આવી અજોડ સંસ્થા પ્રતિદિન વધુ ને વધુ ફાલે ફુલે અને તેની શાખા પ્રતિશાખાઓ દ્વારા જનતાની વધુ ને વધુ સેવા કરે એજ અભ્યર્થના.

**લીલાવતી કામદાર**

## 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષ અંક અને ક્ષમાયાચના

જ્યાં પ્રબુધ્ધ જીવનનો વિશેષ અંક છપાય છે તે છાપખાનાવાળા દિવાળીના કામને અંગે આ વિશેષ અંક વખતસર પ્રગટ કરવામાં અસમર્થ નીવડવાને કારણે પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો—વાંચકોને આ અંક પહોંચાડવામાં અસાધારણ વિલંબ થયો છે જે માટે અત્યન્ત દિલગીર છીએ અને અમારા વાંચકોની અમે ક્ષમા માંગીએ છીએ.

આ વિશેષ અંક સંઘના રજત મહોત્સવ પહેલાં પ્રગટ કરવા ધારણા હતી અને તેની ૪૮ પાનાંની અમોએ મર્યાદા બાંધી હતી. એ અંક એ પ્રમાણે પ્રગટ કરવાનું તત્કાલીન સંયોગોમાં શકય નહિ લાગવાથી તેનું પ્રકાશન તા૦ ૧-૧૧-૫૪ ઉપર મુલતવી રાખવામાં આવ્યું. આમ થતાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ૨૬ વર્ષનો વૃત્તાન્ત અને રજત મહોત્સવ સમારંભની વિગતો પણ વિશેષ અંકમાં સમાવિષ્ટ કરવી જ જોઇએ એમ અમને લાગ્યું, અને ૪૮ પાનાની મર્યાદા વધારીને ૬૪ પાનાંની કરી. આમ છતાં પણ અમને આ નિમિત્તે મળેલા સર્વ લેખોનો ૬૪ પાનામાં સમાવેશ કરવાનું શકય નથી એમ લાગવાથી કેટલાક લેખો પ્રબુદ્ધ જીવનના હવે પછીના અંકોમાં ક્રમશઃ પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૬૪ પાનાનો અંક પણ આટલો મોડો પ્રગટ થઇ શકયો છે. બાકી રહેલા લેખો સમાવવાનો આગ્રહ રાખવા જતાં ઘણાં વધારે પાનાં રોકવાં પડત અને અંક પ્રગટ કરવામાં હજુ પણ ઘણો વધારે વિલંબ થાત. આવી અગવડ ભરેલી પરિસ્થિતિ વચ્ચે અમારા વિષે સદ્‌ભાવથી પ્રેરાઇને આ વિશેષ અંક માટે જે મિત્રોએ લેખો મોકલ્યા છે તે લેખો એ રીતે પ્રગટ નહિ કરી શકવા બદલ અમો તે લેખક બંધુઓની અન્તઃકરણ પૂર્વક ક્ષમા માંગીએ છીએ. અમારી આ ક્ષતિને તેઓ ઉદાર ભાવે જોશે એવી આશા છે.

હવે પછીનો અંક તા. ૧૫-૧૧-૫૪ ના રોજ નિયમિત રીતે પ્રગટ થશે. અને તે અંકમાં તેરાપંથી માન્યતાઓની ચિરઅપેક્ષિત સમાલોચના પ્રગટ કરવામાં આવશે.

**તંત્રી, પ્રબુધ્ધ જીવન**

# ✻ સંઘ માટે ભાવી કાર્યનું દિશાસૂચન ✻

મુનિ શ્રી સંતબાલજી

મુંબઇમાં ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા ધીમે ધીમે મુંબઇ બંદર વધવાની સાથે વધતી ગઇ, તેમાં જેમ ઇતર ધર્મના લોકો હતા તેમ જૈન ધર્મના લોકો પણ હતા. મુંબઇમાં જે રીતે દેશદેશની પ્રજાઓ આવી વસી, તેમ એ પંચરંગીપણાની વિવિધતામાં સમન્વયપૂર્વક જીવવું, છતાં આગવું વ્યકિતત્વ ટકાવવું, એવો સવાલ દરેક વર્ગ પાસે આવ્યો. જૈન યુવકોની ગળથૂથીમાંની અનેકાંત ભાવનાને આમાં એક અનોખો મોકો મળ્યો. ઉપરાંત છેલ્લાં કેટલાંય વર્ષોથી જૈનોમાં જે અહિંસક ક્રાન્તિ ઠરી ચૂકી હતી, તેણે ફરી જૈન શિક્ષિત સમાજમાં ગરમી પેદા કરી. ગાંધીજીના દેશ માટેના પ્રયોગો પણ આ ગરમીમાં પ્રેરક બન્યા ગણાય.

દરેક સમાજમાં જેમ 'જૂનું તે જ સોનું' એમ માનનારો વર્ગ હોય છે, તેમ જૈનોમાં પણ હતો જ. છતાં એક બાજુથી શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારાએ આખા જૈન સમાજ ઉપર જબ્બર અસર કરી, તેમ વાડીલાલ મોતીલાલની વિચારધારાએ પણ કેંક યુવાનોનાં માનસ નવસર્જન તરફ પ્રેર્યાં. આ વખતે જૈન સ્થાનકવાસી સમાજમાં અધિવેશનો થવા લાગ્યાં, તેમ સ્થાનકવાસી, મૂર્તિપૂજક અને દિગંબર એ ત્રણેમાંનો યુવક વર્ગ પણ જૈન સમાજની એકતાના કાર્યક્રમ તરફ ગતિશીલ બન્યો.

અહીં ડૉ. મેઘાણી, મણિલાલ મોકમચંદ શાહ, પંડિત સુખલાલજી, મોહનલાલ દેસાઇ વગેરે નામો જેમ ઉલ્લેખનીય છે, તેમ ચીમનલાલ ચકુભાઇ શાહ, ટી. જી. શાહ તથા પરમાનંદભાઇનાં નામો ભૂલી ન શકાય તેવાં છે. મને મુંબઇ જૈન યુવક સંઘમાંના ભાઇ પરમાનંદભાઇ તથા તેમના સાથીઓ ઉપર તે કાળે રૂઢ કર્મકાંડી જૈન સાધુઓ અને રૂઢ જૈન ગૃહસ્થો તરફથી જે વીતી છે તેનું સ્મરણ હજૂ બરાબર યાદ છે. 'જૈન સાહિત્યમાં વિકારથી થયેલી હાનિ' જેવા પુસ્તકને લીધે પંડિત બેચરદાસજી સામે સંઘબહિષ્કારનું જે શસ્ત્ર ઉગામાયું, તે પણ હજુ જાણે ગઇ કાલની જ વાત છે, અરે! જે પર્યુષણ વ્યાખ્યાનમાળા આજે મોટાં શહેરોમાં ઠેરઠેર વિકસી અને એનું ચોમુખી અનુકરણ આજે તો થઇ રહ્યું છે, તે વ્યાખ્યાનમાળા સામે પણ કેવો સ્થિતિચુસ્ત જૈન સમાજનો વિરોધ હતો! જાણે જૈનત્વ જ ચાલી જવા માંડયું હોય! પણ લગભગ સોળ વર્ષે એવી સ્થિતિ આવી પુગી કે જે અમદાવાદમાં કેશવલાલ નગીનદાસને સુધારક જૈન તરીકે વારંવાર વેઠવું પડતું હતું, તે જ અમદાવાદના પ્રેમાભાઇ હોલમાં જૈન રામાયણને વ્યાસપીઠ બનાવી આચાર્ય રામસૂરી જેવા જૂની પરંપરાના પુરસ્કર્તા આચાર્યશ્રીએ યુગાનુકૂળ વાણીનો પ્રવાહ વહેવડાવી, જૈન પરંપરાને ગોંધી ન રાખતાં ચોગાનમાં લાવવાની સંઘની પ્રવૃત્તિ સાચી છે, તેના ઉપર મહોર મારી દીધી. આજે તો સંઘ વ્યાખ્યાનમાળાની વ્યાસપીઠ ઉપર જૈન સાધુઓથી માંડીને ઇતર સાધુઓ અને સેવકો તથા વિધવિધ વિષયનાં તજ્જ્ઞ ભાઇ બહેનો આવીને સર્વસમન્વયનું સુંદર ચિત્ર ખડું કરે છે! શ્રોતાઓનું પણ વિધવિધ એટલું જબ્બર આકર્ષણ કેટલીકવાર તો રહે છે કે પ્રેમાભાઇ હોલ નાનો થઇ પડે! જૂનું પ્રબુધ્ધ જૈન અને હાલનું પ્રબુધ્ધ જીવન પણ રાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, સમાજ અને સાહિત્ય જેવા અનેક વિષયો છણી રહ્યું છે અને વિકસતું નજરે ચઢે છે. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની પ્રવૃત્તિ વિષે તો હું સીધો પરિચિત નથી, પણ તેમાંયે માત્ર જૈન સંપ્રદાયોનું નહીં, પરંતુ જૈનત્વની વિશાળ વ્યાખ્યાનું વાંચન સૌને પીરસાતું હશે, એમ સંઘની સ્પષ્ટ દૃષ્ટિ ઉપરથી હું કલ્પી શકું છું.

સંઘના સભ્ય તરીકે શ્રી ચીમનભાઇ જેવા સૌરાષ્ટ્રની લોકસભામાંથી નિયુકત થયેલા સભ્ય-ઠેઠ યુનોના ભારતીય પ્રતિનિધિ તરીકે જઈ આવ્યા. આનું પણ સંઘ જરૂર ગૌરવ લઇ શકે. નાના મોટા પ્રવાસો સંઘ યોજતો હોય છે. આમ સંઘની પ્રવૃત્તિ સર્વતોમુખી અને ઉદાર નીતિવાળી રહી છે. તે બદલ ખરેખર મને સંતોષ થાય છે.

આથી જ હવે કંઇક વિશેષ ક્રાન્તિકારી પગલું ભરવાની હું સંઘને વિનંતી કરીશ:–

વહાલા મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો!


ઉપર મેં તમારી જ પ્રવૃત્તિઓ પૈકીની થોડીનું સ્મરણ કર્યું અને કરાવ્યું, તેની પાછળ મારો એક હેતુ એ છે કે, તમો જયારે સાચી દિશાએ મકકમ પગલું લો છો અને શુદ્ધ હેતુપૂર્વક તેને ચાલુ રાખો છો, તો છેવટે સમાજનો મોટો ભાગ અનિચ્છાએ પણ છેવટે પાછળ દોડયો આવે છે, તો જયારે નવસમાજ નિર્માણના ભગીરથ કાર્યમાં સક્રિય જોડાઈ ધરમૂળથી પલટાતાં મૂલ્યોના કામમાં આપ સીધા કાં ન પડો? અલબત હું સમજું છું કે તમો સૌને કાંઇ ને કાંઇ મર્યાદાઓ છે. પણ એમ છતાં રજતમહોત્સવને ટાંકણે એક જૈનત્વપ્રેમી અને ક્રાન્તદૃષ્ટિ જૈનોનું મંડળ જો આવું કંઇક વિચારે તો તે તે સમયે સમય ન જ કાઢી શકે તેવું છે જ નહીં. તમારા સંઘસ્તંભોમાના કેટલાક તો આર્થિક દૃષ્ટિએ પીઢ ભૂમિકા ઉપર સ્થિર થઇ ચૂકયા છે! આજે મારે મન શુદ્ધિમંડળોની અને શાંતિસેનાની દેશમાં અને આગળ વધીને કહું તો દુનિયામાં ભૂતકાળમાં કદી નહોતી એટલી જરૂર છે. શુધ્ધિ મંડળનો સભ્ય પોતાની આજીવિકા શુધ્ધ રીતે મેળવે અને જ્યાં જ્યાં લાંચ, અનીતિ, અન્યાય, છેતરપિંડી જેવાં સામાજિક દૂષણો હોય ત્યાં ત્યાં સંઘના અંગ તરીકે અહિંસક સાધનોથી એટલે કે સમજાવટ, તપસ્યા વ. થી ઝઝુમે. પોલીસ, અદાલત કે કાનૂનનો સીધો આશ્રય લીધા વિના જનતાના અને ખાસ તો પોતાના આત્મબળથી ઝઝુમે. આમાં તો મોટાં મોટાં અનિચ્છનીય આંદોલનો કે હુલ્લડો સામે પણ ખડા રહી સમજાવતાં તપ કરતાં હોમાઇ જવાની વાત આવે છે. સામાન્ય અને વ્યકિતગત કિસ્સામાં શુદ્ધિમંડળનો સભ્ય કામ કરી શકશે. વિશિષ્ટ અને સામુદાયિક તોફાનોમાં શાંતિસેનાનો સભ્ય કામ કરી શકશે. પ્રથમ આ સંઘ જ્યાં જ્યાં પોતાની શાખાઓ છે, ત્યાં મર્યાદિત કામ ઉપાડે અને જેમ જેમ શકિત વધતી જાય તેમ તેમ કામને વ્યાપક બનાવી મૂકે. આજે ભૂદાન આંદોલનથી અને સંપત્તિદાન આંદોલન શરૂ થવાથી પ્રજામાં ત્યાગભાવના ઊભી થવા માંડી છે, પણ સાથોસાથ જો અન્યાયોના પ્રતીકારનું અહિંસક બળ ઊભું નહીં થાય, તો તેટલી અધૂરી રહેશે. મને આ બધાની શકયતા મુખ્યત્વે ગામડાંઓમાં લાગે છે; એમ છતાં જૈન સંપ્રદાયોનો ભૂતકાળ આવાં કાર્યોથી સિંચાયેલો છે અને ગાંધીયુગે પણ કેટલાંય જૈન રત્નો ઉપસી આવ્યાં છે, તો જૈન યુવક સંઘ આ દિશામાં કંઇક પહેલ કરે તો કરી શકશે, એમ માનીને મેં આ વિનંતિ કરી છે. વિદેશમાં પણ આવા શાંતિસૈનિકો જઇ શકે. સાચા સાંસ્કૃતિક એલચીઓ તો મરજીવા માણસો જ બની શકે તેમ છે. શું આવું સમૂહગત આચરણ એ પોતે જ જીવતો જૈનત્વ પ્રચાર નથી? બાકી રાહતપ્રવૃત્તિ કે ક્રાન્તિકારી સાહિત્યપ્રવૃત્તિ એ તો હવે જૂની વસ્તુ બની ચૂકી છે. આમ જોઇને મુનિશ્રી જિનવિજયજીએ સાહિત્યની દુનિયામાંથી બહાર નીકળી જે ખેતીની દિશામાં પોતાનું મન સહેજે વાળ્યું છે, તે બતાવે છે કે હવેના નવસમાજનિર્માણમાં જૈનોએ પોતાની જવાબદારી અદા કરવી હોય ને મોખરે ગૌરવભેર રહેવું હોય તો કૃષિ, સહકારી પ્રવૃત્તિ, ગોપાલન અને ગ્રામોદ્યોગોના વૈવિધ્યમાંથી મુખ્યપણે પોતાની આજીવિકા શોધવી રહેશે અને સમર્પણના ખમીરને શુદ્ધિમંડળો તથા શાંતિસેનાના માનદ્ સભ્ય તરીકે સમર્પાઇને દાખવવું પડશે. આશા છે કે સંઘ આ વિનંતી પર પોતાનું લક્ષ્ય પરોવવાનો પ્રયત્ન શરૂ કરશે.

સંઘના એક વખતના સાથીદાર



સ્વ. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી

કાર્યવાહક સમિતિના સભ્ય




ભારતની લોકસભાના સભ્ય
**શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ**

સંઘના સભ્ય




મુંબઈ સરકારના મજૂર ખાતાના પ્રધાન
**શ્રી શાંતિલાલ શાહ**

★




રજત મહોત્સવ સમિતિના સંમેલનને
દિવસે લેવાયેલો ગ્રુપ ફોટો



પંડિત બેચરદાસ, પંડિત સુખલાલજી અને
કાકાસાહેબની એક લાક્ષણિક તસ્વીર


★



સમાપ્તિ સંમેલનનું એક દૃશ્ય

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રારંભથી આજ સુધીના કાર્યકર્તાઓ

સંઘના મંત્રી




શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

કાર્યવાહક સમિતિના સભ્ય




શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી

કાર્યવાહક સમિતિના સભ્ય



શ્રી નાનચંદભાઈ શામજી

સંઘના પ્રમુખ



શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ

સંઘના ઉપપ્રમુખ




શ્રી લીલાવતીબહેન દેવીદાસ

કાર્યવાહક સમિતિના સભ્ય




શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા

સંઘના મંત્રી



શ્રી ટી. જી. શાહ

સંઘના કોષાધ્યક્ષ



શ્રી ચીમનલાલ પી. શાહ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઈ ૯.

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪—પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૪

મુંબઇ, નવેમ્બર ૧૫, ૧૯૫૪, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ: ત્રણ આના

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ❋ અહિંસાની અધૂરી સમજણ ❋

(તા. ૧-૯-૫૪ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ તેરાપંથી સંપ્રદાયની માન્યતાઓને લગતા નિવેદનની સમાલોચના.)

તા. ૧-૯-૫૪ ના પ્રબુદ્ધ જીવનમાં 'દાન, દયા, અનુકંપા વિષે તેરાપંથી સંપ્રદાયની દૃષ્ટિ' એ મથાળા નીચેના લેખમાં તેરાપંથી માન્યતાને લગતું આચાર્યશ્રી તુલસી ગણીએ સંમત કરેલું એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું. અને એ નિવેદનમાં રહેલાં મન્તવ્યોની તરતમાં જ આલોચના કરવાની મેં ઇચ્છા રાખી હતી, પણ કેટલાએક પ્રતિકૂળ સંયોગોને લીધે એ કાર્ય આજ સુધી હું હાથ ધરી શકયો નહોતો. આજે એ આલોચના આપવા પહેલાં પ્રબુદ્ધ જીવનના વાંચકોનું સ્મરણ તાજું થાય એ હેતુથી એ નિવેદન અહીં પુનઃ રજુ કરવું જરૂરી લાગે છે તે નિવેદન નીચે મુજબ હતું.

"જૈન ધર્મનો મુખ્ય હેતુ સંસારમાં ભ્રમણ કરતા પ્રાણીઓને મોક્ષમાર્ગ તરફ વાળવા એ છે. આ રીતે જૈન ધર્મ એ આત્મધર્મ અથવા મોક્ષમાર્ગ છે. સંયમ અને નિર્જરા મોક્ષમાર્ગના હેતુ છે. અહિંસા માનવીના આચારધર્મનો પાયો છે. અમો અહિંસાવ્રતધારી જૈન પરંપરાને વરેલા હોઇને અહિંસા અને તેના અનુસંધાનમાં દયા, દાન, અનુકંપાનો વિચાર જૈન શાસ્ત્રોના ફરમાન મુજબ કરીએ છીએ. અમે અહિંસાવ્રતધારી હોઇને જે કાર્યમાં નાની સરખી પણ હિંસા રહેલી હોય એવું કાર્ય કરવાનો ઉપદેશ આપી શકતા નથી. જે કાર્યને અનુમતિ આપવાથી આરંભસમારંભરૂપ હિંસાના નિમિત્ત થવાય અને વિરોધ કરવાથી સમાજશ્રેયમાં બધા આવે ત્યાં અહિંસાવ્રતધારી મૌન ધારણ કરે. દાખલા તરીકે હોસ્પીટલનિર્માણ.

"ધર્મ અનેક પ્રકારના હોઇ શકે છે. આત્મધર્મ અથવા મોક્ષધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ, કુટુંબધર્મ વગેરે અમારો સંબંધ આત્મધર્મ અથવા મોક્ષધર્મ સાથે છે અને તેને પોષક હોય એવો અમે ઉપદેશ આપીએ છીએ. દાન, દયા તથા અનકુંપા વિષે પણ અમારી આ જ દૃષ્ટિ છે. જે દાન, દયા અથવા અનુકંપા પ્રાણીને અસંમયથી વારે અને સંયમ તરફ લઇ જાય, તે અમારી દૃષ્ટિએ આત્મધર્મની અપેક્ષાએ સાચી દયા, દાન અને અનુકંપા છે. સમાજિક દ્રષ્ટિએ આવશ્યક અને ઉપયોગી લેખાતા દાન, દયા અનુકંપા સમાજ સાથે સંબંધ ધરાવતી ગૃહસ્થ વ્યક્તિઓ પોતાની સામાજિક ફરજ સમજીને આચરે તે સામે અમારો કોઇ વિરોધ નથી, પણ તે સંયમધર્મને પોષક ન હોવાથી અમે તેને આત્મધર્મસાધક કે પુણ્યજનક લેખતા નથી. તાત્વિક દૃષ્ટિએ પુણ્ય અને પાપને આ રીતે જ સમજવા ઘટે છે કે જે કાર્ય પ્રાણીને અસંયમથી વારે અને સંયમ તરફ લઇ જાય તે કાર્ય કરવાથી પુણ્ય થાય. જે કાર્ય પ્રાણીને સંયમથી ચ્યુત કરે અને અસંયમ તરફ ગતિમાન કરે તે કાર્ય કરવાથી પાપ થાય. કોઈ પણ કાર્યનું પુણ્ય પાપ નક્કી કરવા માટે આ સિવાય અમે બીજું કોઇ ધોરણ સ્વીકારતા નથી.

"જૈન ધર્મ આત્માના વ્યક્તિત્વને સ્વીકારે છે. દેહે દેહે પૃથક્ આત્મા છે એમ માને છે. આખા વિશ્વને વ્યાપી રહેલો એક આત્મા છે એમ જૈન ધર્મ માનતો નથી. આ રીતે વિચારતાં અમારી દૃષ્ટિએ વ્યક્તિ એ હકીકત છે, સમાજ એ કલ્પના અથવા ઉપચાર છે. અહિંસા વ્યક્તિગત ધર્મ છે. સામાજિક હેતુથી કરવામાં આવતી સર્વ કોઇ પ્રવૃત્તિ અહિંસામય હોય છે એમ માનવાને કશું કારણ નથી. સમાજની ઐહિક હિતસાધક પ્રવૃત્તિમાં બહુધા હિંસા આવવાની અને તેથી આત્મધર્મની વિરોધી બનવાની. વ્યક્તિગત અને વ્યક્તિ સાધ્ય મોક્ષ એ જ આધ્યાત્મિક દૃષ્ટિએ સાચું તત્વ છે.

"રાગ દ્વેષ અથવા મોહથી યુક્ત એવી દયા, દાન કે અનુકંપાએ આત્મધર્મ સમંત દયા, દાન અનુકંપા નથી. સામાજિક દૃષ્ટિએ તેનું ગમે તેટલું મહત્વ હોય, પણ આત્મધર્મની દૃષ્ટિએ તેનું કોઇ મહત્વ નથી. કોઇ પણ જીવને અસંયમથી ઉગારવો એ આત્મધર્મ છે, પણ તેને ઐહિક આફતમાંથી ઉગારવાની પ્રક્રિયા પાછળ આ ભવનો કે પૂર્વભવનો રાગ, દ્વેષ અથવા મોહ અથવા અસંયમ કોઇને કોઇ પ્રકારે હોવાના અને તે આત્મધર્મને અનુરૂપ છે એમ કહી નહિ શકાય.

"આ મુદ્દાના અનુસંધાનમાં તેરાપંથી સંપ્રદાય વિષે ફેલાયેલી એક ખોટી માન્યતાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. કોઇ પણ જીવને બચાવનાર પ્રાણી બચેલ જીવના અવશેષ જીવનના સઘળાં પાપોનો ભાગીદાર થાય છે—આ પ્રકારની તેરાપંથી સંપ્રદાય વિષેની માન્યતા તદ્દન ખોટી અને પાયાવિનાની છે. બચેલો જીવ બચવા બાદ જે કાંઇ સારાં-ખરાબ કર્મો કરે તેનાં પુણ્ય પાપનો સંબંધ માત્ર તે જીવને જ છે અને કોઇ પણ અંશમાં બચાવનારને છે જ નહિ.

"અમારી માન્યતાઓ સંબંધમાં એ પણ ઉમેરવાની જરૂર છે કે અહિંસાવ્રતધારી સર્વ જીવો પ્રત્યે સમાન ભાવથી જુએ છે અને સર્વ કોઇની હિંસાનો ત્યાગ પ્રરૂપે છે અને આ જીવ નાનો અને આ જીવ મોટો, આ પૂર્ણવિકસિત અને આ અલ્પવિકસિત એવા ભેદને અહિંસાની વિચારણામાં સ્થાન આપતો નથી, તથા મોટા જીવ ખાતર નાના જીવની હિંસાના ઔચિત્યને કોઇ પણ સંયોગમાં સ્વીકારતો નથી.

"આ વિચારસરણી જે અહિંસાવ્રતધારી છે તેને લાગુ પડે છે. જે અહિંસાવ્રતધારી નથી અને પોતાના ભોગ ઉપભોગમાં અને પરિગ્રહ-સંચયમાં રચ્યોપચ્યો રહે છે અને કોઇ પણ સામાજિક ફરજના પ્રસંગે ઉપર જણાવેલી વિચારસરણી આગળ ધરીને પોતાની ફરજથી દૂર રહે છે અને કરવાયોગ્ય કશું કરતો નથી અને દેવાયોગ્ય દેતો નથી તે ધર્મના નામ ઉપર પોતાના સ્વાર્થનું જ પોષણ કરે છે એમ અમે જરૂર માનીએ છીએ."

### તેરાપંથી સિદ્ધાન્તો

આ નિવેદન અને આચાર્યશ્રી તુલસી ગણીના વિદ્વાન શિષ્ય મુનિશ્રી નથમલજીએ તેરાપંથી માન્યતાઓ સમજવામાં મને વધારે અનુકૂળતા થાય એ હેતુથી આપેલ 'ધર્મ એટલે શું !' એ નામની એક નાની પુસ્તિકા જેમાં તેરાપંથી માન્યતાઓને ધર્મચંદ, પ્રેમચંદ, જ્ઞાનચંદ અને ભિક્ષુરાજ એમ ચાર કલ્પિત પાત્રોના સંવાદદ્વારા

અનેક દૃષ્ટાંતો આપીને સમજાવવાનો મુનિશ્રી ધનરાજજી સ્વામીએ પ્રયત્ન કર્યો છે–આ બધું સમગ્રપણે વિચારતાં તેરાપંથી માન્યતાના પાયામાં નીચેના સિધ્ધાંતો રહ્યા હોય એમ માલૂમ પડે છે.

(૧) માનવી ધારે તો સંપૂર્ણપણે અહિંસક એવું જીવન અખત્યાર કરી શકે છે અને અહિંસાવ્રતધારી સાધુ વસ્તુતઃ આવું જીવન જીવે છે.

(૨) અહિંસાવ્રતધારી પોતે કશી પણ હિંસા કરતો નથી તથા જે કાર્યમાં લેશ માત્ર હિંસા હોય તેવું કાર્ય કરવાનો અન્યને આદેશ કે ઉપદેશ આપી શકતો નથી.

(૩) ધર્મનો માત્ર એક જ હેતુ છે–આત્મધર્મ અથવા તો મોક્ષમાર્ગની સાધના.

(૪) વ્યકિત એ હકીકત છે. સમાજ એ કેવળ ઉપચાર અથવા કલ્પના છે.

(૫) સુપાત્ર એટલે કે સંયમીને જીવનનિર્વાહની સગવડ આપવી એ જ સાચું દાન છે.

(૬) ધર્મ અન્ય જીવોને આત્મિક સાતા (શાન્તિ, આરામ, પ્રસન્નતા, સ્વાસ્થ્ય) આપવામાં રહેલો છે; શારીરિક સાતા આપવામાં નથી.

(૭) પોતાની જાતને કે અન્યને સંયમમાર્ગે લઇ જતી પ્રક્રિયા પુણ્યજનક છે; અન્ય પ્રકારની પ્રક્રિયા પાપજનક છે

(૮) જીવમાં નાના કે મોટાનો ભેદ હોઇ ન શકે. કોઇ પણ સંયોગોમાં કોઇ પણ જીવની હિંસા ધર્મ્ય હોઇ ન જ શકે.

(૯) રાગ, દ્વેષ તથા મોહરહિત દયા, દાન, અનુકંપા એ આત્મધમ છે. જે રાગાદિથી યુકત છે તે આત્મધમ અથવા મોક્ષધર્મ નથી.

આ પાયાના સિદ્ધાન્તોને ઉપર આપેલ તેરાપંથી નિવેદનમાંથી તારવેલાં છે: છઠ્ઠા નંબરનો સિદ્ધાન્ત આ નિવેદનમાંથી આડકતરી રીતે પ્રાપ્ત થાય છે; 'ધર્મ એટલે શું' એ પુસ્તિકામાં એ સ્પષ્ટરૂપે આપેલો છે.

### આચારવ્યવહારમાં ઊભી થતી ધુંચો.

હવે આ સિધ્ધાન્તોનો સ્વીકાર કરતાં અહિંસા વિચારના વ્યવહારૂ અમલમાં અનેક ધુંચો ઊભી થાય છે. સૌથી પ્રથમ તો અહિંસા એટલે જાતે હિંસા કરવી નહિ–આ સિદ્ધાન્ત સ્વીકારતાં અન્ય કોઇને પ્રાણહાનિથી બચાવવા કે ઉગારવાનું કાર્ય શુદ્ધ ધર્મ–વિચારમાંથી ફલિત થાય છે કે નહિ એ પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે. આમાં પણ જ્યારે કોઇને બચાવવા કે ઉગારવા જતાં અન્ય કોઇ નાના સરખા જીવની હિંસા કે વિરાધના થવાનો સંભવ હોય ત્યાં શું કરવું એ વધારે ધુંચવાળો પ્રશ્ન જવાબની અપેક્ષા રાખે છે. જૈન ધર્મ અને તેમાં સમાવિષ્ટ થતો તેરાપંથી સંપ્રદાય માત્ર જીવજંતુ જ નહિ પણ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુને પણ સજીવ માને છે. અને તેરાપંથીને મન સર્વ જીવો સરખા છે અને એકને હણીને અન્યને બચાવો એમ કહી શકવાની સ્થિતિમાં તેઓ નથી. આ બાબતમાં તેમનું વલણ શું છે તે તેમના જ આપેલા દૃષ્ટાન્તોમાંથી આપણને સમજવા મળે છે.

### ભગવાન મહાવીરની ભૂલ

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે પહેલાં ગોશાળક કેટલાંક વર્ષો સુધી તેમની સાથે જોડાયલો હતો. આ દરમિયાન ગોશાળક ઉપર કોઇએ બે વાર તેજોલેશ્યા ફેંકી હતી. ભગવાન મહાવીરે પોતાને પ્રાપ્ત થયેલ શીત લબ્ધિ વડે ગોશાળકને તેજોલેશ્યાના દાહમાંથી બન્ને વખતે બચાવ્યો હતો. સમયાન્તરે ભગવાનને કેવળજ્ઞાન થવા બાદ ગોશાળકે બે સાધુઓ ઉપર તેજોલેશ્યા ફેંકેલી, પણ તે વખતે ભગવાને પોતાની શકિતનો ઉપયોગ કરીને આ બે સાધુઓને બચાવવાનું યોગ્ય ધાર્યું નહોતું. આમાંની પ્રથમ ઘટનાને અનુલક્ષીને તેરાપંથીના સ્થાપક આચાર્ય ભિક્ષુજી જણાવે છે કે "ભગવાન મહાવીરનું આ કાર્ય ભુલભરેલું હતું. એ વખતે ભગવાન મહાવીર આઠે કર્મોથી યુકત હતા. તેઓ હજુ છદ્મસ્થ હતા, અને કર્મોની બળવાન અસર નીચે હતા અને તેથી તેમણે આવી સ્ખલના કરી હોય એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી." આ ઘટનાનો Cult of Ahimsa એ નામના પુસ્તકમાં વિસ્તારથી ઉલ્લેખ છે અને એ પુસ્તકના લેખક અને જૈન તેરાપંથી મહાસભાના મંત્રી શ્રીચંદ રામપુરીઆ જણાવે છે કે "આ બે ઘટનાઓ ઉપરથી પુરવાર થાય છે કે બીજાના બચાવ માટે કરવામાં આવતા શકિતના ઉપયોગને જૈનો પાપમય લેખે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૈન ધર્મ મુજબ એક સાધુ ઉપર કોઇ જંગલી પશુ આક્રમણ કરે તો તેને મારીને અથવા બીજા કોઇ બળનો ઉપયોગ કરીને અન્ય સાધુ તે સાધુને બચાવી શકે નહિ. એ જ રીતે કોઇ વિષયલોલુપ માણસની હિંસા કરીને કોઇ સાધ્વીને કોઇ સાધુ બચાવી શકે નહિ. તે તો ધર્મનો જ ઉપદેશ આપી શકે અને એ રીતે અસર ઉપજાવવામાં સાધુ નિષ્ફળ નીવડે તો તે સાધ્વીને બહાદુરીથી વીરતાપૂર્વક મરવા દેશે અને સુદૃઢ રહેવાનો અને કોઇ પણ સંયોગોમાં પોતાનો ધર્મ નહિ છોડવાનો તે સાધ્વીને ઉપદેશ આપશે." ભગવાન મહાવીરના જીવનને લગતી જે બે ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વાસ્તવિક રીતે બનેલી ઘટનાઓ છે કે નહિ તે વિષે હું કશું આધારપૂર્વક કહેવાની સ્થિતિમાં નથી, પણ એ વાસ્તવિક હોય કે ન હોય તો પણ તે ઉપરથી તારવવામાં આવેલો સાર તેરાપંથી દૃષ્ટિ સમજવામાં આપણને બહુ સહાયક નીવડે છે. સાથે સાથે એ પ્રશ્ન થાય છે કે આક્રમણકર્તા માનવી ઉપર ઉપદેશની અસર કદાપિ પણ થાય, પણ આક્રમક જંગલી પશુનો હૃદયપલટો શી રીતે સંભવે?

### મચ્છ પકડતો બગલો અને ત્રણ સાધુઓ

એજ Cult of Ahimsa માં આગળ ચાલતાં શ્રીચંદ રામપુરીઆ પંચતંત્રમાંની એક કાલ્પનિક કથાનું અવલંબન લઇને તેરાપંથી મન્તવ્ય અથવા તો દૃષ્ટિકોણને વધારે સ્પષ્ટ કરે છે. તેઓ જણાવે છે કે–

"અહિંસાના ઉપાસક સામે ઘણી વખત કર્તવ્યાકર્તવ્ય સંબંધે એક વિચિત્ર કોયડા જેવી પરિસ્થિતિ ઊભી થાય છે. આવી ધુંચવણના પ્રસંગે, ભગવાન મહાવીરનો સ્પષ્ટ આદેશ છે કે, તેણે મૌન ધારણ કરવું ઘટે. અમુક રીતે વર્તવું તે જ પુણ્યમય છે એમ તેણે કહેવું ન જોઇએ, કારણ કે સ્થાવર કે ત્રસ કોઇ પણ પ્રાણીની હિંસાને પોતે અનુમતિ આપતો તો નથી એ તેણે જોવું ઘટે છે. એ જ રીતે અમુક (જનહિતનું) કાર્ય પાપમય છે એમ તેણે કહેવું ન જોઇએ, કારણ કે તેમ કરવાથી તે ભુખ્યા લોકોને ભિક્ષા મળતી અટકાવવામાં નિમિત્તભૂત થશે. જેઓ તેની મના કરે છે તેઓ બીજા લોકોને ધારણપોષણના સાધનથી વંચિત કરે છે. અહિંસાના ઉપાસકે આવા પ્રસંગોએ મૌન ધારણ કરવું જોઇએ અને એક યા બીજી દિશાના પાપના ભોગ થતાં બચવું જોઇએ.

"પંચતંત્રમાં એક સુન્દર વાર્તા છે જે જૈન ધર્મના રહસ્યને સરસ રીતે રજૂ કરે છે અને અમારો દ્રષ્ટિકોણ વધારે સ્પષ્ટ કરવા માટે અમે અહીં તે ઉધ્ધૃત કરીએ છીએ:–

"ત્રણ સાધુઓ નદીના કિનારે તપ કરતા હતા. પોતાની તપસ્યાના બળે તેમણે દિવ્ય શકિતઓ પ્રાપ્ત કરી હતી. અને તેને લીધે તેમના દંડકમંડળ આકાશમાં અદ્ધર રહેતાં હતાં. આ દરમિયાન એક બગલો આવ્યો અને એક પગે જમીન ઉપર ઊભો અને જાણે કે ધ્યાનમાં હોય એમ બીજો પગ અધ્ધર રાખ્યો. એકાએક એક માછલી તેના જોવામાં આવી અને બગલાએ તે માછલીને પોતાની ચાંચ વડે ઝડપી લીધી, આ ઘટના નજરે પડતાં તે ત્રણમાંનો એક સાધુ

બૂમ પાડી ઉઠયો કે '**મુંચ, મુંચ**' 'માછલીને છોડી દે! છોડી દે!' આ બુમ સાથે આકાશમાં અધ્ધર રહેલા તેનાં દંડકમંડળ ધબ લઇને નીચે પડયાં અને તેની તપસ્યાનું ફળ તે હારી બેઠો.

"બીજા સાધુએ આ જોયું અને વિચાર્યું કે પહેલા સાધુએ માછલીને બચાવવા માટે બૂમ પાડી હતી તેથી તેની દિવ્ય શકિતનો હ્રાસ થયો હતો. તો તેણે માછલી ન બચે એવો પ્રયત્ન કરવો જોઇએ. પરિણામે '**મા મુંચ, મા મુંચ**!' 'માછલીને ન છોડતો! ન છોડતો!' એમ તેણે બૂમ પાડી અને તેનાં દંડકમંડળ પણ ભૂમિશાળી થયાં.

"ત્રીજા સાધુએ આ જોયું અને વિચાર્યું કે આ બન્ને માર્ગ અહિતકારક છે. તટસ્થ રહેવું એ જ ઉત્તમ માર્ગ છે." આમ વિચારીને તે સાધુ ધ્યાનમાં નિમગ્ન રહ્યો અને તેનાં દંડકમંડળ હતાં તેમ જ આકાશમાં અદ્ધર રહ્યાં.

### કથાસાર

"આનો સાર એ છે કે અહિંસાવ્રતધારી સહાનુભૂતિ કે વિરોધાનુભૂતિને વશ થઇને વર્તતો નથી. તેનો ધર્મ સદાકાળ નિરાબાધ રહે છે અને જે અન્યને બચાવવા ન બચાવવાની પ્રવૃતિમાં પડીને ચિત્તની સમતા ગુમાવે છે તે પોતાનો ધર્મ પણ ગુમાવે છે. સન્ત ભિક્ષુજીએ બહુ સરસ રીતે કહ્યું છે કે "હિંસાયુકત કોઇ પણ કાર્યમાં દયા હોઇ ન શકે અને દયાયુકત કોઇ પણ કાર્યમાં હિંસા હોઇ ન શકે. જેમ સૂર્ય અને પડછાયો એ બન્ને ભિન્ન છે તેમ પાપ અને પુણ્યકાર્યો પણ ભિન્ન છે. તે જ અહિંસાધર્મ હોઇ શકે જે હિંસાથી તદ્દન નિર્ભેળ હોય. જેમ પૂર્વ અને પશ્ચિમ એટલે કે બે દિશાઓ મળી શકતી નથી તેમ દયા ત્યાં જ હોય કે જ્યાં હિંસા ન હોય." શરૂઆતમાં આપેલ તેરાપંથી માન્યતાને લગતા નિવેદનમાં હોસ્પીટલ જેવી સમાજસ્વાસ્થ્યવર્ધક પ્રવૃત્તિનો પ્રશ્ન હોય ત્યાં અહિંસાવ્રતધારી વિરોધ પણ ન કરે તેમ સંમતિ પણ આપી ન શકે એમ જે જણાવવામાં આવ્યું છે તેમાંથી આપણને આ જ વિચારનું વધારે સમર્થન મળે છે.

### આચારવ્યવહારની અનેક ઘૂંચોનો તેરાપંથી ઉકેલ

આ જ રીતે બીલાડી ઉંદરને મારવા દોડતી હોય ત્યાં અહિંસાવ્રતધારીએ બીલાડીનો રોધ કરીને ઉંદરને બચાવવો કે નહિ, કસાઇના હાથમાંથી ધન કે લાગવગ વડે બકરાંઓને ઉગારવાં કે નહિ, કોઇ છોકરો મોટર નીચે આવી જતો દેખાય તો તેને બચાવીલેવો કે નહિ, આંખ સામે કોઈ ડૂબતું હોય તો તેને બહાર કાઢવું કે નહિ, એક બંધ વાડામાં ગાયો ભરી હોય અને વાડાને આગ લાગી હોય તો આગ ઓલવવી કે નહિ અથવા તો આગળીયો ખોલીને ગાયોને છોડાવવી કે નહિ, તરસ્યાને પાણી પાવું કે નહિ, આંધળા પાંગળા વગેરે અનાથોને ખાવાનું આપવું કે નહિ, પારેવાને ચણ, કુતરાને રોટલા, કે ગાયને ઘાસ નાંખવું કે નહિ, સામાજિક સંસ્થામાં દાન આપવું કે નહિ,—આવા અનેક જટિલ પ્રશ્નો રોજબરોજના વ્યવહારમાં ઊભા થાય છે. આવા પ્રસંગોએ તેરાપંથી સંપ્રદાય ઉપરના ધોરણે એટલે કે એણે માનેલા શુધ્ધ ધર્મની દ્રષ્ટિએ નિષ્ક્રિયતા અથવા તો તટસ્થતા ધારણ કરવાનું કહે છે.

અહિંસાવ્રતધારી માટે તેમના મતે અન્ય કોઇને ઉગારવા કે બચાવવાનો ધર્મ પ્રાપ્ત થતો નથી. [એ સમતા ખોઇને મમતા ચિન્તવવા બરોબર છે. આમાં પણ એકને બચાવવા જતાં અન્યને અપ્રિય કાંઇ કરવાનું આવે અથવા અન્ય ઉપર આક્રમણ કરવાનું આવે અથવા તો નાની મોટી હિંસા કરવાનો પ્રસંગ આવે ત્યારે બચાવવા ઉગારવાની ક્રિયા તેમના મતે અધર્મમય બની જાય છે. આ ઉપરાંત આ પ્રકારની દયા પાછળ દયા કરનારના દિલમાં જ્યારે રાગબંધ હોય છે ત્યારે એ દયા સાવધ એટલે કે દૂષિત એટલે કે અનાદરણીય બને છે. અને આ રાગબંધ એટલે માત્ર સગપણ કે સ્વજન હોવાના કારણે ઊભો થયેલો રાગબંધ નહિ પણ દયાનું પાત્ર પડોશી, ગામવાળો કે મહોલ્લાવાળો હોય, સ્વદેશવાળો કે પરિચિત પરદેશવાળો હોય, અનાથ કે સનાથ કોઇ પણ હોય, પૂર્વજન્મ સંબંધી હોય કે અત્યારે નવો ઉત્પન્ન થયેલો હોય—આ બધા સંબંધમાંથી ઊભી થયેલી દયાવૃત્તિ અને દયાકૃતિ રાગબંધવાળી જ લેખાવાની. આ ઉપરાંત જે દયા કરવાથી દયાના પાત્રનો સંસાર વધે, ઐહિક ભાવ વધે, શારીરિક સુખસગવડ નિર્માણ થાય એ પણ નિષિદ્ધ દયાની કોટિમાં આવે છે. આના પરિણામે જેને આપણે સાધારણ અર્થમાં સેવા, પરોપકાર, દયા, દાન, અનુકંપા કહીએ છીએ તેને તેરાપંથની શુદ્ધ ધર્મદ્રષ્ટિમાં જરા પણ અવકાશ રહેતો નથી એવા અનુમાન ઉપર આવવાની આપણને ફરજ પડે છે.

### સમાજવ્યવહાર વિષે તેરાપંથી દૃષ્ટિ

આમ વિચારવાથી તથા કહેવાથી બધા સાંસારિક વ્યવહાર, આચાર તથા પરસ્પર સેવાભાવનો લોપ થાય એમ કોઇ જરૂર કહેવાનું. આ સંબંધમાં તેરાપંથીનું એમ કહેવું છે કે અમારી નિસબત સંસાર સાથે નથી, સમાજ સાથે નથી, સમાજવ્યવહાર સાથે નથી. અમારી નિસબત શુધ્ધ ધર્મના અનુપાલનપૂર્વક મોક્ષ પ્રાપ્ત કરવા સાથે અને અન્ય જીવોને તે મોક્ષમાર્ગ દેખાડવા સાથે છે. જેઓ ગૃહસ્થાશ્રમી છે, સમાજ વચ્ચે બેઠા છે, પરસ્પરના વ્યવહારને સંભાળે છે, તેઓ પોતપોતાના ક્ષેત્ર અને સંયોગોમાં જે કાંઈ કરવું ઉચિત ધારે અને કરે તે સામે અમારો કોઇ વાંધો કે વિરોધ નથી. આ બધો 'સાંસારિક ઉપકાર' છે, 'લૌકિક ધર્મ' છે, પણ તેને આત્મિક એટલે કે શુધ્ધ ધર્મ સાથે કોઇ સંબંધ નથી; શુદ્ધ ધર્મની દૃષ્ટિએ આ સાંસારિક ઉપકાર કરનારી પ્રવૃત્તિઓ કે લૌકિક ધર્મપરિણામી વ્યવહારનું કોઈ મૂલ્ય નથી.

### આચાર્ય ભિક્ષુજીને ધન્યવાદ

તેરાપંથી માન્યતાનું મારી સમજણ મુજબ આ હાર્દ છે. આ આલોચનામાં આગળ વધતાં પહેલાં તેરાપંથી સંપ્રદાયના સ્થાપક ભિક્ષુજી અને તેમના અનુગામી આચાર્યોને એક બાબત માટે ધન્યવાદ આપવો જોઇએ કે અહિંસાધર્મનો વિગતથી વિચાર કરતાં તેમણે અમુક સિદ્ધાન્તો તારવ્યા અને ત્યાર બાદ અહિંસક આચરણને લગતી રોજબરોજના વ્યવહારની જે જે સમસ્યાઓ તેમની સામે આવી તેનો સમાજ શું કહેશે, લોકો શું વિચારશે, તેનો ફરો પણ ડર રાખ્યા સિવાય તે સિધ્ધાન્તોમાંથી સ્વાભાવિકપણે પરિણમે એવા જવાબો—ઉકેલો આપ્યા. પોતાના સિધ્ધાન્તની કસોટીએ કસતાં ભગવાન મહાવીરનું અમુક આચરણ દોષમય લાગ્યું તો તેને દોષમય જાહેર કરતાં તેઓ અચકાયા નહિ. આ નીડરતા અને પોતાના મતને વળગી રહેવાનું ચિકાટીપણું જરૂર અભિનંદનને પાત્ર લેખાવાં જોઇએ.

### તેરાપંથીઓનો દાવો

તેરાપંથીઓનો દાવો છે કે તેમના પ્રવર્તકોએ તારવેલી વિચાર-પરંપરા જૈન ધર્મની મૂળ માન્યતા અને પરંપરાને અનુરૂપ છે. આ દાવા વિષે હું શાસ્ત્રાર્થ કરવા નથી માંગતો તેમ જ તેની કોઇ ખાસ ઉપયોગિતા છે એમ પણ હું સ્વીકારતો નથી. આ સંબંધમાં અહીં એટલું જ કહેવું બસ થશે કે જૈન ધર્મ મૂળથી નિવૃત્તિલક્ષી ધર્મ છે; આત્મસાધનાને તેમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે; એટલી જ મહત્તા ત્યાગને આપવામાં આવી છે. તેના આગમો અને ધર્મગ્રંથોમાં તેરાપંથી માન્યતાનાં અમુક બીજો જરૂર પડેલાં છે. અહિંસાની એકાંગી પ્રરૂપણાનું પણ સમર્થન આગમગ્રંથોમાંથી જ્યાં ત્યાં મળે તેમ છે. એમ છતાં પણ અહિંસાની વિધાયક બાજુને પોષક ઉલ્લેખો પણ ઢગલાબંધ જોવામાં આવે છે. આપણે જે લૌકિક

અર્થમાં સમજીએ છીએ તે અર્થમાં દયા અને દાનનો મહિમા પણ 'ધર્મશાસ્ત્રોએ ખૂબ ખૂબ ગાયો છે. દાન, શીલ, તપ અને ભાવ-એ ચાર ભાવનામાં દાન ભાવના અગ્રસ્થાને છે તેમનાથનું લગ્ન મંડપથી પાછા ફરવું, કમઠ ઋષિની ધુણીમાં બળતા સર્પને બચાવવા જતાં કમઠ સાથે પાર્શ્વનાથનું સંઘર્ષમાં આવવું, મેઘકુમારનું હાથીના ભવમાં પોતાના પગ નીચે આવેલા સસલાને બચાવવા જતાં અધ્ધર પગે અવસાન પામવું, મેઘરથનું પોતાના શરીરમાંથી માંસ કાપી આપીને પણ પારેવાને બચાવવું, પરદેશી રાજાએ તથા નંદમણિયારા શેઠે દાનશાળાઓ ખોલવી-આ બધાં દયા અને દાનનાં દૃષ્ટાન્તો શાસ્ત્રકથાઓમાં મોજુદ છે, પણ તેરાપંથી પ્રવર્તકો આ દૃષ્ટાંતોને પોતાની માન્યતાના ચોગઠામાં બેસારવાનો પોતાની રીતે પ્રયત્ન કરે છે અને આ દૃષ્ટાન્તોમાં રહેલાં દયા દાનનાં મૂલ્યનો ઇન્કાર કરે છે. પરિણામે ઉપર જણાવેલ તેરાપંથીઓના દાવાનો શાસ્ત્રાર્થો વડે છેવટનો નિકાલ લાવવો મુશ્કેલ છે.

## શાસ્ત્રાર્થની બીનઉપયોગતા

આવા શાસ્ત્રાર્થની ઉપયોગિતા એટલા માટે નથી કે અહિંસાતત્વની ચર્ચા કોઇ પણ એક સંપ્રદાયપરંપરાને માન્ય રાખીને કરવાને બદલે અહિંસાધર્મના આદ્યપ્રણેતા ભગવાન મહાવીરથી માંડીને ગાંધીજી સુધી અહિંસાવિચારનો જે વિકાસ થયો છે તે લક્ષ્યમાં લઇને કરવામાં આવે તે વધારે લાભપ્રદ નીવડવા સંભવ છે. નીચેની આલોચનામાં મારો આ પ્રયત્ન રહેશે

## તેરાપંથની તાત્ત્વિક ભૂમિકાનું વિવરણ

આપણે ઉપર જોયું કે તેરાપંથે રજૂ કરેલી તાત્વિક ભૂમિકા જો બરોબર હોય તો તેમાંથી ફલિત થતી ઉપપત્તિઓ મોટા ભાગે સ્વીકારવા સિવાય આપણા માટે બીજો વિકલ્પ રહેતો નથી. પણ આ ઉપપત્તિઓને અહિંસાનો સમગ્રપણે નિષેધાત્મક તેમ જ વિધાયક રીતે વિચાર કરનાર કોઇ કાળે સ્વીકારી શકે તેમ છે જ નહિ. અહિંસક આચારને લગતાં તેરાપંથીનાં વિધાનો આપણા દિલમાં દુઃખ અને દર્દ પેદા કરતાં હોય, અહિંસાના નામ ઉપર અહિંસા તત્વનો જ વિદ્રોહ કરતા હોય એમ લાગે છે. આ ઉપપત્તિઓને ટાળવી હોય તો અહિંસાની તાત્વિક ભૂમિકાનું સંશોધન કરવું ઘટે છે.

## અહિંસાપાલન એટલે અલ્પતમ હિંસાનો સ્વીકાર

અહિંસા ધર્મનું વૈચિત્ર્ય એ છે કે આપણે અહિંસાને આદર્શ તરીકે સ્વીકારીએ છીએ પણ આપણું જન્મથી માંડીને મૃત્યુ સુધીનું સમસ્ત જીવન એક યા બીજા પ્રકારની હિંસા સાથે સંકળાયલું છે. જીવન-નિર્વાહ માટે અનિવાર્ય હિંસાને અહિંસા લેખીને અથવા તો પોતાના માટે નથી કરાવ્યું એમ મનને મનાવીને જરૂરી આહાર વસ્ત્રાદિક સમાજ પાસેથી મેળવીને અહિંસાવ્રતધારી સાધુ પોતાને સંપૂર્ણ અહિંસક તરીકે ભલે લેખાવે, પણ શ્વાસોશ્વાસ અને હલનચલનથી માંડીને પોતે જે ચીજવસ્તુનો ઉપભોગ કરે છે તે સર્વ કાંઇ નિર્માણ કરવામાં રહેલી હિંસાનો દોષ તેને વળગેલો જ છે. કુદરતનો ક્રમ 'જીવો જીવસ્ય જીવનમ્' ઉપર નિર્ભર છે. આ વાસ્તવિકતા વચ્ચે અહિંસાનાં પાલનનો વ્યકિત માટે એટલો જ અર્થ હોઇ શકે કે તે બને તેટલી ઓછી હિંસા વડે પોતાના જીવનનો નિર્વાહ કરે અને સમાજ માટે પણ તેનો અર્થ એટલો જ હોઇ શકે કે સમાજવ્યવહાર ઓછામાં ઓછી હિંસા ઉપર નિર્માણ કરવામાં આવે.

## નાના જીવોના ભોગે મોટા જીવોને બચાવો

આ અલ્પતમ હિંસાને બીજી એક મર્યાદા લાગુ પાડવાની રહે છે. અનિવાર્યપણાના ખ્યાલથી અલ્પતમ હિંસા તો આપણે સ્વીકારવી જ રહી, પણ પોતાનો જીવનવ્યવહાર સિધ્ધ કરવા માટે જ્યાં નાના અથવા મોટા જીવોની હિંસા આવશ્યક બને ત્યાં કોઇ મર્યાદા-કોઇ વિવેક-હોવો જરૂરી છે કે નહિ? જીવો અવશ્ય બધા સરખા છે; કોઇ પણ જીવની હિંસા એ હિંસા જ લેખાવાની છે. આમ છતાં પણ જો આવો કોઇ વિવેક વિચારવામાં ન આવે તો અનિવાર્ય હિંસાના પ્રસંગે અહિંસાનો ઉપાસક નાના અનેક જીવોને બચાવીને થોડા મોટા જીવોની હિંસાને આદરણીય લેખવા લલચાવાનો. વનસ્પતિને બચાવીને માંસાહાર કેમ ન કરવો? પશુને બચાવીને માણસને કેમ ન મારવો? આવા આપત્તિજનક પ્રશ્નો ઊભા થવાના. આ ધુંચનો એક જ નિકાલ હોઇ શકે અને અહિંસાના સર્વ વિચારકોએ એ પ્રારંભથી જ સ્વીકાર્યો છે અને તે એ છે કે જ્યાં હિંસામાં પસંદગીનો વિકલ્પ ઊભો થાય ત્યાં વિશેષ વિકસિત જીવોને બચાવીને અલ્પવિકસિત જીવોની હિંસાને અનુમત કરવી. આ ધોરણ સ્વીકારતાં માનવીની રક્ષાને સૌથી પ્રથમ સ્થાન મળે, પછી પંચેન્દ્રિય અન્ય પશુઓ, પછી ઉત્તરોત્તર ચાર ત્રણ, બે અને એક ઇન્દ્રિયવાળા જીવની રૂક્ષાનો વિચાર કરવાનું આપણને પ્રાપ્ત થાય.

## માનવીરક્ષાને પ્રાધાન્ય આપો

આપણને પરિચિત જીવસૃષ્ટિમાં માનવી સૌથી વધારે વિકસિત પ્રાણી છે. જીવસૃષ્ટિ સહજ રીતે બે વિભાગમાં વહેંચાઇ જાય છે. માનવસૃષ્ટિ અને માનવેતર સૃષ્ટિ. પોતાના સ્વાસ્થ્ય, ધારણ, પોષણ સંવર્ધન અર્થે માનવી માનવેતર સૃષ્ટિનો એક યા બીજી રીતે ઉપયોગ કરતો જ આવ્યો છે અને અહિંસાની વિચારણામાં માનવીના ધારણ પોષણને અમુક અંશે પ્રાધાન્ય આપ્યા સિવાય ચાલે તેમ નથી. એવો કોઇ ધર્મ નથી કે જે એમ કહે કે માનવી ભલે મરતો, જીવોને બચાવો. અહિંસાની વિચારણામાં માનવસૃષ્ટિ વિરૂધ્ધ માનવેતર સૃષ્ટિનો પ્રશ્ન એક મોટો કોયડો ઊભો કરે છે. એક બાજુએ એમ નહિ જ કહેવાય કે માનવીના સ્વાર્થ ખાતર નીચેની કોટિના જીવોની ગમે તેટલી હિંસા વ્યાજબી છે. તો બીજી બાજુએ એમ તો કદાપિ કહી ન જ શકાય કે માનવીના ભોગે અન્ય જીવોની રક્ષા કરો. માનવેતર જીવોને માનવી જેટલો જ જીવવાનો અધિકાર છે એમ તત્વતઃ સ્વીકારતાં છતાં વિકાસક્રમના શિખરે પહોંચેલ માનવીના વિશિષ્ટ અધિકારનો કોઇથી ઇનકાર થઇ ન શકે. આ સર્વસ્વીકૃત ધોરણ ઉપર અહિંસાધર્મનો સર્વ આચાર ઘડાતો આવ્યો છે અને તેનું ઔચિત્ય-અનૌચિત્ય નક્કી થતું રહ્યું છે. આ ધોરણ ઉપર કૂવા ખોદવા, હોસ્પીટલો ઊભાં કરવાં, ધર્મશાળાઓ બંધાવવી, છાત્રાલયો, શિક્ષણશાળાઓ, મહાવિદ્યાલયો નિર્માણ કરવાં, સમાજની સુખાકારી અર્થે ગામ-શહેરની સાફસૂફી કરવી, રસ્તાઓ બનાવવા, મેલેરીઆના ત્રાસથી ગામડાંઓને મુકત કરવાં, હિંસક પશુઓના ત્રાસથી લોકોને બચાવવા, દુષ્કાળ-રાહત પહોંચાડવી-આ બધું હિંસાગર્ભિત હોવા છતાં સામાજિક કર્તવ્ય તો ખરૂં પણ તે ધર્મરૂપે પણ સ્વીકારાયું છે.

## અહિંસાધર્મ એટલે અન્યને ઉગારો, બચાવો!

અહિંસા ધર્મના સ્વીકાર સાથે આસપાસ થતી હિંસા અટકાવવાનું, અન્ય જીવોને બચાવવાનું, ઉગારવાનું સ્વતઃ ફલિત થાય છે. આમ કરવા જતાં કોઇ નાની સૂક્ષ્મ હિંસા કરવી પડે, જેમ કે તરસ્યાને પાણી પાવા જતાં અપકાયના જીવોની હિંસા, આગમાંથી કોઇને બચાવવા જતાં અથવા લાગેલી આગ ઠારવા જતાં અગ્નિકાય અથવા અપકાયના જીવોની હિંસા-આવી હિંસા ક્ષમ્ય બને છે. જ્યાં ચોતરફ હિંસા જ વ્યાપ્ત છે ત્યાં વિશાળ સમાજનો લાભાલાભ, નાના જીવોના ભોગે મોટા જીવોનો બચાવ, માનવીરક્ષાને પ્રાધાન્ય-આ રીતે જ કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય થઇ શકે છે.

## અનિવાર્ય માનવતાધર્મ

અહિંસાવ્રતધારી અલ્પતમ હિંસા ઉપર પોતાનો જીવન-વ્યવહાર નિર્માણ કરે છે, તે કારણે ઓછામાં ઓછી જરૂરિયાતો વડે પોતાનો નિર્વાહ કરે છે. આમ છતાં પણ માનવતાના ધર્મથી તે કદિ મુકત થઇ શકતો નથી. પાસેના ઘરમાં

આગ લાગી છે અને અંદર માણસો ફસાયા છે જેમને બચાવવા જરૂરી છે, રસ્તે ચાલ્યો જાય છે અને બાજુએ ચાલતો માણસ ડુબવા માંડે છે અને પોતે બચાવી શકે તેમ છે, કોઇ મોટર દોડતી આવે છે અને સામે આવતા છોકરાને પકડી લેવામાં ન આવે તો કચરાઇ જવાનો પૂરો સંભવ છે–આવી પરિસ્થિતિ વચ્ચે મારૂં વ્રત મને તો સમભાવમાં રહેવાનું કહે છે. એમ માનીને નિષ્ક્રિય રહેવાનું જો તે પસંદ કરે તો તે માનવતાનો એટલે કે અહિંસાધર્મનો લોપ કરે છે. દરેક વ્રતને પણ અસાધારણ સંયોગમાં અપવાદને અવકાશ હોવો જ જોઇએ. એમ ન હોય તો ઉપાસના કેવળ જડ અને એકાંગી બની જાય.

### અન્યને માર્ગદર્શન આપવાની અહિંસાવ્રતધારીની જવાબદારી

બીજું, અહિંસાવ્રતધારી સાધુ અલ્પતમ હિંસા ઉપર નિર્ભર રહેવાના વ્રતના કારણે પોતાની પ્રવૃત્તિઓને ભલે ફાવે તેટલી મર્યાદિત કરીને જીવનનિર્વાહ કરે, પણ પોતાના અનુયાયીઓ કે જેમણે સંસારનો ત્યાગ કર્યો હોતો નથી અને જેઓ અનેક સામાજિક કર્તવ્યો અને જવાબદારી ધરાવતા હોય છે તેમને તેમના ભિન્ન ભિન્ન સંયોગોનુસાર પ્રાપ્ત થતા કર્તાવ્યકર્તવ્ય વિષે તેણે સાચું માર્ગદર્શન આપવું જ જોઇએ. અનુયાયીઓ આવા સાધુ પાસેથી સાચી સમજણની આશા રાખતા હોય છે. સમજણ એટલે હેય ઉપાદેય ઉભયની સમજણ–આમાં હેયનો ઉપદેશ અમે આપીએ અને ઉપાદેયનો ઉપદેશ અમે ન આપીએ કારણ કે ઉપાદેયના આરંભસમારંભનો અમને દોષ લાગે–આ અહિંસાધર્મનો કોઇ વિચિત્ર ખ્યાલ લાગે છે. જો આ અહિંસાનો ઉપાસક સાધુ ઉપાદેયની સમજણ આપવાની ના કહે તો તે માટે તેનો અનુયાયી ક્યાં જાય? જેમ અમુક અકર્તવ્ય અહિંસાવિચારથી ફલિત થાય છે તેમ અમુક કર્તવ્ય પણ અહિંસાવિચારમાંથી જ ફલિત થાય છે. આપણું સમગ્ર આચરણ અહિંસાપૂત હોવું જરૂરી મનાયું છે તો આચરણનો કર્તવ્ય વિભાગ અહિંસાપૂત બનવો જ જોઇએ. આ વિભાગને અહિંસાવ્રતી સંભાળવાની ના કહે તો તે માટે તેણે શું હિંસાના ઉપાસક પાસે જવું? સાચું અને વ્યાપક માર્ગદર્શન આપવું તે અહિંસાવ્રતધારીનું કામ છે. તે મુજબ વર્તવા ન વર્તવાની બધી જવાબદારી અનુયાયીની છે,

કોઇ જીવને કોઇ આફતમાંથી ઉગારવા બચાવવા અથવા તો તેની પ્રાણહાનિ થતી અટકાવવાને લગતા પ્રશ્નમાં તેરાપંથી દૃષ્ટિ મુજબ જે નિષ્ક્રિયતા–તટસ્થતા સ્વીકારવાનું સૂચવવામાં આવ્યું છે તે સંબંધમાં તેરાપંથી આચાર્યોનું કહેવું એમ છે કે આ નિષેધ અથવા તો નિષ્ક્રિયતાનું વિધાન અહિંસાવ્રતધારી સાધુને જ લાગુ પડે છે, જે અહિંસાવ્રતધારી નથી તેને કરવું હોય તે કરવાની છૂટ છે અલબત્ત જે વ્રતબધ્ધ નથી તે ગમે તેમ વર્તી શકે છે પણ તેણે કેમ વર્તવું તેનું દિશાસૂચન તો તેણે અહિંસવ્રતધારી સાધુ પાસેથી મેળવવું જ રહ્યું. જે વર્તન અહિંસાવ્રતધારીને તેની અહિંસાવિષયક વિશિષ્ટ દૃષ્ટિએ સંમત નથી તે વર્તન અનુયાયી માટે ધર્મ્ય બની ન જ શકે. જો કોઇને 'ઉગારવું બચાવવું' એ અહિંસાધર્મના સૂક્ષ્મ વિચારમાંથી ફલિત ન જ થતું હોય તો કોઇને ઉગારવા બચાવવા વિષે અનુયાયીઓમાં પણ સ્વાભાવિક રીતે ઉદાસીનતા જ કેળવાવાની.

### અહિંસાના પાયામાં રહેલો પ્રેમધર્મ

અહિંસાને આપણે પરમધર્મ તરીકે વર્ણવીએ છીએ પણ આ અહિંસાધર્મ પર્ણ આપણને શી રીતે પ્રાપ્ત થાય છે તેનું મૂળ સંશોધન આવશ્યક છે. માનવી પશુ મટીને માનવી બનવાની શરૂઆત કરે છે એ સાથે તેને અન્ય માનવીઓનો વિચાર આવે છે. માનવી પ્રત્યે તે સહજભાવે આકર્ષાય છે. જેમ પોતાને દુઃખ થાય તો નથી ગમતું તેમ અન્યને દુઃખ થાય તો ન જ ગમે, આમ સ્વપરસમાનતાનો ખ્યાલ પેદા થાય છે. આ ઉપરાંત એક-એકનાં સુખદુઃખ પરસ્પરાવલંબી છે એવી સહાનુભૂતિ અને સમ-સંવેદન તેના દિલમાં જાગૃત થાય છે. આ સહાનુભૂતિ અને સમસંવેદનમાંથી તાદાત્મ્ય જન્મે છે. સમજણ વધે છે તેમ એ જ પ્રાણના ધબકારા તે અન્ય જીવોમાં ધબકતા સાંભળે છે અને આ રીતે તેની સહાનુભૂતિનું ક્ષેત્ર વિસ્તરવા માંડે છે. મૈત્રી, પ્રેમ માનવી–સ્વભાવની સહજવૃત્તિ છે. પ્રારંભમાં માનવીસમાજ અને પછી ધીમે ધીમે વિશાળ જીવસૃષ્ટિ – ભૂત માત્ર–વિષેની મૈત્રીની ભાવનામાંથી અહિંસાની વૃત્તિ પ્રગટે છે. જે મારા છે, મારી જેવા છે, જેના સુખમાં મને આનંદ છે અને જેના દુઃખમાં મને ગ્લાનિ છે તેને મરાય કેમ? તેને ઇજા કેમ પહોંચાડાય? તેનું અપ્રિય કેમ કરાય?–આ રીતે ભૂતમાત્ર વિષેની મૈત્રી–ભાવનાનાં મૂળ રોપાય છે, અને તેમાંથી અહિંસાના વિચાર ઊગે છે. અહિંસાના મૂળમાં રહેલી આ મૈત્રીની ભાવના સ્વીકારવા સાથે અન્યનું ભલું કરવાની, અન્યના દુઃખમાં ભાગીદાર થવાની, અન્ય ખાતર પ્રાણ અર્પણ કરવાની વૃત્તિ જન્મે છે. પરોપકાર, સમાજસેવા, દયાદાન, અનુકંપા–આ બધી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ કર્તવ્યરૂપે ધર્મરૂપે આપણી સામે આવીને ઊભી રહે છે.

### મૈત્રીભાવમાંથી ફલિત થતી વિધાયક અહિંસા

મૈત્રીની ભૂમિકા ઉપર આરૂઢ થયેલી અહિંસાનો આપણે જ્યારે વિચાર કરવા માંડીએ છીએ ત્યારે અહિંસાનું વિધાયકરૂપે આપણને દર્શન થાય છે, અન્યને ઉગારવામાં, બચાવવામાં, જરૂરી રાહત પહોંચાડવામાં મોટો પુરુષાર્થ અને અહિંસાની સક્રિય સાધના રહેલી છે; એ તથ્યનું આપણને સવિશેષ ભાન થાય છે, વ્યક્તિ અને સમાજ વચ્ચે રહેલા જીવન્ત અને પરસ્પરાવલંબી સંબંધની આપણને પ્રતીતિ થાય છે.

### તેરાપંથીઓની અહિંસાની જડ ઉપાસના

પણ અહિંસાના એકાંગી ઉપાસકો આ મૈત્રીની ભાવના ભૂલી જાય છે. આ વિચિત્ર જગતમાં જાણે કે પોતે એકલો અટુલો ભૂલો પડયો હોય એમ જગતને તે નિહાળે છે. કોઇ પોતાનું નથી, પોતે કોઇનો નથી; પોતાનો મોક્ષ પોતે સાધી લેવાનો છે. મોક્ષ એટલે કર્મમુક્તિ, કર્મમુક્તિ એટલે સંપૂર્ણ હિંસાનિવૃત્તિ. સૌ કોઇ કર્મને અધીન છે; કોઇને કોઇ જીવાડતું નથી કે ઉગારતું નથી. મારે માત્ર મારી જ ચિંતા કરવાની છે, મારો જ મોક્ષ સાધવાનો છે. આમ મૈત્રીની ભાવના અણુવિકસી રહે છે અને અહિંસાની કેવળ જડ ઉપાસના શરૂ થાય છે. અન્ય પ્રત્યે પોતાને કોઇ જવાબદારી છે એ ખ્યાલ ભૂલી જવાય છે. અને અહિંસાના નામ ઉપર માણસ કેવળ અસામાજિક વૃત્તિનો બની જાય છે. તેરાપંથી અહિંસાવિચારમાં રહેલી વિકૃતિ આ પ્રકારની છે.

### પાંચ વ્રતો અને સામાજિક સમધારણ

અહિંસાનો પ્રશ્ન બીજા એક દૃષ્ટિકોણથી વિચારવો ઘટે છે. અહિંસા અને એ સાથે જોડાયલા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ–આ પાંચ આચારનિયમો શોધાયા શી રીતે? ધર્મવિચારનો પણ મૂળ આશય શો છે? લાંબા અનુભવના આધારે ઋષિમુનિઓએ તેમ જ ધર્માચાર્યોએ નિર્ણય કર્યો કે જો માનવી માનવી વચ્ચે, વ્યક્તિ અને સમાજ વચ્ચે સંવાદી સંબંધ ઊભો કરવો હોય તેમ જ સ્થિર કરવો હોય તો તેણે આ નિયમોના યથાશક્તિ પાલનને ધર્મ તરીકે સ્વીકારવું જ જોઇએ. આ પાંચ વ્રત પાછળ શુધ્ધ સમાજધારણની બુધ્ધિ રહેલી છે અને તેથી જ તે ધર્મ્ય મનાયા છે. આ મહાવ્રતોને સમાજ સાથે કશો સંબંધ નથી, પણ વ્યક્તિગત મોક્ષ માટે જ તેની ઉપયોગિતા છે એમ કહેવું કે વિચારવું એ મહાવ્રતોના સાચા

મહત્વનો ઇનકાર કરવા બરાબર છે. આ પાંચ વ્રતો સ્પષ્ટપણે સૂચન છે કે વ્યકિત જેટલી જ સમાજ એક નક્કર હકીકત છે અને આ સમાજના ધારણ પોષણ તથા સંવર્ધન માટે પાંચ મહાવ્રતનું યથાશકિત પાલન દરેક વ્યકિત માટે અત્યન્ત આવશ્યક છે.

### પુણ્ય પાપની વ્યાખ્યા

પુણ્ય પાપના ખ્યાલો પણ આ વિચારણા સાથે જ સંકળાયલા છે. આત્માનો ઉત્કર્ષ અને અહંભાવનું, સ્વાર્થપરાયણતાનું વિસર્જન માનવી જીવનના આ બે મુખ્ય હેતુ છે. આત્માનો ઉત્કર્ષ એટલે આત્મામાં રહેલી શકિતઓનો વિકાસ કરવો અને ચિતવૃત્તિઓને વિશદ કરવી. અહંભાવનું વિસર્જન એટલે સમાજ સાથે-વિશાળ જીવસૃષ્ટિ સાથે-આત્મૌપમ્ય ભાવની ખીલવણી કરવી અને તદર્થે અપરિગ્રહ, દાન, દયા, અનુકંપાની વૃત્તિનું સંવર્ધન કરવું. આ બે હેતુ અર્થે જે કરવામાં આવે તે કર્મ યા કાર્ય પુણ્યમય. તેથી વિરોધી જે કાંઇ કરવામાં આવે તે કર્મ યા કાર્ય પાપમય.

### તેરાપંથે બાંધેલી પુણ્ય પાપની સાંકડી વ્યાખ્યા.

પુણ્ય પાપ વિષેની આ પ્રચલિત અને સર્વસ્વીકૃત કલ્પના છોડીને તેરાપંથીઓ પુણ્ય પાપની વ્યાખ્યા અત્યન્ત મર્યાદિત રીતે બાંધે છે અને અનેક શુભકાર્યોને પુણ્યકોટિમાંથી બહિષ્કૃત કરે છે. તેઓ સમાજ માટે જે કાંઇ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેને લૌકિક કહે છે અને આત્મા માટે જે કાંઇ કરવામાં આવે છે તેને આત્મિક કહે છે. પણ આ ભેદ ભ્રામક છે અને ગેરરસ્તે દોરવનારો છે. સમાજાભિમુખ કર્તવ્ય તેમ જ આત્માભિમુખ કર્તવ્ય–ઉભય આત્મિક છે એટલે કે આત્માનો ઉત્કર્ષ સાધવા માટે બન્નેની એટલી જ ઉપયોગિતા છે. બીજું જ્યારે કર્તવ્યકર્મના બે વિભાગ પાડવામાં આવે છે–આત્મિક તથા લૌકિક અને તેરાપંથી સંપ્રદાયના પ્રવર્તકો આત્મિક કર્તવ્યને જ જ્યારે ખરું મહત્વનું ગણે છે ત્યારે અનુયાયીઓ પણ લૌકિક કર્તવ્યવિભાગ વિષે સહજપણે વિરોધી નહિ તો ઉપેક્ષાયુકત વૃત્તિવાળા બને છે. વ્યકિત અને સમાજ જુદા છે એ ખ્યાલ જ ભૂલભરેલો છે. જો બન્ને જુદા હોત તો અહિંસારૂપી સામાજિક ધર્મ જ પેદા થયો ન હોત. સમાજ ખાતર જીવન અર્પણ કરનાર વ્યકિત લૌકિક કૃત્ય કરે છે અને તેવા બલિદાનને આત્મોત્કર્ષ સાથે કશો સંબંધ નથી એવી વિચિત્ર ભ્રમણા આ કૃત્રિમ ભેદમાંથી ઊભી થાય છે.

### મનના ભાવ ઉપર રહેલો કર્મના ગુણદોષનો આધાર

કોઇ પણ કાર્યની ગુણવત્તા કે દોષમયતાનો આધાર કેવળ બાહ્ય હિંસા ઉપર નથી રહેલો. હિંસાની દોષમયતાનો મૂળ આધાર મનની વૃત્તિ ઉપર રહેલો છે. કેવળ સ્વાર્થભાવથી પ્રેરિત પ્રવૃત્તિ મોટાભાગે દોષમય હોવા સંભવ છે. કશા પણ અંગત સ્વાર્થના વિચારથી મુકત શુધ્ધ લોકકલ્યાણના હેતુથી પ્રેરિત વિવેકપૂર્વકની સર્વ પ્રવૃત્તિ હિંસાગર્ભિત હોવા છતાં નિર્દોષ–ધર્મમય છે. આમ ન હોય તો કોઇ પણ ક્રાન્તિકારી લોકોત્તર યુગપુરૂષ જનસમાજમાં વિચારસંક્ષોભ પેદા કરે છે અને તેમાંથી ભારે સંઘર્ષો ઊભા થાય છે. જેનું પરિણામ અનેકને દુઃખ ઉપાધિ ઉભાં કરવામાં આવે છે. આવા લોકસંગ્રહશીલ યુગપુરુષને કેવળ હિંસા અહિંસાના ધોરણે માપવા જતાં મહાપાપી લેખવો પડે. આપણે દૂર શું કામ જઇએ ? અણુવ્રતી સંઘના પ્રસ્થાપક અને સૂત્રધાર આચાર્ય તુલસી ગણી અણુવ્રતના પ્રચાર અર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે; લેખો પ્રગટ કરી રહ્યા છે; વ્યાખ્યાનો આપી રહ્યા છે; સંમેલનો બોલાવી રહ્યા છે; વિશિષ્ટ વ્યકિતઓનો સંપર્ક સાધી રહ્યા છે. પોતાને મળવા માટે તેઓ અનેકને બોલાવી રહ્યા છે. તેમની પ્રેરણાથી દૂર દૂરના લોકો આચાર્યશ્રી આયોજિત સમેલનોમાં ભાગ લેવા આવી રહ્યા છે. પ્રચારકાર્યમાં આચાર્ય તુલસીને કોઇ પહોંચે નહિ એવી ખ્યાતિ તેમણે પ્રાપ્ત કરી છે. આ બધી પ્રવૃત્તિમાં રહેલા હલનચલન મુદ્રણ પ્રકાશન પ્રચાર આદિમાં હિંસા રહેલી નથી એમ કોણ કહેશે? આમ છતાં આ પાછળ શુધ્ધ સમાજકલ્યાણની નૈતિક ઉત્થાનની ભાવના રહેલી છે એમ સ્વીકારીને આચાર્યશ્રીમાં આપણે લેશ માત્ર દોષની સંભાવના કરતા નથી.

### સામાજિક અહિંસા

એક વખત એવી માન્યતા હતી કે અહિંસા કેવળ વ્યકિતગત સાધનાનો વિષય છે. સમાજ અને રાજકારણના પ્રશ્નો ઉકેલવામાં અહિંસાને કશું સ્થાન હોઇ ન શકે. આમ છતાં આ અસ્પૃશ્ય લેખાતા પ્રદેશોમાં ગાંધીજીએ અહિંસાવિચારને પ્રવેશ કરાવ્યો છે. અસહકારક, સવિનયભંગ, સત્યાગ્રહ–આ સમાજસ્પર્શી અહિંસાનાં જ ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. જે પ્રશ્નોનો નિકાલ મારઝુડ અને રકતપાતથી જ થઇ શકે એમ માનવામાં આવતું હતું તે પ્રશ્નોનો નિકાલ લાવવાની અહિંસક રીતો પણ છે એ ગાંધીજીએ આપણી સામે સિધ્ધ કરી આપ્યું છે. વિશ્વની રાજકારણી સમસ્યાનો ઉકેલ પણ આજે અહિંસાદ્વારા વિચારાઇ શોધાઇ રહ્યો છે. તેરાપંથી અહિંસા કેવળ વ્યકિતગત હોઇને આ બાબતમાં કશો પણ પ્રકાશ પાડી શકે તેમ છે જ નહિ.

### જૈન ધર્મની અહિંસાવિષયક માન્યતાઓનું જરૂરી સંશોધન

માત્ર તેરાપંથીઓની જ નહિ પણ જૈન સંપ્રદાયની અહિંસાવિષયક કેટલીક માન્યતાઓ આજની દ્રષ્ટિએ સંશોધન માગી રહેલ છે. જે વસ્તુનો વ્યાપાર અથવા ઉપભોગ આપણે કરીએ તેના નિર્માણ સાથે લાગેલી હિંસા આપણને લાગે નહિ એમ જૈનો માને છે. આ વિચારથી કાપડ અને તેમાં પણ રેશમી કાપડના વ્યાપારને, મોતીના વ્યાપારને, અને એવી અનેક યંત્રનિર્મિત ચીજોના વ્યાપારને તેમ જ ઉપભોગને જૈનો નિર્દોષ અહિંસક માને છે. અનાજ ખાનારને ખેતી દોષથી મુકત માને છે પણ આ સંતોષ ભ્રામક છે. નિર્દોષ સમાજનો વ્યવહાર જ એવો છે કે અમુક સમુદાયની જરૂરિયાતો અન્ય સમુદાય પેદા કરે છે અને તેની જરૂરિયાતો વળી ત્રીજો સમુદાય પેદા કરે છે. આમાં પેદા કરનાર દોષિત અને વસ્તુવિનિમય કરનાર તેમ જ ભોગવનાર દોષિત નહિ એમ કેમ મનાય? ખેતી કરનાર દોષિત અને અનાજનો વેપારી દોષિત નહિ એ કેમ સ્વીકારાય? કતલખાનામાં સંખ્યાબંધ જાનવરો કપાય છે. આનો દોષ આપણે કસાઇઓ અને માંસ ખાનારાઓ ઉપર નાંખીએ છીએ. આ રીતે અનાજ ખાનારો પણ ખેતીનો એટલો જ દોષભાગી લેખાવો જ જોઇએ. કતલ સંબંધમાં આપણે એથી પણ આગળ ચાલીને વિચાર કરવો ઘટે છે. જે જાનવરોની કતલ થાય છે, તેના માંસનો જ ઉપયોગ થાય છે એમ નથી, ચામડાના જોડા થાય છે; હાડકાનાં બટન, રમકડાં, ચપુના હાથા વગેરે બને છે; અને બીજી વસ્તુઓનો પણ તરેહતરેહનો ઉપયોગ થાય છે. જાનવરની કતલનો દોષ તે તે ચીજો વાપરનાર સર્વ કોઇને લાગવો જોઇએ. માણસો પોતાનાં નાણાં સરકારી સીકયોરીટીમાં રોકે છે પણ તે નાણાંનો સરકાર સૈન્ય સજ્જ કરવામાં ઉપયોગ કરે છે. આનો ઉપનય એ છે કે જૈનોનો-આપણો અહિંસાવિષયક આત્મસંતોષ પાયાવિનાનો છે. આપણું જીવન સમુદાય સાથે ગાઢપણે સંકળાયલું છે અને જીવનની વિગતો તપાસતાં માલૂમ પડે છે કે આપણે જાણીએ ન જાણીએ એવી અનેક પ્રકારની હિંસા આપણા જીવનને સ્પર્શી રહી છે. સમુદાય જે અહિંસાની કોટિ ઊપર ઊભો હોય તેની અપેક્ષાએ સાધારણ માનવી ઇચ્છે તો પણ બહુ ઊંચે જઇ શકતો જ નથી. વ્યકિતગત અહિંસા સાધવા માટે સમાજને પણ અહિંસાના ઊંચા રસ્તા ઉપર લઇ જવાની એટલી જ જરૂર છે.

### સ્થૂળ અહિંસા તથા ભાવ અહિંસા

અહિંસાધર્મ ભારે જટિલ છે અને તેની સમસ્યા ઉકેલવાનું

કામ ઘણી વખત ભારે વિકટ બને છે. હિંસા અહિંસા બે પ્રકારે વિચારી શકાય. સ્થૂળ હિંસા અને સ્થૂળ અહિંસા, ભાવ હિંસા અને ભાવ અહિંસા. સ્થૂળ હિંસા એટલે પ્રાણાતિપાત—જીવોની હિંસા એને ભાવ હિંસા એટલે માનસિક હિંસા. તે ઉભયનો અભાવ એટલે સ્થૂળ અહિંસા અને ભાવ અહિંસા. હવે આપણા જીવનવ્યવહારમાં એમ બનતું ઘણી વખત જોવામાં આવે છે કે જ્યારે બાહ્ય સ્વરૂપે હિંસા હોય અને આન્તરિક સ્વરૂપે અહિંસા હોય. દા. ત. ડાકટર કોઈ દર્દીનું ઓપરેશન કરતો હોય; મા બાળકને ઠપકો આપતી હોય; હિંસાપ્રમત્ત ટોળાને અટકાવવા માટે ઉપરી અધિકારીને અનિવાર્ય ગોળીબાર કરવાની ફરજ પડે; ગામડાને રંજાડતા વાઘદીપડાની પ્રાણહાનિ કરવી પડે, મલેરિયાથી પીડિત પ્રદેશને મચ્છરમુકત કરવો પડે. આમાં સ્થૂળ હિંસા છે, ભાવ અહિંસા છે. બીજી બાજુએ હું નિષ્ક્રિય દેખાઉં છું પણ ચિત્તમાં અનેકનું અનિષ્ટ ચિન્તવુ છું. મને તરતાં આવડે છે, કોઇ છોકરાને ડૂબતો જોઉં છું, છતાં ઊભો ઊભો જોયા કરું છું; બાજુના ઘરમાં આગ લાગી છે, અંદર માણસો સપડાયા છે, તેમને બચાવી શકું તેમ છું, છતાં જાત સંભાળીને ઊભો રહું છું. પડોશમાં કોઇ ગરીબ બાઇ પ્રસૂતિપીડિત છે, ડાકટરી ઉપચારની તત્કાળ જરૂર છે; તેની પાસે કશી સાધનસંપત્તિ નથી, છતાં હું તેને મદદ કરતો નથી અને બાઇ મરણ પામે છે. આ બધી બાહ્ય અહિંસા છે, પણ ભાવ હિંસા છે. અહિંસાના વિચારમાં આ વિવેક પણ આપણે ખ્યાલમાં રાખવો જોઇએ.

## અહિંસા અને જવાબદાર અધિકારો

આપણે કંઇ કાળથી ગુલામી ભોગવતા આવ્યા છીએ, રાજકીય વહીવટ કે શહેરની સુધરાઇમાં ભાગ્યે જ ભાગ લઇએ છીએ. જવાબદાર રાજ્યાધિકાર શું તેનું આપણને ભાન નથી. એ બધા હિંસાના જ પ્રદેશો છે એમ માનીને આપણે તેનાથી બને તેટલા દૂર રહીએ છીએ અને આપણું ઘર, આપણો વ્યાપાર અને અવકાશના વખતમાં આપણો ધર્મ એટલે કે દેરું—ઉપાશ્રય સંભાળીને ઇતિકર્તવ્યતા અને અહિંસા ધર્મનું ભારે પાલન થઇ રહેલું અનુભવીએ છીએ. અન્ય જનોએ આપેલી સુરક્ષિતતા નીચે અહિંસાનો દિગ્વિજય ચિન્તવીએ છીએ. પણ આવું વ્યકિતલક્ષી જીવન આજે આપણને પાલવે તેમ નથી. તેમાં માની લીધેલી અહિંસા અહિંસા નથી. આપણું આજનું જીવન પણ હવે બદલાતું ચાલ્યું છે. કોઇ સુધરાઇનો પ્રમુખ થાય છે; કોઇ ધારાસભામાં જાય છે; કોઇ કલેકટરના પદ ઉપર આરૂઢ થાય છે. કોઈ એન્જિનિયર છે, તો કોઇ ડાકટર છે. અનેક સત્તાદ્વારો ખુલ્યાં છે અને તે દ્વારા પ્રજાના જીવનનું નિયમન અને સંવર્ધન કરવાનું છે. પહેલાં આપણા રક્ષણ માટે, આરોગ્ય માટે, શહેરી સ્વચ્છતા અને સલામતી માટે બીજાઓ હિંસા કરતા અને આપણે અહિંસાનો આનંદ માણતા. આજે આપણે જ આપણું રક્ષણ કરવાનું છે, સ્વચ્છતા અને સલામતી સાધવાનાં છે. આ બધું હિંસામય છે એમ કહીને તેથી ભાગ્યે નહિ ચાલે. આવા અધિકારોને અહિંસાની દૃષ્ટિ અને વૃત્તિથી એટલે કે જે કાંઇ કરવા યોગ્ય હોય તે અલ્પતમ હિંસા વડે કરી બતાવીને પ્રજાકલ્યાણ સાધવાનું છે. તેરાપંથી દૃષ્ટિ આ નૂતન પરિસ્થિતિનો શી રીતે મુકાબલો કરશે? કર્તવ્યાકર્તવ્યનો કયો વ્યવહાર ઉકેલ આપશે? અહિંસાવ્રતધારી આ સંયોગોમાં શું કરશે? અહિંસાના ઉપાસકે આ અધિકારોનો કઇ રીતે અમલ કરવો? 'આ બધું લૌકિક છે. તમારે કરવું હોય તે કરો. અમે આમાં હકાર કે નકાર નહિ ભણીએ.' એમ જવાબ આપ્યે નહિ ચાલે.

## શારીરિક સાતા અને આત્મિક સાતા

પ્રારંભમાં આપેલા તેરાપંથી સિદ્ધાન્તોમાં એક સિદ્ધાન્ત શારીરિક સાતા અને આત્મિક સાતાને લગતો છે. એ સિદ્ધાન્તનો સાર એ છે કે કોઇ જીવને પૌદ્ગલિક સુખ આપવું એ ધર્મ નથી. આમ શરીર અને આત્મા વચ્ચે કોઇ અકાટય દીવાલ હોય અને શરીરને લગતું બધું પાપમય અને આત્માને લગતું બધું પુણ્યમય એવી આ ખ્યાલ પાછળ ભ્રમણા રહેલી છે. શરીર, મન અને આત્મા એકમેક સાથે કેટલા ગાઢપણે સંકળાયલા છે અને એકની શાન્તિ અશાન્તિ સાથે અન્યની શાન્તિ અશાન્તિ કેવી નિકટતાથી જોડાયલી છે તેનું આ સિધ્ધાન્તમાં નર્યું અજ્ઞાન દિસે છે. એક બૌધ્ધ સાધુ એક ભિખારીને બૌધ્ધધર્મનો ઉપદેશ દઇ રહ્યા હતા. પરંતુ ભિખારી તેની કોઇ પણ વાત ધ્યાન દઇને સાંભળતો નહોતો. આવી તેની ઉપેક્ષાથી એ સાધુ અત્યન્ત નારાજ થયા અને ભગવાન બુધ્ધ પાસે જઇને પોતાને મળેલી નિરાશા જાહેર કરી. તે સાંભળીને ભગવાન બુધ્ધે કહ્યું કે "તે ભિખારીને અહીં લઇ આવો. હું જાતે જ ઉપદેશ આપીશ." પછી તે ભિખારીને ભગવાન બુધ્ધ સમક્ષ લાવવામાં આવ્યો. તેને જોઇને ભગવાન બુધ્ધે અન્ય શિષ્યને કહ્યું કે "આને અંદર લઇ જઇને પહેલાં તેનું પેટ ભરાય એવું ભોજન કરાવો." ભિખારીને અંદર લઇ જવામાં આવતો હતો એવામાં પેલા બૌદ્ધ સાધુએ જરાક અકળામણપૂર્વક પૂછ્યું કે "તેને આપે ઉપદેશ તો આપ્યો નહિ!" તથાગત બુધ્ધે શાન્ત ભાવથી જવાબ આપ્યો કે "તેના માટે જે જરૂરી હતું તે મેં તેને આપ્યુ છે. આજે તેને અન્નની આવશ્યકતા હતી. આજે એ જીવતો રહેશે તો આવતી કાલે ઉપદેશ પણ જરૂર સાંભળશે." આ કથામાં કેવું એક ઊંડું જીવનસત્ય રહેલું છે? આપણો રોજ—બ—રોજનો અનુભવ છે કે ભૂખ્યા પેટે કોઈને સંયમ ધર્મની વાતો સાંભળવી ગમતી નથી. બીજી બાજુએ સંયમ ધર્મની લગની લાગતાં ભૂખ તરસ ઘણી વખત ભૂલી જવાય છે. તનની શાન્તિથી મનની શાન્તિ પેદા થાય છે, અને આત્મા તત્વાભિમુખ બને છે. બીજી બાજુએ મનના ઉન્માદથી શારીરિક ઉન્માદ પેદા થાય છે, અને આત્મા અધોગામી બને છે. આવા શરીર—મન—આત્માના પરસ્પર ઉપકારક સંબંધને 'ધર્મ આત્મિક સાતામાં છે, શારીરિક સાતામાં નથી' એવા એકાંગી જ સિદ્ધાન્તથી જકડી દેવો એમાં માનસશાસ્ત્રનું કેવળ અજ્ઞાન નજરે પડે છે. આવો વિચિત્ર સિદ્ધાન્ત સ્વીકાર્યા બાદ કોઇ પણ વ્યકિતને શારીરિક, સામાજિક કે સાંસારિક સગવડો આપવાનું કાર્ય કેવળ પાપમય લેખાય તે સ્વાભાવિક છે. તેને 'સાંસારિક ઉપકાર' કે લૌકિક ધર્મ કહેવાથી તેની પાપમયતા કે દોષમયતામાં જરા પણ ઘટાડો થતો નથી.

## સમાલોચનાના નિષ્કર્ષરૂપે તારવેલા નિર્ણયો

આ આખી સમાલોચનાનું હવે આપણે સમાવર્તન કરીએ. શરૂઆતમાં આપેલા તેરાપંથી સિધ્ધાંતો અને ત્યાર બાદ કરવામાં આવેલા વિવરણ ઉભયનું અનુસંધાન કરતાં આપણે નીચેના નિર્ણયો ઉપર આવી શકીએ છીએ.

(૧) કોઇ પણ માનવી—માટે જ્યાં સુધી તે જીવે છે ત્યાં સુધી તેના માટે—સંપૂર્ણ અર્થવાળું અહિંસક જીવન શકય જ નથી. અહિંસાવ્રત પાલન એટલે અલ્પતમ હિંસા ઉપર નિર્ભર કરવામાં આવેલું જીવન એમ આપણે સ્વીકારવું રહ્યું.

(૨) અલ્પતમ હિંસાની બીજી મર્યાદા એ છે કે જ્યાં મોટા તથા નાના જીવોની હિંસા વચ્ચે પસંદગી કરવાની હોય ત્યાં નાના જીવોના ભોગે મોટાને બચાવવાની નીતિ અંગીકાર કરીને આપણે ચાલવું રહ્યું.

(૩) મોટા જીવની રક્ષાના વિચારમાં પણ માનવીરક્ષાને સૌથી વધારે પ્રાધાન્ય આપવું ઘટે.

(૪) અહિંસાધર્મ એટલે માત્ર હિંસા કરવાથી દૂર રહેવું એટલું જ નહિ પણ જ્યાં હિંસા થતી હોય ત્યાં અટકાવવા શકય તેટલો પ્રયત્ન કરવો, મરતાને બચાવવું, સબળના આક્રમણ સામે નિર્બળને

રક્ષણ આપવું, અન્યાયનો અધર્મનો સામનો કરવો વગેરે–આ બધું અહિંસાધર્મના ગર્ભમાં રહેલું છે.

(૫) અહિંસાવ્રતધારીની અહિંસા કેવળ નિષેધાત્મક હોઇ ન જ શકે. તેની વિધેય બાજુ પણ તેણે આચરવી રહી. માનવતાના ધર્મથી તે કોઇ પણ સંયોગમાં મુકત થઇ ન જ શકે.

(૬) અહિંસાવ્રતધારી અહિંસાપાલનના ચોક્કસ ખ્યાલોને અનુસરીને પોતાના ભોગોપભોગનું પ્રવૃત્તિક્ષેત્ર બને તેટલું સંકોચીને ભલે જીવે, પણ સામાન્ય માનવીઓને કર્તવ્ય-અકર્તવ્ય, હેય ઉપાદેય કર્મ પરત્વે અહિંસાનું ધ્યેય લક્ષ્યમાં રાખીને સાચું માર્ગદર્શન આપવું તે તેનો વિશિષ્ટ ધર્મ છે.

(૭) ધર્મનો હેતુ માત્ર મોક્ષઉપાય દર્શાવવો એ નથી પણ સમાજધારણ પણ દરેક ધર્મ માટે એટલા જ મહત્વનો હેતુ છે.

(૮) વ્યકિત માફક સમાજ પણ એક નક્કર હકીકત છે. માત્ર સમાજનું સ્વરૂપ વ્યકિત જેટલું સ્પષ્ટ અને ચોકકસ મર્યાદામાં બાંધી શકાય તેવું નથી હોતું. વ્યકિત અને સમાજ પરસ્પરને ઘડે છે. સમાજથી તદ્દન સ્વતંત્ર અને નિરપેક્ષ એવી વ્યકિત કલ્પવી અશકય છે.

(૯) આર્તમાત્રને રાહત આપવી. વ્યકિત યા સમાજની વ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવું એ દયાદાનનો પ્રદેશ છે.

(૧૦) અન્ય જીવોને શારીરિક, માનસિક, આત્મિક કોઇ પણ પ્રકારની શાન્તિ આપવી તે ધર્મ છે.

(૧૧) વ્યકિત તેમ જ સમાજનો ઉત્કર્ષ સધાય તેવું કોઇ પણ કાર્ય પુણ્યમય છે, અપકર્ષજનક કાર્ય પાપમય છે.

(૧૨) અહિંસાનો પાયો વિશ્વબંધુત્વ–ભૂતમાત્ર વિષે મૈત્રી છે. પ્રત્યેક માનવીના દિલમાં રહેલો પ્રેમ છે.

(૧૩) સ્વના ખ્યાલથી જેટલી મુકત અને પરહિતના ખ્યાલથી જેટલી પ્રેરિત–એવી સર્વ અનુકંપા ઉત્તરોત્તર વધારે પ્રશસ્ય છે.

(૧૪) કોઇ પણ વૃત્તિ અથવા કર્મને નિર્દોષ કે દોષિત, પુણ્યમય કે પાપમય, ધર્મમય કે અધર્મમય ઠરાવવાનો છેવટનો માપદંડ હિંસાઅહિંસા નથી પણ આન્તર બાહ્ય પરિસ્થિતિ તથા વૃત્તિઓનું આકલન કરતો, શુભ અશુભ પરિણામોને સમગ્રપણે લક્ષ્યમાં લેતો, અને એ રીતે કર્તવ્યાકર્તવ્યનો પ્રત્યેક પ્રસંગે ઉચિત નિર્ણય આપતો વિવેક છે. આ વિવેકની પ્રાપ્તિ એ જ સર્વ નૈતિક તેમજ ધાર્મિક શિક્ષણનો હેતુ છે.

આ નિર્ણયોના આધારે માપતાં તેરાપંથી માન્યતાઓની તાત્વિક ભૂમિકા અનેક વિચારક્ષતિઓથી ભરેલી અને વાસ્તવિકતાના ખ્યાલથી વંચિત હોવાનું માલૂમ પડે છે. અને એવી દોષયુક્ત તાત્વિક ભૂમિકા ઉપરથી તારવેલી કર્તવ્યાકર્તવ્યની વિચારણા સ્વતઃ સમ્યગ્ જીવનનું દર્શન આપવા માટે તદ્દન અસમર્થ–બિનઉપયોગી પુરવાર થાય છે.

## આચાર્ય તુલસી ગણીનું તાજેતરનું નિવેદન

આમ સમગ્ર રીતે વિચારતાં માલૂમ પડશે કે આ તેરાપંથી દૃષ્ટિ અહિંસાની અધૂરી સમજણનું પરિણામ છે; તે મુજબ અનુસરતાં સભ્યતા અને સંસ્કૃતિ આગળ ચાલે નહિ; લોકહિતસાધક સર્વ પ્રવૃત્તિઓને તાળાં દેવાં પડે. તેની સામે વિશાળ અને વ્યવહારૂ અહિંસા કેવી હોય તેનો ખ્યાલ આપવાના હેતુથી આટલું લાંબું વિવેચન કરવું જરૂરી ધાર્યું છે. આ પૂરું કરવાનું વિચારું છું એટલામાં તા. ૨૧–૯–૫૪ના મુંબઇ સમાચારમાં પ્રગટ થયેલા આચાર્ય તુલસી ગણીના વ્યાખ્યાનનું મને સ્મરણ થાય છે અને તે તરફ મારી નજર પડે છે. તેઓ તેમાં જોરશોરથી ફરિયાદ કરે છે કે "એજ પિષ્ટપેષણ અને ચર્વિત ચર્વણ ચાલી રહ્યું છે. ગાયોનો વાડો, ઉંદર બીલાડી એ પ્રશ્નોને બસો વર્ષનું આયુષ્ય વીતી ગયું છે." વળી આગળ ચાલતાં તેઓ આશ્ચર્ય વ્યકત કરે છે કે "લોકો પૂછે છે કે શું તેરાપંથી દયાદાનને માને છે? અરે આ કેવો પ્રશ્ન?" આમ છતાં આગળ વધતાં તેઓ પોતે જ સૂત્રકૃતાંગની શહાદત આપીને જણાવે છે કે "સૂત્રકૃતાંગમાં એક પ્રસંગ આવે છે કે કોઇ રાજા, અમાત્ય, શેઠ, સાહુકાર સાધુને પૂછે છે કે હું કૂવો તળાવ બનાવવા માંગું છું. મને શું મળશે? પુણ્ય કે પાપ? સાધુ આનો શો ઉત્તર આપે? આવે પ્રસંગે એ કાંઇ પણ ન કહે એ જ રીતે દાન માટે પણ દર્શાવેલું છે. દાનની તે પ્રશંસા પણ ન કરે, અને નિષેધ પણ ન કરે. જે દાનની પ્રશંસા કરે છે તે પ્રાણીઓનો વધ ઇચ્છે છે અને નિષેધ કરે છે તે એમની વૃત્તિનો છેદ કરે છે...જે લોકહિતના કાર્યમાં હિંસા અને અસંયમ છે એવા કાર્યોને ધર્મ અથવા પુણ્યનો હેતુ નથી માનવામાં આવતો." આ વિધાનોના ગર્ભમાં શું દયાદાનનો ઇનકાર નથી રહેલો? અનુમતિ તો છે જ નહિ. અનુકંપા સંબંધે પણ તેઓ એ જ પ્રકારનો ખુલાસો કરે છે. આગળ ચાલતાં અધ્યાત્મ ધર્મ અને લોકધર્મ એમ ધર્મતત્ત્વના બે વિભાગ પાડીને તેઓ ધર્મમીમાંસા કરે છે.

## આત્મધર્મ અને લોકધર્મ

આપણે ત્યાં જેમ ધર્મ અને વ્યવહારને સામાન્ય લોકો જુદા પાડે છે તેમ તેઓ આત્મહિત અને લોકહિતને જુદાં પાડે છે. લોકહિતમાં આત્મહિત નથી રહેલું એમ એ ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે. અને જેમાં આત્મહિત નહિ એવા લોકહિતનું મૂલ્ય કેટલું આંકવું એ સવાલ છે. વસ્તુત: એક બાજુએ લોકહિતની પ્રવૃત્તિઓ તેમના શુદ્ધ ધર્મની કલ્પનામાં કોઇ પણ રીતે સમાઇ શકે તેમ છે જ નહિ અને બીજી બાજુએ લોકહિતનો ઇનકાર પણ આજના સમાજમાં બિલકુલ ટકી શકે તેમ છે જ નહિ. પરિણામે અધ્યાત્મ ધર્મ અને લોકધર્મ એવી બે ઇમારતો એકમેકને લગોલગ ઊભી કરવા તેઓ પ્રયત્ન સેવી રહ્યા છે. પણ એવો શૂન્ય મૂલ્યવાળો લોકધર્મ લાંબો વખત ટકી શકે જ નહિ એ તેમણે સમજી લેવું જોઇએ.

સંભવ છે કે આચાર્ય તુલસી ગણીને આ આલોચનામાં પણ એ જ ગાયોના વાડાનું અને એ જ ઉંદર બીલાડીનું પિષ્ટપેષણ અને ચર્વિતચર્વણ દેખાય, પણ તેમના અનુમત ગ્રંથોમાં જો આ બાબતોનું પિષ્ટપેષણ અને ચર્વિતચર્વણ હોય તો તેની સમીક્ષા કરનાર માટે આવાં દૃષ્ટાન્તોને આગળ ધર્યા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી. દોષ હોય તો સમીક્ષકોનો નહિ પણ તેરાપંથની સંકીર્ણ અહિંસાનો છે.

## આ સમાલોચના કરવા હું કેમ પ્રેરાયો?

કોઇ પણ સંપ્રદાયની માન્યતાઓની ચર્ચામાં મને રસ નથી, એ જ રીતે તેરાપંથી માન્યતાઓ વિષે મેં મૌન સેવવું વધારે પસંદ કર્યું હોત. પણ આ માન્યતાઓ અહિંસાના વિષયને સીધી રીતે સ્પર્શે છે અને તેને ન કલ્પી શકાય એવા વિકૃત આકારમાં રજૂ કરે છે. ગાંધીજી અને વિનોબાના યુગમાં અહિંસાની આવી વિકૃત પ્રરૂપણા અસહ્ય બને છે, અહિંસા આજના યુગનો પ્રાણપ્રશ્ન છે. તે વિષે જ્યાં જ્યાં ગેરસમજૂતીઓ ઊભી થયેલી દેખાય તેનું દરેક અહિંસાના ચિન્તક–ઉપાસકે સંશોધન સંમાર્જન કરવું જ જોઇએ.

## નિષેધાત્મક વિચારવાદ

આ ચર્ચા તરફ અભિમાન થવાનું બીજું પણ એક નિમિત્ત હતું. તેરાપંથી માન્યતા વિષે આચાર્ય તુલસી ગણી સાથે થયેલી ચર્ચા દરમિયાન જ્યારે તેમણે મને એમ કહ્યું કે "અહિંસાવ્રતધારી સાધુ હોસ્પીટલ કે એવી સમાજશ્રેય કરનારી પ્રવૃત્તિમાં હકાર કે નકાર ન ભણી શકે." ત્યારે મેં તેમને પ્રશ્ન કર્યો કે "આપ અણુવ્રત સંઘના મુખ્ય પ્રવર્તક છો. અણુવ્રત સંઘના સદસ્યો આપની પાસે શું કરવું અને શું ન કરવું એ બન્ને બાબત વિષે સ્વાભાવિક રીતે માર્ગદર્શન લેવા આવતા હશે જ. તેમાં તેમને શું ન કરવું એટલું જ આપ જણાવો અને શું કરવું એ ન કહો એ કેમ ચાલે?

આપ ત્યાગી છો. પણ ગૃહસ્થાશ્રમીને કર્તવ્યાકર્તવ્ય વિષે સન્માર્ગે દોરવા એ આપનું વિશિષ્ટ કર્તવ્ય બને છે." એના જવાબમાં તેમણે પોતાની મર્યાદા રજૂ કરતાં જણાવ્યું કે "તમારી વાત ઠીક છે; પણ અમે આ બાબતમાં સ્વતંત્ર રીતે વિચાર કરી શકતા નથી. અમે જૈન પરંપરાથી બધ્ધ છીએ અને એ રીતે વિચારતાં 'અમુક કરો' એમ કહેવાનો અમારો અધિકાર નથી." જૈન પરંપરા આવી હોય કે ન હોય પણ મને આ જવાબથી સંતોષ ન થયો. આ કેવળ નિષેધાત્મક વિચારવાદ મારા મનમાં ખૂબ ખટકતો રહ્યો.

### 'ધર્મ એટલે શું?' એ પેદા કરેલો પ્રત્યાઘાત.

ત્યારબાદ મુનિશ્રી નથમલજીએ આપેલ ધર્મ એટલે શું? એ પુસ્તિકા વાંચી. સાધારણ રીતે તેરાપંથ વિષે ઉડતી વાતોથી વિશેષ હું કાંઈ નહોતો જાણતો. કેટલોક પ્રકાશ મુનિશ્રી નથમલજી સાથેની ચર્ચાથી પડયો. વિશેષ પ્રકાશ "ધર્મ એટલે શું" એ વાંચીને પ્રાપ્ત થયો. આ પુસ્તિકા વાંચીને મારૂં દિલ ઉંડેથી ઘવાયું. મારી અહિંસાવૃત્તિને સખ્ત આઘાત લાગ્યો. અહિંસાના પાયા ઉપર ઊભેલી માન્યતાઓમાં અહિંસા હણાઇ જતી અનુભવી. કેટલોક સમય હું બેચેન રહ્યો. એ તીવ્ર સંવેદન આ સમાલોચનાના મૂળમાં રહેલું છે.

### તેરાપંથી ભાઇઓને વિનંતી

આ વાંચીને પ્રથમ દર્શને તેરાપંથી ભાઇઓ કદાચ દુભાશે. મારી ધૃષ્ટતાને હસશે, પણ મારી તેમને વિનંતી છે કે તેઓ મને સમજવા પ્રયત્ન કરે. હું અને તેઓ ભગવાન મહાવીરના નાતે, જૈન ધર્મોના સંબંધે, અહિંસાની સાંકળે સંકળાયેલા છીએ. તેમની માન્યતાનાં કેટલાંક બીજો મારા ઘડતરમાં પણ પડેલાં છે. તેમનો વારસો એ મારો પણ વારસો જ છે. આ તેમની જ માત્ર નહિ પણ મને વારસામાં મળેલી માન્યતાઓનું શુધ્ધ સત્ય નિષ્ઠાપૂર્વકનું સંશોધન છે. આજે સૌ કોઇની ધાર્મિક માન્યતાઓ તર્ક, બુધ્ધિ અને વિપુલ અનુભવસંચયની કસોટી ઉપર કસાઇ રહેલ છે અને નવું મૂલ્યાંકન પામી રહેલ છે. જૂનાં મૂલ્યો વિસર્જિત થઇ રહ્યાં છે; નવાં મૂલ્યો સરજાઈ રહ્યાં છે. તેરાપંથી ભાઇઓ પણ પોતાની માન્યતાઓનું સંશોધન કરે, પ્રજ્ઞાપરામર્શ વડે સંમાર્જિત કરે, અને વારસાગત અહિંસાદૃષ્ટિને વિશદ બનાવે. આ પ્રશ્ન શ્વેતાંબર, સ્થાનકવાસી કે તેરાપંથીનો નથી. ભગવાન મહાવીર કે મહાત્મા ગાંધીનો નથી, ભિક્કમજી કે તુલસી ગણીનો નથી. આ પ્રશ્ન અહિંસા ધર્મનો છે અને તે ધર્મની સાચી સમજણ અને ઉત્કર્ષમાં મારૂં, તેમનું અને સમગ્ર વિશ્વનું ભલું રહેલું છે.

### આચાર્ય તુલસી ગણીને નમ્ર પ્રાર્થના

છેવટે એક સામાન્ય માનવીને મિત્રભાવે કોઇ એક ધર્માચાર્યને કાંઇક કહેવાનો અધિકાર પ્રાપ્ત થઇ શકતો હોય તો મારી આચાર્ય તુલસીને નમ્ર ભાવે પ્રાર્થના છે કે તેઓ તેરાપંથી માન્યતાનું પાયામાંથી સંશોધન કરે. એ માન્યતાઓ તેરાપંથીની જ નહિ પણ તેમના કહેવા મુજબ સમસ્ત જૈન ધર્મની જ હોય તો જૈન ધર્મનું પણ, આજ સુધીના અનુભવ અને ગાંધીજી દ્વારા મળેલા નૂતન પ્રકાશ દ્વારા તેઓ સંમાર્જન કરે. ૨૦૦ વર્ષ પહેલાં ભિક્કમજી થઇ ગયા. તેમણે અમુક વિચારો અને જીવનદર્શન આપ્યું. ત્યાર પછી તો એક મહાન સંક્રાન્તિયુગમાંથી આપણે પસાર થયા. આ યુગના વિચારપ્રવાહોથી આચાર્ય તુલસી પૂરા વાકેફગાર છે. તે પ્રમાણે પોતાને મળેલ વારસાને તેમણે નવો સંસ્કાર આપવો ઘટે છે. આચાર્ય ભિક્ષમજીનું કહેલું કહેવામાં નહિ, પણ તેમણે કરેલું આચરવામાં આચાર્ય ભિક્ષમજીના અનુગામીપણાની સાચી ચરિતાર્થતા રહેલી છે. આચાર્ય ભિક્ષમજીએ સત્યની ખાતર ગુરૂ છોડયા, સંપ્રદાય છોડયો, ભગવાન મહાવીરના અમુક વર્તનને દોષરૂપ જાહેર કરવા જેટલી નીડરતા દાખવી. નવા જમાનાનો જેમને પ્રકાશ લાધ્યો છે, ગાંધીજી અને વિનોબાને જેમણે જોયા જાણ્યા છે તેવા આચાર્ય તુલસી ગણીની ચતુર અને કાળપારખુ બુદ્ધિને અહિંસાવિષયક તેરાપથી માન્યતાઓ આંજની બુદ્ધિવાદ અને તર્કની કસોટી ઉંપર કોઇપણ રીતે ટકી શકે તેમ નથી એ સ્પષ્ટપણે ભાસેલું હોવું જ જોઇએ. તેરાપંથી નિષ્ક્રિયતા અને તટસ્થતા છોડીને અણુવ્રતી સંઘની તેમણે આટલી મોટી માંડણી ઊભી કરી છે, તેના તેઓ મુખ્ય પ્રવર્તક બન્યા છે એ પણ આ અનુમાનનું જ સમર્થન કરે છે. જૂના અને નવા વચ્ચે તેઓ ઝોલા ખાઇ રહયા છે. આજે તેમનામાં બે પ્રકારનાં વ્યકિતત્વ કામ કરી રહેલાં દેખાય છે. એક તો આચાર્ય ભિક્ષમજીએ આપેલા અહિંસાવિષયક ચોક્કસ માન્યતાઓના વારસદારનું વ્યકિતત્વ, બીજું આજના જમાનાને ઓળખતુ અને સમાજના નૈતિક ઉથ્થાન—અને એ કેવળ નકારાત્મક નહિ પણ વિધેયાત્મક—માટે ઉંડી તમન્ના સેવતું વ્યકિતત્વ. તેમનાથી એક છોડાતું નથી; બીજાના વિધાયક રૂપને આગળ ધરી શકાતું નથી. આપણે ઇચ્છીએ કે આત્મધર્મ અને લોકધર્મ, આધ્યાત્મિક ઉપકાર અને સાંસારિક ઉપકાર, ધાર્મિક કર્મ અને લૌકિક કર્મ—આ આ બધા કુત્રિમ ઉપકાર અને ભેદોથી મુકત એવો સર્વસ્પર્શી, સર્વોદયકારી અને વ્યકિત અને સમાજના સર્વ પ્રશ્નોનો સાચો ઉકેલ આપે એવો અહિંસાધર્મ તેઓ સ્વીકારે, તેની ઘોષણા કરે. જો તેઓ સત્યનિષ્ટ હશે તો આજે નહિ તો આવતી કાલે તેમનામાં આટલો ગ્રંથિભેદ જરૂર થશે એવી મારી શ્રધ્ધા છે અને એ ઇષ્ટાપત્તિ નિર્માણ થશે તો તેઓ તેરાપંથી સમાજના સાચા ઉધ્ધારક લેખાશે અને જૈન સમાજના પણ એક આદરણીય યુગપ્રર્વતક તરીકે ઓળખાશે.

તા. ૧-૧૧-૫૪<br>ભાવનગર

**પરમાનંદ**

## મારી કહાણી

(ગતાંકથી ચાલુ)

હવે હરખચંદભાઇ સાથે બનારસ તો પહોંચી ગયો અને ત્યાંના પંડિતો પાસે સંસ્કૃત વ્યાકરણ ભણવું શરૂ ય કરી દીધું. આચાર્ય હેમચંદ્રે રચેલી સિધ્ધહેમલઘુવૃત્તિને હું ભણતો. પંડિતો હિન્દીમાં બોલે પણ તે જરાય ન સમજાય અને જે પાઠ કંઠસ્થ કરવાનો હતો તે ય ચોકખો કંઠસ્થ ન થાય. એમાં ઉચ્ચારણની ભૂલો રહે. પડિતોની ભાષા ન સમજાવાથી હું મુંઝાયો એથી પાઠશાળાના સ્થાપક શ્રી ધર્મવિજયજી મહારાજને મેં એ મારી મુશીબતની વાત કહી બતાવી. તેથી તેમણે બનારસમાં પાઠશાળામાં જ ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરતા મુનિરાજ શ્રી અમીવિજયજી પાસે ભણવાની મારી વ્યવસ્થા ગોઠવી દીધી. તેઓ ભારે ચકોર હતા, ભણાવવાના પ્રેમી હતા, પણ પાઠ ખોટો હોય, કાચો હોય કે બરાબર ન હોય તો આગળ ભણાવતા જ નહીં. જ્યારે પહેલવહેલો હું તેમની પાસે ભણવા ગયો ત્યારે તેમણે મારી પરીક્ષા લીધી, કેટલોક પાઠ મોઢે બોલાવ્યો. એમને માલુમ પડયું કે વિદ્યાર્થી પાઠ ખોટો બોલે છે. એથી એમણે મને બરોબર નેતરની વીસ સોટીઓ ફટકાવી દીધી. હું ખોટું બોલતો હતો તેની મને ખબર પડી, તેથી ચું કે ચાં કર્યા વિના એ સોટીઓ મૂંગે મોઢે ખાઇ રહ્યો. પછી તો પાઠશાળાના ભોંયરામાં બેસી આઠેક દિવસમાં બધો પાઠ કરી લીધો, અને તેમની પાસે ફરીવાર ગયો ત્યારે તેમણે પાસ કર્યો અને આગળ ભણાવવાનું શરૂ કરી દીધું સ્વર્ગસ્થ પંડિત હરગોવિંદદાસ શેઠ અને હું બન્ને સહાધ્યાયી હતા અને મુનિરાજ શ્રી અમીવિજયજી પાસે સંસ્કૃત વ્યાકરણ-સિધ્ધહેમલઘુવૃત્તિ-ને ભણતા હતા. આ વખતે ભાઇ સુખલાલજી (હવે પંડિત સુખલાલજી) બનારસમાં અમારા અગાઉ છએક મહિને

આવી પહોંચેલા અને તેઓ સિધ્ધહેમબૃહદ્વૃતિ (અઢાર હજારી) બનારસના સુપ્રસિદ્ધ વૈયાકરતા શ્રી હરિનારાયણ ત્રિપાઠી પાસે ભણતા હતા. તેઓ આંખે અખમ હોવાથી પાઠશાળાએ તેમને એક વાંચી બતાવનારો માણસ આપેલો અને તેઓ એ વાચકની સહાયતાથી પોતાનો અભ્યાસ ચલાવતા. અમારામાં તેઓ પ્રમુખ વિદ્યાર્થી હતા અને તેમની પછી પાધસં અમારા બેનું સ્થાન હતું. પહેલા હરગોવિંદદાસ શેઠ અને બીજો હું બનારસ પાઠશાળામાં અભ્યાસના દિવસોમાં ઠીક આગળ પડતા રહેતા અને મહેનત મનન વગેરે પણ સારી રીતે કરતા. પાઠશાળામાં તે વખતે અમારી જે પરિસ્થિતિ હતી તે બાબત વિષે તેમ જ પછીની પરિસ્થિતિઓ વિષે મને ક્રમસર આમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

**૧.** વિદ્યાર્થીઓનું વર્ચસ્વ મુદ્દલ નહીં, માત્ર સાધુઓનું વર્ચસ્વ. વિદ્યાર્થીઓએ કાયમ ઉનું-ઊકાળેલું પાણી પીવાનું. રોજ ચોવિહાર કરવાનો. બનારસમાં અસહ્ય ગરમી પડે છતાં કોઇ વિદ્યાર્થી રાત્રે પાણી ન પી શકે. ગરમી એવી પડે કે દિવસે ભોંયરામાં બેસીને વાંચવું પડે. સુવાની જમીન ઉપર અનેક બાલ્ટી પાણી છાંટવું પડે અને ગરમીને લીધે ખુદ મહારાજ પોતે ગળા ઉપર ભીનાં કપડાંનાં પોતાં રાખે. તેમ છતાં ય રાત્રે પાણી નહીં પીવાનો સખત હુકમ. મેં તો આ નિયમ બરાબર પ્રામાણિકપણે પાળેલો, પણ કોઇ વિદ્યાર્થી તરસ્યો થાય તેને પાણી પાવામાં સહાયતા કરેલી. બધા જ ગરમ પાણી પીતા એટલે રાત્રે પાઠશાળામાં પાણીનું ટીપું ય ન મળે. નળનું પાણી ચોકાબર્તનમાં વપરાય અને પછી તમામ પાણી ઢોળી નાખવામાં આવે. એક વાર એક વિદ્યાર્થી મધરાતે પાણીનો કુંજો ભરીને અગાસી ઉપર પોતાને સુવાને સ્થાને લઇ જાય, મહારાજ બરાબર ઉપર ચડવાના દરવાજા પાસે પગથિયા પાસે જ પાટ નખાવી સુએ. જેવામાં એ વિદ્યાર્થી કુંજો લઇને ત્યાંથી પસાર થયો કે જોગાનુજોગે મહારાજની ઉંઘ ટૂટી અને કોણ છે એ, એવો એમણે જોરથી પડકારો કર્યો કે તરત જ પેલો વિદ્યાર્થી ડરી ગયો. અને એના હાથમાંથી કુંજો પડી ગયો. એ પછી વિદ્યાર્થીની ભારે ફજેતી થઇ અને તેના ઉપર તરપીટ પડી એ જુદી. બીજે એક પ્રસંગે મારા બેએક મિત્રોને રાતે બાર વાગ્યે સખત તરશ લાગી, પાણી પાઠશાળામાં સહેજે મળે એમ નહોતું. અમે ત્રણ ચાર જણ ઉઠયા. પાઠશાળામાં પાણીના પાંચ સાત કૂવા હતા તેમાંથી છેક ભોંતળીએ એક કૂવો રાખી બાકી બધા પૂરી નાંખવામાં આવેલા. ઊઠીને તે કૂવા પાસે પહોંચ્યા. લોઢાની સાંકળે બાંધેલી ડોલ કૂવા પાસે જ રહેતી. ડોલ વડે પાણી કાઢી જેવા એ ભાઇઓ પીવાની શરૂઆત કરે તેવા જ કોણ જાણે કયાંથી મહારાજ ફરતા ફરતા ત્યાં આવ્યા અને તેમણે ડોલનો ખડખડાટ અને અમારો ગણગણાટ સાંભળ્યો. તેમને આટલી મોડી રાતે નીચે કોઇ વિદ્યાર્થી હોય એવી શંકા ન આવી, પણ ભૂતનો વહેમ પડયો. તેઓ નીચે ઠલ્લે (દિશાએ) જવા તૈયાર થયેલા એમ પાછળથી માલુમ પડયું. તેમણે ખુબ જોરથી 'અલ્યા કોણ છે?' 'જે હોય તે તરત બોલી નાખે' નહીં તો આ પથરો ફેંકું છું', એમ પડકાર કર્યો. અમે તો ગભરાયા, અમારાં મોં સીવાઇ ગયાં, પણ આખરે પથરો વાગવાની બીકે અમે છતા થયા. રાતે તો શું થાય પણ સવારે અમારી રેવડી થઇ. ચોવિહારના પાકા નિયમવાળા એક ધાર્મિક મેનેજર આવેલા, પરંતુ ગરમીને લીધે તેઓ ચોવિહાર ન કરી શકવાથી રહી જ ન શકયા. એક બીજા મેનેજર કોઇક નાના સ્ટેટના કારભારીની જગ્યાએથી નિવૃત થઇને અમારી સેવા કરવા આવેલા. તેઓએ આવતાં જ અમારું ઘીનું માપ ઓછું કરી નાખ્યું. પોતે ભારે સ્વાદીયા, ત્રણ ચાર શાક બિના ન જ ચાલે અને એના પ્રમાણમાં એમની બીજી પંણ ઉફાંદ ઓછી નહીં. તેઓ પણ ન ટકી શકયા બીજા એક કોઇ ભાવનગરી બંધુ આવ્યા. પાઠશાળામાં દર તેરશે જમણવાર થાય, તે વખતે ઉપવાસ કરવા જેવી કોઇ તિથિ આવેલી એટલે લગભગ બધાએ ઉપવાસ કર્યો. પારણામાં દરેક વિદ્યાર્થીને દૂધ, રાબ અને મગની દાળ સાથે શેરો મળે ભાવનગરી ભાઇ પોતે બધા વિદ્યાર્થીને પોશકું પોશકું શેરો મૂકી ગયા. વિદ્યાર્થીઓએ ફરીવાર શેરો માગ્યો તો ચોકખી ના પાડી. શેરો રસોડામાં ઘણો બધો વધેલો એ જોઇને મારો મિજાજ ગયો અને મેં જાતે ઉભા થઇ એ શેરો જે વિદ્યાર્થીને જેટલો જોઇએ તેટલો આપ્યો. એ ભાઇ સામે જ હતા. એ રીતે શેરો આપ્યા પછી પણ ઘણો બધો વધેલો. ભાવનગરી સજ્જને મારી બાબત શિસ્તભંગની ફરીયાદ મહારાજ પાસે રજુ કરી. મહારાજે મને બોલાવ્યો ત્યારે મેં વિનયપૂર્વક મહારાજને જણાવ્યું કે સાહેબ! હજુ પણ શેરો વધેલો છે, અને તે રસોડાના ટાંકામાં પડયો છે. વાત ખરી હતી એટલે મહારાજે કશું ન કરતાં મને છોડી મૂકયો. એકવાર મારા અધ્યાપક હરિનારાયણ ત્રિપાઠી પાસે ભણવા બેઠેલો, પંડિતજી માટે ખાસ હાથપંખા તેમની ગાદી ઉપર પડયા રહે. જ્યારે સાધુઓ પંડિતજી પાસે ભણતા હોય ત્યારે પંડિતજી પોતે પખા ખાય. તેમાં સાધુઓનો અવિનય થાય છે એમ કોઇને લાગેલું અને તેથી પંખા બધા અદૃશ્ય થઇ ગયા. પંખા કયાં હતા એની મને ખબર નહીં. મારો પાઠ ચાલતો હતો ત્યારે પંડિતજીએ મારી પાસે પંખો માગ્યો અને મેં તપાસ કરી પંખો લવી પંડિતજીને આપ્યો મને ભણાવનાર પડિતજી પ્રતિ મારામાં ઘણો સદ્ભાવ, વિનય અને નમ્રતા રહેતાં. પંડિતજીને મેં પંખો લાવી આપ્યો એ વાત કોઇએ મહારાજ પાસે પહોંચાડી કે તરત જ વગર પૂછયે ગાછયે મહારાજે મને બે ત્રણ તમાચા ચોડી દીધા. મેં કહ્યું કે ગુરુજીને પંખાની જરૂર હતી એટલે મેં લાવી આપ્યો હતો પણ મારું કોણ સાંભળે?

**૨.** વિદ્યાર્થીઓ અને મુનિઓના નિકટનો પરિચય એટલે એક-બીજાની નબળાઇઓ સૌ કોઇ જાણે. પાઠશાળામાં એવો નિયમ હતો કે દરેક વિદ્યાર્થીએ પ્રત્યેક મુનિને વંદન કરવું, શરુશરુમાં આ નિયમ ચાલ્યો, પણ જ્યારે અમારો મુનિઓ સાથે અતિ પરિચય થયો ત્યારે એ નિયય અમને કેટલાકને અનુચિત લગ્યો. એટલે ખાસ કરીને મેં અને મારા મિત્ર શિવલાલભાઇ ઠાકરશી (સાયલાવાળા) વગેરે સાતઆઠ જણાએ તમામ મુનિઓને વંદન કરવાના નિયમ સામે વાંધો ઊઠાવ્યો. ઉપરથી હુકમ થયો કે વંદન નહીં કરનારનું દૂધ બંધ થશે. અમે એ કબુલ રાખ્યું અને દૂધ જતું કરીને પણ વંદન ન કર્યું તે ન કર્યું. થોડા દિવસ પછી તો અમને એમને એમ દૂધ મળવા લાગ્યું અને વંદનનો નિયમ આપોઆપ ઢીલો થઇ નીકળી ગયો.

અપૂર્ણ **બેચરદાસ જીવરાજ દોશી.**

## આફ્રિકાના ગ્રાહક બંધુઓને

અમારા સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહ આફ્રિકા આવેલા ત્યારે જે ભાઇઓએ પ્રબુદ્ધ જીવનના ગ્રાહક તરીકે તેમને એક વર્ષનું લવાજમ આપેલ તેમનું લવાજમ પહેલી ડીસેમ્બર તથા પંદરમી ડીસેમ્બરે પુરું થતું હોઇ તેમને લવાજમના શીલીંગ ૮ નીચેના બે ઠેકાણામાંથી જ્યાં અનુકુળ પડે ત્યાં તુરત પહોંચતું કરવા વિનતિ કરવામાં આવે છે. **વ્યવસ્થાપક**

| ડૉ. એચ. ટી. શાહ | ડૉ. એ. યુ. શેઠ |
|---|---|
| ગવર્નમેન્ટ રોડ, બદ્રુ હાઉસ, | પો. બો. નં. ૧૯૫ |
| પહેલે માળે. પો.બો. ૧૨૩૨, **નૈરોબી** | **મોમ્બાસા** |

**વિષયસૂચી** **પૃષ્ઠ**


| | | |
|---|---|---|
| અહિંસાની અધૂરી સમજણ | પરમાનંદ | ૧૬૫ |
| મારી કહાણી | પંડિત બેચરદાસ દોશી | ૧૭૩ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૫

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૫૪, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## * મારી કહાણી *

( ગતાંકથી ચાલુ )

૩ સવારના પહોરમાં શૌચથી પરવારતાં જ મહારાજને વંદન કરવાનો ઘંટ વાગે. સૌ આવે એમાં મોખરે હું હોઉં. મહારાજ પ્રતિ મારી અસાધારણ ભકિત અને શ્રધ્ધા. વંદન વિધિવત્ કરીને નવકારશી પોરશીના પચખાણ લેવાય. પછી મહારાજ વિદ્યાર્થીઓ માટે પ્રવચન કરે. એ પ્રવચનમાં લગભગ હંમેશાં વીર્યરક્ષા ઉપર ભાર મૂકવામાં આવે. હું વીર્યરક્ષામાં કશું જ ન સમજું. વીર્ય શું? એ જ હું ન જાણું. મુંઝાતો રહ્યો, મુંઝાતો રહ્યો, છેવટે એકવાર મેં એક મારા મિત્રને એ વિશે પૂછી લીધું ત્યારે તેણે મને એ બાબત પૂરી સમજાવી. મને એમ થયું કે મેં આ વાત શા માટે પૂછી? સાંભળીને મને સૂગ આવી અને કશો લાભ ન જ થયો, બલ્કે હાનિ જ થઇ. મેં રહેતાં રહેતાં જાણ્યું કે મુનિઓમાં અને વિદ્યાર્થીઓમાં એ બાબત ઠીક ઠીક સડો પેઠેલો. મુનિ કે વિદ્યાર્થી ધાર્મિક દેખાય, સદાચારી હોય, તપસ્વી હોય, છતાંય એ સડાથી મુકત ન હોય એવું ય જણાયું. માનસિક-પરિસ્થિતિનો વિચાર કર્યા વિના તાલિમ મળવાને કારણે અમારામાંના કેટલાક વિદ્યાર્થીઓ છેવટ લગી કશુંય ભણી ન શકયા, પણ ખુશામતીયા, ચુગલીખોર અને છિદ્રાન્વેષી બની ગયા. એ એકને તો બદની ગાંઠ પણ નીકળી આવી. ઘણા ખરા પાન ચાવતા થઇ ગયા. અંગત લખું છું માટે અંગત કહેવું જોઇએ કે મેં બનારસમાં રહ્યો ત્યાં સુધી કદી પાન નથી જ ખાધું અને પછી પણ અત્યાર સુધી ભાગ્યે જ પાન ખાવાની વૃત્તિ થાય છે. વાળ રાખતો, તેમાં તેલ નાખતો અને સારી રીતે ઓળતો પણ ખરો, પરંતુ તેની પાછળ કેવળ અનુકરણ વૃત્તિ જ મને દેખાઇ છે.

૪. પાઠશાળાની વીઝીટે મોટા મોટા માણસો આવતા, બધું જોઇને ખુશી ખુશી થતા અને વ્યાયામ કરાવવાની અને અંગ્રેજી ભણતરની વ્યવસ્થા કરવાની સૌ કોઇ ભલામણ કરી જતા. મહારાજ વીઝીટરોની (મુલાકાતીઓની) આ સાયકોલોજી (માનસિક વલણ) ઝટ સમજી ગયા. તેથી તેમણે એક અંગ્રેજી ભણાવનારો શિક્ષક જરૂર રોકયો અને વ્યાયામનાં તમામ સાધનો મગદળ, ડંબેલ્સ, દંડ કરવાની પાવડીઓ વગેરે વસાવી લીધાં અને પાઠશાળાના એક ભાગમાં કુસ્તી કરવાનો અખાડો પણ બનાવી દીધો. જોનારને અને વીઝીટે (મુલાકાતે) આવનારને સૌને હવે ચોકખું લાગે કે પાઠશાળા અદ્યતન તમામ સાધનોથી સુસજ્જ છે, છતાં અંદરનું રહસ્ય તો અમે જ જાણતા. એટલે જો કોઇ વિદ્યાર્થી વ્યાયામ કરવા પ્રવૃત્ત થતો કે અખાડામાં કુસ્તી કરતો તો તે વખતે જ દિવસે સવારના પ્રવચનમાં શરીરની અસારતા અને ક્ષણ-ભંગુરતા ઉપર ભારે પ્રવચન ચાલતું અને એ વ્યાયામ કરનાર બિચારા ઉપર તીવ્ર કટાક્ષ થતો. તથા જો કોઇ અંગ્રેજી માસ્તર પાસે જતો તો તેની પણ રેવડી થતી. એથી જ પાઠશાળામાં એ બધાં સાધનો માત્ર વીઝીટરોને જોવા માટે જ પ્રદર્શનની માફક ગોઠવાયેલાં એમ ને એમ પડી રહેતાં અને માસ્તર બિચારો કેવળ શોભારૂપ બનતો અને તેનો લાભ કોઇ નથી લેતું એમ કહીને તેને છુટ્ટો કરી દેવાયો.

૫. કોઇ વિદ્યાર્થી ભાગ્યેજ પાઠશાળા બહાર જઇ શકતો. જેને માથે બહાર જવાનું કામકાજ હોય અથવા બજારમાંથી સામાન લઇ આવવાની જવાબદારી હોય તે સિવાય કોઇ વિદ્યાર્થી ભાગ્યે જ બહાર જઇ શકતો. સાંજે કોઇ ફરવા નહીં જઇ શકતું. અમારી પાઠશાળાથી થોડે દૂર મોટો વિશાળ કંપનીબાગ હતો, છતાં ત્યાં કોઇ ભાગ્યે જ ફરવા જતું. કોઇ રડયોખડયો ફરવા જતો તો પ્રવચનમાં કહેવામાં આવતું કે ચોરાશીલાખ જીવાયોનિમાં આજલગી ફરફર કર્યું છે, છતાં હજી આ જીવ ફરતો ધરાયો નહી. આ વાત પેલા ફરવા જનારને લક્ષ્યમાં રાખીને કટાક્ષમાં કહેવાતી. એટલે કોઇ ફરવા શી રીતે જાય? બીજા લોકો બહારથી પ્રવાસ કરીને ગંગામાં નહાવા આવે ત્યારે અમે અમારી પાસે જ ગંગા વહ્યા કરતી, પણ તેમાં ભાગ્યે જ નહાવા ગયા હોઇશું. એક જ વાર હું પોતે મહારાજની સંમતિ મેળવીને હાથમાં ડોલ અને ગળણું લઇને ન્હાવા ગયેલો. હુકમ હતો કે કાંઠે બેસીને, ડોલમાં પાણી ગાળીને ન્હાવાનું. મને એ રીતે ન્હાતો જોઇને ઘાટ ઉપર બેઠેલા લોકો કહેવા લાગ્યા કે 'કયા આપ મુસલમાન હૈ?' યા 'કયા આપ ભંગીચમાર હૈ?' 'ઐસે કયોં સ્નાન કરતે હૈં?' 'ગંગામૈયા તો પવિત્ર હૈ, ઇસકે જલકો છાનનેકી જરૂરત નહીં.' હું કાળજું કઠણ કરીને સાંભળતો જાઉં અને ન્હાતો જાઉં, પણ એવા ન્હાવામાં કશો સ્વાદ ન રહ્યો. બનારસમાં પાંચસાત વરસ રહ્યો તેમાં માત્ર એક જ વાર તે પણ ઉપર જણાવેલી રીતે ગંગામાં ન્હાયો. ગંગામાં તરવાનું શીખવાની વાત જ કેમ કરાય? અમે બધા બનારસના છળપ્રપંચથી અજાણ્યા, ત્યાં કેટલીકવાર ભરબજારમાં ખૂન થઇ જાય, મોટા મોટા છોકરાઓ પણ ગુમ થઇ જાય, આ બધી પરિસ્થિતિને લીધે અમને બહાર ન જવાની કડક પધ્ધતિ રખાયેલી. એમ કહેવામાં આવતું કે 'તમે બધા પારકી પુંજી ગણાઓ, કોઇ ગુમ થયા તો શું જવાબ દેવો?' એક પક્ષે એ વાત ખરી પણ હતી તો પણ એના બીજા પક્ષનો કદી કોઇ વિચાર જ ન કરતું અને વિદ્યાર્થીઓનાં શરીર નબળાં અને બીકણ બનવા વિશે કેવળ ઉપેક્ષા સેવાતી.

૬. પ્રવચન નિત્ય થતાં અને તેમાં સ્ત્રીની નિંદા કરાતી, માતાપિતા તરફ અભાવો થઇ જાય એવી પદ્ધતિ રખાતી, જાણે દીક્ષા જ પરમ ધર્મ હોય એમ બોધ આપતો. શ્રાવકો તો તપેલા લોઢાના ગોળા સમાન છે. એ માટે શાસ્ત્રવચનની સાક્ષી સુધાં આપી ભાર દઇને કહેવામાં આવતું અને આ રીતે અમારું વલણ દીક્ષા તરફ થાય એવી આશા રખાતી. બીજા માટે તો શું પણ મારા પક્ષે આની અસર ખરાબ થઇ. મને મારાં માતાજી ઉપર અભાવ થઇ ગયેલો અને સ્ત્રી જોઉં કે જાણે રાક્ષસી આવી એમ એ વખતે

થઇ જતું. તેમ છતાં જે સદ્‌ગુણો જીવનનો વિકાસ કરનારા છે તે નહીંજ ખીલતા એમ અત્યારે સમજી શકું છું. પાઠશાળામાં રોજ વારાફરતી એક આંબિલ અવશ્ય કરવામાં આવતું. તે માટે વિદ્યાર્થિઓના વારા ગોઠવાયા હતા. આ ફરજ ઘણું કરીને મુનિઓની ઉપર નહીં લદાયેલી. મહારાજશ્રી ધર્મવિજયજી ભારે ચતુર હતા પણ સાધુ હોવાથી સાધુઓના જ વિશેષ તરફદાર હતા. એટલે એમની વ્યવસ્થા કેટલેક અંશે અધૂરી રહે એ સ્વાભાવિક જ છે. અમારી પાઠશાળાના પ્રધાન આશ્રયદાતા શેઠ વીરચંદ દીપચંદ ભારે ઉદાર, વિદ્યાપ્રેમી અને વિશિષ્ટ પ્રકારના સજ્જન હતા. તેઓએ એકવાર એમ કહેલું કે આટલા બધા વિદ્યાર્થીઓમાંથી એક પણ સાધુ થશે તો મારું દાન સફળ છે. એ ઉપ-રથી પાઠશાળાનો ઝોક કળી શકાયો હતો. મહારાજશ્રીએ પોતાની પરિસ્થિતિ પ્રમાણે શકય એટલી સારી વ્યવસ્થા રાખેલી. તેમનામાં વિદ્યાર્થીઓ પ્રતિ અસાધારણ વાત્સલ્ય હતું, કોઇ વિદ્યાર્થી માંદો પડતો કે તેની પાસે ખુદ મહારાજ પોતે પહોંચી જાય. મારા માટે તો મેં આવું જ હંમેશાં અનુભવ્યું છે. ડોકટર, પથ્ય અને ઔષધ વગેરેની બરાબર તત્કાલ વ્યવસ્થા થઇ જાય અને મહારાજ પોતે વિદ્યાર્થીનું માથું ચાંપવા ય બેસી જાય એ મેં નજરે જોયું છે. ત્યાં વિદ્યાર્થીના માતાસમાન, પિતાસમાન એકલા મહારાજશ્રી હતા એમ કહેવામાં લેશ પણ અતિશયોકિત નથી. તેમનુ વ્યહારકૌશલ, વખતને સમજી લેવાનું ચાતુર્ય અસાધારણ હતું. જે વખતે બનારસમાં જૈનોને તમામ લોકો હડધુત કરતા અને જૈનોનો સ્પર્શ થતા સ્નાન કરી લેતા તે વખતે તેમણે ગુજરાતથી બનારસ સુધી પગે વિહાર કરી અનેક કષ્ટો ઇચ્છાપૂર્વક પોતાને માથે ઉઠાવી જૈનોમાં કેવળ વિદ્યાપ્રચારના હેતુથી બનારસ યશોવિજય જૈન સંસ્કૃતપાઠશાળા સ્થાપી. મારી જોયેલી આ હકીકત છે કે શરૂશરૂમાં મકાનની વ્યવસ્થા જ ન હતી. તેથી વિદ્યાર્થીઓ અને મુનિઓ બનારસના મહોલ્લા સુતટોલામાં આવેલી અને તદ્દન જર્જરિત—આજ પડે કે કાલ પડે એવી—જૈન ધર્મશાળામાં રહેતા. બનારસમાં જૈનોની વસ્તી ઘણી જ ઓછી. તેમાં ય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી તો ઘણી જ ઓછી—માંડ વીશેક ઘર હશે. જૈન શબ્દનો કોઇ અર્થ જ ન સમજે. કેટલાક તો ઉજ્જૈન પણ કહે. સાધુઓનો વેશ જોઇ તેમને લોકો કોઇ નાટકીયા સમજે અને અપમાન તિરસ્કાર તો ડગલે ને પગલે અનુભવાય. આવી પરિસ્થિતિમાં કેવળ જૈન શાસન પરની અથાગ ભકિતને લીધે અને ભગવાન મહાવીરના શાસનની પ્રભાવના કરવાની બુધ્ધિથી પ્રેરાઇ તેમણે આ સંસ્થા શરૂ કરી. એ સમયે સમગ્ર જૈન સાધુસમુદાયમાં મહારાજશ્રીની જોડીમાં આવે એવો કોઇ શુરવીર નહોતો કે જે આવું અસાધારણ કામ કરી શકે એમ હું નિષ્પક્ષભાવે ખાત્રીથી કહી શકું એમ છું. ભાતભાતના અને તુંડમિજાજી પંડિતોના પરિચયમાં આવવું, તેમને રાજી રાખવા અને સંસ્થાનું નાવ ચલાવવું એ કાંઇ સાધારણ વાત નથી. તેમના હાજરજવાબીપણાના મેં ઘણા પ્રસંગો નજરોનજર જોયેલા છે. તેમાંના એક બેને જ અહીં બતાવું છું. કુંભના મેળામાં અમે બધા પગે ચાલીને પ્રયાગ ગયેલા. ત્યાં શંકરાચાર્યના પ્રમુખપણા નીચે જેમને લોકો તદ્દન નાસ્તિક માનતા એવા જૈન ધર્મના પ્રતિનિધિ મહારાજશ્રીનું ભાષણ હતું. પહેલું તો એ કે ત્યાં ભાષણ કરવાનો સમય મળવો એજ અત્યંત દુર્ઘટ અને વિકટ હતું. છતાં મહાનુભાવ માલવીયાજી જેવાના અસાધારણ સ્નેહ સદ્‌ભાવને લીધે એ બની શકયું. ત્યાં અમે દરભંગાના રાજાને તેમની કોઠી ઉપર મળવા ગયા. આવા પ્રસંગોમાં હું મહારાજજીની સાથે જ રહેતો. વાતો કરતાં રાજાએ એકદમ પૂછી નાખ્યું કે તમે લોકો તો ગંગાને માનતા નથી, સૂર્યને માનતા નથી અને કાલી વગેરે દેવીઓને પણ પૂજતા નથી. તેના ઉત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે "ऐसा नहीं, हम लोग गंगाजीको पूरे आदरसे मानते हैं इसी कारण हम गंगामें स्नान करने के लिए हमारे मलिन शरीरको नहीं डुबाते. सूर्यकोभी आदरणीय समजते हैं, क्योंकि हमारी भोजन जैसी साधारण क्रिया भी हम सूर्यकी साक्षीमें ही करते हैं, सूर्यास्तके बाद हम कभी भी नहीं जिमते और हमारे नित्यस्मरणमें काली, महाकाली, गौरी, गांधारी, सर्वास्त्रा, महाज्वाला इत्यादिक देवीओको रोज याद किया करते हैं." આ સાંભળીને મહારાજા દરભંગા રાજી થયા અને જૈનધર્મ નાસ્તિક છે એવો તેમનો ભ્રમ ભાંગી ગયો. બીજી વખત એકવાર મહારાજજી રામ-નગરમાં કાશીનાં મહારાજાને મળવા ગયેલા. મહારાજા પોતે પંડિત હતા અને અનેક પંડિતોથી વીંટાયેલા તેઓ ખુરશી ઉપર બેઠા હતા. મહારાજશ્રી તો નીચે જ પોતાની કાંબળી પાથરીને રાજાની સામે બેસી ગયા પંડિતો બધા જૈનધર્મના વિરોધીઓ અને તેમણે રાજાના કાન પણ ભંભેરેલા. વાત કરતાં રાજાએ કહી નાખ્યું કે "जैनधर्म तो नया है—आजकलका है और वेदधर्म तो बहुत प्राचीन है." આના જવાબમાં તરત જ મહારાજશ્રીએ કહ્યું કે "क्या नई चीज उपयोगी नहीं होती? कभी कभी पुरानी चीजोंसे नई चीज जरूर अतीव उपयोगी ओर फायदेमंद होती है. रेलगाडी नई है, टेलिफोन नया है, विजलीका उपयोग भी नया ही है और ये मोटरगाडी यांभी तो आजककी नहीं है?" ઉત્તર. સાંભળતાં જ કાશીના મહારાજા ખુરશી ઉપરથી ઉભા થઇ ગયા અને મહારાજશ્રીને ખુરશી આપી, પણ મહારાજશ્રીએ પોતાનું આસન ન છોડયું. જ્યારે બીજી ખુરશી આવી ત્યારે એ બન્ને મહારાજા ખુરશી ઉપર બેઠા. આ પછી તો મહારાજશ્રીએ કાશીમાં વિશેષ પ્રભાવ પાડેલો અને ઘણા જૈનદ્વેષીઓને જૈન ધર્મના સ્વરૂપની ખરી સમજણ પાડી જૈન ધર્મ તરફ આકર્ષેલા. કાશીમાં સારસ્વત વ્યાકરણને અને તેની ચંદ્રકીર્તિ ટીકાને ઘણા લોકો ભણે છે. ચંદ્રકીર્તિ નામના એક જૈન પંડિતે સારસ્વતની ટીકા બનાવેલી છે એવું જાણતા છતાં એ ટીકામાંથી જૈનધર્મનું મંગલાચરણ કાઢી નાખવામાં આવેલ અને જાણે કે એ ટીકા કોઇ બ્રાહ્મણ પંડિતે બનાવેલી છે એવો દેખાવ કરવામાં આવેલ—એવો ત્યાંના પંડિતોમાં અને વિદ્યાર્થીઓમાં જૈનો પ્રત્યે, જૈનધર્મ પ્રત્યે અને જૈનસાહિત્ય પ્રત્યે હડહડતો દ્વેષ ભર્યો હતો. અમારે એટલે મારે અને ભાઇ હરગોવિંદદાસને સન્મતિતર્કનું અધ્યયન કરવાનું હતું. તે માટે ત્યાંના સુપ્રસિદ્ધ નૈયાયિક પંડિત નકછેદરામ શર્મા નામના મહાપંડિતને ઘેર જઇને ભણવાનું ગોઠવ્યું, કલાકના માસિક ચાલીશ રૂપિયા આપવા નક્કી કર્યા અને અમે બંને પહેલવહેલા જ એમને ઘરે ભણવા ગયા ત્યારે તેમણે અમ નાસ્તિક જૈનોને ભણાવવાની ચોકખી ના પાડી દીધી. અરે શરૂશરૂમાં પાઠશાળામાં કોઇ પંડિત ભણાવવા આવવાની જ આનાકાની કરે. જ્યારે તેને ગામકરતાં બમણોતમણો દરમાયો અપાય ત્યારે જ તે ભણાવવા આવવાનું સ્વીકારે અને તે પણ પાઠ-શાળામાંથી નીકળીને ઘરે જઇને નાહી નાખે ત્યારે જ તેમનો ધર્મ સચવાયો માને. આવી સ્થિતિમાં ત્યાંના પંડિતો પાસે ભણતાં ભારે આકરું પડતું, ભારોભાર નમ્રતા અને વિનય તથા તેમના તરફ સેવાભાવ કેળવવો પડતો. કેટલીકવાર તો એમ પણ બનતું કે ભણાવતાં ભણાવતાં પંડિત વચ્ચેથી જ ઉઠીને ચાલ્યા જાય; કેટલીકવાર ભણાવતાં ભણાવતાં જૈનાચાર્યોને ભાંડવા માંડે; આ બધું કમને પણ સહેવું પડતું અને વિદ્યા મેળવવી પડતી. તાત્પર્ય એ કે આવી વિષમ પરિસ્થિતિમાં મહારાજશ્રીએ પાઠશાળાને કેવી મુશીબતે ચલાવી હશે એ જરૂર વિચારવા જેવું અને કદરપાત્ર કામ છે.

(અનુસંધાન પાનું ૧૮૩)

# ભારતમાં ઉત્પાદન અને ભાવતાલ

(પ્રબુદ્ધ જીવનના વિશેષ અંક માટે મળેલો પણ જગ્યાના અભાવે તે અંકમાં પ્રગટ થઈ નહિ શકેલો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

એ જાણવું જરૂરી છે કે કોઇપણ દેશના ભાવતાલોનો સાચો અભ્યાસ કરવા માટે અને ભાવતાલોની સપાટીનું વલણ જાણવા માટે અમુક લાંબા સમયમાં થએલા વધઘટના ફેરફારોનો ચોકકસ અભ્યાસ કર્યા વગર નિર્ણય પર આવવું જોઇએ નહિ. પરંતુ એટલું તો ચોકકસ કહી શકાય કે જગતનાં આંતર રાષ્ટ્રીય બજારોમાં કોરીયાની લડાઇ દરમીયાન શરૂ થએલ ફુગાવો હવે એક ભૂતકાળની બાબત બની ગઇ છે. અને ઘણાં માલોનાં ભાવતાલો પહેલાંની ઉચ્ચ સપાટી-એથી ઠીકઠીક નીચી સપાટીએ આવી ગયા છે. વળી એ પણ જાણવું જરૂરી છે કે બીજા અગત્યના ગણાતા દેશોની સરખામણીએ ભારતમાં જીવન ધોરણ ખર્ચ લડાઇ દરમીઆન અને પછી પણ બહુ ઉચું ગયુ નહોતું. ૧૯૫૦, ૧૯૫૧ અને ૧૯૫૨માં થએલ આવા ખર્ચનો વધારો ઇગ્લંડ, ઓસ્ટ્રેલીઆ, કેનેડા, વિગેરે દેશો કરતાં ઓછો હતો, પરંતુ આવો વધારો અમેરિકામાં થએલા વધારા સાથે મળતો આવતો હતો. બીજા દેશોના જીવનધોરણના આંકડાઓ સાથે સરખાવતાં જણાશે કે ૧૯૫૦ માટેનો અંક હિંદમાં ૧૦૩, ૧૯૫૧ માટે ૧૦૯ અને ૧૯૫૨ માટે ૧૧૧ હતાં, જ્યારે ઇગ્લંડમાં આ વરસો દરમીઆન તે ૧૦૬, ૧૧૬ અને ૧૨૬ જેટલો હતો. પરંતુ જે વધારો હિંદમાં થવા પામ્યો હતો, તે ખાદ્ય માલોની તંગી-ને લીધે તથા મળી શકતા નાણામાં થએલ વધારાને લીધે હતો. વળી છેલ્લી લડાઇ દરમીઆન અને પછી મોટે ભાગે નાણું એવી વ્યકિત-ઓ પાસે ભરાવા લાગ્યું કે જેમને સાચવીને બચાવવાની ટેવ નહોતી. પરંતુ કોરીયાની લડાઈએ ચાલુ રાખેલી બજારોની કૃત્રિમ તેજી તે લડાઇ બંધ થઇ ગયા પછી ઉલટી દિશામાં કાર્ય કરવા લાગી અને ભાવો નીચા આવવાનું કાર્ય ૧૯૫૧માં શરૂ થઇ ૧૯૫૨, ૧૯૫૩ અને ૧૯૫૪માં ચાલુ રહેવા પામેલ છે. વળી આ વરસો દરમીઆન માલની પુરવઠાની સ્થિતિમાં સુધારો અને તેની માંગમાં ઘટાડો થવાથી ભાવોની નીચી સપાટીને ઉતેજન મળતું ગયું.

વળી આ વરસો દરમીઆન જગતભરના બજારના ભાવો તથા ઉત્પાદન જોતાં જણાશે કે દુનિયાના ઘણા ખરા દેશોમાં ખેતીવાડી તથા ઔધોગીક ક્ષેત્રે ઠીકઠીક પ્રગતિ થવા પામી. આવી પુરવઠાની સ્થિતિથી બજારો ખરીદનારાઓની તરફેણમાં થવા પામી. પરિણામે જરૂરી માલોની વહેંચણી ઉપરના આંતરરાષ્ટ્રિય અંકુશો કંઇક અંશે ઉઠાવી લેવાયા અથવા તેને હળવા કરવામાં આવ્યા, અને આંતરરાષ્ટ્રિય બજારોમાં ધીમે ધીમે મુકત વ્યાપાર–પરિસ્થિતિ સર્જાવા લાગી. હિંદને લાગે વળગે છે ત્યાં સુધી ખેતીવાડીના ક્ષેત્રમાં થઇ રહેલો ભાવઘટાડો ઔધોગિક ક્ષેત્રમાં ભાવતાલોના ઘટાડા કરતાં વધારે મોટો છે. પરિણામે બન્ને વિભાગોમાં સામાન્ય ભાવતાલોની પરિસ્થિતિ પહેલાં કરતાં ઉલટી થઇ જવા પામી. ખેતીવાડીના ક્ષેત્રમાં ખોરાકના પાકોનું ઉત્પાદન વધતું રહ્યું છે. અને ચોખાના પાકનો છેલ્લો વર્તારો લગભગ ૨૦.૪ ટકાનો જેટલો વધારો દર્શાવે છે. આવો વધારો ૨૨૫ લાખ ટનમાંથી ૨૭૧ લાખ ટન જેટલો હતો, અને તે સૌથી વધારે હતો. સુધરેલી પરિસ્થિતિના પરિણામ રૂપે અનાજની આયાતોમાં ઘટાડો થયો, અને અમુક જથ્થો જાળવી રાખવા માટે ઘઉંનો થોડો જથ્થો આયાત કરવામાં આવે છે. ખરી રીતે ઉત્પાદનમાં થએલ વધારાને લીધેજ ભાવોમાં ઘટાડો થવા પામેલ છે. પરિણામે સમસ્ત ભારતમાં છેલ્લા ત્રણેક માસથી ખોરાક ઉપરના અંકુશો દૂર કરવામાં આવ્યા છે, અને અંકુશો છૂટી ગયા પછી પણ ભાવોમાં ઘટાડો ચાલુ રહેવા પામ્યો છે. પરંતુ પ્રથમ પંચવર્ષિય યોજનાના હેવા-લમાં દર્શાવવામાં આવ્યું હતું કે ભાવતાલોના માળખામાં વિશેષ ફેરફારોથી ઘણી મુસ્કેલીઓ ઉભી થવા સંભવ છે, અને તેથી આવનારાં પરિણામોથી આ યોજનાનો હેતુ માર્યો જશે. ૧૯૫૩ના જુલાઇથી ૧૯૫૪ના જુલાઇ સુધીમાં બધી વસ્તુઓના ભાવોના આંક ૪૦૭.૫ માંથી ૩૮૨.૩ સુધી જવા પામ્યો છે. આ ઘટાડો લગભગ ૬ ટકાનો ગણાય અને આવો ઘટાડો જુદી જુદી વસ્તુઓમાં જૂદો જૂદો હતો. ચાલુ વર્ષના એપ્રીલથી જુનના ત્રણ માસના આંકડાઓ જોતાં જણાશે કે ઇકોનોમીક એડવાઇઝરનાં હોલસેલ ઇંડેકસમાં રાખવામાં આવતી ૩૪ વસ્તુઓમાં ૨૬ વસ્તુઓના ભાવો ઘટયા છે, અને ૮ વસ્તુઓના ભાવોમાં વધારો થયો છે. આવો ઘટાડો ૫ ટકાથીં ૨૯.૩ ટકા જેટલો પહેલા ગ્રુપમાં હતો. એપ્રીલમાં ઘઉનાં આંક ૫૮૦ હતો તે જુનમાં ૪૧૦ થયો. ખોરાકના ગ્રુપમાં આ ત્રણ માસ દરમીઆન ૧૩.૧ ટકાનો ઘટાડો થયો.

ઔધોગિક ઉત્પાદનનું ધોરણ છેલ્લા ત્રણ વરસોમાં સારી રીતે ઊચું રહેવા પામ્યું છે. ઔધોગિક ઉત્પાદનનો આંક ૧૯૪૮માં ૧૦૮.૪ હતો તે ૧૯૫૧માં ૧૧૭.૨ જેટલો હતો. આ આંક ૧૯૫૨માં ૧૨૮.૯ જેટલો હતો જ્યારે ૧૯૫૩માં તે ૧૩૫.૧ જેટલો હતો. ખરી રીતે ઔધોગિક ઉત્પાદનમાં થતો રહેલો સતત વધારો આપણા દેશની આર્થિક સ્થિતિની સધ્ધરતા અને સ્થિરતા દર્શાવે છે. પરંતુ ઉત્પાદનમાં ઔધોગિક કાચી ચીજો બીજે નંબરે આવે છે, અને ભાવોમાં સરકારી ઘટાડો ૮.૭ ટકાનો હતો. ઔધોગિક તૈયાર માલો તથા અર્ધ તૈયાર માલોમાં ઘટાડો કંઇક અંશે નજીવો હતો. તૈયાર માલોમાં ૫ ટકા જેટલો ઘટાડો હતો જ્યારે અર્ધ તૈયાર માલોનો ઘટાડો ૯ ટકા જેટલો હતો. ૧૯૫૩ના જુલાઇમાં અનાજનો આંક ૪૭૯ હતો તે ૧૯૫૪ના જુલાઇમાં ૪૦૬ હતો. કઠોળનો આંક ૫૧૮માંથી ૨૯૦ જેટલો ઘટયો હતો. ઔધોગિક કાચી ચીજોનો આંક ૪૨૫માંથી ૪૦૭ થયો હતો. ધાતુઓ ૪૪૦માંથી ૪૨૩ થઇ અને તેલીબીયાં ૫૯૦માથી ૪૭૦ થયા. વનસ્પતિ તેલો ૬૧૧માંથી ૪૫૦ જેટલા થયા અને ચામડું ૪૧૫માંથી ૩૬૮ થયું, જ્યારે અર્ધ તૈયાર માલોમાં ખાસ ઘટાડો થયો ન હતો. તેલો તથા રૂના ભાવોમાં વધારો થયો છે. તૈયાર માલોમાં નજીવો ફેરફાર થયો અને તેના ઘટાડા કરતાં વધારો મોટા પ્રમાણમાં હતો. ઉનના માલોમાંજ ભાવો ૭૨૦માંથી ૭૧૦ થયા શણ ૪૧૨માંથી ૪૨૪, રૂ ૪૧૫માંથી ૪૧૮, રેયોન ૩૯૯માંથી ૪૭૦ અને તેલોની બનાવટો ૩૩૬માંથી ૩૪૦ જેટલી થવા પામી હતી. પરંતુ ૧૯૫૩–૫૪માં ખોરાકનાં ઉત્પાદનમાં ઘણો સારો વધારો થયો હતો, અને પરિસ્થિતિ સુધરતાં ભાવો ઘટયા હતા. પરંતુ મે અને જુનમાં ચોમાસાની શરૂઆત થતી હોવાથી ભાવો નીચા આવ્યા હતા. ખેડુતો પોતાનો પાક વરસાદ આવ્યા પહેલાં વેચી નાખવા માંગતા હતા અથવા નવા વાવેતર માટે નાણાં મેળવવા વેચી નાંખવા માંગતા હતા. આથી ઓછી કિંમતે માલ ઘણો મળવ લાગ્યો હતો. પરંતુ ખોરાકના ભાવોમાં થએલ ઘટાડો અટકી ગયો, અને ભાવો સ્થિર થવા લાગ્યા. પરંતુ ખેતીવાડીના પાકોના ભાવોનો પ્રશ્ન ફરી ઉપ-સ્થિત થવા સંભવ છે. અને તે માટે જરૂરી ઉપાયો યોજવા અગત્યના બની રહેશે. કારણ કે ચાલુ વરસે સારા વરસાદને લીધે પુષ્કળ પાક ઉતરવા સંભવ છે. વળી અત્યારના ચોખાના પાકના જથ્થાનાં નિકાલનો પ્રશ્ન પણ સરકાર સમક્ષ ઉભો છે, અને બ્રહ્મ-દેશમાંથી પણ ચોખા આયાત કરવાના છે. વળી આંતર–રાષ્ટ્રિય ઘઉં–કરારો હેઠળ ઘઉં લેવાનો પ્રશ્ન પણ ઉભો છે. જગતના બજારોમાં પણ ખોરાકના ભાવો ઘટવા લાગ્યા છે અને તેથી આપણા દેશમાંના ચોખાની નિકાસ કરવાની તક મળવી મુશ્કેલ છે. વળી આપણા

પાકોના ભાવોમાં થતા ફેરફારની અસર પાકો ઉપર બહુ થતી નથી, કારણ કે ભાવો ઘટે તો પણ ઉત્પાદન જલદીથી ઘટતું નથી. સરકાર ભાવોને ટેકો આપવાનો વિચાર કરતી હતી તે એક ઉપાય તરીકે હતું. પરંતુ આ બાબતની પૂરેપૂરી તપાસ હજુ સુધી હાથ ધરાઇ નથી. વળી રાજ્ય આવી ભારે જવાબદારી હાથ ધરી શકશે કે નહિ તે વિષે પણ શંકા રહે છે. આવા ભાવોને ટેકો આપવાની નાણાંકીય અસરો પણ તપાસવી જોઇએ. હિંદ સરકારનાં ખોરાકખાતાના પ્રધાને તાજેતરમાં દર્શાવ્યું હતું કે જો ભાવો દર મણ દીઠ દસ રૂપીઆથી ઓછા થઇ જશે તો સરકાર અનાજ ખરીદી લેશે, કારણ કે તેથી ખેડુતોનાં હિતો જળવાશે. પરંતુ અમેરિકા જેવા વિશાળ દેશમાં અને ધનાઢ્ય દેશમાં પણ આવી વ્યવસ્થા યોગ્ય જણાઇ નથી. પરંતુ હિંદમાં તુરતમાં ભાવો વધારે ઘટે તેવો સંભવ દૂર થતાં હાલમાં આ પ્રશ્નને સરકારે બાજુ પર મૂકયો છે. વળી ખેતીના ધંધામાં રહેલાં ભયસ્થાનો વિષે વિચાર કરવો જોઇએ. આમાં આસામ અને બિહારમાં પાણીની રેલો વિગેરેનો સમાસ થાય છે. આવા સ્થળોએ બીજા સ્થળોએથી અનાજ મોકલવું પડશે. છતાં પણ ભાવતાલોનો આ પ્રશ્ન થનાર સારા પાક સાથે ફરી ઉપસ્થિત થશે તેવો સંભવ છે.

હિંદની મોટા ભાગની વસ્તીનું જીવનધોરણ ઘણું નીચું છે, અને જો તેને ઉંચું લાવી શકાય તો અનાજ વિગેરેની માંગ વધી શકે, અને તેથી વપરાશ પણ વધી શકે. આ માટે લોકોની ખરીદ શકિતમાં વધારો થાય તેવાં પગલાં લેવાની જરૂર છે. વળી વાહનવ્યવહારનાં સાધનો પણ વિકસાવવામાં જોઇએ કે જેથી અનાજની હેરફેર કરવી દેશમાં સહેલીથઇ શકે. ખોરાકના પ્રશ્નનું નિરાકરણ એ આપણી ઘણી અગત્યની સિદ્ધિ ગણાશે તેમાં શંકા નથી. આ પ્રશ્નના ઉકેલથી બચવા પામતું દેશનું નાણું બીજાં રચનાત્મક કાર્યો માટે વાપરી શકાશે. વળી પ્રથમ પંચવર્ષિય યોજના પૂરી થતાં તેના મુખ્ય લાભો ખેતીવાડી ક્ષેત્રે જણાવા લાગ્યા છે. વળી બીજી પંચવર્ષિય યોજના ઘડવાની શરૂઆત થઇ જવા પામી છે અને તેમાં ઉદ્યોગોના વિકાસ અર્થે વિશાળ ક્ષેત્ર રહેવા પામશે. આ ક્ષેત્રમાં વિકાસ સધાતાં ઉત્પાદન વધવા પામશે અને ઔદ્યોગિક ચીજોના ભાવો પણ તેથી નીચે લાવી શકાશે. વળી નાના મોટા ઉદ્યોગોના વિકાસ થતા તેમાં વિશેષ માણસોનો સમાસ થતા કંઇક અંશે બેકારીના આપણા આકરા પ્રશ્નને પણ હળવો કરી શકાશે.

**પ્રાણલાલ મ. પાઠક**

# હરિજન મંદિર પ્રવેશ અને જૈનો

(આજે જ્યારે જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ અંગે કોઇ કોઇ સ્થળે ઘર્ષણ અને અથડામણ ચાલી રહેલી સાંભળવામાં આવે છે ત્યારે આજથી સાતેક વર્ષ પહેલાં હરિજન મંદિર પ્રવેશ બીલ મુંબઇ સરકારે પસાર કર્યું અને જૈન મંદિરો પણ હરિજનો માટે કાયદેસર ખુલ્લાં થયાં તે સમય દરમિયાન સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા જેઓ જૈન ધર્મના સારા જાણકાર હતા તેમણે પ્રસ્તુત પ્રશ્ન ઉપર એક ઓજસ્વી લેખ લખેલો અને 'જૈન' તેમજ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ થયેલો, તે લેખ આજના અસ્પૃશ્યતાવાદી જૈનોને માર્ગદર્શક બને એ હેતુથી અહિં પુનઃ પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

હરીજન મંદિર પ્રવેશ બીલને અંગે કેટલીક ચર્ચા જૈન સમાજમાં ચાલે છે તેને અંગે નીચેની બાબત વિચારણા માટે રજુ કરવાની આ તકે હાથ ધરવામાં આવે છે.

પ્રથમ હરિજનને જૈન વિકાસમાર્ગમાં શું સ્થાન છે તે તપાસીએ. કોઇ પણ વ્યકિત અમુક કુળમાં જન્મે તેને આત્મસાધન કરવાનો તેના જન્મના કારણે અધિકાર જતો નથી એ પ્રથમ મુદ્દાની હકીકત છે.

ઉત્તરાધ્યયન સુત્રના પચીસમાં અધ્યયનમાં ૩૬ ગાથા જાણીતી છે. તેનો ભાવાર્થ એ છે કે 'કર્મથી પ્રાણી બ્રાહ્મણ થાય છે, કર્મથી ક્ષત્રિય થાય છે, કર્મથી વૈશ્ય થાય છે અને કર્મથી શુદ્ર થાય છે'.

કર્મના સિધ્ધાન્તને સમજનાર જૈન અછુત કે અસ્પૃશ્ય કોઇ પણ પ્રાણી હોય તેમ માની શકે નહિ.

કોઇ જીવને અડવાથી સ્નાન કરવું પડે કે અભડાઇ જવાય એ વાત જૈન ધર્મ જીવનું જે સ્વરૂપ સમજાવે છે, જીવનો જે વિકાસમાર્ગ બતાવે છે, વિકાસમાર્ગનાં જે સાધનો બતાવે છે તેને અનુરૂપ સંભવતી નથી.

અને ભગવાનના સમવસરણમાં કોઇ પણ જીવ જઇ શકે, ગમે તે જાતિનો જીવ જઈ શકે, ખુદ તિર્યંચોને પણ વાંધો ન હોય અને જંગ-લમાં આવેલાં દેરાસરોનાં-મંદિરના-દ્વાર અભંગ હોય ત્યાં અમુક કુળમાં જન્મેલ પ્રાણી મંદિરમાં પ્રવેશ ન કરી શકે એ આખી શ્રમણસંસ્કૃતિને લજાવનારી બીના જણાય છે.

મંદિર પ્રાણીને પવિત્ર બનાવે છે. મંદિર અભડાય નહિ. મંદિર પ્રાણીને ઉન્નત બનાવે છે, કોઇ ગમે તેવો પ્રાણી મંદિરમાં જાય તેથી મંદિરમાં નીચું ન બને. ગંગામાં મદડાં પડવાથી મડદું પવિત્ર બને છે, ગંગા અપવિત્ર થતી નથી. મંદિરમાં જવાથી પ્રાણી પવિત્ર બને છે. એનો આત્મા વિશુદ્ધ વાતાવરણની અંદર વિકાસ સાધે છે. એ વિકાસ માર્ગે ચઢે ત્યારે એના મા કે બાપ કોણ હતા તે જોવાનું રહે નહિ, હોય જ નહિ. અને વિશુદ્ધ વાતાવરણ કામ કરે ત્યારે આત્મા અનેરી દશા અનુભવે. તે વખતે એ આ ભવમાં કયા કુળમાં જન્મેલ છે તે તપાસવાનું કે વિચારવાનું હોય જ નહિ. આ વાત જો બરાબર હોય. મંદિરને અઢાર સ્નાત્રથી વિશુદ્ધ કરવાની વાતનો આવા પ્રસંગ માટે વિધિ બતાવેલ પણ ન હોય અને પ્રચલિત પણ ન હોય, તો પછી ઢેઢ ભંગીને ત્યાં જન્મનારને મંદિરમાં પ્રવેશ કરતાં અટકાવવાનો પ્રયાસ કરી શકાય નહિ. જૈન શાસ્ત્રકાર તો કહે છે કે 'એવી કોઈ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, એવું કોઇ કુલ નથી, જ્યાં આ જીવ અનંતવાર જન્મ્યો ન હોય કે, જ્યાં અનંતવાર મરણ પામ્યો ન હોય' અને આ ભવમાં પ્રાણી ઢેઢ કે ભંગીને ત્યાં જન્મ્યો તો તેની આભડછેટ કેટલા ભવસુધી પહોંચે? કે બીજે ભવે એ વાણીઓ બ્રાહ્મણ થાય તો પછી એનું અછૂતપણું નાશ પામી જાય?

અને આ ભવમાં પણ એ જો સાહેબનો બબરચી થાય, એ ક્રીશ્ચિયન થઇ જાય, તો મંદિરમાં આવે તો વાંધો નહિ, પણ એ જ્યાં સુધી ઢેઢ કે ભંગી ગણાય ત્યાંસુધી જ એના પ્રવેશ સામે વાંધો એ વાત કોઇ રીતે સાદી સમજમાં ઉતરે તેવી નથી.

માંસ ખાનાર, મચ્છી ખાનાર, દારૂ પીનાર મુસલમાન, ક્રીશ્ચી-યન કે શીખ મંદિરમાં આવે તેનો વાંધો લેવાતો જાણવામાં નથી, તો પછી સાફસુફ થઇ ભંગી કે ઢેઢ મંદિરમાં આવે તેનો વાંધો કેમ હોઇ શકે? અને મંદિરમાં આવી એ આત્મ-સાધન કરે, જિજ્ઞાસા તૃપ્ત કરે અને કદાચ એની સ્થિતિ પરિપકવ થઇ હોય તો એ ધર્મપ્રાપ્તિ પણ કરે. આવી ધર્મપ્રાપ્તિના માર્ગમાં આડે આવવાનો આપણને અધિકાર ખરો? કયો પ્રાણી કયા સાધનથી ધર્મ પામશે તે જ્ઞાની કહી શકે, પણ એની શકયતા તો ખરીને? અને શકયતા હોય તો તેને વંચિત રાખવાનું જોખમ ખેડવાનું સાહસ કોઇ કરે તો તેને દોષ લાગે કે નહિ?

અને એક વધારે મહત્ત્વની વાત તો શાસ્ત્રના દાખલાઓની છે. 'હરિકેશિ મુનિરાજીઓ ઉપજયો કુળ ચંડાળ'—એ તો જાણીતી વાત છે. તો પછી હરિકેશિ મુનિ મંદિરમાં જતા હશે ત્યારે એને માટે મંદિરમાં

રીતે કામતૃપ્તિનું જરૂરી મહત્ત્વ સ્વીકારવાથી આપણા આચાર- કર્યું અને નથ્થુરામ શર્માની ગાદીએ નાનાભાઇ આવશે એવી વાતો



અલગ જગ્યા રાખવામાં આવી હશે ? એ શ્રાવકને ઘેર વહોરવા જતા હશે ત્યારે રસોડા સુધી આવતા હશે કે ઘરની બહાર એના પાતરામાં રોટલી ફેંકવામાં આવતી હશે ? એ સાધુ મંડળીમાં સાથે પ્રતિક્રમણ કરતા હશે કે એનો ચોતરો જુદો જમાવતા હશે !

અને મેતાર્થ મુનિનું શું ? એને તો વાધરીયે વીંટાળ્યા ત્યારે તો કદાચ સોનીના ઘરમાં એ એકલા હશે, પણ અંતકૃતકેવળી થઇ મોક્ષ ગયા ત્યારે તેના મૃતકને કોઇ અડયું હશે કે એને કોઇ પાસે ઢસડાવી તેનો દૂર પ્રદેશમાં અગ્નિસંસ્કાર કર્યો હશે ?

અને માછલા મારનાર હરિબળ મચ્છીનો આખો પ્રસંગ શું બતાવે છે ? આવા તો અનેક દાખલા છે. એટલે જૈન ધર્મ આત્માનું જે સ્વરૂપ બતાવે છે, ક્રમસાધ્ય મુકિતમાર્ગ બતાવે છે, સર્વ જીવોને માટે યોગ્ય સામગ્રીને સદ્દભાવે યોગ્ય તૈયારી કરવાની લાયકાત બતાવે છે તે જોતાં અમુક કુળમાં જન્મ થવાને કારણે એની દીક્ષા લેવાની કે આત્મસાધન કરવાની લાયકાત ચાલી જતી હોય એમ લાગતું નથી.

અને આગળનો એક પણ પાઠ ઢેઢભંગીને ધર્મ કરતો અટકાવે કે નાલાયક ગણે એવો જાણવામાં નથી. અને જો ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો દીવા જેવું દેખાય તેમ છે કે બ્રાહ્મણનો જ્ઞાનનો આખો ઇજારો તોડી પાડવાની જે મહાન હીલચાલ તે યુગમાં થઈ તેમાં જૈન અને બૌધ્ધ સંસ્કૃતિએ મોટો ફાળો આપ્યો. બ્રાહ્મણોની માન્યતા હતી કે વેદનો અભ્યાસ બ્રાહ્મણ જ કરી શકે, અમુક વર્ણને માથે અમુક કાર્ય હોય, ધર્મસંસ્કાર બ્રાહ્મણો જ કરાવી શકે– એ આખી બાબત સામે ધુંજારો કરનાર તે કાળમાં ઘણા મતો ચાલતા હતા. તેમાં જૈન, બૌદ્ધ, આજિવક મતોને અગ્રસ્થાન હતું. એ મતોએ બ્રાહ્મણોનો મદ તોડયો, એ મતોએ બ્રાહ્મણની એકહથ્થુ સત્તા પર આક્રમણ કર્યું અને ખુદ કલ્પસૂત્રમાં પાઠ મુકાવ્યો કે અરિહંત ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ તુચ્છકુળમાં, દરિદ્રકુળમાં, બ્રાહ્મણકુળમાં ન આવે; અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ રાજકુળમાં, ભોગકુળમાં હરિવંશકુળમાં, ક્ષત્રિયકુળમાં થાય." આ મહાન સૂત્રની પાછળ તો મોટો ગંભીર ઇતિહાસ છે. મહાવીરસ્વામી, સિદ્ધાર્થ બુદ્ધ મહારાજા અને બીજી મહાન ધર્મધુરંધર ક્ષત્રિય કુળમાં થયા અને બ્રાહ્મણોનું સમ્રાજ્ય તોડી નાખ્યું.

મતલબ, વર્ણનો નાશ કરવો એ જૈન ધર્મનું બિરૂદ હતું એમ ઇતિહાસ કહે છે, પ્રાચીન ગ્રંથો સાક્ષી પુરે છે અને વિક્રમ સંવત એક હજાર સુધી જૈન ધર્મની એ સ્થિતિ કાયમ હતી. તેના પાકકા પુરાવા છે. જૈન ધર્મ પામે તે જૈન, શુદ્ધ દેવ, શુધ્ધ ગુરૂ, શુદ્ધ ધર્મનો પરિચય કરી તેને સ્વીકારે તે જૈન. એમાં જૈનનો દીકરો જૈન એવી વાત નહોતી, એમાં ઓસવાળ, શ્રીમાળ કે પોરવાડ અગ્રવાળ હોય તે જ જૈન એવી સ્થિતિ નહોતી અને જે પ્રકારનો જૈન ધર્મ ગુણસ્થાનક્રમારોહની નજરે શ્રી વીરપરમાત્માએ બતાવ્યો છે એ દૃષ્ટિએ હોઇ પણ શકે નહિ. જૈન એ કોમ નથી, જૈન એ વાદ નથી, જૈન તો આત્માની દશા છે. એમાં જ્ઞાતિને, વાડાને, મંડળોને સ્થાન ન હોય. આત્માનું અનન્ત તેજ સમજે, સાચા માર્ગની સદ્દહણા કરે, આત્માનો વિકાસ ઇચ્છે તે જૈન. મહાન ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'જૈન કહો કયું હોવે'ના સ્વાધ્યાયમાં જૈનની બરાબર વ્યાખ્યા આપે છે. એમાં વાણીઆ જ જૈન હોય એમ કહેતા નથી, પણ એમની વ્યાખ્યામાં આવનાર કોઇ પણ આત્મા જૈન હોય છે એમ કહે છે. ત્યાં ઢેઢ કે ચંડાળના કુળમાં જન્મનારનો અધિકાર જૈન થવાને અંગે જરા પણ કમી કરવામાં આવ્યો નથી.

અને અનંત સંસારમાં રખડનારને ધર્મપ્રાપ્તિ કયારે થશે, કેમ થશે એ જો આપણે ન જાણતા હોઇએ તો તેના માર્ગમાં વચ્ચે આવનાર અથવા એને મંદિરમાં પ્રવેશ કરવા માટે ના પાડનાર આપણે કોણ ? એ તો જૈન ધર્મના મૂળ પાયાને ઉથલાવી નાખવા જેવી ભયંકર દશા છે અને જૈન વિકાસ માર્ગ વિષે નર્યું અજ્ઞાન દર્શાવનાર વાડાભૂમિ છે. વિશાળ જૈન ધર્મને વાડા ન હોય, વિશાળ જૈન ધર્મને મર્યાદા ન હોય, વિશાળ જૈન ધર્મને અનાર્ય દેશ કે ભૂમિ ન હોય. જ્યાં હોય ત્યાં, જેવો હોય તેવો, ગમે તે દશામાં ભગવાનના માર્ગને સ્વીકારે, આદરે, આચરે તે જૈન, અને તે માટેના પ્રસંગ પ્રાપ્ત કરી આપવાની ગોઠવણ કરવાની આપણી ફરજ રહે એ તો ઠીક, પણ કાંઇ નહિ તો તેમાં આપણે પ્રત્યવાય ઉભા તો ન જ કરીએ. ઇતિહાસ કહે છે કે વર્ણ અને આશ્રમ સામે મોટામાં મોટો વિરોધ ઉભો કરનાર જૈન ધર્મ છે. એના મુખ્ય અધિષ્ટાતામાં પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીને વગર આકાંક્ષાએ ઇતિહાસે સ્થાન આપેલ છે. સંવત ૧૦૦૦ પછી જે વાડાધર્મ થઇ ગયો તેના ભોગ બનવા પહેલાં આપણે વીર પરમાત્માએ બતાવેલ અને શ્રી સુધર્માસ્વામીએ સત્રસિધ્ધાંતરૂપે ગુંથેલ આગમો જોઇ જઇએ. જો એક પણ સુત્ર એવું નીકળે કે અમુક કુળમાં જન્મ થવાને કારણે પ્રાણીની મોક્ષમાં જવાની યોગ્યતા ઘટી જાય છે કે ગુમ થઇ જાય છે તો ઉપરની હકીકત રદબાતલ ગણવી, પણ ઘણી ચર્ચા અને અવગાહનને અંતે હું જણાવવાની રજા લઉં છું કે આ વાત જૈન ધર્મમાં હોય નહિ, છે નહિ, હોઈ શકે નહિ. જો આત્મવાદ, સ્વપરસ્વરૂપ, કર્મનો સિધ્ધાંત, ગુણસ્થાનક્રમારોહ અને પરભવ ભવાન્તરનું જે સ્વરૂપ ભગવાને બતાવ્યું છે તેમાં 'અછુત' વર્ણનો અધિકાર કાપી નાંખવામાં આવે છે એવી વાત આગમગ્રંથોમાં નીકળે તો જૈન ધર્મનું જે સ્વરૂપ અત્યાર સુધી દુનિયાએ જાણ્યું છે તેમાં મોટો વિચારફેરફાર કરવો પડે. આપને આધારભૂત રીતે જણાવવાની રજા લઉં છું કે આવી કોઇ પણ બાબત વિશાળ જૈન ધર્મમાં નથી. મેં વિશિષ્ટ અભ્યાસીઓ સાથે આ વિષય પર અનેકવાર લાંબા વખત સુધી ચર્ચા કરી છે અને તેમણે સ્વીકાર કર્યો છે કે વર્ણ કે આશ્રમ જેવી કોઇ ચીજ જૈન ધર્મમાં નથી અને આવા વિશાળ ધર્મમાં વર્ણભાવના હોઇ પણ શકે ખરી ?

અને શાસ્ત્રના દાખલાઓને કેમ વિસારી મૂકાય ? ઉત્તરાધ્યયન સુત્રમાં તો આ વિષય પર એક આખું અધ્યયન છે. સ્પષ્ટતા ખાતર જણાવવું પડશે કે વર્ણ ચાર જાણવામાં છે, તેવા જ ચાર આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ છે. જૈન મતે એ આશ્રમભેદ સ્વીકાર્યો નથી. એ તો હેમચંદ્રાચાર્યનો યોગ જાણે તો બ્રહ્મચર્યાશ્રમ દરમિયાન ચોથા આશ્રમમાં મૂકી આપે. આ વર્ણ અને આશ્રમને તોડનાર જૈન ધર્મ હરિજનને મંદિરમાં પ્રવેશ કરવાની ના પાડે એ આખા જૈન ધર્મના સ્વરૂપનું અજ્ઞાન અથવા પાછળના વિકૃત સ્વરૂપનો સ્વીકાર બતાવે છે, મૂળ માર્ગમાં એ વાત નહોતી, હોઈ શકે નહિ, એની વિરૂદ્ધના દાખલા કાયમ થઇ ગયેલા છે અને જૈનનો પ્રથમના પંદરસો વર્ષનો ઇતિહાસ તેની સાક્ષી પુરી રહ્યો છે.

અને બ્રાહ્મણકુળને અધમ તુચ્છ કુળ શા માટે કહ્યું ? બ્રાહ્મણ કુળમાં અવતારે નીચ ગોત્રનો ઉદય શા માટે ? આ આવી વાત ખૂબ વિચારણા માગે છે. એની પાછળ જૈન તત્વજ્ઞાન અને જૈન વિચારસરણીની મહત્તા રહેલી છે. એમાં મનુષ્યના ધર્મસામ્રાજ્યના સ્વાતંત્ર્યની પરાકાષ્ટા છે. એમાં મનુષ્ય ઇશ્વર થઇ શકે એ મહાન વિભૂતિના જ્વલંત ચમકારા છે, એમાં મનુષ્ય-સમાનતાના વિશિષ્ટ પાઠો છે, એમાં આદર્શ જીવનના અવશેષો છે, અને એમાં જીવ આત્માની અનંત શકિતનો પરચો છે.

આ રીતે હરિજન મંદિર પ્રવેશમાં આપણે આડા આવવા જેવું મને કાંઇ દેખાતું નથી. માત્ર છેલ્લાં બસો પાંચસો વર્ષથી જે સંકુચિત મનોદશા ધર્મક્ષેત્રમાં થઇ પડી છે અને ધર્મને વાડામાં

વાચશે એના જીવનમાં સમજણ [illegible] નહીં રહે. એની ભાષા નાનાભાઇની આગવી છે. એમાં કાઠિયાવાડી –ખાસ કરી ગોહેલવાડી–તળપદી ભાષાનો રણકો છે. લખાણ એવું ધારાબદ્ધ અને પારદર્શક છે કે વાંચતાંવેંત લેખકનું વક્તવ્ય સીધે-સીધું સ્પર્શ કરે છે અને ગાંધીજીની આત્મકથાની યાદ આપે છે."

**પરમાનંદ**

---

### આફ્રિકાના ગ્રાહકબંધુઓને

અમારા સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહ ગયા વર્ષે આફ્રિકા આવેલાં ત્યારે જે ગૃહસ્થોએ પ્રબુધ્ધ જીવનના ગ્રાહક તરીકે એક વર્ષનું લવાજમ આપેલ તેમનું લવાજમ આ પહેલી ડીસેંબર અથવા તો આગામી પંદરમી ડીસેમ્બરે પુરૂં થતું હોઇ તેમને વાર્ષિક લવાજમના શીલીંગ ૮ નીચે જણાવેલ બે ઠેકાણામાંથી જ્યાં અનુકુળ પડે ત્યાં તુરત પહોંચતું કરવા વિનંતિ છે.

| | |
|---|---|
| **ડો. એમ. ટી. શાહ** | **ડો. એ. યુ. શેઠ** |
| ગવર્નમેન્ટ રોડ, બદ્રુ હાઉસ | પો. બો. નં **૧૯૫** |
| પહેલે માળ, પો. બો.૧૨૩૨, **નૈરોબી,** | **મોમ્બાસા** |

ગયા અંકમાં ડો. એમ. ટી. શાહને બદલે ભુલથી ડો. એચ. ટી. શાહ એમ છપાયલું તે તરફ ગ્રાહક બંધુઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

રોડ, અમદાવાદ.

### આફ્રિકાના ગ્રાહકોને

આપે પ્રબુધ્ધ જીવન પુરાં બાર માસ વાંચ્યું. આપને એમ લાગતું હોય કે પ્રબુધ્ધ જીવનના વાચનથી આપની સંસ્કાર સમૃધ્ધિમાં સારો એવો વધારો થયો છે તો હવે મારી આપ સર્વને વિનંતિ છે કે તેનો ખૂબ ફેલાવો કરો અને ઓછામાં ઓછું એક ગ્રાહક તો જરૂર વધારી આપો.

લી. આપનો નમ્ર સેવક
**ટી. જી. શાહ**
મંત્રી. **મુંબઇ જૈન યુવક સંઘ**

---

**વિષયસૂચિ** — પૃષ્ઠ


| | | |
|---|---|---|
| મારી કહાણી | પંડિત બેચરદાસ દોશી | ૧૭૫ |
| ભારતમાં ઉત્પાદન અને ભાવતાલ | પ્રાણલાલ મ. પાઠક | ૧૭૭ |
| હરિજન મંદિર પ્રવેશ અને જૈનો | મોતીચંદ ગીરધરલાલ કાપડિયા | ૧૭૮ |
| **પ્રકીર્ણ નોંધ :** જૈન સાધુ અને રેંટિયો, કામતૃપ્તિ અને પ્રજોત્પતિ, ઘડતર અને ચણતર. | | ૧૮૦ |


---

નીગળતા લોહીથી હાથ ખરડનાર તદ્‌ભવ મોક્ષગામી થયલ છે. ભગવાનનું વચન સાંભળનાર કોઇના કાનમાં જૈનોએ સીસું રેડાવ્યું નથી કે ઉકળતાં ગરમ તેલ નાંખ્યાં નથી. અહીં આવો, વિચારો, સમજો અને તમારી નિર્મળ બુધ્ધિમાં ઉતરે તો આ તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરો. અને સાધન ધર્મમાં તો જેટલી છૂટ અને સ્વતંત્રતા જૈન ધર્મે આપી છે તેટલી બીજા કોઇ દર્શને, મતે કે માન્યતાએ દુનિયાને આપી નથી. આ વિશાળ દૃષ્ટિ જૈનની હોય. હું જૈન ધર્મને આવો સમજ્યો છું. મારી નજરે હરિકેશિ મુનિનો આખો પ્રબંધ, મેતાર્થ મુનિનો આખો પ્રસંગ અને એવાં અનેક પ્રસંગો પણ એ જ વાત બતાવતા હોય એમ લાગે છે અને શ્રી મહાવીર ભગવાનનો આખો ઇતિહાસ એ જ વાત બતાવે છે. આવા વિશાળ ધર્મમાં ભગવાનના મંદિરમાં અમુક પ્રાણી પ્રવેશે કે નહિં એવો પ્રશ્ન મને ધર્મની નજરે, ઇતિહાસની નજરે, પ્રચારને અંગે, અને મૂર્તિપૂજાની આખી ભવ્યતાને અંગે ભારે દુઃખ કરાવનાર અને મૂળગત બાબતને સ્પર્શતો લાગે છે.

છતાં એમાં આગ્રહને કાંઇ કારણ નથી. મેં આ સવાલને અનેક દૃષ્ટિબિન્દુથી અતિ વિદ્વાન મુનિરાજો અને નિષ્ણાત જૈન પંડિતો સાથે ચર્ચ્યો છે અને એક પણ સૂત્ર એવું લાધ્યું નથી કે જેની રૂઇએ ઢેઢ ભંગીને મંદિરમાં પ્રવેશ કરવાની ધર્મદૃષ્ટિએ ના કહી શકાય. શારીરિક સ્વચ્છતાની વાત જુદી છે અને તે તો સર્વ પ્રાણીને લાગુ પડતી છે, પણ અમુક કુળમાં ઉત્પન્ન થયો તે ખાતર મંદિરમાં આવી શકે નહિ એ વાત મને સમજાણી નથી. કોઇ વિદ્વાન શાસ્ત્રના પાઠો કે દાખલાઓ સાથે સમજાવે તો મને વિચાર કરવાનો વાંધો નથી. પણ હું અમુક સંસ્થામાં જઉં આવું છું તેથી મારો પૂર્વગ્રહ બંધાઇ ગયો છે એ આક્ષેપ અનુચિત છે.

મેં વરસો પહેલાંથી જિજ્ઞાસારૂપે મહાન આચાર્યો સાથે આ જ પધ્ધતિએ વાત કરી છે અને હજુ સુધી આ અભિપ્રાય ફેરવવાનું એક પણ કારણ મને મળ્યું નથી.

**મોતીચંદ ગિરધરલાલ કાપડિયા**

# પ્રકીર્ણ નોંધ

### જૈન સાધુ અને રેંટીયો

બગસરા બાલમંદિરના સંચાલક ભાઇશ્રી લાલચંદ જયચંદ વોરાએ 'ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની આજના સમાજને જરૂર છે કે નહિ ?' એ પ્રશ્નનો તા, ૧૫–૫–૫૪ના પ્રબુધ્ધજીવનમાં ઉત્તર આપતાં સાધુ-ઓને પોતાના નિર્વાહ પુરતો કોઇને કોઇ પ્રકારનો ઉત્પાદક શ્રમ સ્વીકારવા આગ્રહ કરેલો અને જણાવેલું કે "જૈન સાધુ તો પરિ-

ગાયની હરકતમાં આવતાં પગનું હાડકુ ભાંગી ગયલ ત્યારથી રેંટીયા ફેરવી શકાતો નથી. તેથી તે રેંટીયો એક શ્રાવકને આપેલ છે. તે રોજ ફેરવે છે. હું હવે ગૌચરી પણ જઈ શકતો નથી, પણ વાંચન મનનથી આનંદમાં રહી શકું છું. આપ જેવાઓના કામની અનુમોદના પણ કર્યા કરૂં છું અને આત્મધર્મ સાથે રાષ્ટ્રધર્મ પણ જાણું છું."

શ્રી લાલચંદભાઇએ ઉપરનો પત્ર મારી ઉપર કેટલાએક સમય પહેલાં ઠીક લાગે તો પ્રબુદ્ધ જીવનના ઉપયોગ માટે મોકલેલો, પણ અનેક અન્ય વ્યવસાયો આડે આ પત્ર હાથ ઉપર હું આજ સુધી લઇ શકયો નહોતો. મુનિ વિનયવિજયજીને હું જાતે જાણતો નથી. ગાંધીજીએ રેટીંયાની વાત પ્રજા સમક્ષ ૧૯૧૮ થી મૂકી છે. આમ છતાં એક પણ સાધુ કે સાધ્વીએ રેંટીયાને હાથ અડાડયાનું હજુ સુધી સાંભળવામાં આવ્યું નથી. એવા સાધુ સાધ્વીને–અને તે પણ વિરલ–મળવાનું જરૂર બન્યું છે કે જેઓ ખાદી પહેરે છે અને રેંટીઆનું મહત્વ સ્વીકારે છે, અને પોતાના આચાર સાથે રેંટીયાનો કોઇ વિરોધ પણ તેમને દેખાતો નથી. એમ છતાં સાધુજીવનના પ્રચલિત ખ્યાલો સાથે રેંટીયાને બંધ બેસાડવો અત્યન્ત મુશ્કેલ છે અને પરિણામે આવા સાધુ–સાધ્વીઓની રેંટીયા તરફ ગતિ કરવાની હીંમત ચાલતી નથી. આજે જ્યારે આવી પરિસ્થિતિ છે તો ૩૫ વર્ષ પહેલાંની સ્થિતિ વિષે તો શું પૂછવું ? આ રીતે વિચારતાં જ્યારે સુતર હાથે કાંતવાના વિચારના પ્રચારની કેવળ શરૂઆત હતી ત્યારે તે કાળમાં એક જૈન સાધુના દિલને આ વિચાર સ્પર્શેલો, તેનું આચારમાં પરિણામ આવેલું અને વર્ષો સુધી તે ચાલુ રહેલું, ત્રણ વર્ષ પહેલાં માત્ર શારીરિક પંગુતાના કારણે એ કાંતવાનું અટકેલું અને એમ છતાં એ રેંટીયા ઉપર અન્ય શ્રાવકના હાથે કંતાવાનું તો ચાલુ જ રહેલું–આ હકીકત જાણતાં મુનિ વિનયવિજયજી વિષે દિલમાં સહજ ભાવે આદર પેદા થાય છે અને ઉપદેશની કેવળ તાલાવેલી છોડીને તેમની માફક ઉત્પાદક શ્રમ પાછળ અન્ય જૈન સાધુઓ વળે તો કેવું સારૂં એવી આકાંક્ષા દિલ અનુભવે છે.

### કામતૃપ્તિ અને પ્રજોત્પત્તિ

તા. ૧–૭–૫૪ના પ્રબુધ્ધ જીવનમાં સંતતિનિયમન ઉપર પ્રગટ થયેલા લેખમાંનો નીચેનો ભાગ એક મિત્ર તારવે છેઃ–

"વિષય સેવન પ્રજોત્પત્તિ અર્થે થવું જોઇએ તો એક નૈતિક નિયમ થયો. પણ સાધારણતઃ વિષય સેવન માત્ર પ્રજોત્પત્તિ અર્થે જ થાય છે એમ છે જ નહિ. પ્રજોત્પત્તિ જરૂર તેનું એક અવાન્તર પરિણામ છે. પણ તે સિવાય પણ માનવી જીવનમાં વિષય સેવનને એક સ્વતંત્ર સ્થાન છે. ખાનપાન માણસને જન્મથી લાગેલાં

( મારી કહાણી : પાંનું ૧૭૬ થી ચાલુ )

૭. શ્રી અમીવિજયજી મહારાજ વ્યાકરણના અધ્યાપક, શ્રી હરિનારાયણ ત્રિપાઠી વ્યાકરણના અધ્યાપક, શ્રી અંબાદાસજી શાસ્ત્રી ન્યાયશાસ્ત્રના અધ્યાપક, મધુસૂદનજી ઓઝા સાહિત્યના અધ્યાપક, સભાપતિશર્મા વ્યાકરણના અધ્યાપક, જયદેવમિશ્રશાસ્ત્રી ન્યાયના અધ્યાપક, એક બંગાળી પંડિતજી ન્યાયના અધ્યાપક (તેમનું નામ વીસરી ગયો છું ) ઇત્યાદિ અનેક પંડિતો પાસેથી મેં નમ્રભાવે વિદ્યાને ગ્રહણ કરેલી છે. શરૂશરૂમાં તેમનો અમારા તરફ અણગમો હતો, છતાં પાછળથી તેઓનો અમારા ઉપર ઘણો જ સ્નેહ થઇ ગયેલો અને પિતાપુત્ર જેવો ભાવ બંધાઇ ગયો હતો અને તેથી જ અમે સારી રીતે વિદ્યાભ્યાસ કરી શક્યા.

૮. કાશીમાં હજારો વિદ્યાર્થીઓ વ્યાકરણ વગેરેનો અભ્યાસ કરતા. તેમાંના ઘણા ઓછાને તમામ જાતની સગવડ મળતી. મેં મારી નજરે એવા વિદ્યાર્થીઓ જોયા છે, જેમને ખાવાની, રહેવાની, સુવાની અને વાંચવા માટે દીવાબત્તીની સગવડ મુદ્દલ નહોતી મળતી. એવા વિદ્યાર્થીઓ ગલ્લીમાં દુકાનોની મેઢલી ઉપર ગુણપાટ પાથરી સૂઇ રહેતા, શહેરસુધરાઇની બત્તીએ વાંચતા અને ભિક્ષા કરીને જેમ તેમ પોતાનો નિર્વાહ ચલાવતા. આ જોઇને મને તો ભણવા માટે વિશેષ ઉત્સાહ થયેલો. અમારા અધ્યાપકો પોતાના અભ્યાસ–સમયની પરિસ્થિતિ જ્યારે કહી સંભળાવતા ત્યારે વળી અમે વિશેષ ઉત્તેજિત થતા. તેઓ કહેતા કે અમને તો દીવો પણ ન મળતો, એટલે દિવસે સૂકાં પાંદડાં ભેગા કરી રાખેલાં હોય તેનો ઢગલો કરી સળગાવીને અમારો પાઠ ગોખતા. અમારી પાઠશાળામાં ખાસકરીને શિયાળામાં ખાસ સમયપત્રક બનતું. રાતના સાડાત્રણ વાગ્યે ઘંટ વાગતો, તે વખતે બધા વિદ્યાર્થીઓની હાજરી લેવાતી, જે ન ઊઠે તેનો એક આનો દંડ થતો. હું પોતે શિયાળા દરમિયાન રોજ રાત્રે ૧॥ કે બે વાગ્યે ઉઠી જતો અને સવારના છ સુધી વાંચતો, કંઠસ્થ કરતો, મનન કરતો અને લીધેલો પાઠ વિચારતો. સાંજે આઠ સાડા- આઠે તો હું સૂઇ જ જતો. દિવસના ભાગમાં પંડિતો પાસે ભણવાનું ચાલતું અને બાકીના વખતમાં હું મારી પાછળ રહેલા વિદ્યાર્થીઓને ભણાવતો.

ભાઇ જેચંદ વીઠલ વિરમગામ, ભાઇ મણિલાલ પોપટલાલ ખંભાત, ભાઇ પાનાચંદ ખુશાલ ધોલેરા, ભાઇ ત્રિભોવનદાસ અમરચંદ પાલીતાણા, ભાઇ દલીચંદ મૂળચંદ ખુંટવડા, દહેગામવાળા મારા નામેરી ભાઇ બેચરદાસ (વિદ્યાવિજયજી), કપડવંજવાળા મગનલાલ (સ્વર્ગસ્થ મૃગેંદ્રવિજયજી), માંડલવાળા મફતલાલ (સ્વર્ગસ્થ મહેન્દ્રવિજયજી), ભાઇ લાલચંદ ભગવાન, ભાઇ પ્રભુદાસ દીપચંદ દાઠાવાળા વગેરે અનેક વિદ્યાર્થીઓને મેં મને મળતા સમય પ્રમાણે વ્યાકરણ શીખવામાં મદદ કરેલી અને આમાંના કેટલાકને તો મેં સારી રીતે સમય આપી ન્યાયતીર્થ પણ કરાવેલા. સાંજે પડિકમણું કર્યાં પછી મેં જેટલો પાઠ કંઠાગ્ર કર્યો હોય તે બધોય હું મોઢે બોલી જતો. શરૂશરૂમાં એવો પાઠ થોડો રહેતો, પરંતુ પાછળથી તે પાઠ વધી ગયેલો ત્યારે એકવાર બે હજાર શ્લોકો જેટલો પાઠ મુખે બોલી જતો અને બીજા દિવસની સાંજે બીજા બે હજાર શ્લોકો ગણી જતો. એમ મારો સમગ્ર પાઠ ત્રણચાર દિવસે પૂરો ગણાઇ રહેતો. સંસ્કૃતનો ધાતુપાઠ મેં કંઠસ્થ કરી નાખેલો. એટલે રોજ ૨૨૦૦ ધાતુઓ મોઢે બોલી જવાના રહેતા. આ રીતે અભ્યાસ અને મોપાટ આવૃત્તિ કરવાને લીધે વ્યાકરણ ઘણું જ પાકું થઇ ગયું. એને લીધે સંસ્કૃત ભાષા લખવા અને બોલવા ઉપર સારો કાબુ મેળવી લીધો, તથા પદ્ય કે ગદ્ય કાવ્યો પણ વિશેષે કરીને મારી પોતાની મેળે વાંચી લીધેલાં. એ કાવ્યોનો ઘણો થોડો ભાગ મેં કેવળ પ્રવેશ સુલભ થાય તે માટે પંડિતો પાસે વાંચેલો અને બાકીના ભાગ માટે હું જાતે પરિશ્રમ કરતો. હેમચંદ્રનો કોશ પણ જ્યારે અમે બનારસથી પગપાળા કલકત્તા ભણી રવાના થયેલા ત્યારે ભાઇ સુખલાલજી સાથે કંઠસ્થ કરી લીધેલો આમ જ્યારે વિદ્યામાં રસ આવવા લાગ્યો અને વર્ધમાન થવા લાગ્યો ત્યારે ભલે પાઠશાળામાં અમારું વર્ચસ્વ ન હોય છતાં અમે ઘણો જ આનંદ અનુભવતા અને કિલ્લોલ કરતા.

પાઠશાળામાં મને બાર આના સ્કોલરશીપ મળતી. મારી સાથે જે વિદ્યાર્થીઓ ઘનિષ્ટ સંબંધ ધરાવતા તેઓ અને હું સૌ પોતપોતાની સ્કોલરશીપ એક સાથે જ રાખતા અને એ પૈસા ખુલ્લા એક ખાનામાં પડયા રહેતા. તેમાંથી જેને જેટલા પૈસા જોઇએ તે વિના સંકોચે વાપરે એવો અમારો પરસ્પર સ્નેહસદ્ભાવ હતો. મને બરાબર યાદ છે કે આ રીતે ચાલતું હોવા છતાં અમારી વચ્ચે કદિ અસંતોષ કે કલહ થયેલો નહિ. એકવાર મહારાજજીએ મને દશ રૂપિયા માસિકની છાત્રવૃત્તિ આપવા માંડેલી, પરંતુ જ્યારે પાઠશાળા મારો બધો ખર્ચ ઉઠાવે છે અને મહિને મહિને બાર આના વાપરવા આપે છે ત્યારે મારે એ છાત્રવૃત્તિ વાપરવાની જરૂર નથી એમ મહારાજજીને કહીને મેં એ છાત્રવૃત્તિ લીધી નહોતી.

૯. અમે કાશીમાં તનતોડ મહેનત કરીને અભ્યાસ કરતા ત્યારે મહારાજશ્રીના પ્રતિસ્પર્ધી કેટલાક મુનીઓએ ગુજરાતમાં એવું ફેલાવેલું કે કાશીમાં તો મુનિઓ અને વિદ્યાર્થીઓ માલમલીદા ઉડાવે છે અને સમાજના પૈસાનો અવવ્યય કરે છે. તે પ્રતિસ્પર્ધીઓ એમ પણ કહેતા કે વાણીયાનો છોકરો વળી સંસ્કૃત ભણતો હશે. આ વાતે લોકો ઉપર એટલી બધી અસર કરેલી કે પાઠશાળાને મળતી સહાયતા ઘણી ઓછી થવા માંડી. મને બરાબર યાદ છે કે અમદાવાદવાળા શેઠ મનસુખભાઇ ભગુભાઇ તીર્થયાત્રા માટે નીકળેલા તે બનારસ આવેલા અને પાઠશાળામાં જ ઉતરેલા. તેમના પ્રમુખપણા નીચે અમે ચર્ચાસભા ગોઠવી. તેમાં વિદ્યાર્થીઓએ પોતાની યથાશકિત પ્રવચન કર્યા અને પોતાના અભ્યાસનો પરિચય આવ્યો. છતાં તેઓ સાહેબે પ્રમુખ સ્થાનેથી એમજ કહ્યું કે "તમે બધું ગોખી લાવ્યા છો. ભલાભાઇ, વાણિયાનો છોકરો વળી સંસ્કૃત ભણતો હશે." અમે તો આ સાંભળીને સમસમી ગયા, પણ સમાજના એ એક આગેવાન શ્રીમંત સામે અમે કશું જ કહી ન શકયા. પોતે અઢળક સંપતિવાળા હોવા છતાં માત્ર સો રૂપરડી પાઠશાળામાં આપી ગયા અને વીઝીટબુકમાં પણ એવું જ ભળતું લખી ગયા. આ પછી પાઠશાળા અંગેની ગુજરાતમાં–દેશમાં–ફેલાયેલી ખોટી ગેરસમજને દૂર કરવા મહારાજશ્રીએ મને, ભાઈ હરગોવિંદદાસને, ભાઇ શિવલાલને પાઠશાળાના માનનીય સંચાલક ભાઇ હરખચંદભાઇ સાથે ગુજરાત કાઠિયાવાડમાં ફરવા મોકલ્યા. અમે અમદાવાદ પહોંચી જાહેર સભાઓ ગોઠવી અને તેમાં સંસ્કૃતમાં તેમ જ ગુજરાતીમાં પ્રવચનો કરવાનો ક્રમ ગોઠવ્યો. દુર્ભાગ્યે અમદાવાદના જૈન આગેવાનોએ સાભાપતિ તરીકે આ સભાઓમાં આવવાની ચોકખી ના પાડી. તેથી અમે માનનીય શ્રી આનંદશંકરભાઇ ધ્રુવ પાસે પહોંચ્યા. અને તેમણે ઘણી ખુશીથી અમારી સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવા સંમતિ આપી. હાથીખાનામાં વિરાટ સભા મળી. તેમાં મેં અને ભાઇ હરગોવિંદદાસે સંસ્કૃતમાં પ્રવચનો કર્યા અને ભાઇ શિવલાલે ગુજરાતીમાં ઘણું સરસ પ્રવચન કર્યું. ત્યાર પછી જુદા જુદા ઉપાશ્રયોમાં, ઉજમબાઇની ધર્મશાળામાં અને એવે એવે બીજે સ્થળે પણ પહોંચી અમે અમારા અભ્યાસની કસોટી કરાવી અને સારા નસીબે અમે ત્યાં બધે બરાબર સફળ થયા. આ ઉપરાંત મહારાજશ્રીએ સૂચના આપેલી તે પ્રમાણે અમદાવાદમાં બનારસ પાઠશાળાની શાખાશાળા ખોલી અને તેમાં કોઇ પણ મુનિ, સાધ્વી કે શ્રાવક શ્રાવિકાને સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને સાહિત્ય વગેરે વિના મૂલ્યે ભણાવવાની યોજના કરી. અમારી આ યોજનામાં અમને. અમદાવાદના સદ્ગૃહસ્થ ધર્મપરાયણ ભાઇ હીરાચંદ કકલભાઇએ ઘણીજ સહાયતા કરેલી. અમે દરેક અપાશરે દરેક આચાર્યને વિનંતિ કરવા ગયેલા કે અહીં શાખાશાળા ખોલવાની છે, તેથી આપના

જિજ્ઞાસુ શિષ્યોને જરૂર ભણવા મોકલશો આ રખડપાટમાં અમારી સાથે બધે સ્થળે શ્રી હીરાચંદભાઇ પણ આવેલા. પાંજરાપોળમાં શ્રી વિજયનેમિસૂરીજી પાસે પણ અમે આ વિનંતિ કરવા પહોંચી ગયા. તેમને વિધિવત્ વંદન કરી અમે અરજ કરી કે વિદ્યાના અભિલાષી આપના શિક્ષકોને શાખા શાળામાં જરૂર ભણવા મોકલો. એટલું જ નહીં પણ અમારાવતી ભાઇ હીરાચંદભાઇએ અને હરખચંદભાઇએ વિનંતિ કરી કે આપ જાતે પધારીને આ અમારી શાખા શાળાનું ઉદ્‌ઘાટન કરવા કૃપા કરો. સારંગપુર તળિયાની પોળમાં લાલાભાઇની પોળમાં આ માટે એક મકાન વિના મૂલ્યે મળી ગયેલું. સંભવ છે કે એ ઉપાશ્રય હશે. ત્યારે શ્રી વિજયનેમિસૂરીએ એ તો ન સ્વીકારી અને અમે ત્યાંથી પાછા ફરતા હતા તેવામાં ભાઇ હરગોવિંદદાસને અને મને પાછા બોલાવી પોતાની પાસે બેસવાનું કહ્યું. અમને શા માટે બોલાવ્યા તેની ચોક્કસ ખબર તો નહોતી, પરંતુ એમ લાગ્યું કે આ અમારી કસોટીનો પ્રસંગ છે. અમે તો એ માટે બરાબર સાવધાન હતા. જ્યાં બેઠા ત્યાં શ્રી નેમવિજયજીએ પોતાના પંડિત શશીબાબુને હાંક મારી અને તેઓ આવી પહોંચે એ પહેલાં અમને પૂછ્યું કે શું શું ભણ્યા છો ? અમે તો જે જે ન્યાય, વ્યાકરણ, સાહિત્ય વગેરેના ગ્રંથો ભણ્યા હતા તે તદ્દન સરળ ભાવે કહી દીધા. તેવામાં તેમના પંડિત આવી ગયા અને તેમણે પંડિતને કહ્યું કે આ છોકરાઓ ન્યાય વ્યાકરણ ભણી આવ્યા છે તેની જરા પરીક્ષા તો કરો. પછી તો પંડિતે સન્મતિતર્કની પહેલી જ ગાથાની ચર્ચા છેડી. અમે પણ કાશીનાં પાણી પીધેલાં એટલે ગોઠણભર થઇ લગભગ બે ત્રણ કલાક સંસ્કૃતમાં જ પ્રવાહબંધ ચર્ચા ઉપાડી લીધી. બીજું તો કાંઇ નહીં પણ અમારા પરીક્ષક શશીબાબુ અમારાથી ઉમરમાં (બમણા) મોટા અને અમે તેમની પાસે નાના છોકરા જેવા, છતાં સંસ્કૃતના પ્રવાહબંધ પ્રવચનમાં જરાય ન થોથરાયા, ન ક્ષોભ થયો અને ન અટકયા, એથી અમારી આજુબાજુ જે પ્રેક્ષકો—મુનિઓ અને શ્રાવકો—બેઠા હતા તેઓથી બોલાઇ જવાયું કે છે ને મારા બેટા, જરાય પાછા હઠતા નથી. તેમ ઢીલા પડતા નથી. અમને સંતોષ થયો અને મહારાજ નેમિવિજયજી પણ સમજી ગયા કે વાણિયા મારા બેગ્ર ભણે છે ખરા, પણ તેમની સમજ તેમણે મોઢા ઉપર ન દેખાવા દીધી. અમે નમન કરીને ઉઠયા એટલે વળી ફરીવાર બન્નેને પાસે બોલાવ્યા અને કાંઇ ખોટું તો નથી લાગ્યું ને? એમ પૂછ્યું એટલે અમે જવાબ દીધો કે મહારાજજી! કાશીમાં તો આવા શાસ્ત્રાર્થના ઘણા પ્રસંગો આવી પડે છે. એ તો અમારૂં કામ છે એમાં ખોટું લાગવાનું કશું કારણ નથી.

જે સમયે અમે અમદાવાદમાં ભાષણો કર્યાં તે સમયે ભાવનગરમાં પણ ભાષણ માટે ગયા હતા. ત્યાં મોટા દેરાસર ઉપર આવેલી સામાયિક શાળામાં અમે ભાષણ કર્યું અને જશોનાથ મહાદેવમાં ભાવનગરના નાયબ દીવાન શ્રી ત્રિભોવનદાસભાઈના પ્રમુખપણા નીચે એક જાહેર ભાષણ કર્યું. તે વખતે ભાવનગરના આગેવાનો શ્રી અમરચંદભાઇ, શ્રી ગિરધરભાઇ, શ્રી કુંવરજીભાઇ, શ્રી જુઠાભાઇ વોરા વગેરે ખુબ સંતોષ પામ્યા, અને પાઠશાળાની પ્રતિષ્ઠા ઠીક થઇ. જ્યારે અમે પાઠશાળામાં ભણતા હતા ત્યારે ત્યાંના પંડિતો કહેતા કે 'સો મસાલામેં એક ધણિયા અને સો બંમણમેં એક બનિયા'. એ કહેવત થોડીઘણી અમારા આ પ્રવાસથી ચરિતાર્થ થઇ એમ અમને લાગ્યું.

ઉપર જણાવ્યા મુજબ નવી સ્થાપેલી શાખા શાળામાં હું અને મારા કાકાના દીકરા ભાઇ ભગવાનદાસ અધ્યાપક તરીકે કામ કરવા લાગ્યા. મારો અમુક અભ્યાસ પુરો થઇ ગયેલો અને અમુક અભ્યાસ હજુ બાકી હતો. છતાં મહારાજશ્રી ધર્મવિજયજીની આજ્ઞા હોવાથી વચ્ચે હું આ કામમાં પડયો. અમદાવાદમાં શ્રી હીરાચંદભાઇએ એક વીશીની ગોઠવણ કરી આપેલી. અમે—માત્ર મહિને પચીશ રૂપીયા જ લેતા. તેમાંથી થોડાક જ હું ખર્ચું અને બાકીના મારાં માતાજીને મોકલી આપું. શાખા શાળામાં જેઓ ભણવા આવતા તેઓ તદ્દન નિરક્ષર અને ઠોઠ હતા. તેમને મારે પાઠ પણ ગોખાવવો પડતો. એટલે તેઓ પાઠનું શુદ્ધ ઉચ્ચારણ પોતાની મેળે ન કરી શકતા એવા ઠોઠ હતા, મેં જોયું કે આ રીતે મારે ભણાવવાનું હોય તો જે જે શાસ્ત્ર કાશીમાં ભણેલો છું તે જરૂર ભૂલી જવાનો. કારણ કે એક પણ વિદ્યાર્થી ખાસ શાસ્ત્રને ભણનારો ન હતો. એટલે મેં તો બનારસ મહાજશ્રીને વાત જણાવી અને શાખા શાળાનું કામ છોડી દીધું. પછી ગુજરાની અપેક્ષા હોવાથી ગોધાવીમાં સદ્‌ગત શ્રી રત્નવિજયજી પાસે રહેતા લોકેંદ્રવિજયજી નામના મુનિને ભણાવવા હું રહ્યો અને એ રીતે મારાં માતાજીને આપવા સારૂ થોડા રૂપિયા રળ્યો.

૧૦. ઉપર મેં ચર્ચા સભાની વાત લખી છે. આવી ચર્ચાસભાઓ અમે દર પડવાને દિવસે ગોઠવતા. તેમાં ગુજરાતીમાં કે સંસ્કૃતિમાં ભાષણો થતાં. તેમાં હું સારી રીતે ભાગ લેતો. શરૂ શરૂમાં ટાંટિયા ધ્રુજતા, પણ પછીથી બોલવાની ટેવ ફાવી ગઇ. કેટલીકવાર અમે લક્ષ્મી સરસ્વતી, આસ્તિક નાસ્તિક વગેરેના સંવાદરૂપે ચર્ચાઓ ગોઠવતા અને એમાં નાટકની જેમ ચર્ચાને યોગ્ય પોષાક પણ પહેરતાં. આમ કરવાથી મને છૂટથી બોલવાનું ધીરે ધીરે ફાવી ગયું અને ક્ષોભ જતો રહ્યો.

૧૧. આગળ હું શ્રીમાન આનંદશંકરભાઇનું નામ લખી ગયો છું. તે મહાશય જયારથી મારા વ્યાખ્યાનમાં આવેલા ત્યારથી મારા ઉપર સ્નેહ સદ્‌ભાવ રાખતા થઇ ગયા. અમદાવાદમાં હું તેમને કામ પ્રસંગે ઘણીવાર મળતો ત્યારે તેઓ એ મારા પ્રવચન જરૂર સંભારી આપતા. પછી તો જ્યારે અમદાવાદમાં ભગવતીસૂત્રના ભાષાંતરનું કામ કરતો ત્યારે પણ તેમને ઘણીવાર સલાહ સૂચન માટે મળતો રહેતો અને એ રીતે તેમનો સ્નેહસંબંધ વર્ધમાન બનતો અને તેમણે મારા સાહિત્યિક કામની કદર પણ પોતાના વસંતમાં કરેલી. વાત એમ હતી કે પૂનામાં ઓરિએટલ કોન્ફરન્સ ભરાયેલી. તે વખતે હું પૂનામાં રહી જૈન સાહિત્ય સંશોધકના નામના ત્રિમાસિકના સંપાદનમાં સહાયકનું કામ કરતો મેં 'અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ કેવું હોય' એ વિશે એક નિબંધ અર્ધમાગધીમાં જ લખી એ કોન્ફરન્સમાં મોકલેલો. મારા નિબંધ વાચન વખતે પંજાબ યુનિવર્સિટીવાળા ડો. વુલનર પ્રમુખ હતા અને શ્રોતાઓમાં શ્રી નરસિંહરાવભાઇ, આનંદશંકરભાઇ, પ્રો. વોડકર અને શ્રી જિનવિજયજી વગેરે હતા. નિબંધની અર્ધમાગધી ભાષા કોઇ સમજશે નહીં, માટે મારે નિબંધનો સાર હિન્દીમાં કહી જવો એમ મને શ્રી આનંદશંકરભાઇએ સૂચવ્યું. તે પ્રમાણે હું હિંદીમાં નિબંધનો સાર કહી ગયો અને એ સારની નોંધ શ્રી નરસિંહરાવભાઇએ વસંતમાં મોકલી, તે શ્રી ધ્રુવજીએ સાદર છાપેલી. એ નોંધ ઉપરથી વડોદરામાં ભાઇ ચિમનલાલ દલાલની જગ્યાએ મને નીમવાની વાત ઉપડેલી અને એ માટે વડોદરાના દિવાન શ્રી મનુભાઇને તેમના ઘોડદોડવાળે બંગલે મળ્યો પણ ખરો. એમણે મને વડોદરામાં રહી જવાની અને સાથે મારૂં પોતાનું બધું ખાનગી કામ કરવાની પણ સૂચના કરેલી. પરંતુ હું ખાદીવાળો હતો અને પૂ. ગાંધીજીમાં વિશેષ શ્રદ્ધા ધરાવતો હતો. તેથી મને લાગ્યું કે દેશી રાજ્યમાં મને રહેવું નહીં પાલવે, કદાચ અથડામણ થાય તો વળી બીજી પંચાત. એટલે મેં શ્રી મનુભાઇને તેમની સામે ના ન પાડી, પણ વિચાર કરીને જવાબ લખવાનું સૂચવ્યું. પછી તો હું રાષ્ટ્રીય ગુજરાત વિદ્યાપીઠમાં જ જોડાયો અને વડોદરા ન ગયો.

અપૂર્ણ

**બેચરદાસ જીવરાજ દોશી**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯

રજીસ્ટર્ડ નં. બી ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૨
અંક ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧૫, ૧૯૫૪, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## નઈ તાલીમનું વિશ્વરૂપ

[સણોસરા (સૌરાષ્ટ્ર) ખાતે અખિલ હિંદ નઇ તાલીમ કાર્યકર સંમેલન ગયા નવેંબર માસની ૧૦ તારીખથી ૧૨ તારીખ સુધી ભરાયું અને ત્યાર બાદ અખિલ હિંદ નઇ તાલીમનું ખુલ્લું અધિવેશન તા. ૧૩ થી તા. ૧૫ સુધી ભરાયું. કાર્યકર સંમેલનમાં શ્રી ધીરેન્દ્ર મજૂમદાર પ્રમુખસ્થાને હતા. ખુલ્લા અધિવેશનનું પ્રમુખસ્થાન કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું હતું. પ્રમુખસ્થાનનાં બન્ને પ્રવચનો મનનીય હતાં. તેમાંનું પ્રથમ શ્રી ધીરેન્દ્ર મજૂમદારના હિંદી પ્રવચનનો અનુવાદ મારા મિત્ર શ્રી યશવન્ત શુકલે તા. ૧–૧૨–૫૪ ના અંક માટે મોકલેલો, પણ વખતસર નહિ મળવાથી એ અંકમાં પ્રગટ થઇ નહિ શકયો. આ અંકમાં તે પ્રવચનનો અડધો ભાગ પ્રગટ કરવામાં આવે છે. અવશિષ્ટ ભાગ આગામી અંકમાં પ્રગટ થશે. નઈ તાલીમ વિષે હજુ સર્વત્ર ભારે અસ્પષ્ટતા પ્રવર્તે છે. પ્રસ્તુત પ્રવચન આ વિષયમાં ઠીક ઠીક પ્રકાશ પાડે છે અને આગામી સમાજરચના વિષે એક મૌલિક નવી દૃષ્ટિ આપણને પ્રાપ્ત કરાવે છે. આખું પ્રવચન વિચારચમત્કૃતિથી ભરેલું છે.

**પરમાનંદ**]

**દોસ્તો,**

આપણે સૌ નઇ તાલીમના કાર્યકર્તા છીએ. નઇ તાલીમના આયુષ્યનાં સોળ વર્ષ વીત્યાં. હવે એ સમય આવ્યો છે જયારે આપણે આ સોળ વર્ષના કામનો ગંભીરપણે વિચાર કરવો જોઇએ. હું ભારતના પ્રાન્તોમાં ફરું છું ત્યારે નઇ તાલીમ સંબંધી એક અજબ ગણગણાટ સાંભળું છું. સોળ વર્ષ પહેલાં અને ખાસ કરીને સાત આઠ વર્ષ પહેલાં નઇ તાલીમને વાસ્તે દેશભરમાં વિરાટ ઉત્સાહ જોવા મળતો હતો. કેવળ કેળવણીના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ લોકોમાં પણ એક નવો ઉત્સાહ અને એક નવી આશા જોવા મળતાં હતાં. ભૂમિદાનની ભૂમિકાએ બુનિયાદી શાળાઓ માટે એટલી મોટી માંગણી થઇ રહી હતી કે એટલી શાળાઓ ખોલવાનું પણ સરકાર માટે કઠણ હતું. પરંતુ આજે દેશભરમાં આ તાલીમ માટે નથી એટલી શ્રધ્ધા કે નથી એટલો ઉમંગ. ઉલટું એમ કહેવું ખોટું નથી કે આજે લોકોમાં પાયાની કેળવણી પ્રત્યે એક પ્રકારની વિરોધી મનોદશા પેદા થઇ છે.

આજ કાલ મોટે ભાગે હું બિહારમાં કામ કરું છું. આપ સૌ જાણો છો કે સરકાર તરફથી સૌથી વધુ શ્રધ્ધા, આદર અને પ્રમાણિકતાથી કામ થતું હોય તો તે બિહારમાં થાય છે. તેમ છતાં બિહારની જનતામાં નવી તાલીમ પ્રત્યે વધારે અણગમો દેખાય છે.

જે સમયે દેશમાં રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનથી માંડી તમામ ચિંતનશીલ વ્યકિતઓ જૂની કેળવણીની અસારતાને કારણે ચિન્તા કરી રહી છે અને એને બદલાવીને એ દિશામાં આમૂલ પરિવર્તન કરવા માગે છે, બરાબર તે જ સમયે નઇ તાલીમ પ્રત્યે લોકોમાં અણગમો જાગે તે આપણે સેવકોને માટે ચિન્તાનો વિષય બનવો જોઇએ. એવે વખતે જો આપણે બધા એકઠા થયા છીએ તો પાયાની કેળવણી વિશે આમૂલાગ્ર વિચાર કરવો પડશે, જાણવું પડશે કે એવું તે કયું કારણ છે કે લોકો નઇ તાલીમની શોધ કરી રહ્યા છે તોપણ આપણા કામ પ્રત્યે લોકોમાં આકર્ષણ નથી ?

જેવો આપણે ઉંડો વિચાર કરીએ છીએ કે તાલીમનાં બે પાસાં આપણી સામે સ્પષ્ટપણે ખડાં થાય છે :–

એક એનો સામાજિક ઉદ્દેશ, અને બીજું શિક્ષણકલા. વાસ્તવમાં દેશ અને દુનિયાના શિક્ષણશાસ્ત્રીઓએ પાયાની કેળવણીની જે તારીફ કરી છે તે એની શિક્ષણકલાવાળા પાસાને લક્ષમાં રાખીને એ સમજવા માટે શિક્ષણપધ્ધતિના ઇતિહાસનો થોડોક ખ્યાલ કરવો જોઇશે. જૂના જમાનામાં કેળવણીની રીત વિવિધ શાસ્ત્રોને કંઠસ્થ કરવાની હતી, આપણા દેશની પુરાણી માન્યતા હતી કે 'આવૃત્તિઃ સર્વ શાસ્ત્રાણામ્ બોધાદપિ ગરિયસી' અથવા 'સર્વ શાસ્ત્રોનો પાઠ કરી જવો એ શાસ્ત્રો સમજવા કરતાં પણ અધિક છે.' તેમ છતાં લોકોએ જોયું કે આ રીતે કેળવણી લીધાથી લોકો શાસ્ત્રોના પંડિત તો થાય છે પરંતુ મનુષ્યનો બૌધ્ધિક વિકાસ બરાબર થતો નથી. આથી કેળવણીના ક્ષેત્રમાં ભણવા ભણાવવાની જુદી જુદી પધ્ધતિઓ નીકળી. એનાથી થોડો લાભ થયો અને થોડોક સમય એ પધ્ધતિઓ ચાલી. પરંતુ માણસ તો પ્રગતિશીલ છે. એને ફકત એટલાથી સંતોષ ન થયો. એણે જોયું કે માત્ર પુસ્તક વાંચી જવાથી બુધ્ધિનો પૂરતો વિકાસ નથી થતો. પરિણામે શિક્ષણકલામાં વાસ્તવિકતાના માધ્યમથી જ્ઞાન પ્રાપ્તિની કલ્પના કરવામાં આવી અને એની અધિક પ્રગતિ વાસ્તવિકતાની દિશામાં આગળ વધવાની રહી. ચિત્રોદ્વારા શિક્ષણ આપવાનો આરંભ થયો તો લોકો નમૂના સુધી આવી પહોંચ્યા. અને એથી પણ આગળ વધીને ભાતભાતના 'પ્રોજેકટ' શોધી કાઢયા. છેવટે ક્રિયા દ્વારા શિક્ષણની વાત પણ વિચારાઇ.

આ બધું થતું રહ્યું. પરંતુ લોકો ગમે એટલી વાસ્તવિકતાની વાત કરે તોપણ વ્યવહારમાં તો એ લોકો વાસ્તવિક જીવનની નકલની જ વાત કરતા હતા. ક્રિયાદ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિમાં પણ વાસ્તવિક જીવનસંઘર્ષની કલ્પના કરવામાં નહોતી આવી. ગાંધીજીએ માનવસમાજને આ વાસ્તવિકતાની સાધ્યમપ્રાપ્તિ માટે એક સંપૂર્ણ વૈજ્ઞાનિક અને વાસ્તવિક દૃષ્ટિ ભેટ ધરી. એમણે કહ્યું કે જો વાસ્તવિકતા જોઇતી હોય તો એ નકલી નહીં પણ અસલી હોવી જોઇએ. એ કારણે સોળ વર્ષ પહેલાં જ્યારે ગાંધીજીએ દુનિયાને પાયાની કેળવણીનો સંદેશ સંભળાવ્યો ત્યારે દુનિયાભરના શિક્ષણશાસ્ત્રીઓ એની પ્રત્યે આકર્ષાયા અને એનું સ્વાગત કર્યું.

પરંતુ શિક્ષણકલા એ શિક્ષણનો ઉદ્દેશ નથી. એ તો એક પદ્ધતિ માત્ર છે. સામાજિક ઉદ્દેશની પરિપૂર્તિ એ જ કેળવણીની અસલી નેમ હોય છે. શિક્ષણદ્વારા આપણે એવી વ્યકિત પેદા કરવા માગીએ છીએ જે સમાજનો સાચો નાગરિક બની શકે. યુગે યુગે સામાજિક રચના અનુસાર શિક્ષણની કલ્પના કરવામાં આવી છે તેનું આ જ કારણ છે. પ્રાચીન ભારતમાં વર્ણાશ્રમની ભૂમિકા પર સમાજવ્યવસ્થા ચલાવવાની હતી. તો એ સમયે શિક્ષણપદ્ધતિ તે પ્રમાણે ઉપજાવવામાં આવી, પણ જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા

ત્યારે એમનો ઉદ્દેશ જુદો હતો. અંગ્રેજો આ દેશમાં ઔપનિવેશિક સમાજ બનાવવા માગતા હતા, તો એમણે દેશની શિક્ષણપધ્ધતિ એ પ્રકારની બનાવી. લોર્ડ મેકોલે સાહેબે સ્પષ્ટપણે કહી દીધું કે આ શિક્ષણને પરિણામે આ દેશના લોકોનો ચહેરો મહોરો તો ભારતીય બની રહેશે, પરંતુ એમની ભાવના, રૂચિ તથા વિચારો યુરોપીય બની જશે. અને આજે અંગ્રેજોના ચાલી ગયા પછી પણ જ્યારે આપણે શિક્ષિત ભારત પ્રત્યે નજર કરીએ છીએ ત્યારે લોર્ડ મેકોલે સાહેબના ઉદ્દેશની સાર્થકતા સ્પષ્ટ રૂપે પ્રતીત થાય છે.

ગાંધીજીએ પણ સમાજની એક નવી કલ્પના કરી હતી. દુનિયામાં તેઓ એક અહિંસક સમાજનું નિર્માણ કરવા માગતા હતા. આ ઉદ્દેશની પૂર્તિ માટે એટલું આવશ્યક છે કે સમાજનાં જે પ્રતિષ્ઠાનોને લીધે માનવહૃદયમાં નિરંતર હિંસાનો ઉદ્ભવ થયા કરે છે તે અલોપ થાય. આપ સર્વને આ વાત સમજાવવાની જરૂર નથી કે જ્યાં સુધી સમાજમાં શાસન અને શોષણનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી દુનિયા હિંસાથી મુકત નહીં થઇ શકે. શાસનની શકિત એ દંડશકિત છે. મનુષ્યો તરફથી એને ફાવે એટલી માન્યતા પ્રાપ્ત થાય તોપણ એ છે તો હિંસાશકિત જ. અને જેટલે અંશે મનુષ્ય પર એનું નિયંત્રણ હોય તેટલે અંશે માનવ હૃદય પર એની પ્રતિક્રિયા ચાલતી રહેવાની. હિંસાની પ્રતિ ક્રિયા પ્રતિ હિંસા છે. શાસનના અસ્તિત્વને લીધે અજ્ઞાન રૂપમાં જ મનુષ્યની અંદર નિરંતર હિંસા–પ્રતિહિંસાનો આઘાતપ્રત્યાઘાત ચાલતો રહે છે. પરિણામે માનવસંસ્કારોમાં હિંસા દૃઢમૂલ બની જાય છે. પછી તો એ પ્રત્યક્ષ છે કે બુધ્ધિ અને સંસ્કાર એ બેમાંથી ઘણું કરીને જીત સંસ્કારની જ થતી હોય છે. એટલે મનુષ્ય બુધ્ધિથી ગમે તેટલી હિંસામુકિત ઇચ્છે, પણ જો સંસ્કારોમાં હિંસા ભરેલી હોય તો સંસ્કાર બુધ્ધિ પર વિજય મેળવતો રહેશે; અને આજે દુનિયામાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે–અર્થાત "શાન્તિની શોધમાં યુધ્ધની તૈયારી" ચાલે છે તે અનંતકાળ લગી ચાલ્યા કરશે.

શોષણથી કેવી રીતે મનુષ્યની અંદર નિરંતર હિંસાનો આઘાત પ્રત્યાઘાત ચાલતો રહે છે તે આજની દુનિયામાં એટલો સ્પષ્ટ છે કે એને માટે સ્વતંત્ર વિવેચનની આવશ્યકતા નથી. પરંતુ સમાજની કેવી પરિસ્થિતિને લીધે શોષણ ચાલી રહ્યું છે એનો વિચાર કરવો આવશ્યક છે. આપ સૌ નઇ તાલીમના કાર્યકર્તા છો એટલે આપને એટલું તો માલૂમ હશે જ કે દુનિયામાં જે ઉત્કટ વર્ગભેદ ચાલે છે તે શોષણનું મુખ્ય કારણ છે. આજનો જમાનો પોકારી પોકારીને વર્ગવિહન સમાજ માગી રહ્યો છે તેનું કારણ પણ આ જ છે. આજે દેશમાં આપ પક્ષો જુઓ છો તેમાં બીજી બાબતોમાં ફાવે એટલો ભેદ હોય તો પણ એ બધા પક્ષો એકે અવાજે વર્ગવિહીન સમાજની સ્થાપનાનું ધ્યેય જનતા સમક્ષ રજૂ કરે છે.

એટલે અહિંસક સમાજમાં અહિંસા સિધ્ધ કરવા માટે એક શાસનમુકત અને વર્ગવિહીન સમાજ કાયમ કરવાની જરૂર છે. હવે પ્રશ્ન એ છે કે એ બધું થાય શી રીતે? એવું તો ન જ બને કે દુનિયામાં શાસનની આવશ્યકતા રહે અને છતાં દુનિયા શાસનમુકત બની જાય! આજે દુનિયામાં શાસનનો દોર દિનપ્રતિદિન વધતો જ રહ્યો છે. એનું કારણ એ છે કે મનુષ્ય શાસનની આવશ્યકતાઓની નવી નવી સૃષ્ટિનું નિર્માણ કરતો રહ્યો છે. આખરે માણસને શાની જરૂર હોય છે? જો એની જરૂરાતોનું બારીક પૃથકકરણ કરીશું તો જણાશે કે એને માટે મુખ્ય જરૂરત તે જીવતા રહેવાનાં સાધનોની છે. અર્થાત આર્થિક જરૂરત તે મનુષ્યની મુખ્ય જરૂરત છે. આ કારણે જ માનવસમાજનું સામાજિક અને રાજકીય સ્વરૂપ એના આર્થિક સ્વરૂપ ઉપર નિર્ભર રહે છે. આજે શાસન જો ક્રમે ક્રમે સર્વાધિકારી બનતું જતું હોય તો એનું ખાસ કારણ એ છે કે મનુષ્યે પોતાનું આર્થિક જીવન મૂડીના કબજામાં સોંપી દઇને પોતાને શાસનનો બંદીવાન બનાવ્યો છે. મૂડી જેમ જેમ કેન્દ્રિત બનતી જાય છે તેમ તેમ એની પર રાજ્યનો કબજો વધારતા જવું પડે છે.

હવે જો આપણે અહિંસક સમાજની સ્થાપનાને વાસ્તે સામાજિક અને રાજકીય ક્રાન્તિ દ્વારા શાસનરહિત વર્ગવિહીન સમાજ કાયમ કરવો છે તો એની શરૂઆત આર્થિક ક્રાન્તિદ્વારા મનુષ્યના જીવનને મૂડી નિરપેક્ષ બનાવવાથી જ થઇ શકશે. સુભાગ્યે સંત વિનોબા ભાવેએ ભૂમિદાન–યજ્ઞ–આંદોલન દ્વારા આપણી સમક્ષ એ માટેની એક મહાન અને સક્રિય તક ખડી કરી દીધી છે. આજે આપણે સૌએ એ ક્રાન્તિને આગળ ધપાવવી જોઇશે.

આપને થતું હશે કે નઇ તાલીમ સાથે આ ક્રાન્તિને શો સંબંધ છે? આજે ખરેખર ઘણા લોકો એમ વિચારે છે. પણ પહેલાં હું કહી ગયો છું તેમ નઇ તાલીમનો ઉદ્દેશ નવા સમાજનું નિર્માણ છે જૂનો સમાજ જેમનો તેમ રહી જાય અને એની ઉપર એક નવો સમાજ રચાય એવું તો થઇ શકે જ નહીં. એ કારણે જ મેં સૌ પ્રથમ ક્રાન્તિની વાત કરી, પરંતુ એમ શું બની શકે કે માણસ આજે છે તેવો જ રહે અર્થાત હરીફાઈમાં મચેલો, કાયમ સ્વાર્થમાં જ પ્રવૃત્ત રહેતો તથા હિંસામાં માનવાવાળો રહે અને છતાં સમાજ શાસનરહિત બની જાય? શાસનરહિત અને રાજ્ય રહિત સમાજની કલ્પના કંઇ નવી નથી. યુરોપમાં એ માટેની હિલચાલ આજ પહેલાં પણ થઇ હતી. પરંતુ એ લોકોએ માનવનિર્માણની કલ્પના કર્યા વિના રાજ્યને ખતમ કરવાની કલ્પના કરી હતી. પરિણામે એ હિલચાલને લીધે અવ્યવસ્થા અને ઉચ્છૃંખલતાની જ સ્થાપના થઇ શકી અને આજે અરાજકતા શબ્દનો અર્થ ઉચ્છૃંખલતા છે એમ મનાવા માંડયું છે.

હવે જ્યારે આપણે એક પ્રચંડ લોકક્રાન્તિ દ્વારા હાલની રાજકીય, આર્થિક અને સામાજિક રચનામાં આમૂલ પરિવર્તન કરવું છે ત્યારે નવી આવનારી રચનાને નભાવવા માટે નવા માનવનું નિર્માણ પણ કરવું પડશે. લોકક્રાન્તિના ગંગાવતરણની સાથોસાથ એને ધારણ કરવા માટે જો નવમાનવરૂપી શિવની પ્રતિષ્ઠા ન થઇ તો ક્રાન્તિનું અવતરણ તો થશે. પરંતુ પ્રતિક્રાન્તિના પાતાળમાં એ અદૃશ્ય થઇ જશે. ગાંધીજીની સૂક્ષ્મ દૃષ્ટિએ આ રહસ્ય પારખી લીધું હતું. ક્રાંતિની સાથોસાથ નઇ તાલીમનો સંદેશ એમણે આપ્યો તેનું કારણ આ જ.

એટલે સ્પષ્ટ છે કે નઇ તાલીમ કોઇ સ્વતંત્ર કાર્યક્રમ નથી તેમજ તે કેવળ શિક્ષણકલા પણ નથી. એ તો છે નવી ક્રાન્તિનું વાહન. દેવનું વાહન પોતાના દેવને પીઠ પર રાખીને જ સમાજનો આદર પામી આગળ વધી શકે. શિવના વાહન તરીકે નંદીની પૂજા તો થાય છે પરંતુ એ જ નંદીને શિવના વિના તો સાંઢના રૂપમાં ખેતરોમાં ભટકવું પડતું હોય છે અને લોકોનો ધુત્કાર ખાવો પડતો હોય છે. આજે જો સમાજમાં નઇ-તાલીમ પ્રત્યેનો આદર ઓછો થયેલો હોય તો એનું સ્પષ્ટ કારણ એ છે કે પોતાના દેવને પીઠ પર લીધા વિના ચાલવાની એ ચેષ્ટા કરે છે!

એટલે જો ખરેખર નઇ તાલીમની સેવા કરવી હોય તો આપણે ઉંડું આત્મનિરીક્ષણ કરવું પડશે કે આપણે ક્યાં છીએ? શું આપણી નઇ તાલીમ આજની યુગ ક્રાંતિના વાહનરૂપે કામ કરી રહી છે? શું આપણા કાર્યક્રમના સ્વાભાવિક પરિણામરૂપે ક્રાંતિ પ્રજ્જવલિત થઇ રહી છે? આ પ્રશ્નોની ચર્ચા કરવી પડશે.

ભારતસરકાર તથા જુદી જુદી રાજ્ય સરકારોએ નઇ તાલીમને માન્યતા આપી છે. એ એને ચલાવે પણ છે. પરંતુ ક્રમ-

નશીએ એની પાછળ જે જીવનદર્શન અને સમાજક્રાન્તિ છુપાઇ છે તેને સરકારોએ માન્ય કરેલ નથી. જ્યાંસુધી નઇ તાલીમ પાછળનું અપરિગ્રહી જીવનદર્શન, વિકેન્દ્રિત સ્વાવલંબી અર્થનીતિ અને વર્ગવિહીન સમાજવ્યવસ્થા માન્ય નહીં થાય ત્યાં સુધી નઇ તાલીમનું સંગઠ્ઠન અને સંચાલન વિડંબના માત્ર રહેશે. અને ત્યાં સુધી આ તાલીમ પ્રત્યે કોઇનું આકર્ષણ પણ નહિ થઈ શકે. વસ્તુતઃ હાલની નીતિને ચાલુ રાખીને સરકાર મારફત નઇ તાલીમના પ્રચારની ચેષ્ઠા કરવી તે રાષ્ટ્રની શક્તિ અને સંપત્તિનો દુર્વ્યય છે. જો આપણી માન્યતા એવી હોય કે રાષ્ટ્રના નેતા, પ્રતિનિધિ, રાજદૂત વગેરે લોકો ભપકાભેર નહીં રહે તો દેશની પ્રતિષ્ઠા ઝાંખી પડી જશે અને સાથેસાથ આપણાં બાળકોને આપણે સાદાઈ અને સ્વાવલંબી જીવનનો મહિમા સંભળાવ્યા કરીશું તો એ મહિમા પ્રત્યે બાળકોને આદરભાવ જાગશે નહીં. આખરે પ્રતિષ્ઠાની આકાંક્ષા સૌ કોઇને હોય છે. પ્રતિષ્ઠા વિશેની જેવી આપણી માન્યતા હશે તેવી દેશની આબાલવૃધ્ધ જનતાની તૃષ્ણા અને આકાંક્ષા રહેશે. જ્યારે દેશના નેતૃત્વે લંગોટીની પ્રતિષ્ઠા માન્ય રાખી હતી ત્યારે મોટા મોટા રાજાઓની તૃષ્ણા લંગોટી પ્રાપ્ત કરવાની રહેતી હતી. તો આજે પાયાની કેળવણીદ્વારા જે જીવનદર્શનનો પ્રચાર કરવો છે તેની પ્રત્યે જનતા શી રીતે આકર્ષાય ?

પાયાની કેળવણીનું મુખ્ય માધ્યમ હાથઉદ્યોગ છે. પરંતુ દેશની અર્થનીતિનો આધાર હાથઉદ્યોગ નહીં પણ કેંદ્રિત ઉદ્યોગ છે. એ સ્થિતિમાં આપણે દેશનાં બાળકોને ચૌદ પંદર વર્ષ સુધી હાથઉદ્યોગનો અભ્યાસ શા ઉદ્દેશથી કરાવવો જોઇએ ? અર્થનીતિનું કેન્દ્રીકરણ કરીને હાથઉદ્યોગના માધ્યમવાળી શિક્ષણનીતિ ચલાવી શકાય નહીં અને ચલાવવી એ પણ અનુચિત છે. આમ કરવાનો અર્થ એ થયો કે આપણા બાળકને બોલાવીને કહેવું કે, "જો બેટા, ખૂબ દિલ જોડીને હાથઉદ્યોગનો અભ્યાસ કરજે, પણ એક વાત સમજી લેજે કે ચૌદ પંદર વરસ સુધી સતત એકાગ્રતાથી અભ્યાસ કર્યા બાદ જે કસબ તારે હાથ ચડયો હશે તેની સમાજમાં કશી કિંમત નહીં હોય !" આ અત્યંત નિષ્ઠુર આશ્વાસન પામીને કયા બાળકને પાયાની કેળવણી પામવાની હોંસ થવાની, અને કયા ભાવનાશાળીને પોતાના બાળકને એવી શાળામાં મોકલવાનું દિલ થવાનું ? જ્યારે શિક્ષકને પણ એમ થાય છે કે આવી નકામી વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપણે આપણાં દિલ, દિમાગ અને શકિતનો વ્યય શા માટે કરવો? ત્યારે આપ સમજી શકશો કે દેશભરમાં નઇ તાલીમ પ્રત્યે શા માટે અણગમો પેદા થયો છે.

તમારામાંથી કોઇ ભાઇબહેન એમ કહી શકો છો કે "અમને આ ક્રાંતિ પ્રત્યે કોઇ ખાસ દિલચસ્પી નથી. અમે તો શિક્ષણકલાની દૃષ્ટિથી એને માનીએ છીએ. કદાચ કોઇ શિક્ષણશાસ્ત્રી એને ક્રાન્તિ માનતો હોય તો ભલે માને. વળી જ્યારે આપ માધ્યમ રૂપે હાથઉદ્યોગને અપનાવો છો ત્યારે ભૂલી જાઓ છો કે હાથ ઉદ્યોગવાળી ઉત્પાદનપધ્ધતિ એક અવાસ્તવિક પરિસ્થિતિ છે. કેમકે રાષ્ટ્ર તરફથી એને આજે માન્ય કરવામાં આવતી નથી." એટલે ક્રાંતિ વિના જો વાસ્તિક જીવનના માધ્યમથી શિક્ષણ પધ્ધતિ અમલમાં મૂકવી હોય તો ચરખો છોડીને શાળાઓએ મીલઉદ્યોગને અપનાવવો જોઇએ. પરંતુ એમ કરવાથી આપણે એક બીજી મુશ્કેલીનો સામનો કરવો પડશે. મીલઉદ્યોગની પ્રક્રિયામાં વિવિધતા નથી. એમાં કામ કરવાવાળો એક જ પ્રક્રિયાને જીવનભર યંત્રવત્ ચલાવે છે. એમાં એને નૈસર્ગિક આનંદ નથી મળતો કે નથી મળતી કાર્યની વિવિધતા. આ કારણે એ માધ્યમથી એને વિવિધ વિષયોનું જ્ઞાન આપવું અસંભવિત છે.

એટલે આજે આપણે એક વિકટ પરિસ્થિતિની સન્મુખ ઉભા છીએ. હાથઉદ્યોગ માટે આપણને દિલચસ્પી નથી અને મીલઉદ્યોગમાં શિક્ષણની તક નથી. પરિણામે આપણી સારીયે પ્રવૃત્તિ નિષ્ફળ બની ગઇ છે અને શિક્ષણકલાની દૃષ્ટિથી પણ આપણને યશ નથી મળતો.

અપૂર્ણ **ધીરેન્દ્ર મજમૂદાર**

# પ્રકીર્ણ નોંધ

## કોંગ્રેસના પ્રમુખસ્થાન માટે વરાયલા આપણા ઢેબરભાઇ

સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબર જેઓ પરિચિત જનોમાં 'ઢેબરભાઈ' ના નામથી જાણીતા છે તેમની આગામી જાન્યુઆરી માસની ૧૭મી તારીખે મળનાર રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી છે એવા તા. ૧૧મી એ પ્રગટ થયેલા સમાચારથી ગુજરાત અને સૌરાષ્ટ્રવાસીઓમાં ભારે આનંદની લાગણી ફેલાઇ છે. ભૂતપૂર્વ પ્રમુખોમાંના ગાંધીજી સૌરાષ્ટ્રના જ ગણાય. એમ છતાં તેમની ખ્યાતિ અને પ્રતિષ્ઠા એટલી બધી અખિલહિંદવ્યાપી હતી કે સૌરાષ્ટ્રની દૃષ્ટિએ તેમનું પ્રમુખ થવું કોઇ વિશેષ મહત્વનું નહોતું. શ્રી ઢેબરભાઇની આજ સુધીની આખી કારકીર્દી સૌરાષ્ટ્ર સાથે જ સંકળાયેલી છે. તેમનું નામ સૌથી પહેલાં બહારની દુનિયાએ રાજકોટની લડત પ્રસંગે જાણ્યું અને તે લડતમાં તેમણે ભજવેલા ભાગથી ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ તેમની તરફ આકર્ષાયા. પછી તો ૧૯૪૨ની 'કવીટ ઇન્ડીઆ' 'હિંદ છોડો' ની લડત આવી અને તેમણે બીજા વિશ્વયુદ્ધના અન્ત સુધી જેલવાસ ભોગવ્યો. પછી દેશમાં આઝાદીની સ્થાપના થઇ, જુનાગઢને નવાબની સત્તાથી મુક્ત કરવા માટે આરઝી હકુમત ઉભી કરવામાં આવી, જુનાગઢનું રાજ્ય પ્રજાને સ્વાધીન થયું, ભાવનગરમાં પ્રજાશાસન સ્થપાયું, સૌરાષ્ટ્રનું એકમ સરજાયું અને તે નવા રાજ્યતંત્રના શ્રી ઢેબરભાઈ ૧૯૪૮માં મુખ્ય સચિવ બન્યા. સૌરાષ્ટ્રની આ નવરચનાના કાળથી તે આજસુધી તેઓ આ સ્થાન ઉપર જ કાયમ રહ્યાં છે અને એ દ્વારા જ દેશની તેમણે સેવા કરી છે.

સૌરાષ્ટ્રના મુખ્ય સત્તાસ્થાન ઉપર શ્રી ઢેબરભાઇ આવ્યા ત્યારે સૌરાષ્ટ્રનો રાજકીય કોયડો અત્યન્ત જટિલ હતો. અન્યત્ર અંગ્રેજી શાસનના સ્થાને આપણું શાસન ગોઠવવાનું હતું. અહિં અનેક નાનાં મોટાં રજવાડાંઓને સંમીલિત કરીને એક એકમ ઉભું કરવામાં આવ્યું હતું. રજવાડે રજવાડે રાજયવહીવટની જુદી જુદી રીત રસમ હતી. કેટલેક ઠેકાણે કેવળ આપખુદીથી અને ખુશામત વડે આગળ આવેલા નાલાયક વહીવટકર્તાઓ મારફત જ રાજયનો કારભાર ચાલતો હતો. પ્રજા પણ લોકશાસનમાં કશું સમજતી નહોતી અને આ બધો શો અનર્થ થઇ રહ્યો છે એવા મૂઢ ભાવે બનતી જતી ઘટનાઓને જોઇ રહી હતી. આ બધાંને એક સૂત્રે સાંધવા, એક શાસન નીચે લાવવા એ કોઇ સાધારણ કામ નહોતું. આજે સૌરાષ્ટ્રમાં સ્થપાયેલ નવાં રાજ્યશાસને પૂરી સ્થિરતા અને સ્થાયીપણું પ્રાપ્ત કર્યું છે, લોકશાસનના તત્વને પ્રજા સંતોષકારક રીતે પચાવી રહી છે, ગરાસદારીનો અત્યન્ત વિકટ પ્રશ્ન પણ અદ્ભુત રીતે ઉકેલાઇ ગયો છે, નવરચનાની અનેક પ્રવૃત્તિઓ જોસભેર ચાલી રહી છે, રચનાત્મક કાર્ય કરતી વ્યકિતઓ અને સંસ્થાઓ સાથે રાજયતંત્રનો ભારે સુમેળ ઉભો થયો છે અને આમ 'બી સ્ટેટ'ની કક્ષામાં લેખાતું હોવા છતાં સૌરાષ્ટ્રના આવા સફળ વહીવટે હિંદના અન્ય રાજકારણી નેતાઓને અને સત્તાધીશોને સારી રીતે આકર્ષ્યા છે. પંડિત જવાહરલાલે સૌરાષ્ટ્રના રાજયતંત્ર તેમજ શ્રી ઢેબરભાઇ વિષે લોકસભામાં પોતાની પ્રસન્નતા અનેકવાર જાહેર કરી છે.

આ બધું હોવા છતાં પણ શ્રી ઢેબરભાઇને કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવે તે સહજપણે કલ્પનામાં આવતું નહોતું. કોંગ્રેસના વર્ષો જુના કાર્યકર્તાઓ આગળ શ્રી ઢેબરભાઇ નવા અને ઉંમરે નાના હતા. વળી સૌરાષ્ટ્ર બહાર તેમણે કદિ કશું કામ કર્યું નહોતું. કોંગ્રેસના પીઢ આગેવાનોના કોઇ ગાઢ પરિચયમાં પણ તેઓ આવ્યા નહોતા. કેવળ પરંપરાની દૃષ્ટિએ જ

4

વિચાર કરવામાં આવે તો તે હરોળમાં તેમનો નજીકમાં કોઇ નંબર નોંધાય એવો સંભવ નહોતો. આમ છતાં પણ તેઓ સર્વાનુમતે ચુંટાયા તેનું કારણ શું ?

કોંગ્રેસમાં નવી ચેતના–નવા પ્રાણ–લાવવા હોય તો 'જુનાને પહેલી તક આપો' એ પરંપરા છોડીને કોઇ નવી અને છતાં સુયોગ્ય વ્યક્તિને કોંગ્રેસના પ્રમુખસ્થાન ઉપર લાવવી જરૂરી છે એવો ખ્યાલ જવાહરલાલના મનમાં રમી રહ્યો હોય એમ અનુમાન થાય છે. આ રીતે વિચારીને જેમણે સૌરાષ્ટ્રની અદ્ભુત કામગીરીથી તેમનું મન જીતી લીધું હતું એવા શ્રી ઢેબરભાઇ ઉપર તેમની દૃષ્ટિ ઠરી હોય અને ઢેબરભાઇનું નામ તેમની પ્રેરણાથી જ સૂચવવામાં આવ્યું હોય એમ લાગે છે. પોતાની દક્ષતા, નમ્રતા, તેમજ આદર્શ-પરાયણતા વડે શ્રી ઢેબરભાઇએ અનેકનાં દિલ ઉપર ભારે સુન્દર છાપ પાડી હતી અને એમ છતાં કોંગ્રેસના વિશાળ ક્ષેત્રમાં તેઓ પ્રમાણમાં નવા આગન્તુક હોઇને અન્ય કોઇ વ્યકિત વિષે આજ સુધીમાં જેમ અનેક પૂર્વગ્રહો બંધાયા હોય અને તેના પરિણામે અનુકુળ પ્રતિકુળ વલણો પેદા થયાં હોય એવા કોઇ પૂર્વગ્રહો ઢેબરભાઇની પસંદગીમાં આડે આવે તેમ નહોતું. આવા અનુકુળ સંયોગોએ ઢેબરભાઇની પસંદગીને અત્યન્ત સરળ બનાવી દીધી હોય એમ જણાય છે.

શ્રી ઢેબરભાઇની વરણીને આજે આખા દેશમાંથી સારો આવકાર મળ્યો છે. આનું કારણ તેમનું ઉચ્ચ ચારિત્ર્ય અને જીવનની અસાધારણ સાદાઇ છે. દૂર કે નજીકથી જોનારાના દિલમાં આ વિષે બે મત હોવા સંભવ નથી. હિંદનું માનસ વિદ્વત્તાની, શકિતની, સંપત્તિની, કાર્યકુશળતાની જરૂર કદર કરે છે, તેનું મહત્વ સ્વીકારે છે, પણ તે ઢળે છે, નમે છે, પૂજે છે ઉચ્ચ ચારિત્રને. ઢેબરભાઇની સર્વમાન્ય પસંદગી એ આખરે તો શુદ્ધ ચારિત્ર્યની જ પૂજા છે.

કોંગ્રેસના પ્રમુખ તરીકેની જવાબદારી ઘણી મોટી છે. નાના ક્ષેત્રમાં જ રમેલા અને રહેલા ઢેબરભાઇ આ બૃહત્ જવાબદારીઓને પહોંચી શકશે કે કેમ એ પ્રશ્ન નજીક દૂરના સૌ કોઇના દિલમાં સહજપણે ઉઠે એવો છે. આનો જવાબ આમ તો અનુભવ જ આપશે. પણ રાજ્યકારભારનો ભૂતકાળમાં તેમને બીલકુલ અનુભવ નહોતો એ આપણે જાણીએ છીએ. એમ છતાં પણ સામાન્ય સુજ અને હૈયાઉકલત વડે સૌરાષ્ટ્રનો અત્યન્ત જટિલ કોયડો ભારે સફળતાપૂર્વક તેમણે ઉકેલ્યો છે એમ આજે સૌ એક અવાજે કહે છે. તો પછી આપણે આશા રાખીએ, શ્રધ્ધા રાખીએ કે જ્યાં નિષ્ઠા છે ત્યાં તક સાથે તાકાત આવવાની જ છે. જેની પાસે નિષ્ઠાપૂર્વકની દૃષ્ટિ છે તેના માટે કોઇ પ્રશ્ન નાનો નથી, કોઇ પ્રશ્ન મોટો નથી. દરેક પ્રશ્નને ઉકેલવાનું આ દૃષ્ટિમાં સામર્થ્ય રહેલું જ છે. શ્રી ઢેબરભાઇ આ વિરાટ જવાબદારીઓને પહોંચી વળે, કોંગ્રેસમાં નવી ચેતના આણે, અને અનેક ભયસ્થાનો વચ્ચેથી પસાર થઇ રહેલા રાષ્ટ્રના નાવને કુશળતાપૂર્વક નિશ્ચિત ધ્યેય સમીપ લઇ જવા માટે જોઇતી પ્રેરણા અને તાકાત તેમને મળી રહે અને તદર્થે જરૂરી એવું તેમનું આરોગ્ય પણ જળવાઇ રહે એવી આપણી પ્રાર્થના હો !

## મુહપત્તી અને મુનિ સન્તબાલજી

તા. ૧–૧૨–૫૪ના વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થયેલ પ્રવાસનોંધમાં, હું તથા પંડિત સુખલાલજી સણોસરા ખાતે ગયા નવેંબર માસમાં ભરાયેલા નઈ તાલીમ સંમેલન પ્રસંગે મુનિ સન્તબાલજીને મળેલા અને કેટલીએક બાબતો વિષે તેમની સાથે ચર્ચા થયેલી તેમાંથી મુહપત્તીના પ્રશ્ન વિષે થયેલી ચર્ચાનો નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે:—

"પંડિત સુખલાલજી અને પરમાનંદભાઇ કાપડિયા આવ્યા હતા. એમ તો તેમણે મહારાજશ્રીને અમુક જ જાતનું સાંપ્રદાયિક ચિહ્ન (મુહપત્તી) કાઢી નાખવાની વિનંતિ કરી. આપ વિશ્વધર્મની વાત કરો છો, વિશ્વપ્રેમી થવા ઇચ્છો છો, તે પંથે છો એટલે હવે આ વાડાનું ચિહ્ન કાઢી નાંખવું જોઇએ. આ ભાઇઓ મહારાજશ્રીની ઉચ્ચ ભૂમિકાની દૃષ્ટિએ આ વાત કરતા હતા જ્યારે રૂઢિચુસ્તો મહારાજશ્રી ધર્મથી વિરૂધ્ધ કામ કરી રહ્યા છે માટે ચિહ્ન છોડવું જોઇએ એમ કહે છે. વાત એકની એક હોવા છતાં ભાવ જુદા છે. મહારાજશ્રીએ તેમને સમજાવ્યા કે વ્યકિત કોઇ ને કોઇ પોષાક ધારણ કર્યા વિના રહેતી નથી. એક બદલશે એટલે બીજો આવશે. હું દૃઢપણે માનું છું કે જે વ્યકિત જે સંપ્રદાયમાં જન્મી હોય અને વિકાસ પામી હોય તે સંપ્રદાય અને સંપ્રદાયે આપેલાં ઉપકરણો છોડવાથી કે નવાં સજવાથી વટાળવૃત્તિ અને સંકુચિત વાડો બનવાનો ભય રહે છે. વાડો બને છે તેથી અટકતું નથી, પણ નવા વાડાના સભ્યો જુના વાડાવાળાને ભાંડવાનું અને ઇર્ષ્યાદ્વેષ કરવાનું કામ પણ કરે છે. હા! સંપ્રદાયના વિચારક લોકોનું એમ માનવું થાય કે આ ચિહ્નો આ યુગે આ કક્ષાએ રાખવાની જરૂર નથી તો તો ચિહ્ન છોડવાની આખી ભૂમિકા જ બદલાઇ જાય છે."

મુનિ સન્તબાલજી સાથેની મુહપત્તી વિષેની અમારી ચર્ચાને આમ પ્રસિદ્ધિ આપવામાં આવશે એવી અમને કલ્પના નહોતી. હવે જ્યારે આ પ્રશ્ન આ રીતે ઉપસ્થિત કરવામાં આવ્યો છે ત્યારે મુહપત્તીની પ્રથાનો સામાન્યતઃ તેમજ મુનિ સન્તબાલજીને અનુલક્ષીને વિશેષતઃ એમ બે પ્રકારે આપણે વિચાર કરીએ.

દરેક સંપ્રદાયમાં એક યા બીજા પ્રકારની પ્રથા અમુક ખ્યાલથી શરૂ થયેલી હોય છે. સમયાન્તરે અમુક પ્રથા પાછળ રહેલો ખ્યાલ કાં તો ભુલભરેલો, અથવા તો બીનજરૂરી, અથવા તો અતિ અલ્પ મહત્ત્વવાળો માલુમ પડે છે. એમ છતાં પણ લાંબા કાળથી જડ ઘાલી બેઠેલી પ્રથા કંઇ કાળ સુધી ચાલુ રહે છે અને તેને કોઇ એક વિશેષ પ્રકારનું ધાર્મિક મહત્વ આપવામાં આવે છે. મુહપત્તીની પ્રથા, આજે વિચાર કરતાં, આ પ્રકારની લાગે છે.

જૈન માન્યતા એવી છે કે આપણે બોલીએ ત્યારે વાયુકાયના જીવ હણાય છે. એ હિંસા બને તેટલી ઓછી કરવા ખાતર મોઢા આડે એક લુગડાનો કકડો બાંધવાનો આચાર સ્થાનકવાસી તેમ જ તેરાપંથી સાધુઓ પાળે છે. આજ ખ્યાલને અનુસરીને શ્વેતાંબર મૂર્તિપુજક સાધુઓ હાથમાં આવો કકડો રાખે છે અને બોલતી વખતે મોઢા આડો ધરે છે. આ લુગડાના કકડાને મુહપત્તી–મુખપટ્ટી–કહે છે. દિગંબર સાધુઓ નગ્ન વિચરતા હોઇને તેમના માટે મુહપત્તિનો કોઇ પ્રશ્ન જ હોતો નથી.

બોલવાથી વાયુકાયના જીવ હણાય છે એ માન્યતા આપણે સ્વીકારીએ એમ છતાં પણ પ્રશ્ન એ થાય છે કે બોલતી વખત આવી મુહપત્તી મોઢે બાંધવાથી અથવા મોઢા આગળ ધરવાથી વાયુકાયના જીવની હિંસા કોઇ અંશમાં અટકે ખરી? બોલવાથી થતી હિંસા અટકાવવાનો ઉપાય મોઢા આડી મુહપત્તી બાંધવી કે ધરવી એ ન હોઇ શકે, પણ બને તેટલું મૌન ધારણ કરવું એ જ હોઇ શકે. મોઢા આડી મુહપત્તી હોય કે ન હોય પણ આપણે બોલીએ અને સામાના કાનને આપણો અવાજ વાયુમંડળને ભેદીને પહોંચે તેથી જે કોઇ હિંસા નિર્મિત હોય તે થવાની જ. ઉલટું સામાને આપણું બોલવું બરોબર સંભળાય તે હેતુથી જો મોઢા આડું કપડું બાંધેલું હોય તો આપણને વધારે તાણીને બોલવું પડે અને એ રીતે વાયુકાયની વધારે હિંસા થવાનો સંભવ રહે. આમ વિચારતાં મુહપત્તીની પ્રથાથી બોલવાની હિંસામાં કશો પણ ફરક પડતો દેખાતો નથી.

મુહપત્તીની પ્રથાના સમર્થનમાં એક એવું પણ કારણ રજુ કરવામાં આવે છે કે મુહપત્તી મોઢા આડે રાખવાથી સાંભળનાર

ઉપર આપણાં મોઢાનું થુંક ન ઉડે. વસ્તુતઃ જેને રીતસર બોલતાં ન આવડે તેનું જ થુંક સામા ઉપર પડવાનો સંભવ રહે. કેવી રીતે બોલવું કે જેથી આવી કોઇ અસ્વચ્છતા થવા ન પામે એ તો સામાન્ય સભ્યતાની તાલીમનો વિષય છે. મુહપત્તી બાંધનાર આ સભ્યતાની ઉપેક્ષા જ કરવાનો અને ઉલટું તેના થુંકનો સંચય મોઢે બાંધેલ મુહપત્તી ઉપર જ થતો રહેવાનો.

આમ સમગ્રપણે વિચારતાં મુહપત્તીની પ્રથા આજે જરા પણ તર્કસંગત લાગતી નથી. આમ છતાં વર્ષોથી અથવા સદીઓથી ઘર કરી બેઠેલી આ પ્રથા સંપ્રદાયના સાધુઓ જલ્દિ ન છોડે, તેમને સત્ય સમજાય છતાં એ છોડવાની તેમનામાં હીંમત ન આવે-એ સમજી શકાય તેવું છે. પણ મુનિ સન્તબાલજી કે જેમણે પોતાના ગુરૂના સંઘાડાનો ત્યાગ કર્યો છે અને જેમણે પોતાના આચારમાં બીજા કેટલાક પાયાના ફેરફાર કર્યા છે દા. ત. બીજા સ્થાનકવાસી સાધુઓ ચોવીશે કલાક અથવા તો જાગ્રત સમય દરમિયાન મુહપત્તી બાંધી રાખે છે, જ્યારેં સન્તબાલજી માત્ર બોલે છે ત્યારે મુહપત્તી મોઢા ઉપર ચડાવે છે, માથાના વાળનો તેઓ અન્ય સાધુઓ માફક હાથે લોચ કરતા નથી, મદ્યમાંસનું સેવન ન કરતા હોય એવા કોઇપણ કુટુંબ કે ઘરમાંથી તેઓ ભિક્ષા લે છે. ઓછામાં ઓછા પાણી વડે પણ તેઓ સ્નાન કરે છે, દીક્ષિત ઉંમરે પોતાથી વૃધ્ધ એવાં સાધ્વીને ચાલુ પરંપરાથી વિરૂધ્ધ જઇને તેઓ વન્દન કરે છે, રાત્રીના દીવાના પ્રકાશ નીચે તેઓ જાહેર પ્રવચન કરે છે અને વિશાળ સમાજની વિના સંકોચે કશા પણ ભેદભાવ સિવાય સેવા કરે છે.* પોતાના ચાલુ આચારમાં આવા મહત્ત્વના ફેરફારો કરનાર મુનિ સન્તબાલજી મુહપત્તીને શા માટે વળગી રહેતા હશે તે સમજી શકાતું નથી. તેઓ જણાવે છે કે સંપ્રદાયના વિચારક લોકોનું એમ માનવું થાય કે આ ચિહ્નો આ યુગે આ કક્ષાએ રાખવાની હવે જરૂર નથી તો પછી એ ચિહ્નો છોડવાની ભૂમિકા જ બદલાઇ જાય છે. અહિં પ્રશ્ન એ થાય છે કે ઉપર જણાવેલા ફેરફારો તેમણે સંપ્રદાયના વિચારક લોકોના કહેવાના પરિણામે કર્યા હતા? જો ઉપરના ફેરફારો સ્વતંત્ર બુધ્ધિ અને સુજના પરિણામે કરવામાં આવ્યા હોય તો આ ઇષ્ટ ફેરફારને એ ધોરણ શા માટે તેમણે લાગુ પાડવું ન જોઇએ ?

તેમની સામે અમારો પ્રશ્ન તો એ હતો કે જેમણે પોતાના સંપ્રદાયનું પરિઘ છોડીને વિશાળ જનતાની સેવા કરવાનું મુકત મને સ્વીકાર્યું છે તેમણે પોતાના સંપ્રદાયના સૂચક આવાં ચિહ્નોને શા માટે વળગી રહેવું જોઇએ? આ પ્રશ્ન પોશાક બદલવાનો બીલકુલ હતો જ નહિ, પણ મુહપત્તી કે રજોહરણ જેવા કેવળ સંપ્રદાય-સૂચક ચિહ્નો કે જેનું તેમની ચાલુ દિનચર્યામાં હવે કશું મહત્ત્વ રહ્યું નથી તેવાં ચિહ્નો છોડવાનો જ માત્ર પ્રશ્ન હતો.

આવાં ચિહ્નોની તેમની સંયમસાધનામાં કોઇ ઉપયોગીતા રહી હોય તો તેને તેઓ જરૂર વળગી રહે. પણ એક વખતે પોતાના વિકાસકાળમાં આવાં ચિહ્નોએ મદદ કરી છે એમ તેઓ માનતા હોય તેથી આજે પણ તે ચાલુ રાખવાં એ તો ઉંચે ચડવામાં એક વખતે ઉપયોગી બનેલી નીસરણીને સદા કાળ સાથે ફેરવવા જેવી વાત લેખાય.

હા, આવાં ચિહ્નોને વળગી રહેલાનો એક લાભ છે કે જે સંપ્રદાય સાથે એ ચિહ્નો વળગેલાં છે તે સંપ્રદાયના લોકો "આ તો અમારા મહારાજ છે" એમ સમજીને તેમના વિષે આદરભાવ પૂજ્ય-ભાવ ધરાવતા રહે. બીજો પણ એક લાભ કલ્પી શકાય છે કે આવા એક વિચિત્ર ધાર્મિક ચિહ્નને જોઇને સામાન્ય લોકો પણ 'આ કોઇ વિલક્ષણ વ્યકિતવિશેષ છે' એમ સમજીને તેમના વિષે કુતુહલ, જિજ્ઞાસા ધરાવતા રહે અને પરિણામે આકર્ષાય. પણ આવી પામર ગણતરીથી મુનિ સન્તબાલજી પોતાની મુહપત્તીને વળગી રહે છે એમ કલ્પવું તે તેમની વિશિષ્ટ જીવનપ્રતિભા અને વ્યાપક સેવાઓને ધ્યાનમાં લેતાં રૂચિકર લાગતું નથી. પણ એ જ કારણે તેમનો મુહપત્તીનો આગ્રહ પણ કોઇ રીતે સમજાતો નથી. આપણે તો એટલું ઇચ્છીએ કે તેઓ મુહપત્તીનો સત્વર પરિત્યાગ કરે અને એ રીતે વિશાળ જનતાના આન્તર બાહ્ય સાચા સેવક બને. આ પરિત્યાગનો અવાન્તર લાભ એ પણ થશે કે જે સ્થાનકવાસી સંપ્રદાયને હજુ તેઓ પોતાના લેખે છે અને જે સ્થાનકવાસી સંપ્રદાય પણ હજુ તેમને પોતાના લેખે એમ તેઓ ઇચ્છે છે તે સ્થાનકવાસી સંપ્રદાયને પણ મુહપત્તીની નિરર્થકતાનું પ્રસ્તુત ફેરફાર વડે ભાન કરાવવામાં તેઓ નિમિત્તભૂત થશે અને અન્ય સાધુઓથી આ સાધુઓને જુદા પાડતી અને જુદા દાખવતી આ બીનજરૂરી પ્રથાનો જલ્દિથી અન્ત આવશે.

આ ચર્ચા સમેટતાં પહેલાં બીજા પણ બે ત્રણ મુદા આપણે વિચારી લઇએ. જે ધર્માચાર્યનો પ્રવચન એ જ મુખ્ય વ્યવસાય હોય તેમણે મુહપત્તીપરિત્યાગને સવિશેષ આવકારદાયક લેખવું જોઇએ. પ્રવચનનું મુખ્ય સાધન વાણી છે, પણ આંખો તેમ જ હોઠનું હલન ચલન પ્રવચનનાં એટલાં જ ઉપકારક સાધનો છે. પ્રવચનકર્તાની આખી મુખમુદ્રાનું દર્શન પણ એટલું જ ઉપયોગી છે. મુહપત્તીની પ્રથા આ રીતે પ્રવચનવ્યવસાયમાં એક મોટા અન્તરાયનું કાર્ય કરે છે. એ તો સામાન્ય અનુભવનો વિષય છે કે વકતા જેટલું શબ્દોથી કહે છે તેથી વધારે આંખો અને હોઠની ચેષ્ટાઓ વડે વ્યકત કરી શકે છે. સાંભળનાર પણ માત્ર વકતાના શબ્દો સાંભળવા ઇચ્છતો નથી, પણ તેને પુરેપુરં સમજવા માટે જાણે કે જરૂરી હોય તેમ વકતાનું આખું મોઢું જોવા ઇચ્છે છે. માનસશાસ્ત્રની દ્રષ્ટિએ વિચારનારને આ સહજ સમજાય તેવું છે.

સુરૂચિનો ખ્યાલ પણ મોઢાના આવા ઢાંકણની વિરૂધ્ધ છે. આજથી ચાલીશેક વર્ષ પહેલાં લખેલી લેખમાળા ( આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન ) માં જૈનોની સુરૂચિજડતાનો મેં વિસ્તારથી ઉલ્લેખ કર્યો હતો. એ સુરૂચિજડતામાં આજે કોઇ મહત્વનો ફેરફાર થયો નજરે પડતો નથી. દિગંબર સાધુઓએ સ્વીકારેલી નગ્નતા માફક મુહપત્તીની પ્રથા પણ આ સુરૂચિજડતાનું જ એક દૃષ્ટાન્ત છે.

મુનિ સન્તબાલજી જણાવે છે કે "હું દૃઢપણે માનું છું કે જે વ્યકિત જે સંપ્રદાયમાં જન્મી હોય અને વિકાસ પામી હોય તે સંપ્રદાય અને સંપ્રદાયે આપેલાં ઉપકરણો છોડવાથી કે નવાં સજ-વાથી વટાળવૃત્તિ અને સંકુચિત વાડો બનવાનો ભય રહે છે." આ વિધાન કોઇ પણ અંશમાં તર્કસંગત લાગતું નથી. આજનો આખો વિચારપ્રવાહ સંપ્રદાયદૃષ્ટિ અને સંપ્રદાયવૃત્તિથી આમપ્રજાને બને તેટલી મુકત કરવા તરફ વહી રહ્યો છે. સંપ્રદાયદૃષ્ટિ અને વૃત્તિ જવાં જરૂરી હોય તો તેણે આપેલાં ઉપકરણોનો પરિત્યાગ પણ એટલો જ આવશ્યક બને છે. આજના વિચારપ્રવાહને ઓળખનાર અને પોતાને સંપ્રદાયદૃષ્ટિથી મુકત અને વિશ્વવાત્સલ્યના પરમ આરા-ધક તરીકે લેખનાર મુનિ સન્તબાલજી માત્ર મુહપત્તીને વળગી રહેવા ખાતર આવું વિધાન કરે એ ભારે આશ્ચર્યજનક છે. જેને વિશાળ જનતા સાથે તાદાત્મ્ય કેળવવું છે અને વાડાબંધીથી મુકત એવા દરિદ્રનારાયણની અને જનતાજનાર્દનની સેવા કરવી છે તેણે સંપ્રદાયવ્યામોહ અને સાંપ્રદાયિક વળગાડથી મુકત થયે જ છુટકો છે.

### હરિજન મંદિર પ્રવેશ અને જૈનો

જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ સામે વાંધો ઉઠાવ્યાના, દાખલ નહિ થવા દીધાના બનાવો કોઇ કોઇ ઠેકાણે બનતા સંભળાય છે. થોડા દિવસો પહેલાં અમુક મિત્રોની મંડળી શત્રુંજય ઉપર જવા

* જુઓ શ્રી નવલભાઈ શાહ વિરચિત 'સાધુતાની પગદંડી' પાનું ૬૬.

માંગતી હતી અને તેમાંના અમુક ભાઇઓ હરિજનો છે એવા કેવળ વહેમ ઉપર તે મંડળીને તળાટી આગળના બાબુના મંદિર પાસેથી પાછી વાળવામાં આવેલી એમ જાણવા મળ્યું છે. ઠેઠ ઉપર પહોંચેલા અમુક હરિજનોને આ જ કારણસર ઉપરથી પાછા તગડી મૂકવામાં આવેલા એમ પણ સાંભળવામાં આવ્યું છે. આ પ્રશ્ન વધારે ઉગ્રતા ધારણ કરે તે પહેલાં તે સંબંધમાં કાયદેસરની પરિસ્થિતિ શું છે અને જૈન ધર્મની દૃષ્ટિએ ઉચિત-અનુચિત પણ શું છે તેનો ખ્યાલ આપવાના હેતુથી આ નોંધ લખવામાં આવે છે.

મુંબઇ પ્રદેશમાં તેમજ ઘણા ખરા અન્ય પ્રાદેશિક રાજ્યોમાં હરિજનોને હિંદુ મંદિરમાં દાખલ થતા અટકાવી શકાય નહિ, હિંદુ શબ્દમાં હરિજનોનો સમાવેશ થાય છે, હિંદુ મંદિરમાં જૈન મંદિરોનો સમાવેશ થાય છે અને તેથી જૈન મંદિરમાં હરિજનોને દાખલ થતા અટકાવી શકાય નહિ—આવી કાયદેસરની સ્થિતિ પ્રવર્તે છે. નવું બંધારણ (કલમ ૨૫) પણ હિંદુ શબ્દમાં જૈનનો અને હિન્દુ સંસ્થામાં જૈન સંસ્થાનો સમાવેશ કરે છે અને તેથી હરિજનોને જૈન મંદિરમાં બીનઅટકાયત પ્રવેશ મળવો જોઇએ એમ બંધારણ ઉપરથી સૂચિત થાય છે.

આમ છતાં આજથી લગભગ ત્રણેક વર્ષ પહેલાં મુંબઇની હાઇકોર્ટ આગળ આ પ્રશ્ન ઉપસ્થિત થતાં એમ ચુકાદો આપવામાં આવેલો કે જૈન કોમ હિંદુથી અલગ કોમ છે, હિંદુઓને જૈન મંદિરમાં હકકથી પ્રવેશ મળતો નથી અને હરિજનો હિંદુઓમાં અન્તર્ગત હોઇને તેમને પણ હકકથી જૈન મંદિરમાં પ્રવેશ મળી શકે નહિ. અહિં એ સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે કે મુંબઇની હાઇકોર્ટનો ચુકાદો મુંબઇથી ઇતર પ્રદેશોને બંધનકર્તા નથી. તદુપરાન્ત રાજ્યબંધારણની કલમો મુંબઇની હાઇકોર્ટના ચુકાદાથી અન્ય પ્રકારની હોઇને કોઇ પણ સમયે આ આખો પ્રશ્ન સુપ્રીમ કોર્ટ આગળ લઇ જવામાં આવે તો તેનો નિર્ણય મુંબઇની હાઇકોર્ટના ચુકાદાને ઉલટાવવામાં આવે એવો પુરો સંભવ છે.

કાયદેસરની સ્થિતિ આ મુજબની છે. જૈન ધર્મની દૃષ્ટિએ વિચારતાં કોઇને પણ કબુલ કરવું પડે તેમ છે કે જૈન ધર્મમાં અસ્પૃશ્યતાને કશું પણ સ્થાન નથી, જૈન મંદિરમાં દર્શન કરવા નિમિત્તે આવતી કોઇ પણ વ્યકિતને નાત જાત ધર્મ કે વર્ણના કારણે અટકાવી શકાય એવું કોઇ શાસ્ત્રગ્રંથોમાં વિધાન નથી. ઉલ્ટું જૈનધર્મી ન હોય એવા જનસમુદાયને જૈનો જૈન મંદિરમાં સદા આવકારતા રહ્યા છે.

હિંદુ ધર્મની અનેક શાખાઓમાં જૈન શાખાની એક વિશેષતા એ છે કે અન્ય શાખાઓમાં અન્ય વ્યકિતને જોડાવાનો જન્મ સિવાય બીજી કોઇ રીતે હકક કે અધિકાર મળી શકાતો નથી કે આપી શકાતો નથી જ્યારે જૈન ધર્મે પોતાનાં દ્વાર સૌ કોઇ માટે ખુલ્લાં રાખ્યાં છે અને જે કોઇ ઇચ્છે તે જૈન ધર્મ અંગીકાર કરી શકે છે. આજ વૃત્તિ અને વલણ ઇસ્લામ અને ખ્રીસ્તી ધર્મનું રહ્યું છે અને તેથી તે તે ધર્મનાં સ્થાનકોમાં કોઇને પણ આવવાની અટકાયત કદિ કરવામાં આવતી નથી. આજ પરિસ્થિતિ જૈન મંદિરો વિષે હતી અને હોવી જોઇએ. જ્યાં સુધી હરિજન મંદિર પ્રવેશનો સવાલ ઉભો થયો નહોતો ત્યાં સુધી જૈન મંદિરમાં અમુક વ્યકિત કે વર્ગ દાખલ થઇ શકે નહિ એવી કલ્પના સરખી પણ કોઇને આવી જાણી નથી. માત્ર હિંદુઓ જ નહિ પણ અનેક પારસીઓ, મુસલમાનો અને અંગ્રેજોને, રાજાઓ અને નવાબોને, કલેકટરો અને કમીશનરોને ખાસ નિમંત્રણો આપીને જૈન મંદિરમાં લઇ જવામાં આવ્યા છે અને તેમણે આવીને જૈન સમાજ ઉપર મોટો ઉપકાર કર્યો હોય એવી અહોભાગ્યતા જૈન સમાજે ચિન્તવી છે. કમનસીબે અસ્પૃશ્યતાની રૂઢિ જૈનેતર હિંદુ સમાજમાંથી જૈન સમાજમાં આવીને એવું કોઇ ઘર કરી બેઠી છે કે જ્યારે જૈનેતર સમાજમાંથી અસ્પૃશ્યતા વિદાય લઇ રહી છે ત્યારે જૈન સમાજ તેને વળગી રહેવા માંગે છે અને હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો કોઇ હકક જ નથી એવી ગાંઠ પકડીને, હરિજનો જૈન મંદિરમાં દર્શનાર્થે આવવા ઇચ્છતા હોય તો તેમને હાંકી કાઢવા માંગે છે, તેમની સામે પોતાનાં મંદિરનાં દ્વાર બંધ કરવા ચાહે છે. આજની આવી કાંઇક પરિસ્થિતિ ભાસે છે.

આ આખો પ્રશ્ન હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ કરવાનો હકક છે કે નહિ એ રીતે નહિ, પણ હરિજનોને જૈન મંદિરમાં આવતા જૈન ધર્મની દૃષ્ટિએ જૈનો અટકાવી શકે કે નહિ એ દૃષ્ટિએ વિચારવો ઘટે છે. મુંબઇની હાઇકોર્ટ ગમે તે કહેતી હોય, અન્ય પ્રદેશોમાં કાયદેસર ગમે તે પરિસ્થિતિ હોય, પણ કોઇ પણ સમજદાર વિચારક અને જાણકાર જૈન કોઇ પણ વ્યકિતને પછી તે બ્રાહ્મણ હોય કે હરિજન—દર્શનાર્થે જૈન મંદિરમાં આવતી અટકાવી ન જ શકે, આ દીવા જેટલું સ્પષ્ટ છે. જેમ પાણીની પરબ સૌ કોઇના માટે ખુલ્લી હોય, જેમ સાર્વજનિક પુસ્તકાલય સૌ કોઇ માટે સુલભપ્રવેશ હોય તેમ જૈન મંદિર સૌ કોઇ માટે ખુલ્લું હોવું જોઇએ. તે જૈન જૈનેતરનો, નીચા ઉંચાનો, સ્ત્રી પુરૂષનો, હિંદુ મુસલમાનનો ભેદ કરી ન જ શકે. જેઓ સ્પૃશ્યઅસ્પૃશ્યનો ભેદ કરે છે, જેઓ જૈન મંદિરનાં દ્વાર એકને માટે ખુલ્લાં અને અન્યના માટે બંધ એમ વિધિનિષેધ કરે છે તેઓ જૈન ધર્મના પાયામાં રહેલી વિશાળતાનો ઇનકાર કરે છે, જૈન ધર્મના આત્માની હિંસા કરે છે. આજના સ્પૃશ્ય અસ્પૃશ્યના સંઘર્ષમાં દરેક સમજુ જૈને અસ્પૃશ્યતાના વિરોધમાં પોતાનો અવાજ ઉઠાવવો જોઇએ અને દરેક જૈન મંદિર સૌ કોઇના માટે ખુલ્લું મુકાયું છે એ સ્થિતિ સિધ્ધ કરવી જોઇએ. દરેક જૈન મંદિરના પ્રવેશદ્વાર આગળ પાટીયું લાગી જવું જોઇએ કે **"દર્શનાર્થી સૌ કોઇ માટે આ જૈન મંદિર ખુલ્લું છે."** જવાબદાર જૈનોએ આ હીલચાલ ઉપાડવી જોઇએ, જૈન મંદિરના ટ્રસ્ટીઓ સાથે વાટાઘાટ શરૂ કરવી જોઇએ, જૈન સમાજમાં આવું વિચાર વાતાવરણ ફેલાવવું જોઇએ, લોકમતનું દબાણ ઉભું કરવું જોઇએ અને સમજાવટ સિધ્ધ ન થાય તો એથી આગળના ઉપાયો હાથ ધરીને અને જરૂરી ઝુંબેશ ચલાવીને જૈન મંદિરોને સ્પૃશ્ય અસ્પૃશ્યના ભેદભાવથી અસ્પૃશ્યતાના કલંકથી સદન્તર મુકત કરવાં જોઇએ. જેના હાથમાં જૈન સમાજનું ભાવી છે એવા જૈન યુવાનોને આ બાબતમાં કટિબધ્ધ થવા પ્રાર્થના છે.

**પરમાનંદ**

## આફ્રિકાના ગ્રાહકબંધુઓને

અમારા સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહ ગયા વર્ષે આફ્રિકા આવેલા ત્યારે જે ગૃહસ્થોએ પ્રબુધ્ધ જીવનના ગ્રાહક તરીકે એક વર્ષનું લવાજમ આપેલ તેમનું લવાજમ પહેલી ડીસેંબર અથવા તો પંદરમી ડીસેમ્બરે પુરૂં થતુ હોઇ તેમને વાર્ષિક લવાજમના શીલીંગ ૮ નીચે જણાવેલ બે ઠેકાણામાંથી જ્યાં પસંદ પડે ત્યાં તુરત પહોંચતું કરવા વિનંતિ છે.

**ડૉ. એમ. ટી. શાહ**
ગવર્નમેન્ટ રોડ, બદુ હાઉસ,
પહેલે માળ, પો. બો. ૧૨૩૨, **નૈરોબી,**

**ડૉ. એ. યુ. શેઠ**
પો. બો. નં. ૧૯૫
**મોમ્બાસા.**

**વિષયસૂચિ** પૃષ્ઠ


નઇ તાલીમનું વિશ્વરૂપ — ધીરેન્દ્ર મજમૂદાર ૧૮૫
**પ્રકીર્ણ નોંધ**: કોંગ્રેસના પ્રમુખસ્થાન માટે વરાયલા આપણા ઢેબરભાઇ, મુહપત્તી અને મુનિ સન્તબાલજી, હરિજન મંદીર પ્રવેશ અને જૈનો. — પરમાનંદ ૧૮૭
મારી કહાણી — પંડીત બેચરદાસ ૧૯૧
આપણો મધ્યમવર્ગ — ડૉ૦ અમીચંદ છગનલાલ શાહ ૧૯૪

# ✲ મારી કહાણી ✲

(ગતાંકથી ચાલુ)

૧૨ ગોધાવીથી પાછો હું બાકીનો અભ્યાસ કરવા બનારસ પહોંચી ગયો. વ્યાકરણ તો શીખી ગયો હતો એટલે ન્યાયશાસ્ત્ર –પ્રાચીન ન્યાય–ના ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો. પ્રથમ પહેલાં જૈન ન્યાયના ગ્રંથો અવતારિકા, મંજરી વગેરેને ભણ્યો. પછી ન્યાયસૂત્ર, વૈશેષિક સૂત્ર, સાંખ્યકારિકા, વેદાંત પરિભાષા વગેરે વૈદિક ન્યાયના ગ્રંથોને ભણ્યો. નવીન ન્યાય ભણવો મને ગમ્યો જ નહીં એટલે તે હું નજ શીખ્યો. આ પછી હું હેમચંદ્રનું પ્રાકૃત વ્યાકરણ સારી મેળેજ શીખી ગયો. જાણે કે કોઇ પૂર્વ કાળમાં હું પ્રાકૃતભાષાને ભણેલો હોઉં તેમ એ ભાષા મને વ્યાકરણ શીખતા જ આવડી ગઇ અને પ્રાકૃત ઉપરાંત શૌરસની, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ ભાષામાં પણ નિપુણતા મળી ગઇ. સંસ્કૃત અને પ્રાકૃતમાં એવી ફાવટ આવી ગઇ કે તેમાં હું કવિતા પણ કરવા લાગ્યો.

પ્રાકૃતભાષા શીખ્યા પછી જ મારા નવીન જીવનના ગણેશ મંડાયા એમ કહું તો ખોટું નથી. એ ભાષા શીખ્યા પહેલાં જૈન ધર્મ પ્રત્યે મને કેવળ અંધશ્રદ્ધા–પરંપરાગત શ્રદ્ધા–હતી અને જૈન આચારો તરફ પણ કેવળ રૂઢ શ્રધ્ધા હતી. એ ભાષા શીખ્યા પછી જૈન આગમોને વાંચવાનું શરુ કર્યું. નંદી સૂત્ર અને આચારાંગનો કેટલોક ભાગ કંઠાગ્રે પણ કરી નાંખ્યો. આગમો વાચતાં એવો અદ્‌ભુત રસ આવતો કે જાણે આગમોને વાંચ્યા જ કરું એમ થયા કરતું. આગમોના વાંચન સાથે મને એ વખતે ભરુચવાલા શેઠ અનોપચંદ મલુકચંદે લખેલો એક લેખ જૈન ધર્મ પ્રસારક સભાની સીલ્વર જ્યુબિલીના અંકમાં છપાયેલો વાંચવા મળ્યો. આગમોનું વાંચન અને આ લેખનું સમર્થન મળતાં જ મારી આંખ ઉઘડી ગઇ, અંધકાળના પડળ ખસી ગયાં અને વિવેક સાથે વિચારવાની અને એકબીજા વિચારની તુલના કરવાની વૃત્તિ મારામાં જાગી ગઇ. આથી કરીને ગુરૂ તરીકેની જૈન સાધુઓ ઉપરની મારી શ્રદ્ધા ડગી ગઈ તેમ જે જૈન આચારોને હું વ્યવહારમાં આચરાતા જોતો તેમાં તથ્યાંશ ઘણો ઓછો છે એમ ભાસવા માંડયું. શ્રાવક આગમો ન વાંચી શકે એ વાતની મને તો ખબર ન હતી અને પાઠશાળાના આધસ્થાપક મહારાજશ્રીએ મને આગમો વાંચતા રોકયો પણ ન હતો. રાતના બે વાગ્યે ઉઠીને આગમોને વાંચતો અને ગોખતો અને શાંત મને ગંભીર રીતે વિચારતો ત્યારે ભગવાન મહાવીરનાં વચનો મને સોસરાં ઉતરી જતાં અને કેટલીકવાર રડી પણ પડતો એવામાં એક સદ્‌ગૃહસ્થે મારા આગમોના વાચન સામે વાંધો ઉઠાવ્યો, પણ એ સદ્‌ગૃસ્થ જ્યાં સુધી પાઠશાળામાં હતા ત્યાં સુધી તેઓ વાંધો ન લઇ શકે એવી ગોઠવણ મહારાજશ્રીએ સમયસૂચકતા વાપરીને ગોઠવી દીધી. મને આગમો ઉપર એવો સદ્‌ભાવ જન્મ્યો કે એમના અધ્યયન વિના જીવન નિરર્થક જેવું ભાસવા લાગ્યું. સાથે સમાજમાં પ્રવર્તતા રૂઢ જડ વિધિવિધાનો, મુનિઓના આચારો અને શ્રાવકોના આચારો પ્રત્યે અનુકંપા છુટી. જો આ લોકો આગમોનું સીધું વાંચન કરે તો તેઓ જરૂર સમજી જાય અને બની શકે તેટલું શુદ્ધ રીતે વર્તવા પ્રયાસ કરે. આ માટે આગમોને લોકભાષામાં ઉતારવા જોઇએ. આ વિચાર આવતાં જ મેં પ્રતિજ્ઞા કરી કે મારે સાહિત્યનું સૌથી પહેલું કામ આગમોના અનુવાદનું જ કરવું. પૈસા મળે કે ન મળે, ભલે ભિખારી રહું વા ગમે તે કષ્ટ આવી પડે છતાં આગમોના અનુવાદનું જ કામ કરવું, કરવું તે કરવું જ એ નક્કી કરી નાખ્યું. આ પછી મેં અમદાવાદ, મુંબઇ, પૂના અને રાજકોટમાં રહીને ભગવતી સૂત્રના બે ભાગ મૂળ, મૂળનો અનુવાદ, ટીકા, ટીકાનો અનુવાદ તથા પ્રથમ ભાગમાં શબ્દકોશ તથા બીજા ભાગમાં તુલનાત્મક ટિપ્પણો સાથે તૈયાર કરી શેઠ પુંજાભાઇ હીરાચંદ દ્વારા સ્થાપિત શ્રી જિનાગમ પ્રકાશક સભા દ્વારા પ્રગટ કરી દીધા. આ કામમાં મને કોઇનો સહકાર ન મળ્યો એ તો ઠીક, પરંતુ સમાજના મુનિઓ અને ગૃહસ્થો તરફથી ભારે વિઘ્નો નડયાં, માર ખાતો ખાતો બચી ગયો. શ્રી નેમવિજયજી સંચાલિત જૈન એડવોકેટની ફાઇલો જોનારને એ વિઘ્નોની પરંપરાનો ખ્યાલ આવી શકે. એ છાપું આગમોના અનુવાદની વિરૂધ્ધ જ લખતું અને અંગત આક્ષેપો અને ગાલિપ્રદાન પણ કરવા ચૂકતું નહી. છતાં મેં તો જે ધાર્યું તે કરી શકયો તેનો મને પુરો સંતોષ છે, અને એ બન્ને ભાગો વિરોધ કરનારાઓએ જ ખરીદી લીધા છે. એ વળી વિશેષ સંતોષની વાત છે. મારી આ પ્રવૃત્તિ પછી કટ્ટરમાં કટ્ટર (ભાવનગર) જૈન ધર્મ પ્રસારક સભાએ પણ આગમોના અનુવાદ બહાર પાડવાનું શરૂ કર્યું એ વળી વધારે આનંદજનક કહેવાય. પછી તો ગુપ્તમાં ગુપ્ત રખાતાં છેદ સૂત્રો પણ પ્રકાશિત થઇ ગયાં. આગમોના અનુવાદની પ્રવૃત્તિમાં મારાં માતાજી પણ ભારે બાધક થયેલાં, સાધુઓએ તેમને ઉંધુંચતું સમજાવેલ, તેથી તેઓ મારી આ પ્રવૃત્તિથી ભારે નારાજ થયેલાં. પરંતુ પાછળથી ખરી વાત સમજી ગયાં હતાં.

૧૩ આગમો વાંચ્યા પહેલાં પાઠશાળામાં હું પહેલા નંબરનો ગુરૂભક્ત, ધર્મપરાયણ કહેવાતો તે હવે તે વાંચ્યા પછી તદ્દન બદલાઇ ગયો. પહેલાં ગુરૂવંદન વખતે હું સૌથી મોખરે રહેતો. હવે તદ્દન પાછળ રહેવા લાગ્યો અને માત્ર શિસ્તને પાળવા ખાતર આ વંદન કરવાનું માનવા લાગ્યો. મહારાજશ્રી તરફનો મારો ગુરૂભાવ માત્ર ચાલ્યો ગયો. પરંતુ તેમનો મારા પર જે ઉપકાર છે તે તો કદી પણ હું ભૂલી શકું તેમ નથી. ગુરૂભાવ જુદી વાત છે અને ઉપકારીપણું સ્વીકારવું એ તદ્દન જુદી વાત છે. પહેલાં હું મહારાજશ્રીની નિયમિત પગચંપી કરતો તે હવે તદ્દન છોડી દીધી, હાં, તેઓ માંદા હોય યા રોગગ્રસ્ત હોય તો જરૂર સેવા કરતો, પરંતુ કેવળ એક શુધ્ધ ગુરૂ માનીને જે જે પ્રવૃત્તિ થતી હતી તે બધી જ હવે થંભી ગઇ. મહારાજશ્રી પણ મારો આ ફેરફાર બરાબર જોઇ શકયા. તેઓએ મને સમજાવવા કોશીશ કરી, પણ હું ચલિત ન થઇ શકયો.

૧૪. જ્યારે હું બનારસમાં ન્યાયતીર્થ અને વ્યાકરણતીર્થ થઇ ગયો ત્યારે મેં મહામહોપાધ્યાય શ્રી ગંગાધર શાસ્ત્રીજીએ લખેલું 'અલિવિલાસિસંલાપ' નામનું એક સંસ્કૃત કાવ્ય જોયું હતું. તે વાંચ્યું તો માલમ પડયું કે તેમાં જૈન ધર્મનું અપ્રામાણિક રીતે ખંડન કરેલ છે. અત્યારે તો હું તેનો જવાબ ન જ લખું પણ તે વખતે તેનો જવાબ ''ગંગાધર શાસ્ત્રીજી કે અસત્ય આક્ષેપોં કે ઉત્તર' નામે એક ચોપડી હિંદીમાં લખીને વાળેલો અને એના લેખકના નામ તરીકે મેં મારું તખલ્લુસ નામ 'સચ્ચિદાનંદ ભિક્ષુ' રાખેલું. એ ચોપડી પાઠશાળાના વ્યવસ્થાપકે બનારસમાં સારી રીતે ફેલાવેલી એ મને બરાબર યાદ છે.

(હવે પછીના પ્રસંગો બનારસ પાઠશાળા સાથે જોડાયલા નથી.)

૧૫ જ્યારે મેં મૂળ આગમો વાંચ્યા ત્યારે મારા મનમાં મૂર્તિપુજાની વર્તમાન આડંબરવાળી પદ્ધતિ, દેવદ્રવ્યની વર્તમાન રક્ષણપધ્ધતિ, શ્વેતાંબર દિગંબરના ભેદનો વિચાર, કથાઓમાં અતિશયોકિતવાળાં ફળાદેશોનું વર્ણન વગેરે અનેક વિષયો વિશે ખુબ મંથન થયું અને તે માટે મેં મારી જાતે જે કાંઇ સમજાય તેવું સમજી અમુક વિચારો બાંધ્યા. મુંબઇમાં

જ્યારે ભગવતીસૂત્રના અનુવાદનું કામ કરતો હતો ત્યારે એ વિચારો ખૂબ ઘોળાતા હતા. કોઇ મિત્રને એ વિષે વાત કરૂં તો તેઓને મારા વિચારો કેટલેક અંશે વ્યાજબી લાગે, પરંતુ મને સાંભળનારા દરેક મિત્ર એ વિચારોને જાહેરમાં ચર્ચવાની ના જ પાડે. હું પણ જાણીજોઇને એવું ન કરતો, પરંતુ જ્યારે એવી એક સભામાં બોલવાની તક મળી ત્યારે શ્રી મોતીચંદભાઇના અધ્યક્ષપણા નીચે મેં મારા મનમાં ઘોળાતા અને ઉછાળા મારી બહાર નીકળવા મથતા એ વિચારોને માંગરોળ જૈન સભાના હોલમાં સ્પષ્ટપણે વિસ્તારથી જાહેર કરી દીધા. લગભગ દોઢેક કલાક બોલ્યો હોઇશ. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનથી માંડી મહાવીર સ્વામી સુધીનો અને તે પછી શ્રી હરિભદ્રસુરિ સુધીનો મારી જાણમાં આવેલો એવો ઇતિહાસ કહી સંભળાવ્યો અને ચૈત્યવાસ, ચૈત્ય વગેરેની વાત પણ જાહેરમાં ચર્ચી તથા દેવદ્રવ્ય ચૈત્યવાસનું પરિણામ છે એમ જણાવી તેનો સાતે ક્ષેત્રમાં ઉપયોગ થઇ શકે એવું શ્રી હરિભદ્રનું વચન ટાંકી બતાવી તે બાબત ચર્ચા પણ કરી દીધી. એકંદર જૈન સાહિત્યમાં પ્રથમ શું હતું અને પછી તેમાં વિકાર થવાથી સંઘને કેટલી બધી હાનિ થઇ છે અને એ હાનિ હજુ પણ ચાલુ જ છે એ હકીકત સવિસ્તર નિર્ભયપણે કહી દીધી. જ્યારે મેં આ ભાષણ કરેલું ત્યારે હું ભગવતીના કામથી અંગત કારણને લીધે છૂટો થઇ ગયો હતો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તત્ત્વાર્થસૂત્રનાં ટિપ્પણો લખવાનું કામ કરતો હતો. આ મારૂં ભાષણ તે વખતના મુંબઇનાં સુપ્રસિદ્ધ તમામ દૈનિકોમાં મોટાં મોટાં મથાળાં સાથે છપાયું તેમાં મેં કહ્યા કરતાં વધઘટ થયેલી પણ મેં જોઇ. જૈન સમાજ જે તદન શાંત હતો તે આથી ભારે ખળભળી ઉઠયો અને મને સજા કરવા સુધીની વાત આવી પહોંચી. મારી પાસે શાસ્ત્રબળ હતું એટલે હું જરાય ગભરાતો ન હતો તેમ ડરતો પણ ન હતો. અમદાવાદની ગુરૂશાહી દ્વારા પ્રેરાયેલા નગરશેઠે મને નોટીસો મોકલી; એક નહીં બે. મારે કશો જવાબ આપવાપણું જ નહોતું. છતાં મેં તે વખતે હિંદુસ્તાન પત્રમાં 'સમાજની લાલ આંખો' એવા શા મથાળા નીચે એક લેખ લખ્યો અને આગેવાનોને જણાવ્યું કે મારૂં આખુંય ભાષણ હું મારી જાતે તમોને લખી આપું. પછી તેની સચાઇ વા જુઠાઇ બાબત નિર્ણય માટે તમે એક તટસ્થ પંચ નીમો અને પછી જે સજા મને થવાની હોય તે હું હસતે મુખે સહેવા તૈયાર છું, એટલું જ નહી પણ મેં એમ પણ કહેલું કે હું તો એક વિદ્યાર્થી અભ્યાસી છું. મેં મારી રીતે આગમો વાંચ્યા છે અને એમાંથી જે વિચારો મને ઉદ્દભવ્યા તે મેં તમારી સામે મૂકયા છે. તે વિચારો ખરાજ હોય વા પૂર્ણ જ હોય એવો મારો દાવો નથી, પરંતુ ગુરૂશાહીએ મારી આ એકકે વાત કાને ન ધરી અને ઘણા યુવકોના વિરોધ વચ્ચે અમદાવાદના નગરશેઠે મને સંઘ બહાર જાહેર કર્યો.

૧૬ મારી મહાવીર જૈન વિદ્યાલયની નોકરી છૂટી ગઇ, એ વખતે મારો નાનો ભાઇ માંદો હતો. એટલે ઠીક ઠીક વિપત્તિનું વાદળ આવી ગયું. મુંબઇમાં ભાષણ કરી હું કોઇ કૌટુંબિક પ્રસંગે ભાવનગર ગયેલો તો ત્યાંની તે સમયની રૂઢ સંસ્થા જૈન ધર્મ-પ્રસારક સભાના આગેવાનો મારા ઉપર ચીડાયેલા. ખાસ તો મારા ભાષણમાં શ્રી મોતીચંદભાઇએ અધ્યક્ષપણું કરેલું અને મારા ભાષણ વિશે એમ કહેલું કે "આ વકતા અંગ્રેજી મુદ્દલ જાણતો નથી અને આગમોનો અભ્યાસી છે. ભાષણમાં એણે આગમોના ચોકબંધ પાઠોના જે પ્રમાણો આપેલાં છે તે જરૂર વિચારવા જેવાં છે. અને આજકાલ સ્વપ્નોની જે પૂજા થાય છે તેને હું પણ લોકોત્તર મિથ્યાત્વ માનું છું" ઇત્યાદિ તેમનું કથન સાંભળી અમદાવાદની તે વખતની ગુરૂશાહી તેમના ઉપર ચિડાયેલી. તેમને બચાવી લેવા પ્રસારક સભાએ કાંઇક પ્રયત્ન આદરેલો. મને પ્રસારકસભામાં બોલાવ્યો અને અનેક પ્રશ્નો પૂછયા. એટલે મેં તો હું જાણું છું તેમ તે દરેક પ્રશ્નના જવાબો આપેલા અને વળતે જ દિવસે જૈન છાપામાં 'જૈન સમાજનું તમસ્તરણ' નામનો એક લેખ રૂપકાત્મક કલ્પીને છાપવા મોકલી દીધો. એ લેખ છપાયો એટલે તો મારા ઉપર સમાજ તુટી જ પડયો. મને નાતબહાર મૂકવાના પ્રયત્નો ગતિમાન થયા અને મને અનેક રીતે કેમ હેરાન કરવો એ જ જૈન સમાજે નિર્ણય કર્યો હોય એમ મને લાગ્યું. મારૂં ધ્યાન તો આ વખતે મારા કુટુંબના નિર્વાહ તરફ કેન્દ્રિત થયેલું એટલે સામાજિક આ વિપત્તિની મને એટલી બધી અસર ન થઇ. હું તે વખતે રતલામ એક જૈન ગ્રંથના સંપાદન માટે પહોંચી ગયેલો. પણ ત્યાંનું વાતાવરણ ઘણું જ દૂષિત લાગવાથી મારા જીવનને હાનિ થવાનો સંભવ જોઇ એ કામ મેં છોડી દીધું અને ફરી પાછું ભગવતીના અનુવાદનું કામ પ્રારંભ્યું અને તે છેવટ રાજકોટમાં રહીને પુરૂં જ કર્યું. મારૂં કુટુંબ ભાવનગર હતું અને હું એકલો જ રતલામ ગયેલો, પણ પછી પૂનામાં અને રાજકોટમાં કુટુંબ સાથે જ રહેલો. જ્યારે મારા ઉપર વિપત્તિની નોબતો વાગતી હતી ત્યારે મારા સગા કાકાના દીકરા ભાઇ ભગવાનદાસને એમ લાગેલું કે કદાચ બેચરદાસ નાતબહાર મુકાય તો એમનો અને મારો સંબંધ ન રહી શકે. એટલે મને સમજાવવા તેમણે પંડિત સુખલાલજી સાથે ઘાટકોપરમાં સંદેશો મોકલેલો અને તડજોડ કરી લેવાની વાત કહેવરાવેલી પણ મને એ ન જ ગમ્યું અને હું એકલોજ જે આવી પડે તે સહી લેવા તૈયાર થયો. મારાં માતાજી જરૂર રોષે ભરાયાં, પણ મારાં પત્ની શ્રી અજવાળીએ મને 'તમે ખરા-સાચા હો તો લેશ પણ ન ડરશો' એમ ભાર દઇને કહેલું એ બરાબર મને યાદ છે.

૧૭ પ્રાકૃતભાષા શિખ્યા પછી મને અને ભાઇ હરગોવિંદદાસને કલકત્તાવાળા પ્રોફેસર અને પ્રેસીડેન્સી કોલેજ (કલકત્તા)ના પ્રીન્સીપાલ શ્રી શતીશચંદ્ર વિદ્યાભૂષણની સાથે પાલી ભાષા અને બૌધ્ધ આગમો શિખવા સારૂ મહારાજશ્રી ધર્મવિજયજીએ કોલંબો મોકલેલા અને અમે બન્ને ત્યાં આઠેક માસ રહી પાલીભાષા અને મજ્જિમનિકાયગ્રંથ શીખી આવ્યા. કોલંબોના મોલગાકાંડે રોડ ઉપર આવેલા વિદ્યોદય પરિવેણમાં અમે ભણવા રહેલા. ત્યાંના આચાર્ય શ્રી સુમંગલસ્થવિરે અને ત્યાંના ઉપાચાર્ય શ્રી જ્ઞાનેશ્વર સ્થવિરે અમને ઘણા પ્રેમપૂર્વક પાલી ભાષા અને પિટકગ્રંથ શીખવ્યા. તેઓ કટ્ટર બૌધ્ધ હતા, છતાં અમારા તરફ તેમની સહાનુભૂતિ પુત્રવત્ હતી. આજે પણ મનમાંથી એમનાં ચિત્રો ખસતાં નથી. કોલંબોથી આવ્યા પછી પાછા અમે બન્ને (ભાઇ હરગોવિંદદાસ અને હું) શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના કામમાં લાગી ગયા. તેમાં પંદર સત્તર ગ્રંથો અમે બન્નેએ સાથે રહીને સંપાદિત કર્યા. ગ્રંથમાળા માટે મારે બાર બાર કલાક અને કયારેક તો અઢાર અઢાર કલાક કામ કરવું પડતું. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે પૂર્વોકત ભાષણ વગેરેની પ્રવૃત્તિ મેં ત્યારે જ કરેલી જ્યારે બનારસ તદન છોડી દીધેલું.

જ્યારે મેં મુંબઇમાં 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' એ વિશે ભાષણ કરેલું ત્યારે પૂજ્ય ગાંધીજી મુંબઇમાં ગામદેવીમાં મણિભવનમાં હતા. ભાષણ પછી જૈનસંઘે મારા ઉપર જે આક્રમણ કરેલું તે વિશે મેં મહાત્માજીને વાત કરી તો તેઓએ સ્પષ્ટ શબ્દોમાં મને સૂચવ્યું કે તમારી વાત શાસ્ત્રની દૃષ્ટિએ તમને પ્રામાણિક લાગતી હોય તો ગમે તેમ થાય તો પણ ડગશો નહિ અને કોઇ ઉપર રોષે પણ ભરાશો નહી. તમે મુંઝવણમાં પણ પડશો નહી. નવી વાત કહેનારને માટે સમાજ હમેશા આમ જ કરતો આવેલ છે એ જાણીતું છે.

૧૮ પ્રાકૃતભાષા શિખ્યા પછી મેં ઘણા મુનિઓને પણ એ ભાષા બનારસમાં જ શિખવી દીધી તથા જ્યારે ભગવતી સૂત્રના અનુવાદનો પ્રસંગ ઉભો થયો તે પહેલાં મેં પાલી મારવાડમાં રહીને આખુંય ભગવતીસૂત્ર મુનિ ભક્તિવિજયજી (વર્તમાન વિજય ભક્તિસૂરિ) ને શિખવી દીધેલું. મને એ વખતે આશ્ચર્ય થયેલું કે અનુવાદ કરવાનો તો આ મુનિઓ વિરોધ કરે છે અને મારી પાસે ભગવતીસૂત્રને વાંચતા જરાય અચકાતા નથી. મને એમ પણ લાગેલું કે સમાજ ઓઘભાવે અંધપરંપરાએ ચાલતો હતો. તેનો અમુક એક ચોકકસ ધ્યેયવાળો કોઇ સિધ્ધાંત હોય એવું નહીં જણાયેલું. પાલી મારવાડમાં જવાનું અને ત્યાંની ભગવતીસૂત્રને વંચાવાની નોકરી કરવાનું ખાસ કૌટુંબિક કારણ હતું. મેં આગળ કહ્યું છે તેમ મહારાજશ્રીના નિત્યનાં પ્રવચનો સાંભળી સાંભળીને મારૂં મન મારા માતાજી તરફથી ઉઠી ગયેલું અને પરણવા તરફ પણ ભારે અરૂચીવાળું થયેલું. મારાં માતાજીએ આ જાણ્યું ત્યારે તેમણે મને કીધું કે "ભાઇ, તું તો પરણે ત્યારે ખરો પણ આ નાનાભાઇને વહેલો પરણાવી દે જેથી મારૂં ઘર વહુવાળું થાય અને મને નિરાંત થાય." એમનાં એ વચનને માન્ય કરીને મેં ભાઇના લગ્નના ખર્ચ માટે એ પાલીવાળી નોકરી સ્વીકારેલી અને નાના ભાઇના વિવાહ કરી દીધા. પણ આગળ લખ્યું તેમ એ જુનાં પ્રવચનોની અસર જે મારામાં થયેલી તે આગમોના વાચનથી તદ્દન નાબૂદ થઇ ગઇ અને મેં ઉપર કહ્યું તેવું ભાષણ પણ આપ્યું અને જ્યારે બરાબર સ્વાવલંબી થયો ત્યારે પહેલીવાર ભાવનગરમાં જ પરણ્યો. એ લગ્ન માત્ર છ માસ લગભગ રહ્યું. પછી એકાદ વરસ પછી પાછો ફરીવાર હું અમરેલીમાં પરણ્યો છું અને વર્તમાનમાં અમદાવાદમાં રહું છું.

૧૯ ભગવતીનો અનુવાદ કરતો હતો ત્યાં ૧૯૨૧માં પૂ. ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ સ્થાપ્યું. તેમાં સંશોધન સંપાદનના કામ માટે એક મોટો ગ્રંથસંગ્રહ કરવાની શરૂઆત કરેલી અને તેને માટે શેઠ પુંજાભાઇએ સારૂં એવું દાન પૂ ગાંધીજીને આપેલું. શ્રી રાયચંદ ગ્રંથભંડારને નામે વર્તમાનમાં એ સંગ્રહ છે. એમાં સર્વધર્મ સમભાવની દૃષ્ટિએ ભારતીય તમામ ધર્મોનું સાહિત્ય તૈયાર કરવું એવી શ્રી ગાંધીજીની ભાવના હતી. તે માટે ધર્માનંદ કોસંબી, મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, અધ્યાપક આથવલે, હરિનાથારણ આચાર્ય વગેરે લોકોની એક મંડળી પોતપોતાના વિભાગનું કામ ચલાવતી. પંડિત સુખલાલજી સન્મતિતર્કનું સંપાદન કરવા ચાહતા હતા અને એ માટે તેમણે મારી માગણી કરી તેથી ભગવતીના બે ભાગનું કામ પૂરૂં કરી હું ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયો અને ૧૯૨૨થી અમદાવાદમાં આવીને જ વસ્યો. વિદ્યાપીઠના પ્રસંગને લીધે પૂ. ગાંધીજીનો પ્રસંગ વધ્યો, સંત શ્રી કેદારનાથજી, શ્રી મશરૂવાળા, શ્રી નરહરિભાઇ વગેરેનાં પરિચયનો પણ પ્રસંગ પડતો રહ્યો. આશ્રમના જીવનનો પણ વારે વારે પ્રસંગ આવવા લાગ્યો. એટલે એ બધાની મારા ઉપર ઠીક અસર થઇ અને એથી મારૂં જીવન ધન્ય થયું છે એમ હું માનું છું.

૨૦ જ્યારે બંગાળના ભાગલા થયા ત્યારે હું બનારસમાં હતો, તે વખતે રાષ્ટ્રીય પ્રવૃત્તિ કેવી હોય અને આપણે રાષ્ટ્ર સાથે કોઇ જાતનો સંબંધ છે એનો લેશ પણ ખ્યાલ ન હતો. પરંતુ જેમ આગમો વાંચવાથી મારી ધર્માંધ આંખો ખુલી ગઇ તેમ બંગભંગને લીધે ચાલેલા સ્વદેશી આંદોલનને લીધે રાષ્ટ્ર પ્રતિ મારી શી ફરજ છે એ બરાબર સમજાઇ ગયું. તે વખતે પાઠશાળામાં મેં સ્વદેશી કાપડ અને સ્વદેશી ખાંડની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞામાં બીજા પણ વિદ્યાર્થીઓ સાથે હતા. પરંતુ તેઓ છેવટ સુધી નહીં ટકી શકેલા. પાઠશાળામાં દરેક તેરશને દિવસે મિષ્ટાન્ન થાય, પણ તે મિષ્ટાન્ન મેં લગભગ છ મહિના સુધી હરામ કરેલું. એટલે પાઠશાળાના વ્યવસ્થાપક મહારાજશ્રીએ ખાસ મારા માટે કોઠારમાં સ્વદેશી ખાંડ રાખવાનો હુકમ આપ્યો અને સ્વદેશી કપડાં માટે મેં મારા મામાને પત્ર લખીને ભોજાવદરી વેજાં મંગાવી તેનાં કપડાં શિવડાવેલાં અને ધોતિયું પણ તે વેજામાંથી જ બનાવેલું. એ વેજાં એવાં પાટિયા જેવાં સજ્જડ હતાં. કે કડ ઉપર મજબૂત દોરો બાંધ્યા વિના રહી જ ન શકે. અર્થાત્ બંગભંગની ચળવળના સમયથી મારા મનમાં રાષ્ટ્રીય ફરજનો ખ્યાલ આવી ગયેલો તે જ્યારે મને પૂ. ગાંધીજીનો સમાગમ થયો ત્યારે શુદ્ધ અને પૂર્ણપણે સમજાઇ ગયો. મારી મર્યાદા અને પરિસ્થિતિ પ્રમાણે તેને મેં આચારમાં પણ આણ્યો છે. વિદ્યાપીઠમાં લગભગ અગિયાર વરસ રહ્યો તે દરમિયાન સન્મતિતર્કના સંપાદનનું કામ પુરૂં થયા પછી મેં બે જૈનસૂત્રોના અનુવાદનું કામ પણ વિદ્યાપીઠમાં જ રહીને કરેલું. પછી તો મહાત્માજીની પવિત્ર દાંડીકૂચ આવી. તે વખતે મહાત્માજીએ મને યરોડાથી પત્ર લખીને ખાસ જણાવેલું કે તમારે તો પુંજાભાઇ ગ્રંથમાળાનું જ કામ કરવાનું છે. પણ મારૂં મન ન માન્યું. વયોવૃદ્ધ મહાત્માજી જેવા સંતપુરૂષ જેલમાં હોય ત્યારે મને બહાર રહીને કામ કરવાનું ફાવતું જ ન હતું. તેથી હસ્તલિખિત નવજીવનનું તંત્રીપણું સ્વીકારવા ખુબ હોંશે તૈયાર થયો. ઘરમાં પત્નીએ (શ્રી અજવાળીએ) પણ ઘણી રાજીખુશીથી સંમતિ આપી. તે પોતાના ભાવી સંકટનો ખ્યાલ ન કરી કેવળ મારી ભાવનાને પોષવા તૈયાર થઇ એ મારે માટે વિશેષ આનંદનો વિષય બન્યો. નવ મહિના વીસાપુરમાં જઇ તપશ્ચર્યા કરી આવ્યો અને પછી જ્યારે બહાર નીકળ્યો કે તરત જ મારા ઉપર ડિપોર્ટ થવાનો હુકમ બજવાથી બીજા પાંચ વરસ મેં ભારે રખડપાટ કર્યો. એ રખડપાટ દરમિયાન હું તીવરી, કુચેરા, પાલી વગેરે મારવાડમાં આવેલાં સ્થળોએ જઇ સ્થાનકવાસી જૈન સાધુઓને ભણાવતો અને મારા કુટુંબનો નિર્વાહ કરતો. મારે માટે એ કપરો સમય હતો તે કરતાં મારાં પત્ની અને છોકરાંઓ તથા મારાં માતાજી માટે ભારે કપરો સમય હતો. છતાં રાષ્ટ્રીય પ્રબળ ઉત્સાહના પૂરમાં એ કપરો સમય આનંદ સાથે પસાર થઇ ગયો. એ કપરા સમયમાં મારાં પત્નીને ઓથ માત્ર પોતાના આત્મબળની જ હતી એ હકીકત હું આનંદ સાથે જણાવું છું.

૨૧ બનારસમાં રહીને જ્યારે યશોવિજયજી જૈન ગ્રંથમાળાનું સંપાદન કરતો હતો ત્યારે એ અરસામાં એ જ ગ્રંથમાળામાં મેં પ્રાકૃતભાષાને શીખવા માટે એક પ્રાકૃતમાર્ગોપદેશિકા નામની નાની ચોપડી લખી હતી. પછી જ્યારે વિદ્યાપીઠમાં જોડાયો ત્યારે એક મોટું પ્રાકૃત વ્યાકરણ તથા અપભ્રંશનું વ્યાકરણ પણ લખેલું, જેને વિદ્યાપીઠે પ્રકાશિત કરેલ છે. ગ્રંથમાળાનું કામ બંધ થતાં મારા ઉપર 'જૈન શાસન' નામના એક પાક્ષિક પત્રના સંપાદનનો ભાર આવી પડેલો. એ પત્રમાં હું કેટલાક શાસ્ત્રીય વિષયો વારવાર ચર્ચતો. મર્યાદિત દીક્ષાની પધ્ધતિ, દીક્ષા લીધા પછી તે ન પાળી શકાય એવું લાગે તો દીક્ષા છોડી દઇને સિદ્ધપુત્ર થવાની વા શ્રાવકધર્મ આચરવાની પ્રાચીન રીત, ઉપધાન વગેરેની જે ભારે ખર્ચાળ અને જડ પધ્ધતિ વર્તમાનમાં ચાલે છે તે બાબત પણ શાસ્ત્રીય દૃષ્ટિએ ચર્ચા કરતો. એ પત્રનું સંપાદન મારે થોડા મહિના કરવું પડયું, પછી તો હું મતભેદને કારણે તેમાંથી છૂટો થઇ ગયો.

૨૨ જ્યારે મુંબઇમાં ભગવતીનું કામ કરતો ત્યારે મને થયું કે યુનિવર્સિટીમાં સંસ્કૃતને સ્થાન છે, પાલીને સ્થાન છે તો પછી જૈનશાસ્ત્રોની અર્ધમાગધી પ્રાકૃતને શા માટે સ્થાન નહીં? આ બાબત મેં જિનાગમ પ્રકાશક સભાના મંત્રી શ્રી મનસુખલાલ રવજીભાઇ સાથે ચર્ચા કરી અને એ વિશેના મારા વિચારો સ્પષ્ટપણે રજુ કર્યા. તેમણે મને જણાવ્યું કે અર્ધમાગધી પ્રાકૃતમાં જે જે પ્રકારનું અને જે જે વિષયને લગતું સાહિત્ય હોય તે વિશે બરાબર

એક મોટી નોંધ તૈયાર કરો અને એ સાહિત્યનો મુંબઇ યુનીવર્સિટિને બરોબર ખ્યાલ આવે એવો એક સ્પષ્ટ ભાષામાં નિબંધ લખો. તેમની સુચના પ્રમાણેની નોંધ અને નિબંધ તૈયાર કરી મેં તેમને આપ્યાં. તે બધું લઇ તેઓ શ્રીમાન દીવાનબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી પાસે પહોંચ્યા. એમણે એ ચર્ચા શ્રી નરસિંહરાવભાઇ દિવેટીઆ સાથે કરી અને થોડા જ દિવસમાં મેં સાંભળ્યું કે સંસ્કૃતની પેઠે જ હાઇસ્કુલમાં પાંચમી ચોપડીથી અર્ધમાગધી ભાષા પણ શરૂ કરવાનું મુંબઇ યુનિવર્સિટીએ જાહેર કર્યું છે. આથી મને ઘણો જ આનંદ થયો અને આ રીતે મારાથી જૈન આગમોની ભાષાની સેવામાં યતકિંચિત નિમિત્તરૂપ થવાયું તેથી પણ મને ધન્યતા લાગી.

અપૂર્ણ **બેચરદાસ જીવરાજ દોશી.**

# આપણો મધ્યમ વર્ગ

આજે મધ્યમ વર્ગની મુશ્કેલી ઘણી વધતી ગઇ છે અને તેનો વિચાર કરી ઘણા મધ્યમ વર્ગના માણસો નિરાશા અનુભવે છે અને જગતનો, સમાજનો, સરકારનો, જમાનાનો અને પૈસાવાળાઓનો વાંક કાઢીને પોતાનો કશો જ વાંક નથી એમ માની તમામને દોષ દઇ રહયા છે. સમાજના બદલાતા સંજોગો, જગતમાં ચીલઝડપે થઇ રહેલા ફેરફારો, રાજ્યમાં થતા કાયદાના અને વહેવારના ફેરફારોને મુકાબલે પોતે કેટલા ફેરફાર અપનાવ્યા છે અથવા તો જમાનાને અનુસરી પોતાનું કર્તવ્ય શું તેનો વિવેકપૂર્વક વિચાર કરવાને બદલે માત્ર બીજાઓનો વાંક કાઢવો ને હતાશવૃત્તિ ભોગવવી તે બીલકુલ વ્યાજબી નથી. ફેરફાર, પલટો અને પરિવર્તન એ દુનિયા અને સમાજનો ક્રમ છે. એ ક્રમની સામે થવામાં અગર તેની પાછળ ઘસડાવામાં કે ખોટો ફડફડાટ કરવામાં કાંઇ માલ નથી. જે ફેરફારો થઇ રહેલા છે તેને આપણે ઉંડી સમજથી અપનાવવા જોઇએ અને બીજા નવા કેવા ફેરફાર થવાનો સંભવ છે તેનો ખ્યાલ કરી તે મુજબ આગળથી તૈયારી કરવા માંડવી જોઈએ તે જ સુખી થવાનો રસ્તો છે.

દુનિયા અને સમાજ આપણા વિચારોને અને આપણને બંધબેસતી થાય એમ થવાનું નથી. પણ આપણે જ સમાજને ને દુનિયાને બંધબેસતા થવાનું છે એમ ખાત્રીપૂર્વક માનવું રહ્યું ને વર્તવું રહ્યું. આ વિજ્ઞાનયુગમાં મહાન ફેરફારો આ દુનિયામાં થઇ રહ્યા છે અને તે મુજબ દુનિયાના પરિવર્તનો અને પ્રત્યાઘાતોમાંથી આપણે અલિપ્ત રહી શકીએ નહિ. મધ્યમ વર્ગમાં એક પ્રથા એવી પ્રચલિત થઇ ગઇ છે કે એક માણસ કમાય ને તેના ઉપર તમામ કુટુંબીજનો નિભે અને તેવી આશા રાખે. એક કાળે કે જ્યારે તમામ વસ્તુઓ સસ્તી હતી અને શારીરિક મહેનતની કિંમત ઓછી હતી ત્યાં સુધી એ પ્રથા નિભી રહી, પણ હવે આ સમયે જ્યારે શારીરિક મહેનત અથવા પરિશ્રમની કિંમત વધી ગઇ એટલે ઉત્પાદન ખર્ચ વધ્યો અને તમામ વસ્તુઓની કિંમત ચારથી પાંચ ગણી વધી ગઈ અને તેને મુકાબલે કમાઇ અથવા આવક, ચાર યા પાંચગણી થઇ નહી, અને એ ઉપરાંત જરૂરીયાતો કુદકે ને ભુસ્કે વધતી ગઇ. ત્યારે પરિણામ એ આવ્યું કે જે અગાઉ મોજશોખમાં ગણાતી તે વસ્તુઓએ જરૂરીયાતના લીસ્ટમાં સ્થાન લીધું ને સરેરાશે ઘરના દરેક માણસની જરૂરીયાત પણ બેથી ત્રણ ગણી વધી ગઇ ને તે દરેકની કિંમત ચારથી પાંચ ગણી થઇ, એટલે ફેર લગભગ ૧ થી ૧૨ અગર વધારેનો પડી ગયો.

અત્યારે જે વસ્તુસ્થિતિ છે તેનું ઉપલું શાબ્દિક ચિત્ર એક સામટી રીતે જોતાં એ આખી બાબત એક ઘણો મોટો પ્રશ્ન થયો. શિક્ષિત અને બુધ્ધિવાન વર્ગ ઘણો થોડો હતો અને મહેનતુ ને અજ્ઞાન વર્ગ ઘણો મોટો હતો. હવે જે લોકો માત્ર મહેનત કરતાં અને બુધ્ધિ ગણત્રી કે જ્ઞાનનું કામ કરી શકતાં નહી તે વર્ગે ઉત્કર્ષ સાધ્યો છે અને હવે તમને મહેનત તથા બુધ્ધિના લાભ મળવા માંડયા છે જ્યારે આપણો બુધ્ધિજીવી વર્ગ જેમનો તેમ રહ્યો. આ વર્ગે હવે બુધ્ધિની સાથે શારીરિક શ્રમને અપનાવવોજ જોઇએ. તોજ આ જીવનસંગ્રામમાં તેઓ નિભી શકે. એ ઉપરાંત એ મુજબનું કામ માત્ર કુટુંબના અગ્રગણ્ય માણસેજ નહિ પણ કુટુંબના નાના મોટા તમામે કરવું જોઇએ તો જ નીચલો થર જે ઉપર આવી રહ્યો છે તેની સ્પર્ધામાં ટકી શકાશે. આ વસ્તુ આપણે જેટલી વહેલી સમજીએ ને જેટલી વહેલી અમલમાં મુકીએ તેટલો વહેલો ઉત્કર્ષ સધાશે. નહીંતર નીચે ઉતરતાજ જવું પડશે અને એ નીચાણમાં આખરે કયાં પહોંચાશે તે કહી શકાય નહિ.

એટલે પ્રગતિની દિશામાં જવા માટે ઘરના દરેક માણસે, કુટુંબમાં પરસ્પરનું કામ કેમ ઓછું કરવું અને બીજાઓની સેવા બને તેટલી વધારે કઇ રીતે થઇ શકે તેનું પુષ્કળ ધ્યાન રાખવું પડશે અને પોતાનું દરેક કામ પોતે હાથે કરી લેતાં શીખવું જોઇશે. ઉપરાંત ફુરસદ વેળાએ બહારનું કામ પણ બને તેટલું કરી પૈસા કમાવાના સાધનો અપનાવવાં જોઇશે. પોતાના પુત્ર પુત્રીઓને ભણાવવાં, તેઓ પોતાનું તમામ કામ કરી લે, ઉપરાંત કોઇ પણ હાથમહેનતનો ધંધો તેમને શીખવવો રહયો કે જેથી કુટુંબની કમાઇમાં વધારો કરી શકાય. ઘરના સ્ત્રી વર્ગે રાંધવા સિવાય વાસણનું, કપડાં ધોવાનું, કપડાંને ઇસ્ત્રી કરાવવાનું, ભરવાનું, શીવવાનું, ઘરગથ્થુ દવાઓ બનાવવાં વીગેરના કામો શીખી લેવાં જોઇશે. આથી પૈસો બહાર જતાં અટકશે. છોકરાંઓને ભણાવવાનું પણ હાથ પર લઇ પૈસા બચાવવા જોઇશે. ધર્મના ઉત્સવોમાં કે કોઇ માંગલિક પ્રસંગે સાદાં તથા સ્વચ્છ કપડાં પહેરવાની ટેવ પાડવી જોઇશે. ઝરીના ને ભારે કપડાંનો મોહ તજી દેવો જોઇશે. ખોરાકમાં સાદા તથા પૌષ્ટિક ખોરાક પર ધ્યાન રાખી ખોટા સ્વાદો અને મરીમસાલા ખાવાની ટેવ છોડવી જોઇએ. આથી તંદુરસ્તી જળવાશે, ને શરીર સશક્ત રહે એટલે સંયમ ને સાદાઇમાં રહેવાનું શીખવું જોઇશે. છોકરા છોકરીના લગ્ન યોગ્ય ઉમરે ને તે પણ છોકરો કમાતો થાય અને પોતાનું અને પોતાના કુટુંબનું પોષણ કરવાને શક્તિવાન થાય ત્યારેજ કરવાં— તે અગાઉ લગ્નની વાતજ ન કરવી જોઇએ. એજ રીતે છોકરીઓને પણ પોતાના પગપર ઉભી રહી શકે તેવું શિક્ષણ આપ્યા પછીજ પરણાવવી. એ પછી, ધર્મમાં અંધશ્રધ્ધાથી ઘણા મોટા ખર્ચ કરવામાં આવે છે તેથી પણ બચવું જોઇશે. સમાજમાં પણ સારે માઠે અવસરે આડંબર ખર્ચ બંધ કરી; પૈસાદારનો મોટાઈનો મોહ તદન છોડવો જોઇશે. દરેક વસ્તુ ખરીદતી વખતે તેના ભપકા કરતાં તેના ટકાઉપણા ઉપર, જરૂરીયાત ને ઉપયોગીપણા પર ધ્યાન રાખવું જોઇશે.

એ રીતે ઘરની દરેક વ્યક્તિએ આળસ તજી પુરા ઉદ્યોગી બની સમયસર દરેક કામ નિયમિત કરવાની ટેવ પાડી, ખોટાં ગપ્પાંમાં વખત વ્યતીત કરવાની ટેવ ખંખેરી નાખવી જોઈશે. ખોટાં વ્યસનો તદન નાબુદ કરવાં જોઇશે. જીવનમાં આવા ફેરફારો કરવામાં નહિ આવે ત્યાં સુધી મધ્યમ વર્ગનો આ પ્રશ્ન ઉકેલાવાનો નથી એટલે આપણા ગરીબ ને મધ્યમ વર્ગે આ બાબતપર લાગી જઇ જીવનમાં તાકીદે ફેરફાર કરવાજ જોઇએ. એમ કરવામાં નહિ આવે ને માત્ર દુઃખની બુમો પાડી સમાજ અને સરકારને કે બીજાઓને દોષ દેવાથી કશું વળવાનું નથી. આપણું આર્થિક તંત્ર ખોરવાઇ ગયું છે તે પાછું ઠેકાણે લાવ્યા સિવાય બીજો રસ્તો નથી. એટલે દેશ ને સમાજમાં જે ફેરફારો થઇ રહયા છે તે નજરે, પરિશ્રમની કિંમત વધી રહી છે ને પરિણામે નીચલા થરે ઉત્કર્ષ સાધ્યો છે તેમ ઉપલા થરે સમયને અનુકુળ થવુંજ જોઇશે. નહિ તો જીવનસંગ્રામમાં આ વર્ગ જે કટોકટી અત્યારે ભોગવે છે તેમાં તેની હાર થશે ને અધોગતિ વ્હોરશે. પરિશ્રમનું મૂલ્ય જો સમજાય અથવા સમજવા પ્રયત્ન થાય તો તેટલે અંશે મધ્યમ વર્ગનો આ વિકટ પ્રશ્ન ઉકેલાશે એવી મારી માન્યતા છે.

**ડૉ. અમીચંદ છગનલાલ શાહ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશકઃ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૨, કેશવજી નાયક રોડ, મુંબઇ ૯.